**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા.૨૩ મી ફેબ્રુઆરી, ૨૦૦૫**
**ફાલ્ગુન ૪, ૧૯૨૬ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### ઉના તાલુકાની મછુન્દ્રી સિંચાઈ યોજના અંતર્ગત ખેડૂતોને વળતર

***૮૨૫૩ શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)**: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) જુનાગઢ જિલ્લામાં ઉના તાલુકામાં આવેલ મછુન્દ્રી સિંચાઈ યોજનામાં રસુલપુરા ગામના ખેડૂતોની જમીન સંપાદન થયેલ તેના વળતર હજુ સુધી ચૂકવવામાં આવ્યા નથી, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ વળતર ચૂકવવા છેલ્લા એક વર્ષમાં ૩૧-૧૨-૦૪ સુધીમાં કેટલી લેખિત રજૂઆતો મળી, અને

(૩) આ અન્વયે નામદાર કોર્ટ દ્વારા ખેડૂતોને વળતર ચૂકવવા એવોર્ડ આપેલ છે તે અન્વયે કેટલા સમયમાં કેટલી રકમનું વળતર ચૂકવી આપવામાં આવશે?

**જળસંપત્તિ મંત્રીશ્રી:**

(૧) એવોર્ડ મુજબનું વળતરનું ચૂકવણું થઈ ગયેલ છે. નામ. કોર્ટના આદેશ મુજબ વધારાના વળતરનું ચૂકવણું બાકી છે.

(૨) ધારાસભ્યશ્રીની એક રજૂઆત મળી છે.

(૩) કોર્ટના આદેશ મુજબનું વધારાનું વળતર શકય એટલું વહેલું ચૂકવવામાં આવશે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મારા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે એવોર્ડ મુજબનું વળતરનું ચૂકવણું થઈ ગયેલ છે અને નામદાર કોર્ટના આદેશ મુજબ વધારાના વળતરનું ચૂકવણું બાકી છે. તો હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નામદાર કોર્ટનો આદેશ ક્યારે કરવામાં આવ્યો અને નામદાર કોર્ટના આદેશ મુજબ આ ખેડૂતોને કેટલી રકમની ચૂકવણી કરવાની થાય છે? ત્રીજા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે કોર્ટના આદેશ મુજબનું વધારાનું વળતર શકય એટલું વહેલું ચૂકવવામાં આવશે. તો કોર્ટના આદેશ મુજબ ચૂકવવાની થતી રકમ અને તેના વિલંબના કારણે વ્યાજ સહિત રકમ ચૂકવવાની થશે તો તેની જવાબદારી કોની?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે મછુન્દ્રી સિંચાઈ યોજનાના ખાતેદારો હતાં તેમને એવોર્ડ ચૂકવણી કરી દેવામાં આવી હતી, પરંતુ એવોર્ડથી ચૂકવણી થઈ હતી તેનાથી સંતોષ ન થતાં એ ખાતેદારો લગભગ ૧૯૮૨માં કોર્ટમાં ગયાં, તેનો ચુકાદો ૨૯-૧૧-૨૦૦૩ની સાલમાં આવ્યો. કોર્ટની ઉપરવટ જઈને સરકાર કંઈ કરી શકતી નથી. તા. ૨-૧૨-૨૦૦૩ના રોજ બે અલગ-અલગ કિસ્સા હતાં. તેના બે ચુકાદા આવ્યા. તા.૨૯-૧૧-૨૦૦૩ અને ૨-૧૨-૨૦૦૩ના રોજ. તેમાં કોર્ટે વધારો મંજૂર કર્યો છે એમાં ૬૦ રૂપિયા જીરાયત જમીનના અને બાગાયતના ૮૦ રૂપિયાનો ભાવ આપ્યો હતો તેના બદલે કોર્ટે ૪૦૦ અને ૬૦૦ રૂપિયાની મંજૂરી આપી. તેની મંજૂરી આપ્યાં પછી સરકારને થોડી કાર્યવાહી કરવાની હોય છે. તેના કારણે વિધિવત્ નકલ ૨-૧-૨૦૦૪ની સાલમાં અમને મળી અને સંપાદન અધિકારી દ્વારા ૧ લી માર્ચે અધિકૃત રીતે જાહેર કરવામાં આવી અને જાન્યુઆરી-૨૦૦૫ની સાલમાં ચુકાદો સ્વીકાર્યો અને જે કંઈ વધારો વ્યાજ સાથે ૧૨ ટકા વ્યાજ જે સુપ્રીમ કોર્ટના નિયમ પ્રમાણે આપવામાં આવે છે તે પ્રમાણે અમે ૧૪,૪૧,૩૮૯ રૂપિયાની રકમ કોર્ટમાં જમા કરી દીધી છે અને ખાતેદારો તેની જમા થયેલ રકમ મેળવી શકે છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના જણાવ્યા મુજબ કોર્ટે હુકમ કરી દીધો. જમીન સંપાદન અધિકારી તરફથી કહેવામાં આવ્યું કે છેલ્લે હુકમ થયો છે એ સરકારે રજૂ કર્યો છે.

**અધ્યક્ષશ્રી** : પૈસા જમા કરાવી દીધા છે પછી સવાલ રહેતો નથી.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : બરાબર છે, કોર્ટનો હુકમ થઈ ગયો તેને ઘણો લાંબો સમય થયો. રાજય સરકાર એમ કહે છે કે ૨૦૦૫માં સ્વીકારવામાં આવ્યો. એ વાજબી નથી. એક બાજુ સરકાર ખેડૂતોના નામે વાતો કરે છે.

**અધ્યક્ષશ્રી** : પૈસા જમા કરાવ્યા છે, પુંજાભાઈ.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : ૨૦૦૩માં હુકમ કરવામાં આવ્યો છે. એ રાજય સરકારને બજવણી પણ થઈ ગઈ છે. એ બજવણી સ્વીકારી લીધી છે અને તેની ચૂકવણી કરવામાં વિલંબ કરવામાં આવ્યો છે તેનો સવાલ છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય સભ્યશ્રીનું ધ્યાન દોરવું છે કે ૧૯૮૨ની સાલમાં જ્યારે સંપાદન અધિકારીને જ્યારે તેમનું શાસન હતું ત્યારે મારે કહેવું છે કે, ૬૦ અને ૮૦ના ભાવો આપ્યાં છે એ એમના શાસનમાં આપ્યાં હતાં. અમારા શાસનમાં અમારા કાયદા વિભાગ અને સંપાદન અધિકારી અને લીગલ ડિપાર્ટમેન્ટે એમ કહ્યું કે, આ સ્વીકારી લેવું જોઈએ. એ સ્વીકારેલ છે. ખેડૂતોને પેમેન્ટ કરવાનું છે. ૬૦ના બદલે ૪૦૦ રૂપિયા અને ૮૦ના બદલે ૬૦૦ રૂપિયા આપવાની ઉદારતા આ સરકારમાં છે. આ સરકારે આપ્યું છે તે વખતે તમે નહોતું આપ્યું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પૈસા જમા થઈ ગયા છે.

**શ્રી વજુભાઈ વાળા** : આ તો એમણે કરેલું કૃત્ય છે, એનો જવાબ અમારે દેવો પડે છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જવાબ એમાં આવી જાય છે. બીજો પ્રશ્ન ન પૂછાય.

## માંગરોળ તાલુકામાં નદીઓ ઉંડી અને પહોળી કરવા અંગે

***૮૫૪૫ ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા(માંગરોળ)**: **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-
જુનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં નદીઓને ઉંડી અને પહોળી કરવા માટે રાજય સરકારે શું આયોજન કર્યું છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**
જુનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં રૂ.૩૩.૧૮ લાખની અંદાજી કિંમતે ૩ નદીઓને પ્રથમ તબક્કામાં ઉંડી અને પહોળી કરવાના કામોનું આયોજન છે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, જે વિસ્તારમાં નર્મદાનું પાણી આવવાનુ નથી, જે વિસ્તારના ખેડૂતોને નર્મદાનું પાણી મળવાનું નથી એ વિસ્તારોમાં જુનાગઢ જિલ્લો આવે છે અને જુનાગઢ જિલ્લાની અંદર ઘેડ વિસ્તાર, પોરબંદર, માંગરોળ વિસ્તારની નદીઓ ઉંડી અને પહોળી કરવા માટે વારંવાર રાજય સરકારમાં રજૂઆતો કરી છે. કરોડો ગેલન પાણી દરિયામાં વહી જાય છે. એક બાજુ આપણે ચેકડેમો બનાવીએ, તળાવો બનાવીએ અને આ પાણી દરિયામાં વહી જાય છે. ત્યારે આ નદીઓને ઉંડી કરવાના કામનું શું આયોજન છે? તળાવો/નદીઓને ઉંડી કરવા માટે શું વિચારણા કરી છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન સિમિત છે. એમણે જુનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાની નદીઓ ઉંડી કરવા અને પહોળી કરવા બાબતનો પ્રશ્ન પૂછયો છે. ઘેડ વિસ્તારમાં ૭ તાલુકા આવે છે અને એ તાલુકાઓને કવર કરવા માટે અલગ પ્રશ્ન પૂછવો જોઈએ. એમણે પ્રશ્ન પૂછયો છે ત્યારે મારે કહેવું છે કે, આમ તો સમગ્ર રાજયનો પ્રશ્ન નથી છતાં પણ એમણે પૂછયું છે તો જણાવું કે ૫ વર્ષમાં જે બજૅટ અમે આપેલું છે એમાં ૨૦૦૧નું ૫૫૩ લાખનું બજેટ અમે આપ્યું છે એમાંથી ૪૮૨ લાખ રૂપિયા વાપર્યા છે. ૨૦૦૧-૦૨માં ઘેડ વિસ્તારનું કામ કરવા માટે ૩.૭૦ લાખનું બજૅટ હતું છતાં ૪૦ લાખ રૂપિયા વાપર્યા હતાં. ૨૦૦૨-૦૩માં ૪૫૧ લાખનું બજૅટ હતું અને એમાં ૪૪ લાખ વપરાયા હતાં. ૨૦૦૩-૦૪માં ૧.૭૦ લાખનું બજૅટ હતું છતાં પણ ૯૮ લાખ રૂપિયા વાપર્યા હતાં. ૨૦૦૪-૦૫ની સાલમાં ૧૦૧ લાખ રૂપિયાનું બજૅટ હતું છતાં પણ ૧૨૪ લાખ રૂપિયા વાપર્યા હતાં અને છતાં જયાં આગળ મુશ્કેલીઓ દેખાઈ ત્યાં અમે આના ઉપર વધારે ધ્યાન આપીએ છીએ.

## અમદાવાદ શહેરને ફાળવાયેલ કેરોસીનનો જથ્થો

***૮૩૭૬ શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા (જમાલપુર)** : માનનીય નાગારિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) તા:૩૧-૧૨-૦૪ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં છેલ્લા બાર મહિનામાં કેરોસીનની કેટલી જરૂરિયાત સામે કેટલો કેરોસીનનો જથ્થો પૂરો પાડવામાં આવ્યો, અને
(૨) જમાલપુર ઝોનમાં કેટલી જરૂરિયાત સામે કેટલો કેરોસીનનો જથ્થો પૂરો પાડવામાં આવ્યો છે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**
(૧) તા:૩૧-૧૨-૦૪ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં છેલ્લા બાર મહિનામાં કેરોસીનની ૯૫,૨૯૨ કિલોલીટર કેરોસીનનો જથ્થો પૂરો પાડવામાં આવ્યો.

(૨) જમાલપુર ઝોનમાં ૧૫૦૭૭ કિલોલીટરની જરૂરિયાત સામે ૧૩૩૦૭ કિલોલિટર કેરોસીનનો જથ્થો પૂરો પાડવામાં આવ્યો.

**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, જમાલપુરમાં કેરોસીનની જરૂરિયાતના પ્રમાણમાં ઓછો જથ્થો પૂરો પાડવાનું શું કારણ છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જમાલપુર અને અમદાવાદ શહેરની અંદર જે કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવે છે એ કેન્દ્ર સરકારમાંથી જે કેરોસીનનો જથ્થો આવે છે એ જથ્થાને સપ્રમાણમાં તમામ જિલ્લાઓને અને શહેરોને ફાળવવામાં આવે છે. એ જથ્થાના લગભગ ૮૮ ટકા કેરોસીન ફાળવવામાં આવે છે. ૮૮ ટકા એટલે કે કોઈપણ વિસ્તારમાં ૧૦૦ કાર્ડે ૮૮ લોકોને કેરોસીન મળે, જે વિસ્તારમાં જેટલા કાર્ડ હોય એના પુરવઠા પ્રમાણમાં આખા ગુજરાતની અંદર ૨૦૦૧થી કેરોસીન ફાળવવામાં આવે છે એટલે કે ૧૦૦ વ્યકિતમાંથી ૧૦૦એ ૧૦૦ને આપીએ તો પણ ૧૨ને ન મળે પણ ભૂતકાળના અનુભવો અનેઅમારી જે માહિતી છે એ પ્રમાણે તો ૧૦૦માંથી ૧૨ વ્યકિતઓ કયાંક બહારગામ ગઈ હોય કે ના લેવા ગઈ હોય એવા લગભગ નીકળતા હોય છે એટલે સરકાર જે પુરવઠો આપે છે એ ૮૮ ટકા એટલે કે બધા લોકોને મળવું જોઈએ અને એમાં વધારો કરવા માટે કેન્દ્ર સરકાર અમને જે પુરવઠો આપે છે એના સપ્રમાણમાં અમદાવાદમાં અને એ જ પ્રમાણે જમાલપુરમાં ફાળવવામાં આવે છે.

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે કર્ણાવતી મહાનગરમાં શ્રમજીવી વસતિ ખૂબ છે તો મહાનગરમાં કેરોસીનની વ્યવસ્થા સપ્રમાણમા રહી શકે એ માટે સરકારે શું વ્યવસ્થા કરી છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જેમ પહેલાં કહ્યું એ પ્રમાણે કેન્દ્ર સરકાર તરફથી વધારે આપણને જથ્થો મળે, એની અવારનવાર રજૂઆત કરવામાં આવે છે. પૂરતા જથ્થા કરતાં કેન્દ્ર સરકાર દર વર્ષે ૨-૩ ટકા જથ્થામાં કાપ મૂકે છે. ૨૦૦૦-૦૧માં ૮૯,૧૩૯ કિલોલિટર આપવામાં આવ્યું હતું. ૨૦૦૧-૦૨ની અંદર ૮૬,૧૪૧ એટલે કે ૨૯૯૮ કિલોલિટર એટલે કે ૨૯૮ કિલોલિટરનો કાપ આપ્યો. ૨૦૦૨-૦૩માં ૮૩૬૫૧ એટલે કે એમાંથી ૨૪૯૦૧ કિલોલિટરનો કાપ મૂકવામાં આવ્યો. ૨૦૦૩-૦૪માં ૮૧૪૪૧ કિલોલિટર આપવામાં આવ્યું. એમાં ૨૨૧૦ કિલોલિટરનો કાપ આવ્યો અને છેલ્લે ૨૦૦૪-૦૫માં ૭૯૬૪૪ કિલોલિટર ફાળવવામાં આવ્યું એની અંદર ૧૭૯૭ કિલોલિટરનો કાપ આપ્યો એના માટે રજૂઆત કરી છે. આમ છતાં પણ ૮૮ ટકા આપવા છતાં પણ કેટલીક ફરિયાદ આવે છે અને જે દુકાનદારો દ્વારા ત્યાં જે ગેરરીતિઓ કરવામાં આવે છે એ ગેરરીતિઓ ન થાય એના માટે સરકારે કેટલાંક પગલાં લીધાં છે. માનનીય ધારાસભ્યશ્રીએ જે વાત કરી છે એમાં તો સરકારે નિર્ણય કર્યો છે કે ૬૦ ટકા જથ્થો ૧થી ૧૦ તારીખ સુધીમાં ઉપાડી લેવો અને વિતરણ કરી દેવો કારણ કે બૂમો પડતી હતી કે શરૂઆતમાં મળતું નથી કે અંતમાં નથી મળતું. રાજય સરકારે નીતિ બનાવી છે કે જે દુકાનદારોને જથ્થો લેવાનો હોય એણે ૬૦ ટકા જથ્થો ૧ થી ૧૦ તારીખમાં લઈ લેવો અને બાકીનો ૪૦ ટકા ૨૨ તારીખ સુધીમાં લઈ લેવો અને વિતરણ કરી લેવો. બીજું ચેકિંગ ઉપર ખૂબ જ આધાર છે. જ્યાં કેરોસીનના વાહનો વપરાય છે, બીજી જગ્યાએ કેરોસીનનો ઉપયોગ થાય છે, કોમર્શિયલમાં ઉપયોગ થાય છે એ લોકો ન વાપરી જાય એના માટે સઘન ચેકિંગ કરવામાં આવે છે. એક આંકડાકીય માહિતી આપું તો જાન્યુઆરી ૨૦૦૪ થી ડિસેમ્બર-૨૦૦૪ સુધીમાં અમદાવાદ શહેરમાં ૧૫૩૮ (અંતરાય) અમદાવાદ શહેરમાં આ જે કાર્યવાહી અને ચેકિંગ કરીએ છીએ એના હિસાબે જે લોકોને મળવાનું છે. (અંતરાય) કુલ ૧૫૩૮ ચેકિંગ કરવામાં આવ્યા છે અને એના અંદર ૧૧ લોકોને પાસા કરવામાં આવ્યા છે. જમાલપુરના માનનીય ધારાસભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે, એમના વિસ્તારમાં પણ ગરીબ અને સામાન્ય લોકોને કેરોસીન મળે એટલા માટે ૬ પી.બી.એમ.ના કેસો કરવામાં આવ્યા છે અને ૮૧૬૨ લિટર કેરોસીન જપ્ત કરવામાં આવ્યું છે.

**શ્રી ધીરૂભાઈ હ. ગજેરા** : માનનીય મંત્રીશ્રીએ આમ તો સમગ્ર ગુજરાતનો જવાબ આપી દીધો છે ત્યારે વધારે લાંબો પ્રશ્ન પૂછવાની ઇચ્છા થાય છે કે....

**અધ્યક્ષશ્રી** : મર્યાદામાં પ્રશ્ન પૂછો.

**શ્રી ધીરૂભાઈ હ. ગજેરા** : મર્યાદામાં જ પૂછીશ. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કેરોસીનનો જથ્થો કેન્દ્ર સરકાર આપે છે અને આપણે વિતરણ કરીએ છીએ. આપણને મળેલ જથ્થાની ફાળવણીમાં આપણે અહીંયાં ગામડાં અને શહેરોને સમકક્ષ ફાળવણી કરીએ છીએ કે ભેદભાવથી ફાળવીએ છીએ? મારી પાસે આંકડા છે, અમદાવાદને કંઈક જુદી રીતે, રાજકોટને જુદી રીતે, વડોદરાને જુદી રીતે અને સુરતને ઓછો જથ્થો ફાળવવામાં આવે છે. આવા અસંખ્ય કિસ્સાઓ છે. તો સુરતને ઓછો જથ્થો ફાળવવાનું કારણ શું?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : આખા ગુજરાતનો જવાબ નથી આપ્યો. અમદાવાદને ફાળવણી થાય છે એમાં જમાલપુરને ૮૮ ટકા આપીએ છીએ. એમનો પ્રશ્ન અને જે ચિંતા છે એ બાબતે જણાવું કે ૨૦૦૧માં

સમાન ધોરણે કેરોસીન આપવું એવો રાજય કક્ષાએ એક નિર્ણય લેવામાં આવ્યો. પહેલાં કલેકટર વિતરણ કરતા હતાં. રાજય સરકારે જે સમાન ધોરણનો નિર્ણય લીધેલ એ નિર્ણયનો અમલ આજ સુધી ચાલુ છે.

## માંગરોળ તાલુકામાં આવેલ પુર સમયે ચૂકવેલ કેશ ડોલ્સની રકમ આપવા અંગે

***૯૬૧૦ શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ)** : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-
સુરત જિલ્લામાં માંગરોળ તાલુકામાં ૧૬મી જૂન, ૧૯૯૪માં રેલ આવી જેમાં કેશડોલ જે તે સમયે તાલુકા પંચાયત, માંગરોળના સ્વભંડોળમાંથી ૨૫ લાખ રૂપિયા ચૂકવ્યા જે સરકારે તા. ૩૧-૧-૦૫ સુધી તાલુકા પંચાયતને આપેલ નથી તો સરકાર આપવા માગે છે કે કેમ?

**મહેસૂલ મંત્રીશ્રી :**
હિસાબોનું મેળવણું કરી ચૂકવણું કરવામાં આવશે.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, માંગરોળ તાલુકામાં ૧૬મી જૂન, ૧૯૯૪ના રોજ રેલ આવી અને તે વખતે તાલુકા પંચાયતના સ્વભંડોળમાંથી ૨૫ લાખનું ચૂકવણું કરવામાં આવેલ છે એના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે હિસાબોનું મેળવણું કરીને ચૂકવણું કરવામાં આવશે. તો ૧૯૯૪ થી લઈને આજ સુધી કયા કારણોસર ચૂકવણું થયું નથી? હવે સરકાર ક્યારે ચૂકવણું કરવા માગે છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : તા. ૧૬-૬-૦૪ના રોજ માંગરોળમાં અતિવૃષ્ટિના કારણે રાજય સરકાર તરફથી, મહેસૂલ વિભાગ તરફથી અને બીજા વિભાગો તરફથી જે સહાય કરવામાં આવી છે એમાં કેશ ડોલ્સ, ઘ ારવખરી વગેરે મળી કુલ રૂા. ૮૯,૧૭,૩૪૪ ની સહાય કરવામાં આવી છે. જે તે વખતે તાલુકા પંચાયત લેવલે અને રાજય સરકારના મહેસૂલ વિભાગના સદરે રૂા. ૬૪,૨૧,૭૨૪ જમા હતાં એમાંથી આ ચૂકવણું કરવામાં આવ્યું. એ પછી રૂા. ૨૪,૯૫,૬૨૦ જે તે વખતે હિસાબોનું મેળવણું કરીને ચૂકવવાના બાકી હતાં. ગઈકાલે આ રકમ ચૂકવવાનો નિર્ણય લઈ લેવામાં આવેલ છે.

## ઉપલેટા તાલુકામાં કેરોસીનનો ઓછો જથ્થો ફાળવવા અંગે

***૯૨૮૨ શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા)** : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) સરકાર દ્વારા રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકામાં જરુરિયાતના પ્રમાણમાં કેરોસીનની ઓછી ફાળવણી કરવામાં આવે છે તે વાત સાચી છે,

(૨) જો હા, તો કાર્ડની સંખ્યા મુજબ કયા કારણોસર ફાળવણી કરાતી નથી,

(૩) દર મહિને તાલુકાની કેરોસીનની જરુરિયાત કેટલી છે અને તેની સામે વર્ષ ૨૦૦૪ માં દર મહિને કેટલી ફાળવણી કરવામાં આવી, અને

(૪) નિયમિત અને પૂરતી ફાળવણી કયારથી કરવામાં આવશે?

**માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી**

(૧) હા, જી.

(૨) કેન્દ્ર સરકારશ્રી તરફથી રાજ્યને મળતી કેરોસીનની ફાળવણી જરુરિયાત સામે અપૂરતી છે.

(૩) ઉપલેટા તાલુકાની સને ૨૦૦૪ ની માસવાર કેરોસીનની જરુરિયાત અને ફાળવણી નીચે મુજબ છે.

| અ.નં. | માસનું નામ | જરુરીયાત (કી.લી.) | ફાળવણી (કી.લી.) |
|---|---|---|---|
| ૧ | જાન્યુઆરી-૦૪ | ૩૮૬ | ૩૨૦ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ફેબ્રુઆરી-૦૪ | ૩૭૬ | ૩૨૦ |
| ૩ | માર્ચ-૦૪ | ૩૮૭ | ૩૩૫ |
| ૪ | એપ્રિલ-૦૪ | ૩૭૦ | ૩૨૧ |
| ૫ | મે-૦૪ | ૩૭૦ | ૩૨૧ |
| ૬ | જૂન-૦૪ | ૩૭૦ | ૩૨૩ |
| ૭ | જુલાઇ-૦૪ | ૩૭૦ | ૩૨૦ |
| ૮ | ઓગષ્ટ-૦૪ | ૩૬૩ | ૩૨૦ |
| ૯ | સપ્ટેમ્બર-૦૪ | ૩૬૩ | ૩૨૦ |
| ૧૦ | ઓકટોબર-૦૪ | ૩૫૯ | ૩૧૬ |
| ૧૧ | નવેમ્બર-૦૪ | ૩૫૯ | ૩૧૬ |
| ૧૨ | ડિસેમ્બર-૦૪ | ૩૫૯ | ૩૧૬ |

(૪) કાર્ડધારકોને સમયસર કેરોસીન ઉપલબ્ધ થઇ શકે તે માટે નિયમિત રીતે ફાળવણી કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર તરફથી હાલમાં મળતી ફાળવણીમાં વધારો થયેથી જરુરીયાત મુજબનું પુરતું કેરોસીન ફાળવી શકાશે.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો પ્રશ્ન ક્રમાંક: ૩ માં બધા જવાબ મળી ગયાં છે. પરંતુ કેન્દ્ર સરકાર પાસેથી પૂરતો જથ્થો મેળવવા માટે રાજય સરકાર તરફથી કોઈ પ્રયત્નો કરવામાં આવ્યા છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : રાજય સરકાર તરફથી માનનીય મુખ્યમંત્રીશ્રી લેવલેથી પત્રો લખ્યા છે. પણ કેન્દ્ર સરકાર બીજા રાજયોમાં કેરોસીન આપવાનું જે ધોરણ છે એને વળગી રહીને આપણને જવાબ આપે છે. હજી પ્રયત્નો ચાલુ છે પણ એનો કવોટા લોકોને વધારે મળે એ માટે ચેકિંગ, સઘન તપાસ બધા પ્રયત્નો રાજય સરકાર કરી રહી છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : હમણાં પ્રશ્ન નંબર ૩ માં માનનીય મંત્રીશ્રી કહેતા હતાં કે અમદાવાદ શહેરમાં સામાન્ય રીતે ૮૮ ટકા કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવે છે ત્યારે માનનીય મંત્રીશ્રીના જવાબના અનુસંધાને પ્રશ્ન નંબર-૫ માં જે કેરોસીન ફાળવવામાં આવ્યું છે એ ૮૩ ટકા જેવું રાજકોટ જિલ્લાને ફાળવવામાં આવ્યું છે. તો આવા બે જિલ્લાઓ વચ્ચે આ કેરોસીનની ફાળવણીમાં અસમાનતા છે. એ સરખા ધોરણે રાજકોટ જિલ્લાને પણ કેરોસીન ફાળવવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : પ્રશ્ન-૫ માં જે કાંઈ ઉપલેટાનો જવાબ આપ્યો છે એમાં જાન્યુઆરી અને ડિસેમ્બર એ બે મહિનાના એવરેજ કરો તો લગભગ ૮૮ ટકા આવે છે. કોઈ મહિનામાં સ્પેમ્પીંગના કારણો આવી ગયાં હોય પણ આખા વર્ષની એવરેજ તમે જુઓ તો ૮૮ ટકા પ્રમાણે ઉપલેટામાં પણ થાય છે. ઉપલેટાની ડિટેલ્સમાં માહિતી આપું તો ઉપલેટાની અંદર ૫૧૫૩૦ કાર્ડ હોલ્ડરો છે એની અંદર કરોસીન મળવાપાત્ર છે. નૉન ગેસ કાર્ડ હોલ્ડરો ૩૫૩૨૭ છે તેમની જરૂરિયાત ૩૫૯ કિલો લિટરની છે તેની સામે ૩૧૬ કિલો લિટર આપીએ છીએ અને ૮૮ ટકા થાય છે એટલે તે પ્રમાણે ઉપલેટાને પણ આપવામાં આવે છે.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે જે આ કેરોસીનની હૈયાવરાળ છે તેમાં ફ્રી સેલ કેરોસીન અત્યાર સુધી મળતું હતું ત્યારે બજાર ભાવથી લોકો પોતાની જરૂરિયાત પૂરી કરતા હતા તો આ ફ્રી સેલ કેરોસીન ફરીવાર બજારમાં મળતું થાય અને લોકોને જરૂરિયાત પૂરતું મળી રહે તેના માટે સરકાર વિચારવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૧/૨૦૦૩ પહેલાં સમગ્ર દેશની અંદર અને સમગ્ર ગુજરાતની અંદર પણ ખાનગી આયાતકારો કેરોસીન ખરીદતા હતાં. કેન્દ્ર સરકારે આ એકઝિમ પૉલિસી બદલી છે. ઉદારીકરણની નીતિના ભાગરૂપે હવે દેશની જે ૪ ઑઈલ કંપનીઓ છે એ જ ફ્રી સેલ કેરોસીન ખરીદી શકશે અને એ લોકો પોતાનું નૅટવર્ક ઊભું કરીને આખા દેશમાં અને ગુજરાતમાં ફ્રી સેલ કેરોસીન પૂરું પાડશે. એ નીતિના ભાગરૂપે ભૂતકાળમાં ખાનગી લોકો ફ્રી સેલ કેરોસીન આયાત કરતા તેમાં પણ ગેરરીતિ થતી હતી, હવે આ સમગ્ર બાબત જાહેર સાહસોના હાથમાં આવી છે.એટલે આ કેરોસીન નહિ મળવાનું હજુ એમનું ફ્રી સેલ કેરોસીનનું નૅટવર્ક ગોઠવાણું નથી કારણ કે એક કે સવા વર્ષ પહેલાં નિર્ણય લીધો છે, એમનું પણ આખું નૅટવર્ક ગોઠવાઈ રહ્યું છે અને ગુજરાતમાં ૨૫ જિલ્લામાંથી ૧૮ જિલ્લામાં એજન્ટો નીમી દીધા છે એ તો પછી નીચે પણ ફિલ્ડની અંદર કેરોસીન મળે, અત્યારે આ જે સરકારી કેરોસીન અપાય છે બ્લુ કેરોસીન એમાં કેટલેક અંશે

ગેરરીતિ સંભવ એટલા માટે રહે છે કે ફ્રી સેલ કેરોસીન પૂરતું મળતું નથી, પણ હવે નૅટવર્ક ગોઠવાઈ ગયું છે એટલે ફ્રી સેલ કેરોસીન કોમર્સિયલ ઉપયોગવાળા છે એમને ફ્રી સેલ કેરોસીન મળશે, તો આની અંદર જે દબાણ છે ગેરરીતિ કરવાનું એ ચોક્કસ ઓછું થશે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે ૮૭, ૮૮ ટકા જ કેરોસીનનો જથ્થો મળતો હોય તો તેમાં ખાસ કરીને ગરીબ લોકો રહી જાય છે ૧૨ ટકા લોકો જે ધક્કા ખાય છે એમના માટે સરકાર કાંઈ કરવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એ પ્રમાણે એટલા માટે કહું છું કે, ૧૦૦ ટકા લોકોને કરોસીન મળે એ માટે કેન્દ્ર સરકારમાંથી વધારે ફાળવણી થાય એ માટે રજૂઆત કરીએ છે, ચેકિંગ કરીએ છીએ અને ખાસ સ્ટમ્પિગ કેરોસીનનો સીધો સવાલ સ્ટમ્પિગ ઉપર એટલા માટે કે ગેસની રિફિલ ઉપર છે એટલે એવી રિફિલો અમે શોધી કાઢીએ અને વધારેમાં વધારે સ્ટમ્પિગ થઈ જાય તો ૮૮ ટકાવાળો જથ્થો જે છે એ અને ભૂતકાળના આંકડા આપું તો ૨૦૦૨-૦૩ માં ૮૫, ૮૬, ૮૭ ૨૦૦૪-૦૫ માં ૮૮ સુધી પહોચ્યાં છીએ એટલે છેલ્લા ૩ થી ૪ વર્ષમાં જ  ૩ થી ૪  ટકા વધારો કરી શક્યા છીએ. હજુ પણ સઘન ચેકિંગ થાય, સ્ટેમ્પિગ થાય તો ૮૮ વાળા પર્સન્ટેઝ વધારે લાવી શકીએ.

## સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં નડતો બાનમુકિતનો પ્રશ્ન

***૯૫૭૧ શ્રી કાંતિભાઇ ત્રિ. ભીલ(નસવાડી)** : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

(૧) સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં બાનમુકિતનો પ્રશ્ન આડે આવે છે તે વાત ખરી છે, અને

(૨) જો, હા તો તે અંગે સરકાર શું પગલાં લેવા માગે છે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી કાંતિભાઇ ત્રિ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં બાન મુકિતનો પ્રશ્ન આડે આવતો ના હોય તો જે જમીનો, સરકારી જમીનો ખેડૂતો ખેડે છે એ નિયમબદ્ધ કરી આપવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે વાત કરી છે કે જે સરકારી જમીનો ઉપર ખેડૂતો ખેતી કરે છે એને રેગ્યુલરાઈઝ કરી  આપવા માગો છો કે કેમ? એ પ્રશ્ન સરકારના નીતિ નિયમો અને ધોરણો પ્રમાણે કાર્યવાહી કરે, મૂળ લેખિતમાં જેપ્રશ્ન પૂછ્યો છે એ છે કે અત્યારે ગુજરાત રાજ્યમાં સરકારી પડતર જમીનો બીજા હેતુ માટે, બીજા ઉપયોગ માટે અને બીજા કાર્યક્રમો પાર પાડવા માટે જમીનો આપવા બાન છે કે કેમ? એ મૂળ પ્રશ્ન છે.

માનનીય અધ્યક્ષશ્રી,  ગુજરાત માટે પાણી એ પ્રાણ પ્રશ્ન છે, પાણીનો પ્રશ્ન પૂરો થાય એના માટે નર્મદા, પાણી પુરવઠા અને જળ સંપત્તિ વિભાગ, પાણી પુરવઠા વિભાગ એમની યોજનાઓ સમયસર પૂરી થાય એટલે એમને જમીનોની એમને જરૂર પડે છે. એટલે એ વખતે જમીનોના અભાવે કોઈ યોજના ખોરંભે ન પડે, મોડી ના થાય એટલે બાન મૂકયો હતો. આ બાન પણ સમયે સમયે ઉઠાવી લીધો છે. તા. ૪-૭-૧૯૯૮ના રોજથી બાન મૂકયો હતો કે સરકારની મંજૂરી વગર અથવા વિભાગોની મંજૂરી વગર કોઈને જમીન આપવી નહીં. જેમ જેમ યોજના પૂરી થતી ગઈ, જેમ જેમ કામો કરતા ગયાં, નર્મદા યોજનાનું કામ, વિસ્થાપિતોના પુનઃવસવાટ માટે જમીનો આપવાની હતી એટલે બાન મૂકવાનો મુખ્ય ઉદેશ્ય આ હતો. આજની તારીખે ૨૯-૫-૨૦૦૪ના રોજ બાન મૂકત કરી છે એમાં સરકારી વિભાગો અને બોર્ડ કોરપોરેશનોને આપવા છૂટ આપી દીધી છે, ૨૦-૮-૦૪ના રોજ વાયબ્રન્ટ ગુજરાત પ્રોજૅકટ અને કચ્છ પ્રોત્સાહક યોજના પ્રોજૅકટને બાન મૂકિત આપી છે. ૨૦-૧૨-૨૦૦૪એ અમદાવાદ, ખેડા, વડોદરા, ભરૂચ, પંચમહાલ અને આણંદ સિવાયની ખાણ અને ખનીજ વિભાગની જે માગણી હતી, કવોરી લીઝ માટે એમને પણ બાન મૂકિત આપીને એ લોકોને જમીન આપવા સરકારે પણ વ્યવસ્થા કરી અને છેલ્લે તા. ૨૫-૧-૨૦૦૫ના રોજ આ જે રાજયમાં તમામ પ્રકારની બાન મૂકિત જે હતી એ ઉઠાવી લેવામાં આવી છે. હવે રાજય સરકાર જે કોઈ અન્ય હેતૂ માટે ઉદ્યોગકારો અથવા સરકારી નિગમો, બોર્ડ કોરપોરેશનો જમીન માગશે તો અત્યારે બાન મૂકિતનો સવાલ નથી. અત્યારે જમીન ધોરણસર સરકાર આપી શકે છે.

**શ્રી વેચાતભાઈ હ. બારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ બાન મૂકિતનો સવાલ નથી, એ ઉઠાવી લીધી છે પણ અમારો સવાલ એ છે કે જે ગરીબ અને આદિવાસી ખેડૂતો સરકારી જમીન ખેડે છે એનો ૧૯૮૫થી વેરો લેવાનું બંધ કરવામાં આવેલ છે તો હવે બાન મૂકિતનો પ્રશ્ન નથી, એ મૂકત થઈ ગઈ છે તો એ ખેડૂતોના હજુ પણ વેરા લેવાની શરૂઆત કરવામાં આવી નથી તો એ વેરો લેવાશે કે કેમ અને આ વેરો લેવામાં આવતો નથી એટલે તલાટી લેવલે આવી પરિસ્થિતિ સર્જાઈ છે કે,

તલાટી કમ મંત્રીઓ ઈચ્છે તો એ અનેક વર્ષોથી એટલે કે ૧૯૪૭ પહેલાંથી ખેડતોની જમીન લઈને અન્ય લોકોને બારોબાર આપી દે છે. એટલે એનો પુનઃ વેરો લઈને એ ખેડૂતોને રક્ષણ આપવા માગો છો કે કેમ ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય ધારાસભ્યશ્રીએ જે વાત કરી એની વિગતે મને માહિતી આપશે તો અલગ રીતે વિચારીશું પણ મૂળ પ્રશ્ન એ છે કે, સરકારી પડતર જમીન અન્ય ઉદ્યોગો માટે ફાળવવા માટે બાન મૂકેલ છે કે કેમ ? આજની તારીખે બાન ઉઠાવી લીધેલ છે પણ સરકારી જમીન ખેડૂત કે બીજા કોઈએ દબાણ કર્યુ હોય કે ખેડતા હોય કે લીધેલ હોય તો એના ધારાધોરણ પ્રમાણે કાર્યવાહી કરવાની રહેતી હોય છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન જ બે વખત પૂછાયો, વર્ષોથી આ પ્રશ્નને સમજવામાં સરકારોએ થોડું ધ્યાન ઓછું ધર્યુ છે. સ્વાતંત્રતા મળી ( અંતરાય) હા, તમારી વાત કરું છું ૪૦-૫૦ વર્ષોની વાત કરું છું, વિષય એવો છે કે, ( અંતરાય )

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : દસ વર્ષથી તમે સરકારમાં બેઠા છો.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : .મુકેશભાઈ, મારો પ્રશ્ન સીધો માનનીય અધ્યક્ષશ્રીને છે. જ્યારે પણ આ જમીન ખેડૂતોને આપવાની આવે ત્યારે કાયદામાં કોઈ મુશ્કેલી હશે, તો પચાસ વર્ષોથી ખેડૂત ખેતી કરે છે, પોતે ઉત્પાદન કરી રાષ્ટ્રને ફાયદો થાય છે છતાં એ ખેડૂત પાસે જમીન નથી, પાણી પત્રકમાં એનું નામ બોલતું હોય પણ એના નામે જમીન થઈ શકી નથી આવા જે કેસો છે, ૩૦-૪૦ કે ૫૦ વર્ષોથી ચાલે છે તો હવે રાજય સરકાર આ દિશામાં વિચારીને ૩૦-૪૦ કે ૫૦ વર્ષોથી જે ખેડૂત ખેડતો આવ્યો હોય એવા ખેડૂતોના નામે આ જમીન કરવા માગે છે કે કેમ ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યશ્રી આની વિગતે માહિતી આપશે તો સરકાર આ ગરીબ ખેડૂતો માટે શું કરી શકે, ચોક્કસ આયોજન વિચારી શકાય

**શ્રી હરજીવન હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દરેક જમીનની માગણી કરતા કોઈપણ ટ્રસ્ટ હોય એના માટે જે નર્મદાનો બાન હતો એ પછી ઉઠાવી લીધો એના માટે સરકારને ધન્યવાદ, પરંતુ મારી વિનંતી છે કે, જ્યારે ગુજરાત સરકાર શિક્ષણ તરફ આગળ વધી રહી છે અને શિક્ષણને પ્રોત્સાહન આપી રહી છે ત્યારે શિક્ષણના હેતૂ માટે જે જે સંસ્થાઓએ જમીનની માગણી કરી છે એને કિંમત ભરીને એમને ગ્રાન્ટ કરવામાં આવે છે આવી જમીન શૈક્ષણિક હેતૂ માટે સરકાર તરફથી......

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્નમાં એ નહીં આવે

**શ્રી હરજીવન હી. પટેલ** : મંત્રીશ્રી બોલ્યા છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન જ ના આવે.

**શ્રી હરજીવન હી. પટેલ** : આમાં પ્રશ્ન છે જ બાન મૂકિતનો, આમાં બાનમુકિતની વાત હતી. એ ઉઠાવી લીધી છે એ માટે અભિનંદન આપ્યાં. આવા શૈક્ષણિક હેતુ માટે રાહત આપવા માગો છો કે કેમ એ પ્રશ્ન છે.

**અધ્યક્ષશ્રી** : એ અલગ વાત છે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : આ પ્રશ્ન સરકારી જમીન અન્ય હેતુ માટે આપવા માટેનો છે. શુભ હેતુ માટે સરકાર પાસે જાય તો ચોક્કસ ઝડપથી જમીન ફાળવાશે.

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ** : સરકારી જમીનમાંથી બાનમુકિત ઉઠાવી લેવાના અભિગમને આવકારું છું, પરંતુ સુરત જિલ્લાના ઓલપાડ અને ચોર્યાસી કાંઠાના વિસ્તારમાં સીઆરઝેડના કારણે સરકારી જમીન આપી શકતા નથી એ માટે કાંઈ વિચાર કરવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય સભ્યશ્રી વિગત આપશે તો ચકાસીશું. પ્રશ્નની અંતર્ગત આવતું નથી.

## સૌરાષ્ટ્રના સિંચાઈ પ્રોજેકટોના બાંધકામ

***૮૪૫૦ શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)** : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્ષાતમુહૂર્ત થયેલા સૌરાષ્ટ્રનાં કેટલા સિંચાઈ પ્રોજેકટોના બાંધકામ શરૂ થયા,
(૨) જો ના થયા હોય તો તે ક્યારે શરૂ થશે,
(૩) વર્ષ ૨૦૦૩-૨૦૦૪માં કેટલો ખર્ચ થયો, તેમાં વેરાવળ, સુત્રાપાડા, માળિયા હાટીના તાલુકામાં ખર્ચ કેટલો કર્યો, અને
(૪) ૨૦૦૫-૨૦૦૬ ના નાણાકીય વર્ષમાં શું આયોજન છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) તા.૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતમુહૂર્ત થયાં ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત રહેશે નહીં.
(૨) જવાબ ખંડ ૧ જોતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) જવાબ ખંડ ૧ જોતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) જવાબ ખંડ ૧ જોતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એક પણ કામનું ખાતમુહૂર્ત કર્યું નથી કે કામ શરૂ કર્યા નથી એટલે ગઈકાલે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ઉપર આવો, માહિતી માગો.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : મારો પ્રશ્ન એ છે કે છેલ્લા બે વર્ષમાં સૌરાષ્ટ્રમાં કેટલા સિંચાઈ પ્રોજેકટના બાંધકામ મંજૂર કરવામાં આવ્યા?

**અધ્યક્ષશ્રી** : આમાં નથી આવતું. ખાતમુહૂર્તની વાત કરો.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : ખાતમુહૂર્તની વાત કરું. માળિયા તાલુકો જુનાગઢ જિલ્લામાં આવે છે. માળિયા તાલુકામાં ભાખરવડ યોજના છે એનું ખાતમુહૂર્ત થયું છે તો ભાખરવડ યોજના માટે મેઘલ નદી ઉપર સરવે થયો છે, એનું કેશુભાઈ પટેલે ભૂમિ પૂજન કરીને ઉદઘાટન કર્યું હતું. કામગીરી હમણાં શરૂ થઈ છે તો કેટલા સમયમાં પૂર્ણ કરવા માગો છો?

**અધ્યક્ષશ્રી** : આમાં પ્રશ્ન કલીયર છે. છેલ્લા બે વર્ષમાં ખાતમુહૂર્ત થયું હોય એની વાત કરવાની છે. કોઈનું થયું હોય તો બોલો.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, પરામર્શ સમિતિમાં મેધલ નદી ઉપર ૪૪ દરવાજા કાઢવાનું માનનીય મંત્રીશ્રીએ કમિટમૅન્ટ આપ્યું હતું કે દરિયામાં ૧૯૮૭થી પાણી વહી જાય છે ત્યાં સ્ટૉપ આપી ૪૪ દરવાજાનું કામ શરૂ કરવાની વાત હતી તો હું મંત્રીશ્રીને કહેવા માગું છું કે ૧૯૮૭-૮૮નો મેધલ નદી ઉપર ડૅમ છે એમાં સંપૂર્ણપણે પાણી વહી જાય છે એમાં ક્યારે કામ શરૂ કરવા માગો છો?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : હું સ્પષ્ટતા કરું..

**અધ્યક્ષશ્રી** : તમારા ક્ષેત્રમાં આ પ્રશ્ન આવે છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : ના.

**અધ્યક્ષશ્રી** : તો પછી શા માટે ખુલાસો કરવાની જરૂર છે? બેસી જાઓ.(અંતરાય)ના, ના આ બે વર્ષનો સવાલ છે.

## રાજયમાં લોક ભાગીદારી દ્વારા બનનારા ચેકડેમ

***૮૦૪૧ શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ)** : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) સન ૨૦૦૩ અને ૨૦૦૪માં લોક ભાગીદારી દ્વારા રાજયમાં કુલ કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા છે,
(૨) આ ચેકડેમોમાં કુલ કેટલો ખર્ચ રાજય સરકાર દ્વારા થયો છે, અને
(૩) વર્ષ ૨૦૦૫-૦૬માં કુલ કેટલા ચેકડેમો બનાવવાનું સરકારે આયોજન કરેલ છે અને કેટલો ખર્ચ થનાર છે?

**જળ સંપત્તિ મંત્રીશ્રી:**

(૧) ૨૪૦૪૧ ચેકડેમો.
(૨) રૂા. ૨૫૨ કરોડ ખર્ચ થયેલ છે.
(૩) લોકોની માગણીના આધારે ચેકડેમોનું આયોજન હાથ ઘરવામાં આવશે અને તે માટે આવશ્યક બજૅટ ફાળવવામાં આવશે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : મારો પ્રશ્ન શાંતિથી સાંભળો...( અંતરાય )...

**અધ્યક્ષશ્રી** : હું ગૃહ સામે ફરીથી આ પ્રશ્ન વાંચીને સંભળાવું છું. તા. ૩૧-૧૨-૨૦૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતમુહૂર્ત થયેલા સૌરાષ્ટ્રના કેટલા સિંચાઈ પ્રોજેક્ટોના બાંધકામ શરૂ થયા? હજુ પણ ગૃહમાં કહું છું. બે વર્ષમાં જે ખાતમુહૂર્ત થયા હોય અને મંત્રીશ્રી ના બોલતા હોય તો કહો. એ સિવાય નહીં.( અંતરાય) (સતત અંતરાય)

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે અત્યાર સુધીમાં લોક ભાગીદારીના કેટલા ચેકડેમો થયા અને બીજો પ્રશ્ન જ્યારે ૬૦:૪૦ માંથી ૮૦:૨૦ ની યોજના કરી છે ત્યારે રાજયમાં બહુ મોટી સંખ્યામાં કદાચ અત્યાર સુધીમાં થયા હોય તેવા એક વર્ષમાં થઈ શકે તેવી શક્યતાઓ ઊભી થાય છે, ત્યારે ત્રીજો પેટા પ્રશ્ન એ હતો કે એના માટે કેટલી જોગવાઈ કરવામાં આવી છે અને કેટલા ચેકડેમનો અંદાજ કર્યો છે? એ પ્રમાણે યોજના થાય, કાર્યક્રમ થાય અને લોકો સુધી આ વિચારને, નિર્ણયને પહોંચાડી શકાય.

**અધ્યક્ષશ્રી** : કોઈપણ મુખ્ય પ્રશ્ન હોય તેની મર્યાદામાં જે પૂરક પ્રશ્ન આવતો હોય તે જ પૂછી શકાય. આખા ક્ષેત્રનો નહિ પૂછી શકાય (અંતરાય)

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : ગુજરાતમાં લોકભાગીદારીથી ચેકડેમ બાંધવાનું એક આંદોલન ચાલે છે અને આની અંદર દર વખતે, દર વર્ષે પૂરતી જોગવાઈ રાખીએ છીએ, પરંતુ મુખ્યમંત્રીશ્રીનો આદેશ છે કે આ ચેકડેમ બાંધવાની બાબતમાં કોઈપણ નાણાકીય મુશ્કેલી પડવાની નથી. નાણા મંત્રીશ્રીએ ખાતરી આપેલ છે. એ સંજોગોમાં જેટલા ચેકડેમ બાંધવા હોય તે તમામ ચેકડેમ બાંધવાની મંજૂરી ઉદારતા પૂર્વક આપી છે. સભ્યશ્રીઓની માગણી હતી કે ગુજરાતમાં ૬૦:૪૦ ની યોજના ચાલતી હતી. આદિવાસી વિસ્તારમાં ૮૦:૨૦ની માગણી આવી હતી. આને કોઈ જગ્યાએ સરખાવતા હતાં, એ સંજોગોમાં મુખ્યમંત્રીશ્રીએ ઉદારતા પૂર્વક ૮૦:૨૦ યોજના રાખવા સમગ્ર ગુજરાતને એક સરખી રીતે કવર કરી લીધું છે. આના માટે બજેટમાં જોગવાઈ રાખી છે, પણ એની અંદર ઘણી જોગવાઈ જોઈશે, એના માટે નાણા મંત્રીશ્રીએ ખાતરી આપેલ છે. આ વર્ષે ૨૫૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. ગઈ સાલ ૯૦ કરોડ ફાળવ્યા હતાં, તેના બદલે ૨૫૦ કરોડ રૂપિયાનું પ્રોવિઝન ચેકડેમ માટે રાખ્યું છે.

**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરદાર સહભાગી જળસંચય યોજના ૬૦:૪૦ ની જગ્યાએ ૮૦:૨૦ની કરી તેના માટે સમગ્ર સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને કચ્છની ધરાના માનવી વતી આ સરકારનો ખૂબ ખૂબ અભાર માની અભિનંદન પાઠવું છું. આ સરદાર સહભાગી જળસંચય યોજના સિવાય રાજયની મોટી નદીઓમાં મોટા ચેકડેમો બનાવવા માટે રાજય સરકારની કોઈ યોજના છે? જો હોય તો તેની વિગતો આપો.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમારી અલગ અલગ પ્રકારની યોજનાઓ ચાલે છે. સરદાર સહભાગી યોજનાઓ દ્વારા ૮૦:૨૦ની પદ્ધતિથી બાંધકામ ચાલે છે તેમાં મોટા ચેકડેમો બનાવવાનું આયોજન છે, પરંતુ સુજલામ સુફલામ યોજનાને આધારે સરકારે વિવિધ જિલ્લાના જે સૂકા વિસ્તારો છે અને મોટી નદીઓ આવેલ છે ત્યાં પણ ૨૯૦ કરોડના ખર્ચે ૫૦૦ ચેકડેમ બનાવવાનું આયોજન કરેલ છે. તે પૈકીના ૫૮ ચેકડેમનું કામ પૂર્ણ થયું છે અને બાકીનાં કામો હાથ ઉપર છે અને ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. આમ ગુજરાતના બીજા સૂકા વિસ્તારોમાં બીજા ૫૦૦ ચેકડેમ અને મોટા આડબંધ બાંધી ગુજરાતની દ ારતીમાં પાણીનું રિચાર્જિંગ કરવાનું છે.

**શ્રી વજુભાઈ વાળા** : એટલે હવે ડૂબી મરવા આઘે નહીં જાવું પડે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : ડૂબી મરવું હોય તો અમારે ત્યાં દરિયો છે. દરિયો મોટો છે.

**શ્રી વજુભાઈ વાળા** : એટલે બધે ચેકડેમ થશે એટલે ડૂબી મરવું હોય તો આઘે નહી જવું પડે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યા મોટો દરિયો છે અને દરિયામાં ડૂબી મરવા અમે આમંત્રણ આપીએ છીએ. આમ પણ તમે ડૂબાડવા સિવાય કંઈ કરવાના નથી. અમનેય ડુબાડવાના અને તમારાવાળાને પણ ડુબાડવાના. પણ ઓછા પાણીમાં ડુબાડજો દરિયામાં નહીં. માનનીય ગોરધનભાઈના પ્રશ્નનો જવાબ માનનીય મંત્રીશ્રીએ આપ્યો છે કે ૨૦૦૩-૦૪ આ બે વર્ષની અંદર ૨૪૦૪૧ ચેકડેમ લોકભાગીદારીથી બે વર્ષમાં થયા છે. તો એક વર્ષમાં ૧૨ હજાર ચેકડેમ થયા. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી આપના મારફત એટલું જાણવું છે કે સરકારે વારંવાર જાહેરાતો એવી કરી છે કે એક લાખ ચેકડેમો બનાવ્યા છે. તો એક લાખ ચેકડેમ બનાવ્યા તે વાત સાચી કે ૨૪ હજાર ચેકડેમ બનાવ્યા તે વાત સાચી?

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પાસેથી મારી બહુ અપેક્ષા છે, કમસેકમ એમને ભલે કદાચ વિરોધપક્ષના નેતા હમણાં બન્યા હોય પણ રાજયના વિકાસની માહિતી હોય અને પાછા એન્જિનિયર છે. રાજય સરકારે ચેકડેમની વાત કરી છે તેમાં નદીઓમાં આડબંધ આવે છે, ચેકડેમ આવે છે, બોરીબંધ આવે છે અને બીજા અને એમાં આ ચેકડેમનું અભિયાન માનનીય કેશુભાઈના સમયથી શરૂ કર્યુ છે તે આ બધાનો સરવાળો થાય છે. તમે ૨૦૦૩-૦૪ માં ૧૨ હજાર અને આ સતત ચાલતી પ્રક્રિયા છે તે તેઓ ભૂલી જાય છે. આટલી મોટી ભૂલ વિરોધપક્ષના નેતા કરે ત્યારે મુશ્કેલી થાય છે. આવી મુશ્કેલી ઉભી થાય ત્યારે તેમનો બચાવ કરવા માટે ત્રણ-ચાર મિત્રો સિવાય કોઈ આવતું નથી. તકલીફ પડે છે જરા સાચવો.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રીને યાદ અપાવું. ગયાં વર્ષે મુખ્યમંત્રીશ્રીએ આ યોજના હેઠળ કેટલા ચેકડેમ બનાવવાની જાહેરાત કરી હતી અને એક વર્ષમાં અને બીજા બે વર્ષના આંકડા આપ્યા છે. મને આનંદ થાત કે સિંચાઈ મંત્રીશ્રી ઉપર શ્રદ્ધા રાખી બોલવા દીધા હોત અને માહિતી આપવા દીધી હોત તો સારુ થાત. બોરીબંધ કે બીજા બંધ હોય લોકભાગીદારીની અંદર આપે જે માહિતી આપી તેમાં ૨૪ હજાર ચેકડેમ બંધાયા છે. તેમાં બીજો જવાબ આપવાની જરૂર ન હતી. રેકર્ડ ઉપરનો જવાબ સાચો છે કે નહીં તેટલું હું આપના મારફત જાણવા માગું છું.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રીને એટલો ખ્યાલ આપ્યો એ બહુ સારુ છે કે, વિવિધ વિભાગો દ્વારા ચેકડેમો બાંધવાનું કામ માનનીય મુખ્યમંત્રીશ્રી કરાવી રહ્યા છે, એમાં એક ભાગ મારી પાસે છે, લોક ભાગીદારી વાળો ભાગ મારી પાસે છે, સુજલામ સુફલામ યોજનાનો ભાગ પણ

મારી પાસે છે અને પાણી પુરવઠાનો ભાગ પણ મારી પાસે છે પણ બાંધવાની એની જે અલગ અલગ પ્રક્રિયાઓ છે, ગ્રામ વિકાસ વિભાગ ખાતા દ્વારા પણ થાય છે, વન વિભાગ દ્વારા પણ થાય છે, બોરી બંધ દ્વારા પણ થાય છે આ બધાની સંકલિત જાહેરાત માનનીય મુખ્ય મંત્રીશ્રી કરે ત્યારે આપણે ટોટલની વાત કરવી જોઈએ, અને આ પ્રશ્ન મારા સ્પેસિફિક વિભાગનો છે એનો જવાબ અમે આપ્યો છે અને આ આંદોલન ચાલવાનું છે.

## વડોદરા તાલુકામાં સરકારી જમીનને લગતાં કૌભાંડો

***૮૭૩૭ શ્રી દિલુભા ટે. ચુડાસમા(વડોદરા (ગ્રામ્ય))** : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) વડોદરા તાલુકાના સિંઘરોટ વિસ્તારમાં સરકારી જમીનો ઉપરના દબાણ, સરકારી જમીનો ખાનગી વ્યકિતઓ દ્વારા નામે કરવાના કૌભાંડ અંગેની વિગતો સરકારને ક્યારે મળી, અને

(૨) આ અંગે સરકારે શું કાર્યવાહી કરી છે?

**મહેસૂલમંત્રીશ્રી :**

(૧) સને ૧૯૯૯-૨૦૦૦ના વર્ષમાં.

(૨) સરકાર કક્ષાએ સત્ય શોધક સમિતિની તા. ૨૨-૧૧-૨૦૦૧ના રોજ રચના કરવામાં આવી. સમિતિના અહેવાલનો સ્વીકાર કરી, નોંધો રદ કરી, જમીનો સરકાર દાખલ કરવામાં આવી છે. તેમજ દબાણો અંગે નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવી છે. સદરહુ પ્રકરણે કસૂરવાર અધિકારી/કર્મચારી સામે ખાતાકીય પગલાં લેવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

**શ્રી દિલુભા ટે. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ પ્રકરણમાં કેટલા કેસો છે અને સરકારી દબાણના કેટલા કેસો છે અને આમાં આ દબાણ દૂર કરવા માટે શું પગલાં લીધાં છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા તાલુકાના સિંઘરોટ વિસ્તારમાં રાજય સરકારને, ૧૯૯૯-૨૦૦૦માં સરકારી જમીનો ઉપરના દબાણોના લગભગ ૧૬ કેસો અને સરકારી જમીનો ખાનગી નામે વેચાણ કરી દેવાના ૧૮ કેસોની માહિતી રાજય સરકારને પ્રાપ્ત થઈ છે. રાજય સરકારે તા. ૨૨-૧૨-૨૦૦૧ના રોજ સત્ય શોધક સમિતિની રચના કરી છે, આ સત્ય શોધક સમિતિએ તા. ૨૭-૫-૨૦૦૨ અને તા. ૨૭-૬-૨૦૦૨ એમ બે તબક્કે અહેવાલ આપ્યો અને એ અહેવાલનો સ્વીકાર રાજય સરકારે કર્યો અને રાજય સરકારે સુઓમોટો કેસ તૈયાર કર્યો અને ૧૮ જમીનોના કેસો જે અન્ય ઇસમોના, એમાં ખેડૂતો પણ હતાં અને બિન ખેડૂતો પણ હતાં, એમની તમામ જે વેચાણ કરેલી નોંધો હતો, એન્ટ્રીઓ હતી એ ૨૦૦૦ની સાલમાં રદ કરવામાં આવી છે

**શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા તાલુકાના સિંઘરોટ વિસ્તારમાં આ આખી જમીનો સરકારી નામે કરવાની અને ખોટી રીતે દબાણ કરવાની બાબત સરકારના ધ્યાન ઉપર આવ્યા પછી જે રેવન્યુ દફતરે એન્ટ્રી રદ કરવામાં આવી , ત્યારે હું માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ વડોદરા તાલુકાના સિંઘરોટ ગામના રેવન્યુ દફતર ઓરીજીનલ દફતર કેટલા વખતથી નથી એ કયાં ગયું, ક્યારે ગયું, અને અત્યારે જે આખું રેવન્યુ રેકર્ડ છે એ ખરેખર સાચુ છે કે કેમ ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ તમામ બાબતની જ્યારે રાજય સરકારને માહિતી મળી એટલે મેં જવાબ આપ્યો એ મુજબ સત્ય શોધક કમિટીનો જે રિપોર્ટ આવ્યો છે, અને એનો સ્વીકાર સરકારે કર્યો છે. હવે જે ૧૮ કેસો જે ખાનગી લોકોએ વેચાણ લઈ લીધેલ છે એના ઉપર કાર્યવાહી ચાલુ કરી દીધી, એની એન્ટ્રિઓ રદ કરી દીધી, સરકારી હેડે કરી દીધી, જે ૧૬ કેસો ઉપર જે જમીનમાં, સરકારી જમીનમાં દબાણ છે એ દબાણ દૂર કરવા માટે નોટિસ આપવામાં આવી છે, એની કાર્યવાહી જે તે નિયમો પ્રમાણે જે કાર્યવાહી કરવાની એ રાજય સરકાર તરફથી પૂરતી પૂરી કાર્યવાહી અને એના પગલાં લેવાઈ રહ્યાં છે, આમાં વધારે ઝડપ આવે એ માટે પણ રાજય સરકારે સૂચનાઓ આપી છે.

**શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૭૨માં પંચાયત ઑફિસમાં પાણી નહોતું આવ્યું, ૧૯૭૨માં રેકર્ડ ગુમ કરવામાં આવ્યું, જે તે વખતે આ રિપોર્ટ કરેલ કે રેકર્ડ પાણીમાં પલળી ગયું છે તો....

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતમાં જે કંઈ સત્ય શોધક સમિતિની રચના કરી છે અને આ તો પંદર વર્ષ પહેલાંનું છે, દશ-પંદર વર્ષ પહેલાંનું છે, આ સરકારે આ બધું ખોલ્યું છે, આ કેસમાં જે કંઈ રિપોર્ટ આવ્યો છે એમાં રાજય સરકાર મક્કમતાથી પગલાં લેશે અને નિયમ અનુસાર જે કંઈ કાર્યવાહી કરવાની હશે એ રાજય સરકાર તુર્તજ કરવાની છે.

**શ્રી સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાઇવેટ જમીન ખરીદીમાં પણ કૌભાંડ થયું હોય તો આ સરકાર પોલીસ કેસ કરે છે એ માટે અભિનંદનને પાત્ર છે પણ આ તો સરકારી જમીનના દસ્તાવેજ એ લોકોએ કરી લીધા હોય તો શું પગલાં લીધાં, પોલીસ કેસ કરોને, કેમ નથી કરતા?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જોગવાઈ પ્રમાણે જે એન્ટ્રીઓ છે એમાં જે ૧૮ કેસમાં ૯ ખેડૂતો છે એ એસ.એસ.આર.ડી.માં ગયાં છે, જે પ્રોસિજર કરવાની હોય તે રેવન્યુ કોડની કલમમાં જે કંઈ કાર્યવાહી કરવાની હોય એ રાજય સરકાર કરશે પણ ૮૪(સી) મુજબ કાર્યવાહી રાજય સરકારે પૂર્ણ કરી છે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે સત્ય શોધક સમિતિ બનાવી છે, તો એ સત્ય શોધક સમિતિમાં સભ્ય કોણ છે? બીજુ પ્રાઈવેટ જમીનમાં બે ગુંઠા કે નાની કેબિન કરી હોય કે ઝૂંપડું કર્યું હોય તો તોડી નાંખે છે, પણ આ સરકારી જમીનમાં કૌભાંડ કર્યું છે એમાં માનનીય સભ્યશ્રીએ કહ્યું કે ફાઈલ કે દફતર નથી મળતું તો એના ઉપર પોલીસ કેસ કરીને પાસાનો કાયદો લગાવીને સખત રીતે રાજય સરકારે પગલાં લીધાં છે અને નથી લીધાં તો શા માટે નથી લીધાં?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગના જે નિયમ પ્રમાણે અમુક ખેડૂતો એસ.એસ.આર.ડી.માં ગયાં છે કેટલીક વસ્તુ કોર્ટમાં પેન્ડીંગ છે. ૧૮નો બ્રેકઅપ આપુ તો ૯ ખેડૂતો હતાં એ એસ.એસ.આર.ડી.માં ગયાં છે એમાં ૩માં મનાઈ હુકમ છે. ૬માં મનાઈ હુકમ નથી એની તમામની એન્ટ્રીઓ રદ કરીને સરકાર હેડે દાખલ કરી છે. એજ રીતે બિન ખેડૂત ૯ હતાં એમાં ૮૪ (સી) મુજબ એની કાર્યવાહી ચાલુ છે અને ૭ પ્રકરણમાં કાર્યવાહી પૂરી કરીને જમીન સરકારી હેડે દાખલ કરી છે. દબાણના કેસો છે એમાં મામલતદાર કક્ષાએ, તલાટી કક્ષાએ જે કાંઈ કરવામાં આવ્યું છે જેના લેવલે પણ થયું છે એમાં મામલતદારને પણ ચાર્જસીટ આપી દેવામાં આવ્યું છે. ૪ તલાટીઓ સામે કેસો કર્યા છે અને આની સંપૂર્ણ કાર્યવાહી જેટલી બને એટલી ઝડપથી રાજય સરકાર કરવા માગે છે.

**શ્રી યોગેશભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સિંઘરોટની જમીન છે એ ગરીબ માણસોની મોંઘી જમીન છે, ૩ લાખના વિઘાવાળી જમીન છે અને ૪૦૦ વિઘા જેટલી જમીન લગભગ ૩૪ જેટલા ખેડૂતોએ લીધી છે. હવે સત્ય શોધક સમિતિ જયારે એમાં એ શોધે કે વારસાઈથી જે ખેડૂતો થયા છે એ જમીન તમે ખાલસા કરાવવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ આખું પ્રકરણ ૧૨-૧૫ વર્ષ પહેલાંનું છે. ભૂતકાળમાં રાજય સરકારને ધ્યાને આવ્યું અને ૧૯૯૯-૨૦૦૦ પછી પગલા લીધા છે અને કાયદા મુજબ મહેસૂલ વિભાગના નિયમ વિરુધ જે કંઈ થયું છે એમાં રાજય સરકાર ઝડપથી પગલાં લેવા માગે છે.

## સુજલામ સુફલામ યોજના હેઠળ ક્ષાર નિયંત્રણના કામોનો સમાવેશ

***૮૧૨૯ શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ)** : **માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) સુજલામ સુફલામ યોજના હેઠળ ક્ષાર પ્રવેશ નિયંત્રણના કામો આવરી લેવાનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં કયા કયા કામો કયાં સુધીમાં હાથ પર લઈ પૂર્ણ કરવા ધાર્યું છે?

**જળસંપતિ મંત્રીશ્રી:-**

(૧) હા જી,

(૨) જુનાગઢ જિલ્લામાં નોલી-નેત્રાવતી વિસ્તરણ નહેર, મૂળદ્વારકા ભરતી નિયંત્રકથી સોડમબંધારા વિસ્તરણ નહેર, પાંચ પીપળવા ભરતી નિયંત્રકથી સોડમબંધારા વિસ્તરણ નહેર, પાંચ પીપળવા ભરતી નિયંત્રક રેડીયલ કેનાલ તથા પોરબંદર જિલ્લામાં પાછતર-કોલીખડા વિસ્તરણ નહેર, ઓઝત-મધુવંતી વિસ્તરણ નહેર, કર્લી ટી.આર. યોજના અંતર્ગત રેડીયલ કેનાલના કામોને વહીવટી મંજૂરીઓ મેળવીને કામો હાથ ધરવા આયોજન છે.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એમાં બે યોજનાના કામ કરવામાં આવશે એમ જણાવ્યું છે. એ કામ પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થશે? બીજું જયાં સરદાર સહભાગી જળસંચય યોજનાના માધ્યમથી ચેકડેમોના કામ થવાના નથી એવા ખાસ ભૌગોલિક વિસ્તારોવાળા ઘેડ વિસ્તારમાં આ સુજલામ-સુફલામ યોજના અન્વયે કયા પ્રકારના કામો હાથ ધરવાના છે? અને ત્રીજું સેલિનિટી આગળ વધી રહી છે એમાં રાજય સરકાર ખાસ ચિંતિત બનીને આ સુજલામ-સુફલામ યોજનાની મૂળ પેટર્ન પ્રમાણે જુનાગઢ જિલ્લાનો સમાવેશ ન હતો પણ સુજલામ-સુફલામ યોજનાની કેટલી રકમ આમાં કન્વર્ટ કરીને સેલિનિટી યોજના પાછળ ખર્ચવા માગો છો અને કયા કયા પ્રકારના કામો કરવાના છો?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ-સુફલામ યોજના હેઠળ જુનાગઢ અને પોરબંદર જિલ્લાના જે કામોની માગણી પ્રશ્નમાં કરી છે એમાં જુનાગઢ જિલ્લામાં ૪ યોજના હાથ ઉપર લીધી છે અને ૬ કરોડ ૫૮ લાખ રૂપિયાની યોજના હાથમાં લીધી છે. કોડીનારમાં ૩ છે અને માંગરોળમાં ૧ છે.

કોડીનારમાં દ્વારકા ભરતી નિયંત્રકથી સોડમબંધારા સુધી, પાંચ પીપળવા ભરતી નિયંત્રકથી રેડીયલ કેનાલ સુધીની ૬ કરોડ ૫૮ લાખની યોજના છે. માંગરોળ તાલુકાની એક યોજના નોલી-નેત્રાવતી વિસ્તરણને જોડતી એક કેનાલ છે. પોરબંદર જિલ્લામાં પણ ૩ યોજના હાથમાં લીધી છે. ૩૮ કરોડ ૯૧ લાખ રૂપિયાના ખર્ચે પોરબંદરમાં આ કામ કરવામાં આવશે. વિસ્તરણ નહેરની ૨ યોજના છે અને રેડીયલ કેનાલ ૧ છે એમ કુલ ૩ યોજના હાથમાં લીધી છે. સુજલામ-સુફલામ આધારે ગુજરાતમાં જે સેલિનિટીનો પ્રશ્ન ઉપસ્થિત થયો છે એની અંદર સમગ્ર ગુજરાતના દરિયાકિનારાની જે નદીઓના પાણી જે અંદર દાખલ થાય છે એને નાથવા માટે કચ્છથી માંડીને છેક ઉમરગામ સુધીના તમામ વિસ્તારો એ બધાને કવર કરવા માટેનું આયોજન કર્યુ છે અને એના આધારે કચ્છ અને સેલિનિટી માટે ૧૬૫ કરોડ રૂપિયાની યોજના ૪૮ ટાઈડલ રેગ્યુલેટર કરીને અમે આ કામ હાથમાં લીધું છે અને એના ટેન્ડરો પણ મંગાવ્યા છે અને ડિસેમ્બર, ૨૦૦૫ સુધીમાં આ કામ પણ પૂર્ણ કરવાનો પ્લાન છે. બીજો તબક્કો જે છે જેની અંદર સમિતિ દ્વારા જે સૂચનો કરવામાં આવ્યાં હતાં એ કામોને પણ તબક્કાવાર હાથમાં લેવાનું આ સરકારે વિચારેલ છે.

**ડૉ. કનુભાઇ કળસરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં સુજલામ્-સુફલામ્ યોજના હેઠળ કેટલી રકમની ફાળવણી કરવામાં આવેલી છે અને હાલ આ પ્રગતિમાં કયા તબક્કે છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વિવિધ જિલ્લાઓની અલગ અલગ યોજનાઓ હાથમાં લીધી છે. ભાવનગરની અંદર પણ ભરતી નિયંત્રણના અમે ત્રણ આયોજન કરેલ છે ચાર બંધારાનું આયોજન ભાવનગર જિલ્લામાં કરેલ છે. સાત પુનઃભ્રમરાણ યોજનાનું કામ લીધું છે. વિસ્તરણ યોજના પણ અમે લીધી છે. અગિયાંર યોજનાઓ હાથમાં લેવાનો નિર્ણય અમે કર્યો છે અને ચાર યોજનાઓ ભાવનગર જિલ્લામાં અમે પૂર્ણ કરેલ છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, દરિયાનાં ખારાં પાણી આગળ વધવાના કારણે દરિયાઈ પટ્ટીની ૮૦ લાખ હેક્ટર જમીન ખારાશવાળી થઈ ગઈ છે. મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, હાલ ક્ષાર નિયંત્રણની જે યોજના છે એ તમામ યોજનાઓનો રાજ્ય સરકારે સુજલામ્-સુફલામ્ યોજના તળે સમાવેશ આજની તારીખે કર્યો છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાને અમે બે ભાગમાં વહેંચેલ છે. ડિસેમ્બર, ૨૦૦૫ સુધીમાં જે પ્રથમ તબક્કામાં લેવાની છે એમાં કચ્છનો ભાગ લીધો છે અને બાકીનો જે ભાગ છે એને ભાગ-૨ માં અમે આમેજ કર્યો છે. સમિતિએ જે સૂચનો કરેલા છે એ તમામ ક્ષાર નિયંત્રણો.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખે જે ક્ષાર નિયંત્રણ યોજનાઓ હયાત છે એ યોજનાઓનો સુજલામ્-સુફલામ્ યોજના નીચે સમાવેશ કરવામાં આવેલ છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ્-સુફલામ ભાગ-૨ માં સમાવેશ કર્યો છે અને આજે જે કામો ક્ષાર નિયંત્રણના ચાલે છે એ ભાગ-૨ માં અમે ગણેલ છે.

## દક્ષિણ ભારતના સુનામી પ્રભાવિત રાજયોને ગુજરાત સરકારની સહાય

***૮૭૯૦ શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશેકે-
તાજેતરમાં વિશ્વના ઘણા બધા દેશોમાં સુનામીની જે હોનારત આવેલ છે તેમાં ભારતના દક્ષિણ ભાગમાં જે નુકશાનથયું છે તે વિસ્તારોમાં મદદ પહોંચાડવા માટે સરકારે શું પગલાં લીધાં છે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

સુનામી અસરગ્રસ્ત ભારતના દક્ષિણ ભાગના વિસ્તારોમાં નીચે પ્રમાણેની સહાય/મદદ પહોંચાડવામાં આવી છે.

૧. માન. મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી

| | |
|---|---|
| તામિલનાડુ | રૂા. ૫ કરોડ |
| આંદામાન-નિકોબાર | રૂા. ૨ કરોડ |
| પોંડીચેરી | રૂા. ૧ કરોડ |
| આંધ્રપ્રદેશ | રૂા. ૧ કરોડ |

૨. રાજ્યના નાગરિકો, સ્વૈ. સંસ્થાઓ તથા ઔદ્યોગિક એકમો તરફથી મળેલ રોજિંદા વપરાશ સ્વરૂપની રાહત સામગ્રી તથા કપડાં અને અનાજની કીટ્સ રસ્તા, રેલ્વે અને હવાઈ માર્ગે પહોંચાડવામાં આવી છે.

૩. આંદામાન-નિકોબારમાં સંદેશા વ્યવહાર પુનઃ સ્થાપન માટે હેમ રેડિયોની ૧૦ સભ્યોની ટીમ મોકલી છે.

૪. અસરગ્રસ્તોને હંગામી આવાસો માટે-
ગેલ્વેનાઈઝના પતરા નંગ-૪૬૩૭૫

વાંસ નંગ-૭૦૦૦૦
મોકલવામાં આવેલ છે.

**શ્રી મૂળુભાઈ હ. બેરા :** માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નમાં જે જવાબ આપવામાં આવ્યો છે એમાં નવ કરોડ રૂપિયાની સહાય અલગ અલગ રીતે પહોંચાડી છે એમાં સરકાર સિવાય લોકો અને સ્વૈચ્છિક સંસ્થાઓ અને ઔદ્યોગિક એકમો દ્વારા કેટલી રકમ પહોંચાડવામાં આવી છે અને હવે પછીના પુનઃવસન માટે રાજ્ય સરકાર દ્વારા ત્યાં શું આયોજન કર્યુ છે અને ત્રીજું આ પ્રકારની મદદમાં ગુજરાત રાજ્યે સૌથી પહેલી મદદ પહોંચાડી છે એ વાત સાચી છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ :** તારીખ ૨૬-૧૨-૨૦૦૪ના રોજ સુનામીને કારણે ત્યાંના અસરગ્રસ્તોને સમગ્ર દેશમાં જે વસ્તુઓની જરૂરિયાત હોય એ સમયસર પહોંચાડવા ગુજરાત સરકારે પહેલ કરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીની સતકર્તા, પરિસ્થિતિની ગંભીરતાનો ત્વરિત નિર્ણય લેવો અને ગુજરાત રાજ્યની માનવતાવાદી પ્રજા આ ત્રણેય ભેગા થઈને આ સુનામી અસરગ્રસ્તોને ગુજરાત સરકાર એમને સમય મર્યાદાની અંદર આપણે સારી એવી રાહત સામગ્રી પહોંચાડી શકેલ છે. લગભગ ૩૨૩૮ મે.ટન જેટલું મટિરિયલ એમાંય ખાસ કરીને ખાદ્યસામગ્રી, કપડાં, જીવન જરૂરિયાતની રોજિંદી તાત્કાલિક જરૂરિયાતની વસ્તુઓ જોઈએ એવી વસ્તુઓ આપણે તાત્કાલિક ત્યાં પહોંચાડી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના એક મંત્રીશ્રી અશોક ભટ્ટની આગેવાનીમાં ત્યાં તાત્કાલિક...

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો
## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)
### રાજ્યમાં બિનખેતીની જમીનની લે-વેચ પરનાં નિયંત્રણો દૂર કરવા અંગે

**૯૬૦૫ શ્રી મહેશભાઈ સો. ભુરિયા(ભા.જ.પ.)** : (લીંમડી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૭૩એ એથી નિયંત્રીત સત્તાપ્રકારવાળી જમીનના લે-વેચના વહેવારો માટે નિયંત્રણો લાગુ પાડેલ છે. આ નિયંત્રણો બીનખેતી થયેલ જમીન ઉપર પણ ચાલુ છે તે સરકાર જાણે છે, | (૧) હા, જી. |
| (૨) રાજ્યના મધ્યમવર્ગના આદિજાતિ ઇસમો પોતાના વ્યકિતગત ઉપયોગ સમયે બિનખેતી થયેલ પોતાની માલિકીની જમીન પૂર્વ મંજૂરી સિવાય અન્ય ઇસમને અથવા તો આદિજાતિ ઇસમને પણ તબદીલ કરી શકતા નથી તે સરકાર જાણે છે, | (૨) હા, જી. |
| (૩) ખેતીની જમીન ઉપરના ૭૩એએના નિયંત્રણો સિવાય બીનખેતીની જમીન પરના આ નિયંત્રણો દૂર કરવા સરકાર ઇચ્છે છે કે કેમ, અને | (૩) ના, જી. |
| (૪) જો હા, તો કેટલા સમયમાં આ નિયંત્રણો દૂર કરવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

### ખેડબ્રહ્મા તાલુકા માટે પીવાના પાણીની યોજના

**૯૨૭૩ શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના આદિવાસી વિસ્તારમાં પીવાના પાણીની વ્યવસ્થા માટે કઇ યોજના કરેલ છે, અને | (૧) જૂથ પાણી પુરવઠા યોજનાઓ, સ્વતંત્ર પાઇપ પાણી પુરવઠા યોજનાઓ, હેન્ડપંપ યોજનાઓ, મીની પાઇપ પાણી પુરવઠા યોજનાઓ, |

(૨) આ યોજનાની વિગત શું છે અને કયારે પૂર્ણ કરવામાં આવશે?

તથા સોર્સ રીચાર્જીંગની યોજનાઓ કરેલ છે.

(૨) ૨૪, ગામ/પરાંની બે જુથ પાણી પુરવઠા યોજનાઓ પૂર્ણ કરેલ છે.

૩૬, ગામ/પરાની સ્વતંત્ર પાઇપ પાણી પુરવઠા યોજનાઓ પૂર્ણ કરેલ છે.

૧૩૭, ગામ/પરાં માટે હેન્ડપંપ યોજનાઓ પૂર્ણ કરેલ છે.

૩૮, ફળિયામાં મીની પાઇપ પાણી પુરવઠા યોજનાઓ પૂર્ણ કરેલ છે.

નીચે પ્રમાણેના કામો પ્રગતિમાં છે. જે ક્રમશઃ ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

૧૬૧, નદી નાળા ઉપરના રીચાર્જીંગ સ્ટ્રકચર્સના કામો.

૬૧૪, પાતાળ કુવા રીચાર્જીંગના કામો.

----------

## પાલનપુર, દાંતીવાડા, અમીરગઢ અને વડગામ તાલુકાને સુજલામ્ સુફલામ્ યોજનાનો લાભ

૯૬૨૮ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા(પાલનપુર) :** **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, દાંતીવાડા, અમીરગઢ અને વડગામ તાલુકામાં સુજલામ્ સુફલામ્ યોજનાનો લાભ કયા કયા વિસ્તારને મળવાનો છે, અને

(૨) આ વીસ વર્ષથી સૂકાભંઠ અસરગ્રસ્ત વિસ્તારને કેટલા સમયમાં લાભ આપવામાં આવશે?

**જવાબ**

(૧) પાલનપુર, દાંતીવાડા, અમીરગઢ અને વડગામ તાલુકાને ચેકડેમથી અને પાલનપુર અને દાંતીવાડા તાલુકાને ઉદવહન પાઇપલાઇન મારફત લાભ મળવાનો છે.

(૨) ચેકડેમની કામગીરી પ્રગતિમાં છે જે પૂર્ણ થતાં તેમજ પાઇપલાઇનની લાઇનદોરી મંજુર થયા બાદ સત્વરે કામગીરી કરાવવાનું આયોજ છે. હાલના તબક્કે ડિસેમ્બર-૦૫ સુધી કામ પૂર્ણ કરવાનું આયોજન વિચારાયેલ છે.

----------

## મહેસૂલ વિભાગની ૩૨-ક માટેની સ્કીમ

૮૧૯૩ **શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા(હળવદ) :** **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) મહેસૂલ વિભાગ દ્વારા કલમ ૩૨-ક માટે એક સ્કીમ ૧૯૯૮ માં દાખલ કરવામાં આવી હતી. તો આ યોજનાનો લાભ લેવા સુરેન્દ્રનગર જિલ્લાના અનેક લોકોએ નાયબ કલેકટર (સ્ટેમ્પ ડયુટી) માં નાણાં ભરપાઇ કરેલ છે. તેવા લોકોને આજદિન સુધી ૧૯૯૮ ની સ્કીમ મુજબના દસ્તાવેજો મળેલ નથી તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો આટલા સમય સુધીમાં દસ્તાવેજ પરત ન કરવાના કારણો શું?

**જવાબ**

(૧) હા, જી.

(૨) (૧) દસ્તાવેજોમાં સ્કેનીંગની કામગીરી બાકી હતી.

(૨) યોજના પછી કચેરીનું ત્રણ વાર જુદી જુદી જગ્યાએ સ્થળાંતર થવાના

કારણે.

----------

## ભીલોડા અને વિજયનગર તાલુકાના ખેડૂતોને નર્મદા અથવા કડાણા ડેમમાંથી સિંચાઇ માટે પાણી

૯૨૬૭ ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના ભીલોડા અને વિજયનગર તાલુકાઓના ખેડૂતોને નર્મદા અથવા કડાણા ડેમની કેનાલમાંથી સિંચાઇનું પાણી આપવાનું આયોજન સરકારે કર્યુ છે, | (૧) ભીલોડા તાલુકા માટે આયોજન કરવામાં આવેલ છે. જયારે વિજયનગર તાલુકા માટે કરવામાં આવેલ નથી. |
| (૨) જો હા, તો શું આયોજન છે, અને | (૨) નર્મદાનું પાણી બે અલગ અલગ પાઇપલાઇનથી હાથમતી અને મેશ્વો જળાશયમાં લાવવાનું આયોજન છે. વિજયનગર તાલુકામાં કડાણા ડેમની કેનાલમાંથી પાણી લાવવાનું આયોજન નથી. |
| (૩) જો ના, તો સિંચાઇનું પાણી ખેડૂતોને માટે એવું કોઇ આયોજન સરકારે કરેલ છે કે કેમ? | (૩) વિજયનગર તાલુકા માટે મોટા ચેકડેમ બાંધીને સિંચાઇનું પાણી આપવાનું આયોજન કરવામાં આવેલ છે. |

----------

## કચ્છ જિલ્લામાં ડેમો, બંધારા અને ચેકડેમોના કામો

૯૦૦૧ શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા(અબડાસા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૪માં સુજલામ સુફલામ યોજના અંતર્ગત કેટલા ડેમો, બંધારા અને ચેકડેમોની કેટલી રકમના કામોનું આયોજન કરવામાં આવેલ, | (૧) કચ્છ જિલ્લામાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત ૪૮ ભરતી નિયંત્રક/બંધારા અને ૧૦૦૦ ચેકડેમો મળી કુલ રૂ. ૨૭૨ કરોડનાં કામોનું આયોજન કરવામાં આવેલ છે. |
| (૨) તેમાંથી કેટલા કામો શરૂ કરી વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે, અને | (૨) સદર કામોની વહીવટી મંજૂરીની પ્રક્રિયા હાથ ઉપર છે. |
| (૩) જો કામો શરૂ ન કરવામાં આવ્યા હોય, તો તેના કારણો શું છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## ગાંધીનગર જિલ્લામાં જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવા અંગે

૯૬૬૨ શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૦.૧૨.૨૦૦૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાદીઠ નવી શરતમાંથી જૂની શરતમાં જમીન ફેરવવાના કુલ કેટલા કિસ્સાઓ બાકી છે, અને

**જવાબ**

(૧)

| | તાલુકાનું નામ | બાકી કેસો |
|---|---|---|
| ૧. | ગાંધીનગર | ૩૩૮ |
| ૨. | કલોલ | ૨૧૮૯ |
| ૩. | માણસા | ૧૦૪૨ |
| ૪. | દહેગામ | ૧૦૦૪ |

**કુલ : ૪૫૭૩**

| | |
|---|---|
| (૨) બાકી રહેવાના કારણો શા છે, અને | (૨) વહીવટી કારણોસર. |
| (૩) આ કાર્યવાહી ક્યારે પૂરી થશે ? | (૩) સત્વરે. |

----------

## અમદાવાદ જિલ્લામાં રાંધણ ગેસના કાળાબજાર

૯૬૬૬ **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧.૧૨.૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને અમદાવાદ જિલ્લામાં રાંધણ ગેસના કાળાબજાર કરતા કેટલા કેસ નોંધાયા છે, અને | (૧)(અ) અમદાવાદ શહેરમાં ૬ કેસ<br>(બ) અમદાવાદ જિલ્લામાં શૂન્ય |
| (૨) આ અંગે સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવ્યા છે ? | (૨) (અ) અમદાવાદ શહેરમાં કુલ રૂા.૨.૩૦ લાખનો જથ્થો સીઝ ક્ર્યો તેમાંથી રૂા.૦.૩૦ લાખનો જથ્થો રાજ્ય સાત ક્ર્યો.<br>(બ) અમદાવાદ જિલ્લામાં પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## ખેડબ્રહ્મા તાલુકાના આદિવાસી વિસ્તારમાં પીવાના પાણીની વ્યવસ્થા

૯૨૭૯ **શ્રીમતી રમીલાબેન બે. બારા(ખેડબ્રહ્મા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના આદિવાસી વિસ્તારમાં પીવાના પાણીની વ્યવસ્થા માટે કઇ યોજના કરેલ છે, | (૧) જુથ પાણી પુરવઠા યોજનાઓ, સ્વતંત્ર પાઇપ પાણી પુરવઠા યોજનાઓ, હેન્ડપંપ યોજનાઓ, મીની પાઇપ પાણી પુરવઠા યોજનાઓ તથા સોર્સ રીચાર્જીંગની યોજનાઓ કરેલ છે. |
| (૨) આ યોજનાની વિગત શું છે, અને | (૨) ૨૪, ગામ/પરાંની બે જુથ પાણી પુરવઠા યોજનાઓ.<br>૩૬. ગામ/પરાંની સ્વતંત્ર પાઇપ પાણી પુરવઠા યોજનાઓ.<br>૧૩૭, ગામ/પરાં માટે હેન્ડપંપ યોજનાઓ.<br>૩૮, ફળિયામાં મીની પાઇપ પાણી પુરવઠા યોજનાઓ.<br>૧૬૧, નદી નાળા ઉપર રીચાર્જીંગ સ્ટ્રકચર્સની કામગીરી.<br>૬૧૪, પાતાળ કુવા રીચાર્જીંગ કામગીરી. |
| (૩) ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) ખંડ-૨માં જણાવેલ જુથ પાણી પુરવઠા યોજનાઓ, સ્વતંત્ર પાઇપ પાણી પુરવઠા યોજનાઓ, હેન્ડપંપ યોજનાઓ તથા મીની પાઇપ |

પાણી પુરવઠા યોજનાઓ પૂર્ણ થયેલ છે. અને રીચાર્જીંગના કામો ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

----------

## કચ્છ જિલ્લામાં સરકારી જમીન માટે સંસ્થાઓની માંગણીઓ

૯૬૧૭ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧.૧.૨૦૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લાની કઇ કઇ સંસ્થાઓની સરકારી જમીનની માંગણીની દરખાસ્તો ૧૦ વર્ષ ઉપરાંતની પેન્ડીંગ છે, | (૧)(૧) ઇન્દિરા કલબ, ભુજ.<br>(૨)માતૃશ્રી પ્રાણકુંવરબેન ચુનીલાલ મહેતા ચેરી. ટ્રસ્ટ, ભુજ.<br>(૩)અંધ અપંગ માનવ કલ્યાણ સોસાયટી, માંડવી.<br>(૪)શ્રી યશોધર વર્ધમાન ૭૨ જીનાલય ટ્રસ્ટ, કોડાય, માંડવી.<br>(૫)સ્વ.ગોવિંદજી જીવણભાઇ મોરી સાર્વજનિક ટ્રસ્ટ, નલિયા. |
| (૨) આ દરખાસ્તો ક્યા તબક્કે છે, | (૨) પાંચ પૈકી એક સરકારશ્રીની વિચારણા હેઠળ છે બાકીની કલેકટર કટેરી, કચ્છ પાસે પડતર છે. |
| (૩) વિલંબના કારણો શાં છે, અને | (૩) વહીવટી. |
| (૪) ચોક્કસ કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | (૪) શક્ય ત્વરાએ. |

----------

## ગરીબોને અનાજનો જથ્થો નિયમિત આપવા અંગે

૯૬૪૮ **શ્રી બિમલ શાહ(કપડવંજ)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ગરીબી રેખા નીચે જીવતા લોકોને નિયત થયેલ અનાજનો જથ્થો નિયમિત અને સમય મર્યાદામાં મળે તે માટે સરકારે શું પગલાં લીધા છે ? | અનાજનું વિતરણ કરવાનું હોય તે માસની ૧લી તારીખથી પરમીટ આપવાનું શરૂ કરવામાં આવે છે. અને પરમીટ રજુ થયેથી તે સામે તુરત જ વાજબી ભાવના દુકાનદારને અનાજનો જથ્થો આપવામાં આવે છે. અને આ બાબતેની સુચના અનુસાર પાંચમી તારીખ સુધીમાં મોડામાં મોડી પરમીટ ઇસ્યુ કરવામાં આવે અને મોડામાં મોડો તારીખ દશમી સુધીમાં અનાજનો જથ્થો દુકાનદારે ઉપાડી વિતરણ કરવાનો રહે છે. |

----------

## મહેસૂલ વિભાગ અંતર્ગત પરામર્શ સમિતિની બેઠકો

૮૩૪૪ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ)** :**માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૩-૦૪ના વર્ષમાં મહેસૂલ મંત્રીશ્રીએ પરામર્શ સમિતિની કેટલી બેઠકો રાખી હતી, | (૧) એક પણ બેઠક યોજાયેલ નથી. |
| (૨) આ બેઠકોમાં સુચવાયેલા કેટલા પ્રશ્નોમાંથી કેટલાનો નિકાલ થયો છે અને કેટલા નિકાલ બાકીમાં છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ પરામર્શ સમિતિની બેઠકો ખુબજ ઓછી રાખવાના શા કારણો છે ? | (૩) વહીવટી કારણો. |

----------

## ભરુચ તાલુકાના ઝાડેશ્વર ગામના તળાવોમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવા અંગે

૯૫૫૯ **શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી(ભરૂચ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ભરુચ તાલુકાના ઝાડેશ્વર ગામમાં આવેલ તળાવોમાં વરસાદી પાણીનો સંગ્રહ થાય તે માટે સરકાર શું પગલાં લઇ રહી છે ? | ભરુચ તાલુકાના ઝાડેશ્વર ગામમાં ફક્ત એક તળાવ આવેલ છે, જેનાં સ્ત્રાવ ક્ષેત્રમાં રહેણાંક અને બીન રહેણાંક બાંધકામોના કારણે કાંસની વહન ક્ષમતા ઘટી ગયેલ હોઇ પુરેપુરુ વરસાદી પાણી ભરી શકાય તેમ નથી. |

----------

## રાજ્યમાં ગામ નમુના નં.૭/૧૨ અને ૮-અ નું કોમ્પ્યુટરાઇઝેશન કરવા અંગે

૯૫૯૫ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧.૧૨.૨૦૦૪ની સ્થિતિએ સમગ્ર રાજ્યમાં ગામ નમુના નં.૮-અ તથા ૭/૧૨નું કોમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવ્યું છે તે વાત સાચી છે, | (૧) હા જી, રાજ્યના ૩૩ ગામોને બાદ કરતાં. |
| (૨) જો ના, તો ક્યા જિલ્લાનું બાકી છે, અને | (૨) અમદાવાદ, કચ્છ, આણંદ, સુરત અને પોરબંદરના ૩૩ ગામો બાકી છે. |
| (૩) ક્યાં સુધીમાં સરકાર આ કામગીરી પુરી કરવા માંગે છે ? | (૩) રેકર્ડ તપાસના કામે નામદાર કોર્ટમાં હોવું તેમજ ભૂકંપના કારણે નવેસરથી તૈયાર કરવુ, પ્રમોલ્ગેશન બાકી હોવું વગેરે વહીવટી કારણોનો નિકાલ થયે પુરું થઇ શકે. |

----------

### કડાણા જમણાકાંઠા કેનાલનું પેચીંગ કામ

૮૬૬૬ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ(લુણાવાડા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કડાણા જમણાકાંઠા કેનાલ બનાવવામાં જે માટી પુરવામાં આવે છે. તેને પાણી છાંટવાની સાથે રોલરથી પેચીંગ કરવાની પધ્ધતિ હોય છે ખરી, અને | (૧) કડાણા જમણાકાંઠા કેનાલ બનાવવામાં માટીનું પુરાણ કરી પાણી છાંટી રોલરથી દાબકામ કરવામાં આવે છે. |
| (૨) આવી કેનાલો બનાવવામાં આવી છે ત્યાં રોલર ફેરવવામાં આવેલ નથી તે હકીકત સાચી છે ? | (૨) ના, જી. |

----------

### રાજકોટ જિલ્લામાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા અરજીઓ

૯૦૨૦ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં નવી શરતમાંથી જુની શરતમાં જમીન ફેરવવાના કેટલા કેસો રજુ થયા, અને | (૧) ૨૨૭૮. |
| (૨) તે પૈકી કેટલા કેસોનો નિકાલ થયો? | (૨) ૧૩૯૦. |

----------

### તલાલા તાલુકામાં હિરણ-૨ ડેમની સબ કેનાલનું રીપેરીંગ

૯૫૮૦ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર(તલાલા)** :**માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં તલાલા તાલુકામાં હિરણ-૨ ડેમમાંથી ખેડૂતોને પિયત માટે પાણી પુરું પાડતી સબ-કેનાલ રીપેરીંગ કરવી જરુરી છે, તે હકીકત ખરી છે, | (૧) હા જી, અંશતઃ |
| (૨) જો હા, તો સબ કેનાલો રીપેરીંગ કરવા શું આયોજન કરેલ છે, | (૨)નહેર પ્રણાલીના મરામતના કામો ટુંક સમયમાં હાથ પર ધરવાનું આયોજન છે. |
| (૩) કેટલા સમયમાં રીપેરીંગ થઇ શકે તેમ છે, અને | (૩)ચાર માસમાં પુર્ણ કરવાનું આયોજન છે. |
| (૪) અંદાજીત કેટલો ખર્ચ થશે ? | (૪) રૂા.૨૬.૧૫ લાખ. |

----------

### કાળા બજાર નિયંત્રણ ધારા હેઠળ અટકાયત

૮૩૫૪ **શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી(ઘોઘા)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકાર દ્વારા કેટલા લોકોને ૨૦૦૩-૦૪ના વર્ષમાં પી.બી.એમ.માં અટકાયત કરેલ છે, | (૧) ૮૩. |

| | |
|---|---|
| (૨) કેટલા લોકોને નામદાર કોર્ટ દ્વારા છોડવામાં આવેલ છે, અને | (૨) ૫૬. |
| (૩) કેટલાને સરકાર દ્વારા છોડવામાં આવેલ છે? | (૩) ૨. |

----------

## ચોટીલા અને સાયલા તાલુકામાં નર્મદાનું પાણી પીવા માટે આપવા અંગ

૮૮૦૫ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ચોટીલા અને સાયલા તાલુકામાં નર્મદાનું પીવાનું પાણી ક્યારે પહોંચાડવામાં આવશે, અને | (૧) નીચે મુજબ આયોજન છે.<br>ચોટીલા - ડિસેમ્બર-૨૦૦૭ સુધીમાં.<br>સાયલા - ૧૪ ગામોમાં નવેમ્બર-૨૦૦૫ સુધીમાં.<br>૬૧ ગામોમાં ડિસેમ્બર-૨૦૦૭ સુધીમાં. |
| (૨) આ યોજનાનું કામ ક્યાં સુધી પુરું થયેલ છે? | (૨) ચોટીલા - સર્વે કામ પુરુ થયેલ છે.<br>સાયલા - ૧૪ ગામોના બાંધકામની કામગીરી પ્રગતિમાં છે. જ્યારે બાકીના ૬૧ ગામોનું સર્વેકામ પૂર્ણ કરવામાં આવેલ છે. |

----------

## કડી તાલુકામાં પેટ્રોલપંપ ઉપર દરોડા

૯૦૩૨ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧.૧૨.૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કડી તાલુકામાં કેટલા પેટ્રોલ પંપોની ગેરરીતી સંદર્ભે ચકાસણી કરવામાં આવી, | (૧) ૭ પેટ્રોલ પંપોની ૨૯ તપાસો. |
| (૨) કેટલી ગેરરીતીઓ પકડાઇ, અને | (૨) એક પેટ્રોલ પંપનો પેટ્રોલનો નમુનો ધોરણસરનો જણાયેલ નથી. જ્યારે અન્ય તપાસોમાં હાજર જથ્થામાં તફાવત, રેકર્ડમાં હિસાબી ભૂલ જેવી ક્ષતિઓ પકડાઇ છે. |
| (૩) શાં પગલાં ભરવામાં આવ્યા ? | (૩) (અ) રૂા.૫,૪૮૫/- કિંમતનો જથ્થો રાજ્યસાત કર્યો.<br>(બ) રૂા.૫,૭૦૦/- પરવાના ડીપોઝીટ રાજ્યસાત કરી.<br>(ક) ૧ પરવાનો ૯૦ દિવસ માટે મોકુફ.<br>(ડ) ૧ પરવાનેદાર સામે પોલીસ કેસ.<br>(ઇ) ૧ પરવાનેદાર સામે અટકાયતના પગલાં લેવાયા છે. |

----------

## સુરત જિલ્લામાં પીવાનું પાણી પુરું પાડવા આયોજન

**૮૦૨૪ શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧.૧૨.૦૪ના રોજની સ્થિતિએ સુરત જિલ્લામાં નહેર આધારિત, ટ્યુબવેલ આધારિત કેટલી પાણી પુરવઠા યોજના તાલુકાવાર કાર્યરત છે,

**જવાબ**

(૧) નીચેની વિગતે

| ક્રમ | તાલુકો | નહેર આધારિત યોજના | ટ્યુબવેલ આધારિત યોજના | | |
|---|---|---|---|---|---|
| | | | જુથ યોજના | સ્વતંત્ર યોજના | કુલ યોજના |
| ૧ | ચોર્યાસી | ૩ | ૧ | ૫૦ | ૫૧ |
| ૨ | ઓલપાડ | ૧ | ૨ | ૪૨ | ૪૪ |
| ૩ | કામરેજ | ૦ | ૦ | ૨૦ | ૨૦ |
| ૪ | માંડવી | ૦ | ૦ | ૭૯ | ૭૯ |
| ૫ | માંગરોળ | ૦ | ૦ | ૪૩ | ૪૩ |
| ૬ | ઉમરપાડા | ૦ | ૦ | ૨૧ | ૨૧ |
| ૭ | બારડોલી | ૦ | ૦ | ૨૨ | ૨૨ |
| ૮ | વાલોડ | ૦ | ૦ | ૨૮ | ૨૮ |
| ૯ | પલસાણા | ૦ | ૦ | ૨૨ | ૨૨ |
| ૧૦ | મહુવા | ૦ | ૦ | ૪૦ | ૪૦ |
| ૧૧ | નીઝર | ૦ | ૧ | ૪૮ | ૪૯ |
| ૧૨ | ઉચ્છલ | ૦ | ૦ | ૪૩ | ૪૩ |
| ૧૩ | સોનગઢ | ૦ | ૦ | ૫૬ | ૫૬ |
| ૧૪ | વ્યારા | ૨ | ૦ | ૫૦ | ૫૦ |
| ૧૫ | સુરત સીટી | ૦ | ૦ | ૦૮ | ૦૮ |
| | **કુલ :** | ૬ | ૪ | **૫૭૨** | **૫૭૬** |

(૨) તે પૈકી કેટલા ગામોને પીવાનું પાણી આપવામાં આવે છે અને કેટલા ગામો બાકી રહે છે, અને

(૨) નીચેની વિગતે બધા જ ગામોને પાણી આપવામાં આવે છે.

| ક્રમ | તાલુકો | નહેર આધારિત યોજના દ્વારા અપાતા પા.પુ.ના ગામો | ટ્યુબવેલ આધારિત યોજના દ્વારા અપાતા પા.પુ.ના ગામો | | |
|---|---|---|---|---|---|
| | | | જુથ યોજના ના ગામો | સ્વતંત્ર યોજના ના ગામો | કુલ ગામો |
| ૧ | ચોર્યાસી | ૨૬ | ૪ | ૫૦ | ૫૪ |
| ૨ | ઓલપાડ | ૬ | ૫૪ | ૪૨ | ૯૬ |
| ૩ | કામરેજ | ૦ | ૦ | ૨૦ | ૨૦ |
| ૪ | માંડવી | ૦ | ૦ | ૭૯ | ૭૯ |
| ૫ | માંગરોળ | ૦ | ૦ | ૪૩ | ૪૩ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | ઉમરપાડા | ૦ | ૦ | ૨૧ | ૨૧ |
| ૭ | બારડોલી | ૦ | ૦ | ૨૨ | ૨૨ |
| ૮ | વાલોડ | ૦ | ૦ | ૨૮ | ૨૮ |
| ૯ | પલસાણા | ૦ | ૦ | ૨૨ | ૨૨ |
| ૧૦ | મહુવા | ૦ | ૦ | ૪૦ | ૪૦ |
| ૧૧ | નીઝર | ૦ | ૩ | ૪૮ | ૫૧ |
| ૧૨ | ઉચ્છલ | ૦ | ૦ | ૪૩ | ૪૩ |
| ૧૩ | સોનગઢ | ૦ | ૦ | ૫૬ | ૫૬ |
| ૧૪ | વ્યારા | ૧૮ | ૦ | ૫૦ | ૫૦ |
| ૧૫ | સુરત સીટી | ૦ | ૦ | ૮ | ૮ |
| | **કુલ :** | **૫૦** | **૬૧** | **૫૭૨** | **૬૩૩** |
| | **કુલ :** | **૫૦ + ૬૩૩ = ૬૮૩** | | | |

(૩) ઓલપાડ તથા ચોર્યાસી તાલુકામાં પીવાના પાણી માટે શું આયોજન કરવામાં આવેલ છે ?

(૩) તાપી નદી આધારિત ઓલપાડ તથા ચોર્યાસી તાલુકાના ૧૫૬ ગામોને આવરી લેતી વરિયાવ જુથ યોજના મંજુર કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત અન્ય ૭ યોજનાઓના સોર્સ બદલવામાં આવશે તથા તાપી નદીમાંથી મેળવેલ પાણી શુધ્ધ કરી ૭ યોજનાઓના ભૂગર્ભ ટાંકાઓમાં આપવાનું આયોજન છે. ઉપરાંત આ તાલુકાના અન્ય ૪૨ વૈકલ્પિક ગામોમાં પણ વરિયાવ જુથ યોજના હેઠળ પાણી આપવાનું આયોજન છે.

----------

## મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી દર્દીઓને સહાયમાં વિલંબ

૮૫૬૫ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) માન. મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી કીડની, કેન્સર અને હાર્ટ એટેકના દર્દીઓની રજુઆતો પછી સહાયતા ખૂબજ વિલંબથી ચુકવાય છે તે હકિકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આવી સહાયતા સત્વરે ચુકવવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## અમદાવાદ શહેરની ખારીકટ કેનાલનું રીપેરીંગ કામ

૮૬૨૩ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા(શહેર કોટડા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ શહેરની ખારીકટ કેનાલનું રીપેરીંગ કામ હાલમાં ચાલુ છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો રીપેરીંગ કામ બંધ હોય તો તે ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૨) હાલમાં જરુરીયાત જણાયેલ નથી. |

----------

## નર્મદા માસ્ટર પ્લાન યોજના હેઠળ રાજ્યના ગામો અને શહેરોને પીવાનું પાણી

૯૨૭૬ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા)** :**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ નર્મદા માસ્ટર પ્લાન યોજનાના કેટલા ગામો તથા શહેરો આવરી લેવામાં આવ્યા, | (૧) ૮૨૧૫ ગામો અને ૧૩૫ શહેરો. |
| (૨) તેમાંથી કેટલા ગામોને પીવાનું પાણી પહોંચાડવામાં આવ્યું છે, | (૨) ૧૮૨૬ ગામો. |
| (૩) બાકીના ગામોને પીવાનું પાણી આપવાનું શું આયોજન છે, અને | (૩) નાણાકિય ઉપલબ્ધી અનુસાર ક્રમશઃ ડિસેમ્બર-૨૦૦૭ સુધીમાં પાણી પહોંચાડવાનું આયોજન છે. |
| (૪) આ માસ્ટર પ્લાન યોજનામાં હજી વધારે કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવનાર છે ? | (૪) ૧૪૧૮ વધારાના ગામો. |

----------

## સૌરાષ્ટ્રની મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓ

૮૭૨૦ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મધ્યમ અને મોટી સિંચાઈ ધરાવતા કુલ કેટલા જળાશયો સૌરાષ્ટ્રમાં છે. | (૧) સૌરાષ્ટ્રમાં મોટી અને મધ્યમ સિંચાઈ ધરાવતા કુલ ૫૫ જળાશયો છે. |
| (૨) તે પૈકી કેટલા ચાલુ વર્ષે સંપુર્ણ ભરાયા, અને | (૨) તે પૈકી ૧૬ જળાશયો ચાલુ વર્ષે સંપુર્ણ ભરાયેલ. |
| (૩) બધા જળાશયોનો કુલ કેટલો પાણીનો જથ્થો ચાલુ વર્ષે સંગ્રહ થયો ? | (૩) આ ૫૫ જળાશયોમાં કુલ ૯૩૯.૨૩ મીલીયન ઘનમીટર પાણીનો જથ્થો ચાલુ વર્ષે સંગ્રહ થયો. |

----------

## ઉત્તર ગુજરાતની નદીઓના ભૂગર્ભ જળના સ્તર વધારવા અંગે

૯૦૨૫ **શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉત્તર ગુજરાતની મુખ્ય ચાર નદીઓ બનાસ, સરસ્વતી, રૂપેણ અને સાબરમતીના બેઝીનમાં ભૂગર્ભ જળનો સ્ત્રોત અત્યંત ઘટી ગયો છે તે હકિકતથી સરકાર વાકેફ છે, અને | (૧) હા જી, |
| (૨) જો હા, તો આ ચાર નદીઓના ભુગર્ભ જળના સ્તર વધે તે માટે રાજ્ય સરકારે કયા પ્રકારનું આયોજન કરેલ છે ? | (૨) ઉત્તર ગુજરાતની મુખ્ય નદીઓ જયાં નર્મદા મુખ્ય નહેરને ક્રોસ કરે છે ત્યાં પાણી આપવાનું, નદીઓને મળતા વહેળા ઉપર ચેકડેમ |

બાંધવાના, સુજલામ્ સુફલામ સ્પ્રેડીંગ નહેર ધ્વારા નદીઓમાં પાણી વહેવડાવવાનું ઉદ્દવહન પાઈપ લાઈન ધ્વારા જળાશયો ભરવાનું તથા નર્મદા મુખ્ય નહેરના નદીઓના ક્રોસીંગથી નીચેવાસમાં પીક-અપ વીયર બાંધી પાણી સંગ્રહ કરવાનું આયોજન છે.

----------

## કલોલ તાલુકાના સિંચાઈ તળાવો ભરવા અંગે

૯૦૦૪ **ડૉ. અતુલ કે. પટેલ(કલોલ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૪-૦૫ ના વર્ષમાં કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સિંચાઈના તળાવો ભરવા સારું શું આયોજન કરેલ છે, અને તે કેટલા વિસ્તારને આવરી લેશે, અને | (૧) પિયજ ધરોઈ પાઈપ લાઈનમાંથી સમયાંત્તરે કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સિંચાઈના તળાવો ભરવાનું આયોજન કરવામાં આવેલ છે. જે ધ્વારા અંદાજે ૨૭૭૫ હેકટર વિસ્તાર આવરી લેવાશે. |
| (૨) તે કેટલા સમયમાં પૂર્ણ થશે ? | (૨) પાઈપ લાઈનની કામગીરી પૂર્ણ થયેલ છે. બાકીની કામગીરી ડીસેમ્બર-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન વિચારેલ છે. |

----------

## જિલ્લા પુરવઠા તંત્રો ધ્વારા વાજબી ભાવની દુકાનો અને પેટ્રોલપંપો પર દરોડા

૯૬૪૪ **શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાલા(વડોદરા શહેર)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જિલ્લા પુરવઠા અધિકારી કચેરીઓ ધ્વારા વાજબી ભાવે દુકાનોની અને પેટ્રોલપંપ/ડીઝલપંપોની તા.૩૧.૧.૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન કેટલી તપાસ કરવામાં આવી, અને | (૧) **તપાસણી**<br>વાજબી ભાવની દુકાનો - ૧૮૫૫૨<br>પેટ્રોલ - ડીઝલ પંપો - ૧૧૫૫ |
| (૨) જવાબદારો સામે શું પગલાં લેવામાં આવ્યા છે ? | (૨) **વાજબી ભાવની દુકાનો સામે પગલાં.**<br>(અ) રૂા.૧૩,૬૭,૦૭૮/- કિંમતનો જથ્થો રાજ્યસાત<br>(બ) રૂા.૨૯,૬૪,૯૭૦/- પરવાના અનામત રાજ્યસાત<br>(ક) ૧૮૬ પરવાના મોકુફ<br>(ડ) ૮૦ પરવાના રદ<br>(ઈ) ૫૫ કોર્ટ કેસ<br>(ઇઇ) ૧૨ કેસમાં અટકાયત<br>**પેટ્રોલ-ડીઝલ પંપો સામે પગલાં**<br>(અ) રૂા.૨૭,૬૫,૯૯૨/-કિંમતો જથ્થો રાજ્યસાત |

(બ) રૂ.૧,૧૩,૬૭૧/-પરવાના અનામત રાજ્યસાત

(ક) ૧૩ પરવાના મોકુફ

(ડ) ૫ પરવાના રદ

(ઈ) ૧૮ કોર્ટ કેસ

(ઈઈ) ૨ કેસમાં અટકાયત

----------

## સાવલી તાલુકામાં જમીન મકાન નિયમબધ્ધ કરવાના કેસો

૯૦૧૧ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ(સાવલી)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧.૧૨.૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં જમીન મકાન નિયમબધ્ધ કરવાની કેટલી અરજીઓ સરકારમાં આવેલ છે, | (૧) ૯ (નવ) |
| (૨) આ પૈકી કેટલી અરજીઓનો નિકાલ થયો, અને | (૨) ૭ (સાત) |
| (૩) બાકી અરજીઓનો નિકાલ કેટલા સમયમાં થવાની સંભાવના છે ? | (૩) શકય તેટલી ત્વરાએ નિકાલ કરવામાં આવશે. |

----------

## કચ્છ જિલ્લામાં સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ બંધારા અને ટાઈડલ રેગ્યુલેટર બાંધવા અંગે

૯૨૫૭ **શ્રી સી. ડી. પટેલ(પેટલાદ)** : **માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ બંધારા અને ટાઈડલ રેગ્યુલેટર બાંધવાનું આયોજન છે કે કેમ, અને | (૧) આયોજન છે. |
| (૨) તે માટે નાબાર્ડ સહાય મેળવવાની છે કે કેમ? | (૨) હા જી, દરખાસ્ત રજુ કરેલ છે. |

----------

## ગાંધીનગર તાલુકામાં જમીન સંપાદન અન્વયે વળતરના પડતર કેસો

૮૧૪૭ **ડૉ. સી. જે. ચાવડા(ગાંધીનગર)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર તાલુકામાં સને ૨૦૦૪-૦૫ માં જમીન સંપાદન અન્વયે ઇન્દ્રોડા, કોલવડા, સરઢવ, રાંધેજા, રાયસણ, કૂડાસણ, ગામોમાં વળતર અંગે કેટલા કેસ તા.૩૧.૧૨.૨૦૦૪ ની સ્થિતિએ પેન્ડીંગ છે, | (૧) કુલ-૬ (છ) કેસ. (નર્મદા યોજના સિવાય) |
| (૨) કોઇ કિસ્સામાં પુનઃ (ફરીથી) વળતર ચૂકવવાની કામગીરી ચાલે છે, અને | (૨) ના, જી. |

ચુકવવાની કામગીરી ચાલે છે, અને

(૩) કેટલા કેસ સરકાર કક્ષાએ પેન્ડીંગ છે અને કયા કયા ગામના અને કઇ કઇ વ્યકિતઓના?

(૩) કુલ-૧ (એક) કેસ. ગામ-સરગાસણ, વાવોલ અને વાસણા-હડમતીયાના કુલ-૧૪૨ (એક સો બેતાલીસ) વ્યકિતઓ પત્રક સામેલ છે.

---

## પ ત્ર ક

## મોજે - વાવોલ, વા. હડમતિયા, સરગાસણ, તા.જિ.ગાંધીનગર.

## હિત સંબંધ ધરાવતા ઇસમોને વળતરનું ચુકવણું કરવા અંગે

| અ. નં. | હિત સંબંધ ધરાવતા ઇસમોનું નામ | સર્વે નંબર | સંપાદન થતું ક્ષેત્રફળ ચો.મી. | દર ચો.મી. દીઠ ભાવ રૂ. પૈસા | જમીનની કિંમત રૂ.પૈસા | 30% સોલેશ્યમની રકમ | ઝાડની રકમ | બાંધકામ-ની કિંમત | ઝાડ/ બાંધકામની રકમ ઉપર 30% સોલેશ્યમ | તા.૧૦.૩.૦૩ થી ૧૦.૧૨.૦૪ સુધીના ૨૧ માસનું ૧૨% લેખે વ્યાજ | કુલ ચુકવવાની રકમ (કો.૬+૭+ ૮+૯+૧૦+ ૧૧=૧૨) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | ભુપેન્દ્રકુમાર ભીખાલાલ (વા.હડમતિયા) નભુભાઈ ડાહ્યાભાઈ ગોવિંદભાઈ સાંકાભાઈ વિનોદભાઈ છોટાભાઈ ઉવારસદ સંસ્થાના વ.ક. | ૧૧૪ | ૧૦૪૦ | ૬૦ | ૬૨૪૦૦ | ૧૮૭૨૦ | ૧૪૦૦ | ૦ | ૪૨૦ | ૧૩૧૦૪ | ૯૬૦૪૪.૦૦ |
| ૨ | ચંદનપુરી આતમપુરી (વા.હડમતિયા) રામપુરી શંકરપુરી બાબુપુરી શંકરપુરી વિમળાબેન શંકરપુરી સરલાબેન શંકરપુરી ફુલબા તે શંકરપુરી મોહનપુરીની વિ. સવિતાબેન તે લક્ષ્મણપુરીની વિ. જયેસકુમાર લક્ષ્મણપુરી અલકેશભાઈ લક્ષ્મણપુરી મુકેશપુરી લક્ષ્મણપુરી મહેન્દ્રપુરી ઈશ્વરપુરી દિનેશપુરી ઈશ્વરપુરી શૈલેષપુરી ઈશ્વરપુરી જ્યોત્સના ઈશ્વરપુરી ચંદ્રીકાબેન ઈશ્વરપુરી કેસરબેન તે ઈશ્વરભાઈ શંકરપુરીની વિ. ઈન્દુબેન મહેન્દ્રપુરીની વિ. મમતાબેન મહેન્દ્રપુરી પન્નાબેન મહેન્દ્રપુરી લલીતકુમાર મહેન્દ્રપુરી રાજેન્દ્રપુરી ભગવાનપુરી જગદીશપુરી ભગવાનપુરી જશોદાબેન ભગવાનપુરી | ૩ | ૨૩૦ | ૮૦ | ૧૮૪૦૦ | ૫૫૨૦ | ૨૮ | ૦ | ૮ | ૩૮૬૪ | ૨૭૮૨૩.૦૦ |
| ૩ | સંતરામ ખાનચંદ્ર વર્મા (વા.હડમતિયા) તરુણભાઈ સંતરામભાઈ ઉષાદેવી સંતરામભાઈ ગૌરવભાઈ સંતરામભાઈ મૃણાલભાઈ સંતરામભાઈ પ્રીતીબેન તરુણભાઈ | ૪ | ૧૨૨૦૯ | ૮૦ | ૯૭૬૭૨૦ | ૨૯૩૦૧૬ | ૪૯૪ | ૦ | ૧૪૨ | ૨૦૫૧૧૧ | ૧૪૭૫૪૬૩.૦૦ |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | બળદેવપુરી સોમપુરી (વા.હડમતિયા)<br>કરસનપુરી સોમપુરી<br>મહેશપુરી કૈલાશપુરી<br>નિરંજનપુરી કૈલાશપુરી<br>બાઈ પાલી બળદેવપુરી સોમપુરી | ૫ | ૫૦૫૩ | ૮૦ | ૪૦૪૨૪૦ | ૧૨૧૨૭૨ | ૫૬ | ૦ | ૧૭ | ૮૪૮૯૦ | ૬૧૦૪૭૫.૦૦ |
| ૫ | ચંદનપુરી આતમપુરી (વા.હડમતિયા)<br>રામપુરી શંકરપુરી<br>બાબુપુરી શંકરપુરી<br>વિમળાબેન શંકરપુરી<br>સરલાબેન શંકરપુરી<br>ફુલબા તે શંકરપુરી મોહનપુરીની વિ.<br>સવિતાબેન તે લક્ષ્મણપુરીની વિ.<br>જયેસકુમાર લક્ષ્મણપુરી<br>અલકેશભાઈ લક્ષ્મણપુરી<br>મુકેશપુરી લક્ષ્મણપુરી<br>મહેન્દ્રપુરી ઈશ્વરપુરી<br>દિનેશપુરી ઈશ્વરપુરી<br>શૈલેષપુરી ઈશ્વરપુરી<br>જ્યોત્સનાબેન ઈશ્વરપુરી<br>ચંદ્રીકાબેન ઈશ્વરભાઈ<br>કેસરબેન તે ઈશ્વરભાઈ શંકરપુરીની વિ.<br>ઈન્દુબેન મહેન્દ્રપુરીની વિધવા<br>મમતાબેન મહેન્દ્રપુરી<br>પન્નાબેન મહેન્દ્રપુરી<br>લલીતકુમાર મહેન્દ્રપુરી<br>રાજેન્દ્રપુરી ભગવાનપુરી<br>જગદીશપુરી ભગવાનપુરી<br>જશોદાબેન ભગવાનપુરી | ૨૭ | ૫૫૦૫ | ૬૦ | ૩૩૦૩૦૦ | ૯૯૦૯૦ | ૦ | ૦ | ૦ | ૬૯૩૬૩ | ૪૯૮૭૫૩.૦૦ |
| ૬ | બળદેવપુરી સોમપુરી<br>મહેશપુરી કૈલાસપુરીના વાલી અમૃતબેન<br>નિરંજનપુરી કૈલાસપુરી<br>અરવિંદપુરી કરશનપુરી<br>જિતેન્દ્રપુરી કરશનપુરી<br>બાઈ અમૃત તે કૈલાશપુરીની વિ.<br>લીલાબેન બળદેવપુરીની સધવા<br>બચુપુરી બળદેવપુરી<br>રાજુપુરી બળદેવપુરી<br>શૈલેસપુરી બળદેવપુરી<br>હંસાબેન બળદેવપુરી<br>મંજુલાબેન બળદેવપુરીની પત્ની | ૨૯ | ૧૧૭૮૦ | ૬૦ | ૭૦૬૮૦૦ | ૨૧૨૦૪૦ | ૫૫૪૪ | ૩૨૧૪૦૦ | ૯૮૦૮૩ | ૧૪૮૪૨૮ | ૧૪૯૨૨૯૫.૦૦ |
| ૭ | નટવરભાઈ મરઘાભાઈ<br>હસમુખભાઈ મરઘાભાઈ<br>ચીમનભાઈ ચતુરભાઈ<br>કેશવલાલ ચતુરભાઈ<br>રમેશભાઈ ચતુરભાઈ<br>કનુભાઈ ચતુરભાઈ<br>જશુભાઈ ચતુરભાઈ<br>પટેલ મંગળભાઈ શામળભાઈ<br>પટેલ પંકજભાઈ શામળભાઈ<br>પટેલ અમૃતભાઈ શામળભાઈ | ૩૧ | ૫૨૨૫ | ૬૦ | ૩૧૩૫૦૦ | ૯૪૦૫૦ | ૨૨૦ | ૦ | ૬૬ | ૬૫૮૩૫ | ૪૭૩૬૭૧.૦૦ |
| ૮ | પટેલ બાબરભાઈ મગનભાઈ<br>પટેલ ઈશ્વરભાઈ મગનભાઈ<br>પટેલ શાન્તાબેન તે રાવજીભાઈની વિ.<br>પટેલ વિનોદભાઈ રાવજીભાઈ<br>પટેલ મંજુલાબેન રાવજીભાઈ<br>પટેલ કૈલાસબેન રાવજીભાઈ<br>મિસ્ત્રી ભવાનભાઈ છગનભાઈ | ૩૨ | ૭૮૦૫ | ૬૦ | ૪૬૮૩૦૦ | ૧૪૦૪૯૦ | ૪૩૨ | ૦ | ૧૩૦ | ૯૮૩૪૩ | ૭૦૭૬૯૫.૦૦ |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ચંદનપુરી આતમપુરી (વા.હડમતિયા)<br>રામપુરી શંકરપુરી<br>બાબુપુરી શંકરપુરી<br>વિમળાબેન શંકરપુરી<br>સરલાબેન શંકરપુરી<br>ફુલબા તે શંકરપુરીની વિધવા<br>રાજેન્દ્રપુરી ભગવાનપુરી<br>જગદીશપુરી ભગવાનપુરી<br>જશોદાબેન ભગવાનપુરી<br>મહેન્દ્રપુરી ઈશ્વરપુરી<br>દીનેશપુરી ઈશ્વરપુરી<br>શૈલેષપુરી ઈશ્વરપુરી<br>જ્યોત્સનાબેન ઈશ્વરપુરી<br>ચંદ્રીકાબેન ઈશ્વરપુરી<br>કેશરબેન ઈશ્વરપુરી<br>જયેસપુરી લક્ષ્મણપુરી<br>અલ્પેશપુરી લક્ષ્મણપુરી<br>મુકેશપુરી લક્ષ્મણપુરી<br>સવિતાબેન લક્ષ્મણપુરીની વિધવા<br>મમતાબેન મહેન્દ્રપુરી<br>પન્નાબેન મહેન્દ્રપુરી<br>લલિતકુમાર મહેન્દ્રપુરી<br>ઈન્દુબેન મહેન્દ્રપુરી | ૩૫ | ૭૮૦૦ | ૬૦ | ૪૬૮૦૦૦ | ૧૪૦૪૦૦ | ૪૩૨ | ૦ | ૧૩૦ | ૯૮૨૮૦ | ૭૦૭૨૪૨.૦૦ |
| ૧૦ | અશોકભાઈ મધુભાઈ (સરગાસણ)<br>નરેન્દ્રભાઈ મધુભાઈ | ૩૧ | ૪૭૩ | ૧૦૦ | ૪૭૩૦૦ | ૧૪૧૯૦ | ૦ | ૦ | ૦ | ૯૯૩૩ | ૭૧૪૨૩.૦૦ |
| ૧૧ | અશોકભાઈ મધુભાઈ (સરગાસણ)<br>નરેન્દ્રભાઈ મધુભાઈ | ૩૬ | ૫૪૦ | ૧૦૦ | ૫૪૦૦૦ | ૧૬૨૦૦ | ૦ | ૦ | ૦ | ૧૧૩૪૦ | ૮૧૫૪૦.૦૦ |
| ૧૨ | કિર્તિકુમાર ત્રિકમલાલ (સરગાસણ)<br>સુરેશકુમાર ત્રિકમલાલ<br>મહેન્દ્રકુમાર ત્રિકમલાલ<br>મંજુલાબેન તે ત્રિકમલાલ મિઠાલાલની વિધવા<br>રશીલાબેન ત્રિકમલાલ<br>ગીતાબેન ત્રિકમલાલ | ૩૭ | ૨૭૧૭ | ૯૦ | ૨૪૪૫૩૦ | ૭૩૩૫૯ | ૧૪૨૮ | ૦ | ૪૨૮ | ૫૧૩૫૧ | ૩૭૧૦૯૬.૦૦ |
| ૧૩ | ડાયોસીસી ઓફ અમદાવાદ<br>(સરગાસણ) | ૩૮/૨ | ૨૧૭ | ૯૦ | ૧૯૫૩૦ | ૫૮૫૯ | ૨૮ | ૦ | ૮ | ૪૧૦૧ | ૨૯૫૨૬.૦૦ |
| ૧૪ | ઠાકોર ઉદાજી આતાજી (સરગાસણ)<br>ઠાકોર શાંન્તિજી લક્ષ્મણજી<br>ઠાકેર ભવાનજી લક્ષ્મણજી | ૪૫૬ | ૬૨૦ | ૮૫ | ૫૨૭૦૦ | ૧૫૮૧૦ | ૦ | ૦ | ૦ | ૧૧૦૬૭ | ૭૯૫૭૭.૦૦ |
| ૧૫ | અરવિંદભાઈ નારણદાસ (સરગાસણ)<br>હસમુખભાઈ નારણદાસ<br>ઉર્મિલાબેન નારણદાસ<br>પદમાબેન નારણદાસ<br>લક્ષ્મીબેન તે નારણદાસની વિધવા | ૪૫૭ | ૫૧૪૬ | ૮૫ | ૪૩૭૪૧૦ | ૧૩૧૨૨૩ | ૭૦૦ | ૦ | ૨૧૦ | ૯૧૮૫૬ | ૬૬૧૩૯૯.૦૦ |
| ૧૬ | શ્રી સરકાર (સરગાસણ) | ૪૫૮ | ૬૩૭૦ | ૮૫ | ૫૪૧૪૫૦ | ૧૬૨૪૩૫ | ૯૦૫ | ૩૩૪૦૦ | ૧૦૨૯૨ | ૧૧૩૭૦૫ | ૮૬૨૧૮૭.૦૦ |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૭ | ઠાકોર ચંદુજી ચતુરજી (સરગાસણ) કોર ધમેન્દ્રભાઈ ધેલાભાઈ | ૪૬૦ | ૫૪૮૧ | ૮૫ | ૪૬૫૮૮૫ | ૧૩૯૬૬૬ | ૧૯૩ | ૬૬૮૦૦ | ૨૦૦૯૮ | ૯૭૮૩૬ | ૭૯૦૫૧૮.૦૦ |
| ૧૮ | શ્રી સરકાર (સરગાસણ) | ૪૬૬ | ૩૮૪૮ | ૯૦ | ૩૪૬૩૨૦ | ૧૦૩૮૯૬ | ૦ | ૩૩૪૦૦ | ૧૦૦૨૦ | ૭૨૧૨૭ | ૫૬૬૩૬૩.૦૦ |
| ૧૯ | કેતનભાઇ ગોરધનભાઇ (સરગાસણ) પંકજભાઇ ગોરધનભાઇ | ૪૬૭/૫ | ૧૫૯૮ | ૯૦ | ૧૪૩૮૨૦ | ૪૩૧૪૬ | ૮૨૫ | ૩૩૪૦૦ | ૧૦૨૬૮ | ૩૦૨૦૨ | ૨૬૧૬૬૧.૦૦ |
| ૨૦ | પટેલ મધુભાઇ બબાભાઇ (સરગાસણ) પટેલ લીલાવતીબેન મધુભાઇ પટેલ અમીત મધુભાઇ પટેલ પૂર્વા મધુભાઇ | ૪૭૦/૧ | ૧૮૮ | ૧૦૦ | ૧૮૮૦૦ | ૫૬૪૦ | ૫૬ | ૦ | ૧૭ | ૩૯૪૮ | ૨૮૪૬૧.૦૦ |
| | કુલ : | | ૮૩૮૪૫ | | ૬૧૨૦૪૦૫ | ૧૮૩૬૧૨૨ | ૧૨૭૨૧ | ૪૮૮૪૦૦ | ૧૫૦૩૩૬ | ૧૨૮૫૨૮૫ | ૯૮૯૩૨૬૯.૦ ૦ |

---------------------

## કચ્છ જિલ્લામાં ગૌચરની ઓછી જમીન હોવા અંગે

૯૬૧૨ **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)કચ્છ જિલ્લામાં તાલુકાવાર ડિસે-૨૦૦૪ ની સ્થિતિએ કયા કયા ગામોમાં નિયત ધોરણથી ગૌચર જમીન ઓછી છે, | (૧) સામેલ પત્રક મુજબ. |
| (૨)તેના શાં કારણો છે, | (૨) ૧૯૬૭-૬૮ થી ૧૯૭૧-૭૨ના વર્ષો દરમ્યાન જે તે પશુ સંખ્યાને ધ્યાનમાં લઇને ગૌચરની જમીનો નીમ થયેલ હતી. પશુઓની સંખ્યામાં ક્રમશ વધારો થવાથી નિયત ધોરણ કરતાં ગૌચર જમીન ઓછી થયેલ છે. |
| (૩)ઘટતી તથા ઓછી ગૌચર જમીન સરભર કરવા સરકારે શી વ્યવસ્થા ગોઠવી છે, | (૩) ગ્રામ પંચાયત તરફથી વધારે ગૌચર જમીનની માંગણી થયેથી ઉપલબ્ધ જમીન મુજબ ગૌચર નીમ કરવાની કાર્યવાહી પ્રાંતના પ્રાંત અધિકારી દ્વારા હાથ ધરવામાં આવશે. |
| (૪) કચ્છ જિલ્લામાં નિયત જમીનથી ગૌચર ઘટે નહી તે માટે સરકારે શી વ્યવસ્થા ગોઠવી છે? | (૪) ગૌચરની ઘટ હોય ત્યાં અન્ય હેતુ માટે જમીન આપવી નહી તેવી પ્રથા અપનાવવામાં આવેલ છે. |

**પત્રક**

## કચ્છ જિલ્લામાં ગૌચરની ઓછી જમીન હોવા અંગે

| ક્રમાંક | તાલુકો | | ગામનું નામ | | |
|---|---|---|---|---|---|
| ૧ | માંડવી | ૧ | નાના ભાડીયા | ૮ | મેરાઉ |
| | | ૨ | ત્રગડી | ૯ | ભારાપર |

| ક્રમાંક | તાલુકો | | ગામનું નામ | | |
|---|---|---|---|---|---|
| | | ૩ | મોટા ભાડીયા | ૧૦ | પાંચટીયા |
| | | ૪ | નાની ખાખર | ૧૧ | નાના લાયજા |
| | | ૫ | બીદડા | ૧૨ | મોટી મઉ |
| | | ૬ | તલવાણા | ૧૩ | દેવપર |
| | | ૭ | જખણીયા | | |
| ૨ | મુંદરા | ૧ | તુંબડી મોટી | ૧૪ | રતાડીયા |
| | | ૨ | બાબીયા | ૧૫ | મંગરા |
| | | ૩ | બોચા | ૧૬ | નાના કપાયા |
| | | ૪ | ખાખર મોટી | ૧૭ | ગોયેરસમા |
| | | ૫ | ગેલડા | ૧૮ | લુણી |
| | | ૬ | વાઘુરા | ૧૯ | પાવડીયારા |
| | | ૭ | પ્રાગપર | ૨૦ | કુવાપધ્ધર |
| | | ૮ | કાંડાગર મોટા | ૨૧ | વવાર |
| | | ૯ | નવી નાળ | ૨૨ | વડાલા |
| | | ૧૦ | ભુજપુર નાની | ૨૩ | મોખા |
| | | ૧૧ | સમાઘોઘા | ૨૪ | રાઘા |
| | | ૧૨ | બોરાણા | ૨૫ | ગુંદાલા |
| | | ૧૩ | ટોડા | | |
| ૩ | અંજાર | ૧ | સંઘડ | ૧૯ | પશુડા |
| | | ૨ | માયઠ | ૨૦ | વરસાણા |
| | | ૩ | રામપર | ૨૧ | નવાગામ |
| | | ૪ | ખેડોઇ | ૨૨ | હિરાપર |
| | | ૫ | મીદીયારી | ૨૩ | ખીરસરા |
| | | ૬ | ખંભરા | ૨૪ | ધમડકા |
| | | ૭ | મારીગણા | ૨૫ | બુઢારમોરા |
| | | ૮ | પાંતીયા | ૨૬ | રતનાલ |
| | | ૯ | લોહારીયા મોટા | ૨૭ | સાપેડા |
| | | ૧૦ | વાડા | ૨૮ | ભાદરોઇ |
| | | ૧૧ | ચંદીયા | ૨૯ | ખોખરા |
| | | ૧૨ | ભબોટ | ૩૦ | ઝરૂ |
| | | ૧૩ | વીડી | ૩૧ | મીઠા પસવારીયા |
| | | ૧૪ | મેઘપર (બો) | ૩૨ | ખારા પસવારીયા |
| | | ૧૫ | કુંભારીયા | ૩૩ | રાપર |
| | | ૧૬ | વીરા | ૩૪ | આંબાપર |
| | | ૧૭ | નગાવલાડીયા | ૩૫ | અંજાર સીમ |
| | | ૧૮ | ભીમાસર | | |
| ૪ | ગાંધીધામ | ૧ | ચુડવા | ૪ | ભારાપર |
| | | ૨ | અંતરજાળ | ૫ | મીઠીરોહર |
| | | ૩ | ગળપાદર | | |
| ૫ | નખત્રાણા | ૧ | નખત્રાણા | ૨૮ | વંગ |
| | | ૨ | નખત્રાણા નાના | ૨૯ | નિરોણા |
| | | ૩ | બેરું | ૩૦ | નાગલપર |
| | | ૪ | ખાંભલા | ૩૧ | દેવસર |
| | | ૫ | ટોડીયા | ૩૨ | સાંગનારા |
| | | ૬ | રસલીયા | ૩૩ | ધાવડા |
| | | ૭ | ઉખરડા | ૩૪ | ચાવડકા |
| | | ૮ | જતાવીરા | ૩૫ | આણંદસર |
| | | ૯ | ચરાખડા | ૩૬ | અઘોછની |

| ક્રમાંક | તાલુકો | | ગામનું નામ | | |
|---|---|---|---|---|---|
| | | ૧૦ | છારી ફુલાય | ૩૭ | મોરઝર |
| | | ૧૧ | અરલ નાની | ૩૮ | મંજલ |
| | | ૧૨ | અરલ મોટી | ૩૯ | જીયાપર |
| | | ૧૩ | તલ/લૈયારી | ૪૦ | સુખપર (રોહા) |
| | | ૧૪ | વિરાણી મોટી | ૪૧ | ભોજરાજ વાંઢ |
| | | ૧૫ | વિરાણી નાની | ૪૨ | ભીટારા |
| | | ૧૬ | સુખપર (વિ.) | ૪૩ | લક્ષ્મીપર (નેત્રા) |
| | | ૧૭ | રામપર (રોહા) | ૪૪ | ભુંજાય મોટી |
| | | ૧૮ | નારણપર | ૪૫ | રામપર સર્વા |
| | | ૧૯ | વ્યાર | ૪૬ | ખીરસરા (નેત્રા) |
| | | ૨૦ | ભડલી | ૪૭ | રવાપર |
| | | ૨૧ | આણંદપર | ૪૮ | ઘડાણી |
| | | ૨૨ | તરા | ૪૯ | આમારા |
| | | ૨૩ | હિરાપર | ૫૦ | ઢોરો |
| | | ૨૪ | કલ્યાણપર | ૫૧ | ઉઠાગડી |
| | | ૨૫ | વડવાંકાયા | ૫૨ | ધામાય |
| | | ૨૬ | વડવા ભોપા | ૫૩ | દેશલપર (ગું) |
| | | ૨૭ | કોટડા (થ) | ૫૪ | જીંજાય |
| ૬ | અબડાસા | ૧ | ભેદી | ૧૭ | હાજાપર |
| | | ૨ | પૈયા | ૧૮ | સીઘોડી નાની |
| | | ૩ | નાની બેર | ૧૯ | મોહાડી |
| | | ૪ | ભીમપર | ૨૦ | વાયોર |
| | | ૫ | બેર | ૨૧ | ભોઆ |
| | | ૬ | હાદાપર | ૨૨ | વાઘાપધ્ધર |
| | | ૭ | ખીરસર (કો) | ૨૩ | ધુવઇ |
| | | ૮ | ફુલાયવાંઢ | ૨૪ | ગુડથર |
| | | ૯ | લાલા | ૨૫ | બોહા |
| | | ૧૦ | વરાડીયા | ૨૬ | રાયઘણપર |
| | | ૧૧ | નોડેવાંઢ | ૨૭ | છસરા |
| | | ૧૨ | ખીરસરા (વી) | ૨૮ | ફુકડાઉ |
| | | ૧૩ | નાનાવાડા | ૨૯ | નવાવાસ |
| | | ૧૪ | ધનાવાડા | ૩૦ | બુડીયા |
| | | ૧૫ | વલસરા | ૩૧ | ભારાપર |
| | | ૧૬ | કનકપર | ૩૨ | મોખરા |
| ૭ | લખપત | ૧ | કપુરાશી | ૧૧ | પીપર |
| | | ૨ | કોરીયાણી | ૧૨ | ફુલરા |
| | | ૩ | ખારઇ | ૧૩ | બરંદા |
| | | ૪ | ગુનાઉ | ૧૪ | બુધ્ધા |
| | | ૫ | ઘડુલી | ૧૫ | ભાડરા મોટા |
| | | ૬ | ડેડરાણી | ૧૬ | મુડીયા |
| | | ૭ | તહેરા | ૧૭ | મુંધવાય |
| | | ૮ | દયાપર | ૧૮ | રાવરેશ્વર |
| | | ૯ | નરેડી | ૧૯ | રોડાસર |
| | | ૧૦ | પાન્ધ્રો | ૨૦ | સામજીયારો |

----------

## પારડી તાલુકામાં રાષ્ટ્રિય ધોરી માર્ગ માટે સંપાદિત જમીન

૯૨૭૧ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ(પારડી)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં પારડી તાલુકામાં નેશનલ હાઇવે ફોર ટ્રેક બનાવવા માટે જે જમીન સંપાદન કરવામાં આવી તેની ૭x૧૨ ની નકલ હાઇવે ઓથોરીટીએ પોતાના નામે બનાવી છે તે હકીકત સાચી છે, અને | (૧) આ હેતુ માટે સંપાદન થયેલ જમીન ભારત સરકારના માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયના નામે ૭x૧૨ માં કરવામાં આવી છે. |
| (૨) આ અગાઉ રાષ્ટ્રિય ધોરી માર્ગ બનાવવામાં આવેલ તેનો કોઇ એવોર્ડ જમીન સંપાદન કરેલ ખેડૂતને આપવામાં આવેલ નથી. આ ખેડૂતોને વળતર કયારે ચુકવાશે? | (૨) અગાઉના ધ્વી માર્ગીય સંપાદન અંતર્ગત ખેડૂતોને વળતર ચુકવવાનું બાકી હોય તેવો કોઇ કિસ્સો ધ્યાને નથી. |

----------

## અમરેલી જિલ્લાની ઠેબી સિંચાઇ યોજનામાં પૂર્ણ ક્ષમતાથી પાણી ભરવા અંગે

૮૪૮૯ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના ઠેબી સિંચાઇ યોજનામાં પૂર્ણ ક્ષમતા સુધી પાણી નહી ભરવાના નિર્ણયથી સરકારને શું ફાયદો થાય તેમ છે, અને | (૧) સંપાદિત થયેલ ખાનગી માલીકીની આશરે ૨૮૫ હેકટર જમીન રીગ્રાન્ટ કરી લેન્ડરેફરન્સ કેસોના ચુકાદાઓથી થનાર અસાધારણ ભારણ નિવારી શકાશે. |
| (૨) પૂર્ણ ક્ષમતા સુધી પાણી ભરવામાં આવે તો શું નુકશાન થાય તેમ છે? | (૨) લેન્ડરેફરન્સ કેસોમાં નામદાર કોર્ટ દ્વારા જાહેર થયેલ જે વળતરથી રૂા.૨૫૦ કરોડ જેવું આર્થિક ભારણ થવા શકયતા છે. |

----------

## એકજ જિલ્લાના જુદા જુદા તાલુકામાં જમીન ધરાવવા અંગેની પ્રક્રિયા સરળ બનાવવા અંગે

૮૭૭૪ **શ્રી યોગેશભાઈ ના. પટેલ(રાવપુરા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યના એક જ જિલ્લામાં કોઇ એક તાલુકામાં ખેડૂત જમીન ધરાવતો હોય અને તે જ જિલ્લાના બીજા તાલુકામાં આ ખેડૂત જો જમીન લેવા ઇચ્છે તો તેને મામલતદારશ્રીના દાખલાની જરૂર પડે છે. જો જિલ્લામાં એક જ કલેકટરશ્રીનું શાસન હોય તે જ જિલ્લાના ખેડૂતને બીજા તાલુકામાં જમીન લેવા માટે મામલતદારશ્રીના દાખલા લેવાની અટપટી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. સરકારશ્રી આ પ્રથા નાબૂદ કરવા માંગે છે કે કેમ? | ના, જી. |

----------

## રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં પીવાના પાણી માટે રીચાર્જીંગની કામગીરી

૯૫૭૫ **શ્રી વેચાતભાઈ હ. બારિયા(પાવી-જેતપુર)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યના આદિવાસી વિસ્તારમાં તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પીવાના પાણી માટે સરકારે રીચાર્જીંગની શી કામગીરી કરી છે,

(૨) જિલ્લાવાર કેટલી યોજનાઓ મંજૂર કરી છે, અને

(૩) આ યોજનાઓ પૂર્ણ કરવા શું આયોજન છે?

**જવાબ**

(૧) ચેકડેમ, ભુગર્ભ ચેકડેમ, નાલા પ્લગીંગ, બોર બ્લાસ્ટીંગ, તથા હાઇડ્રોફ્રેકચરીંગ જેવા વિવિધ ૩૨૨ કામો પૂર્ણ કરેલ છે.

(૨) નીચેની વિગતે

| અ.નં. | જિલ્લો | યોજનાની સંખ્યા |
|---|---|---|
| ૧ | વડોદરા | ૫ |
| ૨ | નર્મદા | ૯૪ |
| ૩ | પંચમહાલ | ૪ |
| ૪ | દાહોદ | ૧૫ |
| ૫ | સુરત | ૩૨ |
| ૬ | ભરૂચ | ૧૩ |
| ૭ | વલસાડ | ૧૦૩ |
| ૮ | ડાંગ | ૪૯ |
| ૯ | સાબરકાંઠા | ૭૮૭ |
| | **કુલ :** | **૧૧૦૨** |

(૩) બાકી રહેતી ૭૮૦ યોજનાઓ ક્રમશઃ માર્ચ-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

----------

## હાલોલ તાલુકામાં નવા હેન્ડપંપો નાખવા અંગે

૧૧૯ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ)** :**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) હાલોલ તાલુકામાં સન ૨૦૦૩-૦૪ નાં વર્ષમાં કેટલા નવીન હેન્ડપંપો નાખવા માટે મંજૂરી આપવામાં આવેલ હતી,

(૨) તે પૈકી કેટલા નવીન હેન્ડપંપો થયેલા છે અને કેટલા બાકી છે, અને

(૩) બાકી હેન્ડપંપો કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) ૭૩ હેન્ડ પંપો.

(૨) ૭૧ હેન્ડ પંપો થયેલા છે. ૨ બોર નિષ્ફળ જવાથી પડતા મૂકવામાં આવેલ છે. બાકી એકપણ નથી.

(૩) કામગીરી પૂર્ણ થયેલ છે.

----------

## સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં નડતો બાનમુકિતનો પ્રશ્ન

૯૫૮૩ **શ્રી ગોપાલભાઈ ગા. ઘુઆ(મુંદ્રા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં બાનમુકિતનો પ્રશ્ન આડે આવે છે તે વાત ખરી છે, અને | (૧) | ના, જી. |
| (૨) જો હા, તો તે અંગે સરકાર શું પગલાં લેવા માંગે છે? | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં પીવાના પાણીના સંપ

૯૫૬૩ **શ્રી ભરતભાઈ પંડયા(ધંધૂકા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાના કેટલા ગામડાને પીવાના પાણી માટે સંપ બનાવવાની યોજના તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ અમલમાં મુકી છે? | ધંધુકા તાલુકાના ૬૦ ગામોએ બરવાળા તાલુકાના ૨૧ ગામોએ તથા રાણપુર તાલુકાના ૧૧ ગામોએ. |

----------

## વ્યારા તાલુકામાં બંધ હાલતમાં પીવાના પાણીની ટાંકીઓ

૯૬૦૧ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા)** :**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વ્યારા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પાણી પુરવઠા બોર્ડ દ્વારા પીવાના પાણીની કેટલી ટાંકીઓ બનાવવામાં આવી છે, | (૧) | ૧૪ ટાંકીઓ |
| (૨)આ પૈકી કેટલી ટાંકીઓ ચાલુ હાલતમાં છે, | (૨) | બધી જ |
| (૩)કેટલી ટાંકીઓ બંધ હાલતમાં છે, અને | (૩) | એક પણ નહીં |
| (૪)બંધ હાલતમાં ટાંકીઓ છે તે કાર્યરત કરવા સરકારે શા પગલાં લીધા ? | (૪) | જરૂરીયાત ઉપસ્થિત થયેલ નથી. |

----------

## સુરેન્દ્રનગર જિલ્લામાં જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવા અંગે

૮૪૦૨ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા માટે કેટલી અરજીઓ આવી, | (૧) એક પણ નહી. સરકાર નવી શરતની જમીન સામે ચાલીને જુની શરતમાં ફેરવી આપતી હોઈ અરજદારે આ અંગે |

| | |
|---|---|
| શરતમાં ફેરવવા માટે કેટલી અરજીઓ આવી, | અરજી કરવાની હોતી નથી. તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ આવા કુલ ૬૦૨૦ કેસો હતા. |
| (૨) તેમાંથી કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો અને કેટલી અરજીઓ પેન્ડીંગ છે અને કયારથી, અને | (૨) ખંડ (૧) માં જણાવેલ કેસો પૈકી<br>નિકાલ કરેલ કેસો : ૫૫૭૮<br>પેન્ડીંગ કેસો : ૪૪૨ |
| (૩) બાકીની અરજીઓનો સરકાર કયાં સુધીમાં નિકાલ કરવા માંગે છે ? | (૩) જેમ બને તેમ જલદી. |

----------

## સુજલામ્ સુફલામ્ યોજના અન્વયે સૌરાષ્ટ્રમાં મોટા ચેકડેમો

**૯૨૫૬** **શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ સૌરાષ્ટ્ર વિસ્તારમાં મોટા ચેકડેમો કરવાના કામની શું પરિસ્થિતિ છે, | (૧) ૧૦૭ વિયરો પૈકી ૫૮ વિયરોને મંજૂરી અપાઈ છે તે પૈકીના ૫૪ વિયરોના ટેન્ડરો મંગાવેલ છે. બાકીના ૪૯ વિયરોના સર્વેક્ષણ પૂર્ણ કરી અંદાજોની મંજૂરીની કાયવાહી થયેલ છે. |
| (૨)આ કામો કયારે પુરા કરવામાં આવશે, અને | (૨) ડીસેમ્બર-૨૦૦૫ |
| (૩)આ માટે કેટલો અંદાજીત ખર્ચ થનાર છે? | (૩) રૂા. ૮૪.૮૮ કરોડ |

----------

## રાજકોટ જિલ્લાની સિંચાઈ કેનાલોને લિફટ ઈરિગેશનમાં ફેરવવા અંગે

**૮૦૯૭** **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧.૧૨.૦૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં હાલની સિંચાઈ યોજનાની કેનાલોને લીફટ ઈરીગેશનમાં ફેરફાર કરવા કેટલી અને કઈ કઈ સિંચાઈ યોજનાની માંગણીઓ આવી, અને | (૧) તા. ૩૧.૧૨.૦૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં હાલની સિંચાઈ યોજનાની કેનાલોને લીફટ ઈરીગેશનમાં ફેરફાર કરવા નીચે દશાવેલ ચાર સિંચાઈ યોજનાઓની માંગણી આવેલ છે.<br>(૧) ડેમી-૧ (૨) ડેમી-૨ (૩) બંગાવાડી (૪) મચ્છુ-૨ |
| (૨) આવી યોજનાઓને મંજૂરી કયારે આપવામાં આવશે ? | (૨) માંગણી અન્વયે તાંત્રિક, આર્થિક પાસાઓની ચકાસણી કરી, શકય એટલો ત્વરિત નિર્ણય કરવામાં આવશે. |

----------

## બનાસકાંઠા જિલ્લામાં હક્કપત્રકે વારસાઈ નોંધ કરાવવા અંગે

**૯૫૮૯ શ્રી ઇશ્વરભાઇ ધ. મકવાણા(જોટાણા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧.૧૨.૦૪ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં હક્કપત્રકે વારસાઈની કેટલી નોંધો પાડવાની બાકી છે કે કેમ, અને | (૧) ૧૭૫ |
| (૨) જો હા તો, તે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) તમામ નોંધો પાડવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. |

----------

## બારડોલી તાલુકામાં આવેલી સરકારી પડતર જમીનમાં ખેડાણ

**૮૫૮૩ શ્રી અનિલકુમાર મો. પટેલ(બારડોલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બારડોલી તાલુકામાં આવેલ સરકારી પડતર જમીનમાં ખેડાણ કરવામાં આવ્યુ હોય તે બાબતની કેટલી ફરિયાદો તા.૩૧.૧૨.૦૪ની સ્થિતીએ છેલ્લા એક વર્ષમાં મળી, | (૧) ૧ (એક) ફરિયાદ |
| (૨)આ ફરિયાદ સંબંધે કયા પગલા ભરવામાં આવ્યા, અને | (૨) દબાણ દુર કરાવવામાં આવેલ છે. |
| (૩)આ જમીનનો કબજો પરત મેળવેલ છે કે કેમ? | (૩) હા, જી |

----------

## જેતપુર અને ગોંડલ તાલુકામાં પીવાના પાણી માટે આયોજન

૮૨૨૩ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)જેતપુર તથા ગોંડલ તાલુકામાં કયા કયા ગામોમાં ડિસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ પીવાના પાણીની મુશ્કેલી છે, | (૧) એકપણ નહી. |
| (૨)આ ગામોને હાલ કઈ રીતે પાણી પહોંચાડવામાં આવે છે, અને | (૨) સ્વતંત્ર અને જૂથ પાણી પુરવઠા યોજનામાંથી પાણી મેળવે છે. |
| (૩)આ ગામોને કાયમી રીતે પાણી આપવા શું આયોજન થયું છે ? | (૩) સરદાર સરોવર કેનાલ આધારિત જૂથ પાણી પુરવઠા યોજનાનું આયોજન થયેલ છે. |

----------

## સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ રાજયમાં પીવાના પાણી માટે આયોજન

૯૫૬૮ **શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ પાણી પુરવઠા માટે રાજ્યના કયા વિસ્તારમાં કેટલી યોજનાઓ ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ કરવામાં આવનાર છે, | (૧) સુજલામ સુફલામ યોજના હેઠળ પાણી પુરવઠા માટે રાજ્યના મહેસાણા, સરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, ખેડા, પંચમહાલ તથા દાહોદ જિલ્લામાં |

| | |
|---|---|
| | સાબરકાંઠા, કચ્છ, પંચમહાલ તથા દાહોદ જિલ્લામાં ૩૨ જૂથ પાણી પુરવઠા યોજનાઓ કરવામાં આવનાર છે. |
| (૨)આનાથી કેટલા ગામોને લાભ થશે, અને | (૨) ૪૯૦૪ ગામો. |
| (૩)આ યોજનાઓ કયારે પૂર્ણ થશે ? | (૩) ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

----------

## સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ વિસ્તારવાર પાણી પુરવઠા યોજનાઓ

૯૨૫૫ **શ્રી અંબાલાલ આ. રોહિત(સોજીત્રા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સરકારે જાહેર કરેલ સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ પાણી પુરવઠા માટે રાજ્યના કયા વિસ્તારમાં કેટલી યોજનાઓ કરવામાં આવનાર છે અને આનાથી કેટલા ગામોને લાભ થશે ? | જાહેર કરેલ સુજલામ સુફલામ યોજના હેઠળ પાણી પુરવઠા માટે રાજ્યના મહેસાણા, સરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, કચ્છ, પંચમહાલ અને દાહોદ જિલ્લામાં ૩૨ જૂથ યોજનાઓ કરવાનું આયોજન છે અને તેનાથી ૪૯૦૪ ગામોને લાભ થશે. |

----------

## સુરત શહેર અને જિલ્લામાં સરકારી જમીનમાં દબાણો

૯૦૧૬ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ | | |
|---|---|---|---|
| (૧) સુરત શહેર અને જિલ્લામાં કેટલી સરકારી જમીન પર કેટલા દબાણો છે, | (૧)**દબાણવાળી જમીનનું ક્ષેત્રફળ હે.આરે.ચોમી.** | | **દબાણોની સંખ્યા** |
| | (અ)સુરત શહેર | ૧૫-૬૮-૮૬ | ૫૦૯૩ |
| | (બ)સુરત જિલ્લામાં | ૧૭૫-૨૭-૬૮ | ૫૬૫૩ |
| (૨)આ દબાણો કેટલા વરસથી છે, અને | (૨) ૪૨૪ દબાણો ૨ વર્ષની અંદરના છે. ૧૦૩૨૨ દબાણો ૨ વર્ષથી ઉપરના છે. | | |
| (૩) આ દબાણો હટાવવા સરકાર શું કાર્યવાહી કરી રહી છે ? | (૩) જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ હેઠળની કાર્યવાહી કરવામાં આવી રહી છે. | | |

----------

## ડાંગ અને નવસારી જિલ્લામાં નવા પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર

૯૦૨૪ **શ્રી માધુભાઈ જે. ભોયે(ડાંગ-વાંસદા)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧.૧૨.૦૪ ની સ્થિતિએ ડાંગ અને નવસારી જિલ્લામાં સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં પંડિત દિનદયાલ નવા ગ્રાહક ભંડાર | (૧) તા. ૩૧.૧૨.૦૪ ની સ્થિતિએ ડાંગ અને નવસારી જિલ્લામાં નવા પંડિત દિનદયાલ ગ્રાહક ભંડાર ખોલવા કોઈ માંગણીઓ આવી |

| | |
|---|---|
| આપવા માટે કેટલી માંગણીઓ આવી, અને | નથી. |
| (૨) કેટલી મંજુર કરવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## મહેસૂલ વિભાગના ઠરાવો/પરિપત્રોનું સંકલન

૯૬૦૦ **શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસૂલ વિભાગે ડીસે-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી ઠરાવો/પરિપત્રોને સંકલીત કરીને બહાર પાડ્યા છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો ના, તો તે બહાર પાડવા સરકારે શી વ્યવસ્થા કરી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## લીંબડી શહેરને પીવા માટે નર્મદાનું પાણી આપવા અંગ`

૯૨૬૧ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી)** : **માનનીય પાણી પુવરઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) લીંબડી શહેરને નર્મદા કેનાલનું પીવાનું પાણી પુરુ પાડવા માટે રાજ્ય સરકારને તા.૦૧.૦૧.૦૪ થી તા.૩૧.૧૨.૦૪ સુધીમાં કેટલી રજુઆતો મળી છે, | (૧) છ રજુઆતો. |
| (૨) આ રજુઆતો અન્વયે શું કાર્યવાહી થઇ છે, અને | (૨) લીંબડી શહેરને નર્મદાનું પીવાનું પાણી પુરુ પાડવા માટે વલ્લભીપુર બ્રાન્ચ કેનાલ નજીક ટોકરાળ ગામ પાસેથી પાણી પંપીંગ કરી તા.૨૬.૦૫.૦૪ થી તા.૩૧.૦૭.૦૪ સુધી ૬૭ દિવસના સમયગાળા દરમ્યાન દૈનિક સરેરાશ ૨૦ લાખ લીટર પાણી પુરુ પાડવામાં આવેલ છે. હાલમાં કલ્યાણપુર બોર આધારિત પાણશીણાં જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા દૈનિક ૧૮ લાખ લીટર પાણી શહેરને આપવામાં આવે છે. |
| (૩) નર્મદાનું પાણી પુરુ નહી પાડવાના શું કારણો છે ? | (૩) સિંચાઇ વિભાગ દ્વારા વલ્લભીપુર બ્રાન્ચ કેનાલમાં લાઇનીંગનું કામ ચાલુ હોઇ, કેનાલમાં પાણી છોડવાનું બંધ હોઇ, નર્મદાનું પાણી લીંબડી શહેરને પુરું પાડવામાં આવેલ નથી. |

----------

## રાજ્યમાં કાળા બજાર અને નફાખોરી ડામવા અંગે

૮૧૬૬ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા)** :**માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કાળા બજાર અને નફાખોરી ડામવા રાજ્યમાં | (૧) ૬૩ કેસો. |

કેટલી વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી,

(૨) વર્ષ દરમ્યાન જિલ્લા પ્રમાણે કેટલા દરોડા પાડવામાં આવ્યા, અને (૨) સામેલ પત્રક મુજબ.

(૩) જિલ્લા પ્રમાણે કેટલા રુપિયાનો જથ્થો કબજે કરવામાં આવ્યો ? (૩) સામેલ પત્રક મુજબ.

**પ ત્ર ક**

**માહે જાન્યુઆરી-૨૦૦૪ થી ડિસેમ્બર-૨૦૦૪ સુધીમાં જિલ્લાવાર પાડેલ દરોડા તથા કબજે લીધેલ જથ્થાની કિંમતની વિગત.**

| જિલ્લાનું નામ | કુલ દરોડા ખંડ-૨ | કબજે લીધેલ જથ્થાની કિંમત (રુ.) ખંડ-૩ |
|---|---|---|
| અમદાવાદ શહેર | ૪૯૯૪ | ૩૨,૫૬,૦૯૨ |
| અમદાવાદ જિલ્લો | ૧૧૦૬ | ૨૭,૭૧,૬૨૩ |
| અમરેલી | ૯૮૨ | ૩૮,૮૧,૬૧૩ |
| આણંદ | ૧૦૦૯ | ૨૫,૮૪,૫૬૫ |
| બનાસકાંઠા | ૩૨૦૪ | ૧,૦૫,૬૩,૬૦૪ |
| ભાવનગર | ૧૫૫૨ | ૩૪,૨૫,૦૦૬ |
| ભરુચ | ૧૩૦૧ | ૨,૦૫,૭૨,૫૬૬ |
| દાહોદ | ૯૮૭ | ૮,૯૪,૫૧૮ |
| ડાંગ | ૯૪ | ૩૬,૩૮૨ |
| ગાંધીનગર | ૮૩૮ | ૩,૮૪,૩૮૪ |
| જામનગર | ૨૪૦૯ | ૪૨,૨૩,૮૮૮ |
| જૂનાગઢ | ૨૧૭૬ | ૨૬,૮૮,૬૬૨ |
| ખેડા | ૧૨૦૧ | ૧૬,૩૧,૬૩૪ |
| કચ્છ | ૧૦૨૧ | ૨૨,૨૫,૬૩,૭૬૫ |
| મહેસાણા | ૧૧૫૪ | ૧૪,૯૬,૯૩૬ |
| નવસારી | ૨૫૯ | ૩,૬૫,૧૭,૧૧૦ |
| નર્મદા | ૪૮૬ | ૪,૪૫,૩૮૨ |
| પંચમહાલ | ૬૬૮ | ૧,૧૭,૭૮,૮૫૭ |
| પાટણ | ૭૭૨ | ૫૪,૧૩,૨૧૩ |
| પોરબંદર | ૩૮૦ | ૧૪,૭૦,૩૨૨ |
| રાજકોટ | ૨૪૭૧ | ૭૧,૬૧,૦૦૧ |
| સાબરકાંઠા | ૨૪૮૧ | ૩૭,૪૫,૭૪૦ |
| સુરત | ૨૧૫૬ | ૧,૧૦,૯૭,૬૬૯ |
| સુરેન્દ્રનગર | ૩૧૯૬ | ૧૪,૪૮,૭૫૩ |
| વડોદરા | ૧૮૮૭ | ૩૮,૭૫,૯૪૬ |
| વલસાડ | ૧૪૭૬ | ૧,૦૮,૧૭,૬૪૩ |
| **જિલ્લાનું કુલ :** | **૪૦૨૬૦** | **૩૪,૧૮,૮૧,૪૭૪** |
| **રાજ્યકક્ષા :** | **૧૧૬૨** | **૧૬,૩૧,૫૨,૨૪૨** |
| **એકંદર કુલ :** | **૪૧૪૨૨** | **૫૦,૫૦,૩૩,૭૧૬** |

----------

## ખેડબ્રહ્મા તાલુકાના આદિવાસી વિસ્તાર માટે પીવાના પાણીની વ્યવસ્થા

૯૨૮૪ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના આદિવાસી વિસ્તારમાં પીવાના પાણીની વ્યવસ્થા માટે કઇ યોજના કરેલ છે, | (૧) જુથ પાણી પુરવઠા યોજનાઓ, સ્વતંત્ર પાઇપ પાણી પુરવઠા યોજનાઓ, હેન્ડપંપ યોજનાઓ, મીની પાઇપ પાણી પુરવઠા યોજનાઓ તથા પાણી પુરવઠા યોજનાઓના સોર્સ રીચાર્જીંગની યોજનાઓ કરેલ છે. |
| (૨) આ યોજનાની વિગત શું છે, અને | (૨) ૨૪, ગામ/પરાંની બે જુથ પાણી પુરવઠા યોજનાઓ.<br>૩૬. ગામ/પરાંની સ્વતંત્ર પાઇપ પાણી પુરવઠા યોજનાઓ.<br>૧૩૭, ગામ/પરાં માટે હેન્ડપંપ યોજનાઓ પૂર્ણ કરેલ છે.<br>૩૮, ફળિયામાં મીની પાઇપ પાણી પુરવઠા યોજનાઓ.<br>૧૬૧, નદી નાળા ઉપર રીચાર્જીંગ સ્ટ્રકચર્સની કામગીરી.<br>૬૧૪, પાતાળ કુવા રીચાર્જીંગની કામગીરી. |
| (૩) ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) ખંડ-૨માં જણાવેલ જુથ પાણી પુરવઠા યોજનાઓ, સ્વતંત્ર પાઇપ પાણી પુરવઠા યોજનાઓ, હેન્ડપંપ યોજનાઓ, મીની પાઇપ પાણી પુરવઠા યોજનાઓ પૂર્ણ થયેલ છે. અને રીચાર્જીંગના કામો ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

----------

## આણંદ જિલ્લામાં ૮૦:૨૦ યોજના હેઠળ ચેકડેમો બનાવવા અંગે

૮૦૬૮ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારની ૮૦:૨૦ની યોજના હેઠળ ચેકડેમો બનાવાય છે. તે અન્વયે આણંદ જિલ્લાના કાંઠાના વિસ્તારમાં ક્ષારનું પ્રમાણ ઘટાડવા સરકાર આ યોજના ક્યારથી અમલમાં મુકવા માંગે છે, અને | (૧) વર્ષ ૨૦૦૫-૦૬ થી. |
| (૨) આ કાર્યવાહી હાલ ક્યા તબક્કે છે ? | (૨) નિર્ણય લેવાય ગયેલ છે. |

----------

## વાંસદા તાલુકાની જુજ સિંચાઇ યોજના હેડ રેગ્યુલેટરમાં લીકેજ

૯૦૨૮ **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાંસદા તાલુકાની જુજ સિંચાઇ યોજના હેડ રેગ્યુલેટર (એચ.આર.)માં તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષથી પાણી લીકેજ છે તે હકિકત સાચી છે, અને | (૧) પાણી લીકેજ થાય છે. |
| (૨) જો હા, તો આ મરામત કામગીરી સત્વરે હાથ ધરવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) એચ.આર.માં થતા લીકેજ બંધ કરવાની કામગીરી માટે મરીન કન્સ્ટ્રકશન એન્ડ ડાઇવીંગ સર્વીસ, મુંબઇને કામ સોંપવામાં આવેલ છે. ગત ચોમાસા પહેલાં મે માસમાં ડેમમાં પાણીનું લેવલ નીચે જવાથી અંશતઃ રીપેર કરવામાં આવેલ છે. બાકીનું રીપેર ચાલુ વર્ષના ચોમાસા પહેલાં ડેમની સપાટી નીચી ગયેથી એચ.આર.નું લીકેજનું કામ પૂર્ણ કરવામાં આવશે. |

----------

## અમદાવાદમાં પેટ્રોલમાં ભેળસેળ અટકાવવા પગલાં

૯૦૦૬ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં પેટ્રોલમાં ભેળસેળ થતું અટકાવવા કેટલા પેટ્રોલપંપ ઉપર ચેકીંગ કર્યું, | (૧) ૧૦૬ પેટ્રોલ પંપોની કુલ ૧૭૯ તપાસણી કરવામાં આવી. |
| (૨) તેમાંથી ક્યા ક્યા પેટ્રોલપંપ ઉપર ભેળસેળ માલુમ પડી, અને | (૨) જે.રસીકલાલ એન્ડ કું. મીરઝાપુર, એચ.પી. પંપનો એક નમુનો ધોરણસરનો જણાયેલ નથી. |
| (૩) ક્યા પેટ્રલોપંપના માલિકો સામે અટકાયતના પગલાં લેવામાં આવ્યા ? | (૩) કોઇ સામે નહીં. |

----------

## પાલીતાણા અને ગારિયાધાર તાલુકાને મહિ પરિએજના પાણી આપવા અંગે

૮૭૫૨ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલીતાણા અને ગારિયાધાર તાલુકાના ગ્રામ્ય વિસ્તારને મહી પરિએજનું પાણી આપવાનું રાજ્ય સરકારનું આયોજન છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ કેટલા ગામોમાં પાણી અપાય છે ? | (૨) ગારિયાધાર તાલુકાના ૫ ગામોમાં<br>પાલીતાણા તાલુકામાં શુન્ય ગામમાં. |

----------

## સુરેન્દ્રનગર જિલ્લામાં સરકારી ખરાબાની જમીન

૮૦૮૧ **શ્રી મનહરલાલ મ. મકવાણા(દસાડા)** :**માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧.૧૨.૨૦૦૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં સરકારી ખરાબાની જમીન કેટલા એકર ફાજલ પડેલ છે, | (૧) તા.૩૧.૧૨.૨૦૦૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં ખેત જમીન ટોચ મર્યાદા ધારા હેઠળ ૨૧-એ-૩૦ ગુંઠા જમીન ફાજલ જાહેર થયેલ છે. |
| (૨) તે માટે કોઇ મંડળીઓની માંગણી છે, અને | (૨) હા, જી. |
| (૩) આ બાબત હાલ ક્યા તબક્કે છે? | (૩) આ બાબત હાલ તાલુકા કક્ષાએ ચકાસણી હેઠળ છે. |

----------

## પાનમ જળાશય માટે સંપાદિત જમીનનું વળતર ચુકવવા અંગે

૯૫૫૬ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં પાનમ જળાશયમાં કુલ કેટલા ગામોની કેટલા ખેડૂતોની કેટલા હેકટર જમીન સંપાદન કરી, | (૧) ૪૨ ગામોની ૨૧૫૩ ખેડૂતોની ૫૨૨૯ હેકટર જમીન સંપાદન કરવામાં આવેલ છે. |
| (૨) કેટલા ખેડૂતોને વળતર ચુકવ્યુ, અને કેટલા બાકી, | (૨) તમામ ૨૧૫૩ ખેડૂતોને વળતર ચુકવવામાં આવેલ છે કોઇ બાકી નથી. |
| (૩) તે પૈકી કેટલા ગામોને ક્યાં ક્યાં પુનઃસ્થાપિત ર્ક્યા અને કેટલા બાકી, અને | (૩) ૪૨ ગામો પૈકી ૩૪ ગામોને જુદી જુદી ૨૦ નવી વસાહતોમાં તથા ૮ ગામોને જે તે ગામની ઉપરવાસની જમીનમાં વસાવવામાં આવેલ છે. તે પૈકી ૭ ગામના ૪૦ અસરગ્રસ્ત ખેડૂતોએ ફાળવેલ જમીન દબાણવાળી હોવાને લીધે વસવાટ કરેલ નથી. |
| (૪) બાકી અસરગ્રસ્તોને કઇ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા સરકાર માંગે છે અને ક્યારે? | (૪) અસરગ્રસ્તો દ્વારા આ બાબત નામદાર વડી અદાલતમાં પડતર છે. |

----------

## નર્મદા કેનાલનું પાણી રાજકોટ, જામનગર અને કચ્છને મળતું બંધ થવા અંગે

૯૨૫૯ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)નર્મદા કેનાલ દ્વારા રાજકોટ, જામનગર અને કચ્છને પીવાનું પાણી આપવા માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે, | (૧) નર્મદા કેનાલની માળિયા શાખાના ખીરાઇ ઓફ ટેક આધારિત બલ્ક ટ્રાન્સમીશન પાઇપ લાઇનના કામો પૂર્ણ કરી પીવાનું પાણી આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે, |

| | |
|---|---|
| (૨)આ યોજના દ્વારા પુરતા પ્રમાણમાં પાણી મળનાર છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩)આ પાણી આપવા માટે કોઇ મુશ્કેલી છે? | (૩) હંગામી મુશ્કેલી છે. હાલ નર્મદા નહેરની સૌરાષ્ટ્ર શાખા તેમજ માળિયા શાખામાં લાઇનીંગનું કામ ચાલુ હોવાથી નહેરમાં પાણી ઉપલબ્ધ નથી. હાલમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે મચ્છુ-૨ ડેમ આધારિત તાકીદની યોજનાથી આંશિક પાણી પુરવઠો અપાય છે. |

----------

## રાજ્યમાં હક્કપત્રક નોંધોના નિકાલની ઝુંબેશ

૯૬૭૩ **શ્રી કાંતિભાઈ ભા. તડવી(સંખેડા)** :**માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૪ ની સાલમાં સમગ્ર રાજ્યમાં હક્કપત્રક નોંધોના નિકાલની ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના પરિણામો શું આવ્યા ? | (૨) તા.૧.૭.૨૦૦૪ થી તા.૩૧.૭.૨૦૦૪ દરમ્યાન રાજ્યવ્યાપી હક્કપત્રક નોંધ નિકાલ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તા.૩૧.૫.૨૦૦૪ના રોજની સ્થિતિએ બાકી રહેલ ૧૦૨૨૫૨ નોંધો પૈકી ૯૮૪૧૮ નોંધોનો નિકાલ કરી, ૯૬.૨૫% સિધ્ધિ હાંસલ કરવામાં આવી છે. |

----------

## ૭/૧૨ અને ૮-અ ના ઉતારાની નકલ ગ્રામ્ય કક્ષાએ મળવા અંગે

૮૬૭૫ **શ્રીમતી રશીદા ઈ. પટેલ(વાગરા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૭/૧૨ અને ૮-અ ના ઉતારાની નકલ ગ્રામ્ય કક્ષાએ મળે તે માટે પ્રબંધ કરવા રાજ્ય સરકાર સમક્ષ છેલ્લા એક વર્ષમાં કેટલી રજુઆતો થઇ, અને | (૧) ૫૧ જેટલી. |
| (૨) આ રજુઆતો અન્વયે સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) કોમ્પ્યુટરાઇઝડ ૭/૧૨ અને ૮-અ ની નકલ ગામેથી પુરી પાડવા વ્યવસ્થા કરી છે. |

----------

## ખેડા જિલ્લામાં ચેકડેમો

૮૪૨૭ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧.૧૨.૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાની વાત્રક નદી પર કેટલા ચેકડેમ મંજૂર થયા, અને | (૧) ખેડા જિલ્લામાં વાત્રક નદી પર ગામ માતર અને વાસણા વચ્ચે એક ચેકડેમ મંજુર થયેલ છે. |
| (૨) કેટલા ચેકડેમોનું કામ પ્રગતિમાં છે ? | (૨) શૂન્ય. |

----------

## નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા અંગેની જિલ્લાવાર પડતર અરજીઓ

૮૨૯૩ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સરકારમાં ડિસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની જિલ્લા વાર કુલ કેટલી અરજીઓ પેન્ડીંગ પડી છે,

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | પેન્ડીંગ અરજીઓ |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩,૭૨૮ |
| ૨ | અમરેલી | ૪૮૪ |
| ૩ | આણંદ | ૨૨૮ |
| ૪ | બનાસકાંઠા | ૩૯૧ |
| ૫ | ભરૂચ | ૨,૧૩૭ |
| ૬ | ભાવનગર | ૩૫ |
| ૭ | દાહોદ | ૧૩,૫૬૧ |
| ૮ | ડાંગ | ૦ |
| ૯ | ગાંધીનગર | ૪,૫૭૩ |
| ૧૦ | જામનગર | ૯૫ |
| ૧૧ | જુનાગઢ | ૯૮૧ |
| ૧૨ | કચ્છ | ૧,૧૬૬ |
| ૧૩ | ખેડા | ૪૩,૩૪૭ |
| ૧૪ | મહેસાણા | ૨૨૬ |
| ૧૫ | નર્મદા | ૫,૩૯૦ |
| ૧૬ | નવસારી | ૭,૬૯૪ |
| ૧૭ | પંચમહાલ | ૨૭,૮૨૮ |
| ૧૮ | પાટણ | ૫,૪૮૧ |
| ૧૯ | પોરબંદર | ૭૨૭ |
| ૨૦ | રાજકોટ | ૮૮૮ |
| ૨૧ | સાબરકાંઠા | ૨,૩૧૦ |
| ૨૨ | સુરત | ૧૫,૨૧૪ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૪૪૨ |
| ૨૪ | વડોદરા | ૧૪૮ |
| ૨૫ | વલસાડ | ૧૭,૧૫૪ |
| | કુલ | ૧,૫૪,૨૨૮ |

(૨) આ અરજીઓ પેન્ડીંગ પડી રહેવાના કારણો શું છે, અને

(૨) અરજીઓ પેન્ડીંગ પડી રહેવાના સામાન્ય કારણો નીચે મુજબ છે.

(૧) પટ નહી ભરવાના કારણે.
(૨) હુકમ કરવા પર બાકી
(૩) પૂર્તતા/ચકાસણી બાકી હોવાના કારણે.
(૪) વહીવટી કારણે
(૫) સ્થાનિકે ખરાઈ/તપાસ પર બાકી ના કારણે,
(૬) ખરીદ કિંમતના પુરાવા તેમજ ૩૨.ગની નોંધ ના અભાવે.
(૭) અન્ય કારણોસર.

(૩) સરકાર પેન્ડીંગ રહેલ અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવા માંગે છે?

(૩) સત્વરે.

----------

## કવાંટ અને છોટા ઉદેપુર તાલુકામાં ચેકડેમો

૯૦૨૨ **શ્રી શંકરભાઈ વી. રાઠવા(છોટાઉદેપુર)** :**માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સને ૨૦૦૩-૦૪માં વડોદરા જિલ્લામાં કવાંટ અને છોટા ઉદેપુર તાલુકામાં કેટલા ચેકડેમ બન્યા, અને | (૧) કવાંટ તાલુકામાં - ૩૬<br>છોટા ઉદેપુર તાલુકામાં - ૮૦ |
| (૨) તેમાં કવાંટ તાલુકામાં ગ્રેવલથી કેટલા ચેકડેમ બન્યા ? | (૨) ૩૪ ચેકડેમોય. |

----------

## સુરત શહેરને રાંધણગેસનો પૂરતો જથ્થો ફાળવવા અંગે

૯૨૬૪ **શ્રી મનીષ ન. ગીલીટવાલા(સુરત શહેર (પૂર્વ)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરત શહેરમાં તા. ૩૧-૧૨-૨૦૦૪ ની સ્થિતિએ છેલ્લા ચાર માસથી રાંધણગેસનો જથ્થો અપૂરતો ફાળવવાના કારણો શા છે, અને | (૧) વર્ષ-૨૦૦૩ની સરખામણીએ વર્ષ-૨૦૦૪માં સપ્ટેમ્બર ઓક્ટોબર અને નવેમ્બરમાં રાંધણગેસનો જથ્થો અપુરતો ફાળવવામાં આવેલ નથી., પરંતુ, રાંધણગેસનો થતો દુરૂપયોગ અટકાવવાના હેતુસર ગેસ ધારકોની ખરેખર જરૂરીયાતોને લક્ષમાં લઈ બે સીલીન્ડરોની ડીલીવરી વચ્ચે માટેનો સમયગાળો ૨૧ દિવસનો રાખવાની ઓઈલ કંપનીઓ તરફથી અમલવારી શરૂ કરીને ડિસેમ્બર-૦૪માં ઓછો જથ્થો ફાળવવામાં આવેલ છે. |
| (૨) પૂરતો રાંધણગેસ જથ્થો ફાળવવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) ૧. ઓઈલ કંપની તરફથી બે સીલીન્ડરોની ડીલીવરી વચ્ચેનો સમયગાળો ૨૧ દિવસનો રાખેલ જે ઘટાડીને ૧૫ દિવસનો કરવાની કાર્યવાહી કરી.<br>૨. ગેસ એજન્સીઓ દ્વારા ગેરકાયદેસર રાંધણગેસના સીલીન્ડરોનું વેચાણ થાય તો શિક્ષાત્મક પગલાં લેવા માટેની કાર્યવાહી કરવા જરૂરી સુચનાઓ આપી.<br>૩. પુરવઠા તંત્ર અને સબંધિત ગેસ કંપનીઓના અધિકારીઓ દ્વારા રાંધણગેસનો ઉપયોગ ધરગથ્થું વપરાશ સિવાયના અન્ય હેતુ માટે ન થાય તે માટે ઝુંબેશ સ્વરૂપે આકસ્મિક તપાસો કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.<br>૪. સીંગલ બોટલ ગેસ કનેક્શન ધરાવતાં ગ્રાહકોને તાત્કાલિક નિયમોનુંસાર બીજી બોટલ મળે તેવી કાર્યવાહી કરી. |

----------

## અમીરગઢ તાલુકાના ડાભેલા ગામે કમ્પ્યુટરાઈઝડ રેશનકાર્ડ આપવા અંગે

૯૬૦૬ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના ડાભેલા ગામે તમામ જૂના રેશકાર્ડ ધારકોને કોમ્પ્યુટરાઈઝડ રેશનકાર્ડો નહીં અપાયાની હકીકત સરકાર જાણે છે, અને | (૧) અમીરગઢ તાલુકાના ડાભેલા ગામે તમામ જૂના રેશનકાર્ડ ધારકોને કોમ્પ્યુટરાઈઝડ કેશનકાર્ડ આપવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો એવા રેશકાર્ડો આપવા સરકારે કોઈ પગલાં લીધા છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## અમદાવાદ શહેરમાં ગ્રાહકોની ફરિયાદોના કેસોનો ભરાવો

૯૬૨૩ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા(કરજણ)** :**માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં ડીસે.-૨૦૦૪ની સ્થિતિએ ગ્રાહકોની ફરિયાદોના કેસોનો ભરાવો થયો છે. તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો પડતર કેસોના નિકાલ માટે શું આયોજન કરવામાં આવ્યું છે, અને | (૨) અમદાવાદ શહેરના પડતર કેસોના નિકાલ માટે રાજ્ય કમિશન તરફથી આંતરિક વ્યવસ્થાના ભાગ રૂપે હાલમાં ગાંધીનગર જિલ્લા અને અમદાવાદ (ગ્રામ્ય) ફોરમને કેસો તબદીલ કરેલા છે તથા સરકાર તરફથી અમદાવાદ શહેર માટે વધારાના જિલ્લા ફોરમનું આયોજન તથા અમલીકરણ માટે બજેટની વ્યવસ્થા ગોઠવાઈ ગયેલ છે. |
| (૩) પડતર કેસોના નિકાલ માટે શું આયોજન થયું છે ? | (૩) ઉક્ત ખંડ : ૨ મુજબ. |

----------

## સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના ૮૦:૨૦ અને ૬૦:૪૦ ના ધોરણોમાં ફેરફાર કરવા અંગે

૯૨૫૩ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ(સાબરમતી)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના ૬૦:૪૦ અને ૮૦:૨૦ ના ધોરણમાં સરકાર કોઈ ફેરફાર કરવા માંગે છે કે કેમ ? | અત્રે વિચારણા હેઠળ છે. |

----------

## સુજલામ સુફલામ યોજના હેઠળ મધ્ય ગુજરાતમાં મોટા ચેકડેમો

૯૨૮૭ **શ્રી રતિલાલ ગો. સુરેજા(માણાવદર)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સુજલામ સુફલામ યોજના હેઠળ મધ્ય ગુજરાતમાં મોટા ચેકડેમોનું શું આયોજન છે, | (૧) સુજલામ સુફલામ યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં રૂા. ૨૮.૯૦ કરોડના ખર્ચે |

અને

૧૪૫ મોટા ચેકડેમો અને દાહોદ જિલ્લામાં રૂા. ૧૩.૧૮ કરોડના ખર્ચે ૬૩ મોટા ચેકડેમો બનાવવાનું આયોજન છે.

(૨)આ યોજના હેઠળ ક્ષાર પ્રવેશ નિયંત્રણના કામો આવરી લેવાનું આયોજન છે કે કેમ ?

(૨) વિચારણા હેઠળ છે.

----------

## ઉના તાલુકામાં ૬૦:૪૦ ની યોજના અંતર્ગત ચેકડેમો

૮૨૫૪ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** **જવાબ**

(૧) જુનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં સન ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના વર્ષમાં જાન્યુઆરી ૨૦૦૫ સુધીમાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના (૬૦:૪૦) અન્વયે કેટલા ચેકડેમો બનાવવાની દરખાસ્તો આવેલ છે,

(૧) ૧૬૭ અરજીઓ.

(૨) તે પૈકી કેટલી દરખાસ્તો કેટલી રકમની આવી,

(૨) કુલ ૧૬૭ અરજીઓ, કુલ રકમ રૂા. ૨૫૦ લાખ.

(૩) તે પૈકી કેટલા ચેકડેમોને કઈ તારીખથી મંજૂરી આપવામાં આવી અને કામો કઈ તારીખે પૂર્ણ કરવાના થતા હતા, અને

(૩) ૬૩ ચેકડેમોને સામેલ પરિશિષ્ટ-૧ મુજબની તારીખોએ મંજૂરી આપવામાં આવી. લોકજૂથો દ્વારા કરવામાં આવતી કામગીરી લોકજૂથના આયોજન મુજબ પૂર્ણ કરવાની થતી હતી.

(૪) આ ચેકડેમોથી કેટલો ફાયદો થવાની શક્યતા છે ?

(૪) ઉપરોક્ત ચેકડેમો પૂર્ણ થયે ૩૦ મીલીય ઘનફુટ જેટલો જળસંચય અને ૭૦૦ હેક્ટર જમીનને લાભ થવાની શક્યતા છે.

--------------

### પરિશિષ્ટ-૧

### જુનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં સરદાર પટેલ સહભાગી જળસચય યોજના

### અંતગર્ત મંજૂરી અપાયેલ ચેકડેમોની વિગતો

| ક્રમ | જોબ નંબર | ગામનું નામ | તાંત્રિક મંજૂરીની તારીખ | કામ પૂર્ણ થયા તારીખ | અંદાજિત કિંમત (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | ૩૪ | ફુલકા | ૨૭-૩-૦૩ | ૨૪-૪-૦૩ | ૧.૮૭ |
| ૨ | ૧૨૬ | બોડીદર | ૧૯-૪-૦૩ | ૯-૬-૦૩ | ૩.૨૧ |
| ૩ | ૧૨૭ | સોનપરા | ૧૯-૪-૦૩ | ૨૦-૫-૦૩ | ૧.૯૮ |
| ૪ | ૧૩૪ | દ્રોણ | ૧૯-૪-૦૩ | ૨૪-૫-૦૩ | ૩.૭૦ |
| ૫ | ૧૩૫ | દ્રોણ | ૧૯-૪-૦૩ | ૨૪-૫-૦૩ | ૨.૩૧ |
| ૬ | ૧૩૬ | દ્રોણ | ૧૯-૪-૦૩ | ૨૪-૫-૦૩ | ૨.૮૧ |
| ૭ | ૧૪૦ | ઉંટવાડા | ૧૯-૪-૦૩ | ૪-૬-૦૩ | ૨.૬૦ |
| ૮ | ૧૪૧ | ઉંટવાડા | ૧૯-૪-૦૩ | ૧૭-૬-૦૩ | ૨.૯૨ |
| ૯ | ૧૪૨ | ઉંટવાડા | ૧૯-૪-૦૩ | ૨૯-૫-૦૩ | ૨.૫૯ |

| ક્રમ | જોબ નંબર | ગામનું નામ | તાંત્રિક મંજૂરીની તારીખ | કામ પૂર્ણ થયા તારીખ | અંદાજિત કિંમત (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧૦ | ૨૦૩ | જરગલી | ૧-૫-૦૩ | ૪-૭-૦૩ | ૩.૫૧ |
| ૧૧ | ૨૬૧ | દેલવાડા | ૧-૫-૦૩ | ૨૯-૫-૦૩ | ૩.૦ |
| ૧૨ | ૨૬૨ | દેલવાડા | ૧-૫-૦૩ | ૭-૬-૦૩ | ૩.૧૩ |
| ૧૩ | ૨૯૮ | સનવાવ | ૭-૫-૦૩ | ૧૭-૬-૦૩ | ૪.૧૩ |
| ૧૪ | ૫૦૭ | દ્રોણ | ૪-૬-૦૩ | ૨૬-૬-૦૩ | ૪.૪૭ |
| ૧૫ | ૫૦૮ | દ્રોણ | ૪-૬-૦૩ | ૧૨-૬-૦૩ | ૩.૫૪ |
| ૧૬ | ૩૫૩ | વાજડી | ૧૨-૫-૦૩ | અપૂર્ણ | ૩.૬૫ |
| ૧૭ | ૩૫૪ | વાજડી | ૧૨-૫-૦૩ | અપૂર્ણ | ૪.૪૭ |
| ૧૮ | ૩૫૫ | અંબાળા | ૧૨-૫-૦૩ | અપૂર્ણ | ૪.૫૩ |
| ૧૯ | ૩૫૬ | અંબાળા | ૧૨-૫-૦૩ | અપૂર્ણ | ૪.૫૬ |
| ૨૦ | ૩૫૭ | અંબાળા | ૧૨-૫-૦૩ | અપૂર્ણ | ૪.૫૬ |
| ૨૧ | ૩૫૮ | વાજડી | ૧-૫-૦૩ | અપૂર્ણ | ૩.૮૯ |
| ૨૨ | ૨૦૨ | વડવીયાળા | ૪-૬-૦૩ | અપૂર્ણ | ૪.૦૨ |
| ૨૩ | ૯૭૦ | બાબરીયા | ૭-૧-૦૪ | ૧૬-૪-૦૪ | ૨.૪૫ |
| ૨૪ | ૯૯૧ | નીતલી | ૮-૧-૦૪ | ૧૯-૩-૦૪ | ૪.૦૮ |
| ૨૫ | ૯૯૨ | નીતલી | ૮-૧-૦૪ | ૯-૩-૦૪ | ૨.૪૨ |
| ૨૬ | ૯૯૩ | વડલી | ૮-૧-૦૪ | ૧૮-૩-૦૪ | ૩.૧૨ |
| ૨૭ | ૯૯૪ | વડલી | ૮-૧-૦૪ | ૨-૪-૦૪ | ૧.૫૯ |
| ૨૮ | ૯૯૫ | વડલી | ૮-૧-૦૪ | ૩-૩-૦૪ | ૩.૪૩ |
| ૨૯ | ૧૨૫૭ | ડમાસા | ૭-૨-૦૪ | ૮-૩-૦૪ | ૨.૩૪ |
| ૩૦ | ૧૨૫૮ | ડમાસા | ૭-૨-૦૪ | ૨૭-૨-૦૪ | ૨.૨૨ |
| ૩૧ | ૧૨૭૨ | ગીરગઢડા | ૫-૨-૦૪ | ૯-૬-૦૪ | ૨.૫૮ |
| ૩૨ | ૧૨૭૩ | ગીરગઢડા | ૫-૨-૦૪ | ૩૧-૫-૦૪ | ૪.૩૪ |
| ૩૩ | ૧૨૭૪ | સનવાવ | ૫-૨-૦૪ | ૪-૫-૦૪ | ૪.૯૦ |
| ૩૪ | ૧૨૮૧ | નીતલી | ૯-૨-૦૪ | ૨૬-૪-૦૪ | ૪.૯૮ |
| ૩૫ | ૧૨૮૨ | વડલી | ૯-૨-૦૪ | ૧૭-૪-૦૪ | ૪.૯૮ |
| ૩૬ | ૧૪૮૦ | દેલવાડા | ૨૭-૨-૦૪ | ૧૪-૪-૦૪ | ૨.૮૫ |
| ૩૭ | ૧૫૦૭ | દેલવાડા | ૨૭-૨-૦૪ | ૨૮-૩-૦૪ | ૩.૦૯ |
| ૩૮ | ૧૫૫૦ | રાજપરા | ૮-૩-૦૪ | ૩૧-૩-૦૪ | ૨.૪૭ |
| ૩૯ | ૧૫૭૬ | વડલી | ૯-૩-૦૪ | ૩૦-૪-૦૪ | ૪.૬૪ |
| ૪૦ | ૧૬૮૩ | દ્રોણ | ૨૩-૩-૦૪ | ૨૧-૫-૦૪ | ૪.૮૪ |
| ૪૧ | ૧૬૮૪ | દ્રોણ | ૨૩-૩-૦૪ | ૧૭-૫-૦૪ | ૪.૨૩ |
| ૪૨ | ૧૭૫૨ | લેરકા | ૧-૪-૦૪ | ૨૯-૪-૦૪ | ૪.૯૭ |
| ૪૩ | ૧૮૭૫ | ઉંટવાડા | ૧૨-૪-૦૪ | ૭-૬-૦૪ | ૪.૧૨ |
| ૪૪ | ૧૮૭૬ | ઉંટવાડા | ૧૨-૪-૦૪ | ૨૮-૫-૦૪ | ૪.૩૧ |
| ૪૫ | ૧૯૦૧ | કોદીયા | ૧૭-૪-૦૪ | ૨૬-૫-૦૪ | ૬.૦૭ |
| ૪૬ | ૧૯૦૨ | કોદીયા | ૧૭-૪-૦૪ | ૧૯-૭-૦૪ | ૬.૧૧ |
| ૪૭ | ૧૯૩૪ | બોડીદાર | ૨૭-૪-૦૪ | ૧૨-૬-૦૪ | ૨.૨૨ |
| ૪૮ | ૧૯૩૫ | કાણકીયા | ૨૭-૪-૦૪ | ૨૨-૫-૦૪ | ૪.૦૫ |
| ૪૯ | ૧૯૫૪ | ઈંટવાયા | ૨૮-૪-૦૪ | ૧૪-૭-૦૪ | ૪.૯૯ |
| ૫૦ | ૧૯૫૫ | ઈંટવાયા | ૨૮-૪-૦૪ | ૩૧-૫-૦૪ | ૪.૯૩ |
| ૫૧ | ૧૯૯૯ | કોદીયા | ૧૨-૫-૦૪ | ૨૦-૬-૦૪ | ૭.૫૩ |
| ૫૨ | ૯૭૧ | બાબરીયા | ૭-૧-૦૪ | અપૂર્ણ | ૨.૦૧ |
| ૫૩ | ૯૭૨ | ભાખા | ૭-૧-૦૪ | અપૂર્ણ | ૩.૯૧ |
| ૫૪ | ૯૭૩ | ભાખા | ૭-૧-૦૪ | અપૂર્ણ | ૪.૩૫ |
| ૫૫ | ૧૭૧૧ | ઉંટવાયા | ૧૭-૪-૦૪ | અપૂર્ણ | ૩.૫૧ |
| ૫૬ | ૧૫૭૫ | વડલી | ૧૭-૪-૦૪ | અપૂર્ણ | ૪.૬૫ |

| ક્રમ | જોબ નંબર | ગામનું નામ | તાંત્રિક મંજૂરીની તારીખ | કામ પૂર્ણ થયા તારીખ | અંદાજિત કિંમત (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૫૭ | ૧૬૮૫ | દ્રોણ | ૨૩-૩-૦૪ | અપૂર્ણ | ૩.૪૬ |
| ૫૮ | ૧૬૮૬ | દ્રોણ | ૨૩-૩-૦૪ | અપૂર્ણ | ૨.૬૧ |
| ૫૯ | ૧૬૮૭ | દ્રોણ | ૨૩-૩-૦૪ | અપૂર્ણ | ૩.૩૦ |
| ૬૦ | ૧૭૧૨ | કોદીયા | ૨૫-૩-૦૪ | અપૂર્ણ | ૩.૯૫ |
| ૬૧ | ૧૯૦૦ | ઈટવાયા | ૧૭-૪-૦૪ | અપૂર્ણ | ૫.૫૦ |
| ૬૨ | ૧૯૩૩ | બોડીદાર | ૨૭-૪-૦૪ | અપૂર્ણ | ૨.૧૩ |
| ૬૩ | ૧૯૫૬ | ઈટવાયા | ૨૮-૪-૦૪ | અપૂર્ણ | ૪.૯૫ |

------------------

## ધારાસભ્યોની પરામર્શ સમિતિ

૮૫૪૬ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા(માંગરોળ) :** માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારના મહેસૂલ વિભાગમાં ધારાસભ્યોના પરામર્શ સમિતિની રચના ક્યારે કરી, અને | (૧) વૈધાનિક સંસદીય બાબતોનો વિભાગના ઠરાવ ક્રમાંક : ૨૦૭/૨૦૦૨/૨૯૯/અ, તા. ૭-૧૦-૦૩ના ઠરાવથી મંત્રીશ્રીઓ સાથે પરામર્શ કરવા માટે ધારાસભ્યશ્રીઓની તથા સંસદ સભ્યોશ્રીઓની સ્થાયી પરામર્શ સમિતિની રચના કરવામાં આવી છે. જેમાં માન. મંત્રીશ્રી, મહેસૂલ, વધારાનો હવાલો અન્ન નાગરીક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના અધ્યક્ષપણા હેઠળની પરામર્શ સમિતિનો સમાવેશ થાય છે. |
| (૨) આ સમિતિની બેઠકો કયારે બોલાવી ? | (૨) તા. ૮-૨-૨૦૦૫. |

----------

## અમદાવાદ શહેરમાં બી.પી.એલ. રેશનકાર્ડ આપવા અંગે

૮૩૭૭ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર)** : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદમાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કેટલાને બી. પી. એલ. રેશનકાર્ડ આપવાના બાકી છે, અને | (૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ બી. પી. એલ. રેશનકાર્ડ આપવાના બાકી નથી. |
| (૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૨) બી. પી. એલ. કાર્ડ આપવાની કામગીરી પૂર્ણ કરેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## સુરત જિલ્લામાં આવેલ અતિવૃષ્ટિ અંગે પેકેજ જાહેર કરવા બાબત

૯૬૧૧ **શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ) :** માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તાજેતરમાં સુરત જિલ્લામાં માંગરોળ તાલુકામાં અતિવૃષ્ટિને કારણે રેલ આવી અનેક ગામોના ખેતમજૂરોના ઝુંપડા સંપૂર્ણ નાશ થયા છે, સરકાર | ભારે વરસાદ/અતિવૃષ્ટિના કારણે સંપૂર્ણ નાશ પામેલ ઝુંપડા/મકાન માટે સર્વે ટીમના નુકશાનના અંદાજ પ્રમાણે રૂા. ૫૦,૦૦૦/- સુધીની સહાય |

ખેત મજૂરોના આવાસોનું પેકેજ જાહેર કરવા માંગે છે કે કેમ ?

ચૂકવવામાં પ્રવર્તમાન ધોરણો અમલમાં છે. જેથી પેકેજ જાહેર કરવાનું રહેતું નથી.

----------

## રાજ્યના જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમોને મળેલ ફરિયાદો

૯૨૮૩ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા)** : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ગ્રાહકોને પડતી મુશ્કેલીઓના નિવારણ માટે કાર્યરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમોમાં જિલ્લા વાઈઝ કેટલી ફરિયાદો વર્ષ-૨૦૦૪ દરમિયાન આવેલ, | (૧) કુલ-૮૩૨૩<br>(પત્રક સામેલ છે.) |
| (૨) આ ફરિયાદો સામાન્ય રીતે કયા પ્રકારની હતી, | (૨) સામાન્ય રીતે ઈન્સ્યોરન્સ કંપનીઓ, એલ. આઈ. સી., એઈસી, જીઈબી, ટેલિફોન, મેડીકલ સારવાર, ઈલેક્ટ્રોનિક સાધનો, હલકી ગુણવત્તા, બેન્ક, પોસ્ટ, વિમાની સેવા, ટ્રાવેલ સેવાઓ, ક્રેડિટકાર્ડ વગેરે. |
| (૩) કુલ મળેલ ફરિયાદોમાંથી કેટલી ફરિયાદોનો ઉકેલ આવ્યો, અને | (૩) ૭૫૭૧૯ |
| (૪) બાકી ફરિયાદો કયા કારણસર, કેટલા સમયથી પડતર છે ? | (૪) (૧) ગ્રાહકોને યોગ્ય ન્યાય મળી રહે તે માટે, જરૂરી પૂરાવાઓ, પક્ષકારો તથા વકીલો દ્વારા સમયસર મળતાં ન હોવાથી મુદત આપવી પડતી હોય છે. તથા ચોક્કસ પુરાવાના અભાવે કેટલીક ફરિયાદોના ચૂકાદા બાકી રહે છે.<br>(૨) પડતર રહેલ ફરિયાદો પૈકી કેટલીક ફરિયાદો બે વર્ષ ઉપરના સમયથી, પણ મોટાભાગની બે વર્ષથી નીચેના સમયથી પડતર છે. |

**પત્રક**

| અ. નં. | ફોરમનું નામ | વર્ષ-૨૦૦૪ દરમ્યાન મળેલ ફરીયાદો |
|---|---|---|
| ૧. | અમદાવાદ (શહેર) | ૭૨૧ |
| ૨. | અમદાવાદ (ગ્રામ્ય) | ૨૬૯ |
| ૩. | ગાંધીનગર | ૧૯૫ |
| ૪. | સાબરકાંઠા | ૩૦૪ |
| ૫. | મહેસાણા | ૧૬૩ |
| ૬. | બનાસકાંઠા | ૨૯૦ |
| ૭. | કચ્છ-ભુજ | ૨૬૧ |
| ૮. | રાજકોટ | ૩૨૦ |

| અ. નં. | ફોરમનું નામ | વર્ષ-૨૦૦૪ દરમ્યાન મળેલ ફરીયાદો |
|---|---|---|
| ૯. | જામનગર | ૩૨૬ |
| ૧૦. | અમરેલી | ૯૨ |
| ૧૧. | ભાવનગર | ૩૭૪ |
| ૧૨. | સુરેન્દ્રનગર | ૯૦ |
| ૧૩. | જુનાગઢ | ૪૩૭ |
| ૧૪. | વડોદરા | ૨૨૪૩ |
| ૧૫. | પંચમહાલ | ૭૪૭ |
| ૧૬. | ખેડા | ૪૮૨ |
| ૧૭. | ભરૂચ | ૩૮૨ |
| ૧૮. | સુરત | ૫૩૫ |
| ૧૯. | વલસાડ | ૨૦૩ |
| | કુલ :- | ૮૩૨૩ |

----------

## રાજ્યના આદિવાસી વિસ્તારોમાં પીવાના પાણી માટે રીચાર્જીંગ કામગીરી

૯૫૭૩ **શ્રી કાંતિભાઇ ત્રિ. ભીલ(નસવાડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં આદિવાસી વિસ્તારોમાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પીવાના પાણી માટે સરકારે રીચાર્જીંગની શી કામગીરી કરી છે,

(૨) જિલ્લાવાર કેટલી યોજનાઓ મંજૂર કરી છે, અને

(૩)આ યોજનાઓ પૂર્ણ કરવા શું આયોજન છે ?

**જવાબ**

(૧) ચેકડેમ, ભુગર્ભ ચેકડેમ, નાણા પ્લગીંગ, બોર બ્લાસ્ટીંગ, તથા હાઈડ્રોફેક્ચરીંગ જેવા વિવિધ ૩૨૨ કામો પૂર્ણ કરેલ છે.

(૨) **નીચેની વિગતે**

| અ. નં. | જીલ્લો | યોજનાની સંખ્યા |
|---|---|---|
| ૧ | વડોદરા | ૫ |
| ૨ | નર્મદા | ૯૪ |
| ૩ | પંચમહાલ | ૪ |
| ૪ | દાહોદ | ૧૫ |
| ૫ | સુરત | ૩૨ |
| ૬ | ભરૂચ | ૧૩ |
| ૭ | વલસાડ | ૧૦૩ |
| ૮ | ડાંગ | ૪૯ |
| ૯ | સાબરકાંઠા | ૭૮૭ |
| | કુલ : | ૧૧૦૨ |

(૩) બાકી રહેતી ૭૮૦ યોજનાઓ ક્રમશઃ માર્ચ-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

## વેરાવળ, સુત્રાપાડા અને માળીયાહાટીના તાલુકાઓના ગામો માટે પીવાનું પાણી પુરૂં પાડવા અંગે

૮૪૫૨ **શ્રી જેસાભાઈ ભા. બારડ(સોમનાથ)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લાના વેરાવળ, સુત્રાપાડા, માળીયા હાટીના તાલુકાના ગામડાઓને કાયમી પીવાના પાણી માટે મહી પરિયોજના અથવા નર્મદાનું પાણી આપવાનું સરકાર કોઈ આયોજન કરવા માંગે છે કે કેમ, | (૧) હા. જી. |
| (૨) જો હા, તો આ યોજના ક્યારે શરૂ કરી, અને | (૨) માળીયા તાલુકાના ૧૯ ગામો અને ૧ શહેરને આવરી લેતી યોજના ઓગસ્ટ-૨૦૦૩માં પૂર્ણ કરેલ છે. વેરાવળ, સુત્રાપાડા અને માળીયા તાલુકાના ૧૪૬ ગામો અને ૧ શહેરને સમાવતી અન્ય ચાર જૂથ યોજનાઓ નાણાંકિય ઉપલબ્ધી અનુસાર હાથ ધરી માર્ચ-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) તા. ૩૧-૧૨-૦૪ સુધી શું પ્રગતિ થયેલ છે ? | (૩) માળિયા તાલુકાના ૧૯ ગામો તથા ૧ શહેરને સમાવતી માંગરોળ-માળિયા તાકીદની પાણી પુરવઠા યોજના પૂર્ણ થયેલ છે, તેમજ અન્ય ચાર યોજનાઓ મંજૂરીની પ્રક્રિયામાં છે. |

---------

## નર્મદા યોજના આધારીત મહી પરિયેજ યોજના દ્વારા પીવાનું પાણી પુરું પાડવા અંગે

૮૦૪૨ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૨ના અંત સુધીમાં રાજ્યના કુલ કેટલા ગામોને નર્મદા યોજના આધારિત મહી પરીયેજ યોજના દ્વારા પીવાનું પાણી પુરું પાડવામાં આવ્યુ હતું, | (૧) ૯૨૦ ગામ/પરાને. |
| (૨) સન ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪ના વર્ષમાં રાજ્યના કેટલા ગામોને પીવાનું પાણી, નર્મદા અને મહિ પરિયેજ યોજના દ્વારા મળતું થયું છે, અને | (૨) વર્ષ ૨૦૦૨-૦૩માં કુલ ૯૪૫ ગામ/પરા<br>વર્ષ ૨૦૦૩-૦૪માં કુલ ૧૩૯૯ ગામ/પરા |
| (૩) આગામી વર્ષ ૨૦૦૫-૦૬માં કેટલા વધારાના ગામોને આ પાણી મળતું થશે ? | (૩) ૨૪૯૩ ગામ/પરાને પાણી આપવાનું આયોજન છે. |

---------

## વડોદરા જિલ્લામાં પેટ્રોલપંપો, વાજબી ભાવની દુકાનોની તપાસણી

૮૭૩૮ **શ્રી દિલુભા ટે. ચુડાસમા(વડોદરા (ગ્રામ્ય)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લા પુરવઠા તંત્ર ધ્વારા નિયત તપાસણી સંખ્યા અન્વયે કુલ કેટલા પેટ્રોલ-ડીઝલ પંપ અને વાજબી ભાવની દુકાનોની તપાસણી કરાઈ, | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં પુરવઠા તંત્ર ધ્વારા નીચે પ્રમાણે તપાસણી કરવામાં આવેલ છે.<br>(અ.) વાજબી ભાવની દુકાનો ૯૩૯ |

| | |
|---|---|
| | (બ) પેટ્રોલ પંપો ૧૫ |
| (૨)તે પૈકી કેટલા કિસ્સાઓમાં ગેરરીતીઓ જણાઈ, | (૨) (અ) પેટ્રોલ પંપો ૧૩ કેસોમાં<br>(બ) વ્યાજબી ભાવની દુકાનો ૧૧૨ કેસોમાં |
| (૩)આ અંગે સરકારે શાં પગલાં ભર્યા? | (૩) આ અંગેની સરકારે નીચે પ્રમાણેની કાર્યવાહી કરેલ છે.<br>**પેટ્રોલ પંપોના કેસોમાં**<br>(અ) જથ્થો રાજયસાત રૂા. ૯૫,૩૯૩/-<br>(બ) પરવાના અનામત રાજ્યસાત રૂા. ૬૦૦૦/-<br>**વ્યાજબી ભાવની દુકાનોના કેસોમાં**<br>(૧) જથ્થો રાજયસાત રૂા. ૧,૧૧,૭૦૩/-<br>(૨) પરવાના અનામત રાજયસાત રૂા. ૮૭,૫૦૦/-<br>(ક) પરવાનાઓ મોકુફ ૧૬<br>(ડ) પરવાના રદ ૪<br>(ઈ) એક કેસમાં ૨ ઈસમોની અટકાયત |

---------

## સૌરાષ્ટ્રને નર્મદાના પુરના પાણી આપવા આયોજન

૮૧૩૦ **શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સૌરાષ્ટ્ર વિસ્તારને નર્મદાના પુરના એક મીલીયન એકર ફીટ પાણી આપવાનું શું આયોજન છે, અને | (૧) સૌરાષ્ટ્ર વિસ્તારને પૂરના વધારાના એક મીલીયન એકર ફીટ પાણીને નર્મદા યોજનાની નહેરોમાં વહેવડાવીને ક્રોસ કરતી નદીઓમાં નદીઓ ઉપર મોટા આડબંધો બાંધી તેમાં હયાત સિંચાઈ યોજનાઓમાં તેમજ મચ્છુ-૨ થી ફુલઝર-૨ સુધીની અને કાળભારથી રાયડી સુધીની એમ બે લીન્ક કેનાલો દ્વારા વહેવડાવી જળસંગ્રહ કરવાનું રૂા. ૫૧૫ કરોડનું આયોજન કરવામાં આવેલ છે. |
| (૨) આ આયોજન હેઠળ કયા જળાશયોમાં અને કઈ કઈ નદીઓમાં પાણી નાખવાનું આયોજન છે? ક્યાં સુધીમાં ? | (૨) આ આયોજન હેઠળ પહેલા તબક્કામાં નર્મદા યોજનાની પ્રશાખાથી ૧૭ નદીઓ અને ૨૯ જળાશયોમાં તેમજ બીજા તબક્કામાં લીન્ક કેનાલોથી પાણી નાખવાનું આયોજન છે જે વર્ષ ૨૦૦૭ સુધીમાં બજેટ જોગવાઈ ધ્યાને રાખી પૂર્ણ થવાની ધારણા છે. (નદી તેમજ જળાશયોની યાદી સામેલ છે.) |

**સૌરાષ્ટ્રમાં નર્મદાના પૂરના વધારાના ૧ મીલીયન એકર ફૂટ પાણી ભરી શકાય તેવી નદીઓની યાદી.**

નર્મદા યોજનાની પ્રશાખાઓને છેદતી નદીઓ

નર્મદા લીંક કેનાલને છેદતી વધારાની નદીઓ.

| | મચ્છુ-૨ થી ફુલઝર-૨ લીંક ચેનલ | કાળુભાર થી રાયડી સુધી લીંક ચેનલ |
|---|---|---|
| (૧) મચ્છુ (૨) ઘોડાધ્રોઈ<br>(૩) બ્રાહ્મણી (૪) કંકાવટી (ખારી)<br>(૫) ગોદરા (૬) ફુલ્કુ<br>(૭) ઉમઈ (ચન્દ્રભાગા)<br>(૮) વઢવાણ-ભોગાવો<br>(૯) લીંબડી-ભોગાવો<br>(૧૦) સુખભાદર<br>(૧૧) ઉતાવળી<br>(૧૨) ખલખલીયો<br>(૧૩) પાડલીયો<br>(૧૪) કેરી (૧૫) વેગડ<br>(૧૬) ઘેલો (૧૭) કાળુભાર | (૧) ડેમી (૨) આજી<br>(૩) ઘોઘમ<br>(૪) બંગાવડી<br>(૫) ઉન્ડ (૬) ઝીંઝુ<br>(૭) ફુલઝર (૮) કંકાવટી<br>(૯) જગેડી<br>(૧૦) રૂપારેલ<br>(૧૧) સપડા<br>(૧૨) સુવેડા<br>(૧૩) નાગમતી<br>(૧૪) રંગમતી<br>(૧૫) સસોઈ<br>(૧૬) પન્ના | (૧) રંઘોળા<br>(૨) રજાવલ<br>(૩) ખારો<br>(૪) શેત્રુંજી<br>(૫) બગડ<br>(૬) માલણ<br>(૭) જામવાડી<br>(૮) સુરજવાડી<br>(૯) ઘાતરવાડી<br>(૧૦) રાયડી<br>(૧૧) ધાણો. |

**સૌરાષ્ટ્રમાં નર્મદાના પૂરના વધારાના ૧ મીલીયન એકર ફૂટ પાણી ભરી શકાય તેવા જળાશયોની યાદી.**

| નર્મદા યોજનાની પ્રશાખાથી ભરાય તેવા જળાશયો | નર્મદા લીંક કેનાલથી ભરી શકાય તેવા વધારાના જળાશયો | |
|---|---|---|
| | મચ્છુ-૨ થી ફુલઝર-૨ | કાળુભાર થી રાયડી |
| (૧) ગેડી (૨) રણોલ<br>(૩) ફુલવાડી<br>(૪) મૂળ બાવળા (૫) રાણાગઢ<br>(૫) સાકર (૬) ગડથલ<br>(૭) બ્રાહ્મણી-૨ (૯) કંકાવટી<br>(૧૦) સુખપુર<br>(૧૧) સતાપર (૧૨) દ ાનશ્યામગઢ<br>(૧૩) હીરાપર (૧૪) કટારીયા<br>(૧૫) મચ્છુ-૨ (૧૬) ઘોડાધ્રોઈ<br>(૧૭) કડીયાણા<br>(૧૮) બ્રાહ્મણી-૧ (૧૯) ખારી | (૧) મચ્છુ-૩ (૨) ડેમી-૨<br>(૩) ડેમી-૩ (૪) આજી-૪<br>(૫) ખોડાપીપર<br>(૬) બંગાવડી<br>(૭) ઉન્ડ-૨ (૮) કંકાવટી<br>(૯) ઉન્ડ-૧ (૧૦) વીજરખી<br>(૧૧) સપડા (૧૨) રંગમતી<br>(૧૩) સસોઈ (૧૪) પુના<br>(૧૫) ફુલઝર-૨<br>(૧૬) આજી-૩<br>(૧૭) રૂપારેલ (૧૮) | (૧) કાળુભાર (૨) રંઘોળા<br>(૩) રાજાવડ<br>(૪) ખારો<br>(૫) શેત્રુંજી (૬) બગડ<br>(૭) ઘાતરવાડી<br>(૮) સુરજવાડી<br>(૯) રાયડી<br>(૧૦) હણોલ<br>(૧૧) રોજકી<br>(૧૨) માલણ<br>(૧૩) ઘાતરવાડી-૨<br>(૧૪) નિકોલ બંધારા |

| | | |
|---|---|---|
| (૨૦) સુંદરી (૨૧) ફલ્કુ<br>(૨૨) વઢવાણ ભોગાવો-૨<br>(૨૩) ઉતાવળી (૨૪) ખાંભડા<br>(૨૫) લીંબડી ભોગાવો-૨<br>(૨૬) ખેલડીયાદ (૨૭) બલદાણા<br>(૨૮) ટૂંવા (૨૯) ગુંદીયાળા | રણજીતસાગર<br>(૧૯) બાલંભા બંધારા<br>(૨૦) જાબુંડા બંધારા<br>(૨૧) સરમતખારા બેરાજાબંડ<br>(૨૨) બેડબંધારા (૨૩) જોડીયા માણા મોરાબંક (૨૪) ખીજડીયા ધુવાવ બંડ. | (૧૫) માલણ બંધારા. |

----------

## ભાણવડ, લાલપુર અને જામખંભાળીયા તાલુકાના ગામતળ નક્કી કરવા અંગે

૮૭૯૧ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના ભાણવડ, લાલપુર અને જામખંભાળીયા તાલુકાના ગામતળ નક્કી કરવાની કેટલી દરખાસ્તો તા.૩૧-૧૨-૦૪ સુધીમાં છેલ્લા બે વર્ષમાં મળેલ છે, | (૧) કુલ-૧૭ (સત્તર) |
| (૨) આ પૈકી કેટલી દરખાસ્તો હાલમાં પેન્ડીંગ છે, અને | (૨) કુલ-૮ (આઠ) |
| (૩) બાકી દરખાસ્તો ઉપર કેટલા સમયમાં નિર્ણય લેવાશે? | (૩) બનતી ત્વરાએ. |

----------

## નર્મદાનું પાણી રાજકોટ, જામનગર અને કચ્છને મળતું બંધ થવા અંગે

૯૨૭૪ **શ્રી હરજીવન હી. પટેલ(ધાનેરા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા કેનાલ દ્વારા રાજકોટ, જામનગર અને કચ્છને પીવાનું પાણી આપવા માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે, | (૧) નર્મદા કેનાલની માળિયા શાખાના ખીરાઈ ઓફ ટેક આધારિત બલ્ક ટ્રાન્સમીશન પાઈપ લાઈનના કામો પૂર્ણ કરી પીવાનું પાણી આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. |
| (૨) આ વ્યવસ્થા દ્વારા પુરતા પ્રમાણમાં પાણી મળનાર છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) નર્મદાનું પાણી આપવા માટે શું મુશ્કેલી છે? | (૩) હંગામી મુશ્કેલી છે. હાલ નર્મદા નહેરની સૌરાષ્ટ્ર શાખા તેમજ માળિયાશાખામાં લાઈનીંગનું કામ ચાલુ હોવાથી નહેરમાં પાણી ઉપલબ્ધ નથી. હાલમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે મચ્છુ-૨ ડેમ આધારિત તાકીદની યોજનાથી આંશિક પાણી પુરવઠો અપાય છે. |

----------

## દેશના સુનામીગ્રસ્ત રાજ્યોને રાજ્ય સરકાર દ્વારા સહાય

૯૬૨૯ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા(પાલનપુર)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| તાજેતરમાં સુનામીથી દેશના અસરગ્રસ્ત રાજ્યોને તા.૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા કયા પ્રકારની અને કેટલી સહાય કરવામાં આવી ? | માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી નીચે જણાવ્યા મુજબની સહાય રાજ્યોને આપી છે.<br>૧. તામિલનાડુ રૂા. ૫ કરોડ<br>આંદામાન-નિકોબાર રૂા. ૧ કરોડ<br>પાંડીચેરી રૂા. ૧ કરોડ<br>આંધ્રપ્રદેશ રૂા. ૧ કરોડ<br>અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ રૂા. ૧.૩૮ કરોડ<br>૨. વધુમાં રાજ્યના નાગરિકો, સ્વૈચ્છિક સંસ્થાઓ, ઔદ્યોગિક એકમો તરફથી મળેલ રોજીંદી વપરાશની ચીજ-વસ્તુઓ-કપડાં-અનાજની કીટસ, વિગેરે મળી રૂા. ૧૪.૮૫ કરોડની ૩૨૩૮ ટનની રાહત સામગ્રી, રસ્તા, રેલ્વે અને હવાઈ માર્ગે પહોચાડવામાં આવી છે.<br>૩. આંદામાન-નિકોબારમાં સંદેશા વ્યવહાર પુનઃસ્થાપન માટે હેમ રેડીયોની ૧૦ સભ્યોની ટીમ મોકલવામાં આવી હતી.<br>૪. તામિલનાડુ રાજ્યને-<br>ગેલ્વેનાઈઝ પતરા નંગ : ૪૬૩૭૫<br>વાંસ નંગ : ૭૦૦૦૦<br>મોકલવામાં આવ્યા છે. |

----------

## સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા આધારિત પીવાના પાણીની યોજના

૮૧૯૪ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ)** :**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા આધારિત પીવાના પાણીની યોજના બનાવવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. બે યોજનાઓ બનાવવામાં આવેલ છે. |
| (૨) આ બનાવાયેલ યોજનાથી કેટલા શહેર અને ગામડાઓને પીવાના પાણીની સુવિધા આપવામાં આવનાર છે, અને | (૨) ૬ શહેર અને ૪૨૪ ગામોને |
| (૩) બાકી રહેતા ગામો માટે રાજ્ય સરકારનું શું આયોજન છે? | (૩) બાકી રહેતા ૨૨૪ ગામો નર્મદા કેનાલ આધારિત યોજના હેઠળ ક્રમશઃ આવરી લેવાનું આયોજન છે. |

----------

## ભીલોડા તાલુકાના ખેડૂતોને હાથમતી ડેમ અથવા મેશ્વો ડેમમાંથી સિંચાઈ માટે પાણી આપવા અંગે

૯૨૬૮ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભીલોડા તાલુકાના ખેડૂતોને સિંચાઈનું પાણી આપવા હાથમતી અથવા મેશ્વો ડેમમાંથી પાણી લીફટ કરી આપવાનું કોઈ આયોજન સરકારે કર્યુ છે, | (૧) હાલ આયોજન વિચારણામાં નથી. |
| (૨) જો હા, તો કેટલા તળાવો પાણી લીફટ કરીને ભરવામાં આવનાર છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો, ના તો સિંચાઈ માટે અન્ય કોઈ આયોજન છે કે કેમ? | (૩) નર્મદાનું પાણી બે સંલગ્ન અલગ પાઈપ લાઈનથી હાથમતી અને મેશ્વો જળાશયમાં લાવવાનું આયોજન છે. જે થકી પિયત વિસ્તારમાં સિંચાઈનું આયોજન કરેલ છે. ચેકડેમો બાંધવાનું આયોજન પણ કરેલ છે. |

----------

## લખપત તાલુકાના મુધાન ડેમનું કામ પુનઃ શરૂ કરવા અંગે

૯૦૦૨ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા(અબડાસા)** :**માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કચ્છ જીલ્લા લખપત તાલુકાના મુધાન ડેમનું કામ વર્ષો પહેલા એજન્સી નક્કી કરી શરૂ કરવામાં આવેલ પરંતુ ઈજારદાર વચ્ચેથી કામ છોડી દેતાં આ કામ ઘણા સમયથી બંધ છે તો આ કામ ક્યારે શરૂ કરી પૂર્ણ કરવામાં આવશે? | આ યોજનાની ભૂકંપ પ્રુફ આલેખનની કામગીરી પૂર્ણ થયેથી નાણાકીય ઉપલબ્ધી મુજબ કામ હાથ ધરવાનું આયોજન છે. |

----------

## ગાંધીનગર અને દહેગામ તાલુકાની પાણી પુરવઠા યોજનાઓ અંગે

૯૬૬૩ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ દહેગામ, ગાંધીનગર તાલુકાની કઈ કઈ પાણી પુરવઠા યોજનાઓ ચાલુ છે, | (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ દહેગામ તથા ગાંધીનગર તાલુકાની પાણી પુરવઠા યોજનાઓ સાથેના પત્રકમાં જણાવ્યા મુજબ ચાલુ સ્થિતિમાં છે. દહેગામ તાલુકાની ૯૨ તેમજ ગાંધીનગર તાલુકાના ૭૮ ગામોની તમામ યોજનાઓ ચાલુ છે. |
| (૨) યોજના વાઈઝ કયા કયા ગામોને સાંકળી લેવામાં આવેલ છે, | (૨) સ્વતંત્ર પાણી પુરવઠા યોજનાઓ હેઠળ તમામ ગામોને સાંકળી લેવામાં આવેલ છે. |
| (૩) કયા કયા ગામોને કોઈપણ યોજનાનો લાભ મળ્યો નથી, અને | (૩) શૂન્ય |
| (૪) તેવા ગામોને કઈ કઈ યોજના સાથે સાંકળી લેવામાં આવશે અને કેટલા સમયમાં? | (૪) કાર્યવાહી સંપૂર્ણ થયેલ છે. આ ઉપરાંત બંને તાલુકાના તમામ ૧૭૦ ગામોને સુજલામ્-સુફલામ્ યોજના દ્વારા નર્મદા કેનાલ આધારિત યોજનામાં સમાવી લેવામાં આવ્યા છે. જેના કામો ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

----------

### અમદાવાદમાં કેરોસીનના કાળાબજાર

૯૬૬૭ **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ)** :**માનનીય નાગરિક પુરવઠા** મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા અમદાવાદમાં કેરોસીનના કાળાબજાર માટે કેટલા કેસો કરવામાં આવ્યા, અને

(૨) કેટલા કેસોમાં પી.બી.એમ. હેઠળ કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) (અ) ખાતાકીય રાહે કુલ ૧,૮૯૭ કેસો.

(બ) અમદાવાદ શહેર .... ૧,૭૫૮

(ક) અમદાવાદ ગ્રામ્ય ... ૧૩૯

(૨) (અ) પી.બી.એમ. હેઠળ કુલ ૨૧-કેસોમાં.

(બ) અમદાવાદ શહેર ....... ૧૧

(ક) અમદાવાદ ગ્રામ્ય ... ૧૦

----------

### રાજ્યના આદિવાસી વિસ્તારોમાં પીવાના પાણી માટે રીચાર્જીંગ કામગીરી

૯૨૮૦ **શ્રીમતી રમીલાબેન બે. બારા(ખેડબ્રહ્મા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ૩૧ડિસેમ્બર, ૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના આદિવાસી વિસ્તારમાં પીવાના પાણી માટે રીચાર્જીગની કામગીરી સરકારે શું કરી છે, અને

(૨) જીલ્લાવાર કેટલી યોજનાઓ પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) ચેકડેમ, ભુગર્ભ ચેકડેમ, નાલા પ્લગીંગ, બોર બ્લાસ્ટીંગ, તથા હાઇડ્રોફેક્ચરીંગ જેવા વિવિધ ૩૨૨ કામો પૂર્ણ કરેલ છે.

(૨) નીચેની વિગતે યોજનાઓ પૂર્ણ કરવાનું આયોજન છે.

| અ.નં | જીલ્લો | યોજનાપુર્ણ કરવાનું આયોજન | |
|---|---|---|---|
| | | ૩/૦૫ સુધી | ૩/૦૬ સુધી |
| ૧ | વડોદરા | ૨ | ૩ |
| ૨ | નર્મદા | ૧૧ | ૦ |
| ૩ | દાહોદ | ૧૪ | ૧ |
| ૪ | સુરત | ૫ | ૦ |
| ૫ | ભરૂચ | ૧ | ૩ |
| ૬ | વલસાડ | ૮ | ૦ |
| ૭ | ડાંગ | ૪૩ | ૦ |
| ૮ | સાબરકાંઠા | ૩૧૪ | ૩૭૫ |
| | કુલ : | ૩૯૮ | ૩૮૨ |

----------

### ભૂતિયા રેશનકાર્ડ દ્વારા વગે થતો અનાજનો જથ્થો

૯૬૪૯ **શ્રી બિમલ શાહ(કપડવંજ)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

ભૂતિયા/બોગસ રેશનકાર્ડ પર વગે થતો અનાજનો જથ્થો અટકાવવા સરકારે શું પગલાં લીધા છે ?

**જવાબ**

રાજ્યના જીલ્લા તથા રાજ્યકક્ષાના તંત્ર દ્વારા વાજબી ભાવની દુકાનોની નિયમિત અને

| | |
|---|---|
| જથ્થો અટકાવવા સરકારે શું પગલાં લીધા છે ? | ઝુંબેશ સ્વરૂપે સઘન તપાસણીઓ કરવામાં આવે છે. તપાસણી વખતે જણાયેલ ગેરરીતિઓ આચરનાર સંચાલક સામે પી.ડી.એસ. કંન્ટ્રોલ ઓર્ડર હેઠળ શિક્ષાત્મક પગલાં લેવામાં આવે છે. જેમાં જથ્થો તત્કાળ કબજે લેવો ખાતારાહે પગલાં લઇ માલ તેમજ પરવાના અનામત રાજ્યસાત કરવી, પરવાનો મોકૂફ રાખવો અને તેમજ ગંભીર ગેરરીતિના કિસ્સામાં પરવાનો રદ કરી પોલીસ કેસ દાખલ કરવો તેમજ અટકાયત સુધીના પગલાં લેવામાં આવે છે. |

----------

## રાજ્યમાં ઓછી સ્ટેમ્પ ડ્યુટી ભરવાના કિસ્સા

૮૩૪૫ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ)** :**માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં નોંધાયેલા દસ્તાવેજોમાં ઓછી સ્ટેમ્પ ડ્યુટી ભરવાના કેટલા કિસ્સા સન ૨૦૦૩-૨૦૦૪માં સરકારની જાણમાં આવ્યા છે, | (૧) ૫૨,૫૫૩. |
| (૨) સરકારે ઠરાવેલ નિયત સમયની હાલની સ્ટેમ્પ ડ્યુટીમાં છૂટછાટ આપવાની યોજના હેઠળ કેટલા દસ્તાવેજોનો નિકાલ થયો અને કેટલી આવક થઇ, અને | (૨) ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતીએ ૧,૧૭,૫૩૯ કેસોનો નિકાલ થયો અને રૂા. ૬૮૧૫.૩૬ લાખની આવક થયેલ છે. |
| (૩) સરકાર આ યોજના લંબાવવા માંગે છે કે કેમ ? | (૩) જાહેર થયેલ યોજનાના સંદર્ભમાં આ બાબતે હાલ કોઇ વિચારણા નથી. |

----------

## ધરોઇ યોજના સંબંધમાં ખેડૂતોને વળતર

૯૫૬૭ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધરોઇ યોજના અંતર્ગત ખેડૂતોની સંપાદિત જમીનો અંગે કેટલા ખેડૂતોને વળતર ચુકવવાનું તારીખ ૩૧-૧-૦૫ની સ્થિતિએ બાકી છે, | (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ ૧૫૧૪ ખાતેદારોને રૂા. ૧,૮૬,૦૮,૮૨૧/- ચૂકવવા બાકી હતા. જે પૈકી ૨૩૭ ખાતેદારોને રૂા. ૩૧,૦૧,૪૪૪/-નું વળતર ચુકવી દેવાયેલ છે. |
| (૨) સદર બાકી વળતર ક્યાં સુધીમાં ચુકવાશે, અને | (૨) બાકી ખાતેદારોને માર્ચ-૨૦૦૫ સુધીમાં ચુકવણું કરવા આયોજન છે. |
| (૩) વિલંબ થવાના કારણો શું છે ? | (૩) એવોર્ડ જાહેર થયા બાદ સંમતિ પત્રકો મેળવવામાં સમય પસાર થયેલ હતો |

----------

## લુણાવાડા તાલુકાની ચારણગામ જૂથ પાણી પૂરવઠા યોજના

૮૬૬૭ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ(લુણાવાડા)** :**માનનીય પાણી પુરવઠા** મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) લુણાવાડા તાલુકાની ચારણગામ જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા કેટલા ગામોને પીવાનું પાણી આપવાનું આયોજન છે, | (૧) ૪૧ ગામો. |
| (૨) હાલ આ યોજનામાંથી કેટલા ગામોને પીવાનું પાણી મળે છે, અને | (૨) ૩૭ ગામો. |
| (૩) બાકીના ગામોને ક્યાં સુધીમાં આ યોજનાથી પીવાનું પાણી મળશે ? | (૩) જુન-૨૦૦૫ના અંત સુધીમાં પાણી પુરવઠો શરૂ કરવાનું આયોજન છે. |

----------

## રાજ્યમાં પીવાના પાણીના પાઇપની ખરીદીમાં ગેરરીતિ

૯૦૨૧ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ડિસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પીવાના પાણીના પાઇપની ખરીદીમાં ગેરરીતિના કેટલા કિસ્સા સરકારના ધ્યાને આવ્યા, અને | (૧) એક. |
| (૨) તે અન્વયે જવાબદારો સામે શું કાર્યવાહી કરી ? | (૨) પ્રાથમિક તપાસમાં કોઇ જવાબદાર જણાયેલ ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## શેત્રુંજી ડેમનું પાણી ખેડૂતો માટે અનામત રાખવા અંગે

૮૩૯૦ **શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી(ઘોઘા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શેત્રુંજી ડેમનું નિર્માણ સિંચાઇના ઉદ્દેશ સાથે કરવામાં આવેલ છે તે વાત સાચી, અને | (૧) હા જી, શેત્રુંજી ડેમનું નિર્માણ સિંચાઇના હેતુ માટે થયેલ છે. |
| (૨) જો હા, તો હાલ શહેરીજનો માટે પાણીની અન્ય સુવિધા ઉપલબ્ધ છે ત્યારે સરકાર શેત્રુંજી ડેમનું સંપુર્ણ પાણી ખેડૂતો માટે અનામત રાખવા માગે છે કે કેમ ? | (૨) આ બાબતે નીતિ વિષયક નિર્ણય લઇ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. |

----------

## સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ ચોટીલા અને સાયલા તાલુકામાં ચેકડેમોની મંજૂરી

૮૮૧૭ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ્ સુફલામ્ યોજના અન્વયે ચોટીલા અને સાયલા તાલુકામાં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં છેલ્લા એક વર્ષમાં કેટલા ચેકડેમો મંજૂર કર્યા છે, | (૧) સાયલા તાલુકામાં ૨૦<br>ચોટીલા તાલુકામાં ૪ |
| (૨) મંજૂર પૈકી કેટલા ચેકડેમો પૂર્ણ થયા અને કેટલાનું કામ ચાલુ છે, | (૨) એક પણ નહીં. |
| (૩) ચાલુ કામો કેટલા સમયમાં પૂર્ણ થશે, અને | (૩) ડીસેમ્બર-૨૦૦૫. |
| (૪) કેટલા કામોમાં નબળા કામની ફરીયાદ મળી છે, અને કેટલા કામની તપાસ કરવામાં આવી છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## સુરત જિલ્લામાં ચેકડેમો અને તળાવો બનાવવા અંગે

૧૦૦૩૯ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૧-૧-૦૩ થી તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા અને તાલુકાવાર કુલ કેટલા તળાવો બનાવવામાં તથા ઉંડા કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં તા. ૧-૧-૦૩ થી તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં કુલ ૨૪૮ ચેકડેમો બનાવવામાં આવ્યા. માંડવી તાલુકામાં બે નવા તળાવો બનાવવામાં આવ્યા. જ્યારે તાલુકાવાર ઉંડા કરવામાં આવેલ તળાવોની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ઉંડા કરવામાં આવેલ તળાવોની સંખ્યા. |
|---|---|
| કામરેજ | ૯ |
| ઓલપાડ | ૭ |
| ચોર્યાસી | ૬ |
| પલસાણા | ૫ |
| માંડવી | ૨ |

(૨) જે પૈકી કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) જે પૈકી ચેકડેમો બનાવવા પાછળ રૂા. ૮૪૭.૨૮૧ લાખનો ખર્ચ, નવા તળાવો બનાવવા પાછળ રૂા. ૧૦.૮૪ લાખનો ખર્ચ તથા તળાવો ઉંડા કરવા પાછળ રૂા. ૧૧૩.૫૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

## અમદાવાદમાં પેટ્રોલમાં ભેળસેળના કેસો

૮૫૬૬ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં કેટલા પેટ્રોલપંપો ઉપર ભેળસેળ કરવાના કેસો છેલ્લા એક વર્ષમાં તા. ૩૧/૧૨/૦૪ ની સ્થિતિએ કરવામાં આવ્યા, અને | (૧) ૧ (એક) |
| (૨) આવી ભેળસેળ કરતા ઈસમો સામે શા પગલા ભરવામાં આવ્યા ? | (૨) પગલાં લેવાની કાર્યવાહી ચાલુ છે. |

---------

## સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ સૌરાષ્ટ્રમાં મોટા ચેકડેમો

૯૨૭૭ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા)** :**માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ સૌરાષ્ટ્ર વિસ્તારના મોટા ચેકડેમો કરવાના કામની શું પ્રગતિ છે, અને | (૧) સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ સુરેન્દ્રનગર સહિત સૌરાષ્ટ્ર વિસ્તારમાં ૧૦૭ મોટા ચેકડેમનું આયોજન છે જે પૈકી ૮ મોટા ચેકડેમનાં ટેન્ડર મંજૂર થયાં છે, ૩૨ મોટા ચેકડેમના ટેન્ડરો ચકાસણી હેઠળ છે જ્યારે ૬૭ મોટા ચેકડેમના ટેન્ડરો આમંત્રીત કરેલ છે. |
| (૨) આ કામો ક્યારે પુરા કરવામાં આવશે અને આ માટે કેટલો અંદાજીત ખર્ચ થનાર છે ? | (૨) આ કામો ડીસેમ્બર-૨૦૦૫ સુધીમાં રૂા. ૮૩.૯૧ લાખના અંદાજી ખર્ચથી પૂર્ણ કરવા આયોજન છે. |

---------

## રાજ્યમાં અનાવૃષ્ટિના કારણે કેન્દ્રિય સહાય બાબત

૯૦૨૬ **શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા)** :**માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં ભારે અનાવૃષ્ટિના કારણે નુકશાન થયેલ છે. તે અન્વયે રાજ્ય સરકારે કેટલી રકમની કેન્દ્રિય સહાય માંગી છે, અને | (૧) રાજ્યમાં ૨૦૦૪ના વર્ષમાં ભારે અનાવૃષ્ટિના કારણે કોઈ નુકશાન થયેલ નથી. આથી તે હેતુ માટે કેન્દ્રીય સહાય માંગવાનો પ્રશ્ન રહેતો નથી. |
| (૨) આ સહાય સામે તા. ૩૧/૧૨/૨૦૦૪ સુધીમાં કેટલી રકમ કેન્દ્ર તરફથી કયારે ચુકવવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## મહેસાણા જિલ્લામાં નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવાના કેસો

૯૬૫૬**. ડૉ. અતુલ કે. પટેલ(કલોલ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા ૩૧/૧૨/૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહેસાણા જિલ્લામાં નવી શરતની જમીનોને જૂની શરતમાં ફેરવવાના કેટલા કેસો પડતર હતા, | (૧) તા. ૧/૧/૨૦૦૨ થી તા. ૩૧/૧૨/૨૦૦૪ સુધીના ત્રણ વર્ષના ગાળામાં તા. ૩૧/૧૨/૨૦૦૪ની સ્થિતિએ ૨૨૬ કેસો |

અને — પડતર હતા.

(૨) આ કેસો પડતર રહેવાના કારણો શું છે? — (૨) ખાતેદારો દ્વારા ૬૦ પટની રકમ નહિ ભરવાના કારણે પડતર રહેવા પામેલ છે.

---------

## સાવલી તાલુકામાં પાણીની ટાંકીઓમાં પાણી નહીં ચડવા અંગે

૯૦૧૨ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ(સાવલી)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવલી તાલુકામાં આવેલ પાણી પુરવઠા દ્વારા બનાવવામાં આવેલ પાણીની કેટલીક ટાંકીઓમાં પાણી પહોંચતું નથી તે વાત સાચી, | (૧) સાવલી તાલુકામાં આવેલ ૧૩૨ ઉંચી ટાંકીઓ પૈકી ૧૬ ટાંકીઓમાં પાણી પહોંચતું નથી. |
| (૨) જો હા, તો આવા કયા કયા ગામે પાણીની ટાંકીઓ બનાવ્યા પછી તેનો ઉપયોગ પાણી ભરવામાં થતો નથી, અને | (૨) ૧. ભમરઘોડા ૨. ગુતરડી ૩. સોખડાના મુવાડા ૪. ઈન્દ્રપુરી ૫. ગોઠડા ૬. અમરાપુરા ૭. કેસરના મુવાડા ૮. સામંતપુરા ૯. લાછનપુરા ૧૦. દીપાપુરા ૧૧. તાડીયાપુરા ૧૨. નવાપુરા ૧૩. ભારપુરા ૧૪. મેવલી ૧૫. ઈન્દ્રાડ ૧૬. માલ આંકલિયા. |
| (૩) આ પાણીની ટાંકીઓમાં કયાં સુધીમાં પાણી ભરાશે અને તેનો લાભ ગ્રામજનોને મળશે ? | (૩) ક્રમશઃ ૩/૨૦૦૫ થી ૧૨/૨૦૦૫ સુધીમાં ટાંકીઓમાં પાણી ભરી ગ્રામજનોને લાભ આપવાનું આયોજન છે. |

---------

## મહેસૂલ વિભાગના ઠરાવો/પરિપત્રોનું સંકલન

૯૬૩૪ **શ્રી સી. ડી. પટેલ(પેટલાદ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસૂલ વિભાગે ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી ઠરાવો/પરિપત્રોને સંકલિત કરીને બહાર પાડ્યા છે કે કેમ? | (૧) હા. જી. |
| (૨) જો હા, તો કેટલા અને ક્યા ક્યા, અને | (૨) સાત |

| અ.ન. | વિષય | ઠરાવ ક્રમાંક તારીખ |
|---|---|---|
| (૧) | અછત-રાહત અંગેના ઠરાવો/ પરિપત્રો સંબંધની પુસ્તિકા. | વર્ષ૨૦૦૨-૨૦૦૩ના અછત રાહત અંગેના ઠરાવો |
| (૨) | સરકારી જમીનની જાળવણી કરવા તેમજ તેના પર થતું અનધિકૃતદબાણઅટકાવવાબાબત. | તા.૧૬-૧૦-૨૦૦૪નો ઠરાવક્રમાંક :અદજ-[illegible] |

| | | |
|---|---|---|
| | અનધિકૃતદબાણઅટકાવવાબાબત. | ઠરાવક્રમાંક :અદજ-૧૦૨૦૦૨-૧૬૬૭ ભાગ-૨-લ. |
| (૩) | બીનખેતીના હેતુ માટે સરકારી પડતર જમીન આપવા બાબત | તા. ૬-૬-૨૦૦૩નો ઠરાવ ક્રમાંક :જમન-૩૯૨૦૦૩-૪૫૪-અ. |
| (૪) | ન ખેડી શકાય તેવી સરકારી પડતર જમીનોના વિકાસ માટેની રાષ્ટ્રીય યોજના. ફળઝાડ અને અન્ય વૃક્ષના ઉછેર માટે આપવા ઉપરાંત કપાસ તથા અન્ય પાકોના વાવેતર માટે આપવા બાબત. | તા.૧૦-૬-૨૦૦૩નોઠરાવ ક્રમાંક :જમન-૩૯૨૦૦૩-૪૫૪-(૨)- અ. |
| (૫) | ખેતી વિષયક હેતુ માટે સરકારી પડતર જમીનના નિકાલ બાબત. | તા.૧-૧૧-૨૦૦૩ના ઠરાવક્રમાંકઃજમન-૩૯૨૦૦૩-૪૫૪-(૧)-અ. |
| (૬) | હક્કપત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) અદ્યતન રાખવા બાબત. | તા.૧-૧૨-૨૦૦૩ના ઠરાવક્રમાંકઃહકપ-૧૦૨૦૦૩-૭૨૭-જ. |
| (૭) | વિક્રિયાદીનિયંત્રિત(નવી અવિભાજ્ય શરતેખેતીના હેતુ માટે ધારણ કરાતી જમીનો બાબતના સરકારી હુકમોનું સંકલન. | તા.૧૮-૧૨-૨૦૦૪નાઅને ઠરાવ ક્રમાંકઃ નશજ-૧૦૨૦૦૩-૨૬૦૦-જ. |

(૩) જો, ન પડ્યા હોય, તો બહાર પાડવાનો ઈરાદો છે કે કેમ ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## 'ગુડા' વિસ્તારના ગામોને પીવાનું પાણી આપવા અંગે

૮૧૪૮ **ડૉ. સી. જે. ચાવડા(ગાંધીનગર)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુડા વિસ્તારના ગામોને નર્મદાનું પીવાનું પાણી પુરૂં પાડવાની યોજના હાલ કયા તબક્કે છે, અને | (૧) યોજનાના કામો હાલ બાંધકામના તબક્કે છે. |
| (૨) આ યોજના ક્યારે પૂર્ણ થશે? | (૨) ઓગસ્ટ-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

## કચ્છ જિલ્લાને નર્મદા પાઈપ લાઈન દ્વારા પીવાનું પાણી આપવા અંગે

૯૬૧૩ **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના અંતરીયાળ વિસ્તાર તેમજ છેવાડાના વિસ્તાર સુધી નર્મદા પાઈપ લાઈનથી પીવાનું પાણી પહોંચાડવાની કામગીરી તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ કયા તબક્કામાં છે, અને | (૧) અંતરીયાળ તથા છેવાડાના ગામોનું કામ આયોજનના તબક્કે છે. જ્યારે મુખ્ય પાઈપ લાઈનનું કામ પ્રગતિમાં છે. |
| (૨) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૨) નાણાની ઉપલબ્ધિ અનુસાર તબક્કાવાર માહે ૧૨-૨૦૦૫ થી ૧૨-૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

------

## પારડી તાલુકામાં દમણગંગા નહેર યોજનાના બાકી કામો

૯૨૭૨ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ(પારડી)** :**માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દમણગંગા નહેર યોજના અંતર્ગત વલસાડ જિલ્લાના પારડી તાલુકાની સબ કેનાલો ઘ ણી બાકી છે તે સરકાર જાણે છે, અને | (૧) દમણગંગા નહેર યોજના અંતર્ગત વલસાડ જિલ્લાના પારડી તાલુકાની સબ કેનાલો બાકી નથી પરંતુ ઢાળિયાની કામગીરી ખૂબ થોડા વિસ્તારમાં બાકી છે. |
| (૨) જો હા, તો સરકાર બાકી રહેલ સબ કેનાલોના કામો કેટલા સમયમાં પૂર્ણ કરવા ધારે છે? | (૨) પારડી તાલુકાની બાકી રહેલ ઢાળિયાની કામગીરી લાભિત ખેડૂતોની સંમતિ લઈ સત્વરે પૂર્ણ કરવાનું આયોજન છે. |

## અમરેલી શહેર પાણી પુરવઠા સુધારણા યોજના

૮૪૮૬ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી શહેર પાણી પુરવઠા સુધારણા યોજનાનું કામ તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) અમરેલી શહેર પાણી પુરવઠા સુધારણા યોજના મંજૂરીના તબક્કે છે, |

| | |
|---|---|
| (૨) વહીવટી મંજૂરી કયારે આપવામાં આવી, અને | (૨) વહીવટી મંજૂરી આપવામાં આવેલ નથી. |
| (૩) આ યોજના માટે કેટલી રકમ ફાળવવામાં આવી? | (૩) આ યોજના માટે કોઈ રકમ ફાળવવામાં આવી નથી. |

-----------

## જિલ્લા તકરાર નિવારણ ફોરમોમાં કેસોનો ભરાવો

૯૬૫૩ **શ્રી યોગેશભાઈ ના. પટેલ(રાવપુરા)** : **માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન અને જિલ્લા ફોરમો હસ્તકના કેસોનો મોટી સંખ્યામાં ભરાવો થયો છે તે સરકાર જાણે છે, અને | (૧) હા, જી. |
| (૨) કેસોના ઝડપી નિકાલ માટે સરકારે શાં પગલાં લીધા છે ? | (૨)<br>(૧) જે જિલ્લાઓમાં કેસોનું પ્રમાણ વધુ હોય, તેના નજીકના જિલ્લાના ફોરમને કાયદાની જોગવાઈ મુજબ કેસો ટ્રાન્સફર કરીને,<br>(૨) પ્રમુખ/મેમ્બરની જગ્યાઓ ખાલી ન રહે તેની તકેદારી રાખીને,<br>(૩) રાજ્ય કમિશન માટે વધારાની સરકીટ બેંચની રચના કરવાની વિચારણા કરેલ છે,<br>(૪) રાજ્યના મોટા શહેરો માટે વધારાના ફોરમ સ્થાપવા વિચારણા કરેલ છે. |

----------

## પાવાગઢમાંથી પાવાગઢ ડુંગર પર પીવાનું પાણી પહોંચાડવા અંગે

૮૧૨૦ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ)** :**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાવાગઢ ડુંગર પર પીવાનું પાણી પહોંચાડવા માટેની યોજનાનું કામ મંજુર થયેલ છે કે કેમ, | (૧) હા જી, યોજના મંજૂર થયેલ છે. |
| (૨) આ કામના ટેન્ડરો મંજુર કરેલ છે કે કેમ, અને | (૨) ટેન્ડરો મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે. |

| | |
|---|---|
| (૩) આ કામ સરકાર કયાં સુધીમાં પૂર્ણ કરવા માંગે છે ? | (૩) ટેન્ડર મંજૂર થયેથી ૬ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

----------

## ભૂજ, મુંદ્રા, અંજાર અને ગાંધીધામ તાલુકાના ગામતળ નીમ કરવા અંગે

૯૨૯૧ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના ભૂજ, મુંદ્રા, અંજાર, ગાંધીધામ તાલુકામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કયા કયા ગામોના કેટલા ગામતળ નીમ કરવાની રજુઆત આવી, | (૧) કચ્છ જિલ્લાના મુંદ્રા તાલુકાના કાચરીયા, કુંદરડી, હટડી, કારાઘેલા તેમજ ભૂજ તાલુકાના લુણી ઉખડમોરા, ચુનડી, રૂદ્રાણી કુલ-૮ ગામોની ગામતળ નીમ કરવાની રજુઆતો આવી. |
| (૨) તે પેકી કેટલા ગામોને ગામતળ નીમ કરી, જાહેર હરાજીથી પ્લોટ ગામ લોકોને આપવામાં આવ્યા, અને | (૨) ૩ ગામે ગામતળ નીમ કરવામાં આવેલ છે, પણ પ્લોટ ફાળવવામાં આવેલ નથી. |
| (૩) બાકી રહેલ ગામોના ગામતળ નીમ કરી કયાં સુધીમાં પ્લોટ આપવાનું રાજ્ય સરકારની વિચારણામાં છે ? | (૩) બનતી ત્વરાએ. |

--------------

## વ્યારા તાલુકામાં સિંચાઈથી વંચિત ખેડૂતો

૯૬૦૨ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા)** :**માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૦૪ ની સ્થિતિએ વ્યારા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના કેટલા ખેડૂતો સિંચાઈના લાભથી વંચિત છે, અને | (૧) તા. ૩૧/૧૨/૦૪ ની સ્થિતિએ વ્યારા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ૪૪૨૮૬ ખેડૂતો સિંચાઈથી વંચિત છે, |
| (૨) વંચિત રહેલા ખેડૂતોને સરકાર કેટલા સમયમાં સિંચાઈનો લાભ આપવા માંગે છે ? | (૨) વંચિત રહેલા ખેડૂતો પૈકી પ્રગતિ હેઠળની ઉકાઈ ડાબાકાંઠા હાઈલેવલ નહેરના પિયત વિસ્તારમાં આવતા ૧૧૮૦૦ ખેડૂતોને આગામી ત્રણ વર્ષમાં સિંચાઈનો લાભ આપવા માંગે છે. જ્યારે અન્ય શકય તેટલા વંચિત ખેડૂતોને પંચાયત હસ્તકની વિવિધ યોજનાઓ જેવી કે ઉદ્વહન સિંચાઈ, બંધારા, ચેકડેમ, અનુશ્રવણ તળાવો, સામુહિક કુવાઓ વિગેરે જેવી યોજનાઓ નાણાંકીય ઉપલબ્ધિને આધીન કામગીરી હાથ ધરવાનું આયોજન છે. |

-----------

## ભૂમિદાનમાં આપેલ જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવા અંગે

૮૪૦૩ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભૂમિદાનમાં આપેલ જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવામાં આવતી નથી, આ વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ બાબતે સરકાર શું કાર્યવાહી કરવા માંગે છે ? | (૨) બાબત વિચારણા હેઠળ છે. |

--------------

## ભાવનગર તાલુકાના સીદસર ખાતે રમતગમતના મેદાન માટે જમીનની ફાળવણી

૯૫૮૬ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર તાલુકાના સીદસર ખાતે રમતગમત માટેના મેદાનની જમીનની ફાળવણીની માંગણી તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ એક વર્ષ કરતાં વધુ સમયથી પેન્ડીંગ છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) તે ફાળવવા રાજ્ય સરકારે શા પગલાં લીધા છે ? | (૨) નિર્ણય માટે સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |

-------------

## મોરબી, ટંકારા અને પડધરી તાલુકામાં ૬૦ : ૪૦ ના ચેકડેમો

૮૧૦૮ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૦૪ની સ્થિતિએ મોરબી ટંકારા-પડધરી તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ૬૦ :૪૦ ના કેટલા ચેકડેમો ને મંજૂરી આપવામાં આવી,

**જવાબ**

(૧)

| તાલુકો | મંજૂર થયેલ ચેકડેમો |
|---|---|
| મોરબી | ૧૬૦ |
| ટંકારા | ૧૭૦ |
| પડધરી | ૩૬૮ |

(૨) તેમાંથી કેટલા કામો મંજુર થયા અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨)

| તાલુકાનું નામ | મંજુર થયેલ ચેકડેમો | થયેલ ખર્ચ રૂ. લાખમાં |
|---|---|---|
| મોરબી | ૧૬૦ | ૨૨૮.૯૯ |
| ટંકારા | ૧૭૦ | ૭૦.૯૦ |
| પડધરી | ૩૬૮ | ૧૪૪.૪૯ |

(૩) બાકીના કામો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) લોકભાગીદારીની યોજના હોઈ લોકજુથોના આયોજન મુજબ કામો પુરાં કરવાના રહે છે.

----------

## સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં નડતી બાનમુકિતનો પ્રશ્ન

૯૫૯૦ **શ્રી ઇશ્વરભાઇ ધ. મકવાણા(જોટાણા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં બાનમુકિતનો પ્રશ્ન આડે આવે છે તે વાત સાચી છે, અને | (૧) ના, જી. |

(૨) જો હા, તો તે અંગે સરકાર શું પગલાં લેવા માંગે છે ? (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**બારડોલી અને માંડવી તાલુકાના ગૌચરની જમીન અન્ય હેતુ માટે ફાળવવા અંગે**

૮૫૮૪ **શ્રી અનિલકુમાર મો. પટેલ(બારડોલી)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં આવેલ બારડોલી અને માંડવી તાલુકાના કયા કયા ગામોની ગૌચરની જમીનને અન્ય હેતુ માટે ફાળવવામાં આવી, અને | (૩) પત્રક-ક મુજબ. |
| (૨) આવી જમીનો કયા હેતુ માટે કેટલી ફાળવાઇ છે ? | (૪) પત્રક-ખ મુજબ. |

**પત્રક- ક**

**બારડોલી અને માંડવી તાલુકાના ગામોની ફાળવાયેલ ગૌચરની જમીનની વિગતો.**

| **અ. નં.** | **તાલુકાનું નામ** | **ગામનું નામ** |
|---|---|---|
| (૧) | બારડોલી | ૧. સુરાલી |
| (૨) | માંડવી | ૧. મોટીચેર |
| | | ૨. ઇસર |
| | | ૩. માંડવી |
| | | ૪. દેવગઢ |
| | | ૫. માંકણઝેર |
| | | ૬. નંદપોર |
| | | ૭. તડકેશ્વર |

**પત્રક-ખ**

**ગૌચરની જમીન મુખ્યત્વે કયા હેતુ માટે ફાળવેલ છે તેની વિગતો.**

| અ.નં | તાલુકો | ગામ | ક્ષેત્રફળ (ચો. મી.) | હેતુ |
|---|---|---|---|---|
| ૧. | બારડોલી | ૧. સુરાવી | ૮૩-૬૧ | દુધ મંડળીના મકાન માટે |
| ૨. | માંડવી | ૧. મોટીચેર | ૩૪૬-૨૪<br>૪૦૪૭-૦૦ | હાઇસ્કુલના મકાન માટે<br>રમતગમતના મેદાન માટે |
| | | ૨. ઇસર | ૨૦૦-૦૦ | મંડળીના ઓફિસ તથા સ્ટોરરૂમ બનાવવા |
| | | ૩. માંડવી | ૨૦૦-૦૦ | મંડળીના મકાન માટે |
| | | ૪. દેવગઢ | ૨૦૦-૦૦ | છાત્રાલય માટે કુવો બનાવવા માટે |
| | | ૫. માંકણઝેર | ૮૪-૦૦ | મંડળીના મકાન માટે |
| | | ૬. નંદપોર | ૧૬૧૮૮- | વનીકરણના હેતુ માટે |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ૦૦ | |
| | | ૭. તડકેશ્વર | ૧૬૧૮૮-૦૦ | વનીકરણના હેતુ માટે |

----------

## સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ મધ્ય ગુજરાતમાં મોટા ચેકડેમોનું આયોજન

૯૨૫૪ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ મધ્ય ગુજરાતમાં મોટા ચેકડેમોનું શું આયોજન છે, અને | (૧) સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં રૂા. ૨૮.૯૦ કરોડના ખર્ચે ૧૪૫ મોટા ચેકડેમો અને દાહોદ જિલ્લામાં રૂા. ૧૩.૧૮ કરોડના ખર્ચે ૬૩ મોટા ચેકડેમો બનાવવાનું આયોજન છે. |
| (૨) આ યોજના હેઠળ ક્ષાર પ્રવેશ નિયંત્રણના કામો આવરી લેવાનું આયોજન છે કે કેમ ? | (૨) વિચારણા હેઠળ છે. |

----------

## સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં નડતી બાનમુક્તિનો પ્રશ્ન

૯૫૭૦ **શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં બાનમુક્તિનો પ્રશ્ન આડે આવે છે તે વાત ખરી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે અંગે સરકાર શું પગલાં લેવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં નડતી બાનમુક્તિનો પ્રશ્ન

૯૬૫૮ **શ્રી અંબાલાલ આ. રોહિત(સોજીત્રા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં બાન-મુક્તિનો પ્રશ્ન આડે આવે છે તે વાત ખરી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે અંગે સરકાર શું પગલાં લેવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## અમદાવાદ, વલસાડ રાષ્ટ્રીય ધોરી માર્ગ પર આવેલ હોટલ સામે ફરીયાદો

૯૦૧૮ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર)** : **માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વરસમાં અમદાવાદ, વલસાડ નેશનલ હાઇવે ઉપર આવેલ હોટેલો તરફથી | (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વરસમાં અમદાવાદ, વલસાડ નેશનલ હાઇવે ઉપર આવેલ હોટલો તરફથી ખોરાક વજનમાં |

હલકી ગુણવત્તાવાળો ખોરાક વજનમાં ઓછો અને ભાવ વધારે લેવાતો હોવાની ફરિયાદો અન્વયે શું પગલાં ભરવામાં આવેલ છે, અને

ઓછો અને ભાવ વધારે લેવા બાબતે કુલ-૭૩ એકમોની ઓચિંતી મુલાકાત લઇ તપાસ કરતા વધુ ભાવ લેવા બાબતે કુલ ૨૧ એકમો સામે કાયદેસરની કાર્યવાહી કરેલ છે. તદ્ઉપરાંત ભાવમાં ચેકચાક, જરૂરી નિર્દેશનો ન કરવા બાબતે તથા વજનમાપ ધારા હેઠળ કુલ-૨૧ એકમો સામે કાયદેસરની કાર્યવાહી કરેલ છે. તથા હોટલો તરફથી હલકી ગુણવત્તા વાળો ખોરાક બાબતે કોઇ ફરીયાદ મળેલ નથી.

(૨) ભવિષ્યમાં આવું ન બને તે માટે કયા પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે ?

(૨) ભવિષ્યમાં આવું ન બને તે માટે અવાર-નવાર, નાયબ નિયંત્રકશ્રી, મદદનીશ નિયંત્રકશ્રી, નિરીક્ષકો દ્વારા ઓચિંતી મુલાકાત લઇ તપાસ કરવામાં આવશે તથા દર માસે બે મોબાઇલ યુનિટનું આયોજન કરી તપાસ કરવામાં આવશે. તદ્ઉપરાંત ફ્લાઇંગ સ્કવોર્ડ દ્વારા પણ ઓચિંતી મુલાકાત ગોઠવી તપાસ કરવામાં આવશે. વધુમાં હલકી ગુણવત્તાવાળા ખોરાકના સંદર્ભમાં, હોટેલોની તપાસ તથા સેમ્પલો લેવા અંગેની કાર્યવાહી પણ ચાલુ રાખવામાં આવશે.

----------

## સુરેન્દ્રનગર જિલ્લાના નો-સોર્સ ગામો માટે પીવાના પાણીનું આયોજન

૯૨૬૨ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં નો-સોર્સના કેટલા ગામો તાલુકાવાર છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ તાલુકાવાર નીચેની વિગતે

| અનુ.નં. | તાલુકો | ગામ |
|---|---|---|
| ૧ | હળવદ | ૨ |
| ૨ | ચૂડા | ૧ |
| ૩ | ચોટીલા | ૨ |
| ૪ | સાયલા | ૧ |
| | કુલ.... | ૬ |

(૨) આ ગામોને કાયમી ધોરણે પીવાનું પાણી આપવાની સરકારે શું વ્યવસ્થા કરી છે, અને

(૨) આ ગામોને કાયમી ધોરણે પીવાના પાણીની વ્યવસ્થા કરવા નર્મદા કેનાલ આધારિત જૂથ યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે. ચાર ગામની યોજનાના કામો પ્રગતિમાં છે જ્યારે ચોટીલા તાલુકાના ૨ ગામોની યોજનાના નકશા-અંદાજોની કામગીરી ચાલુ છે.

(૩) જો વ્યવસ્થા ન કરી હોય તો તેનાં શાં કારણો છે?

(૩) આયોજન મુજબ કામગીરી હાથ ધરેલ છે.

---------------

## અમદાવાદ શહેરમાં ભૂતિયા રેશનકાર્ડ અંગે

૧૬૭ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા)** :**માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં ઝોન પ્રમાણે કેટલા ભૂતિયાં રેશનકાર્ડ તેમજ ભૂતિયા દુકાનદારો પકડવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) (અ) તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં ઝોન પ્રમાણે નીચે મુજબ ભૂતિયા રેશનકાર્ડ પકડવામાં આવ્યા છે.

| ઝોનનું નામ | પકડાયેલ ભૂતિયા રેશનકાર્ડની સંખ્યા |
|---|---|
| (૧) અસારવા | ૭૦૬ |
| (૨) સાબરમતી | ૧૩૨ |
| (૩) રખિયાલ | ૭૩૧ |
| (૪) કાલુપુર | ૨૭૬ |
| (૫) ખાડિયા | ૪૨૨ |
| (૬) મણિનગર | ૮૬૪ |
| (૭) શહેર કોટડા | ૪૪૩ |
| (૮) એલિસબ્રિજ | ૭૬૯ |
| (૯) દ.કાજીપુર | ૧૯૪ |
| (૧૦) શાહપુર | ૨૪૮ |
| (૧૧) જમાલપુર | ૧૨૯૧ |
| (૧૨) નરોડા | ૧૦૯૪ |

(બ) કોઈ ભૂતિયા દુકાનદારો તપાસમાં પકડાયેલ નથી.

(૨) આવા રેશનકાર્ડ ધારકો અને દુકાનદારો સામે શા પગલાં ભરવામાં આવ્યા?

(૨) ભૂતિયા રેશનકાર્ડ નાબૂદી ઝૂંબેશ તા. ૧-૭-૦૪થી તા. ૩૦-૯-૦૪ સુધી ચાલેલ હતી. આ ઝૂંબેશ દરમ્યાન જે લોકો પાસે બોગસ રેશનકાર્ડ હોય તેઓ સ્વૈચ્છિક રીતે આવા રેશનકાર્ડ જમા કરાવેલ હતા તેથી આવા રેશનકાર્ડ ધારકો સામે કોઈ પગલાં લેવામાં આવેલ નથી.

----------

## નર્મદા માસ્ટર પ્લાન યોજના હેઠળ રાજ્યના શહેરો અને ગામોને પાણી આપવા અંગે

૯૨૮૫ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ નર્મદા માસ્ટર પ્લાન યોજનામાં કેટલા ગામો તથા શહેરો આવરી લેવામાં આવ્યા છે, | (૧) ૮૨૧૫ ગામો અને ૧૩૫ શહેરો. |
| (૨) તેમાંથી કેટલા ગામોને પાણી પહોંચાડવામાં આવ્યું છે, | (૨) ૧૮૨૬ ગામો. |
| (૩) બાકીના ગામોને પાણી આપવાનું શું આયોજન છે, | (૩) નાણાંકિય ઉપલબ્ધી અનુસાર ક્રમશઃ ડિસેમ્બર-૨૦૦૭ સુધીમાં પાણી પહોંચાડવાનું આયોજન છે. |
| (૪) આ માસ્ટર પ્લાન યોજનામાં હજી વધારે કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવનાર છે, અને | (૪) ૧૪૧૮ ગામો. |

(૫) તેને પાણી આપવાનું શું આયોજન છે ? (૫) નાણાંકિય ઉપલબ્ધી અનુસાર કામો હાથ પર લઈ પાણી આપવાનું આયોજન છે.

----------

**આણંદ જિલ્લાના દરિયા કાંઠાના ગામોમાં ક્ષાર નિયંત્રણના પગલાં**

૮૦૬૯ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના બદલપુર ગામથી તીથોડ સુધી દરિયાઈ પાણીને લીધે કાંઠાના ગામોમાં ખુબ જ ક્ષાર ઉત્પન્ન થયેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) અંશતઃ સાચી છે. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ ક્ષારને અટકાવવા સરકારે શી કાર્યવાહી કરી? | (૨) સમુદ્રનું ખારૂં પાણી અટકાવવા અને મીઠા પાણીના સંગ્રહ માટે મહી નદી પર બદલપુર ગામ પાસે રૂા. ૪૩.૪૦ કરોડના અંદાજી ખર્ચની આડબંધ યોજનાનું આયોજન છે. આ સૂચિત યોજનાનું પ્રાથમિક સર્વેક્ષણ હાથ ધરી અને લાઈન દોરી નક્કી કરવામાં આવેલ છે. તથા આડબંધનું સ્ટ્રકચર ખાસ પ્રકારનું બનાવવાનું થતુ હોઈ, જુદા જુદા વિકલ્પોનો તાંત્રિક/આર્થિક અભ્યાસ કરવામાં આવેલ છે. યોજના માટે ભૂસ્તરીય સર્વેક્ષણ કરવાનું થાય છે. આ કામ અંગે રૂા. ૧૪.૩ લાખના અંદાજને તા.૧૪-૧૦-૦૪ના પત્રથી મંજૂરી આપેલ છે. યોજનાના તાંત્રિક પાસાંઓ અંગે મધ્યસ્થ આલેખન તંત્ર, ગાંધીનગરના પરામર્શમાં યોગ્યત્તમ વિકલ્પ અંગે પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. |

----------

**વાંસદા અને ધરમપુર તાલુકામાં ખેતીના હેતુ માટે જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવા અંગે**

૯૦૩૦ **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર)** :**માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ | |
|---|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વાંસદા અને ધરમપુર તાલુકામાં કેટલા કેસોમાં ખેતીના હેતુ માટે જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવામાં આવી, અને | (૧) તાલુકાનું નામ | જૂની શરતમાં ફેરવેલ કેસોની સંખ્યા |
| | વાંસદા | ૨૯૬ |
| | ધરમપુર | ૧૦૭૭ |
| | કુલ : | ૧૩૭૩ |
| (૨) કેટલા કેસો નિકાલ બાકી છે? | (૨) તાલુકાનું નામ | બાકી કેસોની સંખ્યા |
| | વાંસદા | ૨૫૯૨ |
| | ધરમપુર | ૧૯૭૭ |
| | કુલ : | ૪૫૬૯ |

----------

**રાંધણગેસ સીલીંડરના વિતરણમાં વિલંબ**

૯૦૦૭ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં રાંધણગેસ વિતરકો દ્વારા રાંધણગેસ સીલીન્ડરનું વિતરણ ખૂબજ મોડું કરવામાં [illegible] | (૧) હા, જી. |

| | |
|---|---|
| આવે છે તેવી વ્યાપક ફરિયાદો પ્રજાજનો તરફથી ઉઠવા પામી છે તે સરકાર જાણે છે, | |
| (૨) ગેસ સીલીન્ડર વિતરણમાં વધારે સમય જવાના શા કારણો છે, અને | (૨) ગેસ સીલીન્ડરના વિતરણમાં વિલંબ થતો નથી, પરંતુ, બે ગેસ સીલીન્ડર વચ્ચેના ડીલીવરીનાં ૨૧ દિવસના સમયની ચુસ્ત અમલવારી કંપની દ્વારા કરાવતા તથા ગેસ સીલીન્ડરોની ઉપલબ્ધિ અંગે વ્યાપક અપપ્રચારના કારણે વધુ બુકિંગ થતાં રજૂઆતો થવા પામી હતી. |
| (૩) ગેસ સીલીન્ડરના વિતરકો દ્વારા થતી ગેરરીતીઓ અટકાવવા સરકારે શું પગલાં લીધા છે? | (૩) (અ) ઓઈલ કંપની સાથે બેઠક યોજી ગેસ સીલીન્ડરોની સરળ ઉપલબ્ધિ માટે તથા વિતરકો પાસેનો બેકલોગ ઘટાડવા તથા વિતરણ પ્રણાલી સુવ્યવસ્થિત કરવા સુચના આપી અને તેનું મોનીટરીંગ કરવામાં આવે છે.<br>(બ) ગેસ વિતરકો-હોટલ જેવા વ્યાપારી અને ઔદ્યોગિક એકમોની સઘન તપાસણીઓ કરવામાં આવે છે અને કસુરવાર સામે કાયદાનુસાર કાર્યવાહી કરવામાં આવે છે. |

----------

## પાલીતાણા તાલુકાની પાંડેરીયા જૂથ પાણી પુરવઠા યોજના શરૂ કરવા અંગે

૮૭૫૩ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલીતાણા તાલુકામાં શેત્રુંજય જળાશય પર આધારિત પાંડેરીયા જૂથ પાણી પુરવઠા યોજનાનું ટેન્ડર મંજૂર થયેલ છે કે કેમ, | (૧) પાલીતાણા તાલુકાની પાંડેરિયા જૂથ પાણી પુરવઠા યોજનાનું ટેન્ડર મહી પાઈપ લાઈન આધારિત યોજનામાં મંજૂર થયેલ છે. |
| (૨) જો હા, તો ક્યારે મંજૂર થયેલ છે, અને | (૨) તા. ૧૭-૦૧-૨૦૦૪. |
| (૩) કામ ક્યારે ચાલુ થશે ? | (૩) આ કામો ટૂંક સમયમાં ચાલુ કરવામાં આવશે. |

-------

## સમી તાલુકાના ક્ષારગ્રસ્ત વિસ્તારોને નર્મદાનું પીવાનું પાણી આપવા અંગે

૯૨૬૦ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લાના સમી તાલુકાના ખારાશવાળા વિસ્તારને નર્મદાનું પીવાનું પાણી મળનાર છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) આ માટે યોજનાની શું વિગતો છે ? | (૨) પાટણ જિલ્લાના સમી તાલુકાના તમામ ૯૮ ગામોને નર્મદા મેઈન કેનાલમાંથી કુરેજા ગામ નજીકથી રો-વોટર પંપીંગ કરી બોરતવાડા મુકામેના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં લાવી પાણીનું શુધ્ધીકરણ કર્યા બાદ વિતરણ વ્યવસ્થા દ્વારા ગામોને પીવાનું |

પાણી પૂરૂ પાડવાનું આયોજન છે. યોજનાના કામો હાલ પ્રગતિમાં છે.

----------

## ભરૂચ જિલ્લામાં રેશનકાર્ડ પર મળતા અનાજના પુરવઠામાં કાપ

૮૬૭૬ **શ્રીમતી રશીદા ઈ. પટેલ(વાગરા)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કેટલી છે, | (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં કાર્ડ ધારકોની નીચે મુજબની સંખ્યા છે.<br>બીપીએલના ૧,૧૬,૫૯૧ કાર્ડધારક<br>એપીએલના ૧,૫૪,૪૮૬ કાર્ડધારક<br>કુલ : ૨,૭૧,૦૭૭ કાર્ડધારક |
| (૨) આ ફાળવેલ કાર્ડ સામે દર માસે મળવાપાત્ર અનાજના પુરવઠામાં કાપ મુકવામાં આવેલ છે તે વાત સાચી છે, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો તેના કારણો શા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## સુજલામ્ સુફલામ્ યોજના માટે નાણાંકીય આયોજન

૮૨૯૪ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ્-સુફલામ્ યોજના માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૪-૦૫માં કુલ કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો હતો, | (૧) સુજલામ્ સુફલામ્ યોજના માટે રાજ્ય સરકાર ધ્વારા વર્ષ ૨૦૦૪-૦૫ માટે કુલ રૂા. ૮૦૦ કરોડનો (જળસંપત્તિ પ્રભાગનો) ખર્ચ અંદાજવામાં આવ્યો હતો. |
| (૨) ક્યા સ્ત્રોત દ્વારા આ નાણાં ઉભા કરવાના હતા, અને | (૨) આ નાણાં રાજ્ય સરકાર દ્વારા તથા નાબાર્ડમાંથી નાણાં ઉભા કરવાનું આયોજન છે. |
| (૩) ડિસેમ્બર-૨૦૦૪ સુધીમાં કુલ કેટલા નાણાં ઉભા કરાયા અને કેટલા ખર્ચાયા ? | (૩) ડિસેમ્બર-૨૦૦૪ સુધીમાં નાબાર્ડ પાસેથી કુલ રૂા. ૨૨૫.૧૨ કરોડ ઉભા કરાયા અને સુજલામ્ સુફલામ્ યોજનામાં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં કુલ રૂા. ૮૧૯.૦૧ કરોડના કામો થયેલ. જેમાં જળસંપત્તિ પ્રભાગના રૂા. ૫૨૪.૦૧કરોડ, પા. પુ. વિભાગના રૂા. ૨૪૫.૦૦ કરોડ તથા ખેત તલાવડીના રૂા. ૫૦.૦૦ કરોડનો સમાવેશ થાય છે. |

----------

## સુરત શહેરમાં પેટ્રોલમાં ભેળસેળના કેસો

૯૨૬૫ **શ્રી મનીષ ન. ગીલીટવાલા(સુરત શહેર (પૂર્વ)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત શહેરમાં સને ૨૦૦૩ અને ૨૦૦૪ના વર્ષમાં પેટ્રોલપંપો ઉપર ભેળસેળના કેસો કેટલા | (૧) ૨૦૦૩ ના વર્ષમાં<br>૧(એક) |

| | |
|---|---|
| પકડવામાં આવ્યા, અને | ૧(એક)<br>૨૦૦૪ ના વર્ષમાં --<br>કુલ : ૧(એક) |
| (૨) કેટલી વ્યક્તિ સામે કેસો દાખલ કરવામાં આવ્યા? | (૨) ૩ (ત્રણ) વ્યક્તિ સામે પોલીસ કેસ દાખલ કરવામાં આવ્યા. |

-----------

## જામનગરના કલેકટર સામે ધારાસભ્યશ્રીઓના પત્રોના જવાબ નહીં આપવા અંગે ફરિયાદ

૯૬૦૭ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કલેકટરશ્રી, જામનગર તરફથી ધારાસભ્યશ્રીઓના પત્રોના પ્રત્યુત્તરો નિયત સમયમર્યાદામાં અપાતા નહી હોવાની મહેસૂલ વિભાગના અગ્રસચિવશ્રીને સને ૨૦૦૪માં કેટલી ફરિયાદો મળી છે, | (૧) ૧ (એક) |
| (૨) એ સંબંધે જો કંઈ કાર્યવાહી કરવામાં આવી હોય તો તેવી કાર્યવાહીની વિગતો શું છે, અને | (૨) કલેકટર, જામનગરને અંગત રસ લઈ યોગ્ય કાર્યવાહી કરવા અને તે અંગેનો અહેવાલ મોકલવા જણાવેલ. |
| (૩) જો કાર્યવાહી ન કરવામાં આવી હોય તો તે પાછળના શું કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## સરકારી જમીન ગ્રાન્ટ કરતી વખતે કિંમત લેવાના ધોરણમાં તફાવત

૯૬૨૪ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા(કરજણ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી જમીન મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને ગ્રાન્ટ કરવા અંગે કિંમત લેવાના ધોરણોમાં તફાવત છે તે વાત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આવો ભેદભાવ દૂર કરવા સરકાર શું પગલાં લેવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## રાજ્યમાં હક્કપત્રક નોંધોના નિકાલની ઝુંબેશ

૪૯૫૯ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ(સાબરમતી)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૪ની સાલમાં રાજ્યમાં હક્કપત્રક નોંધોના નિકાલની ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના પરિણામો શું આવ્યા છે ? | (૨) તા. ૧-૭-૨૦૦૪ થી તા. ૩૧-૭-૨૦૦૪ દરમ્યાન રાજ્યવ્યાપી હક્કપત્રક નોંધ નિકાલ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું. જેમા તા. ૩૧-૫-૨૦૦૪ના રોજની સ્થિતિએ બાકી રહેલ ૧૦૨૨૫૨ નોંધો પૈકી ૯૮૪૧૮ નોંધોનો નિકાલ કરી, ૯૬.૨૫% સિધ્ધિ હાંસલ કરવામાં આવી છે. |

--------------

## સુજલામ સુફલામ યોજના હેઠળ સૌરાષ્ટ્રમાં મોટા ચેકડેમ

૯૨૮૮ **શ્રી રતિલાલ ગો. સુરેજા(માણાવદર)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સુફલામ યોજના હેઠળ ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ સૌરાષ્ટ્ર વિસ્તારના મોટા ચેકડેમો કરવાના કામની શું પ્રગતિ છે, અને | (૧) ૧૦૭ પૈકીના ૫૮ વિયરોને મંજૂરી અપાઈ છે તે પૈકી ૫૪ વિયરના ટેન્ડરો આમંત્રિત કરવામાં આવેલ છે, બાકીના ૪૯ વિયરોના સર્વેક્ષણ પૂર્ણ કરી અંદાજોની મંજૂરીની કાર્યવાહી થયેલ છે. |
| (૨) આ કામો ક્યારે પુરા કરવામાં આવશે અને આ માટે કેટલો અંદાજીત ખર્ચ થનાર છે ? | (૨) ડીસેમ્બર-૨૦૦૫.<br>અંદાજીત ખર્ચ રૂા. ૮૪.૮૮ કરોડ. |

-----------

## મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાં સુનામી પ્રભાવિત રાજ્યોને સહાય

૮૨૫૫ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દક્ષિણ ભારતમાં આવેલ વિનાશક સુનામી ધરતીકંપમાં થયેલ વ્યાપક નુકશાની સામે રાજ્ય સરકારના મુખ્યમંત્રી રાહત ફંડમાં જાન્યુઆરી-૦૫ સુધીમાં કેટલી સહાયતા મળી, અને | (૧) રૂા. ૨૭,૭૧,૨૩,૬૩૪/- |
| (૨) મળેલ સહાયની રકમ અસરગ્રસ્ત રાજ્યને કેટલી અને ક્યારે આપવામાં આવી ? | (૨) તા. ૨૭/૧૨/૨૦૦૪ના રોજ<br>તામીલનાડુ રૂા. ૫,૦૦,૦૦,૦૦૦<br>આંદામાન નિકોબાર રૂા. ૨,૦૦,૦૦,૦૦૦<br>આંધ્રપ્રદેશ રૂા. ૧,૦૦,૦૦,૦૦૦<br>પોંડેચેરી રૂા. ૧,૦૦,૦૦,૦૦૦<br>તથા તા. ૨૯/૧/૦૫ના |

| | |
|---|---|
| રોજ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગને અન્ન કીટ માટે | રૂા. ૧,૩૮,૦૦,૦૦૦ |
| કુલ : | રૂા. ૧૦,૩૮,૦૦,૦૦૦ |

બાકીની રકમ પુન :વસન માટે વાપરવાનું આયોજન છે.

---------------

## જુનાગઢ જિલ્લામાં બી. પી. એલ. અને એ. પી. એલ. કાર્ડધારકો

૮૪૫૩ **શ્રી જેસાભાઈ ભા. બારડ(સોમનાથ)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડધારકોની સંખ્યા કેટલી,

(૨) જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડ વંચિત કુટુંબો કેટલા છે, તેઓની કોઈ ફરિયાદ મળી છે, અને

(૩) મળેલ ફરિયાદોનો સરકાર કક્ષાએ શું નિકાલ કર્યો છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં

| | |
|---|---|
| બી.પી.એલ.ના | ૧,૨૮,૮૧૭ કાર્ડ |
| અંત્યોદયના | ૨૧,૧૭૨ કાર્ડ |
| એ.પી.એલ.ના | ૪,૦૮,૯૭૮ કાર્ડ |
| કુલ :- | ૫,૫૮,૯૬૭ |

(તાલુકાવાર પત્રક આ સાથે સામેલ છે.)

(૩) ના જી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

**તાલુકાવાર બી.પી.એલ., એ.પી.એલ. તથા અંત્યોદય કાર્ડની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | તાલુકાના નામ | એ.પી.એલ. ૧ રેશનકાર્ડ | એ.પી.એલ. ૨ રેશનકાર્ડ | બી.પી.એલ રેશનકાર્ડ | અંત્યોદય રેશનકાર્ડ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | જૂનાગઢ | ૭૮૪૨૩ | ૨૭૪૯ | ૧૪૦૭૦ | ૧૧૦૩ |
| ૨ | વિસાવદર | ૨૩૮૫૩ | ૫૦૨ | ૬૫૬૮ | ૧૨૩૪ |
| ૩ | વંથલી | ૧૪૫૯૬ | ૧૯૮ | ૮૨૯૧ | ૧૫૩૫ |
| ૪ | મેંદરડા | ૮૭૭૩ | ૩૨૮૮ | ૫૦૨૩ | ૪૭૬ |
| ૫ | ભેંસાણ | ૧૨૫૬૭ | ૨૦૫ | ૪૨૪૩ | ૭૫૩ |
| ૬ | વેરાવળ | ૪૫૯૨૬ | ૨૩૭૦ | ૯૮૩૧ | ૧૨૫૭ |
| ૭ | ઉના | ૪૬૭૦૬ | ૧૫૫૬ | ૧૮૩૭૦ | ૩૨૭૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮ | કોડીનાર | ૨૨૯૦૦ | ૧૪૦૬ | ૧૨૧૯૧ | ૨૦૭૦ |
| ૯ | તલાલા | ૧૮૫૮૯ | ૫૭૯ | ૭૦૦૦ | ૧૮૪૦ |
| ૧૦ | સુત્રાપાડા | ૧૭૪૭૯ | ૫૬૪ | ૫૦૨૨ | ૮૮૧ |
| ૧૧ | માળીયા | ૨૦૪૩૩ | ૧૨૭ | ૮૫૩૦ | ૧૫૪૬ |
| ૧૨ | કેશોદ | ૩૦૧૯૭ | ૧૪૩૦ | ૯૮૪૭ | ૧૬૨૭ |
| ૧૩ | માણાવદર | ૨૩૧૦૪ | ૫૩૪ | ૧૦૩૭૪ | ૧૯૦૪ |
| ૧૪ | માંગરોળ | ૨૯૭૧૭ | ૨૦૭ | ૯૪૫૭ | ૧૬૭૨ |
| | કુલ :- | ૩૯૩૨૬૩ | ૧૫૭૧૫ | ૧૨૮૮૧૭ | ૨૧૧૭૨ |
| | | ૪,૦૮,૯૭૮ | | | |

----------

## રાજ્યમાં સુજલામ સુફલામ યોજના હેઠળ સ્પ્રેડીંગ કેનાલ બનાવવા અંગે

૮૦૪૩ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૩ અને ૨૦૦૪ માં રાજ્યમાં સુજલામ સુફલામ યોજના હેઠળ સ્પ્રેડીંગ કેનાલ બનાવવા માટે કેટલા રૂપિયાનો ખર્ચનો અંદાજ હતો, અને | (૧) સને ૨૦૦૩ના વર્ષમાં રાજ્યમાં સુજલામ સુફલામ યોજના હેઠળ સ્પ્રેડીંગ કેનાલનું આયોજન નહોતું.સુજલામ સુફલામ યોજના હેઠળ સ્પ્રેડીંગ કેનાલને સૈધ્ધાંતિક મંજૂરી એપ્રિલ-૨૦૦૪માં આપવામાં આવી હતી અને વર્ષ ૨૦૦૪ માટે કુલ્લે ૧૬૦ કરોડની બજેટ જોગવાઈ હતી. |
| (૨) આ કેનાલનું કામ કયા તબક્કામાં છે અને ડીસેમ્બર-૦૪ સુધીમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ? | (૨) સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલનું માટીકામ તથા મુખ્ય બહીંધ્વાર (એચ.આર)ની કામગીરી પ્રગતિ હેઠળ છે. નદીના, નાળાઓના કામોના ઈજારદાર નક્કી કરવામાં આવી રહેલ છે. આ કામ હેઠળ ડીસેમ્બર-૦૪ સુધીમાં કુલ રૂા. ૭૮.૭૨૧૨ કરોડનો ખર્ચ થયેલ છે. |

---------------------

## સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લાના ડેમોમાં પાણી નાંખવા અંગે

૯૬૧૯ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ્ સુફલામ્ યોજના દ્વારા બનાસકાંઠા જિલ્લામાં આવેલ ત્રણ ડેમ દાંતીવાડા, સિપુ અને મુકતેશ્વરમાં પાણી નાખવાની યોજના છે કે કેમ, | (૧) હા, જી |

(૨) જો હા, તો હાલ યોજનાનું કામ તા. ૩૧/૧/૦૫ની સ્થિતિએ કયા સ્ટેજે છે અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવશે, અને

(૨) સીપુ, દાંતીવાડા અને મુકતેશ્વર ડેમમાં પાણી નાખવા માટે પાઈપ લાઈનની લાઈનદોરી નક્કી કરવાની કામગીરી પ્રગતિમાં છે, આ પાઈપ લાઈન માટે અંદાજીત રૂા. ૮૦૦ કરોડનો ખર્ચ થવા સંભવ છે.

(૩) કેટલા સમયમાં આ યોજના પૂર્ણ કરવામાં આવશે ?

(૩) આ યોજના ડીસેમ્બર-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન વિચારવામાં આવેલ છે.

--------------

## સુરેન્દ્રનગરની ખાનગી સર્વે નંબરની જમીન બાબત

૮૧૯૫ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના કેટલાક ખાનગી સર્વે નંબરો સરકારના નામે ચાલે છે, તે સરકાર જાણે છે, અને | (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં કોઈ ખાનગી સર્વે નંબરો સરકારના ખાતે ચાલતાં નથી. |
| (૨) જો હા, તો આવા સર્વે નંબરોના નિકાલ માટે રાજ્ય સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ ? | (૨) ખાનગી સર્વે નંબરો સરકારના ખાતે ચાલતાં ન હોઈ પ્રશ્ન નથી. |

----------

## ભીલોડા તાલુકાના રૂદ્રાલ ગામે મૃત આદિવાસી બાળકોના પરિવારોને સહાય ન ચુકવવા અંગે

૯૨૬૯ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભિલોડા તાલુકાના રૂદ્રાલ ગામના બે માસુમ આદિવાસી બાળકો ગત ચોમાસામાં એમના ઘર આગળ વધુ વરસાદથી તણાઈ ગયા, એ સરકાર જાણે છે, | (૧) હા |
| (૨) આ માસુમ બાળકોના પરિવારોને સરકારે સહાય ચુકવી કે કેમ, અને | (૨) ના |
| (૩) જો ના, તો ગરીબ આદિવાસી પરિવારને સહાય ન ચુકવવાનું કારણ શું છે ? | (૩) સરકારના પ્રવર્તમાન ધોરણો અનુસાર સહાય ચુકવવાપાત્ર નથી. |

----------

## અબડાસા તાલુકાના કીરાવીરી ડેમના કામ અંગે

૯૦૦૩ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા(અબડાસા)** :**માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના કીરાવીરી ડેમના કોઈ અંદાજો તૈયાર કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) પ્રાથમિક અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો આ ડેમનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૨) ઉક્ત યોજનાના વિગત વાર સર્વેક્ષણ થયે અને નાણાંકિય ઉપલબ્ધિ અનુસાર કામ હાથ ધરવાનું આયોજન છે. |

ધરવાનું આયોજન છે.

----------

## ગાંધીનગર જિલ્લાની નવી પાણી પુરવઠા યોજનાઓ

૯૬૬૪ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સને ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪ના વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર નવી મંજૂર થયેલી કેટલી પાણી પુરવઠાની યોજનાઓ પૂર્ણ કરવામાં આવી,

(૧) તાલુકાવાર તથા વર્ષવાર નીચે મુજબની યોજનાઓ પૂર્ણ કરવામાં આવી.

| ક્રમ | તાલુકો | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૬૭ | ૧૪ |
| ૨ | દહેગામ | ૮૩ | ૩૭ |
| ૩ | માણસા | ૬૭ | ૨૨ |
| ૪ | કલોલ | ૭૫ | ૧૭ |
| | કુલ : | ૨૯૨ | ૯૦ |

(૨) કેટલી યોજનાઓના કામો તા. ૩૦-૧૨-૦૪ની સ્થિતિએ બાકી છે, અને

(૨) ૧૯ પાણી પુરવઠા યોજનાના કામો પ્રગતિમાં છે.

(૩) તે કેટલા સમયમાં પૂર્ણ થશે ?

(૩) આ યોજનાના કામો માર્ચ-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

----------

## અમદાવાદમાં રાંધણ ગેસનો કોર્મશીયલ ઉપયોગ

૯૬૬૮ **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાંધણગેસનો કોમર્શીયલ ઉપયોગ કરતા કેટલા કેસો સન-૨૦૦૪માં અમદાવાદમાં નોંધવામાં આવ્યા, અને

(૧) ૧૨૪ કેસો

(૨) ઉપરોક્ત કેસોમાં સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવ્યા ?

(૨) (૧) રૂા. ૪,૭૭,૬૦૪ની કિંમતનો ૨૭૨ ગેસ સીલીન્ડરોનો જથ્થો કબજે કરવામાં આવ્યો.

(૨) રૂા. ૨૩,૦૮૮ની કિંમતનો ૯૦ ગેસ સીલીન્ડરોનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.

----------

## નર્મદા માસ્ટર પ્લાન યોજના દ્વારા રાજ્યના શહેરો તથા ગામોને પાણી પહોંચાડવા અંગે

૯૨૮૧ **શ્રીમતી રમીલાબેન બે. બારા(ખેડબ્રહ્મા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ નર્મદા માસ્ટર પ્લાન યોજનામાં રાજ્યના કેટલા ગામો તથા શહેરો આવરી લેવામા આવ્યા છે,

(૧) ૮૨૧૫ ગામો અને ૧૩૫ શહેરો

(૨) તેમાંથી કેટલા ગામોને પાણી પહોંચાડવામાં આવ્યું છે,

(૨) ૧૮૨૬ ગામો

(૩) બાકીના ગામોને પાણી આપવાનું શું આયોજન છે,

(૩) નાણાંકિય ઉપલબ્ધી અનુસાર ડિસેમ્બર-૨૦૦૭ સુધીમાં પાણી પુરું પાડવાનું આયોજન છે.

(૪) આ માસ્ટર પ્લાન યોજનામાં હજી વધારે કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવનાર છે, અને

(૪) ૧૪૧૮ ગામો

(૫) તેને પાણી આપવાનું શું આયોજન છે?

(૫) નાણાંકિય ઉપલબ્ધી અનુસાર યોજનાના કામો હાથ ધરી પાણી પુરું પાડવાનું આયોજન છે.

----

**સુજલામ્-સુફલામ્ યોજનાની થયેલ કામગીરી**

૮૩૪૬ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ)** :**માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

પ્રશ્ન

(૧) સુજલામ્-સુફલામ્ યોજનાનો પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કર્યા બાદ તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં કયા પ્રકારની કેટલી કામગીરી કરવામાં આવી છે, અને

જવાબ

(૧) સુજલામ્-સુફલામ્ યોજનામાં સુજલામ્-સુફલામ્ સ્પ્રેડીંગ કેનાલ, નહેરને ક્રોસ કરતી ૨૧ નદીઓ ઉપરનાં સ્ટ્રકચર્સ, કડાણા ડાબા કાંઠા તથા પાનમ હાઈ લેવલ કેનાલ, ચેકડમો, ઉદવહન પાઈપ લાઈનો, બંધારા, ટાઈડલ રેગ્યુલેટર, વીયર, તળાવો ઉંડા કરવાના, ખેત તલાવડીના વગેરે કામોનો સમાવેશ થાય છે. આ કામોના સર્વે, જમીન સંપાદન, ડીઝાઈન, નકશા અને અંદાજો અને ટેન્ડર પ્રક્રિયા મોટા ભાગની પૂર્ણ થયેલ છે. નાબાર્ડમાંથી સહાય મેળવવા માટેની દરખાસ્તો તૈયાર કરી મોકલવામાં આવેલ છે અને કામો પ્રગતિમાં છે, જેની વિગતો નીચે મુજબ છે.

(૧) ૩૩૭ કી.મી. લંબાઈમાં માટીકામ પ્રગતિમાં છે. ૩૦ ટકા ખોદાણની કામગીરી પૂર્ણ કરેલ છે.

(૨) સુજલામ્-સુફલામ્ નહેરને ક્રોસ કરતી ૨૧ નદીઓ ઉપરનાં સ્ટ્રકચર્સ પૈકી ૧૯ સ્ટ્રકચર્સના કામો, સ્ટેટ હાઈવે, નેશનલ હાઈવે તથા રેલ્વે ક્રોસીંગના સ્ટ્રકચર્સના કામો પ્રગતિમાં છે.

(૩) નર્મદા યોજનાનું વધારાનું પાણી ઠાલવવા માટેની ૧૪ પાઈપ લાઈન પૈકી ૪ પાઈપ લાઈનનાં કામો પ્રગતિમાં છે અને એક પાઈપ લાઈનનું કામ પૂર્ણ થયેલ છે.

(૪) ગોમા, બનાસ અને પાનમ નદી પર સંતરોડ પાસે ચેકડેમ બાંધવાની કામગીરી હાથ ઉપર છે અને ચેકડેમોના કામો પ્રગતિમાં છે.

(૫) હયાત કાંસ પહોળા અને ઊંડા કરવાનાં તથા તળાવો ઊંડા કરવાનાં કામો પ્રગતિમાં છે.

(૬) કડાણા ડાબા કાંઠા હાઈ લેવલ કેનાલ તેમજ કડાણા ડાબા કાંઠા નહેરના સુધારણાના કામો માર્ચ-૦૫માં શરૂ થશે.

(૭) વીયર બનાવવાનાં તથા બંધારાનાં કામો પ્રગતિમાં છે.

(૮) પાનમ હાઈ લેવલ કેનાલને મંજૂરી આપવામાં આવી છે અને સને ૨૦૦૫-૦૬માં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૨) તારીખ ૩૧-૧૨-૦૪ સુધીમાં આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) સુજલામ્-સુફલામ્ યોજનામાં તારીખ ૩૧-૧૨-૦૪ સુધીમાં કુલ ૮૧૯.૦૧ કરોડના કામો થયેલ. જેમાં જળસંપત્તિ પ્રભાગના રૂા. ૫૨૪.૦૧ કરોડ, પા. પુ. વિભાગના રૂા. ૨૪૫.૦૦ કરોડ તથા ખેતતલાવડીના રૂપિયા ૫૦.૦૦ કરોડનો સમાવેશ થાય છે.

--------

## ખાનપુર તાલુકામાં પાણીની ટાંકીઓ બાંધવા અંગે

૮૬૬૮ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ(લુણાવાડા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખાનપુર તાલુકાના મોટાભાગનાં ગામોમાં પાણીની ટાંકીઓ આવેલ નથી, આવા ગામોના અંતરિયાળ વિસ્તારને ટાંકીઓ વગર પાણી આપવું અશક્ય છે, તો આવી પાણીની ટાંકીઓ બનાવવા શું આયોજન છે, અને | (૧) ખાનપુર તાલુકાના અંતરિયાળ ગામોને આવરી લેતી કારંટા-મુડાવડેખ જૂથ યોજના મંજૂરીની પ્રક્રિયામાં છે. જેમાં ૬૫ ગામોમાં ઉંચી ટાંકી બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. |
| (૨) આવી ટાંકીઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવનાર છે ? | (૨) સપ્ટેમ્બર-૨૦૦૬ સુધીમાં ટાંકીઓ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. |

--------------

## ચોટીલા અને સાયલા તાલુકામાં લોકભાગીદારીથી બાંધેલા ચેકડેમો

૮૮૧૮ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧-૪-૦૩ થી તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં ચોટીલા અને સાયલા તાલુકામાં લોકભાગીદારીમાં કેટલા ચેકડેમો બાંધવામાં આવ્યા, | (૧) ચોટીલામાં ૨૮ અને સાયલામાં ૪૦ ચેકડેમો. |
| (૨) બાંધવામાં આવેલ ચેકડેમો પૈકી તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં કેટલી રકમનું ચુકવણું કરવામાં આવ્યું, | (૨) ચોટીલામાં ૨૭ ચેકડેમોનું રૂા. ૩૧.૭૮ લાખનું અને સાયલા તાલુકામાં ૩૨ ચેકડેમોનું રૂા. ૪૨.૩૦ લાખનું ચુકવણું કરવામાં આવેલ છે. |
| (૩) કેટલું ચુકવણું બાકી છે, બાકી ચુકવણાના કારણો ક્યા છે, અને | (૩) ચોટીલાના ૧ ચેકડેમનું રૂા. ૧.૨૫ લાખ અને સાયલાના ૮ ચેકડેમોનું રૂા. ૮.૧૬ લાખનું ચુકવણું બાકી છે. કામની ગુણવત્તાના આધારે તથા કામ પૂર્ણ થયાના ક્રમ મુજબ ચૂકવણી થતી હોઈ પ્રક્રિયા ચાલુ છે. |
| (૪) બાકી ચુકવણું ક્યારે કરવામાં આવશે ? | (૪) સત્વરે કરવામાં આવશે. |

-------------

## સુરત જિલ્લામાં સિંચાઈ યોજનાઓ

૧૦૪૦ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં કેટલી સિંચાઈ યોજના કાર્યરત છે,

(૨) જે પૈકી તાલુકાવાર કેટલા હેકટરમાં સિંચાઈ થઈ શકે છે, અને

(૩) તારીખ ૩૧-૧-૨૦૦૩ થી તારીખ ૩૧-૧૨-૦૪ સુધીમાં ઉકાઈ તથા કાકરાપાર ડેમો અને નહેરોમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તારીખ ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં એક મોટી સિંચાઈ યોજના, ત્રણ મધ્યમ સિંચાઈ યોજનાઓ, નવ નાની સિંચાઈ યોજનાઓ તથા અગિયાર ઉદવહન સિંચાઈ યોજનાઓ કાર્યરત છે.

(૨) તે પૈકી તાલુકાવાર સિંચાઈ વિસ્તાર નીચે મુજબ છે.

| અનુ. નં. | તાલુકાનું નામ | સિંચાઈ હેઠળ આવરી લેવાયેલ વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|
| ૧ | ચોર્યાસી | ૨૩૮૧૦ |
| ૨ | પલસાણા | ૧૧૫૬૧ |
| ૩ | કામરેજ | ૨૧૪૪૦ |
| ૪ | મહુવા | ૧૩૮૬૦ |
| ૫ | માંડવી | ૧૩૯૧૬ |
| ૬ | બારડોલી | ૨૪૦૦૮ |
| ૭ | વાલોડ | ૧૨૦૨૦ |
| ૮ | સોનગઢ | ૪૧૪૧ |
| ૯ | વ્યારા | ૧૩૪૧૩ |
| ૧૦ | માંગરોળ | ૧૬૮૪૨ |
| ૧૧ | ઓલપાડ | ૩૮૦૨૯ |
| ૧૨ | નિઝર | ૪૨૧ |
| | કુલ | ૧,૯૩,૪૬૧ હેકટર |

(૩) તારીખ ૩૧-૧-૨૦૦૩ થી તારીખ ૩૧-૧૨-૦૪ સુધીમાં હયાત ઉકાઈ તથા કાકરાપાર ડેમો અને નહેરોમાં કુલ રૂા. ૨૯૦૪.૯૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------------

## ફતેવાડી સિંચાઈ યોજનાની કેનાલો રીપેર કરવા અંગે

૯૬૪૦ **શ્રી કાંતિલાલ ર઼ા. લકુમ(બાવળા)** :**માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બાવળા, સાણંદ અને ધોળકા તાલુકામાં ફતેહવાડી સિંચાઈ યોજના કેનાલ પર ગાંડા બાવળ મોટા પ્રમાણમાં છે, તેના નિકાલ માટે શું વ્યવસ્થા છે, અને

(૨) કેનાલો પુરાણ થયેલ છે અને તુટી ગયેલ છે તે કયારે રીપેર થશે ?

**જવાબ**

(૧) ફતેવાડી યોજનાની કેનાલ ઉપરના પાણીને અવરોધતા ગાંડા બાવળને નહેર વિસ્તારમાંથી દૂર કરવા માટે માસ્ટર પ્લાન તૈયાર કરી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, અમદાવાદના સહયોગથી એસ.જી.આર.વાય. (સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના) હેઠળ સિંચાઈ વિભાગના પરામર્શમાં રહી કાર્યવાહી હાથ ધરવાનું આયોજન છે.

(૨) રવિ ઋતુમાં નહેર દ્વારા પાકો માટે પાણી આપવાનું ચાલુ છે, જે પૂર્ણ થયા બાદ જરૂરીયાત મુજબ આગામી ચોમાસાની ઋતુ પહેલાં કામગારી પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**રાજ્યમાં અનાવૃષ્ટિમાં મૃત્યુ પામનારના પરિવારને સહાય બાબત**

૯૦૨૭ **શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૪ના વર્ષમાં રાજ્યમાં ભારે અનાવૃષ્ટિના કારણે કુલ કેટલા માનવીઓના જિલ્લાવાર મૃત્યુ થયા, | (૧) ૨૦૦૪ના વર્ષમાં રાજ્યમાં ભારે અનાવૃષ્ટિના કારણે કોઈ માનવ મૃત્યુ થયા નથી. |
| (૨) મૃત્યુ પામેલ માનવીઓના કુટુંબીજનોને સરકાર તરફથી કેટલી સહાય ચુકવવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલી રકમ હજુ ચુકવવાની બાકી છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**બનાસકાંઠા જિલ્લામાં હક્કપત્રક અને વારસાઈ નોંધો કરવા અંગે**

૯૬૫૭ **શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં હક્કપત્રક કે વારસાઈમાં નોંધો પાડવાની બાકી છે કે કેમ, અને | (૧) ૧૭૫ |
| (૨) જો બાકી હોય તો તેની નોંધ કયારે પાડવામાં આવશે ? | (૨) તમામ નોંધો પાડવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. |

--------

**વડોદરા જિલ્લામાં તળાવો બનાવવા મંજૂરી**

૯૦૧૩ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ(સાવલી)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તારીખ ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ તળાવો બનાવવા માટે કયા કયા તાલુકાઓમાં કેટલી મંજૂરી છેલ્લા બે વર્ષમાં આપવામાં આવી, | (૧), (૨) અને (૩) જિલ્લાના ૯ તાલુકાના કુલ-૫૬ ગામોની ૬૯ અરજીઓ આવેલ છે. તળાવો ઉંડા કરવાની કામગીરી માટે ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ દ્વારા ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવેલ છે. એજન્સી નક્કી કરી લોકભાગીદારીથી તળાવો ઉંડા કરવાનું આયોજન છે. |
| (૨) કયા કયા તાલુકામાં કયા કયા ગામે કામો પૂર્ણ થયા, અને | |
| (૩) કયા કયા ગામે તળાવો બનાવવાનું કામ બાકી છે? | |

--------------

## ૭/૧૨ અને ૮-અ નું કોમ્પ્યુટરાઈઝેશન

૯૬૩૫ **શ્રી સી. ડી. પટેલ(પેટલાદ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સમગ્ર રાજ્યમાં ગામ નમુના નં. ૮-અ તથા ૭/૧૨નું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે તે વાત સાચી છે, | (૧) હા જી, રાજ્યના ૩૩ ગામોને બાદ કરતાં. |
| (૨)જો ના, તો કયા જિલ્લાનું બાકી છે, અને | (૨) અમદાવદ, કચ્છ, આણંદ, સુરત અને પોરબંદરના ૩૩ ગામો બાકી છે. |
| (૩) ક્યારે પુરું થશે ? | (૩) રેકર્ડ તપાસના કામે નામદાર કોર્ટમા હોવું, તેમજ ભૂકંપના કારણે નવેસરથી તૈયાર કરવું, પ્રમોલ્ગેશન બાકી હોવું વગેરે વહીવટી કારણોનો નિકાલ થયે પુરું થઈ શકે. |

---------

## ગાંધીનગર મત વિભાગમાં નવા ટ્યુબવેલ

૮૧૪૯ **ડૉ. સી. જે. ચાવડા(ગાંધીનગર)** :**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં પીવાના પાણી માટે નવીન ટ્યુબવેલ બનાવવા માટે પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડમાં કેટલી અરજીઓ અને કયા કયા ગામની ૩૧, ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ પેન્ડીંગ છે, | (૧) તા. ૩૧મી ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ ૩૮ અરજીઓ પેન્ડીંગ છે.<br>ગામોની યાદી આ સાથેના પરિશિષ્ટમાં આપેલ છે. |
| (૨)આ અરજીઓના અનુસંધાને શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે, અને | (૨)આ અરજીઓના તમામ ગામોમાં ફીઝીબીલીટી સર્વેક્ષણની કામગીરી પૂર્ણ કરેલ છે. |
| (૩)નવીન ટયુબવેલ ક્યારે ચાલુ કરવામાં આવશે ? | (૩)લોક ફાળાની રકમ જમા થયેથી કામગીરી હાથ ધરવામાં આવશે. |

### પરિશિષ્ટ
### ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ નવીન ટ્યુબવેલની રજુઆત અન્વયે અરજીઓની યાદી

| અરજી અનુ. નં. | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ગાંધીનગર | રણાસન |
| ૨ | ગાંધીનગર | રામનગર યાદવનગર (ડભોડા) |
| ૩ | ગાંધીનગર | પ્રભુપુરા વલાદ |
| ૪ | ગાંધીનગર | જનતાનગર સરઢવ |
| ૫ | ગાંધીનગર | માતાપુરા (છાલા) |
| ૬ | ગાંધીનગર | મેંદરાપરા |
| ૭ | ગાંધીનગર | અમરાપુરા (ટીંટોડા) |
| ૮ | ગાંધીનગર | સાલુજીના મુવાડા (ડભોડા) |
| ૯ | ગાંધીનગર | સધીમાતા (ડભોડા) |
| ૧૦ | માણસા | ખાટાઆંબા |
| ૧૧ | માણસા | ચડાસણા |
| ૧૨ | માણસા | વરસોડા |
| ૧૩ | માણસા | ડોડીપાળ |
| ૧૪ | માણસા | પાટણપુરા |

| અરજી અનુ. નં. | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧૫ | માણસા | રામપુરા માણસા |
| ૧૬ | માણસા | રાજપુરા |
| ૧૭ | દહેગામ | નાંદોલ |
| ૧૮ | દહેગામ | ડેમાલીયા |
| ૧૯ | દહેગામ | ભાટાઈ |
| ૨૦ | દહેગામ | નવાનગર |
| ૨૧ | દહેગામ | વડોદ |
| ૨૨ | દહેગામ | મામાસાહેબના પરા વડવાસા |
| ૨૩ | દહેગામ | ચેખલાપગી |
| ૨૪ | દહેગામ | લવાડબોર નંબર-૫૮ |
| ૨૫ | દહેગામ | કૃષ્ણનગર કોઠી |
| ૨૬ | દહેગામ | હાલીસા |
| ૨૭ | દહેગામ | પાલૈયા |
| ૨૮ | દહેગામ | દાનાજીના મુવાડા ચેખલાપગી |
| ૨૯ | દહેગામ | પાલુદ્રા ધનપુરા |
| ૩૦ | દહેગામ | કડજોદરા |
| ૩૧ | દહેગામ | ઝીંડવા |
| ૩૨ | દહેગામ | નવા થાભલીયા |
| ૩૩ | દહેગામ | નાના ઝલુંદરા |
| ૩૪ | દહેગામ | ખાડીયા |
| ૩૫ | દહેગામ | ઉદણ |
| ૩૬ | દહેગામ | અંગુથલા |
| ૩૭ | દહેગામ | બારોટના મોસમપુરા |
| ૩૮ | દહેગામ | ગઢવીના ઘરા |
| ૩૯ | દહેગામ | જુના પહાડીયા |
| ૪૦ | દહેગામ | કેશરપુરા કમાલબંધ વાસણા |
| ૪૧ | દહેગામ | ગણપતિયાપરા (ઈસનપુર ડોડિયા) |
| ૪૨ | દહેગામ | વેલપુરા |
| ૪૩ | દહેગામ | નાગજીના મુવાડા |
| ૪૪ | દહેગામ | ગુંદડીયાની મુવાડી |
| ૪૫ | દહેગામ | વિઠલપુરા (શિયાવાડા) |
| ૪૬ | દહેગામ | ખાપરેશ્વર નારણાવટ |
| ૪૭ | દહેગામ | કરઝોદરા નારણાવટ |
| ૪૮ | દહેગામ | કરઝોદરા મંદિરવાળો વાસ |
| ૪૯ | દહેગામ | વાઘજીપુરા (પન્નાના મુવાડા) |
| ૫૦ | દહેગામ | સુતરીયાપરા (નાનીમાછંગ) |
| ૫૧ | દહેગામ | ભક્તોની તેર (નાની માછંગ) |
| ૫૨ | દહેગામ | સાબેલા |
| ૫૩ | દહેગામ | ભુમછીયા |
| ૫૪ | દહેગામ | પથુજીની મુવાડી |
| ૫૫ | દહેગામ | વાઘરીઓની મુવાડી |
| ૫૬ | દહેગામ | નજુપુરા |
| ૫૭ | દહેગામ | મદાપુરા |
| ૫૮ | દહેગામ | લાલુજીની મુવાડી |
| ૫૯ | દહેગામ | ભક્તોના મુવાડા |
| ૬૦ | દહેગામ | ડુમેચા |
| ૬૧ | દહેગામ | કલીયાપુરા (સાંપા) |

-----------------------

## ભૂજ અને નખત્રાણા તાલુકાના સરકારી જમીનોમાં દબાણ

૯૬૧૫ **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જીલ્લાના ભૂજ તથા નખત્રાણા તાલુકામાં ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ કેટલ સરકારી જમીનોમાં દબાણો થયા છે, | (૧) ભૂજ ૯૮,૯૬૦ ચો.મી. — નખત્રાણા ૬૦૦૪-૦૨ચો,મી. |
| (૨) આ દબાણો કેટલા સમયથી છે, | (૪) ૩૦ વર્ષ — ૧ વર્ષ |
| (૩) દબાણો દૂર કરવામાં નિષ્ફળ જનાર અધિકારીઓ સામે શાં પગલાં લવાયા છે, અને | (૫) અધિકારીશ્રી સામે પગલાં લેવાયેલ નથી. |
| (૪) તમામ દબાણો કયાં સુધીમાં દૂર કરવામાં આવશે ? | (૬) કાયદાકીય પ્રક્રિયા પુર્ણ થયેથી |

---------

## અમરેલી જિલ્લાના ખોડિયાર ડેમમાંથી સિંચાઈના લાભ

૮૪૯૧ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી)** : **માનનીય જળ સંપત્તી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં અમરેલી જીલ્લાની ખોડિયાર ડેમ યોજનામાંથી કેટલ ગામોને અને કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળે છે, અને | (૧) ખોડિયાર સિંચાઈ યેજના હેઠળ કુલ ૨૧ ગામોના ૭૬૮૯ હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ આપવાનું આયોજન કરેલ છે. જ પૈકી વર્ષ ૨૦૪-૦૫ દરમ્યાન તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ૨૦ ગામોના ૩૨૦૦ હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ આપવામાં આવેલ છે. |
| (૨)આ યોજના અંતર્ગત સિંચાઈની કેનાલોને પાકી બનાવવા સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ ? | (૨) ના, જી. |

---------

## હાલોલ તાલુકાના ભીંડા ગામથી પારખંદા ગામ સુધી સુખી કેનાલ બનાવવા અંગે

૮૧૨૧ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ)** :**માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હાલોલ તાલુકાના ભીંડા ગામથી પારખંદા ગામ સુધી સુખી કેનાલ કરવા માટે સરકારે કોઈ આયોજન કર્યું છે, અને | (૧) હાલ આયોજન નથી. |
| (૨) આ કામ હાલ કયા તબક્કામાં છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ કચ્છ જિલ્લામાં બંધારા અને ટાઈડલ રેગ્યુલેટર બાંધવા અંગે

૯૨૯૩ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જીલ્લા માટે સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ બંધારા અને ટાઈડલ રેગ્યુલેટર બાંધવાનું આયોજન છે કે કેમ, અને | (૧) આયોજન છે. |

| | |
|---|---|
| (૨) તે માટે નાબાર્ડની સહાય મેળવવાની છે કે કેમ ? | (૨) હા જી, દરખાસ્ત રજૂ કરેલ છે. |

---------

**વ્યારા તાલુકામાં કેરોસીનનો જથ્થો ફાળવવા અંગે**

૯૬૦૩ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા)** :**માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સુરત જિલ્લાના વ્યારા તાલુકામાં કેરોસીનનો પુરવઠો દર મહિને પુરતા પ્રમાણમાં આપવામાં આવે છે કે કેમ, | (૧) સુરત જિલ્લાના વ્યારા તાલુકા સહિત તમામ તાલુકાઓને માસિક ધોરણે સપ્રમાણ ફાળવણી કરી નોનગેસ કાર્ડધારકોને નિયત કરેલ સરખા પ્રમાણથી કેરોસીન આપવામાં આવે છે. |
| (૨)જો હા, તો તેનું વિતરણ વ્યારા તાલુકાના તમામ ગામડાઓમાં થાય છે કે કેમ, અને | (૨) હા જી, |
| (૩)જો ના, તો વિતરણ ન થવાનાં કારણો કયા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**જમીનના દસ્તાવેજમાં લેનાર અને વેચનારના ફોટા લગાવવા અંગે**

૮૪૦૪ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જમીનના દસ્તાવેજમાં લેનાર તથા વેચનારની સહીઓ તેમજ બંન્નેના ફોટા લગાડવાનો નિર્ણય સરકાર દ્વારા કરવામાં આવેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારે નિર્ણય કરવામાં આવ્યો અને સરકાર ક્યારે અમલ કરવા માંગે છે ? | (૨) તા. ૨૪-૯-૨૦૦૧થી નિર્ણય લેવામાં આવેલ છે. આ બાબતે પરિપત્રથી સૂચના બહાર પાડવામાં આવેલ છે. |

---------

**મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩૨-ક હેઠળ આકારણીની નોટિસો**

૯૫૮૭ **શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ની કલમ ૩૨-ક હેઠળ સ્ટેમ્પ ડ્યુટીની આકારણી કરવામાંથી ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાનોને મુક્તિ આપવામાં આવેલ છે, છતાં સને ૨૦૦૪ના વર્ષના આવા મકાન ધારણકર્તાઓને ૩૨-(ક) હેઠળ ભાવનગર ખાતે આકારણીની નોટીસો આપવામાં આવી છે તે સરકાર જાણે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અટકાવવા સરકારે શા પગલાં લીધા છે ? | (૨) આ બાબતે કાયદાકીય પાસાઓની ચકાસણી કર્યા બાદ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. |

----------

## અંત્યોદય યોજના હેઠળ ગરીબોને અપાતા અનાજ અંગે

૯૫૯૧ **શ્રી ઇશ્વરભાઇ ધ. મકવાણા(જોટાણા)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બી.પી.એલ. કુટુંબોમા વધુ ગરીબ એવા લોકોને અંત્યોદય યોજના હેઠળ કેટલા ઘઉં, ચોખા, આપવામાં આવે છે, અને | (૧) પ્રતિ કુટુંબ પ્રતિમાસ ઘઉં-૨૮ કિલો અને ચોખા ૭ કિલો આપવામાં આવે છે. |
| (૨) જો હા, તો ક્યા ભાવે આપવામાં આવે છે ? | (૨) ઘઉં પ્રતિ કિલો રૂા. ૨/- લેખે<br>ચોખા પ્રતિ કિલો રૂા. ૩/- લેખે |

----------

## સરકારી જમીન ગ્રાન્ટ કરતી વખતે કિંમત લેવાના ધોરણમાં તફાવત

૯૬૬૦ **શ્રી અંબાલાલ આ. રોહિત(સોજીત્રા)** :**માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી જમીન મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને ગ્રાન્ટ કરવા અંગે કિંમત લેવાના ધોરણોમાં તફાવત છે તે વાત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આવો ભેદભાવ દૂર કરવા સરકાર શું પગલાં લેવા માંગે છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## પીવાના પાણીની કાયમી અછતવાળા સૌરાષ્ટ્રના મોટા શહેરો માટે આયોજન

૯૨૬૩ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧.૧.૦૪ થી તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ સૌરાષ્ટ્રના રાજકોટ, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગર, ભાવનગરને પીવાના પાણીની કાયમી અછત નિવારવા રાજ્ય સરકારે શું પગલાં લીધા છે, અને | (૧) નીચેની વિગતે પગલાં લીધા છે.<br>(૧) રાજકોટ તથા જામનગર માટે મચ્છુ-૨ ડેમ આધારિત તાકીદની યોજનામાંથી હયાત બલ્ક લાઇનને જોડાણ આપેલ છે.<br>(૨) ભાવનગર તથા અમરેલીની હયાત વ્યવસ્થા પૂરતી હોઇ કોઇ નવીન પગલાં લીધેલ નથી.<br>(૩) સુરેન્દ્રનગર માટે વલ્લભીપુર બ્રાન્ચ કેનાલ આધારિત તાકીદની યોજનાનું અમલીકરણ કરેલ છે. |
| (૨) જો પગલાં ન લેવાયા હોય તો તેના શું કારણો છે? | (૨) ઉપર પ્રમાણે પગલાં લીધેલા છે. |

----------

## અમદાવાદ સિટી તાલુકાના ગામોને પીવાનું પાણી પુરુ પાડવા અંગે

૮૧૬૮**ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા)** :**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્વજલધારા યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાના સિટી તાલુકાના કયા કયા ગામોને પીવાના પાણીનો પુરવઠો આપવામાં આવ્યો છે, | (૧)એક પણ નહી. |
| (૨)કયા કયા ગામોને આ યોજનામાં આવરી લેવાયા નથી, અને | (૨)૨ ગામો અનુક્રમે ત્રાગડ અને પીપળજ |
| (૩)આ બાકી ગામો માટે શું આયોજન છે? | (૩)રજૂઆત મળ્યેથી સ્વજલધારા કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે. |

----------

## સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ કચ્છ જિલ્લામાં બંધારા અને ટાઇડલ રેગ્યુલેટર બાંધવા અંગે

૯૨૮૬ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર )** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)કચ્છ જિલ્લા માટે સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ બંધારા અને ટાઇડલ રેગ્યુલેટર બાંધવાનું આયોજન છે કે કેમ, અને | (૧) આયોજન છે. |
| (૨)તે માટે નાબાર્ડની સહાય મેળવવાની છે કે કેમ? | (૨) હા જી, દરખાસ્ત રજુ કરેલ છે. |

----------

## ઇ-ધરાલેન્ડ રેકર્ડ મેનેજમેન્ટ સિસ્ટમ માટે કેન્દ્રીય સહાય

૯૨૫૮ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારે ઇ-ધરાલેન્ડ રેકર્ડ મેનેજમેન્ટ સીસ્ટમ માટે કેન્દ્ર સરકાર પાસે કયારે અને કેટલી સહાય માંગી, અને

(૧) તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારે ઇ-ધરાલેન્ડ રેકર્ડ મેનેજમેન્ટ સીસ્ટમ માટે કેન્દ્ર સરકાર પાસે નીચે પ્રમાણે સહાય માંગેલ છે.

| **તારીખ** | **માંગેલ સહાય** |
|---|---|
| ૨૮.૧.૨૦૦૩ | ૦૫૧૬.૨૫ લાખ |
| ૭.૧૧.૨૦૦૩ | ૧૦૩૬.૦૦ લાખ |
| ૭.૧૨.૨૦૦૪ | ૦૪૯૫.૦૦ લાખ |

(૨) કેન્દ્ર સરકાર તરફથી ડિસેમ્બર-૨૦૦૪ સુધીમાં કેટલી રકમ કયારે આપવામાં આવી?

(૨) કેન્દ્ર સરકાર તરફથી ડિસેમ્બર-૨૦૦૪ સુધીમાં નીચે મુજબની રકમ આપવામાં આવેલ છે.

| **તારીખ** | **આપેલ રકમ** |
|---|---|
| ૧૧.૨.૨૦૦૩ | ૨૬૬.૨૫ લાખ |
| ૫.૧૨.૨૦૦૩ | ૩૭૨.૫૦ લાખ |
| ૨૧.૧૨.૨૦૦૪ | ૪૯૫.૦૦ લાખ |

----------

## મહેસાણા જિલ્લામાં ફ્લોરાઇડમુકત પીવાનું પાણી આપવા અંગે

૯૦૦૯ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં ફલોરાઇડ મુકત પીવાનું પાણી આપવા માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે, | (૧) જૂથ યોજનાઓ દ્વારા નર્મદા તથા ધરોઇ ડેમનું પાણી આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. |
| (૨) આ યોજનાની વિગતો શું છે, અને | (૨) (અ) ધરોઇ ડેમનું પાણી ફીલ્ટર કરી ખેરાલુ, વડનગર, સતલાસણ, ઉંઝા તથા વિસનગર તાલુકાના ૨૪૭ ગામો અને ૪ શહેરોને પાણી વિતરણ કરવામાં આવે છે.<br>(બ) નર્મદા કેનાલની પાઇપ લાઇનમાંથી પાણી લઇ ફીલ્ટર કરી વિજાપુર તાલુકાના ૬૧ ગામોને પાણી આપવાનું આયોજન છે. આ યોજનાના કામો પ્રગતિમાં છે.<br>(ક) નર્મદા કેનાલનું પાણી ફીલ્ટર કરી કડી તાલુકાના ૧૧૯ ગામો ૧ શહેર તથા મહેસાણા અને બેચરાજી તાલુકાના ૧૭૧ ગામો ૨ શહેર તથા વિજાપુર તાલુકાના ૧ શહેરને પાણી આપવાનું આયોજન છે. આ યોજનાના કામો પ્રગતિમાં છે. |
| (૩) તેમાંથી કેટલા ગામોને પાણી પુરું પાડવામાં આવશે? | (૩) ૫૯૮ ગામો. |

----------

## કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને "ત્વરિત ગ્રામ્ય પાણી પુરવઠા કાર્યક્રમ" અન્વયે ફાળવેલ રકમ

૮૨૯૫ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને "ત્વરિત ગ્રામ્ય પાણી પુરવઠા કાર્યક્રમ" માટે ડિસેમ્બર-૨૦૦૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી રકમો ફાળવી અને ખર્ચ કરવામાં આવી, | (૧) કેન્દ્ર સરકાર પુરસ્કૃત ત્વરિત ગ્રામ્ય પાણી પુરવઠા કાર્યક્રમમાં રૂા.૬૮૪૧.૯૭ લાખની રકમ મળેલ છે. તથા છેલ્લા વર્ષમાં રૂા.૯૭૯૮.૫૬ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૨) આ કાર્યક્રમ હેઠળ રાજ્ય સરકારે કયાં કયાં અને કેટલી રકમો ફાળવી અને ખર્ચવામાં આવી, અને | (૨) આ કાર્યક્રમ હેઠળ થયેલ ફાળવણી અને ખર્ચની વિગતો નીચે મુજબ છે. |

| ક્રમ | જિલ્લાનું નામ | ફાળવણી અને ખર્ચ (રૂા.લાખમાં) |
|---|---|---|
| ૧ | વડોદરા | ૨૪૫.૮૨ |
| ૨ | ખેડા | ૧૦૮.૦૬ |
| ૩ | આણંદ | ૬૦.૯૮ |

| | | |
|---|---|---|
| ૪ | ગોધરા | ૫૩૦.૬૮ |
| ૫ | દાહોદ | ૧૬.૦૨ |
| ૬ | સુરત | ૨૩૫૨.૦૧ |
| ૭ | ભરૂચ | ૨૧.૧૪ |
| ૮ | નર્મદા | ૨૪.૭૬ |
| ૯ | વલસાડ | ૭૩૮.૮૪ |
| ૧૦ | નવસારી | ૨૫૫.૦૪ |
| ૧૧ | ડાંગ | ૧૮.૫૬ |
| ૧૨ | અમદાવાદ | ૩૩૦.૨૫ |
| ૧૩ | ગાંધીનગર | ૫.૬૮ |
| ૧૪ | સાબરકાંઠા | ૪૧૮.૫૭ |
| ૧૫ | મહેસાણા | ૨૦.૭૧ |
| ૧૬ | પાટણ | ૫.૯૧ |
| ૧૭ | બનાસકાંઠા | ૧૭૫.૫૭ |
| ૧૮ | સુરેન્દ્રનગર | ૧૬૮.૧૬ |
| ૧૯ | રાજકોટ | ૨૫૨.૬૯ |
| ૨૦ | જામનગર | ૭૨.૯૧ |
| ૨૧ | જુનાગઢ | ૨૫૦૧.૮૦ |
| ૨૨ | પોરબંદર | ૯૫.૬૧ |
| ૨૩ | કચ્છ | ૮૯૧.૮૨ |
| ૨૪ | ભાવનગર | ૪૮.૦૩ |
| ૨૫ | અમરેલી | ૧૯.૯૧ |
| | એમ.એન્ડ આર. | ૪૧૮.૫૩ |
| | **કુલ :** | **૯૭૯૮.૫૬** |

(૩) આ રકમો જિલ્લા સ્તરે ફાળવવાના ધોરણો કયા કયા છે?

(૩) યોજનાની માર્ગદર્શક સૂચનાઓના આધારે યોજના ઉપર થયેલ ખર્ચના પ્રમાણમાં રકમો ફાળવવામાં આવે છે.

----------

## સુરતમાં રેશનકાર્ડ ધારકોને કેરોસીન આપવા અંગે

૯૨૬૬ **શ્રી મનીષ ન. ગીલીટવાલા(સુરત શહેર (પૂર્વ)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત શહેરમાં કાર્ડ ધારકોને દર માસે કેટલું કેરોસીન ફાળવવામાં આવ્યું, અને

(૨) જરુરીયાત મુજબનો પુરવઠો ન ફાળવવાના કારણો શાં છે?

**જવાબ**

(૧) કાર્ડધારકોને સુરત શહેરમાં માસવાર ફાળવવામાં આવેલ કેરોસીનના જથ્થાની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | માસનું નામ | જથ્થો (કિલો લીટરમાં) |
|---|---|---|
| ૧ | જાન્યુઆરી-૦૪ | ૩૬૯૯ |
| ૨ | ફેબ્રુઆરી-૦૪ | ૩૬૯૫ |
| ૩ | માર્ચ-૦૪ | ૩૭૨૦ |
| ૪ | એપ્રિલ-૦૪ | ૩૬૧૭ |
| ૫ | મે-૦૪ | ૩૬૦૧ |
| ૬ | જૂન-૦૪ | ૩૭૦૯ |
| ૭ | જુલાઇ-૦૪ | ૩૪૩૮ |
| ૮ | ઓગષ્ટ-૦૪ | ૩૧૯૮ |
| ૯ | સપ્ટેમ્બર-૦૪ | ૩૧૫૮ |
| ૧૦ | ઓકટોબર-૦૪ | ૩૦૬૧ |
| ૧૧ | નવેમ્બર-૦૪ | ૩૦૬૫ |
| ૧૨ | ડિસેમ્બર-૦૪ | ૩૦૪૮ |

(૨) કેન્દ્ર સરકાર તરફથી રાજ્યને કેરોસીનની જરુરીયાત કરતાં ઓછી ફાળવણી કરવાને કારણે જરુરીયાત મુજબનો કેરોસીનનો પુરવઠો ફાળવી શકાતો નથી.

## લાલપુર તાલુકાના પડાણા ગામે જમીનના વળતર

૯૬૦૮ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧)જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના પડાણા ગામે ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા અધિનિયમ અન્વયે ફાજલ જમીનના વળતર, જમીન માલીકોને ચુકવાયા નથી તે વાત સરકાર જાણે છે,

(૨)જો હા, તો વળતર ન ચુકવવાના કારણો શું છે, અને

(૩)જમીન માલીકોને વળતર કયાં સુધીમાં ચુકવાશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) : જમીન માલિકને વળતરની રકમ ઓછી પડતી હોવાથી તેઓએ વળતર સ્વીકારેલ નથી. અને તેથી વળતર ચૂકવવાની બાબતે કોઇ સમયમર્યાદા નક્કી કરી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

## સુજલામ્ સુફલામ્ યોજના પાછળ ખર્ચ

૮૬૩૪. **ડૉ જીતેન્દ્રભાઈ બા. પટેલ(સાબરમતી)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુજલામ્ સુફલામ્ યોજનામાં તા.૩૧.૧૨.૦૪ સુધીમાં કેટલા નાણાં ખર્ચવામાં આવ્યા, અને | (૧) સુજલામ્ સુફલામ્ યોજનામાં તા.૩૧.૧૨.૦૪ સુધીમાં કુલ ૮૧૯.૦૧ કરોડના કામો થયેલ. જેમાં જળસંપત્તિ પ્રભાગના રૂા.૫૨૪.૦૧ કરોડ, પા.પુ. વિભાગના રૂા.૨૪૫.૦૦ કરોડ તથા ખેતતલાવડીના રૂા.૫૦.૦૦ કરોડનો સમાવેશ થાય છે. |
| (૨) આ યોજના કેટલા સમયમાં પુરી થશે? | (૨) આ યોજના બજેટરી જોગવાઇને ધ્યાને રાખીને જેમ બને તેમ જલ્દી પૂરી કરવાનું આયોજન છે. |

---------

## સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના ૮૦ :૨૦ અને ૬૦ :૪૦ ના ધોરણોમાં ફેરફાર કરવા અંગે

૯૨૮૯ **શ્રી રતિલાલ ગો. સુરેજા(માણાવદર)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના ૬૦ :૪૦ અને ૮૦ :૨૦ ના ધોરણમાં સરકાર કોઇ ફેરફાર કરવા માંગે છે કે કેમ? | અત્રે બાબત વિચારણા હેઠળ છે. |

---------

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૦૪નો વાર્ષિક અહેવાલ

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (જળસંપતિમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૦૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

### ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૦૧-૦૨નો વાર્ષિક અહેવાલ

**શ્રીનરોત્તમભાઈ ત્રિ. પટેલ (પાણી પુરવઠામંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૦૧-૦૨ના વાર્ષિક હિસાબો અને ઑડિટ અહેવાલ તેમજ સન ૨૦૦૩-૦૪નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા સન ૨૦૦૧-૨૦૦૨ના વાર્ષિક હિસાબો અને ઑડિટ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ તથા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૦૪નો વાર્ષિક અહેવાલ

**શ્રીકૌશિકભાઈ જ. પટેલ (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૦૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

## બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના છઠ્ઠા અહેવાલની રજૂઆત

**શ્રી દિલુભા ટે. ચુડાસમા** : **(સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

## બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના અહેવાલનો પ્રસ્તાવ

**શ્રી દિલુભા ટે. ચુડાસમા** (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, " આ સભાગૃહ બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના છઠ્ઠા અહેવાલ સાથે સંમત થાય".

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

## રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

**અધ્યક્ષશ્રી:** રાજયપાલશ્રીના સંબોધન માટે તા.૧૭મી ફેબ્રુઆરી,૨૦૦૫ના રોજ માનનીય સભ્ય, શ્રી શંકરભાઈ ચૌધરી તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્ય, શ્રી પ્રબોધકાંત પંડયાએ અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે-

રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો-

"અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા):** માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજયપાલશ્રી પંડિત નવલકિશોર શર્માજીએ આ ગૃહ સમક્ષ આપેલ પ્રવચન ઉપર આ સભાગૃહના માનનીય સભ્યશ્રી શંકરભાઈ ચૌધરી જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે, તેના સમર્થનમાં વાત મૂકવા માટે હું ઉભો થયો છું. સમગ્ર રાજયપાલશ્રીના પ્રવચન દરમિયાન એક વાત બહુ સ્પષ્ટ રીતે તરી આવી કે આવનારા દિવસોમાં The growth engine of India is absolutely Gujarat, એટલા માટે આ ગુજરાતે વાવાઝોડા, અછતના વર્ષો.....

**અધ્યક્ષશ્રી** : માનનીય શંકરભાઈએ મારું ધ્યાન દોર્યુ છે કે કેટલાક મંત્રીશ્રી બોલનાર સભ્યશ્રી અને સ્પીકરની વચ્ચેથી પસાર થયા છે તે વાજબી થયું નથી હવે પછી ધ્યાન રાખે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, વાવાઝોડા, અછતના વર્ષો અને ભૂકંપ જેવી આફતો વચ્ચે ૨૦૦૨-૦૩ ના વર્ષમાં ગુજરાતનો વિકાસ દર ૧૦.૫ ટકા હતો. સન ૨૦૦૩-૦૪ ના વર્ષમાં વિકાસ દર ૧૫.૪ ટકા જેટલો થયો. ૨૦૦૩-૦૪ માં ભારતના વિકાસ દર ૮.૪ ટકાની સામે જોઈએ તો લગભગ બમણો વિકાસ દર ગુજરાતે હાંસલ કર્યો છે. આખા ભારતના બધા જ રાજયોમાં ગુજરાતનો વિકાસ દર સૌથી વધારે છે. એશિયામાં ગુજરાતને શ્રેષ્ઠ રાજય બનાવવા માટેના સંકલ્પ સાથે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કામ કરી રહી છે. એને કેન્દ્ર સરકાર દ્વારા પણ અનેક રીતે પ્રશંસનીય ગણવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી દેશના બધા રાજયોને ધ્યાને લઈ પર કેપિટા ઈન્કમ, માથાદીઠ આવક ૨૦૯૮૯ રૂપિયા છે. તેની સામે ગુજરાતની પર કેપિટા ઈન્કમ ૨૬૯૭૯ રૂપિયા છે. રાજયપાલશ્રીના પ્રવચનના પાના નંબર ૩૫ ઉપર કરકસરયુકત વહીવટને કારણે આજે રાજયની પરિસ્થિતિ છેલ્લા બે વર્ષ દરમ્યાન સતત ઉત્તરોત્તર સુધ ારતી જાય છે. જાણીતી રેટીંગ એજન્સીઓ, ક્રીસીલ, આઈ.સી.આર.એ. ઈકા અને કેર જેવી કંપનીઓ દ્વારા પણ ગુજરાતને ઉંચું રેટીંગ આપવામાં આવ્યું છે. વિકાસના કામોની વાર્ષિક યોજના જે હમણા નકકી થઈ, તેમાં ગુજરાતને ૨૦૦૪-૦૫ ની સરખામણીમાં ૨૫૦૦ કરોડ એટલે કે લગભગ ૨૯ ટકા જેટલો વિક્રમજનક વધારો કરીને ૧૧,૦૦૦ કરોડની આ યોજના નકકી કરવામાં આવી છે. આ ગુજરાતના વિકાસની સરાહના આયોજન પંચે કરી છે. આ એક સુવર્ણ પૃષ્ઠ ગુજરાતના ઈતિહાસમાં લખાવાનું છે.

ગુજરાતના વિકાસ માટે ઈન્ટીગ્રેટેડ એપ્રોચના માધ્યમથી ઈન્ફ્રાસ્ટ્રકચર ફેસિલિટીઝ કરીને રોડ કનેકિટવિટી, રેલ કનેકિટવિટી, ટેલિ કનેકિટવિટી, પોર્ટ કનેકિટવિટી અને એર કનેકિટવિટીથી સમગ્ર રીતે કનેકિટવિટીમય ગુજરાત બનાવીને ગરીબો, દલિતો, મધ્યમવર્ગ અને ઉદ્યોગોના વિકાસ દ્વારા ગુજરાતનો વિકાસ અને ઉર્જારૂપી પતંગ વિશ્વ ગગનમાં સર કરવાનો છે.

રાજયપાલશ્રીના પ્રવચનમાં નેશનલ રીવર ગ્રીડ યોજના, દિલ્હીના સેમિનારમાં સુરેશ પ્રભુ બોલવાના હતાં, એમાં મારે જવાનું થયું. એ જ દિવસે ત્યાંના હિન્દુસ્તાન ટાઈમ્સના ફ્રન્ટ પેઈઝ ઉપર સાબરમતી નદીમાં બે કાંઠે વહેતાં પાણી અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ફોટા સાથેના ન્યુઝ હતાં. માત્ર સાબરમતી જ નહીં, પરંતુ ગુજરાતની ૧૦ નદીઓમાં આ પાણી વહેવડાવવામાં આવ્યા છે. આ વાતનો ઉલ્લેખ એટલા માટે કરું છું કે ભારતીય જનતા પાર્ટીની સરકાર માત્ર સપનાં જોતી નથી, પરંતુ તેને સિદ્ધ કરીને રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, થોડા સમય પહેલાં સુજલામ્ સુફલામ્ યોજના પસાર કરી. આ યોજનાના માધ્યમથી ઉત્તર ગુજરાતના અનેક ગામોના લોકો જે ફલોરાઈડ કન્ટેન્ટવાળું પાણી પીતા હતા, ત્યાંના યુવાનોમાં અકાળે વૃદ્ધત્વ જેવી સ્થિતિ આવતી હતી, એ યુવાનોને અકાળે વૃદ્ધત્વમાંથી બહાર લાવવા માટે અને એમને પીવાનું સારું પાણી મળી રહે એ માટે આ સુજલામ્ સુફલામ્ યોજનાના માધ્યમથી ગુજરાતમાં પીવાના પાણીની સાથોસાથ સિંચાઈની ચિંતા પણ આ સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનની હદમાંથી આવું છું. છેલ્લા કેટલાય દિવસથી અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનમાં કોંગ્રેસના અણઘડ વહીવટને કારણે કમળાના એટલા બધા કેસીસ છે કે આજે શહેરીજનોના આરોગ્ય સામે અનેક પ્રશ્નો ઉભા થયા છે. આમ છતાં સાથી પક્ષના સભ્યોને *(જેને કમળો થયો હોય એને પીળું દેખાય) એમ એમને આ પ્રશસ્તિ દેખાય છે. આયોજન પંચે જે કહ્યું, એને પ્રશસ્તિ લાગે છે.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

**અધ્યક્ષશ્રી** : *(કમળો થયો હોય એને પીળું દેખાય) એવું બોલી શકાય નહીં. એ અસંસદીય છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા**: માનનીય અધ્યક્ષશ્રી, સારું, કમળાના વ્યાપક કેસો છે.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ તો ગૃહનું અવમાન થયું કહેવાય, એક તો એમણે એ શબ્દો પાછા ખેંચ્યા નથી અને...

**અધ્યક્ષશ્રી**: માનનીય પ્રદિપસિંહ, આપ એ શબ્દો પાછા ખેંચી લો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા**: માનનીય અધ્યક્ષશ્રી, હું એ શબ્દો પાછા ખેંચી લઉં છું.

## રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)(ક્રમશ:)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા**: માનનીય અધ્યક્ષશ્રી, સાથી પક્ષમાં અનેક શિક્ષણ શાસ્ત્રીઓ છે અને નામદાર રાજયપાલશ્રીના પ્રવચનના પાના નંબર ૫ ઉપર એજયુકેશનલ સેટેલાઈટનો મહત્તમ ઉપયોગ કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતની પસંદગી કરવામાં આવી છે. આ એજયુકેશનલ સેટેલાઈટનો ઉપયોગ કરવા માટે અન્ય રાજયો કરતાં ગુજરાતને કેમ પસંદ કરવામાં આવ્યું છે એટલા માટે કે અહીંયાં ગુજરાતમાં આઈ.ટી.રિલેટેડ પૂરતું ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હાયર એજયુકેશનમાં ૮ નવી એન્જિનિયરિંગ કોલેજો, ૩ સેલ્ફ ફાઈનાન્સ કોલેજો, ૧૨ ફાર્મસી કોલેજો, એક સેલ્ફ ફાઈનાન્સ પૉલિટેકનીક કોલેજ અને એમાં કુલ મળીને ૪૮૦૬ જેટલી નવી બેઠકો વધીને શિક્ષણ માટે વિદ્યાર્થીઓને મળવાની છે. બાયો મેડીકલ અને ઓટોમોબાઈલના ડિગ્રી કોર્સ પણ હાથ ઉપર લીધા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે સોમનાથને લૂંટવાથી શરૂ કરીને વિદેશી વિધર્મીઓએ આપણી સંસ્કૃત્તિ ઉપર અનેક આક્રમણો કર્યા છે. જે દેશ પોતાનો ઈતિહાસ યાદ કરતો નથી એ દેશની ભૂગોળ બદલાઈ જાય છે. ગુજરાત એ સાંસ્કૃત્તિક રાષ્ટ્રવાદની પ્રયોગભૂમિ છે અને એ પ્રયોગભૂમિ સંસ્કૃત્તિના જતન માટે અને ભારતના સાંસ્કૃત્તિક રાપટ્રવાદની રક્ષા કરવા માટે સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની જાહેરાત કરવામાં આવી છે એ ખરેખર પ્રશંસનીય છે. આવનારી ૨૧ મી સદી એ જ્ઞાન, વિજ્ઞાન અને આઈ.ટી.ની સદી છે. આપણું સાયન્સ સીટી જયાં આઈ મેકસ, ચિલ્ડ્રન એકટિવિઝ સેન્ટર, એમ.પી. થિયેટર વગેરેના માધ્યમથી આજે આધુનિક વિજ્ઞાનનું યાત્રાધામ બન્યું છે. અઢી લાખ જેટલા લોકોએ આ સાયન્સ સીટીની મુલાકાત લઈને ૨૧ મી સદીમાં

---

* (***) આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર પાછા ખેંચવામાં આવ્યા છે.

ગુજરાતવાસીઓ એનાથી પાછળ ના રહી જાય એની ચિંતા કરી છે. Gujarat State Wide Area Network is one of the largest network in Asia. ૧૦૦ ઓફિસોને જોડી છે, ૧૧ સર્વર કાર્યરત કર્યા છે, ૧૦૯ જેટલી વેબ સાઈટ કાર્યરત છે અને આ જીસ્વાન એ એક મોટી સિધ્ધિ છે. ગુજરાત સરકારે ગુજરાતવાસી માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ સમગ્ર દેશ અને દુનિયામાં પોતાનું પગરણ અને ધંધાનો વિકાસ કરવા માગતા હોય એવું વતન સેવાની યોજના માણસ ગમે ત્યાં રહેતો હોય, પરંતુ એને પોતાના વતન માટે પ્રેમ હરહંમેશ હોય છે. આવા તમામ ગુજરાતવાસીઓ નોન રેસિડેન્ટ ગુજરાતી જયાં રહે છે ત્યાં ઈમેલના માધ્યમથી ગુજરાતમાં જોડાવાનો પ્રયત્ન કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વીજ પ્રવહન અને વીજ વિતરણ એટલે કે ટી.એન્ડ ડી. લોસ એ અગાઉ ૨૮.૮ ટકા હતાં એ હવે. ઘટીને ૨.૩ ટકા થયો છે. આખા દેશમાં સૌથી ઓછો આ ટી.એન્ડ ડી. લોસ છે અને એ ૨૮.૮ માંથી ઘટીને ૨.૩ કરવાનો જશ ગુજરાતને જાય છે. જી.ઈ.બી. દ્વારા ૨ હજાર કરોડ રૂપિયા જેટલી માતબર રકમની સબસિડી ગુજરાતના ખેડૂતોને આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના લોકોના આરોગ્યના સંદર્ભમાં આ સરકાર ચિંતિત છે. હમણાં જ મારા જ વિસ્તારમાં આવેલ સિવિલ હોસ્પિટલમાં એક ટ્રોમા સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. આ સિવિલ હોસ્પિટલમાં જયારે ધરતીકંપ થયો હોય, વાવાઝોડું આવ્યું હોય, તોફાનો અને વરસાદ થયો હોય એ તમામે તમામ વખતે ઓર્થોપેડિક સર્જન, ન્યુરો ફિઝિશિયન અને ન્યુરો સર્જનની સાથે આ ફેસિલિટી અહીંયાં ઉપલબ્ધ બની છે. રાજય સરકાર દ્વારા એક કરોડ જેટલાં બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવી છે અને એમાંથી ૨૫ હજાર જેટલાં બાળકોને તો ચશ્માનું વિતરણ કરવામાં આવેલ છે. એ બાળકો કે જેનાં પરિવાર આર્થિક રીતે નબળાં છે અને ચશ્મા ખરીદવા માટે સક્ષમ નથી એમને ચશ્મા પૂરા પાડીને એમને ભણવાના કામમાં આ સરકાર સહાયરૂપ બની છે. યુ.એન.મહેતા હાર્ટ હોસ્પિટલમાં ૫ થી ૧૫ વર્ષના નાના બાળકોને પણ કોઈના હૃદયમાં કાણું હોય, કાઈને હૃદયમાં દિવાલની તકલીફ હોય, કોઈની હૃદયની તકલીફ હોય, એવા તમામે તમામ બાળકોના ઓપરેશન અને બીજો સારવારનો ખર્ચ સરકાર ભોગવે છે અને આવા બાળકોને નવજીવન મળે છે અને એની આશિષ આ ગુજરાત સરકારને મળે છે

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે માત્ર ગરીબોના બાળકોની સમસ્યાને, ગરીબોના બાળકોની વેદનાને વાચા આપવાની માત્ર વાતો નથી કરી, પણ તેના માટે વ્યવસ્થા કરવાનું કામ પણ કર્યુ છે. સોઈલ હેલ્થ કાર્ડની વાત કરું તો હું જયારે જી.એન.એફ.સી.નો ચેરમેન હતો ત્યારે મને ખબર છે કે. ખેડૂતોને પોતાના ખેતરમાં કયું ફર્ટિલાઈઝર વાપરવું, કેટલું પાણી આપવું અને કઈ સીઝનમાં કયો પાક લેવો તેની પૂરતી માહિતી ન હોવાને કારણે અનેક સમસ્યાઓ સર્જાતી હતી. પણ આ સોઈલ હેલ્થ કાર્ડના માધ્યમથી સાચા અર્થમાં તેને યોગ્યતાના આધાર ઉપર વધારેમાં વધારે મહત્તમ પાક તે લઈ શકશે. વર્ષ ૨૦૦૨-૨૦૦૩માં ઉત્પાદિત થયેલ વસ્તુઓની બજાર કિંમત ૧,૦૦,૭૫,૭૩૮ કરોડ થઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૧,૫૩૦ કરોડ રૂપિયાનો વધારો આ રાજયની આવકમાં થયો છે. ગુજરાત એ પેટ્રો કેપિટલ ઓફ ઈન્ડિયા છે, petro capital is a gateway for prosperity માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો ઈકોનોમિક સિનારીયો આવનારા દિવસોમાં બદલવાનો હોય તો એ આ પેટ્રોલિયમ ઈન્ડિસ્ટ્રીઝથી બદલાવાનો છે. એલ.એન.જી. ટર્મિનલના માધ્યમથી જે ગેસ ઉપલબ્ધ થવાનો છે અને એ ગેસ ઈલેકટ્રીસિટી અને ફર્ટિલાઈઝરમાં આપવાથી ઈલેકટ્રીસીટી જનરેશન કોસ્ટ ઈફેકટીવ થશે, ફર્ટિલાઈઝરની ઉત્પાદનની પ્રક્રિયામાં પણ કિંમતમાં ઘટાડો થશે અને પોલ્યુશન પણ ઓછું થશે. ગુજરાતમાં ૪૦ ટકા જેટલી વસતિ અત્યારે શહેરોમાં વસે છે. આઝાદીનાં ૫૦ વર્ષ સુધી ગામડાંમાં જે ધ્યાન આપવું જોઈએ તે ધ્યાન ન આપવાને કારણે ગામડાં તૂટી ગયાં છે. હવે આજે ફરી એક વખત ગુજરાતમાં જયોતિ ગ્રામના માધ્યમથી લાઈટ, રસ્તાઓ અને પાણીની સુવિધાઓ ઉપલબ્ધ કરવાની સાથે સાથે જે શહેરી વિસ્તારની સમસ્યાઓ છે તે સમસ્યા માટે પણ આ વર્ષ અર્બન ડેવલપમેન્ટ વર્ષ તરીકે ઉજવવાનું કામ આ રાજય સરકાર કરી રહી છે જે પ્રશંસાને પાત્ર છે.

બંદરોના પ્રાઈવેટાઈઝેશનની પોલિસી આખા દેશમાં સૌ પ્રથમ કોઈ લાવ્યું હોય તો તે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ૧૯૯૫માં લાવી અને આજ દિવસ સુધીમાં આખા દેશમાં સૌથી વધારે કાર્ગો કયાંય હેન્ડલ થયો હોય તો એ ગુજરાતમાં થયો છે. સુનામી ગ્રસ્ત લોકોને બે કરોડ, પાંચ કરોડ કે દસ કરોડ આપવાનો સવાલ નથી, પણ આ સુનામીના અસરગ્રસ્તોની વહારે સૌથી પહેલાં કોઈ પહોંચ્યું હોય તો તે આ ગુજરાત સરકાર પહોંચી છે. આ સુશાસનનું વૈશ્વિક સન્માન જી.એસ.ડી.એમ.એ યુ.એન. સાસાકાવા એવોર્ડ અને ૨૦૦૪માં ઈનોવેશન ઈન ગવર્નન્સનો એવોર્ડ પણ આપણને મળ્યો છે. ભૂતકાળમાં અખબારોની કચેરીઓ ઉપર હુમલો કરવાવાળા આજે અખબારનું ગળું દબાવી રહ્યા હોય તેવો આક્ષેપ આ હાઉસમાં કરે છે. આખા દેશમાં જો ક્રાઈમ રેટ કયાંય ઘટ્યો હોય તો તે ગુજરાતમાં ઘટ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, જયારે થોડા સમય પહેલાં ઈસરતનો કેસ થયો, તો એમાં આપણે સૌ જાણીએ છીએ કે પોલીસનું મોરલ તોડવાનું કામ કઈ રાજકીય પાર્ટીવાળા લોકોએ કર્યુંહતું? *(xxxxxxxxxx)

* (xxxx) આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે)

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રદિપસિંહ, તમે કેન્દ્ર સરકારની વાત ન કરો, પ્લીઝ, આ શબ્દો રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની વાત કરવા નથી માગતો, પણ આજે આપણે પ્રશ્નોત્તરીની ચર્ચા દરમિયાન જોયું કે કેરોસીન અને ગેસની સમસ્યા જે આપણી વચ્ચે ઉભી થઈ છે, તેની સાથે સાથે આંતરીક સુરક્ષાનો પણ સવાલ ઉભો થયો છે, પાસપોર્ટ વગર જે જવા માટેના દ્વાર ખોલવાના છે તેના કારણે ભારતની આંતરિક સુરક્ષા સામે પ્રશ્નો ઉભા થવાના છે અને તે આખા દેશની સાથે સાથે ગુજરાતને સ્પર્શતો પ્રશ્ન પણ છે કે પાસપોર્ટ વગર પાકિસ્તાનમાંથી ગુજરાતમાં ગમે તે આવી જશે તો આપણે ગુજરાતને આતંકવાદીઓના હવાલે ન કરી શકીએ? બીજા પણ કેન્દ્ર સાથે આપણા અનેક પ્રશ્નો પડતર છે. ગુજકોકનો કાયદો છે તેને હજુ મંજૂરી આપવામાં આવી નથી. પોટાનો કાયદો રદ કરી નાખ્યો પણ હજુ ગુજકોક ને મંજૂરી નથી આપવામાં આવી. પીપાવાવને ગેસ ફાળવવાનું કામ પણ હજુ સુધી પુરું થયું નથી. માનનીય અધ્યક્ષશ્રી સાગરવાલા પ્રોજેકટ અંતર્ગત જે સેસ દાખલ કરવામાં આવ્યો છે તે દૂર કરવા માટે.

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રદિપસિંહ, પંદર મિનિટ થઈ છે આપનું પ્રવચન પુરું થયું, માનનીય બાબુભાઈ, આપને પણ પંદર મિનિટ મળશે.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ માનનીય શંકરભાઈ ચૌધરી લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

રાજયપાલશ્રીનું પ્રવચન એ આ સરકારની જે કામગીરી કે સિદ્ધિઓનું વર્ણન કરતું પ્રવચન હોય છે. રાજયપાલશ્રીને આદરપૂર્વક આવકારીએ છીએ, પરંતુ આ સરકારની કોઈ સિદ્ધિઓ નથી એને સાથે સાથે વખોડી કાઢવાનું હું યોગ્ય સમજુ છું.

મારા મિત્ર પ્રદિપસિંહ જાડેજા સાથે એવો નાતો છે કે અગાઉના રાજયપાલશ્રીના પ્રવચન ઉપર મારી અગાઉના વક્તા પણ એ હતા અને મને એનો દોર મળી ગયેલ. એમણે શરૂઆત કરી નાણા વિભાગની અંદર જે બાબતો છે એમાં ગુજરાતને રેટીંગ મળ્યું એ આજે પણ અખબારોમાં આવે છે. વારંવાર આવી ગયું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ગૃહમાં ઉપસ્થિત નથી નહિ તો મારે આપની મારફતે કહેવુ હતું. પરંતુ એમના વતી હવાલો સંભાળતા મંત્રીશ્રીને કહેવા માગુ છું અને તેઓને આ મારો સંદેશો પહોંચાડજો. અમારે ત્યાં ઋષભદેવ ભગવાનના દર્શન કરવા માટે ભરત ચક્રવર્તી હાથી ઉપર બેસીને ગયાં હતાં. તેવે વખતે બહેન મહારાજને વાસ્તવિકતા દર્શાવવા માટે ભરત ચક્રવર્તીનું ધ્યાન દોર્યુ હતું કે ' વીરા મોરા ગજ થકી હેઠા ઊતરો'. ગજ એટલે અભિમાનમાંથી હેઠા ઊતરો, આ એમને ખબર પાડો. પાંચ કરોડની પ્રજાની વાત હોય ત્યારે એને વ્યાજ બોજ વેંઢારવો પડે છે. આ વાત માનનીય મુખ્યમંત્રીશ્રીના ધ્યાન ઉપર આપના દ્વારા મૂકવા માગુ છું.

રાજયપાલશ્રીનું પ્રવચન એ રાજય સરકારની કામગીરીનું પ્રવચન છે એટલા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને સંબોધીને હું કહુ છું. વ્યાજ છે એનો કાંટો ૨૪ કલાક ફરતો હોય છે. એને કોઈ પાળી નથી, સીમા નથી હોતી. (અંતરાય) માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી મારા જૂના સબંધી છે હું એમનો આભાર માનું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, મુખ્યમંત્રીશ્રીને સંબોધીને આપે વાત નહિ કરવી જોઈએ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ટેવ પડી છે એ જલદી જાય નહિ. એમનું સૂચન હકારાત્મક લઈશ, પરંતુ એના કારણે મારી એકાગ્રતાનો ભંગ થતો હોય છે. હું કહીશ કે કરજ ૧૯૬૦ થી લઈને ૧૯૯૭-૯૮ સુધીના ૩૮ વર્ષમાં ૧૪ હજાર કરોડ રૂપિયાનું હતું. એમાં નર્મદા ડૅમની ૯૦ મિટર સુધીની હાઈટ થઈ, એમાંથી અનેક સિંચાઇ યોજનાઓ થઈ, એમાં અનેક રસ્તાનાં માળખાકીય કામો થયાં. એમાંથી ડામર નહિ તો મેટલ રોડ તો હતાં, એમાં ૧૪ હજાર કરોડનો ખર્ચ હતો, પરંતુ આ સાત વર્ષમાં વધીને એ ૫૬ હજાર કરોડનું કરજ થઈ ગયું છે. માનનીય નાણામંત્રીશ્રીએ આ સત્રમાં જવાબ આપ્યો કે ડિસૅમ્બર સુધીમાં ૫૬ હજાર કરોડ, પણ આ નાણાકીય વર્ષ પુરુ થતાં ૬૦ હજાર કરોડે પહોંચશે. અહીંયા એમ કહેવામાં આવે છે કે એનું વ્યાજ છે, ઊંચા વ્યાજની રકમ પરત આપીને અમે ૮૦૦ થી ૯૦૦ કરોડ બચાવ્યા છે. રિવાઈઝ એસ્ટીમેટ છે એની અંદર ગયા વરસે ૫૦૦૩ કરોડનું હતું. આ વખતે રિવાઈઝ એસ્ટીમેટ ૫૨૮૪ કરોડ રૂપિયા છે એટલે ઘટાડો થયો કે વધારો થયો એ આપની મારફતે આ ગૃહના સભ્યશ્રીઓને અને ખાસ કરીને મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીને જણાવવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાંચ કરોડની પ્રજાને ફરીથી કહું છું કે આ વ્યાજનો બોજો વેંઢારવો પડે છે. આ રાજયનો ગ્રોથ છે એમ કહીએ રૂપાળા શબ્દોથી, પણ વ્યાજનો બોજો લગભગ એવરેજ ગણીએ તો ભા.જ.પ.ના સાત વર્ષના શાસનમાં વર્ષે ૩૦ ટકા વધતો ચાલ્યો છે. ૪૬ હજાર કરોડ રૂપિયા કરજ વધ્યું છે. એ કયાં ખર્ચાયા છે એ તપાસ કરવી જોઈએ. આ માત્ર રાજકીય અવલોકન નહીં પણ ગૃહની ચિંતા હોવી જોઈએ કે ૪૬ હજાર કરોડ રૂપિયા પાંચ કરોડની જનતા ઉપર બોજો વધ્યો છે તે પૈસા કયાં ગયા? તેના માટેની માનનીય મુખ્યમંત્રીશ્રી સત્યશોધક સમિતિ ધારાસભ્યોની નીમશે? વિરોધપક્ષના નેતા કે પી.એ.સી.ના ચેરમેન કે એ જેમને ઈચ્છે, તેમના પક્ષના કોઈ અનુભવી આગેવાનને મૂકીને ધારાસભ્યોની કમિટી નીમે. ૬૦-૪૦નો રેશિયો, ૬૦ ટકા સત્તાધારી

પક્ષના અને ૪૦ ટકા અમને લે. તો આ પૈસા કયાં ખર્ચાયા તેની ખબર પડે. હું એક તારણ ઉપર આવ્યો છું કે ભા.જ.પ.ના ૨૦૦૦ દિવસના શાસનમાં રોજના ૧૦ કરોડ રૂપિયા વેડફાયા છે. ડ્રેઈન આઉટ થયા છે., લીકેજ થયા છે, તેનું પરકોલેશન થયું નથી. કેપિટલ એકસપેન્ડીચરમાં જો આ ૪૬ હજાર કરોડમાંથી ૫૦ કરોડની રકમ પણ જો બતાવે તો જાહેર જીવનમાં મને જે સજા આપે તે ભોગવવા તૈયાર છું. તેનાં કેટલાક ઉદાહરણો આપવા માગું છું કે રોજના ૧૦ કરોડ રૂપિયા એ નાની રકમ કહેવાય, પણ ૨૦ હજાર કરોડની રકમ ડ્રેઈન આઉટ થયેલ છે. આપના મારફત સન્માનનીય સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે આ બધાનો પ્રશ્ન છે. ટેક્સ પેયરના પૈસા ચૂકવવાના હોય છે. માત્ર વાઈબ્રન્ટ કે તેનાથી કંઈ આવકો વધતી નથી. વ્યાજની આવક ૩૦ ટકા વધતી જાય તો સેલ્સ ટેક્સની આવક ૩૦ ટકા વધારો છો ખરા? રાજયની રેવન્યુ આવક તમે ૩૦ ટકા વધારો છો ખરા? નાણાં ખાતાની જ્યારે માગણીઓ આવશે ત્યારે હું બોલીશ. બજેટ ઉપર બોલીશ પણ આજે તો મારે રાજયપાલશ્રીના પ્રવચનમાં જે આ સરકારની સિદ્ધિઓ છે એ સિદ્ધિઓમાં જ્યાં ડ્રેઈન આઉટ થયું છે તેના ઉદાહરણ આપવા માગું છું. હું તારણ ઉપર આવ્યો છું. દક્ષિણ ગુજરાતની સેન્ટ્રલ પેપર એન્ડ પલ્પ મિલ, તેનો કરાર ૨૦૦૦ની સાલમાં પૂરો થઈ ગયો. પછી ૨૦૦૧ની સાલમાં એ કરાર ઉદ્યોગ ખાતાની ભલામણથી ૧૦ વર્ષ માટે લંબાવવામાં આવ્યો. તેનો અમલ કોણ કરે? તો વન વિભાગ કરે. વન વિભાગે આ કરાર લંબાવવાનું ઉદ્યોગ ખાતાના ઠરાવથી કર્યું. તેને કારણે આ અગાઉ પણ આના તારણોમાં આવેલ અને આને કારણે વર્ષે ૧૦ કરોડ રૂપિયાનું રાજયને નુકસાન થાય છે અને દર વર્ષે તેનો ભાવ નક્કી થતો હોય. માનનીય માધુભાઈ ભોયેએ કહેલું અને મેં પણ માહિતી માગેલી. ૨૦૦૧-૨૦૦૨, ૨૦૦૨-૨૦૦૩, ૨૦૦૩-૨૦૦૪ તેમાં ૧૦ કરોડની જગ્યાએ વાર્ષિક બે કરોડ રૂપિયા પણ નથી આવ્યા. માત્ર ૨૪ કરોડ રૂપિયા, તો આ એક તારણ ઉપર આવી શકે. એવી જ રીતે પાણી પુરવઠાની અનેક યોજનાઓ અને તેની અંદર ઊંચા ભાવે ટેન્ડર આપવા માટેની જાણે પરંપરા થઈ ગઈ હોય, ન માત્ર ઓનલાઈન ટેન્ડર પરંતુ ૧૦ કરોડ રૂપિયા ઉપરના જે ટેન્ડર છે તેની અંદર અમુક જ પાર્ટીઓ ચાર-પાંચ પાર્ટીઓને ૧૬ ટકા, ૧૩ ટકા, ૧૨ ટકા, ૧૮ ટકાના ઊંચા ભાવે આ કામગીરી આપવામાં આવેલી છે. એ ટેન્ડરો કેટલાના? ૧૦૨ કરોડ રૂપિયાનું ટેન્ડર ઈલેકટ્રો પ્લાસ્ટિકને અપાયું. ઈલેકટ્રો પ્લાસ્ટિકે ભૂકંપ પછી કચ્છમાં બનાવેલ પાણીનો ટાંકો પાણી ભરાય તેના પહેલાં તો તૂટી ગયો. તેના માટેની ક્રિમીનલ ફરિયાદ પણ નોંધવામાં આવી. તેના ઉપર શું પગલાં લેવાયાં તે આપના મારફત માનનીય ગૃહમંત્રીશ્રીને પૂછવા માગું છું. આ ફરિયાદ કચ્છમાં નોંધવામાં આવેલી છે. જે વિભાગ તરફથી આ કામ હતું, એટલું જ નહીં, આજ કંપની દ્વારા મારા વિસ્તારની અંદર જે પી.વી.સી.ની પાઈપ લાઈનો નાખવામાં આવી એ નબળી કક્ષાની અને હલકી કક્ષાની પૂરવાર થઈ ગઈ અને પાઈપના સપ્લાયરો અને એની ચકાસણી કરનાર થર્ડ પાર્ટીને બ્લૅક લિસ્ટમાં મૂકી પણ આ પાઈપલાઈનો બદલવા માટેનું કે એ ટર્નકી બેઇઝ ઉપર કોન્ટ્રાકટ લેનાર કોન્ટ્રાકટર સામે કોઈ ગુનાહિત પગલાં લેવામાં આવતાં નથી. આ કંપનીને શા માટે બ્લૅક લિસ્ટ કરવામાં આવતી નથી? અને એને કારણે આ રાજયના ૨૦,૦૦૦ કરોડ રૂપિયા આ ભાજપના ૨૦૦૦ દિવસના શાસનમાં ડ્રેઈન આઉટ થઈ ગયા છે. ગુજરાતની પ્રજા આનો આપણી પાસે જવાબ માગે છે, એમનો એ અધિકાર છે અને ગુજરાતની પ્રજાવતી નામદાર ગૃહને આપના મારફતે જણાવવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક બાબતની વાત થઈ, સરકારી જમીનો ઉપર દબાણ કરનારાઓની સામે શું પગલાં લીધાં છે? દબાણની વાત તો ગઈ પણ પાણીના મૂલે આ જમીનોની આપવાની ભલામણ થતી હોય, મારા જિલ્લાની કેટલીક ભલામણો મારા ધ્યાન ઉપર આવી છે એ આપના મારફતે માનનીય મુખ્યમંત્રીશ્રી, મહેસૂલ મંત્રીશ્રી અને નાણાં મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકવા માગું છું. સાંધી એજન્સીને ૨૦૦૦ની સાલમાં રસ્તાઓ બનાવવા માટે જમીન આપવામાં આવી, ભલામણ આવી અને ૬૨થી ૭૭ એક જમીન માત્ર ૫૦ પૈસા મીટરના ભાવે, ૨૦૦૦ રૂપિયાના ભાવે ગુજરાતમાં જમીન કયાંય મળે ખરી? એને વાઈબ્રન્ટની અંદર એનું નામ આવ્યું. એની પહેલાંની કંપનીનો ઉલ્લેખ કર્યો છે કે બીજી કંપનીનો? માની લો કે, બીજી કંપનીનો હોય તો એને જે જમીન માટેની ભલામણ કરવામાં આવે એ પણ તા.૧-૪-૨૦૦૦ની સાલમાં એને એક ૧૮ લાખ મિટર અને બીજી ૨૬ લાખ મિટર એટલે કે, ૪૪ લાખ મીટર જમીન, એના હેકટર ગણો તો કેટલા થાય? ૧૦૦૦ ઉપરાંતની જમીન ૨૦૦૪ પછી આ જમીનનો ઉપયોગ થયો છે ખરો? જો જમીનનો ઉપયોગ થતો ન હોય તો રેવન્યૂના નિયમ પ્રમાણે શરતભંગ ગણીને આ જમીન પાછી લેવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા પાર્લામેન્ટરી મંત્રી એ જ્યારે રેવન્યૂ મંત્રી હતાં ત્યારે આહીર સોલ્ટ વર્કસને જમીનની ફાળવણી થઈ હતી. કચ્છમાં મોડેસ ઓપરેન્ડી છે કે કલેકટર ક્યાંક રજામાં હોય અને કોઈ ઈન્ચાર્જમાં હોય તો એ જમીન રદ કરીને બીજાને આપી દે. આ જમીન યુનિયન સોલ્ટ વર્કસને વર્ષોથી જે કારખાનું હતું એ સીક આવકમાં હતું અને એણે જમીનની માગણી કરી અને આઈ સોલ્ટ વર્કસને ફાળવી દેવામાં આવી. બાજુમાં કંડલા પૉર્ટ ટ્રસ્ટની જમીન હતી એને ફાળવી નહીં . (સમયસૂચક ઘંટડી) મારી તો હજુ શરૂઆત થાય છે. હું મુખ્ય વક્તા છું. મારે સમય જોઈશે.

**અધ્યક્ષશ્રી** : મુખ્ય વક્તાઓને ૧૫ મિનિટ ફાળવી છે. આપ ૨ મિનિટમાં પૂરું કરો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : આ જમીન મીઠાની જમીન છે. એના હેતુ ફેર માટેની દરખાસ્ત આવી છે. ત્યાં ટૅન્ક ફાર્મ થઈ ગયાં છે. ટૅન્ક ફાર્મ થતા હોય તો કોમર્શીયલ ભાવે આ જમીનની આકારણી થવી જોઈએ. સ્ટૅમ્પ ડ્યૂટીની આવકો પણ થાય. આ બધું ભાજપની સરકારમાં રોજના ૧૦ કરોડના હિસાબે રાજયની આવકોનું ડ્રેઈન આઉટ થઈ રહ્યું છે, એના તારણ ઉપર આવેલો છું. મારી આપને વિનંતી છે કે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ જે કરજ વધેલું છે એ શેના કારણે વધેલું છે? એના પૈસાનું રોકાણ કયાં થાય છે? એ તપાસ મુદ્દાસર થવી જોઈએ. એના માટે વિધાનસભાની એક કમિટિ નીમીને, સત્યશોધક કમિટિ નીમીને અને એનો અહેવાલ આ ગૃહમાં રજૂ કરે. જેથી કરીને ગુજરાતની ૫ કરોડની જનતાના હામી હોવાની વાતો કરે છે એ જનતાને ખબર પડે. માનનીય મુખ્યમંત્રીશ્રીને લીડ કરવાનું કોઈ દિવસ વિચારું પણ નહીં. કારણ કે, એ હંમેશાં મારા સહાધ્યાયી રહ્યા છે, મારા હિતેચ્છુ પણ રહ્યા છે અને મારા મિત્ર પણ રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અને જે ગૌસેવાની વાત કરતા હોય, આની અંદર ગૌસેવાની વાત આવી. એન.ડી.એ.ની સરકારે દિલ્હી બોલાવીને ચેક આપ્યાં અને અહીંયાની સરકારે શું કર્યું? એ ચેક છે એની રકમ સબસિડીમાંથી કાપી લીધી. આ ગૌસેવાની વાત કરનાર ભાજપ સરકારને મારે કહેવું છે કે, એમના નિયમ પ્રમાણેની સબસિડી તો તમે ચૂકવો. એવી કેટલીય બાબતો છે. એની અંદર આ પૈસા કયાં ગયાં એના તારણ ઉપર આવીએ એટલે થોડાક મુદ્દા આપેલા છે. એના સગડ લઈ શકે એટલા માટે થઈ અને જો એ રાજયના હિતોની હિફાજત કરવા માગતા હોય તો એ આ પગલાં લે. નહીં તો આવતા દિવસોમાં ગુજરાતની પ્રજા તો એનો હિસાબ માગવાની જ છે. આ છૂપું રહેતું નથી. જયાં સરમુખત્યારી દેશો છે ત્યાં આગળ પણ કમિશ્નર મૂકે છે. અગાઉના વહીવટકર્તાઓએ જે ગેરરીતિ કરી હોય છે એની તપાસ થાય છે, આ સરકારે તો અમારી સામે કેટલીયે લોકાયુકતની તપાસો મૂકી હતી અને એમની પરીક્ષામાંથી બહાર નીકળેલા લોકો છીએ. પાણી પુરવઠા મંત્રીશ્રી હંમેશા કહેતા હોય છે કે અમે આ કર્યુ, તે કર્યુ. તો મારે નમ્રતાપૂર્વક કહેવાનું છે કે આ યોજનાઓને આપે માત્ર આગળ ધપાવી છે.

નવમી પંચવર્ષીય યોજનામાં આયોજન પંચ પાસેથી રાજયના ૪૮૦ કરોડની આઠમી પંચવર્ષીય યોજના સામે ૩૦૦૦ કરોડ રૂપિયા પાણી પુરવઠા માટેના મંજૂર કરવામાં આવ્યા ત્યારે શંકરસિંહજી વાઘેલાની કોંગ્રેસના ટેકાવાળી સરકાર હતી અને આ કામ જે છે એ અગાઉના ચીમનભાઈ પટેલ કે જેમણે સદ્દગત રાજીવ ગાંધીના ટૅક્નૉલૉજી મિશનના, વોટર મિશનના તારણો ઉપરથી માત્ર ગુજરાત નહીં પણ દેશભરની અંદરી જે અછતવાળાં ગામો હતાં, એ દેવગોડાની સરકાર, મધુ દંડવતે જ્યારે આયોજન પંચના અધ્યક્ષ હતા ત્યારે પીવાના પાણી માટેનો અભિગમ એમણે સુધારેલો એના કારણે થયો છે પણ આજે પાણી પુરવઠા બોર્ડનો જે વહીવટ છે એની તપાસ કરે કે ૪,૦૦૦ કરોડ રૂપિયા કરતા પણ વધુ કેપીટલ એકસપેન્ડીચર અને મૂડીરોકાણ જે કોર્પોરેશનમાં હોય ગુજરાતમાં નર્મદા નિગમ પછીનું સૌથી વધુ મોટું રોકાણ જો હોય તો પાણી પુરવઠા બોર્ડમાં છે એની ફલશ્રુતિ શું? એનું રિઝલ્ટ શું? એમાં પાસ માર્ક પણ મેળવી શકો છો ખરા? ૩૫ ટકા પણ એની સવલત આપી શકો છો ખરા? પાણીની અછતવાળાં ગામોની ૪,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચાયા પછી સંખ્યા શા માટે વધતી જાય છે એનું આત્મમંથન કરે એટલું જ મારે કહેવાનું છે.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ જે મારા સાથી સભ્ય આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે રાજયની અંદર ૬૦:૪૦ની યોજના નીચે ચેકડેમ બનાવી રહ્યા છે, પણ મારે આ સરકારને અને આ માનનીય મુખ્યમંત્રીશ્રીને અને એમના મંત્રીશ્રીને મારે અભિનંદન આપવા છે કે આજે ૮૦:૨૦ની યોજના અમલમાં મૂકી છે. હું તો એમ કહું છું કે જો આ વિચાર ખરેખર આજે થયો એ ૨૦ વર્ષ પહેલાં જો આવ્યો હોત તો? યોજના તો હતી જ પણ વિચાર નહોતો. આ વિચાર નહોતો. આ યોજના જો ૨૦ વર્ષ પહેલાં મૂકી હોત તો આજે ખેડૂતોના વિચારોને અને ખેડૂતોના દીકરા તરીકે આપણે અહીંયા આવીએ છીએ અને ખેડૂતોની આપણે વાતો કરીએ છીએ. મારે એમાં આધાર સહિત કહેવું છે કે આજે જે ૯૦માં ૧૫૦ ફૂટેથી પાણી ખેંચાતું હતું એ આજે ૬૦૦ ફૂટેથી ખેંચાય છે. ૨૦ વર્ષ પહેલાં જો આ યોજના અમલમાં મૂકી હોત તો આ પરિસ્થિતિ ન થઈ હોત અને એમાં વીજળીનો અનેકગણો બચાવ થયો હોત. આજે હું એમ કહુ છું કે હજી પણ મોડું નથી થયું. હજી આ ગૃહમાં બેઠેલા ધારાસભ્યો પોતાના વિસ્તારની અંદર જે આ સરકારના વિચારો સાથે જોડાઈ ખરેખર એમના વિસ્તારમાં જો આ કામગીરી કરશે તો હું એમ કહુ છું કે આવતા દિવસોમાં એમને માણસો યાદ કરશે. આજે ૬૦:૪૦ની યોજનામાં આજે આપણે સમજીએ છીએ કે સૌરાષ્ટ્રની અંદર સો કરોડ કે બસ્સો કરોડ કે પચાસ કરોડના ખર્ચે કોઈ ડેમ બને એવી ભૌગોલિક પરિસ્થિતિ નથી. જેની સામે આ કામગીરી છે એ કામગીરી બદલ ખરેખર રાજય સરકારને બિરદાવવી જોઈએ.

આજે ઘણા લોકો જયોતિગ્રામની વાત કરે છે. એમાં અવલોકન પણ કરે છે. મારે એના આંકડા સહિત કહેવું છે અને આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીને અને ઉર્જા મંત્રીશ્રીને અભિનંદન આપવા છે કે આજે ઘણા લોકો એમ કહે છે કે ૧૬ કલાક પાવર આપે, ૧૪ કલાક આપે. સાહેબ, જમીનમાં પાણી નથી. આજે હું

કહું છું કે મારા વિસ્તારમાં ૨૫ હજાર કનેકશનો છે, પણ મારે મારી વાડીએ જવું હોય તો પીવાનું પાણી ઘેરથી લઈને જવું પડે છે. એ પાણી હું પી શકતો નથી એટલું ખારું પાણી આજે જમીનમાંથી નીકળી રહ્યું છે. આ જયોતિગ્રામના કારણે ગામડાંની અંદર જે નાના ઉદ્યોગકારો છે એના માટે આશીર્વાદરૂપ યોજના છે. એક કપડાં સીવતો દરજી, ઘણ મશીન ચલાવતો લુહાર, ચક્કી ચલાવતો માણસ આ યોજનાને બિરદાવી રહ્યો છે. એની સામે જ્યારે ખેડૂતોના એ.જી. ફિડરમાં આપણે આઠ કલાક થ્રી ફેઝ વીજળી આપીએ છીએ, મારા વિસ્તારમાં જ્યારે જ્યારે મેં રજૂઆત કરી કે ખેડૂતો જીરુંનો પાક લઈ રહ્યા છે ત્યારે રાજય સરકારે એને ૧૦ થી ૧૧ કલાક કરી દીધી છે. મારા તાલુકામાં ૫૦ મોટર બાંધવાની દૂકાનો છે. આંકડા સાથે કહેવું છે કે એ દૂકાનદારોને ત્યાં આજે એક ખેડૂત બળેલી મોટર લઈને આવતો નથી. એક ખેડૂતને વેર એન્ડ ટેરનો એક લાખનો વર્ષે ફાયદો થવાનો છે. જી.ઈ.બી.નું ટ્રાન્સફોર્મર આપણને ૧૫ દિવસે, મહિને કે બે મહિને મળતું હતું એ આજે ટ્રાન્સફોર્મર બળી જાય એટલે કાલે મળી જાય છે. આ કેવી રીતે બન્યું? થ્રી ફેઝ લાઈન ખેડૂતોને આપી રહ્યા છીએ ત્યારે સિઝન પ્રમાણે કદાચ એને બે કલાક વધારે જોઈએ તો અનેક વખત રાજય સરકારે છૂટ આપી છે અને બે કલાક વધારી દીધા છે. આ રેકર્ડ ઉપર બતાવું. (અંતરાય) નહિ, તમે કહેતા હોય તો ઓર્ડરથી બતાવું. ઘઉં અને ડાંગરના પાક હોય ત્યારે બે કલાક ત્રણ કલાક વધારે આપેલ છે. આપ બધા જાણો છો પણ છાતી ઉપર હાથ મૂકીને તમે બોલો. (અંતરાય) ગઢવીભાઈ, ૧૪ કલાક પાવર આપ્યો છે? ખરેખર ખેડૂતોનું ખરાબ કામ કરેલ છે. ૧૨-૧૪ કલાક કામગીરી, હું ખેડૂતો વચ્ચેથી આવું છું. આજે પાણી ૬૦૦-૭૦૦ ફૂટે ખેંચી શકાય નહિ, એકદમ ખારું પાણી હોય, ગળું પણ બગડી જાય છે. જ્યારે વિરોધપક્ષના નેતાશ્રી કાલે વાત કરતા હતા, એમણે એમ કહ્યું કે, કોંગ્રેસની સરકારમાં ૯૯ ટકા રસ્તા બની ગયાં હતા, રેકર્ડ ઉપર છે. મારે એમને કહેવું છે કે ૧૯૯૫માં મારા વિસ્તારમાં ૫૦ ટકા ગામડાં ડામર સપાટીથી જોડાયેલાં ન હતાં. આજે મારા તાલુકામાં મારા વિસ્તારમાં મારા ૧૩૬ ગામોમાં ફક્ત ૪ ગામો બાકી છે. આજે વડાપ્રધાનની યોજનામાંથી બનાવવા માટે એના ટેન્ડર પણ બહાર પડી ગયાં છે. ૧૦૦ ટકા એમ ક્હું છું કે છેલ્લા પાંચ-સાત વર્ષમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે આ ગામડાંના રસ્તા પાછળ ઘણું કામ કર્યું છે. નેશનલ હાઈવે હોય, સ્ટેટ હાઈવે હોય, એના માટે જે કામગીરી થઈ રહી છે, વિરમગામ-ધ્રાંગધ્રા, હળવદ-મોરબી, મોરબી-રાજકોટ, પોરબંદર-પાલનપુર હોય એ કામગીરી આજે જે થઈ રહી છે એને ખરેખર બિરદાવવી જોઈએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, નહિ. ડાૅ. દિનેશભાઈ, સાત મિનિટ છે.

**ડૉ. દિનેશ પરમાર (જામનગર(રૂરલ))** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીએ જે પ્રવચન કર્યું એના અનુસંધાને જે પ્રસ્તાવ લાવવામાં આવ્યો છે એના વિષે મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારને ખેડૂત વિરોધી સરકારનું એક લેબલ લાગી ગયું છે એટલે મારે ખાસ કરીને ખેડૂત બાબતની ચર્ચા કરવાની ઈચ્છા થાય છે. ગુજરાતના કૃષિક્ષેત્રના વિકાસ સામે ગંભીર પ્રશ્નાર્થ ઊભો થાય છે. એક-બે વર્ષનો પ્રશ્ન હોત તો આપણે એમ કહી શકત કે વર્ષ સારું ગયું, નરસુ ગયું. પરંતુ છેલ્લા સાત-આઠ વર્ષથી જે રીતે સરકાર બદલાઈ નથી, એકજ સરકાર કામ કરતી હોવા છતાં જે રીતે કામ કરવામાં આવ્યું છે તેના ઉપરથી ચોક્કસ આપણે દોષનો ટોપલો સાત-આઠ વર્ષથી આ વહીવટ કરતી સરકાર ઉપર ઢોળી શકાય એમાં બે મત નથી અને આ બી.જે.પી.ની સરકારે કૃષિ વિકાસ વધાર્યો નથી તેના હું થોડા આંકડા આપું તેના ઉપરથી નક્કી કરી શકશો. ૮૦ના દાયકામાં કૃષિ ક્ષેત્રે હરિયાળી ક્રાંતિનો સુવર્ણ યુગ કોંગ્રેસની મહેરબાનીથી, કોંગ્રેસની કૂશળતાને લીધે કોંગ્રેસ હરિયાળી ક્રાંતિ લાવ્યું. ત્યાર પછી હરિયાળી ક્રાંતિની પેલે પાર અથવા તો હરિયાળી ક્રાંતિ નંબર-૨, સુજલામ્ સુફલામ્ની હરિયાળી ક્રાંતિની સુફિયાણી વાતો થઈ. વાસ્તવની અંદર ખેડૂતોની બેહાલી તરફ કોઈએ જોવા માટેનો પ્રયત્ન કર્યો નથી. મારે આ સરકારે ખેડૂતો પ્રત્યેનું જે દુૅલક્ષ સેવ્યું છે એ બાબત ઉપર ધ્યાન દોરવું છે. ૨૧મી સદીની અંદર દેશે પ્રવેશ કર્યો. ૨૧મી સદીમાં કોમ્યુનિકેશન આગળ વધ્યું, ટેલિકોમ્યુનિકેશન આગળ વધ્યું. કૉમ્પ્યુટર અને સ્પેસ ટૅક્નૉલૉજીમાં ડૅવલપમેન્ટ થયુ, પણ કૃષિની અંદર બિલકુલ ડૅવલપમેન્ટ નથી થયું. એ બાબતનું મૂડીરોકાણ ખાસ કાંઈ થયું નથી, નવું કાંઈ કૃષિ બાબતમાં કરવામાં નથી આવ્યું. હજુ પણ જગતનો તાત એવો ખેડૂત ખેતી ઉપર આધાર રાખી વરસાદ ઉપર આધારિત રહી અને જીવન જીવી રહ્યો છે. સૌરાષ્ટ્રમાં ૨૨ વર્ષમાં ૮ દુષ્કાળ હોય, ૬ અર્ધ દુષ્કાળ હોય, ૩ ઠીક ઠીક વર્ષ હોય અને ૫ વર્ષ સાવ સારાં ના હોય ત્યારે આવી બાબતની અંદર ખેડૂતોની પાયમાલી થઈ રહી છે એ બાબત આ સરકારે બિલકુલ ચિંતા કરી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, રિઝર્વ બેંક અને બીજી સંશોધન સંસ્થાના અંદાજ પ્રમાણે ૨૦૦૫ ના પ્રારંભમાં કેન્દ્ર સરકારે બહાર પાડેલા અંદાજો આપણી આંખ ઉઘાડે એવા છે. ખેતી અને ખેતી સંલગ્ન G.D.P. કુલ દ ારગથ્થું ઉત્પાદન Gross Domestic Production બાબતની અંદર ૨૦૦૩-૦૪ માં ૯.૬ ટકા આપણો વિકાસ દર હતો. ૨૦૦૪.-૦૫ માં વિકાસ દર ઘટીને ૧.૧ ટકા થયો છે. આની અંદરથી તમે કલ્પના કરી શકશો કે ખેતી કેટલી બદતર થતી થાય છે, ખેતી કેટલી ખતમ થતી જાય છે અને આ ગંભીર બાબત માટે ખેડૂતો, ૭૦ ટકા ગુજરાતની પ્રજા ખેતી ઉપર આધારિત છે અને જે એનો વિકાસ દર ૯.૧ ટકાથી ઘટીને ૧.૧ ટકા થયો તો

આ ખેડૂત પરિવારોની દશા શું થતી હશે? એની આપણે કલપના કરવાની રહી  અને આ ખેતીના આધાર પર રહેલા ગુજરાતના ૭૦ ટકા લોકોને બેહાલીમાં મૂકી દેવાનું કામ આ સરકારે કર્યુ છે એના જીવતર ઉપર શું અસર થતી હશે? એની કલ્પના કરી શકાતી નથી.  આ સન્માનનીય ગૃહે ગંભીરતાપૂર્વક વિચાર કરી અને સરકારના કાન પકડવાની જરૂર છે કે તમે કઈ દિશામાં જઈ રહ્યાં છો અને તમારે કઈ દિશામાં જવું જોઈએ. ખેડૂતો ઉપર આ જુલમ કરવાવાળી સરકાર બાબત મારે એટલું જ કહેવાનું છે કે ૧૯૯૫-૯૬ ના ગાળામાં સમગ્ર કૃષિ ક્ષેત્રનો વિકાસ દર ૩.૧૬ ટકા હતો. ત્યારપછી પાંચ વર્ષ પછી ૧.૧૭ ટકા આવી ગયો છે તો આ કૃષિક્ષેત્રના અમુક ભાગનો વિકાસ થયો છે એમાં ફળફળાદી અને શાકભાજીની અંદર ૪.૫ ટકા થયો છે. ધાન્ય, તેલિબીયાં, કપાસ, શેરડી, મત્સ્યદ્યોગ, દૂધ, ઈંડાં એવા તમામ ક્ષેત્રમાં નિરાશાજનક વલણ છે. ગુજરાતમાં છેલ્લા ૭ વર્ષમાં બજારના વ્યાપારની શરતો કાયમ માટે ખેડૂત વિરોધી રહી છે, જેમાં આ સરકાર ખેડૂત વિરોધી છે, બજાર નીતિની શરતો પણ ખેડૂત વિરોધી રહી છે.  અનાજના ટેકાના ભાવો પંજાબ, હરિયાણામાં અને થોડા ઘ ણાં અંશે  ઉત્તરપ્રદેશના લોકો લાભ લઈ જાય છે. ૮૮૪૦૪ કરોડ રૂપિયા ટેકાના ભાવમાં ભારત સરકાર આપતી હોય  એમાંથી એક રૂપિયાનો લાભ ગુજરાત સરકારને મળતો નથી. કારણ કે procurement State તરીકે આપણું state નથી તો ગુજરાત સરકારે ગંભીરતાથી વિચાર કરી જો procurement State તરીકે ગુજરાત ના હોય અને ભારત સરકાર તરફથી ટેકાના નાણાં ના મળતા હોય તો ગુજરાત સરકાર ગંભીરતાથી વિચારે. ખેડૂતોને બરબાદ થતા બચાવવા માટેનું કામ કરવું જોઈએ. વિધાનસભા ગૃહની સામે જો કપાસ બાળવા માટેનું કામ જો ખેડૂતને કરવું પડતું હોય, ધારાસભ્યે, પ્રતિનિધિએ કરવું પડતું હોય તો આ ગંભીરતા કેટલી હદ સુધી આગળ વધી છે એ જોવાની પણ જરૂર છે. Government ની નીતિ થોડી ઉદાર હોવી જોઈએ અને એ રીતે દેશનાં અર્થશાસ્ત્રી દ્વારા વર્ષોવર્ષ પ્રસિદ્ધ થતાં આર્થિક સમીક્ષા ખેતી બાબતે ચિંતા વ્યક્ત કરી છે. ખેતીનું મૂડી રોકાણ દિવસે ને દિવસે ઘટતું જાય છે અને એ રીતે સુજલામ્ સુફલામ્‌ની વાતો કરીએ છીએ, પણ ખેડૂત બેઠો થઈ શકતો નથી. ૧૯૮૫-૮૬માં  ૨૯ ટકા ખેતીનું ખેડાણ નાના અને સીમાંત ખેડૂતો તરફથી કરવામાં આવતું હતું, ૧૯૯૫-૯૬માં ૩૬ ટકા થયું  અને હાલમાં ૪૦ ટકા ખેતી સીમાંત અને નાના ખેડૂતો કરી રહ્યા છે એના માટે કોઈપણ જાતનું ગંભીરતાથી વિચારવામાં આવતું નથી. સહકારી પ્રવૃત્તિનો એમાં ગજ વાગતો નથી. સહકારી પ્રવૃત્તિને પણ ભાંગવાની વૃત્તિ આ સરકારની છે, પણ વેરવૃત્તિથી અમુક જાતનાં વર્તનો કરી સહકારી પ્રવૃત્તિ કેમ ખતમ થાય એ જાતની પ્રવૃત્તિ સરકાર કરી રહી છે ત્યારે સહકારી ધિરાણ, બૅન્કોનાં ધિરાણ દિવસે દિવસે ઘટી રહ્યા છે. ખેડૂતો બરબાદ થઈ રહ્યા છે. ખેતી અને ગામડાંનાં માઠા પરિણામો આવ્યા છે. વીજળીની બાબતમાં કોંગ્રેસની મહારાષ્ટ્રની સરકારે વીજળી વિનામૂલ્યે ખેડૂતો માટે કરી અને આ સરકાર વીજળી બાબતમાં ખેડૂતોને ચોરની નજરથી જોતી હોય અને હાથકડીઓ ખખડાવી અને બિલ ઉપર હાથકડીઓ છાપી અને આ દેશના ખેડૂતો કે જે પૈસા ભરે છે એના ઉપર વીજતંત્રના કર્મચારીઓના પગારો ચાલતા હોય છે લોકોને ચોરની નજરથી જોવામાં આવશે તો આ તંત્ર કઈ રીતે ચાલશે? કેટલી વીજળી બહારથી ખરીદીએ છીએ, કેટલી વીજળી આપણે પેદા થાય છે એનું કોઈ જાતનું નિયંત્રણ અત્યારે આ સરકાર પાસે રહ્યું નથી. જ્યારે શ્રી શંકરભાઈ વાઘેલા હતા ત્યારે એની મુખ્યમંત્રીની ઑફિસમાં એક-એક ઘડીએ અને પળે વીજળી કેટલી પેદા થઈ છે અને જરા પણ ઓછી થાય તો  ચીફ સેક્રેટરી દ્વારા ફોન કરી ચીફ એન્જિનિયરને પૂછવામાં આવે કે કેમ આમ? ત્યારે વીજળીની તંગી નહતી. આ પરિસ્થિતિમાં પિયતના પાણીના ભાવો વધાર્યા, પિયતના પાણીના ભાવો ૨૫૦ ટકા વધાર્યા. જમીનની માપણીનો ખર્ચ, ખેડૂતો જમીન મપાવી ન શકે એ કક્ષાએ મૂકી દીધા. આમ દેશમાં મોખરાનું સ્થાન રાખતું ગુજરાત આ ભા.જ.પ.ના વહીવટના લીધે ૧૬મા સ્થાને ગયું છે અને આ રીતે દેશને મહાન બની શકવાનો નથી તો એના પાપના કોઈપણ જો ભાગીદાર હોય તો એ આ ભા.જ.પ.ના વહીવટ કરવાવાળા એના પાપના ભાગીદાર હશે.

**શ્રી છત્રસિંહ પૂં. મોરી(જંબુસર)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ આદરણીય રાજયપાલશ્રીના ૧૧મી વિધાનસભાના સાતમા સત્રમાં કરેલ સંબોધન ઉપર મારા સાથી સભ્યશ્રી શંકરભાઈ ચૌધરી જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એને હું અનુમોદન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીએ આ ગુજરાતમાં પગ મૂક્યા પછી આ ગુજરાતનો વિકાસ એ રાષ્ટ્રનો વિકાસ બને અને એના માટે જે શંખનાદ ફૂંક્યો આ ગૃહમાં આવીને એને સમર્થનની વાચા આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં સભ્યશ્રી જ્યારે વાત કરતા હતાં ત્યારે મારે એમનું ધ્યાન દોરવું છે કે, આ પહેલું એવું રાજય છે દેશમાં કે એણે water revolution કર્યુ હોય. સાહેબ, સમગ્ર દેશમાં કોઈ પણ આંગળી ચીંધીને આ water revolution ની બાબતમાં કોઈએ માર્ગદર્શન લેવું હોય તો એણે ગુજરાત આવવું પડશે. એને શોધવું પડશે કે આ કેવી રીતે કર્યુ? એણે અનેક યોજનાઓ આ જળક્રાંતિના ક્ષેત્રમાં કરી છે. માનનીય મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને મારે અભિનંદન આપવાં છે કે, સાહેબ એમણે જે રીતે કામ કર્યુ અને જે ગતિથી કામ કર્યુ છે એ ગતિને હું બિરદાવું છું. સાહેબ, નર્મદા યોજનાનું કામ માનનીય સભ્યશ્રી કહેતા હતા પણ સાહેબ કેટલા

વર્ષે ૯૦ મિટર કામ અને કેટલા રૂપિયાનું આયોજન અને કેટલા વર્ષોએ કરી રહ્યા હતાં ? સાહેબ આ ભા.જ.પ.ની સરકાર અને પૂર્વ મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈએ જે નર્મદાનું કામ લીધું અને એના કારણે આપણે જે બજેટેડ આયોજન કર્યુ એમાં સો ટકા સિદ્ધિ કરીને આપણે યોજનાપૂર્વક કામ આગળ વધાર્યુ. સાહેબ, સરાહનીય કામ થયું છે અને આનું કામ આપણા મુખ્યમંત્રીશ્રીઓની જે સૂઝ બૂઝ છે, એમાં શ્રી કેશુભાઈ પટેલ, શ્રી સુરેશભાઈ અને શ્રી નરેન્દ્રભાઈને યશ જાય છે. હું અભિનંદન આપું છું નર્મદાની ક્રાંતિને કારણે અમારા વિસ્તારમાં પાણી ફરતા થઈ ગયાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત કલ્પસર યોજનાની કહેવી છે. આ કલ્પસર યોજનામાં ભલે આ લોકો આજે કલ્પનામાં માનતા હોય, પણ આ યોજના જે રીતે બનાવી છે ભરૂચથી લઈને ભાવનગર દરિયાકિનારાની યોજના હતી અને એને મૂર્તિમંત કરવા આપણે આગળ વધી રહ્યા છીએ. હું ધન્યવાદ આપું છું કે આ યોજનાના અદ્વિતિય લાભ આ ક્ષેત્રને થવાના છે ત્યારે હું પણ  તેને બિરદાવું છું.

અહીં શૈક્ષણિક ક્ષેત્રની પણ મારે પણ થોડી વાત કરવી છે. મિત્રોને કદાચ આ વાત વધારે પડતી લાગશે કે આ  શાળાના ઓરડા બનાવી દીધા, ૮૦,૦૦૦ વિદ્યા સહાયકો ભર્યા એટલું જ નહીં પણ આ સરકારે શાળાના શિક્ષણને લગતી જેટલી સુવિધા હતી બાળકોને, શિક્ષકોને જરૂર પૂરતા સાધનો હતાં એ રાજય સરકારે આપ્યાં. આ સાધનો પૂરા પાડવાનું, સવલતો પૂરી પાડવાનું કામ પહેલી વાર કર્યું છે. એ સરાહનીય છે. કોમ્પ્યુટર શિક્ષણની અદ્વિતીય કામગીરી આપણા બધાનું ધ્યાન દોરે તેવી છે. રતન ટાટા ટ્રસ્ટ અને આઈ.આઈ.એમ.ના સહયોગથી સમગ્ર દેશમાં શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડ આપવામાં આવ્યો હતો. ૫૮ શિક્ષકોને એવોર્ડ અપાયા એમાંથી ૩૦ શિક્ષકો ગુજરાતના છે. ૭૦ ટકા સિદ્ધિ ગુજરાત સરકારના શિક્ષકોએ અપાવી છે એ ક્રેડીટની વાત છે. કેન્દ્રની અંદર  એજયુકેશનને મહત્વ આપવા માટેની યોજના તૈયાર થઈ રહી છે. એમની સરકાર છે એમને ખબર હોય કે નહીં એની ખબર નથી પણ ગુજરાત પ્રથમ રાજય છે એને કામની સોંપણી કરવામાં આવી છે ત્યારે શૈક્ષણિક બાબતની પણ સિદ્ધિ  અનોખી છે. પ્રાથમિક શિક્ષણની અંદર અંગ્રેજીનું શિક્ષણ તો આપણે આપીએ છીએ પણ સંસ્કૃતનું શિક્ષણ પ્રાથમિક લેવલેથી મળે એ માટે પણ આયોજન શિક્ષણક્ષેત્રે થઈ રહ્યું છે. સાયન્સ સીટીની વાત પ્રદિપસિંહજીએ આગળ કરી. સાયન્સસીટીનું કામ આ દેશમાં ખૂબ પહેલાં થવું જોઈતું હતું પણ આ સરકાર આવ્યા પછી ધ્યાન દઈને જે કામ કર્યુ છે તેનાથી વિજ્ઞાનને માટે યાત્રાધામ બની ગયું  એટલે આની અંદર અઢી લાખ લોકોએ દર્શન કર્યા ત્યારે ખબર પડી કે આ સાયન્સ સીટી બન્યું છે એનો મહત્તમ લાભ ગુજરાતને થવાનો છે.

બાયોટેકનોલોજીના ક્ષેત્રની વાત કરું તો બાયોટેકનોલોજીના ક્ષેત્રની અંદર આજ સુધી ખૂબ ઓછું કામ થયું છે. આ સરકારે ખૂટતી કડીને ધ્યાનમાં રાખીને બાયોટેકનોલોજી ક્ષેત્રની અંદર એક સ્વાયત્ત સંસ્થા બનાવીને કામની સોંપણી કરી છે. હું માનું છું કે બાયોટેકનોલોજી ક્ષેત્રમાં આપણે ખૂબ પાછળ હતાં. આવતા દિવસોમાં વડોદરામાં જે પાર્ક શરૂ કરવામાં આવશે એ ક્ષેત્રમાં ખૂબ સિદ્ધિ મળશે. કૃષિ દરની જે વાત કરતા હતાં. કૃષિ દરની અત્યારે જે ખામી દેખાઈ રહી છે એનાથી પૂર્તતા થવાની છે. ઉર્જાશકિતની વાત કરું ત્યારે મંત્રીશ્રીને મારા અભિનંદન આપું છું. હમણાં જ રાષ્ટ્રપતિ ગુજરાતમાં આવ્યા હતાં  અને રાજયપાલશ્રીને પણ એમણે અભિનંદન આપ્યાં એટલું જ નહીં પરંતુ વીજળી ક્ષેત્રે એવોર્ડ પણ આપ્યો છે અને કેન્દ્રની જેટલી નીતિ છે વીજળીને લગતી એને મહત્તમ જો કોઈએ પાળી હોય તો આપણા ગુજરાતના આ મંત્રીશ્રી વીજળીના છે. એમણે પૂર્તતા કરીને વીજળીક્ષેત્રમાં સિદ્ધિ મેળવી છે એનું પરિણામ એ આવ્યું કે...

**અધ્યક્ષશ્રી** : પૂરું કરો.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી,  માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર શંકરભાઈ ચૌધરી જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.  માનનીય શંકરભાઈ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા અને એમના વક્તવ્ય દરમ્યાન જે વાત કરી એ વાતમાં કોંગ્રેસ પરિવારની વાત કરી, ગાંધી પરિવારની વાત કરી, જવાહરલાલ નહેરૂની વાત કરી, ઈન્દિરા ગાંધી, સોનીયા ગાંધી, પ્રિયંકા ગાંધીની વાત કરી.  માનનીય અધ્યક્ષશ્રી જે પરિવારની વાત કરી છે, એ પરિવાર માટે હું અને મારા પક્ષ ગૌરવ અનુભવીએ છીએ અને આ ગૌરવ એટલા માટે અનુભવીએ છીએ કે આ દેશની એકતા અને અખંડિતતા ટકાવી રાખવા માટે આ પરિવારે બલિદાનો આપ્યાં છે અને આ પ્રકારે બલિદાનો આપ્યાં છે, એટલા માટે ગામડાંનાં છેવાડાના માણસ સુધી આ પરિવારના ટોચથી છેલ્લા માણસ સુધીનું નામ એને યાદ છે.  તમારા પક્ષના આગેવાન એ પછી લાલકૃષ્ણ અડવાણી હોય કે અટલબિહારી બાજપાઈ હોય એમના પરિવારનું નામ કદાચ તમને યાદ ન હોય તેમાં મારે કશું કહેવાનું નથી.  ત્યારપછી એમણે કસુંબીના રંગની વાત કરી.  રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની કલમે લખાયેલ કસુંબીના રંગનું ગૌરવ અમને પણ છે પણ આ લોકો એની નીતિ-રીતિ, કાર્યપદ્ધતિ, શાસન પદ્ધતિથી ગુજરાતને જે ભગવાકરણ કરવાની કોશિશ કરી રહ્યા છે તે હરગીઝ અમને મંજૂર નથી.  એની સામે ગુજરાતને ભગવાકરણ થતું અટકાવવા માટે અમારે પક્ષે જે કઈ કરવાનું આવશે એ કરવા માટેની અમારી તૈયારી છે. "આપણું ગુજરાત આગવું ગુજરાત" આગવા વ્યક્તિત્વની વાત શંકરભાઈએ કરી.  ગોધરાકાંડ વખતની આગની વાત કરવા માગતો નથી.  ગોધરાકાંડ બન્યા પછી ગુજરાતના છેલ્લા માણસ

સુધી, ગામડાં સુધી આગ બની છે તેની વાત નથી કરવા માગતો. આગના ઘણી બધી વ્યાખ્યા છે, સચિવાલયના દરવાજે ગામડાંનો માણસ પોતાના પ્રશ્નો લઈને આવે છે ત્યારે એમાં આગ ઝરે છે. ગુજરાતના ખેડૂતોની આગ ઝરે છે, ગુજરાતના બેરોજગારોની આગ ઝરે છે, ગુજરાતના કોઈપણ ક્ષેત્રનો માણસ હોય હોય તે તમામ ક્ષેત્રે આગ ઝરે છે. શંકરભાઈનું કહેવું છે કે આજુબાજુના મિત્રોને પૂછે તો એમાં પણ આગ ઝરે છે. "આપણું ગુજરાત, આગવું ગુજરાત" આ સૂત્રને "આપણું ગુજરાત, આગનું ગુજરાત" આ શાસન પ્રણાલિકાએ બનાવી દીધું છે, એમ કહું તો અતિશયોક્તિ નથી. *(xxxxxx)

## પૉઈન્ટ ઑફ ઑર્ડર
## શબ્દો રેકર્ડમાંથી દૂર કરવા અંગે

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. (xxxxx)
**અધ્યક્ષશ્રી** : એ શબ્દ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

## રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)(ક્રમશઃ)

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : એવી વાત જ નથી કરી. (xxxx)

**અધ્યક્ષશ્રી**: અહીંયાં ગૃહમાં જે બોલે છે તે સિવાય બહારનાને ઉદ્દેશીને બોલી શકતા નથી. તમે ગૃહના સભ્યોને ઉદ્દેશીને બોલો છો એટલે તે શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું. આગળ વધો આપ.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાની વાત કરવામાં આવી છે. આ લોકો એમ કહે છે કે આ યોજનાનો જે કંઈ વિકાસ થયો છે તે અમે કર્યો છે. ગઈકાલે સંસદીય બાબતોના મંત્રીશ્રીએ ગૃહમાં ઘણી બધી સિદ્ધિની વાતો કરી, હમણાં માનનીય પ્રદીપસિંહજી જાડેજાએ વાત કરી કે દસ નદીઓમાં પાણી વહેવડાવ્યું છે. નર્મદાને લાગે વળગે છે ત્યાં સુધી હું એ કહેવા માગું છું કે નર્મદા ગુજરાતની જીવાદોરી સમાન છે. નર્મદા કોઈ એક પક્ષની યોજના નથી. મારે દુઃખ સાથે કહેવું પડે કે આ ભારતીય જનતા પાર્ટી સત્તા ઉપર આવ્યા પછી નર્મદા યોજનાને લાગે વળગે છે ત્યાં સુધી એમણે હંમેશને માટે પ્રયત્ન કર્યો છે. આજના શાસનના વહીવટકર્તાઓએ એવો પ્રયત્ન કર્યો છે કે આ બધું અમે કર્યુ છે. અત્યાર સુધી જે મુખ્યમંત્રીઓ આવ્યા, જેમણે નર્મદા વિભાગનો હલાવો સંભાળ્યો છે તે જયનારાયણ વ્યાસ અને છેલ્લે નિગમના અધ્યક્ષશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ યોજનાને લાગ વળગે છે ત્યાં સુધી ૧૧૦ મીટર નર્મદા ઓથોરિટીએ મંજૂરી આપવાની વાત કરી છે ત્યારે ભારતીય જનતા પાર્ટી પોતાનો યશ, પોતે જ કર્યુ છે તે માટેના પ્રયત્નો કરવામાં આવે છે. તે તમામની જવાબદારી હોય તો ભારતીય જનતા પક્ષે વિરોધ પક્ષને પણ સાથે લઈને ચાલવું જોઈએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય રણજિતસિંહ, પ્લીઝ, ચાલુ કરો. તેમનું માઈક બંધ કરો, આ કંઈ રેકર્ડ ઉપર લેતા નહીં. પ્લીઝ, તમે ચાલુ કરો.

**શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના સંબોધન ઉપર આભાર પ્રસ્તાવ માનનીય શંકરભાઈ ચૌધરી લઈને આવ્યા છે તેને સમર્થન આપવા માટે ઊભો થયો છું. છેલ્લા બે દિવસથી મહામહિમ રાજયપાલશ્રીના સંબોધન પર ચર્ચા ખૂબ....

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આપને વધારે સમય આપવામાં આવ્યો છે. દિનેશભાઈ, પ્રોરેટા પ્રમાણે સમય ઓછો મળ્યો છે છતાં સમય વધારે આપવામાં આવે છે.

**ડૉ. દિનેશ પરમાર** : મળે એટલો તો આપો, તેટલો પણ આપતા નથી.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, દિનેશભાઈ આ રીતે એટિટયુટ કરે તે યોગ્ય નથી. માનનીય અધ્યક્ષશ્રી ઉપર એમ કહે કે તમે સમય નથી આપતા. આ રીતના આક્ષેપો ન કરવા જોઈએ. તમામને સરખો સમય મળે છે. અમારે ખરેખર કહેવું જોઈએ કે હાઉસમાં જેટલી સંખ્યા હોય તેના પ્રોરેટા પ્રમાણે બોલવા મળવું જોઈએ. પૂરેપૂરું બોલવા મળવું જોઈએ છતાં માનનીય અધ્યક્ષશ્રી ઉપર આક્ષેપ કરે છે. આ કોઈ રીતે યોગ્ય નથી. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને પણ કહીશ કે કોઈપણ સભ્ય, અમારા સભ્ય પણ અધ્યક્ષશ્રી વિરુદ્ધ બોલે તો કહો અમે તેને અટકાવીશું.

**અધ્યક્ષશ્રી** : ગૃહનો નિયમ છે કે દરેક પક્ષના સભ્યોની સંખ્યા પ્રમાણે પ્રોરેટા મુજબ સમય આપવો એવો નિયમ છે. પણ હું તેનો અમલ કરતો નથી. પણ જો આ પ્રમાણે કરશો, તો મારે ભવિષ્યમાં તેનો નિર્ણય કરવો પડશે.

---

* ( xxxx) આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આવતીકાલે બજેટ ઉપર ચર્ચા થાય ત્યારે મારી તો માગણી છે કે પ્રોરેટા પ્રમાણે આપવો જોઈએ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જેણે કાપદરખાસ્ત મૂકી હોય તેમને જ બોલવા દેવા જોઈએ.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આખા હિન્દુસ્તાનની અંદર પ્રોરેટા પ્રમાણે મળે છે. કમિટિઓની અંદર સભ્યોની સંખ્યા પ્રોરેટા પ્રમાણે મળે છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : અમે નિયમ વાંચીને આવ્યા છીએ.

**અધ્યક્ષશ્રી** : બેસો. પ્લીઝ.

**અધ્યક્ષશ્રી** : ચાલો, ચાલો, બેસો, પ્લીઝ. માનનીય રણજીતસિંહ, આપ બોલો.

**શ્રી રણજિતસિંહ ન. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના આ ગૃહને સંબોધન કરેલા પ્રવચન અંગે આભાર પ્રસ્તાવ માનનીય શંકરભાઈ ચૌધરી લઈને આવ્યા છે એના સમર્થનમાં બોલવા માટે હું ઊભોથયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, બે દિવસથી આ ગૃહમાં જે ચર્ચાઓ થઈ છે અને ખાસ કરીને વિપક્ષ તરફથી આ રાજય સરકારની કામગીરી વિશે જે ટીકા થઈ, હું સ્વીકારું છું કે, વહીવટી તંત્રમાં વિરોધપક્ષ ટીકા કરે પણ એ ટીકા કરે એ એ જાતની હોવી જોઈએ, માનનીય દોલતભાઈ, આપ મને સાંભળો, આપ તો સિનિયર છો, વહીવટી તંત્રમાં જે સારું થયું હોય જે રાજય સરકારે સારી કામગીરી કરી હોય એને પણ યોગ્ય રીતે મૂલવવાને બદલે આપ માત્ર એને નકારાત્મક દૃષ્ટિથી જોવાની જે મારી સામે બેઠેલા પક્ષના મિત્રો વાત કરે છે એનાથી મને ઘણું દુ:ખ થયું છે. આ રાજય સરકાર આવ્યા પછી જે કાર્યવાહી કરી અને જે ચિંતન અને મનન કર્યુ, એકેએક યોજનાની પૉલિસી બનાવી, એ પછી બંદર નીતિ હોય કે કૃષિ અંગેની નીતિ હોય, આ નીતિઓના આધાર ઉપર આ રાજય સરકારે એની પાસે આયોજન કરીને એને કાર્યાન્વિત કેવી રીતે કરી શકાય, એ દિશામાં અને એ કઈ દિશા અને કઈ ગતિ તરફ જોવી છે એ પ્રથમ વખત જો ગુજરાતમાં થયું હોય તો આ રાજય સરકારના વખતમાં થયું છે. ભાજપની સરકાર ૧૯૯૫માં આવી, માનનીય કેશુભાઈની ગોકુળ ગ્રામની યોજનાથી લઈને આજ સુધીની એકેએક યોજનામાં સામાન્ય પ્રજાના પ્રતિભાવ જોવામાં, રાજકીય અવલોકનોમાં તમારા અને મારા પક્ષે, આ પક્ષે અને પેલા પક્ષે વ્યકિતગત હિતો હોય, પ્રજાને ગુમરાહ કરવાની વાતો હોય પણ અમે સારી વાત મૂકીએ અને તમે એમાં નાની નાની ક્ષુલ્લક ક્ષતિઓને, કોઈ યોજનામાં રહેલી તૃટિ હોય, કોઈ યોજનામાં પૂરતું કામ ન થયું હોય એવી નાની નાની ક્ષુલ્લક વાતોને એક મોટું વ્યાપક સ્વરૂપ આપીને પ્રજાને જે ગુમરાહ કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે એ મને લાગે છે કે, ગુજરાતની પ્રજાનું મોટું અહિત કરી રહ્યા છો. આ સરકારે કેટલીક યોજનાઓ કરી એ યોજનાઓમાં પંચામૃત શકિત તો આ પંચામૃત જે આપણી ભારતીય સંસ્કૃતિનું મૂળ એ છે કે આપણે સારા કાર્યો કરીએ છીએ, ઘેર જો કોઈ સારું કાર્ય કર્યુ હોય તો કથા કરીએ, કથા કરીએ કે કોઈ વાસ્તુ કરીએ ત્યારે પંચામૃતની પ્રસાદી આપણે લઈએ છીએ. આ ગુજરાત સરકાર પાંચ કરોડની જનતાને આ પંચામૃત, એ જળશકિત, જ્ઞાન શકિત, ઉર્જાશકિત, રક્ષા શકિત કે જનશકિત એ ગુજરાતની પ્રજાને પ્રસાદી સ્વરૂપે છે અને ગુજરાતની પ્રજા સ્વીકારે છે,

માનનીય પુંજાભાઈ વંશ તો મારા મિત્ર છે, હું ૧૯૯૫થી આ ગૃહમાં બેસું છું, એમની ઘરે મહેમાનગતિ મેં માણી છે. આજે જ એમણે વાત કરી કે ભગવાકરણ થઈ રહ્યું છે, તો માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુંજાભાઈને ખબર હશે કે ભારતીય જનસંઘ, આ જે ભાજપની, જનસંઘના વખતથી, ભારતીય જનસંઘ હતો ત્યારથી ભગવાકરણનો વિરોધ સામી પાટલી ઉપર બેઠેલાએ અને એમના મિત્રો કરી રહ્યા છે અને તેમછતાં ગાંધીજીને ગોડસેના નામે કોઈ સમાનના તૃષ્ટિકરણના નામે સતત ભાજપને બદનામ કરવાનું આ કાવતરું આ સામી પાટલી ઉપર બેઠેલા મિત્રો કરી રહ્યા છે. તેમ છતાં,(અંતરાય) આજે શું પરિસ્થિતિ છે?

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, મને વાંધો નથી પણ મેં જે વાત કરી એ રેકર્ડ ઉપરથી દૂર કરી અને એ જ વાત મારા વિદ્વાન મિત્ર કરે એને આપણે ચાલુ રાખીએ એ વાજબી નથી.

**અધ્યક્ષશ્રી** : તમે બે મિત્રો છો એમ વાત કરો છો અને મિત્ર તરીકે એ વાત કરો છો.

**શ્રી રણજિતસિંહ ન. ચાવડા** : માનનીય સભ્યશ્રી, આપે એમ કહ્યું કે, ગોડસેના નામે....

**અધ્યક્ષશ્રી** : આપ બંને મિત્રો હોય, તો પછી બંનેની વાત ગમે તમને.

**શ્રી રણજિતસિંહ ન. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, મિત્ર છીએ અમે, એમાં કોઈ સવાલ નથી.

**અધ્યક્ષશ્રી** : હા, આગળ વધો.

**શ્રી રણજિતસિંહ ન. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર આવ્યા પછી જે સારું કામ એ કે જે રિસોર્સીસ હતા એને જે મોબીલાઈઝ કરવાનું કામ કર્યુ હોય તો આ સરકારે કર્યુ છે માત્ર રિસોર્સીસ મોબીલાઈઝ નહીં પણ એ રિસોર્સીસને યુટીલાઈઝ કરવાનું કામ કર્યુ છે, એ કામ ભૂતકાળની કોઈ સરકારોએ નથી કર્યુ, આ સરકારે એ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર આવ્યા પછી અનેક એવી યોજનાઓ બની છે જેમાં ગોકુળગ્રામ યોજના, જયોતિગ્રામ યોજના, તિર્થગ્રામ યોજના, સમરસગ્રામ યોજના એવી અનેક યોજનાઓ બની છે તો એમાં ખોટું શું છે? જયોતિગ્રામ યોજનાને કારણે આજે ગુજરાતમાં જે ગામડાં છે એમાંથી ૭ હજાર ગામોમાં ૨૪ કલાક વીજળી અપાઈ છે. એનું પરિણામ શું આવ્યું છે? (અંતરાય) ના,ના, એવું નથી. આજે તમે જઈને જુઓ કે ગુજરાતના લાખો ખેડૂતોના અબજો રૂપિયા બચ્યા છે. વાર્ષિક એનો હિસાબ કરવામાં આવે તો સેંકડો મોટરો દર મહિને બળી જતી હતી એ મોટરો બળવાનો ખર્ચ ખેડૂતો માથે પડતો હતો એ ખર્ચની મોટામાં મોટી ખેડૂતો માટે બચત થઈ છે. અઠવાડિયા પહેલાં મોટર બાંધવાવાળા એક ભાઈ મને મળ્યા. મને કહે, આ તમારી જયોતિગ્રામ યોજનાના કારણે મારો તો ધંધો જ બંધ થઈ ગયો છે. જે મોટર રિપેરીંગમાં આવતી હતી અને વારેવારે બળી જતી હતી એના કારણે જે એને આવક થતી હતી એ બંધ થઈ ગઈ છે. આ સરકારે ખેડૂતોને આ ફાયદો કર્યો છે કે નુકસાન? આ વાસ્તવિક હકીકત છે.

તિર્થગ્રામની વાત કરું તો જે ગામમાં કોઈ ટંટો-ફીસાદ ન થાય અને ગામના પ્રશ્નનો ગામના જ આગેવાનો અને મુરબ્બીઓ દ્વારા ઉકેલ આવે એ ગામને એક લાખનું ઈનામ રાજય સરકાર આપશે. આમાં ખોટું શું છે? સમરસ ગ્રામપંચાયત, સમરસ એટલે શું? સમરસનો પણ એ લોકો વિરોધ કરે છે. સમરસ ગ્રામપંચાયત દ્વારા ગામના વિવિધ પ્રશ્નોનો ગામના આગેવાનો સાથે બેસીને નિકાલ કરે એમાં પણ વિરોધ? મને તો સમરસ ગ્રામપંચાયતનો વિરોધ કેમ કરે છે એ ખબર પડતી નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય રણજિતસિંહજી તમારું પ્રવચન પૂરું થાય છે. માનનીય માધુભાઈ.

**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર જે પ્રસ્તાવ લઈને માનનીય શંકરભાઈ આવ્યા છે, એમાં હું મારા વિચારો રજૂ કરું છું અને એનો વિરોધ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે રાજયપાલશ્રી ૨૦૦૫નું પ્રવચન લઈને ગૃહમાં આવ્યા ત્યારે મને એમ થતું હતું કે એક ટોપીવાળા રાજયપાલશ્રી હતા અને એક ટોપીવાળા ધારાસભ્યશ્રી હતા એટલે મને થયું કાંઈક સારું હશે. આજે બજેટ ઉપર ચર્ચા થઈ ત્યારે એમ થાય છે કે નાના કર્મચારીઓ, નાના ગરીબ આદિવાસી અને ગરીબ ખેડૂતોની કમ્મર તોડી નાખી છે. તે દિવસે એમ કહ્યું હતું કે ગુજરાત હરિયાળું થઈ જશે. મારે આપના દ્વારા આ સરકારને અને માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરવી છે કે, દક્ષિણ ગુજરાત ૯૮ ટકા આદિવાસી વસતિ ધરાવતો વિસ્તાર છે અને ૯૮ ટકા જંગલો અને ડુંગરાળ વિસ્તાર છે ત્યારે માનનીય નરોતમભાઈ એમ કહે છે કે, અમે ગુજરાતને હરિયાળું કરી દીધું છે, અમારે ત્યાં ૧૫૦ ઈંચ વરસાદ પડે છે (અંતરાય)

મારી વાત સાંભળો, હું આંકડા આપું છું. આપે જે જે ગામોમાં જૂથ પાણી પુરવઠા યોજના બનાવી છે એમાં મારા વિસ્તારમાં કેલ્યા-વ્યારા કે દક્ષિણ ગુજરાતના બીજા જે કોઈ વિસ્તારોમાં જૂથ પાણી પુરવઠા યોજના બનાવી છે ત્યાં આજની તારીખે ચાલો, હું આપને બતાવું માત્ર ટાંકા ઉભા કર્યા છે અને પાઈપલાઈન તૂટી ગઈ છે. આજે આવો મારી સાથે હું એનો પુરાવો આપવા તૈયાર છું. કરોડો રૂપિયા ખર્ચ્યા છે અને ગૃહમાં આપણે કહીએ છીએ કે આ સરકાર ગરીબોના કલ્યાણની વાત કરે છે પણ આજે એનો અમલ જે રીતે થવો જોઈએ, યોજનાનો લાભ જે રીતે મળવો જોઈએ એ આજે મળતો નથી. માનનીય મંત્રીશ્રી ગઈ કાલે બોલી ગયા કે ૮૦/૨૦ની ફોર્મ્યુલા પ્રમાણે દમણગંગા યોજના, અમને આનંદ છે અને અમે ગયે વખતે વિનંતી કરી હતી, આપે સાંભળ્યું પણ હતું કે દક્ષિણ ગુજરાતના ડાંગ જેવા આદિવાસી વિસ્તારમાં ૮૦ ટકાને ધોરણે નહીં ૧૦૦ ટકાને ધોરણે કામો થવા જોઈએ એમ હું માનુ છું. એટલું જ નહીં પણ, મહારાષ્ટ્ર પેટર્નની વાત કરું તો મહારાષ્ટ્ર પેટર્નની અંદર મારો વિસ્તાર બાઉન્ડ્રી ઉપર છે ત્યારે એકેએક ગામમાં એમ કહેતા હતાં કે ગામે ગામે તળાવો થશે. સુજલામ્-સુફલામ્ યોજના અંગે મને કહેતાં આનંદ અને દુઃખ થાય છે કે અમારા ડાંગ અને દક્ષિણ ગુજરાતના લોકો એવું કહેતા થઈ ગયા છે કે સુજલામ્-સુફલામ્ ખાય માલમ ભાજપમ, આ શબ્દ અમારા ડાંગ અને દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ કહેતા થઈ ગયા છે. આજે અનેક યોજનાનાં નામ બદલ્યાં છે, બીજું કંઈ કર્યુ નથી, સ્વ. ઈન્દિરા ગાંધીના વીસ મુદ્દાના કાર્યક્રમની અંદર જવાહર યોજના એવી અનેક યોજનાઓ હતી, માત્ર એના નામ બદલ્યા છે અને એમાં સુજલામ્-સુફલામ બીજું, ત્રીજું ઘણું બધું છે. હું આપના દ્વારા મંત્રીશ્રીને વિનંતી કરું છું કે સિંચાઈનાં જે જે કામો થયાં છે, ચેકડેમોનાં જે જે કામો થયાં છે એની તપાસ અમે અવારનવાર માગી છે, અહીંયાથી તપાસ આવે. (અંતરાય) પાઈપલાઈન કયાં સુધી છે મને ખબર નથી, ડાંગથી ગાંધીનગર સુધી પાઈપલાઈન હોય તો મને ખબર નથી, હું કોઈના પર આક્ષેપ નથી કરતો, સિંચાઈનો જવાબ આપ્યો છે, મેં રજૂઆત કરી કે અમારે ત્યાં ડુંગિયાંબા ગામમાં ચોમાસાની અંદર એકબાજુ સિંચાઈનો ડેમ ૬ મિટર પર, બીજીબાજુ ૩૦૦ મિટર પર સિંચાઈનો ડેમ અને વચ્ચે પાણી પુરવઠાનો ડેમ અને ત્યાં પાણી જ્યારે ભરાયા ત્યારે એ ગામની અંદર ત્રણ ઘરો તણાઈ ગયાં, જ્યારે મેં રજૂઆત કરી ત્યારે સિંચાઈ ડિપાર્ટમેન્ટે મને જવાબ આપ્યો કે આવાં કોઈ ઘર તણાયાં નથી, તો હું આજે પણ એ બતાવવા માટે તૈયાર છું.

બીજી વાત એ કહું છું  અહીંયા જંગલની ઘણી ચિંતા થતી હોય છે, આજે જંગલો છેલ્લાં સાત વર્ષમાં (અંતરાય) આજે દિવસે દિવસે ૫૨ ડે દશ લાખ રૂપિયાનું લાકડું ખેરનું, સિસમનું અને સાગનું કપાઈને જાય છે એના પર કોઈ પ્રતિબંધ છે?

બીજી વાત એ છે કે આ સરકારે જાહેરાતો કરી અને એનાં ઈન્ટરવ્યુ લેવાયાં ત્યારે એમ કહ્યું હતું કે આદિવાસીઓની અમે ૭૯૮ જગ્યાઓ ભરીશું અને એના ઈન્ટરવ્યું થયાં ત્યારે માત્ર ૨૪૭ ગૌણ પસંદગી મંડળમાં લેવાયા છે. આજે એકબાજુ એમ કહેવાય કે આદિવાસીઓને નોકરીમાં લેવાના છે અને બીજીબાજુ કાપ આવે છે. માફ કરજો,  અમારે ડાંગમાં કહેવત છે તેમ માત્ર લોકોને જાહેરાત અને લોકોને લલચાવવાના કામ સિવાય બીજું કંઈ કરતી નથી અને ભગવા ઝંડાઓ કયાં હોય? તો ભગવાનના મંદિરમાં હોય એ ખાટકીને ત્યાં ન હોય, લોકોને લલચાવવાની વાત, માફ કરજો, મારી વિનંતી છે કે ગુજરાતમાં રચનાત્મક પ્રવૃત્તિઓ તમે કરશો એમાં ચોક્કસ અમે તમારી સાથે છીએ, અમે કામ કરવા સંમત છીએ, કેટલીક બાબતોમાં આજે પણ અમારે ત્યાં કહેવત છે (અંતરાય) ટ્રાયેબલનું બજેટ આવશે ત્યારે તે વિશે ચોક્કસ બોલીશ, મારી પાસે મુદ્દા છે.

મારે આપના દ્વારા આ સરકાર પાસે અને માનનીય નાણાં મંત્રીશ્રી પાસે વિનંતી કરવાની છે. હું આ સરકાર પાસે ભીખ માગતો નથી, પણ અમારું ડાંગ ડેવલપમેન્ટ ફંડ, એ માટે બસ્સો-ત્રણસો કરોડ રૂપિયા નાણાંમંત્રીશ્રી ફાળવે એવી મારી વિનંતી છે.

**શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી શંકરભાઈ ચૌધરી અહીંયા જે રાજ્યપાલશ્રીના સંબોધન ણર આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું. બે દિવસથી આ પ્રસ્તાવ પર ચર્ચા ચાલે છે. અમારા જે મિત્રો સામે બેઠાં છે એમને થોડો ઘણો જો ગરીબીનો ખ્યાલ હોય તો એક દૂહો છે.

*"દુ:ખીના દિલની વાત એ સુખી ના સમજી શકે*
*અગર સુખી જો સમજે તો દુ:ખ વિશ્વમાં ન ટકે."*

હવે તમે કયારેય કોઈનું દુ:ખ સમજ્યા જ નથી, એવું સમજો, ગરીબોની  સરાહના કરો. ગઈકાલે બનાસકાંઠા જિલ્લાના બે ધારાસભ્યશ્રીઓ જે શંકરભાઈ માટે શબ્દો બોલ્યા કે ઉછળી ઉછળીને બોલે છે, કૂદીને કૂદીને બોલે છે એમને એક પ્રશ્ન મારે પૂછવો છે કે વિરોધપક્ષના મિત્રોએ સરદાર સરોવરની વાત કરી, હું તો કહું છું કે ભુપેન્દ્રભાઈ ચુડાસમા તે વખતે અધ્યક્ષ હતા એમને ધન્યવાદ આપું છું કે એમણે સપ્રીમ કોર્ટમાં બે વર્ષ સુધી સંઘર્ષ કરીને એની મંજૂરી લાવ્યા છે, મફત મંજૂરી નથી મળી અને એના પછી સરદાર સરોવર યોજનાની કામગીરી ચાલુ થઈ છે. જયનારાયણ વ્યાસ અને ભુપેન્દ્રભાઈને ધન્યવાદ આપવા ઘટે કે એમણે સુપ્રીમ કોર્ટમાં લડીને આપણને ૧૩૮ મિટરની મંજૂરી મેળવી આપી છે.

ગઈકાલે ગોવાભાઈ પીવાના પાણી માટે એમ કહેતા હતા કે  "હરજીવનભાઈ એમ કહેતા હતાં કે આટલું આટલું થશે." તો મેં ગયા વખતે પણ વાત કરી હતી કે બનાસકાંઠા જિલ્લામાં સુજલામ્-સુફલામ્ દ્વારા જે ડેમ બનવાના છે એ ડિસેમ્બર, ૨૦૦૫ સુધીમાં  બનવાના છે હવે ફરી ગયા, રેલો નથી આવ્યો અને પીવાના પાણીની વાત કરતા હતા. એમને આંકડા બતાવુ છું કે બનાસકાંઠા જિલ્લામાં જે યોજનાઓ છે એમાં ૩૨ કરોડ ૬૦ લાખના ખર્ચે સીપુ યોજના, ૨૪ કરોડ રૂપિયાના ખર્ચે દાંતા-વડાગામના ૧૦૫ ગામને પાણી, ૨૧ કરોડ ખર્ચીને વાવ-થરાની એમ.એસ. પાઈપ લાઈન નાંખી, ૩૭ કરોડ રૂપિયા ખર્ચીને પાલનપુર શહેર અને અડતાલીસ ગામોને પાણી આપ્યું, બાવીસ કરોડ ખર્ચીને રાધનપુર-સાંતલપુર અને કુલ ૧૩૬.૬૦ કરોડ આ બનાસકાંઠા જિલ્લામાં પાણીના માટે જૂથ યોજના માટે ખર્ચ્યા છે, એના સિવાય, બનાસકાંઠા જિલ્લાની વાત નહિ સમગ્ર ગુજરાતની જે પીવાના પાણીની સ્થિતિ છે એમાં સરદાર સરોવર યોજના દ્વારા ભાલ વિસ્તાર અમદાવાદનો, ભાવનગર, ગઢડા, બોટાદ, ગારિયાધાર, સુરેન્દ્રનગર, રાજકોટ, જેતપુર, જુનાગઢ, જામનગર દ્વારકા સુધી પાણી પહોંચાડ્યાં છે. કચ્છ જિલ્લાની અંદર આ પાણી આપણે પહોંચાડ્યાં છે. બનાસકાંઠા જિલ્લામાં પાણી પહોંચાડી સિંચાઈના ડેમ બનાવવા માટેની યોજના કરી છે એ સુજલામ્-સુફલામ યોજના દ્વારા જે કામો ચાલી રહ્યા છે નર્મદાનાં નીર અહીંયાં પહેલાં જ્યારે ચાલુ કર્યુ, બનાસ નદીમાં પાણી આવશે ત્યારે કોંગ્રેસના મિત્રો મશ્કરી કરતા હતાં આ તો લોકોને દેખાડવા માટે કર્યુ છે. તો આજે પણ તમારી સાબરમતી નદીમાં નર્મદાનું પાણી ભરેલું પડેલું છે અને બનાસ નદીમાં આજે પણ સરદાર સરોવર યોજનાનું પાણી પહોંચાડી રહ્યા છે.

વીજળી માટે વાત કરું તો બનાસકાંઠા જિલ્લાની અંદર માત્ર ધાનેરા મત વિસ્તારની અંદર જે ત્રણ-ચાર ૬૬ કે.વી. નાં સબ સ્ટેશન કાર્યરત થઈ ચૂક્યાં છે. બે ત્રણ વર્ષ થઈ ગયાં છે, બાકીના ત્રણ ૬૬ કે.વી.નાં જે સબ સ્ટેશનનાં કામો ચાલુ છે એમાં ચડિયાણી, લવારા, રમોણા, વિઠોદર અને આગઘળા અને નવા જે કાર્યરત થઈ રહ્યા છે એ જડિયાળી, જેતાલ, દેવસરી, વકતાપુર અને નગાળા આ ૬૬ કે.વી.નાં સબ સ્ટેશનોનાં કામ આજે ધમધોકાર ચાલે છે. એનાથી આગળ વધીને ધાનેરા પાસે થાવર ગામ છે ત્યાં ૨૨૦ કે.વી. સબ સ્ટેશનનું કામ આજે લગભગ પચીસ ટકા પૂરું થઈ ગયેલું છે, મુખ્ય લાઈન પણ નંખાઈ ગઈ છે. તો આટલાં વીજળીના ક્ષેત્રે કામો થઈ રહ્યા છે. જ્યોતિગ્રામ યોજના માટે અમારે ત્યાં વાત કરું કે તમને તો ક્યાંક ગામડાંમાં ભોજન સમયે

વીજળી નહોતી મળતી આ સરકારે આ યોજના હેઠળ જે ગામડાંને વીજળી આપી છે એમાં થ્રી ફેઈઝ અને સિંગલ ફેઈઝનો પાવર આપીને જે ગામડાં ભાંગી પડતા હતાં, શહેર તરફ લોકો જ્યારે દોટ મૂકતા હતા અને ઝુંપડપટ્ટી શહેરોમાં વધતી હતી, આજે ચોવીસ કલાક વીજળીના કારણે થ્રી ફેઈઝ વીજળીના કારણે એ ગામડાંઓ સમૃદ્ધ બનશે, રોજીરોટી અને ઉદ્યોગો મળશે. આ લોકોને તો કંઈકને કંઈક બહાનું કાઢીને માત્રને માત્ર સરકારની ટીકા કર્યા સિવાય કશુ કરવું નથી. આજે તમારે બોલવાનું હતું તો તમારે આભાર પ્રસ્તાવ પર બોલવાનું હતું. ગાંધીજીની હત્યા થઈ અને ફલાણાની હત્યા થઈ આવું બોલવાની ક્યાં તમને જરૂર પડી આમાં પુંજાભાઈ,

શિક્ષણમાં, આજે પ્રાથમિક શાળાઓના ઓરડાઓની ઘટ ઘટાડી નાંખી છે. વિદ્યા સહાયકોની ભરતી કરી છે. એક પ્રશ્ન આમને પૂછવા માગું છું કે ગોવાભાઈ અને મુકેશભાઈ કાલે પ્રવચન કરતા હતા કે બનાસકાંઠા જિલ્લો શિક્ષણ ક્ષેત્રે પછાત છે. આજે દશ વર્ષ પહેલાં બનાસકાંઠા જિલ્લામાં હાઈસ્કૂલો કેટલી હતી અને આજે કેટલી વધી છે? કોઈ તાલુકામાં નહિ, પણ ગામડે ગામડે હાઈસ્કૂલની મંજૂરી સરકારે આપી છે એના માટે હું સરકારને ધન્યવાદ આપું છું.

આજે પાક વીમો, અકસ્માત વીમો, સરદાર આવાસ યોજના, વૃદ્ધ પેન્શન, વિધવા પેન્શન, વડાપ્રધાન ગ્રામ સડક યોજના દ્વારા ગામડાંમાં દરેક જગ્યાએ એપ્રોચ રોડ કરી નાંખ્ય,ા ઈ-ગવર્ન્સ દ્વારા તાલુકા કક્ષાએ, ગ્રામ પંચાયત કક્ષાએ કમ્પ્યુટર મૂકીને ખેડૂતો ત્યાંથી માહિતી મેળવી શકે છે. તાલુકા કક્ષાએ કમ્પ્યુટર દ્વારા ૭/૧૨ અને ૮/અ ના ઉતારા ખેડૂતો સરળ રીતે મેળવી શકે છે

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન પૂરું થાય છે.

**(વિરામ ૨-૩૦ થી ૩-૧૫)**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી શંકરભાઈ ચૌધરી નામદાર રાજયપાલશ્રીના સંબોધન ઉપર આભાર પ્રસ્તાવ લાવ્યા છે, એના ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૪૦ વર્ષથી હું જોતો આવ્યો છું અને એમાંય ખાસ કરીને છેલ્લા ૧૦ વર્ષમાં મને જે અનુભવ થયો છે, પછી ગમે તે પક્ષમાં હોઈએ તો પણ આ સરકારના મારા સાથી મિત્રો દ્વારા વારંવાર *"કોંગ્રેસે ૫૦ વર્ષમાં કાંઈ કર્યુ નથી, કાંઈ કર્યુ નથી"* એમ કહેવામાં આવે છે ત્યારે મને દુ:ખ થાય છે. તો તમને તો એક ભર્યુ ભાદર્યુ ઘર છે એ વારસામાં મળ્યું છે. પિતા એક સરસ મકાન બનાવે, એમાં બારી બારણાં કરાવે, રાચરચીલું વસાવે, એમાં દરેક વસ્તુ ભરી દે, અનાજ ભરી દે અને છેલ્લે કલર કામ પણ કરાવી દે અને એમાં દીકરો રહેવા આવી જાય અને પછી એમ કહેવામાં આવે કે મેં બધું જ કરી નાંખ્યું, કરી નાંખ્યું. તો આ તમારા તરફથી પણ આ રીતે કહેવામાં આવે કે અમે આ બધું કરી નાંખ્યું ત્યારે કોઈપણ સજજન માણસને દુ:ખ થયા વિના ના રહે.

માનનીય વજુભાઈ વાળા વર્ષોથી મારી સાથે છે, આજની પરિસ્થિતિ હું જોઉં છું ત્યારે તેમને કહેવા માગું છું કે, લોકશાહીમાં બંધારણની રૂએ આપણને માનવ અધિકાર મળ્યા છે. વાણી સ્વાતંત્ર, વ્યકિત સ્વાતંત્ર આપણને મળ્યું છે. ૩ લાખ માણસોનો પ્રતિનિધિ ચૂંટાય અને એના વાણી સ્વાતંત્ર ઉપર કાપ મૂકવામાં આવે, એના વ્યકિત સ્વાતંત્ર ઉપર કાપ મૂકવામાં આવે, પ્રજાના પ્રશ્નો અહીંયાં એ રજૂ ના કરી શકે ત્યારે કઈ રીતની આ લોકશાહી ગણી શકાય? એને રાજાશાહી ગણવી, બાદશાહી ગણવી કે કઈ ગણવી કારણ કે તેમણે તો બિરૂદ આપી દીધું સરમુખત્યારશાહીનું અને એમાં હું પડવા માગતો નથી. હું માનનીય વજુભાઈ વાળાને કહેવા માગું છું કે, 'ઉઠો, ચઢાવો બાણ, હવે તો યુધ્ધ એ જ નિર્માણ.' તમારી પાસે બીજું કાંઈ શસ્ત્ર નથી કારણ કે જયારે મારા સાથી મિત્રોને કોઈ આધાર ના રહેતો હોય ત્યારે વજુભાઈ વાળાએ એમની નેતાગીરી સ્વીકારવી જોઈએ અને યુધ્ધે ચઢવું જોઈએ અને અમારા સમસ્ત ધારાસભ્યશ્રીઓની વહારે ધાવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસે કાંઈ કર્યુ નથી એમ કહેવામાં આવે છે ત્યારે મને કહેવાનું મન થાય છે કે જયારે સ્વરાજ મળ્યું ત્યારે ચાર પાયાની વાત કરી હતી. સરસ્વતી મંદિર, લક્ષ્મી મંદિર, ન્યાય મંદિર અને ભગવાનનું મંદિર. જો ભગવાનનું મંદિર આપણે લઈએ તો માનવધર્મ શું છે અને રાજધર્મ શું છે એનો તો ખ્યાલ દરેકને હોવો જોઈએ એ આવ્યો નથી. ગુજરાતની ૭૫ ટકા ખેડૂતોની વસતિ એને ખ્યાલમાં રાખીને લક્ષ્મી મંદિર ઉભાં કરવામાં આવ્યાં હતાં. "ખેડ, ખાતર અને પાણી એ કરમને લાવે તાણી."આજથી પચાસ કે ચાલીસ વર્ષ પહેલાંનો ઈતિહાસ તમે તપાસો કે ગુજરાતમાં આડ બંધ હતા, ચેક ડેમો હતા, ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચાડવાનું કામ કોઈએ કર્યુ હોય તો એ આ કોંગ્રેસે કર્યુ હતું. આડ બંધો બાંધ્યા, ચેક ડેમો બાંધ્યા, નાનાં તળાવો કર્યા, મોટાં તળાવો કર્યા, પરકોલેશન ટેન્કો કરી, ખેડૂતોના કૂવા સુધી વીજળી પહોંચાડવાનું કામ પણ

કોંગ્રેસે કર્યુ છે. સુધારેલાં બીજ અને ખાતર આપ્યાં, જંતુ નાશક દવાઓ આપી, મારા ખેડૂતને જરૂર પડે તો લક્ષ્મી મંદિરમાં જઈ અને પૈસા લાવી અને પોતાની ખેતીની આબાદી વધારી શકે, જંતુનાશક દવાઓ લાવી શકે, બિયારણ લાવી શકે, ઓજારો લાવી શકે, બળદ લાવી શકે, ટ્રેકટર લાવી શકે, એન્જિન વગેરે પણ લાવી શકતો હતો. તેમના કૂવાને વીજ કનેકશન માટે પણ અમારા વખતમાં ૩૦-૪૦ હજાર વીજ કનેકશનો ખેડૂતોને અપાતા હતાં, આજે કેટલા અપાય છે? અમારા વખતમાં ૧૮ કલાક વીજળી અપાતી હતી, આજે કેટલી આપો છો? અહીં જયોતિ ગ્રામ યોજનાની વાત થાય છે, ગામડાંમાં જઈને પૂછો કે કેટલા કલાક વીજળી મળે છે. કાંઈક તો સાચુ બોલવાનું રાખો, કાંઈક તો સાચી વાત સ્વીકારવાનું રાખો. એટલું જ નહીં પણ મારો ખેડૂત પાંચમાંથી પચ્ચાસ કે સો મણ પકવતો થયો, તેને એક ગામથી બીજા ગામે માલ લઈ જવા માટે રસ્તા બનાવવાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ખેડૂતના બાળકો ભણે અને હોંશિયાર થાય, એટલા માટે ગામે ગામ શાળાઓ આપી હતી, ફરજિયાત અને મફત શિક્ષણ બનાવ્યું હતું. કન્યા કેળવણી પણ મફત આપી હતી. (અંતરાય) હું સાચી વાત કરીશ, ખોટી વાત નહીં કરું. મારા ખેડૂતોના બાળકો ભણી ગણીને હોંશિયાર થાય અને બુદ્ધીજીવીના બાળકો જેમ સાધનો વાપરીને કમાતા હોય તે રીતે કમાતા થાય તેવો આશય અમારો હતો. એ જ રીતે ન્યાય મંદિરો આપ્યાં, મારા ગામડાંનો કોઈ પણ માણસ સભ્ય તરીકે ચૂંટાય, નગરપાલિકાનો સભ્ય હોય, ગ્રામ પંચાયતનો સભ્ય હોય, જિલ્લા પંચાયતનો સભ્ય હોય કે તાલુકા પંચાયતનો સભ્ય હોય, પોતાનો વહીવટ પોતાની જાતે સંભાળી શકે, પાણીની, આરોગ્યની શાળાની જે જરૂરિયાતો હોય તે પૂરી કરી શકે તેના માટે સત્તાના સૂત્રો તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતને સોંપાયા હતાં. તેની સાથે સાથે સરસ્વતી મંદિર અને લક્ષ્મી મંદિરો પણ બનાવ્યા હતાં અને સેવા સહકારી મંડળીમાંથી નાણા લાવી શકે તેવી વ્યવસ્થા થઈ હતી. અંત્યોદય ગ્રામ યોજના પણ હતી, આદર્શ ગામની યોજના તો અમારા વખતમાં પણ હતી અને ત્યારે પણ એક લાખ રૂપિયા અપાતા હતાં. તમે ગોકુળિયા ગામની વાત કરો છો, મેં મારા વિસ્તારમાં જોયું છે, ગોકુળિયું ગામ કયું બને છે કે જે લોકો દાન આપે છે, પંચોતેર કે એંશી ટકા કામ પુરું કર્યુ હોય, ગામના રસ્તાઓ, આરોગ્ય, ગટર, પાણી વગેરેની વ્યવસ્થા જેમણે ઉભી કરી છે અને લાખ બે લાખ ખૂટતા હોય તો એ આપી અને આપ નક્કી કરી નાખો કે આ ગોકુળિયું ગામ, પરંતુ જેનો બિલકૂલ વિકાસ નથી થયો, તેનો હાથ પકડવાની વાત કરો. તેનો તો હાથ પકડવો નથી, પણ જયાં દાન મળે છે અને ગામડાંનો વિકાસ થયો છે. તેની જ વાત કરવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે,

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજયપાલશ્રીના ઉદ્‌બોધનનો આભાર પ્રસ્તાવ લઈને માનનીય શંકરભાઈ ચૌધરી આવ્યા છે એને સમર્થન આપવા હું ઊભો થયો છું.

ગઈકાલથી આભાર પ્રસ્તાવ પરની ચર્ચા આ ગૃહની અંદર હું સાંભળી રહ્યો છું. ઘણી બધી ચર્ચા થઈ, રાજકીય અવલોકનો થયા ત્યારે મને કહેવાનું મન થાય છે કે -

*" હમ આહ ભી લેતે હૈ તો હોતે હે બદનામ,*
*વો કત્લે ભી કરતે હૈ તો ચર્ચા ભી નહિ હોતી."*

ઘણી બધી વાતો થઈ, અમે એમ નથી કહેતા, હમણાં માનનીય શંકરભાઈ વાઘેલાએ વાત કરી. કોંગ્રેસની સરકારે કાંઈ નથી કર્યુ એમ કહેવાનો આશય અમારો છે જ નહિ. કોંગ્રેસની સરકારોએ પણ કામો કર્યા છે પણ એણે આગોતરા આયોજનો નથી કર્યા. આગોતરા આયોજનો ન થવાને કારણે આજે વીજળીની અછત ઊભી થઈ હોય એના માટે કોઈ જવાબદાર હોય તો એ કોંગ્રેસ પાર્ટી જવાબદાર છે. છેલ્લા નવ વર્ષની અંદર આ આયોજન થયાં છે. પાવરની અંદર તમે જૂઓ તો તમારા વખતમાં પાવરની પરિસ્થિતિ શું હતી કેટલું ઉત્પાદન હતું અને આજે પાવરનું કેટલું જનરેશન થાય છે? આનો વિચાર ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે. પછી એ માનનીય કેશુભાઈ પટેલની સરકાર હોય, માનનીય સુરેશભાઈ મહેતાની સરકાર હોય કે પછી માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકાર હોય એની અંદર આ આયોજન કરવામાં આવ્યું છે.

હમણાં ખેડૂતોની ઘણી બધી વાતો થઈ. ખેડૂતોની ઘણી બધી ચિંતા થઈ. આજે આ ગુજરાતની વાત કરું તો હું એવા સૂકા પ્રદેશ કચ્છ જિલ્લામાંથી આવું છું. આ કચ્છ જિલ્લાની અંદર આજે ક્રાંતિ થઈ રહી છે એના માટે હું આ સરકારને અભિનંદન આપું છું કે જે રણ પ્રદેશ કહેવાતો હતો, જે સૂકો જિલ્લો કહેવાતો હતો એ આજે સમગ્ર દેશની અંદર સારામાં સારી કહી શકાય તેવી કેસર કેરીનું ઉત્પાદન કચ્છ જિલ્લામાં શરૂ થઈ ગયું છે અને આવનારા દિવસોની અંદર આ કેસર કેરીમાંથી આ રાજયને અને દેશને વિદેશી હૂંડિયામણ બહુ મોટા પ્રમાણમાં પ્રાપ્ત થવાનું છે. ત્યારે મારે સરકારને પણ સૂચન કરવા માગુ છું કે આટલા બધા વિપુલ પ્રમાણમાં કચ્છની અંદર કેસર કેરીનું ઉત્પાદન થવાનું છે ત્યારે એની ખરીદી માટેનું એના એકસપોર્ટ માટે એગ્રો બેઈઝ ઇન્ડસ્ટ્રીઝના આયોજન માટે પણ સરકાર વિચારે. મારી જાણ મુજબ સરકારે વિચારણામાં પણ લીધું છે.

કચ્છ જિલ્લો હર્બલની અંદર આજે ક્રાંતિની દિશામાં આગળ વધી રહ્યો છે. અત્યારે કચ્છમાં જ્યાં પાણી ઓછું છે એવા વિસ્તારની અંદર આજે અલોઈવેરા, કુંવારાપાઠાનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થઈ રહ્યું છે. એના માટેના ઉદ્યોગો પણ કચ્છમાં આવે છે અને કુંવારાપાઠાનું પ્રોડકશન આજે આયુર્વેદની અંદર સંજીવની કહેવાય છે. જે બહુ કિંમતી કહેવાય છે એનું મોટા પ્રમાણમાં ઉત્પાદન થઈ રહ્યું છે. ત્યારબાદ મીઠી આવળ હોય, ગૂગળ હોય એ દિશામાં પણ કચ્છનો ખેડૂત વિચારતો થયો છે આ માટે હું સરકારનો આભાર માનું છું.

પીવાના પાણીની વાત કરું તો પીવાનું પાણી કચ્છના એકેએક ગામને પહોંચાડવાનો આ સરકારે સંકલ્પ કર્યો છે. આજે નર્મદાનું પીવાનું પાણી માંડવી સુધી પહોંચી ગયું છે. બીજા ફેઈઝનું કામ ટૂંક સમયમાં શરુ થશે. કચ્છના એકેએક ગામને પીવાનું પાણી આપવાનું આયોજન ભારતીય જનતા પાર્ટીની સરકારના વખતમાં થયું છે એ માટે હું સરકારને અભિનંદન આપુ છું અને સરકારને સૂચન પણ કરવા માગુ છું કે થોડીક એની અંદર મુશ્કેલી પણ થઈ અને પછીથી ઑઈલ એંજિન દ્વારા કેનાલમાંથી પાણી ખેંચવામાં આવ્યું એના માટે સરકારશ્રી તકેદારી રાખે અને ભવિષ્યમાં આવું ન બને તે પણ જુએ. આ રીતે કચ્છના લોકોને પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી ફાળવેલ છે અને તે મળી રહે એના માટે સરકારે ચિંતા પણ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, (સમયસૂચક ઘંટડી) હજુ ૫ મિનિટ નથી થઈ. થોડોક સમય જોઈશે. હું કચ્છ જેવા સૂકા વિસ્તારમાંથી આવું છું. ઔદ્યોગિક ક્ષેત્રે આ વિસ્તારની અંદર જબરજસ્ત ડેવલપમેન્ટ થઈ રહ્યું છે. એની અંદર ઘણા બધા ઉદ્યોગો, કૃષિ આધારિત ઉદ્યોગ હોય, ઊર્જા આધારિત ઉદ્યોગ હોય, oil, gas, information technology, bio-technology, tourism, chemical, textile, apparel, industrial engineering, automobile, electric and electronics, cement વગેરની આંતરમાળખાકીય સુવિધાઓ ઉભી કરીને ૩૭૫ ઉદ્યોગોનું અમલીકરણ કરી દેવામાં આવ્યું છે. જેની અંદર ૧૫,૫૫૦ કરોડ રૂપિયાનું રોકાણ થશે અને ૭૯,૦૦૦ લોકોને રોજગારી મળવાની છે. આ સરકારના વખતમાં આ બધી ચીજો થઈ છે. રાજકીય અવલોક્નો તો ઘણાં થાય, ઘણી બધી વાતો થઈ. એની અંદર રાષ્ટ્રીય નેતાઓ કે જેના માટે બધાને ગૌરવ છે. એવા નેતાઓ માટે પણ અહીંયાં કટાક્ષની ભાષામાં વાતો કહેવામાં આવે એ આ સભાગૃહની અંદર આવી વાતો શોભે નહીં. એ પછી શ્રી મહાત્મા ગાંધી હોય, શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ હોય, શ્રી અટલ બિહારી બાજપાઈ હોય, પંડિત દિન દયાળ ઉપાધ્યાય હોય એમના માટે વાતો કરવામાં આવે એ વાત યોગ્ય નથી.

**શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના પ્રસ્તાવ ઉપર જે આભાર પ્રસ્તાવ લાવ્યા છે, એના ઉપર મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામે પક્ષે બેઠેલા અને આ પક્ષે બેઠેલાએ, ગૃહમાં સાચું જ બોલવું જોઈએ. ગૃહનું આપણે સન્માન કરવું જોઈએ. મારે કહેવું છે કે જ્યારે ભ્રષ્ટાચારની વાત આવે છે ત્યારે એ બધું ઈશ્વર જોઈ રહ્યો છે. આપણે દરેક કામ ઈશ્વર સાક્ષીએ કરવા જોઈએ. આ સરકાર ગરીબોની, ખેત મજૂરોની ચિંતા ઓછી કરે છે. દેશના કરોડપતિઓની ચિંતા કરવાની જરૂર નથી. એ તો એની જાતે પૈસા કમાઈ લેશે. પૈસાવાળાની ચિંતા કરવાની કોઈ જરૂર નથી. છતાંપણ આ વહિવટી તંત્ર નિષ્ફળ ગયું છે એમ કહેતાં મને કોઈ રોકી શકે નહીં. ખેડૂતોને ૮ કલાક કે ૬ કલાક પણ લાઈટ મળતી નથી, ખેડૂતોનો ઊભો માલ બળી જાય છે. પાણી માટે વર્ષોથી ૨૫-૩૦ વર્ષ પહેલાં પાઈપલાઈન નાંખી હતી, એ પાઈપલાઈનો તૂટી ગઈ છે, ટાંકાઓ તૂટી ગયા છે, ઓરડા તૂટી ગયા છે. શ્રી નરોત્તમભાઈને હું ધન્યવાદ આપું છું. એમણે અમારી ૨૫ કરોડ રૂપિયાની માંગણી મંજૂર કરી છે. એમને મારા વિસ્તાર વતી ધન્યવાદ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં નરેન્દ્રભાઈ મોદીની સરકાર છે. નરેન્દ્રભાઈ મોદી બહુ સારા છે. એમને તમે ખોટા પાડો છો. એમના જેવા બહુ ઓછા માણસો હોય છે. મને બિનભ્રષ્ટાચારી માણસ બહુ ગમે છે. એમના જેવા તમારામાં બહુ ઓછા છે. થોડાઘણા છે ખરા. સામો પક્ષ ભ્રષ્ટાચારની વાત કરે છે ત્યારે ભ્રષ્ટાચાર માટે તમારે શરમાવવું પડે. છેલ્લા ૧૦ વર્ષમાં ભ્રષ્ટાચાર બહુ જ થયો છે. અમારા ગામડાંની અંદર એનો આખો ઈતિહાસ છે. કૉંગ્રેસે કાંઈ નથી કર્યું, કૉંગ્રેસે કાંઈ નથી કર્યું. એવું નથી. નર્મદાનો પાયો કોણે નાંખ્યો? કૉંગ્રેસ સરકારે નાંખ્યો. અત્યારે જે કાંઈ તકલીફ પડે છે એની ટીકા-ટિપ્પણ કરવા માગતો નથી. આજે નર્મદાનું કામ બરાબર ચાલે છે. મારે માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરવી છે કે અમારા વિસ્તારમાં નારોલી સુધીનું કામ ચાલુ થઈ ગયું છે. ટેન્ડર બહાર પડી ગયાં છે. એમાં ઝડપ થાય એવી અમારી વિનંતી છે. હમણાં માનનીય ધારાસભ્યશ્રી કહેતા હતા કે અમારો વિસ્તાર દુકાળીયો છે. અમારા બનાસકાંઠામાં વાવ અને રાધનપુર એકદમ પાણી વીનાના છે. અમારે ત્યાં એક હજાર ફૂટના બોર થયા છે એ બોરો માટે વીજળી બહુ ઓછી મળે છે એટલે ખેડૂતોને નુકસાન થયું છે. ચાલુ સાલમાં ૫૦ ટકા ગામડાંમાં દુકાળ થાય એવી પરિસ્થિતિ છે. મહેસૂલ મંત્રીશ્રી મારા વિસ્તારમાં ધ્યાન આપી કલેકટરને સૂચના આપે કે જ્યાં જરૂર હોય ત્યા રાહત કામો શરૂ કરે.

દારૂ વિશે મારે બોલવાનું છે જ નહીં. મેં પેલી વખતે કહ્યું હતું કે દારૂ વિશે બોલાય જ નહીં, આ તો ગાંધીનું ગુજરાત છે. શું બોલવું? બધા મનમાં સમજો છે. બધા જાણો છો. કાં તો એકજાટકે છૂટું કરો,

નકામા પોલીસવાળાના ઘર શું કામ ભરાવો છો? અબજો રૂપિયાનો ધંધો છે. માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસે કંઈ નથી કર્યુ, એમ વાતો કરે છે પણ કોંગ્રેસે ઘણું કર્યુ છે. કોંગ્રેસ જેવું કોઈએ દેશમાં રાજય કર્યુ નથી. તમે ૧૦ વર્ષથી આવ્યા છો અને ૩૦ વર્ષ પહેલાંની વાત કરો છો પણ તમારી ઉંમર ઓછી છે. સાચી વાત કરો. નર્મદાનું કામ ઝડપથી થાય તો સારું.

ખેડૂતોના પ્રતિનિધિઓ અહીં બેઠા છો, ખેત તલાવડીની વાત કરતાં શરમાવું જોઈએ. એક તલાવડી સાચી થઈ નથી. ધોરા ઉપર તળાવડી હોય અને ૩૦ ટકા પણ કામ થયું નથી અને ૧૦૦ ટકાની કુપનો પડી છે. કોંગ્રેસે જે રાજ કર્યુ એવું કોઈએ નથી કર્યુ. રાજીવ ગાંધીએ પંચાયતોને જાગૃત કરી. પંચાયતોને ગ્રાન્ટ આપી એ રાજીવ ગાંધીએ આપી પછી તમારું ગોકૂળીયું ગામ આવ્યું છે. ગોકૂળિયા ગામમાં ભ્રષ્ટાચાર ઘણો થયો છે. હું એ કહેવા માગુ છું કે નીતિ નિયમથી અછત અને જે દુકાળીયો વિસ્તાર છે એની ચિંતા કરો. અમારે ત્યાં ભયંકર અછત છે. આજે ૫૦ ટકા ગામડાંમાં ઢોરોની પરિસ્થિતિ બહુ ખરાબ છે. પાણી માટે નરોત્તમભાઈએ શરૂઆત કરી છે એ પ્રવૃત્તિને વેગ પકડાવે તો સારું. માનનીય અધ્યક્ષશ્રી, પીવાના પાણીની અત્યારે તકલીફ છે. ઉનાળામાં ટેન્ડરો બહાર પડયા છે એને ઝડપથી સૂચના આપો અને વાવ સુધી પાણી આપે. ગામડાંમાં ટાંકા ૩૦ વર્ષ જૂનાં છે. એ બદલાવે, નવા કરે એવું મારું સૂચન છે.

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ)** : માનનીયી અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહને મહામહીમ આદરણીય રાજયપાલશ્રીએ ૮૫ મિનિટ સંબોધીત કર્યુ છે અને સંબોધનનો આભાર પ્રસ્તાવ આ સન્માનનીય ગૃહના માનનીય ધારાસભ્યશ્રી શંકરભાઈ જે લઈને આવ્યા છે એને હું અનુમોદન આપી અને મારા વિચારો વ્યકત કરું છું.

મહામહીમે રાજયપાલશ્રીએ એમના સંબોધનમાં ૮૫ મિનિટ આ રાજય સરકારના છેલ્લા વર્ષોના લેખાજોખાની જે વાત કરી છે એ વાતમાં આપણે સૌ સંમત થઈએ કારણ કે કોંગ્રેસે જે એમના ૪૦ વર્ષના શાસનમાં કામો કર્યા છે પણ આગોતરું આયોજન ન કરવાને કારણે આ ગુજરાતની પ્રજા સમગ્ર ક્ષેત્રે પાછળ રહી ગઈ હતી. એને ફરી આગળ લઈ આવવાનું કામ આ ભારતીય જનતા પક્ષની સરકારે કર્યુ છે. આજે સમગ્ર દેશમાં, વિકાસ વૃદ્ધિ દર ગુજરાતનો બીજા ક્રમે રહ્યો છે. આ એક ભારતીય જનતા પક્ષની કામગીરીની સિદ્ધિ છે. સાથે સાથે જે સરકારનું આગોતરું આયોજન હોય એજ અને સફળતાના શિખરે લઈ જઈ શકે છે. અહીં ભારતીય જનતા પક્ષની સરકારે જળશકિતની વાત કરી. ત્યાં માનનીય હેમાભાઈ વાત કરતા હતા કે આજે પણ અમારા વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા છે. ઢોરો મરી જાય છે. એના માટે આગોતરું આયોજન થયું હોત તો કદાચ હેમાભાઈને આ શબ્દો બોલવાનો સમય ના આવ્યો હોત. એના માટે કોણ જવાબદાર છે એ આપણે વિચારવાનો સમય આવી ગયો છે.

આજે જળશકિતની વાત કરી છે. આજે જળશકિત માટે સમગ્ર દેશ અને વિશ્વમાં આ ભારતીય જનતા પક્ષની ગુજરાતની સરકારને લોકો આવકારે છે. એટલા માટે આવકારું છું કે આપણે જમીનના પેટાળમાંથી ૧૫૦૦-૧૬૦૦ ફૂટ ઊંડેથી પાણી ખેંચી લીધું છે. પેટાળમાં પાણી ઘટી ગયાં છે અને જમીનના પેટાળમાં પાણી ઘટી જવાથી વિદ્યુત શકિતનો વધુ ઉપયોગ થવા લાગ્યો છે. પહેલાં આની ચિંતા કરવાની જરૂર હતી, એની ચિંતા ન કરવામાં આવી. આજે સમગ્ર ગુજરાત રાજયમાં ચેકડેમો બાંધી કુદરતી વરસાદનું પાણી દરિયામાં વહી જતું હતું એને અટકાવવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે એને આવકારવું પડશે. જો આ કાર્ય આપણે ન કર્યું હોત તો ઘરતીમાં પાણી ખૂટી ગયાં છે, જળ ડાઉન થઈ ગયાં છે એ ફરીથી ઉપર ન આવત. એના કારણે કૃષિ ક્ષેત્રે મોટો ફાયદો થયો છે. આજે જળશકિતમાં વધારો થયો છે, પાણીના સ્તર ઉપર આવ્યા છે. એનાથી ખેડૂતોને મોટો ફાયદો થઈ રહ્યો છે. એના કારણે ડિઝલ અને વીજળીની બચત થઈ રહી છે એ વિચાર કરવો પડશે. સિંચાઈ શકિતથી અને ચેકડેમો અને બંધો બાંધવાથી જે પીવાના પાણીની મુખ્ય સમસ્યા હતી, કચ્છમાં અને દક્ષિણ ગુજરાતમાં પીવાના પાણીની સમસ્યા હતી. આગોતરા આયોજનના અભાવે ગુજરાતની જનતા પાણી વિના વલખાં મારતી હતી. ટૅન્કરો અપાતા હતાં, રેલવે મારફતે પાણી આપવાની પરિસ્થિતિ પેદા થઈ હતી. આ પરિસ્થિતિને દૂર કરવાનું કામ અમારી સરકારે કર્યું છે. આજે અમારા વિસ્તારમાં સમગ્ર કોસ્ટલ એરિયા, દરિયા કિનારાનો વિસ્તાર છે એ વિસ્તારમાં જમીનના પેટાળમાં મીઠું પાણી ન હતું. પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને પાણી પુરવઠા મંત્રી માનનીય શ્રી નરોત્તમભાઈ પટેલ સાહેબે ૧૦૦ કરોડના ખર્ચે એક જૂથ યોજના બનાવી, દરિયાઈ પટ્ટીના પીવાના પાણી અને સિંચાઈની સુવિધા વગરના ગામો છે એવા વિસ્તારને પીવાના પાણીની સુવિધા કરી છે. આ કામને લીધે સુરતની અને મારા વિસ્તારની જનતા એમને યાદ કરવાની છે. એના લીધે લોકોનો સમય બરબાદ થતો હતો. કારણ કે પીવાના પાણી લેવા માટે બહેનોએ લાંબી લાઈનો લગાવવી પડતી હતી. કૂવામાં પાણી મળતું ન હતું, મળશ્કે ચાર વાગ્યે પાણી ભરવા જવું પડતું હતું એ સમસ્યા દૂર થઈ ગઈ છે એને અમો આવકારીએ છીએ. હમણાં હેમાભાઈ કહેતા હતાં કે જુઠ્ઠું બોલો છો. એમણે એક વાત ચોક્કસ સાચી કહી છે કે સન્માનનીય નરેન્દ્રભાઈ મોદી માટે વાત કરી એને આવકારીએ છીએ. એમણે

વાત કરી છે કે આ સૌથી સારા મુખ્યમંત્રી બન્યા છે. આ એમના શબ્દો છે. એમની દીર્ઘદ્રષ્ટિના લીધે જે કામો થયાં છે એ આવકારવાં પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં કૃષિ ક્ષેત્રની વાતો થાય છે. પહેલીવાર કૃષિ ક્ષેત્રે પાકમાં સમગ્ર દેશમાં ગુજરાતે પહેલો નંબર લીધેલ છે. હું સાક્ષી છું, હું ખેડૂતનો પુત્ર છું એટલા માટે એ વાત ચોક્કસ કરવી જોઈએ. ખેડૂતો માટે હેલ્થકાર્ડની પ્રથા લાવ્યા છે એ અભિનંદનને પાત્ર છે. ખેડૂતો ખેતી કરે છે એમાં કયા તત્ત્વોની ઊણપ છે એ ખેડૂત ન સમજે અને પ્રોડકશન કોસ્ટ વધતી જતી હતી. એ રાસાયણિક ખાતરો નાખતો જતો હતો અને ઉત્પાદન નહિ વધવાના કારણે ખેડૂતો ગરીબ બની રહ્યા હતા. આજે શિક્ષણનું પ્રમાણ વધ્યું છે એનાથી ખેડૂતનો દીકરો હેલ્થ કાર્ડના આધારે કયા ખાતરો નાખવા પડશે એ નક્કી કરવા એનો ઉપયોગ કરે છે. એના લીધે પ્રોડકશન વધ્યું છે અને પ્રોડકશન ખર્ચ ઓછું થયું છે. નફાનું માર્જિન વધ્યું છે. હમણાં કપાસની વાત કરતા હતાં. હું કપાસ પકવું છું. અત્યારે કૃષિ ક્ષેત્રે ટેકનોલોજીવાળું બિયારણ મળે છે. એના કારણે કપાસનું ઉત્પાદન આ વર્ષે સૌથી વધારે થયું છે એના આપણેસૌ સાક્ષી છીએ. કપાસના ભાવો ઘટી રહ્યા છે એનું કારણ એ છે કે સૌથી વધુ ઉત્પાદન થયું છે અને ઓછો ખર્ચ થયો છે એટલે નફાના માર્જિનમાં કોઈ તફાવત નથી પડ્યો. કેન્દ્ર સરકારે કપાસની ચોક્કસ નીતિ ઘડી નહિ. એમાં ૪૦ ટકા ડયૂટી હતી એ ૧૦ ટકા કરી નાખી. કપાસનો ભરાવો થયો છે એના માટે ગુજરાત સરકાર જવાબદાર નથી. કપાસની જે આયાત થાય છે એ પદ્ધતિ પણ તમારે બંધ કરવી પડશે, નહિ તો ગુજરાતના ખેડૂતોએ પકવેલો કપાસ એમને એમ પડ્યો રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, દક્ષિણ ગુજરાતની વાત કરું તો શેરડીનું વાવેતર ત્યાં થાય છે. સમગ્ર દેશને આ ઉદ્યોગથી સૌથી વધારે શેરડી અને ખાંડનું ઉત્પાદન ગુજરાત પૂરું પાડે છે. ખરેખર ખેડૂતોને એના પોષણક્ષમ ભાવો પણ મળે છે. અંતમાં એટલું જ કહેવા માગું છું કે આ કાયદો ઘડનારા લોકો છે....

**અધ્યક્ષશ્રી** : પૂરું થયું. માનનીય ધારશીભાઈ......

**શ્રી ધારશીભાઈ લ. ખાનપુરા (કાંકરેજ)** : માનનીય અધ્યક્ષશ્રી, ભાઈશ્રી શંકરભાઈ રાજ્યપાલના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં હું પણ મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, બે-ત્રણ દિવસથી આ ચર્ચા ચાલે છે, હું એક ગામડાંમાંથી અને પછાત વિસ્તારમાંથી ગણો કે ગમે તે ગામડાંના હાડમાંથી આવું છું એટલે હું પણ મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. મને લાગે છે કે, આ આયોજનમાં કાંક ભેદભાવ રહેતો હોય અને સામેની પાર્ટીવાળાના કામ થતાં હોય અને તેની સામેની પાર્ટીના કામ ના થતાં હોય એવો મને ભાસ થાય છે.

અત્યારે ખેડૂતોની શું દશા છે? આ ખેડૂતને પૂછો તો ખબર પડે. હું જાતે ખેતી કરું છું. આઠ કલાક વીજળીમાં કેટલું ઊંડેથી પાણી કાઢે, પાણી થાતા નથી, અધૂરાંમાં પૂરું હોય એમાં ધાડ પાડે એ રીતે કે ૨૫-૨૫ જીપો લઈ એનું ચેકિંગ કરવા જાય અને ચેકિંગ કરનારા જાણે મોટા ગુનેગાર હોય એ રીતે એને પકડે અને કનૅક્શન ડિસકનૅક્શન કરી નાંખે. મારી વિનંતી છે કે આવું ના થાય. અધૂરાંમાં પૂરૂં હોય એમ કોઈક તો પોતાના ખેતરમાં ઈંટવાડો પાડતો હોય અને ઈંટવાડો પાડવા માટે કોઈકના ખેતરમાંથી વીજળીથી પાણી લે અને એનાં કનૅક્શનની ખબર પડે તો કનૅક્શન ડિસકનૅક્શન કરી નાંખે. સાહેબ, એતો ખેતરમાં મજૂરી કરવા માટે એનું ઘર બનાવવા માટે ઈંટવાડો પાડતો હોય, એ ઈંટનું ઉત્પાદન નથી કરતો. મોટા ઉદ્યોગોમાં ગમે તે કરો પણ ખેડૂતોની આ દશા થઈ છે તો મારી તો વિનંતી છે કે આવું ના થાય.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે વિકાસની ધણી વાતો કરીએ છીએ. ગામડાંમાં આરોગ્યની વાત કરું તો સરકારી દવાખાનામાં જાઓ તો ડૉકટર નથી અને ડૉકટર હોય તો દવા હોતી નથી. તમને હું બસની વાત કરું, બસને તો મોટાભાગે ધકકા મારતા હોય છે ને એક-બે બસ તો રોડ ઉપર પડી જ હોય છે. કાયદો અને વ્યવસ્થાની વાત કરું તો કાયદો અને વ્યવસ્થામાં કેટલી લૂંટના ગુના બને છે, કેટલા લોકોના ખૂનખરાબા થાય છે? એમાં કોઈ અધિકારી મળતા નથી તો મારી આપને વિનંતી છે કે આ સમય જે સામે પાર્ટીવાળાનો આવ્યો છે એ સમય સાચવી લઈ એ વારંવાર રજૂઆત કરતા હોય છે કે અમારી પાર્ટીએ આમ કર્યુ તો સમય આવ્યો છે તો સમય કોઈનો સરખો નથી તો આપ એટલો ભોગવી લ્યો અને લોકોના કામ કરો એવી વિનંતી છે.

**શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજ્યપાલશ્રીએ જે પ્રવચન આપ્યું એને અને માનનીય ધારાસભ્યશ્રી શંકરભાઈ ચૌધરીએ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એને હું મારું અનુમોદાન આપું છું.

ટેકો એટલા માટે આપું છું કે ગુજરાતના સમદ્દષ્ટા, સર્વાગી વિકાસના પ્રેરણાસ્રોત આ ગૃહના નેતા મુખ્યમંત્રીશ્રી મોદી સાહેબ તેમજ મંત્રીમંડળના સભ્યોએ જે ગુજરાતના પીડિત અને દલિત પ્રજા માટે જે કામ ચાલુ કર્યુ છે. હું આપના મારફતે કહેવા માગુ છું કે, હમણાં જ મારા જિલ્લામાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તરફથી બે-ત્રણ સંમેલનો થયાં અને એમાં આદરણીય સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રીશ્રી પણ હાજર હતા. નડિયાદની અંદર છેવાડાના માનવી માટે આ સરકારે એક દિવસે કોઈ વચ્ચે એજન્ટ નહિ, કોઈ વચ્ચે આલિયો-માલિયો નહિ, સીધા જ ગરીબ લોકોના જીવન નિર્વાહ માટે, નાના મોટા ધંધા

કરવા માટે, નાના મોટા ઉદ્યોગ કરવા માટે નડિયાદ ખાતે ૪ કરોડ રૂપિયાના ચેકોનું વિતરણ કર્યુ હતું અને ત્યાં આગળ દલિત સમાજના લોકો એમનો વિચાર વિમર્શ કરે, એમની ચર્ચા કરે સામાજિક ક્રાંતિ માટે ત્યાં આંબેડકર ભવનનો શિલાન્યાસ વિધિ કરવામાં આવ્યો છે. એના બીજા દિવસે અમારા મંત્રીશ્રી કૈશિકભાઈ સાહેબના હસ્તે પણ સાડા ત્રણ કરોડ રૂપિયાના ચેકોનું વિતરણ કર્યુ હતું એમાં અમારા મુરબ્બી શ્રી શંકરકાકા બોલ્યા હતા, સરકારની બાબતે એટલુ પ્રશંસનીય પ્રવચન કર્યુ હતું ખરેખર હું પણ ભાવવિભોર થઈ ગયો હતા કે શંકરકાકાના મગજમાં પણ પરિવર્તન આવી ગયું? આજે કાંઈક શંકરકાકા બોલ્યા અને ત્યાનું મને ઘણું જુંદું લાગ્યું.

આ ગૃહના વિરોધપક્ષના નેતા મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલ વિશે કાલે બોલ્યા હતાં. મને ખબર છે હું સમજું છું ત્યાં સુધી અગિયારમા મહિનામાં અને બારમા મહિનામાં દિલ્હીમાં એક ઉત્પલદત્ત નામના કલાકારે નાટક કર્યુ, આજ દિવસ સુધી કોંગ્રેસ વર્ષોથી આર.એસ.એસ.ના સંઘ ઉપર ગાંધીજીની હત્યાના આરોપો મૂકતી આવી છે. હમણાં વળી ચર્ચા થઈ હતી પણ હમણાં એક નવો ફણગો ફૂટ્યો છે. આ દેશના લોખંડી મહાપુરુષ જેણે ૫૬૫ રજવાડાઓને લોકશાહીમાં ભેળવવાનું એક મહાન આદરણીય કામ કર્યુ છે, એવા સરદાર પટેલને પણ બાકાત નથી રાખ્યા. હમણાં હમણાં એમને પણ મહાત્મા ગાંધીજીની હત્યા થવાની હતી અને સરદાર પટેલ જાણતા હતા અને પૂરતું સંરક્ષણ ન આપવાના કારણે ગાંધીજીની હત્યા થઈ એવી વાત થાય છે. મારે વિરોધપક્ષના નેતા શ્રી અર્જુનભાઈને કહેવું છે કે, તમે સરદાર પટેલનું નામ કયા મોઢે લો છો? આ સરદાર પટેલ એ સર્વગ્રાહી નેતા હતા, બધાના નેતા હતા એના માટે કોઈને વિરોધ નથી. જ્યારે એવા નેતા સામે આવા નાટકો ભજવવામાં આવે, દિલ્હીમાં કેન્દ્ર સરકાર પણ છે અને રાજય સરકાર પણ છે જો કદાચ એમના ધ્યાને આ વાત ન આવી હોય અને આવી હોય તો તાકીદે એની ધરપકડ કરવી જોઈએ. આવા રાષ્ટ્રીય નેતાનું અપમાન અને એમના મૃત્યુના ઘણા વર્ષો પછી આવા આક્ષેપો થાય? હું માનું છું કે, સંઘની ઉપર આક્ષેપ સાચો કે સરદાર પટેલ ઉપર સાચો? શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા સાહેબને વિનંતી કરુ છું કે, એ ગમે ત્યારે મને જવાબ આપે, મારે એટલું જ કહેવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૩માં ૧૩, ૧૪ અને ૧૫ તારીખે ગામે ગામ મારા વિસ્તારમાં કન્યા કેળવણી રથ ફર્યો અને પંદર ટકાથી ઓછું એજયુકેશન અમારી બાળાઓમાં હતું ત્યાં મારા વિસ્તારના બે-ચાર ગામો હતાં, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ગામો ગામ ખૂંદી વળ્યા, ત્રણ દિવસ ધોમ ધખતા તડકામાં મંત્રી મંડળના સભ્યો, ધારાસભ્યો, આઈએએસ અને આઈપીએસ અધિકારીઓ, ઉચ્ચ અધિકારીઓ, મામલતદારશ્રી, એ માત્ર આ રાજયમાં કન્યાનું શિક્ષણનું સ્તર ઊંચું આવે એના માટે પ્રયત્નો કર્યા હતાં. માનનીય અર્જુનભાઈ સાહેબ બોલ્યા હતાં કે તમે શું કર્યુ ? એના આંકડા શિક્ષણ મંત્રીશ્રી આપશે ત્યારે એમાં હું નથી પડતો.

બીજું મારે કહેવું છે કે, હું એવું ન કહી શકું કે, કોંગ્રેસે કામ નથી કર્યુ, કોંગ્રેસે ખૂબ કામો કર્યા છે, એની જોડે એવું પણ કામ કર્યુ છે કે, હું જે બ્લૉકમાં રહું છું ૧૫/૫માં મારા વિરોધપક્ષના નેતા જોવા આવે કે જે તે વખતના કોણ મંત્રી છે, કોણ અધિકારી છે, ચેલેન્જ સાથે કહું છું, આપ સાહેબ રજા આપો તો કે, કદાચ એ મકાનને સાત-આઠ કે દસ વર્ષ થયાં હશે એમાં ધારાસભ્યશ્રી નવ કે દસ રહેતા હશે એની સલામતી છે કે કેમ? વિરોધપક્ષના નેતાને તો અત્યારે સારું મકાન હશે, એમની ચિંતા નહીં કરતા હોય, જો તે વખતે સારું કામ થયું હોત તો આ ફરિયાદ મારે આ ગૃહમાં કરવાની જરૂર ન પડી હોત.

ગુજરાતની સરકાર, ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની લોકભાગીદારીની દૃષ્ટિએ એટલી બધી આગળ વધી ગઈ છે કે, આ સરકાર કે લોકોને સહભાગી કેમ કરવા? સરકાર, હું માનુ છું કે બધા કામો પૂરા કરશે એ શકય નથી પણ જ્યાં લોકોની માગણી હશે, લોકોની ભાગીદારી હશે , લોકોની ભાવના હશે ત્યારે ચોક્કસ એ કામ આગળ વધવાનું છે અને એટલા માટે કહું છું કે મારા વિધાનસભા ક્ષેત્રમાં આવતા નવૅમ્બર-ડિસૅમ્બરમાં, આજ વિધાનસભામાં શિક્ષણ ક્ષેત્ર હોય, પાણીની ટાંકી હોય, ગામના સી.સી. રોડ કે પંચાયતનું મકાન હોય એના માટે આજસુધી ત્રણ મહિનામાં પાંચ કરોડ રૂપિયા મારા વિધાનસભા ક્ષેત્રમાં લોક ભાગીદારીમાં મળ્યા છે એની સામે સરકારના મળ્યા છે એ જુદા. આ મુખ્યમંત્રીશ્રીએ નવો રાહ ચીંધ્યો છે લોક ભાગીદારીનો. મારું રાજય, મારું ગામડું, મારો તાલુકો અને મારો જિલ્લો જ્યારે એ ભાવના જાગવાની છે ત્યારે ગુજરાતનો વિકાસ આગળને આગળ વધતો જવાનો છે એમાં શંકાને કોઈ સ્થાન નથી. રોડની બાબતમાં વાત કરું તો મારો બગોદરા-વાસદ રોડ એ ૮૦ કિલોમીટરનો હશે, આજ સુધીની સરકારે એ રોડને જે થીગડાં મારવામાં જે ખર્ચો કર્યો છે એની ગણતરી માર્ગ અને મકાન વિભાગ જુએ, કેટલો ખર્ચ કરી નાખ્યો છે. મારી વાત પૂરી કરું છું.

**ડૉ.નીમાબેન બ. આચાર્ય) (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહને નામદાર રાજયપાલશ્રીએ જે સંબોધન કર્યું છે એના આભાર પ્રસ્તાવની ચર્ચામાં હું મારા વિચારો રજૂ કરું છું. જે ગુજરાતના વિકાસનો ચિતાર એમના સંબોધનમાં રજૂ કરવામાં આવ્યો છે મને લાગે છે કે આપણે સર્વે અહીં આવ્યા છીએ ત્યારે વિકાસયાત્રામાં આપણે સાથે મળીને જોડાઈએ. પક્ષાપક્ષીથી પર રહીને જોડાઈએ અને આપણે કાર્યસિદ્ધિ કરીએ. આપણે દરેક ધારાસભ્યો અહીં એક ધ્યેય લઈને આવીએ છીએ. એક કવિએ કહ્યું છે.

*"તુ અપને ઘરમેં દિપ જલાકર મત રૂક જાના, કુછ દિપ ચૌરાહે મેં ભી રખ આના*

*જો લોગ ભટકતેં હૈં અંધેરી રાહોં પે, ઉસકે પથ પે ભી ઉજાલા કર આના "*
આવા ધ્યેય સાથે મોટાભાગના ધારાસભ્યશ્રીઓ આ સભાગૃહમાં આવ્યા છે ત્યારે આ પંકિતને યથાર્થ કરવા માટે આપણે તમામ પ્રયત્નો કરીએ.

ગુજરાતના વિકાસની અંદર મારી દ્રષ્ટિએ જો સૌથી અગત્યનો કોઈ મુદ્દો હોય તો એક ઔદ્યોગિક વિકાસ, બીજું નર્મદાનાં નીર અને ત્રીજું સાક્ષરતા અભિયાન. આ મહત્વના મુદ્દામાં ઔદ્યોગિક વિકાસની જો વાત કરીએ તો ભૂકંપ પછીના પેકેજની અંદર જે તક ગુજરાતને મળી છે એમાં પણ ઉદ્યોગક્ષેત્રે ગુજરાતનું માન્ચેસ્ટર કચ્છ બન્યું છે એમ કહી શકાય. અત્યારે કચ્છમાં ૮૦ ટકા ઉદ્યોગો આવી રહ્યા છે ત્યારે કચ્છનું વાતાવરણ, કચ્છના લોકોની લાગણીશીલતા અને તમામ અનુકૂળતાઓના આધારે જે રીતે ઉદ્યોગો આવ્યા છે એ રીતે ધ્યાન કોન્સન્ટ્રેટ કરવું જોઈએ. ઔદ્યોગિક વિકાસ મહત્વનો મુદ્દો છે કારણકે આપણી પાસે ૨૧,૦૦૦ કરોડના એમ.ઓ.યુ. સાઈન થયા છે ત્યારે મોટા ઉદ્યોગકારોનો પ્રશ્ન છે માટે ત્યાં રહેતી પ્રજાના પ્રશ્નો, ઉદ્યોગકારોના પ્રશ્નોને પ્રાથમિકતા આપીએ એના માટે જરૂર છે પાણી, વીજળી અને રસ્તાની. પાણીની અંદર નર્મદાનાં નીર પૂરતા પ્રમાણમાં આ લોકોને પહોંચે એની વ્યવસ્થા થાય એ અતિ જરૂરી છે.

વીજળી અને રસ્તો પણ મળી રહે પણ એનાથી વિશેષ વાત કરું તો નવા ઉદ્યોગો આવી રહ્યા છે એમને જમીનનો પ્રશ્ન છે જરૂરી જમીન આપીએ પણ સાથોસાથ ખેતીની જમીન ખેડૂતો આકર્ષાઈને વધુ ભાવથી વેચી ન દે તેની તકેદારી રાખીને વેસ્ટલેન્ડ, ક્ષારયુકત જમીન છે એ ઉદ્યોગોને ફાળવાય એના ઉપર આપણે ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. પ્રજાના જે પ્રશ્નો છે એમાં સૌથી મોટી અપેક્ષા પ્રજાની છે એ રોજગારીની છે. રોજગારીનું જે ધોરણ છે એમાં સ્થાનિક રોજગારીનું ધોરણ બરાબર જળવાય તેની તકેદારી વહીવટીતંત્રએ રાખવી પડશે. સાથોસાથ વસ્તી વધી રહી છે, ઝૂંપડપટ્ટી આવી રહી છે અને જે રીતે ગેરકાયદેસર દબાણો થઈ રહ્યા છે એની ઉપર પણ ધ્યાન રાખવું પડશે. નવી વસાહત શરૂ કરવા માટે લેન્ડ આપવી પડશે કે આ જગ્યાએ જ નવી વસાહત, ઝૂંપડપટ્ટી, થઈ શકશે, મજૂરો રહી શકશે. જેથી દબાણ અને ગંદકીના પ્રશ્નો ન થાય અને સાથોસાથ કાયદો અને વ્યવસ્થાના ગંભીર પ્રશ્નો ઊભા થયા છે એના ઉપર પૂરતું લક્ષ આપવાની જરૂર છે. પોલીસ સ્ટાફની ખાલી જગ્યા પૂરતા પ્રમાણમાં ભરવી અને વિસ્તારના સ્પેશ્યલ એ.એસ.પી. અને સ્પેશ્યલ એડીશનલ કલેકટર આપવા જોઈએ જેથી વહીવટીતંત્ર બરાબર રહે અને કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઊભા ન થાય એ જોવાની પણ જવાબદારી પૂરેપૂરી છે.

ઉદ્યોગોમાં એક વાતની તકેદારી રાખવી ખાસ જરૂરી છે કે પર્યાવરણના પ્રશ્નો ઊભા થયા છે. આંદોલન કચ્છમાં ચાલુ થઈ ગયું છે. પર્યાવરણની પૂરેપૂરી તકેદારી રાખવા બાબતમાં જરાપણ બેદરકારી ન રહે અને પૂરતી પ્રમાણિકતા સાથે કામ કરીએ એ બહુ જરૂરી છે, કારણકે આપણા ઉદ્યોગોમાં જે છાપ ગુજરાતની પડવાની છે એમાં રાજય બહારના એમ.ઓ.યુ. સાઈન કરવા આવતા ઉદ્યોગકારોને બહુ આકર્ષણો આપવામાં આવ્યા છે. મફત જમીન, બીજી સવલતો આપવાની છે ત્યારે આ ઉદ્યોગકારો આપણે ત્યાં જ આવે અને બીજે કયાંય ન જાય એની તકેદારી રાખવી બહુ જરૂરી છે.

નર્મદા ૧૧૦ મિટર હાઈટ પહોંચી ગઈ છે. દૂર્ગમ વિસ્તાર સુધી પાણી પહોંચાડવા સક્ષમ છીએ, તેના માટેની કેનાલ તેની કામગીરી તાત્કાલિક થાય. બધાં કામ પડતાં મૂકીને નર્મદાના પાણી આખા રાજયની અંદર પહોંચે આ કામ થાય એ જરૂરી છે.

શિક્ષણ ક્ષેત્રે જે રીતે આપણે અભિયાન શરૂ કર્યુ છે. એની અંદર તમામ ધારાસભ્યો જોડાય. પોતાના જિલ્લાની અંદર વધુમાં વધુ સાક્ષરતા થાય, વધુમાં વધુ સ્ત્રી શિક્ષણ થાય તેવા પ્રયત્નો તમામ ધારાસભ્યશ્રીઓ કરે તેવું મારું નમ્ર સૂચન છે. ધન્યવાદ.

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી)**: માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપરના આભાર પ્રસ્તાવમાં હું મારું અનુમોદન આપવા ઊભો થયો છું.

શરૂઆતમાં તો વિરોધપક્ષના નવનિયુક્ત નેતા અર્જુનભાઈ મોઢવાડિયાને ધન્યવાદ આપું છું. આદરણીય અમરસિંહભાઈ સૌથી લાંબો સમય વિરોધ પક્ષના નેતા રહેલા. આપણે શુભેચ્છા પાઠવીએ બધા ભેગા થઈ ૨૦૩૦ ની સાલની અંદર સળંગ ૨૫ વર્ષ વિરોધ પક્ષના નેતા થવાનો રેકોર્ડ પ્રસ્થાપિત કરે અને ભવ્યાતિભવ્ય ઉજવણી આ સરકાર કરે, કારણ કે જે રીતે ૧૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકારની કામગીરી ચાલી રહી છે અને જે રીતે રાજયપાલશ્રીના પ્રસ્તાવમાં જે વસ્તુનો સ્વીકાર થયો છે, તે જોતા આ ક્ષિતિજો ઉપર દેખાતી સત્ય ઘટના છે, એને આપણે સૌએ સ્વીકારવી પડશે. માનનીય ગૃહના નેતા શોક પ્રસ્તાવ લઈને આવ્યા ત્યારે મારા મતે એમ લાગે છે કે એકાદ શોક પ્રસ્તાવ રહી ગયો છે. બીજી ફેબ્રુઆરીએ હિન્દુસ્તાનની જીવંત કહેવાતી લોકશાહીનું ભરેઆમ ખૂન થયું છે, તે ખૂનનો આપણે આ સભાગૃહ દ્વારા વિરોધ કરવો જરૂરી છે. ૧૯૭૫ માં સમગ્ર હિન્દુસ્તાનની અંદર આઝાદી માટે સરદાર વલ્લભભાઈ પટેલ અને મહાત્મા ગાંધીજીના પ્રચંડ જનઆંદોલન દ્વારા આ હિન્દુસ્તાનની આઝાદી મેળવી અને લોકશાહીની સ્થાપના કરેલી, તેનું ખૂન ૧૯૭૫ ની ૨૬ મી જૂને કોંગ્રેસની સરકારે કર્યુ છે, આ સ્વીકારવું પડશે. એ ખૂન ગોવાની અંદર બીજી ફેબ્રુઆરીએ કરવામાં આવ્યું છે,

એનો સ્વીકાર કરવો પડશે. જે સત્ય ઘટના છે, જે ઈતિહાસની તવારીખની અંદર લખાયેલ છે, તેનો સ્વીકાર કર્યા વિના છૂટકો નથી.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. એ ૧૯૭૫ની અને ગોવાની ઘટનાની ચર્ચા આ ગૃહમાં થઈ શકે નહિ અને જો ચર્ચા જ કરવી હોય આ બધી બાબતોની તો હમણાં જે પેપરમાં આવે છે અને ધારાસભ્યો એમ કહે છે કે મારા જાનનું જોખમ છે. જે મિત્રો ૧૯૭૫ ની લોકશાહીની ઈમરજન્સી સામે લડ્યા હતા તે જ મિત્રો છે, એમને રડવું પડે છે. અમારી વખતે કોઈને રડવું નહોતું પડ્યું ૧૯૭૫ માં. અત્યારે તો ધ્રૂસકે ધ્રૂસકે રડી પડે છે. મારી વિનંતી એટલી છે કે...

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અર્જુનભાઈ કહે છે એ તો છાપામાં આવેલ સમાચાર કહે છે. પેલી તો ઈતિહાસની અંદર લખેલ સત્ય ઘટના છે.

**અધ્યક્ષશ્રી** : જૂની વાતો કર્યા સિવાય પ્રવચન ઉપર વાત કરો. માનનીય જીતુભાઈ વર્ષો પહેલાંની વાત કરવાની જરૂર નથી. આ મુદા ઉપર વાત કરો.

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** : બીજી સારી ઘટના કોંગ્રેસના મિત્રો દ્વારા ૧૨ મી માર્ચ ૨૦૦૫ ના દિવસે થવાની છે. મહાત્મા ગાંધીના સાબરમતીના કિનારેથી દાંડીયાત્રા કાઢી અને કાગડા, કૂતરાના મોતે મરીશ, પણ જ્યાં સુધી આઝાદી પાછી નહિ મળે, ત્યાં સુધી પાછો ફરીશ નહીં તેવી વાત કરી તેની ૭૫મી જયંતી ઉજવવાનો નિર્ણય કર્યો છે તે બહુ આવકાર્ય નિર્ણય છે, પરંતુ મારે એ કહેવું છે કે જે કઈ લોકો કારણ કે ભૂતકાળમાં એક વડાપ્રધાને મોકલેલા અને તે લોકોને લાવેલા તેઓને કમસેકમ ટોપી પહેરાવી તેના નીચેના વાળ કપાવી અને ઝભ્ભા ઉપર ખાદી ગ્રામોદ્યોગ બોર્ડની છાપ ન દેખાય તેટલી જરા કાળજી લેશો તો મને લાગે છે. કારણ કે તે દુનિયાની અંદર પ્રકાશિત થવાના છે તો કમસેકમ ગુજરાતના ગૌરવને ખાતર જે કોઈ આવે તેમાં આ બે વસ્તુની કાળજી લેવાશે તો ગુજરાતનું ગૌરવ ગણાશે. આ સરકાર માનનીય કેશુભાઈના વખતથી શરૂ કરીને અને છેલ્લા દસ વર્ષની અંદર જલ હી તો જીવન હૈ(અંતરાય) અમારા કપાવવાની ચિંતા ન કરશો. તમે ઊતરવી ન જતા.

**અધ્યક્ષશ્રી** : માનનીય જીતુભાઈ મારી સામું જોઈ બોલો. ત્યાં જોઈ શું વાત કરો છો?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે બોલે છે તે રીતે બોલવું હોય તો પ્રેરણા અહીંથી મળે, આપની સામું જોવાથી આવી પ્રેરણા ન મળે.

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જલ હી તો જીવન હૈ સાર્થક કરવું હોય તો પાણી જોઈએ અને તે પાણી નદીઓમાં જોઈએ અને પાણી સરકારમાં પણ જોઈએ. મને લાગે છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર છેલ્લા દસ વર્ષથી પાણીવાળી સરકાર છે અને તેના કારણે ગુજરાતના ગામડે ગામડે પીવાના પાણી અને સિંચાઈના પાણીની યોજનાઓ સુયોજિતરીતે પાર પાડવાના સંકલ્પ સાથે આગળ વધી રહી છે.

**શ્રી શંકરભાઈ મં.વારલી (ઉમરગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. આ સરકાર પછાત વર્ગોને ખૂબ જ અન્યાય કરી રહી છે. ૧૫ ટકા અનામત પ્રમાણે આ સરકારમાં જગ્યાઓ ભરાતી નથી તેના કારણે બેકારીનું પ્રમાણ આદિવાસી વિસ્તારોમાં ખૂબ જ વધી રહયું છે. ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૭૫૦ જેટલા ઉમેદવારોને વર્ગ-૩ માટે સિલેકટ કરવામાં આવ્યા હતાં તેઓને આજદિન એટલે કે પસંદ કરેલા ઉમેદવારોને સરકારી ઓર્ડર મળ્યા નથી. બેકલોગ જે ૩૨ હજાર જેટલો હતો તેમાં ૮-૩-૯૯ પહેલાં ૧૫ હજાર જેટલી જગ્યાઓ હાઈકોર્ટના આદેશ મુજબ ભરવાની હતી તે જગ્યાઓ એક યા બીજા કારણોસર આ સરકાર ભરતી નથી તેથી અમારા પછાત વર્ગોને અન્યાય થઈ રહ્યો છે. આદિવાસી વિસ્તારોમાં સ્કૂલોમાં જે ગ્રાન્ટ મળે છે તેમાં શરૂઆતના વર્ષે ૧૦૦ ટકા, બીજા વર્ષે ૭૫ ટકા અને ત્રીજા વર્ષે ૪૦ ટકા. તે મુજબ ગ્રાન્ટ આપવામાં આવતી નથી અને તેના લીધે વિદ્યાર્થીઓ પાસેથી ૪૦ ટકા જેટલી લેવામાં આવે છે.તેથી તે લોકો ફી ભરી શકતા નથી. અમારા વિદ્યાર્થીઓ આના લીધે એસ.એસ.સી. કે કૉલેજો સુધી જઈ શકતા નથી. અમારા અંતરિયાળ વિસ્તારોમાં જે કૉલેજો છે તે નાના અને ભાડાના મકાનમાં ચલાવવામાં આવે છે. તેના માટે કોઈ વ્યવસ્થા નથી, તેનું કોઈ ઈન્સપેકશન થતું નથી. આ નહીં થવાને કારણે પછાત વર્ગના વિદ્યાર્થીઓ ભણી શકતા નથી અને અધિકારી કે મોટા હોદ્દા ઉપર નોકરી મેળવી શકતા નથી. અમારા આદિવાસી વિસ્તારમાં કોઈ મૅડિકલ કૉલેજ ન હોવાને કારણે કોઈ આદિવાસી ડૉકટર બની શકતા નથી. આમ આદિવાસીઓને અન્યાય થઈ રહ્યો છે. ઊંડાણવાળા વિસ્તારોમાં કૉલેજો ન હોવાથી કોઈ આદિવાસી ડૉકટર બની શકતા નથી અને પોતાની સેવા આપી શકતા નથી.

મારા મત વિસ્તારમાં જી.આઈ.ડી.સી. આવેલ છે તે વિસ્તાર કેમિકલઝોનનો વિસ્તાર છે. કેમિકલયુકત પાણી માટે જે વોટર ઈન્ફલુઅન્ટ પ્લાન્ટ કાર્યરત કરવા જોઈએ તે થયા નથી. કેમિકલયુકત પાણી જમીનમાં ઉતરે છે અને તે પાણી બહાર ખેંચવામાં આવે છે તેનાથી રકતપિત્ત અને મેલેરિયા જેવી અનેક બિમારીઓ થાય છે. આ માટેજે વ્યવસ્થા સરકારે કરવી જોઈએ તે કરવામાં સરકાર સરેઆમ નિષ્ફળ જઈ છે. વ્યવસ્થા આ સરકાર આજ સુધી કરવા માગતી નથી. મારા વિસ્તારમાં ખેડૂતોને જે વીજળી આપવામાં આવે છે એ રાત્રે આપવામાં આવે છે,

આદિવાસી નાના નાના ખેડૂતો અંધારામાં ખેતરે જાય, ત્યાં જંગલ વિસ્તાર હોય અને જંગલ વિસ્તારમાં આદિવાસી ખેડૂતોને સર્પ કરડવાના પણ બનાવો બનતા હોય છે, મારા વિસ્તારના આદિવાસી ખેડૂતો કેવી રીતે અંધારામાં ખેતરમાં થઈને બટન ઓન કરીને મોટર ચાલુ કરી શકે તો જે રાત્રે વીજળી આપવામાં આવે છે એના બદલે દિવસે વીજળી આપવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસીઓના નામે અનેક યોજનાઓ આવે છે એમાં ખૂબ જ ભ્રષ્ટાચાર ચાલે છે, તેને કારણે આદિવાસીઓને જે લાભો મળવા જોઈએ મળતા નથી, મારો વિસ્તાર દરિયા કિનારે આવેલો હોઈ માછીમારીનો જે ધંધો કરે છે એ માછીમારનું મૃત્યુ થાય પછી એને વીમા યોજનાનો લાભ મળતો હતો એ વીમા યોજના સરકારે બંધ કરેલી છે તો એ વીમા યોજના ફરીથી ચાલુ થાય તો આજે આદિવાસીઓને અન્યાય થાય છે એ અન્યાય નહીં થાય.

માનનીય અધ્યક્ષશ્રી, મારા તાલુકામાં ૭-૧૨ અને ૮/અની નકલો જે આપવામાં આવે છે એમાં પણ મામલતદાર કચેરી ત્રીસ ચાલીસ કિલોમિટર દૂર હોય અને ૭-૧૨ ની નકલ લેવા માટે આદિવાસી અભણ ભાઈ લેવા જાય ત્યારે ત્યાં કૉમ્પ્યુટર મશીન વીજળી ન હોવાના લીધે ચાલતું ન હોવાથી એને ૭-૧૨ નો ઉતારો મળી શકતો નથી, એ ત્રણ ચાર વાર જાય ત્યારે એને એ મળે છે, આ ૭-૧૨ ના ઉતારા લેવા માટે જવા આવવામાં આદિવાસીઓને ઘણો ખર્ચ થતો હોય છે તો એ ૭-૧૨ ના ઉતારા આપવાની બાબતમાં પણ આ સરકાર નિષ્ફળ ગઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં જે શિક્ષણ ચાલે છે પણ જે ભણતરની વ્યવસ્થા થવી જોઈએ એ આજ સુધી પૂર્ણ થઈ નથી. હમણાં જ માનનીય નામદાર રાજયપાલશ્રીના સંબોધનમાં છે કે આદિવાસી વિસ્તારમાં જે ગ્રામ્ય ભાષા એટલે કે લોકલ બોલી બોલાતી હોય એમાં જ ભણતર થવું જોઈએ, પણ હજુ સુધી વલસાડ વિસ્તારમાં એની લોકલ બોલીમાં ભણતર આપવામાં આવતું નથી.

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચન માટે આભાર પ્રસ્તાવ માનનીય સભ્યશ્રી શંકરભાઈ ચૌધરી લઈને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલથી આ સન્માનનીય સભાગૃહમાં માનનીય રાજયપાલશ્રીના પ્રવચન અંગે જે આભાર પ્રસ્તાવની ચર્ચા ચાલી રહી છે એમાં જે લોકોએ ચર્ચા કરી એનાથી મને દુ:ખ એ વાતનું છે કે, જ્યારે મહામહિમ રાજયપાલશ્રી પોતે પોતાના પ્રવચનમાં કહેતા હોય કે રાજયની વિકાસ ગાથા આગળ ધપી રહી છે અને એમાં સફળતા હાંસલ કરી રહી છે ત્યારે આ કોંગ્રેસના માનનીય મિત્રો એ સ્વીકારવા તૈયાર નથી એ દુ:ખની વાત કહેવાય. મહામહિમ રાજયપાલશ્રીએ પોતાના પ્રવચનમાં ભાજપની આ રાજય સરકારને જે રામરાજ્ય તરીકે વર્ણવી તેને પણ કોંગ્રેસના સાથી મિત્રો સ્વીકારતા નથી અને સ્વીકારી પણ ન શકે કારણ કે વર્ષોથી આ દેશમાં, આ દેશના અનેક રાજયોમાં એમણે રાજય કર્યુ પણ મહાત્મા ગાંધીજીના રામરાજ્યને કયારેય સ્થાપી નથી શક્યા, હા, ક્યારેક *(xxxxxxxx) માનનીય અધ્યક્ષશ્રી,

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે .

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, જે ગૃહમાં હાજર ન હોય એની વાત નહીં કરી શકો, એ શબ્દો દૂર કરું છું.

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા**: માનનીય અધ્યક્ષશ્રી, હું એ શબ્દો પાછા ખેંચું છું, હું દલિત સમાજમાંથી આવું છું અને દલિત અને પછાત વર્ગના કલ્યાણ માટે અને ઉત્થાન માટે વર્ષોથી વાતો કરતા, ભાષણો કરતા લોકોને મેં નિહાળ્યા છે, આ કોંગ્રેસના શાસનમાં દલિતો દિનપ્રતિદિન પછાત બનતા જતા હતા. યોજનાઓ માત્ર કાગળ ઉપર બનતી હતી નાણાં ફાળવાતાં હતાં એ નાણાં પણ અદ્રશ્ય થઈ જતાં હતાં, ગરીબી દૂર કરવાની વાતો કરનારા કોંગ્રેસીઓએ ગરીબી તો દૂર નથી કરી પણ ગરીબોને દૂર કર્યા, માનનીય અધ્યક્ષશ્રી, મને ગૌરવ આ ભાજપની પાર્ટી ઉપર કે જેને શાસનની ધૂરા સંભાળ્યા પછી આ દલિત સમાજ અને પછાત વર્ગો માટે જે કલ્યાણ કારી યોજનાઓ લઈને આવી, દલિત સમાજના મારા યુવાન ભાઈ-બહેનો અને અમે લોકો જે સ્વપ્ન જોતા હતા કે અભ્યાસ કરવા વિદેશમાં જવું હોય તો આટલા પૈસા કયાંથી લાવવા? ભાજપની સરકારે વિદેશમાં અભ્યાસ અર્થે જનાર દલિત ભાઈ-બહેનોને લોન આપી અને એને અભ્યાસ અર્થે વિદેશમાં મોકલ્યા છે. મારો સમાજ બીજા સમાજની સાથે ખભે-ખભો મિલાવી ગૌરવથી રહી શકે છે એટલા માટે આ દલિત સમાજ વતી હું માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપુ છું અને વંદન કરું છું.

ગુજરાતની જીવાદોરી સમી નર્મદાનાં નીરની વાત કરું તો નર્મદાનાં નીર માટે મારા સાથી મિત્રોએ બહુ વાત કરી. આજે હું એમને કહું કે, અમદાવાદ શહેરમાં સાબરમતી નદીમાં જ્યારે નર્મદાનાં નીર વહેવડાવવાની વાત માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી હતી ત્યારે આ મિત્રો એમ કહેતા હતાં કે, ધોળા દિવસે તારા બતાવો નહીં.

* (xxxxx) આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

આજે જે મિત્ર એમ કહેતા હતાં એમને હું કહું છું અને અમદાવાદના ધારાસભ્ય તરીકે આપને આમંત્રણ આપુ છું કે, આવો અને જુઓ અમદાવાદમાં સાબરમતી બે કાંઠે નર્મદાના નીરથી વહે છે અને કદાચ એ વાતનું તમને દુ:ખ હોય તો અને પસ્તાવો થતો હોય તો નર્મદા નદીમાં તમને ડૂબકી મારવાનું પણ મારું આમંત્રણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગોની વાત કરું તો અમદાવાદની ૩૦ થી ૪૦ મિલો આ કોંગ્રેસના શાસનમાં..(અંતરાય)

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય ગૃહમાં ડૂબી મરવાનું આમંત્રણ આપવું એ બરાબર નથી.

**અધ્યક્ષશ્રી** : ડૂબી જવાનું નથી કહ્યું.

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં ડૂબકી મારવાની વાત કરી છે, ડૂબી મરવાની વાત નથી કરી. તમારી સાંભળવાની ભૂલ છે. પરેશભાઈ, તમે કાન સાફ કરીને આવો મેં ડૂબકી મારવાનું કહ્યું છે, ડૂબી મરવાનું નથી કહ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ એક જમાનામાં દુનિયમાં કાપડ ઉદ્યોગની અંદર પ્રથમ નંબરે હતુ એ અમદાવાદ શહેરને મરણ પથારીએ કોઈએ કર્યુ હોય તો આ કોંગ્રેસે કર્યુ છે. અમદાવાદની ૩૦ થી ૩૫ મિલો એમના વખતમાં બંધ થઈ ગઈ અને ખંભાતી તાળા લાગી ગયાં. અમારા દલિત સમાજના પછાત વર્ગના મજૂરો બેઘર બની ગયાં, બેરોજગાર બની ગયાં એના કારણે અરાજકતા, દારુના વ્યસની થયા એટલે સૌથી વધુ દારુનું ન્યુસન્સ ઉભું કરનાર કોઈ હોય તો એ કોંગ્રેસ છે. હું ચાલીમાંથી આવુ છું જેથી ચાલીની પરિસ્થિતિ શું છે તે મેં જોઈ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ અમદાવાદ શહેરને જીવંત કરવા માટે એપેરલ પાર્કની યોજના અમલમાં મૂકી. આજે અમદાવાદ શહેરની અંબિકા મિલ, ભારત વિજય મિલની અંદર એક એપેરલ પાર્ક બની રહ્યું છે તેમાં ગારમેન્ટના રેડીમેઈડ કપડાં બનાવાનાં છે. આ એપેરલ પાર્કમાં પચાસ હજારથી વધારે લોકો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રોજગારી મેળવશે એ બદલ માનનીય મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન આપું છું.

આ સાબરમતી નદીમાં નર્મદાનાં નીર વહે છે ત્યારે આજે કોંગ્રેસના મિત્રોને કહું છું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનમાં કોંગ્રેસનું શાસન હોવા છતાં પણ અને આજે આટલું પાણી વહેવાથી પાણી જમીનમાં ઉતરતાં જે વર્ષોથી પાણી ઉંડા ઉતરી ગયાં હતાં તે ઉંચા આવ્યા છે તેના કારણે આજે અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનમાં લાઈટ બિલનું મોટું ભારણ હતું તે ઓછું થઈ ગયુ છે છતાં પણ અમદાવાદના વિકાસનાં કામો કરી શકાતાં નથી અને ખાલી વાતો કરે છે આજે વર્ષોથી જે પાણી શહેરના લોકો પીતા હતા તેને કારણે પાણીજન્ય રોગો થતા હતા આ નર્મદા મૈયાના જળ વહેવાથી અમદાવાદમાં પાણીજન્ય રોગો નહીવત્ રહ્યા છે.

**અધ્યક્ષશ્રી** : ચર્ચાનો સમય લગભગ પૂરો થયો છે હવે ત્રણ દિવસની ચર્ચાનો જવાબ આપવામાં આવશે(અંતરાય)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સભ્યોને બોલવાનું બાકી છે પાંચ પાંચ, દશ દશ મિનિટ બોલશે. થોડો વધારે સમય લંબાવી આપો.

**અધ્યક્ષશ્રી** : પ્રસ્તાવ મૂકો મને વાંધો નથી.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રમણભાઈનો જવાબ રજૂ થાય ત્યાર પછી બીજા સભ્યો ભલે બોલે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** ના, ના પછી નહીં, પછી તો પૂરું થઈ જાય અને હજુ તો ચાલીસ મિનિટ બાકી છે.

**અધ્યક્ષશ્રી :** પ્રસ્તાવ મૂકો જવાબ આપ્યા પછી ચર્ચા નહીં થાય.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે એક દિવસની અંદર બે બેઠક કરીએ છીએ એમાં અમે વાંધો લઈએ છીએ તો એમાં સંમત થતા નથી, પાંચ દશ મિનિટ, હમણાં જે સભ્યશ્રીઓને બોલવાની તક મળી નથી એમને તક આપવી જોઈએ એમાં તકલીફ શું છે?

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : આભાર પ્રસ્તાવ પરનો જવાબ તો શંકરભાઈ જ રજૂ કરશે..

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એની પહેલાં જે સભ્યો થોડાક આપના બાકી છે થોડાંક અહીંયાથી બાકી છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : બે-ત્રણ બે-ત્રણ સભ્યો બાકી છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)**: રમણભાઈ પ્રવચન શરૂ કરીને પૂરું કરે ત્યારપછી બાકીના સભ્યો બોલે તો વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : પછી ના બોલી શકાય, રમણભાઈ જવાબ આપવાના છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, રમણભાઈ ઈન્ટરવીન થાય છે કે જવાબ આપવાના છે? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જવાબ આપવાના છે, મને ગૃહનો સમય વધારવા દો,

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : સવા પાંચ વાગ્યા સુધીનો સમય છે હજી તો ૪-૨૦ થઈ છે.

**અધ્યક્ષશ્રી** : એમ ના કરી શકાય. સમય વધારવો પડે,

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : રમણભાઈ પ્રવચન શરૂ કરીને પૂરું કરે ત્યારપછી બાકીના સભ્યો બોલે તો વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : રમણભાઈ આ ચર્ચાનો જવાબ સરકાર વતી આપશે અને પ્રસ્તાવનો જવાબ છે એ શંકરભાઈ આપશે, એવી વાત છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : આ લોકોને પ્રવચન પૂરું કરવા દો.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : હું સભાગૃહની બેઠકનો સમય બન્ને પક્ષના સભ્યશ્રીઓ બોલે તેમજ ચર્ચાનો જવાબ પૂરો થાય ત્યાંસુધી લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરૂં છું. :

**અધ્યક્ષશ્રી** : સભાગૃહ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનું કામકાજ બન્ને પક્ષના ચાર ચાર સભ્યો છે, એ બોલે ત્યાં સુધી તેમજ બન્નેના જવાબ પૂરા થાય ત્યાં સુધી લંબાવવામાં આવે છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા)** : માનનીય અધ્યક્ષશ્રી મહામહિમ્ રાજ્યપાલશ્રીના પ્રવચન પર શ્રી શંકરભાઈ ચૌધરી જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે, એમાં હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. મારે કોઈ ટીકા ટિપ્પણ નથી કરવી પણ હાલની સરકારનું ધ્યાન દોરવું છે કે જે સરકારનું બજેટ હોય એમાં ૧૪ ટકા હિસ્સાની જોગવાઈ આદિવાસીઓના વિકાસ કરવા માટે કરવામાં આવતી હોય છે, મને એવું દેખાય છે કે આ સરકારમાં આદિવાસીઓનો જે ખરેખર વિકાસ થવો જોઈએ એ થતો નથી તો એ માટે આ ગૃહનું અને સરકારનું ધ્યાન દોરવા માગું છું ૭ ટકા ૮૦નો ફાળો હોય છે એમને પણ એનો લાભ મળતો નથી સરકારે ૭/૧૨ની જે નકલ, જેમ ખેડૂતોની વાત કરી, સામાન્યમાં સામાન્ય ખેડૂત જેને ૭/૧૨ની નકલ લેવાની હોય એને મામલતદાર કચેરીમાં જવું પડે, જે તલાટી કમ મંત્રીશ્રી આપી શકતા હતા. સામાન્ય ગરીબ ખેડૂત જેનું મહેસૂલ ભરણું સો રૂપિયા આવતું હતું એના બદલે એની નકલના ત્રણસો રૂપિયા એને ખર્ચવા પડે છે એવી પરિસ્થિતિ થઈ છે તો ગામડાંમાંથી દૂરથી તાલુકા સેન્ટરમાં આવવા માટે પચાસ-સાંઈઠ કિલોમીટર દૂરથી આવતા ખેડૂતને જે તકલીફ પડે છે એ તકલીફ માટે આ સરકારનું ધ્યાન દોરવા માગું છું અને આ બાબતે કંઈક ટ્રાયેબલ વિસ્તારમાં સરકાર વિચારે તે માટે વિનંતી કરું છું. તેમાં પણ વધારામાં પૂરું ૭/૧૨ અને નંબર-૬ની એન્ટ્રીઓ છેલ્લાં લગભગ ૩૦ ડિસેમ્બરથી ખેંચી લેવામાં આવી છે નંબર-૬ ની એન્ટ્રીઓ જેમાં પેઢીનામું જેના મુળ માલિક જ્યારે મૃત્યુ થાય ત્યારે એની વારસાઈ કરવા માટે તલાટી કમ મંત્રી તેના તમામ સીધી લીટીના વારસદારોને બોલાવીને જે વારસાઈ કરતા હતા, એની સત્તા મામલતદારશ્રીને સોંપવામાં આવી છે તો કદાચ સામાન્ય ગરીબ માણસ જેની એક એકર, બે એકર જમીન હોય દક્ષિણ ગુજરાતના નાનામાં નાના સિમાંત ખેડૂત છે એમને મામલતદાર કચેરી સુધી જવું પડે છે, કારણકે તલાટી કમ મંત્રીને એવું થઈ ગયું છે કે અમારી પાસે હવે કોઈ સત્તા નથી રહી અમે કંઈ કરી શકતા નથી. અગાઉ કદાચ તલાટીએ પણ ભૂલ કરી હશે પણ સામાન્ય ગરીબ માણસ તે ૭/૧૨, ૮ કે નં.૬ માટે જેને તાલુકા કક્ષાએ જવું પડે, બીજી ખૂબ મહત્ત્વની બાબત છે કે સામાન્ય ગરીબ, અભણ ખેડૂત છે તેને ૨૦ સરવે નંબર હોય તેને ૧ સરવે નંબરની નકલ જોઈએ તેને પોતાને પણ ખબર નથી કે કયા સરવે નંબરની નકલ જોઈએ એટલે તેને ૨૦ નકલો કઢાવવી પડે, ૨૦ નકલના રુપિયા ૩૦૦ થાય અને આવવા જવાના રુપિયા ૧૦૦ બીજા ભાડું થાય. એટલે આ ગરીબમાં ગરીબ ખેડૂતની જે ટ્રાયબલ વિસ્તારમાં પરિસ્થિતિ છે તે બાબતમાં સરકાર કંઈક વિચારે. રાજયપાલશ્રીના પ્રવચનમાં કોઈ પણ જગ્યાએ એવો ઉલ્લેખ નથી દેખાતો કે એસ.ટી.નિગમ જે ગામડાંમાં, અહીં સીએનજીની બસ દોડતી હોય, ફોરટ્રેકના હાઈવે ઉપર લકઝરી બસો દોડતી હોય, પણ જે ગરીબમાં ગરીબ આદિવાસી વિસ્તારમાં જે તાલુકા કક્ષાએ કે જિલ્લા મથકે આવવા જવા માટે જે બસો હતી જે આજથી વર્ષો પહેલાં બસો ચાલતી તેના કરતાં આજે ફકત ૧૫ કે ૨૦ ટકા જેટલી જ ખાલી બસો રહી છે. એટલે સરકારે આ બજૅટની અંદર કે આ પ્રવચનની અંદર એમ કહેવાય કે તેમણે સ્માર્ટ કાર્ડને માટે આટલા રુપિયા ખર્ચ્યા, પણ સ્માર્ટ કાર્ડની તેમને જરૂર નથી, ગરીબ આદિવાસી તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ પહોંચી શકે તેવી વ્યવસ્થા કરવાની જરૂર છે આ સ્માર્ટ કાર્ડ જરૂરી નથી. સ્માર્ટ કાર્ડ તો જોઈએ છીએ પણ ગરીબમાં ગરીબ માણસ જિલ્લા કક્ષાએ પહોંચી શકે તેને માટે બસની વ્યવસ્થાની જરૂર છે કારણકે સામેના પક્ષમાંથી જ સભ્ય બોલતા હતા કે વાહનો ડિટેઈન કરવામાં આવેલ. સામાન્યમાં સામાન્ય ગરીબ માણસો છકડામાં, જીપોમાં કે ત્રણ પૈડાંની ગાડીમાં બેસીને આવે અને ડિટેઈન કરવામાં આવે અને તેની ઉપર દંડ કરવામાં આવે તે વસ્તુ આ ગરીબ માટે યોગ્ય નથી.

જ્યોતિ ગ્રામ યોજનાની વાત કરી. જ્યોતિ ગ્રામ યોજનામાં હું થોડુંક ધ્યાન દોરવા માંગુ છું કે જ્યોતિ ગ્રામ યોજનાની અંદર વીજળી સાત હજાર ગામડાંમાં ચોવીસ કલાક કરી દીધી, પણ હું સામાન્ય દાખલો આપીશ કે આ વલસાડ જિલ્લાની અંદર થ્રી ફેઈઝ કનેકશન જે ખેડૂતોને.....(સમય સૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : સમય નહીં બગાડો પ્લીઝ બેસી જાઓ.

**શ્રી બચુભાઈ ખાબડ (દેવગઢ બારિયા)** : માનનીય અધ્યક્ષશ્રી, અગિયારમી વિધાનસભાના સત્રમાં મહામહીમ્ રાજયપાલશ્રીના સંબોધનના આભાર પ્રસ્તાવ ઉપર માનનીય સભ્યશ્રી શંકરભાઈ ચૌધરી જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને અનુમોદન આપવા માટે હું ઉભો થયો છું. આ રાજયનો વિકાસ આજે તમામ ક્ષેત્રે પછી તે રસ્તાનો વિકાસ હોય, શિક્ષણનો વિકાસ હોય, પાણીનો હોય કે પછી રક્ષા શકિતનો હોય એ તમામ ક્ષેત્રે આગળ વધી રહ્યો છે. ખરેખર એકવીસમી સદીની અંદર ગુજરાતની હળોહળ છે. હું દાહોદ જિલ્લામાંથી આવું છું અને દાહોદ જિલ્લાનો ધાનપુર તાલુકો રાજયનો અતિ પછાત તાલુકો છે.હમણાં મારા સાથી મિત્ર કહેતા હતા કે ભારતીય જનતા પાર્ટીની સરકારની અંદર આદિવાસીઓની પૂરતી કાળજી લેવાતી નથી તેના ભાગરૂપે છેલ્લાં બે વર્ષની અંદર ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અને રાજયના પાણી પુરવઠા મંત્રીશ્રી નરોત્તમભાઈઅ(અંતરાય) તેની આગવી કુનેહને લીધે.(અંતરાય)

ભૂતકાળની અંદર આ જિલ્લાના માત્ર આદિવાસીઓને બિચારા, બાપડા, ગરીબ શબ્દોથી નવાજવામાં આવતા હતા, પણ કયારેય તેમની ચિંતા થઈ નથી. આ જિલ્લાની ચિંતાના ભાગરૂપે છેલ્લાં બે વર્ષની અંદર સુજલામ્ સુફલામ્ યોજનાના અને સરદાર પટેલ જળ સિંચાઈ સહભાગી યોજનાના માધ્યમથી ૧૦૧.૯૦ કરોડના ૪૪૩૬ ચેક ડૅમો જે બન્યા છે આ રાજયનો મજૂરી વર્ગ રાજયના અનેક જિલ્લાની અંદર ખાણો છે પણ મજૂરી વર્ગની ખાણ તો દાહોદ જિલ્લો કહેવાય. તે મજૂરી કરતો આદિવાસી વર્ગ છેલ્લાં બે વર્ષથી ગુજરાતની અંદર માથે પોટલું અને કાંખમાં છોરું લઈને ફરતો હતો તે બંધ થયો છે. સરકારની સહભાગી યોજનાના માધ્યમથી એના ખેતરના છેવાડે નીકળતા કોતર ઉપર ચેકડેમ બાંધીને આજે પોતાની ખેતી કરતો થયો છે. એની સાથેસાથે આ પોટલું માથેથી ઉતર્યું અને છોરું કાંખમાંથી નીચે ઉતર્યું એના માટે આ રાજયના શિક્ષણ મંત્રીશ્રી પણ અભિનંદનને પાત્ર છે. એટલા માટે કે છેલ્લા ૬ વર્ષમાં લગભગ ૧૫,૩૯,૪૪૬ બાળકોને પ્રવેશ આપ્યો છે. આદિવાસી બાળકોને શાળામાં પ્રવેશ આપવા માટે આ રાજયના મંત્રીશ્રીઓ, આઈ.એ.એસ. અધિકારીઓ અને ધારાસભ્યશ્રીઓએ આદિવાસી જિલ્લાઓના બાળકોને પ્રવશ આપવા માટેનું ભગીરથ કાર્ય કર્યુ છે અને એ કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારના માધ્યમથી થયું છે. આ રાજયના છેવાડાના તાલુકાઓમાં તા. ૧૩, ૧૪ અને ૧૫ મી જૂને આ રાજયના મંત્રીશ્રી રમણભાઈ વોરા અને દાહોદના પ્રભારી મંત્રીશ્રી ૩ દિવસ રોકાઈને લગભગ ૭ ગામડાંમાં બાળાઓને પ્રવેશ આપવાનું કામ પણ તેમના દ્વારા આ રાજયમાં થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એનાથી પણ આગળ વધીને કહું કે હમણાં જ ગયા મહિને આ રાજયના પાણી પુરવઠા મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે મધ્ય પ્રદેશ અને ગુજરાતની સરહદ ઉપરથી જે અનાસ નદી જાય છે એની ઉપર ૩ ચેકડેમ ૨-૨ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવા માટેનું કામ પણ હાથ ધર્યુ છે અને એ કામ પણ આજે પૂરજોશમાં ચાલુ છે. ભલે અમારા દાહોદ જિલ્લાને નર્મદાનો લાભ ના મળે, પણ એમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ આગળ વધીને પણ આ જિલ્લામાં મોટી નદીઓ ઉપર ૬૩ ચેકડેમ બનાવીને ૧૩૧૮.૫૦ લાખ રૂપિયાના ખર્ચે આ ગામડાંને નવી જળક્રાંતિમાં જોતરવાનું કાર્ય કર્યુ છે અને એ કામ આજે આગળ ચાલી રહયું છે.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી)**: માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીના પ્રવચન ઉપરના આભાર પ્રસ્તાવ ઉપર મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી,, ભાઈ શ્રી જીતુભાઈએ કહયું કે, 'હું નવો છું' તો હું પણ નવો જ છું. મને ગમે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી ગમે ત્યારે કાઢી મૂકવાની વાત કરે અને ગમે ત્યારે બેસી જવાની વાત કરે ત્યારે બેસી પણ જાઉં છું, પરંતુ અમે તો ભરવાડ છીએ અને....

**અધ્યક્ષશ્રી** : માનનીય ભવાનભાઈ, આપે જે કહેવાનું હોય એ કહી જ દો છો.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : અમે તો પશુઓની પણ ભાષા જાણીએ છીએ અને માનવતાની ભાષા પણ જાણીએ છીએ. અમે ગાય જેવા ચોકકસ છીએ, પરંતુ જયારે *(આખલાઓને નાથવાનો આ બધા).....(અંતરાય)

## પોઈન્ટ ઓફ ઓર્ડર
## ઉચ્ચારણ બદલ માફી માગવા અંગે

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દ ખૂબ જ ગંભીર છે અને જે પ્રકારે તેમણે હાથ બતાવીને કહયું છે એમાં માફી સિવાય બીજું કાંઈ ચાલે જ નહીં, શબ્દ કાઢી નાંખવાનું ચાલે નહીં અને એના માટે તેમણે આ સભાગૃહની માફી માંગવી જ પડે.(અંતરાય) માફી વિના બીજું કાંઈ ચાલે જ નહીં.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : સાહેબ, હું નવો છું અને કદાચ મારી વાતમાં....(અંતરાય)

* (***) (માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા છે)

**શ્રી અશોક ભટ્ટ** : આ સભાગૃહનું અપમાન છે, એમણે આ સભાગૃહનું અપમાન કર્યુ છે.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા શબ્દોથી સભાગૃહનું અપમાન થતું હોય તો હું એ શબ્દો પાછા ખેંચી લઉં છું.

**શ્રી અશોક ભટ્ટ** : શબ્દો પાછા ખેંચવાથી ના ચાલે, આ સભાગૃહની માફી માગે.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : અશોકભાઈ, કેટલા દિવસ માફી મંગાવશો?

**અધ્યક્ષશ્રી:** ભવાનભાઈ, આપ માફી માગી લો.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, થોડી વહીવટની વાતો કરીએ તો...(અંતરાય)

**અધ્યક્ષશ્રી :** ના, ના, માફી માગી લો. આવું બોલાતું હશે? આવું ના બોલાય,(અંતરાય) માનનીય ભવાનભાઈ, તમે હું નવો છું, નવો છું એમ કરીને હંમેશાં માટે જયારે બોલવા ઉભા થાઓ છો ત્યારે પ્રશ્નો ઉભા કરો છો. જાણીજોઈને તમે આ શબ્દ પ્રયોગ કરો છો. *("આખલાઓ)" એ શબ્દ ખરેખર વધારે પડતો અસંસદીય છે. આપે એના માટે માફી માગવી જ પડે અને આપ માફી માંગી લો. માફી માગી લો, ચાલો,માગી લો જોઈએ.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : સાહેબ હું નવો છું અને ચાલો માફી માગી લઉં છું, પરંતુ એ છેલ્લા ૧૦ વર્ષથી બેઠા છે તો પણ આવું કહે છે. તો અલા કાયમ વહુ એ વહુ જ રહે છે, સાસુ બનતા નથી? વહીવટની વાત કરીએ તો દા.ત. લીમડી નગરપાલિકામાં ધરતીકંપમાં....(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : તેમને બોલવા દો, પાંચ મિનિટનો જ સમય આપ્યો છે.

## રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)(ક્રમશ:)

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : ધરતીકંપની વાત કરીએ તો ત્યાં મકાનો જે તૂટી ગયાં તેની માટી એ ગામના રસ્તાઓ ઉપર પડી હતી, તેના ૭૦ લાખના બિલો બનાવ્યા છે, મેં મુખ્ય મંત્રીશ્રીને કાગળ લખ્યો, મારા પ્રભારી મંત્રીશ્રીને પણ કાગળ લખ્યો, તપાસ ચાલુ થઈ, ડેપ્યુટી કલેકટરને તપાસ સોંપવામાં આવી, ત્યારે તપાસમાં લ્યુનાના નંબરો બતાવી અને ટ્રેકટરના નંબર કરી અને પચ્ચીસ, પચ્ચીસ ફેરાઓ બતાવવામાં આવ્યા છે, દસ દસ લાખ રૂપિયાના મહેસાણા, વલસાડ એવા જુદા જુદા નંબરોના ટ્રેકટરો બતાવી અને દસ દસ મિનિટના ફેરાઓ બતાવવામાં આવ્યા છે અને આ રીતે ૭૦ લાખ રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે તેનો પ્રશ્ન પણ સંકલનમાં મૂકવામાં આવ્યો હતો ત્યારે કલેકટરની બદલી કરી નાખી, આ એમનો વહીવટ છે સાહેબ.

મારે કહેવું છે કે મારે ત્યાં લીંબડીમાં બાર દિવસે પાણી મળે છે સાહેબ, અને ૨૪ કલાક દારૂ મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, દારૂની રેડ પાડવા જાય તો એન્ટી સોશ્યયલ માણસો પોલીસ સાથે મારા મારી કરે છે. (અંતરાય) છૂટ કરવાનું નથી બોલતો, છૂટ કરવાનું કહું તો પણ આ કયાં કરવાના છે, માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો ભાવાર્થ એક જ છે કે આવડું મોટું લીંબડી શહેર છે ત્યાં ઉદ્યોગો છે નહીં. ત્યાં લોકો ગુંડાગીરી, લુખ્ખાગીરી કરીને વાણીયા, બ્રાહ્મણ કે સોની, કંસારાની પાસે ઉધાર લાવે અને પછી પાછા આપે નહીં, અને જો પાછા માગે તો માર મારે તેવા બનાવો બને છે તેને હું વખોડી કાઢું છું. એટલે મારો કહેવાનો ભાવાર્થ એ છે કે દરેક તાલુકામાં જયાં જયાં ઉદ્યોગો નથી ત્યાં ઉદ્યોગો સ્થપાય તેના માટે માનનીય અનિલભાઈને હું વિનંતી કરું છું કે જેથી ત્યાંના બસ્સો પાંચસો કે બે પાંચ હજાર માણસો રોજી રોટી રળી ખાય અને તેથી એવા ઉદ્યોગો આવા તાલુકાઓમાં લાવવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : બસ, આપનું પ્રવચન પુરું થયું.

**શ્રી સી. ડી. પટેલ (પેટલાદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રી નવલકિશોરજી ૧૧મી વિધાનસભાના સાતમા સત્રમાં ગુજરાત વિધાનસભાને પ્રથમવાર સંબોધન કરી અને આનંદની લાગણી વ્યકત કરી રહ્યા હતાં. આ સમયે સૌ વિરોધપક્ષના સભ્યશ્રીઓ શાંતિથી આ પ્રવચન સાંભળી રહ્યા હતાં ત્યારે મને એવું લાગ્યું કે કયાંક એવી ઘટના બની છે કે જેના કારણે આ બધા શાંતિથી સાંભળી રહ્યા છે અને વાતને સમર્થન આપે છે. ત્યારે આનંદની વાત એ થઈ કે કમસેકમ આ મારા સાથી મિત્રો આ ગૃહમાં સાચી વાત સાંભળવા માટે જીવનમાં પહેલીવાર ૮૫ મિનિટ સુધી સારી રીતે બેઠા અને સમર્થન આપ્યું તો ખરું. પરંતુ દુ:ખ ત્યારે થયું કે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી.....

**અધ્યક્ષશ્રી** : બહુ દુ:ખ કરશો નહીં.

**શ્રી સી. ડી. પટેલ** : સાહેબ, આ દુ:ખની વાત એટલા માટે છે કે તેઓ અભ્યાસુ છે, સરળ છે અને મને એવું હતું કે આ વિધાનસભા ગૃહમાં હવે કોઈ માજી મુખ્ય મંત્રી કે કોઈ અભ્યાસુ નથી, માનનીય અર્જુનભાઈને હું અભ્યાસુ સમજતો હતો, પરંતુ રાજયપાલશ્રીના પ્રવચનનો અભ્યાસ કર્યા વગર એમણે વાત કરી કે પંચામૃત યોજના આ સરકારે ઉડાડી દીધી છે, સાહેબ, એમને ખ્યાલ હોય કે ન હોય, જો ન હોય તો હું કહું કે જળ શકિતની વાત માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં પહેલા પેઈઝ ઉપર જ કરવામાં આવી છે, જળ એ જ જીવન છે, જળ દ્વારા આ વિશ્વને ક્રાંતિનો માર્ગ જો કોઈએ ચીંધ્યો હોય તો તે આ સરકારે ચીંધ્યો છે. કે gujarat is

going global on the base of water, Sir. પાણીના આધાર ઉપર આ ગુજરાત ગ્લોબલ થઈ રહ્યું છે તેનો એમને ખ્યાલ નહોતો.

જ્ઞાનની વાત કરીએ તો જ્ઞાન શકિત, જ્ઞાનને શિક્ષણ સાથે જોડી શકાય, માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં પેઈઝ નંબર ૪ ઉપર જ્ઞાન શકિતની વાત કરવામાં આવી છે. તેની સાથે સાથે માતાના ઉદરમાંથી બાળક જયારે પ્રથમ વખત પૃથ્વી ઉપર પગ મૂકે છે ત્યારે તેના શિક્ષણની ચિંતા પણ આ ધ્રાત્રિ માતાની ચિંતા અને બાળક સમાજમાં શિક્ષિત થાય તે માટે એમના જન્મથી જ એમના શિક્ષણની ચિંતા કરવામાં આવી છે. એ જ રીતે ઉર્જા શકિત પેઈઝ નંબર ૮ ઉપર છે જે અર્જુન ભાઈ, આપે વાંચવું જોઈએ. પણ થયું છે એવું કે સૂર્યના સાત ઘોડા હોય ત્યારે સાત ઘોડા ઉપર એક સાથે સવારી કરતા હોઈએ ત્યારે સૂર્ય નારાયણના દર્શન થાય જ. પણ મારા મિત્રો સૂર્યનારાયણના દર્શન કરવા રાત્રે સવારી કરીને નીકળ્યા છે. તો રાત્રે સૂર્યનારાયણના દર્શન ન થાય. વિકાસ એમને નથી દેખાતો.

એ રીતે ઊર્જા શકિતની વાત કરુ તો ગામડે ગામડે સામાન્ય વ્યકિતઓ જેને કેરોસીન નહોતું મળતું. મને યાદ છે ઘણા મિત્રોએ એમની વેદના વ્યક્ત કરી, એક સમયે લાઈટ નહોતી મળતી. આજે ગામડે ગામડે ૨૪ કલાક થ્રીફેઈઝ લાઈટ મળે છે. એના આધારે યુવાન ભાઈઓ અને દીકરીઓ પોતાનો અભ્યાસ કરે છે અને પોતાનું જીવન ઉજ્જવળ બનાવવા પ્રયત્ન કરે છે. એક સામાન્ય માણસ જે પોતે મહેનત કરીને કમાય છે. સીવણ કામ કરે, દીકરીઓ ગૂંથણનું કામ કરે, દળવાનું કામ કરે. આ લાઈટ કનેકશનો પણ ગુજરાત રાજયમાં લોક ભાગીદારીથી માત્ર સરકારી પૈસા નહિ, માત્ર ખેરાત નહિ, લોકોના પ્રાણ રેડીને લોકો એમાં સામેલ થાય એ રીતની વ્યવસ્થા કરી છે. મારા મત વિસ્તારનાં ૪૨ ગામો છે એ બધા જ ગામોને જયોતિગ્રામ યોજના નીચે સામેલ કરીને ૨૪ કલાક થ્રી ફેઈઝ લાઈટ આપવામાં આવે છે. જે મિત્રોને ન દેખાતું હોય એને મારા વિસ્તારમાં જોવા માટે આવવું પડે. અમે લોક ભાગીદારીથી આ કામ કર્યુ છે.

એની સાથે વાત હતી રક્ષા શકિતની. પાના નંબર ૧૦ ઉપર માનનીય અર્જુનભાઈ, આપવામાં આવેલ છે. આપને તો વાચનનો શોખ છે એવું મને આપે કહ્યું હતું. રક્ષા શકિતની વાત કરતા હતા ત્યારે માનનીય સભ્યશ્રી કુંવરજીભાઈ કહેતા હતા કે લાઈટ આપી દીધી એ લાઈટ આપીને શું મોટું કામ કર્યુ? Better little than least. આ તમને સમજ ન પડે. એ ભાવના અંદર જોઈએ. આ ભાવના માનનીય મુખ્યમંત્રીશ્રીમાં અને ઉર્જામંત્રીશ્રીમાં છે. સામાન્ય માણસની જિંદગી બહુ મહત્ત્વની છે. એના વિકાસ થકી ગુજરાતનો વિકાસ થશે. ગુજરાતના વિકાસ માટે ઊર્જા શકિતનું કાર્ય ઘણું મહત્ત્વનું છે.

**અઘ્યક્ષશ્રી** : માનનીય સી.ડી.પટેલ, આપનું પ્રવચન પુરુ થાય છે. માનનીય માલજીભાઈ...

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, માહમહીમ રાજયપાલશ્રીના સંબોધન ઉપર મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

ખેડૂત, ખેતી, પશુપાલન અને ઉદ્યોગ આ રાજયની ધોરી નસ છે. ખેતી સાથે આ રાજયની ૭૦ ટકા પ્રજા જોડાયેલી છે. ખેડૂતોના ઇતિહાસની હું બહુ લાંબી વાત નથી કરવા માગતો, પણ થોડીક ટૂંકી વિગતો રજૂ કરવા માગુ છું.

**અઘ્યક્ષશ્રી** : માનનીય માલજીભાઈ, પાંચ મિનિટની મર્યાદા છે એ જોઈને ચર્ચા કરજો.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : ખેડૂતો પ્રજા જીવનની ધોરી નસ સમાન છે. આ રાજયના ખેડૂતો માટે અગાઉની સરકારોએ અને અગાઉના લોકોએ ખેડ્રતો માટે જે કંઈ કામો કર્યા છે એની થોડીક વિગતો હું નોંધ ઉપર લાવવા માગુ છું. આજે વીજળીનો પ્રશ્ન છે, ભાવોનો પ્રશ્ન છે. ખેડૂત આજનો લડતો નથી. ૧૮૯૩માં મહાત્મા ગાંધીએ ગિરમીટિયા ખેડૂતો માટે સૌ પ્રથમ દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ કર્યો હતો. એ પછી ૧૯૧૭માં ગળીના ખેડૂતો માટે ચંપારણમાં સત્યાગ્રહ થયો હતો. ૧૯૧૭-૧૮માં કેળાનો સત્યાગ્રહ થયો એટલું જ નહિ આ દેશના લોખંડી પુરુષ જેમને સરદારનું બિરુદ મળ્યું હતું એ બારડોલી સત્યાગ્રહ ૧૯૨૮માં થયો અને એ પછી જે કંઈ વાંસ માટે સત્યાગ્રહ થયો, બોરસદનો સત્યાગ્રહ થયો. કેટલાક મિત્રો છે એને આઝાદી પહેલાંના ખેડ્રતોના સત્યાગ્રહનો ઓછો ખ્યાલ છે અને એ ખેડૂતોની જે પરિસ્થિતિ આ રાજયની અંદર છે. પાણી અને વીજળી એ ખેડૂતો માટેનો પ્રાણ પ્રશ્ન છે. મને બરાબર યાદ છે કે, શ્રી ચીમનભાઈની સરકાર હોય કે શ્રી અમરસિંહભાઈની સરકાર હોય કે અન્ય સરકાર હોય એ વખતે ૧૨થી ૧૪ કલાક ખેડૂતોને વીજળી આપવાના ખેડૂતો સાથે રાજય સરકારે પોતે એગ્રીમૅન્ટ કરેલા છે અને આજે શું સ્થિતિ છે? એમને ૬થી ૮ કલાકની વીજળી મળે છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને મધ્ય ગુજરાતના મોટા ભાગના ખેડૂતોનું પોતાનું જીવન વીજળી ઉપર આધારિત છે. એ ખેડૂતોને વીજળી પૂરતી ન આપી શકે તો એ પોતાની ખેતી કેવી રીતે કરી શકે? ચોમાસાની સિઝન છે એ અનિયમિત છે. ૫ વર્ષમાં એકાદ વર્ષ સારું આવે છે, ૨ વર્ષ દુષ્કાળના પડે છે અને ૨ વર્ષ ૫૦ ટકા મધ્યમ વર્ષ જેવી પરિસ્થિતિ પેદા થાય છે અને તેથી એનો સમગ્ર માર ખેડૂત ઉપર પડે છે. એટલા માટે મારી વિનંતી છે કે, ૧૦થી ૧૨, ૧૪ કલાક, આપણે એમ ન કહી શકીએ કે ૨૪ કલાક વીજળી આપો. આપણી પાસે હોય તો આપણને આપેને? કેટલાક મિત્રો એમ કહે છે કે, તમે અપૂરતું આયોજન કર્યું હતું એના

કારણે આ બધું થઈ રહ્યું છે. પણ મારે તમને કહેવું છે કે તમે ૬-૭ વર્ષથી બેઠા છો અને વિજ્ઞાનનો યુગ છે, તમે કેમ ઝડપ કરતા નથી. વાતો તો ઘણી બધી મોટી કરો છો અને છતાંય દોષ અમને આપો છો. તમે પહોંચી વળતા નથી એટલે કોંગ્રેસના માથે દોષ આપો છો, કોંગ્રેસે કાંઈ નથી કર્યું એવું કહેનારા લોકોના ધ્યાનમાં નથી. આ દેશની પ્રજા બોલી શકતી નથી, પોતાનો અવાજ વ્યક્ત કરી શકતી નથી, જાહેરમાં મૂકી શકતી નથી. એમને બોલતી અને લડતો કરતી આ કોંગ્રેસે કરી છે. એટલું જ નહીં, જેને પંડિત નહેરુ એવું કહ્યું હતું કે, દેશના નવા યાત્રાધામ ગણાવું. (સમયસૂચક ઘંટડી) મારા ૨-૩ મુદ્દા બાકી રહે છે. જેવી આપની મરજી.

**શ્રી રમણલાલ ઈ. વોરા (સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ લઈને માનનીય સભ્યશ્રી શંકરભાઈ ચૌધરી આવ્યા છે તેમને હું મારું સમર્થન આપું છું

માનનીય રાજયપાલશ્રીએ પોતાના સંદેશાના ઉપસંહારમાં આ ગૃહના સભ્યો પાસેથી અપેક્ષા રાખી છે કે, મારા સંબોધનમાં જણાવેલ રાજયના વિકાસની ગૌરવગાથા આગળ ધપાવવા મારી સરકાર સક્રિય છે અને તેમાં સફળતા હાંસલ કરી છે ત્યારે આપ સર્વે આપના અનુભવો, આપની આગવી સૂઝથી, લોકશાહીને મૂર્તિમંત કરતા આ ગૃહની ઉચ્ચ સંસદીય પ્રણાલીઓ અને તેની ગરિમાને જાળવીને યોગદાન આપવા માટેની ભાવના સાથે ચર્ચામાં ભાગ લેશો તેવી અંતરની ઇચ્છા છે. આવો, માનનીય રાજયપાલશ્રીએ આશાવાદ વ્યક્ત કર્યો હતો અને આજે જ્યારે પૂર્ણાહુતિને આરે છે ત્યારે વિપક્ષમાં બેઠેલા સભ્યો, વિપક્ષના નેતાની રીતે કહીએ તો છાતી ઉપર હાથ મૂકીને કહે કે માનનીય રાજયપાલશ્રીએ આશા વ્યક્ત કરી છે એ પ્રમાણે કામગીરી કરી છે ખરી?

૧૯૪૭માં આપણો દેશ આઝાદ થયો, આ દેશના બે ભાગ થયા. પરંતુ આ ભાગ થયા હોવા છતાં આ દેશ આઝાદ થયો એનો એક આનંદ હતો. એ વખતે વાત વ્યક્ત થઈ હતી કે, આ દેશમાં દૂધ અને ઘીની નદીઓ વહેશે, સોનાની ચીડિયા ફરશે, આ ભાવના ૧૯૪૭માં વ્યક્ત થઈ હતી. આઝાદીના આટલા ચાર-સાડા ચાર દાયકા કોંગ્રેસ સત્તા સ્થાને રહી છે, એ સમયે કેવી સ્થિતિ હતી? એ વખતમાં સમગ્ર ગુજરાતની તમામ નદીઓ પાણીથી તરબતર બનીને બન્ને કાંઠે વહેતી હતી. પાણીનાં તળ ઉપર હતાં, અપાર જંગલની સંપત્તિ હતી. આ ગુજરાતની ભૂમિમાં ખાણ અને ખનિજો ભરેલા હતાં. આઝાદીની લડતની પણ એવી સારી આસ્થા લોકોમાં હતી, ઓછી જન સંખ્યા હતી અને અપાર સંપત્તિ આધારિત સાડા ચાર દાયકા સુધી કોંગ્રેસે જ્યારે રાજય કર્યું છે, ત્યારે ત્યારે એમણે માત્ર ઉપભોકતાની ભૂમિકા અદા કરી હતી. ૧૯૯૫માં માનનીય કેશુભાઈના નેતૃત્વથી માંડીને માનનીય સુરેશચંદ્ર મહેતા અને માનનીય નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં જયારે ભારતીય જનતા પક્ષની સરકાર આવી, નદીઓ સૂકી ભઠ્ઠ, વારસામાં જે મળ્યું છે, પાણીનાં તળ ૧૦૦૦થી ૧૨૦૦ ફૂટ નીચે, જંગલોનો નાશ, બોડા ડુંગરો, જનસંખ્યાની વૃદ્ધિ, ૫૦ વર્ષ પછીના રાજકીય આટાપાટાની અવઘડમાં પાઘડીનો વળ છેડે, એક નાનું બાળક ચિત્રમાં સીસ...કરીને સિસકારો કરે છે, નો પોલિટિકસ.

આઝાદીના ૫૦ વર્ષ પછી પાઘડીના વળ છેડેની જેમ આ પ્રકારની આપણી રાજનીતિની અંદર ભારતીય જનતા પક્ષની સરકારને શાસનમાં આવવાનો મોકો મળ્યો. માનનીય રાજયપાલશ્રીએ એમના પ્રવચનમાં જે વાત કરી છે, આ ગુજરાતની શકિતનો દસ્તાવેજ છે. માનનીય રાજયપાલશ્રીએ એકવીસમી સદીના શકિતશાળી ગુજરાતની દિશા અને બુનિયાદ આપણને બતાવી છે. પાંચ કરોડના ગુજરાતની સાફલ્ય ગાથા રાજયપાલશ્રીના પ્રવચનમાં છે. શાસનની કાર્યસંસ્કૃતિ, ટેકનોલોજીના યુગ સાથેનું પથદર્શન માનનીય રાજયપાલશ્રીએ આપણને કહ્યું છે કે અત્યારે ગુજરાત કયાં ઉભું છે. વિકાસના નકશામાં ગુજરાત કયાં છે. વૈશ્વિક પ્રવાહમાં ગુજરાત કયાં છે અને આ બધાના સાથે આગવું સામર્થ્ય બનાવીને ૧૫.૪નો વિકાસદર સમગ્ર દેશમાં ગુજરાત રાજયે હાંસલ કર્યો છે. આ રાજયના મુખ્યમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઈ મોદીની ઈચ્છાશકિત, નિશ્ચયબળ અને આત્મ વિશ્વાસને કારણે ગુજરાતે અનેક આયામો ઉભા કર્યા છે. ઘણા બધા લોકોને એમ થાય છે કે આ માણસ અહીં બેઠો છે ત્યાં સુધી બીજા ૨૫ વર્ષમાં અમારો તો કોઈ મેળ પડે એમ નથી. (અંતરાય) *તીર ઠીક નિશાને પે લગા હૈ.* ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી માટે કહી શકાય કે, *"વો જબ મચલતે હૈ તો ભુચલ મચલ જાતા હૈ, વો જબ ઉબલતે હૈ તો સાગર ખનક જાતા હૈ નરેન્દ્રભાઈ કો બદલનેકી કોશિશ કયા કરેગા વિપક્ષ વો જબ બદલતે હૈ તો ઈતિહાસ બદલ જાતા હૈ.'* માનનીય અધ્યક્ષશ્રી, ગૌરવયાત્રા બની, અમારી સિદ્ધિયાત્રા અને સિદ્ધિયાત્રા વિકાસયાત્રા બની, આથી ૨૦૦૨ની ચૂંટણીમાં ગુજરાતમાં ૧૨૭ સીટ સાથે ભારતીય જનતા પક્ષની સરકારે ત્રીજી વખત હેટ્રીક કરી. (અંતરાય) ધીમે ધીમે વારો લઉ છું બીજું બધું ઘણું રહી ના જાય એના માટે, કોઈને અન્યાય નહીં થાય એની પૂરતી કાળજી લીધી છે. રાજયની મહેસૂલી ખાધને ૭૫૦૦ કરોડમાંથી ૨૨૦૦ કરોડ સુધી જે લઈ ગયા છે એ આખા દેશમાં પ્રથમ સ્થાને છે. રાજય સરકારની આ અનોખી સિધ્ધિઓના કારણે આપણે બધા જાણીએ છીએ તેમ કચ્છના વિનાશક ભૂકંપ પછી આ રાજય સરકારે ગુડ ગવર્નન્સનાં દર્શન કરાવ્યાં છે. પહેલી વખત આ રાજયે આંતરરાષ્ટ્રીય કક્ષાના ત્રણ-ત્રણ એવોર્ડ જીત્યા છે. આના અગાઉ ગુજરાત બહાર આપણે કયારેય ગયા નથી. આંતરરાષ્ટ્રીય એવોર્ડ આપણે મેળવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા લોકો ઘણી બધી વાતો કરે છે. માનનીય નરેન્દ્રભાઈ મોદીના શાસનની અંદર માત્ર ૧૦૦

દિવસની અંદર ૧ લાખ ૩૭ હજાર ખેત તલાવડીઓ બનાવી. આ દેશના વડાપ્રધાન અને માનનીય નાણામંત્રીશ્રીએ એમનાં સજેશન સ્વીકારીને એમણે પણ અનુકરણ કરવાનો પ્રયાસ કર્યો. માત્ર ફેર એટલો હતો કે ભારતીય જનતા પક્ષની સરકારે ૧૦૦ દિવસમાં ૧ લાખ ૩૭ હજાર ખેત તલાવડીઓ પૂરી કરી જયારે કેન્દ્ર સરકારે એક વર્ષમાં માત્ર ૧ લાખ ખેત તલાવડીઓ બનાવવાનો લક્ષ્યાંક કર્યો. આ ગુજરાતનું ગૌરવ છે. યુ.પી.એ.ની સરકારે અનેકવિધ આયામો કર્યા છે. યુપી.એ.ની સરકારે આ સરકારને સમર્થન કર્યું છે. વિપક્ષના નેતા જ્યારે ૩૬ ઈંચની છાતીની વાત કરતા હતા ત્યારે મને લાગતું કે નાણા પ્રધાને જ્યારે ખેત તલાવડીની વાત કરી છે, એક વર્ષમાં એક લાખ બનાવવાના છે ત્યારે એ ધ્યાનમાં નહિ આવ્યું હોય કે ગુજરાત સરકારે એક માસમાં ૧.૩૭ લાખ ખેત તલાવડી બનાવી છે.

માનનીય મુખ્યમંત્રીશ્રીના સફળ નેતૃત્વમાં વાયબ્રન્ટ ગુજરાત, નવરાત્રિ મહોત્સવ તો વર્ષોથી થાય છે, મા શકિતની આરાધના આપણે કરીએ છીએ. પણ એક સાથે કરોડો લોકો ગાતા હોય, હજારો કલાકારો સામેલ થતા હોય અને એની વાત દુનિયામાં આપણે કરીએ અને છતાંય કોઈકને એ ન ગમે. અનેક કાર્યક્રમો કર્યા. ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટની વાત કરી, પતંગોત્સવની વાત કરી, વિશ્વ ગુજરાતી ઉત્સવની વાત કરી, આવા અનેકવિધ ઉત્સવો કરીને આ રાજય સરકારે ગુજરાતનું ભલું કરવાનો પ્રયત્ન કર્યો છે. આ ગુજરાતની ધરતી ઉપર માનનીય વડાપ્રધાનશ્રી મનમોહનસિંહજી આવ્યા, ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં ઉદ્યોગ મંત્રીશ્રી આવ્યા અને આ બધાએ ગુજરાતના સામર્થ્યની વાત, એની ક્ષમતાની વાતને બિરદાવવામાં કયારેય ન્યૂનતા અનુભવી ન હતી. આ વાત માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને ન સમજાય તો અમારી ભૂલ નથી. ૨૦૦૩ના ગ્લોબલ સમિટમાં ૬૬ હજાર કરોડનાં એમ.ઓ.યુ. થયાં એમાં ૪૪ પ્રોજેકટમાં ૫૩ હજાર કરોડ અમલીકરણની દિશામાં છે. અનેકવિધ મિત્રો કહે છે, આટલો બધો ખર્ચ કર્યો, શું થયું? આંકડાકીય માહિતી જ્યારે રાજય સરકારે વિધાનસભામાં રજૂ કરી છે ત્યારે એક અન્ય વિગત, યુ.પી.એ.ની સરકારના શ્રમ મંત્રાલયનો એક રિપોર્ટ હમણાં આવ્યો એ રિપોર્ટમાં એમ કહ્યું છે કે સને ૨૦૦૨-૦૩ અને ૨૦૦૪ની અંદર સમગ્ર દેશમાં રોજગારી આપવાની બાબતમાં ગુજરાત પ્રથમ સ્થાને છે. આ વાત યુ.પી.એ. સરકારના રિપોર્ટમાં છે. જો આ સરકારની વાત, એમના રિપોર્ટની વાત જો આ મિત્રો એને ચેલેન્જ કરવાના હોય તો એની સામે મારે કશું કહેવાનું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક સેવાઓ અને ગ્રામ્ય ક્ષેત્રમાં માથાદીઠ ખર્ચમાં ગુજરાત પ્રથમ ક્રમે છે. સરેરાશ માથાદીઠ આવક ૧૨૭૧ની સામે ગુજરાતનો માથાદીઠ ખર્ચ ૨૦૭૨ રહ્યો છે. ગરીબોને સબસિડી આપવાની દિશામાં કેરલ પછી ગુજરાત બીજું રાજય છે. વીસ મુદ્દા અમલીકરણ સમિતિ, ભૂતકાળમાં આ કોંગ્રેસનો કાર્યક્રમ હતો. ગરીબો માટેનો કાર્યક્રમ હતો, સારો કાર્યક્રમ હતો. આજે છેલ્લા ત્રણ વર્ષમાં હિન્દુસ્તાનમાં ભારતીય જનતા પાર્ટીની ગુજરાતની સરકાર પ્રથમ સ્થાને છે. કારણ કે આ સરકાર ગરીબોની સરકાર છે, વંચિતોના વિકાસને વરેલી આ સરકાર છે. અનેકવિધ આયામો જ્યારે સર કરી રહી છે ત્યારે ગુડ ગવર્નન્સની દિશામાં અનેકવિધ ટીકાઓ આ જગ્યાએ થઈ છે. આ ગુડ ગવર્નન્સ શું છે? ૫૦ વર્ષ સુધી કોઈના ધ્યાન ઉપર આવ્યું જ ન હતું અને ૫૦ વર્ષ પછી તમને ટીકાઓ કરવાનું મન કેમ થયું? આ ગુડ ગવર્નન્સના કારણે ભ્રષ્ટાચાર અને વચેટિયાઓનો કારોબાર લગભગ બંધ થયો છે. છેલ્લે આ ત્રણ દિવસના કાર્યક્રમ દરમિયાન કોંગ્રેસના એક પણ ધારાસભ્યે કહેવું જોઈતું હતું કે ગુજરાતના મુખ્યમંત્રી અને એમના મંત્રીશ્રીઓ, આ મંત્રીશ્રીએ આટલી આટલી જગ્યાએ ખોટું કર્યું. તમારી છાતી ઉપર હાથ મૂકીને કહો કે તમે બોલ્યા છો? એટલા માટે બોલ્યા નથી કે જે સાચું છે એ સ્વીકાર્યું છે. આ વસ્તુ સત્ય હોઈ, એ આટલું સ્વીકાર્યુ છે. (અંતરાય) અમારી વાત પણ તમે માનતા થયા, વિચાર કરો આગામી દિવસોમાં શું દશા થશે? મને થયું કે જવાબ પણ વચ્ચે વચ્ચે આપું તો સારું રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા મિત્રોએ કન્યા કેળવણીનો વિરોધ કર્યો છે. આ રથયાત્રાની શું જરૂર છે? શું કરવા કરી? આ દેશમાં આઝાદીના આટલા વર્ષમાં કોંગ્રેસે જ *(XXX) કર્યુ છે દલિત, આદિવાસી અને બક્ષીપંચના લોકોને અભણ રાખવાના *(XXX)ના ભાગરૂપે મતબેંક ના તૂટે તેની બિલકુલ વાત કોંગ્રેસે કરી છે. (અંતરાય)

## પોઈન્ટ ઓફ ઓર્ડર
## શબ્દ રેકર્ડમાંથી દૂર કરવા અંગે

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે કે, *(XXX)શબ્દ ના વાપરી શકાય.

**અધ્યક્ષશ્રી** : *(XXX)શબ્દ હું રેકર્ડમાંથી દૂર કરું છું.

* (XXX) આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

## રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) (ક્રમશઃ)

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ કન્યા કેળવણીની જ્યારે વાત કરતા હોઈએ, ત્યારે ગૃહના સભ્યો મારા અનેક મિત્રો બેઠા છે કુંવરજીભાઈ, ગોવાભાઈ તો છે નહિ, માલજીભાઈ છે બક્ષીપંચના. મિત્રો મને જે પ્રશ્ન થાય છે એ તમને કેમ નથી થતો અથવા તો થાય છે તો એનું નિરાકરણ શું? આ બક્ષીપંચમાં આપણે બેસીએ છીએ ત્યારે આપણને એમ થાય કે આપણા સમાજમાંથી ડૉકટર કેટલા થયા, વકીલ કેટલા થયા,એંજિનિયર કેટલા થયા, I.A.S., I.P.S. કેટલા થયા? તો માત્ર આંગળીના વેઢે ગણી શકાય એટલા છે, આપણે આંકડા આપી શકીશું. હું માનું છું ત્યાં સુધી આ બક્ષીપંચની અંદર આ ક્ષમતા નથી? મિત્રો ક્ષમતા છે, મને લાગે છે કે એને ક્યાંક તક નથી મળી અને મિત્રો, આઝાદીનાં આટલાં ૫૬ વર્ષ થયે જો આ તક નથી મળી તો એની જવાબદારી કોની? માત્ર ભારતીય જનતા પાર્ટીના ટૂંકા ગાળામાં આવેલા શાસનની અમારી જ જવાબદારી છે? જો અત્યાર સુધીમાં આ દેશમાં આ રાજકીય વાત નથી. આ દિશાની અંદર જો વિચાર થયો હોત તો મને લાગે છે કે આપણી આ કન્યા કેળવણીની વાત છે એ આપણી સાર્થક થાત. મિત્રો,

આઝાદી પહેલાં આપણે બધા જે ભણ્યા છીએ એ મોગલ યુગમાં બાબર થયો, બાબરનો પુત્ર હુમાયું, હુમાયુંનો પુત્ર શારજહાં, શારજહાંનો જહાંગીર, જહાંગીરનો ઔરંગઝેબ અને ઔરંગઝેબનો રાજામુરાદ સાત પેઢીની આપણને ખબર છે. અહીંયા બેઠેલા ગૃહના તમામ સભ્યોને મારે નમ્રતાથી પૂંછવું છે કે, આ દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી-મોહનલાલ કરમચંદ ગાંધી. આ મોહનલાલ કરમચંદ ગાંધીના પિતાશ્રીનું નામ કોને ખબર છે? આજે નહિ તો આવતીકાલે માનનીય અધ્યક્ષશ્રીને લખીને આપશો તો મને આનંદ થશે. માનનીય અધ્યક્ષશ્રી, મોહનદાસ કરમચંદ ગાંધીજીના બાપા એટલે કરમચંદજીના બાપાનું નામ શું? મિત્રો, આ દેશના લોખંડી પુરુષ (અંતરાય)

**શ્રી મનહરલાલ મ. મકવાણા (બેઠા બેઠા)** : બાજપાઈના બાપાનું નામ શું?(અંતરાય)

**શ્રી રમણલાલ વોરા** : મિત્રો, માનનીય અધ્યક્ષશ્રી, લોખંડી પુરુષ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બધાને પોતાની મર્યાદા છે, ખબર છે. ચાલો ભાઈ, આગળ.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ, વલ્લભભાઈ ઝવેરચંદભાઈ પટેલના બાપુજીનું નામ તમને ખબર છે? એટલા માટે મિત્રો ખબર નથી કે તમને ને મને આ શિખવાડ્યું નથી. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના પિતાના દાદાનું નામ આપણને ખબર નથી. વિપક્ષના નેતાને પણ ખબર હોવી જોઈએ. આજે, કાલે, મહિનામાં પણ આપજોને. એટલા માટે કે તમારી નીતિ એ રહી છે કે તમને કહ્યું એ પ્રમાણે બાબર, હુમાયું, જહાંગીર, રાજામુરાદ અને દેશ આઝાદ થયા પછી જવાહરલાલ નહેરું, ઈન્દિરાબેન ગાંધી, સોનિયા ગાંધી, સોનિયા ગાંધીની પુત્રી પ્રિયંકા આ સાત પેઢી તમને એટલા માટે યાદ છે કે માત્ર *(ગોરી ચામડીનો રંગ છે) અને એના ઉપર શાસન કરવું છે. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ,

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, પૉઈન્ટ ઑફ ઑર્ડર, (અંતરાય) સત્તા માટે *(ગોરી ચામડીનો રંગ છે) એમ કહીને કોઈ આદરણીય નેતાઓને ઊતારી પાડવાની વાત સાંભળી શકાય નહિ, એ શબ્દો રેકર્ડમાંથી દૂર થવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : રમણભાઈ તમે શું બોલ્યા? (અંતરાય) તમે શબ્દો પાછા ખેંચી લો.

**શ્રી રમણલાલ વોરા** : ૫૦ વર્ષનું રાજકારણ સાહેબ, (અંતરાય) અહીંયા,

**અધ્યક્ષશ્રી** : ના, પાછા ખેંચી લો આપ, પ્લીઝ, (અંતરાય) ના, પાછા ખેંચી લો.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) ઘણા બધા મિત્રોએ, ધારાસભ્યોએ જ્યારે વાત કરી કે, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, રમણભાઈ, શબ્દો પાછા ખેંચી લો?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ક્યા શબ્દો? (અંતરાય) O.K. શબ્દો પાછા ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી** : શબ્દ પાછા ખેંચાય છે.

**શ્રી રમણલાલ વોરા** : (અંતરાય) મારું વકતવ્ય ચાલુ છે.( અંતરાય) જયારે કન્યા કેળવણીની વાત થતી હોય ત્યારે ૮૦,૪૪૭ જેટલા વિદ્યા સહાયકોની ભરતી કરી, આજે ગુજરાતમાં એક પણ પી.ટી.સી. બેકાર છે ખરો? (અંતરાય) યાદી આપજો, એક પણ બેકાર હશે તો એને નોકરીએ લગાડી દઈશું. ( અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આના પહેલાં ફલાણો જિલ્લો સાક્ષરતાના પંથે, ફલાણો જિલ્લો સો ટકા સાક્ષરતાના પંથે એવા બોર્ડો આપણે રોડ ઉપર જઈ શકતા હતા, રાત્રે પણ એના કલાસીસો થતા હતાં, ઘણા બધા રૂપિયા પણ એની પાછળ

* (***) (આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર પાછા ખેંચી લેવામાં આવ્યા છે.)

વપરાતા હતાં. આ સરકારમાં જે તાલિમાર્થી વિદ્યાર્થીઓ છે ર૯,૮૭૧ અને ૧,૦૭,૦૦૦/ કરતાં વધારે શિક્ષકો, આ ૧,૩૬,૮૭૧ લોકોએ ૧૪ દિવસ સુધીનું એક અભિયાન કરીને જે લોકો અક્ષર જ્ઞાન વગરના છે એને અક્ષર જ્ઞાન આપવાનું કામ કર્યુ. એક પણ નવા પૈસાનો વધારાનો ખર્ચ સિવાય આ ૧,૩૭,૦૦૦ લોકોએ આ સાક્ષરતાનું કામ કર્યુ. રતન ટાટા અને આઈઆઈએમ તરફથી આખા દેશના ઉત્તમ, શ્રેષ્ઠ શિક્ષકો ૫૮ની યાદી બની, આપણે ગૌરવ સાથે કહેવું પડે કે આ ૫૮માંથી ૩૦ જેટલા શિક્ષકો એ ગુજરાતના છે.( અંતરાય ) સીધે સીધું કાંઈ કહું તો એ ઠીક નહીં લાગે. આપણામાં કહેવત એવી છે કે, " બાર ગાઉએ બોલી બદલાય". આદિવાસીઓમાં જો શિક્ષણનું પ્રમાણ આપણે વધારે સારી રીતે આપવું હોય તો પહેલાં, બીજા અથવા નાના બાળકોને એમની પોતાની બોલીમાં જો આ શિક્ષણ આપવામાં આવે તો આ શિક્ષણનો વ્યાપ વધે, આમ સમજીને આ સરકારે પ્રયાસો કર્યા અને એના કારણે શિક્ષણના દરમાં વૃદ્ધિ થઈ. કન્યા કેળવણીમાં આગળ વાત કરી એ પ્રમાણે ૭૭૬૫ જેટલા અંતરિયાળ ગામોમાં આ રાજય સરકારના તમામ લોકોએ જઈ સારા એવા પ્રયત્નો કર્યા , કન્યા કેળવણીમાં આપણને પરિણામ મવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા અને સરદાર સરોવર નિગમની વાત ઘણા બધા મિત્રોએ કરી છે, માનનીય વિરોધપક્ષના નેતાએ કહયું છે કે, જયારે પણ જરૂર પડશે ત્યારે અમે તમારા સહયોગમાં છીએ, એ વાત પ્રશંસાને પાત્ર છે, આપણે એમને સ્વીકારીએ છીએ. આ નર્મદા સરોવર ૧૧૦.૬૪ની ઉંચાઈ પૂરી થઈ અને ૧ર૧ થવાની દિશામાં આગળ વધી રહયા છીએ પરંતુ આ નર્મદાના પાછળથી જે દસ જેટલી નદીઓમાં રિવર ગ્રીડ દ્વારા જે પાણી આપવાનું કામ થયું છે અને જેના કારણે ૪૦ લાખ હેકટર કરતાં વધારે સિંચાઈનો લાભ મળ્યો છે. ગુજરાતના ખેડૂતો માટે આ લાભદાયી યોજના છે. રાજય સરકારે સુઝલામ સુફલામ યોજનાની વાત કરી છે, દસ જિલ્લાઓ માટેની વાત કરી છે, ૬ર૩૭ કરોડ રૂપિયાની આ મહત્વકાંક્ષી યોજના ગુજરાતના ખેડૂતો માટેની છે. માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠાની ધરતીની વાત કરું તો, અમારા સંસદ સદસ્ય કેન્દ્રીય મંત્રી છે અને એમણે મેઘ ારજના સંમેલનમાં, જે પછીથી પ્રકાશીત પણ થયું છે કે આ સુઝલામ સુફલામ યોજનામાં કેન્દ્રમાંથી અમે એક નવો પૈસો પણ આપીશું નહીં, આ ગુજરાતના ખેડૂતોના અહિતની વાત એ કોંગ્રેસના આગેવાને કરી છે.(અંતરાય) પીવાના પાણીની અંદર આજ વર્ષે , એક જ વર્ષે અમારા પાણીદાર મંત્રીશ્રીએ ૫૩૪૪ ગામો અને બાવન જેટલા શહેરોમાં પાણી આપવાનું કામ ગુજરાતના ૧૮,૦૦૦ ગામોમાં લગભગ પૂરું કરવાની દિશામાં આગળ વધી રહયા છે.

આરોગ્યની દિશામાં અનેકવિધ કામો આ સરકારે કર્યા છે. સરકારની વાતની અંદર પણ ૧-ર મિત્રોએ કહ્યું છે સરકારમાં રાજકારણ ચાલે છે, સરકારીકરણ ચાલે છે. થોડીક બેંકોના નામ મારે દેવા છે. આ ગુજરાતની અંદર સી.આર.બી.નું કૌભાંડ થયું, પેટ્રોફીશનું ૪૫લાખનું કુલ મળીને ૧૦ર.૫૫કરોડનું કૌભાંડ આ ગુજરાતની ધ ારતી પર થયું. વિસનગર નાગરિક બેંક ઉઠી ગઈ, મહિલા નાગરિક બેંક ઉઠી ગઈ, હર સિદ્ધિ કો.ઓ.બેંક ઉઠી ગઈ, અમદાવાદ અર્બન બેંક ઉઠી ગઈ, સી.ટી.કો.ઓ. બેંક ઉઠી ગઈ. આમાંનો એક પણ આગેવાન અમારો નથી. આ જેટલા નામો હું બોલ્યો એમાં એક પણ આગેવાન અમારો નથી. મારે કહેવું નહોતું પણ આ તમામ આગેવાન કોગ્રેસના છે (અંતરાય) (ઘોંઘાટ) હું ગામડાંમાંથી આવું છું..અંતરાય..

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : પંચમહાલ કો.ઓ. બેંકમાં કોણ હતું?, ડાયમંડ કો.ઓ. બેંકમાં કોણ હતું? આણંદની બેંકમાં કોણ હતું એ બધી માહિતી આપો.

**અધ્યક્ષશ્રી** : તમારે કહેવાનું બધું પતી ગયું છે હવે એ જવાબ આપે છે..અંતરાય..

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, જોષીયારા સાહેબ કહે છે ખોટું બોલો છો કાલે ગૃહમાં એક એવી વાત કરી કે રાજય સરકારે મારા મત વિસ્તારમાં જ્યોતિ ગ્રામમાં એક પણ ગામ લીધું નથી આજે સવારે મેં આંકડા મેળવ્યા. ર૭ ગામ છે. ર૭ ગામમાં જ્યોતિ ગ્રામ યોજના પૂરી થઈ ગઈ છે. રર ગામની અંદર (અંતરાય) મારી પાસે યાદી છે હું વાંચી સંભળાવું?

**અધ્યક્ષશ્રી** : ના.નથી વાંચવું.

**શ્રી રમણલાલ વોરા** : ર૭ ગામો જયોતિગ્રામ યોજનામાં પૂરા થયા છે. રર ગામો ફેબ્રુઆરીમાં પૂરા થવાના છે. બધા સરપંચને મેં ટેલિફોન કરીને પૂછયું તમારા ગામમાં જયોતિ ગ્રામ થયું છે કે કેમ? બધા સરપંચે હા પાડી. મેં કહ્યું તમારા ધારાસભ્યશ્રીએ ગઈકાલે ના પાડી છે. તો એમણે કહ્યું બે વર્ષથી દેખાયા નથી. આ સાચાની વાત કરે છે. ગ્રામ વિસ્તારની અંદર ગામ હોય, ગામથી ર૦૦-૫૦૦ મીટર દૂર શાળા હોય, ૫-૦૦ વાગે શાળા છૂટે, બાળકો આનંદમાં હોય, કોઈ દફતર વીંઝે, કોઈ થૂંકે, કોઈ કોઈને ગાળો બોલે, કોઈ વાત કરે. આપણે બધા આમાંથી પસાર થયા છીએ. આવા એક ગામમાં છોકરા છૂટ્યા અને એક માતાજીની દેરી રસ્તામાં આવતી હતી. એક છોકરાએ કહ્યું કે આ દેરી ઉપર જે પથ્થર નહીં મારે એ આવતા જન્મમાં ગધેડો થશે. બધા છોકરાને ફરજ પાડી. બધા છોકરાએ તાકી તાકીને, ધારીધારીને માતાજીની દેરી ઉપર પથ્થર માર્યો. એક છોકરાને થયું માતાજીની દેરી ઉપર પથ્થર મારવો ઠીક નથી. એણે જાણીબૂઝીને બાજુ ઉપર પથ્થર માર્યો. સાંજ પડી પેલો છોકરો ઘેર ગયો તો માતાજીની પધરામણી થઈ ગઈ, ધૂણવાનું શરૂ થઈ ગયું. બધા ઘરનાં ડરી ગયાં કે શું થયું તો કહે તારા છોકરાએ મને પથ્થર માર્યો એટલે તારા ઘેર આવી. પેલા છોકરાને બોલાવ્યો કે તેં આવું શું કામ

કર્યું? માતાજીને પથ્થર કેમ માર્યો? ત્યારે બાળકે કહ્યું મારી સાથેના બધાએ ધારીધારીને, તાકીતાકીને તમારી દેરી ઉપર પથ્થર માર્યો અને મેં જાણીબૂઝીને બાજુ ઉપર પથ્થર માર્યો તો પણ મારા ઘેર પધરામણી થઈ. માતાજીએ કહ્યું એટલા માટે કે આ બધા પથ્થર મારતા હતા એટલે હું ઉઠીને બાજુ ઉપર બેઠી હતી. એટલે તારા છોકરાનો પથ્થર ત્યાં વાગ્યો. જયાં માતાજી બાજુમાં બેઠેલ હતાં. ભારતીય જનતા પાર્ટી સરકારની સ્થિતિ એટલા માટે છે કે ભગવાકરણના નામે સરસ્વતી વંદનાનો ભૂતકાળમાં મિત્રોએ વિરોધ કર્યો છે. એસ.ટી. બસના કલરમાં વાંધો પડ્યો. હજુ તો આખી બસ પણ જોઈ નથી. કેસરી સાફો પહેરીએ તો પણ વાંધો પડ્યો, એટલા માટે કહ્યું કે માતાજીની પધરામણી જેવી વાત છે. જાણીબૂઝીને દેશમાં સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ માટેની વાત કરીએ તો પણ ભગવાકરણ સિવાય બીજુ કાઈ પણ દેખાતું નથી. આ ૩ દિવસની અંદર આ ખેડૂતોના હામીને જોઈ રહ્યો છું. આ લોકોએ ખેડૂતોની બહુ ચિંતા કરી. બીચારો ખેડૂત, બાપડો. ૩ દિવસ સુધી આ બધા મિત્રોને ખબર છે. મહેસાણાની અંદર તમે બધા જાણો છો. કિસાનોનું સંમેલન થયું. બે ટ્રક ભરીને જૂત્તાં મૂકીને ખેડૂતો નાઠા. આજે પણ જૂત્તાં પડયાં છે. આ ખેડૂતોની વાત કરવા વાળાને ખબર છે કે સ્વ.અમરસિંહ ચૌધરી હતા, તે વખતે ૧૯-૧૯ ખેડૂતોને ગોળીએ દીધા હતાં, ખબર છે ને. આ ગોળી દેવા વાળા લોકો જ્યારે ખેડૂતોની વાત કરે છે, ત્યારે પેલા બાપુએ કહ્યું તેમ;

*" હમ આહ ભી ભરતે હૈ તો હો જાતે હૈ હમ બદનામ*
*વોહ કત્લ ભી કરતે હૈ તો ઉનકી ચર્ચા ભી નહિ હોતી ".*

માનનીય અધ્યક્ષશ્રી, હું ખેડૂતોના કપાસની વાત કરું. મહારાષ્ટ્ર પેટર્નની વાત કરું. સી.જે. ચાવડા સાહેબે મહારાષ્ટ્ર પેટર્નમાં આવું થાય છે, ફલાણું થાય છે. આજદિન સુધીમાં મહારાષ્ટ્રમાં એના એક્ટ મુજબ ૨૦૦૦ ની સાલ સુધી આ લોકો ખેડૂતોના કપાસની ખરીદી કરતા હતાં. કયારેક કયારેક એવું બન્યું કે ગુજરાતમાં ભાવ વધારે હોય તો ત્યાં ખેડૂતોને વધારે ભાવ મળતા નહોતા. ૨૦૦૩ ની વાત કરું. જ્યારે ગુજરાતની અંદર ૨૧૬૫ ભાવ હતો ત્યારે મહારાષ્ટ્રમાં ૨૦૦૦ નો ભાવ હતો. ૧૬૫ વધારે. મહારાષ્ટ્રમાં ૨૭૦૦ નો ભાવ હતો ત્યારે ગુજરાતમાં ૨૯૮૫ હતો. આ ગઈ વખતે એમણે વાત કરી. તમે બધા જાણો છો. મહારાષ્ટ્રમાં ચૂંટણી હતી. માત્ર ચૂંટણીલક્ષી નિર્ણય હતો. ખેડૂતોના હામી થવાની ક્યાંય વાત નહોતી.

અત્યાર સુધીમાં રાજય સરકારે અધિકારી કક્ષાના લોકોએ ૮ પત્રો લખ્યા. રૂબરૂ મળ્યા. અમારા કૃષિ મંત્રીશ્રીએ પત્ર લખ્યા. બે વખત રૂબરૂ ગયાં. મુખ્યમંત્રીશ્રી બે વખત રૂબરૂ ગયાં. ૧૬ જેટલી રજૂઆત કેન્દ્ર સરકાર સમક્ષ કરવા છતાં કેન્દ્ર સરકારના પેટનું પાણી પણ હલ્યું નહિ. સી.જે. ચાવડાએ કહ્યું, ભૂતકાળની અંદર હું જ્યારે સહકાર મંત્રી હતો. અમે જ ખરીદી કરી હતી. શરત એટલી હતી કે કેન્દ્ર સરકાર આ વિષયમાં હા પાડે. કેન્દ્રના કાપડ મંત્રીએ આ વાત સ્વીકારી નથી, એટલા માટે ગુજરાતના ખેડૂતોને કપાસના ભાવ ઓછા મળેલ છે. જેની વાત આ મિત્રો કરી રહ્યા છે. આ ખેડૂતોની હિતની વાતો કરવા વાળા સાંભળે. મેં આગળ કહ્યું તેમ અપાર ભૌતિક સંપત્તિના મિત્રો ઉપભોક્તા થયા છે, ત્યારે ૧૯૯૯ થી ૨૦૦૦ ની સાલ સુધીમાં માત્ર ૧૨૦૬ ચેકડેમો હતાં. એ વખતે લોકભાગીદારી ૯૦:૧૦ ની હતી. ૯૦ રાજય સરકારના અને ૧૦ લોકભાગીદારીના તો પણ તમારા શાસનમાં ચેકડેમ ૧૨૦૬ જેટલા થયા. રાજય સરકારે ૮૦:૨૦ ની યોજના મૂકી. સૌરાષ્ટ્રમાં ૬૦:૪૦ ની યોજના અમલમાં મૂકી. ૧ લાખ ચેકડેમ પૂરા થયા. દોઢ લાખ કરવાનું રાજય સરકારનું આયોજન છે. સૌરાષ્ટ્રમાં ૮૦:૨૦ ની યોજના ચાલુ કરી છે.

માનનીય અધ્યક્ષ શ્રી, સિંચાઇમાં ખેડૂતો માટે ૧ લાખ ૩૭ હજાર ખેત તલાવડીઓ બનાવી, ૩૭ હજાર બોરીબંધ કર્યા, ૧૮ હજાર તળાવો ઊંડા કર્યા, નર્મદા યોજનાની વાત કરી છે. કોણ જાણે કયા સમયે આ પથરો મુકાયો અને ૪૪ વર્ષ સુધી હજુ મેળ પડતો નથી. આ કલ્પસર યોજનામાં આ સરકાર તેવું નથી કરવાની. સમય મર્યાદામાં કલ્પસર યોજના પૂરી કરવા માગે છે. જયોતિગ્રામની ઘણી બધી વાતો થઈ. ૧૯૯૫માં હું ઊર્જા વિભાગનો મંત્રી હતો. માનનીય વજુભાઈ સાહેબ કૅબિનૅટ મંત્રી હતાં. એક વખત અમે મારા મત વિસ્તારમાં સાત વાગ્યાના સમયે ગયાં તો એકીસાથે છોકરાઓએ બૂમ પાડી કે રમણભાઈ આવ્યા. મને થયું કે આપણી તો લોકપ્રિયતા વધી ગઈ. તો મને ખબર પડી કે હું ઊર્જામંત્રી હતો એટલે વીજળી આવે એટલે છોકરાઓ બૂમ પાડે કે રમણભાઈ આવ્યા, વીજળી જાય એટલે છોકરાં બૂમ પાડે કે રમણભાઈ ગયાં. સાત વાગે વીજળી મળતી નહોતી. સમાચાર જોઈ શકાતા નહોતા. તે વખતે લોડ શેડીંગ ચાલું થતું હતું. લોકો એક જ કહેતા હતાં કે માત્ર વાળુંપાણી થાય એટલી તો વાત રાખો. સવારે દૂધના ફેટ નીકળે એટલી તો વાત રાખો. ૭૧૦૦ ગામડાંઓમાં ૨૪ કલાક જયોતિગ્રામની વાત કરી છે. અમારા ઊર્જામંત્રી શ્રીએ વાત કરી છે. સીમાડાના ૮૦ ટકા લોકો ખેતરમાં રહે છે. અરે, ભાઈ ૮૦ ટકા લોકો શું કરવા, રાતે એવું તો શું છે કે બધાએ ખેતરમાં જવું પડે. કોઈ પ્લેગ થયો છે. હું ગામડાંનો માણસ છું જશાભાઈ. બધી વાત સાંભળવા ટેવાયેલો નથી. જયોતિગ્રામમાં ૨૪ કલાક થ્રી ફેઝ વીજળી આપ્યાં પછી આ ખેતરમાં રહેતા ખેડૂતોની વાત અમારી સરકારે સ્વીકારી છે અને સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો છે કે ખેતરમાં સિંગલ ફેઝ વીજળી આપવાની છે. માનનીય ઊર્જામંત્રીશ્રીએ એમના જવાબમાં મંજૂરી આપી છે, સૈદ્ધાંતિક મંજૂરી આપી છે કે આગામી દિવસોમાં ખેતરમાં રહેતા લોકા માટે સિંગલ ફેઝ વીજળી રાજય સરકાર

આપશે. ખેડૂતોને ૨૦૦૦ કરોડ રૂપિયાની સબસીડી આપી છે. આ જ વર્ષે ૮૭૪.૫૪ કરોડ પાક વીમાના ખેડૂતોને આ સરકારે આપ્યાં છે.

હું આજે છાપામાં જોતો હતો. ગઈકાલે એક બીલ આવ્યું. માનનીય અમિત ભાઈ શાહ લાવ્યા હતાં. સમાજ સુરક્ષાની આખા બીલમાં કયાંય વાત નથી. પણ આજે છાપામાં જુદું જોયું છે. અમે ૧૯૯૫માં આવ્યા તે પહેલાં... હું અમદાવાદ શહેરનો છું. મને ખબર છે. છ મહિને, બાર મહિને બિચારો દલિત સમાજ, બિચારો મજૂરીયો વર્ગ ક્યાંક દારૂ પીવે, ક્યાંક લઠ્ઠો પીવે, આમ છ-બાર મહિને લઠ્ઠો થાય એટલે સરકારના મંત્રીશ્રી આવે અને ૨૦ હજારનો ચેક આપી જાય અને કહે કે લો તમે આ ગાંધીજીના ગુજરાતની અંદર તમે નશાબંધીનો ભંગ કર્યો છે, તમે લઠ્ઠો પીધો છે, તમારું ઘર બેહાલ થયું છે તેના આ ૨૦ હજાર લો. ભારતીય જનતા પાર્ટીની સરકારે આવું નથી કર્યુ. લઠ્ઠો બંધ કર્યો છે. તેની સામે ખેડૂતો અને ખેત મજૂરો જે ખેતીના કામ કરતા હોય અને તેમનું અકાળે અવસાન થાય તો એક લાખ રૂપિયાનું વીમાનું સુરક્ષા કવચ આપ્યું છે.

માનનીય અધ્યક્ષ શ્રી, સોઈલ હેલ્થ કાર્ડ, આખા દેશમાં ગુજરાતે સોઈલ હેલ્થ કાર્ડ પહેલાં.. અમારા કૃષિ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહજીને વિચાર આવ્યો કે આવું કામ થઈ શકે. આ સરકારે આ કામની અંદર બે લાખ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપી દીધા છે. વાઈબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમો થયા. ખેતી આધારિત, ગામ આધારિત અનેક એમ.ઓ.યુ. સાઈન થયા. પરંતુ તે દિવસે માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈએ ટપક સિંચાઇ પદ્ધતિ માટે ૧૫૦૦ કરોડ રૂપિયા ગુજરાતના ખેડૂતોને આપવાની જાહેરાત કરી. સાથે સાથે પશુપાલનની વાત કરી. અત્યાર સુધીમાં ૨૭૦૦ જેટલા પશુ મેળા કરીને આરોગ્ય સુધારણાની વાત કરી છે. મેં કહ્યું તે પ્રમાણે ૧૯૮૭માં સ્વ.અમરસિંહ ભા ઈના રાજની અંદર ૧૯ ખેડૂતોને ગોળીએ દીધા હતાં તેમને એક પણ નવા પૈસાનું વળતર આપ્યું નથી. દસ વર્ષ પછી ભારતીય જનતા પાર્ટીની સરકારે ૧૯ એ ૧૯ શહીદોને એક લાખ રૂપિયાનું વળતર આપ્યું છે. ખેડૂતપોથી આપી છે. જૂની શરતમાંથી નવી શરતનો કાયદો કર્યો છે. ટ્રેકટરને આધુનિક બળદગાડું તે ભારતીય જનતા પાર્ટીની સરકારની દેન છે. આઠ કિલોમીટરનો કાળો કાયદો આ સરકારે રદ કર્યો છે. આ સરકાર તે ખેડૂતોની સરકાર છે અને ખેડૂતોના દુઃખોનું નિવારણ કરવાવાળી સરકાર છે. એટલા માટે આ બધા ગણાવ્યા તેટલા બધા કામો ખેડૂતો માટે કર્યા છે.

વિરોધપક્ષના નેતાશ્રીએ એક વાત કરી કે, અમારા ભૂતપૂર્વ વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, રાજધર્મ નિભાવો, મિત્રો, આ રાજધર્મ માનનીય નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં નિભાવ્યો અને રાજધર્મ નિભાવવાના કારણે એ પછીની પહેલી વિધાનસભાની ચૂંટણી ૨૦૦૨માં થઈ ત્યારે ૧૨૭ બેઠકો સાથે અમે હેટ્રિક મેળવી, એમ પણ કહ્યું કે તમે સ્વપ્ન વેચો છો, માનનીય અધ્યયક્ષશ્રી, ગુજરાતમાં કોંગ્રેસ કરતાં ભાજપની સીટો પાર્લામેન્ટમાં વધારે છે, આખા દેશમાં ભાજપ કરતાં સાત બેઠક વધારે છે અને જ્યારે સ્વપ્નો વેચવાની વાત ચાલે છે, ત્યારે ૨૦૦૨ની ચૂંટણી વખત માનનીય અર્જુનભાઈ અને એમના બધા નેતાઓએ બધાને કહ્યું કે, ભાઈ, ઝભ્ભા સિવડાવી રાખો, હવે અમે સત્તા ઉપર બેસીશું, માનનીય ડો. ચંદ્રિકાબહેનને પૂછો, એમને ચૂંટણી નહોતી લડવી તો કહે કે ના, ના, હવે અમે સત્તા ઉપર આવવાના છીએ, તો આ સ્વપ્નાં વેચવાનું કામ કોંગ્રેસે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતાશ્રીએ એક ઓફિશિયલ સિક્રેટ એકટની વાત કરી, અને એમને એની સાથે સાથે લોકશાહીની પણ વાત કરી , છાપાના લોકશાહીની વાત કરી,પણ વિપક્ષના નેતાશ્રીને ખબર હોવી જોઈએ કે અલહાબાદ હાઈકોર્ટનો ચુકાદો આવ્યો અને * (XXX) ૬ વર્ષ માટે બરતરફ કર્યા અને એ વખતે...

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં વાત કરવી હોય તો ગૃહમાં હાજર હોય એની વાત કરે, એનો સંદર્ભ લઈને, (XXX) નામનો સંદર્ભ લઈને વાત ન કરી શકાય.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું હાઈકોર્ટના ચુકાદાની વાત કરું છું.

**અધ્યક્ષશ્રી** : હાઈકોર્ટના ચુકાદાની વાત ચાલે છે. એમની વાત નથી, ચુકાદાની વાત છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી, એ વખતના બનાવની વાત કરે પણ એની સાથે (XXXX) નામે વાત ન કરી શકે.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ચુકાદાના કારણે....

## પોઈન્ટ ઓફ ઓર્ડર
## શબ્દ દૂર કરવા અંગે

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે, કે (XXX) નામે વાત અહીયાં ના થઈ શકે.

**અધ્યક્ષશ્રી** : નહીં, ચુકાદાની વાત છે...

* (xxxx) આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય સભ્યશ્રી હાઈકોર્ટના ચુકાદાની વાત કરે એમાં અમને વાંધો નથી પણ (XXX) નામે વાત કરે એ તો...

**શ્રી રમણલાલ વોરા** : ચુકાદાની વાત છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે ટીકા નથી કરી, એમણે એ વખતના, કટોકટી વખતના તત્કાલીન, કટોકટી લાદી ત્યારે તત્કાલીન વડાપ્રધાનનું નામ દીધું છે અને એ દઈ શકાય.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ વાત ન થઈ શકે, સ્વર્ગસ્થ વડાપ્રધાનના નામે કોઈ એમની ટીકાટીપ્પણ સાથેની કોઈ વાત ન કરે, એ વખતના બનાવની વાત કરે, એ વાત જુદી છે, અમે તો માત્ર ગોધરાવાળીની વાત કરી હતી એ રદ કરાવી હતી, ગોધરાવાળીના નામે કોઈ કેસ થયેલ નથી પણ મેં પણ એટલી વાત કરી એમાં આપે એ શબ્દો રદ કરાવ્યા હતાં, માનનીય અધ્યક્ષશ્રી, *(**) બાયસ આ રીતે ન થઈ શકાય, આપે બરોબર બેલેન્સ થઈને વાત... ચુકાદો... આપે એમને કહેવું જોઈએ.

**અધ્યક્ષશ્રી** : હજી મેં નિર્ણય નથી આપ્યો અને તમે આ વાત નહીં કરી શકો મને, હું (**)બાયસ છું એવું આપ ન કહી શકો, નહીં.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : હું એ શબ્દો પાછા ખેંચું છું.

**અધ્યક્ષશ્રી** : આપ સભાનપણે બોલો.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એટલી જ છે કે, આપે અગાઉ રદ કર્યા હતાં શબ્દ, તો આ શબ્દમાં એ ધોરણે વાત થવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : પણ તમે મને ન કહી શકો, (**) બાયસથી.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : મેં આપનું ધ્યાન દોર્યુ છે.

**અધ્યક્ષશ્રી** : આપ (**) બાયસ છો એવું મને નહીં કહી શકો, આ ટોટલ જે બનાવની વાત છે, જે હાઈકોર્ટના નિર્ણયની વાત છે એ વાત બધી ચાલુ રહેશે પણ એમાંથી (XXX) એ શબ્દો દૂર કરવામાં આવે છે.

**રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)**(ક્રમશ:)

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો આશય એમની માનહાનિ થાય એવો ન હતો છતાં એમને દુ:ખ લાગે તો દિલગીરી વ્યક્ત કરું છું, એમાં કઈ ખોટું નથી. મારું કહેવાનું એટલું જ છે કે, ૧૯૭૫માં સમગ્ર દેશમાં કટોકટી લદાઈ, દેશના તમામ નેતાઓ જેલભેગા થયા, સેન્સરશિપ લાગી, મીડીયા ઉપર રોક આવી અને વિપક્ષના નેતાશ્રી એમ કહે કે છાપાની સ્વતંત્રતા જાળવો, એ સિવાય રાજય નહીં થઈ શકે, ૧૯૭૫માં કયાં ગયાં હતાં? અમદાવાદ શહેરમાં મોટા છાપાને આગ લગાડવાનું કામ કોણે કર્યુ હતું? આ લોકશાહીની અને છાપાના સ્વતંત્રતાની વાત કેવી રીતે ચાલે છે? કાયદો અને વ્યવસ્થાની વાત પણ થઈ, ત્યારે મારે એટલું જ કહેવું છે કે, મહમદભાઈ સુરતી કોણ હતાં? મિ. પીરઝાદા કોણ હતાં? ઈઝુ શેઠ કોણ હતાં? લતીફ કોણ હતો? એને ટિફિન કોણ પહોંચાડતું હતું? ગુજ્જુખાન પઠાણ યુવા કોંગ્રેસના મહામંત્રી, એક સાથે બાર દલિતોને કોણે સળગાવ્યા હતાં? આજે આ સરકારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની અંદર બધા જ દાદાઓ ભૂગર્ભમાં ગયા છે. અત્યાર સુધીમાં સાત કરતા વધારે સ્થળોએ આતંકવાદીઓનો ખાત્મો બોલાવવાનું કામ આ સરકારે કર્યુ છે અને અમારી સરકાર જ્યારે આ કામ કરી રહી છે ત્યારે અમારી સરકાર ગરીબોની સરકાર છે. વંચિતોના વિકાસને વરેલી સરકાર છે એટલા માટે અમે જે કંઈ પણ નિર્ણય કરીએ છીએ તે ગરીબોને ધ્યાનમાં રાખીને કરીએ છીએ. અત્યાર સુધીમાં મેં આગળ કહ્યું તે પ્રમાણે

વિવિધલક્ષી ગરીબી નિવારણના કાર્યક્રમમાં અમારી સરકારે સો ટકા સિદ્ધિ મેળવી છે. હમણાં સફાઈ કામદારો માટે પચાસ હજાર રુપિયાનું વીમાનું સુરક્ષા કવચ આપ્યું છે, ૩૬ લાખ કુટુંબોને અમે ઘઉં અને ચોખાનું વિતરણ કર્યુ છે. ખેત-તલાવડીમાં માનવદિનનું કામ ઉભું કરીને ગરીબોને રોજગારી આપવાનું કામ કર્યુ છે. ૫૩ લાખ કુટુંબોને આવાસ આપવાનું કામ આ રાજય સરકારે કર્યુ છે. ગુજરાતના ખેડૂતો, ખેત મજૂરો, આંગણવાડીના કાર્યકર્તાઓ અને લગભગ પચાસ ટકાથી વધારે લોકોને વીમાનું કવચ આ સરકારે આપ્યું છે. આદિવાસી માટેની અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ આ સરકારે કરી છે. માનવ ગરિમા યોજના હોય, સરસ્વતી સાધના યોજના હોય, ગણવેશ વિતરણ હોય, શિષ્યવૃત્તિ હોય, ખેત મજૂરોનો વીમો હોય એવા અનેકવિધ ક્ષેત્રે માત્રને માત્ર ગરીબોને ધ્યાનમાં રાખીને આ સરકારે કામગીરી કરી છે ત્યારે માનનીય શંકરભાઈ ચૌધરી મહામહીમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને ફરીથી મારું સમર્થન આપું છું. આભાર.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીએ જે પ્રવચન કર્યુ તે અંગેનો આભાર પ્રસ્તાવ લઈને હું આ સભાગૃહમાં આવ્યો અને આ પ્રસ્તાવ અંગે માનનીય મંત્રીશ્રી

* (***) આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

અશોકભાઈ ભટ્ટ, માનનીય વિપક્ષના નેતા શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા અને આ સભાગૃહના ૫૬ જેટલાં સન્માનનીય સભ્યશ્રીઓએ તેમના પોતાના મંતવ્યો રજૂ કર્યા તે અંગેના ઉપસ્થિત થયેલા પ્રશ્નોનો જવાબ આપી માનનીય મંત્રીશ્રી રમણભાઈ વોરાએ પ્રકાશ પાડ્યો. આ ગૃહના તમામ પ્રસ્તાવમાં ભાગ લેનારા સભ્યશ્રીઓનો હું હ્દયપૂર્વક આભાર માનું છું. સૌ કોઈ સભ્યશ્રીઓના વિચાર, મંતવ્ય અલગ અલગ હોઈ શકે પરંતુ આખરે ગુજરાતની પ્રગતિ કેવી રીતે થઈ શકે તે ચિંતા વિપક્ષ અને શાસક બન્ને પક્ષના સભ્યશ્રીઓની હોય છે અને આખરે બધાજ ગુજરાતની પ્રગતિ ઇચ્છતા હોય છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે ગુજરાત પ્રગતિ કરી રહ્યું છે ત્યારે મારે આ સભાગૃહના તમામ સન્માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે, આપણે સૌ સાથે મળીને સન્માનનીય રાજયપાલશ્રીએ જે આપણાં બધાની વચ્ચે આવીને, આ સભાગૃહમાં આવીને જે પ્રવચન આપ્યું છે તેનો આભાર પ્રસ્તાવ લઈને આવ્યો છું તેને આપ સૌ વિના વિરોધે મંજૂર કરો તેવી પ્રાર્થના કરું છું.

**સુધારા ક્રમાંક ૧ થી ૩, ૫ થી ૭, ૧૦, ૧૩ થી ૧૬, ૧૮,૧૯, ૨૨, ૨૩, ૨૫ થી ૨૭ અને ૨૯ મત માટે મૂકવામાં આવ્યા અને નામંજૂર કરવામાં આવ્યા.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૩૬ વાગ્યે પૂરું થતાં, સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર,તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૫ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

-------

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૫**
**ફાલ્ગુન ૫, ૧૯૨૬ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

## પૂરક * માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

### સામાન્ય વહીવટ વિભાગ
### પૂરક માગણી ક્રમાંક: ૩૪

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગને લગતી, સામાન્ય વહીવટ વિભાગને લગતા અન્ય ખર્ચ અંગેની મહેસૂલી ખર્ચ માટે રૂ.૯૩,૩૯૦૦૦ની પૂરક માગણી ક્રમાંક-૩૪ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક : ૩૪ રજૂ કરવામાં આવી.

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક :૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરવામાં આવી.

**શ્રી શંકરભાઈ મં. વારલી** : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક :૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૩ રજૂ કરવામાં આવી.

### ગૃહ વિભાગ
### પૂરક માગણી ક્રમાંક: ૪૨

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગને લગતી, પોલીસ સેવા અંગેની મહેસૂલી ખર્ચ માટે રૂ.૧૬,૬૦,૬૪,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક- ૪૨ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક : ૪૨ રજૂ કરવામાં આવી.

**શ્રી બળદેવજી ચં. ઠાકોર** : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરવામાં આવી.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક :૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરવામાં આવી.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક :૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરવામાં આવી.

**શ્રી પુનાભાઈ ધે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરવામાં આવી.

**શ્રી શંકરભાઈ મં. વારલી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરવામાં આવી.

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક:૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરવામાં આવી.

**શ્રી પુનાભાઈ ધે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરવામાં આવી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક:૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ રજૂ કરવામાં આવી.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક:૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરવામાં આવી.

### ઉદ્યોગ અને ખાણ વિભાગ
### પૂરક માગણી ક્રમાંક: ૪૯

---

* (પહેલા દિવસની પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલાં માનનીય નાણા મંત્રીશ્રીએ સને ૨૦૦૪-૨૦૦૫ના વર્ષ માટેની અનુદાન માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજયપાલશ્રીની સિફારશ વાંચી સંભળાવી)

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતી, ઉદ્યોગો અંગેની સેવાને લગતી મહેસૂલી ખર્ચ માટે રૂ.૨,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂ.૧,૨૧,૭૩,૦૨,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક-૪૯ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક : ૪૯ રજૂ કરવામાં આવી.

## શિક્ષણ વિભાગ
## પૂરક માગણી ક્રમાંક:૮

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગને લગતી શિક્ષણ સેવા અંગેની મહેસૂલી ખર્ચ માટે રૂ.૩,૮૮,૫૮,૫૪,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક :૮ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક : ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક: ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરું છું

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક: ૨૦ રજૂ કરું છું

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી અનિલકુમાર મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક: ૨૧ રજૂ કરું છું

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૧ રજૂ કરવામાં આવી.**

## નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
## પૂરક માગણી ક્રમાંક: ૬૭

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગને લગતી, પાણી પુરવઠો સેવા અંગેની મૂડી ખર્ચ માટે રૂ. ૧૫,૩૯,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક ૬૭ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક : ૬૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક: ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૨ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૪-૨૦૦૫ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી ગુરુવાર, તા.૨૪-૨-૨૦૦૫(પહેલી બેઠક) (પહેલો દવિસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | સામાન્ય વહીવટ વિભાગ<br>માગણી નં.૩૪ | |
| ૧.* | ૨૦૭૦-અન્ય ..... સેવાઓ<br>૦૦૩-તાલીમ<br>(૦૫) રાજય ..... તાલીમ<br>રૂા.૩૦,૮૮,૦૦૦<br>પૂરક પત્રક પા. નં.૮૨ | ૧૦૦ | સરકારી અધિકારી/કર્મચારીઓને તાલીમ આપવા માટે ગોઠવાતા કાર્યક્રમ અંગેના ખર્ચના યોગ્ય અંદાજ નકકી કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨. | --"-- | ૧૦૦ | સરકારી અધિકારી/કર્મચારીઅ ોને | ડૉ. સી.જે.ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | અપાતી તાલીમ પાછળ થતા બેફામ ખર્ચાઓ ઉપર અંકુશ રાખવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩. | --"-- | ૧૦૦ | સરકારી અધિકારી/કર્મચારીઓને તાલીમ આપવા છતાં વહીવટી તંત્રને સુદ્રઢ બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શંકરભાઈ વારલી |
| **ગૃહ વિભાગ**<br>**માગણી નં.૪૨** | | | | |
| ૪. | ૨૦૫૫- પોલીસ<br>૧૦૧- ગુનાશોધ .... તકેદારી<br>૦૧- છૂપી ..... ખાતું<br>રૂા.૪૯,૫૮,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૯૩ | ૧૦૦ | ગુનાહીત પ્રવૃત્તિઓ ઉપર ચાંપતી નજર રાખવામાં તથા આવી પ્રવૃત્તિ આચરનારા તત્વોને સકંજામાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બળદેવજી ઠાકોર |
| ૫.* | --"-- | ૧૦૦ | ગુનાહીત કેસોમાં યોગ્ય પુરાવાઓ મેળવી તેનો સત્વરે નિકાલ કરાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૬. | --"-- | ૧૦૦ | કોમી તનાવો પેદા કરતી બેનામી ઉશ્કેરણીજનક પત્રિકાઓ છપાવતા ઈસમો સામે સખતાઈથી પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમાધુભાઈ ભોયે |
| ૭. | ૨૦૫૫-પોલીસ<br>૧૦૯-જિલ્લા પોલીસ<br>૦૧- જિલ્લા ....ખુદ<br>રૂા.૧૦,૪૦,૬૫,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૯૪ | ૧૦૦ | પોલીસ તંત્રમાં વ્યાપેલી શિથિલતા સત્વરે દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૮. | ૨૦૫૫-પોલીસ<br>૧૦૯-જિલ્લા પોલીસ<br>૦૧- જિલ્લા ...... ખુદ<br>રૂા.૧૦,૪૦,૬૫,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૯૪ | ૧૦૦ | લોકોના દુ:ખ, દર્દ દૂર કરવાના નામે બજારમાં ખુલ્લેઆમ દુકાનો લગાવી ભોળી પ્રજાને છેતરતા તાંત્રિકો સામે યોગ્ય પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૯. | --"-- | ૧૦૦ | મુઠ-ચોટ-વશીકરણ જેવી જાહેરખબરો અખબારોમાં પ્રસિધ્ધ કરી પ્રજાને છેતરી ગુનાહીત પ્રવૃત્તિ આચરતા તત્વોને જેર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શંકરભાઈ વારલી |
| ૧૦. | --"-- | ૧૦૦ | જાહેર માર્ગો/રસ્તા પરથી પસાર થતી મહિલાઓના ગળામાંથી સોનાના ચેઈનની ખુલ્લેઆમ ચીલઝડપ કરતા ઈસમોને પકડી તેની સામે સખતાઈથી પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મનહરલાલ મકવાણા |
| ૧૧. | --"-- | ૧૦૦ | ધાડ-લૂંટ-બળાત્કાર અને ચોરી જેવા બનાવોની દિનપ્રતિદિન વધતી જતી સંખ્યા અટકાવવા પોલીસ પેટ્રોલિંગ સઘન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીપુનાભાઈ ગામીત |
| ૧૨. | --"-- | ૧૦૦ | પોલીસ સ્ટેશનોમાં નિર્દોષ માનવીઓને થતી હેરાનગતિ રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૧૩. | --"-- | ૧૦૦ | મહિલાઓ ઉપર પુરુષ પોલીસ દ્વારા થતો બળપ્રયોગ અને અભદ્ર વ્યવહાર નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા |
| ૧૪.* | ૨૦૫૫-પોલીસ<br>૧૦૯-જિલ્લા પોલીસ<br>૦૯- પોલીસ...... ઉપયોગ<br>રૂા.૫,૭૦,૪૧,૦૦૦ | ૧૦૦ | પોલીસ ખાતા દ્વારા બોર્ડર વીંગ હોમગાર્ડનો પૂરતો ઉપયોગ થાય તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | |

| | | | | |
|---|---|---|---|---|
| | પૂરક પત્રક પા.નં.૯૪ | | | |
| | **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>**માગણી નં.૪૯** | | | |
| ૧૫.* | ૨૮૫૧-ગ્રામ અને લઘુ ઉદ્યોગો<br>૧૦૨- લઘુ ઉદ્યોગો<br>(૧૫) -આઈએનડી-૭<br>મીઠા ઉદ્યોગનો વિકાસ<br>રૂા.૧,૦૦૦<br>પૂરક પત્રક પા. નં.૧૦૩ | ૧૦૦ | મીઠા ઉદ્યોગ સાથે સંકળાયેલા અગરીયાઓને પૂરતી સવલતો સમયસર અપાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૬.* | ૨૮૫૨- ઉદ્યોગો<br>૮૦ -સામાન્ય<br>૮૦૦- અન્ય ખર્ચ<br>(૨૪)આઈએનડી-૫ ઔદ્યોગિક .... પ્રયત્નો<br>રૂા.૧,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૧૦૪ | ૧૦૦ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોનું આધુનિકરણ કરવા છતાં તેના લાભો ઉદ્યોગકારોને સરળતાથી અપાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| | **શિક્ષણ વિભાગ**<br>**માગણી નં.૮** | | | |
| ૧૭. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રારંભિક શિક્ષણ<br>૧૦૬-શિક્ષકો.... સેવાઓ<br>૦૬-પ્રાથમિક .... અનુદાન<br>રૂા.૨,૨૫,૩૪,૦૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૩૦ | ૧૦૦ | પ્રાથમિક શિક્ષણ માટે નિભાવ અનુદાન પેટે પૂરતી રકમ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૧૮. | --"-- | ૧૦૦ | સમયસર અભ્યાસક્રમ પૂરો ન કરાવતા પ્રાથમિક શિક્ષકો સામે યોગ્ય પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| ૧૯.* | --"-- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં પૂરતા પીરીયડો ન લેતા શિક્ષકો સામે પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૦. | --"-- | ૧૦૦ | શાળાઓમાં શિક્ષકોની અપૂરતી હાજરી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મનિષ ગિલીટવાલા |
| ૨૧. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૨-માધ્યમિક શિક્ષણ<br>૧૧૦-બિન.... સહાય<br>૧૩- કોમ્પ્યુટર.... અભ્યાસ<br>રૂા.૧,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૩૦ | ૧૦૦ | બિન સરકારી માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટરોના ટ્રેઈન્ડ શિક્ષકો ન હોવાથી વિદ્યાર્થીઓ પાસેથી ફી લેવા છતાં તેઓને કોમ્પ્યુટરને લગતું યોગ્ય જ્ઞાન અપાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અનિલકુમાર પટેલ |
| | **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**<br>**માગણી નં.૬૭** | | | |
| ૨૨. | ૪૨૧૫-પાણી.... જોગવાઈ<br>૧૦૨-ગ્રામીણ... પુરવઠો<br>(૩) ડબલ્યુ.એસ.એસ.૨-ત્વરીત.....યોજના<br>રૂા.૧૫,૩૯,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૧૪૩-૧૪૪ | ૧૦૦ | અછતગ્રસ્ત ગામોમાં ઉનાળામાં પીવાનું પાણી સરળતાથી મળે તે અંગેનું આગોતરું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુંજાભાઈ વંશ |
| ૨૩.* | --"-- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં પીવાના પાણીની કાયમી તંગી નિવારવા અંગેનું સુદ્રઢ આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | |

- આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નહીં.

## માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત
## પૂરક માગણીઓ પરની ચર્ચાની મર્યાદા અંગે

**અધ્યક્ષશ્રી** : ચર્ચા કરતાં પહેલાં એક જાહેરાત કરું છું. પૂરક માગણીઓ ઉપર સભાગૃહમાં ચર્ચા કરવા માટે બે દિવસ ફાળવવામાં આવ્યા છે. આ ચર્ચા દરમિયાન માનનીય સભ્યશ્રીઓએ ચર્ચાની મર્યાદાનો ખ્યાલ રાખવો જરૂરી છે. આ વિશે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૩) તરફ માનનીય સભ્યશ્રીઓનું ધ્યાન દોરું છું. આ જોગવાઈ મુજબ પૂરક માગણીઓ પરની ચર્ચા કરતી વખતે મૂળ ગ્રાન્ટ કે તે ગ્રાન્ટને લગતી નીતિ પર ચર્ચા ન કરતાં જે બાબતોને લગતી પૂરક માગણીઓ હોય તે બાબતો પૂરતી જ ચર્ચા મર્યાદિત રાખવી જોઈએ. નવી સેવાઓ બાબતે ધ્યાન દોરવાનું કે તે અંગેની અનુસૂચિ માનનીય સભ્યશ્રીઓને પૂરી પાડવામાં આવી છે. નવી સેવાઓને લગતી માગણીઓના સંબંધમાં નીતિનો પ્રશ્ન ઉપસ્થિત કરી શકાય પરંતુ આ પ્રશ્ન જે બાબત ઉપર સભાગૃહનો મત લેવાનો છે તે બાબત પૂરતી મર્યાદિત રાખવી જોઈએ. માનનીય સભ્યશ્રીઓ તેમના મંતવ્યો રજૂ કરતી વખતે આ વાત ખાસ ધ્યાનમાં રાખશે એવી હું આશા રાખું છું.

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) ક્રમશઃ

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ ૨૦૦૪-૦૫માં ૩૧,૮૨૫ કરોડ ૧૬ લાખ ૩૧ હજાર રૂપિયાનું ફેરફાર કરેલું અંદાજપત્ર રજૂ કર્યુ હતું. આ બજેટ ઉપર નાણામંત્રીશ્રીએ આ વર્ષે ૯૭ લાખ ૪૭ હજાર કરોડ ૪૫ લાખ ૫૯ હજારની પૂરક માગણી મૂકેલી છે. આમ તો આ બજેટની અંદર જે પૂરક માગણીમાં જે બતાવેલું છે કે ૩૨૯૦કરોડનો બોજો આ બજેટ ઉપર પડવાનો છે. મારો અંદાજ મુજબ આ બજેટ જે ૩૧,૮૨૫ કરોડ હતું એ ૩૭હજાર કરોડ થશે, એવું મારું માનવું છે. બજેટના કદની અંદર આટલો મોટો જે વધારો મૂકેલો છે, એ ૧૯ ટકાથી વધુ આ કદની અંદર થશે. માનનીય નાણામત્રીશ્રીને મારે એ કહેવું છે કે જો ખરેખર બજેટની અંદર પહેલેથી જ આ કરી દીધું હોય તો અને આટલો બધો વધારો પહેલેથી જ મૂકયો છે એ મને લાગે છે કે એ વર્ષો મુજબની આપણી ટેવ છે એ પ્રમાણે આપણે કરી રહ્યા છીએ. તો એ વખતે ખરેખર આપણને એમ થાત કે આટલું મોટું બજેટ મૂકી શક્યા હોત. જ્યારે ૯૭૪૭.૪૬ કરોડની એટલે કે ૪૫.૩૨ ટકા જેટલી માગણીઓ વિધાનસભામાં મત માટે મૂકી છે. તેમ છતાં માત્ર આ રકમ મત માટે મૂકી ત્યારે ૫૫ ટકા જેટલી રકમ બિન મત માટે હોઈ, ધાર્યા કરતાં વધારે બજેટ અહીંયા મૂકી શક્યા હોત. પરંતુ વિકાસલક્ષી ખર્ચ ઓછો દર્શાવવા માટે આ કરેલું છે.

ઘણીવાર આપણને એમ થાય કે આની જે માગણીઓ છે એ ૧૫૦૦ કરોડ રૂપિયા ભારતીય રિઝર્વ બેંક તરીકે સાધનોના પાયાના પેન્શનની પરત ચૂકવણી માટે નાણામંત્રીશ્રીએ મૂક્યા છે. જે ૧૫.૩૯ ટકા થાય. આપણે કહીએ છીએ કે ઓવર ડ્રાફટ લીધો નથી પણ ભારતીય રિઝર્વ બેંકના જે છે એ બતાવે છે કે આપણે ૧૫૦૦ કરોડ રૂપિયા ઓવર ડ્રાફટના નામે લીધા છે. ૧૯૨૭ કરોડ નાની બચતના ઊંચા વ્યાજની લોનને નીચા વ્યાજમાં સંતુલિત કરવા માટે આપણે લીધા છે એ પણ ૧૯.૭૭ ટકા જેટલા થાય છે. ૧૧૪૬ કરોડ ભારત સરકારની ઊંચા વ્યાજની લોનને નીચા વ્યાજમાં તબદીલ કરવાના જે આપવાના થાય છે એ ૧૧.૯૭ ટકા જેટલા થાય છે. ૧૨૦૫ કરોડ સરદાર સરોવર પ્રોજેકટ માટે એ.આઈ.બી.પી. નાબાર્ડની લોન માટેના આપવાના થાય છે એ ૧૨.૩૭ ટકા થાય છે. ૨૪૮.૫૭ લાખ જી.આઈ.સી.ની સહાય અંગેના છે એ પણ ૨.૫૦ ટકા થાય છે. એ બધા જ ખર્ચનો અંદાજ પૂરક માગણીમાં બતાવ્યો છે એ ખોટી રીતે અને ગેરમાર્ગે વિકાસલક્ષીના પ્રયત્નો, એ બધો જ ખર્ચ બિન વિકાસલક્ષીનો અહીંયા સાબિત થાય છે. પૂરક માગણીમાં રાજય સરકારનું ૩૦૦૫.૫૫ કરોડનું રાજયનું કદ વધ્યું છે. એના લીધે રાજયનું બજેટ ઘણું મોટું થઈ જાય છે. એમ પૂછવાનું મન થાય કે એકવાર સરકાર જ્યારે જાહેરાત કરે કે સાત ફેરા સમૂહલગ્નના યોજના માટે ૩૧ લાખ ખર્ચવાના છે, પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતી આદિજાતિ કન્યાઓના વાલીઓને અનાજ આપવાની યોજનામાં ૫ કરોડ રૂપિયાની વાત કરી. કે.કા.શાસ્ત્રી જન્મ શતાબ્દી નિમિત્તે ૫ લાખનું આયોજન કરે, નગરપાલિકા વિસ્તારમાં અમૃતધારા યોજના અંતર્ગત પીવાનું પાણી પૂરું પાડવા માટે ૩૫ લાખ રૂપિયા, આ બધી યોજનાઓની જાહેરાતો થાય. મારે નાણામંત્રીશ્રીને પૂછવું છે કે જો એ વખતે આ બજેટમાં આ યોજનાઓ મૂકી હોત તો સાકાર થાત. મને ખબર નથી પડતી કે એક બાજુ જાહેરાતો કરીએ છીએ અને બીજી બાજુ પૂરક માગણીમાં લઈને આવીએ છીએ. ખરેખર આ એક મોટો પ્રશ્ન બની રહ્યો છે.

સંકલન, ખેતી એગ્રો વિઝન-૨૦૧૦ હેઠળ વર્ષ ૨૦૦૩-૦૪ માં ૧૦ કરોડ રૂપિયાની જે પૂરક માગણીમાં જોગવાઈ કરી છે, એમાં ૧૪ કરોડ રૂપિયાનો વધારો કર્યો, ૭૦૦ ટકા વધારો કર્યો છે. આજ સુધી એક પણ ખેડૂતને એના ફળ પ્રાપ્ત થયાં નથી અને જે ૨૦૧૦ સુધીમાં ફળ આપવાની વાત હતી એ ભૂલીને ૨૦૨૦ની વાત કરી છે. ૭૦૦ ટકા વધારો કરીને જો ખેડૂતોને ફળ મળતા ન હોય તો આવી પૂરક માગણીઓ

રજૂ થાય એ આશ્ચર્યની વાત છે. ખેડૂતો માટેની પાક વીમા નિધિની પતાવટ માટે વર્ષ ૨૦૦૪-૦૫માં ૨૦૦ કરોડ હતા એ વધારી ૨૦.૪૩ કરોડની પૂરક માગણી અહીંયા મૂકી છે.
જેનો વધારો માત્ર ૧૦ ટકા થાય છે,કૃષિ વીમા યોજનાની અરજીઓમાં ખેડૂતો માટે ૫૦ ટકા જેટલી જ રકમ મળી છે, બાકીની અરજીઓ અહીંયા આગળ પડી રહેતી હોય છે. એક બાજુ ખેડૂતો માટે પાક વીમાના પૈસા ના મળતા હોય ત્યારે ૨૦ - ૨૦ કરોડ રૂપિયાનો વધારો પૂરકમાગણીમાં મૂકે એ આશ્ચર્યજનક વાત છે. દર વર્ષે ડેરી વિકાસ નિગમ ખોટ કરે છે B.I.F.R. પાસે ડૅવલપમેન્ટ કમિટીનો અહેવાલ ધ્યાને લેતા નથી તેના કારણે ૩૪.૨૦ લાખ રૂપિયાના વધારાની માગણી વિધાનસભા આગળ માગણી કરી છે. આપણને ખબર છે કે, જે ઉદ્યોગ લગાતાર ખોટ કરી રહ્યો છે એના માટે માગણી અહીંયા આગળ મૂકવામાં આવી છે એ પણ એક આશ્ચર્યની બાબત છે. ભારત સરકારે ૨૦૦૩-૦૪ માટે Market Research and Information Structure Plan મંજૂર કર્યો છે તે વખતે કેન્દ્ર સરકારે ૨૦૦૩-૦૪માં ૫ લાખ રૂપિયા મંજૂર કર્યા, રાજ્ય સરકારે ૨૦૦૪-૦૫ માં બજૅટમાં ખેડ્રત માટે આ જાહેરાત કરે તો પછી રાજ્ય સરકારે પૂરક માગણી કેમ મૂકવી પડે? તે એક મોટો જબરજસ્ત પ્રશ્ન છે, જ્યારે કેન્દ્રએ મંજૂર કર્યા હોય અને આ રાજ્ય સરકાર મૂકે તો પણ એક આશ્ચર્યની વાત છે.

રાજ્ય કૃષિ વપરાશ દર છે હોર્સ પાવર દીઠ શૃષુપ્ત ક્ષુલ્ક દર મીટરની અંદર દાખલ કરવાનું નક્કી કર્યુ છે, અમલવારી મીટરમાં શૃષુપ્ત ક્ષુલ્ક દર રાજ્ય સરકારે ૧-૬-૨૦૦૩ એ સુધારી ૧-૩-૨૦૦૪ થી અમલમાં આવ્યો છે, ત્યાં AEC અને GEB રાજ્ય સરકારના બજૅટની જોગવાઈમાં સબસિડી હતી જે ખેડૂતોના નામે ૧૩૫૭ કરોડ રૂપિયા હતી, આજે ૫૦૦ કરોડ રૂપિયાનો અહીંયા આગળ ગૃહની અંદર વધારો કર્યો છે. સરકારે ગૃહને ગેરમાર્ગે દોરવાનો જબરજસ્ત પ્રયત્ન થઈ રહ્યો છે(અંતરાય)

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે વાચન ના કરી શકાય, આંકડા લેવા હોય તો લઈ શકે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : વાચન નથી કરતો આંકડા જ બોલું છું

**અધ્યક્ષશ્રી** : આંકડા જ બોલે છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : આ તો પ્રવચન કરે છે, આંકડા જુએ એ બરાબર છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : દંડક સાહેબ ડિસ્ટર્બ કરે છે, આ જે માગણી સિવાય કોઈ દહાડો ચર્ચા કરતો જ નથી અને મને ફાળવતું નથી.

**અધ્યક્ષશ્રી** : આંકડા રજૂ કરે છે, એટલે એમાં સહેજ ધ્યાન રાખવું પડશે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : સાચું ના હોય તો મને કહેજો.

**શ્રી વજુભાઈ વાળા** : વાંચી જાવ એટલે વહેલું પૂરું થાય. (અંતરાય) આપે કહેવું એટલું કહો પણ મારે કહેવાનું હશે એ હું કહી દઈશ.

**અધ્યક્ષશ્રી** : એ સાંભળે છે પણ તેમને જવાબ જે આપવો હશે એ જ આપશે. આપ પણ કોઈ આઈટમ હોય એની સહેજ વાત કરીને, એકલા આંકડા ના વાચશો, એકલા આંકડાથી કોઈને ખ્યાલ નહિ આવે કે આપ શું કહેવા માગો છો?

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, જી.ઈ.બી.ની વાત કરતો હતો.જી.ઈ.બી.માં ૫૦૦ કરોડનો જે વધારો બતાવ્યો છે એ એશિયન ડૅવલપમેન્ટ બેંક, ભારત સરકાર પાસે બીજી વિકાસની યોજના મંજૂર કરાવવા માટે ૩૦૦ મીલીયન ડોલર લેવા માટેની આ વાત છે. રાજ્ય સરકારે નવા રચાયેલા જિલ્લામાં ગ્રાહક સુરક્ષા ફોરમની રચના કરવાની જાહેરાત કરી હતી ૨૦૦૩ માં ૧.૫૪ કરોડ મંજૂરી માટે ગૃહમાં મૂકયા હતા, એ આજે પૂરકમાગણીમાં લઈને આવ્યાં છે, કર્મયોગી, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, પોલીસની માગણીમાં ૮૦૨ કરોડ અને ૩૯ કરોડ જે મૂળ માગણી હતી એ પૂરક માગણીમાં ૧૬ કરોડ રૂપિયા એની અંદર વધારો કરવામાં આવ્યો છે, ખાસ કરીને છૂપી પોલીસ માટે, જિલ્લા પોલીસ માટે અને હોમ ગાર્ડ માટેના આ પૈસા વધાર્યા છે. મારે આજે પૂછવું છે કે, ગુજરાતની અંદર જે સ્થિતિ ચાલી રહી છે એમાં છૂપી પોલીસ આજની તારીખમાં કયા પ્રકારની કામગીરી કરે છે? માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લાની પોલીસની વાત કરું, જિલ્લા પોલીસમાં ગમે એટલી રજૂઆત કરાય ત્યારે પાટણનો હમણાં પણ દાખલો હતો, મારા મત વિસ્તાર કલાણા મુકામે મને ખ્યાલ છે કે, ખૂનો થયેલા, દોઢ મહિનો થયો, કેટલીય વખત રજૂઆતો કરી પણ એનું પરિણામ આવતું નથી. આવી માગણીઓમાં આપણે પૈસા ખર્ચવાની વાત કરીએ પણ કામો પણ પૂર્ણ થતા નથી હોતા. જેલમાં વીડિયો અને કોન્ફરન્સીંગ માટે ૬૪ કરોડ રૂપિયાનો જે હેતુ હતો, મારે મંત્રીશ્રીને પૂછવું છે કે, કઈ પદ્ધતિથી અનુસરવાના છો? એ બહુ મહત્ત્વની વાત, નહીંતો જેલમાં કદાચ વીડિયો કોન્ફરન્સીંગમાં ઘણું બધું અને કાંઈ બીજી વાતો ન થાય એ પણ બહુ મહત્ત્વની વાત છે. આ કઈ પદ્ધતિથી કરવાનું છે એ તરફ પણ ગૃહનું ધ્યાન દોરવું જોઈએ.

નર્મદા કાયમ બહારથી નાણાં લેવા માટે વધારાનો ખર્ચ, જાહેરાત કરવામાં આવે છે. રાજય સરકાર, ભારત સરકારે માટે મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓનો માટે લાભ, ૧૮ કરોડ રૂપિયાની જે છૂટ કરવામાં આવી અને તે જે વાપરી છે અને બીજા ૩૦૦ કરોડ રૂપિયા નાર્બાડના પાસે લેવાનું આપણે ધાર્યુ હતું, એ પૂરક

માગણીના સ્વરૂપે આજે અહીંયા મૂક્યું છે. મારા હિસાબે નર્મદા યોજનાના ખર્ચની જે આવકો છે એ ખરેખર આજની તારીખમાં થતી નથી. હું તો માત્ર એટલું જ કહું છું કે, વિધાનસભામાં કોઈ કહેતું હોય કે Over draft નથી લીધો, ૧૫૦૦ કરોડ રૂપિયા એ બતાવી રહ્યા છે કે, આપણે ખરેખર એ Over draft લીધો છે. આ બધી જે નાણા મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એ મારા હિસાબે ખરેખર આ કોઈ સંજોગોમાં વાજબી નથી. ખરેખર જે પ્રકારના કામો થવા જોઈએ એ આજે થતા નથી.

**અધ્યક્ષશ્રી** : રૂલિંગ પાર્ટીમાંથી કોઈને બોલવું હોય તો બોલી શકશે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૪,૪૧૭/- કરોડ રૂપિયાની પૂરક માગણીઓ લઈને આવેલા છે. આટલી મોટી પૂરક માગણીઓ ગૃહ સમક્ષ રજૂ થાય એટલે સ્વાભાવિક રીતે આ ખર્ચ કયાં થયું, કઈ રીતે થયું, થવાનું છે? એ માટેની મંજૂરી આપતાં પહેલાં ચકાસણી જરૂરી છે. એમાં કેટલીક નવી સેવાઓનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. એમાં ગૃહ વિભાગની માગણીમાં ૨ કરોડ ૫૦ લાખ રૂપિયા આવાસન અંગે મૂડી ખર્ચની જોગવાઈ પરંતુ એમાં લખ્યું કે, છાણી ઑકટ્રૉય નાકા વડોદરા, નવી વસાહત ખાતે, સરદાર સરોવર નિગમ માટે કવાર્ટર ખરીદી. હવે આ ગૃહ ખાતાની માગણીમાં શા માટે મૂકવામાં આવેલ છે ? માનનીય અધ્યક્ષશ્રી, એજ રીતે સાંસ્કૃતિક વિભાગ તરફથી પણ અવારનવાર કોઈ બાબતો રહી ગઈ હોય તો નવી બાબત તરીકે માગણી આવે, જ્યાં જન્મ શતાબ્દી વર્ષની ઉજવણીની તારીખની તો અગાઉથી ખબર હોવી જોઈએ, બજેટમાં સમાવશે કરે તો આપણે ના નથી કહેતા. હંમેશા આ ભા.જ.પ. સરકારની પરંપરા રહી છે, ગયા વર્ષે પણ અમે એટલા માટે ટીકા નહોતી કરી, કેટલીક બાબતોમાં કોઈનું ગૌરવ હણાતું હોય એટલા માટે કે, જ્યારે રાજયનું નાણા પંચ હોય કે આ બધા માટેની જોગવાઈ રાખવી પડે અને જન્મ શતાબ્દી વર્ષ જે હોય ત્યારે આમાં ભક્ત કવિ દુલા કાગનું પણ જન્મ શતાબ્દી વર્ષ છે. એના માટેની કોઈ જોગવાઈ રાખી છે ખરી? એ મારે નાણા મંત્રીશ્રીને આપના મારફતે પૂછવું છે. આ ગૃહ ખૂબ જ ગૌરવપૂર્વક, એ સ્વાતંત્ર્ય સેનાનીઓ હોય, જેમણે દેશના વિવિધ ક્ષેત્રોમાં પોતાનું યોગદાન આપ્યું હોય એના માટે આપણે આદર રાખીએ. બજેટ વખતે જોગવાઈ રાખવાને બદલે પાછળથી લાવવામાં આવે અને એનો પક્ષીય રીતે ઉપયોગ કરીએ. કચ્છ માટે દેશ ગૌરવ લઈ શકે કે શામજી કૃષ્ણ વર્માના અસ્થિ લાવ્યા ખૂબ સારું કામ થયું પણ એને પક્ષીય કાર્યક્રમ બનાવ્યો છે. એના નિમિત્તે આઝાદીના જંગમાં લડેલા સ્વાતંત્ર સૈનિકોને ઋણ ચૂકવીએ છીએ એમાં કોઈ વધારો કર્યો ખરો? કર્યો હોત તો અમને આનંદ થાત. પૂરક માગણી કે નવી બાબતમાં જો લાવ્યા હોત, તો માત્ર ઠાલા બિરદાવવાથી ના ચાલે. મારે નાણામંત્રીશ્રીને કહેવું છે કે જો કદાચ શરતચૂકથી રહી ગયા હોય તો સુધારી લેજો. કેન્દ્ર સરકારના ધોરણે સ્વાતંત્ર સૈનિકોને રકમ આપીએ તો સ્વાતંત્ર સૈનિકો પ્રત્યેની લાગણી અને ભાવના સાચા અર્થમાં વ્યક્ત થઈ શકે.

ક્ષાર નિયંત્રણની વાત થઈ. આ વખતે પણ લગભગ ૧૨ કરોડ નવી સેવા માટેના દરિયાઈ વિસ્તારમાં ક્ષાર પ્રવેશ નિવારણ માટે લાવવામાં આવ્યા છે. ક્ષાર નિયંત્રણ માટેની ચિંતા ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં ઓખાથી માળિયા અને માળિયાથી લખપત આ બે વિસ્તારમાં છે. શિવરાજ સમિતિનો અહેવાલ વર્ષો પહેલાં આવેલો એના અમલીકરણની અંદર જુદીજુદી તમામ સરકારોએ પ્રયત્ન કરેલો પણ મારે કહેવાનું છે સુજલામ સુફલામ યોજના વખતે ખાસ એનો ઉલ્લેખ કરવામાં આવ્યો પણ નાણાકીય વર્ષમાં એના માટે કોઈ ખર્ચ થયો છે ખરો? એના માટે પૂરક માગણી લાવ્યા હોત તો અમને આનંદ થાત. ૧૨.૫૦કરોડની નવી સેવા છે એમાં ક્ષાર નિયંત્રણની અંદર કયા કામો થવાના છે એની કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. ૪૪૧૬કરોડની પૂરક માગણી ગૃહે મૂકી છે. ફોર્માલીટી છે આપણે મંજૂર કરવાની હોય છે કારણકે જે ખર્ચમાં જરૂરી હોય પણ એનું વાજબીપણું બતાવવાનું, સાબિત કરવાનું પણ એટલું જ જરૂરી હોય છે.

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા સૌરભભાઈના વિભાગ દ્વારા ૫૭કરોડ વીજક્ષેત્રે વિકાસ કાર્યક્રમ માટે ગુજરાત વિદ્યુત બોર્ડને સહાયના છે આ કોઈ એ.ડી.બી.ની લોન કે એમાંથી આવેલા પૈસા છે કે શેના માટે છે, એની સ્પષ્ટતા કરવી જરૂરી હોય છે. બળતણ ખર્ચમાં સહાયકી, વીજળી ખરીદીમાં, હિસાબના ખર્ચમાં પણ પૂરક માગણીમાં નવી બાબત માટે ૨૦કરોડની માગણી કરવામાં આવી છે. આપણે સતત ગુજરાત વિદ્યુત બોર્ડને રાજય સરકારની સહાયકી કે એમાંથી આપતા હોઈએ છીએ પણ એના કારણે રાજયના ગ્રાહકોની સેવામાં કોઈ સુધારો થાય છે? એ સહાયના સ્વરૂપે હોય કે સબસીડીના સ્વરૂપે હોય. એક વાતનો હંમેશાં હું પ્રયત્ન કરું છું કે અમે ભૂકંપને ભૂલી જઈએ પણ કેન્દ્ર સરકારે ત્યારે ખાસ અનુદાન આપેલું એ રેસાનું પુનઃસ્થાપન થાય, જયાં વિદ્યુત બોર્ડના સબસ્ટેશન ઉપરાંત ગ્રાહક સેવા મીટર નાબૂદ થઈ ગયા હતા, નીકળી ગયા હતા ત્યાં ફરીથી મીટર પુનઃસ્થાપન કરવાના હતા. કેટલીક જગ્યાએ વીજ રેસા રસ્તા ઉપરથી પસાર થતા હતા એના માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીએ ગુજરાત વિદ્યુત બોર્ડને કહ્યું હોવા છતાં આ કામ અધૂરાં પડેલાં છે. ભૂકંપગ્રસ્ત માત્ર કચ્છ જ નહીં પણ સમગ્ર ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં ગુજરાત વિદ્યુત બોર્ડે જે કામ ખૂબ જરૂરી છે.એ કામ પૂરું કરવા માટે થઈને કોઈ પૂરક માગણીની અંદર આ બાબત આવી છે ખરી?

માનનીય મુખ્યમંત્રીશ્રી ગૃહમાં ઉપસ્થિત છે. ગઈ કાલે નહોતા. એમને મારી લાગણી કહેવી હતી કે કચ્છ પણ હવે મૂર્ચ્છા અવસ્થામાંથી બહાર આવતું જાય છે. માનનીય મુખ્યમંત્રીશ્રીને ચિંતા હતી. કચ્છના લોકો

કૈલાસ માનસરોવરની યાત્રાએ જતા હોય, ત્યારે રસ્તામાં ગામની અંદર યાત્રાળુઓને ત્રાસ થાય છે, એવી પરિસ્થિતિ ઊભી કરે છે. આ સુનામીગ્રસ્ત વિસ્તાર માટે થઈને કચ્છના એકેએક ગામની આપે સ્વંભૂ રીતે ઇચ્છા રાખી હતી, તેના કરતા ૪ ગણો ફાળો આપેલ છે. આપની જે ચિંતા છે ને તે કચ્છ હવે દૂર કરી રહ્યું છે. કચ્છ હંમેશા એનો હક્ક માગતું હોય છે. હક્ક બહાર માગ્યું નથી, ત્યારે માનવીય અભિગમ સાથે એમની મદદ આવેલી એના પ્રતિસાદ રૂપે ગુજરાતની પરંપરા પ્રમાણે કચ્છ પણ હંમેશા જઈ રહ્યું હોય છે, ત્યારે મારે કહેવાનું એ છે કે ગુજરાત વિદ્યુત બોર્ડ જેવી આવશ્યક સેવા હોય, ત્યારે કેટલાંક ગામ એવાં છે કે વારંવાર રજૂઆત કરી હોવા છતાં વિભિષાઓ બદલાતી નથી. મીટરો નખાતા નથી. ગામ આજે પણ અંધારામાં ચાર-ચાર વર્ષથી છે. આમાં એના માટે જોગવાઈ ન હોય અને આમાં માગવામાં આવી હોય તો અમે સમજીએ, પરંતુ બેફામ ખર્ચા એના વધતા જતા હોય, ઘણી વખત તો એને કર ચુકવવામાંથી એને મુક્તિ આપી હોય, છતાં કરના પૈસા રાજયની તિજોરીમાંથી વસૂલ થતા હોય, પૈસા કોઈ લઈ જતું હોય, તિજોરીમાં જમા ન થતા હોય તેવું બનેલ છે. આ બધી બાબતોની ચિંતા રાખી હોત તો રાજયની આવક વધારવાનો પ્રયત્ન કર્યો હોત તો પૂરક માગણી ૪૪૦૦ કરોડના બદલે એક મીંડુ નીકળી ગયું હોત. પૂરક માગણી માટે જે માગણી આવી છે, તેમાં ખાસ કરીને જે નવી માગણી આવી છે ને, એની જરૂરિયાત આટલા મોટા પ્રમાણમાં શા માટે થઈ? કારણ કે બજેટની અંદર માગણી મંજૂર કરી, ખર્ચ વધ્યો એ સમજી શકીએ. દરેક ઠેકાણે સામાન્ય વહીવટ દ્વારા પણ લગભગ માગણીઓ આવેલી છે.પી.ડબલ્યુ.ડી. દ્વારા કિસાનપથ યોજના, પ્રગતિપથ યોજના, શહેરી વિકાસ ખર્ચ માટેની યોજના, સામાન્ય વહીવટમાં સેન્ટ્રલ રજિસ્ટ્રી બનાવવા માટે લગભગ ૧ કરોડ રૂપિયા એટલે કે ૯૯ લાખ રૂપિયાની માગણી આવેલ છે. આ બધી બજેટમાં લઈ શક્યા હોત. આની એકાએક આટલી બધી અર્જન્સી કઈ રીતે હતી, જેના કારણે આ ગૃહના રક્ષિત વારસાની જાળવણી માટે અગિયારમાં નાણાં પંચની ભલામણ અન્વયે સાંસ્કૃતિક વિભાગની ૪.૪૨ કરોડ રૂપિયાની નવી સેવાની માગણી આવી છે આ કેન્દ્રનું અનુદાન છે કે કેમ?

કેન્દ્ર સરકાર દ્વારા ગ્રંથાલયના વિકાસ માટે ૩૧ લાખ રૂપિયાની માગણી આપણું જે ગ્રંથાલય છે એ નેસ્તનાબૂદ થઈ ગયું છે. કેટલીક અનુદાન મેળવતી લાયબ્રેરી છે. ભૂજની વિજયરાજ લાયબ્રેરી એને ઊભી કરવા માટે થઈને લોકોમાંથી કલેક્ટરશ્રીએ કયાંક એપ્રોચ કરવો પડે, ફાળો કરવો પડે તો આ વિભાગ દ્વારા શા માટે કરવામાં નથી આવતો? મારે આપની મારફત કહેવું છે.મોટા ભાગે અગિયારમા નાણા પંચની ભલામણ ભારત સરકાર પાસેથી શહેરી સ્થાનિક સંસ્થાનાં સમતુલીય સંશાધનો ઊભાં કરવાં માટે થઈને શહેરી વિકાસ તરફથી ૨૯ કરોડ રૂપિયાની માગણી આવી છે. આ શહેરી સ્થાનિક સંસ્થાના સંશાધનો ઊભાં કરવાં માટે અને નગરપાલિકા વિસ્તારમાં પીવાનું ચોખ્ખું પાણી આપવા માટે નવી સેવાની આવશ્યકતા માટે ૩૫ કરોડ રૂપિયાની બજેટમાં શા માટે જોગવાઈ કરવામાં નહોતી આવી? અત્યારે જ્યારે બજેટ આવી રહ્યું છે, ત્યારે નવી સેવાઓ માટે શહેરી વિસ્તારની અંદર ગરીબી નિવારણ યોજના નીચે પાણી પુરવઠા બોર્ડની અંદર જોગવાઈ રાખવામાં આવતી હોય છે, પરંતુ આ એક મેનિયા થઈ ગયો હોય છે કે નવી સેવાઓના બહાના નીચે ગૃહમાં બહુમતી હોય ત્યારે બહુ મુશ્કેલ નથી હોતું, પરંતુ એની ચકાસણી કરવા માટે આ ગૃહનો અધિકાર છે, આટલી સ્પષ્ટતા જરૂરી છે, એટલું કહી હું મારું પ્રવચન પૂરું કરું છું.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગૃહ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, શિક્ષણ વિભાગ, નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની પૂરક માગણીઓ લઈને આવ્યા છે, એમાં હું મારા સૂચનો કરવા માટે અને વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય મંત્રીશ્રીએ રાજયનું કુલ બજેટ રજૂ કર્યુ છે, એની સામે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એ લગભગ ૧૦.૩૪ ટકા જેટલો બજેટમાં વધારો થાય એટલી પૂરક માગણીઓ માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે. ત્યારે મારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે મોટા ભાગની જે આ ચાર વિચાગની માગણીઓ આવી છે એમાં નવી બાબતોને બાદ કરતાં મોટા ભાગની માગણીઓ બિન વિકાસલક્ષી માગણીઓ છે. ગૃહ વિભાગની અંદર સમજી શકાય કે કોઈ નવી ભરતીઓ કરવાની હોય, આધુનિક ટેકનોલોજીથી સજ્જ કરવા માટેના કોઈ સાધનો વસાવવાના હોય, પોલીસ સ્ટેશનોમાં અને ગૃહ વિભાગની આગળ જતાં કોઈ મુલાકાતીઓને વધારે સુવિધા આપવા માટે કે સગવડતા આપવા માટે મૂળ બજેટમાં જોગવાઈ ન થઈ હોય અને આમાં કરવા માગતા હોય તો એ સમજી શકાય કે પૂરક માગણીઓમાં લઈ શકાય પરંતુ એ બાબતનો કોઈ ઉલ્લેખ આમાં નથી. પોલીસને લગતી પૂરક માગણીઓ છે એની મારે એક વાત કરવી છે.

અમારા ગામડાંમાં શું થાય છે કે પોલીસ સ્ટેશનની અંદર પી.એસ.આઈ. કે પી.આઈ. હોય છે એને તમામ સુવિધા વાહન, પેટ્રોલ સહિતની આપવામાં આવે છે. જયારે ગામડાંની અંદર કોઈ ગુનો બને ત્યારે આ પોલીસવાળા એને સરકારી મોટરસાઈકલ અથવા તો સરકારી જીપ લઈને દોડતા જાય. ગુનો કર્યો હોય એને બોલાવે એને ધમકાવીને એમ કહેવામાં આવે કે હું મોટર સાઈકલ લઈને જસદણથી આ ગામડે આવ્યો છું, એના માટે પેસા જોઈએ એમને એમ અહીંયા અવાતું નથી પેટ્રોલના પૈસા જોઈએ. તે આપ તો તને જતો કરુ.

એમ કરીને વાહન સરકારી, પેટ્રોલ સરકારી, ફરજ પર હોય અને ગામડાંમાં જઈને એની પાસેથી ધમકાવીને પૈસા લે. હમણાં છેલ્લા એકાદ વર્ષથી નવો ચીલો શરૂ થયો છે. જે ગૃહમંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકવા માગુ છું. દર મહિને પોલીસ સ્ટેશનમાં લોક દરબારનું *(XXX) શરૂ થયું છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, (XXX) શબ્દ અસંસદીય છે એને રેકોર્ડમાંથી દૂર કરવામાં આવે છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું લગભગ સરકારમાં પાંચ....

**અધ્યક્ષશ્રી** : માનનીય કુંવરજીભાઈ, અગાઉના બધા સભ્યશ્રીઓએ માગણી ઉપર વાત કરી છે તેથી આપ પણ એના ઉપર વાત કરો તો સારું.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : એ લોક દરબારની અંદર જિલ્લામાંથી પોલીસ અધિકારી આવે, સરકારી ખર્ચે આવે, પ્રશ્નો રજૂ થાય, લોકોના પ્રશ્નો સાંભળે પણ એના ઉકેલનું કંઈ નહિ. પોલીસ સ્ટેશનની અંદર આવેલ કસ્ટડીમાં રાખવામાં આવેલ ગુનેગારો માટેના બાથરુમ / સંડાસમાં કોઈ સુવિધા નથી, સ્વચ્છતાની કોઈ સુવિધા નથી અને પોલીસ માટે રૂપિયા ૧૬,૬૦,૬૪,૦૦૦/- જેટલી, આટલી મોટી રકમની પૂરક માગણીઓ લઈને આવ્યા છે તો જયાં લોકો માટે સુવિધા ઊભી થવી જોઈએ એવી સુવિધા માટેની વાત હોય તો એમાં અમે પણ ચોક્કસ સમર્થન આપી શક્યા હોત, માનનીય અધ્યક્ષશ્રી, એક નવી બાબત જે વિડિયો કૉન્ફરન્સ જેલની અંદર ઊભી કરવાની વાત છે, નવી બાબત છે એ સ્વીકારવા જેવી પણ છે, એ સુવિધા જેલમાં ઊભી થાય પણ જેલમાં આજે એના માટેની જે જોગવાઈ લઈને આવ્યા છે એ રૂપિયા ૨૫,૭૫,૦૦૦ જેવી છે પણ જેલની અંદર જોયું છે? મેં તો જાતે જેલની મુલાકાત લઈને જોયું છે એની અંદર જે બૅરેક હોય, પશુઓની માફક કેદીઓને ભરી દેવામાં આવે છે, ત્યાં સ્વચ્છતા ન હોય, એના સ્વાસ્થ્યની કોઈ પૂરી સુવિધા ન હોય અને છતાંય આવી મોટી પૂરક માગણીઓ લઈને આવ્યા છે ત્યારે વિડિયો કૉન્ફરન્સની સાથે સાથે કેદીઓને સારું વાંચન મળી રહે એવી લાયબ્રેરીની સુવિધા કરવા માટે જોગવાઈ કરી હોત, ધર્મને લગતા સારા ધર્મ ગ્રંથો વસાવવા, જેથી કરીને એ વાંચવાથી કેદીઓને જ્ઞાન મળે એ માટેની સુવિધા કરી હોત તો પૂરક માગણીઓને અમે ચોક્કસ સમર્થન આપી શક્યા હોત,

નવી બાબત પરિવહન માટેની પણ છે. રાજય માર્ગ પરિવહન નિગમ, જે નવી સેવા તરીકે લઈને આવ્યા છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે, આજે ૫૦ કરોડ રૂપિયા જેવી રકમનો ખર્ચ કરીને આ નવી બાબત લઈને આવ્યા છે, એવા સમયે એની પહેલાંના ઘણા બોર્ડ/ કોરપોરેશન અને નિગમો છે કે જે કરોડો રૂપિયાની આજે ખોટ કરે છે એને કદાચ કયારેય મદદ કરીને, એસ. ટી. કોરપોરેશન છે એને મદદ કરીને, એને પગભર થવા માટે થઈને પૂરક માગણીઓ લાવી શક્યા હોત, પણ આજે ગામાડાંઓમાં જે એસ.ટી. ચાલે છે, ખખડધજ વાહનો છે, એમાં કોઈ બેસવા માટે સહમત થતું નથી, કોઈને ભરોસો નથી કારણ કે એ એસટી કયાં જશે, રસ્તામાં ક્યારે ઊભી રહેશે અને કયાં એ બંધ થઈ પડશે, એનો કોઈ ભરોસો પેસેન્જરોને આજે રહ્યો નથી, ત્યારે આ નવી બાબતના બદલે એસટી નિગમ/ કોરપોરેશનની અંદર આ રકમ ફાળવી એને સુસજજ કરવા માટે મદદ કરી હોત તો અમે ચોક્કસ સમર્થન આપી શક્યા હોત, ગામડાંઓમાંથી વિદ્યાર્થીઓને લઈને આવતી એસટી બસો છે એમાંની મોટા ભાગની એસ ટી બસો ગામડાંમાં આજે બંધ થઈ ગઈ છે, જે છે એ બસો સમયસર આવતી નથી જેથી વિદ્યાર્થીઓને બે બે કલાકો સુધી રાહ જોઈને ઊભા રહેવું પડે છે, તેઓ સમયસર શાળા/કૉલેજોમાં પહોંચી શકતા નથી એવા સંજોગોમાં વિદ્યાર્થીઓને આ મુશ્કેલીઓ ન પડે તે જોવું જોઈએ. જે ઓછી આવકવાળા રૂટ છે એવા રૂટ માટે, એની સુધારણા માટે, એટી સુધારણા માટે, વિદ્યાર્થીઓને રાહત આપવા માટે રૂપિયા ૧ અબજ, ૪૩ કરોડ, ૨૨ લાખ અને ૩૨ હજારની જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એના બદલે જો એસ ટી કોરપોરેશનની સુધારણા માટે થોડીક રકમ વધારે આપી હોત તો અમે ચોક્કસ સમર્થન કરી શક્યા હોત.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વાત પણ મારે કરવી છે. એની જે ખાસ કરીને પૂરક માગણીઓ આવી છે એની અંદર પ્રાથમિક શાળાઓના શિક્ષકોને એક અગાઉથી, અગ્રિમ એક માસ અગાઉથી પગાર માટેની જોગવાઈ એ સારી વાત છે, મોંઘવારી ભથ્થુ, પ્રવાસ ખર્ચ, કચેરી ખર્ચ વગેરે, અને નિવૃત્ત થતા શિક્ષકોની એ તો આપણને અગાઉથી ખબર હોય, એ તો જે તે વખતે બજૅટ રજૂ થયું એમાં એનો સમાવેશ કરી શક્યા હોત, ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો માટે ઉચ્ચતર પગાર ધોરણ આપવાનું છે એ પણ જે તે વખતના બજૅટની અંદર એ મૂકી શક્યા હોત પણ છતાંય આ પૂરક માગણીઓની જોગવાઈ લઈને આવ્યા છે. ૧૫ કરોડ, ૮૬ લાખ, ૭૧ હજાર જેવી માગણીઓ લઈને આવ્યા છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીનુ ધ્યાન દોરવું છે કે, આની સાથે સાથે જે નવી ગ્રાન્ટેડ કન્યા વિદ્યાલયો ઉભી કરવા માટેની વાત છે એમાં અંતરિયાળ વિસ્તારમાં જયાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સુવિધા નથી એવી જગ્યાએ આ રાજય સરકાર આ શાળા, ગ્રાન્ટેડ શાળા પછાત વિસ્તારમાં ઉભી કરવા માટેની પૂરક માગણીઓની જોગવાઈ લઈને આવી હોત તો અમે એને જરૂર

---

* **આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યો છે.**

સમર્થન કરી શકયા હોત. પરંતુ ફકતને ફકત જે માગણીઓ બજેટમાં જોગવાઈ થઈ શકે એવી હતી એવી માગણીઓનો પૂરક માગણીઓમાં સમાવેશ કરી ચીલાચાલુ રીતે દર વર્ષની માફક પૂરક માગણીઓ કરવી જ પડે એવા ઈરાદાથી આ પૂરક માગણીઓનું બજેટ લઈને આવ્યા છે.

મારે શિક્ષણની બીજી એક વાત કરવી છે. સાત નવી એન્જીનીયરીંગ કોલેજો ઉભી કરવા માટેનું રાજય સરકારનું આયોજન છે. મારે એમાં એ પૂછવું છે કે, આમાંથી નાના મથકો ઉપર તાલુકા કક્ષાએ, નાના સેન્ટરો ઉપર ગ્રામ્ય વિસ્તારોમાં કેટલી નવી એન્જીનીયરીંગ કોલેજો ઉભી કરવા માગો છો? રાજય સરકાર ધારે તો નાના સેન્ટરો ઉપર આનું જે કાંઈ જરૂરી હોય એ ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરીને ગ્રામ્ય વિસ્તારોમાં એન્જીનીયરીંગ કોલેજો ઉભી કરી શકયા હોત. ફકતને ફકત આ સરકારની નીતિ એવી રહી છે 'મારો તે સારો' એવી નીતિથી જે એના નજીકના હોય, લાગવગ વાળા હોય એવા લોકોની સંસ્થાઓને મંજૂરી આપી દીધી છે. જયાં ગ્રામ્ય વિસ્તારોમાં સુવિધા અને સવગડ નથી ત્યાં ઉંચ્ચ શિક્ષણની કોઈ ચિંતા કરી નથી. આવા હેતુઓ માટે થઈને આ પૂરક માગણીઓ આવતી હોય ત્યારે એમાં અમે સમર્થન આપી શકીએ નહીં. બીજી એક વાત પણ મારા ધ્યાને આવી છે કે, નોન ગ્રાન્ટેડ શાળાઓ હોય પછી એ માધ્યમિક શાળા હોય કે ઉચ્ચતર માધ્યમિક શાળા હોય જેમાં સરકારે એક પણ પૈસો ખર્ચ કરવાનો નથી અને જે સંસ્થાઓ પાસે તમામ પ્રકારની સુવિધા હોય, પૂરી રકમ ડિપોઝિટ કરેલ હોય છતાં પણ ગામડાની એવી શાળાને માન્યતા આપીને એ શાળા શરૂ કરવાની આ સરકારની તૈયારી નથી. કારણ કે, એ સામા પક્ષનો છે મારો નથી, બીજા કોઈનો છે મારા સમર્થનવાળો માણસ નથી અને એટલા માટે ઘણા ભાજપના ધારાસભ્યો આ બાબતથી નારાજ છે. જયાં સરકારે ખર્ચ કરવાનો નથી છતાં આવું બધું થાય છે અને એટલા માટે આ શિક્ષણ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એમાં અમે સમર્થન આપી શકતા નથી.

નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણીઓ આવી છે એમાં મારાં એક-બે સૂચનો કરવા માગું છું. વર્ષો પહેલાં જે નાની-મધ્યમ સિંચાઈ અને મોટી સિંચાઈ યોજનાઓ બની છે એ યોજનાઓની આજે પૂરક માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, એમાં જોગવાઈઓ જોઈએ તો કેનાલ રિપેરીંગ કરવા માટે અને ભૂકંપ વખતે ડેમોને જે નુકસાન થયું હતું એનું સમારકામ કરવા માટેની આમાં કોઈ જોગવાઈ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જે વિસ્તારમાં નર્મદાના સિંચાઈના પાણી જવાના નથી એવા વિસ્તારોમાં પણ સિંચાઈની સુવિધા ઉભી કરવાનો આમાં કોઈ ઉલ્લેખ નથી કે જોગવાઈ કરેલ નથી. એટલા માટે આ જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એમાં સમર્થન કરી શકતો નથી.

સામાન્ય વહીવટ વિભાગની પણ જે પૂરક માગણીઓ આવી છે એમાં પણ એકાદ-બે સૂચન હું કરું છું. સ્વાભાવિક છે કે, લોકશાહીની અંદર વહીવટ સરળ બને, પ્રજાભિમુખ બને, લોકોને વહીવટમાં વિશ્વાસ બેસે તે બાબતની કાર્યવાહી થતી હોય તો ચોક્કસ અમારે પણ અભિનંદન આપવાં પડે. કર્મયોગીની તાલીમ અને કર્મયોગી સર્વાભિપ્રાય પરિયોજનાની એક નવી બાબત લઈને માનનીય મંત્રીશ્રી આવી રહ્યા છે. એ સ્વાભાવિક રીતે ખૂબ સારી બાબત છે તે સ્વીકારવાને યોગ્ય છે. કર્મયોગીની તાલીમ લીધા પછી અને એની પાછળ આટલો મોટો ખર્ચ કર્યા પછી, તાલીમ લીધા પછી જે સોગંદ લેવાય છે, જે પ્રતિજ્ઞા લેવાય છે એમાં મારે માનનીય મંત્રીશ્રીના ધ્યાન પર એ વાત મૂકવી છે કે કર્મયોગીઓ બન્યા પછી કેટલા કર્મચારીઓ-અધિકારીઓ એ પ્રમાણે વર્ત્યા છે? વહીવટ કર્યો છે? ઉલ્ટાનું મારા ધ્યાનમાં ઘણી એવી બાબતો એવી છે કે તાલીમ લીધા પહેલાં જે ગેરરીતિઓ નહોતા કરતા જે કામચોરી નહોતા કરતા એવા અનેક વિભાગની અંદર કર્મચારીઓ ગેરરીતિ અને કામચોરી કરતા થયા છે એના દાખલા મારે અત્યારે આમાં નથી આપવા એ હું જ્યારે માગણીઓ પર ચર્ચા આવશે ત્યારે કહીશ.

એક નવી બાબત ભારત છોડો એની ચળવળ વખતે જે મિલ કામદારોએ ભાગ લીધેલો એમને સન્માનવા માટેની નવી બાબતની પૂરક માગણીમાં જોગવાઈ લઈને આવ્યા છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીનું એ ધ્યાન દોરવું છે કે બંધ મિલો છે એના જે કામદારો બેકાર બન્યા છે એમને રોજગારી માટેની, એના કુટુંબને આર્થિક રીતે મદદરૂપ થવા માટે આ પૂરક માગણીમાં કોઈ જોગવાઈ લઈને આવ્યા હોત તો એમાં પણ ચોક્કસ સમર્થન કરી શક્યા હોત.

આ ભારત છોડો ચળવળ દરમ્યાન જે કામદારોએ ભાગ લીધો છે એમને આપણે ચોક્કસ સન્માનવા જોઈએ એ વાત સ્વીકારીને ચાલીએ પણ એની સાથે સાથે એ બેકાર કામદારોને રોજોરોટી અને રોજગારી મળે એ માટેની વાત કરી હોત તો આ પૂરક માગણીને અમે ચોક્કસ સમર્થન આપી શક્યા હોત. માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એ માગણીઓની અંદર મારા આ સૂચનો સાથે હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મારી જે આ પાંચ માગણીઓ છે, સામાન્ય વહીવટ, પોલીસ સેવા, ઉદ્યોગ, શિક્ષણ અને પાણી પુરવઠા, આમાં સાહેબ હું એટલા માટે ધ્યાન દોરું છું માનનીય સભ્યશ્રીઓનું કે સામાન્ય વહીવટ માટે મારી ફક્ત ૯૩ લાખ રૂપિયાની માગણી છે જે હિસાબીય રીતે છે અને બાકીની જે પોલીસ સેવાને લગતી છે એ ૧૬ કરોડ ૬૦ લાખની છે, ઉદ્યોગને લગતી ફક્ત બે હજારની માગણી છે અને શિક્ષણની જે

એડવાન્સમાં પગાર આપવાની વાત હતી એના માટે ૩૮૮ લાખની છે અને પાણી પુરવઠામાં ૧૫ લાખ રૂપિયાની માગણી છે. આ માગણીઓને લગતા સૂચનો કંઈ મારા ધ્યાન દોરવા જેવા હોય તો વાત જુદી છે, જનરલ ચર્ચા માટે થઈને એક નવું બજેટ આવવાનું છે. મારી માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે, આમાં જે કંઈ પાંચ માગણીઓ છે એમાં મારું ચોક્કસ ધ્યાન દોરે. આપ બધા બોલો મને વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : પૂરક માગણીઓ ઓછી છે, જે માગણીઓ છે એની વાત કરો તો વધારે સારું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણીઓ પર જ માનનીય સભ્યશ્રીઓ બોલે છે અને એ સિવાયની બીજી કોઈ વાત થતી નથી, એટલે માનનીય મંત્રીશ્રીનું સૂચન બરાબર છે કે એના ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત થાય અને સભ્યશ્રીઓ એના પર જ બોલે છે.

**અધ્યક્ષશ્રી** : જ્યાં માગણીઓ જ એકદમ ઓછી છે, ત્યારે જ્યાં મોટી માગણીઓ છે તેની વાત કરે તો વધારે સારું, નાની માગણીઓ માટે લાંબી વાત કરે એ વાત ઠીક નહિ.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગૃહ વિભાગ , ઉદ્યોગ અને ખાણ વિભાગ, શિક્ષણ વિભાગ, નર્મદા , જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની પૂરક માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય નાણામંત્રીશ્રીએ સૂચન કર્યુ કે આ ચાર-પાંચ વિભાગો પૂરતી આટલી રકમની જ હું પૂરક માગણી લઈને આવ્યો છું એટલે તે અંગે ચર્ચા થાય તે જરૂરી છે. હું એક વાત નાણામંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે, આ પૂરક માગણીઓ લઈને આપણે આ ગૃહ સમક્ષ આવવાની ફરજ શા માટે પડી છે? નાણામંત્રીશ્રી તેના કારણો જો આપશે તો અમને તેનો આનંદ થશે.

સામાન્ય રીતે કોઈ પણ ખર્ચ જ્યારે કરવાનો થાય છે, કોઈ વિભાગો જ્યારે ખર્ચ કરે છે કે કોઈ યોજનાઓ પાછળ ખર્ચ કરવામાં આવે છે ત્યારે આ વિધાનસભાની મંજૂરી સિવાય આપણે ખર્ચ કરી શકતા નથી. જનરલ બાબતને ધ્યાનમાં રાખીને જે પૂરક માગણીઓ લાવ્યા છે એટલા પૂરતુ પણ પૂરક માગણીઓ રાજય સરકારે ૯૭૪૭.૪૬ કરોડની પૂરક માગણીઓ અને તેમાં ૬૬.૨૪ ટકા તે કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ પેટે રકમો મળી છે અને તેમાં ૩૦.૮૪ ટકા રકમો જ આયોજન પાછળ ખર્ચાવાની છે અને ૬૯.૧૬ ટકા રકમો આયોજન બહાર ખર્ચવામાં આવનાર છે. ચિંતાનો વિષય એ છે કે, જે તે વિભાગો બજેટ તૈયાર કરે છે ત્યારે તે વિભાગ પાસે વર્ષના અંતે કેટલો કુલ ખર્ચ કરવામાં આવે છે, કેટલો કુલ ખર્ચ થશે તે વિભાગ પાસે અંદાજ હોય છે અને તેના અનુસંધાને બજેટની અંદર જોગવાઈ કરવામાં આવે છે અને તેમાં પણ બે સદરે જોગવાઈ કરીએ છીએ. પ્લાન અને નોન પ્લાન. માનનીય નાણામંત્રીશ્રીનું હું ગંભીરતાપૂર્વક ધ્યાન દોરવા માગું છું કે અનુભવે એમ કહી શકાય કે જેમ વર્ષો વીતતા જાય છે તેમ દર વર્ષે નોન પ્લાનના ખર્ચમાં વધારો થતો જાય છે અને પ્લાનના ખર્ચમાં દિન-પ્રતિદિન ઘટાડો થતો જાય છે આ ચિંતાનો વિષય છે. વિભાગ બજેટ તૈયાર કરે અને પ્લાનીંગ કરે અને તેમાં જોગવાઈ કરવામાં આવે અને વર્ષના અંતે તે વપરાય નહીં અને બિન જરૂરી ખર્ચ નોન પ્લાનમાં જેનું પ્લાનમાં કયાંય આપણે આયોજન કર્યુ જ નથી અને એવા આયોજનની અંદર આપણે ખર્ચ થાય ત્યારે એ પરિસ્થિતિનું નિર્માણ થાય છે કે જે વિભાગોને જરૂરિયાત છે જે આયોજનના પ્લાનિંગમાં તે વિભાગોની અને તે વિભાગની યોજનાઓની અંદર ખર્ચ નથી થતો અને આયોજન બહાર જે નોન પ્લાનમાં ખર્ચ થાય છે તે બીજા વિભાગોને વર્ષના અંતે આપણે કાં તો એક વિભાગમાંથી બીજા વિભાગમાં બજેટની રકમને ડાયવર્ટ કરીએ છીએ અને બીજા વિભાગને આપણે અન્યાય કરીએ છીએ. એટલે મારે તો માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે નોન પ્લાન સદરે જે ખર્ચ દિન-પ્રતિદિન દર વર્ષે વધતું જાય છે તેને ઘટાડવા માટે રાજય સરકાર પ્રયત્ન કરે, નાણાં વિભાગ પ્રયત્ન કરે અને આયોજન સદરે જે પ્લાનિંગની આપણે બજેટની અંદર જોગવાઈ કરીએ છીએ તેનો પૂરેપૂરો ખર્ચ કરવામાં આવે તો આપણે સારી રીતે પ્લાનિંગનું કામ કરી શકીશું. વર્ષને અંતે બજેટેડ જોગવાઈની અંદર અનુભવે તેમ કહી શકાય કે તે પૂરેપૂરું વપરાતું નથી અને સરપ્લસ રહે છે પરિણામે વર્ષના આખરમાં સરન્ડર કરવાનું આવે છે. ઘણાં વિભાગોની અંદર વિધાનસભાની મંજૂરી સિવાય વિભાગો ખર્ચ કરે છે અને તેમાંય જે વિભાગ બજેટ તૈયાર કરે છે તેમાં અનિવાર્ય જે ખર્ચ છે ..

**અધ્યક્ષશ્રી** : આપ આખા બજેટ ઉપર વાત નહીં કરી શકો પુંજાભાઈ, માગણી ઉપર વાત કરો, પ્લીઝ, આપ તો બજેટની નીતિ-વિષયક વાત કરી રહ્યાં છો.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : પૂરક માગણીઓ નાણામંત્રીશ્રી એટલા માટે લઈને આવ્યા છે કે, વધારાનો ખર્ચ અંદાજ કરતાં વધારે કરી શકાતો નથી એટલે પૂરક માગણીઓ લઈને આવ્યા છે અને તેના સંદર્ભે કહું છું એટલે નાણાંમંત્રીશ્રીને મારું ફકત એટલું જ સૂચન છે કે નોન પ્લાન સદરે જે ખર્ચ દર વર્ષે વધતો જાય છે તે ઘ ટાડી અને આયોજન સદરે પૂરેપૂરો ખર્ચ થાય તેવી કાળજી રાખવામાં આવે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પોતાની પૂરક માગણીઓ લઈને આવ્યા છે, જેમાં સામાન્ય વહીવટ, ગૃહ, ઉદ્યોગ, ખાણ અને શિક્ષણ છે. માનનીય નાણામંત્રીએ

હમણા જ વાત કરી કે બહુ જ નાની નાની પૂરક માગણીઓ લઈને આવ્યો છું, એટલે લાંબી વાત કરવી નહીં. અને આપે પણ કહ્યું કે આ વાત છે, આનાથી આગળ જવું નહીં. મારે આ બાબતમાં એક બે વાતો જ કહેવી છે.

આજે જે ૯૭,૪૭,૪૫,૫૯,૦૦૦ ની રકમની પૂરક માગણી મૂકવામાં આવી અને ત્યારે મંત્રીશ્રીએ હમણાં કહ્યું એમ આ નવી યોજનાઓ, વિકાસલક્ષી અને આયોજનબદ્ધ યોજનાઓ હોય. માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણી એટલા માટે લાવવી પડી છે કે મૂળ બજેટમાં આ રકમ અથવા તો આ યોજનાઓ જે મૂકી છે એમાં કંઈક ઘટે છે માટે લઈને આવવું પડે છે. પૂરક માગણી આવે ત્યારે સ્વાભાવિક રીતે જ ગુજરાતના વિકાસ માટે તેમજ ગુજરાતની પ્રજાના દુ:ખ દર્દ દૂર કરવા માટેની કોઈ માગણી હોય તો એ યોજનાને અને એ માગણીને સભાગૃહે મંજૂર પણ કરવી પડે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉદ્યોગ અને ખાણની માગણી લઈને આવ્યા છે. એમાં પ્રશ્ન એ આવ્યો કે એ ત્રણ કરોડ રૂપિયાની રકમની પૂરક માગણી શા માટે મૂકવી પડી? એમાં લખ્યું છે કે ખાદી ગ્રામોદ્યોગ, અમદાવાદના પેન્શનરોએ ગુજરાત હાઈકોર્ટમાં તિરસ્કૃત અરજી દાખલ કરી અને એ અરજી દાખલ કરી એટલે રાજય સરકારે ૩ કરોડની રકમ આપવી પડી. એટલે ૨.૯૫ કરોડની રકમની ચોખ્ખી પૂરક માગણી વિધાનસભા સમક્ષ મૂકવામાં આવી. આ ત્રણ કરોડ રૂપિયા એ પેન્શનરોએ હાઈકોર્ટમાં કરેલી તિરસ્કૃત અરજીના અનુસંધાનમાં મૂકવા પડયા, એટલે મારે કહેવું છે કે આ જે વાત છે તે નિવારી શકાઈ હોત ખરી?

આવી જ બીજી વાત છે કે નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા અનુસાર અગરિયાઓને પીવાનું પાણી, પ્રાથમિક શિક્ષણ, આરોગ્ય જેવી સુવિધા માટે ૫ કરોડ રૂપિયાની રકમની જરૂર હતી. આ બાબત કેમ બની? મારે આપના દ્વારા પૂછવું છે. માનનીય નાણામંત્રી પૂરક માગણી લઈને આવ્યા છે અને તેને આપણે મંજૂર પણ કરવી છે. એમણે પૂરક માગણી શું કામ કરી તે વાત આ પુસ્તિકામાં બતાવી છે, ત્યારે મારે કહેવું છે કે માત્ર હાઈકોર્ટના આદેશના પાલન માટે ૩ કરોડ? જે પેન્શનરોને સગવડ આપવા માટેની આપણી લાગણી છે. જે પેન્શનરો માટે ગાઈ ગાજીને આપણે વાતો કરીએ છીએ. એમને હાઈકોર્ટમાં જવું પડે? મીઠાના અગરમાં કામ કરતા ગરીબ અગરિયાઓને પીવાના પાણી માટે કોર્ટમાં જવું પડે? પછી એની ચૂકવણી માટે પૂરક માગણી લઈને આવવું પડે? મને લાગે છે કે એ યોગ્ય નથી.

ગૃહ વિભાગની માગણી ૪૨ નંબરની છે. હોમગાર્ડ, ભૂમિ હોમગાર્ડના ૮ મહિનાના પગારના ખર્ચની માગણી. આપના દ્વારા મારે નાણામંત્રીશ્રીને કહેવું છે. ગૃહમંત્રી શ્રી અમિતભાઈ પણ અહીં બેઠા છે. એ વિભાગની ભરતી કરી રહ્યાં છે, તે માટે અભિનંદન છે, પણ જયારે કટોકટીભરી પરિસ્થિતિની અંદર હોમગાર્ડને હુકમ કરો અને ત્યાં દોડી જાય છે. તાત્કાલિક ત્યાં જઈ સેવા કરે છે, છતાં એને પગાર આપવામાં તકલીફ પડે છે? આજે આ પગાર માટે પૂરક માગણી લઈને આવવું પડયું છે. માગણી શેની છે, વાત સાચી છે માનનીય નાણામંત્રીશ્રીની, પરંતુ માનનીય નાણામંત્રીશ્રીએ પૂરક માગણીમાં કહયું છે કે ૧૬,૬૦,૬૪,૦૦૦/- વધારાનો ખર્ચ ધારાસભા પાછળ મૂકયો છે અને એ હોમગાર્ડઝના ઉપયોગ માટેની સેવાનો ૮ મહિના માટેનો થયેલ ખર્ચ છે. આ બજેટ બનાવીએ અને ગૃહ વિભાગ બજેટ બનાવતું હશે અને જયારે એ બજેટ બનાવે છે ત્યારે આ હોમગાર્ડઝનાં પગાર અને ભથ્થાં અને સવલતો માટે એ હેડે આપણે મૂકતા નથી અને એ મૂકતા નથી ત્યારે આ માટે આવવું પડે છે અને મને યાદ છે કે હોમગાર્ડઝના પગાર આપવામાં આજે પણ અનિયમિતતા છે ત્યારે મારી વિનંતી છે કે આટલી જ નહીં, વધારે રકમ લઈને આવો તો પણ અમારી મંજૂર કરવાની તૈયારી છે એટલા માટે કે આ હોમગાર્ડઝ ભાઈઓ એ રાતદિવસ કામ કરે છે અને એમનાં પગાર-ભથ્થાં અટકાવાય એ આપણને પોષાય નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, એનાથી પણ સામાન્ય વહીવટ વિભાગની વાત કરવા માગું છું કે સામાન્ય વહીવટ વિભાગની ૬૨.૫૦ લાખ રૂપિયાની પૂરક માગણી અને ૯૩ લાખ ૨૯ હજારની મામૂલી રકમ છે અને એ શામાટે તો એ વી-ગર્વનન્સની તાલીમ આપવા માટે મૂકવામાં આવી છે. તો વી-ગર્વનન્સની તાલીમ અધિકારીઓને સંપૂર્ણપણે આપવામાં આવે અને એ તાલીમ અપાય એમાં વાંધો નથી, એ તાલીમ આપવી જોઈએ, પ્રજાનું હિત, પ્રજાના પ્રશ્નો અને એ પ્રજાની હ્રદયની વેદના સાંભળીને અધિકારીઓ એનો યોગ્ય જવાબ આપે તો આ વી-ગર્વનન્સ અને કર્મયોગી તાલીમ એ બધું કરીએ એમાં વાંધો નથી, પરંતુ આટલું બધું કર્યા પછી પણ પરિસ્થિતિ શું છે કે ફરિયાદોના ચોપડા કેટલા બધા પડયા છે. તો એમાં પણ માગણી લઈને આવ્યા છે તો એ બાબતમાં પણ ધ્યાન આપે.

માનનીય અધ્યક્ષશ્રી, આનાથી આગળ વધીને વાત કરું કે શિક્ષણ વિભાગમાં શિક્ષકોના પગાર હેઠળ શિક્ષણ વિભાગની પૂરક માગણી લઈને આવ્યા છે એમાં ઉચ્ચત્તર અને માધ્યમિક શાળાના શિક્ષકોના પગાર માટે ૧૫ કરાડ રૂપિયા મળીને ૩૬૭.૧૫ કરોડની વધારાની માગણી છે અને એમાં બીજી ૭ નવી સેવાઓ છે તેમાં ૭ નવી એન્જિનિયરિંગ કોલેજો માટેની મંજૂરીની વાત લઈને આવ્યા છે. તો એ કોલેજો થાય એ નાના આદિવાસી માહોલમાં જયાં આ સુવિધા નથી તો એના માટે નવી સેવામાં નવા બજેટમાં લાવી શકયા હોત. માનનીય બાબુભાઈએ કહયું તેમ આ બજેટ શરૂ થઈ ગયું છે, પરંતુ જયારે વિકાસની વાત લઈને આવ્યા છે ત્યારે એમાં

અમારે કાંઈ વિરોધ કરવાનો નથી, પરંતુ એન્જિનિયર ટેકનીકલ કોલેજની માગણી સાથે ઉચ્ચત્તર કન્યા સ્કૂલો માટે પણ જો આ માગણી લઈને આવ્યા હોત તો વધારે આનંદ થાત. આપણે કન્યા કેળવણીની વાત કરીએ છીએ ત્યારે ગામડામાં તો આજે ૧૦ ધોરણ સુધીની વ્યવસ્થા થઈ છે, કયાંક પાંચ કે સાત કિલોમિટરે વ્યવસ્થા છે, પરંતુ ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ માટેની મુશ્કેલી છે. કોઈ મા-બાપ પોતાની છોકરીઓને દૂર શાળાએ મોકલવા તૈયાર થતા નથી અને હોસ્ટેલમાં મોકલતા નથી અને કોઈ છોકરીઓ માટે ખર્ચ કરતા નથી ત્યારે આ પૂરક માગણીઓમાં જો કન્યા કેળવણી માટે નવી સ્કૂલોની મંજૂરીની વાત લઈને આવ્યા હોત તો વધારે આનંદ થાત.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે એક વાત કરીને મારી વાત પૂરી કરીશ કે આ પૂરક માગણી આવી છે એ વિકાસ માટેની છે એટલે બહુમતિ ના હોય તો પણ એ મંજૂર કરીએ, પરંતુ એક વાત કરવા માગું છું કે બજેટ એ મહત્વનું પ્લેટફોર્મ છે. બજેટ એ આખા વર્ષનું અંદાજીત છે અને બજેટ પછી પૂરક માગણી, પુનઃવિનિયોગ અને એના કરતાં પણ મને અનુભવ છે કે મંજૂર થયેલ યોજનાઓમાં વર્ષના અંતે ખર્ચ ના થાય અને એક મહિનો બાકી રહે ત્યારે વિભાગના લોકો દોડાદોડી કરીને એ રકમ સરન્ડર કરે અને રકમ સરન્ડર કરે ત્યારે વાત આવે કે આ રકમ સરન્ડર કેમ કરી ? એક નવી વાત કે હવે નાણા વિભાગે એક એવો પરિપત્ર બહાર પાડયો છે કે કોઈપણ યોજનાની અમલવારી કરતાં પહેલાં ૩૩ ટકા રકમ એમાં મૂકે તો જ એ યોજના મંજૂર થાય. ત્યારે આ બજેટલક્ષી વાત કરીએ છીએ ત્યારે લમ્પસમ રકમ મૂકવામાં આવે તો આ સુજલામ્ સુફલામ અને ક્ષાર નિયંત્રણ જેવી યોજનાઓ છે ત્યારે આ ૩૩ ટકાવાળો પરિપત્ર એમાં ચાલવાનો નથી ત્યારે મારે એટલું જ કહેવું છે કે બજેટ એ વિકાસનો પાયો છે ત્યારે દર વખતે પૂરક માગણી, પુનઃવિનિયોગ એ બધી ભૂમિકામાંતી બહાર નીકળીને એ જે મૂળ બજેટ હોય છે એની સાથે આગળ વધીએ. મારી આટલી વાત કરીને વિરમું છું.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે પૂરક માગણી લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. માનનીય નાણા મંત્રીશ્રી ૯૭૪૭ કરોડ અને ૪૫,૫૯,૦૦૦ નું પૂરક બજેટ લઈને આવ્યા છે તેનાથી સરકાર ઉપર ૩૨૯૦ કરોડ જેટલું ભારણ પડવાનું છે. અને આ બજેટનું કદ છે તે લગભગ ૧૦.૩૪ ટકા જેટલું વધવાનું છે. હમણાં જ મારા સાથી માનનીય ધારાસભ્યશ્રીએ વાત કરી એમ સામાનય વહીવટ વિભાગનું બજેટ છે તેમાં માનનીય નાણા મંત્રીશ્રીએ કહ્યું કે ખૂબ ઓછી પૂરક માગણી લઈને આવ્યા છે, પણ આ પૂરક માગણીમાં જે ૯૩ લાખ જેટલી રકમ છે તે મોટાભાગની રકમ તો સરકારી કર્મચારીઓને ટ્રેઈનિંગ આપવા માટેની છે. ૨૦ હજાર જેટલા કર્મચારીઓને જુદી જુદી ટ્રેઈનિંગ અપાય છે, સારી વાત છે ટ્રેઈનિંગ અપાય તે, પણ આટલા બધા કર્મચારી પાછળ આટલો બધો ખર્ચ ટ્રેઈનિંગ પાછળ વપરાય તેના કરતાં વિકાસના કામમાં વપરાય તો વધુ સારું. કારણ કે જ્યારે માણસો ગામડાંમાં થી આવે છે ત્યારે મોટા ભાગના કર્મચારીઓ અને અધિકારીઓ ટ્રેઈનિંગમાં હોય છે. કદાચ કોઈ અધિકારીએ ટ્રેઈનિંગ ન લીધી હોય તો એમનો ખુલાસો પૂછવામાં આવે છે કે કયા સંજોગોમાં ટ્રેઈનિંગ નથી લીધી.

આ સિવાય મારે એ વાત કરવાની છે કે ગુજરાત રાજય નાણાંકીય નિગમ છેલ્લા ઘણાં સમયથી ફડચામાં જઈ રહ્યું છે. જુદા જુદા ઉદ્યોગો તેની પાસેથી લોન લેતા હોય છે. તેના માટે પણ ૧૧૮ કરોડ રૂપિયા જેટલી માગણી છે. આપણે પણ મોટા ઉદ્યોગોને લોન માફ કરીએ છીએ, વ્યાજ માફ કરીએ છીએ ત્યારે સરકારે આવક વધારવાની કોશિશ કરવી જોઈએ. અગરિયાઓની વાત કરીએ તો આજથી ૧૫ વર્ષ પહેલાં કેન્દ્ર સરકારે મીઠાના અગરિયાઓ માટે તેમને શુદ્ધ પાણી, આરોગ્ય અને શિક્ષણની સુવિધા મળે તેના માટે અલગ દસ કરોડ રૂપિયા ફાળવેલા હતા. પણ અત્યાર સુધી હજુ જ્યારે અગરિયાઓને સુપ્રીમ કોર્ટમાં જવું પડયું ત્યારે આપણે પૂરક માગણીના પાંચ કરોડ જેટલા લઈને આવ્યા છીએ, ત્યારે આટલી સામાન્ય પાયાની જરૂરિયાત પણ પહોંચાડી શકયા નથી એટલી મારી વાત કરીને પૂરું કરું છું.

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જુદા જુદા વિભાગની પૂરક માગણી ક્રમાંક ૩૪, ૪૨, ૪૯, ૬૦ અને ૬૭ લઈને આવ્યા છે તેને હું કેટલાક કારણોસર સમર્થન આપી શકતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, બજેટ કમિટિની ભલામણો, અને માનનીય નાણા મંત્રીશ્રી તો ખૂબ અનુભવી નાણા મંત્રી છે, ૧૧મી વખત આ ગૃહમાં બજેટ રજૂ કરે છે. આપણે ગુજરાતીમાં કહેતા હોઈએ છીએ કે જમવા કરતાં અથાણું વધી ન જાય તે જોવાનું રહેતું હોય છે. બીજા ડિપાર્ટમેન્ટ હોય તો ઠીક છે પણ શિક્ષણ વિભાગ જયારે ૩૮૮ કરોડની પૂરક માગણી લઈને આવ્યો છે ત્યારે તેનું જે મૂળ બજેટ હતું તેના કરતાં પણ પૂરક માગણીઓ વધારે છે. ૨૦૦૪-૦૫નું મૂળ બજેટ હતું તેના કરતાં પણ પૂરક માગણી વધુ છે. એડવાન્સ પગાર આપવાની વાત છે તે સમજી શકાય તેવી બાબત છે. ખાસકરીને માધ્યમિક શાળાના શિક્ષકોને અગ્રીમ પગાર આપવા માટે ૨૦૦ કરોડ જેટલી રકમ આપવાની વાત અચાનક થઈ એટલે થયું હશે, પણ મને દુઃખ એ બાબતનું છે કે આ રાજયમાં ૧૯૯૧માં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા હતી તે સુનિશ્ચિત હતી. ૨૦૦૩-૨૦૦૪માં

પણ વિદ્યાર્થીઓની સંખ્યા સુનિશ્ચિત હતી. આંકડો નક્કી હતો, ૧૯૯૧માં ૭૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા હતા, ૨૦૦૩-૨૦૦૪માં ૮૭ લાખ જેટલા વિદ્યાર્થીઓ પ્રાથમિક શાળામાં ભણતા હતા. વિદ્યાર્થીઓ નક્કી છે, વિદ્યાર્થી દીઠ મધ્યાહ્ન ભોજનનો કેટલો ખર્ચ પડશે એ નક્કી છે, વિદ્યાર્થી દીઠ કેટલા દિવસો જમવાનું આપવાનું છે તે વાત પણ નક્કી છે તેમ છતાં રાજય સરકારે મધ્યાહ્ન ભોજન યોજનાની પાછળ જે ખર્ચનો અંદાજ મૂક્યો એ ૭૩ કરોડ જેટલો મૂક્યો, અને હવે જ્યારે પૂરક માગણી લઈને આવ્યા છે ત્યારે ૬૦ કરોડનો વધારો એટલે પૂરક માગણી મૂળ માગણીના ૭૮ ટકા વધારાની મૂકવી પડે એટલું જ્યારે આયોજન થતું હોય, જ્યારે રાજયના નાણામંત્રીશ્રી એનું બજેટ બનાવતા હશે ત્યારે મધ્યાહ્ન ભોજન યોજનાને બહુ ધ્યાને લીધું હોય તેવું નથી લાગતું. માનનીય માધવસિંહ સોલંકીની સરકારે આ મધ્યાહ્ન ભોજન યોજના દાખલ કરી હતી. એ એટલા માટે કરી હતી કે પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ ભણવા માટે આવે છે એમાં ખાસ કરીને ગામડાંના લોકો...

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આપ ડાયવર્ટ ન થઈ જાઓ, પૂરક માગણી ઉપર જ બોલો.

**ડૉ. સી. જે. ચાવડા** : આ મધ્યાહ્ન ભોજન યોજના ૧૯૯૨ માં ચાલુ કરી. જ્યારે આ યોજના રાજયમાં દાખલ કરી ત્યારે ડ્રોપ આઉટ રેશિયો ૩૫ ટકા જેટલો હતો. આ સરકારે આંખમિચામણા કર્યા, આ સરકારે આ મધ્યાહ્ન ભોજન યોજના સામે આંખમિચામણા કર્યા. ત્યારબાદ સમગ્ર દેશની અંદર આ યોજના શરૂ થઈ. સુપ્રીમ કોર્ટે અને દેશે સ્વીકાર્યુ કે આ યોજનાથી ડ્રોપ આઉટ રેશિયો ઘટ્યો છે તેથી આખા દેશમાં તેનો અમલ કરવો. ૧૯૯૨-૯૩માં જે ડ્રોપ આઉટ રેશિયો ૩૫ ટકા હતો એ આજે ઘટીને ૧૭.૧૭ ટકા એટલે કે અડધોઅડધ ઘટ્યો છે. એ કંઈ પ્રવેશયાત્રા રથ કાઢવાથી ઘટ્યો નથી. એટલા માટે મધ્યાહ્ન ભોજન યોજના માટે જે આયોજન થવું જોઈએ એ થયું નથી એટલી વાત હું કરવા માગુ છું.

બીજી વાત વિદ્યાસહાયકની ભરતીની બાબત છે. નિયમિતપણે ભરતી થઈ છે, વાત સાચી કે ભરતીમાં પારદર્શકતા પણ આવી, મેરિટ ઉપર લેવાયા છે પણ આ યોજના દાખલ થઈ ત્યારથી આજદિન સુધીમાં જે શિક્ષકો જેમ જેમ નિવૃત્ત થતા જાય તેમ તેમ વિદ્યાસહાયકોની બઢતી અને ભરતી થાય છે. એમાં હજી વધારો થઈ શકે તેમ છે. હજી નવી પ્રાથમિક શાળાઓ, ગામડાંમાં વધારાના વર્ગો વધારે શિક્ષકો એવી જગ્યાઓ ઊભી કરીને ગામડાંના લોકોને ગરીબ વિદ્યાર્થીઓને શિક્ષણમાં કંઈ વધઘટ ન રહે એ રીતે ભણેલા ગણેલા ડી.ટી.સી., પી.ટી.સી. થયેલ છે તેમાં બી.એડ અને સી.પી.એડને પણ રાજય સરકારે સામેલ કરેલ છે ત્યારે એ બેકાર ન રહી જાય એવી લાગણી ખુદ રાજય સરકારની પણ હતી ત્યારે હજુ કેટલાક વેઇટીંગ લિસ્ટોમાં સમાયેલા લોકો બેકાર ફરતા હોય ત્યારે રાજય સરકાર એ અંગે ચિંતા કરે અને નવી જગ્યાઓ ઊભી કરવા માટેની એકાદ માગણી લાવ્યા હોત તો અમને એમ થાત રોજીરોટી માટે એકાદ પૂરક માગણી સરકાર લાવી છે તેથી એને મંજૂરી આપત, પરંતુ અહીંયા એવું બન્યું નથી.

એજ રીતે ગૃહ વિભાગની ૧૬ કરોડની પૂરક માગણી રજૂ કરવામાં આવેલ છે. એમાં લોક રક્ષકની ભરતીની વાત છે. છેલ્લા બે વર્ષ થયા ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા એની ભરતીની પ્રક્રિયા મૂકવામાં આવી છે એમાં ઘણી બધી ઢીલ કરવામાં આવી છે, એના પ્રોસેસમાં લાંબો સમય ગયો છે. પોલીસ કર્મીઓઓની બે વર્ષમાં ભરતી ન થઈ હોય તેવું પહેલીવાર બન્યું છે. દર વરસે આઠ થી દસ હજાર પોલીસ કર્મીઓની ભરતી થવી જોઈતી હતી એ બે વર્ષથી થઈ નથી.

એસ.ટી.ની વાત માનનીય સભ્યશ્રી કુંવરજીભાઈ કરી રહ્યા હતા કે જ્યારે આટલી તાત્કાલિક જરૂરિયાતવાળી સેવા પ્રજા હિતની, લોક હિતની, એસ.ટી. રૂટ, વધારાની સેવાઓ. ૧૯૯૫-૯૬માં આ રાજયમાં એસ.ટી.ના પાંચ હજાર રૂટો ફરતા હતા. દિવસ ઊગે અને રાત્રીના ૧૨-૦૦ વાગે ત્યાં સુધીમાં પાંચ હજાર રૂટો દ્વારા પ્રજા ગામડેથી શહેરમાં, શહેરમાંથી ગામડે, શાળાઓમાં અને વેપાર ધંધે જવા માટે એસ.ટી.ની. સુવિધા હતી. એ ઘટતાં ઘટતાં ૧૫૦૦ કરતાં પણ ઓછા રૂટો થઈ ગયા છે. આ રાજય માટે શરમજનક અને દુ:ખજનક ઘટના બની છે. અહીંયા લોક ભાગીદારની વાત ચાલે છે. અમરેલી જિલ્લાના એક ગામમાં એસ.ટી. ડીઝલ વગર પડી રહી હતી. તો ગામના લોકોએ ફાળો કરીને એસ.ટી. ચાલુ કરાવીને જિલ્લા કક્ષાએ મોકલી. આવી પરિસ્થિતિ ઊભી થઈ હોય ત્યારે નવી એસ.ટી. બસો શા માટે નથી ખરીદતા? નવી બસો ખરીદતા નથી તેમ છતાં તમે પૂરક માગણીઓ લઈને આવ્યા છો.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, અત્યારે પૂરક માગણીઓ ઉપર ચર્ચા ચાલે છે ત્યારે તમે આ ન કહી શકો. પછી મારે બેસાડી દેવા પડે એ બરાબર નહિ, તેથી મુદ્દા ઉપર વાત કરો. પ્લીઝ. બીજી વાત નહીં કરો.

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, મુદ્દા ઉપર વાત કરું છું બીજી વાત નહીં કરું. ઉદ્યોગોમાં પૂરક માગણી રૂ.૨૦૦૦/-ની ઓછી લઈને આવ્યા છે. આમાં શું થયું? કેવી રીતે રોકાણ થયાં? કેવી રીતે એમ.ઓ.યુ. થયાં? એની વિશેષ વાત કરવી નથી, પણ સરકાર જ્યારે આયોજનબદ્ધ રીતે ચાલતી હોય ત્યારે, આખા વર્ષનું નાણાકીય આયોજન કરતી હોવા છતાં અને આટલા અનુભવી નાણામંત્રીશ્રી હોય ત્યારે, ક્યાંક અચાનક આવી પડેલી આપત્તિ હોય અને આકસ્મિક કાર્યવાહી કરવી પડી હોય, ક્યાંક સુનામી જેવું ખર્ચ થયું હોય, ક્યાંક કચ્છ

જેવો ભૂકંપ થયો હોય, ક્યાંક વધારાના કર્મચારીઓની ભરતી કરવાની વાત આવી હોય, ક્યાંક નર્મદા જેવી યોજનામાં ૧૦-૧૫ કિલામિટર નહેર બાંધવાની વાત આવી હોય, ક્યાંક સુપ્રીમ કોર્ટના ચુકાદાના કારણે ૯૫ મિટરથી ૧૧૦ મિટરની ઊંચાઈ ઉપર લઈ જવાની વાત આવી હોય અને પૂરક માગણી આવી હોય તો એ સ્વીકારી શકાય તેવી બાબત છે અને આ તો આયોજન વગરની પૂરક માગણી આવી છે એ કોઈપણ સંજોગોમાં સ્વીકારી શકાય તેમ નથી અને એટલે હું તેને સમર્થન આપી શકતો નથી.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે તેમાં કેટલાક સૂચનો કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની રૂ.૧૬,૬૦,૬૪,૦૦૦/- ની પૂરક માગણી છે. હામગાર્ડના પગારો ૮ મહિના સુધીના બાકી છે અને એ વધારાનો ખર્ચ સરકાર ઉપર પડ્યો છે એવું કારણ આપી ો આ પૂરક ખર્ચ મંજૂર કરવા માટે આ માગણીઓ લઈને મંત્રીશ્રી આવ્યા છે. પણ પહેલો મુદ્દો તો એમાં એ ઉપસ્થિત થાય છે કે, સુખ, સમૃદ્ધિ અને સલામતી આ રાજયમાં છે એવી પોકળ જાહેરાતો જ્યારે થાય છે ત્યારે આઠ આઠ મહિના સુધી આ હોમગાર્ડની પોતાની સલામતી માટે સર્વિસ લેવી પડી અને એના પગારો ચૂકવવા માટેની વ્યવસ્થા ન હોવા છતાં આંતરિક વ્યવસ્થા ન કરી શક્યા એ ખરેખર એક વિચારણા માગી લે તેવો મુદ્દો છે. કાંતો એમાં એવું બન્યું હોય કે, આપણી પાસે પોલીસમાં સ્ટાફ ઓછો હોય, કારણ કે જ્યારે જ્યારે રજૂઆત કરીએ છીએ ત્યારે એક જ જવાબ આવે છે કે, સ્ટાફ ખૂબ ઓછો છે, સાધનોની ઉપલબ્ધતા નથી, એના કારણે તાત્કાલિક જે ડીટેઈન થવું જોઈએ એ થઈ શકતું નથી. એટલે કદાચ એવું બન્યું હોય કે, આ હોમગાર્ડનો ખર્ચ છે એ એમાં પાડી હોમગાર્ડની પૂરક માગણી રજૂ કરી હોય એવું થવાની શક્યતા હું માનું છું. આ બજેટમાં આ હોમગાર્ડ રેગ્યુલર હોય તો એની માગણી અગાઉના બજેટમાં જોગવાઈ કરી દીધી હોત. એક બાજુ આપણી પાસે સ્ટાફ ઓછો છે અને બીજી બાજુ આપણી પાસે સાધનો નથી અને ત્રીજી બાજુ એની વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે હોમગાર્ડને મૂકીએ છીએ એના પગારો ચૂકવતા નથી. તો ખર્ચ વધવાની જગ્યાએ ઘટવો જોઈએ એના બદલે આ ખર્ચ વધી ગયો છે. સાથોસાથ આ ગૃહ વિભાગને એક સૂચન છે કે, પોલીસ વિભાગના જે કર્મચારીઓ છે એમાં કૉન્સ્ટેબલ, હેડ કૉન્સ્ટેબલ અને પી.એસ.આઈ. જે ફિલ્ડમાં કામ કરે છે. એમાં માની લો કે, કોઈ ફરિયાદ અંતર્ગત એમાં સંડોવાયેલ હોય અને એમાં કોર્ટ કેસ થાય અને એની આપણે આંતરિક વ્યવસ્થાના ભાગરૂપે બદલી કરવામાં આવે. ખરેખર તો ફરિયાદના અનુસંધાને બદલી કરવામાં આવે છે ત્યારે એનો જે આવન-જાવનનો ખર્ચ થાય, ટી.એ. ડી.એ. એ બધું ચૂકવવામાં આવે છે તે વાજબી જણાતું નથી. કારણ કે, એની ઉપર ફરિયાદ દાખલ થઈ છે અને એના અનુસંધાને એની બદલી થઈ છે નહીં કે, વહિવટી કારણોસર. આ એક આપની મંજૂરી લઈને એકાદ મુદ્દો મૂકું છું કે રંભાબેન નારણભાઈ રાઠવા...

**અધ્યક્ષશ્રી** : આજે નહીં આવે, પ્લીઝ.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : સારું, પછી એની ચર્ચા કરીશું. એટલે આવા ખર્ચાઓ નિવારવા માટે સરકાર ચોક્કસ ચિંતિત બનવી જોઈએ જેથી અત્યારે આ ખર્ચ તો બરાબર છે પણ આવનારા ભવિષ્યમાં આવા ખર્ચા અને પૂરક માગણીઓ લઈને આ હાઉસ તરફ ન આવવું પડે એની પણ વ્યવસ્થા થોડીક ગોઠવવા માટે માનનીય નાણામંત્રીશ્રી ચિંતા કરે એવી એક વિનંતી કરું છું

બીજું આમ તો ઉદ્યોગની અંદર ર હજાર રૂપિયાનો જ વધારાનો ખર્ચ આવ્યો છે એટલે એમાં અનિલભાઈને ધન્યવાદ તો આપવા જોઈએ, પણ એનું જો આપણે વિશ્લેષણ કરીએ તો એમાં ગુજરાત રાજય નાણાકીય નિગમ, એની ગત બજેટની અંદર ૪૦ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી પણ અત્યારે પૂરક માગણી લઈને આવ્યા છે એટલે એના વિશ્લેષણમાં ૧૧૮.૭૮કરોડની માગણી મૂકી છે. જો કે એડજેસ્ટમેંટ ઓફ એકાઉન્ટ છે એટલે વાંધો નથી પણ મારો મહત્વનો મુદ્દો એ છે કે આ ૧૧૮.૭૮કરોડ....

**અધ્યક્ષશ્રી** : બહુ નાની ભૂલ કરજો. મોટી ભૂલ ના કરતા.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૧૮.૭૮ કરોડ, ૪૦ કરોડની સામે જે વધારાનું બજેટ રજૂ થયું છે એમાં કારણ દર્શાવવામાં આવ્યું છે કે વસુલાત ઓછી થવાના કારણસર જી.એસ.એફ.સી.ના દેવા ભરવા માટે આ પૈસાની જરૂરિયાત ઉભી થઈ છે. આ બાબતે માનનીય અનિલભાઈનો ખૂબ જ હકારાત્મક અભિગમ છે અને વસુલાત ઝડપથી મળે એ દિશામાં એમના પ્રયત્નો પણ છે, પણ એમાં મારે એક મુદ્દા ઉપર એમનું ધ્યાન એ દોરવું છે કે જે એ પોતે પણ જાણે છે કે જે રેગ્યુલર પેયર છે જેનો એક પણ રૂપિયાનો હપ્તો બાકી નથી, જેની એન.પી.એ. પૂરી નથી થઈ, એલ.ડી.આર. પૂરી નથી થઈ, જે એન.પી.એ. એટલે કે કપડાં કાઢીને બજારમાં ફરે છે એ લોકોને આપણે વ્યાજમાં માફ કરીએ છીએ. વ્યાજમાં ઘટાડો કરી અને ઓ.ટી.એસ. એટલે કે વન ટાઈમ સેટલમેંટ કરવાની વાત કરીએ છીએ કારણ કે તમે કપડાં ઉતારી લીધાં છે પણ હવે ગમે તે હોય તમે એમને પૈસા આપો એવી પરિસ્થિતિ માટે વસૂલાત કરી છે જ્યારે પેલી રેગ્યુલર પૈસા ભરતી વ્યકિત એમ કહે કે ઓ.ટી.એસ. એટલે વન ટાઈમ સેટલમેંટમાં મારા જેટલા પણ બાકી છે એ બધા જ પૈસા હું ભરી દેવા તૈયાર છું. ( અંતરાય) સાહેબ આ મારું સૂચન છે.

**અધ્યક્ષશ્રી** : મુકેશભાઈ, જનરલ માગણી આવે ત્યારે કહેજો.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી :** આ સૂચન એટલા માટે છે કે..

**અધ્યક્ષશ્રી** : ના, આ આમાં કયાં આવે? બજેટની વાત ચાલે છે.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી :** આ પૈસાની બાબત છે કે જે લોકો પૈસા ભરવા માટે જી.એસ.એફ.સી.માં ઓફર આપે એવા લોકોને તાત્કાલિક થોડીક સવલતો આપી અને પૈસા લઈ લેવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : આ આમાં કયાં આવે? કોઈ સ્પીચ તૈયાર ન હોય તો પછી આપ બેસી જાઓ.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : જેથી કરીને એન.એ.એ. થતા અટકે, માંદા થતા એકમો બંધ થાય અને આપણે આજે જ્યારે જી.એસ.એફ.સી. લોન નથી આપી શકતી ત્યારે એ લોકો જે જી.એસ.એફ.સી.ના પૈસા ભરવા તૈયાર થયા હોય તો એમને સ્પેશિયલ કોમ્પોનન્ટ સ્કીમ હેઠળ લઈ અને લાભ આપવો જોઈએ.

**શ્રી માધુભાઈ જે. ભોયે(ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પૂરક માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા કેટલાક વિચારો અને સૂચનો રજૂ કરવા ઉભો થયો છું. બજેટની અંદર દરેક વિભાગમાં અન્ય ફાળવણી થઈ તેમ છતાં માનનીય નાણામંત્રીશ્રી આ વધારાની પૂરક માગણી લઈને આવ્યા છે આ બાબતમાં મારે એક જ માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરવી છે કે શિક્ષણ વિભાગની જ્યારે આપણે માગણી કરી તો દક્ષિણ ગુજરાત આદિવાસી વિસ્તાર છે અને એ વિસ્તારની અંદર કોઈપણ ઉચ્ચ શિક્ષણ કે કોલેજ માટેની કોઈ વિચારણા નથી બજેટમાં થઈ કે નથી આ પૂરક માગણીમાં થઈ એટલે મારે આપના દ્વારા માનનીય નાણામંત્રીશ્રી અને આ સરકારને વિનંતી કરવી છે કે દક્ષિણ ગુજરાતની અંદર સુરત, વલસાડ, ડાંગ, ધરમપુર વિસ્તાર છે એ આદિવાસી વિસ્તાર છે. ત્યાં કોઈ એન્જિનિયરીંગ કે મૅડિકલ કોલેજ નથી અને ત્યાં જે આવી સંસ્થાઓ ચાલે છે એમાં અમારા આદિવાસીઓ એના બે બે અઢી અઢી લાખ રૂપિયા ભરી શકતા નથી એટલે હું માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરું છું કે અમારો આદિવાસી વિસ્તાર છે અને આદિવાસીઓ આજે શિક્ષણમાં આગળ આવવા માંડયા છે અને એના માટે ઉચ્ચ શિક્ષણ માટે પણ સારી જોગવાઈ થવી જોઈએ એવું હું આપના દ્વારા નાણામંત્રીશ્રી અને સરકારનું ધ્યાન દોરું છું. આ બાબતે દક્ષિણ ગુજરાતની પણ ચિંતા થવી જોઈએ. બીજી વાત પંચાયતોને સંગીન બનાવવાની વાત લાવ્યા છીએ. એમાં સહમત છીએ, અમને આનંદ છે. પણ સાથોસાથ મારે એક વિનંતી છે કે જે નવા તાલુકા અને જિલ્લા બન્યા છે એના અંદર મોટાભાગે મારા ડાંગ જિલ્લાની વાત કરું તો નવો તાલુકો બન્યો છે એમાં એક પણ પૈસો તાલુકાના હેડમાં નથી. અમારા જિલ્લાના બીજા હેડમાંથી આપવા પડે છે. એવા અનેક તાલુકાઓ અને જિલ્લાઓ છે જેમાં જોગવાઈ કરવી જોઈએ. આ એક મારી ખાસ માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હોમગાર્ડમાં હું પોતે ગામ રક્ષક દળનો માનદ અધિકારી હતો. હોમગાર્ડમાં યુવાનો જે કામ કરે છે, જ્યારે જ્યારે સરકારને જરૂર પડે છે, કોઈપણ હુલ્લડો હોય, કયાંય બંદોબસ્ત હોય તે વખતે માત્ર માનદ વેતન તરીકે આપણે એને આપીએ છીએ. જ્યારે હુલ્લડો થાય ત્યારે એનો જાન જોખમમાં મૂકીને સેવા આપે છે ત્યારે જેટલી સવલતો પોલીસને આપીએ છીએ એટલી સવલતો હોમગાર્ડને આપી શકતા નથી. પણ એના વેતનમાં કંઈક સુધારો થાય એ જરૂરી છે. અમારે ત્યાં વઘઈથી સાપુતારા જ્યાં જ્યાં લૂંટો થાય છે ત્યાં રાત્રિ પેટ્રોલિંગમાં ગ્રામ રક્ષક દળના યુવાનો કામ કરે છે. એ જેટલા દિવસ કામ કરે એટલા દિવસનું વેતન મળે છે. મારી સરકારશ્રીને વિનંતી છે કે શિક્ષિત બેરોજગારો છે એવા ગ્રામ રક્ષક દળમાં સંકળાયેલા હોય એવાને વધારાનું મહેનતાણું આપીને કરી શકાય એવી મારી વિનંતી છે.

મારી માનનીય નાણામંત્રીશ્રીને એક ખાસ વિનંતી છે કે ગૌણ સેવા પસંદગી મંડળના ઈન્ટર્વ્યુ લેવાય ત્યારે ૭૦૦ યુવાનોને પસંદ કરાય અને એમાંથી ફકત ૨૫૪ જેટલાને જ લેવાયા છે. મોટાભાગના આદિવાસી વિસ્તારના અને શિક્ષિત બેરોજગાર લોકો છે એવા લોકોને માટે અગાઉ પણ આ ગૃહમાં માનનીય નાણામંત્રીશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય કેશુભાઈએ જાહેરાત કરેલી કે આ સરકાર ગરીબોના માટે અને શિક્ષિત બેરોજગારો માટે જે રીતે બનશે એ રીતે રોજગારી આપશે. આપને વિતંની છે કે અમારા દક્ષિણ ગુજરાતના, સૌરાષ્ટ્રની વાતો થાય, મધ્ય ગુજરાતની વાતો થાય પણ અમારા દક્ષિણ ગુજરાતમાં જ્યારે આવો ડુંગરાળ વિસ્તાર છે અને એ વિસ્તારમાં માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરું છું કે ચેકડેમો બન્યા છતાં આજે પણ પાણીની મુશ્કેલી છે અને જ્યાં આદિવાસીઓ ધીરે ધીરે ખેતી ઉપર આવ્યા છે. એમ નહિ કહી શકું કે ડાંગમાં ખેતી નથી કરતાં, આજે સિંચાઈ થાય છે પણ સાથોસાથ મહારાષ્ટ્ર બોર્ડર ઉપરનાં ગામડાં છે ત્યાં ટપક સિંચાઈ પદ્ધતિથી ૧૦૦ ટકા સબસિડી, ક્યારા બનાવવાના હોય, પાઈપલાઈન હોય કે ખાતર અને બિયારણ હોય એમાં સબસિડીના ધોરણે આપવામાં આવે છે. આપણે ત્યાં આ બાબતમાં વધારાની માગણીમાં જોગવાઈ કરે એવી મારી લાગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એસ.ટી. બસની વાત કરું તો અમારાં ગામડાંમાં માત્ર આખા દિવસમાં એક રૂટ જતો હોય એવા મારા ડુંગરાળ અને પહાડી વિસ્તારો છે ત્યાં કોઈ દિવસ, બે-ત્રણ દિવસે બસ જાય. કારણ કે બસો બગડીને રસ્તામાં પડી હોય. અત્યારે જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉદ્‌ઘાટન કર્યું છે અને નવી બસો

દોડાવવાની છે ત્યારે પહાડી વિસ્તારમાં સારી બસો મળે. અગાઉ દક્ષિણ ગુજરાતમાં વલસાડથી માંડીને ડાંગ સુધી મને ખ્યાલ છે ત્યાં સુધી ૧૯૮૫થી દર વર્ષે એકેએક ડેપો ઉપર ૧૨થી ૧૫ નવી બસો આવતી હતી. અત્યારે અમારું કમનસીબ છે કે જૂની અને સેકન્ડ હેન્ડ ગાડીઓ રસ્તામાં પડી રહે છે. કોઈને દવાખાને જવાનું હોય, શાળા કોલેજમાં વિદ્યાર્થીઓને જવાનું હોય એ આખો દિવસ રાહ જોઈને બેસી રહ્યાં હોય એવી પરિસ્થિતિ છે. એના માટે માનનીય નાણામંત્રીશ્રી જોગવાઈ કરે એવી વિનંતી છે. અમને વિશ્વાસ છે કે નાણામંત્રીશ્રી ખૂબ વિચાર કરીને કામ કરે છે. ગઈકાલે વિનંતી કરી હતી કે પૈસા છે એ ડાંગ ડેવલપમેન્ટ ફંડ શોધી કાઢીને ડાંગનો વિકાસ કરવા માટે પૈસા મળે એવી માનનીય નાણામંત્રીશ્રીને મારી વિનંતી છે.

**શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ)**: માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં નાણામંત્રી પૂરક માગણી જ્યારે લઈને આવ્યા છે. સામાન્ય વહીવટ વિભાગ, ગૃહ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, શિક્ષણ વિભાગ, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની પૂરક માગણીઓ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૪-૦૫ માટે ૯૭૪૭ કરોડ ૪૫ લાખ ૫૯ હજારની લાવ્યા છે, જેનાથી રાજ્ય સરકારને ૧૦.૩૪ ટકાનો વધારો બજેટમાં થશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જ્યારે પૂરક માગણીઓ આવતી હોય અને વિકાસના કામમાં જ્યારે સરકાર ઊણી પડતી હોય ત્યારે આ ચોક્કસ પૂરક માગણી માટે હું મારું મંતવ્ય થોડુંક રજૂ કરીશ. શિક્ષણ ક્ષેત્રની વાત કરું તો કચ્છ જિલ્લાને કચ્છ યુનિવર્સિટી આપી, શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટી આપી એમને અમે હ્દયપૂર્વક આવકારીએ છીએ. પરંતુ આજે આટલા સમયથી જ્યારે કુલપતિની નિમણૂક થતી ના હોય..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એ બધું આમાં નહિ આવે પ્લીઝ, આજે પૂરક માગણીઓ પર ચર્ચા છે.

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, મારું સૂચન માની લો.

**અધ્યક્ષશ્રી** : મારે અવારનવાર ટકોર કરવી પડે, એ ઠીક નહિ.

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, આજે શિક્ષણમાં, જ્યારે ભૂકંપની વાત કરીએ, આજે સ્કૂલોની વાત કરીએ તો આજે કચ્છમાં અનેક NGO આવી, સ્કૂલો કાર્યરત થઈ હાઈસ્કૂલ બિલ્ડીંગ જે બાકી હતી એ પણ બનાવવામાં આવતી નથી. પરંતુ સરકારી સ્કૂલની જે હતી એ આજની તારીખ સુધીમાં સરકારે કોઈ નિર્ણય લીધો નથી એવા ભારાપર, ફતેહ સાહેબ, દહીંસર, રતનાલ આ સરકારી હાઈસ્કૂલો ક્યારે બનાવવામાં આવશે? એ સમય પણ નક્કી કરવામાં આવ્યો નથી. આજે જ્યારે આપણે શિક્ષણની વાત કરતા..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શીવજીભાઈ, એ બધું માગણીમાં આવે ત્યારે બોલજો.

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સૂચન માની લો. (અંતરાય) પૂરક માગણીના સંદર્ભમાં જ છે.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, શીવજીભાઈ, એ એક જ છે, બોલી ચૂકયા છે, ચાલા, માનનીય વજુભાઈ....

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે મારી પૂરક માગણી લઈને આવ્યો છું એમાં સામાન્ય વહીવટ વિભાગ માટે ૯૩ કરોડ ૬૦ લાખ છે, ઉદ્યોગ માટે ૨૦૦૦ કરોડ, શિક્ષણ માટે ૩૮૮.૫૮ કરોડ છે અને પાણી પુરવઠા માટે ૧૫ લાખ રૂપિયાની માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ પાંચ જ વિભાગની પૂરક માગણી હોવા છતાં સામાન્ય રીતે ચર્ચા છે, પણ બીજા વિષય ઉપર પણ ચર્ચા થઈ છે અને એમાં ખાસ કરીને માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિસ્તાર માટેના સૂચનો પણ આપ્યાં છે. પરંતુ સભ્યશ્રી બલવંતસિંહભાઈએ જે વાત કરી એમાં જે મારા પ્લાનની અંદર ૩૦૦૫ કરોડ છે, નૉન-પ્લાનની અંદર ૬૭૪૧ કરોડ કુલ ૯૭૪૭ કરોડની જે માગણીઓ છે એમાંથી મોટાભાગની તો હિસાબકીય રીતે ways and means માટેની હોય માનનીય બલવંતસિંહભાઈને કહું કે, તમે ૧૫૦૦ કરોડ રૂપિયા રિઝર્વબેંક પાસેથી લીધા છે. આ તમારી એક O.D. થાય છે. ખરેખર રિઝર્વ બેંક રાજ્યને એક રકમ નક્કી કરે છે ways and means માટે થઈને ૫૦૦ કરોડ રૂપિયા, ૪૦૦ કરોડ રૂપિયા ત્યાં સુધી તમે લો તો O.D. ના કહેવાય. Ways and means પછી ઉપરથી જેટલી રકમ લો એને O.D. કહેવાય. આજે ૧૫૦૦ કરોડ રૂપિયા લીધા હોય ways and means માટેના હોય કે ક્યારેક ways and means ની અંદર ક્યારેક ૧૦ કરોડ લીધા અને ક્યારેક દોઢ સો કરોડ રૂપિયા લીધા. પરંતુ એના ૫૫૩ કરોડ કે ૬૫૩ કરોડની આપણી જે લિમિટ નક્કી હોય એનાથી વધુ રકમ થાય તો એ over draft કહેવાય અને ways and means માં જેટલી રકમ લીધી અને જેટલી રકમ ભરપાઈ કરી એ આપણે આમાં એકાઉન્ટમાં બતાવવી પડે, એટલે આ દૃષ્ટિએ જે ૧૫૦૦ કરોડ રૂપિયા થાય એ overdraft નથી પણ ways and means છે અને હિન્દુસ્તાનના તમામ રાજયોને નિયમ મુજબ અને Constitution મુજબ રિઝર્વ બૅન્ક આ આપે છે. Ways and means ઉપરની રકમ તમે જેટલી આજે લો એને overdraft ની વ્યાખ્યામાં અત્યાર સુધી ગણવામાં આવે છે અને આજે પણ એજ રીતે ગણાય છે. બાકી જે ૧,૨૦૫ કરોડ રૂપિયા છે એ નર્મદાની લોન અને વિકાસ માટેની વાત છે એમાં પણ એવી રીતે છે.

બીજી વાત જે ખેડૂતોને વીજળી આપવા માટેની વાત છે, "જર્કે" જે રિપોર્ટ આપ્યો હતો એ રિપૉર્ટના આધારે આટલી રકમ વસૂલ કરવી જોઈએ, એટલી રકમ આપણે જ્યારે કિસાન ભાઈઓને રાહત આપીએ છીએ તો એ આપેલ રાહત એ જીઈબી ન ભોગવે. રાહત આપી છે એ સરકારે આપી છે એટલે સરકારે , જીઈબીને જે રકમ આપવાની હોય એ રકમમાં જે પ્લસ-માયનસ થતું હોય એ આપણે સ્વાભાવિક રીતે એને આપવા માટેની વાત છે, એટલે હું એક સ્પષ્ટતા કરી દઉં છું કે, Overdraft આપણે કયારેય હજુ સુધી લીધો નથી એ બહું નિર્વિવાદ વાત છે.

માનનીય બાબુભાઈએ પણ જે વાત કરી છે એમાં ચોક્કસ એક સ્વાતંત્ર્ય સેનાનીઓને રકમ આપવા માટેની વાત છે, પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, આપણે દીવ-દમણમાં જે લોકોએ ભાગ લીધો હતો એવા સ્વાતંત્ર્ય સેનાનીઓ અને એ ઉપરાંત આરઝી હકૂમતમાં પણ જે લોકોએ ભાગ લીધો હતો એવા લોકોને આપીએ છીએ. ગુજરાત રાજયની અંદર નક્કી કરેલ નોર્મસ મુજબ સ્વાતંત્ર્ય સેનાનીઓને તમામ પ્રકારની, જેટલી સુવિધાઓ છે એટલી આપવામાં આવે છે. ત્યાર પછી શ્રી બાબુભાઈએ જે ભૂકંપ માટેની વાત કરી. એ જનરલ ચર્ચામાં આવશે ત્યારે ચોક્કસ એ વિગતોમાં એના આંકડા સહિત બધી રીતે વાત કરીશું. માનનીય અધ્યક્ષશ્રી, અગિયારમા નાણા પંચે જે આપણને ભલામણો કરી હતી એ ભલામણોનો સ્વીકાર કરીને તમામ શહેરોને કેમ રકમ વધુ મળે એના માટે આપણે આયોજન પણ કરેલ છે. ધારો કે, મનોરંજન વેરામાંથી આવક આવતી હોય એના પચાસ ટકા રકમ આપવી જોઈએ પણ રાજય સરકારે નક્કી કર્યુ કે, શહેરી વિસ્તારોમાં વધુ સુવિધા મળે એટલે પચાસ ટકાને બદલે પંચોતેર ટકા રકમ આપણે આપવા માટેની વાત કરી. કેબલમાંથી મળતી હોય એમાંથી પણ એને મળે, વ્યવસાય વેરામાંથી જે રકમ મળતી હોય એમાંથી પણ મળે. આ રકમો શહેરી વિસ્તારોને મજબૂત કરવા માટેની છે

માનનીય શ્રી કુંવરજીભાઈએ પણ જે આ મારી માગણીઓમાં સમાવેશ નથી છતાં પણ એસ.ટી. કોરપોરેશનને મદદ કરવા માટેની વાત છે. આપણે આવતા વર્ષનું જે બજૅટ આવે છે એમાં એસ.ટી.ને નવી બસો માટે સારી એવી રકમની આપણે ફાળવણી કરી છે અને જે પછાત વિસ્તારોની અંદર એમનું જે સૂચન છે કે, ગ્રાન્ટેડ શાળાઓને વધુ કરવી જોઈએ પણ આગામી બજૅટમાં આપ એને જોઈ શકશો. અને નવી કૉલેજો કેટલી ઊભી કરવા માગો છો ? એ આવતા વર્ષના બજૅટમાં. આ વર્ષમાં તો ફક્ત માર્ચ મહિના સુધી જે ખર્ચ કરવાને પાત્ર હોય એજ હું કરી શકું.

માનનીય અનેક સભ્યશ્રીઓએ, જેમ શ્રી માધુભાઈ ભોયેએ વાત કરી કે, અમારો વિસ્તાર એ આદિવાસી વિસ્તાર છે ત્યાં અમારે ઉચ્ચ શિક્ષણ નથી, માધ્યમિક શાળાઓ નથી પણ એ બધું નવા વર્ષમાં એનો સમાવેશ થઈ શકશે. એજ રીતે શ્રી પુંજાભાઈ વંશે, સરસ વાત કરી કે, પૂરક માગણીઓ લઈને આવો તો વિધાનસભામાં તમારે મંજૂર કરાવવું જ પડે. મંજૂર કરાવ્યા વગર આપણે એક પણ પૈસો ખર્ચ કરી શકતા નથી એ હકીકત સત્ય છે અને એટલા માટે જ દર વર્ષે કોઈપણ પાર્ટીની સરકાર હોય એણે આ પૂરક માગણીઓ લઈને આવવું જ પડે. કારણ કે, આપણે જે બજૅટ વખતે આયોજન કર્યુ હોય ત્યાર પછી ફેરફાર થાય, આજે આપણે જોઈ શકીએ છીએ કે, છેલ્લા છ વર્ષની અંદર શિક્ષકો જે નિવૃત્ત થયા છે એવા ૩૬,૦૦૦/. નિવૃત્ત થયા હોય, મૃત્યું થયા હોય કે રાજીનામા આપ્યા હોય એવા ૩૬,૦૦૦/ શિક્ષકો છે, જ્યારે આપણે ૮૦,૦૦૦/ વિદ્યા સહાયકોની ભરતી કરી છે તો આ ૪૪,૦૦૦/ જે નવા વિદ્યા સહાયકો આવ્યા એનો આપણને ખ્યાલ નથી કે, કયા ગામડામાં કેટલા કલાસરૂમો થશે અને કેટલા વિદ્યાર્થીઓને વધારવામાં આવશે? આપણાં અંદાજ કરતાં પણ જ્યારે શિક્ષકોને આપણે વધુ મહત્ત્વ આપીએ છીએ. ગુજરાત રાજયના એકે એક અધિકારી, મંત્રી અને ધારાસભ્યો ગામડેગામડે જઈને વિનંતી કરે છે કે તમારા બાળકોને નિશાળમાં મોકલો અને આ નિશાળમાં આવતા બાળકો માટે વધારાના શિક્ષકોની સગવડ પ્લસ-માઈનસ થાય છે, પરંતુ આજે શિક્ષણ ક્ષેત્રે વાત કરું છું. ખાનગી માધ્યમિક શાળા અને પ્રાથમિક શાળા છે. સરકારી શાળાનો જાન્યુઆરી મહિનાનો પગાર ફેબ્રુઆરીની પહેલી તારીખે નહીં મળતો હોય જયારે ખાનગી શાળાનું બીલ જાન્યુઆરીના પગારનું ફેબ્રુઆરીમાં આવે અને માર્ચ મહિનામાં મળતો હતો એના બદલે એડવાન્સ પૈસા આપી દેવા પડે એટલા માટે. નિવૃત્ત શિક્ષકોના ઘણા વખતથી રજાનો પગાર અને બીજા પૈસા બાકી હતા એની ચૂકવણી માટે ૩૮૮કરોડ અને વધુ રકમ છે એ એના માટે છે. હું માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે બજેટ ઉપરની મારી માગણી છે એના સિવાય બીજાં જે કંઈ સૂચનો છે એ આગામી બજેટમાં ચોકકસ સવિશેષ ચર્ચા કરીશું. માનનીય સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે એમણે કરેલી કાપ દરખાસ્તો આ ફકત એકાઉન્ટની દ્રષ્ટિથી એડજસ્ટમેન્ટ છે. નવા કામો માટેનું આયોજન છે. તો હું આ સભાગૃહના સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે પૂરક માગણી ઉપરની કાપ દરખાસ્તો પછી ખેંચી લે અને મારી મુળ માગણી મંજૂર કરે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વાતંત્ર સૈનિકોને કેન્દ્રના ધોરણે આપવા મેં સૂચન કરેલું કે જો આ નવી સેવા કે પૂરક માગણીની અંદર કેન્દ્રના ધોરણે સ્વાતંત્ર સૈનિકોને આપવાનું ધોરણ નકકી કરેલું હોત તો યોગ્ય ગણાત એટલા માટે મેં કહયું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન હોય તો આગામી બજેટ માટે વિચાર થઈ શકે આ તો મારી અત્યારે પૂરક માગણી છે.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૭, ૧૮, ૨૦, ૨૧ અને ૨૨ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક- ૩૪, ૪૨, ૪૯, ૮ અને ૬૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

## સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

## સભાગૃહનો સમય બદલવા અંગે

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે બપોરની બીજી બેઠક ૨-૩૦ ના બદલે ૧૨-૩૦ વાગે રાખીએ. અમે બંને પક્ષ સંમત છીએ.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહ સંમત છે? (થોડી વાર બાદ) સભાગૃહની બપોરની બીજી બેઠક ૧૨-૩૦ વાગે ફરી મળશે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : દરેક વ્યકિતએ પોતપોતાના કાર્યક્રમ નકકી કરેલા હોય છે એટલા માટે...

**અધ્યક્ષશ્રી** : સંમતિ આવી ગઈ છે.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ સવારના ૧૦-૨૦ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૧૨-૩૦ કલાકે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા.૨૪મી ફેબ્રુઆરી,૨૦૦૫**
**ફાલ્ગુન ૫, ૧૯૨૬ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૧૨-૩૦ વાગ્યે ફરી મળ્યું**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### કૃષિ ખાતામાં મદદનીશ ખેતી નિયામક, વર્ગ-૨ ની ખાલી જગ્યાઓ

***૯૬૯૪ શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ): માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) કૃષિ ખાતામાં ડિસેમ્બર-૨૦૦૪ ની સ્થિતિએ ખેતી અધિકારી, વર્ગ-૨ તથા મદદનીશ ખેતી નિયામક વર્ગ-૨ ની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) આ મહત્ત્વની જગ્યાઓ ફીડર કેડરની ખેતીવાડી અધિકારી, વર્ગ-૨ ની જગ્યાઓ ખાલી રહેવાથી મુશ્કેલી સર્જાયેલ છે તે હકીકત પણ સાચી છે, અને

(૩) જો હા, તો આ જગ્યાઓ સરકાર કયાં સુધીમાં ભરવા માગે છે?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) કૃષિ ખાતામાં ડિસેમ્બર-૨૦૦૪ ની સ્થિતિએ ખેતી અધિકારી વર્ગ-૨ ની ૧૪૭ તથા મદદનીશ ખેતી નિયામક વર્ગ-૨ ની ૧૧૭ જગ્યા ખાલી છે.

(૨) ખાલી જગ્યાની કામગીરી હવાલો સોંપીને કરાવવામાં આવે છે, તેથી મુશ્કેલી સર્જાવાનો પ્રશ્ન નથી.

(૩) શક્ય તેટલી વહેલી તકે.

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ તાલુકા દીઠ ૩-૩ કૃષિ વૈજ્ઞાનિક ટાસ્ક ફૉર્સ નીમવાની વાત કરી છે. કચ્છ જિલ્લો રાજ્યનો ૩૩ ટકા ભૌગોલિક વિસ્તાર ધરાવે છે, જેમાં ખેતી અધિકારીની ૮ પૈકી ૫ જગ્યા, મદદનીશ ખેતી નિયામકની ૧૪ પૈકી ૧૦ ખાલી છે. રાજ્યના કૃષિ ખાતામાં ખેતી અધિકારી વર્ગ-૨ ની અને મદદનીશ ખેતી નિયામકની જગ્યા ક્યારથી ખાલી છે? આ જગ્યાઓ ભરવા માટે રાજય સરકાર દ્વારા છેલ્લા એક વર્ષમાં શું શું કાર્યવાહી કરવામાં આવી છે? ખાલી જગ્યાની કામગીરીનો હવાલો સોંપીને કામગીરી કરાવવામાં આવે છે, પરંતુ એ કઈ કઈ જગ્યા અને કેવી રીતે સોંપવામાં આવેલ છે ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જગ્યા ભરવા માટે એડહોક ધોરણે ૧૧ માસ સુધી, જ્યાં સુધી ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે ઉપલબ્ધ થાય ત્યાં સુધી ૪૯ જગ્યા ભરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે અને પસંદગી પામનારને ૪૫૦૦/- રૂપિયા ફિક્સ આપીએ છીએ. લાયકાત બી.એસ.સી. માં મેરિટ પ્રમાણે હોય છે. મદદનીશ ખેતી નિયામકની જગ્યા ભરવા માટે પણ રાજય સરકારે વિચારણા કરી છે. મદદનીશ ખેતી નિયામકની જગ્યા ૩ માસથી ઓછા સમયની ૯ જગ્યા ખાલી છે. ૩ થી ૬ માસની ૭ જગ્યા, ૬ માસથી વધારે ૨૨ જગ્યા અને એક વર્ષની ઓછી ૭૯ જગ્યા અને ખેતી અધિકારીની ૩ માસથી ઓછા સમયની ૩ અને ૩ થી ૬ માસની ૧ જગ્યા, ૬ માસ સુધીની ૪૦ અને એક વર્ષથી ઓછા સમયની ૧૦૩ જગ્યા ખાલી છે. આ ખાલી જગ્યાઓ છે, એ કામને ધ્યાનમાં રાખીને કામ ઉપર અસર ન થાય એટલા માટે હવાલો અન્ય અધિકારીશ્રીને સોંપીને કામ ન બગડે તેનું પૂરતું ધ્યાન રાખવામાં આવે છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય મંત્રીશ્રી જવાબ આપી રહ્યા હતા કે કૃષિ ખાતાની અંદર અધિકારી વર્ગ-૨ ની ૧૪૭ મદદનીશ ખેતી નિયામકની ૧૧૭ જગ્યા ખાલી છે. ત્યારે મારે પૂછવું છે કે સામાન્ય રીતે એક અધિકારીને બે-બે, ત્રણ-ત્રણ જગ્યાનો ચાર્જ આપી દેવામાં આવ્યો છે, જેના કારણે મૂળ જગ્યા ઉપર પૂરતું ધ્યાન આપી શકતા નથી અને ઘણા અધિકારી મારફતે ત્રણ-ત્રણ, ચાર-ચાર જિલ્લાઓનો ચાર્જ આપ્યો છે, જેના કારણે વહીવટ ઉપર ઘણી બધી અસર પડે છે, ત્યારે હું એ જાણવા માગું છું કે અગાઉ આ જગ્યા ખાલી થવાની હતી એ ધ્યાન ઉપર હતું તો પૂર્વ પ્લાનિંગ કરીને એડહોક ધોરણે જેમ ખાલી જગ્યા થતી જાય તે પ્રમાણે જગ્યા ભરવાનું પ્લાનિંગ શા માટે ન થયું અને હવે પછી આ જગ્યા કેટલા સમયમાં ભરવા માગો છો ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્લાનિંગ કર્યુ છે એટલા માટે કહ્યું કે ખેતી અધિકારીની ૪૯ જગ્યાઓ નાણાં વિભાગ અને સામાન્ય વહીવટ વિભાગ સાથે પરામર્શ કર્યા પછી ભરી છે. મદદનીશ ખેતી નિયામકની જગ્યાઓ પૈકી ૫૦ જગ્યાઓ વહીવટ ઉપર અસર ન થાય તેને ધ્યાનમાં રાખીને ભરી

છે. આ જગ્યાઓ ત્રણ માસ, છ માસ, અને એક વર્ષથી વધારે સમયથી ખાલી નથી. કામમાં તકલીફ ન પડે તે માટે સક્ષમ અધિકારીશ્રીને હવાલો સોંપવામાં આવેલ છે. નજીકના ભવિષ્યમાં નાણા વિભાગ અને સામાન્ય વહીવટ વિભાગ સાથે પરામર્શ કરીને આ જગ્યાઓ ભરવામાં આવશે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, તારીખ કે સમય મર્યાદા તો જણાવે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી વહેલામાં વહેલી તકે.

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૬૪ જગ્યાઓ ખેતી અધિકારીની ખાલી છે. તેમાં ૫૦ થી ૬૦ જગ્યાઓ ડેપ્યુટેશન ઉપર હશે તે અને પ્રમોશનની કાર્યવાહી અટકાયેલ હશે તેવી હશે તો આ ડેપ્યુટેશન અને પ્રમોશનની જગ્યાઓ ખાલી થાય તેમાં તાત્કાલિક ધોરણે આ જગ્યાઓ ભરી પ્રશ્ન સોલ્વ કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૨ જગ્યાઓ પ્રતિનિયુકિત પર છે તેમની સમય મર્યાદા પૂરી થશે ત્યારે તેઓને મૂળ જગ્યા ઉપર મૂકવામાં આવશે.

### પાલીતાણા અને ગારિયાધર તાલુકામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ

***૮૭૫૪ શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા)**: **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) પાલીતાણા અને ગારિયાધાર તાલુકામાં ડિસેમ્બર-૨૦૦૪ ની સ્થિતિએ તલાટી-કમ-મંત્રીની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ ભરવાનું કોઈ આયોજન છે કે કેમ ?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) પાલીતાણા-૧૮
ગારિયાધાર-૧૨

(૨) હા, જી.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે પાલીતાણા તાલુકામાં તલાટી કમ મંત્રીની ૧૮ જગ્યાઓ ખાલી છે, ગારીયાધાર તાલુકામાં ૧૨ જગ્યાઓ ખાલી છે તે ભરવા માગે છે કે કેમ? માનનીય મંત્રીશ્રીએ હા માં જવાબ આપ્યો છે. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ભાવનગર જિલ્લામાં ગયા એક વર્ષની અંદર કેટલી જગ્યાઓ ભરવામાં આવી અને કંઈ પદ્ધતિથી ભરવામાં આવી?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૪ની સાલમાં આ રાજય સરકારે છેલ્લા છ વર્ષની અંદર પહેલીવાર એક હજાર તલાટીઓ પંચાયત સહાયક તરીકે, સાહેબ, છેલ્લા છ વર્ષમાં પહેલીવાર એક હજાર પંચાયત સહાયકો ભર્યા છે. ભાવનગર જિલ્લામાં ૪૭ જગ્યાઓ ભરી છે. આ ઉપરાંત રાજય સરકારે કરેલા નિર્ણય અનુસાર રહેમરાહેના ૧૫૦૦ જેટલા હુકમો લાંબા સમયથી પેન્ડિંગ હતા તે હુકમો કર્યા છે અને તેમાં વિકલ્પ આપ્યો છે પસંદગીનો કે તમે તલાટીની નોકરી કરવા ઇચ્છતા હોય તો વિકલ્પ આપો આવા કેસોમાં ભાવનગર જિલ્લામાં નવ ઉમેદવારોએ આ વિકલ્પ આપ્યો છે અને તે જગ્યાઓ તેમાંથી ભરી છે અને ૪૭ જગ્યાઓ પંચાયત સહાયકથી ભરી છે.

**ડૉ. કનુભાઇ કળસરિયા** : માનનીય અધ્યક્ષશ્રી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, હાલના તબક્કે ભાવનગર જિલ્લામાં કેટલી જગ્યાઓ ખાલી છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હાલના તબક્કે ભાવનગર જિલ્લામાં ૧૧૧ જગ્યાઓ ખાલી છે.

**શ્રી શંકરભાઈ મં. વારલી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જે ફિલ્ડ આસિસ્ટંટ આદિવાસી ઉમેદવારોની જગ્યાઓ નહીં ભરવાના કારણે અનશન ઉપર ઊતર્યા છે તે વાત સાચી છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, જે અનશન ઉપર બેઠેલા મિત્રો છે તે આ મુદ્દા પર બેઠેલા નથી.

**શ્રી દિલુભા ટે. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે,૧૧૧ જગ્યાઓ ભાવનગર જિલ્લામાં ખાલી છે, તો હવે પછીના સમયમાં રહેમરાહે ઉમેદવારો છે તેમના દ્વારા આ તલાટીની કેટલી જગ્યાઓ ભરી શકાય તેમ છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ૫૭ કેસો ઉપરાંત રહેમરાહે પસંદગીના ૯ ઉમેદવારોએ પોતાની પસંદગી જાહેર કરી છે.

## ગાંધીનગર જિલ્લામાં તાલુકા પંચાયતની ખાલી જગ્યાઓ

***૯૬૭૭ શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)**: માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકા પંચાયતો દીઠ મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શાં પગલાં લીધા છે, અને

(૩) આ જગ્યાઓ ચોક્કસ કેટલા સમયમાં ભરવામાં આવશે.

**પંચાયત મંત્રીશ્રી :**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર થયેલ જગ્યાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૨૩ |
| ૨ | દહેગામ | ૩૬ |
| ૩ | કલોલ | ૩૫ |
| ૪ | માણસા | ૦૭ |

(૨) કાર્યવાહી ચાલુ છે.

(૩) જેમ બને તેમ જલદીથી

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ મંજૂર થયેલ મહેકમ પૈકી કેટલી જગ્યાઓ અત્યારની સ્થિતિએ ખાલી છે, કયા કયા વર્ગની ખાલી છે અને એ જગ્યાઓ ઓછામાં ઓછા સમયમાં ભરવા માટે એટલા માટે વિનંતી કરું છું. ગઈ વખતે પણ હાઉસમાં આ જ પ્રશ્ન કર્મચારીઓની ઘટનો હતો અને ઘટના કારણે તાલુકાના વિકાસમાં થોડીક મુશ્કેલીઓ પડે છે એટલે માનનીય મંત્રીશ્રી પાસેથી થોડીક સ્પષ્ટતા સાથે કે આ કેટલા સમયમાં ભરવા માગે છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં કુલ ૬ જગ્યાઓ ખાલી છે, દહેગામમાં બે, કલોલમાં ત્રણ અને માણસામાં એક છે, કલોલમાં નાયબ તાલુકા વિકાસ અધિકારીની તા. ૨૦-૧૨-૦૩થી નાયબ ચીટનીશ તા. ૩૧-૩-૦૩થી, જુનીયર ક્લાર્ક, દહેગામમાં સર્કલ ઇન્સ્પેક્ટર એક જાન્યુઆરીથી સિનિયર ક્લાર્ક અને માણસા તાલુકામાં એક નાયબ ચીટનીશ એમ મળીને કુલ ૬ જગ્યાઓ ખાલી છે, આ જગ્યાઓ વહેલામાં વહેલી તકે ભરાશે, (અંતરાય) આવતી વિધાનસભા પહેલાં, વહેલામાં વહેલી તકે.

## આણંદ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો બાંધવાનો લક્ષ્યાંક

***૮૦૭૦ શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ)**: માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવાની કૃપા કરશે કે-

(૧) સને ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના વર્ષમાં આણંદ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસો બાંધવાનો લક્ષ્યાંક હતો, અને

(૨) તે અન્વયે વર્ષવાર જિલ્લામાં તાલુકાવાર કેટલા આવાસોના કામો પૂર્ણ થયા, અને કેટલા આવાસોના કામ બાકી છે?

**માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી :**

(૧)આણંદ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ સને ૨૦૦૩-૦૪ના અને ૨૦૦૪-૦૫ના વર્ષમાં અનુક્રમે ૭૬૫ અને ૮૦૫ આવાસો બાંધવાનો લક્ષ્યાંક હતો.

(૨)તે અન્વયે વર્ષ ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫માં જિલ્લામાં તાલુકાવાર આવાસોના કામો પૂર્ણ થયેલ અને બાકી આવાસોની વિગત સામેલ પરિશિષ્ટ મુજબ છે.

### પરિશિષ્ટ

| ક્રમ | તાલુકો | વર્ષ: ૨૦૦૩-૦૪ | | | | | વર્ષ : ૨૦૦૪-૦૫ : | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | લક્ષ્યાંક | પુર્ણ આવાસ | લક્ષ્યાંક સામે પુર્ણ થયેલ આવાસોની પરિસ્થિતિ | | તાલુકો | લક્ષ્યાંક | પુર્ણ આવાસ | લક્ષ્યાંક સામે પુર્ણ થયેલ આવાસોની પરિસ્થિતિ | |
| | | | | વધુ થયેલ | બાકી રહેલ | | | | વધુ થયેલ | બાકી રહેલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | આણંદ | ૧૩૦ | ૧૩૨ | +૨ | - | આણંદ | ૧૩૭ | ૧૦૭ | - | -૩૦ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ઉમરેઠ | ૭૧ | ૮૩ | +૧૨ | - | ઉમરેઠ | ૭૫ | ૪૮ | - | -૨૭ |
| ૩ | બોરસદ | ૨૦૦ | ૧૭૧ | - | -૨૯ | બોરસદ | ૨૧૦ | ૧૫૯ | - | -૫૧ |
| ૪ | આંકલાવ | ૮૧ | ૬૬ | - | -૧૫ | આંકલાવ | ૮૫ | ૮૯ | +૪ | - |
| ૫ | પેટલાદ | ૧૧૨ | ૧૧૨ | - | - | પેટલાદ | ૧૧૮ | ૫૫ | - | -૬૩ |
| ૬ | સોજીત્રા | ૪૭ | ૫૩ | +૬ | - | સોજીત્રા | ૫૦ | ૫૩ | +૩ | - |
| ૭ | ખંભાત | ૮૧ | ૯૨ | +૧૧ | - | ખંભાત | ૮૫ | ૮૦ | - | -૫ |
| ૮ | તારાપુર | ૪૩ | ૬૦ | +૧૭ | - | | ૪૫ | ૪૩ | - | -૨ |
| | કુલ | ૭૬૫ | ૭૬૯ | +૪૮ | -૪૪ | | ૮૦૫ | ૬૩૪ | +૭ | -૧૭૮ |

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, આણંદ જિલ્લામાં બોરસદ તાલુકામાં અને આંકલાવ તાલુકામાં, ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો બાંધવામાં આવે છે, એમાં વર્ષ ૨૦૦૩-૦૪ માં ૭૬૫નો લક્ષ્યાંક અને ૨૦૦૪-૦૫માં ૮૦૫નો લક્ષ્યાંક હતો, એ પૈકી હજુ ૨૨૨ આવાસો બાકી રહેલ છે તો આ ક્યારે પૂર્ણ કરવામાં આવશે? તાલુકાવાર કેટલો ખર્ચ થયો છે અને બીજો એક પ્રશ્ન છે કે, જે તાલુકામાં બીપીએલની યાદી વધારે હોય એ તાલુકાને સવિશેષ આવાસો આપવા માગો છો કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, સપ્રમાણ વહેંચણી કરવામાં આવે છે અને સપ્રમાણ વહેચણીમાં કોઈ ક્ષતિ રહી હોય તો માનનીય ધારાસભ્યશ્રી ધ્યાન દોરશે તો એને ચોક્કસ ધ્યાન ઉપર લેવામાં આવશે. વર્ષ ૨૦૦૩-૨૦૦૪માં ૨૯૫.૩૧ લાખ રૂપિયાની ગ્રાન્ટ મળી તે સામે ૩૩૧.૯૬ લાખનો ખર્ચ થયો છે અને વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં જાન્યુઆરી સુધીમાં ૩૩૮.૬૨ લાખ રૂપિયાની ગ્રાન્ટ મળી એની સામે ૨૨૩.૮૨ લાખનો ખર્ચ થયેલ છે અને ૧૭૮ જે બાકી છે આ બાકીના કામ વહેલામાં વહેલી તકે ૨૦૦૫ના અંત સુધીમાં કરવામાં આવશે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ઈન્દિરા આવાસ યોજનામાં વર્ષ ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫માં જે આવાસો બાંધવાનો લક્ષ્યાંક હતો એના કરતાં વધારે મકાનો બાંધ્યાં છે, તો એ આવાસો સરભર કરવાની શું નીતિ છે, અગર એ સરભર ન કરવામાં આવે તો બીજા વર્ષે એ કાપી લેવામાં આવે છે કે કેમ, અગર જ્યાં વધારે જરૂરિયાત છે ત્યાં આપવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, એ સ્પીલઓવર કરીએ છીએ બીજા વર્ષે, પહેલા વર્ષે વધારે થયાં હોય તો બીજા વર્ષે એને સરભર કરીએ છીએ એટલે કોઈ ઓછા થયા હોય તો કાપતા નથી, વધારે થયા હોય તો સરભર કરીએ છીએ.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, ઈન્દિરા આવાસ યોજનામાં લક્ષ્યાંક કરતાં વધારે આવાસ બાંધવામાં આવ્યાં છે તો લક્ષ્યાંક બનાવવાનો અર્થ શું છે? વધારે મકાનો બનાવ્યાં છે એનો ખર્ચ કોણ ભોગવે છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રાન્ટ મળેલી હોય છે એટલે એમાંથી ખર્ચવામાં આવે છે અને ખર્ચ કેન્દ્ર સરકાર આપે છે, અરજદાર લાભાર્થી પોતે ભોગવે છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા હું એ જાણવા માગું છું કે, ઈન્દિરા આવાસ યોજના પંદર વીસ વર્ષ પહેલાં ઘણા ગામોમાં બનેલી અને એનું અસ્તિત્વ અત્યારે નથી, આપણે તો પાછળથી સુધારો કર્યો પણ સમગ્ર દેશમાં બીજા રાજયોમાં આવી જ ઈન્દિરા આવાસ યોજના બનતી હશે કે કેવા પ્રકારની બને છે એ માનનીય મંત્રીશ્રી સમજાવે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે અન્ય રાજયો કરતાં ગુજરાત સરકાર ઈન્દિરા આવાસ યોજનામાં ૧૧૦૦૦ રૂપિયા વધારે આપે છે, અન્ય રાજયોમાં કેન્દ્ર સરકાર દરેક રાજયોને ૧૮૭૫૦ આપે છે, બાકીના રાજયો ઉમેરે છે ૬૨૫૦, અને ૭૦૦૦ લાભાર્થીએ પોતે ખર્ચ કરવાનો હોય છે. આ ૬૨૫૦ ઉપરાંત ગુજરાત સરકાર ૧૧૦૦૦ વધારે આપે છે એટલે અન્ય રાજયોમાં ૩૨૦૦૦નું થાય છે, આપણે ત્યાં ૪૩૦૦૦નું મકાન થાય છે.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે આવાસો બંધાય છે એમાં મને એવી ખબર છે કે, લીમડી વિસ્તારમાં ૯૦ ટકા ભાજપના કાર્યકરોને આનું કામ આપવામાં આવે છે એ વાત સાચી છે? અને એમાં ભવિષ્યમાં સુધારો કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ વાત પાયા વગરની છે. મારે એની સ્પષ્ટતા કરવી છે કે એમાં જોગવાઈ છે એ મુજબ લાભાર્થીએ જાતે જ એ બાંધવાનું હોય છે એટલે બીજા કોઈને બાંધવા માટે આપવાનો સવાલ જ નથી.

## વલસાડ જિલ્લામાં ફીશીંગ બંદર બનાવવા બાબત

***૯૧૯૭ શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી)**: **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાંથી હાલમાં બે હજાર જેટલી બોટો ફીશીંગ માટે અન્ય બંદરો ઉપર જાય છે તે સરકાર જાણે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉમરગામ તાલુકામાં ફીશીંગ બંદર બનાવવા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી:-**

(૧) હા, જી.

(૨) હા, જી.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના બંદરનો પ્રશ્ન છે. અતિ ગંભીર પ્રશ્ન આ બંદરની બાબતનો છે. જવાબ મળ્યો છે 'હાજી' પરંતુ માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, ભારત સરકારની કેન્દ્ર પુરષ્કૃત યોજના હેઠળ સી.આઈ.સી.ઈ.એફ. બેંગલોરના અભિપ્રાય મુજબ સરકારે ઘનિષ્ઠ પ્રયાસો કરેલ છે? પ્રશ્ન બીજો, હા, તો શું પ્રયાસ કરેલ છે? જમીન સંપાદન કરવાની થાય છે કે કેમ? પ્રશ્ન ત્રીજો, આ ફીશીંગ બંદર માટે સરકારે બજેટમાં કોઈ પ્રોવિઝન કર્યું છે કે કેમ? પ્રશ્ન ચોથો, આ સરકાર ઉમરગામ ફીશીંગ બંદરનું બાંધકામ કેટલા સમયમાં કરવા માગે છે? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ના પાડી છે. લક્ષ્મણભાઈ, ના પાડી છે, નીચે જુઓ.

**શ્રી દિલીપકુમાર વી .ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવતાં મને આનંદ થાય છે અને કદાચ એમને પણ આનંદ થશે કે ઉમરગામ મત્સ્ય બંદર વિકસાવવા માટેનું કામ હાલ રાજય સરકાર ખૂબ ઝડપથી આગળ વધારી રહી છે અને આ પ્રશ્ને કોઈ ચોક્કસ સમય આપવો મુશ્કેલ છે. કારણ કે, એમણે પ્રશ્નો પૂછયા છે એ બધા જ પ્રશ્નોનો જવાબ આપવા માટે ઉભો થયો છું.

મત્સ્ય બંદર વિકસાવવા માટે રાજય સરકારે સૈધ્ધાંતિક મંજૂરી આપી દીધી છે અને આ મત્સ્ય બંદર વિકસાવવા માટે બેંગલોરની એક ટીમ મારફત સર્વેક્ષણ કરવામાં આવ્યું અને એ સર્વે કર્યા પછી લે-આઉટ પ્લાન આપવામાં આવ્યો છે અને જે જગ્યાએ આ બંદર બનાવવાનું હતું એની જગ્યા સંપાદન કરવાની હતી. એમાં ત્યાંના લોકલ સરપંચની માગણી આવી અને રજૂઆત આવી કે આ જે જમીન સંપાદન કરવાની છે એની ૩૦ ટકા જમીન એટલે કે ૬ હેકટર જેટલી જમીન પ્રાઈવેટ લોકોની જાય છે એટલે બીજી સરકારી પડતર જમીન હોય ત્યાં બંદર વિકસાવવું જોઈએ. આના અનુસંધાનમાં બેંગલોરની ટીમ આજ મહીનાના અંતે એટલે કે ફેબ્રુઆરીના છેલ્લા વીકમાં ફરી ગુજરાતની મુલાકાતે આવી રહી છે. કારણ કે ફરીવાર નવી જગ્યા બતાવીને નવેસરથી લે-આઉટ પ્લાન બનાવીને જયારે એ મંજૂરી આપે પછી તાત્કાલિક અસરથી ભારત સરકારને પર્યાવરણની મંજૂરી મેળવવા માટે વિનંતી કરીશું. આ બંદર જેમ બને તેમ ઝડપથી થાય એના માટે પ્રયત્નો કરીશું. બંદર કેટલા સમયમાં બનશે? તો ભારત સરકારમાંથી મંજૂરી આવે એના આધારે પ્લાન બનાવીને એ પછી બાંધકામની મંજૂરી અને પ્લાન એસ્ટીમેટ વગેરે મંજૂર થશે.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને જે જવાબ મળ્યો છે એનાથી મને સંતોષ એટલા માટે નથી કે સી.આઈ.સી.ઈ.એફ. ના અભિપ્રાય મુજબ જે કેન્દ્ર સરકારને પૂર્તતા કરવાની છે એ પૂર્તતા અત્યારસુધી થઈ જ નથી તો આ બંદર કેવી રીતે બનશે માનનીય મંત્રીશ્રી?

**શ્રી દિલીપકુમાર વી .ઠાકોર** : બધીજ પૂર્તતા કરવામાં આવેલ છે માત્ર જમીન સંપાદનની કાર્યવાહી હાલ ચાલુ છે પણ ત્યાંની લોકલ ગ્રામ પંચાયતની માગણી હતી કે અમારે ત્યાંના પ્રાઈવેટ લોકોની જમીન આમાં જાય છે. બાજુમાં બીજી જે જમીન છે ત્યાં બનાવી શકો તો સારું, એટલે આ અઠવાડિયામાં જ આ ટીમ ફરીવાર ગુજરાતમાં આવી રહી છે ત્યારે ગુજરાતમાં આ ટીમની ફરીવાર મુલાકાત કરાવી અને જમીન અવેઈલેબલ છે કે કેમ એની તપાસ કરાવીશું અને તાત્કાલિક અસરથી ભારત સરકારના પર્યાવરણ વિભાગને મંજૂરી માટે મોકલી આપીશું.

**શ્રી છબીલદાસ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વલસાડ જિલ્લાના ઉંમરગામ તાલુકાના જે માછીમારો છે એ અમુક એવા સમયે કચ્છની ક્રીકમાં માછલી પકડવા આવે છે અને પછી સરહદ ન હોવાના કારણે પાકિસ્તાનવાળા પકડી જાય છે તો એમને લાવવા માટે, કારણકે સરકારના પ્રયત્નોથી કદાચ પાછા આવે છે પણ એમની જે દશ પંદર લાખ રૂપિયાની બોટ હોય છે એ ત્યાં રહી જાય છે એને લાવવા માટે સરકાર પ્રયત્ન કરે અને બીજું એ ન પકડાય એના માટે સરકાર કોઈ આયોજન કરવા માગે છે કે કેમ?

**શ્રી દિલીપકુમાર વી .ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આ બંદરના વિકાસ માટેનો પ્રશ્ન છે માછીમારોને પકડવા માટેનો પ્રશ્ન નથી.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, આ મુદ્દા અંગે કોંગ્રેસના મિત્રોએ અને ભા.જ.પ. ના મિત્રોએ પણ બધાએ પોતપોતાની રીતે પ્રયાસો કર્યા છે. ભારત સરકારને પણ આ બાબતમાં વારંવાર રજૂઆતો કરી છે, અર્જૂનભાઈના નેતૃત્વમાં પણ એક ડેલિગેશન કેન્દ્ર સરકારના અધિકારીઓને મળ્યું હતું, અડવાણીજીના નેતૃત્વમાં પણ આ વિસ્તારના માછીમાર ભાઈઓનું નેતૃત્વ પ્રધાનમંત્રીને મળ્યું હતું, ભુપેન્દ્રસિંહજી પણ મળ્યા હતા, મેં પોતે પણ ભારત સરકારને રજૂઆત કરી છે પહેલા એવી સ્થિતિ નહોતી, પહેલાં બોટ અને નેટ સાથે બધાને પાછા મોકલી દેતા હતા પણ હમણાં હમણાં આવી ગરબડ કરીને પંજાબ અને અમૃતસરની વાઘા બોર્ડર પર એમને છોડ્યા, પરિણામે આપણા માછીમાર ભાઈઓને ઘણી તકલીફ પણ થઈ હતી. મેં એક રજૂઆત ભારત સરકારને એવી કરી છે કે શ્રીલંકા અને ભારત આ બન્ને દેશો વચ્ચે એક કરાર થયેલો છે આ કરાર એવો છે કે ભારતના માછીમારો અગર શ્રીલંકા જાય અને શ્રીલંકાના માછીમારો અગર ભારત તરફ આવે અને એ પકડાઈ જાય તો પંદર દિવસની અંદર બન્ને દેશોના નિશ્ચિત કેટેગરીના અધિકારીઓ બેસે અને એને શોર્ટઆઉટ કરે છે, ભારત સરકારને મેં વિનંતી કરી છે કે તમે આવી જો કોઈ ફોર્મ્યુલા બનાવો કે પંદર દિવસમાં બન્ને પક્ષના એક સમાનસ્તરના અધિકારીઓ બેસે અને આને શોર્ટઆઉટ કરે. માછીમારી સિવાયની કોઈ સમસ્યાવાળા લોકો હોય તો એનો અલગથી કેસ હેન્ડલ કરવામાં આવે અને બીજી રજૂઆત કરી છે કે એમની સૌથી મોટી સંપત્તિ એમની બોટ અને નેટ છે, એમની ચાલીસ પચાસ નેટ એની અંદર હોય છે અને એ પ્રકારે એકંદરે એકાદ કરોડ રૂપિયાની સંપત્તિ સાથે નીકળતા હોય છે અને તેથી ભારત સરકારને મેં અનુરોધ કર્યો છે અને મેં રૂબરૂ પણ વાત કરી છે અને એમણે મને આશ્વાસન આપ્યું છે કે આ દિશામાં પ્રયાસ કરીશું એટલે મારી આપસૌને વિનંતી છે કે આ પ્રશ્નને સરહદના પણ આપણા જે કોઈ મિત્રો હોય, મેં હમણાં જે ઓલપાર્ટી મેમ્બર ઓફ પાર્લામેન્ટની મિટિંગ બોલાવી હતી એમાં પણ બધા આપણા સંસદસભ્યોને વિનંતી કરેલી છે કે આ પ્રશ્નનો બધા જ પક્ષના મિત્રો, ગુજરાતના રાજકીય ક્ષેત્રે બધા સાથે મળીને એનો નિવેડો લાવવા માટે પ્રયાસ કરે અને એ માટે પ્રયાસ કરી રહેલા છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે વાત કરી એમાં માત્ર સૂર પૂરાવીને એક વાત કરું છું શ્રીલંકા અને ભારતની સાથેના જે કરારો છે એ કરારો કરતાં મૌખિક સમજૂતિ છે. આપણે બધા જ જ્યારે ગયા, સાર્કના કન્ટ્રીઓ જે એમાં છે એમના ડેલીગેશનને પણ વાત કરેલ છે કે સાર્કના જેટલા દેશો છે એ બધાજ દેશો એમના વચ્ચે એક કરાર એવો કરવામાં આવે કે ફિશરમેનો જે જેન્યુન છે એમનું ઓળખકાર્ડ જોઈને અને એને પકડ્યા વગર દંડ કરીને જવા દે એટલે એ બાબતમાં પણ હું સુર પુરાવું છું, છોડવાની પ્રક્રિયાની વાત છે બધાજ લોકો આના માટે પ્રયાસ કરે છે. લગભગ ૧૬૦ જેટલી બોટ અને ૮૦૦ જેટલા માછીમારો આજે જેલમાં છે એના પરિવારો ખૂબ દુ:ખી છે, વડાપ્રધાન સમક્ષ પણ અમે ડેલિગેશન લઈને ગયેલા અને સભાગૃહને હું એક માહિતી આપું છું કે બહુ પૂછપરછ આવતી હતી, એટલે આપણા વિદેશમંત્રી પંદર-સોળમી તારીખે પાકિસ્તાન ગયેલા ત્યારે એમની પાસેથી મેં ટેલીફોન કરીને માહિતી મેળવી છે એ મુજબ ખૂબ ભારપૂર્વક આપણી વાત મૂકાઈ છે અને સુનામીના કારણે ભારત આખાના જે માછીમારો છે એ ખૂબ દુ:ખી છે અને એ આધાર પર માનવતાના ધોરણે એક વખત આપણી બધી જ બોટ અને બધા જ માછીમારો છોડી દે એમ આપણા વિદેશમંત્રીશ્રીએ ત્યાં વાત કરેલ છે. એમાં કહ્યું છે કે એમના જે પ્રધાન છે એમની સાથે બેસીને આ પ્રશ્નને નિવેડો એ લોકો લઈ આવશે એવી ખાતરી પાકિસ્તાનના વડાપ્રધાન અને વિદેશમંત્રીશ્રીએ આપણા વિદેશમંત્રીશ્રીને આપી છે એટલી વાત હું આપણા સભાગૃહ સમક્ષ કરું છું.

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લાનો સવાલ છે અને વલસાડ જિલ્લામાં ઉંમરગામ બંદર બાંધવા માટેની બધી પ્રક્રિયા થઈ ગઈ, ટેન્ડર પણ નીકળેલા પણ સામેના પક્ષે આ કોંગ્રેસે તેને બંદર ના બનવું જોઈએ એવી આગેવાની લીધેલી અને એક માણસનું ગોળીબારમાં મૃત્યુ પણ થયેલું તે સરકારની જાણમાં છે?

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહને ગેરરસ્તે દોરે છે. ફીશીંગ બોટ ફીશીંગ બંદર નહોતું એ કાર્ગો બંદરનો અમારો વિરોધ છે.ફીશીંગ જે બંદર છે તેને અમે સ્વીકારીએ છીએ. કાર્ગો બંદરનો હજુ પણ વિરોધ કરીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીમાં ચર્ચાનો વિષય બનાવી શકાય નહીં, એટલે આને ચર્ચાનો વિષય નહીં બનાવવો જોઈએ.

## બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા અને મહેસાણા જિલ્લામાં ગામ તળ વધારવાની મંજૂરી

***૮૩૪૭ શ્રી દોલતભાઈ પરમાર (વડગામ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા અને મહેસાણા જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતોને ગામતળ વધારવાની મંજૂરી આપી છે,

(૨) આ ગ્રામ પંચાયતોમાં છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને ૧૦૦ ચો.વારના પ્લોટ ફાળવવામાં આવ્યા છે, અને

(૩) ગામતળ વધારી ઘરના ગાળા આપવાની કામગીરી થંભાવી દેવામાં આવી છે એ વાત સાચી છે ?

**માનનીય પંચાયત મંત્રીશ્રી:**

(૧) તા.૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા, પાટણ સાબરકાંઠા અને મહેસાણા જિલ્લામાં નીચે મુજબ ગ્રામપંચાયતોને ગામતળ વધારવાની મંજૂરી આપી છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૧૩ |
| ૨ | પાટણ | ૧૪ |
| ૩ | સાબરકાંઠા | ૨૨ |
| ૪ | મહેસાણા | ૨૦ |
| | કુલ | ૬૯ |

(૨) આ ગ્રામ પંચાયતોમાં છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર નીચે મુજબની સંખ્યામાં ૧૦૦ ચો.વારના પ્લોટ લોકોને ફાળવવામાં આવ્યા છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ફાળવેલ પ્લોટની સંખ્યા |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૩૭૬ |
| ૨ | પાટણ | ૨૯૯ |
| ૩ | સાબરકાંઠા | ૨૫૮ |
| ૪ | મહેસાણા | ૦૭૨ |
| | | ૧૦૦૫ |

(૩) ના, જી.

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ખંડ-૩ના જવાબમાં ગામ તળ વધારી ઘરના ગાળા આપવાની કામગીરી થંભાવી દેવામાં આવી છે એ વાત સાચી છે? તેનો જવાબ સરકારશ્રી તરફથી મળ્યો છે નાજી. પણ અગાઉના પ્રશ્ન ખંડ-૧-૨માં જે જવાબ આપ્યા છે તે એટલા પુઅર જવાબો છે તે બતાવી આપે છે કે આ સરકારે ગરીબો પ્રત્યેનું મોઢું ફેરવી નાંખ્યુ છે કારણકે બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, મહેસાણા આ ચાર જિલ્લામાં માત્ર ૬૯ જેટલી પંચાયતોને મંજૂરી આપવામાં આવી છે અને બીજા પ્રશ્નનો જવાબ તેમાં માત્ર ૧૦૦૫ ગાળા જ આપવામાં આવ્યા છે ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કુલ કેટલી દરખાસ્તો સરકારશ્રીમાં વિચારણાં હેઠળ છે. આ ચારેય જિલ્લાઓમાં અને જે ગાળા આપવામાં આવ્યા છે તેમાં અનુસૂચિત જાતિને, અનુસૂચિત જનજાતિને, વિકસતી જાતિને અને અન્ય ગરીબ વર્ગોને કેટલાં પ્લોટો ફાળવવામાં આવ્યા છે અને આ જે કામગીરી છે એટલી ધીમી ચાલી રહી છે તે જોતાં એમ લાગે છે કે ગરીબોને ભારોભાર અન્યાય થઈ રહ્યો છે, એટલે આમાં કોઈ સ્પેશ્યલ ડ્રાઈવ લાવીને આ ગામતળનાં પ્રશ્નોનું નિરાકરણ કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર ગરીબોને અને ખેડૂતોને વરેલી છે તેમાં કોઈએ કયાંય પણ શંકા કરવાની જરૂર નથી. બનાસકાંઠામાં મળેલ અરજી ૬૧૧, મંજૂર ૩૭૬, નામંજૂર ૧૯૨, વિચારણા હેઠળ ૪૩, એસ.સીને ૧૪૦, એસ.ટી.ને ૧, અન્યને ૧૨૯. આ સિવાય મહેસાણામાં ૧૮૧૧૮, પાટણમાં ૧૫૮૨૬, સાબરકાંઠામાં ૮૯૫૬ અત્યાર સુધીમાં ફાળવ્યા છે અને તમે પ્રશ્ન પૂછયો છે તેમાં અત્યાર સુધીના બે વર્ષના ગાળા દરમિયાન ઝડપથી જ કાર્યવાહી થઈ રહી છે અને લાયકાતના ધોરણે હોય તો કોઈ પણ પ્રકારના વિલંબ સિવાય આપવામાં આવે છે અને લાયકાત ના હોય, પાત્રતા ના હોય , બીપીએલમાં નામ ના હોય, સંયુક્ત કુટુંબમાં રહેતા હોય, નામે પ્લોટ હોય અને સગીર વયના હોય આવા કારણોસર આપવામાં આવતા નથી અને

સભ્યનું સૂચન છે કે કોઈ ડ્રાઈવ પણ ડ્રાઈવ કરવાની જરૂર જ નથી કારણકે આ સદંતર ચાલતી પ્રક્રિયા છે અને તે પ્રક્રિયામાં જ્યારે જ્યારે માગણીઓ આવે છે તે માગણીઓ ઉપર તાત્કાલિક ધોરણે નિર્ણય પણ કરવામાં આવે છે.

**શ્રી દિલીપસિંહ વ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ગામતળની મંજૂરી માંગવામાં ઘણો સમય જાય છે. જ્યારે ગ્રામ પંચાયત તરફથી દરખાસ્ત કરવામાં આવે ત્યારે આખા રાજયની અંદર દરેકે દરેક તલાટીને આની નિશ્ચિત માહિતી હોવી જોઈએ. તેનું આખું ચેક લિસ્ટ કે તેને કઈ કઈ માહિતી આપવાની છે. આ પ્રકારની અરજી કરે અને જ્યારે એક વખત અરજી કરે, દરખાસ્ત કરે છે તે દરખાસ્ત કર્યા પછી જે જે જગ્યાએથી મંજૂરી લેવાની હોય છે તો દરેકે દરેક જગ્યાએ જ્યારે આવે તો તેને માટે કોઈ ચોક્કસ સમય મર્યાદા નક્કી કરવા માગો છો કે કેમ? કે આટલા સમયમાં આ જગ્યાએથી આટલી મંજૂરી મળવી જોઈએ.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, તલાટી પાસેથી તાલુકા વિકાસ અધિકારી અને પ્રાંત અધિકારી સુધી જ આ પ્રક્રિયા થતી હોય છે. એટલે વધારેમાં વધારે ૬૦ દિવસમાં આ પ્રક્રિયા થઈ જ જાય છે અને છતાં એ સમય મર્યાદામાં નિકાલ ના થયો હોય તો ફરિયાદ આપે અને મારું ચોકકસ ધ્યાન દોરે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ખંડ-૧ ના જવાબમાં કહયું છે કે કુલ ૬૯ જેટલી ગ્રામ પંચાયતોનું ગામતળ નીમ કરવાની મંજૂરી આપી છે,ત્યારે મારો પ્રશ્ન એ છે કે આ ૪ જિલ્લા પૈકી છેલ્લા ર વર્ષમાં કુલ કેટલી પંચાયતો પાસે ગામતળ ઉપલબ્ધ નથી અને ર વર્ષમાં કુલ ૧૦૦૫ અરજદારોને પ્લોટ આપ્યા છે. તો મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આ બે વર્ષમાં કુલ કેટલા અરજદારોની માગણી કે અરજીઓ સો ચોરસ વારના પ્લોટ મેળવવા માટે આવી અને તે પૈકી કેટલાને ફાળવવામાં આવ્યા અને કેટલાની અરજી નામંજૂર કરી છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : ગામતળ નથી એવી કોઈ ફરિયાદ આજ દિવસ સુધી રાજય સરકારને મળી નથી.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : ગામતળ ઉપલબ્ધ નથી એવી.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : ઉપલબ્ધ નથી એવી કોઈ ફરિયાદો મળી નથી. મેં હમણાં જ જણાવ્યું કે મળેલ અરજીઓ ૩૫૪ એમાંથી ૨૫૮ મંજૂર કરેલ છે, ૧૧ નામંજૂર કરેલ છે અને ૮૫ પડતર છે એ મેં સાબરકાંઠામાં કહયું છે અને બનાસકાંઠાની પણ માહિતી આપી છે અને મહેસાણાની પણ માહિતી આપી છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે સરકારની જે કોઈ સ્કીમો છે એ સ્કીમોને કારણે જે ગરીબ માણસોને લાભ મળવો જોઈએ એ એટલા માટે નથી મળતો કે ગામતળ હોતાં નથી. માનનીય મંત્રીશ્રીએ હમણાં જ જવાબમાં કહયું છે કે કોઈ ફરિયાદ મળી નથી. તો મારા સિધ્ધપુર તાલુકામાં ૧૧ ગામોમાં ગામતળ નથી એ બાબતે આજે પણ એક વર્ષથી કલેકટર કચેરીમાં ફાઈલ ચાલે છે. મારે તો મંત્રીશ્રીને એક જ વાત કરવી છે કે જે રીતે ઉદ્યોગોને ૧૫ દિવસમાં કે એક મહિનામાં આપીએ છીએ એમ આ બાબતમાં પણ ગરીબ માણસોને લાભ મળે એટલા માટે આવા ગામતળની માગણી કરે તો ૧૫ દિવસ કે એક મહિનામાં એનો નિકાલ કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : એ અરજી સરપંચશ્રી એમની પાસે માગણી આવ્યા પછી વહેલામાં વહેલી તકે ટી.ડી.ઓ. અને પ્રાંત અધિકારીને મોકલે જ છે, એમને પણ સૂચના આપવામાં આવેલી જ છે પરંતુ સરપંચ જો માગણી આવી હોય અને ગામતળ ના હોય એવી વિગતો રજૂ ના કરે તો મોડું થતું હોય છે. એટલે આવી માગણી જયાં જયાં પડતર હશે ત્યાં ત્યાં તાત્કાલિક ધોરણે ૩૦ દિવસમાં કે ૬૦ દિવસમાં આજની તારીખે જે પડતર હશે એનો નિકાલ કરવા માટે આદેશો આપવામાં આવશે.

**શ્રી હરજીવન હી. પટેલ**:મારે પૂછવું છે કે બનાસકાંઠા જિલ્લામાં ૧૩ પંચાયતોને મંજૂરી આપી છે અને ઘ ણી પંચાયતોની મંજૂરી પડતર છે, પરંતુ આવી મંજૂરી મળ્યા પછી પણ જયાં ગામતળ હોય છે ત્યાં દબાણ હોવાના કારણે પ્રશ્ન પડતર રહ્યા છે અને કબજા મળતા નથી. તો આવાં ગામતળ મંજૂર થયા પછી દબાણ હટાવીને કબજો આપવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : હા, જી, જયાં જયાં પણ આવાં દબાણ હશે એ બધાં દબાણ તાત્કાલિક ધોરણે હટાવી લેવામાં આવશે.

## સુરત જિલ્લામાં તલાટીઓની ઘટ

***૯૭૦૧શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા)**: માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા તલાટીઓની ઘટ છે,

(૨) તે પૈકી બારડોલી, વ્યારા અને સોનગઢ તાલુકામાં કેટલા તલાટીઓની ઘટ છે,

(૩) આ ઘટ હોવાનાં કારણો શું છે અને

(૪) આ ઘટ સરકાર કેટલા સમયમાં પૂરવા વિચારે છે?

**પંચાયત મંત્રીશ્રી:**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | **ખાલી જગ્યાની સંખ્યા** |
|---|---|---|
| (૧) | ચોર્યાસી | ૧૪ |
| (૨) | ઓલપાડ | ૧૯ |
| (૩) | બારડોલી | ૧૮ |
| (૪) | કામરેજ | ૧૦ |
| (૫) | પલસાણા | ૧૧ |
| (૬) | મહુવા | ૦૬ |
| (૭) | વાલોડ | ૧૦ |
| (૮) | સોનગઢ | ૦૭ |

| ક્રમ | તાલુકાનું નામ | **ખાલી જગ્યાની સંખ્યા** |
|---|---|---|
| (૯) | ઉચ્છલ | ૦૫ |
| (૧૦) | નિઝર | ૦૮ |
| (૧૧) | માંગરોળ | ૦૪ |
| (૧૨) | ઉંમરપાડા | ૦૦ |
| (૧૩) | વ્યારા | ૧૭ |
| (૧૪) | માંડવી | ૧૧ |
| | **કુલ** | **૧૪૦** |
| | | |

(૨) બારડોલી-૧૮, વ્યારા-૧૭, સોનગઢ-૭.

(૩) બદલી, નિવૃત્તિ અને મૃત્યુ થવાને કારણે.

(૪) જેમ બને તેમ તેમ જલદી.

**શ્રી પુનાભાઈ ધે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં તલાટીઓની ૧૪૦ ખાલી જગ્યાઓ નિવૃત્તિ, બદલી કે મૃત્યુ થવાને કારણે ખાલી પડેલ છે, આ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકાર શું વિચારી રહી છે અને શું શું પગલાં ભર્યા?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં જવાબમાં કહયું હતું કે, રાજય સરકારે ગયા વર્ષે ૧૦૦૦ તલાટીઓની જગ્યાઓ ભરી એમાં સપ્રમાણ જે વહેંચણી કરી છે તેમાં સુરત જિલ્લામાં ૨૮ જગ્યા પંચાયત સહાયકોની અને રહેમરાહેમાં જે પસંદગીનો વિકલ્પ આપ્યો છે તેમાં ૮ એમ કુલ ૩૫ જગ્યા રાજય સરકારના પ્રયત્નોથી ભરવામાં આવી છે.

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ પૂછવા માગું છું કે સુરત જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તલાટી-કમ-મંત્રીની કેટલી જગ્યાઓ ભરવામાં આવી છે, એમાં રહેમ રાહે કેટલી ભરવામાં આવી છે, અને બાકી રહેલી ૧૪૦ જગ્યાઓ કેટલા સમયમાં ભરવા માગે છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા એક વર્ષની ૨૪ જગ્યાઓ છે, એક વર્ષથી ઉપરની ૫૫ છે, દોઢ વર્ષથી ઉપરની ૬૧ છે. કુલ ૧૪૦ જગ્યાઓ છે તે વહેલામાં વહેલી તકે ભરવામાં આવશે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે આ તલાટીઓની જે ઘટ હોય છે એ ખાસ કરીને અવિકસિત તાલુકાઓ કે જેનો વિકાસ નથી થયો એવા બક્ષી પંચના તાલુકાઓમાં જ વિશેષ કરીને હોય છે. શહેરી વિસ્તારના તાલુકાઓમાં ઘટ ઓછી હોય છે. એટલે એમાં બેલેન્સ કરીને આ ઘટને બધા તાલુકાઓમાં એક સરખી કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર તો બેલેન્સ કરવા માગે જ છે, પણ આપના તરફથી જે ભલામણો આવે છે તેના કારણે ઈનબેલેન્સ થાય છે. આપની એટલે હું બધાને માટે કહું છું વ્યકિતગત આપના માટે નથી કહેતો.

**શ્રી જગદીશ ઠાકોર** : આ જે ભલામણો આવતી હોય છે એમાં બહુ મોટું કરપ્શન થાય છે અને એવા તલાટી પાસેથી દસ દસ લાખ રૂપિયા લેવામાં આવે છે. એવા તાલુકાઓની જગ્યાઓ ભરાય છે અને ગરીબ બક્ષી પંચના તાલુકાઓની જગ્યાઓ ભરાતી નથી.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : રાજય સરકાર સપ્રમાણ ગામ દીઠ મુકવા માગે જ છે, પણ આવા પ્રકારની ભલામણો કરવાથી ઈનબેલેન્સ થાય છે એ ન થાય એટલા માટે જ હું આ વિનંતી કરું છું.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કેટલા તલાટીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા અને કેટલા તલાટી મંત્રીઓ ઉપર તપાસ ચાલે છે અને તેના ઉપર શું પગલાં લીધા છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : આના માટે અલગ નોટિસ આપવી જોઈએ.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : આ સુરત જિલ્લાની વાત છે, પણ આ સરકારમાં ચઢતી, બઢતી અથવા જે જગ્યાઓ મંત્રીશ્રીની ખાલી છે તે પૂરવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : મંત્રીશ્રીઓની જગ્યા પૂરાય કે ન પૂરાય તેનાથી તમને કોઈ ફાયદો કે નુકસાન થવાનું નથી, આટલા છે તો પણ તમે જવાબ નથી આપી શકતા, વધશે તો તમારી શું દશા થશે એ વિચારો.

## રાજ્યના આદિવાસીઓને મચ્છી ઉછેરનું કામ આપવા અંગે

***૯૩૦૧ ડૉ અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યના આદિવાસી તાલુકાઓમાં આવેલા ડેમોમાં તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ મચ્છી ઉછેરનો ધંધો ડેમ પ્રમાણે કોને કોને આપવામાં આવેલ છે, અને

(૨) વિસ્થાપીત થયેલી મંડળીઓને કેટલા ડેમોમાં મચ્છી ઉછેરનું કામ મળેલ છે ?

**માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી :**

(૧) રાજ્યના આદિવાસી તાલુકાઓમાં આવેલા ડેમોમાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ મચ્છી ઉછેરનો ધંધો ડેમ પ્રમાણે સામેલ પત્રક મુજબ આપવામાં આવેલ છે.

(૨) વિસ્થાપિત થયેલી મંડળીઓને ૧૭ ડેમોમાં મચ્છી ઉછેરનું કામ મળેલ છે.

**પત્રક**

**આદિવાસી તાલુકાઓમાં આવેલા ડેમોમાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ઈજારા ઉપર અપાયેલ જળાશયોની વિગત**

| ક્રમ | તાલુકો | જળાશયનું નામ | ઈજારદારનું નામ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ભીલોડા | હાથમતી-ઈન્દ્રાસી | હાથમતી-ઈન્દ્રાસી મ.સ.મં.લી. |
| ૨ | વિજયનગર | હરણાવ | વિજયનગર મ.સ.મં.લી. |
| ૩ | ખેડબ્રહ્મા | પટેરા | ખેડબ્રહ્મા તા.મ.સ.મં.લી. |
| ૪ | મેઘરજ | વૈડી | શ્રી બોડાત કનુભાઈ |
| ૫ | મેઘરજ | બોરસી | રાજનટ રમેશભાઈ સાવધાન |
| ૬ | દાંતીવાડા | હડમતીયા | અસરફખાન એ. પઠાણ |
| ૭ | અમીરગઢ | દિવાનીયા ડુંગર | છાપરા મ.સ.મં.લી. |
| ૮ | અમીરગઢ | બાલુન્દ્રા | બાલુન્દ્રા મ.સ.મં.લી. |
| ૯ | અમીરગઢ | સોનવાડી | સોનવાડી મ.સ.મં.લી. |
| ૧૦ | અમીરગઢ | ગંગાસાગર | કહાર મહેશ ફકીરભાઈ |
| ૧૧ | અમીરગઢ | ખારા | ચૌહાણ વિક્રમસિંહ રતનશી |
| ૧૨ | અમીરગઢ | કપાસીયા | શ્રી રાયદરા ચમનાચેલા |
| ૧૩ | અમીરગઢ | ઝાંઝરવા | લુંબાભાઈ પુરાભાઈ વાસીયા |
| ૧૪ | અમીરગઢ | કાળીમાટી | મુળી પારઘીભાઈ સાઝાભાઈ |
| ૧૫ | સતલાસણા | ધરોઈ | ખેડબ્રહ્મા/તુવેરવિખરણ/ધરોઈ જળાશય મ.સ.મં.લી. |
| ૧૬ | નાંદોદ | ચોપડવાવ | સહારા મ.સ.મં.લી. |
| ૧૭ | સાગબારા | કાકડીઅંબા | નાનાકાકડી અંબા મ.સ.મં.લી. |
| ૧૮ | કડાણા | કડાણા | મનસુરી હારુનભાઈ કાસમભાઈ |
| ૧૯ | કડાણા | તરકોનીમાલ | જેઠાભાઈ એ. પટેલીયા |
| ૨૦ | હાલોલ | વડાતળાવ | રાવણવાડીયા મ.સ.મં. |
| ૨૧ | હાલોલ | ધનસરવાવ | ધનસરવાવ મ.સ.મં. |
| ૨૨ | હાલોલ | ધારીયા | ફતેસિંહ મ. પરમાર |
| ૨૩ | હાલોલ | દેવડેમ | નર્મદા અસરગ્રસ્ત મ.સ.મં.લી. |
| ૨૪ | ઘોઘંબા | કરડ | શ્રી પાલા મ.સ.મં.લી. |
| ૨૫ | ઘોઘંબા | ઝીઝરી | ઝીંઝરી મ.સ.મં.લી. |

| | | | |
|---|---|---|---|
| ૨૬ | ઘોઘંબા | બોરસાગર | બોરસાગર મ.સ.મં.લી. |
| ૨૭ | ઘોઘંબા | ગોયાસુંડલ | ગોયાસુંડલ મ.સ.મં.લી |
| ૨૮ | ઘોઘંબા | રૂપારેલ | રૂપારેલ સિ.ત.મ.સ.મં. |
| ૨૯ | ઘોઘંબા | શામળકુવા | પાલા મ.સ.મં.લી. |
| ૩૦ | સંતરામપુર | મોટી ખરસોલી | ભોય કિશોર ઉગલ |
| ૩૧ | સંતરામપુર | વડા તળાવ | ઈદરીશ મજીત મોઢીયા |
| ૩૨ | સંતરામપુર | વાકણી ઓજવણા | મણીલાલરાઠોડ |
| ૩૩ | સંતરામપુર | નાના નટવા | ભોય મોહનભાઈ નાનાભાઈ |
| ૩૪ | સંતરામપુર | હીરાપુર | ઈશ્વર લલ્લુ ભગોર |
| ૩૫ | જાંબુઘોડા | કડાડેમ | ધનસુરી કડાડેમ મ.સ.મં.લી. |
| ૩૬ | મોરવાહડપ | સુલીયાત | ભરતભાઈ એમ. પટલ |
| ૩૭ | શહેરા | પાનમડેમ | પટેલ હરેશભાઈ સોમાભાઈ |
| ૩૮ | લુણાવાડા | ભાદરડેમ | શેખ મહંમદ યુનુસ |
| ૩૯ | કવાંટ | રામી | ધનીયાવાલા મ.સ.મં.લી. |
| ૪૦ | કવાંટ | અમલવાટ | ધનીયાવાલા મ.સ.મં.લી. |
| ૪૧ | છોટાઉદેપુર | નાલેજ | નાલેજ મ.સ.મં.લી. |
| ૪૨ | છોટાઉદેપુર | જામલી | જામલી મ.સ.મં.લી. |
| ૪૩ | છોટાઉદેપુર | નાનીઝેર | જયબાબાદેવ મ.સ.મં.લી. |
| ૪૪ | છોટાઉદેપુર | નાનીઝરી | નાનીઝરી મ.સ.મં.લી. |
| ૪૫ | પાવીજેતપુર | સુખી | ડુંગરવાટ મ.સ.મં.લી. |
| ૪૬ | નસવાડી | ધનીયા ઉમરવા | હરીકૃપા મજુર કામદાર સંઘ |
| ૪૭ | નસવાડી | લીન્ડાટેકરા | ધનીયાવાલા મ.સ.મં.લી. |
| ૪૮ | સંખેડા | તરઘોળ | તરઘોળ મ.સ.મં.લી. |
| ૪૯ | દાહોદ | રબડાલ | રામુ બીજીયા રાઠોડ |
| ૫૦ | દાહોદ | સુકી | કાળીગામ મ.સ.મં.લી. |
| ૫૧ | ફતેપરા | મારગાળા | મારગાળા મ.સ.મં.લી. |
| ૫૨ | ઝાલોદ | થાલા | થાલા મ.સ.મં.લી. |
| ૫૩ | ગરબાળા | મીનાક્યારા | મોહનીયા ઉદેશી રૂપસિંહ |
| ૫૪ | ગરબાળા | આખલોડ | વિપુલકુમાર ગરાસીયા |
| ૫૫ | ધાનપુર | ગાડવેલ | નીનામા પોપટસિંહ |
| ૫૬ | ધાનપુર | પંડોર | વિપુલકુમાર ગરાસીયા |
| ૫૭ | ધાનપુર | આમલી મેનપુર | વાલચંદ ધનાભાઈ કલારા |
| ૫૮ | દેવગઢબારીયા | ભુસર | ભુસર મ.સ.મં.લી |
| ૫૯ | લીમખેડા | કબુતરી | ખુટાવિભાગ મ.સ.મં.લી |
| ૬૦ | વાલીયા | બલાદેવા | બલદેવા મ.સ.મં.લી |
| ૬૧ | વાલીયા | પીંગુટ | પીંગુટ મ.સ.મં.લી |
| ૬૨ | વાલીયા | ભગોરીયા | ભગોરીયા મ.સ.મં.લી |
| ૬૩ | ઝગડીયા | દરીયા | પડવાલીયા મ.સ.મં.લી |
| ૬૪ | ઝગડીયા | ધોલી | ધોલી મ.સ.મં.લી |
| ૬૫ | ઝગડીયા | ધોલેખામ | પીંગુટવિભાગ મ.સ.મં.લી |
| ૬૬ | માંડવી | આમલીડેમ | બુડધા મ.સ.મં.લી |
| ૬૭ | માંડવી | કેવડી | કેવડી જેતપુર મ.સ.મં.લી |

| | | | |
|---|---|---|---|
| ૬૮ | માંડવી | ઈસર | વિસડાલીયા વિભાગ મ.સ.મં.લી |
| ૬૯ | કામરેજ | લાખી | અંબોલી ખોલવડ મ.સ.મં.લી. |
| ૭૦ | વાંસદા | કેલીયા | આદિવાસી સ.મં.લી. કેલીયા |

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, મોટાભાગના ડેમો આદિવાસી વિસ્તારમાં આવેલા છે, એમાં મોટા ભાગના આદિવાસી પરિવારોને વિસ્થાપિત થવું પડયું છે ત્યારે માછીમારીનું કામ આ વિસ્થાપિત થયેલા આદિવાસી પરિવારોની મંડળીઓ બનાવીને તેમને મળવું જોઈએ, ઘણાં સમયથી આ કામ બહારના માણસો આવીને કરી રહ્યા છે જેના કારણે આ વિસ્થાપિત થયેલા આદિવાસી કુટુંબોને જીવન નિર્વાહમાં ખૂબ મોટો ધક્કો લાગ્યો છે. બીજો પ્રશ્ન એ છે કે તમે જે જવાબ આપ્યો છે એમાં જોઈએ તો એવા ઘણાં ડેમો છે કે જેની માહિતી આપવામાં આવી નથી, ત્યારે મારે એ જાણવું છે કે આ આદિવાસી વિસ્તારોનાં ડેમો છે એમાં વિસ્થાપિત થયેલા આદિવાસીઓને કાઢી નાખવાના બદલે એમની મંડળીઓને આ માછીમારીનું કામ આપવા માગો છો કે કેમ?

**શ્રી દિલીપકુમાર વી .ઠાકોર** : આદિવાસીભાઈઓની મંડળીઓને કામ આપવામાં સરકારને કેવિભાગને પણ કોઈ મુશ્કેલી નથી. સહકારી મંડળીઓ બનાવવામાં આવેલ હોય અને જે સહકારી મંડળીઓ ડિફોલ્ટર થયેલી હોય એવા કિસ્સામાં ડિફોલ્ટર થયેલ સહકારી મંડળીઓને ઇજારો આપી શકતા નથી. પરંતુ જે લાયકાત ધરાવતા હોય એને આપવામાં આવે જ છે.

**ડૉ. અનિલ જોષીયારા** : મેશ્વો અને હાથમતી ડૅમમાં મંડળીઓ છે તેમ છતાં બહારના લોકોને ઇજારો આપવામાં આવે છે. આ મંડળીઓને કોઈ લોન આપવામાં આવેલ નથી તેમ છતાં બહારના લોકોને ઇજારો આપવામાં આવેલ છે.

**શ્રી દિલીપકુમાર વી .ઠાકોર** : એવી કોઈ મંડળીને ઇજારો નથી આપવામાં આવ્યો એવી વાત નથી. અધિકૃત અહેવાલમાં જ્યાં ઑડિટરોએ રીમાર્કસ કરેલ હોય એવી મંડળીઓનું લેણું બાકી હોય, મંડળીઓને ઇજારો આપ્યા પછી પેટા કોન્ટ્રાકટ આપેલ હોય એવી મંડળીઓને ઇજારો આપવામાં આવતો નથી. આમ છતાં આદિવાસીભાઈઓની વાત છે એમાં આદિવાસી વિસ્તારની અંદર એકવાર એની જાહેરાત આપવામાં આવે છે, બીજીવાર જાહેરાત આપવામાં આવે છે તેમ છતાં કોઈ ચોક્કસ આદિવાસી મંડળી નહિ આવવાને કારણે, બે-ત્રણ જાહેરાતો આપ્યા પછી બીજા લોકોને ઇજારો આપવામાં આવે છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ઇન્ડસ્ટ્રીઝમાં કરોડો રૂપિયા માફ કરવામાં આવે છે. તો ગરીબ માછીમારોની વિસ્થાપિત મંડળીઓ છે એનું દેવું માફ કરવા માગે છે કે કેમ?

**શ્રી દિલીપકુમાર વી .ઠાકોર** : માનનીય સભ્યશ્રીનું સૂચન સારું છે.

**શ્રી મહેશભાઈ છો. વસાવા** : આદિવાસી વિસ્તારમાં આવેલા ડૅમોની સંખ્યા પૂછવામાં આવી છે. એમાં કરજણ ડૅમ, ઉકાઈ ડૅમના નામો લખવામાં આવેલ નથી. એની કોઈ માહિતી આપવામાં આવેલ નથી. બીજું કે આવી મંડળીઓ ડિફોલ્ટર શાના કારણે થઈ છે? એ કેવી રીતે ફડચામાં ગઈ છે, આવી મંડળીઓને કામ શા માટે નથી આપવામાં આવતું નથી? બીજાને કામ આપવામાં આવે છે.તો આ મંડળીઓને બેદરકારીને લીધે કામ નથી આપતા અને બીજાને આપવામાં આવે છે? કોઈને જાણી જોઈને આપવામાં આવે છે કે કેમ?

**શ્રી દિલીપકુમાર વી .ઠાકોર** : જે મંડળીઓ ડિફોલ્ટર થયેલ છે એમાં નર્મદા જિલ્લામાં ૨ છે, પંચમહાલમાં ૧૧, દાહોદમાં ૩, સુરતમાં ૧૧, વલસાડમાં ૨, નવસારીમાં ૧, સાબરકાંઠામાં ૨ મંડળીઓ ડિફોલ્ટર થયેલ છે. માનનીય સભ્યશ્રીને યાદી જોઈતી હોય તો હું મોકલી આપીશ.

**શ્રી મહેશભાઈ છો. વસાવા** : ડિફોલ્ટર થવાના કારણો શું છે?

**શ્રી દિલીપકુમાર વી .ઠાકોર** : એકવાર ધિરાણ મેળવેલ હોય અને એ ધિરાણ પરત ન કર્યુ હોય, બીજું કે ઇજારો આપવામાં આવેલ હોય અને એ ઇજારો પેટા કોન્ટ્રાકટમાં બીજાને આપી દેવામાં આવેલ હોય એવી મંડળીઓને ડિફોલ્ટર ગણવામાં આવતી હોય છે.

## રાજ્યમાં ખેડૂતોને કપાસના પોષણક્ષમ ભાવો માટે સેન્ટરો

***૮૨૫૬ શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં કપાસ પકવતા ખેડૂતોને કપાસના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં કપાસ શા ભાવે ખરીદ કરવામાં આવ્યા, અને

(૨) આ માટે રાજ્યમાં કયા કયા સ્થળોએ કપાસ ખરીદી માટે કેટલા સેન્ટરો સરકારે ઊભા કર્યા?

**માનનીય કૃષિ મંત્રીશ્રી :**

(૧) રાજ્યમાં ભારત સરકારશ્રીની નિયુકત કરેલ નોડલ એજન્સી કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ચાલુ વર્ષે ૨૦૦૪-૦૫માં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં નિયત ગુણવત્તા ધરાવતા કપાસ ૧૯૬૦/- પ્રતિ ક્વીન્ટલ ટેકાના ભાવે ખરીદ કરવામાં આવેલ છે.

(૨) રાજ્યમાં કપાસ ખરીદવા ઉભા કરવામાં આવેલ કેન્દ્રોની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | ખોલવામાં આવેલ ખરીદી કેન્દ્રો |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | સાબરકાંઠા | ૧-ઈડર, ૨-ડેમોઈ, ૩-ધનસુરા, ૪-ખેડબ્રહ્મા, ૫-માલપુર, ૬-મોડાસા, ૭-સાઠંબા, ૮-વડાલી, ૯-હિંમતનગર. |
| ૨ | મહેસાણા | ૧-વિજાપુર, ૨-વિસનગર. |
| ૩ | ગાંધીનગર | ૧-માણસા, ૨-દહેગામ |
| ૪ | ખેડા | ૧-બાલાસિનોર, ૨-કપડવંજ |
| ૫ | વડોદરા | ૧-મંડાલા, ૨-ઈંટોલા, ૩-સાધલી, ૪-કારવણ,<br>૫-બોડેલી, ૬-ડભોઈ, ૭-ક્લેડીયા, ૮-હાંદોદ,<br>૯-પાવી જેતપુર, ૧૦-મીયાગામ. |
| ૬ | ભરૂચ | ૧-પાલેજ ૨-આમોદ, ૩-ત્રાસલામઠ, ૪-સરભાણ, ૫-જંબુસર |
| ૭ | અમદાવાદ | ૧-ધંધુકા. |
| ૮ | જુનાગઢ | ૧-ઉના, ૨-માણાવદર. |
| ૯ | સુરેન્દ્રનગર | ૧-લીંબડી, ૨-ગોદાવરી, ૩-ધ્રાગધ્રા, ૪-ચુડા. |
| ૧૦ | રાજકોટ | ૧-વાંકાનેર, ૨-મોરબી, ૩-ગોંડલ, ૪-જસદણ. |
| ૧૧ | ભાવનગર | ૧-મહુવા, ૨-બોટાદ |
| ૧૨ | પોરબંદર | ૧-પોરબંદર. |
| ૧૩ | કચ્છ | ૧-માંડવી |
| ૧૪ | અમરેલી | ૧-બાબરા |

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : મારા પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે કૉટન કોરપોરેશન ઑફ ઇન્ડિયા દ્વારા ૨૦૦૪-૨૦૦૫ના વર્ષ દરમિયાન ૧૯૬૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવે ખરીદ કરવામાં આવેલ છે. એમાં જણાવ્યું કે નિયત ગુણવત્તા ધરાવતા કપાસ, તો નિયત ગુણવત્તા નક્કી કરવાનું કામ કોણ કરે છે અને એટલા માટે કે જ્યારે ખેડૂતો કપાસ લઈને માર્કેટીંગ યાર્ડમાં જતા હોય ત્યારે ૧૯૬૦ ને બદલે ૩૬૨ થી લઈને ૩૯૨ સુધીજ ભાવ મળે છે. જે ૧૯૬૦ સુધી ખરીદવાનું હોય છે ત્યારે ખેડૂતોનો કૉટન કોરપોરેશન ઑફ ઇન્ડિયા તરફથી કપાસ ખરીદવામાં આવતો હોવા છતાં પૂરતા પ્રમાણમાં ભાવો મળતા નથી. તો નિયત ગુણવત્તા નક્કી કરવાનું કામ કોણ કરે છે અને પોષણક્ષમ ભાવો આપવા માટે મહારાષ્ટ્ર સરકાર પોતે સબસિડી આપીને વધુ ભાવ મહારાષ્ટ્રના ખેડૂતોને આપે છે તો રાજય સરકાર ગુજરાતના ખેડૂતોને સબસિડી આપીને વધારાનો ભાવ આપવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુણવત્તા પ્રમાણે ખરીદવાનું ડાયરેકશન કેન્દ્ર સરકારમાં ટૅક્સટાઈલ મિનિસ્ટ્રી દ્વારા આપવામાં આવે છે. આમાં ફેરફાર કરવા માટે, કપાસનું વાવેતર થયું ત્યારથી મારા લેવલે બન્ને મંત્રીશ્રીઓને, કૃષિમંત્રીશ્રી અને ટૅક્સટાઈલ મંત્રીશ્રીને લેખિત અને મૌખિક કહ્યું કે, ગુજરાતમાં ૨૯ના કાઉન્ટનું ઉત્પાદન ખૂબ ઓછા પ્રમાણમાં છે. એટલા માટે ૨૪થી ૨૮ના કાઉન્ટ રાખવામાં આવે. પરંતુ એ માગણી મંજૂર રાખવામાં આવતી નથી. મહારાષ્ટ્રના ધોરણે જે વાત કરવામાં આવે છે. મહારાષ્ટ્ર ૧૯૭૨થી પોતાના રાજયના એકટ પ્રમાણે આ ખરીદી કરે છે, ત્યાં સી.સી.આઈ. ખરીદી કરતું નથી.

દેશના કોઈપણ રાજયમાં આ પ્રમાણે ખરીદી કરવામાં આવતી નથી. મહારાષ્ટ્રની આપણે સરખામણી કરવી હોય તો જ્યારે ૨૦૦૩માં રાજયના ખેડૂતોને ૨૧૦૦થી ૨૯૦૦ના ભાવ મળ્યા હતા, તે વખતે મહારાષ્ટ્રમાં ૨૧૦૦થી ૨૪૦૦ના ભાવ મળ્યા હતા. મારે આ સન્માનનીય ગૃહની ગેરસમજ દૂર કરવા માટે થોડીક બીજી માહિતી આપવી છે. રાજય સરકારે શું પગલાં લીધાં? રાજય સરકારે કેન્દ્રમાં એક કરતાં અનેક વખત રજૂઆતો કરી છે, સી.સી.આઈ.ના કેન્દ્રો ખોલવામાં આવે.(અંતરાય)

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારના નામે વાત કરવા માગે છે. તમે શું કરવા માગો છો? એમ કહોને. તમે આપવા માગો છો કે નથી આપવા માગતા? કેન્દ્ર સરકારને માથે ઢોળીને પોતાની જવાબદારીમાંથી છટકવાની વાત કરો છો એ વાજબી નથી. કેન્દ્ર સરકારના નામે શાની વાત કરો છો? તમે શું કરવા માગો છો? એમ કહોને.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માહિતી આપવી છે.. હું સન્માનનીય ગૃહને વિનંતી કરું છું. મારે તમારી જાણકારી માટે લંબાણથી વિગત કહેવી છે.( અંતરાય) મારે જવાબ આપવો છે, વિગતવાર જવાબ આપવો છે. નાફેડ દ્વારા ખરીદીનું સૂચન રાજય સરકારને કર્યું અને ઈતિહાસમાં પહેલીવાર નાફેડ દ્વારા ખરીદી થાય છે અને દેશના બધા રાજયોને એનો લાભ મળે છે અને એનું તંત્ર રાજય સરકારનું સહકારી તંત્ર છે જ. મારે જે માહિતી આપવી છે તે એ છે કે,(અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : મારે એટલું જ પૂછવું છે કે, નાફેડ રાજય સરકારનો ભાગ છે એમ માનનીય મંત્રીશ્રીએ કહ્યું. હું માનનીય મંત્રીશ્રીનું એટલું ધ્યાન દોરવા માગું છું કે, નાફેડ છે એ સહકારી સંસ્થા છે. આ ગૃહને ગેરમાર્ગે ના દોરો. એ નિર્ણય કેન્દ્ર સરકારના એક વિભાગ દ્વારા નાફેડ કરેલ છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારનો એક ભાગ છે એવું નથી કહેતો. નાફેડ દ્વારા ખરીદી થાય છે એ એનું તંત્ર છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય પુંજાભાઈએ પ્રશ્ન ઉઠાવ્યો છે એ અગાઉ ગુજકોટ મારફતે ખરીદી કરવામાં આવેલ હતી, માર્કેટીંગ ફેડરેશન દ્વારા ખરીદી કરાવામાં આવેલ હતી. શ્રી શંકરસિંહ વાઘેલા મુખ્યમંત્રી હતા ત્યારે ગુજકોટને ૧૦૦ કરોડ રૂપિયા આપીને ખરીદી કરાવેલ હતી, એ ધોરણે કરાવવા માગો છો કે કેમ? અમે કેન્દ્ર સરકારને પૂછી આવીશું, આપના મારફત માહિતી જોઈતી નથી. રાજય સરકાર શું કરવા માગે છે? એ અમે ખેડૂતોને કહી શકીએ કે,

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જવાબ આપવો જ છે. મારે વિગતવાર જવાબ આપવો છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે થોડાક આંકડા પણ જોવા પડશેને, ૨૦૦૧-૦૨માં આ રાજયમાં વાવેતર વિસ્તાર ૧૭.૪૯ લાખ હેકટર હતો.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અમે જે પ્રશ્ન પૂછયો છે એનો જવાબ આપવો જોઈએ. રાજય સરકારે અગાઉની સરકારોએ જે ધોરણે ખરીદી કરી હતી એ ધોરણે કરવા માગે છે કે કેમ? એની માહિતી આપે. એની માહિતીની અમને ખબર છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : ના, તમને નથી ખબર.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : ના, અમને ખબર છે પણ આપ હા કે ના કહો કે ગુજકોટ (અંતરાય) માર્કેટીંગ ફેડરેશન મારફતે ખરીદી કરવા માગે છે કે કેમ? એમ અમારા માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : હું આપને માહિતી આપુ છું એ ગૃહને ખબર નથી. માનનીય અધ્યક્ષશ્રી (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ , પ્રશ્ન ક્રમાંક : ૧૪ ( સતત અંતરાય)

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માહિતી આપવી છે. (સતત અંતરાય)

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સંપૂર્ણ વિગતો સાથે સ્પેસીફીક જવાબ આપે અને વિપક્ષના મિત્રોને એ જવાબ અનુકૂળ ન હોય એટલા માટે જવાબ સાંભળવાની તૈયારી ન હોય એ વ્યવસ્થા ના ચાલી શકે સાહેબ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : અમારો જવાબ મળવો જોઈએ. અમે કહીએ છીએ એ રીતે. અમારે ભાષણ નથી સાંભળવું. દર વખતે ઉપદેશ આપે, અમને ઉપદેશની જરૂર નથી. (સતત અંતરાય) ( સતત સૂત્રોચ્ચાર - ખેડૂત વિરોધી યે સરકાર, નહીં ચલેગી, નહી ં ચલેગી.)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ. બધા માનનીય સભ્યશ્રીઓને મારે ખાસ કહેવાનું છે કે જે પ્રશ્ન હોય , આપણે મનમાં જે એનો જવાબ વિચાર્યો હોય, આપણે જે કલ્પના કરી હોય કે આવો જવાબ મળવો જોઈએ, એવો જવાબ આપવા માટે મંત્રીશ્રી બંધાયેલા નથી. મંત્રીશ્રી આપ જવાબ આપો.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારની જવાબદારી છે જ નહીં. આ જવાબદારી કેન્દ્ર સરકારની જ છે. આ જવાબદારી (સતત અંતરાય) આ જવાબદારી કેન્દ્ર સરકારની જ છે. (અંતરાય) આ જવાબદારી રાજય સરકારની છે જ નહીં. સરેરાશ ઉત્પાદન કરતાં આ વખતે અઢી ગણું ઉપાદન થયું છે. ૨૦૦૧-૨માં ઉત્પાદકતા ક્વિન્ટલ દીઠ, હેકટર દીઠ ૪.૯૫ કિવન્ટલ હતી. આ વખતે ૪.૯૨ કવિન્ટલ

ઉત્પાદન થયું છે અને જેના કારણે ખેડૂતોની આવક ૨૦૦૧-૦૨ ૮૬૬૩ હતી (અંતરાય) ૨૦૦૪-૦૫માં ૨૬૪૪૮ થઈ છે. (સતત અંતરાય) સૂત્રોચ્ચાર- કિસાન વિરોધી યે સરકાર નહીં ચલેગી, નહીં ચલેગી. કેન્દ્ર સરકારે આયાત ડ્યૂટી નાખવી જોઈતી હતી. એ આયાત ડ્યૂટી નાખી નથી. માનનીય અધ્યક્ષશ્રી, ઈમ્પાક ડ્યૂટી રાખવી જોઈએ, નિકાસના કોટા જાહેર કર્યા પરંતુ સબસીડી આપી નહીં અને ઉત્પાદકતા ...(અંતરાય) ખેડૂતોની આવક વધી છે. કેન્દ્રમાં શંકરસિંહ વાઘેલાએ એ મંજૂર નથી કરી, કૃષિમંત્રીશ્રી શરદ પવારે મંજૂર કર્યુ છે. ( સતત અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન છે એ કેન્દ્ર સરકારને લગતો છે. કેન્દ્ર સરકાર ખેડૂતોને પૂરતા ભાવ આપે છે અને એ વાત રાજય સરકાર ઉપર ઠોકી બેસાડવાની વાત છે આ. આ કામ કેન્દ્ર સરકારનું છે, નહીં કે રાજય સરકારનું. ટેકાના ભાવ નક્કી કરવાનું કામ કેન્દ્ર સરકારનું છે અને કેન્દ્ર સરકાર જ આપે છે. તમારે જે વિરોધ કરવો હોય એ પાર્લામેન્ટમાં કરો. આ રાજય સરકારનું કામ જ નથી. ટેકાના ભાવો નક્કી કરવાનું આ કામ કેન્દ્ર સરકારનું છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : આ જવાબદારી કેન્દ્ર સરકારની જ છે. (અંતરાય)

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : કેન્દ્ર સરકારની ખેડૂત વિરોધી નીતિઓ, એને છાવરવા માટે આ ગૃહનો ઉપયોગ થઈ રહ્યો છે. કેન્દ્ર સરકાર ખેડૂત વિરોધી છે, કેન્દ્ર સરકાર ગુજરાત વિરોધી છે. કેન્દ્ર સરકાર ગુજરાતને બદનામ કરી રહી છે. માટે આ ગુજરાત વિરોધી વાતાવરણ, આ ખેડૂત વિરોધી વાતાવરણ, આ બધી પ્રવૃત્તિ ચાલે છે. (વિરોધ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા સતત સૂત્રોચાર) ગુજરાતના ખેડૂતોને.....(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હું ગૃહને ૧૦ મિનિટ માટે મુલતવી રાખું છું.

(માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૧-૨૬ કલાકે ૧૦ મિનિટ માટે મુલતવી રહ્યું.)

**(મુલતવી રહેલ સભાગૃહ બપોરના ૧-૩૬ કલાકે ફરી મળ્યું)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

## અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### માતર તાલુકામાં સરદાર આવાસ યોજનામાં ભ્રષ્ટાચારની ફરિયાદ

૯૭૩૩ **શ્રી રાકેશ રાવ (માતર)** :**માનનીય ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧ જાન્યુઆરી ૨૦૦૫ની સ્થિતિએ માતર તાલુકામાં સરદાર આવાસ યોજનામાં કથિત ભ્રષ્ટાચાર થયો હોવાની ફરિયાદ રાજ્ય સરકારને મળ્યા પછી શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને | (૧) આ અંગે જવાબદાર સામે પગલાં ભરવાની કાર્યવાહી ચાલુમાં છે. |
| (૨) સરદાર આવાસ યોજનાના કામોમાં તથા ફાળવણીમાં થયેલા ભ્રષ્ટાચારમાં જે તે અધિકારીઓની જવાબદારી નક્કી થયા પછી પણ કોઈ કાર્યવાહી નહી કરવા પાછળ શાં કારણો છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

### રાજ્યમાં ગોકુલ ગ્રામ વિકાસ ભંડોળ હેઠળ જમા કરેલ રકમ

૯૭૧૬ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર(તલાલા)** :**માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ગોકુલ ગ્રામ વિકાસ ભંડોળ હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૦-૧૧-૨૦૦૪ની સ્થિતિએ કુલ કેટલી રકમ ઔદ્યોગીક એકમો દ્વારા જમા થઈ, તેમાંથી કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) જમા થયેલ રકમ રૂા. ૧૨૬૫૮.૬૭ લાખ<br>ખર્ચ રૂા. ૮૬૬૦.૪૦ લાખ. |
| (૨) આ ભંડોળ નીચે ઔદ્યોગીક ગૃહો અને પોતાના રૂરલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ બનાવી કામ કરવાની છૂટ આપી હોય તેવા કેટલા એકમો છે, અને | (૨) એક |

| | |
|---|---|
| (૩) તે દરેક કુલ કેટલી રકમ નિયમ મુજબ ટ્રસ્ટમાં જમા કરવાની થતી હતી, અને કેટલી રકમ જમા કરેલ છે ? | (૩) જમા કરવાની થતી રકમ રૂા. ૧૨૬૫૮.૬૭ લાખ<br>જમા કરાવેલ રકમ રૂા. ૧૨૬૫૮.૬૭ લાખ. |

----------

## સુરેન્દ્રનગર શહેરની રતનપુર સર્વે નં. ૮ ની જમીનની રીકવરી

૮૪૦૫ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ)** : **માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર રતનપર સર્વે નં. ૮ ની જમીનના માલીકો સામે રીકવરીનો હુકમ થયેલ છે કે કેમ, | (૧) ખેત ઉત્પન્ન બજાર સમિતિ, વઢવાણ, જી. સુરેન્દ્રનગરના તત્કાલિન કાર્યવાહકો પાસેથી જમીન વેચાણની ઓછી ઉપજેલ રકમની વસુલાત માટે હુકમ થયેલ છે. |
| (૨) જો હા, તો ક્યારે હુકમ કરવામાં આવ્યો, રીકવરીની કામગીરી કોણ કરશે, અને | (૨) તા. ૫-૫-૯૮, અને સેક્રેટરીશ્રી, ખેત ઉત્પન્ન બજાર સમિતિ, વઢવાણ, જી. સુરેન્દ્રનગર. |
| (૩) આવી રીકવરી સરકાર ક્યારે કરવા માગે છે? | (૩) ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ-૧૯૬૩ની કલમ-૫૦ હેઠળ સંબંધિત કોર્ટમાં દાવો દાખલ કરી તેના ચુકાદા અન્વયે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે. |

----------

## સોઈલ ટેસ્ટીંગથી ખાતરના વપરાશમાં ઘટાડો

૯૭૨૪ **શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સોઈલ ટેસ્ટીંગને કારણે રાસાયણિક ખાતરના વપરાશમાં ઘટાડો થયો છે, તે હકીકત સાચી છે, અને | (૧) જમીન ચકાસણી બાદ ખાતરનો વપરાશ સમતોલ થયો છે. |
| (૨) જો હા, તો કેટલી રકમનું ઓછું ખાતર વપરાશે અને તેને કારણે શો ફાયદો થશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------------

## તીર્થગ્રામ યોજના તરીકે જાહેર થયેલ ગામો

૯૦૬૦ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ(ખેરાલુ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચાયત વિભાગ દ્વારા તીર્થગ્રામ યોજના જાહેર કરાયેલ તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં કેટલા ગામો તીર્થગ્રામ તરીકે જાહેર કરવામાં આવેલ છે? | (૨) ૧૬૦ |

## ચોટીલા અને સાયલા તાલુકામાં ખેત તલાવડીઓને મંજૂરી

૮૮૧૬ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં તા. ૧-૧-૦૪ થી તા.૩૧-૧૨-૦૪ સુધીમાં કેટલી ખેત તલાવડીઓ મંજુર થઈ, | (૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા-સાયલા તાલુકામાં ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી. એ નીચે મુજબની ખેત તલાવડીઓ મંજુર કરવામાં આવી. |

| તાલુકો | ખેત તલાવડીની સંખ્યા |
|---|---|
| સાયલા | ૪૨ |
| ચોટીલા | ૨૮ |
| કુલ ... | ૭૦ |

(૨) કેટલી ખેત તલાવડીની પૂર્તતા થઈ કેટલીનું કામ બાકી છે, અને

(૨)

| તાલુકો | ખેત તલાવડીની પૂર્તતા સંખ્યા | ખેત તલાવડીની બાકી સંખ્યા |
|---|---|---|
| સાયલા | ૨૫ | ૧૭ |
| ચોટીલા | ૧૨ | ૧૬ |
| કુલ ... | ૩૭ | ૩૩ |

(૩) પુર્તતા થયેલ કામોમાં કેટલી રકમનો ખર્ચ થયો?

(૩) રૂપિયા ૪,૬૦,૨૮૮/-નો ખર્ચ થયો.

## કચ્છ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ

૯૭૧૧ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા)** : : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર તલાટી-કમ-મંત્રીની કેટલી જગ્યાઓ તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ખાલી છે,

(૧)

| ક્રમ | તાલુકો | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | ભૂજ | ૨૩ |
| ૨ | માંડવી | ૧૯ |
| ૩ | મુન્દ્રા | ૧૨ |
| ૪ | અંજાર | ૧૩ |
| ૫ | ગાંધીધામ | ૦૦ |
| ૬ | ભચાઉ | ૨૩ |
| ૭ | રાપર | ૨૬ |
| ૮ | નખત્રાણા | ૧૭ |
| ૯ | નલિયા | ૨૩ |
| ૧૦ | દયાપર | ૧૧ |
| | કુલ | ૧૬૭ |

(૨) આ જગ્યાઓ ખાલી રહેવાના શાં કારણો છે, અને

(૨) વયનિવૃત્તિ, સ્વૈ.નિવૃત્તિ, અવસાન, બઢતી, ફરજમોકુફી અને જીલ્લા ફેરબદલીના કારણે.

(૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

(૩) જેમ બને તેમ જલ્દીથી.

## રાજ્યના માછીમારોને પાકિસ્તાન જેલમાંથી છોડાવવા અંગે

૮૩૯૨ **શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી (ઘોઘા)** :**માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યના કયા કયા જિલ્લાના કેટ કેટલા માછીમારો ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ પાકિસ્તાનની જેલમાં છે, અને

(૨) તેમને છોડાવવા માટે સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સાથે કેવા પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ પાકિસ્તાનની જેલમાં રહેલ રાજ્યના માછીમારોની જિલ્લાવાર વિગત નીચે મુજબ છે.

| **જિલ્લાનું નામ** | **માછીમારની સંખ્યા** |
|---|---|
| (૧) જુનાગઢ | ૪૦૪ |
| (૨) વલસાડ | ૦૬૯ |
| (૩) નવસારી | ૦૨૭ |
| (૪) અમરેલી | ૦૧૧ |
| (૫) જામનગર | ૦૦૫ |
| (૬) પોરબંદર | ૦૦૫ |
| (૭) સિધ્ધપુર-પાટણ | ૦૦૧ |
| (૮) અમદાવાદ | ૦૦૧ |
| (૯) ભાવનગર | ૦૦૧ |
| કુલ | ૫૨૪ |

(૨) પકડાયેલ માછીમારના કિસ્સામાં તેમની વ્યક્તિગત બાબતોની ફોટોગ્રાફસ સહિતની પ્રમાણભૂત વિગતો કેન્દ્ર સરકારને મોકલી આપવામાં આવે છે. તે પછી સદરહુ બાબતે પાકિસ્તાન સત્તાવાળાઓ સાથે તેમને છોડાવવા માટે જરૂરી કાર્યવાહી કરવા વખતોવખત માન. મંત્રીશ્રી દ્વારા, માન. સંસદસભ્યશ્રીઓ દ્વારા તેમજ વિભાગ કક્ષાએથી કેન્દ્ર સરકારને જણાવવામાં આવે છે.

--------

## રાજકોટ જિલ્લાના ગામોમાં પંચાયત ઘર

૯૩૦૮ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા)** :**માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના કેટલા ગામોમાં ડીસે.૦૪ ની સ્થિતિએ પંચાયત ઘર છે,

(૨) તે પૈકી ઉપલેટા તાલુકામાં કયા ગામોમાં પંચાયત ઘર છે, અને કયા ગામોમાં નથી, અને

(૩) ઉપલેટા તાલુકાના ગામોમાં પંચાયત ઘર નથી ત્યાં નવા પંચાયત ઘર બનાવવાની કોઈ યોજના સરકારે વિચારેલ છે કે કેમ?

**જવાબ**

(૧) ૮૦૯

(૨) ઉપલેટા તાલુકામાં સામેલ પત્રક-૧ મુજબ ૫૧ ગ્રામ પંચાયત છે. અને તમામ ગામમાં પંચાયત ઘર છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-૧**

(૧) કલારીયા (નવા), (૨) કલારીયા (વચલા), (૩) સંઘીકલારીયા, (૪) કેરાળા, (૫) નવાપરા (૬) ખારચીયા, (૭) ખાખી જાળીયા, (૮) ખીરસરા, (૯) ગઢાળા, (૧૦) જાલી, (૧૧) જામટીંબડી, (૧૨) ડુમીયાણી, (૧૩) પડવલા, (૧૪) માખીયાળા, (૧૫) ભાંખ, (૧૬) મોજીરા, (૧૭) રબારીકા, (૧૮) વાડલા, (૧૯) વડાળી, (૨૦) સાતવડી, (૨૧) સાજડીયાળી, (૨૨) સેવંત્રા, (૨૩) હરીયાસણ, (૨૪) અરણી, (૨૫) પાનેલી, (૨૬) કાથરોટા, (૨૭) કુંઢેચ, (૨૮) કોલકી, (૨૯) ગાધા, (૩૦) ઈસરા, (૩૧) ગધેથડ (૩૨) ગણોદ, (૩૩) ચીખલીયા, (૩૪) ચરેલીયા, (૩૫) રાજપરા, (૩૬) ઢાંક, (૩૭) તલગણા, (૩૮) તણસવા, (૩૯) નાગવદર, (૪૦) નિલાખા, (૪૧) પ્રાંસલા, (૪૨) ભીમોરા, (૪૩) મેખા ટીંબડી, (૪૪) મુરખડા, (૪૫) મજેઠી, (૪૬) મેરવદર, (૪૭) લાંઠ, (૪૮) વડેખણ, (૪૯) વરજાંગજાળીયા, (૫૦) સમઢીયાળા, (૫૧) હાડફોડી.

------

**રાજ્યમાં રોજગાર કચેરીમાં નોંધાયેલ બેરોજગારોની સંખ્યા**

૮૩૨૧ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાદીઠ કેટલા બેરોજગારોની નોંધણી રોજગાર વિનિમય કચેરીમાં થયેલ છે?

**જવાબ**

| ક્રમ | જિલ્લો | નોંધાયેલ સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૯૭૫૮૮ |
| ૨ | વડોદરા | ૭૩૬૧૨ |
| ૩ | ભરૂચ | ૨૮૪૮૮ |
| ૪ | નર્મદા | ૧૧૭૦૮ |
| ૫ | કચ્છ | ૨૬૦૯૧ |
| ૬ | ભાવનગર | ૪૧૯૬૬ |
| ૭ | ડાંગ | ૩૭૮૪ |
| ૮ | પંચમહાલ | ૩૪૮૮૭ |
| ૯ | દાહોદ | ૨૭૦૮૬ |
| ૧૦ | સાબરકાંઠા | ૫૭૨૫૬ |
| ૧૧ | જામનગર | ૨૪૭૨૨ |
| ૧૨ | જૂનાગઢ | ૪૫૬૦૧ |
| ૧૩ | પોરબંદર | ૧૦૫૫૭ |
| ૧૪ | મહેસાણા | ૫૩૪૯૭ |
| ૧૫ | પાટણ | ૨૯૧૫૮ |
| ૧૬ | ખેડા | ૪૧૯૬૭ |
| ૧૭ | આણંદ | ૩૨૯૦૨ |
| ૧૮ | બનાસકાંઠા | ૩૮૦૪૯ |

| | | |
|---|---|---|
| ૧૯ | રાજકોટ | ૫૨૦૩૧ |
| ૨૦ | સુરત | ૫૯૫૬૦ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૨૭૭૬૬ |
| ૨૨ | અમરેલી | ૨૨૫૫૭ |
| ૨૩ | વલસાડ | ૨૦૨૭૭ |
| ૨૪ | નવસારી | ૨૨૭૭૦ |
| ૨૫ | ગાંધીનગર | ૩૭૮૮૮ |
| | કુલ :- | ૯૨૧૭૬૮ |

------

## જામનગર જિલ્લામાં મત્સ્યોદ્યોગ વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ

૯૭૩૫ **ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ)** : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના મત્સ્યોદ્યોગ માટે કુલ તમામ પ્રકારની કેટલી ગ્રાંટ ૨૦૦૦-૦૧, ૨૦૦૧-૦૨ તથા ૨૦૦૨-૦૩ના વર્ષમાં ફાળવવામાં આવેલ,

(૨) સદરહું ફાળવણી સામે કુલ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ, અને

(૩) ઉપરોકત ગ્રાંટના કુલ ખર્ચમાં મુખ્યત્વે આખરના દિવસોમાં જ વપરાયેલ કે કેમ ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લાના મત્સ્યોદ્યોગ માટે કુલ તમામ પ્રકારની ગ્રાંટ વર્ષવાર નીચે મુજબ ફાળવવામાં આવેલ :-

રૂા. હજારમાં

| ૨૦૦૦-૦૧ | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|
| ૧૧૦૪૭ | ૮૯૭૭ | ૫૦૬૮ |

(૨) વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ :-

| ૨૦૦૦-૦૧ | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|
| ૧૧૧૯૦ | ૮૯૫૬ | ૫૧૯૦ |

(૩) ના, જી.

------

## દસાડા અને લખતર તાલુકા માટે બી.પી.એલ. કાર્ડની નવી યાદી

૮૦૮૨ **શ્રી મનહરલાલ મ. મકવાણા (દસાડા)** ::**માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સેર.ન્દ્રનગર જિલ્લાના દસાડા અને લખતર તાલુકાની ગરીબી રેખા નીચેના કાર્ડની નવી યાદી પ્રજાનેન મળવાના કારણો શું છે, અને

**જવાબ**

(૧) સમગ્ર ગુજરાત રાજય માટે ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની યાદી તૈયાર કરવાની કામગીરી હાલમાં ગતિમાં છે. આ કુઠુંબોને ગ્રામ વિકાસ દ્વારા [illegible]

કોઈ કાર્ડ આપવામાં આવતા નથી.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) સરકાર આ અંગે શું પગલાં લેવા ધારે છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----

## સરકારી છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ માટે નીતિ નક્કી કરવા અંગે

૯૩૦૪ **શ્રી કાંતિલાલ ૨ા. લકુમ (બાવળા)** :**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સરકારી છાત્રાલયોમાં પ્રવેશ આપવા માટે આવક મર્યાદા નક્કી કરી છે કે કેમ, જો હા, તો કેટલી આવક મર્યાદા નક્કી કરેલ છે, અને

(૧)

| અનુસૂચિત જાતિ. | સા.શૈ. રીતે પછાત વર્ગો | આર્થિક રીતે પછાત વર્ગો. |
|---|---|---|
| હા જી, કુમારો માટે રૂા. ૧.૦૦ લાખ અને કન્યા માટે આવક મર્યાદાનું ધોરણ રાખવામાં આવેલ નથી. | હા જી, કુમાર માટે રૂા. ૨૪૦૦૦/- તથા કન્યા માટે ગરીબી રેખાથી પાંચ ગણી આવક મર્યાદા નક્કી કરેલ છે. | હા જી, કુમાર માટે રૂા.૧૦,૦૦૦/- તથા કન્યા માટે ગરીબી રેખાથી ત્રણ ગણી આવક મર્યાદા નક્કી કરેલ છે. |

(૨) શૈક્ષણિક વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં કેટલા વિદ્યાર્થીઓને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવેલ છે ?

(૨)

| અનુસૂચિત જાતિ. | સા.શૈ. રીતે પછાત વર્ગો તથા આર્થિક રીતે પછાત વર્ગો. |
|---|---|
| ૨૪૫૩ | ૨૧૦૨ |

---------

## રાજ્યમાં માછીમારોને રોજિંદા ડિઝલ વપરાશની સબસીડીની રકમ ચૂકવી આપવા અંગે

૮૪૫૬ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)** : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં માછીમારોને તેમના રોજિંદા ડિઝલ વપરાશ પર ભારત સરકાર દ્વારા સબસીડી આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સબસીડીની કેટલી રકમ મેળવી, અને | (૨) ભારત સરકારે તેમના તા. ૧૫-૪-૦૪ના પત્રથી સબસીડીની યોજના અમલમાં મૂકેલ છે. અને કેન્દ્રિય સહાયના પ્રથમ હપ્તા પેટે રૂા. ૬.૦૦ કરોડ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| | રાજ્યને રીલીઝ કરેલ છે. આ યોજના તા. ૧૫-૪-૦૪ થી અમલમાં મૂકેલ હોઈ, છેલ્લા ત્રણ વર્ષની સબસીડીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) રાજ્ય સરકારે સબસીડીની રકમ માછીમારોને ચૂકવી આપેલ છે કે કેમ જો ચૂકવવાની બાકી હોય તો કયારે ચૂકવાશે ? | (૩) સબસીડીની આ રકમ ચૂકવવાની પ્રક્રિયા ગતિમાં છે. |

------

## રાજ્યમાં અનાજ કે ખેત પેદાશોમાં જંતુનાશકોના અવશેષો બાબત

૯૦૪૩ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં અનાજ કે ખેત પેદાશોમાં કેટલા પ્રમાણમાં જંતુનાશકોના અવશેષો આવી રહ્યા છે તે ચકાસવા કયા કયા સ્થળે કેટલી લેબોરેટરી હયાત છે ? | (૧) રાજ્યમાં ખેત પેદાશોમાં કેટલા પ્રમાણમાં જંતુનાશકોના અવશેષો છે. તેની ચકાસણી માટે કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે યુનિવર્સિટીના સંશોધન કાર્યક્રમો પુરતી મર્યાદિત સુવિધાવાળી લેબોરેટરી છે. |

## જૂનાગઢ જિલ્લામાં પાકવીમાના રકમના દાવાની ચૂકવણી

૮૫૪૮ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ તાલુકા દીઠ પાકવિમાના કેટલી રકમના દાવા થયેલ છે,<br>(૨) તે પૈકી કેટલી રકમના દાવા મંજૂર થયેલ છે, અને | (૧) અને (૨) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ખરીફ ઋતુના તાલુકાવાર/પાકવીમાના દાવાઓમાં હાલ ભારતીય કૃષિ વીમા કંપની લીમીટેડ દ્વારા ગણત્રી કરવામાં આવી રહેલ છે. તેથી અત્યારના તબક્કે આ વિગત જ્યાં સુધી વિમા કંપની રકમ આખરી ન કરે ત્યાં સુધી આપી શકાય તેમ નથી. |
| (૩) આ પૈકી કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## સુરત જિલ્લામાં અતિવર્ષાથી પાકને નુકસાન

૧૦૦૪૧ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા. ૧/૧/૦૪થી તા. ૩૧/૧૨/૦૪ દરમ્યાન અતિવર્ષા તથા રેલથી ખેતીના પાકોને કેટલું નુકસાન થયેલ છે, અને | (૧) સુરત જિલ્લામાં ઓગષ્ટના પ્રથમ અઠવડિયા દરમ્યાન અતિવર્ષા તથા રેલથી આશરે ૯૭૨૦ હેકટરમાં રૂા. ૧૬૧૭.૬૦ લાખનુ નુકસાન કૃષિપાકોને થયાનો અંદાજ કાઢવામાં આવેલ છે, |
| (૨) તે પૈકી તાલુકાવાર ખેડૂતોને પાકમાં થયેલ નુકસાનનું કેટલું વળતર ચૂકવવામાં આવેલ છે ? | (૨) ચૂકવણી બાબતે વહીવટી કાર્યવાહી ચાલુ છે. |

## બનાસકાંઠા જિલ્લામાં આઈ.ટી.આઈ. ના મકાન બાંધકામની કામગીરી

૯૬૯૮ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના અમીરગઢ ખાતે સરકાર આઈ.ટી.આઈ.નું મકાન બાંધવા વિચારી રહી છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો મકાન બાંધકામની કામગીરી કયાં સુધીમાં શરૂ થવાની સંભાવના છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## કચ્છ જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં અકસ્માતથી શ્રમિકોના મૃત્યુ

૯૦૮૨ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં અંજાર-ગાંધીધામ અને ભચાઉ તાલુકાનાં ઔદ્યોગિક એકમોમાં સને ૨૦૦૨, ૨૦૦૩ અને ૨૦૦૪ કેલેન્ડર વર્ષમાં અકસ્માતનાં કારણે કામદારો કે શ્રમિકોના કેટલા મૃત્યુ કયા કયા એકમોમાં થયા,

(૨) આ અકસ્માતો માટે કેટલી ફરિયાદો નોંધાઈ અને કેટલાની ધરપકડ થઈ,

**જવાબ**

(૧) કચ્છ જીલ્લાનાં, અંજાર, ગાંધીધામ અને ભચાઉ તાલુકામાં કારખાના ધારા હેઠળ નોંધાયેલ ઔદ્યોગિક એકમોમાં વર્ષ ૨૦૦૨, ૨૦૦૩ અને ૨૦૦૪ નાં વર્ષમાં સામેલ પરિશિષ્ટ-૧ માં જણાવેલ ૧૪ એકમોમાં અકસ્માતોને કારણે નીચે જણાવ્યા મુજબ શ્રમિકોનાં મૃત્યુ થયેલ છે.

| તાલુકો | ૨૦૦૨ | | ૨૦૦૩ | | ૨૦૦૪ | |
|---|---|---|---|---|---|---|
| | એકમોની સંખ્યા | મૃત્યુ પામેલા શ્રમિકો | એકમોની સંખ્યા | મૃત્યુ પામેલા શ્રમિકો | એકમોની સંખ્યા | મૃત્યુ પામેલા શ્રમિકો |
| ગાંધીધામ | ૩ | ૪ | ૩ | ૩ | ૩ | ૩ |
| અંજાર | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ભચાઉ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૨ |
| કુલ | ૫ | ૬ | ૪ | ૪ | ૫ | ૫ |

(૨) ઉપર (૧)માં જણાવેલ અકસ્માતોના કિસ્સામાં, કારખાના ધારા હેઠળ નીચે મુજબની વિગતે નામદાર અદાલતમાં કેસો દાખલ કરવામાં આવેલ છે.

| વર્ષવાર કરેલ કોર્ટ કેસ | | | |
|---|---|---|---|
| તાલુકો | ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦૪ |
| ગાંધીધામ | ૨ | ૦ | ૨ |
| અંજાર | ૧ | ૦ | ૦ |
| ભચાઉ | ૧ | ૦ | ૧ |
| કુલ | ૪ | ૦ | ૩ |

કારખાનામાં થયેલ પ્રાણઘાતક અકસ્માતના કિસ્સામાં કારખાનેદાર દ્વારા પોલીસને પણ જાણ કવામાં આવે છે. ધરપકડની બાબત શ્રમ વિભાગના કાર્યક્ષેત્રમાં આવતી નથી.

(૩) ફરિયાદો નોંધાવ્યા પછી પોલીસ કાર્યવાહીના વિલંબ સામે કોઈ રજૂઆત આવી છે કે કેમ ?

(૩) આ શ્રમ વિભાગના કાર્યક્ષેત્રમાં આવતી નથી.

**પરિશિષ્ટ-૧**

| **ક્રમ** | **વર્ષ** | **એકમનું નામ** |
|---|---|---|
| | ૨૦૦૨ | ગાંધીધામ તાલુકો |
| ૧ | | ક્ચ્છ સોલ્ટ એન્ડ એલાઈડ પ્રોડક લી. |
| ૨ | | આહીર સોલ્ટ એન્ડ એલાઈડ ઈન્ડ. લી. |
| ૩ | | ફ્રેન્ડસ ઓઈલ એન્ડ ટર્મીનલ પ્રા. લી. |
| | | **અંજાર તાલુકો** |
| ૪ | | અંકુર કેમ ફુડ (ગુજરાત) લી. |
| | | **ભચાઉ તાલુકો** |
| ૫ | | લેન્ડમાર્ક વીનીયર પ્રા. લી. |
| | **૨૦૦૩** | **ગાંધીધામ તાલુકો** |
| ૬ | | એમ. કે. વુડ ઈન્ડ. પ્રા.લી. |
| ૭ | | આઈ.ઓ.સી. (એફએસટી) |
| ૮ | | કંડલા પોલી પ્લાસ્ટ (ઈ) પ્રા. લી. |
| | | **ભચાઉ તાલુકો** |
| ૯ | | શ્રી ચામુંડા સોલ્ટ વર્કસ |
| | **૨૦૦૪** | **ગાંધીધામ તાલુકો** |
| ૧૦ | | વેસ્ટર્ન કેમીકલ એન્ડ સપ્લાય કું. |
| ૧૧ | | કેમીકલ એન્ડ રેઝીન્સ લી. |
| ૧૨ | | તેરાપંથ ફુડસ લી. |
| | | **ભચાઉ તાલુકો** |
| ૧૩ | | યુરો સીરામીક પ્રા. લી. |
| ૧૪ | | ગુજરાત એનઆરઆઈ કોક લી. |

## રાજકોટ જિલ્લામાં વોટરશેડના કામો પૂર્ણ થવા અંગે

૮૧૧૩ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં ગ્રામ વિકાસના વોટરશેડના કામોમાં ગેરરીતિ બાબત કેટલી બીન-સરકારી સંસ્થાઓ સામે કાર્યવાહી કરવામાં આવી,

(૨) રાજકોટ જિલ્લામાં બીન-સરકારી સંસ્થાઓને ફાળવવામાં આવેલ છે તે વોટરશેડ પૈકી તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કેટલા કામો પૂર્ણ કરવામાં આવેલ છે,

(૩) વોટરશેડ પ્રોજેકટની નિયત સમય મર્યાદામાં કેટલા કામો બાકી છે, અને

**જવાબ**

(૧) એક (૧).

(૨) ૨૦૫ કકામો (પ્રોજેકટો)માં કામગીરી પૂર્ણ થયેલ છે.

(૩) ૩૧૨ કકામો (પ્રોજેકટો)ની કામગીરી નિયત સમય-મર્યાદામાં ચાલુ છે.

| | |
|---|---|
| (૪) આ બાકી રહેતાં કામોની બીન-સરકારી સંસ્થાઓ સામે કોઈ કાર્યવાહી સરકાર તરફથી કરવામાં આવી છે કે કેમ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## વડોદરા જિલ્લા પંચાયતમાં લોકલ ફંડ શેષ માટેની દરખાસ્ત

૯૦૭૩ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ (સાવલી)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લા પંચાયતે જમીન મહેસૂલ આકાર બીન ખેતી આકારના દરના ૧ રૂા. ઉપર ૩૦૦ પૈસા લોકલ ફંડ શેષ લેવાના કામે સામાન્ય સભાએ ઠરાવ કરી લોકલ ફંડ ૧૫૦ પૈસા લેવા ભલામણ અંગે રાજ્ય સરકારમાં દરખાસ્ત કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગે સરકારે શું નિર્ણય કરેલ છે ? | (૨) દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ છે. |

------

## તીર્થગ્રામ યોજના તરીકે જાહેર થયેલ ગામો

**૯૭૨૮ શ્રી કાંતિભાઇ ત્રિ. ભીલ (નસવાડી) :** માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચાયત વિભાગ દ્વારા તીર્થગામ યોજના જાહેર કરાયેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૫-૦૫ સુધીમાં કેટલા ગામો તીર્થગામ તરીકે જાહેર કરવામાં આવેલ છે ? | (૨) ૨૫૫ |

------

## વડોદરા જિલ્લામાં સ્વર્ણજયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ જૂથો

**૯૦૬૭ શ્રી યોગેશભાઈ ના. પટેલ (રાવપુરા) :** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ કેટલા સ્વનિર્ભર જુથોની રચના કરવામાં આવી છે, | (૧) વડોદરા જિલ્લામાં સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ ૩૬૨૬ સ્વનિર્ભર જુથોની રચના કરવામાં આવેલ છે. |
| (૨) સ્વનિર્ભર જુથો હેઠળ કેટલા સ્વરોજગારીઓને આવરી લેવાયા છે, અને | (૨) સ્વનિર્ભર જુથો હેઠળ ૪૦૨૫૮ સ્વરોજગારીઓને આવરી લેવાયા છે. |
| (૩) વ્યકિતગત સ્વરોજગારીની સંખ્યા કેટલી છે ? | (૩) વ્યકિતગત સ્વરોજગારીની સંખ્યા ૪૯૦૬ છે. |

-----

## રાજયમાં કપાસના પોષણક્ષમ ભાવો નકકી કરવા અંગે

**૮૪૯૩ શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) :** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજયમાં સને ૨૦૦૪-૨૦૦૫માં કપાસના પાક માટે ટેકાના ભાવ નકકી કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો કેટલા ભાવ નકકી કરવામાં આવ્યા, અને

(૩) લઘુતમ ખરીદ કિંમતથી નીચે કપાસની ખરીદી થઈ રહી છે તો કપાસના પોષણક્ષમ ભાવો ખેડૂતોને આપવા સરકારે શું વિશિષ્ટ કે ખાસ આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ભારત સરકારે ચાલુ વર્ષ ૨૦૦૪-૨૦૦૫ માટે કપાસના જાતવાર નીચે જણાવ્યા પ્રમાણે ટેકાના ભાવો નિયત કરેલ છે.

| અ.નં. | કપાસની જાત | નિયત કરેલ ટેકાના ભાવ રુ. કિવન્ટલ |
|---|---|---|
| (૧) | શંકર ૬ ૬/૧૦ | ૧૯૬૦/- |
| (૨) | વી. -૭૯૭ | ૧૬૪૦/- |
| (૩) | જી-કોટ-૧૨ | ૧૫૬૦/- |

(૩) નિયત ગુણવત્તા ધરાવતા (સ્પેશીફીકેશન) કપાસની તેના નિયત થયેલ ટેકાના ભાવે જ રાજયમાં ખરીદી થઈ રહેલ છે જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## જૂનાગઢમાં પશુપાલનના વિકાસ માટે આયોજન

**૮૧૩૨ શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) :** માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જૂનાગઢમાં પશુપાલનના વિકાસ માટે રાજય સરકારનું શું આયોજન છે, અને

(૨) તેમાં ડેરીના વિકાસ માટે કે બંધ પડેલ ડેરી પુનઃ જિવીત કરવાનું વિચારણામાં છે કે કેમ ?

**જવાબ**

(૧) જુનાગઢ જિલ્લામાં પશુપાલનના વિકાસ માટે રાજય સરકારે પશુઓના આરોગ્યની જાળવણી અને રોગ નિયંત્રણ માટે પશુ દવાખાનાઓ, વેટરનરી પોલીકલીનીક, પશુરોગ સંશોધન પ્રયોગશાળા, કૃત્રિમ બીજદાન કેન્દ્ર, અશ્વ સંવર્ધન ફાર્મ, મરઘાં સેવા કેન્દ્રો તેમજ રોગોની જાણકારી માટે એપીડેમીયોલોજી એકમ પણ કાર્યરત કરેલ છે. ઉપરાંત શિબિરોનું આયોજન કરી મહિલા પશુપાલકોને તાલીમ આપવાનું પણ આયોજન છે.

(૨) હા, જી.

--------

## ભરુચ જિલ્લામાં લાભાર્થીઓને યાંત્રિક બોટોનો લાભ

**૯૭૧૩ શ્રી છોટુભાઈ અ. વસાવા (ઝગડિયા) :** માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરુચ જિલ્લામાં કયા કયા ગામોના લાભાર્થીઓને તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં યાંત્રિક મશીનરી બોટો આપવામાં આવી, | (૧) કોઈ નહીં. |
| (૨) કેટલા લાભાર્થીઓને આ યાંત્રિક બોટો આપવાની બાકી છે, અને | (૨) કોઈ નહીં. |
| (૩) બાકી રહેલાઓને યાંત્રીક બોટોના લાભ નહીં આપવાના શાં કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## ધરમપુર તાલુકાની ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા

**૯૦૩૯ શ્રી છોટુભાઈ અ. વસાવા (ઝગડિયા) :** માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ધરમપુર તાલુકામાં તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા કેટલી છે ? | નવમી પંચવર્ષીય યોજના દરમ્યાન હાથ ધરવામાં આવેલ સર્વે મુજબ ધરમપુર તાલુકામાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા ૧૪૯૨૦ છે. નવા સર્વેની કામગીરી ચાલુ છે. |

## અમદાવાદ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીશ્રી ખાલી જગ્યા

**૮૨૪૧ શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ)** : માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર તલાટી-કમ-મંત્રીઓની કેટલી જગા ખાલી છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧. | સીટી | ૦૬ |
| ૨. | દશક્રોઈ | ૦૯ |
| ૩. | સાણંદ | ૦૯ |
| ૪. | ધોળકા | ૨૭ |
| ૫. | બાવળા | ૧૫ |
| ૬. | વિરમગામ | ૧૨ |
| ૭. | દેત્રોજ | ૧૩ |
| ૮. | માંડલ | ૦૯ |
| ૯. | ધંધુકા | ૨૬ |
| ૧૦. | રાણપુર | ૧૨ |
| ૧૧. | બરવાળા | ૧૦ |
| | કુલ : | ૧૪૮ |

(૨) આ જગ્યાઓ સરકાર દ્વારા કયાં સુધીમાં ભરવામાં આવનાર છે ? | (૨) જેમ બને તેમ જલ્દીથી.

## રાજયમાં ૮૫ ટકા સ્થાનિક રહીશોની ભરતી માટે વિભાગ દ્વારા અમલીકરણ

**૮૭૨૨ શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) :** માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજયમાં સ્થપાતા મોટા ઉદ્યોગમાં કામદાર કારીગર વર્ગ તથા ત્રીજા વર્ગના કર્મચારીમાં ૮૫ % સ્થાનિક રહીશો ભરવા તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નિયમભંગના કેટલા કેસો થયા, | (૧) નિયમ ભંગના કેસો નીચે મુજબ છે.<br>(૧) ખાનગી ક્ષેત્રના ઉત્પાદનલક્ષી મોટા એકમો ........ ૪૭૨<br>(૨) કેન્દ્ર સરકાર હસ્તકના ઉત્પાદનલક્ષી એકમો .... ૪૯<br>(૩) રાજય સરકાર હસ્તકના જાહેર સાહસો .......... ૦૨<br>કુલ : ૫૨૩ |
| (૨) આ નિયમના ભંગ બદલ વિભાગે શું વ્યવસ્થા ગોઠવી છે, અને | (૨) સ્થાનિકોની નિયત ટકાવારી નહીં જાળવતા ખાનગી ક્ષેત્રના ઉત્પાદનલક્ષી એકમોની યાદીઓ ઉદ્યોગ કમિશનરશ્રીને મોકલવામાં આવે છે. જેથી એકમો પૈકી કોઈ પ્રોત્સાહિત એકમ હોય તો ઉદ્યોગ કમિશનરશ્રી જરુરી પગલા લઈ શકે. |
| (૩) આ અંગે તપાસની કાર્યવાહીની વિગતો શું છે ? | (૩) ઉદ્યોગ કમિશનરશ્રી દ્વારા નિયમ ભંગ કરતા એકમો સામે પ્રોત્સાહનો બંધ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે. |

## રાજયમાં મૃત્યુ પામેલા ખેડૂતોને વીમા માટે મળેલ અરજીઓ

**૮૦૪૪ શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) :** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજયમાં અકસ્માતે મૃત્યુ પામેલા કેટલા ખેડૂતોની વીમા માટે ૨૦૦૩-૨૦૦૪ અને ડીસેમ્બર-૦૪ સુધીમાં અરજીઓ મળી છે, | (૧) ૨૧૭૮ |
| (૨) આ અરજીઓમાંથી કેટલા અરજદારોના પરિવારોને સહાય ચૂકવવામાં આવી છે, અને | (૨) ૪૭૮ |
| (૩) બાકીના અરજદારોને કયાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૩) ચુકવવાપાત્ર કલેઈમોમાં ખુટતા આધારો પુરા કર્યા બાદ વિમા કંપની દાવાઓની ચુકવણી નિયમોનુસાર કરે છે. |

## રાજકોટ અને જુનાગઢ જિલ્લામાં અકસ્માત વીમા યોજના હેઠળ મળેલ અરજીઓ

૯૦૮૫ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને જુનાગઢ જિલ્લામાં ખેડૂતોના અકસ્માતે મૃત્યુ થતા વારસદારોને અકસ્માત વિમા યોજના હેઠળ કેટલી અરજીઓ આવી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર થઈ ?

**જવાબ**

(૧) રાજકોટ અને જૂનાગઢ જિલ્લામાં અકસ્માત વીમા યોજના હેઠળ મળેલ અરજીઓ.

| અ.નં. | જિલ્લાનું નામ | મૃત્યુના કેસના દાવાની અરજીઓ. |
|---|---|---|
| ૧. | રાજકોટ | ૨૪૧ |
| ૨. | જૂનાગઢ | ૧૩૫ |

(૨)

| અ.નં. | જિલ્લાનું નામ | મૃત્યુના કેસના દાવાની અરજીઓ. |
|---|---|---|
| ૧. | રાજકોટ | ૫૭ |
| ૨. | જૂનાગઢ | ૨૦ |

## સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતોના વારસદારોને વીમા રક્ષણ

૮૧૯૬ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ)** : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૦૪ સુધીમાં તાલુકાવાર ખેતીકામ કરતાં મૃત્યુ પામ્યા હોય તેવા કેટલા ખેડૂતોના કેસો સરકારમાં નોંધાયેલ છે,

(૨) તે પૈકી, કેટલા ખેડૂતોના વારસદારોને વિમા રક્ષણ પુરું પાડવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લાનું નામ | મૃત્યુના કેસના દાવાની અરજીઓ. |
|---|---|---|
| ૧. | ચોટીલા | ૦૪ |
| ૨. | ચુડા | ૧૦ |
| ૩. | ધ્રાંગધ્રા | ૧૦ |
| ૪. | હળવદ | ૦૮ |
| ૫. | લખતર | ૦૬ |
| ૬. | લીંબડી | ૧૪ |
| ૭. | મુળી | ૧૦ |
| ૮. | સાયલા | ૧૨ |
| ૯. | વઢવાણ | ૧૪ |
| ૧૦. | દસાડી | ૦૩ |
| | કુલ : | ૯૧ |

(૨) વીમા રક્ષણ તમામ ખેડૂતોને પૂરૂ પાડવામાં આવે છે, જે પૈકી (૧૬) ખેડૂતોના વારસદારોને સહાય ચુકવવામાં આવી છે.

(૩) બાકી રહેતા ખેડૂતોના વારસદારોને વીમા રક્ષણ કયારે ચૂકવાશે ?

(૩) યોજનાની જોગવાઈઓ અને વીમા પોલીસીની શરતોને આધીન પડતર દાવાઓની ચુકવણી તાત્કાલીક કરવામાં આવશે.

## બારડોલી અને માંડવી તાલુકા પંચાયત કચેરીમાં સંવર્ગવાર મહેકમ

૮૫૭૯ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા રશે કે -

**પ્રશ્ન**

(૧) બારડોલી અને માંડવી તાલુકા પંચાયત કચેરીમાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કેટલુ મહેકમ સંવર્ગવાર મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧)

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર મહેકમની સંખ્યા | |
|---|---|---|---|
| | | બારડોલી | માંડવી |
| ૧ | તાલુકા વિકાસ અધિકારી | ૧ | ૧ |
| ૨ | મદદનીશ તાલુકા વિકાસ અધિકારી | ૧ | ૧ |
| ૩ | તાલુકા પંચાયત અધિકારી | ૧ | ૧ |
| ૪ | આંકડા મદદનીશ | ૧ | ૧ |
| ૫ | વિસ્તરણ અધિકારી સહકાર | ૧ | ૧ |
| ૬ | અધિક મદદનીશ ઈજનેર | ૧ | ૧ |
| ૭ | નાયબ હિસાબનીશ | ૨ | ૨ |
| ૮ | સીનીયર ક્લાર્ક | ૩ | ૨ |
| ૯ | સીનીયર એકાઉન્ટ ક્લાર્ક | ૧ | ૧ |
| ૧૦ | વિસ્તરણ અધિકારી શિક્ષણ | ૧ | ૧ |
| ૧૧ | સર્કલ ઈન્સ્પેકટર | ૨ | ૩ |
| ૧૨ | જુનીયર ક્લાર્ક | ૮ | ૯ |
| ૧૩ | ડ્રાઈવર | ૧ | ૧ |
| ૧૪ | પટાવાળા | ૪ | ૫ |
| ૧૫ | વિસ્તરણ અધિકારી બાંધકામ | ૧ | ૧ |
| ૧૬ | કોટવાળ | ૩ | ૩ |
| ૧૭ | તલાટી-કમ-મંત્રી | ૬૪ | ૫૮ |
| ૧૮ | ગ્રામસેવક | ૫ | ૧૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૯ | અધિક મદદનીશ ઈજનેર (જ.રો.યો.) | ૧ | ૧ |
| ૨૦ | વિસ્તરણ અધિકારી ઉદ્યોગ | ૧ | ૧ |
| ૨૧ | વિસ્તરણ અધિકારી ધિરાણ | ૧ | ૧ |
| ૨૨ | વિસ્તરણ અધિકારી મહિલા અને બાળવિકાસ | ૦ | ૧ |
| | કુલ | ૧૦૪ | ૧૦૬ |

(૨) તે પૈકીની કેટલી જગ્યા કેટલા સમયથી ભરવામાં નથી આવી, અને

(૨) સામેલ પત્રક મુજબ

(૩) આ જગ્યા સરકાર દ્વારા કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૩) જેમ બને તેમ જલ્દીથી

**પત્રક**
**તાલુકા પંચાયત, બારડોલી**

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર મહેકમની સંખ્યા | ભરાયેલ જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાની સંખ્યા | કેટલા સમયથી ખાલી છે ? | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | તાલુકા વિકાસ અધિકારીશ્રી | ૧ | ૦ | ૧ | ૬ માસથી | |
| ૨ | મદદનીશ તાલુકા વિકાસ અધિકારીશ્રી | ૧ | ૦ | ૧ | ૩ વર્ષથી | |
| ૩ | આંકડા મદદનીશ | ૧ | ૦ | ૧ | ૫ વર્ષ ઉપરથી | |
| ૪ | વિસ્તરણ અધિકારી સહકાર | ૧ | ૦ | ૧ | ૬ માસથી | |
| ૫ | અધિક મદદનીશ ઈજનેર ઘરથાર | ૧ | ૦ | ૧ | ૧વર્ષ, ૬ માસથી | |
| ૬ | નાયબ હિસાબનીશ | ૨ | ૧ | ૧ | લાંબા સમયથી | એબેયન્સમાં જવાથી |
| ૭ | સર્કલ ઈન્સ્પેકટર | ૨ | ૧ | ૧ | ૧ વર્ષથી | |
| ૮ | જુનીયર ક્લાર્ક | ૮ | ૭ | ૧ | ૫ વર્ષ ઉપરથી | |
| ૯ | પટાવાળા | ૪ | ૩ | ૧ | ૫ વર્ષ ઉપરથી | |
| ૧૦ | તલાટી કમ મંત્રી | ૬૪ | ૪૬ | ૧૮ | ૦૧ જગ્યા ૫ વર્ષ ઉપરથી ૧૩ જગ્યા દોઢ વર્ષ ઉપરથી ૦૩ જગ્યા ૧વર્ષ ઉપરથી ૧ જગ્યા ૬ માસથી | |
| ૧૧ | ગ્રામ સેવક | ૫ | ૨ | ૩ | ૨ જગ્યા ૩ વર્ષ ઉપરથી ૧ જગ્યા ૨ વર્ષ ઉપરથી | |
| | | | કુલ | ૩૦ | | |

| **તાલુકા પંચાયત, માંડવી** | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | મદદનીશ તાલુકા વિકાસ અધિકારીશ્રી | ૧ | ૦ | ૧ | ૨ વર્ષથી | |
| ૨ | તાલુકા પંચાયત અધિકારી | ૧ | ૦ | ૧ | ૨ માસથી | |
| ૩ | અધિક મદદનીશ ઈજનેર બાંધકામ | ૧ | ૦ | ૧ | ૧ જગ્યા ૫ વર્ષ ઉપરથી | |
| ૪ | નાયબ હિસાબનીશ | ૨ | ૧ | ૧ | ૨ વર્ષ ઉપરથી | |
| ૫ | સર્કલ ઈન્સ્પેક્ટર | ૩ | ૦ | ૩ | ૧ જગ્યા ૨ વર્ષ ઉપરથી<br>૧ જગ્યા ૧ વર્ષ ઉપરથી<br>૧ જગ્યા ૧ વર્ષ નીચે | |
| ૬ | પટાવાળા | ૫ | ૩ | ૨ | ૧ જગ્યા ૨ વર્ષ ઉપરથી<br>૧ જગ્યા ૧ વર્ષ ઉપરથી | |
| ૭ | તલાટી કમ મંત્રી | ૫૮ | ૪૭ | ૧૧ | ૧૦ જગ્યા લાંબા સમયથી<br>૧ જગ્યા વર્ષથી | |
| ૮ | ગ્રામસેવક | ૧૦ | ૬ | ૪ | ૨ જગ્યા ૩ વર્ષ ઉપરથી<br>૨ જગ્યા ૨ વર્ષ ઉપરથી | |
| ૯ | વિસ્તરણ અધિકારી ધિરાણ | ૧ | ૦ | ૧ | ૧ જગ્યા ૫વર્ષ ઉપરથી | |
| | | | કુલ | ૨૫ | | |

**માંગરોળ અને ઉમરપાડા તાલુકા પંચાયતમાં મંજૂર મહેકમ**

૯૬૮૯ **શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સુરત જિલ્લામાં માંગરોળ તથા ઉમરપાડા તાલુકામાં તાલુકા પંચાયતોનું અને કર્મચારીઓનું મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૧)

| ક્રમ | તાલુકા પંચાયતનું નામ | મંજુર મહેકમની સંખ્યા |
|---|---|---|
| ૧ | માંગરોળ | ૧૧૦ |
| ૨ | ઉમરપાડા | ૩૮ |

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાઈ કેટલી બાકી છે, અને

(૨)

| ક્રમ | તાલુકા પંચાયતનું નામ | ભરાયેલ જગ્યાઓની સંખ્યા | ખાલી જગ્યાઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | માંગરોળ | ૮૯ | ૨૧ |
| ૨ | ઉમરપાડા | ૨૯ | ૦૯ |

(૩) બાકી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું સરકારનું આયોજન છે?

(૩) જેમ બને તેમ જલ્દીથી.

## અમદાવાદ જિલ્લાના ગામોમાં ઈ-ગ્રામ પ્રોજેકટની કામગીરી

૮૧૭૦ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા)** :**માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના કયા કયા ગામોએ ઈ-ગ્રામ પ્રોજેકટ હેઠળ કામગીરી પૂરી કરી, અને

(૨) આ કામગીરી ક્યારે કરી અને કઈ કઈ સુવિધાઓ ઉપલબ્ધ કરાવી?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ નીચે દર્શાવેલ કુલ ૨૬ ગામોએ આ કામગીરી પૂરી કરી છે.

(૧) દસક્રોઈ તાલુકો :- થલતેજ, બોપલ, ઓગણજ, છારોડી, સોલા, ઘુમા, આંબલી, બોડકદેવ, અસલાલી, ભાત, બારેજા

(૨) સીટી તાલુકો :- ત્રાગડ, નવા અસારવા, નવા નરોડા, નિકોલ, નવા ઓઢવ, મક્તમપુરા, ગ્યાસપુર, શાહવાડી, પીપલજ, સૈજપુર-ગોપાલપુર, નિર્ણયનગર, મકરબા, વસ્ત્રાપુર.

(૩) સાણંદ તાલુકો :- મનીપુર

(૪) ધંધુકા તાલુકો :- ધોલેરા

(૨) ઓગષ્ટ-૦૩થી આ કામગીરી હાથ ધરીને ગામ દીઠ કોમ્પ્યુટર, પ્રિન્ટર તેમજ આંનુસંગિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવેલ છે. તે થકી ગામ લોકોને પંચાયતના નિયત થયેલ નમૂના જેવા કે, જન્મ મરણના દાખલા, નાણા ભર્યાની પહોંચ, માંગણા નોટીસ, પંચાયતના હિસાબોની જાળવણી જેવી સુવિધાઓ ઉપલબ્ધ થયેલ છે.

## સુજલામ સુફલામ યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં ખેત તલાવડી દ્વારા રોજગારી

૯૦૪૮ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સુજલામ સુફલામ યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલી ખેત તલાવડીઓ તાલુકાવાર બનાવવામાં આવી,

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં તાલુકાવાર, વર્ષવાર છેલ્લા બે વર્ષમાં બનાવવામાં આવેલ ખેત તલાવડીની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | પૂર્ણ કરેલ ખેત તલાવડી | | |
|---|---|---|---|---|
| | | ૧-૪-૦૩ થી ૩૧-૩-૦૪ | ૧-૪-૦૪ થી ૩૧-૧૨-૦૪ | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | મહેસાણા | - | ૪૧૫ | ૪૧૫ |
| ૨ | કડી | - | ૭૬૧ | ૭૬૧ |
| ૩ | ખેરાલુ | - | ૨૫૮ | ૨૫૮ |
| ૪ | વિજાપુર | - | ૫૮૮ | ૫૮૮ |
| ૫ | વિસનગર | - | ૩૨૫ | ૩૨૫ |
| ૬ | વડનગર | - | ૩૪૩ | ૩૪૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | સતલાસણા | - | ૭૬૧ | ૭૬૧ |
| ૮ | ઉંઝા | - | ૩૨૪ | ૩૨૪ |
| ૯ | બેચરાજી | - | ૨૬૦ | ૨૬૦ |
| | કુલ | - | ૪૦૩૫ | ૪૦૩૫ |

(૨) કેટલી રકમનો ખર્ચ થયો, કેટલા માનવદિન રોજગારી ઉભી થઈ, અને

(૨) ખેત તલાવડીની સહાય પેટે રોકડ રકમનું કોઈ ચુકવણું કરવામાં આવેલ નથી. લાભાર્થીઓને ૨૭૫૪.૮૫૮ મે. ટન અનાજ (ઘઉ) સહાય ચૂકવવામાં આવેલ છે. ૩,૪૪,૩૬૦ માનવદિન રોજગારી ઉત્પન્ન થયેલ છે.

(૩) અનાજનો કેટલો જથ્થો મજૂરોને પૂરો પાડવામાં આવ્યો?

(૩) ૨૭૫૪.૮૫૮ મે. ટન (ઘઉ)

**રાજ્યમાં પાકોના લઘુત્તમ ભાવ માટે ખેડૂતોનું આંદોલન**

૯૦૮૪ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં પાકોના લઘુત્તમ ભાવ આપવામાં આવે છે તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો કપાસના પાક માટે ખેડૂતો ભાવના મુદ્દે આંદોલન ચલાવી રહ્યા છે, તે વાત સાચી છે, અને

(૩) જો હા, તો ખેડૂતોની માંગણી અંગે સરકારનું શું આયોજન છે?

**જવાબ**

(૧) હા, જી. ભારત સરકારે નિયત કરેલ પાકો માટે લઘુત્તમ ટેકાના ભાવ નક્કી કરેલા છે.

(૨) રાજ્યમાં કપાસનું ઉત્પાદન વધુ હોવાને કારણે ભારત સરકાર દ્વારા નિયત કરેલ ટેકાના ભાવો સામે ખેડૂતોના અસંતોષ સંદર્ભે સરકારશ્રીને રજુઆતો થયેલ છે.

(૩) રાજ્ય સરકારે ટેકાના ભાવો સુધારવા, ગુજરાતમાં થતા કપાસની જાત આધારિત ભાવો રેશનલાઈઝ કરવા તથા ભારત સરકારની ખરીદી કરનાર નોડલ એજન્સી દ્વારા રાજ્યમાં વધુ કેન્દ્રો ખોલી મોટા પ્રમાણમાં ખરીદી કરવા વારંવાર ભારત સરકારને રજુઆતો કરેલ છે.

**બનાસકાંઠા જિલ્લામાં ગોકુળ ગ્રામ યોજનાથી વંચિત ગામો**

૯૬૭૯ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ તાલુકાવાર કેટલા ગામો ગોકુળ ગ્રામ યોજનાથી વંચિત છે, અને

(૨) આ ગામોને આ યોજનાનો લાભ કેટલા સમયમાં આપવાનું સરકારનું આયોજન છે?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લાના તમામ ૧૨૫૮ ગામોને ગોકુળ ગ્રામ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. જેથી કોઈ ગામ યોજનાથી વંચિત નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**કચ્છ જિલ્લાના ઉદ્યોગોમાં સ્થાનિક વ્યક્તિઓની ભરતી**

૯૬૯૧ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી)** : **માનનીય રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં આવેલા ઉદ્યોગો પૈકી કયા કયા ઉદ્યોગોએ ૮૫ ટકા

**જવાબ**

(૧) ખાનગી ક્ષેત્રના ઉત્પાદનલક્ષી એકમો.
(૧)અદાણી વીલમર લીમીટેડ, મુ.ધ્રબ, તા. મુન્દ્ર

| | |
|---|---|
| સ્થાનિક ભરતીના નિયમોનો ભંગ કર્યો છે, અને | (૨)કારગો મોટર્સ લી. નેશનલ હાઈવે, ગાંધીધામ<br>(૩)કનમ ઈન્ટરનેશનલ પ્રા.લી.કેએફટીઝેડ, ગાંધીધામ<br>(૪)બોકસ બોર્ડ કન્ટેઈનર્સ,કેએફટીઝેડ, ગાંધીધામ<br>(૫)વઝીર પોલીમર્સ લી. ગાંધીધામ<br>(૬)પી.એસ.એલ.લી. નેશનલ હાઈવે, ગાંધીધામ<br>(૭)ઈપ્કા લેબોરેટરી, કેઈએફટીઝેડ, ગાંધીધામ<br>(૮)કોટેશ્વર કેમફુડ ઈન્ડસ્ટ્રીઝ લી., ગાંધીધામ<br>(૯)એસ.જી.એસ. ઈન્ડીયા પ્રા.લી. ગાંધીધામ<br>(૧૦)મુન્દ્રા ઈન્ટરનેશનલ કન્ટે. ટર્મીનલ લી., મુન્દ્રા<br>(૧૧)સિંધુ રીફ્રેશમેન્ટ કોર્પો. લી. આદિપુર<br>(૧૨)પી.એસ.એલ. કટીંગ ડિવીઝન ને.હા. ગાંધીધામ<br>(૧૩)જીંદાલ ઈન્ટરનેશનલ ગાંધીધામ<br>(૧૪)એક્ષલ એપરલ્સ એક્ષપોર્ટ લી., ગાંધીધામ<br>(૧૫)રેનોક્ષ વાયર પ્રા.લી., ગાંધીધામ<br>(૧૬)ગોકુલ રીફોઈલ્સ એન્ડ સોલવેન્ટ લી., ગળપાદર<br>(૧૭)પી.એસ.એલ.લી. વરસાણા<br>(૧૮)હરીયા એક્ષપોર્ટ લી., ગાંધીધામ<br>(૧૯)હિન્દુસ્તાન લીવર લી. ગાંધીધામ<br>(૨૦)પી.એસ.એલ.લી., મુ. નાની ચિરઈ<br>(૨૧)એક્ષલ એપરલ્સ એક્ષપોર્ટ લી. ગાંધીધામ<br>(૨૨)કારગીલ ઈન્ડીયા પ્રા.લી. ભીમાસર<br>**જાહેરક્ષેત્રના કેન્દ્ર સરકાર હસ્તકના એકમો**<br>(૧)ભારત પેટ્રોલીયમ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા, ગાંધીધામ<br>(૨)ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લી. ગાંધીધામ<br>(૩) કંડલા પોર્ટ ટ્રસ્ટ, ગાંધીધામ<br>(૪)સીવીલ એવીએશન, ભૂજ. |
| (૨) સ્થાનિક વ્યક્તિની જગ્યાએ અન્ય રાજ્યોમાંથી સ્થાનિક વ્યક્તિ બતાવી ભરતી કરી હોય તેવી કંપનીઓની ચકાસણી કરવા કોઈ કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ? | (૨) આ અંગેની રજૂઆત મળતા તેની ચકાસણી કરાવડાવતા ૧૯ લેબર કોન્ટ્રાકટરોને કારણદર્શક નોટિસ આપી છે તે પૈકી ૨ કોન્ટ્રાકટરોના લાયસન્સ રદ કરવામાં આવેલ છે. |

## રાજ્યમાં આદિવાસી વિસ્તારમાં હાટ બજારને સુવિધા માટે સહાય

૯૦૩૫ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)** : **માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં આદિવાસી વિસ્તારમાં હાટ બજાર વિકાસ માટે પાયાની સગવડો ઓફિસ ક્મ ગોડાઉન વેચાણ પ્લેટફોર્મ-આરામગૃહ વિગેરે સુવિધાઓ ઉભી કરવા હાટ બજારને રૂપિયા પાંચ લાખની સહાયની યોજના અમલમાં છે તે હકિકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ડાંગ અને નવસારી જિલ્લામાં કયા કયા હાટ બજારને આવી સહાય તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં આપવામાં આવી, અને | (૨) (૧) વઘઈ, જિ. આહવા-ડાંગ રૂા.૧.૦૦ લાખ<br>(૨) લીમઝર, જિ. નવસારી, રૂા. ૫.૦૦ લાખ |

| | |
|---|---|
| (૩) કઈ કઈ હાટ બજારને આવી સહાય આપવાની બાકી છે? | (૩) કોઈ દરખાસ્ત પડતર નથી. |

**રાજ્યમાં એગ્રીકલ્ચર એક્ષપોર્ટ ઝોન**

૯૦૫૪ **શ્રી રતિલાલ ગો. સુરેજા (માણાવદર)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કુલ કેટલા એગ્રીકલ્ચર એક્ષપોર્ટ ઝોન હાલ કાર્યરત છે, | (૧) ૨ (બે) |
| (૨) તલ માટે એગ્રીકલ્ચર એક્ષપોર્ટ ઝોનને મંજૂરી મળી છે તે વાત સાચી છે, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો તેનાથી રાજ્યને શું ફાયદો થશે? | (૩) રાજ્યમાં એગ્રીકલ્ચર એક્ષપોર્ટ ઝોનની સ્થાપના કરવાથી રાજ્ય સરકાર, ભારત સરકાર, નિકાસકારો અને પ્રોસેસીંગ યુનિટોના ઉદ્યોગ સાહસિકો દ્વારા એકસાથે મળીને સંકલિત અભિગમ અપનાવવામાં આવશે. જેનાથી ગુજરાતના તલની આંતરરાષ્ટ્રિય સ્તરે સ્પર્ધાત્મકતા વધશે અને ખેડૂતોને પોષણક્ષમ વળતર મળશે. |

**ખાંડ સહકારી ક્ષેત્રે એનસીડીસી યોજના હેઠળ મદદ**

૯૭૦૭ **શ્રી સી. ડી. પટેલ (પેટલાદ)** : **માનનીય સહકાર** મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૪-૨૦૦૫ના વર્ષમાં ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ ખાંડ સહકારી ક્ષેત્રે ભારત સરકારની એનસીડીસી યોજના હેઠળ કેટલી મદદ મળેલ છે, અને | (૧) રૂા. ૧૦૨.૬૫ લાખ. |
| (૨) આ મદદ સતત મળતી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા શાં પ્રયત્ન કરવામાં આવેલ છે ? | (૨) ગુણદોષને આધારે એનસીડીસીને ભલામણ કરવામાં આવે છે. |

**બનાસકાંઠા જિલ્લામાં પશુ ડૉક્ટરોની ખાલી જગ્યા**

૮૩૫૮ **શ્રી ભેમાભાઈ રા. પટેલ (દીઓદર)** :: **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તેમજ દિઓદર, ભાભર અને થરાદ તાલુકામાં કેટલા પશુ દવાખાનાં આવેલા છે, | (૧) બનાસકાંઠા જિલ્લામાં કુલ-૪૦ (ચાલીસ) પશુ દવાખાનાં આવેલા છે. તે પૈકી દિઓદરમાં-૨, ભાભરમાં-૧ અને થરાદમાં-૪ પશુ દવાખાનાં આવેલા છે. |
| (૨) તા. ૧૫-૧-૦૫ સુધીમાં કેટલા ડૉક્ટરોની જગ્યાઓ ખાલી છે, અને | (૨) તા. ૧૫-૧-૦૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ૬ ડૉક્ટરોની જગ્યાઓ ખાલી છે. |
| (૩) જે જગ્યાઓ ખાલી છે તે અને નવીન જગ્યાઓ ભરવા સરકારનું શું આયોજન છે ? | (૩) પશુ ચિકિત્સા અધિકારીની ૫૦ જગ્યાઓ સીધી ભરતીથી અને બેકલોગની ૫૧ જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી પ્રગતિમાં છે. |

------

## ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ આપવાની કામગીરી

૯૦૭૭ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં સોઇલ હેલ્થ કાર્ડ અંગેની કામગીરી હેઠળ હાલ કેટલા નમૂનાઓ ડિસે-૦૪ની સ્થિતિએ લેવામાં આવેલ છે. | (૧) ૩,૬૦,૫૧૧. |
| (૨) કેટલા ખેડૂતોને તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે, | (૨) ૨,૦૫,૩૬૯. |
| (૩) સોઇલ ટેસ્ટીંગને કારણે કયા કયા જિલ્લામાં કયા નવા પાકોની ભલામણ થઇ છે, અને | (૩) વિગત નીચે મુજબ છે. |

| ક્રમ | જિલ્લાનું નામ | નવા પાકનું નામ |
|---|---|---|
| ૧. | અમદાવાદ | મગફળી |
| ૨. | ગાંધીનગર | ચણા, કુંવારપાઠુ, કાજુ, કેળા. |
| ૩. | ખેડા | સોયાબીન,ચણા, કુંવારપાઠુ, સફેદ મુસળી. |
| ૪. | આણંદ | દિવેલા,સોયાબીન, કુંવારપાઠુ, સફેદ મુસળી, પામારોઝા, લેમનગ્રાસ |
| ૫. | મહેસાણા | ઔષધીય પાકો. |
| ૬. | બનાસકાંઠા | કાજુ, દ્રાક્ષ. |
| ૭. | સાબરકાંઠા | ઔષધીય પાકો. |
| ૮. | વડોદરા | શાકભાજી, વરીયાળી, અજમો, ઔષધીય અને મસાલા પાકો. |
| ૯. | ભરૂચ | દિવેલા, સોયાબીન, શાકભાજી, મકાઇ, વરીયાળી, સુરણ, હળદર, પીળું તળબુચ, આદુ, પામારોઝા. |
| ૧૦ | નર્મદા | દિવેલા, સોયાબીન, અજમો, સુર્યમુખી, ઔષધીય પાકો, દ્રાક્ષ, જાપાની ફુદીનો. |
| ૧૧. | દાહોદ | જીરુ, વરીયાળી |
| ૧૨. | સુરત | ઔષધીય પાકો |
| ૧૩. | વલસાડ | દિવેલા, ઔષધીય પાકો, મકાઇ, અશ્વગંધા. |
| ૧૪. | નવસારી | દિવેલા, કુંવારપાઠું, સફેદ મુસળી, પામારોઝા, પંચોલી, ઔષધીય પાકો, |
| ૧૫. | ડાંગ | કાજુ. |
| ૧૬. | સુરેન્દ્રનગર | કાજુ, પપૈયા, લેમનગ્રાસ. |
| ૧૭. | રાજકોટ | સફેદ મુસળી. |
| ૧૮. | કચ્છ | કાજુ, દ્રાક્ષ, અંજીર, કુંવારપાઠું |
| ૧૯. | પોરબંદર | સફેદ મુસળી. |
| ૨૦. | ભાવનગર | અજમો, સફેદ મુસળી, કાજુ, ટીસ્યુકલ્ચર કેળ. |
| ૨૧. | અમરેલી | અજમો,સફેદ મુસળી. |
| ૨૨. | પંચમહાલ | મકાઇ, ડાંગર, તુવેર, કપાસ. |

| | |
|---|---|
| (૪) રાજ્ય સરકારે આ અંગે શું આયોજન કર્યુ છે ? | (૪) (૧) જમીનના પૃથ્થકરણ મુજબ ખાતર વપરાશ, પાક આયોજન તેમજ પાકસંબંધી વિગતો અંગે માર્ગદર્શન આપવા માટે ખેતી, |

| | |
|---|---|
| | બાગાયત ખાતાના અધિકારીઓ તથા કૃષિ વૈજ્ઞાનિકોની ટીમ નિયત કરેલ છે.<br><br>(૨) ખેતીવાડી ખાતા દ્વારા ગ્રામસભાઓ, ખેડૂત શિબિરો, ખેડૂત તાલીમ વર્ગ, કૃષિમેળા વગેરેનું આયોજન કરી, સોઈલ ટેસ્ટીંગના પરીક્ષણ મુજબ ખેડૂતોને પાક, ખાતર સંબંધી માર્ગદર્શન આપવાનું આયોજન કરેલ છે. |

## માંડલ, દેત્રોજ અને વિરમગામ તાલુકામાં વૃધ્ધ સહાય યોજના હેઠળ ચૂકવેલ સહાય

૮૬૦૨ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : **માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માંડલ, દેત્રોજ અને વિરમગામ તાલુકામાં વૃધ્ધ સહાય મેળવતા લાભાર્થીઓની સંખ્યા કેટલી, | (૧) ૧. માંડલ - ૧૪૨<br>૨. દેત્રોજ - ૨૮૩<br>૩. વિરમગામ - ૪૦૩<br>૮૨૮ |
| (૨) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ આવી સહાય નિયમિત રીતે ચૂકવાય છે કે કેમ, અને | (૨) નિયમિત રીતે ચૂકવાય છે. |
| (૩) જો હા, તો આવા લાભાર્થીઓને કુલ કેટલી સહાય સને ૨૦૦૪માં ચૂકવવામાં આવી? | (૩) રૂા. ૧૭,૫૧,૧૯૦/- સહાય ચુકવવામાં આવી. |

## ભાવનગર જિલ્લામાં ખેડૂત ખાતેદારને વીમા સહાય

૯૭૦૮ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના કરમદીયા ગામના હંસાબેન ઘનશ્યામભાઈ ઠુમ્મરના પતિનું અવસાન તા. ૨૯-૯-૨૦૦૧ના રોજ તથા તેમની દીકરીનું અવસાન તા. ૯-૮-૨૦૦૨ના રોજ થયેલ હોઈને તેમને ખેડૂત ખાતેદારની વીમા સહાય ચૂકવાઈ છે કે કેમ, અને<br><br>(૨) જો ના, તો કયાં સુધીમાં વીમા સહાયની રકમ ચૂકવવામાં આવશે ? | (૧) અને (૨) સબંધિત વિમા કંપનીઓએ દાવાઓનો અસ્વીકાર કરેલ છે જેથી નાણાં ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## સંકલિત પડતર ભૂમિ વિકાસ કાર્યક્રમ હેઠળ પ્રોજેકટ મંજુર કરવા અંગે

૯૦૬૬ **શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા)** : **માનનીય ગ્રામ વિકાસ** મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સંકલિત પડતર ભૂમિ વિકાસ કાર્યક્રમ અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫માં કેટલી જોગવાઈ કરવામાં આવી, | (૧) રૂા. ૨૧૧૯.૯૩ લાખ |
| (૨) વર્ષ ૨૦૦૪-૦૫, ડિસેમ્બર-૦૪ સુધીમાં કેટલો ખર્ચ થયેલ છે, | (૨) રૂા. ૭૬૧.૩૯ લાખ |
| (૩) વર્ષ ૨૦૦૪-૦૫ દરમ્યાન કેટલા પ્રોજેકટ મંજૂર થયા, | (૩) સંકલિત પડતર ભૂમિ વિકાસ કાર્યક્રમ હેઠળ ૨૦૦૪-૦૫ દરમ્યાન ૫૦૦૦ હેકટરનો એક એવા ૯ (નવ) એટલે કે ૫૦૦ હેકટરનો એક |

| | |
|---|---|
| | એવા ૯ (નવ) એટલે કે ૫૦૦ હેકટરનો એક એવા ૯૦ પ્રોજેકટ મંજુર થયા છે.<br>આ સાથે વર્ષે ૨૦૦૪-૦૫ દરમ્યાન ડીપીએપી યોજના હેઠળ ૨૫૦ પ્રોજેકટ અને ડીડીપી યોજના હેઠળ ૨૯૮ પ્રોજેકટ મળી કુલ ૬૩૮ પ્રોજેકટ મંજુર થયા છે. |
| (૪) વોટરશેડ કાર્યક્રમ અંતર્ગત કેટલા ચેકડેમો બાંધવામાં આવ્યા, અને | (૪) વોટરશેડ યોજના હેઠળ કુલ ૧૫૦૫૯ ચેકડેમ બાંધવામાં આવેલ છે. |
| (૫) આ ચેકડેમો થકી ગ્રામ્ય વિસ્તારમાં શો લાભ થયો ? | (૫) ચેકડેમના બાંધકામથી થતા લાભોની વિગતો સામેલ પરિશિષ્ટ (સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે) મુજબ. |

## રાજકોટ જિલ્લામાં ગૌચરનું દબાણ દૂર કરવા અંગે

૮૨૨૭ **શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ડીસે-૦૪ની સ્થિતિએ તાલુકાવાર કેટલુ ગૌચરનું દબાણ થયુ છે, | (૧) પરિશિષ્ટ- અ મુજબ |
| (૨) ગૌચર દબાણ હટાવવાની જવાબદારી કોની છે, તેની સામે તે ન હટાવવા બદલ શાં પગલાં લેવાયા છે, અને | (૨) ગૌચર દબાણો હટાવવાની જવાબદારી ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ (૨) હેઠળ ગ્રામ પંચાયતની છે. આ કાર્યવાહી કરવામાં નિષ્ફળ ગ્રામપંચાયતોને તાલુકા વિકાસ અધિકારી દ્વારા નોટીસો આપવામાં આવેલ છે. |
| (૩) આવા દબાણ કયા સુધીમાં દૂર કરવામાં આવશે? | (૩) વહેલી તકે દૂર કરવામાં આવશે. |

### પરિશિષ્ટ-અ

### રાજકોટ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ થયેલ ગૌચર દબાણની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | તાલુકા | ગૌચરના દબાણોની સંખ્યા | ક્ષેત્રફળ હેકટર આરે. |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૪ | ૦૦/૭૮/૪૨ |
| ૨ | ગોંડલ | ૪૮૧ | ૫૬/૯૪/૧૨ |
| ૩ | જેતપુર | ૫૮ | ૦૫/૫૬/૦૦ |
| ૪ | ધોરાજી | ૧૨૮ | ૧૯૯/૦૦/૦૦ |
| ૫ | ઉપલેટા | ૧ | ૦૨/૪૪/૮૧ |
| ૬ | જામકંડોરણા | ૧૨૩ | ૫૮/૨/૮૭ |
| ૭ | લોધીકા | ૧ | ૦૬/૪૮/૧૮ |
| ૮ | કોટડા સાંગાણી | ૭૬ | ૧૦૦/૯૭/૨૬ |
| ૯ | જસદણ | ૧૧ | ૩/૫૫/૪૭ |
| ૧૦ | પડધરી | ૧૧૫ | ૬૬/૭૫/૪૨ |
| ૧૧ | વાંકાનેર | ૧૩૦ | ૭૮/૩૯/૨૯ |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | મોરબી | ૦ | ૦ |
| ૧૩ | ટંકારા | ૨ | ૦૬/૪૦/૦૦ |
| ૧૪ | માળીયા મી. | ૦ | ૦ |
| | એકંદર કુલ .... | ૧૧૩૦ | ૫૮૩/૨૯/૮૪ |

## વડોદરા ખાતે કોયલી રીફાઈનરી દૂર્ઘટના સંદર્ભે નિરીક્ષક દ્વારા તપાસણી

૮૭૪૨ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય)** : **માનનીય શ્રમ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧)તાજેતરમાં વડોદરા કોયલી રીફાઈનરી ખાતે થયેલ દૂર્ઘટના સંદર્ભે કારખાના નિરીક્ષક દ્વારા થયેલ તપાસણીની વિગતો શું છે, અને

(૨) આ સંદર્ભે વડોદરાના સંભવિત દૂર્ઘટનાથી નિવારવા કરાયેલ આયોજનની વિગતો શું છે?

**જવાબ**

(૧) કારખાના નિરીક્ષકની તપાસણીમાં જાણવા મળ્યા મુજબ રીફાઈનરીના એફ.સી. સી. યુનિટને તા. ૧૦-૧૦-૨૦૦૪ના રોજ મેઈન્ટેનન્સ માટે એન્યુઅલ શટડાઉન લેવામાં આવેલ અને મેઈન્ટેનન્સનું કામ પૂર્ણ થતાં તા. ૨૮-૧૦-૨૦૦૪ના રોજ તે ચાલુ કરવામાં આવેલ. આ જ દિવસે સ્ટાર્ટઅપ દરમ્યાન વેક્યુમ ગેસ ઓઈલની ફીલ્ટર્ડ ફલેન્જની ગાસ્કેટ લીક થઈ ગયેલ જણાતાં, તે રીપેર કરીને ફરીથી તે જ દિવસે ચાલુ કરેલ હતું. એફ.સી. સી. યુનિટમાં બહારની હવા રીએકટરમાં દાખલ થયેલ હોવાને કારણે તેમાં રહેલ હાઈડ્રો કાર્બન વેપરના સંપર્કમાં આવતા એક્ષ્પ્લોજીવ મીક્ષ્ચર બનતાં તે સ્લરી સેટલરના ટેમ્પરેચરના સંપર્કમાં આવતાં ધડાકા સાથે આગ લાગેલ હોવાનું જણાયેલ છે.

(૨) આ પ્રકારની સંભવિત દૂર્ઘટના નિવારવા માટે નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| ૧ | સ્ટાર્ટઅપ માટેની સેઈફ ઓપરેટીંગ પ્રોસીજર ચકાસી જવા અને એર (હવા) રહી ન જાય તે માટે કાળજી રાખવા જણાવેલ છે. |
| ૨ | કારખાનામાં નિયત લાયકાત ધરાવતા પુરતા સલામતી અધિકારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. |
| ૩ | કારખાનામાં શ્રમયોગીઓ અને મેનેજમેન્ટના સરખા પ્રતિનિધિત્વ ધરાવતી સેફટી કમીટીની રચના કરવામાં આવેલ છે. તેની મીટીંગ વખતો વખત બોલાવવામાં આવે છે અને સલામતીને લગતા સુચનોનો અમલ કરવામાં આવે છે. |
| ૪ | આ કારખાનામાં અદ્યતન સુવિધા સાથેનો કન્ટ્રોલરુમ કાર્યરત છે. આ ઉપરાંત આજુબાજુના કારખાના સાથે મ્યુચ્યુઅલ એઈડ સીસ્ટમ છે જે પણ કાર્યરત છે. |
| ૫ | આ કારખાનાનો ઓન સાઈટ ઈમરજન્સી પ્લાન બનાવવામાં આવેલ છે અને તેને વખતો વખત રીહર્સલ કરવામાં આવે છે |

| | |
|---|---|
| | તથા તેને અદ્યતન બનાવવામાં આવે છે. |
| ૬ | વડોદરા જિલ્લાનો ઓફ સાઈટ ઈમરજન્સી પ્લાન (ડીસ્ટ્રીકટ ક્રાઈસીસ મેનેજમેન્ટ પ્લાન) કલેકટરશ્રીના અધ્યક્ષપણા હેઠળ બનાવવામાં આવેલ છે, જે અમલમાં છે અને તેનું સમયાતંરે રીર્હસલ કરી પ્લાનને અદ્યતન કરવામાં આવે છે. |

## વડોદરા જિલ્લામાં સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ મળેલ અરજીઓ

૯૦૫૮ **શ્રી કાંતિભાઈ ભા. તડવી (સંખેડા)** :: **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ ડિસેમ્બર-૦૪ સુધીમાં કેટલી ખેત તલાવડીઓ માટે કેટલી અરજીઓ આવી, | (૧) ૫૭૧૮ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) (૨) ૫૪૮૫ |
| (૩) કેટલા કામો શરૂ કરવામાં આવ્યા અને કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા ? | (૩) શરૂ કરવામાં આવેલ કામો ૫૪૫૮<br>પુર્ણ કરવામાં આવેલ કામો ૪૭૨૮ |

## ૧૧માં નાણા પંચમાં પાટણ જિલ્લાને ફાળવેલ રકમ

૮૨૯૬ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બજેટ વર્ષ ૨૦૦૪-૦૫માં રાજ્ય સરકાર દ્વારા પાટણ જિલ્લાને ૧૧માં નાણા પંચ દ્વારા કુલ કેટલી રકમો ફાળવવામાં આવી, | (૧) રૂા. ૬૨૨.૯૭ લાખ |
| (૨) તા. ૧ લી જાન્યુ, ૨૦૦૫ની સ્થતિએ આ રકમોમાંથી કયા કયા કામો માટે કુલ કેટલી રકમો ફાળવવામાં અને ખર્ચ કરવામાં આવી, અને | (૨) પરિશિષ્ટ-૧ મુજબ |
| (૩) આ ફાળવણી ક્યારે અને કયા ધોરણે કરવામાં આવી ? | (૩) આ ફાળવણી એપ્રિલ-૨૦૦૪થી ડિસેમ્બર-૨૦૦૪ સુધીના સમયગાળામાં કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા ફાળવણીનું ધોરણ જિલ્લા આયોજન મંડળોને અપાયેલ ભારાંક અને ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની ટકાવારીને અનુલક્ષીને નિયત કરવામાં આવ્યું છે. |

### પરિશિષ્ટ-૧
### ૧૧માં નાણા પંચના કામોમાં કામવાર થયેલ ખર્ચની વિગત દર્શાવતું પત્રક

(રૂા. લાખમાં)

| અ. નં. | કામનો પ્રકાર | ગ્રાન્ટની ફાળવણી | ફાળવણી સામે થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | પીવાના પાણીના કામો | ૨૬.૨૫ | ૨૪.૫૭ |
| ૨. | એપ્રોચ રોડ | ૩.૧૨ | ૨.૩૨ |
| ૩. | આંતરીક રસ્તા | ૨૯૫.૩૧ | ૮૫.૧૭ |
| ૪. | શાળાના ઓરડા | ૭૯.૫૧ | ૬૭.૭૧ |

| | | | |
|---|---|---|---|
| ૫. | જ્યોતિગ્રામ યોજના | ૮૯.૧૧ | ૭૫.૨૯ |
| ૬. | અન્ય કામો | ૧૨૯.૬૭ | ૧૧૯.૮૯ |
| | કુલ :- | ૬૨૨.૯૭ | ૩૭૪.૯૫ |

**બનાસકાંઠા જિલ્લામાં નવીન પશુ દવાખાના માટે માંગણીઓ**

૯૬૮૧ **શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા)** : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં નવીન પશુ દવાખાના માટે તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી માંગણીઓ સરકારમાં આવી, તે કઈ કઈ જગ્યાઓ માટે આવેલ છે, | (૧) કુલ ૧૬ માંગણીઓ આવી છે જે નીચે મુજબ છે. |

| અ.નં. | ગામનું નામ | તાલુકો | કેલેન્ડર વર્ષ |
|---|---|---|---|
| ૧. | ગોલવી | દિયોદર | ૨૦૦૩ |
| ૨. | પાલડી | દિયોદર | ૨૦૦૩ |
| ૩. | ગોધણી | દાંતા | ૨૦૦૩ |
| ૪. | કોરડા | ડીસા | ૨૦૦૩ |
| ૫. | ધુણસોલ | દિયોદર | ૨૦૦૩ |
| ૬. | રાણીકા | દાંતા | ૨૦૦૩ |
| ૭. | ખેરમાળ | દાંતા | ૨૦૦૩ |
| ૮. | નાની મહુડી | દાંતીવાડા | ૨૦૦૩ |
| ૯. | પાનસેડા | વાવ | ૨૦૦૩ |
| ૧૦. | ડેરી | દાંતીવાડા | ૨૦૦૩ |
| ૧૧. | જેતડા | થરાદ | ૨૦૦૪ |
| ૧૨. | માલણ | પાલનપુર | ૨૦૦૪ |
| ૧૩. | ઈન્દીરાનગર (નાણોટા) | કાંકરેજ | ૨૦૦૪ |
| ૧૪. | દેતાલકુવા અને દેદરડા | થરાદ | ૨૦૦૪ |
| ૧૫. | રબારીયા ગામ | અમીરગઢ | ૨૦૦૪ |
| ૧૬. | જેતડા ગામ | થરાદ | ૨૦૦૪ |

| | |
|---|---|
| (૨) નવી માંગણી ઉપર સરકારે કોઈ કાર્યવાહી કરેલ છે કે કેમ, અને | (૨) આ બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ છે. |
| (૩) જો હા, તો તેની વિગતો શું છે ? | (૩) આ બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ છે. |

**રાજ્યમાં બંધ પડેલ સહકારી બેંકોના થાપણદારોને વીમા રક્ષણ**

૯૨૯૭ **શ્રી મનીષ ન. ગીલીટવાલા (સુરત શહેર (પૂર્વ)** : **માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં બંધ થયેલ સહકારી બેંકોના થાપણદારોના રૂા. ૧ લાખ સુધીના નાણાને વીમા રક્ષણ આપવામાં આવ્યું છે તે વધારી રૂા. ૫ લાખ કરવા રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ કયારે કયારે રજૂઆતો કરી, અને | (૧) હા, જી.<br>તા. ૩૧-૭-૨૦૦૩<br>તા. ૧૩-૨-૦૦૪ |
| (૨) કરેલ રજૂઆતોને અંતે કેન્દ્ર સરકારે શો પ્રતિભાવ આપ્યો ? | (૨) ભારત સરકારે પ્રસ્તુત દરખાસ્ત મંજુર કરેલ નથી. |

## વલસાડ જિલ્લામાં વોટરશેડ યોજનાના કામો

૯૦૪૬ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા)** :**માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા વલસાડ જિલ્લામાં આર.ડી.ડી.-૫ વોટરશેડ યોજના અન્વયે કયા કયા તાલુકામાં કેટલી ગ્રાન્ટ સન ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં વપરાઈ, અને

(૨) કયા એન.જી.ઓ. એ કેટલા કામો તે અન્વયે પૂર્ણ કર્યા ?

**જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં ડી.પી.એ.પી.-૫માં સન ૨૦૦૩-૦૪માં રૂપિયા ૮.૪૦ લાખ અને ૨૦૦૪-૦૫માં રૂપિયા ૨૦.૦૦ લાખ વાપરવામાં આવેલ છે.

તાલુકાવાર વિગતો સામેલ પરિશિષ્ટ -૧ મુજબ છે.

(૨) સામેલ પરિશિષ્ટ -૨ મુજબ છે.

### પરિશિષ્ટ-૧

### તાલુકાવાર વપરાયેલ ગ્રાન્ટની વિગત

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૩-૦૪ | વર્ષ ૨૦૦૪-૦૫ | કુલ |
|---|---|---|---|---|
| (૧) | ધરમપુર | ૧.૨૦ | ૩.૦૦ | ૪.૨૦ |
| (૨) | કપરાડા | ૭.૨૦ | ૧૭.૦૦ | **૨૪.૨૦** |
| | **કુલ...** | **૮.૪૦** | **૨૦.૦૦** | **૨૮.૪૦** |

### પરિશિષ્ટ-૨

**વલસાડ જિલ્લામાં વોટર શેડ યોજના હેઠળ ધરમપુર અને કપરાડા એમ બે તુલકાઓમાં કુલ છ એન.જી.ઓ. કામ કરે છે. એન.જી.ઓ. વાર પુર્ણ કરેલ કામની વિગતો નીચે મુજબ છે.**

| ક્રમ | એન.જી.ઓ.નું નામ | કરેલ કામની વિગત | | | | | | | | | | | | સ્વસહાય જુથોને તાલીમ સંખ્યા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ચેકડેમ (સંખ્યા) | બાગાયત ફળાઉ કલમ વિતરણ (સંખ્યા) | એન્ટ્રી પોઈન્ટના કામો | વેરી (પીવાના પાણી માટે) વિકાસ (સંખ્યા) | ડાંગર/ શાકભાજી કીટસ વિતરણ (ખેડૂતોને) | જમીન લેવલીંગ (ખેડૂતોને) | ખેતર પાળા (ખંડૂતોને) | બોરી બંધ (સંખ્યા) | પાકા નાકા (સંખ્યા) | બંધારા (સંખ્યા) | કુવા રીચાર્જ (સંખ્યા) | નાળા પ્લગ (સંખ્યા) | **બાજદરીયા** | **વર્મીકમ્પોષ્ટ** | મશરૂમ | પ્રેરણા પ્રવાસ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ૧ | **એનાર્ડ રૂરલ સપોર્ટ પ્રોગ્રામ ધરમપુર** | ૩ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૨ | **એનાર્ડ ફાઉન્ડેશન, વાપી** | ૩ | ૪૫૦૦ | - | - | ૨૩ | - | - | - | - | - | - | - | - | - | - | - |

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | એનાર્ડ ફાઉન્ડેશન, કપરાડા (મહીલાવીગ) | - | - | ૫ | ૩ | ૨૩ | ૪૦ | ૫૦ | - | - | - | - | - | - | ૫ | ૫ | ૧ |
| ૪ | ગુ.રા. ગ્રામ વિકાસ નિગમ, નવસારી | - | - | - | ૩ | ૧૦ | ૫ | - | ૧૦ | ૨૭ | ૨ | - | - | - | - | - | - |
| ૫ | સમન્વય સંશથા વલસાડ | - | ૪૦૦૦ | - | - | - | - | - | - | ૫૫ | - | - | - | ૩ | ૨૦ | - | ૧ |
| ૬ | ધરમપુર તાલુકા નીરાતાડ ગોળ અને ખાદી ગ્રામોદ્યોગ સંઘ, સુખાલા | - | ૧૭૭૮ | - | - | - | ૨૮ | ૩૦ | - | - | - | ૨ | ૧૦ | - | ૫ | - | - |
| | કુલ | ૬ | ૧૦૨૭૮ | ૫ | ૬ | ૫૬ | ૭૩ | ૮૦ | ૧૦ | ૮૨ | ૨ | ૨ | ૧૦ | ૩ | ૩૦ | ૫ | ૨ |

**રાજ્યમાં બક્ષીપંચના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો**

૯૩૧૦ **શ્રી દિપસિંહ શં. રાઠોડ (પ્રાંતિજ)** : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ ૧-૧-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં બક્ષીપંચના કેટલા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો આવેલા છે, તેમાં કેટલા છાત્રો લાભ લઈ રહ્યા છે, | (૧) તારીખ ૧-૧-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં બક્ષીપંચના ૬૪૫ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો આવેલા છે, જેમાં ૨૪૨૩૩ છાત્રો લાભ લઈ રહ્યા છે, |
| (૨) નવા છાત્રાલયો શરૂ કરવા સરકારની વિચારણા હેઠળ છે, કે કેમ | (૨) હા, જી. |
| (૩) જો હા, તો આવા છાત્રાલયો કયાં શરૂ કરવામાં આવનાર છે, અને | (૩) જરૂરીયાત વાળા યોગ્ય વિસ્તારોમાં. |
| (૪) વધુ છાત્રોને લાભ મળે તે માટે સરકારનું શું આયોજન છે ? | (૪) વધુ છાત્રોને લાભ મળે તે માટે ૨૦ નવા છાત્રાલયો શરૂ કરવા આયોજન કરેલ છે. |

**ખેડા જિલ્લામાં ગ્રાન્ટેડ આઈ.ટી.આઈ.**

૮૪૨૧ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં સરકારે તારીખ ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટેડ આઈ.ટી.આઈ. ચાલુ કરી, અને | (૧) એક પણ નહીં. |
| (૨) કયા કયા તાલુકામાં ચાલુ કરેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## રાજ્યમાં ખેડૂતોને કપાસના ટેકાના ભાવ

૯૦૩૪ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર)** :: **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં ખેડૂતોને કપાસના ટેકાના ભાવ મળે તે અંગે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને કયારે દરખાસ્ત કરી, | (૧) સને ૨૦૦૪-૦૫ના કપાસ સહિતના ખરીફ સીઝન પાકોની ટેકાના ભાવોની ભલામણો રાજ્ય સરકારે તારીખ ૨૭-૧-૦૪ના રોજ ભારત સરકારશ્રીના કૃષિ ખર્ચ અને ભાવ પંચને દરખાસ્ત કરેલ છે. જેમાં લંબતારી કપાસ (શંકર-૬/૧૦) માટે રૂપિયા ૨૭૯૦ પ્રતિ કિવન્ટલ તથા મધ્યમતારી કપાસ (વી. ૭૯૭) માટે રૂપિયા ૧૮૩૦ પ્રતિ કિવન્ટલની દરખાસ્ત કરેલ. |
| (૨) કેન્દ્ર સરકારે શું પ્રતિભાવ આપ્યો, અને | (૨) કેન્દ્ર સરકારે દર વર્ષની જેમ ૨૦૦૪-૨૦૦૫ વર્ષ ખરીફ સીઝનના પાકોના ટેકાના ભાવો સમગ્ર દેશ માટે એક સમાન નિયત કરી તેની માર્કેટીંગ સીઝન પહેલાં જાહેરાત કરેલ હતી. જે પૈકી શંકર-૬/૧૦ રૂપિયા ૧૯૬૦, (વી. ૭૯૭)ના રૂપિયા ૧૬૪૦ પ્રતિ કિવન્ટલ તથા ગુજકોટ ૧૨/૧૩ના રૂપિયા ૧૫૬૦ પ્રતિ કિવન્ટલ નિયત કરેલ છે. |
| (૩) કપાસના ભાવ નીચા જવાના કારણો શું છે ? | (૩) રાજ્યમાં તેમજ દેશમાં ચાલુ વર્ષે કપાસનું ઉત્પાદન વધારે થવાથી માંગના પ્રમાણમાં પુરવઠો વધવાથી કપાસના બજારભાવો નીચા જવા પામેલ છે. |

## ડૉ. આંબેડકર ભવનના બાંધકામ

૯૬૮૫ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા (કરજણ)** : : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં ડૉ. આંબેડકર ભવન માટે જમીન મેળવી હોય તે પૈકી કેટલા જિલ્લામાં ભવન બાંધવામાં આવેલ છે, અને કેટલા જિલ્લામાં બાંધકામ ચાલુ છે, | (૧) રાજ્યમાં ડૉ. આંબેડકર ભવન માટે જમીન મળી હોય તે પૈકી ગાંધીનગર, સુરત, મહેસાણા, પાલનપુર અને જામનગર એમ પાંચ જિલ્લાઓમાં ભવનો બાંધવામાં આવેલ છે. જ્યારે પાટણ, વડોદરા, જુનાગઢ અને સુરેન્દ્રનગર એમ ચાર જિલ્લાઓમાં ભવનોનું બાંધકામ ચાલુ છે. |
| (૨) આ બાંધકામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે, | (૨) શક્ય તેટલુ વહેલું |
| (૩) ભવનોના બાંધકામના ખર્ચની મર્યાદામાં સરકારે કોઈ વધારો કર્યો છે, અને | (૩) હા, જી. |
| (૪) જો હા, તો કેટલો વધારો કર્યો છે ? | (૪) બાંધકામની મર્યાદા રૂપિયા ૨૫.૦૦ લાખ હતી તે વધારીને રૂપિયા ૩૫.૦૦ લાખ કરવામાં આવેલ છે. |

## જામનગર જિલ્લામાં ખેડૂતોને અકસ્માત વીમા યોજના હેઠળ ચૂકવેલ સહાય

૮૭૯૩ **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના ભાણવડ જામખંભાળીયા તથા લાલપુર તાલુકાના ખેડૂતોને અકસ્માત વીમા યોજના હેઠળ તારીખ ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કેસોમાં સહાય ચૂકવવાની બાકી છે, અને | (૧) |

| તાલુકો | સહાય ચૂકવવાના બાકી કેસોની સંખ્યા |
|---|---|
| ૧. ભાણવડ | ૨ |
| ૨. જામખંભાળીયા | ૨ |
| ૩. લાલપુર | ૪ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ રકમ કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ? | (૨) પડતર દાવાઓની નિયમાનુસાર ચકાસણી કર્યા બાદ યોજનાની જોગવાઈઓ અને વીમા પોલીસીની શરતોને આધિન બનતી ત્વરાએ ચૂકવણું કરવામાં આવશે. |

## સંયુક્ત રજિસ્ટ્રાર સંવર્ગના અધિકારીઓને બઢતી

૯૨૯૫ **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર)** : **માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સંયુક્ત રજિસ્ટ્રાર સંવર્ગની બઢતી માટેની પસંદગી યાદીમાંથી કેટલા અધિકારીઓને તારીખ ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બઢતી આપવામાં આવેલ છે, અને | (૧) એક પણ નહીં. |
| (૨) બાકીના પસંદગી પામેલ અધિકારીઓને સરકાર દ્વારા કયારે બઢતી આપવામાં આવશે? | (૨) શક્ય તેટલા વહેલા. |

------

## ભરૂચ જિલ્લા પંચાયતમાં ખાલી જગ્યાઓ

૯૭૩૪ **શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી (ભરૂચ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભરૂચ જિલ્લા પંચાયતમાં વર્ગ ૧, ૨ અને ૩ની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૧)

| ક્રમ | સંવર્ગનું નામ | વર્ગ | ખાલી જગ્યાની સંખ્યા | કેટલા સમયથી ખાલી છે |
|---|---|---|---|---|
| ૧ | નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસૂલ) | ૧ | ૧ | |
| ૨ | નાયબ જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત) | ૧ | ૧ | |
| ૩ | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી | ૧ | ૧ | |
| ૪ | કાર્યપાલક ઈજનેર (સિંચાઈ) | ૧ | ૧ | |
| ૫ | નાયબ પશુપાલન | ૧ | ૧ | તમામખાલીજગ્યાઓ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | નિયામક | | | | |
| ૬ | જિલ્લા મેલેરિયા અધિકારી | ૨ | ૧ | ૧ વર્ષથી | થી ૪ |
| ૭ | ઓફીસ સુપ્રિન્ટેન્ડેટ | ૩ | ૧ | ખાલી છે. | |
| ૮ | સંશોધન મદદનીશ | ૩ | ૨ | | |
| ૯ | સીનીયર કલાર્ક (વહીવટ) | ૩ | ૧ | | |
| ૧૦ | નાયબ ચીટનીશ | ૩ | ૧ | | |
| ૧૧ | જુનીયર કલાર્ક (હિસાબ) | ૩ | ૧ | | |
| ૧૨ | ડ્રાઈવર | ૩ | ૨ | | |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ? | (૨) જેમ બને તેમ જલ્દીથી. |

## રાજ્યમાં વોટરશેડના કામો માટે ફાળવેલ ગ્રાન્ટ

૮૬૩૫ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વોટરશેડની કેટલી ગ્રાન્ટ ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪ના નાણાકીય વર્ષમાં ફાળવેલ છે; | (૧) વર્ષ ૨૦૦૨-૦૩માં રૂા. ૧૦,૪૦૯.૦૦ લાખ તથા ૨૦૦૩-૦૪માં રૂા. ૧૩૦૦૮.૦૦ લાખ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |
| (૨) સરહદી ગામોમાં વોટરશેડના કેટલા કામો કરવામાં આવેલ છે, અને | (૨) સરહદી ગામોમાં ૩૬૭ કામો (પ્રોજેક્ટો) હાથ ધરવામાં આવેલ છે તે પૈકી ૮૯ કામો (પ્રોજેકટ)ની કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૩) કેટલા કામો કરવાના બાકી છે ? | (૩) ૨૭૮ કામો (પ્રોજેકટો) હાલ ચાલુ છે. |

## રાજ્યમાં ખેત ઉત્પન્ન બજાર સમિતિઓની રચના

૯૭૩૨ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ)** : **માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં નવા રચાયેલ તાલુકાઓમાંથી કેટલા તાલુકાઓમાં ખેત ઉત્પન્ન બજાર સમિતિઓની રચના કરવામાં આવી છે, અને; | (૧) ૩૧ |
| (૨) ખેરાલુ, વડનગર, સતલાસણા તાલુકાઓમાં ખેત ઉત્પન્ન બજાર સમિતિઓની ક્યારે રચના કરવામાં આવશે ? | (૨) વડનગર ખેરાલુ ખેત ઉત્પન્ન બજાર સમિતિનું વિભાજન નહીં કરવાનો નિર્ણય લેવાયેલ છે. |

## પંચમહાલ જિલ્લામાં પશુ દવાખાનામાં ખાલી જગ્યાઓ ભરવા બાબત

૮૬૬૯ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ (લુણાવાડા)** : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થતિએ પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકામાં કેટલા પશુ દવાખાના આવેલ છે; | (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ લુણાવાડા તાલુકામાં ૩ અને ખાનપુર તાલુકામાં ૧ પશુ દવાખાના આવેલ છે. |
| (૨) આ પશુ દવાખાના પૈકી કયા કયા પશુ દવાખાનામાં ડૉકટરની જગ્યા ખાલી છે, અને | (૨) આ પશુ દવાખાના પૈકી લુણાવાડા તાલુકાના મુ. લુણાવાડા અને વરધરી ખાતે તેમજ ખાનપુર તાલુકામાં મુ. સેનાગોરાડા ખાતે |

| | |
|---|---|
| અને | ડૉકટરની જગ્યા ખાલી છે. |
| (૩) ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) પશુ ચિકિત્સા અધિકારીની ૫૦ જગ્યાઓ સીધી ભરતીથી અને બેકલોગની ૫૧ જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી પ્રગતિમાં છે. ઉમેદવારો ઉપલબ્ધ થયે સત્વરે જગ્યાઓ ભરવામાં આવશે. |

## લીંબડી તાલુકાના રાસ્કા ગામે રસ્તાના કામમાં ગેરરીતિ

૮૬૦૮ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી)** : તા. ૨-૬-૦૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તા. પ્ર.ક્ર. ૫૯૮૩ અગ્રતાક્રમ-૭૨ના અનુસંધાને **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) લીંબડી તાલુકામાં રાસ્કા ગામે રસ્તાના કામમાં ગેરરીતિ અંગે કયા સક્ષમ અધિકારીને ક્યારે તપાસ હાથ ધરવાની સૂચના આપી; | (૧) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત (મા.મ.) પેટા વિભાગ લીંબડીને તા. ૧-૪-૦૪થી તપાસ સોંપવામાં આવેલ છે. |
| (૨) આ સક્ષમ અધિકારીએ તપાસ પૂરી કરી સરકારમાં અહેવાલ આપેલ છે કે કેમ, | (૨) ના, જી. |
| (૩) જો હા, તો તેની વિગતો શું છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જવાબદારો સામે સરકારે કયા પ્રકારના પગલાં લીધા ? | (૪) તપાસ અહેવાલ રજૂ થયેથી વિચારણા કરવામાં આવશે. |

## કચ્છ જિલ્લામાં ઉદ્યોગોમાં સ્થાનિક કામદારોને રોજગારી

૯૬૯૬ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ધરતીકંપ પછી શરૂ થયેલા ઉદ્યોગોમાં કચ્છ જિલ્લાના કેટલા સ્થાનિક કામદારો તથા સુપરવાઈઝરોને ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ રોજગારી પૂરી પાડવામાં આવી છે, | (૧) તા. ૩૧-૩-૯૫ના ઠરાવની જોગવાઈ મુજબ રાજ્યમાં છેલ્લા ૧૫ વર્ષથી રહેતી વ્યકિતને સ્થાનિક ગણવામાં આવે છે. તે મુજબ કચ્છ જિલ્લામાં ધરતીકંપ પછી શરૂ થયેલા ઉદ્યોગોમાં સ્થાનિકોને નીચે મુજબની રોજગારી પુરી પાડવામાં આવી છે.<br>કામદાર કક્ષા ૨૭૬૬<br>સુપરવાઈઝર ૫૭૩<br>કુલ : ૩૩૩૯ |
| (૨) કેટલા કામદારો તથા સુપરવાઈઝરી કક્ષામાં કચ્છ જિલ્લા તથા રાજ્ય બહારના લોકોને રોજી પૂરી પાડવામાં આવી છે, અને | (૨) (જુઓ નીચેનું કોષ્ટક) |
| (૩) નવા શરૂ થયેલા ઉદ્યોગોમાં સ્થાનિક રોજગારી વધે તે માટે સરકારે શું આયોજન કર્યું છે ? | (૩) (૧) તા. ૩૧-૩-૯૫ના ઠરાવથી ૮૫ ટકા સ્થાનિકને રોજગારી માટેની જોગવાઈ કરેલ છે.<br>(૨) સ્થાનિક કક્ષાએ ઔદ્યોગિક ભરતીમેળા યોજવામાં આવે છે |

જવાબ (૨):

| | સ્થાનિક | રાજ્યબહારના (બિનસ્થાનિક) |
|---|---|---|
| કામદાર | ૨૭૬૬ | ૩૦૦ |
| સુપરવાઈઝર | ૫૭૩ | ૨૧૬ |
| કુલ : | ૩૩૩૯ | ૫૧૬ |

(૩) સ્થાનિક કક્ષાએ ઔદ્યોગિક તાલિમ સંસ્થાઓ શરૂ કરવામાં આવેલ છે.

(૪) નવા ઉદ્યોગો શરૂ કરવા માટે ઉદ્યોગ કમિશનરશ્રી દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે.

## ભાવનગર જિલ્લામાં લાઈવસ્ટોક ઈન્સ્પેકટરની ખાલી જગ્યાઓ ભરવા બાબત

૮૭૫૫ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા)** : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં ડિસે. ૦૪ની સ્થિતિએ લાઈવસ્ટોક ઈન્સ્પેકટરની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે; | (૧) ભાવનગર જિલ્લામાં ડીસે. ૦૪ની સ્થિતિએ પશુધન નિરીક્ષકની કુલ : ૩૪ જગ્યાઓ ખાલી છે. |
| (૨) રાજ્ય સરકાર ધ્વારા આ ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે કે કેમ, અને | (૨) રાજ્ય સરકાર ધ્વારા ખાલી જગ્યાઓ ભરવાની બાબત વિચારણા હેઠળ છે. |
| (૩) ક્યારે ભરાશે ? | (૩) શક્ય એટલી ત્વરાથી. |

## આણંદ જિલ્લામાં સરદાર આવાસ યોજના પાછળ કરેલ ખર્ચ

૮૦૭૧ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ)** : **માનનીય ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશેકે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના વર્ષમાં આણંદ જિલ્લામાં સરદાર આવાસ યોજના હેઠળ આવાસો બાંધવા વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી;

**જવાબ**

(૧)

| વર્ષ | ફાળવેલ રકમ રૂા. લાખમાં |
|---|---|
| ૨૦૦૩-૦૪ | ૪૯૩.૫૭ |
| ૨૦૦૪-૦૫ | ૨૫૨.૮૯ |
| કુલ | ૭૪૬.૪૬ |

(૨) વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨)

| વર્ષ | કુલ કરવામાં આવેલ ખર્ચ રૂા. લાખમાં |
|---|---|
| ૨૦૦૩-૦૪ | ૩૧૨.૬૬ |
| ૨૦૦૪-૦૫ | ૧૬૫.૦૫ |
| કુલ | ૪૭૭.૭૧ |

(૩) આ આવાસ યોજનામાં કેટલા મકાનો પૂર્ણ થયા અને કેટલા કામો હાલ ચાલુ છે?

(૩) ૧૦૭૨ મકાનો પૂર્ણ થયેલ છે અને ૧૦૯૯ મકાનોનું કામ હાલ ચાલુ છે.

## વલસાડ જિલ્લા તાલુકા પંચાયતની ખાલી જગ્યાઓ

૯૩૦૦ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં પારડી તાલુકાની પંચાયત કચેરીનું મહેકમ કેટલું છે, કેટલી જગ્યાઓ ખાલી છે, અને; | (૧) મંજુર જગ્યાઓ - ૪૨<br>ખાલી જગ્યાઓ - ૦૭ |
| (૨) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારનું શું આયોજન છે ? | (૨) બનતી ત્વરાએ. ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે. |

## બનાસકાંઠા જિલ્લાની તાલુકા પંચાયતોમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ

૮૩૪૯ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ)** :**માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકા પંચાયતોમાં સંવર્ગવાર મંજૂર થયેલી જગાઓ પૈકી કયા કયા સંવર્ગની કેટલી જગાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) આ ખાલી જગાઓ કયારે ભરવામાં આવશે અને

**જવાબ**

(૧)

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | કેટલા સમયથી ખાલી છે |
|---|---|---|---|
| ૧ | નાયબ તાલુકા વિકાસ અધિકારી | ૧ | ૧ વર્ષ ૪ માસથી |
| ૨ | નાયબ ચીટનીશ | ૩ | ૧ જગા ૧ વર્ષ ૬ માસથી |
| ૩ | જુનીયર કલાર્ક | ૫ | ૧ જગા ૨ વર્ષ ૨ માસથી<br>૪ જગા ૧ વર્ષ ૪ માસથી |
| ૪ | ડ્રાયવર | ૧ | ૩ વર્ષ ૪ માસથી |
| ૫ | વિસ્તરણ અધિકારી બાંધકામ | ૧ | ૩ વર્ષ ૪ માસથી |
| ૬ | પંચાયત સર્કલ ઇન્સ્પેકટર | ૧૦ | ૪ જગા ૧ વર્ષથી વધુ અને ૨ વર્ષથી ઓછા સમયથી ૬ જગા ૧ વર્ષ કરતાં ઓછા સમયથી |
| ૭ | વિસ્તરણ અધિકારી સહકાર | ૫ | તમામ જગાઓ ૧ વર્ષથી વધુ અને ૨ વર્ષથી ઓછા સમયથી |
| ૮ | આંકડા મદદનીશ | ૨ | ૧ જગા ૬ વર્ષ ૮ માસથી<br>૧ જગા ૫ વર્ષ ૮ માસથી |
| ૯ | પટાવાળા | ૧૮ | ૬ જગા ૩ વર્ષ અને તેથી વધુ સમયથી ૬ જગા ૧ વર્ષથી વધુ અને ૩ વર્ષ કરતાં ઓછા સમયથી ૬ જગા ૧ વર્ષ કરતાં ઓછા સમયથી |
| | **કુલ :** | **૪૬** | |

(૨) જેમ બને તેમ જલ્દીથી.

ભરવામાં આવશે, અને

(૩) જગાઓ લાંબા સમય સુધી ખાલી રાખવાના શા કારણો છે?

(૩) વહીવટી કારણોસર

## દક્ષિણ ગુજરાતમાં આદિવાસીઓને મચ્છી ઉછેરનું કામ

૯૭૦૨ **શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા)** : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષમાં તા.૩૧.૧.૦૫ની સ્થિતિએ દક્ષિણ ગુજરાતમાં આદિવાસી તાલુકાઓમાં આવેલ બંધોમાં મત્સ્ય ઉછેરનો ધંધો બંધ પ્રમાણે કોને કોને આપવામાં આવે છે,

(૨) મત્સ્ય ઉછેરનો ધંધો આદિવાસી મડંળીઓને આપવામાં આવે છે કે કેમ, અને

(૩) જો, ના તો આદિવાસી મંડળીઓને ન આપવાના કારણો કયા છે?

**જવાબ**

(૧) દક્ષિણ ગુજરાતમાં આદિવાસી તાલુકાઓમાં આવેલ ૧૩ (તેર) બંધોમાં મત્સ્ય ઉછેરનો ધંધો ૧૨ (બાર) મંડળીઓ/ઇસમોને સામેલ પત્રક મુજબ આપવામાં આવેલ છે.

(૨) હા, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**<u>પત્રક</u>**

**છેલ્લા બે વર્ષમાં તા.૩૧.૧.૦૫ દક્ષિણ ગુજરાતમાં આદિવાસી તાલુકાઓમાં આવેલ બંધોમાં મત્સ્ય ઉછેરનો ધંધો બંધ પ્રમાણે આપવામાં આવેલ જળાશયોની વિગત.**

| ક્રમ | જળાશયનું નામ | તાલુકો | ઇજારદારનું નામ |
|---|---|---|---|
| ૧ | આમલીડેમ | માંડવી | બુણધા મ.સ.મં.લી., મું.બુણધા |
| ૨ | કેવડીડેમ | માંડવી | કેવડીજેતપુર મ.સ.મં.લી. મુ.કેવડી |
| ૩ | ઇસર | માંડવી | શ્રી વિસડાલીયા વિભાગ મ.સ.મં.લી. મુ.ઇસર |
| ૪ | લાખી | કામરેજ | અંબોલી ખોલવડ મ.ઉછેર સ.મં.લી. મુ.અંબોલી |
| ૫ | કેલીયા | વાંસદા | આદિવાસી મ.ઉછેર સ.મં.લી. કેલીયા |
| ૬ | બલદેવા | વાલીયા | ધી બલદેવાકૃપા વિભાગ આદિવાસી મ.સ.મં.લી. બલદેવા |
| ૭ | પીંગુટ | વાલીયા | ધી પીગુટ વિભાગ મ.સ.મં.લી. પીગુટ, મુ.પુંજપુજીયા |
| ૮ | ભાંગોરીયા | વાલીયા | ધી ભાંગોરીયા આદિવાસી મ.સ.મં.લી., મુ.ભંગોરીયા |
| ૯ | ધોલેખામ | વાલીયા | ધી પીગુટ વિભાગ મ.સ.મં.લી., મુ.પુંજપુજીયા |
| ૧૦ | દરીયા | ઝગડીયા | ધી પડવાલીયા આદિવાસી મ.સ.મં.લી, મુ.દરીયા |
| ૧૧ | ધોલી | ઝગડીયા | ધોલી મત્સ્યો.સ.મં.લી., મુ.ધોલી, પો : રજલવાડા |
| ૧૨ | ચોપડવાવ | સાગબારા | ધી સહારા આદિવાસી મ.સ.મં.લી., ચોપડવાવ |
| ૧૩ | કાકડીઅંબા | સાગબારા | શ્રી નાનાકાકડી અંબા મ.સ.મં.લી., નાના કાકડી |

## જૂનાગઢ જિલ્લામાં તળાવો ઊંડા કરવા પાછળ ખર્ચ

૯૫૮૧ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા)** :**માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧)જૂનાગઢ જિલ્લામાં તા.૩૦.૧૧.૨૦૦૪ની સ્થિતિએ ૧ વર્ષમાં સિંચાઇની સુવિધા વધારવા તાલુકાવાર કેટલા તળાવો ઊંડા કરવામાં આવેલ છે.

**જવાબ**

(૧) એક વર્ષમાં ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી. દ્વારા કુલ ૨૭ તળાવો ઊંડા કરવામાં આવેલ છે. તાલુકાવારની માહિતી નીચે મુજબ છે.

| તાલુકો | તળાવની સંખ્યા |
|---|---|
| જૂનાગઢ | ૮ |
| કોડીનાર | ૨ |
| માણાવદર | ૩ |
| ઉના | ૪ |
| માંગરોળ | ૪ |
| વિસાવદર | ૧ |
| મેંદરડા | ૨ |
| વંથલી | ૨ |
| માળીયા | ૧ |
| ભેંસાણ | - |
| કેશોદ | - |
| વેરાવળ | - |
| સૂત્રાપાડા | - |
| તાલાલા | - |
| **કુલ :** | **૨૭** |

(૨) આગામી વર્ષમાં તાલુકાવાર તળાવો ઊંડા ઉતારવાનું શું આયોજન કરેલ છે, અને

(૨) આગામી વર્ષ માટે કુલ ૧૩ તળાવો ઊંડા ઉતારવાનું આયોજન છે.

| તાલુકો | ભૌતિક લક્ષાંક |
|---|---|
| જૂનાગઢ | ૧ |
| વંથલી | ૧ |
| ભેંસાણ | - |
| વિસાવદર | ૧ |
| માણાવદર | ૧ |
| કેશોદ | ૧ |
| મેંદરડા | ૧ |
| માંગરોળ | ૧ |
| માળીયા | ૧ |
| વેરાવળ | ૧ |
| ઉના | ૧ |
| **તાલુકો** | **ભૌતિક લક્ષાંક** |
| કોડીનાર | ૧ |
| સૂત્રાપાડા | ૧ |
| તાલાલા | ૧ |
| **કુલ :** | **૧૩** |

(૩) તળાવો ઊંડા ઉતારવા કેટલો ખર્ચ થયેલ છે?

(૩) એક વર્ષમાં તળાવો ઊંડા ઉતારવા નિગમે રૂા.૮૦.૭૩ લાખનો ખર્ચ કરેલ છે.

**અકસ્માત વીમા યોજનામાં ખેડૂત ખાતેદારને ખેત મજૂર ગણવા અંગે**

૮૪૦૭ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) અકસ્માત થાય ત્યારે અકસ્માત વીમા યોજનામાં પિતાના નામે જમીન હોય ત્યારે પુત્રને ખેડૂત ખાતેદાર અથવા ખેત મજૂર ગણવામાં આવતા નથી આ વાત સાચી છે, અને

(૨) જો હા, તો આ બાબત સરકાર શું પગલાં લેવા માંગે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ યોજના સંપૂર્ણપણે ખાતેદાર ખેડૂતો માટેની યોજના હોઇ, મહેસૂલી દફતરે નોંધાયેલ ખેડૂતોને જ લાભ મળવાપાત્ર છે.

**પંચવટી યોજના હેઠળ ગામોને આવરી લેવા અંગે**

૯૭૨૬ **શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા પંચવટી યોજના જાહેર કરવામાં આવેલી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો આ યોજના પાછળનો રાજ્ય સરકારનો આશય શું છે, અને

(૩) સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં તા.૩૧.૧.૨૦૦૫ સુધીમાં કેટલા ગામોને આ યોજના હેઠળ આવરી લેવાયા છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ યોજનાનો આશય રાજ્યની ગ્રામ્ય પ્રજાને સુખાકારી માટે તથા ગામોમાં સુવિધાયુકત બાગ-બગીચાઓનો વિકાસ થાય અને ગ્રામ્ય વિસ્તારમાં આનંદ પ્રમોદના સાધનો સહેલાયથી ઉપલબ્ધ થાય તે છે અને પંચવટી યોજના તળે પીપળ, વળ, હરડે, વેલ, અશોક તથા અન્ય ફળાઉ વૃક્ષો વાવાનો છે. જેથી પારંપારીક સાંસ્કૃતિક વારસા પ્રત્યે આસ્થા જળવાઇ રહે.

(૩) ૩૨૪

**રાજ્યના આદિજાતિ વિસ્તારમાં વૈજ્ઞાનિક પધ્ધતિથી કૃષિ ઉત્પાદન**

૯૩૦૩ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યનો આદિજાતિ વિસ્તાર ડુંગરાળ છે ત્યારે કૃષિ ઉત્પાદન વધારવા આદિવાસી ખેડૂતો માટે સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો નવી વૈજ્ઞાનિક પધ્ધતિથી કૃષિ ઉત્પાદન વધારવા આયોજન છે કે કેમ?

**જવાબ**

(૧) હા, જી. રાજ્યના આદિવાસી વિસ્તાર તેમજ આદિજાતિ વિસ્તાર બહાર વસતા આદિવાસી ખેડૂતો ખેતી પાકોના ઉત્પાદનમાં વધારો કરીને આર્થિક રીતે પગભર થાય તે માટે પાક ઉત્પાદનમાં સહાય માટેની યોજનાઓ અમલમાં છે.

(૨) રાજ્યની કૃષિ યુનિ. દ્વારા થયેલા સંશોધનો અને તે મુજબની વૈજ્ઞાનિક ભલામણો/પધ્ધતિઓ મુજબ સહાયની યોજના અમલમાં છે. જેમાં મુખ્યત્વે સુધારેલા બિયારણો, રા.ખાતરો, જંતુનાશક દવા, જૈવિક નિયંત્રણના ઘટકો પાક સંરક્ષણ સાધનો સુધારેલા ખેત ઓજારો, સેન્દ્રિય ખાતરો લીલો પડવાશ, વર્મી કમ્પોસ્ટ, કમ્પોસ્ટ ખાડા, જૈવિક ખાતરો, બળદગાડા, બળદ-પાડા, તાડપત્રી, પાઇપલાઇન, ડ્રીપ અને સ્પ્રીકલર

સિંચાઇ પધ્ધતિ જેવા વૈજ્ઞાનિક પધ્ધતિથી ખેતી કરવા માટેના ઘટકોમાં ખેડૂતોને સહાય આપવામાં આવે છે. જેનો ઉપયોગ કરી ખેડૂતો વૈજ્ઞાનિક પધ્ધતિથી પોતાના ખેતી પાકોનું ઉત્પાદન વધારી શકે તે માટે આયોજન થયેલ છે.

## સહકારી કાયદામાં સુધારો કરવા કમિટિની રચના

૮૨૫૭ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : **માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સહકારી કાયદામાં સુધારો કરવા સરકારે એક કમિટિની રચના કરી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા તો તેના સભ્યો કોણ કોણ છે, | (૨)કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃસહક/૧૦૯૫/સીએમ/૪૭(૨)/છ તા.૨૩-૧૨-૯૬ થી હાઇપાવર સમિતિની રચના થયેલ હતી. સમિતિએ પોતાનો અહેવાલ ૮/૯૭ માં આપી દીધેલ છે. સમિતિમાં નીચે મુજબના સભ્યો હતા.<br>(૧) શ્રી આત્મારામભાઈ પટેલ, ચેરમેન<br>(૨) શ્રી જયરામભાઈ પટેલ<br>(૩) શ્રી મનુભાઈ કોટડીયા<br>(૪) શ્રી રમણભાઈ દવાલભાઈ પટેલ<br>(૫) શ્રી રમણભાઈ ગાંધી<br>(૬) શ્રી ઘનશ્યામભાઈ અમીન<br>(૭) શ્રી દલસુખભાઈ ગોધાણી<br>(૮) શ્રી શામજીભાઈ ખૂંટ<br>(૯) શ્રી આર.એન.જોષી સભ્ય સચિવશ્રી, સંયુકત રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય, ગાંધીનગર. સમિતિના સભ્યો પૈકી શ્રી આત્મારામ પટેલ અને શ્રી મનુભાઈ કોટડીયાનો સ્વર્ગવાસ થયેલ છે. જયારે સમિતિના સભ્ય સચિવશ્રી આર.એન.જોષીની બદલી થયેલ છે. |
| (૩) આ કમીટીની રચના થયા પછી તા.૩૧.૧.૨૦૦૫ સુધીમાં કેટકેટલી બેઠકો યોજાઇ અને તેમાં શી પ્રગતિ થઇ? | (૩) કમિટીની રચના થયા બાદ કમિટીની ૭ બેઠકો થઈ. સમિતિએ સહકારી કાયદામાં સુધારણા કરવા સંબંધે પોતાનો અહેવાલ ઓગસ્ટ-૯૭ માં સરકારશ્રીને સુપ્રત કરેલ હતો. ઉકત અહેવાલના વધુ અભ્યાસ અર્થે તા.૧૦.૪.૨૦૦૧ના ઠરાવથી સરકારશ્રીએ તત્કાલિન મંત્રીશ્રી નાણા શ્રી વજુભાઈ વાળાના અધ્યક્ષસ્થાને મંત્રીમંડળની પેટા સમિતિની રચના કરી આ પેટા સમિતિએ સહકારી કાયદામાં સુધારણા કરવા અંગે તેનો અહેવાલ સરકારશ્રીને તા.૨૭.૬.૦૧ના રોજ રજુ કરેલ છે. જે |

સરકારશ્રીના વિચારણા હેઠળ છે.

**પંચવટી યોજના હેઠળ ગામોને આવરી લેવા અંગે**

૯૦૬૧ **શ્રીમતી રમીલાબેન બે. બારા (ખેડબ્રહ્મા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા પંચવટી યોજના જાહેર કરવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા તો આ યોજના પાછળનો રાજ્ય સરકારનો આશય શું છે, અને | (૨) આ યોજનાનો આશય રાજ્યની ગ્રામ્ય પ્રજાને સુખાકારી માટે તથા ગામોમાં સુવિધાયુકત બાગ-બગીચાઓનો વિકાસ થાય અને ગ્રામ્ય વિસ્તારમાં આનંદ પ્રમોદના સાધનો સહેલાયથી ઉપલબ્ધ થાય તે છે અને પંચવટી યોજના તળે પીપળ, વળ, હરડે, વેલ, અશોક તથા અન્ય ફળાઉ વૃક્ષો વાવાનો છે. જેથી પારંપારીક સાંસ્કૃતિક વારસા પ્રત્યે આસ્થા જળવાઇ રહે. |
| (૩) સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં તા.૩૧.૧.૨૦૦૫ સુધીમાં કેટલા ગામોને આ યોજના હેઠળ આવરી લેવાયા છે? | (૩) ૩૨૪ |

**સાયલા તાલુકાના ગ્રામ પંચાયતના વહીવટ અંગે ફરિયાદ**

૮૮૧૯ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા)** :**માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાયલા તાલુકાના શાપર-બ્રહમપુરી ગ્રામ પંચાયતના વહીવટ અંગેની તા.૧૮.૩.૦૩ થી તા.૩૧.૧૨.૦૪ સુધીમાં ફરિયાદ સરકારને મળેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) તપાસમાં વિલંબ કરવા માટે કોણ જવાબદાર છે, અને | (૨) તાલુકા પંચાયત સાયલાની કક્ષાએ વિલંબ થયેલ છે. |
| (૩) જવાબદારો સામે કયા કયા પગલાં લેવામાં આવેલ છે? | (૩) જરૂરી પગલાં લેવાની કાર્યવાહી ચાલુમાં છે. |

**કચ્છ જિલ્લા દૂધ ઉત્પાદન સેવા સહકારી મંડળીઓ**

૯૭૧૨ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા)** : **માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઇ કઇ દૂધ ઉત્પાદક સેવા સહકારી મંડળીઓ રજીસ્ટ્રાર કરવામાં આવી છે, | (૧) એકપણ નહીં. |
| (૨) રજીસ્ટર થયેલ મંડળીઓ કેટલી કાર્યરત છે, અને | (૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કાર્યરત ન હોય તેવી કેટલી મંડળીઓ છે? | |

**રાજ્યમાં ખેત તલાવડી બનાવવા પાછળ ખર્ચ**

૮૩૫૬ **શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી (ઘોઘા)** :**માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં તા.૧૫.૧.૦૫ સુધીમાં કેટલી ખેત તલાવડીઓ બનાવવામાં આવી, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી. દ્વારા છેલ્લા એક વર્ષમાં ૧૬૪૩ ખેત તલાવડી બનાવવામાં આવી.

(૨) આ ખેત તલાવડીઓ બનાવવા માટે રૂા.૨૦૭.૬૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

**રાજકોટ જિલ્લામાં પશુ દવાખાના**

૯૩૦૯ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા)** : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ કઇ કઇ જગ્યાએ પશુ દવાખાનાઓ આવેલા છે, અને

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ નીચે મુજબ પશુ દવાખાનાઓ આવેલા છે.

| અ.નં. | સ્થળ | તાલુકો |
|---|---|---|
| ૧ | રાજકોટ | રાજકોટ |
| ૨ | કુવાડવા | રાજકોટ |
| ૩ | સરધાર | રાજકોટ |
| ૪ | કોટડા સાંગાણી | કોટડા સાંગાણી |
| ૫ | ગોંડલ | ગોંડલ |
| ૬ | દેરડી (કુંભાજી) | ગોંડલ |
| ૭ | નવાગઢ | જેતપુર |
| ૮ | વીરપુર | જેતપુર |
| ૯ | ધોરાજી | ધોરાજી |
| ૧૦ | પાટણ વાવ | ધોરાજી |
| ૧૧ | ઉપલેટા | ઉપલેટા |
| ૧૨ | ભાયાવદર | ઉપલેટા |
| ૧૩ | જામકંડોરણા | જામકંડોરણા |
| ૧૪ | લોધીકા | લોધીકા |
| ૧૫ | પડધરી | પડધરી |
| ૧૬ | હડમતીયા (જંકવન) | પડધરી |
| ૧૭ | માળીયા મીયાણા | માળીયા મીયાણા |
| ૧૮ | વાંકાનેર | વાંકાનેર |
| ૧૯ | લુણસર | વાંકાનેર |
| ૨૦ | જસદણ | જસદણ |

| | | |
|---|---|---|
| ૨૧ | વીછીયા | જસદણ |
| ૨૨ | વીરનગર | જસદણ |
| ૨૩ | મોરબી | મોરબી |
| ૨૪ | શાખા<br>પ.દ.જેતપુર | મોરબી |
| ૨૫ | ટંકારા | ટંકારા |

(૨) ઉપલેટા તાલુકામાં પશુ દવાખાનું શરુ કરવાનું સરકારની વિચારણામાં છે કે કેમ?

(૨) ના, જી.

**રાજ્યમાં ખેડૂતોને પાક ધિરાણના પુરતા લાભ આપવા કરેલ વ્યવસ્થા**

૮૩૨૩ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ખેડૂતોને પાક ધિરાણ કરવામાં આવે છે તેમાં વિમાના પ્રિમીયમ ખુબ જ ઉંચા હોય છે ત્યારે આવા પાક નિષ્ફળ જતાં ખેડૂતોને પાક વિમાના પૂરતા લાભો મળતા નથી. તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો પાક વિમો અને પ્રિમીયમના દર ઓછા કરવા સરકારે શું વ્યવસ્થા કરી છે?

**જવાબ**

(૧) રાજ્યમાં રાષ્ટ્રીય કૃષિ વિમા યોજના કેન્દ્ર સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ રવિ/ઉનાળુ ૧૯૯૯-૨૦૦૦ થી અમલ કરવામાં આવે છે. યોજનાની જોગવાઇ મુજબ ખાધ્ય અને તેલીબીયાં પાકો માટે વિમા પ્રિમીયમ નોર્મલ દરે આખા દેશમાં એક સરખા રાખવામાં આવેલ છે. પરંતુ કપાસનો પાક વાણિજ્ય પાક હોઇ તેના વાસ્તવિક પ્રિમીયમના દરો વિમા કંપની દ્વારા નક્કી કરવામાં આવે છે. પાક વિમા યોજના હેઠળ તાલુકાને પાક વિમાનો એકમ ગણવામાં આવતો હોય ખાત્રી યુકત ઉપજ કરતાં તાલુકાની સરેરાશ ઉપજ ઓછી આવે તો તે ઘટાડાના પ્રમાણમાં પાક વિમાની રકમ નક્કી કરી મંજુર થયે વીમા કંપની દ્વારા ખેડૂતોને ચુકવવામાં આવે છે.

(૨) આમ છતાં પ્રિમીયમના દર ઓછા કરવા કેન્દ્ર સરકારશ્રીને રજુઆત કરેલ છે.

**સમાજકલ્યાણ ખાતાની યોજના બંધ કરવા અંગે**

૮૦૮૩ **શ્રી મનહરલાલ મ. મકવાણા (દસાડા)** :**માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યની અંદર સમાજકલ્યાણ ખાતા તરફથી તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ કઇ કઇ યોજના બંધ કરવામાં આવેલ છે, અને

(૨) એના કારણો શું છે?

**જવાબ**

(૧) અને (૨) : સામેલ પત્રક મુજબ

**<u>પત્રક</u>**

**ડૉ. પી.કે.દાસ સમિતિની, અલ્પ ઉપયોગી, બેવડાતી હોય તેવી તથા અન્ય ખાતામાં વધુ ઉપયોગી હોય તેવી સરકારી યોજનાઓ રદ કરવાની ભલામણનાં સંદર્ભે નીચે મુજબની યોજનાઓ રદ કરવામાં આવેલ છે.**

| ક્રમ | રદ કરેલ યોજના | યોજનાની વિગત | સુધારેલ યોજના |
|---|---|---|---|
| ૧ | ડ્રાય હોસ્ટેલ | ડ્રાય હોસ્ટેલમાં પોષ્ટ મેટ્રીક કક્ષામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ફકત રહેવા માટેની સુવિધા આપવામાં આવતી હતી. | યોજનામાં સુધારો કરીને વિદ્યાર્થીઓને રહેવા તથા જમવાની સગવડ આપવામાં આવે છે. |

| | | | |
|---|---|---|---|
| ૨ | મહિલાઓ માટે તાલીમ સહ ઉત્પાદન કેન્દ્રો | અનુસૂચિત જાતિની મહિલાઓને રેડીયો, ટીવી રીપેરીંગ માટેની તાલીમ અમદાવાદ ખાતેનાં એક જ કેન્દ્રમાં આપવામાં આવતી હતી અને તેમાં માસિક રૂા.૭૫ લેખે સ્ટાઇપેન્ડ આપવામાં આવતું હતું. | શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા આ જ પ્રકારની વધુ ઉપયોગી તાલીમ આપવામાં આવે છે. તેમજ સ્ટાઇપેન્ડ માસિક રૂા.૧૨૫ લેખે આપવામાં આવે છે. |
| ૩ | અંબર ચરખાની ખરીદી માટે નાણાંકીય સહાય | અંબર ચરખો ખરીદવા માટે રૂા.૧૭૦૦/- સહાય આપવામાં આવતી હતી. | કુટીર ઉદ્યોગ વિભાગ હસ્તક ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા અંબર ચરખાની યોજના અંતર્ગત તાલીમ ઉપરાંત અંબર ચરખાની ખરીદી માટે રૂા.૫૧૦૦/-ની કિંમતનાં ૬૫ ટકા સહાય પેટે રૂા.૩૩૧૫/- આપવામાં આવે છે. |
| ૪ | સ્વૈચ્છિક સંસ્થા તરફથી ચલાવવામાં આવતા બાલમંદિરોમાં અનુસૂચિત જાતિના બાળકોને વિશેષ સવલતો. | સ્વૈચ્છિક સંસ્થા તરફથી ચલાવવામાં આવતા ખાનગી બાલમંદિરોમાં અનુસૂચિત જાતિનાં બાળકોને પ્રવેશ માટે વાલીની વાર્ષિક રૂા.૭૨૦૦/- ની આવક મર્યાદા હતી. | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા હાલ ચલાવવામાં આવતી અનુસૂચિત જાતિનાં બાળકો માટેની બાલવાડીમાં કોઇપણ આવક મર્યાદા ધ્યાનમાં લીધા વગર પ્રવેશ આપવામાં આવે છે. |
| ૫ | ધોરણ ૮ થી ૧૦ માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિનાં બાળકોને ટ્યુશન ફી | છાત્રાલયની સુવિધા વાળી સરકાર માન્ય ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતાં અને છાત્રાલયમાં રહેતા ધોરણ ૮ થી ૧૦ના વિદ્યાર્થીઓ પૈકી જેના વાલીની વાર્ષિક આવક મર્યાદા રૂા.૨૪૦૦૦/- હોય તેને માસિક રૂા.૨૫૦/- લેખે વધુમાં વધુ દસ માસ માટે રૂા.૨૫૦૦/- ચૂકવવાની યોજના હતી. | ભારત સરકારની ૧૦૦ ટકા સહાય વાળી અપ ગ્રેડેશન ઓફ મેરીટ યોજના હેઠળ ધોરણ ૯ થી ૧૨નાં વિદ્યાર્થીઓને ટ્યુશન ફી, પુસ્તકો, ખિસ્સા ખર્ચી અને અન્ય સવલતો માટે રૂા.૧૫૦૦૦/- સુધીનાં ખર્ચની યોજના દાખલ કરવામાં આવેલ છે. |
| ૬ | વર્કમેન શેડ | છુટક મજૂરી કરવા માટે શહેરમાં આવતા અનુસૂચિત જાતિનાં મજૂરોને ઠંડી, ગરમી અને વરસાદ સામે રક્ષણ આપવા માટે ૫૦ વ્યકિતઓની ક્ષમતાવાળા શેડ અમદાવાદ, રાજકોટ અને વડોદરા શહેરમાં શેડ બાંધવાની યોજના હતી. | વર્ષ ૧૯૮૦-૮૧ માં આ યોજના મંજૂર થયા પછી અમલમાં આવેલ નથી. |
| ૭ | અનુસૂચિત જાતિનાં ખેડૂતોને ઓઇલ પંપ/ઇલેકટ્રીક મોટરના રીપેરીંગ માટે સહાય | વાર્ષિક આવક રૂા.૩૬૦૦ થી વધતી ન હોય તેવા અનુસૂચિત જાતિનાં ખેડૂતોને ઓઇલ પંપ/ઇલેકટ્રીક મોટર રીપેર કરવા માટે પાંચ વર્ષમાં એક વખત ખર્ચનાં ૫૦ ટકા અથવા રૂા.૫૦૦ની મર્યાદામાં સહાય આપવાની યોજના. | આ યોજનામાં નાણાંકીય સહાય ઘણી જ અપુરતી હોવાથી તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની જીવનધારાની યોજના હેઠળ કુવા ઉપર વિજળીકરણ માટે રૂા.૧૦,૦૦૦/- ની સહાય આપતી વધુ અસરકારક યોજના અમલમાં છે. |
| ૮ | ઠક્કરબાપા સેવા સરિતા યોજના | અનુસૂચિત જાતિ પૈકી અસ્વચ્છ વ્યવસાયમાં સંકળાયેલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના કાયમી કર્મચારી તેમજ ૧૮૦ દિવસથી વધુ સમય ફરજ બજાવતા હોય તેવા સફાઇ કામદારોને નીચે દર્શાવેલ રોગો સામે સહાય ચૂકવવાની યોજના હતી.<br>બ્રોન્કીએકેટીસ અને કાયમી દમ માટે માસિક રૂા.૩૦<br>કમળા માટે માસિક રૂા.૫૦ (ત્રણ માસ સુધી)<br><br>અંડાશયની ગાંઠ માટે કેસ દીઠ રૂા.૫૦૦ (એક વખત)<br>ઝાડા ઉલટી માટે કેસ દીઠ રૂા.૧૫૦ (એક વખત)<br>કોલેરા ટાઇફોડ માટે કેસ દીઠ રૂા.૩૦૦ (એક વખત)<br>ફ્રેકચર થયુ હોય તો રૂા.૧૦૦૦ (એક વખત) | સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાનાં કાયમી કર્મચારીઓને આ યોજના કરતા વધુ લાભો કર્મચારી તરીકે મળે છે. |
| ૯ | અનુસૂચિત જાતિઓ માટે ઓળખપત્રો | અનુસૂચિત જાતિની જાતિઓ માટે ઓળખપત્રો બનાવવાની યોજના રદ કરેલ છે. | અનુસૂચિત જાતિનાં લોકોને જાતિના પ્રમાણપત્રો આપવામાં આવે છે. |
| ૧૦ | પી.ડબલ્યુ.આર.-૨૧૯ યોજના હેઠળ અનુસૂચિત જાતિની સહકારી ગૃહ મંડળીઓને લોન સહાય | પી.ડબલ્યુ.આર-૨૧૯ યોજના હેઠળ અનુસૂચિત જાતિની સહકારી ગૃહ મંડળીઓને શહેરી વિસ્તારમાં રૂા.૪૦,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તારમાં રૂા.૨૫૦૦૦/- ની ટોચની કિંમતના ૭૦ ટકા લોન, ૨૦ ટકા સહાય અને ૧૦ ટકા લાભાર્થીનો શ્રમફાળો તેમજ લોન ઉપર ૫ ટકા વ્યાજનો દર નક્કી કરવામાં આવેલ હતો. | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં રૂા.૪૦,૦૦૦/- સુધીની ૧૦૦ ટકા સહાય આપવામાં આવે છે. |
| ૧૧ | અનુસૂચિત જાતિની સહકારી ગૃહ મંડળીઓને વિમા માટે સહાય | પી.ડબલ્યુ.આર-૨૧૯ યોજના હેઠળ અનુસૂચિત જાતિની સહકારી ગૃહ મંડળીઓને બંધાયેલ મકાનોના વિમા માટેની યોજનાને ૯૭-૯૮ના વર્ષમાં વહીવટી મંજૂરી મળેલ ન હતી. | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા પી.ડબલ્યુ.આર-૨૧૯ યોજના હેઠળ અનુસૂચિત જાતિની સહકારી ગૃહ મંડળીઓને મકાન બાંધવા માટે અપાતી ઓછી સહાય માટે ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ રૂા.૪૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.<br>ગૃહ મંડળીઓ દ્વારા બંધાયેલ મકાનોમાં વિમા માટેની યોજનાને ૯૭-૯૮ના વર્ષમાં વહીવટી મંજૂરી મળેલ ન હોવાથી આ યોજના અમલમાં રહેતી નથી. |

## જિલ્લા કક્ષાએ જાહેર કાર્યક્રમ દ્વારા શિષ્યવૃતિનું ચૂકવણું

૯૩૦૫ **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા)** :**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૦૪-૨૦૦૫ના નાણાકીય વર્ષમાં તા.૩૧.૧૨.૦૪ સુધીમાં જિલ્લા કક્ષાએ જાહેર કાર્યક્રમો કરીને કેટલા વિદ્યાર્થીઓને કેટલી શિષ્યવૃતિનું સીધું ચૂકવણું કરવામાં આવ્યું, | (૧) વિકસતી જાતિ કલ્યાણ ખાતા મારફતે ૧૮,૫૯,૬૨૩ વિદ્યાર્થીઓને રૂા.૨૩,૬૫,૮૯,૪૦૭ ની શિષ્યવૃતિનું શાળા મારફતે સીધું ચૂકવણું કરવામાં આવ્યું.<br>જયારે અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા મારફતે ૧,૮૪,૩૬૬ વિદ્યાર્થીઓને કુલ રૂા.૧૨૨૧.૯૪ લાખનું સીધું ચૂકવણું કરવામાં આવ્યું. |
| (૨) શિષ્યવૃતિની યોજના હેઠળ ભારત સરકાર પાસેથી ગ્રાન્ટ મેળવવામાં આવે છે કે કેમ, | (૨) હા |
| (૩) જો હા, તો આ પ્રયત્નો કયારથી શરુ કરવામાં આવ્યા અને કેટલી રકમની ગ્રાન્ટ મળેલ છે, અને | (૩) વિકસતી જાતિ કલ્યાણ ખાતામાં ભારત સરકાર પાસેથી ગ્રાન્ટ મેળવવાના પ્રયત્નો વર્ષ ૨૦૦૨-૨૦૦૩ માં શરુ કરવામાં આવ્યા અને તે હેઠળ વર્ષ ૨૦૦૩-૨૦૦૪ માટે રૂા.૫૮૩.૫૫ લાખ તથા વર્ષ ૨૦૦૪-૨૦૦૫ માટે પણ રૂા.૫૮૩.૫૫ લાખની ગ્રાન્ટ મળેલ છે.<br>જયારે અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતામાં ભારત સરકાર પાસેથી ગ્રાન્ટ મેળવવાની યોજના પ્રથમ થી જ અમલમાં છે અને સને ૨૦૦૪-૨૦૦૫ ના ચાલુ વર્ષમાં રૂા.૫૧૫.૭૮ લાખની ગ્રાન્ટ મળેલી છે. |
| (૪) અગાઉ આવા પ્રયત્ન થયા હતા કે કેમ? | (૪) વિકસતી જાતિ કલ્યાણ ખાતા માટે અગાઉ ભારત સરકાર પાસેથી ગ્રાન્ટ મેળવવામાં આવતી ન હતી. જયારે અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતામાં આવી યોજના પ્રથમથી અમલમાં છે. |

## રાજ્યમાં જિલ્લાવાર ઘાસ બેન્કો માટે ફાળવેલ રકમ

૯૦૪૪ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં જિલ્લાવાર કેટલી ઘાસ બેન્ક યોજનાઓ છે, અને કેટલી બેન્કો કાર્યરત છે, | (૧) ઘાસ બેન્કની એક યોજના છે હાલમાં ૯૨ ઘાસ બેન્કો કાર્યરત છે જેની વિગતો નીચે મુજબ છે. |

| ક્રમ | જિલ્લા-નું નામ | કુલ ઘાસ બેંક | હાલ માં કાર્યરત ઘાસ બેંક | રીમાર્ક | |
|---|---|---|---|---|---|
| ૧ | અમદા-વાદ | ૨ | ૧ | ૧ | ઘાસ બેંક ચાલુ વર્ષમાં પૂર્ણ થશે. |
| ૨ | સુરેન્દ્ર-નગર | ૨૯ | ૨૪ | ૫ | ઘાસબેંક ધરતીકંપ/ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | વાવાઝોડામાં પડી ગયેલ છે. |
| ૩ | જામ-નગર | ૭ | ૬ | ૧ | ઘાસ બેંક ધરતીકંપ/ વાવાઝોડામાં પડી ગયેલ છે. |
| ૪ | દાહોદ<br>ગોધરા | ૪<br>૧૦ | ૪<br>૧૦ | -<br>- | -<br>- |
| ૫ | ભૂજ-કચ્છ | ૪૪ | ૧૫ | ૨૯ | ઘાસબેંક ધરતીકંપ/ વાવાઝોડામાં પડી ગયેલ છે. |
| ૬ | રાજ-કોટ | ૧૧ | ૧૧ | - | - |
| ૭ | અમ-રેલી | ૧૧ | ૧૧ | - | - |
| ૮ | ભાવ-નગર | ૮ | ૮ | - | - |
| ૯ | પાલ-નપુર<br>પાટણ | ૧<br>૪ | ૧<br>૧ | ૧<br>૨ | વાવાઝોડાથી નુકશાન અપૂર્ણ છે. |
| | | ૧૩૧ | ૯૨ | ૩૯ | |

(૨) આવી ઘાસ બેંકોમાં મોટા પાયે ગેરરીતિઓ થઇ છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) લોકલ ફંડ ઓડીટ દ્વારા આ અંગે અનિયમિતતાની બાબત સરકારશ્રીના ધ્યાને મુકેલ છે.

(૩) જો હા, તો તા.૩૧.૧૨.૦૪ સુધીમાં સરકારને કેટલી ફરીયાદો મળી, અને

(૩) લોકલ ફંડ ઓડીટ દ્વારા આ અંગે અનિયમિતતાની બાબત સરકારશ્રીના ધ્યાને મુકેલ છે.

(૪) રાજ્ય સરકારે ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ નાણાકીય વર્ષમાં ડિસે-૦૪ ની સ્થિતિએ ઘાસબેંક માટે કેટલી રકમ ફાળવી?

(૪) રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૩-૦૪ના રૂા.૩.૦૦ લાખ અને વર્ષ ૨૦૦૪-૦૫ના વર્ષમાં ડિસે-૦૪ની સ્થિતિએ રૂા.૧.૦૦ લાખની રકમ ઘાસ બેંક માટે ફાળવી છે.

## જૂનાગઢ જિલ્લામાં ખેત તલાવડી બનાવવા અને તળાવો ઊંડા કરવાના કામો

૮૫૪૯ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૦૨ અને ૨૦૦૩ માં કેટલી ખેત તલાવડી બનાવવાના, તેમજ તળાવો ઊંડા કરવાના અને જળસંગ્રહ સ્ટ્રકચર બાંધવાનું નક્કી કર્યું હતું, અને

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી. દ્વારા કેલેન્ડર વર્ષ ૨૦૦૨ અને ૨૦૦૩ માં નીચે મુજબના ભૌતિક સંખ્યાનું આયોજન કરેલ.

| અ. નં. | વિગત | કેલેન્ડર વર્ષ | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૨ સંખ્યા | ૨૦૦૩ સંખ્યા | કુલ સંખ્યા |
| ૧ | ખેત તલાવડી | ૪૧ | ૬૨ | ૧૦૩ |
| ૨ | ગામ તળાવ | ૧૫ | ૨૨ | ૩૭ |
| ૩ | જળ સંગ્રાહક સ્ટ્રકચર | ૧૫ | ૨૧ | ૩૬ |
| | **કુલ :-** | **૭૧** | **૧૦૫** | **૧૭૬** |

(૨) તે પૈકી તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ કેટલા કામો પૂરા થયા છે?

(૨) ૩૧.૧૨.૦૪ની સ્થિતિએ નિગમે નીચે મુજબના કામો કરેલ છે.

| અ. નં. | વિગત | કેલેન્ડર વર્ષ | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૨ સંખ્યા | ૨૦૦૩ સંખ્યા | કુલ સંખ્યા |
| ૧ | ખેત તલાવડી | ૧૧૩ | ૩૯ | ૧૫૨ |
| ૨ | ગામ તળાવ | ૩૦ | ૨૧ | ૫૧ |
| ૩ | જળ સંગ્રાહક સ્ટ્રકચર | - | ૬ | ૬ |
| | **કુલ :-** | **૧૪૩** | **૬૬** | **૨૦૯** |

## સુરત જિલ્લામાં સહકારી મંડળીઓ

૧૦૦૪૨ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ)** : **માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧.૧૨.૨૦૦૪ની સ્થિતિએ કેટલી ખાંડ મંડળીઓ તેમજ અન્ય સહકારી મંડળીઓ કેટલી છે,

(૨) તે પૈકી કેટલી કાર્યરત છે, અને

(૩) તે પૈકી ફડચામાં ગયેલ સહકારી મંડળીઓને પુનઃજીવિત કરવા સરકારનું શું આયોજન છે?

**જવાબ**

(૧) ૧૧ ખાંડ મંડળીઓ અને ૪૨૪૪ અન્ય સહકારી મંડળીઓ.

(૨) ૭ ખાંડ મંડળીઓ અને ૪૦૮૩ અન્ય સહકારી મંડળીઓ.

(૩) કોઇ દરખાસ્ત મળેલ નથી.

**રાજ્યમાં કોન્ટ્રાકટ ફાર્મીંગ પ્રથા અમલી બનાવવા વિચારણા**

૯૭૦૦ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સરકાર કોન્ટ્રાકટ ફાર્મીંગ પ્રથા અમલી બનાવવા વિચારી રહી છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે પ્રથાના અમલીકરણ માટે સરકારે કોઇ પગલાં લીધેલ હોય તો તેવા પગલાંની વિગતો શું છે? | (૨) ભારત સરકાર તરફથી સૂચિત થયેલ 'મોડેલ એગ્રીમેન્ટમાં' માં જરૂરી સુધારા વધારા કરવા કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. |

**રાજકોટ જિલ્લાના તાલુકાઓમાં સેવા સહકારી મંડળીઓમાં ઉચાપત**

૮૧૧૪ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા)** : : **માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના ટંકારા પડધરી અને મોરબી તાલુકાની કેટલી સેવા સહકારી મંડળીઓમાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ મોટા પાયે કૌભાંડ અને અભણ ખેડૂતોના નામે ઉચાપત થઇ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આવી ઉચાપત થઇ હોય તેવી કુલ કેટલી મંડળીઓ છે, અને | (૨) ૨ (બે). |
| (૩) ઉચાપત અટકાવવા સરકાર દ્વારા કયા કયા પગલાઓ લેવામાં આવ્યા છે? | (૩) (૧) ઉચાપત અંગે જવાબદાર સામે પોલીસ ફરીયાદ કરવા માટે મંડળીને સૂચના આપવામાં આવેલી છે.<br>(૨) રાજકોટ ડીસ્ટ્રીકટ કો.ઓપ.બેંકના બ્રાન્ચ મેનેજરને ઉચાપત માટે તપાસણી કરવા સૂચના આપેલી છે તેમજ આ સમયનું ઓડીટ તાત્કાલિક હાથ ધરવા માટે ઓડીટરને પણ સૂચના આપેલી છે તેમજ જિલ્લા રજીસ્ટ્રારશ્રી, દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલી છે. |

**વડોદરા જિલ્લામાં વોટર શેડ પ્રોજેકટ હેઠળ થયેલ ખર્ચ**

૯૦૭૫ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ (સાવલી)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વોટરશેડના કુલ કેટલા અને કયા કયા પ્રોજેકટ ચાલે છે, | (૧)વડોદરા જિલ્લામાં ડીપીએપી અને આઈડબલ્યુડીપી કાર્યક્રમના કુલ ૧૪૧ પ્રોજેકટ ચાલે છે. |
| (૨) તાલુકાવાર તા.૩૧.૧.૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ કઈ સંસ્થાઓના કેટલા પ્રોજેકટ મંજૂર કરવામાં આવેલા છે, અને | (૨)છેલ્લા બે વર્ષમાં સાવલી, વાઘોડીયા, નસવાડી, કવાંટ, છોટાઉદેપુર અને જેતપુરપાવી એવા છ તાલુકા પંચાયતોને ૩૦ પ્રોજેકટો મંજુર કરવામાં આવેલ છે. |

(૩) આમાં તાલુકા પ્રમાણે કેટલો ખર્ચ થયો અને કેટલા હેકટરને પાણીનો લાભ મળેલ છે ?

(૩)તાલુકાવાર થયેલ ખર્ચની વિગતો સામેલ પરિશિષ્ટ-૧ મુજબ તેમજ પાણીના લાભની વિગતો સામેલ પરિશિષ્ટ-૨ મુજબ.

## પરિશિષ્ટ-૧

### જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, વડોદરા

| ક્રમ | સંસ્થાનું નામ | તાલુકાનું નામ | યોજનાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ (રૂા. લાખમાં) | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | તાલુકા પંચાયત સાવલી | સાવલી | ડીપીએપી-૯ | ૪.૮૦ | ૧.૪૮ |
| ૨ | તાલુકા પંચાયત વાઘોડીયા | વાઘોડીયા | ડીપીએપી-૯ | ૪.૮૦ | ૧.૪૯ |
| ૩ | તાલુકા પંચાયત નસવાડી | નસવાડી | ડીપીએપી-૯ | ૪.૮૦ | ૦.૫૦ |
| ૪ | તાલુકા પંચાયત કવાંટ | કવાંટ | ડીપીએપી-૯ | ૪.૮૦ | ૦.૫૦ |
| ૫ | તાલુકા પંચાયત છોટાઉદેપુર | છોટાઉદેપુર | ડીપીએપી-૯ | ૪.૮૦ | ૦.૫૦ |
| ૬ | તાલુકા પંચાયત જેતપુર પાવી | જેતપુર પાવી | IWDP (NEW) | ૧૦.૨૦ | ૦.૫૦ |
| | | **કુલ :-** | | **૩૪.૨૦** | **૪.૯૭** |

## પરિશિષ્ટ-૨

તા. ૩૧.૧.૦૫ની સ્થિતિએ હરીયાળી વોટરશેડ કાર્યક્રમ હેઠળ છે તાલુકા પંચાયતોને કુલ ૩૦ પ્રોજેકટ ફાળવવામાં આવેલ છે.

આ પ્રોજેકટનું અમલીકરણ ભારત સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ જિલ્લામાં કામ કરતી તાલુકા પંચાયતો મારફતે કરાવવાનું થાય છે. તા.૧.૪.૦૩ પછીથી ફાળવવામાં આવેલ પ્રોજેકટ સ્વૈચ્છિક સંસ્થાઓને ફાળવી શકાતા નથી અને આવા પ્રોજેકટને હરીયાળી વોટરશેડ પ્રોજેકટ નામ આપવામાં આવેલ છે.

વોટરશેડ કાર્યક્રમ હેઠળ હાથ ધરાતાં પ્રોજેકટની મુદત પાંચ વર્ષની છે અને આ પ્રોજેકટમાં ત્રણ તબકકે કામગીરી કરવામાં આવે છે. જેમાં પ્રથમ તબકકે તાલીમ, સંગઠન અને સ્થાનિક કક્ષાએ લોકોને કાર્યક્રમ સંબંધી જાણકારી, ગૃપોની રચના, બચત અને ધિરાણ, સ્થાનિકે નાના નાના ગૃહ ઉદ્યોગો કેવી રીતે હાથ ધરવા તે સંબંધી જાણકારી અને માર્ગદર્શન આપવામાં આવે છે.

તેમજ આ કાર્યક્રમના અમલીકરણ સાથે સંકળાયેલા કર્મચારી/અધિકારીઓને સ્થાનિક કક્ષાએ રચાયેલા જુથોને તાલીમ અને સમગ્ર ગામના સર્વાંગી વિકાસ માટેની પ્રાથમિક કાર્યવાહીઓ, સર્વે વિગેરેની કામગીરી હાથ ધરવામાં આવે છે.

જ્યારે બીજા તબકકામાં ચેકડેમો, ખેતતલાવડી, નાળા પ્લગ વગેરે જેવા કાયમી અને ટકાઉ અસ્કયામતો ઉભી થાય અને તેમાંથી લોકોને સીધો લાભ મળે તેવા કામો હાથ ધરવામાં આવે છે.

જ્યારે ત્રીજા તબકકામાં વિસ્તારમાં તાલીમ અને સંગઠન ઉપરાંત થયેલા ભૌતિક કામોમાંથી લોકોને વધુમાં વધુ લાભ થાય, લોકોની આવકમાં વધારો થાય અને પ્રોજેકટ હેઠળ જે અસ્કયામતો ઉભી થઈ છે તેનું મહત્તમ ઉપયોગ થઈ શકે તેવા કામો હાથ ધરવામાં આવે છે. દા.ત. એક ચેકડેમ બાંધવાથી સિંચાઈ માટે ઉપલબ્ધ થયેલ પાણીનો કરકસરપુર્ણ ઉપયોગ થાય કે જેના ધ્વારા વધુ વિસ્તારને પાણી મળી શકે. તેમજ ડ્રીપ ઈરીગેશન, વર્મી કમ્પોઝ, સુધારેલા બિયારણો વગેરે બાબતોને આવરી લેવામાં આવે છે.

ઉપરોકત વિગતે ગત વર્ષે મંજુર થયેલ પ્રોજેકટમાં પ્રથમ તબકકાની તાલીમ અને સંગઠનની કામગીરી થયેલ હોય, ચેકડેમ અને ખેતતલાવડી જેવા જળસંગ્રહના કામો હાથ ધરાયેલ નથી, જેથી સિંચાઈના લાભ મળી

શકતા નથી. વળી વોટરશેડ કાર્યક્રમ એ વિસ્તાર વિકાસ કાર્યક્રમ છે, જેમાં સિંચાઈની સુવિધા પુરી પાડવી તે ગૌણ બાબત છે.

## ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ ચૂકવેલ રકમ

૮૪૯૪ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડૂત અકસ્માત વિમા યોજના અંતર્ગત રાજયમાં જિલ્લાવાર કુલ કેટલી અરજીઓ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧.૧૨.૦૪ સુધીમાં આવી, અને | (૧) ૨૨૮૫. રાજ્યમાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં તા.૩૧.૧૨.૨૦૦૪ સુધીમાં પત્રક-૧ મુજબની કુલ ૨૨૮૫ અરજીઓ મળેલ છે. |
| (૨) તે પૈકી કેટલાની વિમાની રકમ ચૂકવવામાં આવી ? | (૨) ૪૯૨. |

**પ ત્ર ક - ૧**

| અ.નં. | જિલ્લાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૫૧ |
| ૨ | અમરેલી | ૧૧૩ |
| ૩ | આણંદ | ૮૩ |
| ૪ | બનાસકાંઠા | ૧૧૪ |
| ૫ | ભરૂચ | ૩૫ |
| ૬ | ભાવનગર | ૧૫૫ |
| ૭ | દાહોદ | ૧૬ |
| ૮ | ગાંધીનગર | ૮૦ |
| ૯ | જામનગર | ૧૪૫ |
| ૧૦ | જુનાગઢ | ૧૪૯ |
| ૧૧ | ખેડા | ૯૫ |
| ૧૨ | કચ્છ | ૬૪ |
| ૧૩ | મહેસાણા | ૧૫૨ |
| ૧૪ | પંચમહાલ | ૬૪ |
| ૧૫ | નવસારી | ૪૪ |
| ૧૬ | પાટણ | ૫૮ |
| ૧૭ | પોરબંદર | ૩૬ |
| ૧૮ | રાજકોટ | ૨૫૬ |
| ૧૯ | સાબરકાંઠા | ૧૫૨ |
| ૨૦ | સુરત | ૮૧ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૯૮ |
| ૨૨ | વડોદરા | ૧૦૦ |
| ૨૩ | વલસાડ | ૩૮ |
| ૨૪ | નર્મદા | ૫ |
| ૨૫ | ડાંગ | ૧ |
| | **કુલ :-** | **૨૨૮૫** |

## રાજ્યમાં મત્યસ્યોદ્યોગના વિકાસનું આયોજન

૮૧૩૩ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ): માનનીય મત્યસ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં મત્યસ્યોદ્યોગના વિકાસ માટે રાજ્ય સરકારનું કોઈ વિશેષ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કયા પ્રકારે આ ધંધાનો વિકાસ કયા સુધીમાં કઈ કઈ પધ્ધતિથી કરવાનું સરકારનું આયોજન છે ? | (૨)ગુણવત્તા સભર માછલીઓ જળવાઈ રહે તે માટે રાજ્ય સરકાર ધ્વારા વિશેષ આયોજન કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે વેરાવળ, માંગરોળ, પોરબંદર તથા જખૌ ખાતે મત્યસ્યોદ્યોગ ટર્મિનલ ડીવીઝનો ઉભા કરવામાંઆવેલછે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં માછીમારોને અત્યાર સુધી મુંબઈ ઉપર આધારિત હતા તેમના માટે દક્ષિણ ગુજરાતમાં નવસારી જિલ્લાના ધોલાઈ ખાતે મત્સ્ય બંદર બનાવવા રૂા. ૧૪૭૭ લાખના ખર્ચે મંજૂરી આપવામાં આવી છે. તેમજ સૌરાષ્ટ્રમાં ઓખા ખાતે મત્સ્યબંદર બનાવવા રૂા. ૨૩૪૬ લાખના ખર્ચે મંજૂરી આપવામાં આવી છે. |

## વાલીયા તાલુકાની ગૌચરની ખરાબાની જમીન ઉપર દબાણ

૯૭૧૪ **શ્રી છોટુભાઈ અ. વસાવા (ઝગડિયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વાલીયા તાલુકાના કનેરાવ ગ્રામ પંચાયત હસ્તકની ગૌચર ખરાબાની જમીનો તેમજ સ્મશાનની જમીન ગોદરેજ કંપનીએ દબાણ કરેલ છે. એ હકીકત સાચી છે, | (૧) ના જી. |
| (૨) આ ગુજરાત ગોદરેજ કંપનીએ કયા કયા સર્વે નંબરો ગૌચર ખરાબાની જમીનો તેમજ સ્માશનની જમીનમાં દબાણ કરેલ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સરકારને આ ખાનગી કંપનીએ દબાણ કરેલ છે એની જાણ છે, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જો હા, તો સરકાર આ દબાણ દૂર કરાવવા માંગે છે કે કેમ, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) જો હા, તો કેટલા સમયમાં ? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## ભાવનગર જિલ્લામાં વૈજ્ઞાનિક પરીક્ષણ

૮૭૨૩ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કૃષિ વિભાગ ધ્વારા જમીનના વૈજ્ઞાનિક પરીક્ષણ કાર્યક્રમ નીચે ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં સને ૨૦૦૪માં પરીક્ષણ કરવામાં આવ્યું. | (૧) સને ૨૦૦૪માં ભાવનગર જિલ્લામાં ૧૧ તાલુકાના કુલ ૮૧૫ ગામોમાં જમીનનું વૈજ્ઞાનિક પરીક્ષણ કરવામાં આવ્યું. તેની વિગત નીચે મુજબ છે. |

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **જમીનનું વૈજ્ઞાનિક પરીક્ષણ કરવામાં આવેલ ગામોની સંખ્યા** |
|---|---|---|
| **૧** | **૨** | **૩** |

| | | |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૫૮ |
| ૨ | શિહોર | ૮૧ |
| ૩ | વલ્લભીપુર | ૫૯ |
| ૪ | ગઢડા | ૭૭ |
| ૫ | ઉમરાળા | ૪૨ |
| ૬ | બોટાદ | ૫૨ |
| ૭ | તળાજા | ૧૧૬ |
| ૮ | પાલીતણા | ૯૬ |
| ૯ | ગાયીયાધાર | ૫૨ |
| ૧૦ | મહુવા | ૧૫ |
| ૧૧ | ઘોઘા | ૪૭ |
| | કુલ.. | ૮૧૫ |

(૨) આ પરીક્ષણ મુજબ ખેડુતોને પાક સંબંધી માર્ગદર્શન આપવા શું વ્યવસ્થા કરવામાં આવેલ છે, અને

(૨) ખેતીવાડી ખાતા ધ્વારા ગ્રામસભાઓ, ખેડૂત શિબિરો, ખેડુત તાલીમ વર્ગ, કૃષિમેળા વગેરેનું આયોજન કરી, પરીક્ષણ મુજબ ખેડુતોને પાક સંબંધી માર્ગદર્શન આપવામાં આવેલ છે.

(૩) પરીક્ષણ મુજબ ખેડુતોએ અમલીકરણ કરેલ હોય તો શું ફાયદો થયો ?

(૩) જમીનના વૈજ્ઞાનિક પરીક્ષણ પૂર્વે ખેડુતો પોતાની રીતે રાસાયણીક ખાતર, જમીનનો પ્રકાર કે પાકની જરૂરીયાતને ધ્યાને લીધા સિવાય વાપરતા હતા. જે વૈજ્ઞાનિક પરીક્ષણ બાદ પાકને તથા જમીનને જરૂર પુરતા પ્રમાણમાં જ ખાતરો વાપરતા થયેલ છે. જમીનની તંદુરસ્તીની જાળવણી તથા પાક ઉત્પાદનમાં હકારાત્મક વધારો જણાયેલ છે.

**રાજ્યમાં કૃષિ ઉત્પાદન વધારવા સ્પેશ્યલ ઈકોનોમીકસ ઝોનની સ્થાપવા બાબત.**

૮૦૪૯ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યના નિકાસને વેગ આપવા માટે કૃષિ ઉત્પાદિત ચીજોના સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન સ્થાપવા સરકારે કયાં કયાં અને કઈ કઈ કૃષિ ઉત્પાદિત ચીજો માટે નક્કી કર્યું છે,

(૧) રાજ્યમાં કૃષિ ઉત્પાદિત ચીજોના સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન સ્થાપવા કોઈ વિચારણા કરવામાં આવેલ નથી.

(૨) આગામી કેટલા સમયમાં કૃષિ ઉત્પાદિત એસ.ઈ.ઝેડ સ્થાપવાની શી કામગીરી કરવામાં આવનાર છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ અંગેની હાલના તબક્કે શી કાર્યવાહી થઈ છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યમાં ખેડુતોને કપાસના પોષણક્ષમ ભાવો**

૯૦૮૮ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ખેડૂતોને કપાસના પોષણક્ષમ ભાવો મળતા નથી તે રાજ્ય સરકારના ધ્યાને છે, અને

(૧) ખેડૂતોને કપાસના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે રાજ્યમાં ભારત સરકારની ટેકાના ભાવની યોજના હેઠળ ભારત સરકારની નોડલ એજન્સી કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડીયા મારફત કપાસની ખરીદી કરવાની પ્રક્રિયા ચાલુ છે.

(૨) જો હા, તો ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે તે માટે સરકારે શી વ્યવસ્થા કરી છે. ?

(૨) રાજ્ય સરકારે ભારત સરકારને તેમની નોડલ એજન્સીના વધુ કેન્દ્રો ખોલી આ ખરીદી કરવા વિનંતી કરી છે.

## સુરેન્દ્રનગર જિલ્લામાં ઈઝરાયલ પધ્ધતિથી ખેતી માટે માર્ગદર્શન

૮૧૯૭ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ તાલુકામાં એગ્રો હસ્તક ખેતર ડી ફાર્મ બનાવાયેલ તેમાં ખેડૂતોને માટે ઈઝરાયેલની પધ્ધતિથી ખેતી કરવામાં આવે તે માટે માર્ગદર્શન મળી રહે તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે,

(૧) આશરે રૂા. ૬૭/- લાખ.

(૨) તા.૩૧.૧૨.૨૦૦૪ની સ્થિતિએ આ ફાર્મમાં અખતરા પધ્ધતિ ચાલુ છે કે કેમ, અને

(૨) ના જી.

(૩) જો હા, તો કયા કયા પાકોની અખતરા પધ્ધતિ ચાલુ છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## બારડોલી અને માંડવી તાલુકામાં તલાટી-કમ-મંત્રી/ગ્રામ સેવકોની ખાલી જગા

૮૫૮૦ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બારડોલી અને માંડવી તાલુકામાં તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ તલાટી-કમ-મંત્રી તથા ગ્રામ સેવકોની કેટલી જગ્યા ખાલી છે, અને

(૧)

| અ.નં. | સંવર્ગનું નામ | બારડોલી | માંડવી |
|---|---|---|---|
| ૧ | તલાટી-કમ-મંત્રી | ૧૮ | ૧૧ |
| ૨ | ગ્રામસેવક | ૦૮ | ૦૬ |

(૨) જે ગામોમાં આ જગ્યા ખાલી છે તેમાં આ તલાટી તથા ગ્રામ સેવકોની કામગીરી માટે સરકાર ધ્વારા શું વૈકલ્પીક વ્યવસ્થા કરવામાં આવી છે ?

(૨) ખાલી જગ્યાનો ચાર્જ આપી કામગીરી માટે વૈકલ્પિક વ્યવસ્થા કરેલ છે.

## બનાસકાંઠા જિલ્લામાં આદર્શ નિવાસી પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાને ચૂકવેલ ગ્રાન્ટ

૯૬૮૦ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર)** : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ તાલુકાવાર આદર્શ નિવાસી પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓની સંખ્યા કેટલી,

(૧) પ્રાથમિક કક્ષાના શિક્ષણ માટે આદર્શ નિવાસી શાળાની યોજના નથી, પરંતુ માધ્યમિક કક્ષાના શિક્ષણ માટે આદર્શ નિવાસી શાળાની યોજના છે. અનુસુચિત જાતિની એક આદર્શ શાળા પાલનપુર ખાતે છે. જયારે વિકસતિ જાતિની એક પણ આદર્શ નિવાસી શાળા નથી.

(૨) આ શાળાઓમાં શાળાદીઠ કેટલા વિદ્યાર્થી અભ્યાસ કરે છે, અને

(૨) આદર્શ નિવાસી શાળા, પાલનપુરમાં ૧૩૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

(૩) તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં શાળાવાર કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવી ?

(૩) આદર્શ નિવાસી શાળા, પાલનપુરને છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવી.

| વર્ષ | થયેલ ખર્ચ રૂા. |
|---|---|
| ૨૦૦૧-૦૨ | ૧૮,૬૫,૦૦૦/- |
| ૨૦૦૨-૦૩ | ૧૭,૧૫,૦૦૦/- |
| ૨૦૦૩-૦૪ | ૨૯,૯૭,૦૦૦/- |

## કચ્છ જિલ્લામાં ખેતી સહાય-સામગ્રી આપવાની બાબતે ગેરરીતિ

૯૬૯૩ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૧.૦૧.૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં ખેતી સહાય સામગ્રી આપવાની યોજનામાં અન્વયે ગેરરીતિ સબબ કેટલી ફરીયાદો જિલ્લા અને રાજય કક્ષાએ મળી છે, | (૧) એક ફરીયાદ મળી છે. |
| (૨)સરકારે શાં શાં પગલા ભર્યા, | (૨) પ્રાથમિક તપાસ અહેવાલ મેળવેલ છે. |
| (૩)કેટલા કેસોમાં તપાસ કરવામાં આવી, અને | (૩) મળેલ એક ફરીયાદની પ્રાથમિક તપાસ કરાવી છે. |
| (૪)કોની જવાબદારી નકકી કરી શા પગલાં ભર્યા ? | (૪) પ્રાથમિક તપાસ અહેવાલ વિચારણામાં છે. |

## ડાંગ અને નવસારી જિલ્લામાં ગૌચરના દબાણો

૯૦૩૬ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ અને નવસારી જિલ્લામાં તાલુકાવાર તા.૩૦.૧૨.૦૪ની સ્થિતિએ ગૌચર જમીનના કેટલા દબાણો છે, અને | (૧) ડાંગ જિલ્લામાં ગૌચરની જમીન પ્રોટેકટેડ ફોરેસ્ટ તરીકે કમી કરી મહેસૂલ ખાતાના કે પંચાયતને તબદિલ કરેલ નથી જેથી ગૌચરની જમીન ઉપરના દબાણો બાબતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. નવસારી જિલ્લામાં તાલુકાવાર તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ ગૌચર જમીનના દબાણો નીચે મુજબ છે. |

| ક્રમ | તાલુકાનુ નામ | દબાણોની સંખ્યા |
|---|---|---|
| ૧ | નવસારી | ૪૮ |
| ૨ | જલાલપોર | ૧૭ |
| ૩ | ગણદેવી | ૨૭ |
| ૪ | ચીખલી | ૨૯ |
| ૫ | વાંસદા | ૩૭૨ |
| | **કુલ :-** | **૪૯૩** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ દબાણો દૂર કરવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ ૧૦૫ હેઠળ ગૌચરની જમીન ઉપર દબાણો દૂર કરવાના અધિકારો ગ્રામ પંચાયતોને સુપ્રત કરવામાં આવે છે. જે અન્વયે ગ્રામ પંચાયત ધ્વારા દબાણદારોને નોટીસ આપી કાર્યવાહી કરવામાં આવે છે. |

## કૃષિ યુનિવર્સિટીમાં સંશોધન ક્ષેત્રે સેન્ટર ઓફ એકસલન્સ

૯૦૫૬ **શ્રી રતિલાલ ગો. સુરેજા (માણાવદર)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજયની કૃષિ યુનિવર્સિટીઓમાં સંશોધન ક્ષેત્રે કેટલા સેન્ટર ઓફ એકસલન્સ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) ચાર |
| (૨) કયા કયા અને તેનાથી રાજયને શું લાભ થશે ? | (૨) |

| | |
|---|---|
| (૧) | સેન્ટર ઓફ એકસલન્સ ઓન |

| | |
|---|---|
| | બાયોટેકનોલોજી, આણંદ |
| (૨) | સેન્ટર ઓફ એકસલન્સ ઓન સોઈલ એન્ડ વોટર મેનેજમેન્ટ, જૂનાગઢ. |
| (૩) | સેન્ટર ઓફ એકસલન્સ ઓન પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલાજી, નવસારી. |
| (૪) | સેન્ટર ઓફ એકસલન્સ ઓન કેસ્ટર, દાંતીવાડા.<br>સામેલ પત્રક મુજબ લાભ થશે. |

**પ ત્ર ક**

- **સેન્ટર ઓફ એકસલન્સ ઓન બાયોટેકનોલોજી, આણંદ :-**
- રોગ અને જીવાત સામે સારી ગુણવત્તાવાળી પ્રતિકારક જાતો તથા પાણીની ખેંચવાળી અને ક્ષારવાળી જમીનને અનુકૂળ સુધારેલ જાતો તૈયાર કરી શકાશે, જેનાથી અગત્યના પાકોનું ઉત્પાદન વધશે.
- બિન ખર્ચાળ અને પર્યાવરણ અનુકૂળ પધ્ધતિઓ જેવી કે, જૈવિક ખાતરો, જૈવિક કિટનાશકોનો ઉપયોગ કરવામાં આવશે અને કૃષિ આડ પેદાશોનું જૈવિક પધ્ધતિ ધ્વારા ફાયદાકારક નિપજમાં રૂપાંતર કરી શકાશે.
- પેશી સંવર્ધનની મદદથી કૃષિ અને બાગાયતી પાકોની સુધારેલ જાતોનો પ્રસાર થઈ શકશે.
- પશુપાલન ક્ષેત્રે જાનવરોની ઉત્પાદકતા વધારવા અને પ્રજજન ક્ષમતા વધારવાના સંશોધન હાથ પર લેવામાં આવશે. તદ્ઉપરાત પશુઓમાં આવતા રોગોનું જલ્દી નિદાન કરી શકાય તેવી પધ્ધતિઓ બાયોટેક ધ્વારા વિકસાવી શકાશે. તેમજ રોગો સામેની અસરકારક રસીઓ તૈયાર થઇ શકશે.
- ડેરી વિજ્ઞાન ખાતે લેકટીક એસીડ ઉત્પન્ન કરતાં સુક્ષ્મ જીવોનો અભ્યાસ તેમજ પ્રોબાયોટીક અને ફંકશનલ ખાદ્ય પદાર્થો વિકસાવી શકાશે.
- કૃષિ બાયો ટેકનોલાજીના અંતિમ તબકકામાં જુદા જુદા પાકો અને પશુઓના આર્થિક લક્ષણોને લગતા જનીનોની ઓળખ કરી ટ્રાન્સજનીક પાકો અને પશુઓ વિકસાવી શકાશે.
- દેશી કપાસમાં ગુણવત્તા સુધારવા માટે તારની લંબાઈ, મજબુતાઈ અને સુવાળપ વધારવા માટે સંશોધન હાથ ધરી શકાશે.
- **સેન્ટર ઓફ એકસલન્સ ઓન સોઈલ એન્ડ વોટર મેનેજમેન્ટ, જૂનાગઢ :-**
- સૌરાષ્ટ્રના દરિયા કાંઠાના વિસ્તારમાં થતી ખેતીમાં દરિયાઈ પાણીથી જમીનમાં વધતી જતી ખારાશ અટકાવી શકાશે.
- જળ અને જમીનની ખારાશ અટકાવવા અંગે અનુસ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ અને સરકારી તેમજ બિન સરકારી સંસ્થાના કર્મચારીઓને તાલીમ આપી નિષ્ણાત માનવ બળ તૈયાર કરી શકાશે.
- અમુક અંશે ખારા પાણીનો ઉપયોગ કરી જુદા જુદા પાકોના વાવેતર ધ્વારા કૃષિ ઉત્પાદનમાં વધારો કરી શકાશે.
- રિમોટ સેન્સીંગ પધ્ધતિ ધ્વારા ભૂતળનો અભ્યાસ કરી જળ અને જમીન સંરક્ષણના પગલાં લઈ શકાશે.
- **સેન્ટર ઓફ એકસલન્સ ઓન પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલાજી, નવસારી :-**
- પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી સેન્ટર ધ્વારા બાગાયતી પાકોના પાયાના તથા પ્રાયોગિક સંશોધનમાં ફેરવણી, ફેરવણી, જાળવણી, સંગ્રાહણ અને વિવિધ ક્ષેત્રે સંશોધન કાર્ય હાથ ધરાશે. જેનાથી ખેડૂતો પોતાના

બાગાયતી પાકો અને શાકભાજીના પાકોની પેદાશોને મુલ્ય વર્ધિત પેદાશોમાં રૂપાંતરિત કરી, પરદેશમાં તેની નિકાસ કરી વધુ આવક મેળવી શકશે.

- **સેન્ટર ઓફ એકસલન્સ ઓન કેસ્ટર, દાંતીવાડા :-**
- દિવેલાના સેન્ટરની સ્થાપના થવાથી ઉત્તર ગુજરાતના અગત્યના રોકડીયા પાક દિવેલાની વધુ ઉત્પાદન આપતી/સુકારા જેવા રોગ અને જીવાત સામે પ્રતિકારક, ક્ષારીય જમીન અને શુષ્ક વિસ્તાર માટે ઓછા પિયતથી વધુ ઉત્પાદન આપતી હાઈબ્રીડ જાતો વિકસાવી, મૂલ્યવર્ધન પેદાશો માટે જરૂરી ગુણધર્મો ધરાવતી જાતોનું બીજ ઉત્પાદન કરી, ખેડૂતોને પુરુ પાડવામાં આવશે.

## રાજ્યમાં એગ્રીકલ્ચર એક્ષ્પોર્ટ ઝોન

૯૦૭૮ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કુલ કેટલા એગ્રીકલ્ચર એક્ષ્પોર્ટ ઝોન હાલ કાર્યરત છે, | (૧) ૨ (બે). |
| (૨) તલ માટે એગ્રીકલ્ચર એક્ષ્પોર્ટ ઝોનને મંજૂરી મળી છે તે હકીક્ત સાચી છે, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો આ ઝોન મંજૂર થવાથી રાજ્યને શું ફાયદો થનાર છે? | (૩) રાજ્યમાં એગ્રીકલ્ચર એક્ષ્પોર્ટ ઝોનની સ્થાપના કરવાથી રાજ્ય સરકાર, ભારત સરકાર, નિકાસકારો અને પ્રોસેસીંગ યુનિટોના ઉદ્યોગ સાહસિકો દ્વારા એકસાથે મળીને સંકલિત અભિગમ અપનાવવામાં આવશે. જેનાથી ગુજરાતના તલની આંતરરાષ્ટ્રિય સ્તરે સ્પર્ધાત્મકતા વધશે અને ખેડૂતોને પોષણક્ષમ વળતર મળશે. |

## માંડલ, દેત્રોજ અને વિરમગામ તાલુકામાં ઈન્દિરા આવાસ યોજનાના આવાસો

૮૬૦૫ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) માંડલ, દેત્રોજ, વિરમગામ તાલુકાના કેટલા ગામોમાં ઈન્દિરા આવાસ યોજનાના આવાસો બનાવવામાં આવ્યા છે,

(૧) છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસ બનાવવામાં આવેલ તાલુકાવાર ગામોની સંખ્યા નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|
| (૧) | વિરમગામ | ૬૪ |
| (૨) | માંડલ | ૩૮ |
| (૩) | દેત્રોજ | ૫૮ |

(૨) આ આવાસો કેટલા લાભાર્થીઓને ફાળવેલ છે, અને

(૨) ૨૫૨ લાભાર્થીઓને ફાળવેલ છે.

(૩) બાકી રહેતા લાભાર્થીઓ માટે શું આયોજન છે?

(૩) બાકી રહેતા લાભાર્થીઓને વાર્ષિક આયોજનમાં સમાવી લઈને સરકારશ્રીનાં નિયત લક્ષ્યાંક મુજબ આવરી લેવામાં આવશે.

## ભાવનગર ગ્રામ વિકાસ એજન્સી હેઠળ ડાયમંડ સંસ્થા બંધ થવા અંગે

૯૭૦૯ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત ચાલતી ડાયમંડ ઈન્સ્ટીટ્યુટ દ્વારા અપાતી તાલીમ ગ્રાન્ટના અભાવે બંધ થવાની અણી પર છે તેની માહિતી સરકારને છે, અને | (૧) હા, જી. |
| (૨) આ ફરિયાદના ઉકેલ માટે સરકારે શી વ્યવસ્થા કરી છે? | (૨) ભાવનગર ડાયમંડ ઈન્સ્ટીટયુટ અંગેનો સ્પે. પ્રોજેકટ મંજૂરી અર્થે ભારત સરકારને મોકલવામાં આવેલ છે. |

## જેતપુર અને ગોંડલ તાલુકામાં પશુ દવાખાનામાં ડૉકટર અને કર્મચારીઓની ખાલી જગ્યાઓ

૮૨૨૮ **શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર)** : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જેતપુર તથા ગોંડલ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ડીસે. ૦૪ની સ્થિતિએ કેટલા પશુ દવાખાના આવેલા છે, | (૧) જેતપુર-૨<br>ગોંડલ-૨ |
| (૨) તેમાં વેટરનરી ડૉકટર તથા કર્મચારીઓની કેટલી જગા ખાલી છે, અને | (૨) વેટરનરી ડૉકટરની કોઈ જગ્યા ખાલી નથી. જ્યારે ડ્રેસરની બે જગ્યા ખાલી છે. |
| (૩) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શી વ્યવસ્થા કરી છે? | (૩) સરકારશ્રી દ્વારા આ ખાલી જગ્યાઓ ભરવા અંગેની બાબત વિચારણામાં છે. |

## બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં રહેમરાહે નોકરીના પડતર કેસો

૯૬૮૨ **શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૪ સુધીમાં બનાસકાંઠા જિલ્લામાં પંચાયત વિભાગમાં વારસદારોને રહેમરાહે નોકરી આપવાના કેટલા કેસો પડતરમાં છે, | (૧) ૬૭. |
| (૨) પડતર રહેવાના કારણો શાં છે, અને | (૨) વહીવટી કારણોસર. |
| (૩) સરકાર કેટલા સમયમાં આવા વારસદારોને નોકરી આપવા વિચારે છે? | (૩) બનતી ત્વરાએ. |

## રાજ્યમાં ગુમાવેલ માનવદિનની સંખ્યામાં ઘટાડો

૯૩૧૧ **શ્રી દિપસિંહ શં. રાઠોડ(પ્રાંતિજ)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઓછા ગુમાવેલ માનવદિનની સંખ્યામાં ગુજરાત રાજ્ય દેશભરમાં પ્રથમ નંબરે છે, શું આ હકીકત સાચી છે, | (૧) હા, જી. |

(૨) જો હા, તો રાજ્યની ઔદ્યોગિક શાંતિ જાળવવા માટે રાજ્ય સરકારે શું પગલાં લીધા છે, અને

(૨) રાજ્ય સરકારે નીચે મુજબનાં પગલાં લીધા છે.

(૧) શ્રમ પરિસ્થિતિ ઉદ્દભવવાની શક્યતા હોય તો આગોતરી અસરકારક દરમ્યાનગીરી કરવામાં આવેલ છે.

(૨) શ્રમ પરિસ્થિતિના ત્વરિત નિરાકરણ માટે ઘટતાં પગલાં લેવામાં આવેલ છે.

(૩) લાંબો સમય ચાલુ રહેલ શ્રમ પરિસ્થિતિને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની જોગવાઈ હેઠળ પ્રતિબંધિત કરવામાં આવે છે.

(૩) છેલ્લા ત્રણ વર્ષમાં ગુમાવેલ માનવદિનની સંખ્યા ઉત્તરોત્તર ઘટી રહી છે તે હકીકત સાચી છે ?

(૩) હા, જી.

## મહુધા અને નડિયાદ તાલુકામાં ગૌચરની જમીન

૮૪૨૬ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

ખેડા જિલ્લાના મહુધા અને નડિયાદ તાલુકામાં કેટલા ગામોમાં ગૌચરની જમીન નથી?

**જવાબ**

ખેડા જિલ્લાના મહુધા તાલુકામાં તમામ ગામોમાં ગૌચરની જમીન છે.

નડિયાદ તાલુકાના સીલોડ અને યોગીનગર ગામોમાં ગૌચરની જમીન નથી.

## જામનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનાની મળેલ અરજીઓ

૮૭૯૫**શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના ભાણવડ, જામખંભાળીયા તથા લાલપુર તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) તાલુકાવાર મળેલ અરજીઓની વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ૨૦૦૩-૦૪ ના વર્ષમાં મળેલ અરજીઓ | ૨૦૦૪-૦૫ ના વર્ષમાં મળેલ અરજીઓ |
|---|---|---|
| ભાણવડ | ૮૭ | ૯૨ |
| ખંભાળીયા | ૫૫ | ૧૦૭ |
| લાલપુર | ૩૧ | ૭૩ |
| કુલ : | ૧૭૩ | ૨૭૨ |

(૨) આ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | ૨૦૦૩-૦૪ ના વર્ષમાં મળેલ અરજીઓ | ૨૦૦૪-૦૫ ના વર્ષમાં મળેલ અરજીઓ |
|---|---|---|
| ભાણવડ | ૫૨ | ૩૮ |
| ખંભાળીયા | ૫૫ | ૯૮ |
| લાલપુર | ૩૧ | ૪૧ |

| | | |
|---|---|---|
| કુલ : | ૧૩૮ | ૧૭૭ |

(૩) મંજૂર થયેલ અરજીઓ પૈકી કેટલા કામો શરૂ કરવામાં આવેલ નથી?

(૩)

| તાલુકાનું નામ | ૨૦૦૩-૦૪ ના વર્ષમાં મળેલ અરજીઓ | ૨૦૦૪-૦૫ ના વર્ષમાં મળેલ અરજીઓ |
|---|---|---|
| ભાણવડ | ૫ | ૯ |
| ખંભાળીયા | ૦ | ૦ |
| લાલપુર | ૦ | ૧૧ |
| કુલ : | ૫ | ૨૦ |

## અમદાવાદ જિલ્લામાં પશુ દવાખાનામાં પશુચિકિત્સકોની ખાલી જગ્યાઓ

૮૬૩૭ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ(સાબરમતી)** : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૪ની સ્થતિએ કેટલા પશુ દવાખાનાઓ અને પશુ સારવાર કેન્દ્રો કાર્યરત છે,

(૨) તે પૈકી કેટલા દવાખાના અને કેન્દ્રોમાં કેટલા ડૉકટરો તથા પશુચિકિત્સકોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યા કેટલા સમયમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૪ની સ્થિતિએ ૧૭ પશુ દવાખાનાઓ અને ૧૯ પશુ સારવાર કેન્દ્રો કાર્યરત છે.

(૨) પશુ દવાખાનાઓ ખાતે ડૉકટરની જગ્યા ખાલી નથી. પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો ખાતે ૪ પશુધન નિરીક્ષકોની જગ્યાઓ ખાલી છે.

(૩) પશુધન નિરીક્ષક તરીકે ઉમેદવારોની ભરતીની બાબત સરકારમાં સક્રિય વિચારણા હેઠળ છે. આ પ્રકિયા પુર્ણ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. જેમ બને તેમ જલ્દીથી.

## રાજ્યમાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા

૮૬૦૯ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી)** : તા. ૨-૬-૦૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તા.પ્ર.ક્ર. : ૬૨૪૯ અગ્રતાક્રમ : ૮૫ના અનુસંધાને **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની જિલ્લાવાર ૨૩,૨૯,૩૭૮ જેટલી સંખ્યા છે, અને

(૨) તે પૈકી રહી ગયેલા કુટુંબોનો સમાવેશ અન્વયે તા. ૩૧-૧-૦૫ સુધીમાં જિલ્લાવાર કેટલા કુટુંબોનો વધારે સમાવેશ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) દશમી પંચવર્ષીય યોજના માટે બી.પી.એલ. સંખ્યા નક્કી કરવાની કાર્યવાહી ગતિમાં છે. જ્યાં સુધી કાર્યવાહી આખરી થાય નહિ ત્યાં સુધી હાલના તબક્કે જિલ્લાવાર કુટુંબોની સંખ્યામાં વધારા અંગે જણાવી શકાય નહિ.

### કચ્છ જિલ્લામાં સુજલામ સુફલામ અન્વયે ખેત તલાવડી

૯૬૯૭ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ભૂજ તથા નખત્રાણા તાલુકામાં સુજલામ સુફલામ યોજના અન્વયે તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં કેટલી ખેતતલાવડીઓ બનાવવામાં આવી, | (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં ભૂજ અને નખત્રાણા તાલુકામાં અનુક્રમે ૧૫૦૪ અને ૧૧૪૩ ખેતતલાવડીઓ બનાવવામાં આવેલ છે. |
| (૨) તે પાછળ અનાજ પેટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) ભૂજ અને નખત્રાણા તાલુકામાં અનુક્રમે ૯૯૪.૧૦ મે. ટન અને ૭૧૪.૭૯ મે. ટન અનાજ મળી કુલ ૧૭૦૮.૮૯ મે. ટન અનાજ સહાય ચૂકવવામાં આવેલ છે. |
| (૩) બનેલ ખેત તલાવડીઓમાં કેટલું પાણી સંગ્રહ થયું ? | (૩) આ બનેલ બન્ને તાલુકાઓની ખેત તલાવડીઓમાં આશરે ૨,૬૪,૭૦૦ ઘનલીટર પાણી સંગ્રહ થયેલ છે. |

### વલસાડ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા કરેલ ખર્ચ

૯૨૯૯ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલા ગામોમાં ગ્રામ વિકાસ એજન્સીમાં ગર્વનીંગ બોડીની કેટલી મીટીંગ મળેલ છે, આ મીટીંગોમાં કેટલા-કેટલા કામોને મંજૂરી આપેલ છે, | (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની ગર્વનીંગ બોડીની મીટીંગ કુલ : ૬ યોજવામાં આવેલ છે અને ૮ કામોની મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૨) ગ્રામ વિકાસ એજન્સીમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટ કયા કયા સદર હેઠળ મળેલ છે, આ ગ્રાન્ટમાંથી કેટલો ખર્ચ કઇ-કઇ યોજના પાછળ કરેલ છે, | (૨) આ સાથે પત્રક-(અ) સામેલ છે. |

**પત્રક-(અ)**

**(રૂા. લાખમાં)**

| ક્રમ | યોજનાનું નામ | વર્ષ મળેલ ગ્રાન્ટ | વર્ષવાર ખર્ચ |
|---|---|---|---|

| | | વર્ષ ૨૦૦૩-૦૪<br>૩ | વર્ષ ૨૦૦૪-૦૫ (તા.૩૧-૧૨-૦૪ અંતિત)<br>૪ | વર્ષ ૨૦૦૩-૦૪<br>૫ | વર્ષ ૨૦૦૪-૦૫ (તા. ૩૧-૧૨-૦૪ અંતિત)<br>૬ |
|---|---|---|---|---|---|
| ૧. | સ્વર્ણજયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના | ૭૭.૯૮ | ૪૮.૮૦ | ૮૩.૧૨ | ૫૧.૩૨ |
| ૨. | એસ.જી.આર.વાય.-૧ | ૨૩૩.૩૩ | ૪૧૫.૧૨ | ૨૪૦.૨૬ | ૩૬૩.૧૨ |
| ૩. | એસ.જી.આર.વાય.-૨ | ૩૮૯.૨૫ | * | ૩૮૫.૩૨ | * |
| ૪. | ઈન્દિરા આવાસ યોજના | ૧૭૮.૦૯ | ૧૧૭.૧૪ | ૧૭૮.૧૮ | ૧૧૩.૭૭ |
| ૫. | આવાસની સુધારણા | ૪૪.૫૨ | ૨૯.૨૯ | ૪૬.૬૪ | ૨૨.૩૬ |
| ૬. | સ્ટેટ સપલીમેન્ટ્રી આઇ.એ.વાય. | ૧૮૨.૪૦ | ૧૯૨.૩૩ | ૧૫૭.૫૫ | ૮૯.૪૩ |
| ૭. | ગોકુળ ગ્રામ યોજના | ૬૬.૬૭ | ૪૧.૫૮ | ૮૬.૫૬ | ૭.૧૦ |
| ૮. | વોટરશેડ યોજના | ૩૨૮.૭૮ | ૧૫૩.૨૧ | ૨૭૧.૭૦ | ૧૩૮.૭૫ |
| ૯. | આઇ.ડબલ્યુ.ડી.પી. | ૧૬૨.૨૪ | ૦.૦૦ | ૨૩૯.૦૦ | ૭૯.૦૦ |
| ૧૦. | ખાસ રોજગાર સપોર્ટ સ્કીમ (એસઇપી) | ૧૫.૧૫ | ૮.૫૫ | ૧૩.૭૭ | ૦.૦૦ |
| ૧૧. | ખાસ રોજગાર સપોર્ટ સ્કીમ (જિવનધારા) | ૨.૧૦ | ૦.૦૦ | ૫.૦૦ | ૦.૦૦ |
| ૧૨. | ડી.આર.ડી.એ. વહીવટ | ૫૯.૧૬ | ૨૧.૮૬ | ૫૩.૫૩ | ૩૪.૯૯ |
| | કુલ | ૧૭૩૯.૬૭ | ૧૦૨૭.૮૮ | ૧૭૬૦.૬૩ | ૮૯૯.૮૪ |

***** નોંધ : વર્ષ ૨૦૦૪-૦૫માં એસ.જી.આર.વાય.-૧ અને એસ.જી.આર.વાય.-૨નું એસ.જી.આર.વાય. તરીકે વિલીનીકરણ થઇ ગયેલ છે.

(૩) તેનો વહીવટી ખર્ચ કેટલા ટકા લેખે થયેલ છે, અને

(૩) પત્રક-(બ) સામેલ છે.

**પત્રક-(બ)**

| ક્રમ | યોજનાનું નામ | ખર્ચના ટકા ૨૦૦૩-૦૪ | ખર્ચના ટકા ૨૦૦૪-૦૫ |
|---|---|---|---|
| ૧ | સ્વર્ણજયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના* | ** | ** |
| ૨ | એસ.જી.આર.વાય. | ૦.૪૩ | ૦.૦૯ |
| ૪ | ઈન્દિરા આવાસ યોજના* | ** | ** |
| ૫ | આવાસની સુધારણા* | ** | ** |
| ૬ | સ્ટેટ સપલીમેન્ટ્રી આઇ.એ.વાય.* | ** | ** |
| ૭ | ગોકુળ ગ્રામ યોજના* | ** | ** |
| ૮ | વોટરશેડ યોજના | ૦.૦૪ | ૦.૫૮ |
| ૯ | ખાસ રોજગાર સપોર્ટ સ્કીમ (એસઇપી)* | ** | ** |
| ૧૦ | ખાસ રોજગાર સપોર્ટ સ્કીમ (જીવનધારા)* | ** | ** |
| ૧૧ | ડી.આર.ડી.એ. વહીવટ | ૮૯.૮૦ | ૧૬૦.૦૦ |

* યોજનામાં વહીવટી ખર્ચની જોગવાઇ હોતી નથી.
** ટકા આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) થયેલ વહીવટી ખર્ચમાં કયા-કયા પ્રકારનો ખર્ચ કરેલ છે ?

(૪)

| યોજનાનું નામ | ખર્ચનો પ્રકાર |
|---|---|
| ૧. એસ.જી.આર.વાય. | કુપન છપામણી અને ટ્રાન્સપોર્ટેશન |
| ૨. વોટર શેડ | બહુ હેતુક વિકાસ ટુકડીના પગાર અને ભથ્થાં. |
| ૩. ડી.આર.ડી.એ. એડમીનીસટ્રેશન | પગાર ભથ્થાં અને કન્ટીજન્સી |

## સુરત જિલ્લામાં બેરોજગારોને રોજગારીનું આયોજન

૯૭૦૩ **શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા)** :**માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તારીખ ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં કેટલા શિક્ષિત અને અર્ધ શિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

**જવાબ**

(૧)

| | | |
|---|---|---|
| શિક્ષિત | - | ૨૭૨૦૭ |
| અર્ધશિક્ષિત | - | ૧૭૬૭૭ |
| કુલ : | - | ૪૪૮૮૪ |

| | |
|---|---|
| (૨) તે પૈકી કેટલા બેરોજગારોને રોજગારીની તકો આપવામાં આવી, અને | (૨) શિક્ષિત - ૧૪૨૬<br>અર્ધશિક્ષિત - ૧૪૦૨૫<br>કુલ : - ૧૫૪૫૧ |
| (૩) રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલ આવા બે રોજગારોને સત્વરે રોજગારી મળે તે માટે સરકારે કયા પ્રકારનું આયોજન કરેલ છે ? | (૩) રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલ આવા બેરોજગારોને સત્વરે રોજગારી મળે તે માટે ઔદ્યોગિક વિસ્તારમાં ભરતી મેળા, લશ્કરી ભરતી મેળા, સ્વરોજગાર શિબીરો, શાળાકોલેજોમાં કેરીયર કોર્નર, રોજગાર સહાય કેન્દ્રો, ટૂંકાગાળાના તાલીમ વર્ગ શરૂ કરવામાં આવેલ છે, અને બેરોજગારોની વિગતો વેબસાઇટ પર મૂકવામાં આવેલ છે. |

## તલાલા અને સુત્રાપાડા તાલુકામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ

૯૭૧૭ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા)** :**માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૧-૨૦૦૪ની સ્થિતિએ તલાલા અને સુત્રાપાડા તાલુકામાં કેટલી તલાટી-કમ-મંત્રીની જગ્યાઓ ખાલી છે, | (૧) તલાલા--૧૫<br>સુત્રાપાડા--૧૧ |
| (૨) આ ખાલી જગ્યાઓ ભરવાનું સરકારનું શું આયોજન છે, | (૨) કાર્યવાહી ચાલુ છે. |
| (૩) આ તાલુકાઓમાં કેટલા તલાટી મંત્રીઓ એમના કાર્યમથકે હાજર રહે છે, | (૩) તલાલા---૬<br>સુત્રાપાડા૬૩ |
| (૪) કેટલા મંત્રીઓ અપ-ડાઉન કરે છે, | (૪) તલાલા---૨૩<br>સુત્રાપાડા--૨૪ |
| (૫) છેલ્લા બે વર્ષમાં તલાટી-કમ-મંત્રીઓની ગેરહાજરી કે અનિયિમતતાની કેટલી ફરિયાદો સરકારને મળી છે, અને | (૫) તલાલા--૪<br>સુત્રાપાડા--૩ |
| (૬) તે માટે કેવા પ્રકારના પગલાં લેવામાં આવ્યા છે ? | (૬) કસુરવાર તલાટી-કમ-મંત્રીઓને નિયમાનુસાર શિક્ષાઓ કરવામાં આવેલ છે. |

## રાજ્યમાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ

૯૦૬૩ **શ્રીમતી રમીલાબેન બે. બારા (ખેડબ્રહ્મા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ તલાટી-કમ-મંત્રીશ્રીઓની કેટલી જગાઓ ખાલી છે, | (૧) ૨૧૫૬ જગાઓ. |
| (૨) આ જગ્યાઓ અગાઉ પંચાયત સહાયકથી ભરાયેલ છે, તે વાત સાચી છે, | (૨)અને (૩) હા, જી. રાજ્યની ૨૫ જિલ્લા પંચાયતો માટે કુલ ૧૦૦૦ પંચાયત સહાયકની મંજૂર કરી ૬૯૦ જગ્યાઓ ભરવામાં આવેલ છે. |
| (૩) જો, હા, તો આ જગ્યાઓ ભરવા સરકારનું શું આયોજન છે ? | |

## ચોટીલા તાલુકાના ગામોમાં તલાટી-કમ-મંત્રી સામે ફરીયાદ

૮૮૨૦ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા તાલુકાના નાના કાંધાસર તલાટી-કમ-મંત્રી સામે તા. ૨૨-૭-૨૦૦૩થી અને સાંગાસર તલાટી-કમ-મંત્રી સામે પણ તારીખ ૨૨-૭-૨૦૦૩ થી તા. ૩૧-૧૨-૦૪ દરમિયાન ફરિયાદ સરકારને મળેલ છે, | (૧) (૧) નાના કાંધાસરના તલાટી-કમ-મંત્રી સામે ફરિયાદ મળેલ છે.<br>(૨) ચોટીલા તાલુકામાં સાંગાસર નામનું કોઇ ગામ નથી. |
| (૨) તલાટી-કમ-મંત્રીઓની ફરિયાદની મુદ્દાવાર તપાસ કરવામાં આવી છે કે કેમ, અને | (૨) (૧) નાના કાંધાસરના તલાટી-કમ-મંત્રી સામે તપાસની કાર્યવાહી ચાલુ છે.<br>(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તપાસને અંતે ક્યાં ક્યાં પગલાં લેવામાં આવેલ છે ? | (૩) (૧) નાના કાંધાસર તલાટી સામે તપાસ અહેવાલ મળ્યેથી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.<br>(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## કચ્છ જિલ્લામાં ખેતમજૂરોને વીમા રક્ષણ

૯૨૯૪ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ થી ખેત મજૂરોને વિમા રક્ષણ આપવા માટેની કરેલી યોજના પ્રમાણે કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેત મજૂરોને લાભો આપવામાં આવ્યા છે, અને | (૧) ૧. ગાંધીધામ ૧<br>૨. લખપત ૨<br>૩. નખત્રાણા ૧<br>૪. રાપર ૪<br>૮ |
| (૨) તાલુકાવાર કેટલા ખેત મજૂરોને આ લાભો આપવાના બાકી છે ? | (૨) ૧. માંડવી ૧<br>૨. મુન્દ્રા ૧<br>૩. નખત્રાણા ૯<br>૪. અંજાર ૨<br>૧૩ |

## સુરેન્દ્રનગર જિલ્લામાં તલાટી-કમ-મંત્રીઓ નોકરીના સ્થળે રહેવા અંગે

૮૦૮૪ **શ્રી મનહરલાલ મ. મકવાણા (દસાડા)** :**માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા અને લખતર તાલુકામાં કેટલા તલાટી-કમ-મંત્રીઓ નોકરીના સ્થળે રહે છે, અને | (૧) તમામ તલાટી કમ-મંત્રીઓ તેઓના કાર્યમથકે રહે છે. |
| (૨) નોકરીના સ્થળે ન રહેતા તલાટી-કમ-મંત્રીઓ સામે સરકારે શા પગલાં લીધા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## રાજ્યમાં કપાસની ખરીદી પેટે ખેડૂતોને ચુકવેલ રકમ

૮૫૫૦ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૪-૦૫ના વર્ષના રાજ્ય સરકાર દ્વારા કપાસની ખરીદી માટે ટેકા રૂપ શું ભાવ નક્કી કરવામાં આવ્યા છે, | (૧) સને ૨૦૦૪-૦૫ ના વર્ષ માટે રાજ્ય સરકારે નહી પરંતુ ભારત સરકારે નીચે જણાવ્યા પ્રમાણે કપાસના જાતવાર ટેકાના ભાવો નિયત કરવામાં આવેલ છે. |

| અ. નં. | કપાસની જાત | નિયત કરેલ ટેકાના ભાવ રૂા. કવીન્ટલમાં |
|---|---|---|
| ૧ | શંકર-૬/૧૦ | ૧૯૬૦/- |
| ૨ | વી-૭૯૭ | ૧૬૪૦/- |
| ૩ | જી. કોટ-૧૨/૧૩ | ૧૫૬૦/- |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ ભાવે તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કેટલા કપાસની ખરીદી કરવામાં આવી, અને | (૨) નિયત થયેલ ટેકાના ભાવે તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજ્યમાં ૧,૫૩,૫૩૯ ગાસડીનો કપાસ (૭,૩૮,૨૬૩ કવીન્ટલ કપાસ) ભારત સરકારની નોડલ એજન્સી દ્વારા ખરીદવામાં આવેલ છે. |
| (૩) ખેડૂતોને કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી ? | (૩) ખેડૂતોને આ સમયમાં ખરીદી પેટે રૂા.૧૩૯.૫૫ કરોડની ચુકવણી આ નોડલ એજન્સી દ્વારા કરવામાં આવેલ છે. |

## સુરત જિલ્લામાં તલાટી કમ મંત્રીનું મહેકમ

૧૦૦૪૩ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થતિએ તાલુકાવાર કેટલા તલાટી કમ-મંત્રીશ્રીઓનું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) |

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર જગ્યાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ચોર્યાસી | ૮૪ |
| ૨ | ઓલપાડ | ૮૨ |
| ૩ | બારડોલી | ૬૪ |
| ૪ | કામરેજ | ૫૫ |
| ૫ | પલસાણા | ૩૬ |
| ૬ | મહુવા | ૪૨ |
| ૭ | વાલોડ | ૨૮ |
| ૮ | સોનગઢ | ૫૭ |
| ૯ | ઉચ્છલ | ૧૫ |
| ૧૦ | નિઝર | ૩૨ |
| ૧૧ | માંગરોળ | ૫૯ |
| ૧૨ | ઉમર પાડા | ૧૩ |
| ૧૩ | વ્યારા | ૬૩ |
| ૧૪ | માંડવી | ૫૮ |
| ૧૫ | સીટી મામલતદાર | ૨૨ |
| | કુલ | ૭૧૦ |

(૨) તે પૈકી કેટલી જગ્યા ભરવામાં આવેલ છે, કેટલી જગ્યા ખાલી છે, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ભરાયેલ જગ્યાઓની સંખ્યા | ખાલી જગ્યાઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ચોર્યાસી | ૭૦ | ૧૪ |
| ૨ | ઓલપાડ | ૬૩ | ૧૯ |
| ૩ | બારડોલી | ૪૬ | ૧૮ |
| ૪ | કામરેજ | ૪૫ | ૧૦ |
| ૫ | પલસાણા | ૨૫ | ૧૧ |
| ૬ | મહુવા | ૩૬ | ૦૬ |
| ૭ | વાલોડ | ૧૮ | ૧૦ |
| ૮ | સોનગઢ | ૫૦ | ૦૭ |
| ૯ | ઉચ્છલ | ૧૦ | ૦૫ |
| ૧૦ | નિઝર | ૨૪ | ૦૮ |
| ૧૧ | માંગરોળ | ૫૫ | ૦૪ |
| ૧૨ | ઉમર પાડા | ૧૩ | ૦૦ |
| ૧૩ | વ્યારા | ૪૬ | ૧૭ |
| ૧૪ | માંડવી | ૪૭ | ૧૧ |
| ૧૫ | સીટી મામલતદાર | ૨૨ | ૦૦ |
| | કુલ | ૫૭૦ | ૧૪૦ |

(૩) ખાલી જગ્યા ભરવા માટે સરકારનું શું આયોજન છે ?

(૩) બનતી ત્વરાએ ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે.

## વડોદરા જિલ્લા પંચાયત વિભાગમાં રહેમરાહે નોકરી મેળવવા અરજીઓ

૯૦૭૬ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ (સાવલી)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં પંચાયતમાં રહેમરાહે નોકરી મેળવવા તાલુકાવાર તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો અને કેટલી અરજીઓ બાકી છે, અને

(૧) અને (૨) સામેલ પત્રક-૧ મુજબ

(૩) બાકી અરજીઓનો કેટલા ચોક્કસ સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ

**<u>પત્રક-૧</u>**

**<u>વડોદરા જિલ્લા પંચાયતમાં તાલુકાવાર મળેલ નિકાલ તેમજ બાકી અરજીઓની વિગત.</u>**

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | નિકાલ | બાકી |
|---|---|---|---|---|
| ૧. | વડોદરા | ૪૪ | ૨૮ | ૧૬ |
| ૨. | પાદરા | ૧૪ | ૧૧ | ૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩. | કરજણ | ૨૦ | ૧૪ | ૬ |
| ૪. | વાઘોડીયા | ૯ | ૬ | ૩ |
| ૫. | સાવલી | ૨૪ | ૧૫ | ૯ |
| ૬. | ડભોઇ | ૧૬ | ૧૧ | ૫ |
| ૭. | શિનોર | ૫ | ૪ | ૧ |
| ૮. | નસવાડી | ૯ | ૩ | ૬ |
| ૯. | સંખેડા | ૨૩ | ૧૨ | ૧૧ |
| ૧૦. | પાવી-જેતપુર | ૮ | ૭ | ૧ |
| ૧૧. | છોટાઉદેપુર | ૧૪ | ૬ | ૮ |
| ૧૨. | કવાંટ | ૫ | ૦૩ | ૨ |
| | કુલ :- | ૧૯૧ | ૧૨૦ | ૭૧ |

## રાજ્યમાં પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો

૮૪૯૬ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના ક્યા ક્યા જિલ્લામાં વર્ષ ૨૦૦૪-૦૫ માં સામાજિક અને શૈક્ષિણક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓ માટે કુલ કેટલી નવી સહાયક અનુદાન છાત્રાલયો શરૂ કરવામાં આવી, અને | (૧) એકપણ નહીં |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## રાજ્યના માછીમાર બંધકોને છોડવાની કાર્યવાહી

૮૧૩૪ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મત્સ્યોદ્યોગના ધંધામાં રાજ્યના માછીમારોને પાકિસ્તાની કોસ્ટગાર્ડની હેરાનગતિ થાય છે તેનાથી સરકાર માહિતગાર છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ પજવણી બંધ કરવાનું શું આયોજન છે ? | (૨) પજવણી પાકિસ્તાની કોસ્ટગાર્ડ દ્વારા કરવામાં આવતી હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## સુરેન્દ્રનગર જિલ્લામાં વોટરશેડ યોજનાના કામો

૮૧૯૮**શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ)** :**માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા વોટર શેડ યોજના હેઠળ ડી.ડી.પી. બેંચ ૧ થી ૯ સુધીમાં વોટરશેડના કામો ચાલુ છે કે કેમ; | (૧) હા જી, બેંચ નં. ૧ ના કામ પૂર્ણ થયેલા છે, જ્યારે બેંચ નં. ૪ થી ૯ કામો પ્રગતિમાં છે. |
| (૨) જો હા, તો તે પૈકી પ્રોજેક્ટવાર મળતાં નાણા સમય-મર્યાદામાં વપરાયેલ છે કે કેમ, | (૨) હા, જી. |
| (૩) તાલુકાવાર અને ગામવાર ઉપરાંત પ્રોજેક્ટવાર કેટલાં નાણાં વપરાયાં, અને | (૩) યોજના હેઠળ કુલ રૂા. ૩૬૧૨.૪૫ લાખ ખર્ચ થયેલ છે, તાલુકાવાર વિગતો સામેલ પત્રક-૧* મુજબ અને ગામવાર તેમજ પ્રોજેક્ટવાર થયેલ ખર્ચની વિગતો સામેલ પત્રક-૨* મુજબ. |

(૪) જો ના, તો તેના કારણો શાં છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

* પત્રક-૧ અને ૨ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

## બારડોલી અને માંડવી તાલુકાની ગૌચરની જમીન ઉપર દબાણ

૮૫૮૨ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બારડોલી અને માંડવી તાલુકાના કયા કયા ગામોની ગૌચર જમીનમાં બિન-અધિકૃત દબાણો કરી જમીનો પચાવી પાડવામાં આવી છે,

(૨) આ ગૌચરની જમીનો દબાણો દૂર કરીને કયાં સુધીમાં પંચાયતોને સુપ્રત કરવામાં આવશે, અને

**જવાબ**

(૧) પરિશિષ્ટ-૧

ગૌચર પર દબાણ થયેલ હોય તેવા ગામોનું તાલુકાવાર પત્રક

| (૧) બારડોલી તાલુકો | | (૨) માંડવી તાલુકો |
|---|---|---|
| ક્રમ | ગામનું નામ | (૨) માંડવી તાલુકો |
| ૧ | ઈસરોલી | ૧ નોગામા |
| ૨ | બમરોલી | ૨ બૌધાન |
| ૩ | કણાઈ | |
| ૪ | તેન | |
| ૫ | ગોજી | |
| ૬ | તાજપોર-બુજરંગ | |
| ૭ | વઢવાણીયા | |
| ૮ | ભેંસુદંલા | |
| ૯ | વાંસકુઈ | |
| ૧૦ | બાબેન | |
| ૧૧ | શીંગોદ | |
| ૧૨ | જુનવાણી | |
| ૧૩ | ઉવા | |
| ૧૪ | મઢી | |
| ૧૫ | સુરાલી | |
| ૧૬ | વઢાવા | |
| ૧૭ | અંચેલી | |
| ૧૮ | વડોલી | |
| ૧૯ | તરભોણ | |
| ૨૦ | છીત્રા | |
| ૨૧ | નિઝર | |
| ૨૨ | પથરાડીયા | |
| ૨૩ | ઓરગામ | |
| ૨૪ | બામણી | |
| ૨૫ | કરચકા | |
| | | |

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫(૨) હેઠળ ગૌચર દબાણો દુર કરવાની સત્તા ગ્રામ પંચાયતની હોય નિયમાનુસાર જેમ બને જલ્દી સુપ્રત કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

| | |
|---|---|
| (૩) દબાણ કરનારા સામે કયા પગલાં ભરવામાં આવ્યા? | (૩) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫(૨)થી મળેલ અધિકારની રૂએ સંબધિત ગ્રામ પંચાયતો દ્વારા દબાણદારોને નોટીસો આપવામાં આવેલી છે તેમજ દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |

## સોઈલ ટેસ્ટીંગથી રાસાયણિક ખાતરમાં ઘટાડો

૯૦૮૦ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સોઈલ ટેસ્ટીંગને કારણે રાસાયણિક ખાતરના વપરાશમાં ઘટાડો થયો છે તે હકીકત સાચી છે, અને | (૧) જમીન ચકાસણી બાદ ખાતરનો વપરાશ સમતોલ થયો છે. |
| (૨) જો હા, તો પરિણામે કેટલી રકમના ખાતરના વપરાશમાં ઘટડો થયો છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## રાજ્યની ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ યોજનાનું અમલીકરણ

૯૦૫૦ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં દરેક પંચાયતોમાં કોમ્પ્યુટરાઈઝેશન કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઈ-ગ્રામ યોજના દ્વારા કઈ કઈ વિગતો ગ્રામકક્ષાએ મળી શકશે, અને | (૨) ૧. જન્મનું પ્રમાણપત્ર<br>૨. મરણનું પ્રમાણપત્ર<br>૩. મિલ્કતનો દાખલો<br>૪. બીપીએલનું પ્રમાણપત્ર<br>૫. જાતિનો દાખલો<br>૬. આવકનો દાખલો<br>૭. ચારિત્રનો દાખલો<br>૮. નિવાસનો દાખલો<br>૯. કરવેરાની પહોંચ<br>૧૦. જન્મનું રજીસ્ટર<br>૧૧. મરણનું રજીસ્ટર<br>૧૨. ખેડૂતનો દાખલો<br>૧૩. આકારણી રજીસ્ટર<br>૧૪. રેશનકાર્ડ અલગ કરવાનો દાખલો<br>૧૫. બીપીએલના લાભ મેળવેલ લાભાર્થીની યાદી<br>૧૬. બીપીએલના લાભ નહિ મેળવેલ લાભાર્થીની યાદી<br>૧૭. વિવિધ અરજીપત્રો. |
| (૩) રાજ્યની કુલ કેટલી ગ્રામ પંચાયતોમાં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં ઈ-ગ્રામ યોજનાનું અમલીકરણ થયું છે ? | (૩) ૫૬૭. |

## ભાવનગર જિલ્લા પંચાયતની શાળાના શિક્ષકોના આશ્રિતોને નોકરી

૯૭૧૦ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લા પંચાયતની પ્રાથમિક શાળાના શિક્ષકોના આશ્રિતો દ્વારા તા. ૩૦-૯-૨૦૦૪ સુધીમાં રહેમરાહે નોકરી માટે આવેલી કુલ અરજીઓ કેટલી છે, | (૧) ૧૫૭. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ થયો, | (૨) ૧૪૦ |
| (૩) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કેટલી બાકી છે, અને | (૩) ૧૭ |
| (૪) બાકી અરજીઓના નિકાલ માટે સરકારનું આયોજન શું છે ? | (૪) બનતી ત્વરાએ. |

## બનાસકાંઠા જિલ્લામાં આશ્રમશાળા તથા છાત્રાલયોની તપાસણી

૯૬૮૩ **શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા)** : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં છેલ્લા બે વર્ષમાં પ્રવર્તમાન નિયમો અનુસાર ખાનગી ટ્રસ્ટ સંચાલિત કુલ કેટલી આશ્રમશાળાઓ તથા છાત્રાલયોની તપાસણી કરવામાં આવી,

**જવાબ**

(૧)

| વર્ષ | આ.શાળા | છાત્રાલય |
|---|---|---|
| ૨૦૦૩ | ૬ | ૪૩ |
| ૨૦૦૪ | ૬ | ૪૬ |

(૨) આ પૈકી કેટલા કિસ્સાઓમાં અનિયમિતતાઓ ધ્યાનમાં આવી, અને

(૨)

| વર્ષ | આ.શાળા | છાત્રાલય |
|---|---|---|
| ૨૦૦૩ | ૫ | ૩૬ |
| ૨૦૦૪ | ૦ | ૦૨ |

(૩) જવાબદારો સામે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

(૩) જવાબદારો સામે તાકીદ, ગ્રાન્ટ કપાત, સંખ્યા ઘટાડો, માન્યતા રદ જેવી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી.

## ખેડા જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો

૮૪૩૧ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકા પ્રમાણે કેટલા બેરોજગાર નોંધાયેલ છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ઉમેદવારોની સંખ્યા |
|---|---|---|
| ૧. | નડીયાદ | ૮૩૬૮ |
| ૨. | માતર | ૪૧૩૬ |
| ૩. | કપડવંજ | ૬૬૯૪ |
| ૪. | કઠલાલ | ૪૦૪૨ |
| ૫. | મહેમદાવાદ | ૩૫૭૯ |
| ૬. | વીરપુર | ૨૮૧૭ |
| ૭. | બાલાસીનોર | ૪૦૯૨ |
| ૮. | મહુધા | ૩૧૫૯ |
| ૯. | ઠાસરા | ૪૨૦૬ |
| ૧૦. | ખેડા | ૧૮૧૪ |
| | કુલ: | ૪૨૯૦૭ |

(૨) તે પૈકી સ્નાતક કેટલા અને અનુસ્નાતક કેટલા બેરોજગારો છે ?

(૨) સ્નાતક ૩૬૨૭

અનુસ્નાતક ૬૬૭

## રાજ્યમાં પાક વીમાની ચુકવવાની બાકી રહેતી રકમ

૮૬૧૦ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી)** : તા. ૨૬-૫-૦૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તા.પ્ર.ક્રમાંક:૪૭૯૭ અગ્રતાક્રમ-૧૮ ના અનુસંધાને **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ખેડૂતોના મંજૂર થયેલા પાક વીમાની રકમના દાવા કુલ ૨૩૮.૬૪ લાખ ચુકવવાના બાકી છે તે અન્વયે તા. ૩૧-૧-૦૫ સુધીમાં કેટલી રકમ ચૂકવાઈ છે, અને | (૧) ભારતીય કૃષિ વીમા કંપનીએ તા. ૪-૨-૨૦૦૫ના રોજ રૂા. ૨૩૪.૩૩ લાખ ખેડૂતોને ચુકવી આપેલ છે. |
| (૨) આવી રકમ હજુ સુધી ચૂકવાઈ ન હોય તો તેના શાં કારણો છે ? | (૨) ભારતીય કૃષિ વીમા કંપનીએ ક્ષતિયુકત માહિતી મોકલેલ તેથી રૂા. ૪,૩૦,૬૧૮/-ના દાવા ચૂકવવાના બાકી છે. |

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ**: માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહમાં સભ્યશ્રી બલવંતસિંહ અને પુંજાભાઈએ આપના સામે પેપર્સ ફાડીને ઉછાળ્યાં છે. (અંતરાય) અવગણના કરી છે. આ હાઉસનું અપમાન છે.

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આપે એકવાર નિર્ણય આપ્યા પછી આ રીતે ફરીવાર દલીલ કરવી એ કેટલી વાજબી ગણાય?

**અધ્યક્ષશ્રી** : બેસો, નેકસ્ટ.

## ઉર્જા મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

### વીજ મથક સ્થાપવા અંગે

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વિકાસમાં વીજળી અતિ મહત્ત્વનું સંચાલક બળ છે. ઉપલબ્ધ વીજળીની મર્યાદા જોતાં રાજયની વીજ માંગને સંતોષવાનું શકય હોતું નથી. રાજય સરકારે ખેડૂતો તેમજ ઘર વપરાશ સહિત તમામ ગ્રાહકોને વીજળી સસ્તી અને ગુણવત્તાસભર મળી રહે તે માટે દ્રઢ નિર્ધાર કરેલ છે.

કોલસા આધારિત વીજળીની કિંમત નીચે રહે છે. પરંતુ દૂરથી કોલસો લાવી વીજ ઉત્પાદન કરવાથી વીજળીની કિંમતમાં વધારો થાય છે. સસ્તી વીજળી ઉપલબ્ધ થાય તે માટે રાજય સરકારે ગુજરાતમાં કોલસો તેમજ ગેસ આધારિત અનેક વીજ મથકોની સ્થાપના કરેલ છે. પરંતુ ગુજરાતની નજીકમાં આવેલ રાજયમાં ઉપલબ્ધ કોલસાના જથ્થાનો ઉપયોગ કરી વીજ મથકો વિકસાવવામાં આવે તો બંને રાજયો માટે લાંબા અંતરથી લાવવામાં આવતા કોલસાના ટ્રાન્સપોર્ટનો ખર્ચ ઘટાડી સસ્તી વીજળી ઉપલબ્ધ થઈ શકે.

મને ગૃહને જણાવતા આનંદ થાય છે કે રાજય સરકારે મધ્યપ્રદેશ સાથેના સહયોગથી તે રાજયમાં ૨૦૦૦ મેગાવોટના કોલસા આધારિત વીજમથક સ્થાપવાનો નિર્ણય કરેલ છે અને તે સંદર્ભમાં બંને રાજયના ઉર્જા સચિવશ્રીઓએ તા. ૨૨-૨-૨૦૦૫ને મંગળવારે ભોપાલ ખાતે સમજૂતી કરાર કરેલ છે. ૨૦૦૦ મેગાવોટના આ પ્રોજૅકટમાં અંદાજે રૂા. ૮૦૦૦ કરોડનું કુલ મૂડીરોકાણ થશે, અંદાજે ચાર વર્ષમાં આ પ્રોજૅકટ કાર્યાન્વિત થવાની ધારણા છે. રાજય સરકારના આ અગત્યના નિર્ણયથી ગૃહને વાકેફ કરું છું.

## સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો

### ૨૦૦૩-૦૪ ના નાણાકીય અને વિનિયોગ હિસાબો

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું (ક) ગુજરાત સરકારના સન ૨૦૦૩-૦૪ના વર્ષના નાણાકીય હિસાબો (ખ) ગુજરાત સરકારના સન ૨૦૦૩-૦૪ના વર્ષના વિનિયોગ હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**નાણાકીય અને વિનિયોગ હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## સન ૨૦૦૦-૨૦૦૧ અને ૨૦૦૧-૨૦૦૨ના ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લિમિટેડના વાર્ષિક અહેવાલો

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ અને સહકારમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૦૦-૦૧ અને ૨૦૦૧-૦૨ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

## સન ૧૯૯૯-૨૦૦૦, ૨૦૦૦-૨૦૦૧ અને ૨૦૦૧-૨૦૦૨ના ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના વાર્ષિક વહીવટી અહેવાલો

**શ્રી રમણલાલ ઈ. વોરા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના સન ૧૯૯૯-૨૦૦૦, ૨૦૦૦-૨૦૦૧ અને ૨૦૦૧-૨૦૦૨ના વાર્ષિક વહીવટી અહેવાલો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

## સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની અધિસૂચના

**શ્રી રમણલાલ ઈ. વોરા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની ગુજરાત વિકાસ કોરપોરેશન કાયદા (સુધારા) અધિનિયમ અન્વયેની તા. ૯-૨-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક: જીએલ/૪/એસઈસી-૧૦૨૦૦૩-સી-૨૯-ચ તેમજ આ અધિસુચનાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

## શ્રમ અને રોજગાર વિભાગની અધિસૂચના તેમજ નિવેદન

**શ્રી રમણલાલ ઈ. વોરા (શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર વિભાગની -

(ક) સન ૧૯૪૮ના મુંબઈ દુકાનો અને સંસ્થાઓ અધિનિયમ અન્વયેની -
- (૧) તા.૨૦-૫-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક:જીએચઆર-૨૦૦૪-૫૩-બીએસઈ-૨૦૦૩-૨૧૮૩ -મ(૩)
- (૨) તા.૨૦-૫-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક:જીએચઆર-૨૦૦૪-૫૪-બીએસઈ-૨૦૦૩-૩૨૧૨-મ(૩)
- (૩) તા.૨૯-૫-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક:જીએચઆર-૨૦૦૪-૫૮-બીએસઈ-૨૦૦૪-૧૬૦૪-મ(૩)
- (૪) તા.૨૧-૭-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક:જીએચઆર-૨૦૦૪-૮૭-બીએસઈ-૨૦૦૪-યુ.ઓ.૫.-મ(૩)
- (૫) તા.૨૭-૮-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક:જીએચઆર-૨૦૦૪-૧૧૧-બીએસઈ-૨૦૦૪-૧૨૧૫-મ(૩)
- (૬) તા.૨૭-૮-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક:જીએચઆર-૨૦૦૪-૧૧૨-બીએસઈ-૨૦૦૩-૨૧૨૯-મ(૩)

(ખ)સન ૧૯૮૬ના બાળ શ્રમ (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ અન્વયેની -
- (૧) તા.૨૯-૬-૧૯૯૪ની અધિસૂચના ક્રમાંક:જીએચઆર-૯૪-૧૦૭-ઈસીએ-૧૦૮૮-આઈ-૩૩૬-એમ(૩)

(૨) તા.૯-૧૧-૧૯૯૪ની અધિસૂચના ક્રમાંક:જીએચઆર-૯૪-૨૬૨-ઈસીએ-૧૦૮૮-આઈ-૩૩૬-એમ(૩) તેમજ આ અધિસૂચનાઓને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અધિસૂચના તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

## વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

### પંચાયતી રાજ સમિતિના બીજા અહેવાલની રજૂઆત

**શ્રીમતી જસુબેન સ. કોરાટ (પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયતી રાજ સમિતિનો બીજો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)

**પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)**

### આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની મહેસૂલી ખર્ચ માટે રૂા.૩૪,૮૭,૦૮,૦૦૦ ની પૂરક માગણી ક્રમાંક ૩૮ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક ૩૮ રજૂ કરવામાં આવી.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક : ૩ રજૂ કરવામાં આવી.

### પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતી, સમૂહ વિકાસ સેવા અંગેની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૫૪,૩૩,૨૧,૦૦૦ ની પૂરક માગણી ક્રમાંક ૭૦ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક ૭૦ રજૂ કરવામાં આવી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૫ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક : ૫ રજૂ કરવામાં આવી.

### મહેસૂલ વિભાગ

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મહેસૂલ વિભાગને લગતી જિલ્લા વહીવટ સેવા અંગેની મહેસૂલી ખર્ચ માટે રૂા.૨૭,૦૫,૬૧,૦૦૦ ની પૂરક માગણી ક્રમાંક ૭૮ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક ૭૮ રજૂ કરવામાં આવી.

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૬ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક : ૬ રજૂ કરવામાં આવી.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૭ રજૂ કરું છું.
કાપદરખાસ્ત ક્રમાંક : ૭ રજૂ કરવામાં આવી.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૮ રજૂ કરું છું.
કાપદરખાસ્ત ક્રમાંક : ૮ રજૂ કરવામાં આવી.

## સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગને લગતી સામાજિક સુરક્ષા વિભાગને લગતી સામાજિક સુરક્ષા અને કલ્યાણ સેવા અંગેની મહેસૂલી ખર્ચ માટે રૂ.૧,૪૩,૦૭,૩૫,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક ૯૨ રજૂ કરું છું.
પૂરક માગણી ક્રમાંક ૯૨ રજૂ કરવામાં આવી.

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૩ રજૂ કરું છું.
કાપદરખાસ્ત ક્રમાંક : ૧૩ રજૂ કરવામાં આવી.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૫ રજૂ કરું છું.
કાપદરખાસ્ત ક્રમાંક : ૧૫ રજૂ કરવામાં આવી

## મહિલા અને બાળ વિકાસ વિભાગ

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતી, મહિલા અને બાળ વિકાસ વિભાગ સેવા અંગેની મહેસૂલી ખર્ચ માટે રૂ.૮,૦૦,૦૦૦ પૂરક માગણી ક્રમાંક ૧૦૫ રજૂ કરું છું.
પૂરક માગણી ક્રમાંક ૧૦૫ રજૂ કરવામાં આવી.

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૬ રજૂ કરું છું.
કાપદરખાસ્ત ક્રમાંક : ૧૬ રજૂ કરવામાં આવી

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૭ રજૂ કરું છું.
કાપદરખાસ્ત ક્રમાંક : ૧૭ રજૂ કરવામાં આવી

## સન ૨૦૦૪-૨૦૦૫ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી ગુરુવાર, તા:૨૪-૨-૨૦૦૫ (બીજી બેઠક) (બીજો અને છેલ્લો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ<br>માગણી નં.૩૮** | | |
| ૧.* | ૨૨૧૦-તબીબી...આરોગ્ય<br>૦૧-શહેરી... એલોપથી<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ | ૧૦૦ | સિવિલ હૉસ્પિટલોમાં ગરીબ દર્દીઓ પાસેથી એકસ-રે ફિલ્મો માટે લેવાતી ફી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૧૦-હૉસ્પિટલ અનેદવાખાના રૂા.૫૦,૦૦૦ પૂરક પત્રક પા.નં.૮૫ | | | |
| ૨.* | --"-- | ૧૦૦ | સિવિલ હૉસ્પિટલોમાં વૉર્ડબૉયોની વધતી જતી દાદાગીરી અને કામચૉરી અટકાવવામાં જરૂ.રી પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩ | --"-- | ૧૦૦ | સિવિલહૉસ્પિટલોમાંપૉસ્ટમૉર્ટમકરવામાં થતોવિલંબ નિવારવામાં તંત્રની ઉદ ાસીનતા | ર્ડા. અનિલ જોષીયારા |
| ૪* | ૨૨૧૦-તબીબી...આરોગ્ય ૦૩-ગ્રામીણ...સેવાઓ (૦૧) પ્રાથમિક...વધારવો (આરોગ્ય) રૂા.૧,૭૭,૭૦,૦૦૦ પૂરક પત્રક પા.ન.૮૫ | ૧૦૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ રોના પેટા કેન્દ્ રોમાં કર્મચારીઓ ઘ્વારા ફરજ બજાવવામાં દાખવવામાં આવતી બેદરકારી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| **પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**<br>**માગણી નં.૭૦** | | | | |
| ૫ | ૨૫૧૫-અન્ય... કાર્યક્રમો ૮૦૦-અન્ય ખર્ચ (૧૧)-સીડીપી-૭ ૧૧મા નાણાપંચની...ચૂકવણી રૂા.૫૪,૩૩,૨૧,૦૦૦ પૂરક પત્રક પા.નં.૧૫૨ અને ૧૫૩ | ૧૦૦ | પંચાયતી રાજ સંસ્થાઓને સંગીન બનાવવા પૂરતા નાણાની ફાળવણી સમયસર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| **મહેસૂલ વિભાગ**<br>**માગણી નં૭૮** | | | | |
| ૬ | ૨૦૫૩-જિલ્લા વહીવટ ૦૯૩-જિલ્લા મહેકમ (૧) કલેકટર કચેરીઓ રૂા. ૨૦,૩૧,૭૫,૦૦૦ પૂરક પત્રક પા.નં.૧૭૦ | ૧૦૦ | કલેકટર કચેરીઓમાં સ્ટાફની અનિયમિતતા સામે સખતાઈથી પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી દોલતભાઈ પરમાર |
| ૭ | --"-- | ૧૦૦ | કલેકટર કચેરીઓમાં પ્રજાના પ્રશ્નોના જવાબો આપવામાં સેવાતું દુર્લક્ષ | ડો.ચંદ્રિકાબેન ચુડાસમા |
| ૮ | ૨૦૫૩-જિલ્લા વહીવટ ૦૯૩-જિલ્લા મહેકમ (૧) કલેકટર કચેરીઓ રૂા..૨૦,૩૧,૭૫,૦૦૦ પૂરક પત્રક પા.નં.૧૭૦ | ૧૦૦ | જુનાગઢ જિલ્લામાં ડેપ્યુટી કલેકટર કચેરીમાં રજૂ થયેલા દસ્તાવેજો સમયસર પરત આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઈ વંશ |
| ૯* | --"-- | ૧૦૦ | ડેપ્યુટી કલેકટર કચેરીઓનો કથળેલો વહીવટ સુધારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૦* | ૨૦૫૩-જિલ્લા વહીવટ ૦૯૩-જિલ્લા મહેકમ (૭) જમીન દફતર... મહેકમ રૂા.૧૦,૭૧,૦૦૦ પૂરક પત્રક પા.નં.૧૭૦-૧૭૧ | ૧૦૦ | જમીન દફતરનું કૉમ્પ્યુટરાઈઝેશન કૉમ્પ્યુટર યુનિટ માટે જિલ્લામાં અનુભવી મહેકમનો અભાવ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૧.* | --"-- | ૧૦૦ | જમીન દફતરના કૉમ્પ્યુટરાઈઝેશનમાં અસંખ્ય ભૂલોના કારણે પ્રજાને પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદ ાસીનતા | |

| | | | | |
|---|---|---|---|---|
| **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**<br>**માગણી નં.૯૨** | | | | |
| ૧૨* | ૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ<br>૦૦૧-નિદેશઅને વહીવટ<br>(૧)બીસીકે-૧૨૮સામાજિક...<br>બનાવવું<br>રૂ.૩૦,૮૩,૦૦૦ પૂરક પત્રક<br>પા.નં.૨૧૮ | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વહીવટી તંત્રનો કથળેલો વહીવટ સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૩ | ૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ<br>૧૦૧-વિમુકત... કલ્યાણ<br>(૮) બીસીકે-૧૪૦ ૧ થી ૭<br>... કપડાં<br>રૂ. ા.૩,૯૬,૨૩,૦૦૦ પૂરક<br>પત્રક પા.નં.૨૧૮ | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ધો.૧ થી ૭માં અભ્યાસ કરતા બાળકોને સમયસર મફત પુસ્તકો અને કપડાં આપવામાં તંત્રની ઉદ ાસીનતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૧૪* | ૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ<br>૧૦૨-આર્થિક વિકાસ<br>(૧) બીસીકે-૧૦૦ કુટિર...<br>સહાય<br>રૂ.૪૭,૫૫,૦૦૦ પૂરક પત્રક<br>પા.નં.૨૧૮ | ૧૦૦ | કુટીર ઉદ્યોગમાં સ્વરોજગાર તેમજ વાંસકામ અને પરંપરાગત વ્યવસાયો માટે પૂરતા નાણાની ફાળવણી કરવામાં થતો અસહય વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૫ | ૨૨૩૫-સામાજિક.... કલ્યાણ<br>૮૦૦-અન્ય ખર્ચ<br>(૩) એસસીડબલ્યુ-૨૦ સમૂહ<br>.... લગ્ન<br>રૂ.૩૧,૬૪,૦૦૦ પૂરક પત્રક<br>પા.નં.૨૨૦-૨૨૧ | ૧૦૦ | સાતફેરા સમૂહલગ્નોને પ્રોત્સાહિત કરી સમયસર સહાય ચૂકવવામાં થતો અસહય વિલંબ નિવારવામાં તંત્રની ઉદ ાસીનતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| **મહિલા અને બાળ વિકાસ વિભાગ**<br>**માગણી નં.૧૦૫** | | | | |
| ૧૬ | ૨૨૫૧-સચિવાલય...સેવાઓ<br>૯૦-સચિવાલય (૧)<br>મહિલા...વિભાગ<br>રૂ.૮,૦૦,૦૦૦ પૂરક પત્રક<br>પા.નં.૨૭૭-૨૭૮ | ૧૦૦ | મહિલા અને બાળ વિકાસ વિભાગનો કથળેલો વહીવટ સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી ભારતીબેન પટેલ |
| ૧૭ | ૨૨૫૧-સચિવાલય...સેવાઓ<br>૯૦-સચિવાલય<br>(૧) મહિલા...વિભાગ<br>રૂ..૮,૦૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૨૭૭-૨૭૮ | ૧૦૦ | મહિલાઓ ઉપર થતા અત્યાચાર નિવારવા અંગે સુદ્રઢ આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી રશીદા પટેલ |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નહીં.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત
## ગિલોટીન અંગે

**અધ્યક્ષશ્રી**: મારે એક જાહેરાત કરવાની છે. પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન માટે આજે બીજો અને છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની આ બેઠકનો સમય બપોરના ૧૨.૩૦થી સાંજના ૫.૦૦ વાગ્યા સુધીનો છે. આથી ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪ના પેટા નિયમ ૪ મુજબ સભાગૃહની બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલાં એટલે કે, ચાર વાગ્યે માગણીઓ ઉપરની ચર્ચા પૂરી કરવાની થાય, પરંતુ આજે બિનસરકારી વિધેયકો પણ હાથ ધરવાના હોઈ, બપોરના બે વાગ્યે પૂરક માગણીઓ ઉપરની સઘળી ચર્ચા

પૂરી કરવાનું ઠરાવું છું અને જે પૂરક માગણીઓ ઉપર ચર્ચા ચાલતી હશે તે અને બાકીની બધી પૂરક માગણીઓ સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : તો તો ૧૫ મિનિટ જ મળે?

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : હું આપને એટલું જ કહું છું કે, આ જે ગૃહનો સમય છે એ આ બેઠકનો સમય છે ત્યાંથી કરીને જેટલા કલાક મળવા પાત્ર છે એટલા મળવા જોઈએ, આ બેઠક છે, બીજી બેઠક છે.

**અધ્યક્ષશ્રી** : હા, બીજી બેઠક છે, એટલો જ સમય મળે છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : પૂરક માગણીઓમાં બે બેઠકોનો સમય આપણે ફાળવેલ છે એટલો સમય આમાં મળવો જોઈએ.

**અધ્યક્ષશ્રી** : એ પ્રમાણે જ સમય આપ્યો છે, એમાં કોઈ ફેરફાર નથી કર્યો.

**શ્રી અશોક ભટ્ટ** : સાહેબ, બે બેઠકો છે, બીજા બે કલાક છે એ આપણા નિયમો પ્રમાણે જ આપણે ચાલીએ છીએ, એટલે પાછળના જે બે કલાક છે એ બિનસરકારી વિધેયકો માટેના છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : બે બેઠકોની વાત છે, બે બેઠકોનો સમય ફાળવવો જોઈએ, બાકીનો છે એના પછી આગળ લઈ શકાશે. હું માનું છું કે, એટલું બધું આગળ નહીં લેવું પડે.

**અધ્યક્ષશ્રી** : નહીં, જ્યારે બે બેઠકો હોય ત્યારે બહુ સ્પષ્ટ નિયમ છે કે, ચાર કલાક કામ થાય અને અડધો કલાકની રીસેસ પડે, એટલે સાડા ચાર કલાક થાય. એ પ્રમાણે આપણે આયોજન કર્યુ છે, આપણે કોઈ સમય ઘટાડ્યો નથી.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : અત્યારની જે બેઠકનો સમય જ્યારે શરૂ થયો ત્યારથી શરૂ કરીને આખી બેઠક પૂરી ન થાય ત્યાં સુધીનો સમય.

**અધ્યક્ષશ્રી** : હા, ત્યારથી જ છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, તો બે વાગ્યે પૂરું ન થાય.

**અધ્યક્ષશ્રી** : બે કલાક પહેલાં આપણે પૂરું કરવું પડે, વિધેયકની ચર્ચા કરવાની છે એટલે એમાં બે કલાક આપણે રાખ્યા છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : તો કેટલા વાગ્યે પૂરી થશે ?

**અધ્યક્ષશ્રી** : પાંચ વાગ્યે પૂરું થશે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : પાંચ વાગ્યે આની ચર્ચા પૂરી થશે ?

**અધ્યક્ષશ્રી** : નહીં, ગૃહ પૂરું થશે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : તો તો સમય ઘટશે આપણને.

**અધ્યક્ષશ્રી** : ના ઘટે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : નહીં, વધારાનો સમય આપણે ફાળવી શકીશું, અડધો કલાક કે પંદર મિનિટ,વધારે નહીં કરવું પડે બોલવાવાળા સભ્યો પણ એટલા નથી એટલે માંડ ત્રણ-ચાર સભ્યો બાકી રહી જતા હોય તો આગળ પૂરું કરવું પડશે, સમય આવશે ત્યારે આપની પાસે દરખાસ્ત કરીશું.

**અધ્યક્ષશ્રી** : નહીં, ગિલોટીન છે, એટલે તે પહેલાં મારે કરવું પડે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : તો જ્યાં સુધી માગણીઓ ઉપર બોલવાવાળાનું વક્તવ્ય પૂરું ના થાય ત્યાં સુધી આપે સમય વધારવો જોઈએ.

**અધ્યક્ષશ્રી** : આપણે સભાનું કામકાજ ક્યારે બંધ કરીએ છીએ એ નક્કી કરવું પડે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : છ વાગ્યા સુધી લંબાવી દો.

**શ્રી અશોક ભટ્ટ** : ગિલોટીનનો પણ સમય જશે એટલે બે....

**અધ્યક્ષશ્રી** : એટલે આપે સમય વધારવો હોય તો દરખાસ્ત મૂકો, નહીં તો હું તો આગળ વધીશ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : અમે સાહેબ એટલા માટે વહેલી બેઠક કરવામાં અમે સહકાર આપ્યો.

**શ્રી અશોક ભટ્ટ** : અમારો પૂરો સહયોગ છે, અમે આ બાજુથી સભ્યોને બોલવાની ના પાડીએ છીએ, જેવી રીતે આ બાજુ ના પાડીએ એવી રીતે એ બાજુ પણ, પૂરક માગણીઓ ઉપર એમના મુદ્દા હોય એને જ.

**અધ્યક્ષશ્રી** : નહીં, ચોક્કસ સમય મને કહેવો પડશે. કારણ કે, એક કલાક પહેલાં માગણી ગિલોટીન કરી દેવી પડે, એટલા માટે.

**શ્રી અશોક ભટ્ટ** : અડધો કલાક વધારીએ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : વિપક્ષના નેતાશ્રી પણ છેલ્લે બોલવાના છે.

**શ્રી અશોક ભટ્ટ** : અહીંથી કોઈ નહીં બોલે તમે લોકો બોલજો.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય ૨-૩૦ થી ૩-૦૦ રદ કરીએ અને અડધો કલાક વધારીએ એટલે એક કલાક થઈ જાય.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે.**

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સૂચન કરું છું કે બધા સભ્યશ્રીઓ ચર્ચામાં ભાગ લઈ શકે ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહ સંમત છે? (થોડીવાર પછી) વિરામનો સમય ૨-૩૦ થી ૩-૦૦ રદ કરીએ અને અડધો કલાક વધારીએ, એટલે સભાગૃહનો સમય એક કલાક લંબાવવામાં આવે છે.

**પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) ક્રમશ:**

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પૂરક માગણી લઈને આવ્યા છે. એક સાથે ૪-૫ વિભાગની એટલે બધામાં બોલી શકાશે નહીં, પરંતુ આરોગ્યની માગણીમાં મૂળ માગણી ૭૧૫કરોડ મંજૂર કરવામાં આવેલ. એમાં આઠ મહિનાના ખરેખર ખર્ચનો લક્ષ્યાંક લેતા વર્ષની આખરે ૩૧કરોડ વધારાની જરૂરિયાત રહે છે. આ માગણી મંજૂર રકમની સરખામણીએ પાંચ ટકા થવા જાય છે તો સરકાર પાસે એ જાણવા માગું છું કે આરોગ્ય વિભાગમાં ૨૦૦૪-૨૦૦૫ના વર્ષમાં તે માગણી મૂકવામાં આવી હતી કે કેમ? અને કેટલી રકમની? મારી જાણ મુજબ વિભાગની માગણી ૮૦૦કરોડથી વધુ હતી પણ નાણા વિભાગે કાપ મૂકેલો એના કારણે જો વિભાગની માગણી મુજબ કર્યુ હોત તો બજેટમાં ખાધ વધુ દેખાત. માગણીઓ વધારે છે પણ સમય ઓછો છે એટલે વધારે બોલી શકતો નથી.

સિવિલમાં ટ્રોમા સેન્ટર ચાલુ કર્યુ છે એ સારું છે, ધન્યવાદ પણ અમદાવાદમાં ચાલુ કર્યુ છે એની સાથોસાથ ગાંધીધામ, વડોદરા, જામનગર બધે થયા હોત તો સારું. અકસ્માત થાય અને વચ્ચે મરી જાય. અમદાવાદમાં સારું છે પણ એની સાથેસાથે ઈન્ટીરીયર ત્રણે બાજૂના વિસ્તારમાં ચાલુ કર્યુ હોત તો સારું હતું, લોકોની હાડમારી ઓછી થાય. અને પછી પૂરક માગણી લાવ્યા હોત તો ગુજરાતના ઈન્ટીરીયર લોકો માટે તમે કાંઈક કર્યુ છે એવું અમને લાગત. આજે ટ્રોમા વિભાગ શરૂ કરવો જોઈતો હતો. ૩૫ કરોડની માગણી છે તેમાં આપ જાણો છો મોંઘવારી ભથ્થુ, ટ્રાવેલીંગ ખર્ચ, ઓફીસ ખર્ચ આ બધા ખર્ચ છે આ બધા પાછળ કેટલો ખર્ચ છે એ જોવા જશો તો બધુ પૂરું થઈ જશે. પૂરક માગણી આવા બધા માટે મૂકી છે. ગુજરાતના લોકો માટે કે લોકહિત માટે છે એમ જણાતું નથી.

પંચાયતમાં કેન્દ્ર સરકાર વધારાની સહાય પૂરી કરશે તો કેટલી રકમની? આ માગણી ૫૪ કરોડ થવા જાય છે. આ રકમ કયારે છૂટી કરી? મારી સમજ મુજબ આ રકમ પગાર કે મોંઘવારી ભથ્થા માટે નહીં હોય, આ રકમ ગામડાંના વિકાસ માટે હશે તો આ બધી રકમ શેમાં વાપરવાની છે એનું લિસ્ટ નથી. સરકારનું શું આયોજન છે તેની નોંધ પણ નથી. આ બધી રકમ જિલ્લા પંચાયત હેઠળ મૂકવી જોઈએ. ખરેખર ગામડાંના લોકોના વિકાસ માટેની જે રકમ છે એ મૂકવી જોઈએ એ પણ આમાં નથી. જિલ્લા વહીવટ મહેસૂલ વિભાગની અંદર પણ જે માગણી લાવ્યા છે એમાં કોઈ લોકોને લાગેવળગે એવું કશું દેખાતું નથી. ગુજરાતની જનતા માટે પૂરક માગણી લોકહિત માટે પૂરક માગણી લાવ્યા હોત તો અમને ચોક્કસ ખુશી થાત, એમની સુવિધા માટેની પૂરક માગણી ઉભી કરી અને ટેબલ થપથપાવવા એ બરાબર નથી. નાણામંત્રીશ્રી મારા વડીલ છે. બધા કરતા વધારે બજેટ રજૂ કર્યા છે એટલે એમની સામે કોઈ વાત કરતો નથી. પણ વધારો કરાવ્યો હોય, બાકી બધા જાણે છે આટલા વર્ષોથી કે આવું હોય નહીં.

**અધ્યક્ષશ્રી** : એમ કહીને ઘણું બધું કહી દીધું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : એમની વાત નથી કરતો, મારા વડીલ છે, આદર છે મને પણ મૂકવાવાળાએ આઘુંપાછું કરાવ્યું છે. એટલી મારી વિનંતી છે કે રૂરલ એરિયાથી પરિચિત છો. શું દશા છે? અન્ય પૂરક ગમે તેટલું લાવો સમર્થન કરીએ છીએ. અભિનંદન પાઠવીશું, પણ રૂરલ લોકો ગરીબ લોકોને સુવિધા માટે એમની જરૂરિયાત માટેની પૂરક ડબલ લઈને આવો તેમાં અમે સંમત છીએ. ધન્યવાદ આપીશું, પણ ઑફિસનું એલાઉન્સ, ટી.એ., ડી.એ. આ બધા માટે પૂરક માગણી કરકસરના નામે લાવવી અને કરકસર થતી નથી. પૂરક લાવી આ બધી આંકડાની માયાજાળ ભેગી કરી છે. ઘણાને એમાં ખ્યાલ આવે અને ઘણાને ખ્યાલ આવશે નહિ. એમને મારી વિનંતી છે કે દરેક જગ્યાએ પૂરક લાવો અને નવામાં પૂરક ન કરવું પડે એ જાતની વ્યવસ્થા કરો એમાં અમે સંમત છીએ. પૂરક મૂકવી જ ન પડે તેવું આયોજન કરો તો અમને વાંધો નથી. આયોજન કરો તે પણ સીધું લોકોને સ્પર્શે, લોકના હિત માટે, લોકોની જરૂરિયાત માટે કરો, આ મૂળ વસ્તુ બજેટમાં રહી ગઈ છે.

મહિલા અને બાળવિકાસ, સામાજિક ન્યાયમાં ઉપરોક્ત બજેટ પૂરક છે અને લોકો સુધી એનો લાભ પહોંચે તેવું દેખાતું નથી, એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે ફરીથી નવું બજેટ આવે ત્યારે પૂરક મૂકવી જ ન પડે, જે હોય તે લોકહિતનું હોય. ઑફિસની અંદર રૂરલ એરિયાનું મહેકમ ખાલી છે, એના માટે આપણે કર્યુ હોત તો વાંધો નહોતો, પરંતુ માત્રને માત્ર ઑફિસની, એકબીજાની વાહવાહ કહેવડાવવા માટેની પૂરક માગણી છે. કેવી કેવી સ્કીમ કાઢી છે, નામ તો યાદ નથી અને એના માટેનો ખર્ચ કરવા માટે પણ પૂરક લાવવી એ મને લાગે છે કે ગુજરાતના હિતમાં નથી. લોકોના પૈસા છે. આ બજેટમાં પૂરક માગણીના રૂપિયા ગુજરાતની જનતાના છે. લોકોના ઉપયોગ માટે, લોકોના સહયોગ માટે સીધા સરપ્લસ થાય એવી બજેટ સિવાયની પૂરક

માગણી લાવો તો તમને જશ મળશે, તમને ટેકો આપીશું. પરંતુ આમાં એકેય લોકહિતની વાત નથી. મારું વક્તવ્ય પૂરું કરું છું.

**શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી)**: માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય નાણાં મંત્રીશ્રી જે પૂરક માગણી લઈને આવ્યા છે, એમાં હું સંમત થતો નથી, કારણ કે કચ્છની અંદર આટલો મોટ ભૂકંપ આવ્યા પછી માનનીય વડાપ્રધાન બાજપાઈએ આટલી મોટી હૉસ્પિટલના નિર્માણ માટેનાં નાણાં આપ્યાં અને હૉસ્પિટલ થઈ ગઈ. આ હૉસ્પિટલ ચાલે છે તે સામાન્ય રૂટિનમાં ચાલતી હોય તેવી રીતે ચાલે છે. આટલી અધતન હૉસ્પિટલ હોય, ગુજરાત લેવલે નામના મેળવે એ ટાઇપનું એમાં બાંધકામ થયું છે, પણ અપૂરતા નાણાના કારણે આજે એમને એમ સાધન વિનાની પડી છે, તેને ચલાવવા માટે ટેકનિશ્યન પણ નથી.. પાણી પણ ભરાઈ ગયાં હતાં. આના માટે અમારી માગણી છે કે જો AIIMS ને સોંપી દેવામાં આવે, અગર કમસે કમ નાણાં તો પૂરાં પાડો. આટલી સારી હૉસ્પિટલમાં સુવિધા વધારી હોત તો વધારે આનંદ થાત, કારણ કે કચ્છની અંદર આવી બીજી કોઈ હૉસ્પિટલ નથી. બીજું કચ્છની અંદર અંતરિયાળ ગામની અંદર મેલેરિયા રોગે વારંવાર ઊથલો મારી, લોકોના છોકરા, ગરીબ માણસોને, વૃદ્ધોને મેલેરિયાનો રોગ થયો આની જાણ લેઈટ પડે છે. આ લોકોના આરોગ્ય પ્રત્યે ધ્યાન આપી નાણાં ફાળવી, ગામના લોકો માટે વિચાર કરીને આગળ વધ્યા હોત તો વધારે ખુશી થાત.

બીજી વાત ગ્રામ વિકાસની છે. મારી દ્રષ્ટિએ ગામનો વિકાસ કરવો હોય તો સાચા અર્થમાં કચ્છની અંદર જે ગામડાનો વિકાસ થયો છે, એને અલગ રૂપ આપીને ત્યાં જે ગામડાનો નાનામાં નાનો માણસ થોડી ખેતી કરે છે, એના માટે પાંચ એકર કે દસ એકરની જમીનમાં કચ્છની કેસર કેરી વાવે. આના સિવાય ત્યાં બીજું કઈ થઈ શકતું નથી. ત્યારે આ કેસ કેરીને વિદેશમાં વેચવા માટે કોઈ ઈન્ફ્રાસ્ટ્રકચર નથી, એનું વેચાણ થાય તેવી સુવિધા ઉભી થાય તો ગામડાનો સાચો વિકાસ થઈ શકે એમ છે.

બીજું ખાસ મહેસૂલ વિભાગ માટે મારે કહેવું પડે કે અમારી વર્ષો જૂની માગણી છે કે શિક્ષણમાં પહેલા ધોરણથી કૉલેજો સુધી જમીન જોઈતી હોય છે. નિરમા જેવી ઇન્સ્ટિટયૂટને એક રૂપિયા ટોકન ભાડામાં જમીન મળતી હોય તો બાલમંદિર માટે. માનનીય મંત્રીશ્રીને મળ્યો હતો અને કહેલું કે થઈ જશે અને આ સત્રમાં થઈ જાય તો ખરેખર અભિનંદન આપીશ. કારણ કે ખાસ કરીને કચ્છ જિલ્લો બોર્ડર એરિયા ઉપર છે, પાકિસ્તાનની બોર્ડર ઉપર છે. ત્યાંના બાળકો ભણીને આગળ વધે તે માટે કોઈ ટ્રસ્ટ બાલમંદિર માટે જમીન માગે તો.....

**અધ્યક્ષશ્રી** : માનનીય છબીલભાઈ માગણી જોઈને બોલો. માગણી સિવાયનું બોલો છો.

**શ્રી છબીલદાસ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર હોસ્પિટલ માટે નિર્ણય લેવાય તો તેનો સારી રીતે વિકાસ થશે. માનનીય મંત્રીશ્રી એમ કરશે તો ખરેખર સપોર્ટ કરીશ.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે, તેમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. માનનીય મંત્રીશ્રીએ વિધાનસભા ગૃહમાં અગિયારમી વખત બજેટ રજૂ કર્યુ એટલે તેઓ અનુભવી અને કુશળ છે અને અગિયારમી વખત બજેટ રજૂ કર્યુ એટલે તેમને અભિનંદન આપવામાં આવ્યા હતા.

અંદાજો જે ખરેખર મૂકવા જોઈએ તેમાં બેકાળજી રાખી છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ, મહેસૂલ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ વગેરે જુદા જુદા વિભાગોની પૂરક માગણીઓ લઈને આવ્યા છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના બજેટમાં વિદ્યાર્થીઓને ગણવેશ અને છેલ્લા બે વર્ષમાં રોકડમાં ચૂકવણી કરવાથી તેમજ વર્ષ દરમ્યાન છાત્રોમાં વધારો થવાથી. મૂળ બજેટમો પોઈન્ટ ૫૮ કરોડ રૂપિયા હતા જયારે પૂરક માગણીમાં ૩.૯૬ કરોડ કરવામાં આવ્યા છે એટલે તેમાં ૬૮૨.૭૬ કરોડની પૂરક માગણી લઈને આવ્યા છે. આટલો બધો તફાવત માટે અગમચેતી રાખવામાં આવી હોત તો આ ન થાય. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં ગરીબ અનુસૂચિત જાતિ, જનજાતિના લોકો માટેની વાત છે. તેમાં અગમચેતી રાખી હોત તો ૬૮૨.૭૬ કરોડની પૂરક માગણી લાવવાની જરૂરિયાત ન રહેતી. શિષ્યવૃત્તિના તફાવતની રકમ મૂળ બજેટમાં જે હતી તેના કરતાં પૂરક માગણી ૯.૨૨ કરોડની કરી છે. એટલે તેમાં ૧૧૩.૪૧ કરોડની પૂરક માગણી કરી છે. આ રોકડમાં આપવામાં આવેલ છે, તેમાં શિષ્યવૃત્તિ તો ઠીક પણ આ જે ગણવેશ માટે રોકડમાં આપે છે તેમાં વાસ્તવમાં ગરીબ વર્ગના લોકો ગણવેશ સિવડાવતા નથી. એટલે તેનો ફરી તેમાં સમાવેશ કરી માપ લઈ સ્કૂલમાં આચાર્યોને સૂચના આપી માપ લેવડાવી આ ગણવેશ સિવડાવી શકાય છે. બાકી ચૂકવણી રોકડમાં કરવાથી અને છાત્રોની સંખ્યા વધવાથી આ કારણ બતાવેલ છે. સાહેબ વિદ્યાર્થીઓતો દર વર્ષે વધવાના જ હોય છે. તેની તકેદારી રાખી હોત તો આ ૫.૨૨ ના બદલે ૧૨૦.૪૩ નો જે વધારો કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં વિદ્યાર્થીઓના ગણવેશ અંગે એક કરોડ, એમાં પૂરક માગણી ૬.૮૫ કરોડ એટલે કે ૬૮૫ ટકા વધારે કરવાની ફરજ પડી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું જણાવવા માગું છું કે, હમણાં વિધાનસભા સત્ર બોલાવવાનું હતું એના પહેલાં આ કાર્યક્રમો થયા છે કે જેથી કરીને વિધાનસભામાં આ જે ચૂકવણી થાય છે એમાં ભાવનગર જિલ્લામાં ચાર કરોડ

રૂપિયાની ચૂકવણી કરવામાં આવી એવું આમાં દર્શાવવામાં આવ્યું છે. જેમાં છાત્રાલયો, શિષ્યવૃત્તિ, ગણવેશના પૈસા એ ઉપરાંત પગારના પૈસાની ચૂકવણી એ પણ આ ચાર કરોડમાં ગણી લીધા છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા દલિત અને પછાત વર્ગોના લોકો માટે માત્ર વાહનોમાં ટેમ્પો, રિક્ષા અને એવા વાહનો છકડો જેવા વાહનો આપવામાં આવે છે, દલિત લોકો ટેમ્પો અને રિક્ષાના ડ્રાઇવર થાય, વિશેષ કોઈ યોજના કે લાભો માટે આ સરકાર વિચારે એ તરફ આગળ વધે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે બેંકેબલ યોજનાઓ દલિત અને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ માટે છે, એમાં દલિત લોકો અરજી કરે ત્યારથી લઈને એ બૅન્કમાં જાય ત્યાં સુધીમાં એને મિનિમમ બે હજાર રૂપિયાનો ખર્ચ થઈ જતો હોય છે કેમકે એને લોન પાસ કરાવવા માટે પણ પૈસા આપવા પડે છે, જિલ્લા લેવલે એ ફૉર્મ લેવા જાય ત્યારે અને બૅન્કમાં લોન માટે પહોંચે ત્યારે એને બૅન્કમાંથી હમેશાં ના પાડવામાં આવે છે, અહીયાંથી સરકાર દ્વારા આટલી અરજીઓ મંજૂર કરવામાં આવી એવું દર્શાવવામાં આવે છે પણ એ લોનનો કેટલા લોકોને ફાયદો મળે છે એ દર્શાવવામાં આવતું નથી. મિનિમમ બે થી ત્રણ ટકા લોકોને આ યોજનાનો લાભ મળે છે, બાકી ગામડાઓમાં લોન માટે લોકો જાય છે એ તમામે તમામ અરજીઓ રદ કરવામાં આવતી હોય છે. એટલે સરકારને એવી વિનંતી છે કે, આ ડાયરેક્ટ લોનની વ્યવસ્થા કરવામાં આવે, જે બૅન્કો દ્વારા લોનનું ચૂકવણું થાય છે અને બૅન્કોને સરકાર દ્વારા પૈસા આપવામાં આવે છે. ગરીબ અને દરિદ્ર લોકો જે લોન લેતા હોય છે એ લોનની સામે ૯૦ ટકા સિક્યોરિટી ડિપોઝિટ મૂકાવવામાં આવે છે, ૫૦ હજાર લોન લીધી હોય તો ૪૦ હજાર કે ૩૦ હજાર ડિપોઝિટ મૂકો એમ કહેવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, પૂરક માગણીઓ ઉપર બોલો, લોનનો વિષય નથી.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** : માનનીય અધ્યક્ષશ્રી, આવાસની વાત કરીએ તો અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ લોકોને આવાસો માટે જે રકમ આપવામાં આવે છે પણ હવે સરકાર એક એવી મોલ્ડીંગ કંપની કે જે મકાનો/આવાસો પ્લાસ્ટિકના મોલ્ડીંગ, જે બનાવે છે, એને એક લાખ કરતાં પણ વધારે રકમ ચૂકવવામાં આવે છે, જેથી કરીને ગરીબ અને દરિદ્ર જે સામાન્ય વર્ગના લોકો છે એમને ફાયદો થતો નથી, કુંભાર, કડિયાને ફાયદો થતો નથી, સીમેન્ટના વેપારીને ફાયદો થાય છે પણ જે નાના નાના લોકો છે એમને ફાયદો થતો નથી. (સમયસૂચક ઘંટડી), ગરીબ લોકોને ફાયદો થતો નથી.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, મહેસૂલ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને મહિલા અને બાળ વિકાસ વિભાગની જે પૂરક માગણીઓ માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની વાત કરીએ તો, આજે આપણે જોઈએ તો ગ્રામ્ય વિસ્તારોની અંદર અમુક જગ્યાએ તો પૂરતાં દવાખાના બંધાયાં નથી અને અમુક જગ્યાએ તો ડૉકટરો પણ મૂકવામાં આવેલ નથી એટલે જ્યારે લોક સુખાકારીનો પ્રશ્ન હોય એમાં...

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આજે જે પૂરક માગણીઓ છે, એ પૂરક માગણીઓ ઉપર બોલો, માગણીઓ બોલો આપ, કઈ કઈ માગણીઓ છે? બોલો.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આજની પૂરક માગણીઓમાં જે રકમ છે એ રકમ પૂરતી નથી, પૂરતી રકમ ફાળવીને લોકોને સારું આરોગ્ય મળે એ માટે વિચારવું જોઈએ, પૂરક માગણીઓ પૂરતી કરી નથી, ઓછી કરી છે, વધારે માગણીઓ કરીને પણ લોકોના સુખાકારી માટે કામ કરવું જોઈએ, લોકોનું આરોગ્ય બગડશે તો રાજય અને દેશનું પણ આરોગ્ય બગડશે, એટલે દવાખાનાઓમાં પૂરતા પ્રમાણમાં ડૉકટરો મૂકવા જોઈએ.

બીજું, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ વિશે જોઈએ તો પંચાયતમાં સરપંચોને પૂરતા અધિકારો આપવા જોઈએ અને વધારે પૈસા ફાળવવા જોઈએ.પંચાયતમાં ઓછા પૈસા ફાળવ્યા છે, એવી જ રીતે ગ્રામ ગૃહ નિર્માણ છે એમાં પણ ગામડાનો વિકાસ કરવો હોય તો પૈસા વાધારે ફાળવવા પડશે. આ ગુજરાતનો ગ્રામ્ય વિસ્તાર છે એ બહુ પછાત છે એટલે એના માટે વધુ પૈસા ફાળવવા જોઈએ તો જ ગામડાનો વિકાસ થઈ શકશે. એટલે ગ્રામ્ય વિસ્તારનો વિકાસ થાય એના માટે વધુ રૂપિયા ફાળવો અને ગામડાનો વિકાસ કરો નહીં તો આ રાજય સરકારનું રાજ બહુ ચાલશે નહીં. એટલે વધુ રાજ ચાલે એ માટે આ કરવું પડશે. મહેસૂલમાં પણ પુરક માગણી કરી છે એ પણ ઓછી છે એમાં વધુ પૈસા ફાળવો એવી મારી વિનંતી છે.

મહિલા અને બાળ વિકાસની વાતો કરો છો.બાળ આંગણવાડી ગામડે ગામડે બનાવી છે પણ એના માટેના મકાનો નથી તો આ બાલવાડીઓ કેવી રીતે ચાલશે? તો મારી વિનંતી છે કે, બાલવાડી માટે કેન્દ્ર સરકાર ૮૦ ટકા ફાળો આપે છે અને ૨૦ ટકા ગ્રામ્ય ફાળો હોય છે એને બદલે ધારાસભ્યો ૨૦ થી ૨૫ ટકા પોતાના ફંડમાંથી ફાળો આપે તો બાલવાડીઓ અને આંગણવાડીઓ સારી રીતે ચાલશે એવું મારું સૂચન છે.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર)**: માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એની અંદર હું સંમત થતો નથી. હું લગભગ છેલ્લા ૬ વર્ષથી ધારાસભ્ય તરીકે છું. મેં જોયું છે કે કોઈ દિવસ તમે માઈનોરિટીનો વિચાર કર્યો નથી. આ અંગેનો કોઈ એક શબ્દ પણ સાંભળવા મળ્યો નથી. આપણા મુખ્યમંત્રી દર અઠવાડિયે અને દર પંદર દિવસે પાંચ કરોડની જનતાના ગીતો ગાય છે પણ આનો અમલ થતો નથી. ગુજરાત વકફ બોર્ડ છે, અલ્પસંખ્યક બોર્ડ છે, લઘુમતી બોર્ડ છે એના માટે કોઈ બજેટમાં સવલત આપવામાં આવી નથી.

**અધ્યક્ષશ્રી** : ફારુકભાઈ, તમે માગણીઓ જોઈ લો. પૂરક માગણીઓ ઉપર બોલવાનું છે.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની વાત કરું તો ગુજરાતમાં લગભગ રોજ આત્મ હત્યાના બનાવો બને છે એમાં બહેનોમાં આપઘાતનું પ્રમાણ વધુ છે. જયારે બહેનોને પોતાના સાસરિયામાં ઝગડો-કંકાસ થાય ત્યારે હોસ્પિટલમાં જાય છે ત્યાં આગળ કોઈ જાતની એને સવલત મળતી નથી એના માટે સ્પેશિયલ સગવડ ઉભી કરવી જોઈએ. આરોગ્ય મંત્રીશ્રી છે મારું સૂચન છે કે, અમદાવાદની સિવિલ હોસ્પિટલ છે એમાં ખાસ દર્દી જાય ત્યારે એને કેસ કઢાવવાનો હોય છે એમાં પણ એને ઘણી તકલીફ પડે છે અને ડોકટરો પણ હાજર હોતા નથી એટલે દર્દીઓ અમને ફોન કરે છે 'દર્દીની તબિયત સારી નથી તમે ફોન કરો અથવા રુબરુ આવો' કેસ પેપરથી માંડીને સારવાર માટેની પ્રોસિઝર લાંબી થાય છે તો ડોકટરોએ તુરત જ દર્દીને તપાસવા જોઈએ.

બીજુ ટ્રોમા સેન્ટર ખોલ્યું છે એના ઉદ્‌ઘાટનમાં ગયો હતો, એ સારું છે. એમાં તાત્કાલિક સારવાર મળવી જોઈએ એ નથી મળતી. અમુક ટાઈમે રાત્રે દર્દીઓ જાય છે તો ડોકટરો પોતાના કવાર્ટરમાં સુતેલા હોય છે તો વહેલામાં વહેલી તકે ડોકટરોએ દર્દી આવે એટલે હાજર થઈ જવું જોઈએ કેમ કે, દર્દી ગાંડો હોય છે પણ ડોકટર ગાંડો નથી હોતો એટલે મારી અપીલ છે કે સિવિલ હોસ્પિટલમાં દર્દીને સારવાર વહેલીતકે મળવી જોઈએ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી, જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારી ટૂંકી વાત કરવા ઉભો થયો છું. છેલ્લાં બે વર્ષથી હું આ ગૃહમાં બેસુ છું, આ દરમ્યાન જે પૂરક માગણીઓ આવે છે એની સાઈઝ અને એની ક્વોલિટિ જે છે એ વિચાર કરવા પ્રેરી રહી છે. આ વખતે પણ જે પૂરક માગણીઓ આવી છે એની સાઈઝ ખૂબ મોટી છે, ૩૨૯૦ કરોડ રૂપિયાની પૂરક માગણી આવી છે. આપણને પહેલી નજરે જ એવું થાય કે પૂરક માગણી એટલા માટે ઉભી થતી હશે કે વહીવટ દરમ્યાન, રાજ્ય સરકાર છે એમની પાસે પ્રજાના પ્રતિનિધિ, પ્રજાના જુદા જુદા વર્ગો, વિચારકો નવી વિકાસની યોજનાઓ મૂકે અને એમાં એનો કદાચ અમલ કરવાનો આવે અને એને કારણે પૂરક માગણીઓ આવે તો એને આવકારવી જોઈએ, જે અહીંયા પૂરક માગણીઓ આવી છે એમાંથી લગભગ ૭૦ ટકા માગણી તો વિકાસ સિવાયનો આયોજન બહારનો ખર્ચ કરવાની છે. જ્યારે બજેટ મૂકવામાં આવે ત્યારે વિચારપૂર્વક નાણાકીય આયોજન થતું હોતું નથી અને એને કારણે છેલ્લા મહિનાઓની અંદર આવી મોટી પૂરક માગણીઓ આવે છે. આપના દ્વારા માનનીય નાણામંત્રીશ્રીને હું તો વિનંતી કરીશ કે જો બજેટમાં બહુ ખ્યાલ ન આવતો હોય તો અમારા નટવરસિંહને પૂછી જૂએ, પણ દર વખતે વિશાળ પ્રમાણમાં આવી રીતે માગણીઓ લઈને ન આવે.

અત્યારે જે પૂરક માગણીઓ છે એમાં એક બે નવી યોજનાઓ ટ્રોમા સેન્ટરની આવી, એ આવકારવા યોગ્ય યોજના છે. અમદાવાદમાં ટ્રોમા સેન્ટરો તો કદાચ ઘણી બધી જગ્યાએ હશે, સિવિલમાં બને એ બહુ સારી વાત છે. આવાં ટ્રોમા સેન્ટરો અન્ય જગ્યાએ પણ વિકસાવવાં જોઈએ કે જ્યાં દર્દી હોય એને બીજી કોઈપણ પ્રકારની સારવાર ઉપલબ્ધ ન હોય, લીંબડી, રાજકોટ, વડોદરા, નવસારી કે કચ્છના છેવાડાનો ભાગ હોય, એ વિસ્તારમાં સૌથી વધારે ટ્રોમા સેન્ટરની જરૂર છે. અહીંયા સારવાર ન થવાના કારણે સમયસર સારવાર ન મળવાને કારણે મૃત્યુદર પણ ખૂબ મોટો થાય છે, એટલે આ યોજનાને થોડી વધારે વિકસાવવાની જરૂર હતી,

ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગની માગણીઓ આવી છે. અગિયારમા નાણા પંચના અને બીજા પૈસા આવતા હશે, આમાં આ વખતે પણ કેન્દ્ર સરકારની યોજનાઓ આવી છે પણ સૌથી મોટી મુશ્કેલી એ છે કે, સીધી પંચાયતને અમલવારી ન કરવા દેવાને કારણે આ યોજનાઓનો સમયસર અમલ થતો નથી અને વહીવટી પ્રક્રિયાની અંદર આ યોજનાઓ ગુંચવી દેવાય છે અને એને કારણે આયોજન પાછળ આખા વર્ષની અંદર નવેક મહિના સુધી એનું આયોજન અને એની મંજૂરીની પ્રક્રિયા ચાલે છે અને માત્ર ત્રણ-ચાર મહિનાનો ગાળો એની અમલવારીમાં આવે છે. કેન્દ્ર સરકારના પૈસા આવે અને છતાં રાજ્ય સરકારની રેડટેપીઝમની અંદર, અમલદાર શાહીની અંદર આ ગુંચવાયા કરે છે. મોટાભાગના મારા સાથી પક્ષ સહિતના સભ્યો, બધાની ફરિયાદ એ છે કે, જે નાણા આવે છે એ નાણાંનું આયોજન અને એનો અમલ નીચલી કક્ષાએ થવો જોઈએ તો એની અમલવારી પણ સારી રીતે થઈ શકે અને પૈસા પૂરેપૂરા વાપરી શકાય.

અગાઉ ઘણી બધી વાતો થઈ, મેં વાત કરી કે પૂરક માગણીઓ છે એ સમાજના વર્ગમાંથી આવી હોત, નવી યોજનાઓ માટે, ગ્રામસભા માટેની વાત થઈ, માનનીય મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રી વારંવાર વાત કરે છે કે

અમે આટલી ગ્રામસભાઓ યોજી. જો આ પૂરક માગણીઓ ગ્રામસભાની અંદર જે માગણીઓ ઉભી થઈ છે એના માટે લઈને આવ્યા હોત તો એની અંદર હું એવું માનું છું કે, બધાજ લોકો આ ચર્ચાની અંદર ભાગીદાર પણ થયા હોત અને આપણને આ માગણી પર વિચારણા કરી અને આવતા વરસે ગ્રામસભાની અંદર વ્યવસ્થિત માગણી આવે એવો નિર્ણય થઈ શક્યો હોત. આ જે પૂરક માગણીઓ આવી છે તેમાં સમાજના વર્ગમાંથી કોઈ માગણીઓ જે આવી છે તેનો કોઈ સમાવેશ થતો નથી પણ બજેટની અંદર જે વ્યવસ્થિત રીતે આયોજન ના થયું અને તેને કારણે પૂરક માગણીઓ વધારાની લઈ આવવી પડી છે. એક બે આયોજન સિવાયના મોટાભાગની આ માગણીઓ તે પ્રકારની છે. હું આપના મારફતે અહીંયા માનનીય મુખ્યમંત્રીશ્રી પણ નથી, માનનીય સંસદીય મંત્રીશ્રી પણ નથી ગ્રામ સભા છે તેને ગ્રામ સંસદ આપણે કહી છે અને ત્યાં આપણે એવું ઈચ્છીએ છીએ કે ગામડાંની જરૂરિયાતની ત્યાં ચર્ચા થાય અને તેનું અમલીકરણ કરવા માટેની આપણને અહીંયા પ્લૅટફૉર્મ આ વિધાનસભા છે તે પૂરું પાડે અને તેની ચર્ચા પણ થાય. આપણે ગ્રામસભાની અંદર ચર્ચા એલાઉ કરીએ છીએ અને તેની માગણીઓ આવવા દઈએ છીએ પણ અમલીકરણ કરવા માટે ચિંતા કરતા નથી. મારે આપના મારફતે એટલું ધ્યાન દોરવાનું છે કે આ પ્રક્રિયાઓ અહીંયા ધારાસભા સુધી પણ આગળ વધારવી જોઈએ. મને એમ હતું કે મારા પક્ષના સભ્યો પણ આ પૂરક માગણીઓની અંદર પ્રકાશ પાડે. આપની પાસે પણ ફરિયાદો આવે છે અને આપને પણ યાદ છે કે મારા સાથી પક્ષના જે વડીલો છે તેમને વારંવાર એવી વાત કરી છે કે અમારા પક્ષના સભ્યોને બોલવાનો મોકો નથી મળતો. મને આનંદ થાત કે આજની આ પૂરક માગણીઓની અંદર મારા સાથી પક્ષના સભ્યો બોલ્યા હોત અને તેને સામ સામે એક ડિબેટ થઈ હોત તો આવકાર્ય હતું. ડેમોક્રેસીનો અર્થ તે ડિબેટ જ હોય છે પણ આજે બે બેઠકો થઈ પણ તેમને તક આપવામાં ના આવી અને જો અપાઈ હોત તો મને શ્રદ્ધા છે કે ગ્રામ વિકાસની માગણી જ્યારે ઉભી થઈ હોત ત્યારે ગ્રામસભાના જે નિર્ણયો છે. આટલી બધી ગ્રામસભાઓ થઈ તેની અંદર શું શું ચર્ચાઓ થઈ, કયા પ્રકારની માગણીઓ આવી તે માગણીઓ પૈકી આ પૂરક આખા વર્ષની અંદર નવ-દશ મહિના થઈ ગયા પણ તેની અંદર જે ગ્રામસભાએ નિર્ણયો કર્યા છે તે નિર્ણયો અહીંયા થયા નથી એવો પોતાનો અવાજ પણ મારા સાથી પક્ષના સભ્યો પણ તે રજૂ કરી શક્યા હોત.પરંતુ મારે વધુ રાજકીય અવલોકનો નથી કરવાં, પરંતુ ગ્રામસભાની અંદર પણ અધિકારીઓ મોકલી અને મનગમતાં નિર્ણયો ક્યાંક ક્યાંક કરાવી શકાતા હશે બધી જગ્યાએ નથી થતા એમ અહીંયા આ વિધાનસભાની અંદર પ્રયોગ નહોતો કરવાની જરૂર અને બધાજ સભ્યોને બોલવા દેવાની જરૂર હતી એટલે બાકી બધા જ વિચારો મારા સાથી પક્ષના મારા સભ્યો જે જે બોલ્યા છે તેમણે વિગતવાર વાત કરેલી છે અને હું ઇચ્છું કે આવનાર બજેટ વિચારપૂર્વક મુકાયેલ હશે. અત્યારનું આપણે મંજૂર કરીએ તે બજેટની અંદર આવતી પૂરક માગણીઓ કદાચ માનનીય નાણામંત્રીશ્રીએ મૂકવાની આવે તો એવી મૂકવાની આવે મેં કહ્યું તેમ સમાજના વર્ગમાંથી જે માગણીઓ આવી હોય વિકાસની યોજનાઓની માગણીઓ આવી હોય અને તેની ઉપર ચર્ચા થાય અને તે પ્રકારની ભવિષ્યની અંદર કાળજી રાખે, એવી હું આપના મારફતે વાત કરી અને મારું વક્તવ્ય પૂરું કરું છું.

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું કે આ બજેટની ચર્ચાની અંદર અમારા સાથી સભ્યોને પણ બોલવા દીધા હોત તો સારું હતું. સવાલ એ છે કે, આ પૂરક માગણીઓ માટેનું બજેટ છે અને પૂરક માગણીઓની અંદર જે બજેટમાં નક્કી થયું હોય તેના કરતાં વધારાનું હોય તેને માટેની વાત છે. જ્યારે વધારાની વાત કરી હોય ત્યારે તો તેના વિશે કોઈ જવાબ આપવાની કે ટીકા-ટિપ્પણનો કોઈ સવાલ જ હોઈ શકે નહીં. આજે કોઈ Restricted છે એટલા માટે થઈને વાત નહીં, પરંતુ જ્યારે પૂરક બજેટ આવે ત્યારે હંમેશા હિસાબો હોય છે તે હિસાબોના એડજેસ્ટમેન્ટ માટે હોય છે. આજે કોઈ એમ કહેશે કે આ ૯૭૦૦ કરોડ રુપિયાનું પૂરક બજેટ છે પરંતુ આપણે જો આમાંથી જોશું તો ૯૭૦૦માંથી ૬૪૫૬ કરોડ રુપિયા છે તે કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ અને હિસાબના એડજેસ્ટમેન્ટ માટે છે. આ જે રાજય સરકારને રિઝર્વ બેંક ઓઈ ઈન્ડિયા તરફથી વેઈઝ એન્ડ મીન્સની જે રકમ મળતી હોય તો જે લોન લીધી હોય એ પાછી ચૂકવી હોય એ બન્નેના હિસાબો કરીને આ રકમ છે તેમાં આને મજરે લેવી પડે છે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કહયું કે પૂરક માગણીઓની સાઈઝ બહુ મોટી થતી જાય છે. તો મારે એટલું જ કહેવાનું છે કે ગયા વર્ષની સાઈઝ કરતાં આ વર્ષે સાઈઝ ઘણી નાની થઈ છે અને એ સાઈઝ નાની થવા માટેનાં કારણો પણ એ છે કે હંમેશાં કોઈપણ રાજય હોય એ રિઝર્વ બેંકના વેઈઝ એન્ડ મીન્સ છે એની રકમ વાપરતા હોય છે. ગયા વર્ષે અંદાજે જે વેઈઝ એન્ડ મીન્સ છે એના માટે ૮૯૪૪ કરોડ રૂપિયા આપણે વાપર્યા હતા. આ વર્ષે ફકત ૧૫૦૦ કરોડ રૂપિયા જ વેઈઝ એન્ડ મીન્સમાં વાપર્યા છે. એનો અર્થ એ થયો કે ગયા વર્ષે જે રકમ વાપરી હતી એના છઠ્ઠા ભાગની રકમ જ આપણે વાપરી છે. આપણે આપણી પોતાની રકમ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયામાં અત્યારે આપણે ૧૧ મહિનામાં ૩૩૦ દિવસ ગણીએ તો એમાંથી ૧૨૦ દિવસ તો આપણે પ્લસ છીએ. આપણી પાસે રિઝર્વ બેંકમાં જમા પડયા છે અને આપણે બહુ ઓછા દિવસમાં એનો ઉપયોગ આપણે કરી શકયા છીએ અને મારે ગૌરવથી કહેવું પડે છે કે આજ દિવસ સુધી એકપણ રૂપિયાનો ઓવરડ્રાફટ આ રાજય સરકારે લીધો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આખી જે રીતની વાત આવે છે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કહયું કે આનું વ્યવસ્થિત રીતે આયોજન ના થયું એટલે આવી માગણી કરવામાં આવે છે, પરંતુ મારે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને કહેવું છે કે આ વ્યવસ્થિત રીતે આયોજન કોને કહેવાય એના માટે હું આંકડા આપીશ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો જે મૂળ પ્લાન હતો એ મૂળ પ્લાન ૮૫૧૮ કરોડ રૂપિયાનો હતો, પરંતુ રાજય સરકારના કરકસરયુકત વહીવટ અને જે આવક માટે વધુ તકેદારી રાખીને આવક મેળવી અને વ્યાજમાં બચત કરી , વેઈઝ એન્ડ મીન્સની રકમ વાપરી, ઓવરડ્રાફટ ના વાપર્યો એના કારણે આપણી બચતના કારણે મારે આજે કહેવું પડે છે કે આ વર્ષનો આપણો પ્લાન ૨૦૦૪-૨૦૦૫ નો જે ૮૫૧૮ કરોડ છે એના બદલે આ પ્લાન વધીને ૧૦૬૯૧ કરોડનો થશે એટલે ૨૧૭૩ કરોડ રૂપિયા વધારે એટલે કે ૨૫ ટકા વધારે આ જ વર્ષમાં થશે. એટલે પ્લાન સેકટરમાં જે પૈસા વપરાતા હોય છે એ હંમેશાં વિકાસના પૈસા જ વપરાતા હોય છે એ નિર્વિવાદ વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આર્થિક રીતે સધ્ધરતા માટેનાં વખાણની વાત ન કરું પણ એટલી વાત ચોકકસ કરીશ કે આજે ૯ મી પંચવર્ષીય યોજનામાં જે ૨૮ હજાર કરોડ રૂપિયાનો આપણો નવમી પંચવર્ષીય યોજનાનો પ્લાન આપણે પૂરો કર્યો હતો એ ૨૮ હજારમાંથી ૧૦ મી પંચવર્ષીય યોજના માટે આપણે ૪૭ હજાર કરોડ રૂપિયાનો પ્લાન બનાવ્યો. એટલે ૯ મી પંચવર્ષીય યોજના કરતાં ૬૮ ટકા વધારે આપણે આ પ્લાન બનાવ્યો છે અને આ પ્લાન પણ આ ૧૦ મી પંચવર્ષીય યોજના દરમ્યાન આને પૂર્ણ કરીશું. ૨૦૦૪-૨૦૦૫માં જયારે હિસાબો પૂરા થશે ત્યારે ૨૩ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરી દીધો હશે અને આ ૪૭ હજાર કરોડમાંથી ૨૩ કરોડ જાય એટલે બાકીની રકમ છે એ આગામી બે વર્ષમાં એ પૂર્ણ થઈ જશે એ નિર્વિવાદ વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ટ્રોમા સેન્ટર માટે વાત કરીને એને આવકાર આપ્યો છે અને બીજી જે વાતો થઈ એમાં ગ્રામસભાઓમાં જે જે માગણીઓ આવી એના માટેની જે વાત થઈ એના માટે મારે એટલું જ કહેવાનું કે એના માટે જનરલ ચર્ચા થવાની છે. ગામ સભાઓમાં જેટલી માગણીઓ આવી એમાં મોટાભાગના પ્રશ્નો તો સોલ્વ થઈ ગયા છે. જો કે આ વિષય આમાં આવતો નથી છતાં પણ જનરલ ચર્ચા આવશે ત્યારે હું ચોકકસ એનો જવાબ આપીશ. એ જ રીતે માનનીય શ્રી ગોવાભાઈએ જે વાત કરી છે એમાં એમણે જે પાંચ માગણીઓ માટેની વાત કરી તે અંગે કહું તો પહેલી આરોગ્યને લગતી માગણી છે એમાં તો પગાર ભથ્થા અને દવાઓ માટેની વાત છે, અને તે એટલા માટે વધારાની માગણી કરી છે કે વધારે દવાની જરૂર પડે તો વધુ પૈસા ફાળવવા પડે, ડોકટર ન મળતા હોય અને મળવા માંડે તો પગાર પણ વધુ આપવો પડે, વધુ કામ લઈએ તો ભથ્થાં પણ વધુ આપવાં પડે, તેના માટે કંઈ નિશ્ચિત ન હોય પરંતુ તે આવશ્યક હોય તેના માટેની જ માગણી છે, તે પણ ફકત ૩૪ કરોડ રૂપિયાની જ છે. હું જે પાંચ પૂરક માગણીઓ લઈને આવ્યો છું એ ૨૫૯ કરોડ રૂપિયાની માગણી છે એમાંથી ૧૪૩ કરોડ રૂપિયાની માગણીઓ તો પછાત વર્ગના લોકો માટેની જ માગણીઓ છે. જેમાં નિશાળમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધી અને સંખ્યા વધવાને કારણે તેને સાયકલ આપવી પડે, ગણવેશ આપવા પડે, શિષ્યવૃત્તિ પણ આપવી પડે, આ તમામ માટે થઈને મોટાભાગની રકમ ખર્ચાવાની છે. એટલે વધારેમાં વધારે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટેની જ આ માગણીઓ લઈને હું આવ્યો છું.

માનનીય શ્રી છબીલભાઈએ કચ્છ હોસ્પિટલની વાત કરી છે તો તેના માટે આ માગણીમાં આવતું નથી પરંતુ તેમનું સૂચન છે તેના તરફ ચોક્કસ ધ્યાન આપવામાં આવશે. શ્રી પ્રવિણભાઈ મારુએ શિષ્યવૃત્તિની વાત કરી છે પરંતુ શિડયુલ કાસ્ટ અને શિડયુલ ટ્રાઈબ તથા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી જે વિદ્યાર્થીઓને રકમ આપવાની હતી તે તમામ રકમ વિદ્યાર્થીઓને મળી જાય અને આ વર્ષનો એક પણ પૈસો એ રકમનો બાકી ન રહે તેની તકેદારી રાખી અને તમામ આયોજન કર્યુ છે. તેથી એમાં કોઈની ફરિયાદ આવે તેવું રહેવાનું નથી. આ રીતે મેં જે માગણીઓ રજૂ કરી છે તેના ઉપરની કાપ દરખાસ્તો જે માનનીય સભ્યશ્રીઓએ રજૂ કરી છે તેઓ એમની કાપ દરખાસ્તો પાછી ખેંચી લે અને મારી આ માગણીઓને મંજૂર કરે તેવી હું માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા તરફથી જે કાપ દરખાસ્તો રજૂ થઈ છે તે કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩, ૫, ૬, ૭, ૮, ૧૩, ૧૫, ૧૬ અને ૧૭ પાછી ખેંચી લેવાની હું સભાગૃહની પરવાનગી માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સભ્યો તરફથી રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંકઃ ૩, ૫, ૬, ૭, ૮, ૧૩, ૧૫, ૧૬ અને ૧૭ હું પાછી ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી :કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩, ૫, ૬, ૭, ૮, ૧૩, ૧૫, ૧૬ અને ૧૭ પાછી ખેંચી લેવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક ૩૮, ૭૦, ૭૮, ૯૨ અને ૧૦૫ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

## ગીલોટીન કરેલ માગણીઓ

**શ્રી વજુભાઈ વાળા (મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૪-૨૦૦૫ના વર્ષના અનુદાનો માટેના પૂરક પત્રકમાં કુલ ૭૨ માગણીઓનો સમાવેશ કરવામાં આવેલ છે એમાંથી ૧૦ માગણીઓ આ સભાગૃહમાં ચર્ચા દ્વારા પસાર થઈ છે. આથી બાકીની ૬૨ માગણીઓ પૈકીની ૭ માગણીઓ બિન મતપાત્ર હોવાથી તે સિવાયની નીચે મુજબની કુલ ૫૫ માગણીઓ, પૂરક માગણી ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૭, ૧૦, ૧૨, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૨૧, ૨૨, ૨૫, ૩૨, ૩૩, ૪૧, ૪૩, ૪૪, ૪૬, ૫૦, ૫૩, ૫૫, ૫૭, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૫, ૬૬, ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૯૦, ૯૩, ૯૫, ૯૬, ૯૮, ૯૯, ૧૦૦, ૧૦૨, ૧૦૩, ૧૦૬ હું રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૭, ૧૦, ૧૨, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૨૧, ૨૨, ૨૫, ૩૨, ૩૩, ૪૧, ૪૩, ૪૪, ૪૬, ૫૦, ૫૩, ૫૫, ૫૭, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૫, ૬૬, ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૯૦, ૯૩, ૯૫, ૯૬, ૯૮, ૯૯, ૧૦૦, ૧૦૨, ૧૦૩ અને ૧૦૬ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

## સન ૨૦૦૪-૨૦૦૫ ના વર્ષના અનુદ ાનૉ માટેની પૂરક માગણીઑ પૈકી ગિલૉટીનથી મત માટે મૂકવાની અનુસૂચિ

| પ્રભારી મંત્રીશ્રી | માગણી નંબર | માગણીનો જેની સાથે સબંધ હૉય તે સેવા | | માગણીની રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ |
| | | **કૃષિ અને સહકાર વિભાગ** | | |
| કૃષિ અને સહકાર મંત્રીશ્રી | ૧ | કૃષિ અને સહકાર વિભાગ | મહેસૂલ | ૭,૫૯,૦૦૦ |
| કૃષિ અને સહકાર મંત્રીશ્રી | ૨ | કૃષિ | મહેસૂલ<br>મૂડી | ૪૩,૦૧,૭૩,૦૦૦<br>૫૪,૫૦,૦૦૦ |
| કૃષિ અને સહકાર મંત્રીશ્રી | ૩ | નાની સિંચાઈ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ | મહેસૂલ | ૧૨,૫૦,૦૦,૦૦૦ |
| કૃષિ અને સહકાર મંત્રીશ્રી | ૪ | પશુપાલન અને ડેરી વિકાસ | મહેસૂલ<br>મૂડી | ૪,૮૦,૯૩,૦૦૦<br>૩૪,૨૦,૦૦૦ |
| કૃષિ અને સહકાર મંત્રીશ્રી | ૫ | સહકાર | મહેસૂલ | ૧,૬૨,૬૨,૦૦૦ |
| | | **શિક્ષણ વિભાગ** | | |
| શિક્ષણ મંત્રીશ્રી | ૭ | શિક્ષણ વિભાગ | મહેસૂલ | ૩,૧૨,૦૦૦ |
| | | **ઉર્જા અને પેટ્રૉકેમિકલ્સ વિભાગ** | | |
| મુખ્યમંત્રીશ્રી | ૧૦ | ઉર્જા અને પેટ્રૉકેમિકલ્સ વિભાગ | મહેસૂલ | ૫,૫૮,૦૦૦ |
| મુખ્યમંત્રીશ્રી | ૧૨ | વીજળી શકિત પરિયૉજનાઅ ૉ | મહેસૂલ<br>મૂડી | ૪,૯૦,૨૮,૭૫,૦૦૦<br>૧,૭૨,૮૬,૭૫,૦૦૦ |
| | | **નાણા વિભાગ** | | |
| નાણા મંત્રીશ્રી | ૧૪ | નાણા વિભાગ | મહેસૂલ | ૧,૦૦૦ |
| નાણા મંત્રીશ્રી | ૧૫ | કર વસુલાત ખર્ચ (નાણા વિભાગ) | મહેસૂલ | ૬૯,૫૩,૦૦૦ |
| નાણા મંત્રીશ્રી | ૧૭ | પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભ | મહેસૂલ | ૫૩,૮૫,૨૫,૦૦૦ |
| નાણા મંત્રીશ્રી | ૧૮ | નાણા વિભાગને લગતું અન્ય ખર્ચ | મહેસૂલ | ૧,૦૮,૨૦,૮૨,૦૦૦ |
| | | **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતૉનૉ વિભાગ** | | |
| નાગરિક પુરવઠા મંત્રીશ્રી | ૨૧ | નાગરિક પૂરવઠૉ | મહેસૂલ | ૬૪,૩૬,૦૫,૦૦૦ |
| નાગરિક પુરવઠા મંત્રીશ્રી | ૨૨ | અન્ન | મહેસૂલ | ૩૪,૪૩,૦૦૦ |
| ૧ | ૨ | ૩ | | ૪ |
| | | **વન અને પર્યાવરણ વિભાગ** | | |
| ૧ | ૨ | ૩ | | ૪ |

| | | | | |
|---|---|---|---|---|
| વન અને પર્યાવરણ મંત્રીશ્રી | ૨૫ | વન | મહેસૂલ<br>મૂડી | ૧,૬૫,૦૦,૦૦૦<br>૫૩,૨૦,૦૦૦ |
| **સામાન્ય વહીવટ વિભાગ** | | | | |
| મુખ્યમંત્રીશ્રી | ૩૨ | સામાન્ય વહીવટ વિભાગ | મહેસૂલ | ૨,૦૦૦ |
| મુખ્યમંત્રીશ્રી | ૩૩ | આર્થિક બાબતો અંગે સલાહ અને આંકડા | મહેસૂલ | ૭,૯૯,૦૦૦ |
| ગૃહ વિભાગ | | | | |
| મુખ્યમંત્રીશ્રી | ૪૧ | ગૃહ વિભાગ | મહેસૂલ | ૧૬,૬૫,૦૦૦ |
| મુખ્યમંત્રીશ્રી | ૪૩ | જેલ | મહેસૂલ | ૨૫,૭૫,૦૦૦ |
| મુખ્યમંત્રીશ્રી | ૪૪ | પરિવહન | મહેસૂલ<br>મૂડી | ૧,૪૩,૨૨,૨૫,૦૦૦<br>૫૦,૦૦,૦૦,૦૦૦ |
| મુખ્યમંત્રીશ્રી | ૪૬ | ગૃહ વિભાગને લગતું અન્ય ખર્ચ | મૂડી | ૪૧,૭૪,૧૮,૦૦૦ |
| **ઉદ્યોગ અને ખાણ વિભાગ** | | | | |
| મુખ્યમંત્રીશ્રી | ૫૦ | ખાણ અને ખનિજ | મહેસૂલ | ૩,૦૦,૦૦,૦૦૦ |
| **માહિતી અને પ્રસારણ વિભાગ** | | | | |
| મુખ્યમંત્રીશ્રી | ૫૩ | માહિતી અને પ્રસારણ વિભાગ | મહેસૂલ | ૩,૩૫,૦૦૦ |
| મુખ્યમંત્રીશ્રી | ૫૫ | માહિતી અને પ્રસારણ વિભાગને લગતું અન્ય ખર્ચ | મહેસૂલ | ૭,૦૫,૦૦૦ |
| **શ્રમ અને રોજગાર વિભાગ** | | | | |
| શ્રમ અને રોજગાર મંત્રીશ્રી | ૫૭ | શ્રમ અને રોજગાર | મહેસૂલ | ૪,૮૮,૪૯,૦૦૦ |
| **કાયદા વિભાગ** | | | | |
| કાયદામંત્રીશ્રી | ૫૯ | કાયદા વિભાગ | મહેસૂલ | ૨૪,૯૧,૦૦૦ |
| કાયદામંત્રીશ્રી | ૬૦ | ન્યાયતંત્રનો વહીવટ | મહેસૂલ | ૧,૩૦,૭૬,૦૦૦ |
| કાયદામંત્રીશ્રી | ૬૧ | કાયદા વિભાગને લગતું અન્ય ખર્ચ | મહેસૂલ<br>મૂડી | ૩,૭૫,૦૦૦<br>૪,૧૮,૬૪,૦૦૦ |
| **વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ** | | | | |
| વૈધાનિકઅને સંસદીય બાબતોના મંત્રીશ્રી | ૬૨ | વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ | મહેસૂલ | ૧,૦૦૦ |
| **નર્મદ ા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ** | | | | |
| મુખ્યમંત્રીશ્રી | ૬૫ | નર્મદા વિકાસ યોજના | મૂડી | ૧૨,૦૫,૪૦,૦૮,૦૦૦ |
| પાણી પુરવઠા, જળસંપત્તિ મંત્રીશ્રી | ૬૬ | સિંચાઈ અને ભૂમિસંરક્ષણ | મહેસૂલ | ૨૨,૬૪,૧૨,૦૦૦ |
| **પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ** | | | | |
| **૧** | **૨** | **૩** | | **૪** |
| પંચાયત મંત્રીશ્રી | ૭૧ | ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ | મહેસૂલ | ૧,૦૦૦ |
| પંચાયત મંત્રીશ્રી | ૭૨ | વળતર અને સોંપણી | મહેસૂલ | ૮,૫૧,૩૬,૦૦૦ |
| પંચાયત મંત્રીશ્રી | ૭૩ | પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ | મહેસૂલ<br>મૂડી | ૧૮,૭૫,૬૭,૦૦૦<br>૨,૯૪,૩૮,૦૦૦ |
| **બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગ** | | | | |
| મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી | ૭૪ | મત્સ્યોદ્યોગ | મહેસૂલ<br>મૂડી | ૧૦,૬૦,૩૧,૦૦૦<br>૭,૯૯,૭૦,૦૦૦ |
| **મહેસૂલ વિભાગ** | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| મહેસૂલ મંત્રીશ્રી | ૭૬ | મહેસૂલ વિભાગ | મહેસૂલ | ૧,૦૦૦ |
| મહેસૂલ મંત્રીશ્રી | ૭૭ | કર વસુલાત અંગે ખર્ચ (મહેસૂલ વિભાગ) | મહેસૂલ | ૩,૬૬,૯૨,૦૦૦ |
| મહેસૂલ મંત્રીશ્રી | ૮૦ | ડાંગ જિલ્લો | મહેસૂલ | ૧,૧૨,૭૫,૦૦૦ |
| મહેસૂલ મંત્રીશ્રી | ૮૧ | વળતર અને સોંપણી | મહેસૂલ | ૪૦,૦૦,૦૦,૦૦૦ |
| મહેસૂલ મંત્રીશ્રી | ૮૨ | મહેસૂલ વિભાગને લગતું અન્ય ખર્ચ | મહેસૂલ | ૧,૧૦,૦૧,૦૦૦ |
| **માર્ગ અને મકાન વિભાગ** | | | | |
| માર્ગ અને મકાન મંત્રીશ્રી | ૮૪ | બિન-રહેણાંકના મકાનો | મહેસૂલ<br>મૂડી | ૧૧,૧૫,૨૦,૦૦૦<br>૩,૪૯,૫૭,૦૦૦ |
| માર્ગ અને મકાન મંત્રીશ્રી | ૮૫ | રહેણાંકના મકાનો | મહેસૂલ | ૨,૫૪,૬૫,૦૦૦ |
| માર્ગ અને મકાન મંત્રીશ્રી | ૮૬ | માર્ગો અને પુલ | મહેસૂલ<br>મૂડી | ૮૨,૩૫,૦૨,૦૦૦<br>૩,૪૮,૦૪,૫૮,૦૦૦ |
| માર્ગ અને મકાન મંત્રીશ્રી | ૮૭ | ગુજરાત પાટનગર બાંધકામ યોજના | મૂડી | ૧,૦૦૦ |
| માર્ગ અને મકાન મંત્રીશ્રી | ૮૮ | માર્ગ અને મકાન વિભાગને લગતું અન્ય ખર્ચ | મહેસૂલ | ૯૪,૭૦,૦૦૦ |
| **વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ** | | | | |
| મુખ્યમંત્રીશ્રી | ૯૦ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતું અન્ય ખર્ચ | મહેસૂલ | ૧૬,૦૦,૦૦,૦૦૦ |
| **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ** | | | | |
| આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી | ૯૩ | અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ | મહેસૂલ | ૧૪,૬૧,૭૨,૦૦૦ |
| સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી | ૯૫ | અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગતભૂત યોજનાઓ | મહેસૂલ | ૨૬,૫૧,૭૦,૦૦૦ |
| આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી | ૯૬ | આદિજાતિ વિસ્તાર પેટા યોજના | મહેસૂલ<br>મૂડી | ૧,૩૧,૨૨,૭૮,૦૦૦<br>૩૩,૫૭,૨૯,૦૦૦ |
| **રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ** | | | | |
| રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી | ૯૮ | યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ | મહેસૂલ | ૬,૦૦,૧૩,૦૦૦ |
| રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઅ ોના મંત્રીશ્રી | ૯૯ | રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગને લગતું અન્ય ખર્ચ | મૂડી | ૧,૩૩,૪૩,૦૦૦ |
| **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ** | | | | |
| શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી | ૧૦૦ | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | મહેસૂલ | ૨,૭૦,૦૦૦ |
| શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી | ૧૦૨ | શહેરી વિકાસ | મહેસૂલ | ૩,૮૫,૯૪,૫૧,૦૦૦ |
| શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી | ૧૦૩ | વળતર, સોંપણી અને કર વસૂલાત અંગે | મહેસૂલ | ૩૨,૫૩,૬૭,૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | | ખર્ચ | | |
| | | **મહિલા અને બાળ વિકાસ વિભાગ** | | |
| મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી | ૧૦૬ | મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ | મહેસૂલ | ૫,૯૦,૮૩,૦૦૦ |

**બિન સરકારી વિધેયકો**

**દાખલ કરવાના બિન સરકારી વિધેયકો**

**સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક:**

**ગુજરાત માહિતીના અધિકાર બાબત વિધેયક, ૨૦૦૫**

**ડૉ .માયાબેન સુ. કોડનાની (નરોડા):** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે, સન ૨૦૦૫નું ગુજરાત માહિતીના અધિકાર બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૫નું ગુજરાત માહિતીના અધિકાર બાબત વિધેયક દાખલ કરુ છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક:**

**મુંબઇ ભાડાં, હોટૅલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૫**

**ગુજરાત રાજયને લાગુ પડતો હોય તેટલે સુધી મુંબઇ ભાડાં, હોટૅલ અને નિવાસગૃહ દર નિયંત્રણ અધિનિયમ, ૧૯૪૭ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ):** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે, સન ૨૦૦૫નું મુંબઇ ભાડાં, હોટૅલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૫નું મુંબઇ ભાડાં, હોટૅલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક દાખલ કરુ છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**બિન સરકારી વિધેયકો**

**પહેલા, બીજા અને ત્રીજા વાચનના બિન સરકારી વિધેયકો**

**સન ૨૦૦૩નું વિધેયક ક્રમાંક-૨૮**

**ગુજરાત માતાપિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબત વિધેયક, ૨૦૦૩**

**માતાપિતા, પત્ની અને બાળકો માટે અને તે સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ):** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે, સન ૨૦૦૩નું *વિધેયક ક્રમાંક-૨૮-સન ૨૦૦૩નું ગુજરાત માતા-પિતા અને આશ્રિતોના ભરણ પોષણ બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સભાગૃહ સમક્ષ ગુજરાત માતા-પિતા અને આશ્રિતોના ભરણ પોષણ બાબતનું વિધેયક લઈને આ સભાગૃહ સમક્ષ હું આવી છું.

સભાગૃહમાં બેઠેલા તમામ માનનીય ધારાસભ્યશ્રીઓ, મુરબ્બીઓ આ રાજયની અને દેશની જે સંસ્કૃતિ હતી અને એ સંસ્કૃતિના આધારે સમસ્ત કુટુંબ જીવન હતું એમાં ધીરે ધીરે હવે પરિસ્થિતિ બગડી રહી છે. એ

* વિધેયક તા.૧૨મી માર્ચ, ૨૦૦૩ના ગુજરાત ગર્વનમેન્ટ ગેઝેટમાં પસિધ્ધ કરવામાં આવ્યું છે.

ખૂબ જ ચિંતાજનક સ્થિતિ છે એ બાબત લઈને મારે આ સભાગૃહ સમક્ષ આવવું પડ્યું છે. જે વાત થઈ રહી છે એમાં સમસ્ત દેશની સંસ્કૃતિ, ભારતીય સંસ્કૃતિ અને સંસ્કૃતિને આધીન માતા-પિતાને ભગવાન બરાબરનો દરજ્જો હતો. માતા અને પિતા છે એ પોતાના બાળકને જન્મ આપે છે, ત્યારથી સમર્પિત જીવન એ બાળક પાછળ કાઢે છે. માતા-પિતા જ્યારે વૃદ્ધ થાય ત્યારે બાળકોએ એ માતા-પિતાને સાચવવાની સંપૂર્ણ જવાબદારી વાળી એક સંયુક્ત કુટુંબની પ્રથા હતી, સામાજિક જીવનના તાણાંવાણાં, એકબીજા પ્રત્યેની લાગણીના તાણાંવાણાં હતાં, એકબીજાની દેખરેખ રાખવી, સુખ-દુઃખમાં ભાગીદારીની જે વાતો હતી એ દેશની, રાજયની સંસ્કૃતિની વાતો કરીએ, ધર્મ સાથે જોડાયેલ બીજી બધી વાતો કરીએ પણ આજે દેશમાં વૃદ્ધોની જે પરિસ્થિતિ નિર્માણ થઈ છે એ આપણે સૌ જોઈ રહ્યા છીએ. દિન-પ્રતિદિન વિભક્ત કુટુંબો થયા અને ત્યારે અમે બે, અમારાં બે અને અમે બે અમારાં બે વચ્ચે ઘરને બદલે માત્ર ૪ દીવાલો વચ્ચેનું જીવન શરૂ થયું ત્યારે માતા-પિતાની સ્થિતિ દયાજનક થઈ છે.

દિન-પ્રતિદિન વૃદ્ધાશ્રમોની સંખ્યા અને વૃદ્ધાશ્રમોના ઉદ્‌ઘાટનો વધતાં ગયાં. સ્વાભાવિકપણે ક્યાંક જેલનું ઉદ્‌ઘાટન કરવાનું હોય તો કોઈ એવા આશીર્વાદ ન આપે કે જેલોની વૃદ્ધિ થાય. અહીં બેઠેલા ઘણા બધા સભ્યશ્રીઓ અને ઘણા દાતાઓ વૃદ્ધાશ્રમોના ઉદ્‌ઘાટનો કરવા જઈ રહ્યા છે ત્યારે વૃદ્ધાશ્રમોમાં રહેતા જેને દીકરા છે, કુટુંબ છે છતાં એ વૃદ્ધો, નિરાધાર આધાર વગરના લાગતા એ લોકોના મોઢા ઉપરની કરુણ સ્થિતિનો ચિતાર હ્દય સુધી પહોંચે તો હ્દય વલોવાઈ જાય એવી સ્થિતિનું નિર્માણ થયું છે ત્યારે એવા સંજોગોમાં હું આ વિધેયક લઈને સભાગૃહ સમક્ષ આવી છું. માનનીય મંત્રીશ્રી કહેશે, બીજા સભ્યશ્રી પણ કહેશે કે આ વિધેયક લાવવાની શી જરૂર હતી? હું એટલા માટે કહું છું કે, કાયદાઓ સમાજની વચ્ચે ઘડાય છે, અગાઉના કાયદાઓ રદ કરવા માટેના વિધેયકો આ ગૃહમાં આવ્યા છે. સમાજ રચના બદલાય એમ કાયદાઓની વ્યાખ્યા પણ બદલાય અને જ્યારે કાયદાઓની વ્યાખ્યા બદલાય ત્યારે નિરાધાર વૃદ્ધો માટે સરકાર કહેશે કે અમે સહાય આપીએ છીએ. એવા નિરાધાર વૃદ્ધોને સહાય આપીએ છીએ કે જેનું કોઈપણ ન હોય, જેને બાળકો ન હોય. પરંતુ જેમને ૧૮ વર્ષના દીકરાઓ છે એમને વળતર આપવામાં આવતું નથી. સરકારની પણ આમાં જવાબદારી થાય છે, અહીં બેઠેલા તમામ ધારાસભ્યશ્રીઓની જવાબદારી થાય છે. સમાજમાં એક ચિંતાનો વિષય માગી લે એવી સ્થિતિ અહીં ઉપસ્થિત થઈ છે. આમાં ટ્રિબ્યુનલની વાત કરી છે. જેમાં નાણાકીય જવાબદારી ઊભી થાય. જ્યારે બાળકો પોતાની જવાબદારી ન સમજે ત્યારે સ્વાભાવિકપણે એને પ્રેમથી સમજાવાય અને પ્રેમથી ન સમજે તો કાયદો લાવવાનું પણ જરૂરી છે. બાગબાન પીકચર દ્વારા પણ લોકોને સંદેશ આપવામાં આવ્યો કે, મા અને બાપની વહેંચણી ન કરો. મા એક દીકરા પાસે હોય, બાપ બીજા પાસે હોય છે. આ વિધેયક એટલા માટે લાવી રહી છું કે મહારાષ્ટ્ર અને હિમાચલ પ્રદેશમાં આ જ બાબતનું વિધેયક પણ લાવવામાં આવ્યું છે.

**સભાપતિશ્રી મહેન્દ્ર લી. મશરૂ અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વાત બહુ સ્પષ્ટ કહેવી છે કે, આ વિધેયક તા.૨૪મી માર્ચ ૧૯૯૯માં સભ્યશ્રી નરેશભાઈ લાવ્યા હતા. આ ગૃહમાં એની ચર્ચા જ્યારે થઈ એ વખતે મંત્રીશ્રીએ બહુ સ્પષ્ટ કહ્યું હતું કે, આ વિધેયક પ્રાઇવેટ બિલ તરીકે આવ્યું છે, બિનસરકારી વિધેયક તરીકે આવ્યું છે ત્યારે એનું સંકલન કરીને સરકારી વિધેયક લઈ આ સભાગૃહ સમક્ષ આવીશું અને સર્વગ્રાહી બિલ લાવવામાં આવશે. પરંતુ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, આજે ૨૦૦૫માં મંત્રીશ્રી જવાબ આપી રહ્યા છે ત્યારે આ બાબતનો ઉલ્લેખ વિધાનસભામાં કે ગૃહમાં થયો નથી. નિરાધાર વૃદ્ધો, મા-બાપ કે જેને આપણે ભગવાનનું નામ આપ્યું છે એ આજે રસ્તા ઉપર આવીને ઊભા છે ત્યારે માનનીય મંત્રીશ્રી બિલ લાવીને ક્યારે એનો કાયદો કરવા માગે છે? તમામ સભ્યશ્રીઓના મંતવ્યો માટે આ બિલને ખુલ્લું મૂકું છું.

**ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય ડૉ.ચંદ્રિકાબેન ચુડાસમા આ સન્માનનીય ગૃહમાં માતાપિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબતનું જે વિધેયક લઈને આવ્યા છે. સમાજની પરિસ્થિતિનો પડધો પાડનારું આ બિલ છે. ભૂલો ભલે બીજું બધું મા બાપને ભૂલશો નહીં આવી કવિતા એક કવિશ્રીએ લખી માતાપિતાનું મહત્ત્વ આપણી સંસ્કૃતિમાં દેવ સમાન છે. માતૃ દેવો ભવઃ એમ કહીને માતાનું રૂણ અને પિતૃનું રૂણને અદા કરવાની જોગવાઈ આપણી સંસ્કૃતિમાં છે. આપણા સૌનું અસ્તિત્વ માતાપિતાને કારણે જ છે. ભગવાને પણ એમ કહ્યું છે કે હું સંસારમાં સદેહે ફરી શકતો નથી અને એટલા માટે જ હું માના સ્વરૂપે સંસારમાં ફરૂ છું અને માતાનું સ્થાન એ પ્રભુના સ્થાન સમાન છે. એવા પ્રભુના પોતાના ઉદ્દગારો છે આવી પરિસ્થિતિમાં આપણી સંસ્કૃતિમાં તો એવાં ઉદાહરણો છે કે શ્રવણ જેવા દીકરાએ પોતાના અંધ માતાપિતાને પોતાના ખભા ઉપર બેસાડીને યાત્રાઓ કરાવી હતી પણ પરિસ્થિતિ આજે બદલાઈ છે.

ચંદ્રિકાબેને સાચું કહ્યું કે સંયુકત કુટુંબ હતા, માતાપિતાની છત્રછાયા નીચે કુટુંબ ચાલતું હતું. એક કમાતા અને સો ખાતા હતા, પરંતુ આજે સેલ્ફ સેન્ટર્ડ જમાનો આવ્યો, આધુનિકતાના નામે, ટૅક્નૉલૉજીના નામે ન્યુ કલીયર પરિવારો થતા ગયા. નોકરી ધંધો કરવા માટે ગામડાઓમાંથી શહેરોમાં માઈગ્રેશન થવા માંડયુ અને માતાપિતા ગામડામાં જ રહી ગયા અને ક્યાંક ક્યાંક તો એ પોતાની કૅરિયર અને ધંધો કરવા માટે કમાણી કરવા

માટે એ બાળકો પરદેશમાં પણ જવા મંડ્યા. એવે સમયે માતાપિતાની અવગણના થવા માંડી, એ એક સંસ્કૃતિક પ્રદૂષણ છે. ધનિક માબાપની તો કયાંક કયાંક પૂછપરછ પણ થાય. જે માતાપિતાએ પોતાની પાસે સંપત્તિ રાખી છે એ ભવિષ્યમાં સંપત્તિ મેળવવા માટે આ માતાપિતાની પૂછપરછ થાય પણ જે માતાપિતાએ પોતાના બાળકોને સંપત્તિમાની અને પોતાના ભવિષ્યનો વિચાર ના કરી અને બધું જ ખર્ચી નાખ્યું છે એ માતાપિતાની દશા ખૂબ દયનીય છે.

જ્યારે વિદ્વાન બહેનશ્રી બિલ લાવ્યા છે ત્યારે એક વિચાર પણ મને આવે છે કે શું માત્ર કાયદાથી પરિસ્થિતિનું પરિવર્તન થઈ શકશે? સાચા અર્થમાં સમાજ પરિવર્તનની જરૂર છે. સંસ્કારોના સિંચનની જરૂર છે અને જ્યાં સુધી સંસ્કારો ન આવે ત્યાં સુધી માત્ર અને માત્ર કાયદા લાવવાથી પરિસ્થિતિમાં, પરિવર્તન ન આવે અને આ સંસ્કારો કયાંથી આપીશું? શાળામાં સારું શિક્ષણ મળે અને બાળકોમાં માતા પિતા પ્રત્યેની ભકિત આવે આવી જાતનું વાતાવરણ ફરીથી નિર્માણ કરવું પડશે અને આ સંસ્કારો દ્વારા જ સાચા અર્થમાં ભારતીય સંસ્કૃતિ જે આપણી હતી જૂની પુરાણી પરંપરાગત સંસ્કૃતિ હતી એને ફરીથી લાવવી પડશે. બહેનશ્રીની ચિંતા ખૂબ સાચી છે. એમણે કહ્યું છે કે મહારાષ્ટ્ર અને હિમાચલમાં બિલ આવ્યું છે પણ હું તો આપના મારફત આ સન્માનનીય ગૃહને એવું કહું છું કે આ દેશમાં એક રાષ્ટ્રીય વૃદ્ધ નીતિનું નિર્માણ કરવું જોઈએ અને આ ગૃહ મારફતે કેન્દ્રમાં રજૂઆત કરવી જોઈએ અને એવી એક નીતિ ઘડાય કે જેથી કરીને માતાપિતાની અવગણના ભવિષ્યમાં કયારેય કોઈ કરી શકે નહીં અને આ થશે તો જ સાચા અર્થમાં આપણે જે અત્યારે ઘરડાઘરોની પરિસ્થિતિ જોઈએ છીએ એ પરિસ્થિતિ નહીં આવે અને તો જ આપણે સાચી માતાપિતાની સેવા કરી ગણાશે.માનનીય બહેનશ્રીના બિલના હાર્દ સાથે સહમત થઈ અને આવી કોઈ નીતિ ઘડવા માટે હું ગૃહને વિનંતી કરું છું.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ચંદ્રિકાબેન ચુડાસમા જે વિધેયક લઈને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતની સંસ્કૃતિ ઘણી ઊંચા પ્રકારની છે અને તેમાંય ખાસ કરીને ગુજરાતની સંસ્કૃતિ માતા-પિતા માટે ઘણી ઊંચી છે. પરંતુ જેમ સમયના વહેણ વહેતા ગયા, સમય બદલાતો ગયો અને પશ્ચિમની જે હવા લાગી એના કારણે મા-બાપની જે રીતે સેવા કરવી જોઈએ એવી સેવા આજે બાળકો કરી શકતા નથી. બાળકોની એવી ભાવના રહી નથી. એ ભાવના પેદા કરવાનું આમ તો સામાજિક રીતે પણ થઈ શકે અને સરકાર ધારે તો એ પણ થઈ શકે. મારું કહેવું એમ છે કે જે મોંઘવારી વધી, આર્થિક સાધનો ઓછાં થતાં ગયાં, દિન-પ્રતિદિન મોંઘવારી વધતી ગઈ, ગુજરાતમાં બે-ત્રણ વર્ષ દુષ્કાળના આવ્યા. ખેડૂતો પાયમાલ થયા. એ રીતે જે મધ્યમ વર્ગ છે, જે હેન્ડ ટુ માઉથ, હાથેપગે છે એ કોઈની સામે હાથ લાંબો કરી શકતો નથી. ગરીબ વર્ગ કદાચ હાથ લાંબો કરે પણ મધ્યમ વર્ગ બ્રાહ્મણ, પટેલ ઘણા આવી જાય ત્યારે એ વર્ગને સહાયભૂત થવા આ સારામાં સારું વિધેયક છે એટલા માટે અભિનંદન આપું છું. કારણ કે હિન્દુ ધર્મ અને હિન્દુ સંસ્કૃતિ સાચવવી હશે તો સરકારે આમાં ખાસ કરીને સહાયરૂપ બનવું પડશે, એવું થશે તો આવતીકાલે વૃદ્ધ મા-બાપના આશીર્વાદ મળશે અને હંમેશના માટે જે સંસ્કૃતિ છે, જે ભાવ છે, જે પ્રેમ છે એ ટકી રહેશે. એટલા માટે હું આ વિધેયકને અનુમોદન આપું છું.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર))**: માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય સભ્યશ્રી ચંદ્રિકાબેન ચુડાસમા જે બિન સરકારી વિધેયક લઈને આવ્યા છે, આ વિધેયકને બીજું કંઈ નહિ તો એ રીતે ચોક્કસ મુલવીએ કે સાંપ્રત સમાજને આ સન્માનનીય ગૃહની વચ્ચે ઉજાગર કરવાનું આનાથી ચોક્કસ આપણે આશ્વાસન લઈ શકીશું. કારણ કે છેવટે બિન સરકારી વિધેયક છે, આપણને ખબર છે, શું થવાનું છે. કોઈ લાંબી વાતો કરવા કરતાં બે-ચાર રચનાત્મક વાતો મારા મનમાં પડી છે એ ગૃહને કહેવી છે. કારણ કે આ કાયદો બને એના અંદર સરકાર પોતાનું શું યોગદાન આપે? માયાબેને સૂચન કર્યું કે રાષ્ટ્રીય વૃદ્ધ નીતિ બને. એ જ્યારે થાય ત્યારે પણ એ થયા પહેલાં પણ આપણે એટલું કરી શકીએ ખરાં? એમાનું એક તો એ છે કે સમાજમાં નેતૃત્વ કરી રહેલા લોકો એમણે તો એકવાર એવું તો પ્રસ્થાપિત કરવું જોઈએ કે એમના મા-બાપ કે આશ્રિતને કોઈ વૃદ્ધાશ્રમમાં કે અનાથાશ્રમમાં જવું પડતું નથી. એટલે સરપંચથી માંડીને જન પ્રતિનિધિની ઊંચામાં ઊંચી પોસ્ટ છે ત્યાં સુધીના લોકોનું એ કવોલિફિકેશન ગણવું જોઈએ કે સંતાનો તરીકે તેઓના મા-બાપના ભરણ-પોષણ ભરવામાં નિષ્ફળ ગયા હોય તો ડીસ-કવોલિફાઈડ ગણવામાં આવશે. આજે તકલીફ એ છે કે નામ હોય પિતૃકૃપા, પૂછીએ કે કયાં છે મા-બાપ? તો જવાબ મળે કે વૃદ્ધાશ્રમમાં. આ પ્રકારની પરિસ્થિતિ પેદા થઈ છે. એના અંદર નેતૃત્વ કરનારા લોકોનો સમાવેશ બહુ મહત્ત્વનો છે. એટલે માત્ર ચૂંટાયેલા લોકો નહિ પણ આ બાબત જિલ્લા કક્ષાના કલાસ વન અધિકારીઓને, એવા વર્ગને લાગુ પાડીએ કે જેનાથી સમાજમાં એવો આદર્શ ઊભો થશે કે લોકોને લાગે કે મા-બાપનું પાલન ખરેખર થવું જોઈએ. પરિસ્થિતિ એવી છે કે ઘરની સંકડાશના કારણે મા-બાપને કાઢવા પડતા નથી પણ હૃદયની સંકડાશ એટલી બધી થઈ ગઈ છે એટલે બહાર કાઢવા પડે છે. એટલે જો આવું કંઈક થઈ શકે તો મને લાગે છે કે બહુ સારી બાબત થઈ શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું સૂચન એ છે કે આજે વૃદ્ધાશ્રમો છે એમાં મોટાભાગના પરિવારો એવા છે કે એક-બે બાળકોનો કન્સેપ્ટ આવ્યો છે. એટલે કુટુંબમાં વધારે માણસો હોતા નથી. યુવાન દંપતિને વેકેશનમાં બહાર જવું હોય તો સાહેબ ૧૦, ૧૫ દિવસ ટાઈમ ગેપ પૂરતું વૃદ્ધો માટે સરસ સંસ્થાઓ આપણે સરકાર દ્વારા બનાવી શકીએ તો મને લાગે છે કે જેમણે વેકેશનના સમયમાં કે બીજા સમયમાં એ બે કપલને કે નાના દંપતીને કાંઈ બહાર જવું હોય ત્યારે એમના મા-બાપને પોતાની જેમ જ સાચવે, ભલે પૈસા ભરવામાં આવે છે એનો વાંધો નથી હોતો પણ સાચવે કોણ એની તકલીફ હોય છે અને એના કારણે ઘણીવાર મા-બાપ સાથે ઝઘડાનું મૂળ ઊભું થતું હોય છે, આવું જો આપણે કરી શકીએ તો મને લાગે છે કે, ખૂબ સારી વાત થશે.

ત્રીજું સૂચન સાહેબ, આ વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધને એના બાળકો સાથેનો સંપર્ક તૂટી જાય છે. આપણે પ્રાથમિક શાળામાં આ વૃદ્ધોને એક બસમાં લઈ જઈને નોખાં નોખાં વર્ગમાં એક એક વૃદ્ધને આપણે વહેંચી દઈએ, ત્યાં એ સરસ વાર્તા કરે તો બાળકોને એના દાદા-દાદી મળશે અને આ દાદા-દાદીને બાળકો મળશે એનાથી એક સરસ વાતાવરણ ઊભું થશે, આવું આપણે કરી શકીએ.

કાયદો અને વ્યવસ્થાનો સવાલ ઊભો ન થાય ત્યાં સુધી આપણે, શું શું કરી શકીએ એના બાબતમાં હું આ ગૃહનું ધ્યાન દોરીશ, એવું સરસ સાહિત્ય પણ છે. હું એક ઉદાહરણ પણ આપીશ કે પૂજ્ય વિજય રત્નસુંદર સૂરીજી મહારાજ સાહેબે "લખી રાખો આરસની તકતી પર" એ એટલું સુંદર પુસ્તક લખ્યું છે, આ એકજ વિષયને લઈને, મને લાગે છે કે જ્યારે લગ્નો થાય ત્યારે બધા દંપતીઓને સરકાર દ્વારા આ પુસ્તક ભેટ આપવું જોઈએ. આ પુસ્તક ભેટ આપીએ અને એ વાંચે તો મને લાગે છે કે સમાજની ઘણી બધી સમસ્યાનો અંત આવશે. છેવટે તો એક વાતાવરણ સંવેદશનશીલ વ્યકિતના પરિવારનું આપણે નિર્માણ કરવાનું હોય છે, તો એના માટે સાહિત્ય, એનો સત્સંગ, એના માટેનું આપણું-નેતાનું આચરણ, નેતૃત્વ કરનાર લોકોનું, સમાજના આગેવાનોનું એ મને લાગે છે કે મહત્ત્વનો વિષય બની રહે છે અને એવા સંજોગોમાં સરકાર નાણાકીય રીતે જો જવાબદારી ઉપાડવાની વ્યવસ્થા કરે તો એ આદર્શ વ્યવસ્થા છે, જેમ વિદેશોમાં થાય છે એમ સિનિયર સીટીઝન માટેની આખી જવાબદારી સરકારના આધાર ઉપર હોય પણ આપણે એવું કરી શકીએ એ ઘણી લાંબી વાત છે. સાહેબ, મારા મનમાં બે-ચાર સૂચનો હતા એ મેં આ સભાગૃહ સમક્ષ મૂક્યાં છે. મને લાગે છે કે એને યોગ્ય પ્રતિસાદ મળશે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ચંદ્રિકાબેન ચૂડાસમા જે વિધેયક લઈને આવ્યાં છે એમાં મારો સૂર પૂરાવવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી પરંપરા રહી છે કે માણસ જન્મે એના માટે પાંચ ઋણ હોય છે. એમાં એક મા-બાપનું ઋણ હોય છે. આજની જે પરિસ્થિતિ છે એ પરિસ્થિતિનું નિર્માણ થયું છે એ નિર્માણની અંદર આપણે જોઈ શકીએ છીએ કે દિન-પ્રતિ-દિન એ ઋણનો આજે અભાવ થતો હોય છે એના કારણે આપણે અનેક જગ્યાએ, અનેક પ્રશ્નોની અંદર આવા અનેક દાખલા આપણા સમાજમાં જ્યારે જોતા હોઈએ છીએ, આખા વિશ્વની અંદર ભારત એક એવો દેશ છે કે વધુમાં વધુ બચત થાય છે, એનું મોટામાં મોટું કોઈ કારણ માત્ર એ છે કે આપણને એમ થાય કે ૬૦ વર્ષ પછી જે બચત થશે એ બચતના આધાર પર આપણે આપણું જીવન સારી રીતે નિભાવી શકીએ.

હમણાં જ ફોરેનના ઉદાહરણમાં કહ્યું તેમ માણસ ફોરેનની અંદર માણસ ૬૦ વર્ષનો થાય એટલે તમામ જવાબદારી સરકારની થતી હોય છે, જેમ જેમ વધારે વૃદ્ધ થતો જાય તેમ તેમ એની સુવિધા વધતી જતી હોય છે. તમામ ક્ષેત્રે, પ્રવાસથી માંડીને તમામ સુવિધાઓ કરવામાં આવતી હોય એમ આજના સમાજની અંદર જે ખરેખર આપણી સંસ્કૃત્તિની જે પરિસ્થિતિ થઈ છે એની અંદર ચોક્કસ સારાં સૂચનો છે પણ એ સૂચનોની સાથે સાથે આવો કોઈ કાયદો બને જેના કારણે આ સમાજને ઉપયોગી થઈ શકાય અને એમ કહેવાય કે ભૂતકાળની અંદર માણસને એમ થાય કે ૬૦ વર્ષ પછી મારા માટે કોઈ ને કોઈ સરકારે કાયદો બનાવ્યો છે. આથી પાછલી જિંદગીમાં સારી જીવી શકાય એવી સ્થિતિ થાય. મારે માત્ર એટલું જ સૂચન કરવું છે કે આ બિલને બધાય સારી રીતે જાણીએ છીએ, સમજીએ છીએ. સમાજની અંદર જે જોઈએ છીએ ભલે બિનસરકારી રીતે આવ્યું હોય પણ ગૃહમાં પાસ થાય એવી મારી વિનંતી છે.

**શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ)**: માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં માનનીય સભ્યશ્રી ડો.ચંદ્રિકાબેન ગુજરાત માતા-પિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબતનું જે બિનસરકારી વિધેયક લઈને આવ્યાં છે તેના વિષે થોડા વિચાર રજૂ કરવા ઊભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, પુનિત મહારાજે કહ્યું છે "ભૂલો બીજું બધું પણ મા-બાપને ભૂલશો નહિ"
પરંતુ આપણે ભૂલવા જેવું બીજું બધું નહીં પરંતુ મા-બાપને જ ભૂલી જઈએ છીએ. કદાચ આ આપણી સંસ્કૃતિઓની અંદર ત્રણ માતાઓની ગણના કરવામાં આવી છે: એમાં એક માતા છે જન્મ આપનારી મા, બીજી માતા છે એ ધરતી માતા અને ત્રીજી માતા છે એ ગાય માતા છે, જેને કામધેનું પણ કહી શકાય છે. આ ત્રણેય

માતાઓમાંથી જ્યારે એકના પણ માથે સંકટ આવે છે ત્યારે ધરા ધ્રુજે છે. આ ધરા કેવી ધ્રુજે છે એ આપણે બધાએ ૨૦૦૦ની સાલમાં જોયું છે અને ધરતી ધ્રુજે ત્યારે કેવી મા કે ભગવાન યાદ આવે એ પણ આપણને ખબર છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભગવાનને પણ જેના ખોળે જન્મવાનું કદાચ એક સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. ભગવાન કંઈ સીધા આકાશમાંથી નીચે ઊતર્યા નથી, સારાં કાર્યો કર્યા હોય એટલે ભગવાન કહેવાયા છે. ભગવાન રામ હોય, કૃષ્ણ હોય, બુદ્ધ હોય કે મહાવીર હોય એને ક્યાંક ને ક્યાંક કોઈ માના ખોળાની જરૂર પડે છે, નવ મહિના સુધી કોઈને કોઈક માતાના ઉદરમાં રહેવાની જરૂર પડી છે અને પછી જન્મવું પડ્યું છે ત્યારે મારે તો કદાચ આ ગૃહનું અને માનનીય અધ્યક્ષશ્રી, આપ સૌનું ધ્યાન એ પ્રત્યે દોરવાનું છે કે, દીકરા કરતાં દીકરી એ મા-બાપની સેવા વધારે કરે છે. દીકરો, મારો દીકરો, કયાં સુધી? તો વહુ લાવે ત્યાં સુધી પણ દીકરી મારી દીકરી તો કયાં સુધી તો અમે જીવીએ ત્યાં સુધી અને એટલા માટે હમણાં જ પરમ દિવસે જ કદાચ, ૨૨ મી તારીખે જ સ્ત્રી ભ્રૂણ હત્યાનો એક પ્રશ્ન આવ્યો હતો અને એમાં આખાય ગૃહે ભાગ લીધો હતો, હું માનું છું કે, આ દીકરીને જન્મવા દેવી જોઈએ, કોઈકનું ઘર માંડવા દેવું જોઈએ અને એને પણ મા બન્યા પછી આ મા-બાપની સેવા કરવા માટેનો અવકાશ આપવો જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, સંસ્કારોથી આ બધું મળે છે અને સંસ્કાર એ કાંઈ માધુપુરા માર્કેટમાં પૈસાથી જથ્થાબંધ વેચાતા મળતા નથી, એ સંસ્કારો રેડવામાં આવતા હોય છે અને આ સંસ્કારોનું હાલરડું એ ઝુલાવશે કોણ? તો જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે. આ સંસ્કારોનું પારણું એ મા ઝુલાવે છે એટલે આ સર્વે દુ:ખોનું જો પૂરેપૂરું નિવારણ કરવું હોય તો એક માના ચરણોમાં જવું પડશે, કોઈ શકિતના ચરણોમાં જવું પડશે, સ્ત્રીના ચરણોમાં જવું પડશે અને એ માનું જે સ્વરૂપ છે એ ભગવાનનું દ્વિગુણ સ્વરૂપ છે. જેનું ગણિત સારું હોય એ સરવાળો કરજો, રામ વત્તા રામ બરાબર માતા. એટલે માતાનું સ્વરૂપ એ રામનું દ્વિગુણ સ્વરૂપ છે એટલે હું આપને જરૂર કહીશ કે જે વૃદ્ધ મા-બાપ છે એમને વૈદકીય સહાયથી માંડી અને ભરણપોષણ સુધીની જવાબદારી કોણ ક્યાંકને ક્યાંક કોઈક કુટુંબો લે. વૃદ્ધાશ્રમમાં નહીં પણ કુટુંબ સહાય અને કુટુંબ આશ્રય મળે એવી પ્રથા શરૂ થાય. એ માત્ર રાજકીય લોકો ન કરી શકે, સામાજિક જાગૃતિની જરૂર પડશે અને સમૂળી ક્રાંતિ સમાજમાં થશે તો જ આ પ્રશ્ન હલ થશે. અસ્તુ.

**શ્રીમતીભાવનાબેન હે. ચપટવાલા:(સુરત શહેર(પશ્ચિમ))** માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં માનનીય સભ્ય ડૉ. ચંદ્રિકાબેન જે વિધેયક લઈને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણી સંસ્કૃતિ ઉપર પશ્ચિમી સંસ્કૃતિનું ખૂબ જ મોટા પ્રમાણમાં આક્રમણ થઈ રહ્યું છે. આજે પોતાને ત્યાં દીકરો જ્યારે જન્મે છે ત્યારે મા-બાપ પેંડા વહેચે છે, પરંતુ જ્યારે એ દીકરો મોટો થાય છે ત્યારે મા-બાપને વેચે છે. માતા-પિતા એ આપણું જે ગણો તે સર્વસ્વ છે. કહેવાયું છે કે, માતા-પિતાને ભૂલશો નહીં પરંતુ એ દીકરાઓ જ્યારે મોટા થાય છે ત્યારે મા-બાપને ભૂલી જાય છે. આજે જ્યારે સંયુક્ત કુટુંબ પ્રથા તૂટી રહી છે અને વિભક્ત પ્રથા ચાલી રહી છે ત્યારે પોતાના જ બાળકો પોતાના મા-બાપને સંગ્રહવા માટે તૈયાર નથી હોતા. આજે પશ્ચિમી સંસ્કૃતિના કારણે દરેક વ્યકિતને સ્વચ્છંદતા અને સ્વતંત્રતા જોઈએ છે. આજે મા-બાપ એને ભારરૂપ લાગવા માંડયા છે. મા-બાપ કેટલાય દુ:ખો સહન કરીને મોટા કરે છે અને તે પોતાના મા-બાપના ભાગલા પાડે, છ દીકરા હોય તો છએ છ દીકરા ના પાડે છે કે અમે નહીં રાખીએ એટલે માતા-પિતાને છેવટે વૃદ્ધાશ્રમમાં જવાનો વારો આવે છે.

આપણે જોઈ શકીએ છીએ કે, પશ્ચિમી દેશોમાં જ્યારે સિનિયર સીટીઝનોને અન્ય સ્કીમો આપવામાં આવે છે. હું તો માનું છું કે આપણે ત્યાં ૬૦ વર્ષ ઉપરના વૃદ્ધ હોય તેમને સહાય આપવામાં આવે તો તેઓ તેમનો જીવન નિર્વાહ કરી શકે. આપણા દેશમાં ખૂબ મોટા પ્રમાણમાં મા-બાપને છોકરાઓ તરછોડીને જતા રહે છે ત્યારે એમની વેદના જોઈ શકાતી નથી. અન્ય દેશમાં આ બીલ પસાર થયું છે તો આપણે ત્યાં પણ આ બીલ પસાર કરવામાં આવે તો સિનિયર સિટિઝનની હાલતમાં સુધારો થાય અને વૃદ્ધાશ્રમમાં જવાનો વારો ન આવે. કારણકે સિનિયર સિટિઝન પોતાનું બધું પોતાના બાળકોને આપી દે છે એટલે છેલ્લા સમયે તેમની પાસે કાંઈ હોતું નથી. બીમાર હોય તો દવા લાવવાના પૈસા હોતા નથી. એમની સ્થિતિ કફોડી થાય છે. ચંદ્રિકાબહેનના વિધેયકને હું અનુમોદન આપું છું અને વિધેયક ગમે તે હિસાબે પસાર થાય.

**શ્રી સી. ડી. પટેલ (પેટલાદ)** : માનનીય અધ્યક્ષશ્રી, ચંદ્રિકાબહેન ગુજરાત માતા-પિતા અને આશ્રિતોના ભરણ પોષણ બાબત વિધેયક લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. વિષય ખૂબ હ્રદયદ્રાવક છે. આ ગૃહના વિશિષ્ટ મહાનુભાવોએ આની ચર્ચા પણ કરી છ.

હું દુ:ખ સાથે એક વિષય મૂકવા માગું છું માતા-પિતાનો બાળકો સાથેનો અને આ વિષય ખૂબ સમજવા જેવો છે. ક્યાંક શિવાજીની વાત કરીને, ક્યાંક વીર પુરુષોની વાત કરીને તો ક્યાંક માતા-પિતાની વાતો કરીને આપણે લાગણીવશ આ વિષય મૂકયો છે ત્યારે મારે આ ગૃહનું ધ્યાન દોરવું છે. બહેન પશ્ચિમના દેશોની વાત કરતા હતા. પશ્ચિમના દેશોનો વાયરો આ દેશમાં વાયો છે એ વાસ્તવિકતા આ ગૃહના સભ્યોએ સ્વીકારવી પડશે.

ક્યાંક મુંબઈ, ક્યાંક મહારાષ્ટ્ર સરકારની વાતો કરતા હતા. મેં સાંભળ્યુ છે, મેં જાણ્યું છે અને મેં જોયું છે મુંબઈમાં માસુમ દિકરા અને દિકરીને ક્યાંક સવારે માતા મળે છે, પિતા મળતા નથી. પિતાની રાહ જોતા જોતા દિકરો અને દિકરી સૂઈ જાય છે. છોકરા સવારે શાળાએ જાય ત્યારે પિતા ઉઠયા ન હોય. ક્યાંક પિતા મળે છે તો ક્યાંક માથા ઉપર હાથ ફેરવનારી માતા નથી મળતી. આપણે વિચાર કરવાનો છે. આ બાળકોને નાનપણમાં માતા અને પિતાનું સુખ શા માટે ન મળે? મને કહેતાં દુ:ખ થાય છે કે ભારતના ભાવિ સંતાનોને માતાનું દૂધ નથી મળતું અને જે માતા પોતાના બાળકોને ઘોડિયાઘરમાં મોકલે છે અને બાળકોની ચિંતા નથી કરતી એ વૃદ્ધાશ્રમમાં જવા માટેની નૈતિક જવાબદારીના સાક્ષી બને છે. બાળક ઘોડિયાઘરમાં હોઈ શકે? બાળક તો માતા-પિતાની સોડમાં સુતેલું જ હોઈ શકે. મને એક કડી યાદ આવે છે. હું રસ્તા ઉપરથી પસાર થતો હતો ત્યારે દિકરા-દિકરીએ લખેલું એક વાકય"ભૂલો ભલે બીજું બધું, અમને દિકરા-દિકરીને ભૂલશો નહીં." બેઉ સાથે ભેટેલા હતા એક નાના ભાઈ-બહેન એમણે કહયું હતું અને એમના મા-બાપનું સામે ચિત્ર હતું. એક વાકય શાસ્ત્રમાંથી મેં વાંચ્યુ છે "બોલે એ બીજો નહીં ભીમો કે ભગવાન, ચાર આંગળાનું છેટું તોય આંખ દેખે નહીં કાન" આ સ્થિતિ છે. સમાજમાં સુધારવાની આપણા સૌની ફરજ છે. આ બીલ ઉપર ફરીથી ચર્ચા થાય અને ક્યાંક સમાજવિહિન સમાજરચના થઈ રહી છે એના આપણે સાક્ષી ન બનીએ તો કાંઈ નહીં પણ સમાજને જોતરવાનું કામ કરીએ એ જ આશા સાથે મારું વકતવ્ય પૂરું કરું છું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)**: ચંદ્રિકાબેન ચુડાસમા જે વિધેયક લાવ્યા છે, તેને હું સમર્થન આપું છું. ખરેખર આજે આ આધુનિક કૉમ્પ્યૂટર યુગની અંદર એક રોગ સમાજમાં પેસી ગયો છે. ખાસ કરીને ભણેલા ગણેલામાં વધારે પેસી ગયો છે. જેમણે જન્મ આપ્યો છે એવાં મા-બાપને સરકારમાં સુવિધા સહાય નથી આપી શકતા. જ્યારે છોકરા ન હોય તેને આપીએ છીએ અને આવાને આપી શકતા નથી. ઘણાની મુસીબત છે. સરકારે આ અંગે વિચારવું જોઈએ. કાયદો લાવવો જોઈએ. જે છોકરાં મા-બાપને ન રાખતાં હોય, કાઢી મૂકતાં હોય તો તે મા-બાપની પ્રોપર્ટી સરકાર લઈ લે અને સરકાર સહાય આપે, તો પણ મા-બાપ માટે સારો એવો ફાયદો થશે. હું લંડન ગયો હતો. મેં ત્યાં લોકોને પૂછ્યું તમારે ત્યાં પૈસામાં દોડ નથી અને અમારે ત્યાં પૈસા ભેગા કરવાની દોડ કેમ છે? તો કહ્યું કે અમારે ત્યાં કોઈપણ માણસ બેકાર હોય, વૃદ્ધ હોય તેનું સરકાર પૂરું કરે છે, એટલે દોડ મટી જાય છે. આપણે ત્યાં સરકાર કાયદો લાવે કે ૫૦ વર્ષની ઉંમરનાં મા-બાપ હશે તેને દીકરો કે દીકરી જો કાઢી મૂકે તો તેની પ્રોપર્ટી સરકાર લઈ લેશે. પૂરેપૂરું રક્ષણ, સહાય, રહેવા માટેની બધી જ વ્યવસ્થા સરકાર આપશે.

બીજું કે રોગની ઝૂંબેશ ચલાવે છે, રથ કાઢે છે, પ્રચાર કરે છે. તો એના માટે બજેટ ફાળવે છે, તો અહીયા પણ રથ કાઢીએ કે મા-બાપ શું છે તે સમજો. બધા જોડાશે. જેને મા-બાપ નથી, જેને મા નથી પૂછો એની શું દશા છે. એ કહેશે કે મા-બાપ વગર શું તકલીફ છે, મા-બાપ શું ચીજ છે. ગમે એટલી દોલત, ગમે એટલું સુખ હોય, પણ મા-બાપ ન હોય તો કોઈ સુખ નથી. રથ કાઢવો જોઈએ. સમગ્ર ગુજરાતમાં આવા માણસોને માર્ગદર્શન આપવું જોઈએ, નહિતર રોગ વધારે પેસી જશે. સમાજને ઘણું નુકસાન થશે માટે કાયદો લાવવો જોઈએ.

**શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, ચંદ્રિકાબેન ચુડાસમા જે બિલ લઈને આવ્યા છે, એને હું સમર્થન આપું છું. મારે એક અનુભવ સાથેની વાત કહેવી છે. એક વખત હું વૃદ્ધાશ્રમની મુલાકાતે મંત્રી હતો ત્યારે ગયેલ. ત્યારે મેં સંચાલકને પૂછ્યું કે અહીયાં જે કોઈ વૃદ્ધ છે કે જેના દીકરા પૈસાદાર હોય, જેના દીકરા ઉધોગપતિ છે? એમણે કહ્યું હા છે. મને એમની સાથેનો પત્રનો વ્યવહાર હતો તે વંચાવ્યો. આ સંચાલકે એના દીકરાને પત્ર લખેલ કે તમારા પિતાશ્રીની તબિયત ખરાબ છે, સારા ડૉકટર લાવીને સારવાર કરાવવા માટે અહીંયાં આવો. તેનો સામેથી પત્ર આવ્યો કે હું ધંધામાં વ્યસ્ત હોય આવી શકું તેમ નથી તો તમે સારામાં સારા ડૉકટરને લાવીને સારવાર કરાવશો. હું એનો ખર્ચ મોકલી આપીશ. બીજો પત્ર સંચાલકે મહિના પછી લખેલ હતો કે તમારા પિતાશ્રી અવસાન પામેલ છે, એટલે ભારતની સંસ્કૃતિ પ્રમાણે અહીંયાં આવીને અગ્નિસંસ્કાર કરો એ રીતની રીકવેસ્ટ કરેલી. દીકરાએ જવાબ આપ્યો કે મારે વિદેશ જવાનું હોય, ટિકિટ નક્કી થઈ ચૂકી છે માટે હું આવી શકું તેમ નથી માટે હિન્દુ વિધિ પ્રમાણે તમે અગ્નિસંસ્કાર કરી દેશો. આવા દીકરો હોય એના કરતાં મા-બાપની વ્યવસ્થા સરકાર કરતી હોવી જોઈએ.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ચંદ્રીકાબેન જે બિલ લઈને આવ્યા છે, અહીં માતા પિતાની ઘણી બધી વાતો કરી તેમાં મારો સૂર પુરાવું છું. સાહેબ મારા પિતાશ્રી ૭૦ વર્ષના હતા અને મારા માતૃશ્રી કૅન્સરના કારણે દેવ થયા. તેમના દેવ થયા બાદ અમે બધા ભાઈઓ તો દુષ્કાળ પડવાથી અમદાવાદ શહેરમાં ધંધાર્થે આવી ગયા હતા. મારા પિતાશ્રી ગામડામાં નાની ખેતી કરતા હતા એટલે અમે બધા ભાઈઓ ભેગા થયા અને નક્કી કર્યુ કે આપણે વારાફરતી ગામડામાં જઈને બાપુજીની સેવા કરીશું. પણ કોઈ

જવા તૈયાર ન થયા. ત્યારે બધાએ નક્કી કર્યુ  અને એક ૬૦ વર્ષના માતા શોધી લાવ્યા. અમે તેમને સમજાવ્યા કે તમારુ દેવું અમે ભરી દઈશું અને બા તમે એકલા છો, અમારા કાસ્ટમાં એટલે કે પેટા કાસ્ટમાં હતા. અમે તેમને સમજાવ્યા કે માતા અમે તમારું દેવું ભરી દઈશું અમે પાંચ-છ ભાઈઓ છે, એક બહેન છે અને અમારા બાપુજી દ ારે એકલા છે એટલે અમે તમારુ દેવું ભરી દઈએ તમે મારા બાપુજીનું ઘર માંડો. તે માતા તૈયાર થયા અને અમારા સમાજ સાથે બીજા માતાને લાવી ઘર સંસાર મંડાવ્યો આજની તારીખમાં તેઓ બહું સારુ જીવન જીવે છે. એટલે આવું કોઈ છોકરા ન કરે અને અમૅરિકામાં જે કાયદો છે કે તેમની ૫૦ ટકા પ્રોપર્ટી મા-બાપને આપી દેવી જોઈએ.

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ચંદ્રીકાબેન જે બિલ લઈને આવ્યા છે તેને અનુમોદન આપી મારા વિચારો વ્યકિત કરવા માટે ઊભો થયો છું. આજે માતૃદેવો ભવ, પિતૃદેવો ભવની જે સંસ્કૃતિ છે તે નાશ પામી રહી છે તેમ કહું તો ખોટું નથી. કારણ કે આપણી પ્રાચીન સંસ્કૃતિમાં આપણે દ ારમાંથી બહાર જઈએ છીએ ત્યારે મા-બાપને પગે લાગીને જઈએ છીએ. આજે આ કેમ બંધ થઈ રહયું છે, ત્યારે સમાજે આમાં ચિંતન કરવાની જરૂર છે. શિક્ષણમાં આમૂલ પરિવર્તન તો લાવવું જોઈએ. આપણે જાણીએ છીએ કે કુમળા છોડને વાળવો હોય તેટલો વળી શકે. આપણા કુમળા બાળકો શિક્ષણ મા-બાપને તેઓ ઘરડાઘરમાં ન મોકલે તેમાં એવું શિક્ષણ આપીએ. કારણ કે આજે પશ્ચિમી સંસ્કૃતિનો વાયરો લાગ્યો છે. આપણે સૌએ સાથે મળીને તેને અટકાવવાની જરૂર છે. હું એક જ વાત કહેવા માગું છું કે "દીકરા કરતાં દીકરી ભલી રાખે બાપનું નામ, એક કપાતર દીકરો બાળે કુળનું નામ" કારણકે આજની સમાજ વ્યવસ્થા દીકરા આધારિત થઈ છે. તેમાં પરિવર્તન લાવવાની જરૂર છે. તેમાં આપણે સૌએ સાથે મળીને કોઈ પક્ષાપક્ષી વિના અને આપણે પણ એક દિવસ ઘરડા થવાનું છે, એમ માની ચિંતન કરીએ.  એક વાત કરીશ *"પીપળ પાન ખરંતા, હસતી કુંપળીયા, મુજ વીતી તમ વીતશે, ધીરી બાપુડીયા"*. આપણે આ સૂત્ર લઈને ચાલીશું તો કયાંય ઘરડાઘર ખોલવાની જરૂર નહીં રહે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ચંદ્રીકાબેન જે બીલ લઈને આવ્યા છે તેમાં મને લાગે છે કે સમાજ જીવનની અંદર  શું  ચાલી રહ્યું છે ત્યારે પડઘો પાડવા માટેનું માધ્યમ બની રહેશે. સમાજના સાચા દર્શન અને  સ્થિતિ છે તે રજૂ થયા  એટલા માટે ચંદ્રીકાનેબનનો આભાર માનું છું. અત્યારે અનેક વાતો થઈ, મા-બાપની સેવા પૈસાના કારણે થઈ શકતી  હોય તો ઘણું બધું થઈ શક્યું હોત. બાકીના દેશોમાં પૂરતા પૈસા હોવા છતાં, હમણાં માનનીય ભવાનભાઈએ વાત કરી કે ત્રણ-ચાર દીકરા હોય છતાં પણ મા-બાપ પાસે રહેવાવાળા કોઈ નથી. આ સંસ્કારો આપવા માટે સમાજમાં વ્યવસ્થા નથી. સમાજમાં આ વ્યવસ્થા છે અને તે આર.એસ.એસ.ની શાખામાં આ બધા સંસ્કારો અપાતા હોય છે. તેના કારણે હું સભાગૃહના તમામ સદસ્યશ્રીઓને વિનંતી કરીશ કે આ સંસ્કારો રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની શાખામાં મળશે, તમારા બાળકોને આ શાખામાં મોકલો તો વૃદ્ધાવસ્થામાં કમસેકમ બાકીની મુશ્કેલીઓ બાળકો નહીં પડવા દે. આભાર.

**શ્રી રમણલાલ ઈ. વોરા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સિનિયર સભ્ય બહેનશ્રી ચંદ્રીકાબેન ખૂબ ભાવનાસભર બિલ લઈને આવ્યા છે. તેમના હાર્દ સાથે સો ટકા સંમત છું. અત્યાર સુધીમાં તેર જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓએ ખૂબ સારાં સૂચનો કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, મેં રાજેશખન્ના અને શબાના આઝમીની *અવતાર* ફિલ્મ જોઈ હતી, ત્યાર પછી બીજી ફિલ્મ જોઈ અમિતાભ બચ્ચનની અને હેમા માલિનીની *બાગબાન*. આ ફિલ્મ જોઈએ ત્યારે આપણી આંખો ભીની થઈ જાય. સાહેબ,

હું નાનો હતો ત્યારે એક વાત સાંભળેલી. એક રાજા હતો. પોતાનું શરીર સૌષ્ઠવ સારું છતાં પણ એને થયું કે,મારા પાટવી કુંવરને રાજગાદી ઉપર બેસાડું એટલે વિધિસર, બધી વિધિ કરીને પાટવી કુંવરને રાજગાદી ઉપર બેસાડ્યો, પણ બીજા દિવસથી, એટલે કે પહેલાં જે રાજા હતો એ તો બીજા દિવસે આ પાટવી કુંવર રાજગાદી ઉપર બેસતાં એ સામાન્ય માણસ થયો,  બીજા દિવસે એ ભોજન માટે આવ્યો ત્યારે એક માટીમાંથી બનાવેલ જે વાસણ હતું, પાત્ર હતું એમાં જે આગલા દિવસે રાજા હતો એના માટે ભોજન પીરસવામાં આવ્યું, સોના ચાંદીના વાસણમાં જમવાવાળો રાજા હતો એટલે સ્વાભાવિક રીતે એ ખિજાય, એ પોતાના છોકરા ઉપર ખિજાયો કે એ સમજે છે શું? કાલે મેં એને બેસાડ્યો છે, એના દીકરાને એણે બોલાવ્યો અને કહ્યું કે આનું કારણ શું?  ત્યારે એના છોકરાએ કહ્યું કે, બાપા, તમે રાજા હતા અને એ વખતે તમારા માબાપ ઘરડા હતા ત્યારે તમે એમને આ વાસણોમાં ખવડાવતા હતા એ બધા માટીના વાસણો સંગ્રહી રાખ્યાં છે, એટલે હું એમ સમજતો હતો કે રાજા થઈએ અને પછી જે રાજા ઉતરે એને આ વાસણોમાં ખાવું પડે, એમ મિત્રો, આ સમાજની સાહજિકતા છે, આપણે આપણા માબાપને કેવી રીતે રાખીએ છીએ  એ તો  હવે પછી આપણું જે બાળક છે, આપણી સાથે પ્રેમ અને સંવેદનાથી વર્તશે એના ઉપરથી ખ્યાલ આવશે.

માનનીય સભ્ય ડો. ચંદ્રિકાબહેન જે બિલ લઈને આવ્યા છે એમાં બધા સભ્યશ્રીઓએ પોતાની લાગણી વ્યક્ત કરી છે, ત્યારે મિત્રો, આપણે આજે એકવીસમી સદીમાં જઈ રહ્યા છીએ, આજે ટીવી અને કૉમ્પ્યુટરનો યુગ છે, પશ્ચિમની સંસ્કૃતિની અસરો છે, મને લાગે છે કે માત્ર પૈસો આમાં મદદરૂપ નહીં થઈ શકે. ઘણા બધા ધનાઢ્ય લોકો છે, એ લોકો એમના મા બાપને કહીએ એવા વૃદ્ધાશ્રમમાં લઈ જાય એવા છે, એ.સી. રૂમમાં રાખો, એમને ખાવા-પીવાની, રહેવા-ઓઢવાની, એ બધાનો જેટલો ખર્ચ થાય એ બધો એ આપવા માટે તૈયાર હોય છે પણ કહે કે આ ડોસા-ડોશીને તમારા ત્યાં રાખો, મારી પાસે નહીં, હુતો અને હુતી, અમે બંને અથવા બાળકો, આ ઘરડા માણસો ટકટક કરે એ જરૂરી નથી, જેટલા રૂપિયા લેવા હોય એ લો પણ એમને લઈ જાઓ, એટલે હું સમજું છું ત્યાં સુધી જે લોકો અસંસ્કારી છે, જેઓ પોતાના માબાપને વૃદ્ધાશ્રમમાં લઈ જવાની વાત કરે છે, એવા લોકોની સાથે સરકારે જે કંઈ કડક પગલાં લેવાં હોય એ લેવાં જોઈએ, એમાં જરાય બેમત નથી. હું જ્યાં સુધી સમજું છું ત્યાં સુધી આ બધા વિષયો માત્ર સરકાર કરશે એ વાત ઠીક નથી, મને લાગે છે કે, આ વિષયમાં સંવેદના પણ જોઈએ, આ વિષયમાં સંમતિ પણ જોઈએ અને આ વિષયમાં સંસ્કારિતા પણ જોઈએ અને સહહૃદય ભાવ પણ જોઈએ અને જો આ બધું જ આપણા દિલમાં હશે તો મને લાગે છે કે, આપણે આ પ્રશ્નનું નિરાકરણ લાવી શકીશું,

માનનીય સભાગૃહના સભ્યશ્રીઓને હું એક વિનંતી કરવા માગું છું અને માનનીય સભ્યશ્રી મહેન્દ્રભાઈએ પણ ખૂબ સારી વાત કરી કે અધિકારી, પદાધિકારી, પંચાયત, પાર્લામેન્ટ સુધી અથવા રાજય સરકારની જે સેવાઓ લેવાવાળા લોકો છે, આપણી પાસે એક માણસ આવે છે કે મારી બદલી કરી આપો, મારા માબાપ ઘરડાં છે, વૃદ્ધ છે, તેઓની તબિયત સારી રહેતી નથી, એમની સેવા કરવાવાળો હું એક માત્ર છું અને એની બદલી કરો. તમે એને એટલું તો પૂછો કે એણે કયારેય એના ઘરડા માબાપને એક લોટો પાણી પિવડાવ્યું છે, એવો એ માણસ છે કે કેમ? માત્ર માબાપના નામે પોતાની અંગત બદલી માટે આવ્યો છે અને એટલા માટે મેં કહ્યું એ પ્રમાણે રાજય સરકારે જે કંઈ કરવાનું હશે એ કરશે, અત્યારે તો રાજય સરકાર ૬૦ વર્ષની ઉપરના લોકોને રૂપિયા ૨૦૦ અને ૬૫ વર્ષની ઉપરના લોકોને ૨૭૫ રૂપિયા આપે છે. ૧૯ જેટલા વૃદ્ધાશ્રમો પણ ચલાવીએ છીએ, ત્યાં રહેવા જમવાની એવી તમામ સુવિધાઓ આપીએ છીએ પણ હું માનું છું ત્યાં સુધી આ બધું આપવા છતાંય (અંતરાય) નિરાધાર વૃદ્ધો, આપનું કહેવું બરોબર છે, એટલે આ પ્રમાણે રાજય સરકાર એનો ફાળો આપે છે એના માટેનું કામ પણ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એ પ્રમાણે રાજય સરકારે આ બધુંય કરવાથી જ અમારું કામ થઈ જશે, અને વૃદ્ધોને લાભ થશે એવું નથી, વિધવા સહાય યોજના, અશક્ત વૃદ્ધો છે એમના માટે પણ રાજય સરકારની યોજના છે એના માટે પણ રાજય સરકાર ૯૦ ટકા ગ્રાન્ટ આપે છે એવા તમામ ક્ષેત્રોમાં મેં કહ્યું એ પ્રમાણે માત્ર રૂપિયા કે પૈસા સાથે મૂલવવાનો આ વિષય નથી, આગામી દિવસોમાં આ કાયદામાં પણ માનનીય બહેને મને કહ્યું એમ, મેં હમણાં જ તપાસ કરાવી, મહારાષ્ટ્રમાં એવો કાયદો નથી, એવી હાલ પૂરતી વિગતો છે પણ મહારાષ્ટ્રમાં, હિમાચલમાં ક્યાંક થયું હશે, તો સંશોધન કરીને આમાં કંઈ પણ કરવું પડે તો એમાં રમણભાઈ વોરા, રાજય સરકારના જે મંત્રી છે એટલે બધી જ જવાબદારી માત્ર રમણભાઈની જ નહીં, પણ આ ગૃહના સન્માનીય તમામ સભ્યોની લાગણીને ધ્યાને રાખીને આગામી દિવસોમાં રાજય સરકાર હકારાત્મક રીતે જે કંઈ કરવાનું હશે એ કરશે એવી ખાતરી સાથે બહેન ચંદ્રિકાબેન ખૂબ સારું બિલ લાવ્યા છે એ બદલ આભારની લાગણી સાથે મારી વિનંતી છે કે, એમનું બિલ પાછું ખેચી લે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના તમામ સન્માનીય સભ્યશ્રીઓએ આ બિલ ઉપર વાત કરી છે એમાં મારા મુરબ્બી માયાબહેન, શંકરભાઈ, મહેન્દ્રભાઈ, રમિલાબેન, ભાવનાબેન, ગોવાભાઈ, ભવાનભાઈ એ બધાને વાત કરી છે અને તમામ ધારાસભ્યશ્રીઓના હૃદયમાં એક જ પ્રશ્ન હતો એમાં હમણાં જ માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો અને જે વાત કરી છે કે, પશ્ચિમીકરણની દોડ અને એના કારણે મા-બાપની સ્થિતિ જે નિર્માણ થઈ છે એમાં અભણને ઘરે મા-બાપ છે એના કરતા ભણેલાને ઘરે મા-બાપ વધુ દુ:ખી છે. અભણ, ગામડાનો છેવાડાનો માણસ છે એ પોતાના મા-બાપને સાચવવાનો પ્રયત્ન કરે છે પણ ભણીગણીને નોકરિયાત છે, પૈસે ટકે સુખી છે, એ સુધરેલો સારો લાગે છે એ મા-બાપની અવગણના કરે છે ત્યારે માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે તેમ કાયદો લાવવાની જરૂર એટલા માટે છે, મેં અગાઉ વાત કરી છે તેમ ઘણાં કાયદાઓ રદ કર્યા છે ત્યારે કોઈકને લાલ આંખ કરીને કાયદો લાવવાની જરૂર પડવાની છે.

માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે ત્યારે મારે એક વાત યાદ કરાવવી છે કે આજ ગૃહમાં માનનીય મંત્રી તરીકે માનનીય ફકીરભાઈ વાઘેલા હતા ત્યારે એમણે વાત કરી હતી ૨૪મી, માર્ચ ૧૯૯૯માં. ત્યારે બહુ સ્પષ્ટ એમ કહેવામાં આવ્યું હતું કે, 'અમે સર્વગ્રાહી બિલ લાવી રહ્યા છીએ.' આવી વાત કરી છે ત્યારે સર્વગ્રાહી બિલ સ્વીકાર્ય છે. આ તમામનો પ્રશ્ન છે, સમાજના લોકોનો પ્રશ્ન છે, એકે એક વ્યકિતનો પ્રશ્ન છે. માનનીય મંત્રીશ્રી ફકીરભાઈએ સમાજ કલ્યાણ મંત્રી તરીકે વાત કરી છે કે 'સમાજ માટે સર્વગ્રાહી બિલ લાવીશું.' હું હૃદયપૂર્વક ઈચ્છું છું કે, ટેકનીકલ રીતે બધાને સાથે રાખીને સર્વગ્રાહી બિલ લાવવામાં આવે અને બીજી વાત કેન્દ્ર સરકારમાં

પણ રાષ્ટ્રીય વૃદ્ધ નીતિની રચના થઈ છે એમાં તમામના સૂચનો માગવામાં આવ્યા છે અને એમાં કેન્દ્ર સરકારમાં વૃદ્ધ નીતિની નવી વાત ચાલે એમાં વધુ વિચાર કરી અને મહારાષ્ટ્ર અને હિમાચલ પ્રદેશમાં આ કાયદો પસાર થયો છે ત્યારે એ કાયદો લઈ આવી આપણી રીતે કાયદો વ્યવસ્થિત રીતે કઈ રીતે આ ગૃહમાં આવે, તમામ સભ્યશ્રીઓનું યોગદાન રહે અને માનનીય મંત્રીશ્રી એના હાર્દ સાથે સંમત થયા છે, લાગણી સાથે સંમત થયા છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હું આપની પરવાનગીથી સન ૨૦૦૩નું વિધેયક ક્રમાંક-૨૮ પાછું ખેંચી લેવાની સાભાગૃહની અનુમતિ માગુ છું.

**"પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો"**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે કમિટમેન્ટ આપ્યું છે એ પાળવાની શરતે સન ૨૦૦૩નું વિધેયક ક્રમાંક-૨૮ પાછું ખેંચી લઉં છું.

**સભાપતિશ્રી** : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

## સન ૨૦૦૪નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૦.

## ગુજરાત ઓછી આવકવાળા વર્ગના દરેક કુટુંબમાંથી એકને રોજગાર આપવા બાબતનું વિધેયક, ૨૦૦૪.

### ગુજરાત રાજયમાં ઓછી આવકવાળા વર્ગના દરેક કુટુંબમાંથી ઓછામાં ઓછી એક વ્યકિતને રોજગાર આપવાની જોગવાઈ કરવા બાબત વિધેયક.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)**: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૪નું *વિધેયક ક્રમાંક-૧૦, સન ૨૦૦૪ના ગુજરાત ઓછી આવકવાળા વર્ગના દરેક કુટુંબમાંથી એકને રોજગાર આપવા બાબતનું વિધેયક, ૨૦૦૪નું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીના ચોપ્પન વર્ષ પૂરાં થવાના અંતે પણ આ દેશની સૌથી મોટી કોઈ સમસ્યા હોય તો એ રોજગારીની સમસ્યા છે, બંધારણની કલમ-૧૬ પ્રમાણે એવી જોગવાઈ કરવામાં આવી છે કે, દરેક નાગરિકને રોજગારી અને નોકરીની સમાન તકો આપવામાં આવે. આ કોંગ્રેસના ચોપ્પન વર્ષના શાસન દરમ્યાન (અંતરાય) ચોપ્પનમાંથી પાંચ ઓછાં, આ ગામડાઓમાં રસ્તા નહોતા, પીવાનું પાણી મળતું નહોતું, વીજળી નહોતી, એના કારણે ગામડામાં કૃષિ ભાંગી ગઈ, લોકોએ ગામડામાંથી શહેર તરફ દોટ મૂકી, આજે ગામડાનો યુવાન પણ ઉદ્યોગ ધંધા વગરનો થયો અને શહેરની અંદર શહેરીકરણની એટલી મોટી સમસ્યા થઈ કે આ એકવીસમી સદીમાં મોડર્નાઈઝેશન કરવાના કારણે આજે ઔદ્યોગિક વિસ્તારની અંદર જે માનવ સંપદાને રોજગારી મળતી હતી એમાં પણ ઘટાડો થયો, આપણને બધાને ખબર છે કે ૧૯૮૦ થી ૧૯૯૦ના સમય દરમ્યાન ટેક્સટાઈલની જે નીતિ થઈ, અમદાવાદ એ વખતે ધમધમતું હતું, દેશની અંદર અમદાવાદ માન્ચેસ્ટર તરીકે જાણીતું હતું, આજે એ મિલો બંધ થવાના કારણે, મોટી સંખ્યામાં યુવાનો બેકારીના ખપ્પરમાં હોમાયા છે. આ રાજકીય નહિ પરંતુ એકવીસમી સદીમાં ભારતને સમાજમાં આર્થિક અસમાનતાના ખાડામાં ધકેલી દેવાની વાત છે. એમાંથી સમાજને ઉંચો ઉપાડવા માટે આ ગહેરા ચિંતનનો વિષય છે. પંડિત દિનદયાળજીએ એમના એકાત્મ માનવવાદમાં કહ્યું છે-

**હર હાથ કો કામ, કામકે સહી દામ, ઓર જગહ પર હી કામ**

જો આ થિયરીનો ઉપયોગ કરવામાં આવે તો સાચા અર્થમાં રોજગારીના પ્રશ્નનું આપણે નિરાકરણ કરી શકીએ. મેં મારી કારકીર્દિ ભા.જ.પ.ના યુવા મોરચાના એક નાનકડા કાર્યકર તરીકે કરી, તેથી સમગ્ર ગુજરાતભરમાં સંગઠનના કામ માટે જવાની મને તક મળી, એ દિવસોમાં ગુજરાતના યુવાનોની આ રોજગારીના સંદર્ભની અંદર જે સ્થિતિ હતી એ યુવાન પાસે ક્ષમતા છે આવડત છે અને ગુજરાતની અંદર કુદરતી વિપુલ સંપત્તિ છે, આ બધાનો જો સમગ્ર ચિંતનના આધારે ઉપયોગ કરવામાં આવે તો આ રોજગારીની સમસ્યાનું સમાધાન આપણે કરી શકીએ તેમ છીએ. આ બેરોજગારીની સમસ્યાના મૂળમાં જો આપણે જઈએ તો એનું મુખ્ય કારણ છે વસતિવધારો, આપણે દેશભરના વસતિવધારાના હમણાં આંકડા જોયા, એની અંદર વસતિવધારા ઉપર અંકૂશ મૂકવો પડશે. હમ દો હમારે દો, એ માત્ર કોઈ એક સમાજમાં નહિ, હમ પાંચ, હમારે પચીસનો વિષય લઈને નીકળેલા લોકોને રોકવાની ફરજ પાડવી પડશે, જ્યાં સુધી આ વસતિવધારાના રાક્ષસને અંકૂશમાં રાખવામાં જો આપણે સફળ નહિ થઈએ તો આવનારા દિવસોમાં આ બેરોજગારી (અંતરાય) માનનીય ફારૂકભાઈ તમને એકલાને નથી કહેતો, તમે શા માટે બંધબેસતી પાઘડી માથે પહેરો છો?

બીજો મુદ્દો છે શૈક્ષણિક અભ્યાસક્રમો, અંગ્રેજોના સમયથી ચાલતી આવતી આ શૈક્ષણિક પદ્ધતિના કારણે આ શિક્ષણના અંતે આપણે ગુજરાત અને સમગ્ર દેશની અંદર માત્રને માત્ર કારકૂનોની ફોજ ખડકી કાઢી છે. આ શૈક્ષિણિક અભ્યાસક્રમની અંદર પણ જેટલું આપણે બી.એ., બી.કોમના વિષય પર ધ્યાન

* વિધેયક તા.૨૪મી ફેબ્રુઆરી,,૨૦૦૪ના ગુજરાત ગર્વનમેન્ટ ગેઝેટમાં પસિધ્ધ કરવામાં આવ્યું છે.

આપીએ છીએ એના કરતાં ચારગણું વધારે આપણે ટેકનિકલ અભ્યાસક્રમોની અંદર જવાનો સમય પાકી ચૂક્યો છે. જ્યાંસુધી વ્યવસાયલક્ષી અને ટેકનીકલ શિક્ષણ પૂરેપુરું ઉપલબ્ધ કરવામાં નહિ આવે ત્યાંસુધી ભણીગણીને આવેલો યુવાન એનો સાચા અર્થમાં રોજગારી માટે સાચા મદદરૂપ નહિ થઈ શકીએ. ઉદ્યોગોનું modernisation ચોક્કસ આવશ્યક છે, જરૂરી છે. કેમ કે આ એકવીસમી સદીની global world ની અંદર આપણાં ઉદ્યોગોનેcompetition કરવા હશે તો તેની અંદર modernisation કરવું પડે પણ તેની સાથે સાથે આપણા ગ્રામીણ ઉદ્યોગો જે કુટિર ઉદ્યોગો છે, આ કુટિર ઉદ્યોગોને પણ ધ્યાનમાં રાખીને સર્વાંગી યોજનાઓ ઘડવાની પણ એટલી જ આવશ્યકતા છે. જે જે રાજયોની અંદર આપણે જોઈએ છીએ કે રોજગારી ઉપલબ્ધ ના કરાવવામાં આવે ત્યાંનો યુવાન તે ગુનાખોરીના માનસ તરફ આગળ વધતો જાય છે. આપણે જમ્મુ અને કાશ્મીરમાં જોઈએ છીએ અને તેની આતંકવાદની સમસ્યાનું મૂળ કોઈ કારણ હોય તો ત્યાંની સરકારોએ પૂરતા પ્રમાણમાં રોજગારી નહીં ઉપલબ્ધ કરાવી તેને કારણે ગુન્હાખોરી અને આતંકવાદ જેવી પ્રવૃત્તિઓ પણ ફૂલી ફાલી છે. આ બેકારી તેને કારણે આર્થિક અસમાનતા તે દેશને દુર્ગતિ તરફ દોરે છે. ગુજરાત કે જ્યાં રસ્તાઓનું નેટવર્ક વ્યાપક છે, જ્યાં જ્યોતિ ગ્રામ દ્વારા વીજળી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ ગુજરાતમાં પીવાનું પાણી ઉપલબ્ધ છે. આ ગુજરાત જ્યાં ગુજરાતની જનતાની વ્યાપારિક માનસિકતા છે પ્રજાની આ નાડ પારખીને એવી ઔદ્યોગિક નીતિ બનાવવી જોઈએ, એવી રોજગારલક્ષી નીતિ બનાવવી જોઈએ કે સાચા અર્થમાં આપણે લોકોને બેરોજગારીમાંથી દૂર કરાવી શકીએ. ગુજરાતના ૨૫૦ તાલુકા છે. વિપુલ કુદરતી સંપત્તિ છે અને જુદા જુદા વિસ્તારોની ભૌગોલિક ઝોનના આધાર ઉપર જો એ ઝોનને અનુકૂળ ઉદ્યોગો તેના ગામમાં વસાવવામાં આવે, ગામડાંના માણસને જો વીજળી મળી જતી હોય, રસ્તાનું નૅટવર્ક હોય, પીવાનું પાણી હોય તો આપણે એ પ્રમાણેના ઉદ્યોગો દાખલા તરીકે જંગલની અંદર વન ઔષધિઓ કે જંગલના ટીમરુના પાન તેને માટે આદિવાસીના યુવાનોને જો મુકિત આપવામાં આવે તો તેને આધારે પોતાની રોજગારી મેળવે. તે રોજગારીને કારણે પોતાને રોજગારીને લીધે જે સ્થળાંતર કરવું પડે છે તે સ્થળાંતર અટકાવી શકાય. જે ઉજજળ ગોચરો છે તેને ત્યાંના યુવાનોને ખેતી માટે અથવા અન્ય ઉપયોગ માટે જો ઉજજળ ગોચરોને માટે યુવાનોને અગ્રિમતા આપવામાં આવે તો તે રોજગારી ઉભી કરી શકાય.

ભૂતકાળમાં પણ આપણી ગુજરાત સરકારની એક રજૂઆત રહી કે લશ્કરની અંદર એક ગુજરાત regiment ઉભી કરીને ગુજરાતના યુવાનોને તેની અંદર તક આપવામાં આવે. આવનારા દિવસોની અંદર ગુજરાતની જે સિંચાઈલક્ષી જમીન હતી તેમાં નર્મદા, સુજલામ્ સુફલામ્, ચેક ડૅમો અનેક રીતે તેની અંદર સિંચાઈલક્ષી જમીનનો અનેક ગણો વધારો થવાનો છે. Agro Export Zone થવાના છે, તો તેના પોષણક્ષમ ભાવ સાથે ગુજરાતના યુવાનને ફરીથી કૃષિ તરફ વાળી અને કૃષિને રાજયના મુખ્ય ઉદ્યોગ તરીકે જો જોવામાં આવે તો ગુજરાતના યુવાનને રોજગારી માટે કૃષિ એક ઉદ્યોગ ધંધા તરીકે મદદ કરી શકે. ગુજરાતભરમાં skilled and unskilled તે બે પ્રકારના જુદા જુદા જૂથોની જરૂર પડે. રાજય સરકાર દ્વારા પ્રશિક્ષિત કરી અને જરૂરી ઉદ્યોગો જે આવનારા દિવસોમાં ગુજરાતમાં આવવાના છે Special Economic Zone આવવાના છે, આ ગ્લોબલ સમિતમાં જે જુદા જુદા એમ.ઓ.યુ થયા તેને આધારે નવું infrastructure develop કરવા માટે નવા વેપાર , રોજગાર ધંધાને આનુષાંગિક જે માનવ સંપદાની જરૂર પડે તેને ગુજરાતમાં પ્રશિક્ષિત કરવામાં આવે નહીં તો થશે એવું કે ધંધા રોકાશે, બધા ધંધા ગુજરાતમાં ઉભાં થશે અને તેમાં નોકરી કરવાવાળા બીજા રાજયોમાંથી આવશે. ગુજરાતના યુવાનનું હિત સાચવવા માટે આની પણ ચિંતા કરવી જોઈએ. શહેરી યુવાન તેની રોજગારીની સમસ્યા અલગ છે અને ગ્રામીણ યુવાન તેની રોજગારીની સમસ્યા અલગ છે. આજે શહેરની અંદર કૉમ્પ્યુટર અને બાકીની બધી awareness ના કારણે ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજીમાં જો સૌથી મોટો કોઈ લો એન્ડ બીઝનૅસ હોય તો તે કોલ સૅન્ટર છે અને આ કોલ સેન્ટરમાં વૈશ્વિક કંપનીઓની મદદથી સરકારે જરૂર પડે મધ્યસ્થી બની અને તેને backbone support પૂરો પાડી શહેરી યુવાનો માટે બેરોજગારી છે જેને કૉમ્પ્યુટર કે ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી related skill છે તે skill નો મહત્તમ ઉપયોગ કરી અને સરકારે મધ્યસ્થીની ભૂમિકાની વૈશ્વિક એવી કંપનીઓને ગુજરાતમાં લાવવાની જરૂર છે. આપણે સૌ જોઈએ છીએ કે છેલ્લા છ મહિનાની અંદર બે વખત પેટ્રોલનો અને બે વખત ડિઝલનો ભાવ વધારો થયો છે.

આ દેશમાં ૧ લાખ કરોડનો બોજો દેશની પ્રજા ઉપર પડયો છે. જયારથી આ યુ.પી.એ.ની સરકાર સત્તા ઉપર આવી છે ત્યારથી દિવસે દિવસે મોંઘવારીએ માઝા મૂકી છે. આ મોંઘવારીના દિવસોમાં યુવાનોની હાલત દયનીય બની છે ત્યારે આવું વિધેયક લાવવા માટે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઓછી આવકવાળા વર્ગના દરેક કુટુંબમાંથી એકને રોજગાર આપવા બાબત વિધેયક સન ૨૦૦૪ લઈને માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજા આવ્યા છે ત્યારે આ દેશની યુ.પી.એ. સરકારે જે વિચારો આ દેશની પ્રજા સમક્ષ મૂકયા એ વિચારોનું ગુજરાતમાં અમલીકરણ કરવા માટેનો એક શુભ સંકેત લઈને આવ્યા છે એ માટે હું તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતમાં ૯,૨૧,૭૬૮ જેટલા બેરોજગાર યુવાનો આ રાજયની રોજગાર વિનિમય કચેરીઓમાં છેલ્લા એક વર્ષમાં નોંધાયેલા છે, એ એક ચિંતાનો વિષય છે. એટલા માટે કે ગુજરાત જેવા વિકસીત રાજયમાં આ સરકાર દ્વારા બે બે ઔદ્યોગિક સમીટો દ્વારા ૧,૦૦,૧૦૬ હજાર કરોડ રૂપિયા જેટલી રકમના ઔદ્યોગિક વિકાસ માટેના એમ.ઓ.યુ. થાય અને છતાં આ ગુજરાત રાજયમાં ભૂતકાળમાં ના નોંધાયા હોય એટલા બેરોજગાર આ રાજયની રોજગાર વિનિમય કચેરીઓમાં નોંધાય છે ત્યારે માનનીય પ્રદિપસિંહ જે વિચારો અને હાર્દ લઈને આ ગૃહમાં આવ્યા છે એના માટે હું તેમને ફરીથી અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં મારા જેવા અનેક નવ યુવાન મિત્રોને એમના માતા પિતા કાળી મજૂરી કરીને, પરસેવો રેડીને ભણાવે ગણાવે અને ૨૧ મી સદીના આધુનિક યુગમાં એ પોતાનું સ્થાન મજબૂત કરે એ માટે થઈને એ પોતાનો પરસેવો રેડે, પરંતુ એ મારા ભણેલ ગણેલ નવ યુવાન મિત્રો જયારે સરકારી કચેરીઓમાં નોકરી માટે થઈને ફાંફાં મારતા હોય ત્યારે એની પરિસ્થિતિ કેવી દયનીય હોય છે એનાથી આપણે સૌ વાકેફ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગત વર્ષમાં પણ આ સરકારે પ્રશ્નોત્તરીમાં એવો જવાબ આપ્યો હતો કે ગયા વર્ષમાં આ બેરોજગારો પૈકી ૧૫૭ જેટલા લોકોને સરકારી નોકરી અપાવી. ત્યારે માનનીય પ્રદિપસિંહ જાડેજા જયારે આ વિચાર લઈને આવ્યા છે એ ચોકકસ એક આવકાર્ય વિચાર છે. આ બેરોજગારીના કારણે મારા નવ યુવાન મિત્રો કે જેણે આ રાજયના વિકાસમાં એનું યોગદાન આપવું જોઈએ, પરંતુ એના માટેની કોઈ એમને યોગ્ય તકો નહીં મળવાને કારણે એમને આત્મહત્યા કરવા પ્રેરાવું પડે, એવી પરિસ્થિતિ ઉભી થઈ છે. આ ગૃહમાં પ્રશ્નોત્તરીના જવાબમાં સરકારશ્રીએ જવાબ આપ્યો છે કે, "આ ચાલુ વર્ષમાં માત્ર એક વર્ષમાં ૪૫૨૨ જેટલા આત્મહત્યાના કિસ્સા બન્યા છે." તો આ કિસ્સા આત્મહત્યાના શું કામ બન્યા છે? આ ગુજરાત રાજય એ એક વિકસીત રાજય બની રહયું હોય, ગુજરાત રાજયમાં કરોડો રૂપિયાના ઉદ્યોગો આવી રહયા હોય, ગુજરાત રાજયનો જબરજસ્ત ઔદ્યોગિક વિકાસ થઈ રહયો છે તો આ ૪૫૦૦ જેટલા લોકોને આત્મહત્યા કરવા માટે શું કામ મજબૂર થવું પડયું છે? આ એક બહુ જ ચિંતાનો વિષય છે. આને કોઈ રાજકીય દ્રષ્ટિથી નહીં લેતાં, આ ભાજપ કે કોંગ્રસ માટેનો પ્રશ્ન નથી, પરંતુ આ પ્રશ્ન ગુજરાતની આવતીકાલ માટેનો પ્રશ્ન છે એ પ્રશ્ન મારા નવયુવાન મિત્રો કે જેને ૨૧ મી સદીના આધુનિક યુગમાં એક નવો વિચાર આપવા માટે, એ વિચારનું યોગદાન આપવા માટે, એનું ઘર ચલાવવા માટે, એના પેટનો ખાડો પૂરવા માટેનો પ્રશ્ન છે.

આ વિષય યુવાનોને વધુ સ્પર્શે છે ત્યારે હું વિનંતી કરું છું કે આ યુવાનોને રોજગારી આપવા માટે આપણે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો મારફતે વિવિધ યોજનાઓ ચલાવીએ છીએ, પરંતુ આ ગૃહના માનનીય સભ્યશ્રીઓ એ બાબતથી વાકેફ છે કે આ યોજનાઓ હકીકત કરતાં ઘણી ખરી માત્ર આંકડાઓમાં જ અટવાયેલી રહી છે, ચોપડાઓમાં જ અટવાયેલી રહી છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો દ્વારા બેરોજગારોને લોન આપવા માટે બેંકોને ભલામણ કરી દેવામાં આવે છે પરંતુ એ પૈકી માત્ર ૧૫ થી ૨૦ ટકા લોકોને જ લોન પ્રાપ્ત થતી હોય છે. અને તે લોન કઈ રીતે પ્રાપ્ત થાય છે? ૫૦ હજારની લોન હોય તો ૨૫ હજાર રૂપિયા ડિપોઝીટ મૂકીએ ત્યારે એમને એ લોન મળે છે, આ સમગ્ર ગૃહ માટે આ ચિંતાનો વિષય છે. જયારે રોજગારીની વાત થતી હોય, સમગ્ર રાજ્યમાં દરેક કુટુંબદીઠ એક વ્યકિતને રોજગારી આપવાની વાત હોય ત્યારે આવી યોજનાઓ આપણે માત્ર કાગળ ઉપર ચલાવવાનો જે અભિગમ અપનાવીએ છીએ તે અભિગમ વાસ્તવિકતામાં પરિણમે તેના માટે આપણે સાથે મળીને પ્રયત્નો કરવા જોઈએ.

છેલ્લે એક મુદ્દો કહું કે આ ગુજરાત ઔદ્યોગિક રાજધાની છે એવું આપણે કહીએ છીએ, ત્યારે ગુજરાતમાં મારા નવયુવાનો, શિક્ષિત બેરોજગારો છે તેને ઉદ્યોગોમાં જે ૮૫ ટકા રોજગારી મળવી જોઈએ તેમાં પણ મોટો અન્યાય થઈ રહ્યો છે. હું આ સભાગૃહના સન્માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરવા માગું છું કે આની એક ચળવળ ચલાવી અને રોજગારી માટે પણ એક રથ આ રાજ્ય સરકાર દ્વારા ગામડે ગામડે ફેરવવામાં આવે અને આપણા જે ઉદ્યોગો છે, તેની અંદર જયાં ૮૫ ટકા મુજબની રોજગારી ગુજરાતના યુવાનોને મળતી ન હોય ત્યાં આ નવ યુવાનોને રોજગારી આપવામાં આવે તેવી વિનંતી કરું છું. તેની સાથે માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહજી જે વિધેયક લઈને આવ્યા છે તેને સમર્થન આપું છું.

**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ)**: માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના સન્માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહજી સન ૨૦૦૪નું વિધેયક ક્રમાંક ૧૦ લઈને આવ્યા છે, તેના અનુસંધાનમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

આ દેશમાં આઝાદી આવી ત્યારે આઝાદીની સાથે સાથે આઝાદીના લડવૈયાઓનું, આ દેશ માટે જાનફેસાની વહોરનારાઓનું સ્વપ્ન હતું કે આઝાદીની સાથે સાથે આ દેશમાં આબાદી પણ આવે, આ દેશના લોકો માટે સુખ અને સમૃદ્ધિનો સૂર્યોદય થાય. પરંતુ ખોટી નીતિઓ, ખોટી શૈક્ષણિક પ્રણાલિકાઓના કારણે અને દેશના સમતોલ અને સર્વાંગી વિકાસ કરવાની નીતિ તરફ એક સરખું ધ્યાન અપાવું જોઈએ તે ધ્યાન ન અપાવાને કારણે આ દેશનો વિકાસ અસમતોલ બન્યો. આ દેશનો ગરીબ વધારે ગરીબ બન્યો અને તવંગર વધારે તવંગર

બન્યો. આવી પરિસ્થિતિમાં આ દેશના બધા સભાગૃહોએ અને આ દેશની પાર્લામેન્ટે પણ વિચાર કરવો જોઈએ.

હું જે પાર્ટીમાંથી આવું છું તે ભારતીય જનતા પાર્ટીના સ્થાપક પંડિત દિનદયાળ ઉપાધ્યાયે એકાત્મ માનવતાવાદનો સિધ્ધાંત ઉપસ્થિત કર્યો હતો. તેઓ આર્ષદ્રષ્ટા હતા. એમણે જે જે વિચારો વ્યકત કર્યા તેનું ઘણું બધું મૂલ્ય છે. આજે એમના વિચારોની કિંમત પણ થઈ રહી છે. પંડિત દિનદયાળ ઉપાધ્યાય એ મતના હતા કે હર ખેત કો પાની ઔર હર હાથ કો કામ, આ એમની નીતિ હતી. એમના વંશજો અમે. જયારે ભારતીય જનતા પાર્ટીની સરકાર સત્તામાં છે ત્યારે આપણે આની ચિંતા કરીએ. ૧૯૯૦-૯૫માં જયારે કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી અને તે વખતના વડાપ્રધાન સ્વર્ગસ્થ નરસિંહ રાવે ઉદારીકરણની નીતિ દાખલ કરી ત્યારથી આ દેશની અંદર રોજગારી ઉપર મોટી તરાપ આવી છે. આ ઉદારીકરણના કારણે ખાનગીકારણના કારણે શિક્ષિત બેરોજગારોને રોજગારીથી વંચિત રહેવું પડે છે. મને ચિંતા એ બાબતની છે કે હું જે વર્ગ સમૂહમાંથી આવુ છું એ વર્ગ સમૂહના લોકોને આ દેશની અંદર સામાજિક ન્યાય અપાવવા માટે આ દેશના બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરે બંધારણની અંદર પ્રાવધાન કરીને બંધારણની અંદર જોગવાઈ કરીને નોકરીની અંદર અને જાહેર જીવનની અંદર આરક્ષણ પુરું પાડ્યું છે. જેને કારણે આજે આ સમાજના વંચિતો, પીડિતો, દલિતો, આદિવાસીઓ, ગીરીજનો કંઈક પગભર બન્યા છે. પોતાનો નોકરી ધંધો પ્રાપ્ત કર્યો છે. પરંતુ મને ચિંતા એ વાતની છે, હું એ કહેવા જઈ રહ્યો હતો કે આ જે સમાજ છે દલિતો, આદિવાસીઓ છે એ ગુલફીનો ધંધો છે એ કરી શકતો નથી. પાનનો ગલ્લો ખોલી શકતો નથી. એવી સ્થિતિ હિંદુસ્તાનમાં છે ત્યારે આવા વર્ગોની વિશેષ ચિંતા થાય અને એક કુટુંબના એક માણસને કોઈપણ ક્ષેત્રે રોજગારીનું પ્રાવધાન થાય એ આવતા જમાનાની જરૂરિયાત છે અને આવશ્યકતા છે. માટે હું વિનંતી કરુ કે આ બિલનો સ્વીકાર થાય અને આવનારા દિવસોની અંદર આ દિશામાં રાજય સરકાર કંઈક વિચારે એ વાત સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહજી જાડેજા જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એ ખૂબજ સમયસરનો અને ખૂબ જરૂરી છે એને હું અનુમોદન આપું છું.

આ રાજયની અંદર વિકાસમાં ગતિશીલતા આવતી હોય, એનો ગ્રોથ વધતો હોય, ૧૫ ટકા જે આપણું ઉત્પાદન છે એમાં દેશભરમાં મોખરે હોઈએ પણ રોજગારી આપવામાં આપણે બે આંકડા ક્રોસ કરીએ છીએ ખરા? હમણાં જ હું સામાજિક આર્થિક રીવ્યુનું પુસ્તક જોતો હતો ત્યારે જાહેર ક્ષેત્રના એકમોમાં ૨૦૦૨ માં ૮.૪૪ લાખ અને ૨૦૦૩માં ૮.૪૫ લાખ માત્ર એક વર્ષમાં એક હજાર લોકોને વધારે રોજગારી આપી શક્યા. એના કરતાં એપ્રિલ, ૨૦૦૪ની અંદર એ ઘટીને ૮ લાખ ૧૯ હજાર જ રહ્યું છે. એનાથી ઊલટું ખાનગી ક્ષેત્રની અંદર રોજગારીનું પ્રમાણ વધ્યું છે. શ્રમ મંત્રી બહુ હકારાત્મક છે, અભ્યાસુ પણ છે અને રાજયપાલશ્રીના પ્રવચનનો જવાબ આપવાનું એમના ભાગે આવ્યું ત્યારે અમારી અપેક્ષા અને આકાંક્ષા વધતી જતી હોય છે. ખાનગી ક્ષેત્રમાં સન ૨૦૦૨ માં ૭.૨૩ લાખ લોકોને રોજગારી મળી. ૨૦૦૩માં ૭.૭૭ લાખ, એપ્રિલમાં એ વધીને ૮ લાખને રોજગારી મળી છે. ઔદ્યોગિકરણ વધતું જાય એને અનુરૂપ આ આંકડા પ્રગતિના આંકે નથી લઈ જતા.

માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહજીએ વાત કરી એમાં ઔદ્યોગિકરણ વધે પણ સાથે સાથે સ્થાનિક રોજગારી ૮૫ ટકા આપણે જાળવી શકતા નથી. એમાં ક્યારેક સ્કીલ વર્કરની બાબત આવે પરંતુ એ ગુજરાતના યુવાનોને રોજગારી મળે એ માટે ખાસ કાળજી લેવી જોઈએ. આપણા બેરોજગાર યુવાનોને લાયકાત મુજબ કામ મળે અને જો એને કામ ન મળે ત્યારે એ બેકાર યુવાનને ઉધામા ચડતા હોય છે, એનો ઉપયોગ ક્યાંક બીજી જગ્યાએ થતો હોય છે. એટલા માટે હું આપના મારફત મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું કે, શ્રમ વિભાગ આ શ્રમજીવીઓની કાળજી રાખે. આ કારખાનાઓની અંદર કામ મળે અને ત્યારે ઔદ્યોગિક સલામતીનો પ્રશ્ન આવતો હોય છે. આજે જ મારા સવાલના જવાબમાં ભચાઉ તાલુકામાં ઔદ્યોગિક એકમમાં જ પાંચ મૃત્યુ થયાં છે, છતાં ૨૦૦૩ની સાલમાં એકપણ કેસ નોંધાયા નથી, એવું એમના ધ્યાનમાં આવ્યું છે.

આ વિભાગમાં હું પણ અડધિયો મંત્રી હતો એ વખતે માનનીય અશોકભાઈ રોજગાર મંત્રી હતા અને શ્રમ વિભાગમાં હું હતો ત્યારે આ બધું રિવ્યૂમાં લેતા હતા. માનનીય અશોકભાઈ સાથે ઘણી વખત ગાંધી શ્રમસંસ્થાનની અંદર જવાનું થયેલું ત્યારે આ મજદૂરોની જે ચિંતા કરતી સંસ્થાઓ છે. એમાં સ્વૈચ્છિક સંસ્થાના જે આગેવાનો છે એમની સાથે મારી નિકટતા રહી છે. એટલા માટે આ બિલની અંદર ઘર દીઠ એક યુવાનને રોજગારીની બાંહેધરી આપવી એ ખૂબ જરૂરી છે. ગ્રામીણ વિભાગમાં સુરક્ષિત યોજના લવાય, ગરીબી રેખા નીચેના કુટુંબના ૨ લોકોને વર્ષમાં ૧૦૦ દિવસનું કામ આપતા હતા. હવે ગઈ એન.ડી.એ. સરકારે ચેન્જીસ કર્યા. આ સરકાર પરિવર્તન કરી રહી છે, એમાં સરકારની સરખામણી ન હોય. પ્રદિપસિંહજીએ કહ્યું કે, ડિઝલના ભાવનો વધારો હતો. એમાં એટલું યાદ કરાવું કે, એક લિટર ડિઝલમાં ૧ રૂપિયો વધે એટલે ૪૦૦૦ કરોડ રૂપિયાનો વધારો થાય છે. આ વધારો મોટાભાગે એન.ડી.એ.ની સરકાર વખતે થયેલ હતો, એ અનિવાર્ય હતું. એ વખતે આયાતી પેટ્રોલિયમના ભાવો વધે એના આધારે આ વધતું હોય છે. એટલે એની અવગણના ન કરીએ. આ માટેનું જે હાર્દ છે એ સમજીએ.

**શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર)**: માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહજી ઓછી આવકવાળા દરેક કુટુંબમાં એક સભ્યને રોજગારી આપવાનું વિધેયક લઈને આવ્યા છે ત્યારે હું એમને હ્રદયપૂર્વક અભિનંદન આપું છું, અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમયના તાલ સાથે આજના યુગમાં સૌથી મોટી સમસ્યા જો હોય તો દરેક કુટુંબમાં મા-બાપને પોતાના બાળકોની કોઈ ચિંતા હોય તો તે રોજગારીની છે. ગુજરાતના દરેક યુવાનના મનની અંદર શિક્ષણ લીધા પછી રોજગારી મેળવવા માટેની જ્યારે ચિંતા હોય છે ત્યારે આ જે વિધેયક લઈને આવ્યા છે એ ખૂબ વિચાર માગી લે એવું વિધેયક છે.

હું આમાં બે સૂચનો સરકારશ્રીમાં કરવા માગું છું. આપણે જાણીએ છીએ કે, વિધેયક વિચારણાના અંતે સરકાર લાવશે એમ કહીને પાછું ખેંચવાનું છે, પરંતુ સરકારશ્રી એવું કાંઈક કરે કે, આ રોજગાર વિનિમય કચેરી દ્વારા દરેક કુટુંબનો એક સરવે કરે અને સરવે કરીને કમસેકમ આજની રોજગારની સ્થિતિ છે એનો કુટુંબ દીઠ એક નકશો તૈયાર કરવામાં આવશે તો આવતા દિવસોની અંદર આ જે મોટા મોટા કાર્યક્રમો થયા છે, ઉદ્યોગો આવવાના છે, એગ્રીકલ્ચર ક્ષેત્રમાં આપણે વિકાસ કરવાના છીએ ત્યારે ભવિષ્યમાં નવું પ્લાનીંગ કરવા માગીએ છીએ, તે વખતે કુટુંબદીઠ એક વ્યકિત જ્યાં બાકી છે એવી વ્યકિતનો સમાવેશ કરીને જો રોજગારી આપવાની શરૂઆત કરીશું તો ૧૦૦ ટકા સિદ્ધિ નહીં મળે તો કોઈ વાંધો નહીં પણ જેટલી શરૂઆત કરીશું એમાં ખૂબ મોટું પરિણામ ધીરેધીરે આવશે. એવું કોઈ નક્કર કામ સરકાર દ્વારા થાય તો હું માનું છું કે, ખૂબ મોટું પરિવર્તન આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત એ કરવી છે કે, ઔદ્યોગિક ક્ષેત્રની અંદર રોજગારી મળે છે પણ ઘણા બધા ક્ષેત્રમાં કેન્દ્ર અને ગુજરાત સરકારના નિયમો એવા છે કે, કોન્ટ્રાકટ પદ્ધતિથી રોજગારીની તકો આપીએ છીએ. વૃદ્ધ થાય, ઘરડો થાય ત્યાં સુધી એના માથે લટકતી તલવાર હોય, એના બાળકો મોટા મોટા પરણાવવા લાયક થાય ત્યાં સુધી એને માટે આ ચિંતાનો વિષય હોય છે. આ ચાલે છે એની મારી ચિંતા નથી પણ હવે પછી જ્યારે રોજગારીની તકો આપીએ ત્યારે જે ઉદ્યોગો આવવાના છે એ ઉદ્યોગમાં પગાર ઓછો આપે એની ચિંતા નથી પણ એને રોજગારીની સલામતી મળે એ પ્રકારની જો રોજગારી આપવામાં આવે તો ખૂબ નક્કર પરિણામ આવશે. આ વિધેયક પ્રદીપસિંહજી લાવ્યા છે ત્યારે હું એમને અભિનંદન આપુ છું. માનનીય મંત્રીશ્રીને પણ હું વિનંતી કરું છું કે આવું કોઈ નક્કર પરિણામ, આવાં સૂચનો દ્વારા સારું પરિણામ આવે અને પ્રજાને બતાવી શકે એવું આવે તો અભિનંદન આપીશ.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહજી જાડેજા સન ૨૦૦૪નું વિધેયક ક્રમાંક-૧૦-સને ૨૦૦૪નું ગુજરાત ઓછી આવકવાળા વર્ગના દરેક કુટુંબમાંથી એકને રોજગારી આપવા બાબતનું જે વિધેયક લઈને આવ્યા છે એને હું અભિનંદન આપુ છું અને આવકારું છું. આજે પ્રદિપસિંહજી જે વિધેયક લઈને આવ્યા છે એ ખૂબ સારી બાબત છે, પરંતુ સરકારની જે અત્યારની વ્યવસ્થા છે, ગરીબો અને બી.પી.એલ.માં આવતા લોકોને રોજગારી આપવાની જે વ્યવસ્થા છે એ વ્યવસ્થાને જો મોનીટરીંગ કરીને જો એની ઉપર ધ્યાન આપવામાં આવે તો પણ આપણે ઘણા બધા ગરીબ વર્ગના લોકોને રોજગારી આપી શકીએ એમ છીએ. સરકારની આજની જે યોજનાઓ છે કે જેમાં સરકારે ઘણી બધી યોજનાઓ બહાર પાડી છે એમાં તળાવો ઉંડા કરવાની યોજના હોય કે ખેત તલાવડીની યોજના હોય કે પછી ગ્રામ રક્ષક પાળાની યોજના હોય એમાં ગામડાના ગરીબ વર્ગના મજદૂરોને રોજીરોટી મળી રહે એ માટે આ યોજનાઓ છે, પરંતુ આ સરકાર ગરીબોને રોજી રોટી આપવા ઇચ્છતી નથી એટલા માટે આવી યોજનાઓમાં મોટા ભાગના કામોની અંદર જે.સી.બી. નો ઉપયોગ કરવામાં આવે છે અને ટ્રેકટરો દ્વારા આ કામો પતાવવામાં આવે છે અને જે રજીસ્ટરો કામદારોના નામે જે બની રહ્યા છે એ ખોટા રજીસ્ટરો બનાવીને અને કામદારોને રોજીરોટી આપી હોય એવા પુરાવા ઉભા કરવામાં આવે છે. જે સરકારની અનાજ સાથે રોજગારી આપવાની યોજના છે એ અનાજ પણ બારોબાર વેચાઈ જાય છે. આજે બી.પી.એલ.ની યાદીના નામે સરકાર ગૌરવ લઈ રહી છે કે ગરીબોની સંખ્યા ઘટી છે પરંતુ મારે એ તરફ ધ્યાન દોરવું છે કે બી.પી.એલ.ની યાદીમાં આવતા લોકોની સંખ્યામાં સરકારે ઘટાડો કર્યો છે. આર્થિક રીતે સધ્ધર હોય એવા લોકોના નામ પણ બી.પી.એલ.ની યાદીમાં છે જ્યારે ખરેખર બી.પી.એલ.ની યાદીમાં આવતા લોકોનો સમાવેશ કરવામાં આવ્યો નથી. સંયુકત કુટુંબ આજે વિભકત થઈ ગયું છે. ગામડામાંથી શહેર તરફ વળી રહ્યા છે. પોતાની જન્મભૂમિને છોડવાની ફરજ પડી છે. આજે ગરીબો માટેની ચિંતા વ્યક્ત કરતી સરકારને વિનંતી કે ખરેખર તો ગરીબો માટે આ જે બિલ લઈને આવ્યા છે એ વિધેયક, બિન સરકારી વિધેયકને હું તો એમ કહું છું કે બિન સરકારી વિધેયક જે પરત લેવાની વિધાનસભાની રસમ છે એમાં સુધારો કરી અને ઓછામાં ઓછું આ એક બિનસરકારી વિધેયકો પાસ કરવાની જો સરકાર ખેવના કરે તો સારું.

**શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા (મહુવા)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહજી જાડેજા ગુજરાત ઓછી આવકવાળા વર્ગના દરેક કુટુંબમાંથી એકને રોજગારી આપવા બાબતનું વિધેયક લઈને આવ્યા છે એને મારું અનુમોદન આપવા માટે હું ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને જે ઓછી આવકવાળા વિસ્તાર છે, અમારા વિસ્તારના, ટ્રાયબલ વિસ્તારને અનુસરતું આ વિધેયક છે અને ખૂબ આવકારદાયક છે. અમારા વિસ્તારની અંદર ખાસ કરીને હું આ સરકારને પહેલા તો અભિનંદન આપવા માગું છું કે ટ્રાયબલ વિસ્તારની અંદર વીજ ક્ષેત્રે જે યોજનાઓ દાખલ કરીને આ ટ્રાયબલ વિસ્તારની જે યોજના દાખલ કરી છે, એના કારણે ગરીબી રેખા નીચે જીવતા પરિવારોના કુટુંબને રોજીરોટી ઉપસ્થિત થાય એવા પ્રયત્નો કર્યા છે.

ખાસ કરીને પશુપાલન ઉદ્યોગ અને માનવ ગરિમા યોજના જેવી અનેક યોજનાઓ દાખલ કરીને આજે આ વિસ્તારના લોકોને જે લાભ મળેલ છે, મને કહેતાં એ વાતનો આનંદ થાય છે કે એ વિસ્તારની અંદર સરકારે જે અભિગમ અપનાવ્યો છે, સીવણ વર્ગથી માંડીને લેધર ક્લાસ, બ્યૂટી પાર્લર ક્લાસ જેવા ટ્રેનિંગ સેન્ટરો શરૂ કરીને અત્યારે આ વિસ્તારના ગરીબોને રોજીરોટી મળે એવો અભિગમ આ સરકારે અપનાવ્યો છે. એનાથી મુરબ્બી શ્રી પ્રદિપસિંહ જાડેજા જે વિધેયક લાવ્યા છે એમાં આ વિસ્તારના લોકોને રોજીરોટી મળે એની ચિંતા કરી છે એ ખરેખર આવકારદાયક છે. અમારા વિસ્તારની જનતાને જ્યારે આવા લાભો મળવાના છે એમાં ખાસ કરીને મુરબ્બીશ્રી પરેશભાઈ ધાનાણી કહેતા હતા કે અમારા વિસ્તારના કુટિર ઉદ્યોગો છે એને બેંકમાંથી લોન મળતી નથી. પરંતુ કોંગ્રેસે આપેલી દેન અને એ દેનના કારણે અમારા વિસ્તારમાં ગરીબ પ્રજાના નામે કુટિર ઉદ્યોગમાં ગરીબ આદિવાસીઓના નામે બીજા લોકોએ લોનો ઉપાડી લીધી છે. આ લોન ઉપાડવાના કારણે એને હવે લોન મળતી નથી. અત્યારે અમારી પરિસ્થિતિ એવી છે કે લોન મળતી નથી.આ રોજગાર આપવાના સૂચનમાં એને લોન મળે એવી બેંકોમાં વ્યવસ્થા થાય તો મને લાગે છે કે આ વિધેયક ગરીબ ભાઈઓને, ઓછી આવકવાળા વર્ગમાંથી દરેક કુટુંબમાંથી એકને રોજગારી આપવાનું જે વિધેયક છે એને સમર્થન મળશે. આ વિધેયકને મારું સમર્થન આપું છું. (અંતરાય)

**સભાપતિશ્રી**: બંને પક્ષના દંડકશ્રીઓએ જે સમય નક્કી કર્યો છે, એ પ્રમાણે હાઉસ ચલાવવાનું છે. કામકાજ સલાહકાર સમિતિની ભલામણ પ્રમાણે મારે હાઉસ ચલાવવાનું છે. એના વિરુદ્ધ હું ન જઈ શકું. હજી એક બિલ બાકી છે. માનનીય મંત્રીશ્રી.

**શ્રી રમણલાલ ઈ. વોરા (શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્ય પ્રદિપસિંહજી જાડેજા જે બિલ લઈને આવ્યા છે એ બિલના હાર્દ સાથે ૧૦૦ ટકા સહમત છું. પ્રદિપસિંહજી સાથે બીજા છએક ધારાસભ્યશ્રીઓએ પોતાના સારાં સજેશનો કર્યા છે.

રોજગાર માટે, માનનીય રાષ્ટ્રપતિજી, વડાપ્રધાનશ્રી અને ગવર્નરશ્રીએ આ દેશમાં રોજગારી વધે એના માટેની ચિંતા વ્યક્ત કરી છે. જ્યાં સુધી ગુજરાત રાજયને સંબંધ છે ત્યાં સુધી મારે બે-ત્રણ વિષય પર આ ગૃહનું ધ્યાન દોરવું છે. ભાઈશ્રી બાબુભાઈએ કહ્યું એ પ્રમાણે આ ગુજરાત રાજયનો વિકાસ દર ૧૦.૫ ટકા હતો એ વધીને ૧૫.૪ ટકા થયો તો આ રાજયમાં સ્વભાવિક રીતે જ રોજગારી વધે. માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં વાયબ્રન્ટ ગુજરાતના બન્ને વખતના કાર્યક્રમો થયા તો સન્માનનીય ગૃહ અપેક્ષા રાખે કે રોજગારી વધે. એમાં કાંઈ ખોટું નથી. આ વખતે આયોજન પંચે જે વિગતો સમગ્ર દેશ સમક્ષ મૂકી છે એમાં એમણે કહ્યું છે કે આયોજન પંચના મતે સમગ્ર ભારત દેશમાં ગ્રામીણ વિસ્તારમાં ૭.૧ ટકા અને શહેરી વિસ્તારમાં ૭.૭ ટકા બેરોજગારીનું પ્રમાણ છે. જ્યારે ગુજરાતમાં ગ્રામીણ વિસ્તારમાં ૪.૮ અને શહેરી વિસ્તારમાં ૪.૨ ટકા છે. શહેરી વિસ્તારમાં ૪.૨ ટકા છે. રોજગારી ક્ષેત્રે છેલ્લા બે વર્ષમાં તમામ રાજ્યોમાં ગુજરાતની કામગીરી પ્રથમ ક્રમાંકમાં છે. ઈન્ટરનેશનલ સંસ્થા I.L.O. આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનની ટીમ જૂન ૨૦૦૪માં ગુજરાતની મુલાકાતે આવી અને ગુજરાતની મુલાકાતમાં એમણે ઘણાં બધા સૂચનો કર્યા છે. એમાંની બે-ત્રણ વાત એમણે કહી છે, જાહેર રોજગારી સેવાની સુધારણા અંગેની પહેલ કરનાર ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રાજ્ય છે. ૧૯૯૮ પહેલાં રાજ્યની તમામ રોજગાર કચેરીઓમાં કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં ગુજરાત સરકારે ગૌરવ પ્રાપ્ત કર્યું છે. ગુજરાતની રોજગાર સેવાની સફળતા તરફ દોરી જતાં પરિબળો છે, આવા પરિબળો શોધી કાઢવા અત્યંત જરૂરી છે. કેમ કે - અન્ય રાજ્યોમાં પણ ગુજરાત મોડલને અનુસરવું યથાયોગ્ય વિચારણા કરી શકે એટલે આખા દેશમાં ગુજરાત મોડલ રાજ્ય છે અને આ મોડલ રાજ્યને દેશની અંદર તમામ રાજ્યો અનુસરે એ પ્રકારની વાત આ I.L.O. આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠને કરી છે. U.P.A. ની સરકારના શ્રમ મંત્રાલયે આ વખતના રિપોર્ટ બહાર પાડ્યા એ ભારત સરકારના શ્રમ મંત્રાલયના રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે દેશમાં **૧૫૪.૯૦૦૦** રોજગારી પૂરી પાડવામાં આવી છે તે પૈકી ગુજરાતની રોજગાર વિનિમય કચેરીએ **૬૪.૯૦૦૦** રોજગારી પૂરી પાડી સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો મતલબ એ છે કે, આ ગૃહના સન્માનનીય સભ્યો જે અપેક્ષા રાખે છે એ અપેક્ષા રાજ્ય સરકાર પરિપૂર્ણ કરી રહી છે. મિત્રો અન્ય રાજ્યની સ્થિતિ શું છે? આખા વર્ષની અંદર

બાબુભાઈ, ૭૦૦ થી નીચેની રોજગારી આખા વર્ષમાં, ૭૦૦ નીચે રોજગારી આપતાં હિન્દુસ્તાનમાં ૧૮ રાજ્યો છે. ૧૮ રાજ્યો એકજ વર્ષમાં માત્ર ૭૦૦ લોકોને રોજગારી આપે છે. ૧૦૦૦ સુધી રોજગારી આપવામાં માત્ર ૫ રાજ્યો છે, આ U.P.A. સરકારના રિપોર્ટની વાત કરું છું. ૨૦૦૦ થી ૪૦૦૦ સુધીના ૬ રાજ્યો અને ૭૦૦૦ થી ૯૦૦૦ સુધીના ૩ રાજ્યો એટલે કુલ ૩૫ રાજ્યોમાંથી ૯૦૦૦ સુધીના માત્ર ૩૨ રાજ્યો એવા છે કે જે ૯૦૦૦થી નીચેની રોજગારી આપે છે. ફકત ૩ જ રાજ્યો એવાં છે કે જેની બે આંકકડામાં હમણાં જ બાબુભાઈ કહેતા હતાને બે આંકડામાં એની રોજગારીની સ્થિતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજા ક્રમાંકમાં છે મહારાષ્ટ્ર. મહારાષ્ટ્રમાં હમણાં પરેશભાઈ કહેતા હતા એ પ્રમાણે મહારાષ્ટ્રના રજિસ્ટર ઉપર ટોટલ નોંધાયેલા ૪૩ લાખ ૨૪ હજાર બેરોજગારો છે એમાંથી માત્ર ૧૪૦૦૦ લોકોને રોજગારી આપી એ ત્રીજા ક્રમે છે. તામિલનાડુમાં કુલ નોંધાયેલા બેરોજગારોની સંખ્યા ૫૦ લાખ ૬ હજાર છે તે પૈકી ૧૮૯૦૦ લોકોને નોકરી આપી અને ગુજરાતમાં છેલ્લા ૧૫ વર્ષમાં સૌથી ઓછામાં ઓછા આંકડા ૯ લાખ ૯૮ હજારમાંથી ૬૪.૯૦૦ એટલે ૬૪૯૦૦ પહેલા ક્રમે છે. ગુજરાત પહેલા ક્રમે ૬૪૦૦૦, બીજા ક્રમે ૫૦ લાખમાંથી ૧૮ હજાર તામિલનાડુ બીજા ક્રમે, મહારાષ્ટ્ર ૪૩ લાખમાંથી માત્ર ૧૪ હજાર સાથે ત્રીજા ક્રમે રહયું છે. આ દેશની અંદર સૌથી વધારે રોજગારી આપવાનું જો કોઈ શ્રેય હોય જતું હોય તો એ ગુજરાતના ફાળે જાય છે. આજે આંકડા છે એ રોજગાર વિભાગના છે. સાથે સાથે પણ રાજ્ય સરકારે અનેકવિધ ક્ષેત્રની અંદર જે રોજગારી આપી છે. એમાં વિદ્યાસહાયકો, માધ્યમિક શિક્ષકોને આપેલી છે, પોલીસ કોન્સ્ટેબલો, પી.એસ.આઈ., આરોગ્ય અને તબીબી ક્ષેત્રે આમ કરીને ગુજરાત સરકારે પોતાના હસ્તક ૨૩૬૬૪ લોકોને રોજગારી આપી છે. રોજગાર વિભાગ થકી ૭૨,૫૯૮ લોકોને રોજગારી આપી છે, કુલ રોજગારી ૯૬,૨૨૨ને રોજગારી આપી છે. આ સાથે સાથે લશ્કરી ભરતી મેળો અને સ્વરોજગારીમાં ૧,૪૨,૮૦૮ મળી આ વર્ષે ૨,૪૦,૩૧૩ લોકોને આ રોજગાર વિનિમય કચેરી અને સરકારના પ્રયત્નોથી રોજગારી આપવામાં આવી છે. આ આંકડાઓ અમારા મુખ્યમંત્રીશ્રીના શબ્દોમાં કહીએ તો કંઈ સંતોષજનક નથી, ભલે દેશમાં પ્રથમ છીએ. બધા કરતાં ઘણાં આગળ છીએ છતાં પણ ગુજરાતના યુવાનો જેટલા પણ ગ્રેજ્યુએટ થાય છે એ તમામ લોકોને રોજીરોટી મળી શકે, ગુજરાતનું યુવા ધન એ સદમાર્ગે જાય એ બીજામાં ન જાય એટલા માટે રાજય સરકારે અનેક વિધ યોજનાઓ દ્વારા લોકોને રોજીરોટી આપવાના પ્રયાસો કર્યા છે. ઔદ્યોગિક ભરતી મેળાઓ યોજીએ છીએ, પૂર્વ સેવા તાલીમ વર્ગોની શરૂઆત કરી છે, રોજગારી માટેની શિબિરો કરીએ છીએ, કમ્પ્યુટરના વર્ગો દ્વારા તાલીમ આપીએ છીએ, કૉલેજ કેરિયર કોર્નરના અભ્યાસક્રમ ચાલુ કર્યા છે, રોજગાર સહાય કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે, નવા નવા નોકરી દાતાઓની શોધ કરવાનું કામ આ વિભાગ દ્વારા થઈ રહ્યું છે.

ગ્રામ્ય વિકાસ વિભાગ તરફથી એક ગામના પાંચ શ્રમયોગીઓને દર વર્ષે ગરીબીની રેખાથી ઉપર ઉઠાવવાનું કામ એટલે એક વર્ષમાં ૧૮,૦૦૦ ગામડાઆને જોઈએ તો ૯૦,૦૦૦ લોકો બીજા આ ક્ષેત્રમાં રોજગારી કરવાના છે. અનેક નિગમો છે આ રાજય સરકાર તરફથી આ વર્ષે ૨૧૯.૧૯૨ લાખ માનવ દિનની રોજગારી ઊભી કરી છે. ઘણા બધા માનનીય સભ્યશ્રીઓએ જણાવ્યું છે કે, ગુજરાતના સ્થાનિક લોકોને રોજગારી મળવી જોઈએ. રાજય સરકારનો પૂરતો પ્રયત્ન છે છતાં પણ એમાં કયાંકને કયાંક ત્રુટિ રહી છે અને ત્રુટિ ના રહે એના માટે પણ રાજય સરકારનો ખૂબ સારો પ્રયત્ન છે. કેન્દ્ર સરકાર અને રાજય સરકાર પણ એની ટકાવારી જાળવે એના માટેનું પણ નિયંત્રણ આ સરકાર હસ્તક જ્યારે અમે કરી રહ્યા છીએ ત્યારે મેં કહ્યું એ પ્રમાણે છેલ્લા બે વર્ષમાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છીએ ત્યારે મેં આગળ કહ્યું એ પ્રમાણે મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં માત્ર આટલા લોકો નહીં આના કરતાં પણ આગામી દિવસોમાં વધારે લોકોને રોજી આપીએ એ પ્રમાણેના અમારા પ્રયાસો છે. આ વિગતાને ધ્યાને લઈ માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહજીને વિનંતી કરું કે, પોતાનું બીલ પાછું ખેંચે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઓછી આવકવાળા વર્ગના દરેક કુટુંબમાંથી એકને રોજગાર આપવા બાબતના વિધેયક ઉપર આ સન્માનીય ગૃહના છ જેટલા સભ્યશ્રીઓએ આ વિષયની બહુ ઊંડાણથી ગંભીર ચર્ચાઓ કરી. માનનીય સભ્યશ્રી પરેશભાઈ ધાનાણી, શ્રી માધાભાઈ, શ્રી બાબુભાઈ શાહ, શ્રી છત્રસિંહ મોરી, શ્રી પ્રવિણભાઈ મારું અને શ્રી મોહનભાઈ ઉપરાંત સમયના અભાવે કદાચ ભાગ નથી લઈ શક્યા એવા સભ્યોએ પણ આ વિધેયક સાથે સંમતિ દર્શાવી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પોતાના જવાબમાં આઈ.એલ.ઓ.નું તારણ કે આ દેશમાં રોજગારી માટે સૌથી સારું રાજય એ ગુજરાત છે. માનનીય અધ્યક્ષશ્રી, નોંધાયેલા બેરોજગારોની સામે ૬૪,૦૦૦ જેટલા લોકોને રોજગારી તેમજ સરકારના પ્રયત્નોના માધ્યમથી ૨,૪૦,૦૦૦ લોકોને રોજગારી આપવાનું કામ પણ રાજય સરકારના વિભાગો દ્વારા કર્યુ છે પણ આ સન્માનીય ગૃહના એકે એક માનનીય સભ્યશ્રીઓની લાગણી, રાજય સરકારની ગુજરાતના બેરોજગાર યુવાનો માટેની ચિંતા કરવાની દિશામાં કોઈ પ્રશ્ન કે શંકા છે

જ નહીં, પરંતુ અમારી અપેક્ષાઓ વધારે છે. જેમ રાજય સરકારે અર્બન ડેવલપમેન્ટ ઈયર કર્યું એમ જ્યારે આગામી દિવસોમાં અનેક ઉદ્યોગો આવવાના છે, નર્મદાનું પાણી આવવાનું છે તો આગામી વર્ષ એ રોજગાર વર્ષ તરીકે કરી અને ગુજરાતના યુવાનોને રોજગારી સંપન્ન કરવાની દિશામાં નક્કર પ્રયત્નો કરે એવી આજના દિવસે માનનીય મંત્રીશ્રી સમક્ષ હું લાગણી વ્યક્ત કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક પાછું ખેંચી લેવાની વાત છે?

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૪નું વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૦૪નું ગુજરાત ઓછી આવકવાળા વર્ગના દરેક કુટુંબમાંથી એકને રોજગાર આપવા બાબત વિધેયક પાછું ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૪નું વિધેયક ક્રમાંક-૧૦ સન ૨૦૦૪નું ગુજરાત ઓછી આવકવાળા વર્ગના દરેક કુટુંબમાંથી એકને રોજગાર આપવા બાબત વિધેયક પાછું ખેંચુ છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

## સન ૨૦૦૪ નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૯
## આદ્ય શંકરાચાર્ય સંસ્કૃત યુનિવર્સિટી વિધેયક ૨૦૦૪
### ગુજરાત રાજયમાં આદ્ય શંકરાચાર્ય સંસ્કૃત યુનિવર્સિટી નામની અધ્યાપન અને જોડાણ કરનારી યુનિવર્સિટી સ્થાપવા અને સંસ્થાપિત કરવા બાબત વિધેયક.

**શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા)**: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૪ નું [*]વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૦૪નું આદ્ય શંકરાચાર્ય સંસ્કૃત યુનિવર્સિટી વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ભરતભાઈ પંડયા** : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમવાર આ ગૃહમાં સંસ્કૃત યુનિવર્સિટીનું બીલ આવી રહ્યું છે એનો મને આનંદ છે. સંસ્કૃતનો માત્ર ભારતમાં જ નહીં સમગ્ર વિશ્વમાં પ્રચાર, પ્રસાર, ફેલાવો વધ્યો છે. ઈટાલીમાં વર્લ્ડ સંસ્કૃત અકાદમીની કોન્ફરન્સ થઈ એમાં સંસ્કૃત અકાદમીના અધ્યક્ષશ્રી ગૌતમભાઈ પટેલ ગુજરાત અને ભારત તરફથી પ્રતિનિધિત્વ કરવા માટે ગયા હતા. એ વખતે વિશ્વમાંથી અલગ અલગ બીજા દેશોમાંથી ૨૨૦ વિદ્વાનો આવેલા જ્યારે ભારતમાંથી ૮૦ વિદ્વાનો આવેલા. આજે વિશ્વના ૨૭ થી વધુ દેશોમાં સંસ્કૃત ભણાવવામાં આવે છે. અમેરિકામાં ૧૫ જગ્યાએ સંસ્કૃત ભણાવવામાં આવે છે. જર્મનીમાં ૭-૮ યુનિવર્સિટીમાં સંસ્કૃત ભણાવવામાં આવે છે. ઈટાલીમાં રોમ અને ટોરીનોમાં, પેરીસ શહેરમાં કુલ ૭ યુનિવર્સિટીમાંથી બે યુનિવર્સિટીમાં સંસ્કૃત ભણાવવામાં આવે છે. કેમ્બ્રીજ હોય, લંડનમાં ઓક્ષફર્ડ હોય, કેનેડામાં ૩ યુનિવર્સિટીમાં સંસ્કૃત ભણાવાય છે. ઓસ્ટ્રેલીયા હોય, ચીન હોય, જાપાન હોય, રશિયા હોય, આજે અમેરિકામાં ફ્લૉરિડામાં હિન્દુ યુનિવર્સિટીની સ્થાપના થઈ શકે, કેલિફોર્નિયામાં આર્યુર્વેદિક યુનિવર્સિટી અસ્તિત્વમાં છે, ઈંગ્લેન્ડની ગોપી વોરીયર નામની સંસ્થાએ આસામમાં મનીપાલમાં આયુર્વેદિક યુનિવર્સિટીની સ્થાપના કરી છે. ઓક્ષફોર્ડમાં સેન્ટર ફોર હિન્દુઈઝમ અને વૈષ્ણવ વિઝમના સ્ટડી સેન્ટર આવેલાં છે.

બીજા દેશો આપણા દેશની સંસ્કૃતિ, આપણા દેશની ભાષાને જાણવા કરોડો રૂપિયા ખર્ચ કરે છે જ્યારે આપણે આપણા દેશની સંસ્કૃત ભાષા માટે વધુ બજૅટ ફાળવીએ ત્યારે દુ:ખ સાથે કહેવું પડે છે કે અમારા ઉપર ભગવાકરણના આક્ષેપ થાય છે. નાસાએ સર્વે કર્યો, નાસાએ કુલ ૧૪૬ જેટલી ભાષાનો સર્વે કરીને કોમ્પ્યુટર સાથે કઈ ભાષા વધુ મેચ થઈ શકે છે એના સરવેમાં આવ્યું કે સંસ્કૃતને ' મોસ્ટ ફ્રેન્ડલી ટુ ધ કોમ્પ્યુટર' તરીકેની ભાષા ગણવામાં આવી. ભારતના બંધારણમાં ૧૪ ભાષાને માન્યતા આપી છે. રૂપિયાની એક નોટથી માંડીને સો રૂપિયા સુધી સંસ્કૃતમાં અંકિત થયા છે. ૧૫મી ભાષા ઉર્દુ પાછળથી નહેરૂજીએ દાખલ કરી. આપ જયાં બિરાજમાન છો, આપના ચેરની પાછળ સત્યમેવ જયતે લખ્યું છે. એ દેશના મુંડક ઉપનિષદનું પ્રતિક છે.

સંસ્કૃત દરેક ભાષાની જનેતા છે. એ મૃત નહીં અમૃત ભાષા છે. ઘણા લોકો સંસ્કૃતનો ફેલાવો અટકાવવા માટે કહે છે કે વાયેબલ નથી. ઇકોનોમિકલ નથી. એમ કહીને સંસ્કૃતનો ફેલાવો અટકાવવાના

[*] વિધેયક તા.૨૪મી ફેબ્રુઆરી,૨૦૦૪ના ગુજરાત ગર્વનમેન્ટ ગેઝેટમાં પસિધ્ધ કરવામાં આવ્યું છે.

પ્રયાસ કરે છે. ૧૯૫૬-૫૭માં ર્ડા. સુનીતિકુમાર બેનરજીના નેતૃત્વમાં એક સંસ્કૃત કમિશનની રચના થઈ છે. ૧૯૭૦માં સંસ્કૃત વિદ્યાના રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાની સ્થાપના કરવામાં આવી અને આજે ૧૧ રાજયમાં સંસ્કૃત યુનિવર્સિટી હયાત છે. આજે અનેક રાજયોમાં કર્ણાટકમાં ૧૭૭ પાઠશાળા છે. હરિયાણામાં ૨૪ પાઠશાળા છે. હરિયાણામાં ૩૪ સરકારી અને ૭૫ બિન સરકારી કોલેજોમાં સંસ્કૃતના શિક્ષકો હયાત છે. બિહારમાં ૧૯૬૦ માં દરભંગા સંસ્કૃત યુનિવર્સિટીની સ્થાપના થઈ. ઓરિસ્સામાં ૧૯૮૧ માં જગન્નાથપુરી સંસ્કૃત યુનિવર્સિટીની સ્થાપના થઈ. ઓરિસ્સામાં રાજ્યના પ્રત્યેક જિલ્લામાં ૪ થી ૫ જેટલી સંસ્કૃતની પાઠશાળા હયાત છે. યુ.પી. માં ૧૩૬૦ જેટલી સંસ્કૃત પાઠશાળા છે. હિમાચલમાં ૧૨ માં ધોરણ સુધી સંસ્કૃતમાં શિક્ષણ ફરજિયાત લેવું પડે છે. મારી વિનંતી છે કે પહેલા ધોરણથી જો અંગ્રેજી દાખલ કરી શકાતું હોય તો સંસ્કૃતને પહેલા ધોરણથી ઈન્ટ્રોડકશન તરીકે દાખલ કરવું જોઈએ, એવી મારી લાગણી છે. દેશની એકતામાં સંસ્કૃત ભાષાનો બહુ મોટો ફાળો છે. આજે જન્મ, લગ્ન, કે શ્રાદ્ધ હોય, જન્મથી મૃત્યુ સુધીના ૧૬ સંસ્કારો હોય, એના મંત્રો અને શ્લોક લોકો કન્યાકુમારીથી કાશ્મીર સુધી એક જ હોય છે. એની એકતામાં પણ સંસ્કારની ભાષા છે. એક વખત અમેરિકાના સાઈકોલોજી પ્રોફેસર મળ્યા હતા. એમણે એવું કહ્યું કે અમારા અમેરિકામાં ૧૦ થી ૧૫ વર્ષનાં બાળકો હત્યા કરી શકે છે, જ્યારે ભારતમાં આવા સમાચાર ઓછા મળે છે કારણ શું? એમના ૨૧ વર્ષનો સંશોધન પછી એમણે કહ્યું તમારે ત્યાં બાળકને મહાભારત હોય, રામાયણ હોય કે ઈતિહાસ હોય કે હાલરડું હોય તમે એને કયાંક ને કયાંક સંસ્કાર આપવાનું કામ કરો છો, પછી શિક્ષક સંસ્કાર આપે છે, એના પછી કથાકારો સંસ્કાર આપે છે, એને સંસ્કારિતાનું વાતાવરણ અને વિચારો મળતા રહેવાના કારણે આજે ભારતમાં ૧૦ થી ૧૫ વર્ષનો બાળક ખૂન કરતો નથી એવું આપણને જોવા મળે છે,

જયારે વિશ્વ સંસ્કૃત પાછળ ઘેલું હોય અને એ વખતે ગુજરાતમાં યુનિવર્સિટી ન હોય તો એ વખતે મને એમ થાય કે ગુજરાતમાં તાત્કાલિક યુનિવર્સિટીની રચના કરવામાં આવે. વેદના મંત્રદ્રષ્ટાઓ છે. ઉપનિષદના ઋષિઓ છે. જૈમીની અને ગૌતમ જેવા સૂત્રકારો હોય, શંકરાચાર્ય, રામાનુજ, વલ્લભાચાર્ય જેવા આચાર્ય હોય કે દર્શનગ્રંથોના ભાષ્યકારો હોય કે યાજ્ઞવલ્કય વશિષ્ઠ પરાશર જેવા સ્મૃતિકારો હોય, કૌટિલ્ય, વાત્સાયન જેવા શાસ્ત્ર સર્જકો હોય વાલ્મિકી જેવા આદી કવિ હોય, કવિના કવિ એવા વ્યાસમૂનિ હોય, પાણીની હોય, કાત્યાયન હોય કે પતંજલિ, ભર્તુહરિ જેવા વિવેચકોનો આપણે વારસો જાળવવો પડશે. કાલીદાસ ભવભૂતિ જેવા સર્જકો દંડી, વામન, વિશ્વનાથ, જગન્નાથ, અષ્ટાવક્ર જેવા ભાષાશાસ્ત્રીઓએ સંસ્કૃતને જીવતું રાખ્યું છે. આ મૃત ભાષા નથી, અમૃત ભાષા છે, જીવંત ભાષા છે, એટલું મારું કહેવું છે. વેદકાળથી ગુજરાતમાં એનો ઈતિહાસ જોવામાં આવે તો સંસ્કૃત સાથે ઘણો નાતો છે. આખા ભારતમાં ચારેય વેદ કયાંય ઉપલબ્ધ નહોતા. અથર્વવેદ શોધતા શોધતા ડો. રાઘવેન્દ્રથી માંડીને અલગ સંસ્કૃતિના પંડીતોએ નર્મદા કાંઠે વાસુદેવ શાસ્ત્રીજી પાસે આવવું પડ્યું અને ત્યાંથી એમને અથર્વવેદ મળ્યો હતો. ત્યાંથી શિષ્યવૃત્તિ આપીને અથર્વવેદ શીખવા માટે વાસુદેવ શાસ્ત્રીજી પાસે મોકલતા હતા. ૧૯૫૦ માં બી.બી.સી. એ પડઘરીના સામવેદ પંડીતનું રેકોર્ડિંગ કરીને જે રિલે કરવામાં આવ્યું હતું. પ્રાચીનમાં આપણે ત્યાં ૬૪ જેટલા અલંકારો શીખવવામાં આવતા હતા. આજે ૧૨ થી ઓછા અલંકારો આપણને શીખવવામાં આવે છે. ગુજરાતમાં દધિચી રૂષિનો આશ્રમ સાબરમતી કિનારે છે કે, જેમણે વૃત્રાસુર રાક્ષસ માટે પોતાના હાડકાં વજ્ર બનાવવા માટે આપેલ હતાં. દ્વારકામાં ભગવાન શ્રીકૃષ્ણે ધર્મની સ્થાપના કરી છે. સમગ્ર ભારતમાં એનો પ્રચાર કર્યો છે. નર્મદા તક્ષશિલાની જેમ આજે વલ્લભીમાં પણ બહુ મોટી વિદ્યાપીઠ ગુજરાતમાં હતી. અશોક રૂદ્રદામનનો શીલાલેખ આજે ગિરનારની તળેટી ઉપર આપણું આભૂષણ આજે પણ મોજૂદ છે. લકુલિશ નામના આચાર્યે નર્મદા કાંઠે હોય, ગુરુ શંકરાચાર્ય ભૃગુકચ્છ એટલે કે ભરૂચમાં અસ્તિત્વમાં હોય. વિશ્વને પરમાણુનો ખ્યાલ આપનાર મહર્ષિ કણાદ એ ગુજરાતમાં હતા. સાંખ્યદર્શનના સ્થાપક કપિલમૂનિ સિદ્ધપુરના છે, એવું સાબિત થાય છે. ગુજરાતમાંથી કર્કવૃત્ત પસાર થાય છે અને આ કર્કવૃત્ત ઉપર અનેક સૂર્યમંદિરો ગુજરાતમાં બનેલ હતાં. મોઢેરાના સૂર્યમંદિરને આપણે પુનરોદ્ધાર કરી શક્યા છીએ. હજુ ઘણા સૂર્યમંદિરો રાહ જોઈ રહ્યાં છે કે કયાંક ને કયાંક એમનો વિકાસ થાય, પુનરોદ્ધાર થાય. વસ્તુપાલ અને તેજપાલ બંને ભાઈઓ શિલ્પકલા ક્ષેત્રના સિદ્ધ રાજા હોય કે ગુજરાતનો સુવર્ણકાળમાં હેમાચંદ્રાચાર્ય મૂનિનું સંસ્કૃતનું વ્યાકરણ હોય એ બધું આપણી પાસે અસ્તિત્વમાં છે. વડનગરમાં ભાષ્યકાર ઉવટનું પ્રખ્યાત નામ છે. હજુ ૧૯ મી સદીમાં સામાજિક જાગૃતિ લાવનાર ટંકારાના સ્વામિ દયાનંદ સરસ્વતિ હોય કે જેમણે ચાર ભાષ્યો ઉપર પોતાનો પ્રકાશ પાડ્યો છે. ચારે ભાષ્યો લખ્યા છે.

પૂજય પાંડુરંગ શાસ્ત્રીજી, પૂજય ડાંગરેજી મહારાજ હોય, પૂજય મોરારીબાપુ, પૂજય રમેશભાઈ ઓઝાએ આ સંસ્કૃત ભાષાને જીવંત રાખવા માટે યોગદાન આપ્યું છે. પૂજય કે.કા.શાસ્ત્રીજી હોય કે જેમણે જય સંહિતા, ભારત સંહિતાનું સર્જન કર્યુ છે. શિલ્પકલામાં રામમંદિરનું નિર્માણ કરનારા શ્રી સોમપુરા આપણા ગુજરાતના છે. સ્વામી ગંગેશ્વરાનંદજી વેદમંદિર કાંકરિયા કે જેમણે ૨૨ કિલોગ્રામનું પુસ્તક ભાગવત વેદ લખ્યું છે. મારે એટલુંજ કહેવું છે કે આપણે સંસ્કૃત ભાષાનો પ્રચાર, પ્રસાર થાય તેના માટે સંસ્કૃત ભાષાનું સંવર્ધન કરીએ, સંરક્ષણ કરીએ, તેને અર્વાચીન ભાષા સાથે મેચ કરીને સંસ્કૃતને કોમ્પ્યુટરમાં શીખવવામાં આવે. એક વાયેબલના સંદર્ભમાં એક દલીલ કરવી છે કે, જ્યોતિષશાસ્ત્ર શીખવવામાં આવે છે તેમાંથી હજારો લાખો રૂપિયા લોકો

કમાય છે. એમ શિલ્પ કક્ષાએ પણ લાખો રૂપિયાની રોજગારી મળી શકે તેમ છે. કર્મકાંડ જન્મથી મૃત્યુ સુધી, આમાં પણ પૈસા મળે એમ છે. પંચતંત્રની વાર્તાઓ સાહેબ આજે કાર્ટુન જોવામાં આવે છે. આપણા પંચતંત્રની વાર્તાઓનો સંસ્કૃત યુનિવર્સિટીમાં વિષય રાખીને સંશોધન કરી શકીએ તેમ છીએ.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર))**: માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના મારા સાથી ધારાસભ્યશ્રી ભરતભાઈ પંડયા આદ્ય શંકરાચાર્યના નામથી સંસ્કૃત વિશ્વ વિદ્યાલયની સ્થાપના માટે જે બિન સરકારી વિધેયક લઈને આવ્યા છે. ઘણા એવા ઉદાહરણો એ સહજ થઈ ગયા છે કે જયાં કોઈ વસ્તુ પોતાની હોય તેની કિંમત ન થાય. આપણામાં કહેવત છે કે કસ્તૂરી મૃગની અંદર હોય પણ એ શોધ્યા કરે.

વિશ્વના કોઈપણ ઈતિહાસમાં જડે નહીં એવી સંસ્કૃત દેવભાષા ઉત્તમ ભાષા છે, આવી સુંદર ભાષા માટેનું કોઈ વિશ્વ વિદ્યાલય હોવું જોઈએ. તેના માટે કોઈ બિન સરકારી બિલ લાવવું પડે એ મને લાગે છે કે ખરેખર અપ્રસ્તુત છે. આ રાજયમાં તો કયારનીય સંસ્કૃત વિશ્વ વિદ્યાલયની સ્થાપના થવી જોઈતી હતી. આપણું દુર્ભાગ્ય છે કે આજે આટલા લાંબા સમય પછી પણ આ રાજયમાં સંસ્કૃત ભાષા વિશ્વ વિદ્યાલયનું બિલ લઈને સભ્ય આવ્યા છે અને છેલ્લા સાત આઠ વર્ષથી આના માટેના પ્રયાસો શરૂ થયા છે. સંસ્કૃત વિશ્વ વિદ્યાલયની સ્થાપના જલદીથી થાય તેના માટેનું અધિકૃત બિલ આ ગૃહમાં આવે તેવી આપણે સૌ અપેક્ષા રાખીએ. સવાલ એ છે કે સંસ્કૃત ભાષા તે કેવળ વિશ્વ વિદ્યાલયની સ્થાપના કરવાથી આપણે જેવું ઇચ્છીએ છીએ તેવું થઈ શકવાનું છે? તો તેનો જવાબ છે ના. કેવળ વિશ્વ વિદ્યાલયથી ઉકેલ નથી. આખા વિશ્વની અંદર સૌથી શ્રેષ્ઠ ભાષા તરીકે ગણના થતી હોય તે ભાષા સાથે આપણા બધાનો નાતો પણ કેટલો મજબૂત રહે છે.

મારે ઉલ્લેખ કરવો પડશે સંસ્કૃત ભારતીનો. તેણે સંસ્કૃતને બોલવાનું શીખવાનો અને ઓછા કઠિન પ્રયાસોથી માત્ર દસ-પંદર-વીસ દિવસના વર્ગોમાં જવાથી કોઈ વિદ્યાર્થી ઘરના સભ્યોમાં અને ઘરમાં સંસ્કૃત બોલી શકે તેવી સરસ વ્યવસ્થા પદ્ધતિથી શીખવવાનું કામ કરે છે. આ વિશ્વ વિદ્યાલય સરકારી સ્તરે અમલમાં લાવી શકીએ ત્યારે હું એવો આગ્રહ રાખીશ કે આ રાજયમાં જે કોઈ સંસ્કૃત માટે કામ કરે છે, તેવી કોઈ નાની પાઠશાળા, કોઈ પાઠશાળા ગ્રામ્ય વિસ્તારમાં ચલાવતા હોય, છત્રજયોતિ વિદ્યાપીઠ રાજુલાનું ઉદાહરણ એટલા માટે આપવું છે કે કેટલાય વર્ષો પહેલાં આ એક નાની રાજુલાની છત્રજયોતિ વિદ્યાપીઠે આજે આ રમેશભાઈ ઓઝા જેવા સરસ ભાગવત કથાકારને આપણને આપ્યા, એ સંસ્કૃત ત્યાંથી શીખ્યા, સોલા ભાગવત વિદ્યાપીઠ આપણી જ બગલમાં છે એનું સંસ્કૃતનું કેટલું સુંદર કામ, એ આજે આ પ્રકારની પાઠશાળાઓ કરી રહી છે, એના સાથે પરામર્શ કરીને સંસ્કૃત વિશ્વ વિદ્યાલયની આદર્શ વ્યવસ્થા કેવી રીતે હોવી જોઈએ એની અગાઉ આપણે મેનેજમેન્ટ કાઉન્સિલ કરીએ, એની એકેડેમિક કાઉન્સિલ કરીએ, એની સિન્ડિકેટ કે સેનેટના મેમ્બરોની વ્યવસ્થા હોવી જોઈએ તો આ ક્ષેત્રમાં કામ કરનારા એવા પ્રતિનિધિઓનું પ્રતિનિધિત્વ એમાં કેવી રીતના આવે, માનનીય અધ્યક્ષશ્રી, મેં એટલે કહ્યું કે, આ એવી વિશ્વ વિદ્યાલય નથી કે જેમાં બધાને રસ પડવાનો છે, કોઈક ખાસ ક્ષેત્રના લોકોને એમાં રસ પડવાનો છે અને એટલા માટે આ વિશ્વ વિદ્યાલયનો જ્યારે વિચાર થાય ત્યારે આજે માનનીય ભરતભાઈ જે બિલ લઈને આવ્યા છે એમાં પણ એમણે લખ્યું છે અને હું પણ અહીંથી મારી લાગણી વ્યક્ત કરું છું કે જ્યારે પણ આ વિશ્વ વિદ્યાલય કરીએ ત્યારે એનું સ્થાન, એનું હેડકવાર્ટર એ કર્ણાવટી મહાનગર, અમદાવાદમાં જ રહે કારણકે આવી વિશ્વ વિદ્યાલય એના માટેનું સ્થાન એવું હોવું જોઈએ કે આખા દેશના લોકો ત્યાં સીધા આવી શકે, એનું પણ એક મહત્ત્વ છે અને એટલા માટે હું આપના દ્વારા માનનીય સભાગૃહને અને સૌ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, આ વિશ્વ વિદ્યાલયની અંદર આપણે સૌ પૂરક બનીએ અને સંસ્કૃત ભાષાને આપણે આપણા પોતાના વ્યવહારમાં પણ અપનાવીએ તો મને લાગે છે કે આ ભાષાની આપણે સેવા કરી ગણાશે, આભાર.

**શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ભરતભાઈ પંડયા આદ્ય શંકરાચાર્ય સંસ્કૃત યુનિવર્સિટી વિધેયક લઈને આવ્યા છે એને હું સમર્થન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં પણ સંસ્કૃત યુનિવર્સિટીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, સંસ્કૃત યુનિવર્સિટી જેમ વિશ્વમાં અને દેશના મોટા ભાગના રાજયોમાં છે, આપણું જે પૌરાણિક અને જેના ઉપર મુખ્ય ભાષા તરીકે સંસ્કૃતનું પ્રમાણ દિવસે દિવસે ઘટતું ન જાય એના માટે યુનિવર્સિટી બનાવવાના સરકારના જે વિચારો છે એ માનનીય રાજયપાલશ્રીના પ્રવચન વખતે વ્યક્ત કર્યા છે. તેનો મેં સ્વીકાર કર્યો છે તો એવું જ પૌરાણિક સોમનાથ ભગવાનના બાર જયોતિર્લિંગમાંનું પ્રથમ જયોતિર્લિંગ છે એ સોમનાથ ભગવાનના સાનિધ્યમાં જમીન પણ પુષ્કળ છે, હાઈકોર્ટમાં રીટ પણ ચાલુ હતી, જમીનનું સંપાદન કાર્ય પણ કોર્ટે ટ્રસ્ટને આપ્યું છે, એટલે જમીનનો કોઈ પ્રશ્ન નથી,

બીજો કોઈ પ્રશ્ન નથી. દરિયા કિનારે અને સોમનાથ ભગવાનના જયોતિર્લિંગના સાનિધ્યમાં જ યુનિવર્સિટીની સ્થાપના થાય તેવી કલ્પના અને લાગણી મેં અગાઉ પણ વ્યક્ત કરી હતી, ફરી તેવી લાગણી માત્રને માત્ર આપના દ્વારા વ્યક્ત કરું છું કે કલેકટરશ્રીને આ માટે પૂરતી સત્તાઓ આપવી અને એક વર્ષમાં આ

યુનિવર્સિટીની સંપૂર્ણ કામગીરી પૂરી થાય. જૂનાગઢ જિલ્લાનું માંગરોળમાં કે જયાં કે. કા. શાસ્ત્રીનો જન્મ થયો છે તેઓ અત્યારે સંસ્કૃતના અને વ્યાકરણની વિદ્વતા દ્વારા આખા વિશ્વનું ધ્યાન દોરી રહયા છે, તેવા અમારા નેતા છે, પોરબંદર જિલ્લામાં રમેશભાઈ ઓઝા સંસ્કૃત શાળા, સંપૂર્ણ પણે સંસ્કૃત શાળા ચલાવે છે અને ત્યાં પરીક્ષાથી માંડીને રહેવાની, એમ બધી વ્યવસ્થા કરવામાં આવી છે. આમ, સંસ્કૃત યુનિવર્સિટીની વાત લઈને માનનીય સભ્યશ્રી આવ્યા છે, એમાં બધાની ગૌરવની વાત છે, આ કોઈ એક પક્ષનો ઈજારો નથી. આમાં કોઈ ભગવાની કે એવી કલ્પના હોય તો કાઢી નાખજો મિત્રો. આ દેશની સંસ્કૃતિ છે, આપણા બધાની સંસ્કૃતિ છ. આ સંસ્કૃત યુનિવર્સિટીની જે સ્થાપનાની વાત છે એમાં હું સમર્થન આપુ છું.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભરતભાઈ પંડયા સંસ્કૃત યુનિવર્સિટીનું વિધેયક લઈને આવ્યા છે, એના સમર્થનમાં ઉભો થયો છું.

દુનિયામાં અનેક સંસ્કૃતિઓ અસ્તિત્વમાં હતી અને એ સંસ્કૃતિઓ અસ્તિત્વમાં હતી તો આ સમાજ અસ્તિત્વમાં હતો. આ સમાજ અસ્તિત્વમાં હતો એના પાછળના કારણો હતા એના આચાર-વિચાર અને વ્યવહાર વ્યકત કરવા માટેની ભાષા. સંસ્કૃત એવી ભાષા હતી કે એને દેવ ભાષા તરીકે સમસ્ત વિશ્વએ સ્વીકારી છે. હમણાં જ માનનીય ભરતભાઈએ કહ્યું હતું કે, અનેક દેશોમાં સંસ્કૃત શિખવવા માટેના પ્રયત્નો આજે પણ ચાલી રહ્યા છે.

પ્રત્યેક વિશ્વના દેશોએ સંસ્કૃત યુનિવર્સિટી બનાવવા માટેના પ્રયત્નો કર્યા છે. ભગવાન કૃષ્ણ મથુરા છોડીને ગુજરાતની ભૂમિમાં આવ્યા હતા, આ સંસ્કૃત ભૂમિમાં આવ્યા હતા ત્યાં આજે અહીં ગુજરાતમાં સંસ્કૃત યુનિવર્સિટી લાવવા માટેના હજુ તો કમનસીબી એ છે કે પ્રયત્ન થઈ રહ્યા છે. એ પ્રયત્નોને સૌ કોઈએ આવકારવા જોઈએ. આપણા માટે દુ:ખની વાત એ છે કે આટલા વર્ષો સુધી આપણે સંસ્કૃત યુનિવર્સિટી લાવી શકયા નથી. ત્યારે આ ગૃહને વિનંતી છે કે, આ વિધેયકને આપણે પસાર કરાવીએ અને ગુજરાતમાં સંસ્કૃત યુનિવર્સિટી બનાવવા માટેનો પ્રયત્ન કરીએ. આ સંસ્કૃત ભાષાએ વિશ્વમાં એ સ્થાન ગૃહણ કર્યું છે કે, કોમ્પ્યુટરમાં પણ જયારે સૌથી વધારે સગવડ અને સુવિધા હોય એમાં ઈઝીલી સ્વીકારી શકે, એમાં ફીટ થઈ શકે એવી એક માત્ર આ ભાષા છે છતાં આજે ધીરે ધીરે સંસ્કૃત ભાષાને ભૂલવાનો પ્રયત્ન થઈ રહ્યો છે, માત્ર બ્રાહ્મણોની ભાષા છે એવું પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. મારે આપને કહેવું છે કે, (અંતરાય) સંસ્કૃત ભાષા પ્રત્યે જેને ગૌરવભાવ હોય એ આજે આ ભાષા બોલે છે. તામિલનાડુના એક ગામમાં એવું છે કે, સ્વીપરો પણ સંસ્કૃતમાં બોલે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય હરેશભાઈ આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શંકરભાઈ, આપ બોલો.

**શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ભરતભાઈ પંડયા આદ્ય શંકરાચાર્ય સંસ્કૃત યુનિવર્સિટી વિધેયક લઈને આવ્યા છે ત્યારે એને અનુમોદન આપવા અને એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનય અધ્યક્ષશ્રી, આ વિધેયક ઉપર મને વાત કરતા ખૂબ ગૌરવ થાય છે.સંસ્કૃત ભાષા એ દૈવ ભાષા છે અને સંસ્કૃત ભાષા જ અન્ય ભાષાઓની જનેતા છે. સંસ્કૃત ભાષા એમાં આપણે જાણીએ છીએ કે ઋષિકાળથી જે વેદોની રચના થઈ છે તે પણ સંસ્કૃત ભાષાની અંદર છે. સંસ્કૃત ભાષા એ ડેડ લેંગવેજ છે, એમ કરીને એને અપમાનિત કરવામાં આવતી હોય તો આ ભારતીય સંસ્કૃતિ માટે યોગ્ય લેખાતું નથી. સંસ્કૃત ભાષામાં એમ કહેવાય છે, જે વ્યાસજીએ મહાન ગ્રંથની રચના કરી છે અને એમાં વ્યાસજીનો દાવો છે *વ્યાસા ઉષ્ઠીસ્થંભ જગત સર્વમ* આ વ્યાસનું એઠું જગત છે, કદાચ શબ્દો થોડા એવા લાગે છે, પણ આવું આ જગત છે. વ્યાસજીએ દાવો કર્યો છે *ઈહન અસ્તિ નત કશ્ચિત* મહાભારતમાં જે નથી તે આ વિશ્વમાં પણ ક્યાંય નથી એવો આ ગ્રંથ છે. આ સંસ્કૃત ભાષામાં લખાયેલ મહાન ગ્રંથ એ ભારતીય સંસ્કૃતનો ઘૂઘવતો સમુદ્ર છે અને સંસ્કૃતિની વાત આ સંસ્કૃત ભાષાની અંદર છે, એમાંથી જેને જે મેળવવું હોય તે મેળવે, જેને છીપલાં મેળવવા હોય તે છીપલાં મેળવે, જેને મરજીવા થઈને મોતી મેળવવા હોય તે મોતી મેળવી શકે. આ ભારતીય સંસ્કૃતિનો સાગર છે, મહાભારતની અંદર જરાક ડોકિયું કરીને જૂઓ, મહાભારતની અંદર આપણે વિચારીએ કે કઈ કળા નથી, તમારે શું જાણવું છે નૃત્યકળા જાણવી છે, જૂઓ મહાભારતની અંદર ડોકિયૂ કરો, તમારે શિલ્પકળા જાણવી છે મહાભારતની અંદર ડોકિયું કરો, તમારે શસ્ત્ર વિદ્યા જાણવી છે, મહાભારતની અંદર ડોકિયું કરો, મહાભારતની અંદર શું નથી અને એ કઈ ભાષામાં લખાયેલ છે? સંસ્કૃત ભાષામાં, પશ્ચિમના વિદ્વાનો મેક્સડોનાલ, મેકડોલન જેવા વિદ્વાનોએ પણ સંસ્કૃત ભાષાની સરાહના કરી છે,

એકજ વાત કહીને ભરતભાઈએ વાત કરી કાશ્મીરના પંડિતો મહંમદ, લોલચ, ઉદ્‌ભત, રુદ્રત એ બધા સંસ્કૃતના વિદ્વાનો છે અને એમણે જે ઉંચી વાત કરી છે *નિયતિકૃતનિયમરહિત હલાદૈવકમ્ અનન્ય પરતંત્રામ નવરસ રૂચિરાં માધવીભારતી કવૈ: જયતિ* આ સરસ્વતી દેવી ભાષા છે, સંસ્કૃતની ભાષા છે આ જ યશ અપાવે

છે. બ્રહ્માની સૃષ્ટિ કરતાં પણ ચાર ચાસણી ચડી જાય એવી કવિની સૃષ્ટિ છે અને એને યશ અપાવનારી જો કોઈ હોય તો સરસ્વતી દેવી છે અને તે સંસ્કૃત ભાષાની અંદર છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)**: માનનીય અધ્યક્ષશ્રી, ભરતભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એને હું અનુમોદન આપું છું. વિશ્વભરમાં જૂનામાં જૂની લોકભોગ્ય ભાષા એ સંસ્કૃત ભાષા છે એ તો નિર્વિવાદ વાત છે અને સિદ્ધિ મેળવનારા દરેક લોકોએ જ્યારે આ ભાષાને સાધ્ય કરી હોય એનો આધાર લઈ જનારી આ ભાષા એનો વિકાસ જે છે એની વધુ જાણકારી લોકોને મળે એવી કોઈ યુનિવર્સિટીનું નિર્માણ થાય તો એના મારફતે થઈ શકે.

આ યુનિવર્સિટી થાય તો હરેક સંસ્કૃતની જે નાની નાની પાઠશાળાઓ છે, એ એના આધારિત કોર્સને વિકસાવી શકશે. આજે એ સોલા ભાગવત વિદ્યાપીઠ હોય કે નાનકડો સામખિયાળી હોય, સાણોદર બનાસકાંઠાનું હોય, ડાહ્યાભાઈ શાસ્ત્રીજીની નડિયાદની સંસ્કૃતની પાઠશાળા હોય, ત્યાંનું જે સંસ્કારી વાતાવરણ છે એ આ દેશના નિર્માણની અંદર ખૂબ ઉપયોગી થનારું છે. સંસ્કૃત ભાષાની અંદર જ્યારે એને જશ મળે એવી ભાષા છે

અમારા ભચાઉની નાનકડી એસ.એન.ડી.ટી. સાથેની મહિલા કોલેજ. સતત બે વર્ષથી યુનિવર્સિટી કક્ષાએ આ કોલેજની બહેનો પ્રથમ પ્રાઈઝ લઈ આવી છે. પાંચ હજાર બહેનો અને આ સંસ્કૃત ભાષા કોઈ જ્ઞાતિનો ઇજારો નથી. એક કોમલ જેઠવા નામની બહેન ભચાઉની દીકરી, ભૂકંપગ્રસ્ત વિસ્તારની દીકરી તે સંસ્કૃતમાં અને એટલું જ નહીં આ પાછળનો આશરો તેના શબ્દો માન્ય વર અટલબિહારી બાજપાઈજીની એક પંકિત મને પૂરી કરવા દો. તેમણે આઓ ફિરસે દિયા જલાયે તેમાં કહ્યું છે કે,

**"આહુતિ બાકી યજ્ઞ અધૂરા, અપનોંકે વિઘ્નોંને ઘેરા,**
**અંતિમ જલકા વજ્ર બનાને નવ દધીચિ હડીયાં ગલાયેં."**

આ દધીચિ જો હડીયાં ગલાયેંને તો એ વજ્ર બની શકે અને આસૂરોનો નાશ કરી શકે આ ભાવના જે છે તે આની સાથે વણાયેલી છે એટલું જ મારે કહેવાનું છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભરતભાઈ પંડયા જે સંસ્કૃત માટેનું જે વિધેયક લઈને આવ્યા છે. હું એવા મત વિસ્તારમાંથી આવ્યો છું કે જ્યાં પાંચ હજાર વર્ષથી સંસ્કૃતની પરંપરાની જો શરૂઆત થઈ હોય તો તે સિધ્ધપુરમાંથી થઈ છે. જેમ આપણી ચાર પીઠ ગણાય તેમ આજની તારીખમાં પણ જગદ્‌ગુરુ શંકરાચાર્યની પીઠ આજે પણ સિધ્ધપુરમાં છે. હમણાં જ મુરબ્બી શ્રી ડાહ્યાભાઈ સાહેબનું જે નામ લેવાયુ તે પણ સિધ્ધપુરના છે. એવું કહેવાય છે કે સિધ્ધપુર જે સાડા ત્રણ દેવોનું જે મોસાળ છે તે સિધ્ધપુર છે. આખા ભારતની અંદર માતૃ ક્રિયા કરાવવા માટે, માતાનું શ્રાદ્ધ કરાવવા માટે લોકો સિધ્ધપુર આવે છે માટે મને ખ્યાલ છે કે, સંસ્કૃતની મહત્તા કેટલી બધી છે. જો આપણા ધર્મની અંદર દિન-પ્રતિદિન જો આ રીતે નાશ થાય તો મને લાગે છે કે કેટલો મોટો એક પ્રોબ્લેમ થાય. સિધ્ધપુરની અંદર આજે પણ નાની નાની બે સંસ્કૃત વિદ્યાલયો ચાલે છે, માટે હું આ બિલનું સમર્થન કરું છું. સાથે સાથે વિનંતી કરું છું કે, આખા ભારતની જે માતૃ ક્રિયા માટે અને સ્મશાનની જે ભૂમિકા કહેવાય સાડા ત્રણ સ્મશાન કહેવાય તેનું અડધું સ્મશાન આપ તો સારી રીતે જાણો છો કે સિધ્ધપુરમાં ત્યાં લોકો સો-સો કિલોમીટર દૂરથી લોકો ત્યાં યાત્રાધામ તરીકે આવે છે. મારી એટલી જ વિનંતી છે કે, આ સંસ્કૃત યુનિવર્સિટી સિધ્ધપુરમાં સ્થપાય.

**પ્રો. વસુબેન ન. ત્રિવેદી (જામનગર)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભરતભાઈ પંડયા સન ૨૦૦૪નું આદ્ય શંકરાચાર્ય સંસ્કૃત યુનિવર્સિટીનું વિધેયક લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો પ્રગટ કરું છું. ખૂબ સારી વાત સંસ્કૃત યુનિવર્સિટીના સંદર્ભમાં થઈ છે ત્યારે મારે એ કહેવું છે કે, ભારતીય મૂલ્યવાન સંસ્કૃતિને જો આપણે યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજવી હશે તો પ્રાચિન સાહિત્યને વાંચવા પડે એટલા માટે સંસ્કૃતનું જ્ઞાન હોવું આવશ્યક છે, એટલા માટે યુનિવર્સિટીની સ્થાપના જો ગુજરાતમાં થાય તો ગૌરવ લેવા જેવી વાત હશે. ખરેખર તો ભારત જ્યારે આઝાદ થયું કે તરતજ દેશના બધા રાજયોની અંદર આ યુનિવર્સિટીની સ્થાપના થવી જોઈતી હતી પરંતુ આજે આ વિચાર આવ્યો છે તો એ પણ અભિનંદનીય છે. ઉચ્ચારણ શાસ્ત્ર એટલે કે Phonetic સંસ્કૃતનું ઘણું મહત્ત્વ છે. આગળ વાત થઈ છે કે સંસ્કૃત ભાષા જ કાર્ડની લેંગવેજ છે અને કૉમ્પ્યુટરમાં તે સારી રીતે ફીટ પણ થઈ શકે અને કોમ્પ્યુટર પણ ઘણું સરળ પણ બની શકે. આજે આપણે સાયન્સ ટેકનોલોજી અને મૅડિસિનમાં અમૅરિકા જેવા દેશો સાથે સરખામણી કરીએ છીએ ત્યારે કોમ્પીટીશન કરવા જઈ રહ્યા છીએ ત્યારે મને લાગે છે કે એક વિશેષ સાયન્ટીફીક ટૅક્નૉલૉજી, સંસ્કૃતનું જ્ઞાન જો આજના યુવાનમાં હશે તો તેને ડેવલપ કરી શકીશું અને ગુજરાત તે દેશ અને દુનિયાને એક નવી ટૅક્નૉલૉજી આપી શકશે. રાવણનું એક પુસ્તક છે અર્કશાસ્ત્ર નામનું અને તેમાં બાર પ્રકારના ફ્યુઅલ બનાવી અને તેમણે પ્લેન ઉડાડયું હતું. આ પ્લેનની ડિઝાઇન પણ આજે પુસ્તકોમાં અવેલેબલ છે.

આપણે ત્યાં વિશ્વની એક માત્ર યુનિવર્સિટી એ આયુર્વેદ યુનિવર્સિટી જામનગરમાં છે. મહર્ષિ ચરકના સંસ્કૃત સાહિત્યમાંથી આજે કેટલાંય સંશોધનો એવાં છે કે જેને બહાર કાઢીને યુનિવર્સિટીએ ચોકકસ પરિણામો આપ્યાં છે. આ જામનગરની આ યુનિવર્સિટીમાં ૧૩ દેશોના વિદ્યાર્થીઓ સંસ્કૃતમાં આયુર્વેદનો અભ્યાસ કરી રહયા છે. જાપાનની એક છોકરી છે એ છોકરીએ સંસ્કૃત શ્લોકો સાથે યોગ નૃત્ય કરીને ઘણાબધા લોકોને આશ્ચર્યચકિત કરી દીધા છે. મારે એ છોકરીને મળવાનું થયું તો એ પોતાના દેશમાં જઈને આ ભારતવર્ષમાંથી આ શ્લોક ઉપર યોગ નૃત્ય શીખીને એ એનું દર્શન પોતાના દેશના લોકોને કરાવશે એ વસ્તુ આપણા દેશ માટે ગૌરવ લેવા જેવી હશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મને લાગે છે કે સાંસ્કૃત્તિક પ્રદૂષણ વધી રહયું છે. મને લાગે છે.કે મૂળ વાત ભારતીય મૂલ્યોની જાળવણી કરવાની વાતને આપણી સંસ્કૃતિની સાથે જોડી શકયા નથી. ૫૦ વર્ષના શાસનમાં જે કાંઈ થયું એ થયું, પરંતુ સંસ્કૃત્તિનું જતન કરવાનો સમય આવ્યો છે, ત્યારે આ સંસ્કૃત શીખવાનું અતિ આવશ્યક છે. સંસ્કૃત આવડે તો બાકીની વિદેશી ભાષાઓ શીખવા માટે વધુ સરળતા રહે છે. ભાજપની સરકારના મુખ્યમંત્રીશ્રીએ નિરામય ગ્રામ યોજના આપી છે એ યોજનામાં અમારી એક સરસ વાત છે. જામનગર જિલ્લાના ધારાસભ્યોના પ્રયત્નોથી આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા આ નિરામય ગામ યોજના માટે ભારત વર્ષનું એક ગામ કેવું હોય એ ગામ ચોકસપણે કલ્યાણપુર તાલુકામાં બની રહયું છે અને સૌ ધારાસભ્યશ્રીઓએ એ જોવા જેવું છે. આ સંસ્કૃત સાહિત્યને બહાર કાઢીને મહર્ષિ ચરકના સંસ્કૃત સાહિત્યની એક વસ્તુ એવી છે કે જેનું દર્શન આપણે દુનિયાને કરાવી શકીએ અને ભારત જયારે વિશ્વ ગુરુ બનવા જઈ રહયું છે ત્યારે મને લાગે છે કે સંસ્કૃત સાહિત્ય બહાર આવે એ અતિ આવશ્યક છે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ (રાજગઢ)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ભરતભાઈ સંસ્કૃત યુનિવર્સિટીનું જે વિધેયક લઈને આવ્યા છે એને આવકારવા માટે હું ઉભો થયો છું.

આ ધરતીની પરંપરા છે અને એ પરંપરાના ઉંડાણમાં જો આપણે ધ્યાનથી વાંચીએ તો મહાભારત કે રામાયણ હોય, ચારે વેદો હોય અને જેની સાથે ચાંદ અને સૂરજ હતા એ દિવસે પણ આપણી આ સંસ્કૃત ભાષા અસ્તિતવમાં હતી . ત્યારે આ ભાષા કોઈ એવી હતી કે વિશ્વમાં એ પહેલો નંબર આ સંસ્કૃત ભાષાનો હતો. એમાં પણ મને કહેતાં દુ:ખ થાય છે. કે જયારે આ દેશ આઝાદ નહોતો ત્યારે શકો કે હુણોનું આક્રમણ કે મોગલોનું આક્રમણ હોય કે આ દેશમાં અંગ્રેજોનું આક્રમણ હોય ત્યારે તમામે વિશ્વ વિદ્યાલયના ગ્રંથોને પહેલામાં પહેલા દફનાવી દીધા હતા. આ દેશ જયારે આઝાદ થયો ત્યારથી આજસુધી રાજકીય નેતાઓએ કોઈએ આ ભાષાને નહીં, પરંતુ મૂળ ભારતની ધરતી એ અફઘાનિસ્તાન હોય કઝાકિસ્તાન હોય ઈલોલ હોય કે બિલોલ હોય કે પાકિસ્તાન હોય એ મહાભારત એટલા માટે કહું છું કે હાલનું જે ભારત છે એ સીમિત નહોતું, પરંતુ મહાભારત એ વિશ્વની તાકાતમાં એમ કહેવાય છે કે પાંચ પાંડવો અને કૌરવોની જયારે લડાઈ થઈ હતી ત્યારે ફિરંગીઓએ શરણે આવવું પડયું હતું અને અંગ્રેજોએ પણ લશ્કરમાં આવવું પડયું હતું એ અમારા મહાભારતમાં ઉલ્લેખ છે. એમ કહે છે કે આ સમાજ પ્રત્યે આ ભાષા છે એ વાત સાથે હું સંમત થતો નથી એટલા માટે કે આદિવાસી સમાજમાંથી શંકરભાઈ બોલ્યા ત્યારે મારા તાલુકામાં રાઠવા આદિવાસી સમાજ છે એની આજે પણ સંસ્કૃત ભાષા છે.દૈતવાસ જેનો મહાભારતમાં ઉલ્લેખ છે એ દૈતવાસ એટલે રવિવાર અને થાવલીયાવાર એટલે કે શુક્રવાર કહે છે. શુક્રવારને આજે પણ અમારો આદિવાસી સમાજ થાવલીયાવાર તરીકે પૌરાણિક ભાષાથી સંબોધન કરતો હોય છે. એટલે મારી વિનંતી છે કે આ જે બિલ લાવવામાં આવ્યું છે એ ખૂબ આવકારદાયક છે અને આ સંસ્કૃત ભાષાને જો જીવંત રાખવી હોય તો જેમ ઉર્દુ ભાષાને સરકાર સહાય ચૂકવતી હોય તો મારી સરકારશ્રીને વિનંતી છે કે આ સંસ્કૃત ભાષા માટે પણ સ્પેશ્યલ ગ્રાન્ટ ફાળવીને આ ભાષાને જીવંત રાખવાનું કામ કરે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્ય શ્રી ભરતભાઈ પંડયા ગુજરાતમાં સંસ્કૃત યુનિવર્સિટી બનાવવા માટેનું બિલ લઈને આવ્યા છે તેના ઉપર ભાઈશ્રી મહેન્દ્રભાઈ, જેસાભાઈ, હરેશભાઈ, પ્રોફેસર શંકરભાઈ, બાબુભાઈ, બળવંતસિંહ, વસુબેન અને ભાઈશ્રી ફતેસિંહ વગેરેએ પોતપોતાના વિચારો રજૂ કર્યા છે.

મને અહીં એક ઘટના એટલા માટે યાદ આવે છે કે હું જ્યારે ૧૧માં ધોરણમાં અભ્યાસ કરતી હતી, તે સમયે ૧૧મું ધોરણ મેટ્રીક કહેવાતું, ત્યારે વિષયોની પસંદગી કરવાની હોય તે વખતે એમાં પિતાજીની સહી કરાવવાની હતી. મને એ વખતે ગણિત અને વિજ્ઞાનમાં ખૂબ રસ હતો, સંસ્કૃતમાં ઓછો રસ હતો. ગણિત વિજ્ઞાનને લીધે ભવિષ્ય પણ બનાવવાનું હતું પણ જ્યારે હું એ ફોર્મ ઉપર મારા પિતાશ્રીની સહી કરાવવા માટે ગઈ ત્યારે એમણે ના પાડી દીધી અને કહ્યું કે સંસ્કૃત વિષય નહી લે તો હું આના ઉપર સહી નહીં કરું. એ વખતે મેં બે ગણિત લીધા હતા તેમાંથી મારે એક ગણિત વિષય ઓછો કરવો પડયો અને તેની જગ્યાએ મેં સંસ્કૃત વિષય લીધો અને એ વખતે એસ.એસ.સી. બોર્ડમાં સંસ્કૃત વિષયમાં ૯૮ માર્કસ લાવી હતી. એટલે અત્યારે મને સમજાય છે કે સંસ્કૃત કેટલું અગત્યનું હતું. કોઈ એમ નહીં કહી શકે કે સંસ્કૃતનું મહત્વ નથી. અથવા સંસ્કૃત

ઉપયોગી નથી. આજે આ ચર્ચામાં જે કોઈ ધારાસભ્યશ્રીઓએ રજૂઆતો કરી છે તેનાથી મને ખૂબ ખુશી થઈ છે. કે આ વિધાનસભા ગૃહની અંદર પણ અનેક સંસ્કૃતના પંડિતો બેઠા છે, આ મને પહેલીવાર જાણવા મળી રહ્યું છે.

**અધ્યક્ષશ્રી** : જેટલા સભ્યશ્રીઓ બોલ્યા છે, તે બધા ખીલીને બોલ્યા છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : આજે આ સંસ્કૃત ઉપર બધા બોલ્યા છે, તે સંસ્કૃત દુનિયાભરમાં કયાં કયાં આ વિષય ચાલે છે, કયાં પી.એચ.ડી. થાય છે એ બધી બાબતો આ સભાગૃહમાં તેઓએ મૂકી છે તેથી હું તમામ ધારાસભ્યશ્રીઓને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે તેઓએ આ વિષયમાં મારા જ્ઞાનમાં પણ વધારો કર્યો છે. હું આ સ્વીકારું છું કે મારા જ્ઞાનમાં પણ વધારો થયો છે. આ રાજય સરકારે બે વર્ષ પહેલા સૈદ્ધાંતિક નિર્ણય લઈ લીધો હતો કે ગુજરાતમાં સંસ્કૃત યુનિવર્સિટીની આવશ્યકતા છે, એટલા માટે રાજય સરકારે એક કમિટી બનાવી હતી. આ કમિટીએ દોઢ વર્ષ સુધી અનેક શિક્ષણ શાસ્ત્રીઓ સાથે બેઠકો કરીને, જયાં આવી શાળાઓ ચાલે છે તેમની સાથે બેઠકો કરી છે, કે.કા. શાસ્ત્રી જેવા વિદ્વાન લોકો ગુજરાતમાં છે એમની સાથે પણ બેઠકો કરી છે અને સંસ્કૃત યુનિવર્સિટીમાં કયા કયા વિષયો રાખવા, શું ભણાવવું જોઈએ તેની વિષદ ચર્ચાઓ કરીને રાજય સરકારને એક આવેદન પત્ર અઢાર જોગવાઈઓ સાથેનું આપેલું હતું. તેનો રાજય સરકારે સ્વીકાર કરેલ છે.

આ જ સભાગૃહમાં સંસ્કૃત યુનિવર્સિટીનું બિલ હું રજૂ કરવાની છું, આ બિલ જયારે અહીંથી રજૂ થશે ત્યારે જૂન-જુલાઈ મહિનાથી કાર્યાન્વિત થાય તેના માટેનો પણ રાજય સરકારે વિચાર કરી લીધો છે. એટલા માટે આ બિલમાં પણ કેવા પ્રકારની જોગવાઈઓ હોવી જોઈએ તેની ચર્ચા પણ આજે મુખ્ય મંત્રીશ્રી સાથે કરી છે અને માનનીય અશોકભાઈ સાથે પણ થઈ ગઈ છે. આજે સાંજે ૬ વાગ્યાનો સમય માનનીય રાજયપાલશ્રીએ પણ આપેલ છે, કારણ કે એમની સાથે પણ ચર્ચા થઈ જાય અને એમના વિચારોનો પણ આપણે અમલ કરી શકીએ અને એ રીતે એક સર્વગ્રાહી સંસ્કૃત યુનિવર્સિટીનું બિલ ગુજરાતમાં બને તેના માટે રાજય સરકારે વિચાર કરી લીધો છે. આ જ સભાગૃહમાં આ બિલ હું લાવી રહી છું. ત્યારે હું માનનીય સભ્યશ્રી ભરતભાઈને વિનંતી કરીશ કે જયારે રાજય સરકાર આ બિલ લાવી રહી છે ત્યારે તેઓ પોતાનું આ વિધેયક પાછું ખેંચી લે.

**શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા)**: માનનીય અધ્યક્ષશ્રી, મારા આ બિલમાં જે ધારાસભ્યશ્રીઓએ દિલથી સમર્થન આપ્યું છે તે માનનીય મહેન્દ્રભાઈ ત્રિવેદી, જેસાભાઈ બારડ, હરેશભાઈ ભટ્ટ, શંકરભાઈ રાઠવા, બાબુભાઈ શાહ, બળવંતસિંહભાઈ, વસુ બહેન ત્રિવેદી, ફતેસિંહભાઈ આ બધાનો હું દિલથી આભાર માનું છું અને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે લોકોને બોલવાનો ચાન્સ નથી મળ્યો તેઓએ પણ હ્યદયપૂર્વક મને લાગે છે કે આ બિલમાં ૧૮૨ સભ્યશ્રીઓની લાગણીનો આમાં સમાવેશ થઈ જાય છે તેનો મને આનંદ છે. સંસ્કૃતીમાંથી સંસ્કૃત શબ્દ કાઢી નાખીએ તો પાછળ 'ઈ' વધે, 'ઈ' એટલે 'ઈતિ', 'ઈતિ' એટલે 'અંત'. સુપ્રીમ કોર્ટે ચૂકાદો આપેલ છે અને એમાં એમણે એમ કહ્યું છે કે વેલ્યુ એજ્યુકેશન દાખલ કરો. વેલ્યુ એજ્યુકેશન એટલે શું? આ વેલ્યુ એજયુકેશન અંગે ઘણી બધી સરકારો ગડમથલમાં છે. પણ મારો દાવો છે કે વેલ્યુ એજયુકેશન એટલે સંસ્કૃત્તમાં જે સુભાષિતાની આવે છે તે જો બાળકોને ભણાવવામાં આવે તો અત્યારથી જ એ મુજબના ગુણો અને સંસ્કાર નિર્માણ થશે. માનનીય અધ્યક્ષશ્રી, બજેટ
ફાળવામાં કદાચ આઈ.એ.એસ. અધિકારીઓને નહીં ગમે, તેથી હું અત્યારથી જ વિનંતી કરું છું કે બજેટથી માંડીને અનેક સંજોગોમાં આઈ.એ.એસ અધિકારીઓના અલગ વલણના હિસાબે આ કાર્યાન્વિત ન થાય તો મારે એટલી જ એક સુભાષિતાની એના માટે કહેવાની છે કે

***"યસ્ય નાસ્તિ સ્વયં પ્રજ્ઞા, શાસ્ત્રં તસ્ય કરોતિ કિમ્,***
***લોચનાભ્યાં વિહીનસ્ય, દર્પણઃ કિં કરીસ્યતિ,***

જે માણસ પાસે પોતાની પ્રજ્ઞાબુદ્ધિ નથી તેને શાસ્ત્રો કશો ફાયદો કરી શકવાના નથી. જેની પાસે આંખો નથી એને અરીસો શું કામનો. અહીંયા ઉપલબ્ધ ૧૮૨ ધારાસભ્યોની લાગણી અને માગણી સરખી હોય ત્યારે એને વધુમાં વધુ ફુલફોર્મમાં સંસ્કૃત યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવે. અહીંયા સામે સોલા ભાગવત વિદ્યાપીઠના શાસ્ત્રીજીઓ બેઠા છે એ એમના દિલમાં આશા લઈને આવ્યા છે ત્યારે મારી વિનંતી છે કે ગુજરાતમાં ૫૦ પાઠશાળા છે એને વધુમાં વધુ ગ્રાન્ટ મળે. અધ્યાપકોના ૯-૨૦-૩૧ ના પ્રશ્નો છે એનો ઉકેલ લાવવામાં આવે. એમના પ્રશ્નોનો સંસ્કૃત યુનિવર્સિટીમાં ઉકેલ આવે એટલી જ વિનંતી છે.

છેલ્લે એક અટલજીની કવિતા બોલીને મારી વાત પૂરી કરુ છું.

**बनने चली विश्व भाषा जो अपने घर में दासी**

**सिंहासन पर ॲंग्रेजी को रखकर दुनिया हांसी ,**

**हिन्दी गुजरातीवाले हैं चपरासी, अफसर है सारे ॲंग्रेजी मय,**

**गुजराती हो या बिहारी कह कैही कविराय विश्व की चिन्ता छोडो ,**

**पहले घर में ॲंग्रेजी के गढ को तोडो  और संस्क़त को जोडो ।**

આવી મારી લાગણી છે. જયારે માનનીય મંત્રીશ્રીએ પોતે હૃદયપૂર્વક એનો સ્વીકાર કર્યો, એમનું સંસ્કૃત અને સંસ્કૃત યુનિવર્સિટી માટે કમિટમેન્ટ છે, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈનું પણ આ વિષય માટે કમિટમેન્ટ છે ત્યારે અને આ ગૃહમાં આ સત્રમાં બિલ લાવવાની જાહેરાત કરી એને હૃદયપૂર્વક આવકારુ છું. એમના હાર્દને સમજીને હું મારુ બિલ પાછું ખેંચવા માટે આ સભાગૃહની અનુમતિ માગુ છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ભરતભાઈ પંડયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૪નું વિધેયક ક્રમાંક-૯ પાછું ખેંચુ છું

**અધ્યક્ષશ્રી** : વિધેયક પાછું ખેંચી લેવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫.૦૭ વાગ્યે પુરુ થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા.૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૫ ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા.૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૫**
**ફાલ્ગુન ૬, ૧૯૨૬ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

## ટૂંકી મુદતનો પ્રશ્ન

### સાબરકાંઠા જિલ્લાના મોડાસા ખાતે લોકોના ટોળા દ્વારા પોલીસ અધિકારી ઉપર જીવલેણ હુમલો

**૧૭૯ શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર):** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) સાબરકાંઠા જિલ્લાના મોડાસામાં તા:૧૪-૨-૨૦૦૫ના રોજ લોકોના ટોળાએ પોલીસ અધિકારીઓને ઘેરી લઈ જીવલેણ હુમલો કર્યાની હકીકતથી સરાકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ રીતે કાયદો હાથમાં લઈ જવાબદાર સરકારી અધિકારીઓને તેમની ફરજ બજાવવામાં અડચણ પેદા કરનાર અસામાજિક તત્વો ઉપર સરાકારે શાં પગલાં લીધાં છે?

**માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :**

(૧) હા, જી.

(૨) આરોપીઓ સામે ગુનો દાખલ કરી ૪૬ આરોપીઓની ધરપકડ કરેલી છે. એક આરોપી મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં દાખલ છે તેને પકડવાનો બાકી છે.

**શ્રી રણજિતસિંહ ન. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં મોડાસા ખાતે લોકોના ટોળા દ્વારા પોલીસ ઉપર જે જીવલેણ હુમલો થયો, સાબરકાંઠા જિલ્લામાં મોડાસા એક એવું સંવેદનશીલ સૅન્ટર છે, ભૂતકાળમાં રાષ્ટ્રધ્વજ બાળવાનો જાહેરમાં બનાવ બન્યો છે. આ સંજોગોમાં મોડાસામાં પોલીસ ઉપર ટોળા દ્વારા હુમલો થાય એ સંદર્ભમાં માનનીય ગૃહમંત્રીશ્રી પાસેથી આપના થકી હું જાણવા માગું છું કે બનાવ ક્યારે બન્યો, કઈ જગ્યાએ બન્યો અને આમાં કેટલા આરોપીઓ સંડોવાયેલા છે અને એમાંથી કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી એક, બીજું આ ગુનાની તપાસ કોણ કરે છે? આ ગુનામાં એફ.આઈ.આર.માં મૂળ કેટલા આરોપીઓ દર્શાવવામાં આવ્યા હતા અને તપાસ દરમ્યાન બીજા કેટલા નામો ખુલેલા છે અને ત્રીજો પ્રશ્ન કે ભવિષ્યમાં આ શહેરમાં આવો બનાવ ન બને એ માટે રાજય સરકાર શું કાર્યવાહી કરવા માગે છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બનાવ મોડાસા માર્કેટિંગ યાર્ડના ઝાંપા પાસે તા:૧૪-૨-૨૦૦૫ના રોજ સવારે ૧૧-૩૦ વાગ્યાની આસપાસ બનેલો હતો. આ બનાવ બન્યો એ વખતે લગભગ ૧૫૦ થી ૨૦૦ માણસોનું ટોળું હતું અને ફરિયાદીએ એ જ વખતે ૧૬ આરોપીઓને ઓળખીને નામ દાખલ કર્યા હતા. બાકીના ૩૧ આરોપીઓના નામ તપાસ દરમ્યાન ખુલ્યા હતા એટલે કુલ ૪૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ ગુનાની તપાસ એલ.સી.બી.ના પી.આઈ. કરી રહ્યા છે. એમાંથી એક પણ આરોપી હજી જામીન ઉપર છૂટેલો નથી, જેટલા આરોપીઓ હતા એ બધાને પકડી લેવામાં આવ્યા છે. માનનીય સભ્યશ્રીએ જે લાગણી વ્યક્ત કરી કે આવા બનાવો અવારનવાર ન બને એ માટે શું પગલાં ભરવા માગો છો એમની ચિંતા એ રીતે વ્યાજબી છે કે જે જગ્યાએ આ બનાવ બન્યો છે એ જગ્યા વર્ષોથી સેન્સીટીવ જગ્યા તરીકે આઈડેન્ટીફાય થયેલી છે. એટલે ૫રમ દિવસે જ તંત્ર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો કે ત્યાં આગળ એક પોર્ટેબલ પોલીસ ચોકી, ૩૧-૩ પહેલાં વાયરલેસ અને હથિયારી જવાનો સાથેની મૂકવામાં આવશે, જેથી ભવિષ્યમાં એ સેન્સીટીવ જગ્યા ઉપર આ પ્રકારના કોઈ બનાવો બને નહીં.

**શ્રી દિલીપસિંહ વ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા કેટલાય વર્ષોથી દર વર્ષે લગભગ આવા બનાવો બને છે. આખા ગુજરાતમાં જે રીતે ગોધરામાં આવું કેન્દ્ર છે, એપીસેન્ટર એ રીતે મોડાસા છે. આવા બનાવો જ્યારે જ્યારે બને છે તો થોડા સમય માટે કાયદો અને વ્યવસ્થા બરાબર સુધરી જાય છે, પરંતુ કાયમી વ્યવસ્થા થાય. આજ સુધી આ રાજયમાં આઝાદી પછી કેટલાએ ગૃહમંત્રી આવ્યા પણ આપણા અમિતભાઈ ગૃહમંત્રી હતા ત્યારે કાયદો અને વ્યવસ્થા એ જેટલો સમય રહ્યા એ દરમિયાન ઘણી સારી હતી, તો આવું કંઈ ચોક્કસ આયોજન કરવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એમ માનનીય સભ્યશ્રીની લાગણી ખૂબ સાચી છે કે આ જગ્યા સેન્સીટીવ જગ્યા તરીકે તંત્ર દ્વારા પણ આઈડેન્ટીફાય કરેલી છે. જ્યાં સુધી મોડાસાનો સવાલ છે ત્યાં સુધી છેલ્લા ૨ વર્ષમાં આવી ઘટનાઓ મિનિમમ બની છે. આ પણ અકસ્માતમાંથી ઊભી થયેલી ઘ ટના હતી. એટલે મેં કહ્યું કે તંત્રે વિચાર કરીને ત્યાં પોર્ટેબલ પોલીસ ચોકી વાયરલેસ અને શસ્ત્રથી સજ્જ જવાનથી બનાવવાનો નિર્ણય કરેલ છે. હું ચોક્કસ માનું છું કે આ પોર્ટેબલ ચોકીની હાજરીથી ત્યાં કાયમ માટે સેન્સેટિવ વિસ્તાર છે, એ વિસ્તારમાં આવા બનાવો બનતા અટકી જશે.

**શ્રી ટપુભાઈ લીંબાસિયા** : આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે આ આરોપીઓના નામની યાદી શું છે?

**શ્રી અમિત અ. શાહ** : યાદી ખૂબ લાંબી છે. આપ મંજૂરી આપતા હોય તો વાંચી જાઉં. કાલુ લાલુ મુલતાની, ઈબ્રાહીમ...

**અધ્યક્ષશ્રી** : વાંચવાની જરૂર નથી.

**શ્રી અમિત અ. શાહ** : ૪૭ આરોપીઓ છે અને ૪૭ આરોપીઓની યાદી હું આપની મંજૂરીથી મેજ ઉપર મૂકી દઈશ.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** : માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે કયા સંજોગોમાં પોલીસ અધિકારીઓ ઉપર આ રીતે હુમલો કરવામાં આવ્યો અને આ રીતે મોડાસામાં તોફાનો થાય છે, તો માત્ર પોર્ટેબલ ચોકી મૂકવાથી આ કાર્ય બંધ થઈ શકે તેમ નથી. તો કાયમી પોલીસ સ્ટેશન કે પોલીસ ચોકી મૂકવા તંત્ર વિચાર કરે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : બે ટ્રકનો અકસ્માત થયો હતો અને નુકસાનની માગણી કરવાની બાબતમાંથી આ આખો ઝગડો ઊભો થયો હતો. કાયમી પોલીસ સ્ટેશન મૂકવાનો પ્રશ્ન એટલા માટે ઉપસ્થિત થતો નથી કે પોલીસ સ્ટેશનની નજીકમાં જ આ વિસ્તાર આવેલ છે. પરંતુ સેન્સિટિવિટીને ધ્યાનમાં રાખીને આ વિચાર કર્યો છે.

**ડૉ. અનિલ જોષીયારા** : મોડાસાનો આ જે વિસ્તાર છે ત્યાં અત્યારે ઘણા સમયથી શાંતિ હતી. નાની બાબતને ખૂબ મોટું સ્વરૂપ આપીને અત્યારે જે હોબાળો મચાવવામાં આવ્યો છે, એનાથી લોકોમાં ભયની લાગણી પેદા થઈ છે. ત્યારે હું જાણવા માગું છું કે ખરેખર ગુનેગારોને ચોક્કસ સજા કરે પણ ગુનેગાર નથી એવા ઘણાને પકડવામાં આવ્યા છે, તો સરકાર એમાં તપાસીને ગુનેગારોને સજા કરે એવી મારી વિનંતી છે. એવું કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય સભ્યશ્રીએ કહ્યું કે મોડાસામાં ઘણા સમયથી શાંતિ હતી. મોડાસામાં શાંતિ હતી, છે અને રહેવાની છે. શાંતિ રાખવા માટે જરૂરી છે કે કોઈ ટોળું વળી પોલીસ પર હુમલો કરે એમાં પગલાં ન ભરીએ એવું સૂચન સભ્યશ્રી કરવાના હોય તો મને ખબર નથી પડતી કે કોને બચાવવા માગે છે? પોલીસ ઉપર ટોળું થઈને હુમલો કરે, પોલીસે ઓળખી બતાવેલ લોકો છે. શાના માટે ઉપરાણું લેવાની વૃત્તિ ઊભી થાય છે?

**શ્રી હરજીવન હી. પટેલ** : આવા બનાવો અવાર-નવાર બનતા હોય છે. ઘણીવાર સંવેદનશીલ વિસ્તારમાં પોલીસ તેની કામગીરી લઈને જાય તો પોલીસને ઘેરીને લોક-અપમાં પૂરી દેવામાં આવે છે અને આવા ટોળા દ્વારા પોલીસ ઉપર જુલમ કરવામાં આવે છે, પરંતુ જ્યારે જ્યારે પોલીસ આવી કામગીરી કરવા માટે જતી હોય ત્યારે કોઈ દંડો કે લાકડી લઈને જાય છે. તો આવા સંજોગોમાં હથિયારધારી પોલીસ મૂકવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : સભ્યશ્રીનું સૂચન ઉપયોગી છે. આમ તો આનો અમલ વ્યવસ્થામાં સામેલ કરેલ છે પણ વધુ સારી રીતે આમેજ થાય એના માટે ચોક્કસ અમે પ્રયત્ન કરીશું.

## તારાંકિત પ્રશ્નો

### કડી તાલુકામાંથી પસાર થતી નર્મદા કેનાલમાં ગાબડાં અને મરામત

***૯૦૯૭ શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી)**: માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) કડી તાલુકામાંથી પસાર થતી નર્મદા કેનાલમાં વરસાદી પાણીને કારણે જાન્યુઆરી, ૨૦૦૫ની સ્થિતિએ કેટલી જગ્યાએ ગાબડાંઓ પડેલાં છે,

(૨) આ ગાબડાંઓની મરામત કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) આ ગાબડાંને કારણે જાનહાનિ થવાનો ભય છે કે કેમ?

**મુખ્યમંત્રીશ્રી (નર્મદા) :**

(૧) કડી તાલુકામાંથી પસાર થતી નર્મદા મુખ્ય નહેર, સૌરાષ્ટ્ર શાખા નહેર, સાણંદ, વિરમગામ-૧, વિરમગામ-૨ તથા નરસીંગપુરા શાખા નહેરમાં જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ વરસાદી પાણીને કારણે કોઈ ગાબડાં પડેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી બળદેવજી ચં. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કડી તાલુકામાંથી પસાર થતી સૌરાષ્ટ્ર શાખા નહેરમાં વરખડિયા ગામ પાસે મોટું ગાબડું પડ્યું હતું એ પૂરવાનો કેટલો ખર્ચ થયો?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : મારા જવાબમાં સ્પષ્ટ લખ્યું છે કે વરસાદી પાણીથી પૂછેલ પ્રશ્નવાળી જગ્યા ઉપર કોઈ ગાબડું પડ્યું નથી એટલે એના મરામતના ખર્ચનો સવાલ પેદા થતો નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રીએ સ્પષ્ટ કહ્યું છે કે કોઈ ગાબડું પડ્યું નથી, એટલે એમાં પ્રશ્ન ન આવે. (અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપ પ્રશ્ન પૂછવા તો દો.

**શ્રી બળદેવજી ચં. ઠાકોર** : ત્યાં ગાબડું...

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ બેસો, તમારે વચ્ચે ઈન્ટરવીન કરવાની જરૂર નથી. આપને ટેવ પડી છે, બેસો.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બેસો, બેસો, સામાન્ય પ્રશ્નમાં ઊભા થવાની બધાની ટેવખોટી છે. (અંતરાય) બેસો, પ્લીઝ, એકવાર ગાબડાંની વાત થઈ, મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે ગાબડાં પડેલ નથી. મંત્રીનો જવાબ ખોટો? (અંતરાય) અહીં ગૃહની બીજી જોગવાઈ છે. એ જવાબ જો ખોટો હોય તો ગૃહ પાસે ઘણી જોગવાઈઓ છે, એ જોગવાઈઓનો આપ ઉપયોગ કરી શકો છો, પણ જવાબ ખોટો છે, એવું આપ નહિ કહી શકો (અંતરાય) નહિ.. (અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : પ્રશ્ન તો પૂછવા દો.

**શ્રી બળદેવજી ચં. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા આ ગૃહને એ જણાવવા માગુ છું કે, અધિકારી દ્વારા તદ્દન ખોટો જવાબ આપવામાં આવ્યો છે. વરખડિયા ગામે કડી તાલુકામાં પસાર થતી નહેરમાં ગાબડાં પૂરવાના હતા તેનો કેટલો ખર્ચ થયો?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું ફરીવાર કહું છું વરખડિયા ગામે કોઈ ગાબડું પડેલ નથી.

**અધ્યક્ષશ્રી** : બસ પૂરું થાય છે. (અંતરાય) માનનીય પ્રાગજીભાઈ, (અંતરાય) તમે ઈચ્છો તેવો જવાબ ના મળે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કડી પાસે નર્મદાની મુખ્ય નહેર, સૌરાષ્ટ્ર શાખા નહેર બંનેને જોડતી નહેર પાસે વાય જંકશન આવેલ છે તો આ વાય જંકશનને પ્રવાસન તરીકે વિકસાવાનું સરકારમાં આયોજન છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, કડી પાસે નર્મદાની બે નહેર ભેગી થાય છે, માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : આ નિર્ણય કરવાનું કામ આપનું છે. એમાં કાંઈ કહેવાનું નામ હોય એને એલાઉ કરવા કે ના કરવા એ આપે જોવાનું છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રાગજીભાઈ, આપ ફરીથી પ્રશ્ન પૂછો, મને ખ્યાલ આવે એટલે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કડી પાસે નર્મદાની મુખ્ય નહેર, સૌરાષ્ટ્ર નહેર પાસે વાય જંકશન આવેલ છે તો વાય જંકશનને સરકાર પ્રવાસન તરીકે વિકસાવવા માગે છે કે કેમ?(અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ખાડાને અને પ્રવાસનને કાંઈ લેવાદેવા ખરી? મારે માનનીય મંત્રીશ્રીને એટલું પૂછવું છે.

**અધ્યક્ષશ્રી** : એ શું જવાબ આપે છે, એ જૂઓ તો ખરા?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે કડી વિસ્તારનો પ્રશ્ન છે. એમાંથી માનનીય સભ્યશ્રીએ કડીનો પૂછ્યો છે, કલોલનો પૂછયો નથી તો એ મુખ્ય નહેર રાજસ્થાન જાય છે ત્યાંથી સૌરાષ્ટ્ર શાખા નહેર જુદી પડે છે એટલે વાય આકારની બે નહેર ભેગી થઈને જુદી પડે છે ત્યાં સાડા છ હેકટર જમીન આવેલ છે, બીજી સાડા ત્રણ હેકટર જમીન આવેલ છે એને ડેલપ કરવા માટે, પ્રવાસધામ બનાવવા માટે રાજ્ય સરકારના ર્નમદા નિગમનું આયોજન છે. વોટર સ્પોટર્સની પ્રવૃત્તિ કરી શકાય કે કેમ? તેની તાંત્રિક દ્દષ્ટિએ શક્યતાની ચકાસણી ચાલે છે એ શક્યતા ચકાસ્યા બાદ આગળ કાર્યવાહી કરવામાં આવશે.

**અધ્યક્ષશ્રી** : એમાં ગાબડાં પડ્યાં છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : ના, જી.

## ડાંગ જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ પોલીસ મહેકમ અને ખાલી જગ્યાઓ

***૯૦૯૦ માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)**: માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

(૧) જાન્યુઆરી-૦૫ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં તાલુકાવાર પોલીસ સ્ટેશનોમાં મંજૂર થયેલ પોલીસ મહેકમ સંવર્ગવાર કેટલું છે,

(૨) કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરાશે ?

**માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા):**

(૧) અને (૨) સામેલ પત્રક-૧ મુજબ.

(૩) જેમ બને તેમ વહેલી.

**પત્રક-૧**

**મંજૂર મહેકમ અને ખાલી જગ્યાઓની વિગતો**

| આહવા પોલીસ સ્ટેશન | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં. | સંવર્ગ | વર્ગ | મંજૂર મહેકમ | હાજર | ખાલી જગ્યા | ૬ માસ સુધી | ૬થી ૧૨ માસ | ૧૨ માસથી ૨ વર્ષ | ૨ વર્ષ ઉપર |
| ૧. | પો.સ.ઇ. | ૩ | ૧ | ૧ | -- | -- | -- | -- | -- |
| ૨. | અનાર્મ એ.એસ.આઇ. | ૩ | ૫ | ૨ | ૩ | ૧ | ૧ | ૧ | -- |
| ૩. | અનાર્મ હે. કો. | ૩ | ૭ | ૭ | -- | -- | -- | -- | -- |
| ૪. | અનાર્મ પો. કો. | ૩ | ૧૬ | ૧૯ | -- | -- | -- | -- | -- |
| ૫. | આર્મ એ.એસ.આઇ. | ૩ | ૧ | ૨ | -- | -- | -- | -- | -- |
| ૬. | આર્મ હે. કો. | ૩ | ૩ | ૨ | ૧ | ૧ | -- | -- | -- |
| ૭. | આર્મ પો. કો. | ૩ | ૧૦ | ૧૪ | -- | -- | -- | -- | -- |
| ૮. | વુ.એ.એસ.આઇ. | ૩ | ૧ | -- | ૧ | -- | -- | -- | ૧ |
| ૯. | વુ. હે. કો. | ૩ | ૩ | -- | ૩ | -- | -- | -- | ૩ |
| ૧૦. | વુ.પો.કો. | ૩ | ૧૧ | ૧ | ૧૦ | -- | -- | ૧ | ૯ |

| વઘઇ પોલીસ સ્ટેશન | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં. | સંવર્ગ | વર્ગ | મંજૂર મહેકમ | હાજર | ખાલી જગ્યા | ૬ માસ | ૬થી ૧૨ | ૧૨ માસથી | ૨ વર્ષ |

| | | | | | | સુધી | માસ | ૨ વર્ષ | ઉપર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | પો.સ.ઇ. | ૩ | ૧ | ૧ | -- | -- | -- | -- | -- |
| ૨. | અનાર્મ એ.એસ.આઇ. | ૩ | ૫ | ૩ | ૨ | -- | ૨ | -- | -- |
| ૩. | અનાર્મ હે. કો. | ૩ | ૭ | ૪ | ૩ | ૧ | ૧ | ૧ | -- |
| ૪. | અનાર્મ પો. કો. | ૩ | ૧૬ | ૧૫ | ૧ | ૧ | -- | -- | -- |
| ૫. | આર્મ એ.એસ.આઇ. | ૩ | ૨ | ૧ | ૧ | -- | -- | -- | ૧ |
| ૬. | આર્મ હે. કો. | ૩ | ૩ | ૨ | ૧ | ૧ | -- | -- | -- |
| ૭. | આર્મ પો. કો. | ૩ | ૧૦ | ૮ | ૨ | -- | ૨ | -- | -- |
| ૮. | વુ.એ.એસ.આઇ. | ૩ | ૧ | -- | ૧ | -- | -- | -- | ૧ |
| ૯. | વુ. હે. કો. | ૩ | ૨ | -- | ૨ | -- | -- | -- | ૨ |
| ૧૦. | વુ.પો.કો. | ૩ | ૧૧ | ૨ | ૯ | -- | -- | -- | ૯ |

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એમાં જે મહેકમ ખાલી છે, એમાં જે જગ્યા પૂરવાની બાકી છે એ કેટલા સમયમાં પૂરવામાં આવશે? બીજો પ્રશ્ન, વઘઈ સાપુતારા ૫૨ કિલોમિટર છે અને ત્યાં અવારનવાર પ્રવાસીઓની બસો લૂંટાય છે તેની ઘણી ફરિયાદો પોલીસ સ્ટેશનમાં નોંધાઈ પણ છે તો એ બાબતે કાયમી પેટ્રોલિંગ કરીને સાંકળપાઠા ખાતે કાયમી આઉટ પોસ્ટની માગણી કરી છે તો એ સરકાર આપવા માગો છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ખાલી જગ્યાનો સવાલ છે ત્યાં સુધી ખરેખર ડાંગ જિલ્લાની સ્થિતિ સંતોષજનક જ છે. બીજો સવાલ માધુભાઈએ જે પૂછ્યો છે, સરકારે તો એનાથી આગળ વિચાર્યુ છે, સાપુતારા એ આપણાં રાજ્યનું અગત્યનું ગિરિમથક છે, એટલે તમે તો આઉટ પોસ્ટની માગણી કરી છે સરકારે તો ઓલરેડી પોલીસ સ્ટેશન મંજૂર કરી દીધેલું છે. એટલે આઉટપોસ્ટનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અમે ત્યાં પોલીસ સ્ટેશન બનાવીને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવાની છીએ.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, સાપુતારા પોલીસ સ્ટેશન મંજૂર થયું એ બદલ આભાર, પણ મારો પ્રશ્ન એ છે કે, વઘઈથી સાપુતારા બાવન કિલોમીટરનું અંતર થાય છે અને જે લૂંટ થાય છે એ સાકળપાઠાથી નાનાપાઠા, સાદેરડી અને શીવાયમારના ગાળામાં થાય છે, ત્યાં અમે આઉટ પોસ્ટની માગણી કરી હતી. પોલીસ સ્ટેશનની માગણી આપે મંજૂર કરી એ બદલ આપને અભિનંદન આપીએ છીએ પણ જ્યારે નજીકમાં બનાવો બને છે એ ચઢાણ વિસ્તાર છે એવી જગ્યાએ તાત્કાલિક સાપુતારા પહોંચી ન શકાતું હોય એવા સંજોગોમાં અમે આઉટ પોસ્ટની માગણી કરી છે.

**શ્રી અમિત અ. શાહ** : નવા પોલીસ સ્ટેશનમાં આઉટ પોસ્ટની વિચારણા થશે, એ વખતે આ સૂચન વ્યવહારું હશે તો ચોક્કસ એનો સમાવેશ થશે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, ડાંગ જિલ્લામાં પોલીસ ઈન્સ્પેકટર અને એની નીચેની કેડરોનું સંખ્યા બળ કેટલું છે, એમાંથી કેટલી જગ્યા ભરાયેલ છે અને કેટલી ખાલી છે? ડાંગ જિલ્લા ઉપરાંત સમગ્ર રાજયમાં પણ આ બળની જરૂરિયાત હોય છે તો કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ માટે ડાંગ અને એ સિવાય સમગ્ર રાજયમાં ( અંતરાય )

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : રાજયનો સવાલ આમાં નહીં આવે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : આયોજન હોય તો કહે.

**અધ્યક્ષશ્રી** : નહીં, એ પ્રશ્ન આમાં નહીં આવે.

**શ્રી અમિત અ. શાહ** : ડાંગનું પૂછ્યું છે એ તો કહું(અંતરાય) ડાંગ જિલ્લામાં કુલ પોલીસ ઈન્સ્પેકટર ૧ મંજૂર થયેલ છે અને ૧ હાજર છે, પો.સ.ઈ ૭ મંજૂર થયેલ છે અને ૩ હાજર છે, એ.એસ.આઈ. ૩૫ મંજૂર છે અને ૩૩ હાજર છે, હેડ કૉન્સ્ટેબલ ૫૩ મંજૂર થયેલ છે અને ૫૨ હાજર છે અને પોલીસ કૉન્સ્ટેબલ ૨૨૭ મંજૂર થયેલ છે અને ૧૯૦ હાજર છે. થોડી ઘણી જગ્યા બાકી છે એ જગ્યાઓ પણ આખા રાજયનો અમે ભરતી કાર્યક્રમ બનાવ્યો, આમાં ૧૮૬ પો.સ.ઈ.ની ભરતી થવાની છે

**અધ્યક્ષશ્રી** : બેસો, ઘણું થયું.

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સમગ્ર રાજયમાં જે આયોજન થયું છે, એમાં ડાંગ જિલ્લામાં જે જગ્યાઓ ખાલી છે એને ભરવા માગો છો કે કેમ ?

**શ્રી અમિત અ. શાહ** : સમગ્ર રાજયનું અમે આયોજન કર્યુ છે, એમાં ૧૮૬ પો.સ.ઈ., ૧૮૯ પો.સ.ઈ. સીધી ભરતીના, લોકરક્ષકની ૩,૦૦૦, રક્ષકની ખાલી જગ્યા,(અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : અમને પેટા પ્રશ્ન પૂછવામાં સમય મળતો નથી.

**અધ્યક્ષશ્રી** : બોલો.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : આમાં આપી શકાય ? રાજયનો આ પ્રશ્ન નથી.

**શ્રી અમિત અ. શાહ** : આખા રાજયમાંથી ભરતી થવાની છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : વારંવાર સમય ખરાબ થાય છે, મારી વાત એટલી જ છે કે, રાજયનો પ્રશ્ન ઉઠાવી શકાય ?

**અધ્યક્ષશ્રી** : કયાં છે રાજયનો પ્રશ્ન?

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : તો રાજયનો જવાબ આપે છે.

**અધ્યક્ષશ્રી** : બેસો, પ્રશ્ન ક્રમાંક-૩.

## સુરત અને અમદાવાદ ખાતે એપેરલ પાર્ક સ્થાપવાની કામગીરી

***૯૮૨૬ શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા)**: **માનનીય મુખ્યમંત્રીશ્રી(ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્ય સરકાર દ્વારા સુરત અને અમદાવાદમાં એપેરલ પાર્ક બનાવવાનું ક્યારે જાહેર કરાયું હતું,

(૨) આ અંગે ડિસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ પાર્કનું કામ કયા તબક્કામાં પ્રવેશ્યું છે,

(૩) આ બંને પાર્ક અંગે રાજ્ય સરકાર દ્વારા અને કેન્દ્ર સરકાર દ્વારા કુલ કેટલું ખર્ચ કરવાનું આયોજન છે,

(૪) ડિસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ આ બંને સ્થળે સરકાર દ્વારા કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું, અને

(૫) આ બંને સ્થળે પાર્કોનું કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ?

**માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ):**

(૧) સુરત એપેરલ પાર્ક અને અમદાવાદ એપેરલ પાર્ક બનાવવાનું અનુક્રમે તા. ૩૧-૧-૨૦૦૩ અને તા. ૩૧-૧૦-૨૦૦૪ના રોજ જાહેર કરાયું.

(૨) સુરત એપેરલ પાર્ક ખાતે પાયાની આંતરમાળખાકીય સુવિધા સંપન્ન થયેલ છે. તા. ૨૧-૧-૨૦૦૫ સુધીમાં ૩૦ એકમોને ૧.૩૩ લાખ ચો.મીટરની ફાળવણી પૂર્ણ થયેલ છે અને ૬ અરજીઓ ફાળવણી સારૂ ચકાસણી સમિતિ સમક્ષ પડતર છે. જ્યારે અમદાવાદ એપેરલ પાર્ક ખાતે પાયાની આંતરમાળખાકીય સુવિધાઓનું કામ હાથ ધરવામાં આવેલ છે, જે મે, ૨૦૦૫ સુધીમાં પૂર્ણ થશે.

(૩) સુરત એપેરલ પાર્કના કુલ રૂા. ૬૧ કરોડના પ્રોજેક્ટ ખર્ચ પૈકી માત્ર રૂા. ૧૭ કરોડ કેન્દ્ર સરકારે ભોગવેલ છે. બાકીના રાજ્ય સરકાર, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની સહાયથી ભોગવશે. અમદાવાદ એપેરલ પાર્કના કુલ રૂા. ૪૦ કરોડના પ્રોજેક્ટ ખર્ચ પૈકી માત્ર રૂા. ૧૭ કરોડ કેન્દ્ર સરકાર ભોગવશે. બાકીના રાજ્ય સરકાર, ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમની સહાયથી ભોગવશે.

(૪) ડિસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ સુરત એપેરલ પાર્ક માટે રૂા. ૨૯.૯૬ કરોડનું ખર્ચ કરવામાં આવેલ છે. અમદાવાદ એપેરલ પાર્ક માટે રૂા.૧૪.૮૦ કરોડનો ખર્ચ જમીન પેટે કરવામાં આવેલ છે. જ્યારે રૂા. ૩૩.૮૭ લાખના સુવિધાઓ માટેના કામો પ્રગતિ હેઠળ છે.

(૫) સુરત અને અમદાવાદ એપેરલ પાર્ક ખાતે આંતરમાળખાકીય પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થયા બાદ તુરત જ કાર્યાન્વિત કરવાનું આયોજન છે.

**શ્રી પુનાભાઈ ધે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, સુરત અને અમદાવાદમાં એપેરલ પાર્ક ઉદ્યોગથી રાજયને શું ફાયદો થશે ? રાજયના પાર્કમાં કેટલા લોકોને રોજી મળવાની સંભાવના છે? ડિસૅમ્બર ૨૦૦૪થી રાજય સરકારે કેટલો ખર્ચ કરેલ છે અને કેટલા લોકોને રોજી આપી શકવાના છો?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે સુરત અને અમદાવાદ ખાતે એપેરલ પાર્ક કરવાનું આયોજન કરેલ છે, જેમાં ગત એન.ડી.એ. સરકારે એપેરલ પાર્ક માટેની જે પ્રોત્સાહન યોજનાઓ જાહેર કરેલી એના ભાગરૂપે અને ડબલ્યુ.ટી.ઓ.ના જે રિલેક્ષેશન, ટૅક્સટાઈલની નિકાસ માટેની ઊજળી તકો જ્યારે ભારત માટે ઊભરી રહી છે ત્યારે ગુજરાત એમાં લિડિંગ રોલ ભજવી શકે એના માટે આ બંને પ્રોજૅકટોનું આયોજન કરવામાં આવ્યું છે.. સુરત ખાતેનો જે એપેરલ પાર્ક થશે એમાં સીધી કે આડકતરી લગભગ ૬૬,૦૦૦ જેટલા યુવાનો અને યુવતીઓને, મહદઅંશે મહિલાઓને રોજગારી મળવાની શક્યતા છે. જ્યારે અમદાવાદમાં જે એપેરલ પાર્ક થશે

અમદાવાદ જેનું એક જમાનામાં ટેક્ષ્ટાઈલ ક્ષેત્રે ગૌરવ હતું એ ગૌરવ અમદાવાદ શહેરને પરત અપાવવા માટે એપેરલ પાર્કનું આયોજન રાજય સરકારે કર્યું છે અને એના ભાગરૂપે મધ્યમ અને ગરીબ વર્ગના ૩૫૦૦૦ જેટલા યુવાન અને યુવતીઓને રોજગારી ઉભી થવાની શકયતા છે. સુરતમાં જે એપેરલ પાર્ક થઈ રહ્યો છે તેમાં ૬૧કરોડના મૂડી રોકાણનો અંદાજ છે. જ્યારે અમદાવાદમાં પ્રથમ તબક્કામાં ૪૦કરોડના મૂડીરોકાણનો અંદાજ છે. આ બંને એપેરલ પાર્ક બનાવવા માટેની જમીનનો પૂરેપૂરો ખર્ચ રાજય સરકારે ભોગવેલ છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : સુરત અને અમદાવાદમાં જે એપેરલ પાર્ક છે એમાં કેન્દ્ર સરકારે બંનેમાં ૧૭કરોડની સહાય આપી છે. હું આપના મારફત એ જાણવા માગું છું કે માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે બાકીના પૈસા રાજય સરકાર અને ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ આપવાના છે તો આમાં રાજય સરકારે કેટલા પૈસા રોક્યા અને રોકવાના છે. જી.આઈ.ડી.સી. કેટલા પૈસા રોકવાનું છે. બીજો પ્રશ્ન એ છે કે આ ૧૩૩૦૦૦ ચોરસ મીટર જમીનની ફાળવણી થઈ છે એ જમીન કયા ભાવે ઉદ્યોગકારોને આપવામાં આવી છે અને એ જમીન કોની પાસેથી અમદાવાદમાં લેવામાં આવી અને કુલ ચોરસવારના કેટલા પૈસા આપવામાં આવ્યા?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જ ણાવવા માગું છું કે એમણે જે કહ્યું કે કેન્દ્ર સરકારે ૧૭કરોડ બંને પાર્ક માટે આપ્યા છે પણ મારે જણાવવું છે કે સુરત ખાતે એપેરલ પાર્કના ૧૭કરોડ એન.ડી.એ. સરકારના વખતે મંજૂર થઈ ગયા છે. અમદાવાદનું રાજય સરકાર ખાતે પેન્ડીંગ છે એના પૈસા હજી મંજૂર થયા નથી.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** :આપે અમદાવાદ માટેની અરજી કયારે કરી?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : સુરત ખાતે ૬૧કરોડનો ખર્ચ છે એ રાજય સરકારે જમીન પેટે ૧૪કરોડ ખર્ચેલા છે. બાકીનો ખર્ચ ૧૭કરોડમાંથી પૂરેપૂરી રકમ હજી કેન્દ્ર સરકારે ચૂકવી નથી. બે હપ્તામાં ચૂકવવામાં આવ્યા છે. આગળની કાર્યવાહી ચાલે છે.બાકીના પૈસા જી.આઈ.ડી.સી. તરફથી જેમ જેમ ખર્ચ થતો જાય તેમ તેમ ભૌતિક સુવિધા બનાવવા માટે આપવામાં આવશે. અમદાવાદનો એપેરલ પાર્ક છે એમાં જયારે અંબિકા મિલની જમીનની હરાજી કરવામાં આવી ત્યારે સરકારે ઈનીશિયેટીવ લઈને ઓફિશીયલ લિકવીડેટર મારફત આ જમીન પેટે જી.આઈ.ડી.સી.ને પૈસા આપ્યા. ૧૫.૭૦હેકટર જમીન ૧૦૦૦ ના દરે કોર્ટ પાસેથી મેળવવામાં આવી છે. જેના પેટે પૂરેપૂરા રાજય સરકારે જી.આઈ.ડી.સી.ને આપ્યા છે. જેથી ૧૪.૮૦કરોડ જેટલી રકમ રાજય સરકારે આ પાર્ક માટે આપેલી છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : ભાવ શું છે?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : સુરત ખાતે જી.આઈ.ડી.સી. માટે પ્લોટનું એલોટમેન્ટ રાજય સરકારે ૬૫૦ચોરસ મીટરના ભાવથી ૧૩૩૦૦૦ ચોરસ મીટર જમીનનું એલોટમેન્ટ થઈ ગયું છે. ૧૦૦૦ થી ૪૦૦૦ મીટર સુધીના પ્લોટનું આયોજન કરવામાં આવ્યું છે અને જે અરજીઓ પેન્ડિંગ છે એ અરજીઓનો નિકાલ પણ કરવામાં આવી રહ્યો છે. અમદાવાદના એપેરલ પાર્ક માટે ખૂબ જ સારી પૂછપરછ છે અને અમદાવાદના એપેરલ પાર્કની ભૌતિક સુવિધા છે, એને ખૂબ ઝડપથી કાર્યાન્વિત કરવા માટેનું આયોજન છે. મે મહિના સુધીમાં પરિપૂર્ણ કરવાનું જી.આઈ.ડી.સી. મારફતે નક્કી કરવામાં આવ્યું છે અને એ પ્લૉટનું વિતરણ પણ કમિટી દ્વારા, જે કમિટીમાં એ.ઈ.પી.સી. ના પ્રતિનિધિ, જનરલ મેનેજર, રિજિયોનલ મેનેજર અને ડો. ભટ્ટાચાર્ય વગેરેની કમિટી દ્વારા આ એલોટમેન્ટ કરવામાં આવશે. અમદાવાદનો ભાવ હજુ નક્કી કરવામાં આવેલ નથી. ૬૫૦ નો ભાવ નક્કી કરવામાં આવેલ છે, એમાં ૧૮ માસમાં કાર્યાન્વિત કરવા માટે કોઈ પ્લૉટ હોલ્ડર નક્કી કરે તો વધારાના ૧૫૦ રૂપિયા આપવા પડે એ પ્રકારનું આયોજન છે.

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, સુરત ખાતે આજે ૬ અરજીઓ પેન્ડિંગ છે, તે કયા કારણોસર પેન્ડિંગ છે અને આ કાર્યવાહી ક્યારે કરવામાં આવશે. આ જે ૬ અરજીઓ પેન્ડિંગ છે, તે કયા એકમો માટે આવેલ છે.

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : ૩૦ અરજીઓનો નિકાલ કરેલ છે. ૬ અરજીઓ પેન્ડિંગ છે, તેમાં અરજદાર પાસેથી વધારાની વિશેષ માહિતી પસંદગી કમિટીએ માગેલ છે, એ માહિતી મળ્યેથી તરત જ નિકાલ કરવામાં આવશે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુરત માટે કેન્દ્ર સરકારે પૈસા મંજૂર કરેલ છે અને અમદાવાદ ખાતેના એપેરલ પાર્કના પૈસા માટેની જે રજૂઆત કરી છે, એ પેન્ડિંગ છે, તો અરજી ક્યારે, કઈ તારીખે કરવામાં આવી?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : આ અરજી નવેમ્બર-૨૦૦૪ માં કરવામાં આવેલ છે. આપણે ઑક્ટોબરમાં આ અંગેનો નિર્ણય કર્યો, એપેરલ પાર્કની જમીન મળી. ઑક્ટોબરમાં ખાતમુહૂર્ત કર્યુ અને ઈમર્જન્સીના ધોરણે ઝડપથી કાર્યાન્વિત કરવા માટેની કામગીરી કરી છે. સભ્યશ્રીઓને વિનંતી છે કે કેન્દ્ર સરકાર પાસે તમારી વગનો ઉપયોગ કરી ૧૭ કરોડની રકમ તાત્કાલિક છૂટી કરાવે.

## રાજય માનવ અધિકાર પંચની રચના

***૮૫૫૧ ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)**: તા. ૨૬-૨-૦૩ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તા.પ્ર.ક્ર. ૧૮૩ ( અગ્રતાક્રમ-૪૩)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :

રાજય સરકાર દ્વારા રાજય માનવ અધિકાર પંચની રચના કરવાની કાર્યવાહી હાલ કયા તબક્કે છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :**

કાર્યવાહી ગતિમાં છે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનવ અધિકાર પંચની રચના માટે રાજય સરકારની કોઈ દાનત હોય તેવું લાગતું નથી, એટલા માટે કે માનવ અધિકાર પંચ માટેની તમામ લોકોએ વારંવાર રજૂઆત કરી છે, આવેદન પત્ર આપ્યું છે. આ રચના કરવા માટેની તાત્કાલિક કાર્યવાહી કરવા માટેની સૈદ્ધાંતિક વાત કરી છે. છતાં.....

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ઉપર આવો.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનવ અધિકાર પંચની રચના કરવા માટેની કાર્યવાહી ગતિમાં છે તો સૈદ્ધાંતિક મંજૂરી ક્યારે આપી? ગતિમાં છે તો શું શું કર્યુ ? આ એમની ગતિ છે, તે ગતિ ક્યારે પૂરી થશે?

**શ્રી અમિત અ. શાહ** : આમ તો નિબંધ જેવો પ્રશ્ન પૂછ્યો છે. ગતિ હું એમને કહું, આ કાયદો ભારતની સંસદે ૧૯૯૩ માં પસાર કર્યો. ૧૯૯૩ માં કયા પક્ષની સરકાર હતી તે ચંદ્રિકાબેનને ખબર છે. ૧૯૯૩ માં કાયદો પસાર કર્યો. આ કાયદા પર કોઈ કાર્યવાહી જે તે સરકાર હતી તેણે ન કરી. સાહેબ પાછા ૧૯૯૭માં થોડોક ટાઈમ ટેકો ટેકો કરીને આવી ગયા તે વખતે કશું કર્યુ નહીં. ૧૯૯૩ થી ૧૯૯૭ સાંભળો બેન સાંભળો, હવે સાંભળો, જોરથી બોલવાથી વાત છૂપાઈ ન જાય, તમે બોલ્યા છો હું સાંભળતો હતો. હવે તમારે સાંભળવું પડશે. ૧૯૯૩ થી ૧૯૯૭ સુધી જે લોકો સત્તા પર હતા તે લોકો અમારા ઉપર આક્ષેપ કરે કે અમે કોઈ ઈનીશીયેટ ન લીધા. ૧૯૯૩ થી ૧૯૯૭ સુધી કોઈ પગલાં ભર્યા નહીં. ૧૯૯૮માં અમારી સરકાર આવી, સાંભળો ભાઈ, અમારી સરકારે નીતિ વિષયક નિર્ણય કર્યો કે માનવ અધિકાર પંચની રચના કરવાની છે. સાંભળો, તારીખો આપું છું. ૧૯૯૮માં માનવ અધિકાર પંચની રચના કરવાનો નીતિ વિષયક નિર્ણય કર્યો તે પછી કુદરતી આફતો, ધરતીકંપ, પૂર આવ્યા અને એ બધું થયું એટલે એમાં મોડું થયું છે. પરંતુ સાંભળો ૧૯૯૩ થી ૧૯૯૭ સુધી કશું ન કર્યુ. અમે જયાં સુધી માનવ અધિકાર પંચ ન બને ત્યાં સુધી એક માનવ અધિકાર સેલ માનવ અધિકાર પંચના જે કામે છે તે કામો કરવા આ સરકારની રચના થયા પછી તુરત જ ગૃહ વિભાગમાં કામમાં લીધો હતો. તે સેલ આજે માનવ અધિકાર પંચને લગતી બધી ફરિયાદોને એટેન્ડ કરવાનું કામ કરે છે. પરંતુ મેં તો જવાબ આપ્યો. અમારથી મોડું થયું છે તે કેમ થયું તે જણાવ્યું છે. હવે તો તમારે વિચારવાની અને આત્મચિંતન કરવાની જરૂર છે. ૧૯૯૩ થી ૧૯૯૭ માં આ રાજયમાં માનવ અધિકારનું શું થતું હતું?

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, માનવ અધિકાર પંચનો જે એકટ છે. આ માનવ અધિકાર પંચનો એકટ છે તેમાં મુખ્ય જોગવાઈ શું કરવામાં આવેલ છે?

**શ્રી અમિત અ. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, આ એકટની અંદર માનવ અધિકારને લગતા કોઈપણ પ્રશ્નો હોય તો તેને હાઈકોર્ટના નિવૃત્ત ચીફ જજ સ્તરના અધિકારીના અધ્યક્ષપણામાં, બાકીના બે જસ્ટીસ અને નીચલી કોર્ટના બે જસ્ટીસ એમ એક પંચ બનાવવામાં આવે છે અને તે પંચ તેના પર દેખરેખ રાખતું હોય છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, માનવ અધિકાર પંચ સમક્ષ સામાન્ય રીતે પોલીસ કસ્ટડી અને જેલ કસ્ટડીમાં મૃત્યુ પામેલાની વિગતો જતી

હોય છે. તો આવા દેશની અંદર પોલીસ કસ્ટડીમાં અને જેલ કસ્ટડીમાં કેટલા બનાવો બન્યા અને તેમાં ગુજરાતનો ક્રમ કેટલામો છે?

**શ્રી અમિત અ. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, આખા ગૃહને ગૌરવ થાય તેવા આપણા આંકડા છે. આપ બોલ્યા છો. હવે સાંભળો. શું તોફાની છોકરાની જેમ બોલ બોલ કરો છો. સાંભળો ન ગમતું હોય એટલે આવું બોલવાનું. ન ગમતું આવે એટલે બોલે રાખવાનું. સાહેબ માનનીય પ્રદિપસિંહજીએ પૂછ્યું છે તેનો જવાબ આપું છું. સાંભળો તો ખરા. એમણે આખા ભારતની સરખામણીમાં કહ્યું છે. આંધ્રપ્રદેશમાં પોલીસ કસ્ટડીમાં (અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા :**માનનીય અધ્યક્ષશ્રી, આ પેટા પ્રશ્ન છે?

**શ્રી અમિત અ. શાહ :** હા પેટા પ્રશ્ન છે.માનવ અધિકાર પંચના કામનો પ્રશ્ન છે. અમારા ઉપર આક્ષેપો થાય છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા :**માનનીય અધ્યક્ષશ્રી, આ પેટા પ્રશ્ન છે?

**અધ્યક્ષશ્રી :** માનવ અધિકાર પંચની વિગતો છે. તેમણે ઉદ્દેશો પૂછયા છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા :**માનનીય અધ્યક્ષશ્રી, અમારે આખા ભારતનું નથી સાંભળવું.

**શ્રી અમિત અ. શાહ :** પ્રશ્ન માનવ અધિકાર પંચની રચનાનો છે.

**અધ્યક્ષશ્રી :** ગૃહમાં મેં અવાર નવાર કહ્યું છે કે તમે પ્રશ્ન પૂછયો હોય અને તમારા મનમાં જે જવાબ હોય તેવો જવાબ મંત્રીશ્રી આપી ન શકે. જે જવાબ મળે તે સાંભળવો પડે. વારંવાર ઉભા થઈ જવાની ટેવ ન પાડો, પ્લીઝ.

**શ્રી અમિત અ. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, પેટા પ્રશ્ન સીધેસીધો પ્રશ્ન જોડે લાગુ પડતો છે. પોલીસ કસ્ટડીના ડેથ એ માનવ અધિકારની બાબત છે. (અંતરાય) ૨૦૦૧-૦૨ માં આંધ્રપ્રદેશમાં ૯૭ ડેથ પોલીસ કસ્ટડીમાં થયા છે. બિહારમાં ૧૪૬ ડેથ પોલીસ કસ્ટડીમાં થયા છે. હરિયાણામાં ૫૦, કર્ણાટકમાં ૫૦ અને મધ્યપ્રદેશમાં ૪૫ અને મહારાષ્ટ્રમાં તમારી સરકાર છે ત્યાં ૧૫૨,પંજાબમાં તમારી સરકાર છે ત્યાં ૭૭ અને ઓરિસ્સામાં ૫૬, ઝારખંડમાં ૫૯ અને ગુજરાતમાં ખાલી ૩૦ના મૃત્યુ થયાં છે અને એ ૩૦માંથી ૧૮ તો બિમારીના કારણે થયાં છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં માનવ અધિકાર ભંગના જેટલા બનાવો બન્યા છે એટલા આખા ભારતમાં બન્યા નથી, એટલા છેલ્લા ત્રણ વર્ષમાં બન્યા છે, એટલે માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું એ જાણવા માગું છું કે, માનનીય ધારાસભ્યશ્રીઓ પણ ફરિયાદ કરે છે, કે અમારા ટેલિફોન ટેપ થાય છે, અમારા જાનનું જોખમ છે તો પછી સામાન્ય માણસની તો વાત કયાં કરવી? અનેક ગામડાં એવાં છે કે, ત્યાં પોલીસ અત્યાચારો કરે છે એની ફરિયાદો થયેલી છે અને માનનીય મંત્રીશ્રી એમ જવાબ આપે છે કે, આખા ભારતના પ્રમાણમાં આપણી સ્થિતિ સારી છે તો હું એ જાણવા માગું છું કે, ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં માનવ અધિકાર ભંગના જે ગુનાઓ બન્યા છે અને એ માનવ અધિકાર ભંગની જે ઈનીશીયેટ થયેલા છે એ માનનીય મુખ્ય મંત્રીશ્રીથી શરૂ કરીને માનનીંય ગૃહમંત્રીશ્રી સુધી બધા લોકોએ કરેલા છે તો આ વિરુદ્ધમાં કોઈ તપાસ પંચ નીમીને સરકાર પગલાં લેવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનવ અધિકારના એટલા બધા જો બનાવો બન્યા હોય તો વિપક્ષના નેતાએ મને તો એકેય લખીને જણાવ્યો નથી, એટલે કાંતો એમની પાસે કોઈ જતું નથી, કાંતો બનાવો બનતા નથી. (અંતરાય). માનનીય અધ્યક્ષશ્રી,

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનવ અધિકારના કહ્યા, શરમથી તમારે બધાએ ડૂબી મરવું જોઈએ (અંતરાય).

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ખોટા ઊભા થઈ ગયા છે, મારો જવાબ ચાલુ છે, આ કઈ રીતે ગૃહ ચાલી શકે? આ તો વ્યવસ્થાનો પ્રશ્ન છે, અમે મારો જવાબ ચાલુ છે છતાં એ..માનનીય અધ્યક્ષશ્રી, આ તપાસ પંચનો સવાલ છે ત્યાં સુધી તપાસ પંચ કામ કરે જ છે, મારે તો એટલું જ કહેવું છે કે મુરબ્બી અમરસિંહભાઈ તો સ્વર્ગસ્થ થઈ ગયા છે એ સ્વ. અમરસિંહભાઈને દંડાસેનાનો ભય હતો, આ રાજયમાં બીજા કોઈને કોઈનો ભય નથી.

## છોટાઉદેપુર અને કવાંટ તાલુકામાં ચોરીના નોધાયેલા ગુના

***૯૦૮૯ શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) કૅલૅન્ડર વર્ષ ૨૦૦૪માં છોટાઉદેપુર અને કવાંટ તાલુકામાં કેટલા ચોરીના ગુન્હા નોંધાયા,
(૨) તેમાંથી કેટલા ગુન્હાઓનો ભેદ ખૂલ્યો, અને
(૩) વારંવાર ચોરીઓ થતી અટકાવવા પોલીસે શાં પગલાં લીધાં?

**માનનીય મુખ્ય મંત્રીશ્રી ( ગૃહ):**

(૧) છોટાઉદેપુર -૩૪
કવાંટ -૦૬

(૨) ૧૯.

(૩) સખ્ત નાઈટ પેટ્રોલિંગ કરવું, મિલકત વિરુદ્ધના અટકાયતી પગલાં ભરવા, ગુનેગારોને સખ્ત નસ્યત કરાવવા વગેરે પગલાં લેવામાં આવે છે.

**શ્રી શંકરભાઈ વી. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, છોટાઉદેપુર અને કવાંટ તાલુકામાં કુલ ચોરીના ૪૦ ગુના નોંધાયા, ચોરીના ગુનાનો ભેદ ઉકેલવો એટલે સોયના નાકામાં હાથી પસાર કરવા જેવી કપરી બાબત છે. રાજયના માનનીય ગૃહ મંત્રીશ્રીએ ૧૯ ગુનાઓ નિકાલ કર્યો છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું અને માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને એ પ્રશ્ન પૂછું છું કે, આ ૪૦ ગુનાઓમાં કુલ કેટલા આરોપીઓ સંડોવાયેલા છે, તે પૈકી કેટલા પકડાયા અને જે પકડવાના બાકી છે એ ન પકડાવાનાં કારણો શું છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, છોટાઉદેપુર અને કવાંટ તાલુકામાં કુલ ૪૦ ગુનાઓ નોંધાયેલા છે એમાંથી ૧૯ ગુનાઓનો ભેદ ખૂલ્યો છે, એમાં ૨૯ આરોપીઓ સંડોવાયેલા છે એ તમામની ધરપકડ થઈ ગઈ છે, બાકીના ગુનાઓની તપાસ ચાલુ છે, અને મોડસ ઓપરેન્ડટી ઉપરથી એવું દેખાય છે કે કોઈ એક બે ગૅન્ગોએ જ આ કામ કર્યુ છે અને ટૂંકસમયમાં અમે એમને પકડવા માટે કડક કાર્યવાહી ચાલુ કરી છે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જે ચોરીના ગુના કબૂલ્યા છે, પોલીસ દ્વારા ચોરી કરનાર જે વ્યકિત પકડાય તો એને જૂના જે ગુનાઓ હોય એ ગુનાઓ કબૂલવા માટે દાદાગીરીથી અને બળજબરીપૂર્વકથી એની પાસે કબૂલ કરાવવામાં આવે છે એ વિગતો સરકારશ્રી જાણે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : એવી કોઈ વિગતો કોઈએ ધ્યાન ઉપર મૂકી નથી અને એવું થતું પણ નથી.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા :** માનનીય અધ્યક્ષશ્રી, આ ચોરીમાં જે ગુનેગારો પકડાય છે એમાં ખરેખર રીઢા ગુનેગારો હોય જેવા કે એક-બે-ત્રણ વખત પકડાયા હોય એવા રીઢા ગુનેગારો હોય એની સામે રાજય સરકાર પાસાનો કે બીજો કોઈ કડક કાયદો લગાવી કાર્યવાહી કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ :** આ કરીએ જ છીએ અને આમાંથી ૬ ગુનેગારો ઉપર પાસા લગાડવામાં આવ્યો જ છે.

**શ્રી બચુભાઈ ખાબડ :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, છોટા ઉદેપુર અને કવાંટ તાલુકો મધ્યપ્રદેશની બોર્ડર નજીકના તાલુકા છે ત્યાં ચોરી ડામવા માટે કોઈ ખાસ યોજના બનાવેલ છે કે કેમ? બનાવેલ હોય તો વિગત જણાવે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ ધારાસભ્યશ્રીઓને સાથે રાખીને બોર્ડરના તાલુકાઓ અંગેની ગૃહ ખાતાની ચર્ચા કરી હતી એમાં બોર્ડર ઉપર બીજી ૬ નવી પોલીસ ચોકીઓ અને પોલીસ સ્ટેશન ચાલુ કરવાનો સરકારે નિર્ણય કર્યો છે.

## જૂનાગઢ જિલ્લામાં ગેરકાયદેસર રીતે ખનીજ ખોદાણ

***૮૪૫૮ શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)**: માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) જૂનાગઢ જિલ્લામાં ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગેરકાયદેસર રીતે ખનીજ ખોદાણના કેટલા કેસો પકડાયા,

(૨) ગેરકાયદેસર રીતે રોયલ્ટીની થતી ચોરીઓ સબબ રાજય સરકાર દ્વારા કઈ દંડાત્મક કાર્યવહી કરવામાં આવી છે,

(૩) આ સબબ આર્થિક દંડ કરાયો હોય તો કેટલા, અને

(૪) આ પ્રવૃતિને રોકવા માટે રાજય સરકાર ભવિષ્યમાં શી કાર્યવાહી કરવા માગે છે?

**ખાણ અને ખનીજ મંત્રીશ્રી :-**

(૧), (૨) અને (૩) જૂનાગઢ જિલ્લામાં ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં ગેરકાયદેસર રીતે ખનીજ ખોદકામના ૪૩ કેસો અને ગેરકાયદેસર ખનીજ વહનના ૩૨૬ કેસો પકડવામાં આવેલ છે. ગેરકાયદેસર ખનીજ વહનના ૩૨૬ કેસો તથા ગેરકાયદેસર ખનીજ ખોદકામના ૨૭ કેસોમાં કસુરદારોએ ગુનાની કબૂલાત કરી કેસ સમાધાન માટે સંમત થતાં સમાધાન માટે કુલ રૂા. ૧૫,૬૨,૩૨૮ ની રકમનો

દંડ વસુલ કરવામાં આવેલ છે. જયારે ગેરકાયદેસર ખનીજ ખોદકામના અન્ય ૧૩ કેસોમાં લેન્ડ રેવન્યુ કોડ હેઠળ તથા બીજા ૩ કેસોમાં પોલીસ ફરિયાદ પણ કરવામાં આવેલ છે.

(૪) જિલ્લામાં આવી ગેરકાયદેસર ખનીજ ખોદકામની પ્રવૃતિ રોકવા સઘન અને ઓચિંતું ચેકિંગ કરી કાયદા અને નિયમોની જોગવાઈ હેઠળ દંડનીય કાર્યવાહી કરવામાં આવે છે.

રાજયમાં ખનિજના ગેરકાયદેસર ખોદકામ, વહન અને સંગ્રહની પ્રવૃતિઓ ઉપર અસરકારક અંકુશ આવી શકે તે માટે એમ.એમ.આર.ડી. એકટ ૧૯૫૭ની કલમ ૨૩ સી હેઠળ રાજય સરકારને મળેલ સત્તાઓ અન્વયે નિયમો બનાવી પ્રસિધધ કરવામાં આવી રહેલ છે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે, જૂનાગઢ જિલ્લામાં ખનીજ ખોદકામના કુલ ૪૩ કેસોમાં ૨૭ લોકોએ ગુનો કબૂલ કર્યો છે, દંડ કર્યો છે અને ૩ ઉપર પોલીસ કેસ થયો છે, ૧૩ કેસોમાં લેન્ડ રેવન્યુ કોડ હેઠળ પગલા લીધા છે. આ જે બાકી રહે છે એની સામે પણ ઘણાં સમયથી આ કેસ પેન્ડીંગ હોય એની સામે પોલીસ કેસની કાર્યવાહી કરવા માગો છો કે કેમ? છેલ્લા બે વર્ષમાં ખનીજ ખોદાણ અંગે કોઈ લેખિત ફરિયાદ મળી છે કે કેમ? ત્રીજું ખાણ ખનીજના ગેરકાયદેસર ખનીજ ચોરીના હાલના નિયમો કયા છે અને હવે નવા નિયમો બનાવવા માગો છો અને જે પ્રસિધ્ધ કરવા માગો છો એ કયા છે?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, ખાણ ખનીજ ખોદકામમાં જે કોઈ ગેરરીતિ થતી હોય એના માટે વિભાગ દ્વારા ચેકીંગ થાય છે અને ચેકીંગ કર્યા પછી પકડાયેલા કસૂરવારો સામે અલગ અલગ પ્રકારની કાર્યવાહી કરવાની જરૂરી હોય છે એ અનુસાર એમની સામે દંડનીય કાર્યવાહી, લેન્ડ રેવન્યુ કોડ હેઠળની કાર્યવાહી અને પોલીસ કેસની કાર્યવાહી કરવામાં આવે છે. આમાં એકના એક ગુનેગાર વારંવાર આ કાર્ય કરતા પકડાય તો, એટલે કે રિપિટેડ ગુનેગાર પકડાય તો એની સામે પોલીસ કેસ કરવા માટેની જોગવાઈ છે. બીજું નિયમોની વાત છે એ ખાણ ખનીજના નિયમો છે એ નિયમો મંજૂર થયેથી એની પ્રસિધ્ધિ આપવામાં આવશે. ખાણ ખનીજની ગેરરીતિ અંગે વારંવાર જયારે પણ રજૂઆત થાય છે ત્યારે તાત્કાલિક જ કલેકટરશ્રી તેમજ સ્કવોડ મારફત એની તપાસની કામગીરી કરી ગુનેગારો અને કસૂરવારોને પકડવા માટેની તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે છે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ :** માનનીય અધ્યક્ષશ્રી, માળિયા હાટીના અને ચોરવાડ મુકામે દરિયા કાંઠાની રેતીનું ખોદકામ કરવામાં આવે છે એ અંગે સંકલન સમિતિમાં ત્રણ વખત પ્રશ્ન પૂછયો છે, ત્રણેય વખત સ્પેસિફિક ડેપ્યુટી કલેકટરની તપાસ નીમી છે. આ જગ્યાએ દરિયા કાંઠાના પાણી ગામમાં આવે એવી પરિસ્થિતિ છે, તેમ છતાં આ માથાભારે માણસ છે એ રોજના ૫૦ ટ્રક રેતી લઈ જાય છે, એની સામે કાર્યવાહી કરવાનો કોઈ રિપોર્ટ થયો નથી. ત્રણ વખત સંકલન સમિતિમાં ફરિયાદ કરવા છતાં ગઈ વખતની સંકલન સમિતિમાં હજુ નિર્ણય આવ્યો નથી. મેં આપને પણ ફરિયાદના રૂપમાં અવાર-નવાર ત્રણ વખત ફરિયાદ કરી છે. અહીંથી કોઈને મોકલીને તપાસ કરાવો કેમ કે, આ કૃત્ય રોકવામાં નહીં આવે તો સો ટકા દરિયાના પાણી ગામમાં આવશે ત્યારે એને કોઈ રોકી નહીં શકે. તો આની સામે કોઈ કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની ચિંતા સમજી શકાય એવી છે. કોઈપણ ગેરકાયદેસર કૃત્યને વિભાગ ચલાવી લેવા માગતું નથી અને એમાંય ખાસ કરીને જ્યારે આ પ્રકારના ખારાશ કે દરિયાનું પાણી અંદર આવવા માટેની વાત હોય ત્યારે આ અંગે પણ કડકમાં કડક સૂચના આપી અને આ પ્રકારની ગેરકાયદેસર કામગીરી ન થાય એ માટે જરૂરી સૂચના આપવામાં આવશે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : અહીંયાથી તંત્રને મોકલીને, અમારે કોઈ તમારી સામે આક્ષેપ કરવા નથી. તમને પણ ખોટા માર્ગે દોરવામાં આવ્યા છે અને કલેકટરશ્રીને પણ ખોટા માર્ગે દોર્યા હતા. એટલે કેશોદના એડિશનલ કલેકટરશ્રીને મોકલ્યા અને એમણે રિપોર્ટ આખો આપ્યો, ત્યાં આખી વાત જુદી થઈ છે. તમે બે માણસને મોકલીને તપાસ કરાવો. કારણકે ત્યાં હડતાલ પણ પડી છે.

**અધ્યક્ષશ્રી** : બાબત બહુ ગંભીર લાગે છે. માનનીય મંત્રીશ્રી, આપ અંગત રીતે જરૂરી તપાસ કરાવો.

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : આ અંગે જરૂરી તપાસ કરવામાં આવશે.

**શ્રી રતિલાલ ગો. સુરેજા** : જુનાગઢ જિલ્લામાં ખનિજોની જે ચોરી થાય છે એના માટે સરકારે જે પગલાં લીધા છે એના પરિણામો શું આવ્યા એ હું જાણવા માગું છું.

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** :ખાણ ખનિજમાં ગેરરીતિ ન થાય એના માટે વિભાગ દ્વારા જે પગલાં ભરવામાં આવ્યા છે એના કારણે જુનાગઢ જિલ્લાની ખાણ ખનિજની જે આવક છે એમાં સતત વધારો થયેલ છે દા.ત. ૨૦૦૨-૦૩ માં ૨૯ કરોડ ૬૦ લાખની આવક થઈ હતી એ ૨૦૦૩-૦૪ માં ૩૨.૬૧ કરોડની આવક થઈ છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : જુનાગઢ જિલ્લાનો આ ગેરકાયદેસર ખનિજ રોયલ્ટીની ચોરીનો વિષય ગંભીર ચિંતાનો છે. ચાર વર્ષથી જેસાભાઈએ જેમ કહ્યું એ પ્રમાણે એક ધારાસભ્ય તરીકે ફરિયાદ સમિતિની અંદર પ્રશ્ન રજૂ કરીએ કે સો એન્ડ સો જગ્યાએ ગેરકાયદેસર ખનિજનું ખોદકામ થાય છે, ફરિયાદ સમિતિમાં પ્રશ્ન આવે એટલે સ્થળ પર તરત કામ બંધ થઈ જાય અને ફરિયાદ સમિતિમાં પ્રશ્ન અંતિત થાય એટલે ઓન ધ સ્પોટ બે કલાકની અંદર ફરી કામ શરૂ કરવામાં આવે, ચાર વર્ષથી રજૂઆત કરતા આવ્યા છીએ, છતાં અમારા વિસ્તારમાં ઉના તાલુકાની અંદર કલેકટર અને પ્રાંત અધિકારી વેરાવળને હું ધન્યવાદ પાઠવું છું કે છેલ્લાં દશ દિવસ પહેલાં ત્યાં પોલીસ પાર્ટીની રેડ નાંખીને ૪૯ લાખ રૂપિયાની રોયલ્ટીની ચોરી પકડી છે, ચાર વર્ષથી રજૂઆત કરવા છતાં ન કર્યુ એટલે માનનીય મંત્રીશ્રીને સ્પષ્ટ કહેવા માગું છું કે, જુનાગઢ ખાણ ખનિજના અધિકારીઓ અને એ ઓફીસની સાંઠગાંઠને કારણે જુનાગઢ જિલ્લામાં આ ખનિજ ચોરીનું એક મોટું ષડયંત્ર ચાલે છે એટલે એના જવાબદાર અધિકારીઓ સામે તમે પગલાં લેવા માગો છો કે નહિ?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : રાજ્ય સરકાર કોઈપણ રીતે ખાણ ખનિજની રોયલ્ટીની ચોરીને કે કોઈ ગેરકાયદેસર કામગીરીને ચલાવી લેવા માગતી નથી. સભ્યશ્રીએ જે વાત કરી એ પણ રાજય્ સરકારની કામગીરીના અને રાજ્ય સરકારની સૂચનાઓના પરિપાકરૂપે જ આ કામગીરી કરવામાં આવી છે. હું માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે આવા કોઈપણ કેસીસ આપના તરફથી જો જણાવવામાં આવશે તો એના માટે રાજ્ય સરકાર કડકમાં કડક પગલાં લેતા પણ અચકાશે નહિ કારણકે રાજ્ય સરકારનો એ અભિગમ પણ છે

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય મંત્રીશ્રીએ એમ કહ્યું કે ધારાસભ્યશ્રી આવું આપશે તો તપાસ થશે હું ચાર વર્ષથી રજૂઆત કરતો આવ્યો છું કલેકટરશ્રી પાસે આમાં સમગ્ર તપાસ અને રિપોર્ટ મંગાવી ઓન પેપર સીધા અધિકારીઓ જે જવાબદાર છે આમાં, કલેકટરશ્રીની સૂચનાઓ પછી પણ નથી કરવામાં આવ્યું, તો તપાસ કરીને જવાબદાર અધિકારીઓ સામે કોઈ પગલાં લેવા માગો છો કે નહિ?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : કોઈપણ અધિકારી આમાં જો ગુનાહિત કૃત્ય કરતો માલૂમ પડશે તો એ અંગે રાજ્ય સરકાર કડકમાં કડક પગલાં ભરશે.

## ચોમાસા દરમિયાન સરદાર સરોવર બંધમાંથી પાણીનો ઓવર ફલો

***૯૧૦૭ શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)**: માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે,

(૧). ૨૦૦૪ના ચોમાસા દરમિયાન સરદાર સરોવર બંધમાંથી કેટલા સમય માટે પાણીનો ઓવર ફલો ચાલુ રહ્યો, અને

(૨). તા.૧-૧-૨૦૦૪ થી તા.૩૧-૧૨-૦૪ના સમયગાળા દરમિયાન કેટલા પ્રવાસીઓએ બંધના સ્થળની મુલાકાત લીધી ?

**મુખ્યમંત્રીશ્રી (નર્મદા) :**

(૧). ૨૦૦૪ના ચોમાસા દરમિયાન સરદાર સરોવર ઓવરફલો તા.૬-૮-૨૦૦૪થી તા.૧૮-૧૦-૨૦૦૪ સુધી ચાલુ રહ્યો.

(૨). ૪,૫૬,૬૪૨ પ્રવાસીઓએ બંધના સ્થળની મુલાકાત લીધી હતી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માંગુ છું કે, કેવડિયા ખાતે સરદાર સરોવર ડૅમ અને તેની સાથે અન્ય બીજા કોઈ સ્થળો તે પ્રવાસનની આખી સર્કિટ બનાવીને આપણે તેને પ્રોજેકટ કરવા માગીએ છીએ કે કેમ? સાથે સાથે આ વર્ષે નાયગ્રા ફૉલ્સ જેવી સરદાર સરોવર ઉપર સ્થિતિ હતી અને તેમાં બહુ મોટી સંખ્યામાં લગભગ સાડા ચાર લાખ લોકોએ આ બંધની મુલાકાત લીધી તો આને કાયમી પ્રવાસન સ્થાન તરીકે રાજય સરકાર વિકસાવવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, કેવડિયા ખાતે ૧૪ એવા સ્થળો છે કે જેની મુલાકાત લેવા માટે ગયા વર્ષે સાડા ચાર લાખ લોકો આવ્યા. તેમાં પહેલાં એક વ્યુ પોઈન્ટ હતો. લોકોની સગવડતા ખાતર બીજા ત્રણ વ્યુ પોઈન્ટ અમે બનાવ્યા છે. એક વડગામ સરોવર છે. રોક ફિલ્ડ તળાવ છે તે પણ જોવા લાયક છે. બાર ફળિયા સરોવર છે, રોક ફિલ્ડ તળાવ ૨, પંચમુલી સરોવર છે, ખલવાણી સરોવર છે, ગોરબેલે દરવાજા પાસેનું સ્થળ છે અને હેડ રેગ્યુલેટર તે પણ એક જોવા લાયક સ્થળ છે. આ ઉપરાંત સુરપાણેશ્વર મંદિર, આદિતેશ્વર અને ગરુડેશ્વર. માનનીય સભ્યશ્રીનો બીજો સવાલ છે આ અંગે કેવડિયાને કાયમી પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે નિગમે સેપ્ટ સંસ્થાને Centre for Environment Planning and Technology આ સંસ્થા દ્વારા માસ્ટર પ્લાન બનાવવામાં આવેલો છે. તેમાં હોટલો, કોટેજો, હયાત રહેણાંકોના મકાનોનું સુધારીકરણ, કેમ્પીંગ માટેના સ્થળો, રમત-ગમત અને આનંદ પ્રવૃત્તિ માટેનાં સ્થળો જેવાં કે વોટર પાર્ક, લેઝર પાર્ક, બોટોનીકલ ગાર્ડન, સરોવરોનો વિકાસ, ટેકરીઓ ઉપર ટ્રેકીંગ, યોગ સેન્ટર, મુલાકાતીઓ માટે રહેવાના સ્થળ, સંકલન પરિષદ માટેના સેન્ટર વગેરેને વિકસાવવાના પણ આયોજન છે. આ વિકાસના કામો માટે હાલ

પ્રાપ્ત જમીનનાં હેતુફેરની કામગીરી પણ પૂરી થયે સત્વરે ખાનગી સાહસિકો પાસેથી અમે દરખાસ્ત મંગાવવાના છીએ. આમ તમામ પ્રોજેકટો અમલમાં આવતા ૧૫૦ થી ૨૦૦ કરોડ રુપિયાનું રોકાણ ખાનગી સાહસિકો કરી શકે અને વિપુલ પ્રમાણમાં આજુબાજુના આદિવાસીઓને રોજગારી પણ મળી શકશે.

**શ્રી સી. ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા જાણવા માગું છું અને અભિનંદન પણ આપવા માગું છું કે, નર્મદા જેવું આ પવિત્ર સ્થળ અને ત્યાં આગળ આટલા બધા પ્રવાસીઓ વર્ષ દરમિયાન મુલાકાત લે અને તેને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા માગે છે, ત્યારે ત્યાં આગળ જે રોકાણકારો આવવાના છે તેને પ્રવાસનની નીતિ અનુસાર વધુ શું ઈન્સેન્ટીવ આપવા માગે છે કે જેના કારણે ત્યાં પ્રવાસન ઉદ્યોગનો વિકાસ થાય. આવી કોઈ યોજના વિચારી છે કે કેમ? તેમ હોય તો પ્રવાસન નીતિમાં શું ઉમેરો કરવા માગે છે તે જણાવે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ અંગે નિગમે અને રાજય સરકારે આ આખાય પ્રવાસન ધામનો વિકાસ કરવા માટેની નીતિ બનાવી છે, સમિતિ બનાવી છે અને ગરુડેશ્વર, ઋષિકેશ અને લક્ષ્મણઝુલાનો ત્યાં જેવી રીતે તેનો વિકાસ થયો છે એવી રીતે અહીંયા પણ વિકાસ થાય અને અહીંયા ૨ થી ૧૦ મીટરનું પાણી ભરાઈ રહે તે પ્રકારનું weir બાંધવાનું પણ નક્કી કર્યું છે. આ ઉપરાંત માનનીય સભ્યશ્રીએ પૂછયું છે તેમાં કેવડિયા ખાતે આસપાસના વિસ્તારનો આયોજનબધ્ધ વિકાસ થાય તે માટે સરકારશ્રીએ વિકાસ સત્તા મંડળની સ્થાપના પણ કરી છે અને તેને આધારે આખાય વિકાસ નકશાનો અભ્યાસ કરીને નજીકના દિવસોમાં નદીનાં બન્ને કિનારા ઉપરનાં વિકાસ માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે પાણી ઓવર ફલો થયું અને ઘણું બધું વહી ગયું, તો એ પાણી રાજય સરકારે ડાયવર્ટ કર્યુ હતું કે કેમ? કર્યુ હોય તો બંધના કેટલા દરવાજા ખોલેલા અને કેટલા સમય માટે ખોલેલા?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : ઓવર ફલો થયેલું પાણી નીચવાસમાં નીચે જ જાય છે. ઓવરફલો પાણીનો તેમનો પ્રશ્ન હતો. બાયપાસ કેનાલમાંથી કાઢીને કડાણા ખાતે ખેતી માટે અને પીવાના પાણી માટે આપ્યું છે. એ વખતે તો બનાસ સુધી આ જ પાણી પહોંચાડી શકયા છીએ.

## ઈન્ડિયા રીઝર્વ બટાલીયન રચવાની રાજય સરકારની દરખાસ્તો અંગે.

***૯૧૦૦ શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ):** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે

(૧) ઈન્ડિયા રીઝર્વ બટાલીયન રચવાની રાજય સરકારની દરખાસ્ત કેન્દ્ર સરકારે સ્વીકારી હોવાની હકીકત સાચી છે કે કેમ?

(૨) જો હા, તો કેટલી બટાલીયન રચવામાં આવશે, અને

(૩) આ બટાલીયનની રચના પાછળ થનાર ખર્ચ પેટે કેન્દ્ર સરકાર કેટલી રકમ ચૂકવનાર છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)**

(૧) હા,જી.

(૨) બે

(૩) એક બટાલીયન માટે રૂા. ૧૩ કરોડ

**શ્રી વજુભાઈ પ. ડોડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂરક પ્રશ્ન પૂછવા માગું છું કે ઈન્ડિયા રિઝર્વ બટાલીયન સ્ટાફ પેટર્ન શું છે? એની કામગીરી કયા પ્રકારની છે? આ સંદર્ભમાં બીજો પ્રશ્ન છે કે આ બટાલીયનની રચના માટે રાજય સરકારે કેન્દ્ર સરકારને કયારે દરખાસ્ત કરી હતી? તે દરખાસ્તને કયારે મંજૂરી મળી? અને એની રચના કયારે કરવામાં આવી?

**શ્રી અમિત અ. શાહ** : ઈન્ડિયા રીઝર્વ બટાલીયનની સ્ટાફ પેટર્ન આ મુજબ છે. ૧ કમાન્ડન્ટ, ૩ આસીસ્ટન્ટ કમાન્ડન્ટ, ૧ નાયબ પોલીસ અધિકારી, ૭ પોલીસ ઈન્સ્પેકટર, ૨૩ પોલીસ સબ ઈન્સ્પેકટર, ૬૭૫ હેડ કોન્સ્ટેબલ બાકી બધા કૂક, સ્વીપર વગેરે છે, પરંતુ કુલ ૯૬૩ લોકો આ બટાલીયનમાં રહેવાના. વાયરલેસ અને સંદેશાવ્યવહાર ૩૩ અને તબીબો ૪ રહેવાના. ઈન્ડીયા રીઝર્વ બટાલીયનની કામગીરી કાયદો અને વ્યવસ્થાની અસરકારક જાળવણી માટે તેની રચના કરવાની છે, પરંતુ ૫ વર્ષ સુધી એની કામગીરી માટે કેન્દ્ર સરકારને પ્રાયોરિટી આપવાની છે. આ એક શરત છે. આ બટાલીયનની રચના માટે રાજય સરકારે ૧૯૯૨ ના પત્રથી દરખાસ્ત કરેલી અને તેને ૪/૭/૨૦૦૨ ના દિવસે મંજૂરી મળી ગઈ છે અને તરત જ એની રચના કરવાની કામગીરી આપણે શરૂ કરી દીધી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ઈન્ડીયા રીઝર્વ બટાલીયન કયા કયા સ્થળે સ્થાપવામાં આવેલી છે? બીજું કે રાજયના પોલીસ દળને વધુ સક્ષમ બનાવવા માટે રાજય સરકાર પોલીસ અનામત દળની વધારાની કોઈ બટાલીયન સ્થાપવા માગે છે કે કેમ? અને પોલીસ ખાતામાં નવી ભરતી કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : હમણાં જ ૨૦૦૩માં રાજય સરકારે સળંગ ૫ વર્ષ ૫ નવી એસ.આર.પી.બટાલીયન ઉભી કરવાનો નિર્ણય કર્યો છે. એક કેવડીયા ખાતે અને બીજી ઓ.એન.જી.સી.,વડોદરા તથા ત્રીજી સુરત ચોકી ઉપર. આ ત્રણ જગ્યા નકકી થઈ ગઈ છે, બાકીની ૨ જગ્યા નકકી કરવાની બાકી છે. આ ૨ ઈન્ડીયા રીઝર્વ બટાલીયન ઉભી કરવાની છે, એની પણ જગ્યા નકકી કરવાની, સ્થાન નકકી કરવાનું હજુ બાકી છે.

## વિરમગામ, દેત્રોજ અને માંડલ તાલુકામાં નર્મદાના પાણીથી તળાવો ભરવાનું આયોજન

***૮૬૦૩ શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)**: માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે-

(૧) વિરમગામ, દેત્રોજ અને માંડલ તાલુકામાં આગામી ઉનાળામાં નર્મદાના પાણીથી તળાવો ભરવાનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે?

**મુખ્યમંત્રીશ્રી (નર્મદા):**

(૧) ના, જી. પરંતુ જૂન-૨૦૦૬ થી નહેરોના કામો તબકકાવાર પૂર્ણ થતાં યોજનામાં પાણીની ઉપલબ્ધી અને માગણીને અનુલક્ષીને તળાવો ભરી શકાશે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : પ્રથમ તો રાજય સરકારને અભિનંદન આપી આભાર માનું છું કે મારા મત વિસ્તારમાં આગામી વર્ષે નર્મદાના પાણીથી તળાવો ભરવા સંમતિ આપી છે. હું એ જાણવા માગું છું કે મારા મત વિસ્તારમાં માંડલ અને દેત્રોજ તાલુકામાં નહેરોના બાંધકામની પરિસ્થિતિ શું છે? એ કયારે પરિપૂર્ણ કરવામાં આવશે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : દેત્રોજમાં ૪ શાખા પસાર થાય છે. વિરમગામ શાખા નંબર-૨, એમાં પિયત વિસ્તાર છે ૧૪૭૨૧, ૯ તળાવો ભર્યા છે, ૧૭ ગામો આવે છે. બાંધકામની પરિસ્થિતિ ૩૭.૫ કિલોમીટર લંબાઈમાં માટીકામ પૂર્ણ થયેલ છે. બાકીનું કામ પ્રગતિમાં છે. ૨૦૦૫-૦૬ માં પૂર્ણ થશે. ગૌરૈયા શાખા બીજી છે એનું કામ નવેમ્બર ૨૦૦૪ થી શરુ થયું છે. માટીકામ ૬ કિલોમીટર સુધી છે અને ૨૦૦૫-૦૬ માં એ પૂરું થશે. ખારાઘોડા શાખાનું કામ પણ ૨૦૦૫-૦૬ માં પૂરું થશે. ઝીંઝુવાડા શાખાનું માટીકામ પૂર્ણ થયેલ છે, લાઈનીંગનું કામ ૩૫ કિલોમીટર સુધી થયું છે અને એ પ્રગતિમાં છે અને એ પણ ૨૦૦૫-૦૬ માં પૂર્ણ થશે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો
## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### લીગ્નાઇટ ખનીજની રોયલ્ટીનો દર અને આવક

૯૮૦૫ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્ર સરકાર દ્વારા લિગ્નાઇટ ખનીજની રોયલ્ટી જાન્યુઆરી-૦૫ની સ્થિતિએ કયા દરે આપવામાં આવે છે, | (૧) કેન્દ્ર સરકાર દ્વારા લિગ્નાઇટ ખનીજની રોયલ્ટી આપવામાં આવતી નથી, પરંતુ રોયલ્ટીના દર નક્કી કરવામાં આવે છે. કેન્દ્ર સરકારે તા. ૧૫-૩-૦૧ થી લીગ્નાઇટ ખનિજની રોયલ્ટીનો દર પ્રતિ મે. ટન રૂા. ૫૦/- નક્કી કરેલ છે. જે હાલમાં પ્રવર્તમાન છે. |
| (૨) તે અન્વયે ૨૦૦૩/૦૪ અને ૨૦૦૪/૦૫ના વર્ષમાં ૩૧મી ડીસે. ૦૪ સુધીમાં રોયલ્ટી પેટે રાજ્ય સરકારને કેટલી રકમ ક્યારે મળી, અને | (૨) તે અન્વયે વર્ષ ૨૦૦૩/૦૪ અને ૨૦૦૪/૦૫ માં ૩૧મી ડીસેમ્બર ૨૦૦૪ સુધીમાં લીગ્નાઇટ ખનીજના પટેદારો પાસેથી રોયલ્ટી પેટે રાજ્ય સરકારને નીચે મુજબની રકમ મળેલ છે.<br>વર્ષ ૨૦૦૩-૦૪ રૂા. ૫૨,૭૪,૭૯,૬૮૭/-<br>વર્ષ ૨૦૦૪-૦૫ રૂા. ૩૦,૮૯,૬૭,૭૨૦/-<br>(ડિસેમ્બર-૦૪ સુધી) |

કુલ રૂા. ૮૩,૬૪,૪૭,૪૦૭/-

(૩) આ રોયલ્ટીમાં વધારો કરવા રાજ્ય સરકારે કેન્દ્રમાં ક્યારે ક્યારે રજૂઆતો કરી ?

(૩) કેન્દ્ર સરકાર ત્રણ વર્ષના સમયગાળામાં એક જ વાર રોયલ્ટીના દરમાં વધારો કરી શકે તેવી જોગવાઇ માઇન્સ એન્ડ મીનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ-૧૯૫૭માં છે. તા. ૧૫-૩-૦૧થી છેલ્લે લીગ્નાઇટ ખનીજના રોયલ્ટીના દરોમાં વધારો કરવામાં આવેલ છે. એક્ટની જોગવાઇ મુજબ તારીખ ૧૫-૩-૦૪ પછી લીગ્નાઇટ ખનિજના રોયલ્ટી દરમાં વધારો ડ્યુ થતો હોઇ, કેન્દ્ર સરકાર દ્વારા આ માટે કમીટીની રચના કરવામાં આવેલ છે અને તાજેતરમાં ફેબ્રુઆરી માસમાં રાજ્ય સરકારના આ બાબતે કેન્દ્ર સરકાર દ્વારા (મંતવ્યો માંગેલ છે. જે ટૂંક સમયમાં કેન્દ્ર સરકારને રજુ કરવામાં આવનાર છે.

----------

## દાંતા, અમીરગઢ અને પાલનપુર તાલુકામાં તત્કાળ વીજ જોડાણ યોજના અન્વયેની મળેલ અરજીઓ

**૯૮૨૦ શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા) જણાવવા** કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તત્કાળ વીજ જોડાણ યોજના અંતર્ગત ખેતી વિષયક વીજજોડાણો વિલંબમાં પડ્યાની વાત સરકાર જાણે છે,

(૨) સને ૨૦૦૩ અને ૨૦૦૪ની સાલમાં તત્કાળ વીજ જોડાણ યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના દાંતા, અમીરગઢ અને પાલનપુર તાલુકામાં ખેતી વિષયક વીજ જોડાણો મળવાની કેટ કેટલી માંગણીઓ આવી,

(૩) આવેલ માંગણીઓ પૈકી તાલુકાદીઠ કેટ કેટલાં વીજજોડાણો અપાયાં, અને

(૪) બાકીના માંગણીદારોને ક્યાં સુધીમાં વીજ જોડાણો આપવાની સંભાવના છે ?

**જવાબ**

(૧) હાલમાં તત્કાલ વીજજોડાણ યોજના અંર્તગત મળેલ અરજીઓના જોડાણ આપવા અંગેની પ્રક્રિયા ચાલુ છે.

(૨) (૩) અને (૪)

| | વર્ષ-૨૦૦૩ | | વર્ષ-૨૦૦૪ | |
|---|---|---|---|---|
| તાલુકો | નોંધાયેલ અરજીઓ | આપેલ વીજ જોડાણની સંખ્યા | નોંધાયેલ અરજીઓ | આપેલ વીજ જોડાણની સંખ્યા |
| દાંતા | ૮૩ | ૩૪ | ૧૫૨ | ૬ |
| અમીરગઢ | ૯૩ | ૪૨ | ૨૫૦ | ૦ |
| પાલનપુર | ૩૪૮ | ૧૮૨ | ૩૩૭ | ૦ |
| કુલ | ૫૨૪ | ૨૫૮ | ૭૩૯ | ૬ |

વર્ષ-૨૦૦૩માં નોંધાયેલ અરજીઓ પૈકી રદ/અમાન્ય થયેલ અરજી સિવાય તમામ અરજદારોને વીજજોડાણ આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૪ પૈકીની અરજીઓમાં નાણા ભરપાઈ થયેલ ૨૦ કેસોમાં નિયત સમયમર્યાદામાં તથા બાકી કેસોમાં અંદાજપત્ર આપ્યા બાદ નાણાં ભરપાઈ થયેથી શકય તેટલા વહેલા.

----------

## રાજ્યની સ્થાપિત વીજ ક્ષમતા અને તેમાં વધારો કરવાનું આયોજન

૮૧૩૫ **શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) : જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ રાજ્યની સ્થાપિત વીજક્ષમતા કેટલી છે, અને | (૧) વીજ ઉત્પાદન ક્ષમતા ૮૬૮૩ મે. વો. |
| (૨) દશમી/અગિયારમી પંચવર્ષીય યોજનામાં સ્થાપિત વીજ ક્ષમતા વધારવા શું આયોજન છે? | (૨) કુલ ૧૫૩૩૪ મે. વો. વીજ ક્ષમતા ઉમેરવાનું આયોજન છે. |

------------

## ફોરેન્સીક લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યના અધિકારીઓને તાલીમ

૯૭૮૦ **શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા (મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) : જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોના અધિકારીઓને તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેલેન્ડર વર્ષ ૨૦૦૩ અને ૨૦૦૪માં કયા રાજ્યના કેટલા અધિકારીઓને તાલીમ આપવામાં આવી ? | (૨) કેલેન્ડર વર્ષ ૨૦૦૩-૨૦૦૪માં યોજાયેલ તાલીમમાં જે રાજ્યોમાંથી ફોરેન્સીક નિષ્ણાતો તથા પોલીસ અધિકારીઓ હાજર રહેલ છે. તેની વિગત નીચે મુજબ છે. |

| અ.નં | રાજ્યનું નામ | ૨૦૦૩ | ૨૦૦૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧. | આંધ્રપ્રદેશ | ૪ | ૩ | ૭ |
| ૨. | ઓરીસ્સા | ૨ | ૩ | ૫ |
| ૩. | છત્તિસગઢ | -- | ૨ | ૨ |
| ૪. | કર્ણાટક | -- | ૧ | ૧ |
| ૫. | તામીલનાડુ | ૨ | ૨ | ૪ |
| ૬. | પશ્ચિમ બંગાળ | ૧ | -- | ૧ |
| ૭. | પંજાબ | ૨ | ૩ | ૫ |
| ૮. | હરિયાણા | ૩ | ૫ | ૮ |
| ૯. | બિહાર | -- | ૨ | ૨ |
| ૧૦. | મધ્યપ્રદેશ | ૩ | -- | ૩ |
| ૧૧ | મહારાષ્ટ્ર | ૨ | ૪ | ૬ |
| ૧૨. | જમ્મુ અને કાશ્મીર | ૨ | ૨ | ૪ |
| ૧૩. | ત્રિપુરા | ૧ | -- | ૧ |
| ૧૪. | હિમાચલ પ્રદેશ | ૨ | ૧ | ૩ |
| ૧૫. | દિલ્હી | ૧ | ૧૬ | ૧૭ |
| ૧૬. | આસામ | ૧ | -- | ૧ |
| | કુલ | ૨૬ | ૪૪ | ૭૦ |

---------------

## ગૃહ રક્ષક દળના માનદ્ સભ્યને અપાતા ભથ્થાંમાં વધારો કરવા બાબત

૯૦૯૯ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા)** :**માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) : જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગૃહ રક્ષક દળના માનદ્ સભ્યને અપાતા દૈનિક ભથ્થાંમાં વધારો કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ છે કે કેમ, અને | (૧) ગૃહ રક્ષક દળના માનદ્સભ્યોને અપાતા દૈનિક ભથ્થામાં વધારો કરવા બાબતે ગૃહ વિભાગના તા. ૪થી ફેબ્રુઆરી, ૨૦૦૫ના ઠરાવથી જાહેરાત કરવામાં આવી છે. |
| (૨) જો હા, તો હાલના દૈનિક ભથ્થાંના દરમાં કેટલો વધારો કરવામાં આવશે અને કયારે? | (૨) આ દૈનિક ફરજ ભથ્થાંના દરમાં રૂા. ૫ (પાંચ)નો વધારો કરવામાં આવેલ છે અને તેનો અમલ તા. ૫હેલી એપ્રિલ, ૨૦૦૫ થી થશે. |

--------------

## કચ્છ જિલ્લામાં ભૂકંપબાદ સ્થપાયેલા ઉદ્યોગો

૯૮૧૧ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) : જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ધરતીકંપ થયા પછી ડીસેમ્બર- ૨૦૦૪ની સ્થિતિએ કયા કયા સ્થળે નવા ઉદ્યોગો શરૂ થયા છે, | (૧) ડિસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ અંજાર, ગાંધીધામ, ભૂજ, ભચાઉ, મુન્દ્રા, અબડાસા, માંડવી, લખપત અને નખત્રાણા તાલુકાઓમાં નવા ઉદ્યોગો શરૂ થઈ રહેલ છે. |
| (૨) કયા કયા ઉદ્યોગો શરૂ થવાનું આયોજન છે, | (૨) ખેત ઉદ્યોગો, રસાયણ, ફાર્માસુટીકલ, ટેક્ષટાઈલ, પેપર ફુડ પ્રોસેસીંગ, મેટલલર્જીકલ, કોક, વીન્ડ પાવર, સીરામીકસ, સિમેન્ટ, પ્લાસ્ટિક એન્જીનીયરીંગ, પોર્ટ આધારિત મીઠા ઉદ્યોગ, સ્ટીલ, પાઈપ અને ઈલેકટ્રોનિક. |
| (૩) શરૂ થયેલા ઉદ્યોગોમાં કેટલું મૂડી રોકાણ થયું છે, અને,<br>(૪) નવા શરૂ થનાર ઉદ્યોગોમાં કેટલું મૂડીરોકાણ થનાર છે ? | (૩) અને (૪) કચ્છ જિલ્લામાં કુલ રૂા. ૧૮૩૯૪ કરોડના રોકાણથી ૪૧૨ પ્રોજેક્ટો કાર્યરત થઈ રહેલ છે, જે પૈકી ૩૭ અકમો રૂા. ૨૮૯૪ કરોડના રોકાણ સાથે ઉત્પાદનમાં ગયેલ છે અને બાકીના ૩૭૫ પ્રોજેક્ટો સક્રીય અમલીકરણ હેઠળ છે. તે ઉપરાંત વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૦૫ દરમ્યાન રૂા. ૨૧,૨૧૧ કરોડના મૂડી રોકાણ સાથેના ૩૨ એમ.ઓ.યુ થયેલ છે. |

-----------

## નરોડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફરિયાદમાં અટકાયત ન થવા બાબત

૮૫૩૨ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) : જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નરોડા પોલીસ સ્ટેશનના એફ. આઈ. આર. નં. ૩૭૪/૦૪ તા. ૫/૧/૦૪માં તહોમતદારોની અટકાયત થતી નથી તેવી ફરિયાદ સરકારને જાન્યુઆરી-૨૦૦૫માં મળેલ છે કે કેમ, | (૧) હા, જી. |

(૨) જો હા, તો આ અંગે પોલીસ ખાતાએ શી કાર્યવાહી કરી છે, | (૨) ગુના દાખલ કરી તપાસ કરી રહેલ છે.

(૩) અટકાયત ન થવાના કારણો શા છે, અને | (૩) અટકાયત કરવા માટે પૂરતા પુરાવા હજુ સુધી ઉપલબ્ધ ના થવાથી.

(૪) અટકાયત ક્યારે થનાર છે ? | (૪) પૂરતા પુરાવા ઉપલબ્ધ થયેથી.

---------------

## રાજ્યમાં આવેલા પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રો

૮૭૨૫ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં જાન્યુઆરી-૦૫ની સ્થિતિએ કેટલા પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રો કાર્યરત છે, | (૧) ત્રણ |
| (૨) ભાવનગર ખાતે પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર કઈ સંસ્થા ચલાવે છે, અને | (૨) કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર |
| (૩)આ સંસ્થાએ વિજ્ઞાન કેન્દ્રની ફાળવણી પહેલાં કેટલા સમયથી ટ્રસ્ટ રજીસ્ટ્રેશન કરાવેલ છે ? | (૩) એક વર્ષ અને બે માસ |

---------------

## નર્મદા મુખ્ય કેનાલનું બાકી કામ

૮૦૪૭ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજનાની મુખ્ય કેનાલ સપ્ટેમ્બર, ૨૦૦૪ સુધીમાં કેટલી પૂર્ણ થઈ છે, | (૧) ૩૫૬ કિ. મી. |
| (૨) બાકીની મુખ્ય કેનાલ કેટલા કિ.મી. લંબાઈની બનાવવાની બાકી છે, | (૨) ૧૦૨ કિ. મી. |
| (૩) આ કામ કયાં સુધીમાં પૂર્ણ થશે, અને | (૩) મુખ્ય નહેર : વર્ષ ૨૦૦૬<br>મોટા સ્ટ્રકચર્સ સહિત : વર્ષ ૨૦૦૭ |
| (૪) તેનો અંદાજીત ખર્ચ કેટલો થનાર છે ? | (૪) રૂા. ૬૧૫ કરોડ. |

----------------

## રાજ્યમાં નવા ઉદ્યોગોની સ્થાપના અંગે મંજૂરી બાબત

૯૭૬૨ **શ્રી મનીષ ન. ગીલીટવાલા (સુરત શહેર (પૂર્વ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજયમાં કેટલા નવા ઉદ્યોગો સ્થાપવા માટે મંજૂરીઓ આપવામાં આવી, અને કયા કયા સ્થળે? | તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મધ્યમ અને મોટા એકમો માટે કુલ ૫૪૭ આઈ.ઈ.એમ. નોંધાયેલ છે, જેની વિગત પરિશિષ્ટ-૧માં દર્શાવેલ છે. |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪. | કચ્છ | ૨૪૯ | ૧૭૦.૮૪ | ૪૪૨ |
| ૧૫. | ભાવનગર | ૧૪૯ | ૧૨૧૫.૪૭ | ૯૩૦ |
| ૧૬. | અમરેલી | ૮૯ | ૧૨૩.૮૮ | ૧૨૨ |
| ૧૭. | જુનાગઢ | ૩૪૭ | ૧૭૪૦.૪૨ | ૧૧૮૭ |
| ૧૮ | પોરબંદર | ૧૦૬ | ૧૦૯.૨૩ | ૧૯૭ |
| ૧૯. | મહેસાણા | ૪૫૦ | ૭૦૨.૯૫ | ૭૯૩ |
| ૨૦. | પાટણ | ૩૦૩ | ૫૦૧.૭૦ | ૮૧૭ |
| ૨૧. | હિંમતનગર | ૩૮૩ | ૫૮૮.૭૮ | ૭૦૩ |
| ૨૨. | પાલનપુર | ૩૧૫ | ૫૮૧.૪૧ | ૭૨૫ |
| ૨૩. | ગોધરા | ૩૧૫ | ૧૫૫.૦૨ | ૪૩૯ |
| ૨૪. | દાહોદ | ૯૭ | ૯૯.૫૦ | ૨૬૨ |
| | કુલ : | ૯૮૩૯ | ૨૮૬૭૨.૫૦ | ૩૦૦૫૫ |

---------------

## સુરત જિલ્લામાં ખૂન, ચોરી, લૂંટ અને અપહરણના બનાવો

૯૮૨૩ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખૂન, ચોરી, લૂંટ અને અપહરણના કેટલા બનાવો બન્યા,

(૨) તે પૈકીના બારડોલી તાલુકાના લૂંટના બનાવોમાં માર મારવાના કેટલા કેસો નોંધાયા, અને

(૩) બારડોલી તાલુકાના ખૂન, ચોરી, લૂંટ અને અપહરણના બનેલા કેસોમાં કેટલા આરોપીને પોલીસ પકડી શકી ?

**જવાબ**

(૧)

| ખૂન | ચોરી | લૂંટ | અપહરણ |
|---|---|---|---|
| ૯૯ | ૩૫૪ | ૩૮ | ૨૮ |

(૨) ૨

(૩) સુરત જિલ્લાના
(અ) ૯૯ ખૂન કેસ પૈકી બારડોલી તાલુકાના ૭ ખૂન કેસમાં ૮ આરોપી,
(બ) ૩૫૪ ચોરીના કેસો પૈકી બારડોલી તાલુકાના ૫૮ ચોરીના ગુન્હામાં ૩૯ આરોપી,
(ક) ૩૮ લૂંટ કેસો પૈકી બારડોલી તાલુકાના ૬ લૂંટના ગુન્હામાં ૮ આરોપી, તથા
(ડ) ૨૮ અપહરણના કેસો પૈકી બારડોલી તાલુકાના ૨ અપહરણના કેસમાં ૧ આરોપી પકડવામાં આવેલ છે.

--------------

## કલ્પસર યોજનાની કામગીરી

૮૪૯૨ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (કલ્પસર પ્રભાગ)** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ કલ્પસર યોજના કયા તબક્કે છે, અને

(૨) ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) જાન્યુઆરી--૨૦૦૫ની સ્થિતિએ કલ્પસર યોજના વિસ્તૃત યોજનાકીય અહેવાલો બનાવવાના તબક્કે છે.

(૨) ૨૦૧૮ સુધીમાં યોજના પૂર્ણ કરવાનું આયોજન છે.

----------

## નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી લેણી રકમ

૮૨૯૯ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૧લી જાન્યુઆરી ૨૦૦૫ની સ્થિતિએ નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી કુલ કેટલી રકમોની વસુલાત બાકી રહે છે,

**જવાબ**

(૧) તા. ૧-૧-૨૦૦૫ની સ્થિતિએ નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી નીચેની વિગતે રકમો મેળવવાની બાકી છે.

(રૂા.કરોડમાં)

| | રાજ્યનું નામ | બાકી રકમ | વિવાદીત રકમ | બિન વિવાદીત રકમ |
|---|---|---|---|---|
| ૧. | મધ્યપ્રદેશ | ૧૧૮૭.૦૭ | ૧૦૯૫.૩૪ | ૯૧.૭૩ |
| ૨. | મહારાષ્ટ્ર | ૭૧૭.૪૦ | ૫૧૮.૮૫ | ૧૯૮.૫૫ |
| ૩. | રાજસ્થાન | ૨૨૬.૩૩ | ૧૮૫.૬૦ | ૪૦.૭૩ |
| | કુલ ... | ૨૧૩૦.૮૦ | ૧૭૯૯.૭૯ | ૩૩૧.૦૧ |

(૨) છેલ્લા એક વર્ષમાં આ ભાગીદાર રાજ્યો પાસેથી રાજ્ય સરકારને કુલ કેટલી રકમો મળી છે, અને

(૨) સરદાર સરોવર નર્મદા યોજના હેઠળના ભાગીદાર રાજ્યો પાસેથી છેલ્લા એક વર્ષમાં નીચેની વિગતે રાજ્ય સરકારને રકમ મળેલ છે.

(રૂા. કરોડમાં)

| ક્રમ | ભાગીદાર રાજ્યનું નામ | છેલ્લા એક વર્ષમાં મળેલ રકમ |
|---|---|---|
| ૧ | મધ્યપ્રદેશ | ૪૪૦.૮૨ |
| ૨ | મહારાષ્ટ્ર | ૬૨.૦૪ |
| ૩ | રાજસ્થાન | ૩૩૨.૦૬ |
| | કુલ | ૮૩૪.૯૨ |

(૩) આ અંગે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારમાં ક્યારે ક્યારે રજૂઆત કરી હતી ?

(૩) માન. મુખ્ય મંત્રીશ્રી કક્ષાએથી માન. વડાપ્રધાનશ્રી તથા ભાગીદાર રાજ્યોના મુખ્ય મંત્રીશ્રીઓને બાકી શેર ફાળાના ચુકવણાં માટે સમયાંતરે પત્રો લખવામાં આવેલ છે. ઉપરાંત કેબીનેટ સેક્રેટરીશ્રી દ્વારા રાજ્યના મુખ્ય સચિવશ્રીની-૨ (બે) મીટીંગમાં તેમજ નર્મદા કંન્ટ્રોલ ઓથીરીટીની મીટીંગમાં તેમજ સરદાર સરોવર ક્ન્સ્ટ્રકશન એડવાઈઝરી કમીટીની મીટીંગમાં બાકી શેર ફાળાના ચુકવણા માટે રજુઆત થયેલ છે.

----------

## એલીસબ્રીજ, નવરંગપુરા, સેટેલાઈટ અને વેજલપુર પોલીસ સ્ટેશનમાં સ્ટાફની ઘટ

૯૭૪૪ **શ્રી ભાવિનભાઈ ન. શેઠ (એલીસબ્રીજ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ડિસેમ્બર, ૨૦૦૪ ના અંતે અમદાવાદ શહેરમાં એલીસબ્રીજ, નવરંગપુરા, સેટેલાઈટ અને વેજલપુર પોલીસ સ્ટેશનમાં દરેક કેડરમાં કેટલા સ્ટાફની ઘટ છે,

(૧)

| પોલીસ સ્ટેશનનું નામ | પો.ઈ. | પો.સ.ઈ. | હે.કો. | પો.કો. |
|---|---|---|---|---|
| એલીસબ્રીજ | ૧ | ૭ | ૧૭ | ૬૫ |
| નવરંગપુરા | - | ૪ | - | ૨૧ |
| સેટેલાઈટ - | ૩ | - | - | |
| વેજલપુર - | ૧૨ | ૩૨ | ૧૩૦ | |

(૨) આ ઘટ કેટલા સમયથી ચાલતી આવે છે, અને

(૨) થોડા સમયથી.

(૩) આ અંગે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

(૩) ભરતીની પ્રક્રિયા ચાલુ છે.

-------

## અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપરથી અનૈતિક ધંધા માટે મહિલાઓને આરબ દેશોમાં મોકલવાનું ષડયંત્ર

૯૭૮૫ **શ્રી યોગેશભાઈ ના. પટેલ (રાવપુરા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

પ્રશ્ન / જવાબ

(૧) અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપરથી મહિલાઓને આરબ દેશોમાં અનૈતિક ધંધા માટે મોકલવામાં આવતી હોવાની હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૧) હા.

(૨) જો હા, તો કેલેન્ડર વર્ષ ૨૦૦૩ અને ૨૦૦૪માં આવા કેટલા કેસો પકડાયેલ છે?

(૨) ૧ કેસમાં ૦૪ આરોપી પકડાયેલ છે.

--------

## ગાંધીનગર જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ માટેની અરજીઓ

૯૭૪૧ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૦-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ કેટલી અરજીઓ આવી,

| (૧) તાલુકાનું નામ. | તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ તત્કાલ વીજ જોડાણ હેઠળ નોંધાયેલ અરજીઓ. |
|---|---|
| (૧) ગાંધીનગર | ૫૨ |
| (૨) દહેગામ | ૧૨૩ |
| (૩) માણસા | ૧૭ |
| (૪) કલોલ | ૧૪ |
| કુલ... | ૨૦૬ |

(૨) આ પૈકી કેટલા ખેતીવાડી વીજજોડાણો આપવામાં આવ્યા અને કેટલી અરજીઓ બાકી છે, અને

| (૨) તાલુકાનું નામ | આપવામાં આવેલ વીજજોડાણની સંખ્યા | રદ થયેલ અરજીઓ સંખ્યા | બાકી રહેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|---|
| (૧) ગાંધીનગર | ૧૩ | ૨૨ | ૧૭ |
| (૨) દહેગામ | ૨૬ | ૨૫ | ૭૨ |
| (૩) માણસા | ૧૫ | - | ૨ |
| (૪) કલોલ | ૧૧ | - | ૩ |
| કુલ. | ૬૫ | ૪૭ | ૯૪ |

(૩) બાકી રહેતી અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ?

(૩) નાણા ભરાયેલ કેસોમાં એપ્રિલ-૨૦૦૫ સુધીમાં અને બાકીના કેસોમાં અંદાજપત્ર આપ્યા બાદ નાણા ભરપાઈ થયેથી નિયત સમયમર્યાદામાં.

----------

**રાજ્યમાં ફોજદારી અને લાંચ રૂશ્વતના ગુનામાં સંડોવાયેલા પોલીસ અમલદારો**

૯૭૫૩ **શ્રી રાકેશ રાવ (માતર)** :**માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૪થી જાન્યુઆરી-૨૦૦૫ના સમય દરમ્યાન રાજ્યમાં કેટલા પોલીસ અમલદારો ફોજદારી ગુનામાં અને કેટલા લાંચ રુશ્વતના કેસમાં પકડાયા છે,

(૨) પોતાની આવક કરતાં વધુ સંપત્તિ ધરાવતા અમલદારોને શોધી કાઢવા રાજ્ય સરકાર કયા પ્રકારની વ્યવસ્થા ધરાવે છે, અને

(૩) પોલીસ અમલદારોમાં ભ્રષ્ટાચારને રોકવા રાજ્ય સરકાર કેવા પ્રકારની વ્યવસ્થા ઊભી કરવા માંગે છે ?

**જવાબ**

(૧) જાન્યુઆરી-૨૦૦૪થી જાન્યુઆરી-૨૦૦૫ના સમય દરમ્યાન રાજ્યના પાંચ પોલીસ અધિકારીઓને લાંચ રુશ્વતના કેસમાં અને ૩૯ પોલીસ અધિકારીઓને ફોજદારી ગુનામાં પકડવામાં આવેલ છે.

(૨) લાંચ રુશ્વત વિરોધી બ્યુરો ગુપ્ત યા ખુલ્લી તપાસ હાથ ધરે છે. અને તેમાં પ્રથમ દર્શનિય પુરાવાઓ મળી આવે તો તેવા કેસમાં ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવે છે.

(૧) બ્યુરોની સંબંધિત કચેરીની વિગતો સાથેના બોર્ડ રાજ્યના પોલીસ સ્ટેશનોમાં અને સરકારી કચેરીઓમાં લગાડવામાં આવેલ છે.

(૨) ફરીયાદને આધારે સંબંધિત જાહેર સેવક સામે લાંચ અંગે ટ્રેપ/ડિકોયનું આયોજન કરવામાં આવે છે. આયોજન સફળ થતા જાહેર સેવક સામે બ્યુરો ગુનો નોંધીને તપાસ શરૂ કરે છે.

(૩) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળના ગુનાઓ સબંધી કેસોમાં બ્યુરોએ દાખલ કરેલ કેસો ઝડપથી ચલાવવા માટે રાજ્ય સરકારે ૧૬૬ ફાસ્ટ ટ્રેક કોર્ટો શરૂ કરવાનો નિર્ણય કરેલ છે.

(૪) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળના ગુનાઓમાં ૨૦ % ગુનાઓ વધુ નોંધવા અંગેનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવેલ છે અને તે આધારે

બ્યુરો તરફથી મહત્તમ ટ્રેપ/ડિકોયનું આયોજન કરવામાં આવે છે. તેમજ અપ્રમાણસર મિલકતોને લગતા વધુને વધુ કેસો શોધી કાઢવા બ્યુરોએ અભિયાન હાથ ધરેલ છે.

(૫) રાજ્યના તંત્રમાં શંકાસ્પદ પ્રમાણિકતા ધરાવતા હોય તેવા જાહેર સેવકોની સર્વમાન્ય (એગ્રીડ લીસ્ટ) યાદી તૈયાર કરવા અંગેની સરળ અને સચોટ પદ્ધતિ નક્કી કરવા બાબતની સુચનાઓ બહાર પાડવાની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ છે.

(૬) જાહેર સેવકો દ્વારા ભ્રષ્ટ રીત રસમો અપનાવીને એકઠી કરવામાં આવેલ અપ્રમાણસર કે વધુ પડતી મિલકતો ટાંચમાં લેવા સબંધમાં ક્રિમીનલ લો એમેન્ડમેન્ટ ઓર્ડીનન્સની જોગવાઈઓ અનુસાર બ્યુરો કક્ષાએથી દરખાસ્ત તૈયાર કરીને ગૃહ વિભાગની મંજૂરી મેળવવામાં આવે છે.

------------

## નર્મદા બંધની ઊંચાઈનું બાંધકામ

૯૮૧૫ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ નર્મદા યોજનાનું કામ ચાલુ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) મુખ્ય બંધનું કેટલી ઊંચાઈ સુધી બાંધકામ કરવામાં આવ્યું છે, અને | (૨) સરદાર સરોવર બંધની મુખ્ય છલતીનું બાંધકામ ૧૧૦.૬૪મી. સુધી કરવામાં આવ્યું છે અને મુખ્ય બંધના નોન ઓવરફ્લો બ્લોકસ ૧૧૦.૬૪મી. થી વધારે , વિવિધ ઊંચાઈએ છે. |
| (૩) કેટલી ઊંચાઈ સુધી બાંધકામ કરવાનાં આયોજન સામે કેટલી મંજૂરી મળી છે? | (૩) મુખ્ય બંધનું બાંધકામ ૧૨૧.૯૨ મીટર ઊંચાઈએ લઈ જવાના આયોજન સામે ૧૧૦.૬૪ મીટર ઊંચાઈની મંજૂરી મળેલ છે અને ૧૨૧.૯૨ મીટરની ઊંચાઈની મંજૂરી ટૂંક સમયમાં મળવાની સંભાવના છે. |

----------

## રાજ્યમાં આઈ.પી.એસ. અધિકારીઓનું મંજૂર થયેલ મહેકમ અને ખાલી જગ્યાઓ

૮૦૨૫ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા આઈ.પી.એસ. અધિકારીઓનું કેટલું મહેકમ મંજૂર થયેલ છે, અને | (૧) ૧૪૯ |
| (૨) જે પૈકી હાલ કેટલી જગ્યા ખાલી છે? | (૨) ૧૯. |

-------------

## જુનાગઢ પોલીસ રેન્જમાં યોજાયેલ લોકદરબાર

૯૭૭૭ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને માહિતિના આદાન પ્રદાનની ભાવના વધે તે માટે તમામ જિલ્લાઓમાં લોક દરબાર યોજવાનું શરૂ કરવામાં આવ્યું છે, તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા વર્ષમાં જૂનાગઢ પોલીસ રેન્જમાં કયા કયા જિલ્લામાં કેટલા લોકદરબાર યોજવામાં આવેલ છે ? | (૨) જુનાગઢ -૧૮<br>ભાવનગર -૮૦<br>અમરેલી - ૫<br>પોરબંદર - ૧૦૬ |

----------

## નર્મદા કેનાલ નજીકના વિસ્તારોને ખેતી માટે પાણીનો લાભ આપવા અંગે

૯૦૯૩ **ડૉ. અતુલ કે. પટેલ (કલોલ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા કેનાલમાંથી કેનાલ નજીકના વિસ્તારોમાં ખેતી માટે પાણીની કામચલાઉ વ્યવસ્થા કરવા વિશે સરકારની વિચારણા છે કે કેમ, અને | (૧) હા, જી. તે અન્વયે સરદાર સરોવર યોજનાના પિયત વિસ્તાર માટે વચગાળાની સિંચાઈ નીતિ અમલમાં મૂકવામાં આવી છે. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે ? | (૨) સિંચાઈ નીતિના મુખ્ય મુદ્દા નીચે મુજબ છે.<br>યોજનાના પિયત વિસ્તારની બહારના વિસ્તારને પાણી આપવામાં આવશે નહિ.<br>પિયત વિસ્તારમાં જ્યાં પ્રશાખા (માઈનોર) સુધી પાણી આપવાનું શક્ય હશે, તેવાં વિસ્તારને સિંચાઈ માટે ફક્ત પિયત સહકારી મંડળીઓ દ્વારા જ પાણી આપવામાં આવશે વ્યક્તિગત રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ.<br>મુખ્ય નહેર સાથે સાથે શાખા નહેર અને વિશાખા નહેરમાંથી સીધે સીધું પાણી આપવામાં આવશે નહિ સિવાય કે, પિયત વિસ્તારનાં જે બ્લોકમાં શાખા નહેર અને/અથવા વિશાખા નહેરનું બાંધકામ પૂર્ણ થયેલ હશે પરંતુ પ્રશાખા (માઈનોર)નું બાંધકામ પૂર્ણ ન થવાના કારણે પાણી આપી શકાય તેમ ન હોય, આવા કિસ્સામાં, લાભિત ખેડૂતો પોતાની રીતે એટલે કે પંમ્પીંગ વિગેરે દ્વારા પ્રશાખા (માઈનોર)નું બાંધકામ પૂર્ણ થાય ત્યાં સુધી શાખા/વિશાખા નહેરોમાંથી પાણી લઈ શકશે.<br>જયાં વિસ્તાર વિકાસના કામો બાકી હોય તેવા વિસ્તારના લાભિત ખેડૂતો જો તેઓ પિયત સહકારી મંડળીના સભ્ય હોય તેવા ખેડૂતોને જ શાખા/વિશાખા /પ્રશાખા અને બીજી નહેરોમાંથી પમ્પ/કે બીજી કોઈ વ્યવસ્થાથી પાણી લેવાનો લાભ |

આપવામાં આવશે.

-------------

## ખેતી વિષયક તત્કાળ વીજ જોડાણ સમય મર્યાદામાં આપવા બાબત

૯૧૦૩ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ (સાવલી)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેતી વિષયક તત્કાલ વીજ જોડાણ યોજનામાં અરજદારની અરજી મળેથી વીજ કનેકશન જોડી આપવા માટેની કોઈ સમયમર્યાદા છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સાવલી તાલુકામાં આ સમયમર્યાદામાં કનેકશનો અપાય છે કે કેમ, અને | (૨) નોંધાયેલ અરજીઓની તાંત્રિક બાબતો લક્ષમાં રાખી વીજજોડાણો આપવાની પ્રક્રિયા ચાલુ છે. |
| (૩) જો હા, તો ડિસે. ૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા જોડાણ આપવામાં આવ્યા ? | (૩) ૨૭ |

----------------

## દાહોદ આર.ટી.ઓ. કચેરીની આવક

૯૭૮૮ **શ્રી રતિલાલ ગો. સુરેજા (માણાવદર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ આર.ટી.ઓ. કચેરીની વર્ષ ૨૦૦૪-૨૦૦૫ની કેટલી આવક અંદાજવામાં આવેલ છે, અને | (૧) દાહોદ એ આર.ટી.ઓ. કચેરીની વર્ષ ૨૦૦૪-૨૦૦૫ની રૂા. ૩૯૬.૨૬ લાખની આવક અંદાજવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી જાન્યુ. ૨૦૦૫ અંત સુધીમાં ખરેખર કેટલી આવક થયેલ છે? | (૨) વર્ષ ૨૦૦૪-૦૫માં જાન્યુઆરી-૦૫ સુધીમાં રૂા. ૩૯૮.૮૯ લાખ આવક થયેલ છે. |

----------

## ખેડા જિલ્લામાં બળાત્કારના બનાવો

૮૪૩૩**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બળાત્કારના કેસ થયા, | (૧) ૧૭ |
| (૨) કેટલા બળાત્કારીઓ પકડાયા, | (૨) ૩૪ |
| (૩) કેટલા બળાત્કારીઓ ફરાર છે, અને | (૩) એક પણ નહીં. |
| (૪) આવા બનાવો અટકાવવા કેવા પ્રકારના પગલાં લેવામાં આવ્યા? | (૪) આવા બનાવો અટકાવવા માટે નોંધાયેલ ગુનાઓમાં તટસ્થ તપાસ કરી ગુનેગારોને સજા કરાવી તે અંગે દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવી જન જાગૃતિ કેળવવામાં આવે છે. |

----------

## રાજ્યમાં નવા પોલીસ સ્ટેશનો ખોલવા અંગે

૯૭૫૦ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં પોલીસ સ્ટેશન ખોલવાની કેટલી માગણીઓ સરકારને મળી છે, અને | (૧) ૪ |
| (૨) તેમાંથી કેટલી માંગણીઓનો નિકાલ કરવામાં આવ્યો? | (૨) ૨ |

----------

## ખાડીયા વિસ્તારમાં દારુ-જુગારના અડ્ડા બાબત

૮૫૬૮ **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરના ખાડીયા વિસ્તારમાં મોટા પાયે દારુ -જુગારના અડ્ડાઓ ચાલે છે તે હકીકતથી સરકાર વાકેફ છે, | (૧) અમદાવાદ શહેરના ખાડીયા વિસ્તારમાં મોટા પાયે દારુ-જુગારના અડ્ડાઓ ચાલતા નથી. |
| (૨) જો હા, તો છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં સરકારને કેટલી ફરિયાદો મળી, અને | (૨) દારુ અંગેની-૫૨ (બાવન) અને જુગાર અંગેની-૨૩ (ત્રેવીસ) ફરિયાદો મળેલ છે. |
| (૩) તે ફરિયાદો અન્વયે સરકારે કેટલા ઈસમોની ધરપકડ કરી અને શા પગલાં લીધા? | (૩) દારુની ફરિયાદો અન્વયે-૫૯-ઈસમોની અટક કરી નશાબંધી કાયદા મુજબ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે. જ્યારે જુગારની ફરિયાદો અન્વયે ૭૨-ઈસમોની અટક કરી જુગાર ધારા મુજબ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે. |

----------

## પાલીતાણા અને ગારીયાધારમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ લાભાન્વિત ગામો

૮૭૫૭ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલીતાણા અને ગારીયાધાર તાલુકામાં તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કુલ કેટલા ગામોમાં જ્યોતિગ્રામ યોજના દ્વારા વીજળી આપવામાં આવી છે, | (૧) અને (૨) |

| અ.નં. | તાલુકાનું નામ | તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ | બાકી રહેતા |
|---|---|---|---|

(૨) કુલ કેટલા ગામો બાકી રહે છે, અને

| | નામ | ૦૪ની સ્થિતિએ જ્યોતિગ્રામ યોજના દ્વારા વીજળી આપવામાં આવેલ ગામોની સંખ્યા | રહેતા ગામોની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. |
| (૧) | પાલીતાણા | ૨૩ | ૬૯ |
| (૨) | ગારીયાધાર | ૪૨ | ૮ |

(૩) ક્યાં સુધીમાં વીજળી આપવાનું આયોજન છે?

(૩) શક્ય તેટલા વહેલાં.

----------

**૧૨૧.૯૨ મીટરની ડેમની ઊંચાઈએ પાણીની ઉપલબ્ધી અને વપરાશનું આયોજન**

૯૧૧૬ **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બંધની ઊંચાઈ ૧૨૧.૯૨ મીટર થતાં સરદાર સરોવર ડેમમાં કેટલું પાણી ઉપલબ્ધ થશે, અને

(૨) આ પાણીનો ઉપયોગ કઈ રીતે કરવાનું નક્કી કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) બંધની ઊંચાઈ ૧૨૧.૯૨ મીટર થતાં સરદાર સરોવર ડેમમાં આશરે ૧૫૭ કરોડ ઘન મીટર પાણી વપરાશ માટે ઉપલબ્ધ થશે.

(૨) આ પાણીથી ૭.૪ લાખ એકર વિસ્તારમાં સિંચાઈ કરવાનું આયોજન છે, ૧૫૦ કરોડ એકમ વિદ્યુત ઉત્પન્ન કરવાનું આયોજન છે અને ઘરગથ્થુ તથા ઔદ્યોગિક વપરાશ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

----------

**વાહનોમાં સી.એન.જી. વપરાશ ફરજીયાત કરવા અંગે**

૮૩૭૮ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં થ્રી વ્હીલર, ફોરવ્હીલર સરકારી અને ખાનગી વાહનોમાં સી.એન.જી. ફરજીયાત કરવાનું સરકારે નક્કી કર્યું છે તે વાત સાચી છે,

**જવાબ**

(૧) રાજ્યના જે વિસ્તારોમાં મોટર વાહનો દ્વારા થતું પ્રદુષણ વધુ માત્રામાં છે તેવા વિસ્તારોમાં સીએનજીની ઉપલબ્ધિ થયે તબક્કાવાર સી.એન.જી. ફરજિયાત કરવાનું સરકારનું આયોજન છે.

(૨) જો હા, તો અમદાવાદ શહેર અને જિલ્લામાં કયા કયા વિસ્તારોમાં સી.એન.જી. મથકો કરવાનું નક્કી કરવામાં આવ્યુ છે, અને

(૩) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કેટલા સી.એન.જી. સ્ટેશનો ફાળવવામાં આવ્યા છે ?

(૨) અને (૩) અમદાવાદ વિસ્તાર માટે ગેસ વિતરણ માટેની પધ્ધતિ વિકસાવી આંતરમાળખાકીય સુવિધાઓ પ્રસ્થાપિત કરવા અદાણીગ્રુપને રાજ્ય સરકારે મંજૂરી આપેલ છે.

અદાણી ગ્રુપ દ્વારા અમદાવાદ શહેરમાં નીચે દર્શાવ્યા પ્રમાણેના ત્રણ વિસ્તારોમાં સી.એન.જી. સ્ટેશનો કાર્યરત કરાયા છે.

(૧) મેમકો (નરોડા)
(૨) જમાલપુર
(૩) મણીનગર

આ ઉપરાંત અદાણીગ્રુપ દ્વારા ચાલુ કેલેન્ડર વર્ષમાં નીચે જણાવ્યા પ્રમાણેના સાત વિસ્તારોમાં સી.એન.જી. સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

(૧) પ્રગતિનગર
(૨) પાલડી
(૩) નારણપુરા
(૪) શાહીબાગ
(૫) રખિયાલ
(૬) સરખેજ-ગાંધીનગર હાઈવે (વાયએમસીએની બાજુમાં)
(૭) સરખેજ-ગાંધીનગર હાઈવે (ગોતા સર્કલ નજીક)

આ ઉપરાંત અદાણી ગ્રુપ દ્વારા ભારત પેટ્રોલિયમ કોર્પો.ના નીચે દર્શાવ્યા પ્રમાણેના હયાત પેટ્રોલપમ્પ પર સી.એન.જી. રીટેઈલ આઉટલેટ તા.૩૧-૩-૦૫ સુધીમાં સ્થાપવાનું આયોજન છે.

(૧) વિરાટનગર
(૨) કાંકરિયા
(૩) વાસણા
(૪) ડ્રાઈવ-ઈન-રોડ
(૫) નિર્ણયનગર

આ ઉપરાંત અમદાવાદ શહેરમાં સી.એન.જી. સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તે માટે હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિ.(એચપીસીએલ) ને એક મધર સ્ટેશન અને નવ ડોટર સ્ટેશનો નાખવા રાજ્ય સરકારે મંજૂરી આપેલ છે.

એચ.પી.સી.એલ. દ્વારા નરોડા ખાતે મધર સ્ટેશન તથા નીચે દર્શાવ્યા પ્રમાણેના વિસ્તારોમાં ડોટર સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

(૧) નરોડા (બે જગ્યાએ)
(૨) બાગે ફિરદોશ
(૩) ઈસનપુર
(૪) શાહીબાગ
(૫) આશ્રમ રોડ
(૬) વસ્ત્રાપુર
(૭) સાબરમતી

એક વિસ્તાર માટે એચ.પી.સી.એલ. ટૂંક સમયમાં નિર્ણય લેશે.

----------

## સૌરાષ્ટ્ર વિસ્તારમાં બંદરોનું ખાનગીકરણ

૮૧૯૯ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સૌરાષ્ટ્ર વિસ્તારમાં હાલ કેટલા બંદરો આવેલ છે અને તે પૈકી કેટલા બંદરોનું ખાનગીકરણ કરવામાં આવેલ છે, | (૧) ૨૩ નાના બંદરો, તે પૈકી એક બંદરનું ખાનગીકરણ કરવામાં આવેલ છે. |
| (૨) અન્ય બંદરને ખાનગીકરણ માટેની માગણી આવી છે કે કેમ, | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કયા કયા બંદરોના ખાનગીકરણ માટેની માંગણી આવી છે, અને | (૩) સીમર, પોસીત્રા, મીઠીવીરડી, મહુવા અને બેડી |
| (૪) ખાનગીકરણ કરવાથી સરકારને કેટલો આર્થિક ફાયદો થાય તેમ છે ? | (૪) • મૂડીરોકણ વગર બંદરીય સુવિધાઓ ઉપલબ્ધ થાય છે. • આયાત-નિકાસમાં વધારો. • નવા ઉદ્યોગોનો વિકાસ • નાના ધંધાઓ અને રોજગારીની તકો વધે છે. |

----------

## રાજ્યમાં બિનપરંપરાગત સ્ત્રોત દ્વારા વીજ ઉત્પાદન

૮૧૭૨ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)**જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં બિન પરંપરાગત સ્ત્રોતથી કઈ કઈ રીતે કેટલી વિજળીનું ઉત્પાદન કરવામાં આવ્યું,

(૧)

| અ.નં. | સ્ત્રોતનું નામ | ઉત્પાદિત વિજળી મી.યુ. |
|---|---|---|
| ૧. | ગેસીફાયર | ૦.૨૮ |
| ૨. | પવન ઉર્જા | ૩૪૧.૪૬ |
| | કુલ.. | ૩૪૧.૭૪ |

(૨) દરેક રીતે કુલ ઉત્પાદનની ટકાવારી કેટલી થઈ, અને

(૨) કુલ વીજ ઉત્પાદનના આશરે ૦.૩૦ ટકા.

(૩) આવા બીજા કયા કયા સ્ત્રોતથી ઉત્પાદન કરવાનું વિચારાયું છે?

(૩) (૧) સૂર્ય ઉર્જા
(૨) બગાસ દ્વારા કો-જનરેશન
(૩) મીની/માઈક્રો હાઈડલ પાવર.

----------

## જેતપુર શહેરમાં ચાલતા સાડી ઉદ્યોગની મુશ્કેલીઓ દૂર કરવા અંગે

૮૨૨૯ **શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના જેતપુર શહેરમાં ચાલતો જગવિખ્યાત સાડી ઉદ્યોગ જાન્યુઆરી, ૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષથી ભારે સંકટમાં આવી ગયો છે, તે હકીકત સાચી છે, | (૧) ના જી. |
| (૨) જો હા, તો આ ઉદ્યોગની મુખ્ય મુશ્કેલીઓ કઇ કઇ છે, અને | (૨) અને (૩) જેતપુરના જગવિખ્યાત સાડી ઉદ્યોગના ૯૦૦ થી વધુ એકમોમાં દૈનિક ૨૦ લાખ મીટર કાપડનું જોબવર્કના ધોરણે પ્રિન્ટીંગ કરી રૂા. ૧૫૦૦ કરોડ સુધીનો વકરો કરવામાં આવે છે. કુલ ઉત્પાદન પૈકી ૭૦ ટકા નિકાસ થાય છે. આ ઉદ્યોગોને પડતી મુશ્કેલીઓ દૂર કરી વૈશ્વિક સ્પર્ધામાં ઉદ્યોગને વધુ સુદ્દઢ બનાવવા સરકારે વિવિધ પગલાંઓ સાથે કેન્દ્ર સરકારની ટી. સી. આઇ.ડી.એસ. યોજના હેઠળ જરૂરી સુવિધા આપવા વિચારેલ છે. |
| (૩) તે હલ કરવા માટે સરકાર શાં પગલાં લેવા ધારે છે ? | |

----------

## જ્યોતિગ્રામ યોજના હેઠળ સમાવિષ્ટ ગામો

૮૭૯૭ **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૪ ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા ગામોમાં જ્યોતિગ્રામ યોજનાનો અમલ કરેલ છે, | (૧) ૫૬૫૭ |
| (૨) તે પૈકી જામનગર જિલ્લામાં કેટલા ગામોને લાભ આપવાનો બાકી છે, અને | (૨) ૬૩૮ |
| (૩) તે માટે શું આયોજન છે ? | (૩) શક્ય તેટલા વહેલાં આવરી લેવાનું આયોજન છે. |

-----------

## ઉદારીકરણ અને ખાનગીકરણની નીતિ અન્વયે બંદરોનો વિકાસ

૯૧૨૦ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાતમાં રાજ્ય સરકારની ઉદારીકરણ અને ખાનગીકરણની નીતિ અંતર્ગત જાન્યુ-૦૫ સુધીમાં કુલ કેટલા નવા બંદરોનો વિકાસ થયેલો છે, અને, | (૧) ૪ (ચાર) |
| (૨) ઉદારીકરણની નીતિ અંતર્ગત નવા બંદરો વિકસાવવા શું આયોજન છે? | (૨) ઉદારીકરણની નીતિ અંતર્ગત બાકી રહેતા બંદરોનો વિકાસ ખાનગી મૂડી રોકાણથી કરવાનું આયોજન છે. |

----------

## ઉદ્યોગોને વેચાણવેરામાં અપાયેલ રાહતો

૮૨૪૯ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્ય સરકાર દ્વારા કેટલા અને ક્યા ક્યા ઉદ્યોગોને સને ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫માં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં વેચાણવેરામાં કેટ કેટલી રાહતો આપવામાં આવી, અને | (૧) વિવિધ વર્ષોમાં પ્રસિધ્ધ કરેલ પ્રોત્સાહન યોજનાઓ, મુખ્યત્વે ૯૦-૯૫ પ્રોત્સાહન યોજના અને ૯૫-૨૦૦૦ પ્રોત્સાહન યોજનાની જોગવાઇઓ મુજબ, જે ઉદ્યોગો ઉપર્યુક્ત યોજનાઓના સમયગાળામાં આવેલ છે અને રોકાણ થયેલ છે તેમના રોકાણની આખરી ચકાસણી કરીને ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ ના વર્ષોમાં અનુક્રમે ૩૬૯ એકમોને ૭૧૩૬.૧૯ કરોડ અને ૧૪૦ એકમોને ૧૨૨૪૧.૯૮ કરોડની વેચાણવેરા વિલંબીત ચુકવણી/મુક્તી/કંમ્પોઝીટ યોજના અન્વયે મંજૂરી આપવામાં આવેલ છે. આ એકમોએ વિવિધ યોજનાઓની જોગવાઇઓ મુજબ ૫ થી ૧૭ વર્ષના ગાળામાં આ સવલતો ભોગવવાની રહે છે. |
| (૨) આવી રાહતો આપવાનાં કારણો શાં છે? | (૨) જે તે યોજના/નીતિમાં નિર્દેશ થયા મુજબ રાજ્યમાં ઔદ્યોગિક ક્ષેત્રે મૂડી રોકાણ વધે તેનાથી સ્થાનિક લોકોને રોજગારી મળી શકે તેમજ ઔદ્યોગિક વિકાસ અને તે દ્વારા રાજ્યના આર્થિક વિકાસના હેતુથી આ રાહતો અપાય છે. |

---------

## આર.ટી.ઓ અમીરગઢ ચેકપોસ્ટની આવક

૯૭૯૪ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ (લુણાવાડા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) આર.ટી.ઓ અમીરગઢ ચેકપોસ્ટની વર્ષ ૨૦૦૪-૦૫ની કેટલી આવક અંદાજવામાં આવેલ છે, અને | (૧) ચેકપોસ્ટ અમીરગઢની વર્ષ ૨૦૦૪-૦૫ની આવક રૂા. ૨૬૯૪.૫૮ લાખ આવક અંદાજવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી જાન્યુઆરી-૦૫ અંત સુધીમાં ખરેખર કેટલી આવક થયેલ છે ? | (૨) વર્ષ ૨૦૦૪-૦૫ની જાન્યુઆરી-૦૫ ના અંત સુધીની આવક રૂા. ૨૪૩૫.૧૬ લાખ થયેલ છે. |

----------

## અન્ય રાજ્યોમાં મોકલેલા પોલીસ અનામત દળો પેટે લેણી નીકળતી રકમ

૮૬૩૯ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કાયદો અને વ્યવસ્થા સંભાળવા માટે બીજા રાજ્યોમાં મોકલેલી અનામત પોલીસ સેવા પેટે ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા રાજ્યો પાસેથી કેટલી લેણી રકમ બાકી નીકળે છે, અને | (૧) ત્રણ રાજ્યો પાસેથી કુલ રૂપિયા ૧,૮૧,૨૪,૩૬૩ ની રકમ વસુલ કરવાની બાકી છે. |
| (૨) આ લેણી બાકી રકમ મેળવવા માટે સરકારે ક્યારે ક્યારે શું શું પ્રયત્નો કર્યા ? | (૨) આ બાબતે હિસાબ અને ઓડીટની કાર્યવાહી હાથ ધરેલ છે. |

## રાજકોટ જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ અન્વયેની અરજીઓ

૯૭૫૯ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ માટેની કુલ કેટલી અરજીઓ તાલુકાવાર આવી,

**જવાબ**

(૧)

| તાલુકો | નોંધાયેલ અરજીઓ | તાલુકો | નોંધાયેલ અરજીઓ |
|---|---|---|---|
| રાજકોટ | ૧૦૬૮ | ધોરાજી | ૫૨૯ |
| પડધરી | ૬૯૮ | ઉપલેટા | ૬૬૪ |
| જસદણ | ૧૮૮૫ | જામ કંડોરણા | ૧૦૭૦ |
| ગોંડલ | ૧૮૩૨ | ટંકારા | ૭૭૪ |
| લોધીકા | ૬૨૨ | મોરબી | ૪૩૦ |
| કોટડા સાંગાણી | ૬૭૭ | વાંકાનેર | ૮૧૫ |
| જેતપુર | ૧૨૦૧ | માલીયા | ૧૬ |
| | | કુલ.. | ૧૨૨૮૧ |

(૨) તે પૈકી કેટલાને ખેત વિષયક વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) શુન્ય

(૩) બાકીનાને કેટલા સમયમાં જોડાણ આપવામાં આવશે ?

(૩) નોંધાયેલ અરજદારોને તબક્કાવાર અંદાજપત્ર આપ્યા બાદ નાણાં ભરપાઇ થયેથી નિયત સમયમર્યાદામાં વીજજોડાણ આપવાનું આયોજન છે.

----------

## બાળ ઉર્જા સંરક્ષક દળની રચના અન ઉદ્દેશ્ય

૯૭૯૭ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા બાળ ઉર્જા સંરક્ષક દળની રચના કરવાનો નિર્ણય લેવાયેલ છે તે વાત સાચી છે, અને

(૨) આવા દળની રચના કરવાનો ઉદ્દેશ્ય શું છે?

**જવાબ**

(૧) હા જી.

(૨) શાળા કક્ષાએ બાળ ઉર્જા રક્ષક દળો ઉભા કરવાનો ઉદ્દેશ્ય બાળકોને ઉર્જા સભાન સમાજના નિર્માણમાં અગ્રણી ભૂમિકા ભજવવા માટે સજ્જ કરવાનો છે. આ માટે તેઓને જરૂરી ટેકનીકલ તાલીમ, પ્રેરણાત્મક અને પ્રોત્સાહક સાહિત્ય પૂરા પાડવા, જેથી તેઓ પોતાના પરિવાર, શાળા અને સમાજમાં "હકારાત્મક ઉર્જા પરિવર્તન" ના અસરકારક માધ્યમ બની શકે.

----------

## રાજ્યમાં થયેલ એમ. ઓ. યુ. અન્વયે સ્થપાયેલા ઉદ્યોગો

૯૭૬૫ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ નવરાત્રી મહોત્સવ અને પતંગ મહોત્સવ ધ્વારા કેટલા રૂપિયાના એમ. ઓ. યુ. સાઈન થયા, | (૧) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૩ સમયે ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપવા રૂા. ૬૬૦૬૮.૫૦ કરોડની દરખાસ્તો મળેલ છે. |
| (૨) સરકારને આ બંન્ને મહોત્સવ પાછળ કેટલો ખર્ચ કરવો પડ્યો, | (૨) નવરાત્રી અને પતંગ મહોત્સવનો મોટાભાગનો ખર્ચ ઔદ્યોગિક ગૃહો તરફથી મળેલ ફાળા ધ્વારા ઔદ્યોગિક ગૃહો ધ્વારા જાહેરાતો, સ્પોન્સરશીપ ધ્વારા કરવામાં આવેલ. રાજ્ય સરકારે નવરાત્રિ મહોત્સવ માટે રૂા. ૧૩૭.૧૫ લાખનો ખર્ચ કરેલ છે, જ્યારે પતંગ મહોત્સવ પાછળ ૨૫.૨૦ લાખ રૂપિયાનો ખર્ચ કરેલ છે. |
| (૩) એમ. ઓ. યુ. થયેલ હોય તે અંતર્ગત કેટલા ઉદ્યોગો કાર્યરત થયા, અને | (૩) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કુલ ૫૬ પ્રોજેકટો અમલીકરણના વિવિધ તબક્કામાં છે જે પૈકી દસ પ્રોજેકટોએ ઉત્પાદન શરૂ કરી દીધેલ છે. |
| (૪) આના લીધે કેટલા બેરોજગારોને ઉદ્યોગોમાં નોકરી મળી ? | (૪) આને લીધે ઘણી મોટી સંખ્યામાં બેરોજગારોને આ ઉદ્યોગોમાં રોજગારી મળશે. |

----------

## ગુજરાત વિદ્યુત બોર્ડનુ વિભાજન

૯૮૦૨ **શ્રી દિપસિંહ શં. રાઠોડ (પ્રાંતિજ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે ગુજરાત વિદ્યુત બોર્ડનું અલગ અલગ નિગમોમાં વિભાજન કરવાનો નિર્ણય કરેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આવો નિર્ણય કરવા પાછળનો ઉદ્દેશ શું છે ? | (૨) રાજ્ય સરકારે ગુજરાત વિદ્યુત બોર્ડનું જુદી જુદી સાત વીજ કંપનીઓમાં વિભાજન કરવાનો નિર્ણય કરેલ છે, જેના ઉદ્દેશ નીચે પ્રમાણે છે.<br><br>(અ) વીજક્ષેત્રમાં નિયમન અને સુધારણા માટે રાજ્યના ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનઃગઠન અને નિયમન) ધારા, ૨૦૦૩ અને કેન્દ્રના નવા વિદ્યુત ધારા, ૨૦૦૩ના અમલીકરણ બાદ દેશભરમાં ઉર્જા ક્ષેત્રે જે હરીફાઈનું વાતાવરણ સર્જાયું છે, તેમાં ગુજરાત વિદ્યુત બોર્ડને સ્પર્ધાત્મક સ્થિતિમાં મુકવા માટે.<br><br>(બ) બોર્ડના હાલના કાર્યોનું યોગ્ય રીતે વિભાજન કરી, નવી સંસ્થાઓનું વ્યાપારી ધોરણે સંચાલન થાય, વીજક્ષેત્રમાં લાંબાગાળાના સુધારા લાવીને રાજ્યનો સર્વાંગી વિકાસ થાય. અને ગ્રાહકોનું વધુ સારૂ હિત જળવાય. |

-----------

## ટંકારા, પડધરી અને મોરબી તાલુકામાં જ્યોતિગ્રામ યોજના અન્વયે આવરી લીધેલાં ગામો

૮૧૦૦ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા જ્યોતિગ્રામ યોજના અન્વયે ટંકારા, પડધરી અને મોરબી તાલુકામાં કયા કયા ગામોને તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં આવરી લેવામાં આવેલ છે, અને

(૨) બાકી રહેતા ગામોને કેટલા સમયમાં આવરી, કામપૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨) આવરી લીધેલ ગામોની વિગત પત્રક-૧ મુજબ અને તે પૈકી બાકી રહેતા ગામો માટે નીચે મુજબ.

| તાલુકાનું નામ | કુલ આવરી લીધેલ ગામોની સંખ્યા | તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ. | |
|---|---|---|---|
| | | કામગીરી પુર્ણ થયેલ ગામોની સંખ્યા | બાકી ગામોની સંખ્યા |
| ટંકારા | ૪૭ | ૧૧ | ૩૬ |
| પડધરી | ૫૮ | ૧૩ | ૪૫ |
| મોરબી | ૭૬ | ૫૪ | ૨૨ |

બાકી રહેતા ગામોની કામગીરી શક્ય તેટલા વહેલાં પૂર્ણ કરવાનું આયોજન છે.

### પત્રક-૧
### પડધરી તાલુકો

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | ન્યારા | ૨ | વેજાગામ | ૩ | વાજડીગઢ |
| ૪ | ખંભાળા | ૫ | ઈશ્વરીયા | ૬ | અમરેલી |
| ૭ | ઢાંકળીયા | ૮ | પરાપીંપળીયા | ૯ | ખંઢેરી |
| ૧૦ | નારણકા | ૧૧ | શિવપુર | ૧૨ | બાધી |
| ૧૩ | મોટારામપર | ૧૪ | મેટાડા | ૧૫ | સરપદડ |
| ૧૬ | કેરાલા | ૧૭ | રાદડ | ૧૮ | હીદડ |
| ૧૯ | તરઘડી | ૨૦ | રંગપર | ૨૧ | હરીપર (ખારી) |
| ૨૨ | ખાખડાબેલા | ૨૩ | ખોડાપીપર | ૨૪ | ચોરીયાળી |
| ૨૫ | ઉકરડા | ૨૬ | દહીસરડા (આજી) | ૨૭ | અડબાલા |
| ૨૮ | ગઢડા | ૨૯ | ડુગરકા | ૩૦ | મોટાખીજડીયા |
| ૩૧ | સાલપીપળીયા | ૩૨ | દસરડા (ઉડ) | ૩૩ | ભાયુના દોમડા |
| ૩૪ | નાના સગાળીયા | ૩૫ | વણપરી | ૩૬ | ગોવિંદપર |
| ૩૭ | ખામંટા | ૩૮ | ખજૂરડી | ૩૯ | રૂપાવટી |
| ૪૦ | જોધપર (છલ્લા) | ૪૧ | છલ્લા | ૪૨ | નાના મોટી ચણોલ |
| ૪૩ | નાની ચણોલ | ૪૪ | ફતેપર | ૪૫ | જીલરીયા |
| ૪૬ | ધુનાના ગામ | ૪૭ | બોડીઘોડી | ૪૮ | પાટી રામપર |
| ૪૯ | વચલી ઘોડી | ૫૦ | છેલ્લી ઘોડી | ૫૧ | નાના ખીજડીયા |
| ૫૨ | દેકડદડ (ધ્રોલ) | ૫૩ | સણોસર (ધ્રોલ) | ૫૪ | સુવાગ |
| ૫૫ | પાંભર ઈટાળા | ૫૬ | લક્ષ્મી ઈટાળા | ૫૭ | નાના ઈટાળા |
| ૫૮ | નાનાવડા | - | - | - | - |

### ટંકારા તાલુકો

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|---|---|

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | અમરાપર (તોલ) | ૨ | આનંદપર | ૩ | બંગાવળી |
| ૪ | બેડી | ૫ | ભૂતકોટડા | ૬ | છતર |
| ૭ | દેવળીયા | ૮ | ધ્રલીયા | ૯ | હડાળા |
| ૧૦ | હડમતીયા | ૧૧ | હમીરપર | ૧૨ | હડબતીયાળી |
| ૧૩ | જબલપુર | ૧૪ | જીવાપર (ટંકારા) | ૧૫ | જોધપર (ઝાલો) |
| ૧૬ | કાવદડી | ૧૭ | કલ્યાણપુર | ૧૮ | ખાખરા |
| ૧૯ | કોઠારીયા | ૨૦ | લજાઈ | ૨૧ | લખતીરગઢ |
| ૨૨ | મહેન્દ્રપુર | ૨૩ | મેધપર (ઝાલા) | ૨૪ | મીતાણા |
| ૨૫ | મોટા ખીજડીયા | ૨૬ | નાના ખીજડીયા | ૨૭ | નાના રામપર |
| ૨૮ | નસીતરપર | ૨૯ | નૈકનામ | ૩૦ | નેસડા (ખાનપર) |
| ૩૧ | નેસડા (સુરજી) | ૩૨ | આંટાળા | ૩૩ | રાજાવડ |
| ૩૪ | રોહીશાળા | ૩૫ | સજનપર | ૩૬ | સખપર |
| ૩૭ | સરાયા | ૩૮ | સવડી | ૩૯ | ટંકારા |
| ૪૦ | તોલ | ૪૧ | વાછકપર | ૪૨ | વાઘગઢ |
| ૪૩ | વિજયનગર | ૪૪ | વિરપર | ૪૫ | વીરવા |
| ૪૬ | ધુનળા | ૪૭ | ઉમીયાનગર | - | - |

**મોરબી તાલુકો**

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | ગુગણ | ૨ | જામ્બુડીયા | ૩ | મકનસર |
| ૪ | બહાદુરગઢ | ૫ | ગાલ્લા | ૬ | જુના નાગડાવાસ |
| ૭ | નવા નાગડાવાસ | ૮ | પીલુડી | ૯ | સોખડા |
| ૧૦ | વાઘપર | ૧૧ | અણીયારી | ૧૨ | બેલ્લા |
| ૧૩ | ધરમપુર | ૧૪ | હરીપર | ૧૫ | જસમતગઢ |
| ૧૬ | જેતપર | ૧૭ | જુના સાદુરકા | ૧૮ | કેરાળા |
| ૧૯ | મહેન્દ્રનગર | ૨૦ | નવા સાદુરકા | ૨૧ | પીપળી |
| ૨૨ | રંગપર | ૨૩ | રાપર | ૨૪ | શાપર |
| ૨૫ | ટીમ્બડી | ૨૬ | લુટાવદર | ૨૭ | પીપળીયા |
| ૨૮ | અમરાપર | ૨૯ | બગથાળા | ૩૦ | બરવાળા |
| ૩૧ | બીલીયા | ૩૨ | હજનાળી | ૩૩ | કાન્તીપુર |
| ૩૪ | ખાખરાળા | ૩૫ | ખેવરીયા | ૩૬ | માણેકવાડા |
| ૩૭ | માંડપર | ૩૮ | મોટી વાવડી | ૩૯ | નાગલપુર |
| ૪૦ | નાની વાવડી | ૪૧ | નારણકા | ૪૨ | પંચાસાર |
| ૪૩ | વિરપરડા | ૪૪ | ગોરખીજડીયા | ૪૫ | માનસર |
| ૪૬ | વનાળીયા | ૪૭ | અમરેલી | ૪૮ | રવાપર |
| ૪૯ | જીવાપર | ૫૦ | ચકમપર | ૫૧ | ભાડીયાદ |
| ૫૨ | લાલપર | ૫૩ | લીલાપર | ૫૪ | સનાળા |
| ૫૫ | જીકયારી | ૫૬ | લખધીરપુર | ૫૭ | કાલકાનગર |
| ૫૮ | ઘટ | ૫૯ | ઉંચામાંડલ | ૬૦ | નીચીમાંડલ |
| ૬૧ | વાંકાળા | ૬૨ | ખરેડા | ૬૩ | આદરણા |
| ૬૪ | ગીડચ | ૬૫ | પાનેલી | ૬૬ | ખાનપર |
| ૬૭ | રાજપર | ૬૮ | થોરાળા | ૬૯ | ચાચાપર |
| ૭૦ | અદેપર | ૭૧ | ધુનળા (સજનપર) | ૭૨ | જોધપર (નાડી) |

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|---|---|
| ૭૩ | સકતસનાળા | ૭૪ | લક્ષ્મીનગર | ૭૫ | લખધીરનગર |
| ૭૬ | જેપુર | - | - | - | - |

----------

## ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી ધ્વારા થયેલ ખર્ચ

૯૧૧૨ **શ્રી બાબુભાઈ શાહ** (રાપર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી દ્વારા વર્ષ ૨૦૦૨-૨૦૦૩, ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫ના નાણાંકીય વર્ષોમાં ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં વર્ષવાર કેટ કેટલું ખર્ચ કઈ કઈ વ્યવસ્થા માટે કરવામાં આવ્યું, અને | (૧) ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી દ્વારા કરવામાં આવેલ વર્ષવાર ખર્ચ નીચે મુજબ છે.<br>--- વર્ષ ૨૦૦૨-૦૩ ખર્ચ રૂા. ૯૧૧.૫૨ કરોડ<br>--- વર્ષ ૨૦૦૩-૦૪ ખર્ચ રૂા. ૬૫૫.૭૯ કરોડ<br>--- વર્ષ ૨૦૦૪-૦૫ ખર્ચ રૂા. ૪૪૭.૬૩ કરોડ<br>(તા. ૩૧-૧૨-૦૪) કોમ્પોનન્ટવાર થયેલ ખર્ચની વિગતો પત્રક-અમાં સામેલ રાખેલ છે.) |
| (૨) આ વર્ષોમાં થયેલ કુલ ખર્ચ અન્વયે મૂડી ખર્ચ અંગે કેટલી રકમ અને વહીવટ કે વ્યવસ્થા અન્વયે વર્ષવાર કેટ કેટલી રકમની ફાળવણી અને ખર્ચ થયું ? | (૨) થયેલ ખર્ચ અન્વયે વર્ષવાર ફાળવણી, મુડી ખર્ચ અને વ્યવસ્થા તથા વહીવટી ખર્ચ નીચે મુજબ છે.<br>--- વર્ષ ૨૦૦૨-૦૩ ફાળવણી રૂા. ૧૪૨૫.૩૪ કરોડ<br>કુલ ખર્ચ રૂા. ૯૧૧.૫૨ કરોડ, જે પૈકી રૂા. ૯૦૯.૬૭ કરોડ મુડી ખર્ચ તથા મકાન સહાય અને<br>રૂા. ૧.૮૫ કરોડ વહીવટી ખર્ચ થયેલ છે.<br>--- વર્ષ ૨૦૦૩-૦૪માં ફાળવણી રૂા. ૭૧૬.૪૬ કરોડ<br>ખર્ચ રૂા. ૬૫૫.૭૯ કરોડ, જે પૈકી રૂા. ૬૫૨.૮૪ કરોડ મુડી ખર્ચ તથા મકાન સહાય અને<br>રૂા. ૨.૯૫ કરોડ વહીવટી ખર્ચ થયેલ છે.<br>--- વર્ષ ૨૦૦૪-૦૫માં ફાળવણી રૂા. ૯૧૬.૦૭ કરોડ, ખર્ચ રૂા. ૪૪૭.૬૩ કરોડ (૩૧-૧૨-૦૪ સુધી) જે પૈકી<br>રૂા. ૪૪૫.૮૯ કરોડ મુડી ખર્ચ તથા મકાન સહાય અને<br>રૂા. ૧.૭૪ કરોડ વહીવટી ખર્ચ થયેલ છે.<br>**નોંધ** : માર્ગો તથા પુલો, જાહેર મકાનો, સિંચાઈ, વીજળી, પાણી પુરવઠો, શહેરી તથા ગ્રામીણ ઈન્ફ્રાસ્ટકચર, આરોગ્ય, શિક્ષણ, મકાન સહાય, કૃષિ, જીવન નિર્વાહ (લાઈવલી હુડ રીહેબીલીટેશન), ડીઝાસ્ટર પ્રીપેર્ડનેસ, કોમ્પોનેન્ટસ અંગેના ખર્ચાઓ મુડી ખર્ચ તથા સહાય તરીકે દર્શાવેલ છે. જી.એસ.ડી.એમ.એ. કચેરીનો ખર્ચ વહીવટી ખર્ચ તરીકે ગણેલ છે. |

**પત્રક-અ** **(રૂા. કરોડમાં)**

| ક્રમ | કોમ્પોનેન્ટ | થયેલ ખર્ચ | | | કુલ |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૨-૨૦૦૩ | ૨૦૦૩-૨૦૦૪ | ૨૦૦૪-૨૦૦૫ ૩૧-૧૨-૦૪ સુધી | |
| **(અ) મુડી ખર્ચ તથા મકાન સહાય** | | | | | |
| ૧ | માર્ગો તથા પુલો | ૩૫.૬૨ | ૧૩.૯૭ | ૬૭.૪૪ | ૧૧૭.૦૩ |
| ૨ | જાહેર મકાનો (public Building) | ૩૯.૪૨ | ૪૭.૧૦ | ૪૩.૯૮ | ૧૩૦.૫૦ |
| ૩ | સિંચાઈ | ૮.૮૨ | ૧૩.૮૧ | ૩૯.૨૭ | ૬૧.૯૦ |
| ૪ | શહેરી તથા ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રકચર | ૨૮૧.૩૧ | ૩૦૭.૪૪ | ૧૮૬.૯૫ | ૭૭૫.૭૦ |
| ૫ | વિજળી | ૨૪.૪૭ | ૭૩.૧૩ | ૩૫.૭૦ | ૧૩૩.૩૦ |
| ૬ | શિક્ષણ | ૧૦.૩૩ | ૫.૪૬ | ૦.૮૭ | ૧૬.૬૬ |
| ૭ | આરોગ્ય | ૧.૧૪ | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૧૪ |
| ૮ | હાઉસીંગ (મકાન સહાય) | ૪૯૨.૮૧ | ૧૬૬.૧૦ | ૫૭.૭૫ | ૭૧૬.૬૬ |
| ૯ | કૃષિ | ૦.૧૦ | ૦.૦૬ | ૦.૦૦ | ૦.૧૬ |
| ૧૦ | જીવન નિર્વાહ (લાઈવલી હુડ રીહેબીલીટેશન) | ૧.૮૯ | ૧૦.૨૦ | ૦.૪૫ | ૧૨.૫૪ |
| ૧૧ | કોમ્યુનીટી પાર્ટીશીપેશન | ૧.૦૬ | ૧.૨૬ | ૦.૨૭ | ૨.૫૯ |
| ૧૨ | ડીઝાસ્ટર મેનેજમેન્ટ કેપેસીટી બીલ્ડીંગ | ૩.૧૮ | ૩.૪૪ | ૩.૪૦ | ૧૦.૦૨ |
| ૧૩ | ડીઝાસ્ટર મીટીગેશન | ૦.૦૦ | ૦.૦૨ | ૦.૦૦ | ૦.૦૨ |
| ૧૪ | કન્સલટન્સી તથા ઈન્ક્રીમેન્ટલ (અન્ય કચેરીઓ) | ૯.૫૨ | ૧૦.૮૫ | ૯.૮૧ | ૩૦.૧૮ |
| | **કુલ : (અ)** | **૯૦૯.૬૭** | **૬૫૨.૮૪** | **૪૪૫.૮૯** | **૨૦૦૮.૪૦** |
| ૧૧ | વ્યવસ્થાપન સંચાલન તથા વહીવટી ખર્ચ (જી.એસ.ડી.એમ.એ. કચેરી) | ૧.૮૫ | ૨.૯૫ | ૧.૭૪ | ૬.૫૪ |
| | **કુલ : (બ)** | **૧.૮૫** | **૨.૯૫** | **૧.૭૪** | **૬.૫૪** |
| | **કુલ : (અ+બ)** | **૯૧૧.૫૨** | **૬૫૫.૭૯** | **૪૪૭.૬૩** | **૨૦૧૪.૯૪** |

----------

## સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનને આપવામાં આવતા પ્રોત્સાહનો

૯૮૩૪ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા (કરજણ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનને રાજ્ય સરકાર દ્વારા ક્યા ક્યા ખાસ પ્રોત્સાહનો આપવામાં આવે છે, અને

**જવાબ**

(૧) સ્પેશ્યલ ઈકોનોમીક ઝોનના વિકાસ માટે રાજ્ય સરકારે ગુજરાત સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન એક્ટ-૨૦૦૪ બહાર પાડેલ છે. આવા ઝોનમાં રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના પ્રોત્સાહનો આપવામાં આવે છે.

**એકમો માટે :**

(૧) સ્પેશ્યલ ઈકોનોમીક ઝોનના પ્રોસેસીંગ ઝોનમાં સ્થપાનાર એકમોને ટેક્ષ, સેસ, ડ્યુટીઝ, ફી તેમજ અન્ય પ્રકારની લેવીમાંથી નીચે મુજબ મુક્તિ આપવામાં આવેલ છે.

(અ) જમીનની તબદીલી માટે સ્ટેમ્પ ડ્યુટી તેમજ રજીસ્ટ્રેશન ફી માંથી મુક્તિ.

(બ) મોરગેજ અને ક્રેડીટ ડીડ અને લોન એગ્રીમેન્ટ ઉપર લાગતી સ્ટેમ્પ ડ્યુટી તથા રજીસ્ટ્રેશન ફીમાંથી મુક્તિ.

(ક) ઝોનના એકમો દ્વારા વેચાણ અને વ્યવહાર (ટ્રાન્જેક્શન)માં ભરવાના થતા સેલટેક્ષ, પરચેઝ ટેક્ષ, મોટર સ્પીરીટ ટેક્ષ, લકઝરી ટેક્ષ, એન્ટરટેઈનમેન્ટ ટેક્ષ તથા અન્ય વેરા અને સેસમાંથી મુક્તિ.

(૨) ડોમેસ્ટીક ટેરીફ એરીયામાંથી ઝોનના એકમોને મળતાં માલસામાન તેમજ સેવાઓ ઉપર લાગતાં ટેક્ષમાંથી મુક્તિ.

**ડેવલપર્સ માટે :**

ઝોનના ડેવલપરને સ્પેશ્યલ ઈકોનોમીક ઝોનના સમગ્ર વિસ્તારમાં ઉપર મુજબ મુક્તિ આપવામાં આવેલ છે.

તદ્ઉપરાંત રાજ્ય સરકારે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭માં સુધારો કરી સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનના એકમોને મજુરકાયદાઓની કેટલીક જોગવાઈઓની અમલવારીમાં રાહતો/મુક્તિ આપી છે.

(૨) તા. ૩૧-૧-૦૫ના રોજની સ્થિતિએ આ યોજના હેઠળ રાજ્યમાં કેટલા સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન મંજૂર થયા છે ?

(૨) આ યોજના હેઠળ રાજ્યમાં કુલ ૭(સાત) સ્પેશીયલ ઈકોનોમીક ઝોનને કેન્દ્ર સરકાર દ્વારા સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

----------

## ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૫ માં થયેલા એમ.ઓ.યુ.

૯૭૫૬ **શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૫માં કેટલા અને ક્યા ક્યા એકમો માટે કેટલા રૂપિયાના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા, અને | (૧) રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૫માં રૂપિયા ૧૦૬૧૬૦ કરોડના મૂડી રોકાણોની ૨૨૬ દરખાસ્તો પ્રાપ્ત થઈ જેની સંપૂર્ણ વિગતો તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૮૩૧૪ના જવાબમાં આપેલ છે. |
| (૨) આનાથી રાજ્યને કેટલો ફાયદો થનાર છે ? | (૨) આનાથી રાજ્યમાં નવા ઉદ્યોગો સ્થપાવાથી વધુ રોજગારી પ્રાપ્ત થશે, ઔદ્યોગિક ઉત્પાદન વધશે તેમજ ઔદ્યોગિક વિકાસને અને તે દ્વારા આર્થિક વિકાસને વેગ મળશે. |

----------

## ગાંધીનગર જિલ્લામાં જ્યોતિગ્રામ યોજનાથી વંચિત ગામો

૮૧૫૩ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડિસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ ગાંધીનગર તાલુકામાં કુલ કેટલા ગામોમાં જ્યોતિગ્રામ યોજનાનો લાભ મળેલ છે, અને | (૧) ૬૨. |
| (૨) કેટલા ગામોમાં જ્યોતિગ્રામ યોજનાથી વંચિત રહેલ છે ? | (૨) ફેબ્રુઆરી-૨૦૦૫ની સ્થિતિએ ૩ ગામો. |

## ચોટીલા અને સાયલા વિસ્તારમાં દારૂ અને જુગારની રેડ અને પકડાયેલ મુદ્દામાલ

૮૮૨૨ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧-૧-૦૪થી તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં ચોટીલા અને સાયલા વિસ્તારમાં દારૂ અને જુગારની કેટલી રેડ પાડવામાં આવી, | (૧) દારૂ અંગેની કુલ : ૫૫૯ અને જુગાર અંગેની કુલ : ૨૨ રેડ પાડવામાં આવેલ છે. |
| (૨) કેટલાં આસામીઓને પકડવામાં આવ્યા, અને | (૨) દારૂ અંગે કુલ : ૪૪૮ અને જુગાર અંગે કુલ : ૧૬૭ આરોપીઓને પકડવામાં આવેલ છે. |
| (૩) કેટલી કિંમતનો દારૂ અને જુગારની કેટલી રકમ મળેલ છે ? | (૩) રૂા. ૨૦,૮૨,૪૧૯/- ની કિંમતનો દેશી-વિદેશી દારૂ અને જુગારની રકમ રૂા. ૨,૯૮,૦૫૫/- મળેલ છે. |

----------

## પતંગ મહોત્સવ પાછળ થયેલ ખર્ચ અને હેતુ અંગે સફળતા

૮૩૫૧ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ)** :**માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર તરફથી તાજેતરમાં યોજવામાં આવેલ પતંગ મહોત્સવમાં કેટલા લોકોએ ભાગ લીધો છે, | (૧) વિદેશના ૫૪, અન્ય રાજ્યોનાં ૪૦ તેમજ રાજ્યનાં ૪૩ મળીને કુલ ૧૩૭ પતંગવીરોએ ભાગ લીધો હતો. |
| (૨) પતંગ મહોત્સવ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને | (૨) થયેલ બીલોનાં ખર્ચની ચકાસણી કરીને ચુકવણી કરવાની પ્રક્રિયા ચાલુ છે. અત્યાર સુધીમાં રૂા. ૧૦૪.૮૪ લાખની રકમની ચુકવણી કરવામાં આવી છે. |
| (૩) પતંગ મહોત્સવ યોજવા પાછળનો હેતુ શું હતો અને કેટલાં અંશે તે સફળ થયો છે? | (૩) ગુજરાતની સંસ્કૃતિ તેમજ કલા કૌશલ્યને રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રસિધ્ધ કરવાનો તેમજ પ્રવાસન ક્ષેત્રને પ્રોત્સાહન આપવાનો ઉદ્દેશ છે. વિદેશમાંથી એન.આર.આઈ., એન.આર.જી. તથા વિદેશી પ્રવાસીઓને રાજ્યમાં આકર્ષવા માટે પતંગ મહોત્સવ યોજવામાં આવે છે. સાથોસાથ આવા ઉત્સવોથી ગુજરાતના પતંગ ઉત્પાદકોને પ્રોત્સાહન મળે છે. પતંગ મહોત્સવની લોકપ્રિયતા તેમાં ભાગ લેનાર લોકોમાં ઉત્તરોઉત્તર વધારો અને તેનાથી પ્રવાસનનો થતો વિકાસ તેની સફળતા દર્શાવે છે. ચાલુ વર્ષે અમદાવાદ, ખંભાત, પાટણ, સુરેન્દ્રનગર તેમજ ભાવનગર ખાતે યોજવામાં આવેલ પતંગમહોત્સવને લોકો દ્વારા સારો પ્રતિસાદ મળેલ છે. |

----------

## બનાસકાંઠા જિલ્લામાં પી.આઈ., પી.એસ.આઈ. અને કોન્સ્ટેબલની ખાલી જગ્યાઓ

૯૭૫૨ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સરહદી વિસ્તાર બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ પી. આઈ., પી. એસ. આઈ. અને કોન્સ્ટેબલોની કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) આ જગ્યાઓ ભરવા સરકાર દ્વારા નજીકના ભવિષ્યમાં કોઈ આયોજન છે કે કેમ, અને

(૩) જો હા, તો તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧)

| સંવર્ગ | | ખાલી |
|---|---|---|
| પો.ઈ. | - | -- |
| પો.સ.ઈ. | - | ૧૧ |
| એ.એસ.આઈ. | - | ૦૨ |
| હે.કો. | - | ૧૬ |
| પો.કો. | - | ૨૪૩ |
| કુલ | - | ૨૭૨ |

(૨) હા,જી.

(૩) ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરતીની પ્રક્રિયા ચાલુ છે.

----------

## ભાવનગર જિલ્લામાં વિવિધ ગુનાઓ

૮૩૯૩ **શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી (ઘોઘા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૦૩ અને ૨૦૦૪માં ધાડ, ખૂન, લૂંટ, બળાત્કાર અને ચોરીના કુલ કેટલા ગુનાઓ નોંધાયા છે,

(૨) આ નોંધાયેલ ગુનામાં કેટલા ગુના શોધી કઢાયા અને કેટલા બાકી છે,

(૩) કેટલા તહોમતદારો પકડાયેલ છે અને કેટલા બાકી છે, અને

(૪) આ તહોમતદારોને ન પકડવા પાછળ શા કારણો છે ?

**જવાબ**

(૧)

| હેડ | ૨૦૦૩ | ૨૦૦૪ |
|---|---|---|
| ધાડ | ૧૫ | ૨૦ |
| ખૂન | ૫૬ | ૫૩ |
| લૂંટ | ૩૯ | ૮૬ |
| બળાત્કાર | ૦૫ | ૨૧ |
| ચોરી | ૬૦૬ | ૭૧૫ |

(૨)

| | શોધાયા | બાકી | શોધાયા | બાકી |
|---|---|---|---|---|
| ધાડ | ૧૨ | ૦૩ | ૧૮ | ૦૨ |
| ખૂન | ૪૯ | ૦૭ | ૪૮ | ૦૫ |
| લૂંટ | ૩૨ | ૦૭ | ૭૦ | ૧૬ |
| બળાત્કાર | ૦૫ | -- | ૨૧ | -- |
| ચોરી | ૨૭૪ | ૩૩૨ | ૨૮૯ | ૪૨૬ |

(૩)

| | પકડાયેલ | બાકી | પકડાયેલ | બાકી |
|---|---|---|---|---|
| ધાડ | ૭૭ | ૨૧ | ૧૨૫ | ૧૨ |
| ખૂન | ૧૨૮ | ૧૧ | ૧૩૦ | ૧૪ |
| લૂંટ | ૭૩ | ૧૭ | ૧૬૮ | ૨૨ |
| બળાત્કાર | ૦૫ | -- | ૨૧ | ૦૩ |
| ચોરી | ૩૭૯ | ૩૫૪ | ૫૧૪ | ૪૦૯ |

(૪) તહોમતદારોને ન પકડવા પાછળ નામ નમુદ ન હોવા, ખોટી ફિરયાદ, આરોપીનું મૃત્યુ અથવા નાસ્તા ફરતાં હોવાથી તથા કોર્ટના સ્ટે જેવા કારણો છે.

નાસ્તા ફરતાં હોવાથી તથા કોર્ટના સ્ટે જેવા કારણો છે.

----------

**નર્મદા યોજનામાંથી આપવામાં આવતું પાણી**

૯૧૧૮ **શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાલા (વડોદરા શહેર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં નર્મદા યોજનામાંથી કેટલા ગામોને સિંચાઈનું પાણી આપવાનું આયોજન છે, અને

(૨) ડીસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ કેટલા ગામોને પાણી આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં નર્મદા યોજનામાંથી ૩૧૧૨ ગામોને સિંચાઈનું પાણી આપવાનું આયોજન છે.

(૨) ડીસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ ૭૬૧ ગામોને પાણી આપવામાં આવે છે.

--------------

**વાયબ્રન્ટ ગુજરાત અન્વયે થયેલ મૂડી રોકાણ**

૮૩૨૪ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૩ થી તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં વિધિવત સમજૂતી કરાર (એમ.ઓ.યુ.) કેટલા કરોડના થયા હતા, અને

(૨) તે પૈકી ક્યા ક્યા પ્રોજેક્ટોએ ખરેખર મૂડી રોકાણ કરેલ છે અને કેટલું ?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ દરમ્યાન કુલ ૭૬ ઉદ્યોગકારો તરફથી કુલ રૂા. ૬૬૦૬૮.૫૦ કરોડના રોકાણની દરખાસ્તો મળેલ છે.

(૨) આ સાથે સામેલ પરિશિષ્ટ-અ અને બ મુજબ ના મૂડીરોકાણવાળા પ્રોજેક્ટો અનુક્રમે ઉત્પાદનમાં ગયેલ છે અને અમલીકરણ હેઠળ છે.

--------------

**પરિશિષ્ટ - અ**

**Projects Commenced Production**

| Sr. No. | Company Name | Project | Location | Investment (Rupees to Crore) |
|---|---|---|---|---|
| ૧ | BEST ROSES BIOTECH PVT. LTD. | HI-TECH HYDROPONIC FLOURICULTURE | NAVSARI | ૧૫.૦૦ |
| ૨ | ADANI GROUP | EDIBLE OIL REFINING | MUNDRA, KUTCH | ૧૫૦.૦૦ |
| ૩ | SOUTH GUJARAT TEXTURISERS WELFARE | MODERNISATION IN MEMBER UNITS | SURAT | ૩,૦૦૦.૦૦ |
| ૪ | SOUTH GUJARAT PROCESSORS | MODERNISATION IN MEMBER UNITS | SURAT | ૨,૫૦૦.૦૦ |
| ૫ | NANDHAM EXIM PVT. LTD. | (૧) DENIM FABRIC<br>(૨) GREY FABRIC | GOPALPURA<br>GOPALPURA | ૧૫૦.૦૦ |
| ૬ | GUJARAT NRE COKE LTD. | CO. GENARATION OF POWER ૧૦M.W.&COKE | KUTCH | ૫૦.૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | CHIRIPAL PETROCHEMICALS LTD. | POLYSTER & FULLY DRAWN YARN | AHMEDABAD | ૩૫૦.૦૦ |
| ૮ | SAW PIPES LIMITED | DUCTILE IRON PIPES & SPIRALLY WELDED PIPES | SHAMAGOGA, MUNDRA | ૨૫૦.૦૦ |
| ૯ | HAZIRA PORT PVT. LTD. | INSTALLATION OF A FEASIBILITY STUDY FOR SETTING UP ON SE૨ AT HAZIRA | HAZIRA | ૦.૦૦ |
| ૧૦ | GUJARAT OLEOCHEM LTD. | CASTOR R & D CENTRE | PANOLI | ૫.૦૦ |
| | | | TOTAL | ૬,૪૭૦.૦૦ |

## પરિશિષ્ટ - બ

## Projects Under Implementation

| Sr. No. | Company Name | Project | Location | Investment (Rupees to Crore) |
|---|---|---|---|---|
| I | ARGO AND FOOD PROCESSING SECTOR | | | |
| ૧ | GAIC-MOU WITH GUJARAT ELECTRICITY BOARD | DRIP IRRIGATION SYSTEM IN ૮૦૦૦ HECTARES LAND | EIGHT DISTRICTS | ૮૦.૦૦ |
| II | TEXTILE SECTOR | - | - | - |
| ૨ | SOUTHERN GUJARAT CHEMBER OF TRADE & INDUSTRIES DEVELOPMENT CENTRE | SETTING UP OF A TRADE CENTRE | SURAT | ૫૦.૦૦ |
| ૩ | SAFARI EXPORT CO. LTD. | GARMENT INDUSTRIES | AMRELI | ૬.૦૦ |
| | - | - | - | - |
| III | MINERAL BASED INDUSTRIES | - | KODINAR DISTRICT AMRELI | - |
| ૪ | GUJARAT AMBUJA CEMENTS LTD. | CEMENT | KODINAR DISTRICT AMRELI | ૨૫૦.૦૦ |
| ૫ | GUJARAT AMBUJA CEMENTS LTD. | CAPTIVE POWER PLANT | KODINAR DISTRICT AMRELI | ૩૫૦.૦૦ |
| ૬ | GUJARAT AMBUJA CEMENTS LTD. | CEMENT (૧ MILLION TON) | KODINAR DIST. AMRELI | ૨૦૦.૦૦ |

| Sr. No. | Company Name | Project | Location | Investment (Rupees to Crore) |
|---|---|---|---|---|
| ૭ | NIRMA LTD. | CEMENT (૧ MILLION TON) | BHAVANAGAR | ૩૦૦.૦૦ |
| IV | CHEMICALS /PETROCHEMICALS SECTOR. | - | - | - |
| ૮ | RELIANCE INDUSTRIES LTD. | - | MORA CHORIYASI, SURAT | ૯૦૦૦.૦૦ |
| | - | BUTADIN | ૧૪૦ K | ૧૪૬.૦૦ |
| | - | PSF II | ૨૫૦ K | ૬૦૫.૦૦ |
| | - | POY II | ૨૪૦ K | ૭૨૦.૦૦ |
| | - | MEG IV | ૧૦૦ K | ૨૫૬.૦૦ |
| | - | PET | ૮૦ K | ૧૬૦.૦૦ |
| | - | PTA IV | ૭૦૦ K | ૯૦૪.૦૦ |
| | - | PP | ૩૦૦ K | ૩૧૭.૦૦ |
| | - | STYRENE | ૫૦૦ K | ૧૦૦૦.૦૦ |
| | - | AEROMATIC EXPANSION | - | ૧૭૦.૦૦ |
| ૯ | INDIAN FAMERS FERTILIZERS CO. OPERATIVE LTD. | POWER PROJECT | KALOL & MUNDRA | ૨૫૦૦.૦૦ |
| ૧૦ | GUJARAT ALKALIES & CHEMICALS LTD. | CHEMICAL PROJECT, | BARODA & DAHEJ | ૩૫૦.૦૦ |
| ૧૧ | NIRMA LIMITED | EXPENSION PROJECT OF LAB. | BARODA | ૩૦૦.૦૦ |
| ૧૨ | DISHMAN PHARMA LTD. | BIO-TECH. /PHARMA | BAVALA | ૨૦.૦૦ |
| ૧૩ | INTAS PHARMACEUTICALS LTD. | PLASMA PHARMA PRODUCTS | AHMEDABAD | ૧૫૦.૦૦ |
| V | ENJINEERING/STEEL SECTOR | - | - | - |
| ૧૪ | HINDAL CO. INDUSTRIES LIMITED | EXPANSION COPPER SMELTER PROJECT-૧૫ LACTPA | DAHEJ | ૧૫૦૦.૦૦ |
| ૧૫ | APOLLO TYRES LTD. | RADIAL TYRES | BARODA | ૬૦૦.૦૦ |
| VI | INDUSTRIAL PARK/SEZ | - | - | - |
| ૧૬ | DAHEJ ६SEZ | DEVELOPMENT OF SEZAT DAHEJ THROUGH | DAHEJ | ૧૧૦૦.૦૦ |
| | - | SPECIAL PURPOSE | - | - |

| Sr. No. | Company Name | Project | Location | Investment (Rupees to Crore) |
|---|---|---|---|---|
| | | VEHICLE | | |
| ૧૭ | GANESH HOUSING CORPORATION LTD. | PHARMA BIOTRCH EXPORT PARK ABOUT ૪૦-૫૦ UNITS | AHMEDABA D | ૧૧૫.૦૦ |
| ૧૮ | GUJARAT HIRA BOURSE | SETTING OF GEMS & JEWELLERY PARK | SURAT | ૪૬૦૦.૦૦ |
| | - | ૨૦૦ EOUS WITH INVESTMENT OF RS. ૩૦૦૦ CRORE | - | - |
| | - | ૩૦૦ UNITS WITH INV OF RS. ૧,૫૦૦ CRORE & R&D CENTRE WITH INV. OF RS. ૧૦૦ CRORE. | - | - |
| VII | OIL & GAS PROJECTS | - | - | - |
| ૧૯ | GUJARAT ADANI ENERGY LTD. | CITY GAS DISTRUBUTION | AHMEDABA D & BARODA | ૬૦૦.૦૦ |
| ૨૦ | GSPCL MOU WITH ONGC | EXPLORATION AND DEVELOPMENT OF COAL BED | MEHSANA | - |
| | | MITHANE (CBM.) R &D ON GASIFICATION & PIPELINE NETWORK | MEHSANA | |
| ૨૧ | HINDUSTAN PETROLEUM CORP LTD. | EXPLORATION AND DEVELOPMENT OF OIL & GASS FIELD | Gujarat | ૧૮૦૦.૦૦ |
| ૨૨ | Jubilen enpro ltd. | EXPLORATION AND DEVELOPMENT OF OIL & GASS FIELD | | ૦ |
| ૨૩ | Geoglobal resources ltd. | EXPLORATION AND DEVELOPMENT OF OIL & GASS FIELD | | ૦ |
| ૨૪ | ONGC Ltd. | DEVELOPMENT OF C૨-C૩ AND RELATED PROJECTS | Gujarat | ૪૦૦૦.૦૦ |
| VIII | Power Projects | - | - | - |
| ૨૫ | Torrent Power Generation Ltd. | ૧૦૫૦ MW Power Project | Uchhal Surat | ૩૭૮૦.૦૦ |
| ૨૬ | Nirma Chemicals Works Ltd. | ૫૦૦ MW Power Projects | Bhavnagar | ૨૨૦૦.૦૦ |
| ૨૭ | Gsecl & Gpcl | ૧૦૭ MW Power Projects | Dhuvaran | ૩૨૦.૦૦ |
| ૨૮ | Gujarat Paguthan Energy Corporation Ltd. | ૧૦૦૦ MW Power Projects | Bharuch | ૩૨૦૦.૦૦ |

| Sr. No. | Company Name | Project | Location | Investment (Rupees to Crore) |
|---|---|---|---|---|
| ૨૯ | Essar Group | ૫૦૦ MW Power Projects | Hazira & Jamnagar | ૨૫૦૦.૦૦ |
| ૩૦ | Essar Group | Retail Petroleum Outlets | Gujarat | ૧૫૦.૦૦ |
| ૩૧ | Essar Group | Hutchison Essar Telecom Project | Gujarat | ૨૫૦.૦૦ |
| IX | Power Projects (Wind Farm) | - | - | - |
| ૩૨ | Neg Micon (India) Pvt. Ltd. | Wind Farm Project (૨૫૦ MW) | Mandvi ,Kutch | ૧૦૦૦.૦૦ |
| ૩૩ | Enercon India Ltd. | ૩૫૦ MW Wind Power | Saurashtra | ૧૭૫૦.૦૦ |
| ૩૪ | Suzlon Energy Ltd. | Wind Mill (૫૦૦ MW) | Kutch | ૨૨૦૦.૦૦ |
| X | Port Projects | - | - | - |
| ૩૫ | Adani Group | Mundra Port Development | Mundra | ૧૦૦૦.૦૦ |
| XI | Road -Rail Projects | - | - | - |
| ૩૬ | Delhi Metro | Regional Rail & Metro Rail Study Projects | - | ૩૦૦ |
| ૩૭ | Gsrdc | Road Project-૩ Sectors | - | - |
| | | (A) Bharuch Dahej | | |
| | | (B) Mehasana-Palanpur | | |
| | | (C) Bagodara-Rajkot | | |
| XII | INSTITUTIONS | | | |
| ૩૮ | Gujarat adani port ltd. | Port management institute | Ahmedabad | ૨૦.૦૦ |
| ૩૯ | Sun-dev intef campus network Pvt.Ltd. | Management Institute in Association with | Ahmedabad | ૦ |
| | | London University | | |
| ૪૦ | Sun-dev intef campus network Pvt.Ltd. | Yoga University | | ૧૦૦.૦૦ |
| ૪૧ | Nirma Education & Research Institute | Maritime & Ancilliary Education | Ahmedabad | ૦ |
| ૪૨ | National Institute of Design | New Campus of NID at Gandhinagar | Gandhinagar | ૦ |
| ૪૩ | GSPCL Mou with Steag Encol tech Gmbtt | Setting up Gujarat Energy Research & | Ahmedabad | |
| | | Management Inst. (Germi) | | |
| XIII | TOURISUM PROJECTS | | | |
| ૪૪ | TOGL MOU with Gujarat JHM Hotels Ltd. (Rama Group) | Corporate Retreat & Amusement Park | IC Chapur, Surat | ૨૬૦.૦૦ |

| Sr. No. | Company Name | Project | Location | Investment (Rupees to Crore) |
|---|---|---|---|---|
| ૪૫ | TOGL - MOU with millenium park Holding (Kenevelle) | GOLF Course & Leisure Touring | Nal Sarovar | ૨૬૦.૦૦ |
| ૪૬ | Shri Vinod Mehta - An NRI from Eithiopia, Vibgyor group of Companies | INFO-Cum-Communication Entertainment Park | Between Bavla - Bagodara | ૧,૨૦૦.૦૦ |
| | | | Total (All Project) | ૪૮,૦૬૪.૦૦ |

## રાજ્યના પત્રકારો માટે મીડીયા પોલીસી તૈયાર કરવા અંગે

૯૮૦૯ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજયના પત્રકારો માટે સરકારશ્રી મીડીયા પોલીસી તૈયાર કરી રહી છે તે વાત સાચી છે, | (૧) ના જી. |
| (૨) જો હા, તો તેની જાહેરાત કયારે કરવામાં આવશે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) પત્રકારોને આ દરમ્યાન ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા દોઢ વરસથી શા માટે હંગામી ધોરણે એક્રેડીટેશન કાર્ડ આપવામાં આવે છે? | (૩) એક્રેડિટેશન કાર્ડ અંગેના નિયમોની સમીક્ષા હાથ ધરેલ હોવાથી. |

----------------

## કલ્પસર યોજનાની પ્રગતિ

૯૭૪૭ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧)** **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર પ્રભાગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ કલ્પસર યોજનાની પ્રગતિ કયા તબ્બકે છે, અને | (૧) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ કલ્પસર યોજના માટે વિસ્તૃત યોજનાકીય અહેવાલો બનાવવાની કામગીરી હાથ પર છે. |
| (૨) આ યોજના માટે સરકારશ્રીએ કેટલો ખર્ચ કર્યો? | (૨) જાન્યુઆરી-૨૦૦૫ સુધીમાં રૂા.૨૩.૫૯ કરોડનો ખર્ચ કર્યો છે. |

----------------

## પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને માહિતીના આદાન પ્રદાન અંગે રાજકોટ જિલ્લામાં યોજાયેલ લોકદરબાર

૯૭૭૪ **શ્રી કાંતિભાઈ ભા. તડવી (સંખેડા)** :**માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને માહિતીના આદાન પ્રદાનની ભાવના વધે તે માટે તમામ જિલ્લાઓમાં લોક દરબાર યોજવાનું શરૂ કરવામાં આવ્યું છે, તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |

| | |
|---|---|
| (૨) જો હા, તો ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ પોલીસ રેન્જમાં કયા કયા જિલ્લામાં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે? | (૨) જામનગર ૧૦<br>રાજકોટ રૂરલ- ૨૩૮<br>સુરેન્દ્રનગર ૧૮ |

----------------

## ગેસ ઉપલબ્ધીઓની સિધ્ધિઓ અને વડોદરાને મળનાર લાભ અંગે

૮૭૪૫ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય)** : **માનનીય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસે. ૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગેસ ઉપલબ્ધિ અંગે મળેલ સિધ્ધિઓની વિગતો શી છે, અને | (૧) (૧) ભરૂચ જિલ્લાના દહેજ ખાતે પેટ્રોનેટ એલ.એન.જી. દ્વારા દેશનું પ્રથમ એવું ૫ એમ.એમ.ટીપીએ ક્ષમતાવાળું ટર્મિનલ ફેબ્રુ. ૦૪ થી કાર્યરત. ગુજરાતના ગ્રાહકો માટે પ્રતિ વર્ષ એક મીલીયન ટન જેટલો પુરવઠો મેળવવાના કરારો.<br>(૨) સુરત જિલ્લાના હજીરા ખાતે શેલ દ્વારા ૨.૫ એમએમટીપીએ ક્ષમતાવાળું બીજું ટર્મિનલ કાર્યરત થવાના આખરી તબક્કામાં.<br>(૩) બન્ને ટર્મિનલોની ૧૦ એમએમટીપીએ સુધી ક્ષમતા વિસ્તારવાની દરખાસ્ત.<br>(૪) જીએસપીસી-નાઈકોના હજીરા ફીલ્ડમાંથી ૪૦ લાખ સ્ટાન્ડર્ડ કયુબીક મીટર ગેસ મળે છે.<br>(૫) કેઈર્ન એનર્જીના હજીરા ખાતેના ગેસ ફીલ્ડમાંથી ૩૫ લાખ સ્ટાન્ડર્ડ કયુબીક મીટર ગેસ ઉપલબ્ધ છે. |
| (૨) આ પૈકી વડોદરા જિલ્લાને મળનાર ઔદ્યોગિક અને રહેણાંક હેતુઓ માટેના સંભવિત લાભ અંગેની વિગતો શી છે ? | (૨) (૧) વડોદરા શહેરમાં હાલના ધોરણે વડોદરા મ્યુ.કોર્પો. ઘરવપરાશ તથા વાણિજિયક હેતુ માટે ૧.૫૦ લાખ ઘનમીટર ગેસ પ્રતિ દિન ફાળવે છે.<br>(૨) ગેસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા લિમિટેડ વડોદરા શહેરમાં પ્રતિદિન મોટર વાહનો માટે ૯૦૦ કી. ગ્રા. સી.એન.જી. પૂરો પાડે છે. આ ઉપરાંત ગેસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા લિમિટેડ દ્વારા વડોદરા અને આજુબાજુના વિસ્તારોમાં કુલ ૧૫ ઔદ્યોગિક એકમોને ગેસ પૂરો પાડવામાં આવે છે.<br>(૩) અદાણી ગ્રુપ દ્વારા નાંદેસરી અને રણોલી વિસ્તારના ઔદ્યોગિક એકમોને ૨૫૦૦૦ સ્ટાન્ડર્ડ કયુબીક મીટર ગેસ પ્રતિદિન ફાળવાય છે.<br>(૪) ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પો. દ્વારા વડોદરા વિસ્તારમાં જી.એસ.એફ.સી. અને જી.આઈ.પી.સી.એલ. ને ગેસ પૂરો પાડવામાં આવે છે. |

----------

## જ્યોતિગ્રામ યોજના અંતર્ગત લાભાન્વિત ગામો

૯૦૯૮ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જ્યોતિગ્રામ યોજના અન્વયે ડિસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં કુલ કેટલા ગામો તરફથી આ યોજનાનો લાભ લેવા માટે સરકાર | (૧) ૫૩ ગામોએ નોંધણી ફી ભરી માંગણી કરેલ છે. |

પાસે માગણી કરવામાં આવી છે,

| | |
|---|---|
| (૨) આ માગણી પૈકી ડિસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ કુલ કેટલા ગામોને સતત થ્રી ફેઝ પુરવઠો પુરો પાડવામાં આવે છે, અને | (૨) ૨૩. |
| (૩) લાભાર્થી ગામોને નિયમિત વીજળી ના મળતી હોય, એવી સરકારને ડિસેમ્બર, ૦૪ ની સ્થિતિએ કુલ કેટલી ફરિયાદો મળી છે? | (૩) આવી કોઈ ફરિયાદ મળેલ નથી. |

----------

### ડાંગ, વલસાડ અને નવસારી જિલ્લામાં પેટાપરાનું વીજળીકરણ કરવાનું આયોજન

૯૦૯૧ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજયમાં આદિજાતિ વિસ્તારો ડાંગ, વલસાડ અને નવસારી જિલ્લામાં કેટ કેટલા પેટાપરા વિસ્તારોને વીજળીકરણ કરવાનું ૨૦૦૩-૦૪ના વર્ષમાં આયોજન હતું, અને

(૨) તે અન્વયે કેટલો લક્ષ્યાંક પૂર્ણ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) અને (૨) ૨૦૦૩-૦૪ના વર્ષમાં પેટાપરા વીજળીકરણનું જિલ્લાવાર આયોજન/પૂર્ણ કરેલ લક્ષ્યાંકની વિગતો નીચે મુજબની છે.

| જિલ્લો | લક્ષ્યાંક | સિધ્ધ થયેલ લક્ષ્યાંક |
|---|---|---|
| ડાંગ | ૮ | ૧૨ |
| વલસાડ | ૨૦ | ૨૬ |
| નવસારી | ૦ | ૨૩ |
| કુલ | ૨૮ | ૬૧ |

----------

### હીરા વિકાસ બોર્ડની કામગીરી

૯૮૨૭ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત (વ્યારા)** :**માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ રાજય સરકારે હીરા વિકાસ બોર્ડ કયારે અને કયાં બનાવેલું છે, | (૧) ગુજરાત હીરા વિકાસ બોર્ડની રચના તા. ૧૬-૧-૯૦ના રોજ કરેલ છે. આ બોર્ડની કચેરી ગાંધીનગર ખાતે ઉદ્યોગ ભવનમાં આવેલ છે. |
| (૨) આ બોર્ડ દ્વારા એક વર્ષમાં શું કામગીરી કરવામાં આવી, | (૨) વર્ષ દરમ્યાન હીરા વિકાસ બોર્ડ દ્વારા સાવરકુંડલા ખાતે હેલ્થ કેમ્પ, સુરત ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાના ત્રણ વર્ષના તાલીમ કોર્ષ, ભાવનગર ખાતે જ્વેલરી અંગેની તાલીમ, વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૫ અંતર્ગત અમદાવાદ ખાતે જવેલ-૨૦૦૫નું જ્વેલરી પ્રદર્શન, કલ્સ્ટર ડેવલપમેન્ટ સ્કીમ હેઠળ સુરત ખાતે ડાયમંડપાર્ક બનાવવા અંગેની કામગીરીનું આયોજન તેમજ હીરા ઉદ્યોગ સંદર્ભે વિકાસલક્ષી યોજનાઓ ઘડવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. |
| (૩) ડિસેમ્બર-૨૦૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ બોર્ડ માટે કુલ કેટલી જોગવાઈ અને ખર્ચ કરવામાં આવ્યું, અને | (૩) |

| વર્ષ | જોગવાઈ | કરેલ ખર્ચ |
|---|---|---|
| ૨૦૦૨-૦૩ | ૧,૫૪,૦૦,૦૦૦/- | ૧,૦૦,૩૦,૬૫૯/- |
| ૨૦૦૩-૦૪ | ૧,૪૯,૦૦,૦૦૦/- | ૬૨,૦૦,૭૦૨/- |

(૪) આ બોર્ડને બનાવવા માટે રાજય સરકાર શું કરવા માંગે છે ?

(૪) બોર્ડની કામગીરી સઘન બનાવવા માટે ખાનગી મૂડી રોકાણથી સુરત ખાતે એક અને અમદાવાદ ખાતે બે ડાયમંડ પાર્ક બનાવવાનું, રાજ્યના દરેક ડાયમંડ કલ્સ્ટરમાં ડાયમંડ તાલીમ સંસ્થાઓ ખોલવાનું, રાજ્યમાં સેમીનાર, પ્રદર્શન યોજવાનું તેમજ હીરા કામદારોને વીમા રક્ષણ યોજના અને હીરાની ઘંટી માટે લોન

આપવા અંગેની સઘન કામગીરી બોર્ડ મારફત હાથ ધરવા સરકારનું આયોજન છે.

--------------

## વાયબ્રન્ટ ગુજરાત હેઠળ થયેલા એમ.ઓ.યુ.

૮૫૫૨ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) : જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરના વાયબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમ રુપે કેટલા ઉદ્યોગો ગૃહ સાથે કેટ કેટલી રકમના એમ.ઓ.યુ. કર્યા, | (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૫ દરમ્યાન રૂા.૧૦૬૧૬૦ કરોડના મુડી રોકાણ સાથે ૨૨૬ પ્રોજેક્ટોની દરખાસ્તો પ્રાપ્ત થઈ. |
| (૨) આ પૈકી આગાઉ કરેલ એમ.ઓ.યુ.માં સમાવેશ થતાં હોય તેવા કામોના કેટલા કરાર છે, અને | (૨) એક પણ નહિ. |
| (૩) આ કરારોની પાલનની કોઈ સમય મર્યાદા ઠરાવવામાં આવી છે કે કેમ ? | (૩) કોઈ સમય મર્યાદા નથી, પરંતુ શક્ય તેટલા જલ્દી અમલ માટે સરકાર તરફથી પગલાં લેવામાં આવે છે. |

-----------

## રાજ્યમાં રોજગારી ક્ષેત્રે વિકલાંગો માટે અનામતની અમલવારી

૮૪૫૭ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) : જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં રોજગારી ક્ષેત્રે વિકલાંગો માટે નોકરીઓમાં કેટલા ટકા બેઠક અનામત છે, તેની ગણતરી હાલમાં પછાત જ્ઞાતિઓને મળતા રિઝર્વેશન પછી કરવામાં આવે છે કે કેમ,<br>(૨) આવા તમામને અનામતનો લાભ મળે તે માટે રાજ્ય સરકાર શું અમલવારી કરવા માંગે છે, અને<br>(૩) કેન્દ્ર સરકારની કઈ ગાઈડલાઈન છે અને તેને રાજ્ય સરકાર અનુસરે છે કે કેમ, હાલમાં કઈ પધ્ધતિ પ્રવર્તમાન છે ? | (૧), (૨) અને (૩) વિકલાંગો માટે સંસદે ઘડેલા ૧૯૯૫ના કાયદા મુજબ ૩% બેઠકો વિકલાંગો માટે અનામત રાખવાની જોગવાઈ છે.<br>કુલ અનામત જગ્યાઓની સંખ્યા ૫૦% કરતાં વધવી ન જોઈએ તેવો નામ. સુપ્રિમ કોર્ટનો ચૂકાદો છે.<br>ઉપરોક્ત કાયદા અને ચૂકાદાને આધિન રાજ્ય સરકારે ભરતીમાં ૧૦૦ પોઈન્ટના રોસ્ટરમાં ૩૪, ૬૮ અને ૧૦૦ નિયત કરી અનામત અંગેની જોગવાઈ કરી છે. |

-----------

## નર્મદા બંધની ૧૨૧.૯૨ મીટરની ઊંચાઈએ થનાર લાભ

૯૧૦૮ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) : જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા બંધની ઊંચાઈ ૧૨૧.૯૨ મીટર સુધી વધારવાની મંજૂરી કયા સ્તરે પડતર છે, | (૧) નર્મદા કંટ્રોલ ઓથોરીટીના પર્યાવરણ પેટા જુથ દ્વારા તેમની ૪૧મી બેઠકમાં તા.૬-૧-૨૦૦૫ના રોજ મંજૂરી આપાયેલ છે. આ જ પ્રકારની મંજૂરી નર્મદા કંટ્રોલ એથોરીટીના પુનઃવસન પેટા જુથ દ્વારા |

| | |
|---|---|
| | મેળવવાની બાબત પ્રગતિ હેઠળ છે, અને આ મંજૂરી મળ્યા બાદ નર્મદા કંટ્રોલ ઓથોરીટી દ્વારા બંધનું કામ ૧૨૧.૯૨ મીટર સુધી આગળ વધારવા માટે ટૂંક સમયમાં મંજૂરી મળવાની સંભાવના છે. |
| (૨) આ ઊંચાઈ વધારવામાં કેટલો સમય લાગશે, અને | (૨) નર્મદા કંટ્રોલ ઓથોરીટી આ ઉંચાઈ વધારવા માટે જે સમય આપશે, તે સમયમાં આ બાંધકામ પૂર્ણ કરવામાં આવશે. |
| (૩) આ ઊંચાઈ વધાર્યા બાદ રાજ્યને તેમજ પડોશી રાજ્ય મહારાષ્ટ્ર અને રાજસ્થાનને શું લાભ મળશે ? | (૩) નર્મદા બંધની મુખ્ય છલતીની ઉંચાઈ ૧૨૧.૯૨ મીટર થતાં આશરે ૧૫૦ કરોડ યુનિટ વિદ્યુત ઉત્પાદન કરવાનું આયોજન છે, જેનો ૧૬ટકા ભાગ ગુજરાત રાજ્યને, અને ૨૭ ટકા ભાગ મહારાષ્ટ્ર રાજ્યને મળશે. ગુજરાતમાં સને ૨૦૦૫-૨૦૦૬ દરમ્યાન આશરે ૭.૪૦ લાખ એકર વિસ્તારને સિંચાઈ હેઠળ લાવવાનું આયોજન છે, અને પીવાનું પાણી શક્ય તેટલી વધારે જગ્યાએ આપવામાં આવશે. મુખ્ય નહેર પૂર્ણ થતાં રાજસ્થાનને ૦.૫૦ મીલીયન એકરફીટ પાણીનો લાભ મળશે. |

-------------

**બનાસકાંઠા જિલ્લામાં હેડ કોન્સ્ટેબલની સેવા આપનાર મર્હુમ કર્મચારીઓના આશ્રિતોને નિમણૂક આપવા અંગે**

૯૮૨૧ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) : જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગૃહ વિભાગે ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના પોલીસ વિભાગમાં હેડ કોન્સ્ટેબલ તરીકે સેવા આપનાર કેટલાં અવસાન પામેલા કર્મચારીઓના આશ્રિતોને રહેમરાહે નિમણૂંકો આપવા ભલામણ કરેલ છે, અને | (૧) ૪૫ |
| (૨) એવા આશ્રિતોને નિમણૂકના હુકમો ક્યાં સુધીમાં આપવાની સંભાવના છે ? | (૨) તે પૈકી ૩૭ આશ્રિતોને રહેમરાહે નોકરી આપવામાં આવી છે. જે બાકીના ૮ આશ્રિતોની દરખાસ્ત ગૌણ સેવા પસંદગી મંડળને મોકલવામાં આવેલ છે. |

------------

**પોલીસ આવાસ નિગમ દ્વારા પોલીસ સ્ટેશનો બાંધવાની મંજૂરી**

૯૧૦૧ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) : જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| પોલીસ આવાસ નિગમ દ્વારા વર્ષ ૨૦૦૩ અને વર્ષ ૨૦૦૪ દરમ્યાન કેટલા પોલીસ સ્ટેશનોના મકાનો નવા બાંધવા માટે મંજૂરી આપવામાં આવેલ છે? | વર્ષ ૨૦૦૩માં - ૬૭<br>અને<br>વર્ષ ૨૦૦૪માં - ૬૦ |

-----------

## અમદાવાદ જિલ્લાની હથિયારધારી ઘોડેશ્વાર પોલીસ

૮૬૦૭ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) : જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાની કેટલી હથિયારધારી ઘોડેશ્વાર પોલીસ છે, અને | (૧) પોલીસ સબ ઈન્સ્પેકટર - ૦૧<br>આસી. સબ ઈન્સ્પેકટર - ૧૨<br>પોલીસ કોન્સ્ટેબલ - ૦૧ |
| (૨) તે પૈકી કેટલી ઘોડેશ્વાર પોલીસ ખેતીના રક્ષણ માટે ફરજ બજાવે છે ? | (૨) તમામ |

---------------

## ઉદારીકરણ અને ખાનગીકરણ નીતિ અંતર્ગત રાજ્યમાં બંદરોનો વિકાસ

૮૧૩૬ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારની ઉદારીકરણ અને ખાનગીકરણની નીતિ અંતર્ગત કુલ કેટલા નવા બંદરોનો વિકાસ થયેલ છે, | (૧) ૪ (ચાર) |
| (૨) ઉદારીકરણની નીતિ અંતર્ગત નવા બંદરો વિકસાવવા સરકારે શું આયોજન કરેલ છે, અને | (૨) ઉદારીકરણની નીતિ અંતર્ગત બાકી રહેતા બંદરોનો વિકાસ ખાનગી મૂડીરોકાણથી કરવાનું આયોજન છે |
| (૩) જુનાગઢ જિલ્લાના ચોરવાડ તથા માંગરોળ બંદર વિકસાવવા કોઈ આયોજન છે કે કેમ ? | (૩) *ચોરવાડ ખાતે આયોજન નથી.<br>*માંગરોળ ખાતે ફેઈઝ-૩ના વિકાસના કામો માટેનું આયોજન છે. |

---------------

## કરાઈ ખાતે પોલીસ અધિકારીઓને તાલીમ માટેની અકાદમીની સ્થાપના

૯૭૭૧ **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા)** :**માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લાના કરાઈ ખાતે પોલીસ અધિકારીઓને અદ્યતન તાલીમ આપવા માટે પોલીસ તાલીમ અકાદમીની સ્થાપના કરવામાં આવી હોવાની હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો આ અકાદમીની સ્થાપના પાછળ ડિસેમ્બર-૨૦૦૪ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) અકાદમીની સ્થાપના પાછળ ડિસેમ્બર-૨૦૦૪ સુધીમાં રૂા. ૨૧૨૯.૬૧ લાખનો ખર્ચ થયેલ છે. |

----------------

## ભૂજ અને નખત્રાણા તાલુકામાં ખૂન, અપહરણ અને બળાત્કારના ગુનાના આરોપીઓની ધરપકડ

૯૮૧૨ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ભૂજ તથા નખત્રાણા તાલુકામાં સને ૨૦૦૪ની સાલમાં બનેલ ખૂન, અપહરણ અને બળાત્કાર જેવા કેટલા ગંભીર ગુનાઓમાં આરોપીઓની | (૧) ભૂજ તાલુકામાં અપહરણના ૩ (ત્રણ) ગુનામાં આરોપીની ધરપકડ થવાની બાકી છે. |

ધરપકડ થવી બાકી છે,

| | |
|---|---|
| (૨) તેનાં શાં કારણો છે, અને | (૨) સરનામું નહીં હોવા તથા નાસતા-ફરતા હોવાને લીધે ૩ (ત્રણ) આરોપીની ધરપકડ થવાની બાકી છે. |
| (૩) આ આરોપીઓની ધરપકડ ક્યાં સુધીમાં કરવામાં આવશે ? | (૩) બાતમી મેળવવાના સઘન પ્રયત્નો ચાલુ છે. જે મળ્યેથી ધરપકડ કરવામાં આવશે. |

--------------

## ભાવનગર ખડસલીયા લિગ્નાઈટ પાવર પ્રોજકટની કામગીરી

૮૭૨૭ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગરના ખડસલીયા ખાતે લિગ્નાઈટ પાવર પ્રોજેક્ટનું કામ જાન્યુઆરી-૦૫ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) ડેવલપર સાથે પ્રોજેક્ટ સંબંધી સમજૂતી કરાર કરવાનું અને સંયુક્ત સાહસ કંપનીના શેર હોલ્ડર્સના કરારની બાબતો ચર્ચા-વિચારણામાં છે. |
| (૨) કેટલા સમયમાં પૂર્ણ કરાશે, અને | (૨)પ્રોજેક્ટ માટેની સંયુક્ત સાહસ કંપની દ્વારા નાણાકિય વ્યવસ્થા થયેથી ત્રીસ મહિનામાં પૂર્ણ કરવાનો અંદાજ છે. |
| (૩) તેમાંથી કેટલી વિજળી ઉત્પન્ન કરાશે ? | (૩)૨૫૦ મે. વો. |

------------

## નવા વીજ ઉત્પાદન પ્રોજેકટના કામ બાબત

૮૦૪૮ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૨૦૦૫ના નાણાંકીય વર્ષમાં સપ્ટે. ૨૦૦૪ સુધીમાં કયા કયા નવા વીજ ઉત્પાદન પ્રોજેકટનું કામ શરૂ કરવામાં આવ્યું છે, | (૧) સને ૨૦૦૨-૦૩ થી ૨૦૦૪-૨૦૦૫ના સપ્ટે. ૨૦૦૪ સુધીમા નીચેના પ્રોજેકટોનું કામ શરૂ થયેલ છે,<br>(૧) ૧૦૬.૬ મે.વો. ધુવારણ ખાતે ગેસ આધારિત વીજમથક-૧.<br>(૨) ૧૧૨.૪૫ મે.વો. ધુવારણ ગેસ આધારિત વીજમથક -૨<br>(૩) ૭૫ મે.વો. પાનન્ધ્રો જી. કચ્છ ખાતે લિગ્નાઈટ આધારિત વીજમથક.<br>(૪) ૧૦૫૦ મે.વો. આખાખોલ, જી. સુરત ખાતે ગેસ આધારીત વીજમથક. |
| (૨) આ પ્રોજેકટમાંથી કેટલા મે.વો. વીજ ઉત્પાદન પ્રતિમાસ થવાનો અંદાજ છે, અને | (૨) ૯૬૭.૭ મીલી યુનીટસ. |
| (૩) આ સમયગાળા દરમ્યાન શરૂ થયેલ કામગીરી કયા કયા સમયે પૂર્ણ થઈને ઉત્પાદન કાર્ય શરૂ થવા અંદાજ છે? | (૩) |

| પ્રોજેકટ | કાર્યાન્વિત થવાનો સમય |
|---|---|
| (૧) ૧૦૬.૬ મે.વો. | તા. ૨૮-૧-૦૪થી |

| | |
|---|---|
| ધુવારણ ખાતેનો પ્રોજેક્ટ-૧. | વ્યાપારિક ધોરણે વીજ ઉત્પાદન શરૂ થયેલ છે. |
| (૨) ૧૧૨.૪૫ મે.વો. ધુવારણ ખાતેનો પ્રોજેક્ટ-૨. | ડીસેમ્બર-૨૦૦૫. |
| (૩) ૭૫ મે.વો. પાનન્ધ્રો ખાતેનો પ્રોજેક્ટ | નવે. ૨૦૦૬. |
| (૪) ૧૦૫૦ મે.વો. આખાખોલ, જી. સુરત ખાતેનો પ્રોજેક્ટ. | નવેમ્બર-૨૦૦૭ |

----------

## નેશનલ થર્મલ પાવર સ્ટેશન અને સેન્ટ્રલ ગ્રીડમાંથી મેળવેલ વીજળી

૯૭૬૩ **શ્રી મનીષ ન. ગીલીટવાલા (સુરત શહેર (પૂર્વ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૪-૦૫ દરમ્યાન જાન્યુઆરી-૦૫ સુધીમાં નેશનલ થર્મલ પાવર કોર્પો. અને સેન્ટ્રલ ગ્રીડમાંથી રાજ્ય સરકારને કુલ કેટલી વીજળી મળી, અને | (૧) ૯૭૬૨ મીલી. યુનીટસ. |
| (૨) એમાં વધારે વીજળી મેળવવા રાજ્ય સરકારે શા પ્રયત્નો કર્યા છે ? | (૨) રાજ્ય બહાર એન.ટી.પી.સી.ના ભવિષ્યમાં કાર્યાન્વિત થનારા પ્રોજેકટોમાંથી ૧૫૩૪ મે.વો. વીજળી ખરીદ કરવાના કરારો કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રાજયમાં કવાસ અને ગાંધારના નવા વિસ્તરણ પ્રોજેકટોમાંથી ૭૦૬ મે.વો.ની હંગામી ધોરણે ફાળવણી થયેલ છે.<br><br>આ ઉપરાંત કેન્દ્રના ન્યુકલીઅર પાવર કોર્પોરેશન લી. ના તારાપુર અણુ વિદ્યુત મથકના યુનીટ નં. ૩ અને ૪માંથી પણ ગુ. વિ. બોર્ડને ૨૭૪ મે.વો.ની ફાળવણી થયેલ છે. આમ કુલ ૨૫૩૪ મે.વો. વીજળી ભવિષ્યમાં ઉપલબ્ધ બનશે. |

----------

## મુલ્કી સચિવાલયમાં નાયબ શાખા અધિકારીઓની ખાલી જગ્યા અને ભરતી કરવા અંગે

૯૮૨૪ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મુલ્કી સચિવાલયનાં વિભાગોમાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સીધી ભરતીથી નાયબ શાખા અધિકારીઓની કેટલી જગ્યાઓ ભરવાની થાય છે, | (૧) ૧૭૦ |
| (૨) આ જગ્યાઓ ભરવા માટે જી.પી.એસ.સીને માગણી પત્રક મોકલવામાં આવેલ છે કે કેમ, | (૨) ના જી. |
| (૩) આ જગ્યાઓ ભરવા માટે જેમ બને તેમ વહેલી તકે કાર્યવાહી કરીને સરકાર જગ્યાઓ ભરવા માગે | (૩) હાલ ૫૦ જગ્યાઓનાં માગણી પત્રકો જાહેર સેવા આયોગને મોકલવા માટેની કાર્યવાહી |

છે કે કેમ, અને

(૪) આ જગ્યાઓ ન ભરવાનાં કારણો કયા છે?

ચાલુ છે.

(૪) કરકસરના કારણે.

--------

## અમરેલી જિલ્લામાં મંજૂર અને ખાલી પોલીસ મહેકમ

૮૪૯૯ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં પોલીસ સ્ટેશન દીઠ કુલ મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ સામે તાલુકાવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં ખાલી છે,

(૨) આ ખાલી જગ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શા છે, અને

(૩) કેટલા સમયમાં આવી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) સામેલ પત્રક-૧ મુજબ

(૨) ભરતીની પ્રક્રિયા ચાલુ હોવાથી.

(૩) જેમ બને તેમ વહેલી.

### પત્રક નંબર- ૧

### અમરેલી જિલ્લામાં પોલીસ સ્ટેશન દીઠ હોદ્દાવાર મંજૂર, હાજર અને ખાલી જગ્યાની વિગત તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ નીચે મુજબ છે.

| અ.નં. | પો.સ્ટે.ની વિગત | મંજુર મહેકમ | | | | | | હાજર મહેકમ | | | | | | ખાલી જગ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પો. ઈન્સ. | પોસઈ | અના. હે.કો. | અના. પો.કો. | આર્મ હે.કો. | આર્મ પો.કો. | પો. ઈન્સ. | પોસઈ | અના. હે.કો. | અના. પો.કો. | આર્મ હે.કો. | આર્મ પો.કો. | પો. ઈન્સ. | પોસઈ | અના. હે.કો. | અના. પો.કો. | આર્મ હે.કો. | આર્મ પો.કો. |
| ૧ | અમરેલી સીટી | ૧ | ૧ | ૪૨ | ૬૦ | -- | ૧ | -- | ૪ | ૩૯ | ૪૬ | -- | ૫ | ૧ | +૩ | ૩ | ૧૪ | -- | +૪ |
| ૨ | અમરેલી રૂરલ | -- | ૨ | ૧૮ | ૨૮ | ૧ | ૧ | -- | ૨ | ૧૩ | ૨૨ | ૩ | ૧ | -- | -- | ૫ | ૬ | +૪ | -- |
| ૩ | લાઠી | -- | ૧ | ૧૫ | ૧૯ | ૪ | ૧૪ | -- | ૧ | ૧૩ | ૧૪ | ૩ | ૧૨ | -- | -- | ૨ | ૫ | +૧ | ૨ |
| ૪ | લીલીયા | -- | ૧ | ૧૧ | ૯ | ૫ | ૧૯ | -- | ૧ | ૮ | ૩ | ૫ | ૧૩ | -- | -- | ૩ | ૬ | -- | ૬ |
| ૫ | દામનગર | -- | ૧ | ૧૦ | ૧૧ | ૩ | ૧૨ | -- | ૧ | ૯ | ૭ | ૨ | ૯ | -- | -- | ૧ | ૪ | ૧ | ૩ |
| ૬ | બાબરા | -- | ૧ | ૧૭ | ૨૧ | ૪ | ૧૩ | -- | ૧ | ૧૬ | ૨૧ | ૫ | ૧૩ | -- | -- | ૧ | -- | +૧ | -- |
| ૭ | વડીયા | -- | ૧ | ૧૩ | ૧૭ | ૫ | ૨૦ | -- | ૧ | ૧૨ | ૧૦ | ૧ | ૭ | -- | -- | ૧ | ૭ | ૪ | ૧૩ |
| ૮ | બગસરા | -- | ૧ | ૧૨ | ૧૯ | ૪ | ૧૩ | -- | ૧ | ૧૧ | ૧૪ | ૪ | ૧૪ | -- | -- | ૧ | ૫ | -- | ૧ |
| ૯ | ધારી | -- | ૧ | ૨૩ | ૨૩ | ૬ | ૨૨ | -- | ૧ | ૧૮ | ૧૩ | ૫ | ૧૫ | -- | -- | ૫ | ૧૦ | ૧ | ૭ |
| ૧૦ | ચલાલા | -- | ૧ | ૧૩ | ૧૮ | ૧ | ૬ | -- | ૧ | ૧૧ | ૧૨ | ૩ | ૫ | -- | -- | ૨ | ૬ | +૨ | ૧ |
| ૧૧ | ખાંભા | -- | ૧ | ૧૨ | ૧૧ | ૪ | ૧૩ | -- | ૧ | ૯ | ૬ | ૩ | ૧૦ | -- | -- | ૩ | ૫ | ૧ | ૩ |
| ૧૨ | રાજુલા | -- | ૧ | ૨૦ | ૩૧ | ૪ | ૧૮ | -- | ૧ | ૧૮ | ૨૨ | ૨ | ૨૨ | -- | -- | ૨ | ૯ | ૨ | +૪ |
| ૧૩ | નાગેશ્રી | -- | ૧ | ૧૨ | ૧૦ | ૧ | ૪ | -- | ૧ | ૮ | ૭ | ૧ | ૫ | -- | -- | ૪ | ૩ | -- | +૧ |
| ૧૪ | જાફરાબાદ | -- | ૧ | ૧૧ | ૯ | ૬ | ૧૯ | -- | ૧ | ૭ | ૯ | ૫ | ૨૧ | -- | -- | ૪ | -- | ૧ | +૩ |

| અ.નં. | પો.સ્ટે.ની વિગત | મંજુર મહેકમ | | | | | | હાજર મહેકમ | | | | | | ખાલી જગ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પો. ઈન્સ. | પોસઈ | અના. હે.કો. | અના. પો.કો. | આર્મ હે.કો. | આર્મ પો.કો. | પો. ઈન્સ. | પોસઈ | અના. હે.કો. | અના. પો.કો. | આર્મ હે.કો. | આર્મ પો.કો. | પો. ઈન્સ. | પોસઈ | અના. હે.કો. | અના. પો.કો. | આર્મ હે.કો. | આર્મ પો.કો. |
| ૧૫ | સા.કુ.ટાઉન | ૧ | ૨ | ૧૫ | ૨૮ | ૬ | ૨૨ | ૧ | ૨ | ૧૫ | ૧૯ | ૫ | ૧૬ | -- | -- | -- | ૯ | ૧ | ૬ |
| ૧૬ | સા.કુ.રૂરલ | -- | ૨ | ૨૧ | ૨૭ | ૩ | ૧૧ | -- | ૨ | ૧૪ | ૧૯ | ૩ | ૮ | -- | -- | ૭ | ૮ | -- | ૩ |
| ૧૭ | હેડ ક્વા. | -- | ૧ | ૩૨ | ૩૩ | ૭૨ | ૨૫૨ | -- | ૧ | ૩૩ | ૨૫ | ૫૯ | ૧૮૦ | -- | -- | +૧ | ૮ | ૧૩ | ૮૨ |

----------

## જી.ઈ.બી.નું જુદી જુદી કંપનીઓમાં રૂપાંતર કરવાનું આયોજન

૮૩૦૦ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે જી.ઈ.બી.નું જુદી જુદી વીજ કંપનીઓમાં રૂપાંતરણ કરવાનું આયોજન કર્યું છે તે વાત સાચી છે, | (૧) હા. જી. |
| (૨) જો હા, તો કેમ, અને | (૨) રાજ્ય સરકારે ગુજરાત વિદ્યુત બોર્ડનું જુદી જુદી સાત વીજ કંપનીઓમાં પુનઃગઠન કરવાનું નીચેના કારણોથી આયોજન કર્યું છેઃ<br>(અ) વીજક્ષેત્રમાં નિયમન અને સુધારણા માટે રાજ્યના ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનઃગઠન અને નિયમન) ધારા, ૨૦૦૩ અને કેન્દ્રના નવા વિદ્યુત ધારા, ૨૦૦૩ના અમલીકરણ બાદ દેશભરમાં ઉર્જા ક્ષેત્રે જે હરીફાઈનું વાતાવરણ સર્જાયું છે, તેમાં ગુજરાત વિદ્યુત બોર્ડને સ્પર્ધાત્મક સ્થિતમાં મુકવા માટે.<br>(બ) બોર્ડના હાલના કાર્યોનું યોગ્ય રીતે વિભાજન કરી, નવી સંસ્થાઓનું વ્યાપારી ધોરણે સંચાલન થાય અને વીજક્ષેત્રમાં લાંબાગાળાના સુધારા લાવીને રાજ્યનો સર્વાંગી વિકાસ થાય અને ગ્રાહકોનું વધુ સારૂ હિત જળવાય. |
| (૩) આનાથી રાજ્યના નાગરિકો અને રાજ્ય સરકારને શું ફાયદો થશે ? | (૩) જી.ઈ.બી.નું જુદી જુદી કંપનીઓમાં રૂપાંતર કરવાથી રાજ્યના નાગરિકો અને રાજ્ય સરકારને નીચે મુજબના ફાયદા થશેઃ<br>(અ) સ્પર્ધાત્મક વાતાવરણ સર્જાવાથી ગ્રાહકોને વધુ બહેતર સેવા મળશે.<br>(બ) વ્યાવસાયિક સક્ષમતા ધરાવતા અને અનુભવી ઉચ્ચ મેનેજમેન્ટ દ્વારા કંપનીઓ આર્થિક રીતે સક્ષમ બનશે, જેના થકી રાજ્યના વીજક્ષેત્રમાં સુધારણા થશે.<br>(ક) વહીવટમાં પારદર્શકતા આવશે અને ગ્રાહકલક્ષી કામગીરીમાં જવાબદારીત્મક અભિગમ |

આવશે.

(ડ) નાના, સુગથિત અને આર્થિક રીતે સક્ષમ એકમો દ્વારા વીજક્ષેત્રે ટેકનીકલ અને ટેક્નોલોજીકલ સુધારાના લાભ મળશે તથા વીજ પ્રવાહની ગુણવત્તા સુધરશે.

------------

**અમદાવાદ શહેરમાં પોલીસ ખાતા તરફથી રાત્રી ખાણી પીણી બજારને અપાતું લાયસન્સ**

૯૭૪૫ **શ્રી ભાવિનભાઈ ન. શેઠ (એલીસબ્રીજ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| અમદાવાદ શહેરમાં વ્યાપાર કરતા ખાણીપીણી કે અન્ય વેપારીને સામાન્ય સંજોગોમાં રાત્રે કેટલા વાગ્યા (સમય) સુધીનું પોલીસ ખાતા તરફથી લાયસન્સ આપવામાં આવે ? | રાત્રિના ૧૧-૩૦ વાગ્યા સુધી. |

----------

**પોલીસ અધિકારી / કર્મચારીઓ માટે રાજકોટ પોલીસ રેન્જમાં યોજાયેલ હેલ્થ ચેકીંગ કાર્યક્રમ**

૯૭૮૬ **શ્રી યોગેશભાઈ ના. પટેલ (રાવપુરા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોલીસ વેલફેરની ભાવનાને ધ્યાને લઈ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકિકત ખરી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા વર્ષમાં રાજકોટ પોલીસ રેન્જના કેટલા જીલ્લાઓમાં આ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો, અને | (૨) તમામ ત્રણ જિલ્લામાં |
| (૩) આ જીલ્લાઓમાં કેટલા કર્મચારીઓ/અધિકારીઓનું સંવર્ગવાર હેલ્થ ચેકીંગ કરવામાં આવ્યું ? | (૩) પોલીસ કોન્સ્ટેબલ - ૧૪૮૧<br>હેડ કોન્સ્ટેબલ - ૫૯૧<br>એ.એસ.આઈ. - ૪૪૨<br>પી.એસ.આઈ. - ૯૫<br>પી.આઈ. - ૨૪<br>કુલ.. - ૨૬૩૩ |

----------

## ગાંધીનગર જિલ્લામાં વાજપાઈ સ્વરોજગાર યોજના હેઠળ આવેલી અરજીઓ

૯૭૪૨ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાજપાઈ સ્વરોજગાર યોજના હેઠળ તારીખ ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી, | (૧) આવેલ અરજીઓ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ સ્વીકારવામાં આવી, | (૨) બેન્કોએ મંજૂર કરેલ અરજીઓ -૨૮૬ |
| (૩) સ્વીકાર કરેલ અરજીઓમાં પેમેન્ટ આપવામાં આવેલ છે કે કેમ, અને | (૩) હા |
| (૪) જો ના, તો પેમેન્ટ ન ચુકવવાના કારણો શા છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

| અ.નં. | તાલુકાનુંનામ | અરજીઓની સંખ્યા |
|---|---|---|
| (૧) | ગાંધીનગર | ૩૧૮ |
| (૨) | કલોલ | ૧૯૯ |
| (૩) | માણસા | ૯૯ |
| (૪) | દહેગામ | ૭૬ |
| | કુલ | ૬૯૨ |

----------

## સુનામી એલાર્મીંગ સીસ્ટમ સ્થાપવા બાબત

૯૭૫૪ **શ્રી રાકેશ રાવ (માતર)** :**માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુનામીના કારણે ભવિષ્યમાં ગુજરાતના બંદરો અને નાગરિકોને કોઈ પણ પ્રકારનું નુકશાન ન થાય તે માટે રાજય સરકાર કેવા પ્રકારની કામગીરી કરી રહી છે, | (૧) રાજય સરકારે ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા અભ્યાસ હાથ ધરેલ છે. |
| (૨) સુનામી એલાર્મીંગ સીસ્ટમ કેન્દ્ર સરકાર વિકસાવવાનો પ્રયત્ન કરી રહી છે તે સંદર્ભમાં રાજ્ય સરકાર કેન્દ્ર સરકાર સાથે સંકલનમાં છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કેવા પ્રકારનું આયોજન છે ? | (૩) ભારત સરકાર દ્વારા ભારતના પૂર્વ અને પશ્ચિમ દરિયા કિનારાને આવરી લેવામાં આવનાર છે. રાજ્ય સરકારે આ અંગે ભારત સરકારને |

તમામ સહકાર અને માહિતી ઉપલબ્ધ કરી આપવાની જાણ કરેલ છે.

----------

## મધ્યપ્રદેશ અને રાજસ્થાન પાસેથી નર્મદા યોજના પેટે વસુલ લેવાની બાકી રકમ

૯૮૧૬ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૦૫ની સ્થિતિએ નર્મદા યોજના અંગે રાજસ્થાન, મધ્યપ્રદેશ રાજ્યો પાસેથી કેટલી રકમ લેવાની બાકી છે,

(૨) આ રકમ ક્યારથી બાકી છે, અને

(૩) વસુલ કરવા સરકારે શી શી કાર્યવાહી કરી છે ?

**જવાબ**

(૧) તા. ૧-૧-૨૦૦૫ની સ્થિતિએ રાજસ્થાન અને મધ્યપ્રદેશ પાસેથી નીચેની વિગતે રૂા. ૧૪૧૩.૪૦ કરોડ લેણાં નીકળે છે.

(રૂા. કરોડમાં)

| રાજ્ય | બિન વિવાદીત રકમ | વિવાદીત રકમ |
|---|---|---|
| રાજસ્થાન | ૪૦.૭૩ | ૧૮૫.૬૦ |
| મધ્યપ્રદેશ | ૯૧.૭૩ | ૧૦૯૫.૩૪ |

(૨) ભાગીદાર રાજ્યો પાસે શેરફાળાની રકમ દર માસે યોજના પાછળ થતાં ખર્ચ અનુસાર નર્મદા વોટર ડિસ્પ્યુટ ટ્રીબ્યુનલના ચુકાદાથી ઠરાવેલ ટકાવારીના ધોરણે લેવાની થાય છે અને જેમ જેમ વસુલાત આવે છે. તેમ તેમ બાકી રકમ સામે જમા લેવામાં આવે છે.

(૩) નિગમ તરફથી દર માસે નિયમિત પત્રો દરેક રાજ્યોને બાકી શેર ફાળા જમા કરાવવા માટે લખવામાં આવે છે. તદઉપરાંત માન. મુખ્ય મંત્રીશ્રી કક્ષાએથી માન. વડાપ્રધાનશ્રી તથા ભાગીદાર રાજ્યોના મુખ્ય મંત્રીશ્રીઓને બાકી શેર ફાળાના ચુકવણા માટે સમયાંતરે પત્રો લખવામાં આવેલ છે. ઉપરાંત કેબીનેટ સેક્રેટરીશ્રી દ્વારા રાજ્યના મુખ્ય સચિવશ્રીની-૨(બે) મીટીંગમાં તેમજ નર્મદા કંટ્રોલ ઓથોરીટીની મીટીંગમાં તેમજ સરદાર સરોવર કન્સ્ટ્રકશન એડવાઈઝરી કમિટિની મીટીંગમાં બાકી શેરફાળાના ચુકવણા માટે રજુઆત થયેલ છે.તેમજ નિગમના ડાયરેકટર/મેનેજીંગ ડાયરેકટરશ્રીઓ રાજ્યોની મુલાકાત લઈ આ રકમ સમયસર મળે તે અંગે પ્રયત્નો કરે છે.

## સુરત જિલ્લામાં રોયલ્ટી ચોરીના કિસ્સાઓ

૮૦૨૭ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૧-૧-૦૩થી તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં માટી ચોરી અને અન્ય પ્રકારે રોયલ્ટી ચોરીના કેટલા કેસો કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી કાયદાના ભંગ બદલ કેટલા ઈસમો પાસે દંડની વસુલાત લેવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં તા. ૧-૧-૦૩ અને તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં માટી ચોરીના ૩૮૦ અને અન્ય પ્રકારે ૭૭૧ રોયલ્ટી ચોરીના મળી કુલ. ૧૧૫૧ કેસો કરવામાં આવેલ છે.

(૨) બિન અધિકૃત ખનિજ વહન કરતા પકડાયેલ ૧૧૮ કેસોમાં વસુલાત [illegible] લેવામાં આવેલ છે.

પાસે દંડની વસુલાત લેવામાં આવેલ છે, અને

૧૧૮ કેસોમાં વસુલાત પુરેપુરી લેવામાં આવેલ છે. જ્યારે બિનઅધિકૃત ખાણકામ કરતા પકડાયેલ ૩૩ કેસો પૈકી ૧૬ કેસોમાં વસુલાત થયેલ છે. આમ, કાયદાના ભંગ બદલ કુલ-૧૧૩૪ ઈસમો પાસે દંડની વસુલાત લેવામાં આવેલ છે, જ્યારે ૧૭ કેસોમાં વસુલાત બાકીમાં છે.

(૩) દંડ ન ભરનારાઓ સામે શી કાર્યવાહી કરવા માગો છો ?

(૩) દંડ ન ભરનાર ૧૭ કેસોમાં ખનિજ ચોરી બદલ પોલીસ ફરીયાદ તથા દંડના બાકી લેણાંની વસુલાત જમીન મહેસૂલ સંહીતા રાહે કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

----------

## સુરત પોલીસ રેન્જમાં યોજાયેલ લોક દરબાર

૯૭૭૮ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને માહિતીના આદાન-પ્રદાનની ભાવના વધે તે માટે તમામ જિલ્લાઓમાં લોક દરબાર યોજવાનું શરૂ કરવામાં આવ્યું છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા વર્ષમાં સુરત પોલીસ રેન્જમાં કયા કયા જિલ્લામાં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સુરત - ૪૮

નવસારી - ૧૩

વલસાડ - ૩૧

ડાંગ-આહવા - ૧૫

## વડોદરા શહેર અને જિલ્લામાં ખાણ-ખનિજની લીઝ

૯૧૦૪ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ (સાવલી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા શહેર તથા જિલ્લામાં તાલુકાવાર ખાણ-ખનિજની કુલ કેટલી લીઝ આપવામાં આવી છે,

(૨) આ લીઝ પૈકી મુદત પુરી થયેલ હોય અને રીન્યુ કરવામાં આવેલ ન હોય તેવી લીઝ કેટલી છે, અને

(૩) મંજુર કરેલ લીઝમાંથી છેલ્લા બે વર્ષમાં સરકારને કેટલી રકમ મળેલ છે ?

**જવાબ**

(૧) જાન્યુઆરી-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા શહેરમાં શૂન્ય તથા જિલ્લામાં વર્ષવાર અને તાલુકાવાર નીચે મુજબ કુલ ૧૧૨ લીઝો આપવામાં આવી છે.

| અ. નં | તાલુકા | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ડભોઈ | ૧૦ | ૧૧ | ૦૯ | ૩૦ |
| ૨ | સાવલી | ૦૫ | ૧૫ | ૦૪ | ૨૪ |
| ૩ | કરજણ | ૦૦ | ૦૩ | ૦૪ | ૦૭ |
| ૪ | વડોદરા | ૦૦ | ૦૩ | ૦૨ | ૦૫ |
| ૫ | છોટા-ઉદેપુર | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૫ |
| ૬ | વાઘોડીયા | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૪ |
| ૭ | જેતપુર-પાવી | ૦૧ | ૦૩ | ૦૫ | ૦૯ |
| ૮ | નસવાડી | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૪ |
| ૯ | પાદરા | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૧૦ | સંખેડા | ૦૩ | ૦૯ | ૧૦ | ૨૨ |
| ૧૧ | કવાટ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૨ | શિનોર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | કુલ. | ૨૪ | ૫૨ | ૩૬ | ૧૧૨ |

(૨) એક પણ નહીં.

(૩) મંજુર કરેલ લીઝમાંથી છેલ્લા બે વર્ષમાં સરકારને કુલ રૂા. ૨૧.૮૧/- લાખની આવક મળેલ છે.

## નવસારી આર. ટી. ઓ. કચેરીની આવક

૯૭૮૯ **શ્રી રતિલાલ ગો. સુરેજા (માણાવદર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી આર. ટી. ઓ. કચેરીની વર્ષ ૨૦૦૪-૦૫ની કેટલી આવક અંદાજવામાં આવેલ છે, અને | (૧) નવસારી એ.આર.ટી.ઓ. કચેરીની વર્ષ ૨૦૦૪-૦૫ની રૂા.૧૨૬૮.૦૪ લાખની આવક અંદાજવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી જાન્યુ. ૨૦૦૫ અંત સુધીમાં ખરેખર કેટલી આવક થયેલ છે ? | (૨) વર્ષ ૨૦૦૪-૦૫માં જાન્યુઆરી-૦૫ સુધીમાં રૂા. ૧૨૦૧.૬૭ લાખ આવક થયેલ છે. |

----------

## અમદાવાદ શહેરમાં કેબલ જોડાણ અને કરની આવક

૯૭૪૦ **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં તા.૩૧.૧.૨૦૦૫ની સ્થિતિએ કુલ કેટલા કેબલ જોડાણો છે, | (૧) ૯૪૨૩૪ |
| (૨) છેલ્લા બે વર્ષમાં તેની વાર્ષિક મનોરંજન કર પેટે સરકારને કેટલી આવક મળે છે, અને | (૨) ૨૦૦૨-૨૦૦૩ રૂા.૧૦,૪૪,૮૯૪/-<br>૨૦૦૩-૨૦૦૪ રૂા.૬૯,૪૬,૯૫૨/- |
| (૩) કેબલ જોડાણોના સાચા આંકડાઓ મળતા નથી અને મનોરંજન કર ઓછો મળે છે, તે અંગે સરકારે શી કાર્યવાહી કરી? | (૩) મનોરંજન કરની આવક વધારવા સમયાંતરે કેબલ જોડાણોના સર્વે કરાવવાની કામગીરી કરવામાં આવે છે. |

----------

## પાલીતાણા તાલુકાનાં ઠાડચ ગામે ૬૬ કે.વી. સબસ્ટેશન સ્થાપવાનું કામ

૮૭૫૮ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા)** :**માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલીતાણા તાલુકાનાં ઠાડચ ગામે ૬૬ કે.વી. સબસ્ટેશન સ્થાપવાનું રાજ્ય સરકારનું આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો જાન્યુઆરી-૦૫ની સ્થિતિએ કાર્યવાહી કયા તબક્કે છે? | (૨) જમીનની પસંદગી કરવાની કાર્યવાહી ચાલુ છે. |

----------

## રાજ્યમાં બંદરોના વિકાસ માટે ખાનગીક્ષેત્રે થયેલું મૂડીરોકાણ

૮૧૭૩ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** :**માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં બંદરના વિકાસ માટે ખાનગી ક્ષેત્રે કેટલું મૂડીરોકાણ થયું, | (૧) રૂા.૩૭૪૧.૦૦ કરોડનું મૂડીરોકાણ થયેલ છે. |
| (૨) કયા કયા બંદરોનો આવી રીતે વિકાસ થયો, અને | (૨) મુંદ્રા, દહેજ અને હજીરા |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| થયો, અને | |
| (૩) કઇ ખાનગી કંપનીઓને સહભાગી બનાવવામાં આવી છે? | (૩) * મુંદ્રા - અદાણી પોર્ટ લી.<br>* દહેજ - પેટ્રોનેટ એલ.એન.જી.લી.<br>* હજીરા - હજીરા પોર્ટ પ્રા.લી. (શેલ) |

----------

## જેતપુર તથા ગોંડલ તાલુકાને નર્મદા યોજનાનું પાણી પહોંચાડવા અંગ

૮૨૩૦ **શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ જેતપુર તથા ગોંડલ તાલુકાના કેટલા ગામોને નર્મદા યોજનાનું સિંચાઇ માટે પાણી પહોંચાડવામાં આવ્યું, | (૧) રાજકોટ જિલ્લાના જેતપુર તથા ગોંડલ તાલુકાનો નર્મદા યોજનાના આયોજિત પિયત વિસ્તારમાં સમાવેશ થતો ના હોઇ સિંચાઇ માટે નર્મદા યોજનાનું પાણી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) હજુ કેટલા ગામોને પાણી પહોંચાડવાનું બાકી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી ગામોને પાણી પહોંચાડવાની કામગીરી કયારે પૂરી થશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## જામનગર જિલ્લામાં નવા સબસ્ટેશન સ્થાપવાનું આયોજન

૮૭૯૮ **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ)** : : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ દશમી પંચવર્ષીય યોજના હેઠળ કેટલા નવા સબ સ્ટેશન જામનગર જિલ્લામાં સ્થાપવાની કાર્યવાહી ચાલુ છે, અને | (૧) ૫ |
| (૨) અગિયારમી પંચવર્ષીય યોજના હેઠળ કેટલા નવા સબ સ્ટેશન સ્થાપવાનું આયોજન છે? | (૨) અગિયારમી પંચવર્ષીય યોજનાની રૂપરેખા તથા કદ નક્કી થયેથી વિસ્તારની જરૂરિયાત ધ્યાને લઇ વિચારણા કરવાની થશે. |

----------

## ગરૂડેશ્વર વિયરના બાંધકામની કામગીરી

૯૧૨૧ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ)** :**માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા યોજના અંતર્ગત ગરૂડેશ્વર વિયરના બાંધકામની કામગીરી કયારથી શરૂ કરવા આયોજન છે, | (૧) નાણાંકીય વર્ષ ૨૦૦૫-૦૬ માં બાંધકામની કામગીરી હાથ પર લેવાનું આયોજન છે. |
| (૨) આ વિયર બાંધવાથી શું લાભ મળશે અને | (૨) નદીતળ ભૂગર્ભ વિદ્યુત મથક દ્વારા વિજળી ઉત્પન્ન થયા બાદ નદીમાં આવતા પાણીને રોકી આ |

| | |
|---|---|
| મળશે, અને | ઉત્પન્ન થયા બાદ, નદીમાં આવતા પાણીને રોકી, આ વિયર દ્વારા રચાનાર જળાશયનું પાણીનું ઉદવહન કરી ફરીથી આ પાણી બંધના જળાશયમાં ઠાલવી, મહત્તમ વિદ્યુતની જરુરીયાત વાળા સમયમાં ફરીથી વિદ્યુત ઉત્પાદન કરી શકાશે, એમ કરવાથી ઓછા જરુરીયાતવાળા સમયમાં ઉપલબ્ધ ફાજલ વિજળી શકિતના ઉપયોગથી મહત્તમ જરુરીયાતવાળા સમયમાં વિજળી ઉત્પાદન માટે જળ સંગ્રહ કરી શકાય. વિયર બાંધવાથી રચાનાર જળાશયથી આ વિસ્તારના પર્યાવરણમાં પણ સુધારો થશે. |
| (૩) આ વિયર બાંધકામનો કેટલો ખર્ચ થવાનો અંદાજ છે? | (૩) રૂા.૪૦૬ કરોડ |

----------

## એસ.ટી. નિગમની કિલોમીટર મર્યાદા પૂરી થઇ ગયેલ બસો ડીટેઈન કરવા અંગે

૮૨૬૦ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહારની એસ.ટી.ની બસો આર.ટી.ઓ.ના નિયમાનુસાર સવલત ન ધરાવનાર ખખડજ વાહનોની કીલોમીટર મર્યાદા પૂરી થવા છતાં આવી બસો રસ્તા ઉપર દોડે છે, તે અન્વયે છેલ્લા એક વર્ષમાં જાન્યુ-૦૫ સુધીમાં કેટલી બસો ડીટેઈન કરવામાં આવી? | નિયત ધોરણ પૂર્ણ કરેલ બસોનું નિગમ દ્વારા રીપેરીંગ/મરામતની કામગીરી કરીને આર.ટી.ઓ. પાસીંગ કરાવ્યા બાદ જ તેવી બસો સંચાલનમાં મુકવામાં આવે છે. આવી કોઇપણ બસ ડીટેઈન કરવામાં આવેલ નથી. |

----------

## આર.ટી.ઓ. ઝાલોદ ચેક પોસ્ટની આવક

૯૭૯૫ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ (લુણાવાડા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આર.ટી.ઓ. ઝાલોદ ચેકપોસ્ટની વર્ષ ૨૦૦૪-૦૫ ની કેટલી આવક અંદાજવામાં આવેલ છે, અને | (૧) ચેકપોસ્ટ ઝાલોદની વર્ષ ૨૦૦૪-૦૫ની રૂા.૧૯૮.૧૩ લાખ આવક અંદાજવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી જાન્યુઆરી-૨૦૦૫ અંત સુધીમાં ખરેખર કેટલી આવક થયેલ છે? | (૨) ઝાલોદ ચેકપોસ્ટની વર્ષ ૨૦૦૪-૦૫ની જાન્યુઆરી-૦૫ સુધીની આવક રૂા.૧૫૫.૭૭ લાખ થયેલ છે. |

----------

## રાજકોટ જિલ્લા અને શહેરમાં વિવિધ ગુના

૯૭૬૦ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લા અને શહેરમાં | (૧) નોંધાયેલા ગુન્હા |

વર્ષવાર ખૂન-લૂંટ-બળાત્કાર, આત્મહત્યા અને ચોરીના કેટલા બનાવો બન્યા, અને

| | | ૨૦૦૩ | | ૨૦૦૪ | |
|---|---|---|---|---|---|
| ક્રમ | હેડ | રાજ-કોટ શહેર | રાજ-કોટ જિલ્લો | રાજ-કોટ શહેર | રાજ-કોટ જિલ્લો |
| ૧ | ખૂન | ૩૭ | ૩૮ | ૩૭ | ૩૬ |
| ૨ | લૂંટ | ૫૨ | ૩૪ | ૨૪ | ૨૪ |
| ૩ | બળા-ત્કાર | ૦૭ | ૧૩ | ૦૯ | ૧૭ |
| ૪ | આત્મ-હત્યા | ૨૯૧ | ૩૬૬ | ૨૯૯ | ૩૩૧ |
| ૫ | ચોરી | ૧૫૨૫ | ૪૫૭ | ૧૨૧૬ | ૩૨૬ |

(૨) તે અન્વયે કેટલા ગુન્હાઓ ડીટેકટ થયા?

(૨) ડીટેકટ થયેલ ગુન્હા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ખૂન | ૨૯ | ૩૨ | ૨૯ | ૩૩ |
| ૨ | લૂંટ | ૩૨ | ૧૫ | ૧૫ | ૧૬ |
| ૩ | બળા-ત્કાર | ૦૭ | ૧૩ | ૦૯ | ૧૭ |
| ૪ | આત્મ-હત્યા | ૨૯૧ | ૩૬૬ | ૨૯૯ | ૩૩૧ |
| ૫ | ચોરી | ૩૯૮ | ૧૪૭ | ૨૯૩ | ૯૯ |

----------

## રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા અને વીજમાંગ

૯૭૯૮ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧.૧૨.૨૦૦૪ની સ્થિતિએ રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા અને વીજ માંગ કેટલી છે, અને

(૨) દશમી અને અગિયારમી પંચવર્ષીય યોજનાઓ દરમ્યાન કેટલું વધારાનું વીજ ઉત્પાદન કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) વીજ ઉત્પાદન ક્ષમતા ૮૬૮૩ મે.વો. અનિયંત્રિત વીજમાંગ-૯૦૭૬ મે.વો.

(૨) કુલ ૧૫૩૩૪ મે.વો. વીજ ક્ષમતા ઉમેરવાનું આયોજન છે.

----------

## સાબરકાંઠા જિલ્લામાં અકસ્માતોના બનાવો

૯૭૬૬ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧.૧૨.૨૦૦૪ની સ્થિતિએ કુલ કેટલા અકસ્માતોના બનાવો બન્યા, અને

(૨) વધતા જતા અકસ્માતોને રોકવા સરકારે લીધેલા કે લેવા ધારેલાં પગલાંની વિગતો શું છે?

**જવાબ**

(૧) ૨૧૯૭

(૨) (૧) રાષ્ટ્રીય ધોરીમાર્ગ ચાર માર્ગીય કરવા તેમજ અન્ય રસ્તાઓ પહોળા કરવાનું કામ ચાલુ છે.

(૨) રસ્તાઓ ઉપર ટ્રાફીકની જાણકારી

આપતા હોર્ડીંગસ, સ્પીડ બ્રોકર બોર્ડ, રીફલેકટર બોર્ડ મુકેલ છે.

(૩)માર્ગ સલામતી સપ્તાહ ઉજવવામાં આવે છે.

(૪)રસ્તાઓ ઉપરના દબાણો હટાવવામાં આવેલ છે.

(૫) ટ્રાફીકની મોબાઇલો સતત પેટ્રોલીંગ કરે છે.

(૬) ટ્રાફીક નિયમોના ભંગ બદલ કાનૂની કાર્યવાહી કરવામાં આવે છે.

----------

**રાજ્યમાં જયોતિગ્રામ યોજના અન્વયે આવરી લીધેલાં ગામો**

૯૮૦૩ **શ્રી દિપસિંહ શં.રાઠોડ (પ્રાંતિજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં જયોતિગ્રામ યોજના કયારથી શરૂ કરવામાં આવેલ છે, | (૧) તા.૩.૯.૨૦૦૩ થી |
| (૨) તા.૩૧.૧૨.૨૦૦૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા ગામોમાં જ્યોતિગ્રામ યોજનાનો અમલ કરેલ છે, | (૨) ૫૬૫૭ |
| (૩) બાકી રહેતા ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવાનું શું આયોજન છે, અને | (૩) અને (૪) : શક્ય તેટલા વહેલાં |
| (૪) બાકી રહેતા ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ કેટલા સમયમાં આવરી લેવામાં આવનાર છે? | |

----------

**૬૬ કે.વી. સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન**

૮૧૦૧ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૧૦મી અને ૧૧મી પંચવર્ષીય યોજનામાં ૬૬ કે.વી. સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે કે કેમ, | (૧) ૧૦મી પંચવર્ષીય યોજનામાં ૬૬ કે.વી. સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન કરેલ છે. ૧૧મી પંચવર્ષીય યોજનાની રૂપરેખા તથા કદ હજુ નક્કી થયેલ ન હોઇ, જે તે સમયે આયોજન અંગે વિચારણા કરવાની થશે. |
| (૨) જો હા, તો ૧૦મી પંચવર્ષીય યોજનામાં ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા કેટલા ૬૬ કે.વી. સબસ્ટેશનો સ્થાપવામાં | (૨) જાન્યુઆરી-૨૦૦૫ના અંતે ૬૬ કે.વી.ના ૬૬ સબસ્ટેશનો સ્થાપવામાં આવ્યા. |

આવ્યા, અને

(૩) તે પૈકી પડધરી, ટંકારા અને મોરબી તાલુકામાં તા.૩૧.૧૨.૨૦૦૪ની સ્થિતિએ કેટલા સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે?

(૩) ૧૦મી પંચવર્ષીય યોજનામાં તા.૩૧.૧૨.૨૦૦૪ની પરિસ્થિતિએ નીચે દર્શાવ્યા મુજબ તાલુકાવાર ૬૬ કે.વી. સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

| ક્રમ | તાલુકાનું નામ | સબસ્ટેશનની સંખ્યા |
|---|---|---|
| ૧ | પડધરી | - |
| ૨ | ટંકારા | ૨ |
| ૩ | મોરબી | ૨ |

----------

**મોટર વાહન ખાતાની અંદાજીત આવક**

૯૮૩૫ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા (કરજણ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૪-૦૫માં મોટર વાહન ખાતાની કેટલી આવક અંદાજવામાં આવી છે, અને

(૨) આ અંદાજ પૈકી તા.૩૧.૧.૦૫ સુધીમાં કેટલી આવક પ્રાપ્ત થયેલ છે?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૪-૦૫માં મોટર વાહન ખાતાની રૂા.૯૭૫૨૦.૦૦ લાખની આવક અંદાજવામાં આવેલ છે.

(૨) વર્ષ ૨૦૦૪-૦૫માં તા.૩૧.૧.૦૫ (જાન્યુઆરી-૦૫) સુધીમાં રૂા.૮૬૪૨૦.૬૨ લાખ આવક થયેલ છે.

----------

**બનાસકાંઠા જિલ્લામાં તત્કાળ વીજ જોડાણ યોજના અંતર્ગત આવેલ અરજીઓ**

૯૭૫૭ **શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સમયાંતરે ખેડૂતોને ખેતી માટે તત્કાલ વીજ કનેકશનો લેવા માટે જાહેરાત બહાર પડે છે, તે પૈકી ડિસે-૦૪ના અંતે છેલ્લા ૧ વર્ષમાં તત્કાલ વીજ જોડાણ યોજના અંતર્ગત ખેતી વીજ કનેકશનોની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલા તત્કાલ વીજ કનેકશનોની અરજીઓ સ્વીકારી, અને

(૩) બાકી રહેલ અરજીઓ ન સ્વીકારવાનાં કારણો શાં છે?

**જવાબ**

(૧) ૪૧૮૮

(૨) ૨૬૦૮

(૩) બાકી રહેલ તમામ ૧૫૮૦ અરજીઓમાં અરજદારે બોર/કુવો બનાવેલ ન હોય, કુવાને બદલે બોર ઉપર વીજજોડાણ માંગેલ હોય, કુવામાં પુરતું પાણી ન હોય, બોરનું કામ અધુરૂ હોવાના કારણોસર રદ કરેલ છે.

----------

### રાજ્યમાં મૂડી રોકાણ દ્વારા ઉદ્યોગ શરુ કરવાના એમ.ઓ.યુ. બાબત

૮૧૫૫ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગુજરાતમાં મૂડીરોકાણ દ્વારા ઉદ્યોગ સ્થાપવા કેટલી રકમના એમ.ઓ.યુ. થયા, અને | (૧) ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૩ પ્રસંગે ઉદ્યોગો સ્થાપવા ૭૬ પ્રોજેકટો માટે રૂ.૬૬,૦૬૮.૫૦ કરોડનાં મૂડીરોકાણની દરખાસ્તો મળી તે પૈકી અથવા તે ઉપરાંત રૂ.૫૦૨૪૮ કરોડના આઇ.ઇ.એમ. દાખલ થયા. |
| (૨) એમ.ઓ.યુ. પૈકી ખરેખર કેટલું મૂડી રોકાણ છેલ્લા બે વર્ષમાં થયું? | (૨) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૩ પ્રસંગે મળેલ દરખાસ્તોને પૈકી ૫૬ પ્રોજેકટો રૂ.૫૪૪૦૦ કરોડના રોકાણ સાથે અમલીકરણનાં વિવિધ તબક્કે છે, જયારે તે પૈકીના ૧૦ પ્રોજેકટો રૂ.૬૪૦૦ કરોડનાં રોકાણ સાથે ઉત્પાદનમાં ગયેલ છે. |

----------

### ચોટીલા અને સાયલા તાલુકામાં કુટીર જ્યોતિ યોજના હેઠળ આવેલ અરજીઓ

૮૮૨૩ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ એક વર્ષમાં કુટીર જ્યોતિ યોજના અન્વયે વીજજોડાણ માટે કુલ કેટલી અરજીઓ આવી છે, | (૧) શૂન્ય |
| (૨) તા.૩૧.૧૨.૦૪ સુધીમાં કેટલા વીજજોડાણ આપવામાં આવ્યા અને કેટલા વીજ જોડાણ બાકી છે, અને | (૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી વીજ જોડાણ કેટલા સમયમાં આપવામાં આવશે? | |

----------

### શેત્રુંજી નદીમાંથી ગેરકાયદેસર રીતે રેતીનું વહન

૮૩૯૪ **શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી (ઘોઘા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ભાવનગર જિલ્લામાં તળાજા પાસેથી શેત્રુંજી નદીની રેતી ગેરકાયદેસર રીતે વહન કરવા અંગે ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો મળેલ છે, અને | (૧) ભાવનગર જિલ્લામાં તળાજા પાસેથી શેત્રુંજી નદીમાંથી ગેરકાયદેસર રેતીનો ઉપાડ બંધ કરાવવા બાબતે ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૫ રજુઆતો/ફરિયાદો મળેલ છે. |
| (૨) આ વહન અટકાવવા સરકારે શાં પગલાં લીધા છે? | (૨) આ વિસ્તારમાંથી ગેરકાયદેસર રેતી ખનીજનું વહન અટકાવવા જિલ્લાકક્ષાના તંત્ર અને ફલાઇંગ સ્કવોર્ડ દ્વારા રજુઆતો અન્વયે તેમજ અવાર નવાર સઘન અને ઓચિંતું ચેકીંગ કરવામાં આવેલ છે. જેના પરિણામે ગેરકાયદેસર રેતી વહનના ૧૦૦ કેસો પકડી કસુરદારો પાસેથી રૂ.૨,૬૨,૦૦૦/- સમાધાન પેટે વસુલાતમાં આવેલ છે. અને બે ઇસમો સામે તળાજા પોલીસ |

સ્ટેશનમાં આઇ.પી.સી. ૩૭૯ હેઠળ ફરિયાદ કરવામાં આવેલ છે.

----------

## પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસનો કાર્યક્રમ

૯૭૬૮ **શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાલા (વડોદરા શહેર)** :**માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોલીસ વેલ્ફેરની ભાવનાને ધ્યાને લઇ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકીકત ખરી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ બોર્ડર પોલીસ રેન્જમાં છેલ્લા એક વર્ષમાં કેટલા જિલ્લાઓમાં આ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો, અને | (૨) તમામ ત્રણ જિલ્લામાં |
| (૩) આ જિલ્લાઓમાં કેટલા કર્મચારી/ અધિકારીઓનું સંવર્ગવાર હેલ્થ ચેકીંગ કરવામાં આવ્યું? | (૩) |

| | |
|---|---|
| પોલીસ કોન્સ્ટેબલ- | ૮૩૫ |
| હેડ કોન્સ્ટેબલ - | ૪૭૧ |
| પી.એસ.આઇ. - | ૨૯ |
| પી.આઇ. - | ૦૬ |
| **કુલ :** | **૧૩૪૧** |

----------

## રાજ્યમાં બંધ પડેલા મોટા ઉદ્યોગો

૮૩૨૫ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં હાલ કેટલા મોટા ઉદ્યોગ તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ બંધ પડેલા છે, અને | (૧) રાજ્ય સરકારે સને ૨૦૦૦ માં કરેલ સર્વે મુજબ કુલ ૪૮૯ મધ્યમ અને મોટા એકમો બંધ જોવા મળેલ છે. |
| (૨) આ ઉદ્યોગોને પુનઃ ધમધમકતા કરવા સરકારે કયા પ્રકારનું આયોજન કરેલ છે? | (૨) નવી ઔદ્યોગિક નીતિ હેઠળ રાજ્ય સરકારે બી.આઇ.એફ.આર. અને જી.બી.આઇ.એફ.આર. માં નોંધાયેલા એકમો માટે રાહતો જાહેર કરેલી છે. આ યોજના હેઠળ એકમો રાજ્ય સરકારના લેણી રકમનો વનટાઇમ સેટલમેન્ટ કરી શકે છે. |

----------

## નર્મદા બંધની ઉંચાઇ વધારવા માટેની મંજૂરી બાબત

૯૭૪૮ **શ્રી ટપુભાઇ લીંબાસીયા** (રાજકોટ-૧) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ નર્મદા બંધની ઉંચાઇ ૧૧૦.૬૪ થી વધુ ઉંચાઇ માટેની મંજૂરી ક્યા તબક્કે છે, અને | (૧) નર્મદા બંધની મુખ્ય છલતીની ઉંચાઇ ૧૧૦.૬૪ મીટરથી ૧૨૧.૯૨ મીટર સુધી લઇ જવા માટે નર્મદા કંટ્રોલ ઓથોરીટીના પર્યાવરણ પેટા જૂથ દ્વારા તેની તા.૬.૧.૦૫ના રોજ મળેલ ૪૧મી બઠકમાં મંજૂરી આપેલ છે. આ જ પ્રકારની મંજૂરી નર્મદા કંટ્રોલ ઓથોરીટીના પુનઃવસન પેટા જુથ દ્વારા મેળવવાની બાબત પ્રગતિ હેઠળ છે, અને આ મંજૂરી મળ્યા બાદ નર્મદા કંટ્રોલ ઓથોરીટી દ્વારા બંધનું કામ |

| | |
|---|---|
| | ૧૨૧.૯૨ મીટર સુધી આગળ વધારવા માટે ટૂંક સમયમાં મંજૂરી મળવાની સંભાવના છે. |
| (૨) રાજ્ય સરકાર તરફથી કેટલી ઉંચાઇ વધારવા માટેની માગણી કરવામાં આવી છે ? | (૨) નર્મદા બંધની મુખ્ય છલતીની ઉંચાઇ ૧૧૦.૬૪ મીટરથી વધારી ૧૨૧.૯૨ મીટર સુધી લઇ જવાની. |

----------

## વડોદરા શહેરમાં પોલીસ કમિશ્નર દ્વારા યોજાયેલ લોક દરબાર

૯૭૭૫ **શ્રી કાંતિભાઈ ભા. તડવી (સંખેડા)** :**માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને માહિતીના આદાન પ્રદાનની ભાવના વધે તે માટે તમામ જિલ્લાઓમાં લોક દરબાર યોજવાનું શરૂ કરવામાં આવ્યું છે, તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પોલીસ કમિશ્નર દ્વારા વડોદરા શહેરમાં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ? | (૨) ૮૪. |

----------

## રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઇઝેશન

૯૭૯૨ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઇઝેશન કરવાનું નક્કી કરેલ છે તે વાત ખરી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તમામ પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઇઝેશન ક્યારે પુરું કરવામાં આવશે, અને<br>(૩) ડિસેમ્બર-૨૦૦૪ સુધીમાં કેટલા પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવેલ છે ? | (૨) અને (૩) : તમામ ૪૬૭ પોલીસ સ્ટેશનોને કોમ્પ્યુટર અને જરૂરી સાધનો પુરા પાડવામાં આવેલ છે. ૪૩૫ પોલીસ સ્ટેશનોમાં કનેક્ટીવીટી પૂર્ણ થયેલ છે. બાકી રહેલી કામગીરી શક્ય તેટલી વહેલાં પૂર્ણ કરવામાં આવશે. |

----------

## રાજ્યમાં વિદેશી મૂડી રોકાણ

૯૮૨૮ **શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા)** :**માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કુલ કેટલું વિદેશી મૂડી રોકાણ આવ્યું અથવા થયું, | (૧) તા.૩૧.૧૨.૨૦૦૪ની સ્થિતિએ એક વર્ષ અગાઉના સમયગાળા દરમ્યાન રાજ્યમાં કુલ રૂા.૨૮૪૭૫ કરોડના મૂડી રોકાણ સાથેના ૫૪૭ આવેદનપત્રો રજુ થયા હતા. આ પ્રોજેક્ટો પૈકી કેટલાક પ્રોજેક્ટોમાં ટેકનીકલ સહયોગ, સીધું વિદેશી મૂડી રોકાણ તેમજ વિદેશી લોન દ્વારા વિદેશી મૂડી રોકાણની શક્યતાઓ છે, જેની વિગત ઉપલબ્ધ નથી. ઉપરાંત ભારત સરકાર દ્વારા આ સમયગાળા દરમ્યાન (નવેમ્બર-૨૦૦૪ સુધીમાં) કુલ રૂા.૧૪૧૮ કરોડના |

વિદેશી મૂડી રોકાણ સાથેની ૪૩ દરખાસ્તો મંજૂર થયેલ છે.

આ ઉપરાંત આ સમયગાળા દરમ્યાન ૯૮૩૯ લઘુ ઉદ્યોગ એકમોની નોંધણી થયેલ છે જેમાંથી રૂા.૨૮૬.૭૨ કરોડનું મૂડી રોકાણ થયેલ છે.

આ એકમોમાં પણ વિદેશી મૂડી રોકાણની શક્યતાઓ છે.

(૨) ક્યા ક્યા મહિનામાં કેટલું મૂડી રોકાણ થયું, અને

(૨) ભારત સરકાર દ્વારા મંજૂર થયેલ ૪૩ એકમોની વિદેશી મૂડી રોકાણની મહિનાવાર વિગતો આ સાથેના પત્રક-૧ પર સામેલ છે.

(૩) આ મૂડી રોકાણો કઇ કઇ કંપનીઓ દ્વારા કરવામાં આવ્યું ?

(૩) ભારત સરકાર દ્વારા મંજૂર થયેલ ૪૩ એકમોની વિદેશી મૂડી રોકાણની જે દરખાસ્તો મંજૂર કરવામાં આવી તેના નામો આ સાથે પત્રક-૨ પર સામેલ છે.

**પ ત્ર ક - ૧**

વર્ષઃ ૨૦૦૪માં ભારત સરકારમાં રજુ થયેલ દરખાસ્તો અન્વયેના મુડીરોકાણની અને ભારત સરકાર દ્વારા મંજુર થયેલ વિદેશી મુડીરોકાણની માસવાર વિગતો દર્શાવતું પત્રક

| ક્રમ | માસ | આઈ.ઈ.એમ. રજુ થયેલ એકમોની વિગત | | એફ.ડી.આઈ. | |
|---|---|---|---|---|---|
| | | એકમો | મૂડીરોકાણ (રૂા. કરોડમાં) | એકમો | મુડીરોકાણ (રૂા. કરોડમાં) |
| ૧ | જાન્યુઆરી-૦૪ | ૪૪ | ૩૦૧૨ | ૭ | ૧૫.૨૫ |
| ૨ | ફેબ્રુઆરી-૦૪ | ૩૨ | ૩૮૯૯ | ૮ | ૧.૦૮ |
| ૩ | માર્ચ-૦૪ | ૪૧ | ૩૫૬૨ | ૧ | ૨.૫૦ |
| ૪ | એપ્રિલ-૦૪ | ૫૫ | ૨૦૪૧ | ૪ | ૯.૪૫ |
| ૫ | મે-૦૪ | ૩૩ | ૧૯૬ | ૫ | ૧૧૩.૯૭ |
| ૬ | જુન-૦૪ | ૩૫ | ૧૫૨૦ | - | - |
| ૭ | જુલાઈ-૦૪ | ૪૮ | ૬૫૮૬ | ૩ | ૧૦.૩૨ |
| ૮ | ઓગસ્ટ-૦૪ | ૩૫ | ૧૪૩૦ | ૫ | ૫.૬૧ |
| ૯ | સપ્ટેબર-૦૪ | ૫૧ | ૬૨૦ | ૬ | ૧૨૩૮.૧૧ |
| ૧૦ | ઓકટોબર-૦૪ | ૪૪ | ૧૬૧૬ | ૨ | ૧૨.૧૬ |
| ૧૧ | નવેમ્બર-૦૪ | ૪૨ | ૧૩૭૫ | ૨ | ૧૦.૧૦ |
| ૧૨ | ડિસેમ્બર-૦૪ | ૮૭ | ૨૬૧૮ | - | - |
| | **કુલ** | **૫૪૭** | **૨૮૪૭૫** | ૪૩ | **૧૪૧૮.૫૫** |

**પત્રક-૨**

ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ (તા. ૧.૧૨.૨૦૦૩ થી તા. ૩૦.૧૧.૨૦૦૪) છેલ્લાં એક વર્ષમાં રાજ્યમાં જે કંપનીઓની વિદેશી મુડીરોકાણની દરખાસ્તો મંજુર થઈ તેની યાદી.

| | |
|---|---|
| બી. સી. ઈન્સટ્રૂમેન્ટ ઈન્ડીયા પ્રા. લી. | જી. પી. ટી. સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી. |
| બી. જી.પીપાવાવ એલ.એન.જી. પ્રા. લી. | હેડજટેહોગ ઓનલાઈન પ્રોકયોરમેન્ટ સીસ્ટમ. |
| ગુલબ્રાન્ડસેન ટેકનોલોજીસ ઈન્ડીયા લી. | પાલાડીઓ ગ્લાસ લી. |

| | |
|---|---|
| આઈ સર્વ સીસ્ટમ પ્રા. લી. | સુઝલોન એનર્જી લી. |
| જક્ષા ઈન્ફોટેક પ્રા. લી. | ગુજરાત આલ્કલી એન્ડ કેમીકલ્સ લી. |
| પરસ્ટ્રોપ એજીસ કેમીકલ પ્રા. લી. | પર્સોલી કોર્પોરેશન લી. |
| સુ-સીત બ્રસીરા પ્રા. લી. | ગોન્તમ એગ્ટેક સોલ્યુશન પ્રા. લી. |
| ઓલમાઈટી સોફટવેર પ્રા. લી. | એડલાઈફ મેડીકલ ઈન્સ્ટીટયુટ લી. |
| ફોરસાઈટ લી. | એમ.બી. વિજય સ્ટીલ સપ્લાયર્સ પ્રા. લી. |
| ગ્લોબલ એશીયા પાર્ટનર્સ એલ.પી. | અસ્ટ્રા લાઈફકેર ઈન્ડીયા પ્રા. લી. |
| હીલથેક નેટવર્ક પ્રા. લી. | ગુલબ્રાન્ડસેન કેમીકલ્સ પ્રા. લી. |
| હિન્દુસ્તાન ઈન્કસ એન્ડ રેઝીન્સ લી. | વીડીયોકોન ઈન્ટર નેશનલ લી. |
| ઈન્કોટેક ઈન્ટર નેશનલ બી. વી. | એએમજી બીઝનેશ સોલ્યુશન પ્રા. લી. |
| કલેડોસ સોલ્યુશન પ્રા. લી. | દીશમાન ફાર્માસ્યુટીકલ એન્ડ કેમીકલ્સ |
| શ્રીરામ સીમેન્ટ લી. | ગેબ્રીયલ ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કંપની |
| એડજફીલ્ડ સીકયોરીટીઝ લી. | જીઆરસી બીઝનેશ ડેટા પ્રોસેસીંગ પ્રા. લી. |
| ગેરાર્ડ ઈલેકટ્રીક ઈન્ડીયા પ્રા. લી. | મર્કસ એ/એસ. |
| ઈનટ્રીગ્રેટેડ કોટીંગ એન્ડ સુદ ટેક. | શેર્નો લી. |
| રોપ્કોમ ટેક પ્રા. લી. | અલર્ફેઝ પ્રા. લી. |
| ટ્રાન્સડાયન આઈ. ટી. સર્વિસીસ પ્રા. લી. | રેકટર થેમીસ મેડીકેર ઈન્ડીયા પ્રા. લી. |
| ઓડીયન્સ મેઝરમેન્ટ એન્ડ એનાલાઈટીક પ્રા. લી. | ક્રીશ્મા મોઝેકસ પ્રા. લી. |
| | વોકો મધરસન એડવાન્સડ રબરટેક. |

--------

## કલ્પસર યોજનાની કામગીરી

૮૪૫૯ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર પ્રભાગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કલ્પસર યોજનાનો રાજ્ય સરકારે ક્યારે સૈધાંતિક સ્વીકાર કર્યો. | (૧) તા. ૨૩-૨-૧૯૯૮ના રોજ |
| (૨) સૈધાંતિક સ્વીકાર કર્યા પછી તેના અમલીકરણ માટેનું શું આયોજન છે, અને<br>(૩) જેમાં જાન્યુઆરી-૦૫ સુધીમાં શું કામગીરી થઈ છે અને રાજ્ય સરકાર કયારે, ને કેવી રીતે પુરી કરવા માંગે છે. ? | (૨) અને (૩) :<br>* છ વિશિષ્ટ અભ્યાસો નવેમ્બર-૯૯થી જુન-૨૦૦૦માં રૂા. ૫.૦૮ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યા.<br>* વિશિષ્ટ અભ્યાસોના ભલામણ અનુસાર વિસ્તૃત યોજનાકીય અહેવાલ બનાવવા માટે સરકારે નક્કી કર્યુ<br>* જુલાઈ-૨૦૦૨માં ભારત સરકારની સર્વે ઓફ ઈન્ડિયાને રૂા. ૨.૮૪ કરોડના ખર્ચે કાંઠાંનું સર્વે કામ સોંપવામાં આવ્યુ જે અંગેની ક્ષેત્રિય કામગીરી પૂર્ણ થઈ છે અને નકશા બનાવવાની કામગીરી હાથ પર છે.<br>* ડિસેમ્બર-૨૦૦૨ નવા કલ્પસર વિભાગની રચના કરવામાં આવી. |

* જાન્યુઆરી-૨૦૦૩માં વિસ્તૃત યોજનાકીય અહેવાલ તૈયાર કરવા માટે રૂા. ૮૪.૦૦ કરોડના ખર્ચને વહીવટી મંજૂરી આપવામાં આવી.

* ફેબ્રુઆરી-૨૦૦૪માં ભારત સરકારની "નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓશન ટેકનોલોજી" ચેન્નાઈને દરીયાઈ સર્વેક્ષણની કામગીરી સોંપેલ છે તેનો પ્રથમ તબક્કાનો હેવાલ મળેલ છે.

* કલ્પસર યોજનાની કામગીરી ત્રણ તબકકામાં કરવાનું આયોજન કરેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧ | તબક્કો-૧<br>વિસ્તૃત યોજનાકીય અહેવાલ તૈયાર કરવા | ૨૦૦૩થી ૨૦૦૭ |
| ૨ | તબક્કો-૨<br>ટેન્ડર ડોકયુમેન્ટ તૈયાર કરવા ટેન્ડર મંગાવવા, ઠેકેદાર નકકી કરવા, પ્રાથમિક કામો તથા પરચુરણ અભ્યાસો | ૨૦૦૭થી ૨૦૦૮ |
| ૩ | તબક્કો-૩ કલ્પસર યોજનાનું વાસ્તવિક કામ શરૂ કરી પૂર્ણ કરવું. | ૨૦૦૯-થી૨૦૧૮ |

-------------

## ભૂકંપ પુનઃવસન અન્વયે રાજ્યને મળેલ એવોર્ડ

૯૧૦૯ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં કોમન વેલ્થ એસોસીએશન ફોર પબ્લીક એડમીનીસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ (સીએપીએમ)દ્વારા રાજ્ય સરકારને ભૂકંપ પુનઃવસનના કામ માટે આંતર રાષ્ટ્રીય સ્વર્ણચંદ્રક પ્રદાન થયેલ છે તે વાત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ એવોર્ડ મળ્યાની વિગતો શું છે, અને | (૨) ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ના ભૂકંપ પછી ગુજરાત ઈમરજન્સી અર્થકવેક રીકન્સ્ટ્રકશન પ્રોગ્રામ (જીઈઆરપી) હેઠળ ગુજરાતમાં હાથ ધરાયેલ પુનઃવસન અને પુનઃનિર્માણની કામગીરીમાં કરવામાં આવેલ વહીવટી પહેલના સંદર્ભે આ એવોર્ડ આપવામાં આવેલ છે. |
| (૩) આ એવોર્ડની સ્પર્ધામાં કુલ કેટલા દેશોએ ભાગ લીધો હતો ? | (૩) સ્પર્ધામાં કુલ-૧૪ દેશોએ ભાગ લીધો હતો. |

----------

## દાંતા, અમીરગઢ અને પાલનપુર તાલુકાના અદિવાસી ખેડૂતોને ખેતી વિષયક વીજ જોડાણ

૯૮૨૨ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સને, ૨૦૦૩ તથા ૨૦૦૪ની સાલમાં સરકારે બનાસકાંઠા જિલ્લાનાં દાંતા, અમીરગઢ અને પાલનપુર તાલુકામાં આદિવાસી ખેડૂતોને ખેતી વિષયક વીજ જોડાણ આપવાના કેટ કેટલાં લક્ષ્યાંકો આપેલા, આ લક્ષ્યાંકો સામે કેટ કેટલાં વીજ જોડાણો અપાયાં છે, અને

(૨) બાકી રહેલ આદિવાસી ખેડૂતોને કયાં સુધીમાં વીજ જોડાણ આપવાની સંભાવના છે?

**જવાબ**

(૧) આદિજાતિ વિસ્તાર પેટા યોજના તથા તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ આદિવાસી ખેડૂતો અંગે નિયત લક્ષ્યાંક તથા આપેલ વીજ જોડાણની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | વર્ષ ૨૦૦૩ | | વર્ષ ૨૦૦૪ | |
|---|---|---|---|---|
| | લક્ષ્યાંક | આપેલ વીજ જોડાણ | લક્ષ્યાંક | આપેલ વીજ જોડાણ |
| દાંતા | ૪૯ | ૪૯ | ૨૮ | ૨૮ |
| અમીરગઢ | ૧૨ | ૧૨ | ૧ | ૧ |
| પાલનપુર | ૦ | ૦ | ૦ | ૦ |

(૨) નોંધાયેલ અરજીઓની તાંત્રિક બાબતો લક્ષમાં રાખી ડાર્ક ઝોનના નિયંત્રણો ધ્યાને લઈને શક્ય તેટલા વહેલા.

----------

## યાત્રાધામ અંબાજી ખાતે રોપ-વે ના દર અંગે

૮૨૩૪ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) યાત્રાધામ અંબાજી ખાતે રોપ-વે કયારે શરૂ કરવામાં આવ્યો, શરૂઆતમાં રોપ-વેમાં બેસવાના દર કેટલા હતા, હાલમાં શા દર છે ?

**જવાબ**

(૧) તા. ૨૧.૯.૯૮ થી અંબાજી ખાતેના રોપ-વે શરૂ કરેલ છે. શરૂઆતમાં રોપ-વેમાં બેસવાના દર વ્યકિતદીઠ આવવા-જવાના રૂા. ૩૨ હતા અને હાલમાં આ દર આવવા-જવાના વ્યકિતદીઠ રૂા. ૫૦ છે.

----------

## સૌરાષ્ટ્ર વિસ્તારમાં પાઈપલાઈન મારફતે ગેસ પૂરો પાડવાનું આયોજન

૮૧૩૭ **શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) :** **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં પાઈપ લાઈન મારફત વિવિધ ક્ષેત્રોને ગેસ પૂરો પાડવા સંબંધમાં શા પગલાં લેવાયેલ છે,

(૨) સોરાષ્ટ્રના કયા વિસ્તારમાં પાઈપલાઈન મારફત ગેસ પૂરો પાડવાનું આયોજન છે, અને

**જવાબ**

(૧) રાજ્યમાં વિવિધ ક્ષેત્રોને ગેસ પૂરો પાડવા રાજ્ય સરકારે ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિ. (જીએસપીએલ)મારફત સુરત જીલ્લાના હઝીરા થી ગાંધીનગર જીલ્લાના કલોલ સુધી ૪૩૦ કી.મી. લાંબી પાઈપ લાઈન નાંખી છે. આ રૂટમાં આવતાં હઝીરા, મોરા, ઉત્તરાણ, દહેજ, ભરૂચ, પગુથન, વડોદરા, આણંદ, અમદાવાદ અને કલોલના વિસ્તારોમાં ગ્રાહકોને ગેસ પૂરો પાડવામાં આવે છે.

(૨) રાજકોટ, થાનગઢ, વાંકાનેર, મોરબી, પીપાવાવ અને જામનગર.

(૩) અને કયાં સુધીમાં કામગીરી પૂર્ણ કરવામાં આવશે?

(૩) રાજકોટ, થાનગઢ, વાંકાનેર અને મોરબી માટે જુન-૨૦૦૬ સુધીમાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.

પીપાવાવ, જામનગર વિસ્તારોમાં સર્વેની કામગીરી ચાલુ છે. જે પૂર્ણ થયે પાઈપલાઈનની કામગીરી બે વર્ષમાં પૂર્ણ કરી ગેસ પુરો પાડવાનું આયોજન છે.

ઉપરાંત જીએસપીએલ ગુજરાતના બધાજ જીલ્લાઓના વડા મથકોને પાઈપલાઈનથી તબક્કાવાર સાંકળવાનું આયોજન કરી રહેલ છે.

----------

## આર. ટી. ઓ. ભીલાડ ચેકપોસ્ટની આવક

૯૭૭૨ **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આર.ટી.ઓ.ની ભીલાડ ચેકપોસ્ટની વર્ષ ૨૦૦૪-૦૫ની કેટલી આવક અંદાજવામાં આવેલ છે, અને | (૧) ચેકપોસ્ટ ભીલાડની વર્ષ ૨૦૦૪-૦૫ની રૂા. ૫૮૬૪.૬૭ લાખ આવક અંદાજવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી જાન્યુઆરી-૨૦૦૫ અંત સુધીમાં ખરેખર કેટલી આવક થયેલ છે? | (૨) ભીલાડ ચેકપોસ્ટની વર્ષ ૨૦૦૪-૦૫ની જાન્યુઆરી-૦૫ સુધીની આવક રૂા. ૬૧૪૧.૬૪ લાખ થયેલ છે. |

----------

## પી. એસ. આઈ.ની શનિ-રવિની જાહેર રજામાં રજા કે વળતરનો લાભ આપવા બાબત

૯૮૧૪ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પોલીસ સબ ઈન્પેકટર શનિ-રવિ તેમજ જાહેર રજામાં ડયુટી બજાવે તેમને રજા પગાર, આર્થિક વળતર કે વળતર રજાનો લાભ આપવામાં આવતો નથી, તે ફરિયાદથી સરકાર વાકેફ છે, | (૧), (૨) અને (૩) |
| (૨) જો હા, તો તેનાં શાં કારણો છે, અને | પોલીસ સબ ઈન્પેકટરને રજા પગાર મળવા પાત્ર નથી. જેથી સરકાર એ ફરીયાદથી વાકેફ હોવા અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ ફરિયાદના ઉકેલ માટે સરકારે શી વ્યવસ્થા કરી છે? | |

----------

## જવેલરી પાર્કની સ્થાપનાનું આયોજન

૯૭૬૪ **શ્રી મનીષ ન. ગીલીટવાલા (સુરત શહેર (પૂર્વ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉધોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર ધ્વારા જવેલરી પાર્ક કયારે બનાવવાનું આયોજન છે, | (૧) હા જી. - રાજ્ય સરકાર ધ્વારા બિન સરકારી સંસ્થાઓ, ખાનગી વ્યકિતઓ અને કંપનીઓના મુડી રોકાણના સહયોગથી ત્રણ વર્ષમાં જવેલરી પાર્ક બનાવવાનું આયોજન છે. |
| (૨) કયા સ્થળે અને કેટલા ખર્ચે સ્થાપવાનું આયોજન છે | (૨) (અ) સુરતમાં ૨૦૦ નિકાસલક્ષી એકમો ધ્વારા રૂ.૨૦૦૦ કરોડ અને બીજા ૨૦૦ એકમો ધ્વારા |

| | |
|---|---|
| આયોજન છે, | રૂા.૩૦૦૦ કરોડ અને બીજા ૩૦૦ એકમો ધ્વારા રૂા.૧૫૦૦ કરોડનું મૂડીરોકાણ તેમજ રૂા.૧૦૦ કરોડ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ માટે એમ મળી કુલ ૫૦૦ એકમોનું રૂા.૪૬૦૦ કરોડનું મૂડીરોકાણ. (બ) અમદાવાદ ખાતે નેશનલ ડાયમંડ ઈન્સ્ટીટયુટ ધ્વારા જેમ્સ એન્ડ જવેલરી પાર્ક માટે રૂા.૨૩૨ કરોડનું મૂડીરોકાણ. (ક) ગાંધીનગર જિલ્લાના ખોરજ ગામ ખાતે નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ જવેલરી ડિઝાઈન ધ્વારા ડાયમંડ એન્ડ જવેલરી પાર્ક માટે રૂા.૧૪૧ કરોડનું મૂડીરોકણ. |
| (૩) ડિસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ આ પાર્ક બનાવવાના કામની પ્રગતિ શું છે, અને | (૩) સુરતમાં સંસ્થાને જમીન ડિસેમ્બર ૨૦૦૪માં સોંપી દેવાઈ છે અન્ય સ્થળે સંસ્થા ધ્વારા જમીન મેળવવાની કાર્યવાહી ચાલુ છે. |
| (૪) કયાં સુધીમાં તે પૂર્ણ થશે ? | (૪) સુરત ખાતે ડિસેમ્બર ૨૦૦૭ સુધીમાં અને અમદાવાદ તેમજ ગાંધીનગર ખાતે જમીન પ્રાપ્ત થયા બાદ. |

----------

## મુલ્કી સચિવાલયમાં કારકુનોની ખાલી જગ્યા ભરવા અંગે

૯૮૨૫ **શ્રી અનિલકુમાર મો. પટેલ(બારડોલી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મુલ્કી સચિવાલયના વિભાગોમાં તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ કારકુનની કેટલી જગ્યાઓ ભરવાની થાય છે, | (૧) ૨૦૯ |
| (૨) આ જગ્યાઓ ભરવા માટે ગૌણ સેવા પસંદગી મંડળને માંગણી પત્રક મોકલવામાં આવેલ છે કે કેમ, | (૨) ના. |
| (૩) આ જગ્યાઓ ભરવા માટે જેમ બને તેમ વહેલી તકે કાર્યવાહી કરીને સરકાર જગ્યાઓ ભરવા માંગે છે કે કેમ, અને | (૩) જરુરીયાત પ્રમાણે જગ્યા ભરવા કાર્યવાહી કરવામાં આવશે. |
| (૪) આ જગ્યાઓ ન ભરવાનાં કારણો કયા છે? | (૪) કરકસરના કારણે. |

----------

## બુધ્ધિસાગર યોજનાની કામગીરી

૮૫૦૦ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) : જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બુધ્ધિસાગર યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૪-૦૫માં શું કામગીરી કરવામાં આવી છે, અને | (૧) બુધ્ધિસાગર યોજના અંતર્ગત કોલંબિયા યુનિવર્સિટી અને ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદને સોપેલ કામગીરી અન્વયે બે વિષયના ફાઈનલ રીપોર્ટસ મળ્યા છે, ત્રણ વિષયો પરત્વે વચગાળાના અહેવાલ મળ્યા છે. |
| (૨) તેનાથી કેટલા લોકોને શું લાભ થયેલ છે? | (૨) આ વ્યક્તિલક્ષી યોજના નથી, તેથી લાભાર્થીઓની સંખ્યા નક્કી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત |

થતો નથી.

-----------

## સ્ત્રીઓના અપમૃત્યુના કિસ્સાઓ

૯૭૪૬ **શ્રી ભાવિનભાઈ ન. શેઠ (એલીસબ્રીજ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ): જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર, ૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્ત્રીઓના અપમૃત્યુના રાજ્યમાં કેટલા કિસ્સાઓ નોંધાયેલા છે, | (૧) ૩૫૭૬ |
| (૨) આ પૈકી કયા જિલ્લામાં સૌથી વધુ કેસો નોંધાયેલ છે, અને | (૨) જુનાગઢ |
| (૩) રાજ્યમાં મહિલાઓના અપમૃત્યુનાં કેસો ઓછા બને તે માટે રાજ્ય સરકારે કયાં પગલાં લીધાં છે ? | (૩) (૧) જાહેર જગ્યાઓ તથા નિર્જન વિસ્તારમાં પોલીસ પેટ્રોલીંગ રાખવામાં આવે છે.<br>(૨) દર ત્રણ મહિને મહિલા સુરક્ષા સમિતિની મીટીંગનું આયોજન કરવામાં આવે છે. અને તેમાં સ્ત્રીઓના અપમૃત્યુના બનાવોની સમીક્ષા કરવામાં આવે છે.<br>(૩) ધણા શહેર/જિલ્લાઓમાં સામાજીક સલામતી સ્કવોડ કાર્યરત છે. તેમાં મહિલાઓને લગતા પ્રશ્નો સાંભળી તેનું નિરાકરણ કરવામાં આવે છે.<br>(૪) જિલ્લા કક્ષાએ જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપણા હેઠળ મહિલા સુરક્ષા સમિતિની બેઠક યોજી સ્ત્રીઓમાં જાગૃતિ લાવવા પ્રયત્નો કરવામાં આવે છે.<br>(૫) મહિલા સુરક્ષાને લગતા પરિપત્રોનો ચુસ્તપણે અમલ કરવામાં આવે છે. |

-----------

## પોલીસ અધિકારી/કર્મચારીઓ માટે સુરત શહેરમાં યોજાયેલ હેલ્થ ચેકીંગ કાર્યક્રમ

૯૭૮૭ **શ્રી યોગેશભાઈ ના. પટેલ (રાવપુરા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ): જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોલીસ વેલ્ફરની ભાવનાને ધ્યાને લઈ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકિકત ખરી છે, | (૧) હા, જી. |

(૨) જો હા, તો ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા વર્ષમાં સુરત શહેરમાં આ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે કે કેમ, અને

(૨) ડિસેમ્બર-૦૪ સુધીમાં નહીં પરંતુ જાન્યુઆરી-૨૦૦૫ તથા ફેબ્રુઆરી-૨૦૦૫માં હેલ્થ ચેકઅપ અંગેના કેમ્પ યોજવામાં આવ્યા.

(૩) કેટલા કર્મચારી/અધિકારીઓનું સંવર્ગવાર હેલ્થ ચેકીંગ કરવામાં આવ્યું ?

(૩)

| | |
|---|---|
| પોલીસ કોન્સ્ટેબલ | -૧૨૨૩ |
| હેડ કોન્સ્ટેબલ | -૬૩૪ |
| પોલીસ સબ ઈન્સ્પેકટર | -૧૫ |
| પોલીસ ઈન્સ્પેકટર | -૧૨ |
| કુલ | ૧૮૮૪ |

---------------

## ગાંધીનગર જિલ્લામાં મંજૂર અને ભરાયેલ પોલીસ મહેકમ

૯૭૪૩ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ): જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૦૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં પોલીસ ખાતાનું મંજૂર મહેકમ વર્ગવાર અને પોલીસ સ્ટેશન દીઠ શું છે,

(૨) તે પૈકી હાજર મહેકમ શું છે,

(૩) આ ખાલી જગ્યાઓ કેટલી અને કયારથી છે, અને

(૪) કેટલા સમયમાં ખાલી જગ્યાઓ ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) પત્રક-૧ અને પત્રક-૨ મુજબ.

(૩) જુદા જુદા સમયથી.

(૪) જેમ બને તેમ વહેલી.

**પત્રક-૧**

**મંજૂર મહેકમ વર્ગવારની વિગતો**

| અ.નં. | વર્ગ | મંજૂર | હાજર | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૯ | ૯ | -- |
| ૨ | વર્ગ-૨ | ૧૮ | ૧૮ | -- |
| ૩ | વર્ગ-૩ | ૧૭૨૪ | ૧૬૪૪ | ૮૦ |

**પત્રક-૨**

**પોલીસ સ્ટેશન દીઠ મંજૂર મહેકમ, હાજર મહેકમ તથા ખાલી જગ્યાઓની વિગતો**

| અ.ન. | પોલીસ સ્ટે. નું નામ | વર્ગ-૨ | | | વર્ગ-૩ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર | હાજર | ખાલી | મંજુર | હાજર | ખાલી |
| ૧ | સેકટર-૨૧ | ૧ | ૨ | +૧ | ૧૩૨ | ૧૨૧ | ૧૧ |
| ૨ | સેકટર-૭ | ૧ | ૨ | +૧ | ૫૭ | ૫૩ | ૦૪ |
| ૩ | અડાલજ | -- | -- | -- | ૬૨ | ૬૨ | -- |
| ૪ | ડભોડા | -- | -- | -- | ૫૩ | ૫૩ | -- |
| ૫ | પેથાપુર | -- | -- | -- | ૫૨ | ૪૪ | ૦૮ |
| ૬ | માણસા | -- | -- | -- | ૫૯ | ૪૪ | ૧૫ |
| ૭ | દહેગામ | -- | -- | -- | ૭૯ | ૬૯ | ૧૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૮ | રખીયાલ | -- | -- | -- | ૪૩ | ૪૩ | -- |
| ૯ | કલોલ સીટી | ૧ | ૧ | -- | ૧૫૭ | ૧૪૫ | ૧૨ |
| ૧૦ | કલોલ તાલુકા | ૧ | ૧ | -- | ૯૫ | ૯૫ | -- |
| | કુલ :- | ૪ | ૬ | +૨ | ૭૮૯ | ૭૨૯ | ૬૦ |

-------------

## અમદાવાદ-ગાંધીનગર વચ્ચેની નર્મદા કેનાલમાં આત્મહત્યા કરવાના બનાવો

૯૭૫૫ **શ્રી રાકેશ રાવ (માતર)** :**માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) : જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુ.૨૦૦૪થી ડિસેમ્બર ૨૦૦૪ સુધીના સમય દરમ્યાન અમદાવાદ-ગાંધીનગર હાઈવે ઉપર આવેલા નર્મદા કેનાલમાં આત્મહત્યા કરવાના કેટલા બનાવો પોલીસ દફતરે નોંધાયેલ છે, | (૧) ૧૫. |
| (૨) માનસિક રીતે હતાશ થયેલા લોકોને આ સ્થળે મરતા બચાવવા રાજ્ય સરકારે શું વ્યવસ્થા કરી છે, અને | (૨) (૧) ઓવર બ્રીજ નજીક આવેલ કેનાલની બન્ને સાઈડે તારની ફેન્સીંગ તથા તારની જાળી બાંધવામાં આવેલ છે.<br>(૨) કેનાલ ફરતે પોલીસ પેટ્રોલીંગ રાખવામાં આવેલ છે. તેમજ સિંચાઈ વિભાગ તરફથી સિક્યુરીટીના માણસો રોકવામાં આવેલ છે.<br>(૩) તાત્કાલિક બચાવ સારૂ બોટની વ્યવસ્થા કરવામાં આવેલ છે.<br>(૪) ઓવર બ્રીજની બન્ને બાજુએ ચેતવણી આપતાં બોર્ડ મુકવામાં આવેલ છે. |
| (૩) કાયમી ધોરણે આ સ્થળે રાજ્ય સરકાર પોલીસ વ્યવસ્થા ઉભી કરવા માંગે છે કે કેમ ? | (૩) સ્થાનિક પોલીસ દ્વારા કેનાલની બન્ને સાઈડે પોલીસ પેટ્રોલીંગ રાખવામાં આવેલ છે. |

------------

## નર્મદા યોજના દ્વારા સિંચાઇનું પાણી આપવા અંગે

૯૮૧૭ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૦૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં નર્મદા યોજનામાંથી સિંચાઇ માટે કેટલા હેકટરને પાણી આપવામાં આવ્યું, અને | (૧) જાન્યુઆરી-૦૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં નર્મદા યોજનામાંથી સિંચાઇ માટે ૧,૩૩,૧૫૦ હેકટરને પાણી આપવામાં આવ્યું છે. |
| (૨) જુન-૦૫ સુધી કેટલા હેકટરને કઇ પધ્ધતિએ પાણી આપવાનું આયોજન છે? | (૨) ઉપર (૧) માં જણાવ્યા મુજબ, વહેણ સિંચાઇથી. |

----------

## ખાનગી વાહનોમાં ઇંધણ તરીકે કેરોસીનનો ઉપયોગ

૯૧૦૫ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ (સાવલી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખાનગી વાહનોમાં ઇંધણ તરીકે કેરોસીન વાપરવામાં આવે છે, તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેર અને જિલ્લામાં આ બદી દૂર કરવા કેટલા સામે પગલાં લીધાં ? | (૨) ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેરમાં ૨૬૫ વાહનો સામે તથા વડોદરા જિલ્લામાં ૩ વાહનો સામે પગલાં લેવામાં આવેલ છે. |

-----------

## રાજપીપળા આર.ટી.ઓ કચેરીની આવક

૯૭૯૦ **શ્રી રતિલાલ ગો. સુરેજા (માણાવદર)** :**માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજપીપળા આર.ટી.ઓ. કચેરીની વર્ષ ૨૦૦૪-૦૫ની કેટલી આવક અંદાજવામાં આવેલ છે, અને | (૧) રાજપીપળા એ.આર.ટી.ઓ. કચેરીની વર્ષ ૨૦૦૪-૦૫ની રૂા. ૨૩૭.૭૬ લાખની આવક અંદાજવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી જાન્યુ. ૨૦૦૫ અંત સુધીમાં ખરેખર કેટલી આવક થયેલ છે ? | (૨) વર્ષ ૨૦૦૪-૦૫માં જાન્યુઆરી-૦૫ સુધીમાં રૂા. ૧૯૯.૮૨ લાખ આવક થયેલ છે. |

----------

## સાયન્સ સીટીના વિકાસની કામગીરી

૯૧૧૫ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા)** : : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર સરખેજ રોડ ઉપર આવેલ સાયન્સ સીટીની પ્રવૃત્તિ શી છે, અને | (૧) ગાંધીનગર સરખેજ રોડ પર આવેલ સાયન્સ સીટીની પ્રવૃત્તિ રાજ્યમાં વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે વિદ્યાર્થીઓ, યુવાપેઢી અને સામાન્ય જનસમુદાયમાં રસવૃધ્ધિ કરવાની, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસાવવાની અને "શિક્ષણ રંજન" એટલે કે મનોરંજન દ્વારા શિક્ષણને સરળ બનાવવાની છે. |
| (૨) તેના વિકાસ માટે શું આયોજન કરેલ છે? | (૨) ગુજરાત સાયન્સ સીટીના વિકાસ માટે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ અંતર્ગત ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સીટીની રચના કરવામાં આવી છે. વિકાસનો માસ્ટર પ્લાન તૈયાર કરી આશરે ૧૦૭ હેકટર જેટલી જમીન પર હેકઝાગોનલ ગ્રીડ પેટર્ન આધારીત તબક્કાવાર નિર્માણ હાથ ધરાયુ છે. પહેલા તબક્કા હેઠળ આઇમેકસ થ્રીડી થિયેટર, હોલ ઓફ સાયન્સ, થ્રીલરાઇડર, સંગીતમય ફુવારો, ખાણીપીણીની સગવડો, પાર્કીંગ, આંતરિક રસ્તાઓ વગેરે કાર્યાન્વીત કરાયા છે. આગામી વર્ષોમાં એનર્જી પાર્ક, લાઇફ સાયન્સ પાર્ક, સ્પેશ એન્ડ કોમ્યુનિકેશન |

પેવેલીયન, પ્લેનેટ અર્થ પેવેલીયન તૈયાર કરવામાં આવશે.

---------

## ગેસ આધારિત વીજ મથકોના ગેસના ભાવો માટે કેન્દ્ર સમક્ષ રજૂઆતો

૮૧૭૪ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** :**માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજયના ગેસ આધારિત વીજ મથકોના ગેસના ભાવો નક્કી કરવા સરકાર દ્વારા કેન્દ્રમાં ક્યારે ક્યારે રજુઆત કરવામાં આવી છે, અને | (૧) જુન-૨૦૦૩માં<br>૧૮-૮-૨૦૦૪ ના રોજ<br>૨૨-૯-૨૦૦૪ ના રોજ |
| (૨) આ રજુઆતોનું શું પરિણામ આવ્યું અને છેલ્લી શી પરિસ્થિતિ છે ? | (૨) કેન્દ્ર સરકારે રજૂઆતની વિચારણા કરવા ગ્રુપ ઓફ મિનિસ્ટર્સની રચના કરેલ. ગ્રુપ ઓફ મિનિસ્ટર્સની ભલામણો કેન્દ્ર સરકારની વિચારણા હેઠળ છે. વધુમાં કેન્દ્ર સરકાર દ્વારા લાવવામાં આવનાર સુચિત પેટ્રોલિયમ રેગ્યુલેટરી બોર્ડ બીલમાં પણ ગેસના ભાવ નિયંત્રિત રાખવાની જોગવાઇ આમેજ કરવામાં આવી છે. |

----------

## જેતપુર તથા ગોંડલ તાલુકાના ઉદ્યોગો માટે પ્રોત્સાહન પગલાં લેવા અંગે

૮૨૩૧ **શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જેતપુર તથા ગોંડલ તાલુકામાં આવેલા ક્યા ક્યા ઉદ્યોગોને પ્રોત્સાહન મળે તેવા શાં શાં પગલાં સન-૨૦૦૪માં સરકારે લીધાં, અને | (૧) તાલુકાઓમાં કે વ્યકિતગત ઉદ્યોગો માટે પ્રોત્સાહન આપવાની રાજ્ય સરકારની યોજના હવે નથી. પરંતુ સમગ્ર રાજ્યમાં નવા ઉદ્યોગો તથા ચાલુ ઉદ્યોગો માટે નીચે મુજબની યોજનાઓ અમલમાં છે. જેનો લાભ જેતપુર તથા ગોંડલ તાલુકાના ઉદ્યોગોને પણ મળવાપાત્ર છે.<br>૧. લઘુ અને મધ્યમ કક્ષાના એકમો માટે વ્યાજ સહાય.<br>૨. ટેકનોલોજી અપગ્રેડેશન માટે વ્યાજ સહાય. ટેકનોલોજી એકવીઝીશન ફંડ, પેટન્ટટેકીંગ અને પેટન્ટ રજીસ્ટ્રેશન માટે સહાય.<br>૩. ગુણવત્તા પ્રમાણપત્ર મેળવવા માટે નાણાંકીય સહાય<br>૪. પર્યાવરણ રક્ષણ માટે સહાય.<br>૫. ઇન્ડસ્ટ્રીયલ પાર્ક માટે સહાય.<br>૬. આંતરમાળખાકિય સુવિધાઓ.<br>૭. કલસ્ટર વિકાસ યોજનાઓ માટે સહાય.<br>૮. માર્કેટ પ્રમોશન અને ડેવલોપમેન્ટ માટે સહાય.<br>૯. સામુહિક (ઔદ્યોગિક) પ્રદુષણ નિયંત્રણ અને નિવારણ માટે સહાય.<br>૧૦. રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ માટે સહાય.<br>જેતપુર અને ગોંડલ તાલુકામાં ઉપરોક્ત યોજનાનો લાભ વધુને વધુ લોકો મેળવે તે માટે નવી યોજનાઓની માહિતી આપવા ઔદ્યોગિક |

| | |
|---|---|
| | એસોસીએશનો, બેંકો વિગેરે સાથે મીટીંગ અને સેમીનાર કરવામાં આવેલ છે. |
| (૨) હવે પછી આવા ક્યા ક્યા પ્રોત્સાહક પગલાં લેવાનું સરકારનું આયોજન છે ? | (૨) ઉપરોક્ત યોજનાઓ ચાલુ રાખવામાં આવેલ છે અને તેનો બહોળો પ્રચાર કરવા સેમીનાર/રોજગાર શિબીરનું આયોજન છે. |

----------

## નર્મદા કેનાલ હેડ પાવર હાઉસ પાછળ ખર્ચ અને આવક

૯૧૨૨ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ)** :**માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા કેનાલ હેડ પાવર હાઉસ પાછળ જાન્યુઆરી-૨૦૦૫ સુધીમાં કેટલો ખર્ચ થયેલ છે, | (૧) રૂા. ૨૧૨.૬૯ કરોડ. |
| (૨) આ પાવર હાઉસની ક્ષમતા કેટલી છે, | (૨) સ્થાપિત ક્ષમતા ૨૫૦ મેગાવોટ |
| (૩) તેમાંથી ગુજરાતને કેટલી વિજળી મળે છે, | (૩) ઉત્પન્ન થતી વિજળીના ૧૬ ટકા લેખે |
| (૪) આ વિજ ઉત્પાદનમાંથી રાજ્ય સરકારને કેટલી આવક થઇ, અને | (૪) જાન્યુઆરી-૨૦૦૫ સુધીમાં આશરે રૂા. ૪.૯૪ કરોડની આવક થવાનો અંદાજ છે. |
| (૫) આવક વધારવા રાજ્ય સરકાર દ્વારા ક્યા પ્રયાસો થઇ રહ્યા છે ? | (૫) નર્મદા ડેમની મુખ્ય છલતીની ઉંચાઇ વધારવા માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. આ ઉંચાઇ વધવાથી વિજ ઉત્પાદન વધશે અને રાજ્ય સરકારની આવકમાં પણ વધારો થશે. |

----------

## એસ.ટી.નિગમને ચુકવવાની બાકી રકમ

૮૨૬૧ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજય સરકાર દ્વારા પોલીસ કર્મી, સ્વાતંત્ર સેનાનીઓ, વિદ્યાર્થીઓને કન્શેશન પાસ અને અંધજનો અપંગોને જે સહાયતા અપાય છે તે અન્વયે એસ.ટી.ને જાન્યુ.૦૫ સુધીમાં કેટલી રકમ ચુકવવાની થાય છે, અને | (૧) પોલીસ મોટર વોરન્ટ ઉપર મુસાફરી કરતાં હોઈ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના બસ ભાડામાં કોઈ રાહત આપવામાં આવતી નથી. તેવી જ રીતે સ્વાતંત્ર્ય સેનાનીઓનો ખર્ચ નિગમ પોતે ભોગવે છે. જ્યારે વિદ્યાર્થી રાહત પેટે રૂા. ૧૧૩.૨૩ કરોડ અને અંધજનો તથા અપંગોને રાહત પેટે રૂા. ૮.૯૯ કરોડ ચુકવવા પાત્ર થાય છે. |
| (૨) તે અંગે કેટલી રકમ ચુકવવામાં આવી ? | (૨) |

| | |
|---|---|
| ૧. પોલીસ કર્મચારીઓને | -મુસાફરી મુજબ |
| ૨. સ્વાતંત્ર્ય સેનાની | -ખર્ચ નિગમ ભોગવે છે. |
| ૩. વિદ્યાર્થી કન્શેશન | -રૂા. ૧૧૩.૨૩ કરોડ |
| ૪. અન્ધજન-અપંગો | -રૂા. ૨,૧૬,૭૮,૦૦૦/- |

----------------

## આર. ટી. ઓ. અંબાજી ચેકપોસ્ટની આવક

૯૭૯૬ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ (લુણાવાડા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આર.ટી.ઓ. અંબાજી ચેકપોસ્ટની વર્ષ ૨૦૦૪-૦૫ની કેટલી આવક અંદાજવામાં આવેલ છે, અને | (૧) અંબાજી ચેકપોસ્ટની વર્ષ ૨૦૦૪-૨૦૦૫ માટે રૂા. ૨૩૭.૭૬ લાખની આવક અંદાજવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી જાન્યુઆરી-૦૫ અંત સુધીમાં ખરેખર કેટલી આવક થયેલ છે ? | (૨) વર્ષ ૨૦૦૪-૦૫માં જાન્યુઆરી-૦૫ અંત સુધીમાં અંબાજી ચેકપોસ્ટની આવક રૂા. ૨૭૬.૯૯ લાખની થયેલ છે. |

----------------

## સૌરાષ્ટ્ર નર્મદા કેનાલનું કામ

૯૭૬૧ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ સૌરાષ્ટ્ર નર્મદા મુખ્ય કેનાલનું કામ હાલ કયા તબક્કે છે? | સૌરાષ્ટ્ર શાખા નહેરની સાંકળ ૦ થી ૭૦ કિ.મી.ના માટીકામ, સ્ટ્રકચરના કામો પૂર્ણ થયેલ છે. જ્યારે લાઈનીંગના કામો પ્રગતિમાં છે.<br>-સાંકળ ૭૦ થી ૯૫ કિ.મી.માં માટીકામ, સ્ટ્રકચરના કામો પ્રગતિમાં છે. અને ૭૦ થી ૮૩ કિ.મી.માં અસ્તરકામનો વર્ક ઓર્ડર આપેલ છે. ૯૫ થી ૧૦૪ કી.મી. માટીકામ, સ્ટ્રકચર, અસ્તરકામોના વર્ક ઓર્ડર આપેલ છે.<br>સૌરાષ્ટ્ર શાખા નહેર ઉપર બાંધકામ હેઠળના પાંચ પંપીંગ સ્ટેશનના કામો પ્રગતિમાં છે.<br>-સૌરાષ્ટ્ર શાખા નહેર ઉપર બંધાનાર ત્રણ નાના જળ વિદ્યુત મથકોના બાંધકામની કામગીરી માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. |

----------------

## ગ્લોબલ ઈન્વેસ્ટર સમીટ-૨૦૦૫ અન્વયે ઉર્જા ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.

૯૭૯૯ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૫માં ઉર્જા ક્ષેત્રે નવા વીજ મથકો સ્થાપવા માટે કુલ કેટલા સમજૂતી કરારો થયેલાં છે, અને તે દ્વારા કુલ કેટલું મૂડી રોકાણ થશે, અને | (૧) અંદાજે રૂા. ૩૮૦૦૩.૩ કરોડના મૂડી રોકાણ માટેના ૧૭ કરારો. |
| (૨) આ પ્રોજેકટોને આગળ ધપાવવા રાજ્ય સરકાર દ્વારા શું આયોજન છે ? | (૨) પ્રોજેકટોના અમલીકરણ દિશામાં ઝડપી નિર્ણયો અને સમયાંતરે સમીક્ષા દ્વારા પ્રોજેકટો આગળ ધપાવવાનું આયોજન છે. |

----------

## રાજ્યમાં આર.ટી.ઓ. પોસ્ટો કોમ્પ્યુટરાઈઝડ થતાં આવકમાં થયેલ વધારો

૯૭૬૭ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ગુજરાતની તમામ આર.ટી.ઓ ચેક પોસ્ટો કોમ્પ્યુટરાઈઝડ થવાથી તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કેટલી આવકનો વધારો થયો,

(૨) દરેક ચેક પોસ્ટ પર નિમણૂંક ન પામેલા વધારાના માણસો રાખવામાં આવે છે, તે હકીકત સાચી છે, અને

(૩) શામળાજી આર.ટી.ઓ. ચેક પોસ્ટની છેલ્લા એક વર્ષની તા.૩૧-૧૨-૨૦૦૪ સુધીની મહિના પ્રમાણે કેટલી આવક નોંધાયેલ છે ?

**જવાબ**

(૧) ગુજરાતની તમામ આર.ટી.ઓ. ચેક પોસ્ટો કોમ્પ્યુટરાઈઝડ થવાથી તા.૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં છેલ્લા બે વર્ષમાં રૂા. ૭૦૨૮.૬૯/- લાખ આવકનો વધારો થયો.

(૨) દરેક ચેક પોસ્ટ પર નિમણૂંક ન પામેલા વધારાના માણસો રાખવામાં આવે છે. તે હકિકત સાચી નથી.

(૩) શામળાજી આર.ટી.ઓ. ચેક પોસ્ટની છેલ્લા એક
વર્ષની તા.૩૧-૧૨-૨૦૦૪ સુધીની માસવાર આવક નીચે દર્શાવ્યા પ્રમાણે નોંધાયેલ છે.

| માસ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| જાન્યુઆરી-૦૪ | ૪૪૮.૮૮ |
| ફેબ્રુઆરી-૦૪ | ૪૬૦.૯૬ |
| માર્ચ-૦૪ | ૫૦૦.૩૨ |
| એપ્રિલ-૦૪ | ૪૧૬.૧૮ |
| મે-૦૪ | ૪૫૦.૪૭ |
| જુન-૦૪ | ૪૦૦.૧૯ |
| જુલાઈ-૦૪ | ૩૯૬.૮૮ |
| ઓગષ્ટ-૦૪ | ૩૩૨.૯૨ |
| સપ્ટેમ્બર-૦૪ | ૪૬૫.૫૨ |
| ઓકટોબર-૦૪ | ૪૭૭.૩૫ |
| નવેમ્બર-૦૪ | ૪૬૯.૭૨ |
| ડીસેમ્બર-૦૪ | ૫૮૫.૮૭ |
| કુલ | ૫૪૦૫.૨૬ |

----------

## ટંકારા, પડધરી અને મોરબી તાલુકાના ગામોમાં રંગીન ટી.વી. ગોઠવવા બાબત

૮૧૦૨ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (માહિતી)** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના ટંકારા-પડધરી અને મોરબી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કયા કયા ગામોમાં સરકાર તરફથી રંગીન ટી.વી. ગોઠવવામાં આવ્યા,

**જવાબ**

(૧) **પત્રક-અ** મુજબ

(૨) હાલમાં કેટલા ગામોમાં રંગીન ટી.વી. ગોઠવવાના બાકી છે, અને

(૩) આ કાર્યક્રમ અન્વયે કેટલા સમયમાં બાકી રહેલા રંગીન ટી.વી. ગોઠવવાનું આયોજન છે?

(૨) અને (૩) ગ્રામ પંચાયતો/સંસ્થાઓને ફાળાના ધોરણે રંગીન ટી.વી. ફાળવવામાં આવે છે. આ અંગે કોઈ ગામોની રજુઆત કે માંગણી પડતર ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-અ**

**તાલુકો :- ટંકારા**

| **ક્રમ** | **ગામનું નામ** | **ક્રમ** | **ગામનું નામ** |
|---|---|---|---|
| ૧ | કોઠારીયા | ૧૧ | જબલપુર |
| ૨ | ધુનડા (ખાનપર) | ૧૨ | ટંકારા |
| ૩ | દેવળીયા | ૧૩ | સરાયા |
| ૪ | બંગાવડી | ૧૪ | આણંદપર |
| ૫ | કાગદડી | ૧૫ | સજ્જનપર |
| ૬ | ઓટાળા | ૧૬ | નસીતપર |
| ૭ | હડાળા | ૧૭ | નેકનામ |
| ૮ | છત્તર | ૧૮ | લજાઈ |
| ૯ | પ્રભુનગર | ૧૯ | રોહીશાળા |
| ૧૦ | અમરાપર | ૨૦ | હમીરપુરા |

**તાલુકો :- પડધરી**

| **ક્રમ** | **ગામનું નામ** | **ક્રમ** | **ગામનું નામ** |
|---|---|---|---|
| ૧ | મોવૈયા | ૧૧ | બાધી |
| ૨ | વિસામણ | ૧૨ | કેરાળા |
| ૩ | પડધરી | ૧૩ | મોટાખીજડીયા |
| ૪ | દહિંસરડા | ૧૪ | તરઘરી |
| ૫ | ફતેપર | ૧૫ | જીલરીયા |
| ૬ | સરપદડ | ૧૬ | ખામટા |
| ૭ | ખંભાળા | ૧૭ | દેવાળીયા |
| ૮ | ગોવિંદપર | ૧૮ | સુવાગ |
| ૯ | ડુંગરકા | ૧૯ | જીવાપર (શીવ) |
| ૧૦ | રંગપર | ૨૦ | નારણકા |

**તાલુકો :- મોરબી**

| **ક્રમ** | **ગામનું નામ** | **ક્રમ** | **ગામનું નામ** |
|---|---|---|---|
| ૧ | અદેપર | ૧૨ | ગાંધીનગર |
| ૨ | ખાખરાળા | ૧૩ | નાગલપુર |
| ૩ | જેતપર | ૧૪ | રવાપર નદી |
| ૪ | નીચી માંડલ | ૧૫ | મોડપર |
| ૫ | જુનાનાગડાવાસ | ૧૬ | હજનાળી |
| ૬ | ગાળા | ૧૭ | સોખડા |
| ૭ | મહેન્દ્રનગર | ૧૮ | જેપુર |
| ૮ | બરવાળા | ૧૯ | વનાળીયા |

| | | | |
|---|---|---|---|
| ૯ | નવાસાદુરકા | ૨૦ | રાજપર |
| ૧૦ | નારણકા | ૨૧ | ત્રાજપર |
| ૧૧ | મોરબી | ૨૨ | બગથળા |

----------

## રાજ્યની ફોરેન્સીક લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોને સહાયતા પુરી પાડવા અંગે

૯૮૩૬ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા (કરજણ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સીક સહાયતા પૂરી પાડવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૦૩માં કયા કયા રાજ્યોને કેટલા કેસમાં આવી સહાયતા પૂરી પાડવામાં આવેલ છે, અને | (૨) વર્ષ ૨૦૦૩ના વર્ષમાં નીચે દર્શાવેલ રાજ્યો તેમજ કેન્દ્ર સરકારની સંસ્થાઓને સહાયતા પુરી પાડી છે. |

| અ.નં | વિગત | આવેલ કેસ |
|---|---|---|
| ૧. | સી.બી.આઇ. દિલ્હી | ૪ |
| ૨. | સી.બી.આઇ. કલકત્તા | ૧ |
| ૩. | સી.બી.આઇ. ગાંધીનગર | ૧ |
| ૪. | દાદરા નગર હવેલી | ૫ |
| ૫. | દીવ | ૨ |
| ૬. | નારકોટીકસ કન્ટ્રોલ બ્યુરો | ૧ |
| ૭. | કસ્ટમ એકસાઇઝ | ૧ |
| ૮. | મહારાષ્ટ્ર | ૨ |
| ૯. | વેસ્ટન રેલ્વે | ૧ |
| ૧૦. | ડાયરેક્ટર રેવન્યુ ઇન્ટેલીજન્સ | ૩ |
| | કુલ કેસો | ૨૧ |

| | |
|---|---|
| (૩) આવી સહાયતા પેટે કેટલી રકમની આવક થઇ છે? | (૩) વર્ષ ૨૦૦૩માં આવી સહાયતા પેટે કુલ રૂા. ૯૧,૦૦૦/- ની આવક થયેલ છે. |

----------

## ચોટીલા અને સાયલા તાલુકામાં તત્કાળ વીજ જોડાણની અરજીઓ

૮૮૨૪ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધી એક વર્ષમાં તત્કાળ વિજજોડાણની કેટલી અરજીઓ આવી, | (૧) અને (૨) ચોટીલા -- ૨૬૯<br>સાયલા -- ૨૭૯<br>આ પૈકી એક પણ કિસ્સામાં વીજ જોડાણ આપવામાં આવેલ નથી. |

આવી,

(૨) આવેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં વિજજોડાણ આપવામાં આવ્યું અને કેટલામાં વિજજોડાણ બાકી છે, અને

(૩) બાકી અરજીઓમાં કયાં સુધીમાં વિજજોડાણ આપવામાં આવશે ?

(૩) નોંધાયેલ અરજદારોને તબક્કાવાર અંદાજપત્ર આપ્યા બાદ નાણાં ભરપાઇ થયેથી નિયત સમયમર્યાદામાં વીજજોડાણ આપવાનું આયોજન છે.

----------

## ગાંધીનગર જિલ્લામાં પોલીસ કર્મચારી/અધિકારીઓની આરોગ્યની તપાસ કાર્યક્રમ

૯૭૬૯ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી)** :**માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોલીસ વેલ્ફેરની ભાવનાને ધ્યાને લઇ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકિકત ખરી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ડિસેમ્બર, ૦૪ની સ્થિતિએ છેલ્લા વર્ષમાં આ કાર્યક્રમ અન્વયે ગાંધીનગર પોલીસ રેન્જમાં કેટલા જિલ્લાઓમાં આ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો, અને | (૨) તમામ ત્રણ જિલ્લામાં. |
| (૩) આ જિલ્લાઓમાં કેટલા કર્મચારી અધિકારીઓનું સંવર્ગવાર હેલ્થ ચેકીંગ કરવામાં આવ્યું ? | (૩) પોલીસ કોન્સ્ટેબલ -- ૧૬૩૩<br>હેડ કોન્સ્ટેબલ -- ૯૭૯<br>પોલીસ સબ ઇન્સ્પેક્ટર -- ૭૧<br>પોલીસ ઇન્સ્પેક્ટર -- ૧૯<br>-------------------------<br>કુલ : ૨૭૦૨ |

----------

## અમદાવાદ પોલીસ રેન્જમાં યોજાયેલ લોક દરબાર

૯૭૭૬ **શ્રી કાંતિભાઈ ભા. તડવી(સંખેડા)** :: **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને માહિતીના આદાન પ્રદાનની ભાવના વધે તે માટે તમામ જિલ્લાઓમાં લોક દરબાર યોજવાનું શરૂ કરવામાં આવ્યું છે, તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા વર્ષમાં અમદાવાદ પોલીસ રેન્જમાં કયા કયા જિલ્લામાં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે? | (૨) અમદાવાદ ગ્રામ્ય -- ૧૦૧<br>ખેડા -- ૧૩૦<br>આણંદ -- ૪૨ |

## આંતકવાદ સામે લડવા માટે ચેતક કમાન્ડો ફોર્સની રચના

**૯૭૯૩ શ્રી દિલુભા ટે. ચુડાસમા(વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે આંતકવાદ સામે લડવા માટે ચેતક કમાન્ડો ફોર્સ નામની સુસજ્જ દળ બનાવેલ હોવાની વાત ખરી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ દળની અતિ આધુનિક તાલીમ અને શસ્ત્રો પૂરા પાડવા માટે શી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે ? | (૨) ૧. એન. એસ. જી. માનેસર ખાતે તાલીમ આપવામાં આવી રહી છે. એન.એસ.જી.--નેશનલ સીક્યુરીટી ગાર્ડના ઇન્સ્ટ્રક્ટરોની તાલીમ માટે પણ નિમણૂંક કરવામાં આવી છે.<br>૨. જરૂરી અતિઆધુનિક શસ્ત્રો ઉપલબ્ધ કરવામાં આવી છે. |

----------

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### ઉત્તર ગુજરાતમાં હીમવર્ષાથી પાકને થયેલ નુકસાન અંગે

**શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા)**: માનનીય અધ્યક્ષશ્રી, હું નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તેમને તે સંબંધી નિવેદન કરવા માટે વિનંતી કરું છું

> "તાજેતરમાં થયેલ ભારે હીમવર્ષાને કારણે ઉત્તર ગુજરાતમાં લાખો રૂપિયાની કિંમતનો ઉભો રવી પાક બળી જતાં ખેડૂતોને ખૂબ જ મોટું આર્થિક નુકસાન થયું છે. ખેડૂતોને પાયમાલીની આ પરિસ્થિતિમાંથી ઉગારવા સરકારે લીધેલ કે લેવા ધારેલ પગલાં."

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં પડેલ હીમવર્ષાના કારણે ઉત્તર ગુજરાતમાં થયેલ નુકસાન અંગેના પ્રાથમિક અંદાજો મેળવવામાં આવ્યા છે. આ હીમ પડવાના કારણે ઉત્તર ગુજરાતના પાટણ, બનાસકાંઠા, મહેસાણા અને સાબરકાંઠા જિલ્લામાં કૃષિ અને બાગાયતી પાકોને કુલ ૬૨,૫૭૫ હેકટરના વિસ્તારમાં અંદાજીત રૂા. ૨૫૪૦ લાખનું નુકસાન થયાનું પ્રાથમિક દ્રષ્ટિએ ધ્યાન ઉપર આવેલ છે. આ ચાર જિલ્લાઓનો વર્ષ ૨૦૦૪-૦૫ માં કુલ વાવેતર વિસ્તાર ૨૩,૨૨,૮૦૦ હેકટર છે અને ત સામે કુલ ૩૧,૫૪,૭૦૦ મેટ્રિક ટન ઉત્પાદન મળવાના અંદાજો અને રૂા. ૨૮૩૦.૨૯ કરોડના મૂલ્ય ઉપાર્જનના અંદાજો મૂકવામાં આવેલ, જે સામે કૃષિ અને બાગાયતી પાકોમાં કુલ ૨૨૫૮૮ મે.ટન ઉત્પાદન ઓછું થશે. તેના કારણે રૂા. ૨૫.૪૦ કરોડ મૂલ્ય ઉપાર્જન ઘટશે જે કુલ ઉત્પાદનના અંદાજ સામે ૦.૭ ટકા અને મૂલ્ય ઉપાર્જનના અંદાજ સામે ૦.૯ ટકા જેટલો જ ઘટાડો થવાનો અંદાજ છે. આમ હીમવર્ષાના કારણે ૨૩.૨૨ લાખ હેકટર કુલ વાવેતર વિસ્તારની સામે ૨.૭ ટકા જ વિસ્તારમાં અસર થઈ છે અને કુલ ઉત્પાદનની સામે ૦.૭ ટકા ઉતપાદનમાં અસર થઈ છે અને કુલ મૂલ્ય ઉપાર્જન સામે ૦.૯ ટકા મૂલ્ય ઉપાર્જનનનું નુકસાન થવાના અંદાજો છે.

હીમ અને આબોહવાની ફેરબદલી એ કુદરતી પ્રક્રિયા છે અને તેવા સંજોગોમાં ખેડૂતોને આવી નુકસાની ન થાય તે માટે તકેદારીનાં પગલાં અને ઉપાયો પ્રયોજવા ખેડૂત તાલીમ કેન્દ્રો અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રો દ્વારા પ્રશિક્ષણ અપાય છે. આમછતાં, આવા સંજોગોમાં વધુ તકેદારીના ઉપાયો તરીકે ખેડૂતોના માર્ગદર્શન માટે દૈનિક

પેપરમાં પ્રેસનોટ આપી, ખાતાના વિસ્તરણતંત્ર મારફત ખેડૂતોને મોડી રાત્રે પિયત આપવા તથા મોડી સાંજે નકામા ઘાસનું તાપણું કરી ધુમાડા કરવા માર્ગદર્શન આપવામાં આવેલ છે.

કુદરતી પરિબળો સામે થતા પાકના નુકસાન સામે ખેડૂતોને આર્થિક રક્ષણ મળી રહે તે માટે કેન્દ્ર સરકારની માર્ગદર્શક સૂચના મુજબ, રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના રાજયમાં અમલી છે. જેમાં આ તમામ જિલ્લાઓના ડિફાઈન કરેલ તાલુકાઓમાં ચોકકસ પાકોને આવરી લીધા છે. આ યોજના અંતર્ગત જે તાલુકામાં હીમના કારણે નુકસાન થવાથી તાલુકાની સરેરાશ ઉપજ તેની "થ્રેસહોલ્ડ" ઉપજ કરતાં ઘટશે તો તે તાલુકાના વીમો લીધેલ અસરગ્રસ્ત ખેડૂતોને તેના પ્રમાણમાં યોજનાની જોગવાઈ મુજબ પાક વીમાની રકમ, ભારતીય કૃષિ વીમા કંપની દ્વારા ચૂકવવામાં આવશે. જે ખેડૂતોએ પાક વીમો નહીં લીધો હોય તેમને માટે કેન્દ્ર સરકાર સમક્ષ રજૂ કરવામાં આવશે.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, શાકભાજી અને રવી પાકનું વાવેતર કરનાર ખેડૂતો એમને કલ્પના પણ નહોતી કે આવી હીમવર્ષ થશે અને આટલું બધું મોટું નુકસાન થશે. એમાંય ખાસ કરીને એકસાલી શાકભાજીનું વાવેતર નદીઓના વાંકળામાં ખેડૂતો કરે છે તેમનું તમામ વાવેતર પૂરેપૂરું બળી ગયું છે અને સાથે સાથે રવી પાકમાં ખાસ કરીને વરિયાળી, એરંડા, જીરુ અને ઘઉં વગેરે પાકને ખૂબ જ મોટા પ્રમાણમાં નુકસાન થયેલ છે. તો આપશ્રી મારફત સરકારને મારી વિનંતી છે કે આ સરકારે એનો જે પ્રાથમિક અહેવાલ રજૂ કર્યો છે, પરંતુ એનું સર્વેક્ષણ ફરીથી કરાવીને ગ્રામ પંચાયતો દ્વારા આવા જે ખેડૂતો કે જેમને આર્થિક નુકસાન થયું છે તેમને સરકાર વળતર આપવા માગે છે કે કેમ અને બીજો મારો પ્રશ્ન છે કે વીમા યોજનાની વાત સરકારે કરી છે એ પાક ધિરાણ કરનાર લોકોને જ એનો લાભ મળતો હોય છે. એટલે આવું ધિરાણ ન કરનાર નાના અને સીમાંત ખેડૂતો છે એમને આવા નુકસાન પેટે વળતર આપવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સમાચાર આવ્યા એ પહેલાંથી મેં મારા તંત્રને એલર્ટ કરી દીધું હતુ. માનનીય સભ્યશ્રીએ આ સવાલ પૂછયો એ દરમ્યાન તાત્કાલિક ધોરણે સરવે કરવા માટેની સૂચના આપવામાં આવેલ હતી અને ત્રણ જ દિવસમાં આ પ્રાથમિક અહેવાલ મુજબની માહિતી તૈયાર કરીને અહીંયાં મેં રજૂ કરી છે જે પૈકી વીમા હેઠળના પાકો છે એનું તાત્કાલિક સરવે પૂરું કરીને પાક વીમા હેઠળ આવતા પાકો છે એને તો વીમો મળશે જ, પરંતુ માનનીય સભ્યશ્રીની માગણી છે કે જેમનું પ્રિમિયમ ના ભરાયું હોય એવા ખેડૂતો માટે શું? તો આ તેમની માગણી છે એ કેન્દ્ર સરકારમાં રજૂ કરીશું અને ઉપરાંત અહીંયાં આ હીમ પડયું છે એ પ્રમાણે ઉત્તર ભારતમાં પણ મોટા પ્રમાણમાં હીમ પડયું છે અને ત્યાં પણ ખેતીના પાકોને નુકસાન થયેલ છે અને એમાં કેન્દ્ર સરકારે કેટલીક જાહેરાતો પણ કરી છે.(અંતરાય) હું આ ટાળવા માગતો નથી, હું પણ એક ખેડૂત તરીકે સહાનુભૂતિપૂર્વક જવાબ આપું છું કે કેન્દ્ર સરકાર તરફથી ઉત્તર ભારતમાં પડેલા હીમ અંગે પાકોને થયેલ નુકસાન અંગે જાહેરાત કરી છે. એટલે આપણે પણ એ માગણી રજૂ કરીશું કે કેન્દ્ર સરકાર આ હીમના કારણોસર નુકસાન અંગે જે વળતર આપતી હોય એમાં અમને પણ આપે અને અમારો સરવે સહેજ પણ મોડું થયા વિના તાત્કાલિક પહોંચી જાય એવી વ્યવસ્થા તાત્કાલિક કરવામાં આવી છે.

**શ્રી હરજીવન હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તર ગુજરાતમાં હીમવર્ષાના કારણ જે રવી પાકો છે તેમાં તમાકુ, કપાસ, એરંડા, રાયડો, ખાધાજીરુ, ઘોડાજીરુ, વરીયાળી, ઘઉં અને બટાકા જેવા પાકોને ૭૦ ટકા કરતાં વધારે નુકસાન થયું છે અને પશુઓને ખાવાના ઘાસચારા એવા રજકાને પણ આ હીમે છોડયો નથી. આ હીમ પડયું છે એવા વિસ્તામાં ખેડૂતોનો સઘળો પાક સંપૂર્ણપણે નાશ પામ્યો હોવાના કારણે ખેડૂતોની આશા ઉપર પાણી ફરી વળ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા પાક વીમાની યોજના છે. આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે ગુજરાત સરકાર દ્વારા આગામી બજેટમાં વધુ પ્રમાણમાં નાણાં આની રાહત માટે ફાળવીને ફરીવાર સરવે કરાવીને આનાથી કેટલું નુકસાન થયું છે તેનો અહેવાલ આવ્યા બાદ ગુજરાત સરકાર દ્વારા ખાસ કિસ્સામાં રાહત આપવા માગે છે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા**: માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું છે કે આ હિમ પડવાના સમાચાર આવ્યા તે પહેલાં જ રાજ્ય સરકારે ચિંતા કરી છે. ગુજરાતના કોઈ પણ ભાગમાં આવી કુદરતિ આપત્તી આવવાની હોય અને વહેલી ખબર પડે તો તંત્રને પહેલાં જ અમે સાબદૂ કરીએ છીએ. ખેડૂતોને ગુજરાતમાં કોઈ પણ જગ્યાએ કાંટો વાગે અને તેની પીડા કૃષિ મંત્રીશ્રીને થાય તેવી કામગીરી અમે કરીએ છીએ. આ કિસ્સામાં પૂરેપૂરી કામગીરી કરી છે અને માનનીય સભ્યશ્રીની લાગણી મુજબ સરવે કરાવી અને તાત્કાલિક ધોરણે અમે કેન્દ્ર સરકારને મોકલી આપીશુ. નિયમ અનુસાર પાક વીમામાં જે આવે છે અને જેમણે પ્રિમિયમ નથી ભર્યુ, તેના માટે પણ ખાસ કિસ્સામાં મંજૂર કરવા માટે અમે કેન્દ્ર સરકારને મોકલી આપીશું. માનનીય અર્જુનભાઈ અને બધા સહયોગ આપે એટલી જ વિનંતી છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મારા નામનો ઉલ્લેખ કર્યો છે એટલે કહું છું, કે જા બિલ્લી મોભા મોભ ની જેમ કેન્દ્ર સરકારની આગળ રજૂઆત કરી છે, યુનોમાં પણ રજૂઆત કરી હશે, વિશ્વ બેંક પાસે પણ કરી હશે, પણ માનનીય સભ્યશ્રીએ તો બહુ સ્પષ્ટ પ્રશ્ન પૂછયો છે કે

રાજય સરકારે આને રાહત આપવા માટે કોઈ જોગવાઈ કરી છે કે કેમ અને જો ન કરી હોય તો શું કરવા માગે છે તેનું આયોજન હોય તો જણાવે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : નિયમ અનુસારની કાર્યવાહી કરવામાં આવી જ છે. નિયમમાં એવી જોગવાઈ છે કે જે પાકને પાક વીમા હેઠળ આવરી લેવામાં આવ્યા હોય તે પાકનો વીમાનો લાભ મળે. પણ જેણે પ્રિમિયમ નથી ભર્યુ તેને લાભ ન મળે, તેમ છતાં રાજય સરકાર તેમના પ્રત્યે સહાનુભૂતિ રાખી અને ખાસ કિસ્સામાં તેમને લાભ મળે તેના માટેના પ્રયત્નો કરશે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય મંત્રીશ્રીએ પ્રાથમિક અહેવાલમાં જણાવ્યું છે કે ૦.૯ ટકા જેટલી ઉપજ ઓછી આવશે. બધા પાકોમાં કદાચ એ વાત સાચી હોઈ શકે પણ કપાસનો જે પાક છે તેમાં આખા પાંદડા જ બળી જતા હોય છે અને જાણે કે આગ લાગી હોય તેવી સ્થિતિ થતી હોય છે. કપાસની કેરીમાંથી કપાસ પણ થઈ શકતો નથી. એટલે એવી સ્થિતિ આ વિસ્તારમાં નિર્માણ થઈ છે ત્યારે મારી વિનંતી છે કે રાજય સરકાર કે કેન્દ્ર સરકાર, તમે કેન્દ્ર સરકારમાં રજૂઆત કરી છે એમ કહ્યું. પણ બાકી જગ્યાએ જે બરફ પડયો છે ત્યાં જે રીતે પૈસા ચૂકવાયા છે તે રીતે ગુજરાતના ખેડૂતોને પણ મળે તે માટે ખાસ આયોજન કરીને જરૂર પડે તો દિલ્હી જઈને પણ આ ચિંતા ત્યાં પહોંચાડવા વિનંતી છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : મારે કૃષિ મંત્રીશ્રી સાથે કેન્દ્રમાં વાત થઈ છે તેમણે કહ્યું છે કે અહેવાલ તાત્કાલિક મોકલી આપો અને માનનીય સભ્યશ્રીએ કહ્યું કે ઓવરઓલ ૦.૯ ટકા નુકસાન છે, પરંતુ કોઈ પાકમાં વધારે પણ થયું હશે. એમણે કપાસની વાત કરી છે, કપાસ સો ટકા પાક વીમા હેઠળ આવરી લેવામાં આવેલ છે એટલે તેને પૂરેપૂરો લાભ મળશે.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ હિમ પડયા પછી માનનીય મંત્રીશ્રીએ જે ગતિએ તાત્કાલિક તંત્રને સતેજ કર્યુ અને જે રીતે કાર્યવાહી કરી છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન આપીએ, સાથે સાથે ઉત્તર ગુજરાત અને ખાસ કરીને બનાસકાંઠા, પાટણ અને બીજે જે હિમ પડયું તે એ પ્રકારે પડયું કે રજકો તો સાફ થઈ જાય, પણ બાવળ જેવા વૃક્ષોને પણ તેની અસર થઈ છે. એટલે કેવા પ્રકારનું આ હિમ હશે તે આપણે વિચારી શકીએ છીએ. ગુજરાત સરકારે જે આપવાપાત્ર મદદ હોય તે વહેલામાં વહેલી તકે અપાય અને શાકભાજી, બટાકા અને કપાસ, જે વીમામાં આવતા નથી તેના માટે કેન્દ્ર સરકારમાં રજૂઆત કરી અને.....

**અધ્યક્ષશ્રી** : ભાષણ નહીં આપો માનનીય કાંતિભાઈ, પ્રશ્ન ઉપર આવો.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** : આમાં ગુજરાત સરકારનું કોઈ પેકેજ અથવા જે કોઈ લાભ આપી શકાય તે વહેલામાં વહેલી તકે આપે તેવી વિનંતી છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : રાજય સરકાર નિયમ અનુસાર કામ કરે છે અને જોગવાઈ મુજબ તમામ કાર્યવાહી કરશે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય મંત્રીશ્રી જવાબ આપે છે તે બરાબર છે, પરંતુ આ એક ગંભીર પ્રશ્ન છે. ખેડૂતો કે જેને કશી જ આવક નથી, જેને બાલબચ્ચાનું ગુજરાન અને વ્યવહાર ચલાવવાનો હોય છે અને આખું વર્ષ કાઢવાનું છે એ પરિસ્થિતિમાં કુદરતી આફત છે, એમાં કોઈનો દોષ નથી. પરંતુ કુદરતી આફત આવી છે ત્યારે જે રોકડિયા પાકો હતા શાકભાજી થી માંડીને તમાકુ, જીરુ વગેરેને નુકસાન થયું છે. આવા ખેડૂતો માટેની આપણે ખૂબ વાતો કરીએ છીએ, પાટલીઓ થપથપાવીએ છીએ. અહીંયા ખેડૂતો મરી ગયા છે ત્યારે સી.એમ. ફંડમાંથી કે બીજામાંથી પૈસાનો કાપ મૂકીને આ ખેડૂતોને બચાવવા માગે છે કે કેમ? કોઈ સ્કીમ મૂકીને સરવે કરીને થોડું ઘણું વળતર આપીને આ ખેડૂતોને જીવતા રાખવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : ખેડૂતો ઘણું જીવે. અમે ખેડૂતોને જીવાડવા માગીએ છીએ અને તેથી નિયમ અનુસાર તમામ કાર્યવાહી કરીશું એમાં કોઈ કચાશ રાખવામાં આવશે નહિ.

## ઉર્જા મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)
## ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા નવી સમાધાન યોજના-૨૦૦૫

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ગુજરાત વિદ્યુત બોર્ડના જુદી જુદી કક્ષાઓના આશરે ૧૧ લાખ ગ્રાહકો પાસેથી બોર્ડને હાલની ઘણી મોટી રકમની વસૂલાત લ્હેણી છે. ગ્રાહકોના સહકાર સાથે આ રકમની સરળતાથી વસૂલાત થાય તે જરૂરી છે. આ રકમમાં વિલંબિત ચૂકવણીની રકમનો સમાવેશ થાય છે. ગ્રાહકની બાકી રકમમાં ઘણીવાર બિલની રકમ કરતાં વિલંબિત ચૂકવણીની રકમ વધારે હોય છે. આથી ગ્રાહકો પાસેથી બાકી લ્હેણાં અસરકારક વસૂલાતમાં મુશ્કેલી અનુભવાય છે.

બોર્ડની મૂળ બાકી રકમની ઝડપી વસૂલાત થાય તે માટે માર્ચ-૨૦૦૪માં સમાધાન યોજના બહાર પાડી હતી. આ યોજનાનો સમયગાળો ટૂંકો રહેવા છતાં ૫૫,૨૩૫ ગ્રાહકોએ લાભ લીધેલ. અગાઉ જાહેર કરાયેલ

યોજનાની સમીક્ષા કરીને હવે ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા નવી સમાધાન યોજના-૨૦૦૫ અમલમાં લાવવાનું રાજય સરકારે નિર્ણય કર્યો છે.

**નવી સમાધાન યોજનાની મુખ્ય બાબતો નીચે મુજબ છે.**

(૧) સમાધાન યોજનાનો સમયગાળો શરૂઆતના તબક્કે બે માસનો રહેશે.

(૨) તમામ કાયમી ધોરણે કપાઈલ વીજ જોડાણો (પી.ડી.સી.)ના ગ્રાહકો, સ્થાનિક સંસ્થાઓ, રહેણાંક, વાણિજયક અને કૃષિ ગ્રાહકોને વિલંબિત ચૂકવણીની રકમમાં ૧૦૦ ટકા માફી મળવાપાત્ર થશે જ્યારે એચ.ટી. અને એલ.ટી. ગ્રાહકોને ૭૫ ટકા માફી મળવાપાત્ર થશે.

(૩) એચ.ટી. અને એલ.ટી. ગ્રાહકોને વીજકર અને વીજ વેચાણ કરની બાકી રકમ ઉપરની વિલંબિત ચૂકવણીની રકમમાં ૫૦ ટકા માફી મળવાપાત્ર થશે, જ્યારે અન્ય પ્રકારના ગ્રાહકોને ૧૦૦ ટકા માફી મળવાપાત્ર થશે.

(૪) પી.ડી.સી. ગ્રાહકોની બાબતમાં ગ્રાહકોના મિનિમમ ચાર્જીસમાં, કૉન્ટ્રૅક્ટ પિરિયડ પછીના મિનિમમ ચાર્જીસની રકમ ૧૦૦ ટકા માફ કરવામાં આવશે અને કૉન્ટ્રૅક્ટ પિરિયડ સુધીના મિનિમમ ચાર્જીસની રકમમાં ૫૦ ટકાની રાહત મળવાપાત્ર થશે.

(૫) યોજના અંતર્ગત બાકી રકમની ગ્રાહકોના કક્ષા મુજબ હવે વધુ હપ્તામાં વસૂલાતની જોગવાઈ થઈ છે. હપ્તામાં વસૂલાત કરવા માટે બાકી રહેતી રકમ ઉપર કોઈ વ્યાજ લેવામાં આવશે નહિ, પરંતુ જે તે ગ્રાહકે નિયત હપ્તાની રકમ જેટલી રકમના આગળની તારીખોના ચેકો અગાઉથી આપવાના રહેશે અને ચાલુ બિલની રકમ નિયમિત ભરવાની રહેશે.

(૬) લિટિગેશન હેઠળના કેસો તેમજ યોજનાથી નિયત થયેલ ધોરણો કરતાં વધુ રાહત ઇચ્છતા ગ્રાહકોના કેસો પાંચ સભ્યોની એક નિષ્ણાંત સમિતિ દ્વારા તપાસવામાં આવશે.

(૭) વીજચોરી અને ગેરરીતિઓ હેઠળની બાકી વસૂલાતના કેસોનો આ યોજનામાં સમાવેશ કરાયેલ નથી.

આ યોજનાની સફળતા માટે બોર્ડના દરેક અધિકારીઓ માટે વસૂલાતના લક્ષ્યાંકો નક્કી કરી વધુ વસૂલાત થાય તે જોવામાં આવશે. વ્યકિતગત જાણકારી અને સઘન પ્રયાસો દ્વારા નવી સમાધાન યોજના-૨૦૦૫ હેઠળ અંદાજે રૂા. ૩૮૦ કરોડની વસૂલાતનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

રાજય સરકારના ઉપરોક્ત નિર્ણયથી ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા અમલમાં આવનાર આ યોજના અંતર્ગત, જૂની બાકી રકમની વસૂલાત થવા સાથે મોટી રકમ ભરપાઈ ન કરી શકવાને કારણે જે ઉદ્યોગો બંધ પડી ગયા છે તેઓ પુનઃ ચાલુ થશે. રાજયમાં રોજગારીની તકો ઉપલબ્ધ થશે. રાજયની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને પણ આ યોજનાથી મોટી રાહત થશે. રાજય સરકારના આ નિર્ણયથી માનનીય ગૃહને વાકેફ કરું છું.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### ગુજરાત પાવર કૉર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાવર કૉર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

### ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો ૨૦૦૨-૨૦૦૩નો વાર્ષિક અહેવાલ

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૦૨-૨૦૦૩નો વાર્ષિક અહેવાલ તથા સન ૨૦૦૨-૨૦૦૩ના વાર્ષિક હિસાબો અને તપાસણી અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

## ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની અધિસૂચના

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની સન ૨૦૦૩ના ઈલેક્ટ્રીસીટી અધિનિયમ અન્વયેની-

૧. તા. ૭-૪-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક-જીએચયુ-૨૦૦૪(૨૪)-જીઆરસી-૨૦૦૩-૯૬૮૭-કે
૨. તા. ૫-૬-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક-જીયુ-૨૦૦૪-૩૪-ઈએલએ-૧૧૦૩-૯૫૩૯-કે
૩. તા. ૫-૬-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક-જીયુ-૨૦૦૪-૩૫-ઈએલએ-૧૧૦૩-૯૫૩૯-કે
૪. તા.૩-૭-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક-જીયુ-૨૦૦૪-૪૭-ઈએલએ-૧૧૦૩-૯૬૮૦-કે સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

## માહિતી અને પ્રસારણ વિભાગની અધિસૂચના

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રસારણ વિભાગની સન ૧૯૭૭ ગુજરાતના મનોરંજન કર અધિનિયમ અન્વયેની-

૧. તા. ૨૩-૮-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક-જીએચટી-૨૦૦૪-૧૨-ઈપીટી-૧૦૨૦૦૪-જીઓઆઈ-૮-એ,
૨. તા. ૨૭-૮-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક-જીએચટી-૨૦૦૪-૧૩-એમએનઆર-૧૦૨૦૦૩-૨૦૦-એ,
૩. તા. ૧-૧-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક-જીએચટી-૨૦૦૫-૧-એમએનઆર-૧૦૨૦૦૪-૪૧૮૫-એ,
૪. તા. ૧૭-૧-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક-જીએચટી-૨૦૦૫-૩-ઈપીટી-૧૦૨૦૦૪-જીઓઆઈ-૨-એ,
૫. તા.૧-૨-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક-જીએચટી-૨૦૦૫-૪-એમએનઆર-૧૦૨૦૦૪-૫૭૦૧-એ, સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

## ગૃહ વિભાગની અધિસૂચના

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગની-

(ક) સન ૧૯૮૮ના મુંબઈ મોટર વાહન અધિનિયમ અન્વયેની-
૧. તા. ૩૧-૮-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક-જીજી/૨૦૦૪/૮૭/એમવીઆર/૧૫૯૯/૧/ખ
૨. તા. ૧૩-૧-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક-જીજી/૨૦૦૫૦૮/એમવીડી/૧૦૦૪/એમએલએ/ ૬૦/ખ

(ખ) સન ૧૯૫૮ના મુંબઈ વાહન વેરા અધિનિયમ અન્વયેની-
૧. તા. ૨૯-૧૨-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક-જીજી/ ૨૦૦૪/૧૨૩/એમટીએ/ ૧૭૨૦૦૪ /૪૫૦૦/ખ
૨. તા. ૫-૧-૨૦૦૫જી અધિસૂચના ક્રમાંક- જીજી/૨૦૦૫/૩/એમટીએ/૧૭૨૦૦૪/૪૫૦૦/ ખ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

## કામકાજ સલાહકાર સમિતિના છઠ્ઠા અહેવાલની રજૂઆત

**અધ્યક્ષશ્રી** : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલી સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક ગુરુવાર, તા. ૨૪મી ફેબ્રુઆરી,૨૦૦૫ના રોજ સભાગૃહની પ્રથમ બેઠક પૂરી થયા બાદ મળી હતી. સમિતિ ભલામણ કરે છે કે સભાઓની તારીખવાર યાદી (કામચલાઉ)માં બુધવાર, તા. ૧૬મી માર્ચ,૨૦૦૫ના રોજ પહેલી બેઠકમાં દર્શાવેલ પૂરક વિનિયોગ વિધેયકને હવે બુધવાર, તા. ૨જી માર્ચ, ૨૦૦૫ના રોજ માગણીઓ પર ચર્ચા અને મતદાન(પહેલો દિવસ)નું કામકાજ પૂરું થયા બાદ હાથ ધરવું અને તેની વિચારણા પૂરી કરવી.

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના છઠ્ઠા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત
## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચાની મર્યાદા અંગે

**અધ્યક્ષશ્રી** : હું એક જાહેરાત કરવા માગું છું. માનનીય સભ્યશ્રીઓ જાણે છે કે અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા માટે ચાર દિવસ ફાળવવામાં આવ્યા છે. અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા દરમ્યાન આખા અંદાજપત્ર ઉપર અથવા તેમાં સમાયેલ કોઈ સિદ્ધાંતના પ્રશ્ન ઉપર ચર્ચા કરી શકાય. જુદા જુદા વિષય અગર તો સેવાની અગત્ય અનુસાર ખર્ચની યોગ્ય ફાળવણી, અંદાજપત્રમાં દર્શાવ્યા પ્રમાણેના કર નાખવાની નીતિ અને માનનીય મંત્રીશ્રીના પ્રવચન અંગે ચર્ચા કરી શકાય, પરંતુ ખાતાઓની ઝીણી વહીવટી વિગતો કે સ્થાનિક પ્રશ્નોની છણાવટ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા વખતે નહીં, પણ અનુદાનો ઉપરની માગણીઓની ચર્ચા વખતે કરવાની હોય છે. માનનીય સભ્યશ્રીઓ આ બાબતને ખ્યાલમાં રાખશે તો પુનરોકિત થશે નહીં અને ચર્ચા ઉપયોગી થઈ શકશે.

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૨૦૦૫-૨૦૦૬ના વર્ષનું જે બજૅટ લઈને આવ્યા છે, તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

ગઈ વખતના બજૅટ પ્રવચન ઉપર માનનીય નાણામંત્રીશ્રીએ જે બજૅટ પ્રવચન કરેલું એ પણ મેં ધ્યાનથી સાંભળેલું, આ વખતનું બજૅટ પ્રવચન પણ મેં ધ્યાનથી સાંભળેલું છે. ગુજરાતની આખા વર્ષ દરમિયાન આ હાઉસની અંદર અને આ હાઉસની બહાર જે નાણાકીય સ્થિતિ સારી છે એવી વાતો ગાઈ-વગાડીને કરવામાં આવેલી, આ બાબતે અમે અપેક્ષા રાખી હતી કે બજૅટ પણ એ પ્રમાણે સમાજનો જે વિશાળ વર્ગને રાહત આપનારું અને વિકાસલક્ષી હશે, પરંતુ એના પડઘા આ બજૅટમાં પડ્યા નહીં એના કારણો શોધવાનો મેં પ્રયાસ કર્યો છે. વારંવાર વાતો કરે છે, ગુજરાતનો વિકાસ દર ખૂબ ઊંચો છે અને એ છેલ્લા વર્ષોમાં આ રાજયે ખૂબ પ્રગતિ કરી છે. આ રાજયનો હું પણ નાગરિક છું, જવાબદાર પક્ષના નેતા તરીકે અહીં બેઠો છું, ત્યારે આ વિકાસની પ્રક્રિયા છે એની જવાબદારી રાજય સરકારની હોય. પરંતુ વિકાસ થતો હોય તો દરેક ગુજરાતીને એ વાતનું ગૌરવ હોવું જોઈએ.આ વાતની પણ હું આ ગૃહને ખાતરી કરાવવા માગું છું. ગુજરાતની પ્રજાને અને બીજાઓને જે આંકડાઓ આપવામાં આવ્યા છે એ આંકડાઓ કેટલા તકલાદી છે એ હું આપને કહેવા માગું છું. ગયા વર્ષનો જે વિકાસ દર છે એટલે કે, ૨૦૦૩-૦૪નો એમાં કહેવામાં એવું આવ્યું કે, માનનીય મુખ્યમંત્રીશ્રી ચિંતા ન કરો એ શબ્દ વાપરી શકાય છે. આ તકલાદી આંકડાઓ હું સાબિત કરવા માગું છું. ૨૦૦૩-૦૪નો વિકાસ દર કહ્યો ૧૫.૪ ટકા. એ વિકાસ દર સમગ્ર ભારતની અંદર ઊંચામાં ઊંચો વિકાસ દર છે અથવા તો જે ઊંચો વિકાસ દર સાબિત કરે છે એવા રાજયોની બરાબરીમાં આવે છે, પરંતુ એનું એનાલિસિસ કરવામાં આવે તો ખબર પડે કે, ઔદ્યોગિક વિકાસ દર કેટલો છે? જે રાજય સરકારની નીતિ પર નિર્ભર થાય છે. સર્વિસ સૅકટર છે એનો વિકાસ દર કેટલો છે? અને કૃષિ વિકાસ દર કેટલો છે? ગઈ વખતે માનનીય નાણામંત્રીશ્રીનું પ્રવચન હતું એ પ્રવચનમાં એમ વાત કરી હતી કે, ૨૧૦૦૦ કરોડ રૂપિયાનું કૃષિ ઉત્પાદન થયું છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ એવી વાત કરેલી કે, કૃષિ ઉત્પાદન થયું એનું કારણ વરસાદ છે, આખરે કૃષિ એ આકાશી રોજી છે. એ કૃષિ ઉત્પાદન થયું એનું કારણ વરસાદ છે, એની અંદર મારો કોઈ ફાળો નથી, એ તો કુદરતે આપેલ છે. બીજી વાત એવી કરેલી કે, ઉત્પાદન વધ્યું છે, એમાં મારો ફાળો નથી. આની અંદર ખેડૂતોએ મહેનત કરેલી છે. ત્રીજી વાત એવી કરેલી કે, કૃષિ ઉત્પાદનના સારા ભાવ મળ્યા એનો જશ હું લેવા માગું છું. એની વાત હું પાછળ કરીશ.

ગયા વર્ષે ખૂબ સારું ઉત્પાદન થયું. આગલા વર્ષે જે આ વિકાસ દર કૃષિ ક્ષેત્રનો હતો એ માઈનસ ૧૦.૮ ટકા હતો. આગલા વર્ષના સંદર્ભમાં અથવા સ્થિર કિંમતના પ્રમાણમાં અને ૨૦૦૩-૦૪નો જે કૃષિક્ષેત્રનો વિકાસ દર હતો એ ૬૦ ટકા વધારે હતો. આ ૬૦ ટકા જે કૃષિનો વિકાસ દર હતો એના કારણે ૧૫.૫ ટકાનો વિકાસ દર આપણે મેળવી શક્યા છીએ પણ ઔદ્યોગિક વિકાસ અને ઔદ્યોગિક ઉત્પાદનનો જે વિકાસ દર છે એ ૨૦૦૨-૦૩ની અંદર ૨૩.૩ ટકા હતો અને જે વર્ષમાં માનનીય નાણામંત્રીશ્રીએ દાવો કર્યો છે કે ૨૦૦૩-૦૪ની અંદર આપણે ઓવરઓલ વિકાસ દર છે ૧૫.૪ મેળવ્યો પરંતુ આજ વર્ષની અંદર ઔદ્યોગિક ક્ષેત્રમાંથી જે ઉત્પાદનનો વિકાસનો જે દર છે એ ૨૩.૩ ટકામાંથી ઘટી અને ૫.૫ ટકા થયો. સર્વિસ સેકટર છે એમ કહેવાય છે કે સર્વિસ સૅકટર છે એ ભારત માટે એકવીસમી સદીમાં રોજગારી પૂરી પાડનારું ક્ષેત્ર સાબિત થવાનું છે. આ સર્વિસ સૅકટરમાં પણ ૨૦૦૨-૦૩ની અંદર ૮.૧ ટકા વિકાસ દર હતો એ માત્ર ૮.૬ ટકા કરી શકાય આ કૃષિને બાદ કરી નંખાય એ ક્ષેત્રમાંથી અને કૃષિની અંદર હું એટલા માટે કહુ છું કે એમાં રાજય સરકારનો કોઈ ફાળો નથી, માત્ર વરસાદ સારો થયો, ખેડૂતોએ મહેનત કરી અને એના કારણે ઉત્પાદન વધ્યું. ખેડૂતોને એનો જશ આપવો જોઈએ અને ભગવાનનો આભાર માનવો જોઈએ કે સારો વરસાદ વરસાવ્યો પણ જળસંચય

આ વખતે કયાં ગયું? એટલે આ જે વાત છે એ કેટલો ખોખલો વિકાસ દર છે આપણો એ આપણે વિચારવું પડશે. આખા રાજયની જે સ્ટેટ ડોમેસ્ટીક પ્રોડકટ છે એની અંદર (અંતરાય) કોમેન્ટ કરવાની જરૂર નથી. (અંતરાય) મારી સામે શું કરવું એની સામેનું પ્લાનીંગ પહેલેથી કરી લેવું જોઈએ. અહીં આવીને કરવાની જરૂર નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : તમારું પ્રવચન ચાલુ રાખો. મગજમાં એવું નહીં રાખવાનું કે કોઈ પ્લાનીંગ કરીને આવે છે એવું નહીં રાખવાનું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પહેલી બેચ ઉપરથી થાય છે એનું મને દુ:ખ છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મનમાં એવું નહીં રાખવાનું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : હું ૧૭ મહીનાથી અહીં આવેલો છું. અહીં બેઠા છે એ ઘણા બધા (અંતરાય) નહીં મારા કાન સાબૂત છે (અંતરાય) મારે એની બાબતમાં કોઈ જરૂર નથી એટલે એવા*(XXX) કરવા હોય તો બહારથી કરીને આવે. અહીંયા કરવાની જરૂર નથી.

**અધ્યક્ષશ્રી** : આ *(XXX) શબ્દ બરાબર નથી એટલે એ દૂર કરું છું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરતો હતો કે જે કૃષિ ક્ષેત્રને બદલે આપણા જે નીતિ નિર્ધારણ કરનારા વડવાઓ હતા એણે આગળ એવું કરેલું કે કૃષિ ઉત્પાદન વધારવું પણ સાથે સાથે ઔદ્યોગિક ઉત્પાદન એટલું વધારવું કે એનો ફાળો ૫૦ ટકા થઈ શકે, પરંતુ ઔદ્યોગિક ઉત્પાદન છેલ્લા દિવસોમાં ઘટયું છે અને મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે ઔદ્યોગિક ઉત્પાદન માટે હયુમન ઈન્ડીકેટર માટે એ રાજય વીજળીનો વપરાશ માથાદીઠ કેટલો કરે છે એ બહુ મહત્ત્વનું છે. ૨૦૦૨-૦૩ની સાપેક્ષમાં ૨૦૦૩-૦૪ની અંદર વીજળીનો માથાદીઠ કંન્ઝમ્શન છે એ આગલા વર્ષના પ્રમાણમાં ઘટયું છે. હું રૅકૉર્ડ પરથી આ વાત કરવા માગુ છું. આનો જવાબ માનનીય મંત્રીશ્રી એવો આપશે કે આખા દેશના પ્રમાણમાં આપણે વધારે વીજળી આપીએ છીએ પણ એ તો વર્ષોથી ગુજરાત પ્રગતિશીલ રાજય છે એ કહેવાની જરૂર નથી. સાપેક્ષમાં આગલા વર્ષની સાપેક્ષમાં જે વર્ષમાં એવો દાવો કરવામાં આવે છે કે આ વર્ષે આપણો વિકાસ દર છે એ વધ્યો છે એ કેટલો ખોખલો વિકાસ દર છે એ આ આંકડા ઉપરથી આપણને ખ્યાલ આવી શકશે. ગુજરાત જે સ્ટેટ ડોમેસ્ટીક પ્રોડકટ છે. અત્યારની કિંમતોએ એ ખેતીવાડી છે. ૨૦૦૨-૦૩માં ૧૭.૫ ટકા હતો અને ૨૦૦૩-૦૪માં ૨૨.૬ ટકા થયો. ઔદ્યોગિક ઉત્પાદન વર્ષ ૨૦૦૩ની અંદર ૩૯.૨ ટકા હતું એ ઘટીને વર્ષ ૨૦૦૩-૦૪માં ૩૬.૪ ટકા થયું અને સર્વિસ અને ટ્રેડ સેકટરમાં....

**શ્રી વજુભાઈ વાળા** : આગળા વર્ષની સરખામણીમાં થાય એ વધ્યું કહેવાય. ગયા વર્ષે ૪૦ હોય અને બીજા વર્ષે ૫ ટકા વધે તો એ ઘટ્યું ન કહેવાય.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય મંત્રીશ્રી પછી જવાબ આપશે. સર્વિસ સેકટર છે એ ૪૩.૨ ટકામાંથી ૪૧.૧ ટકા થયું. જ્યારે ૨૦૦૪ની સ્થિતિએ ગુજરાત છે એ ઔદ્યોગિક ક્ષેત્રમાં જે બીજા નંબરનું રાજય હતું એ ચોથા નંબરે ગયું છે. વિદેશી મૂડીરોકાણમાં ઓરિસ્સા જેવું નબળું રાજય હતું એ આપણા કરતાં આગળ નીકળ્યું અને આપણો પાંચમો નંબર ગયો છે. વિકાસના દરની વાત કરીને ગૃહને અને પ્રજાને કદાચ પીળા ચશ્મા પહેરાવી શકાતા હશે પણ વાસ્તવિકતા એ છે કે ગુજરાત સરકારે જે પોતે પોતાનો આર્થિક અને સામાજિક સર્વે આપ્યો છે અને રિઝર્વ બેંકે જે આંકડાઓ આપ્યા છે એને ખોટા નહિ પાડી શકાય.

મારે આ રાજયના દેવાની પણ ચર્ચા કરવી છે. ૧૯૯૩-૯૪માં માત્ર ૧૨૦૦૦નું દેવું હતું એ વખતે વ્યાજનો દર ખૂબ ઊંચો હતો અને છતાં ૧૬૦૦ કરોડ રૂપિયા વ્યાજ ચૂકવાનું હતું. ૧૯૯૬-૯૭માં આ દેવું વધીને એનું વ્યાજ કેટલું થયું એ પણ આપણે જોવું પડશે. ગયા વખતના આંકડા આપ્યા છે કે ૨૦૦૩-૦૪માં ૫૨૨૯૪ કરોડનું દેવું છે અને ૫૩૦૦ કરોડનું વ્યાજ ચૂકવાય છે. આપણી કુલ મહેસૂલી આવકના ૨૩.૪૩ ટકા થાય છે. વર્ષ ૨૦૦૪-૦૫માં વ્યાજ ચૂકવવાનું છે એ ૫૯૧૯ કરોડ છે જે મહેસૂલી આવકના ૨૪.૮૮ ટકા થવાનું છે. કુલ આવકના આટલા પૈસા માત્ર વ્યાજમાં જતા હોય તો વિકાસ માટે આંતરિક સ્ત્રોતોમાંથી કેટલા પૈસા આપી શકાશે એ આપણે બધાએ વિચારવાનું છે. દર વર્ષે કરજ કરીને આ દર જાળવી રાખીએ પરંતુ એક વ્યકિત દીઠ કેટલું કરજ થશે એ પણ વિચારવું પડશે, જાહેર દેવું અને જી.એસ.ટી.પી.નો રેશિયો છે એ ૧૯૯૩-૯૪માં ૧૫ ટકા હતો અને ૨૦૦૨-૦૩માં ૩૧ ટકાએ પહોંચ્યો છે. દર વર્ષે જે ગતિથી આ દેવાંઓ વધે છે એ પ્રમાણે વર્ષ ૨૦૦૪-૦૫નું જે કુલ દેવું છે, કારણ કે જે દર છે એ લગભગ ૨૧.૬ ના દરથી દર વખતે વધે છે. એ પ્રમાણે આ વર્ષ પૂરું થશે ત્યારે ૬૫ હજાર કરોડ રૂપિયાનું દેવું ગુજરાતની પ્રજા ઉપર નાખ્યું હશે. કયા પ્રકારે વહીવટ ચલાવીએ છીએ એની પ્રતીતિ કરાવે છે. આ ગુજરાતની સ્થિતિ છે, આટલું કરજવાન બનાવ્યું અને

* આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડમાંથી કાઢી નાંખવામાં આવ્યો છે.

આટલું કરવા છતાં ઔદ્યોગિક વિકાસમાં સર્વિસ સેકટરમાં જેમાં આ રાજયના યુવાનોને નોકરીની, ધંધા રોજગારની ખૂબ શક્યતાઓ હતી એ ક્ષેત્રમાં આપણે વિકાસ સાધી શક્યા નથી.

ગામડાંનો વિકાસ સાધી શક્યા નથી, આદિવાસી અને નબળા વિસ્તારનો વિકાસ સાધી શક્યા નથી તો આ કરજ કરવાનો હેતુ શું હતો? આ બજૅટના થોડા આંકડાઓ આપની સમક્ષ મૂકીશ. સામાજિક ક્ષેત્રે ૨૦૦૪-૦૫ ના પ્રમાણમાં અત્યારે જે બજૅટ આપ્યું છે તેની અંદર કેટલો ઘટાડો થયો છે, આ ગૃહને આપના મારફત જાણ કરવા માગું છું. સામાન્ય શિક્ષણ ક્ષેત્રે ૨૦૦૪-૦૫ માં ૩૯૧૯ કરોડની જોગવાઈ હતી તે ઘટાડી અને આ વર્ષે ૩૭૫૧ કરોડ થઈ છે. માનનીય શિક્ષણ મંત્રીશ્રી દર વખતે વાત કરે છે કે અમે આટલા ઓરડા બનાવ્યા, આટલું આમ કર્યુ પણ તમે બજૅટમાં તો ઘટાડો કર્યો છે અને કામગીરીમાં વધારો કરવાનો દાવો કરો છો? આને કારણે વાત એ છે કે ૧૯૯૧ ની અંદર જે સાક્ષરતાનો દર હતો આપણા રાજ્યનો દેશની અંદર જે ૯માં સ્થાને હતો એ ઘટીને આજે ૧૫ માં સ્થાને પહોંચી ગયા, માત્ર આ એકજ કારણ છે કે, શિક્ષણને આજે સાવકા દીકરા તરીકે ટ્રીટ કરવામાં આવે છે. એમાંય મારે કહેવું છે કે જે પૈસાદાર મા-બાપના દીકરા-દીકરી ભણી શકે છે, એવી સ્વનિર્ભર સંસ્થાઓની વાત ગાઈ વગાડી કરવામાં આવે છે. એમાં સરકારનો કોઈ ફાળો નથી. મને સ્વનિર્ભર સંસ્થાઓ થાય એમાં વાંધો નથી. ગામડાની અંદર નથી બાલમંદિરની સગવડતા કે નથી નિશાળના રૂમો.

માનનીય અધ્યક્ષશ્રી મારે આપના મારફત એ કહેવું છે કે નિશાળના રૂમોની વાત થઈ. હું ક્યારેક ક્યારેક અમુક વાતને સ્વીકારું છું. મેં ગઈ વિધાનસભાની અંદર કીધેલું કે જે પ્રિફેબ્રિકેટેડ રૂમો સિમેન્ટ અને સ્ટીલના બને છે એ સારા બને છે. કદાચ એ રૂમો વધારે બન્યા હોત તો મને વાંધો નહતો, પરંતુ સિન્થૅટિક કંપનીના જે રૂમો બન્યા છે. શિક્ષણક્ષેત્રની અંદર જેની કિંમત છે એક કન્વેન્સનલ રૂમ બને સામાન્ય રીતે સારામાં સારો અટેલીજ કિંમતમાં, દોઢ લાખ રૂપિયાના ખર્ચે. એક ખટારામાં ભરી રૂમ ઠાલવી આવ્યા એક નિશાળની અંદર, નિશાળના આચાર્યે તાળું મારી બીજા રૂમમાં પેક કરી મૂકી દીધો અને કહ્યું કે પાછો લઈ જાવ પણ પાછો લઈ ગયા નહિ. ૪૮ કરોડ રૂપિયાના આજે રૂમો બન્યા એ રૂમોમાં હાલત કઈ છે? મારા ગામની અંદર રૂમ બનેલો છે અને બીજા સભ્યોને પણ મારે પૂછવું છે કે તમે તમારા ગામની અંદર જઈને તપાસ કરી આવજો કે કોના કહેવાથી આ રૂમો બન્યા છે. આ રૂમો બનાવવામાં કોના ખિસ્સા ભરાણા છે, આની તપાસ કરવી જોઈએ? ગામડાની અંદર આવા રૂમો આપ્યા તેને બદલે શહેરમાં કોઈક જગ્યાએ રૂમો આપ્યા હોત તો તમને ખબર પડત કે આવા રૂમો કેવી રીતે બનાવી શકાય છે?

મારે તો આપને કહેવું છે કે સર્વ શિક્ષા અભિયાન હેઠળ કેન્દ્ર સરકારમાંથી આટલી સહાય આવતી હોય તો થોડી ઘણી તો રાજ્યના બજૅટમાં પ્રાથમિક શિક્ષણમાં વાપરો, થોડું ઘણું બજૅટ છે એ ગામડાનો વિદ્યાર્થી કૉમ્પ્યુટર ભણે કે સારુ શિક્ષણ મેળવે એના માટે તો થોડું આપ ફાળવો? બીજું કાંઈ ના થાય તો વાંધો નહિ પણ એવા નિર્ણયની તો જાહેરાત કરો "વર્ગદીઠ શિક્ષક અને શિક્ષક દીઠ વર્ગ" આ વાત કરી પણ ગામડાની અંદર અને એમાંય ખાસ કરીને જે છેવાડાના ગામડાં છે એની અંદર કેટલા શિક્ષકો નથી? એનો આંકડો ક્યારેય સરકાર નહિ આપે. બધા જ મારા સાથી સભ્યોને ખબર છે કે શહેરની બાજુનું ગામ હોય ત્યાં સો ટકા શિક્ષકો હોય, રોડ ઉપરનું ગામ હોય ત્યાં સો ટકા શિક્ષકો હોય. કદાચ છેવાડાનું ગામ હોય ત્યાં પાંચ શિક્ષકોની જગ્યા હોય એક શિક્ષકથી ચલાવાય છે. શિક્ષણની આ દશા છે. મારે આપના દ્વારા કહેવું છે કે, શિક્ષણની અંદર આટલો ઘટાડો કરીને, બસો કરોડ જેટલો ઘટાડો કરી અને રાજયે જે ઉદેશ્ય નક્કી કર્યો છે એ ઉદેશ્યની પરિપૂર્તિ ન કરી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, માત્ર સાત નહીં, નવ ઉદ્યોગોને બારસો કરોડ રૂપિયાની રાહતો સેલ્સ ટેક્સમાં અપાઈ. આટલા રૂપિયા એક સ્ટૉકમાં કદાચ નર્મદામાં આપ્યા હોય તો એક વર્ષની અંદર આ યોજના છે એ છેવાડાના લોકો સુધી પહોંચી હોત. સુઝલામ- સુફલામની જે વાતો કરી છે એ છેવાડાના લોકો સુધી પહોંચી શકી હોત, મોટા ઉદ્યોગ ગૃહોના ભોગે શિક્ષણમાં કાપ મૂકવો, આરોગ્યમાં કાપ મૂકવો અને સિંચાઈમાં કાપ મૂકવો એનાથી વિકાસ સાધી શકાશે નહીં.

પાણી : ૧૩૫ શહેરો અને ૮,૦૦૦ કરતાં વધારે ગામો એને પાણી આપવાની વાતો બહુ થઈ. માત્ર ૧,૬૦૦ ગામો સુધી પાણી આપ્યું છે., મારા પોરબંદરની બાજુમાં જામનગર શહેરને પાણી આપવાનું ઉદ્‌ઘાટન માનનીય મુખ્યમંત્રીશ્રીએ બે વર્ષ પહેલાં કર્યુ અને પાણી કોઈનું ઉછીનું લઈ આવ્યા, પાઈપ લાઈનમાંનર્મદાનું પાણી ન આવ્યું, આજ દિન સુધી એ પાઈપ લાઈનમાં પાણી આવ્યું નથી, ઉદઘાટનો કરવાથી ન થાય. હું માત્ર પાણી પુરવઠા ક્ષેત્રની જે જોગવાઈ છે એના જ આંકડા આપીશ, પાણી પુરવઠા, ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ આ વિભાગની ૨૦૦૪-૦૫માં ૧૨૨૮ કરોડની જોગવાઈ હતી અને ઘટાડી આ વર્ષે ૧૦૦૭ કરોડની થઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ જે વાઈટલ ક્ષેત્રો છે એમાં પૂરતી જોગવાઈ ન થઈ હોય તો મારે કહેવું છે કે, તમે આટલું કરજ કર્યા પછી તમે જોગવાઈ કેમ ન વધારી?

માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા ક્ષેત્રની બહુ વાતો થઈ, હું આર્થિક ક્ષેત્રો ઉપર આવું છું. અમે આટલો વિકાસ કર્યો છે, આટલો વિકાસ કર્યો છે, ૨૦૦૪-૦૫માં ૨૫૮૬ કરોડની જોગવાઈ હતી એ ઘટી અને ૨૦૦૫-૦૬માં ૨૧૯૫ કરોડની જોગવાઈ થઈ અને ૨૪ કલાક જ્યોતિ ગ્રામ કયાંથી કરશો ? માનનીય અધ્યક્ષશ્રી, આ બધા જે

વાઈટલ ક્ષેત્રો છે એની આ હાલત છે. (અંતરાય) જેના વિસ્તારો થઈ ગયા એ એને મુબારક, મને કોઈ વાંધો નથી પણ સીંગલ ફેઝની વીજળી હતી, અમારા સમયમાં ૨૪ કલાક અપાતી હતી એ આપે તો પણ ઘણું છે પણ વાતો કાગળ ઉપર કરવાથી કયારેય આ વિકાસ લોકો સુધી પહોંચવાનો નથી.

મને એમ હતું કે, શિક્ષણ મંત્રીશ્રી બહેન છે, શિક્ષણ સાથે સંકળાયેલા છે એટલે ખાસ કરીને કન્યા કેળવણીની તો ચિંતા કરશે જ પરંતુ જે કન્યા કેળવણી શ્રી માધવસિંહ સોલંકીની સરકારે આખા દેશમાં પહેલી વખત ફ્રી કરી હતી, એમાં પાછલા બારણેથી જ કન્યા કેળવણીની ફી લેવાય છે. માધ્યમિક શિક્ષણમાં આજે નવી કોઈ શાળા અપાતી નથી એટલે ખાનગી શાળા આપે અને એમાં દીકરીને ભણવા જવું પડે, બીજા ગામમાં હોય પણ સરકારને એ નથી કરવું ? એમ કહેશે કે, અમે આટલી ખાનગી શાળાઓને મંજૂરી આપી પણ એમાં સરકારનું પ્રદાન શું છે?

માનનીય અધ્યક્ષશ્રી, જે રાજય સરકાર આરોગ્ય, પાણી અને કેળવણીના ક્ષેત્રમાંથી બહાર નીકળી જશે એ સરકાર લોકોના મનમાંથી પણ બહાર નીકળી જવાની છે. પ્રાથમિક શિક્ષણ તો બંધારણીય જવાબદારી છે અને માધ્યમિક શિક્ષણમાંથી સરકાર નીકળી શકે નહીં. હું કહેવા માગું છું કે જે નીતિ અગાઉ ઘડવૈયાઓએ કરી હતી એને કારણે લોકભાગીદારીનું માધ્યમિક શિક્ષણ દેશમાં નંબર વન હતું એને તોડી નાખવામાં આવ્યું છે. શિક્ષકોનું મોરલ ડાઉન કરવામાં આવે છે. હું ઈચ્છું છું શિક્ષકો ભણાવે અને ન ભણાવે એને સજા પણ થાય એમાં ના નથી પણ આખરે શાળામાં ભણાવવાનું કામ શિક્ષકો જ કરવાના છે. શાળાના સંચાલકો સાથે, ચોર હોય એને હું આવકારીશ કે સજા થવી જોઈએ પણ જે સારી સંસ્થા છે, જે નમૂનેદાર કામ કરે છે વર્ષોથી જેનો ટ્રેક રેકોર્ડ છે એને હેરાન પરેશાન કરવામાં આવે.એક સંસ્થા છે જે માત્ર શિક્ષણની અંદર વેપાર કરે છે એને પ્રોત્સાહન આપવામાં આવે છે. કોઈ ધારાસભ્ય ફરિયાદ કરવા જાય તો એની કેવી દશા થાય છે એ તો બધા મિત્રોને ખબર છે, હું એની વિગતોમાં ઊતરવા માગતોનથી.

ઉદ્યોગક્ષેત્રની અંદર આપણે પાછળ નીકળી ગયા. એક વખત એવું કહેવાતું હતું, વાતો પણ અહીં એવી થઈ કે નોલેજ બેઈઝ ઈન્ડસ્ટ્રીઝ ગુજરાતમાં આવવી જોઈએ કારણકે ગુજરાતી જ્યાં જ્યાં વિશ્વમાં ગયા છે ત્યાં એના નૉલેજથી, શકિતથી, સામર્થ્યથી બીજા દેશોનો વિકાસ કર્યો છે. આપણા ગુજરાતનો પણ થઈ શકે તેમ છે. ધોરાજીના અજીમ પ્રેમજી બેંગ્લોરમાં જાય અને આઈ.ટી.ક્ષેત્રનો વિશ્વનો જાયન્ટ બની શકે પણ મારે દુ:ખ સાથે કહેવું છે કે ગુજરાતના યુવાનોને ખૂબ મોટી આશા હતી કે આઈ.ટી.ના ક્ષેત્રમાં ખૂબ મોટો વિકાસ થાય જેના કારણે રોજગારી ગુજરાતમાં ઉભી થશે. ગુજરાતના યુવાનો અમેરિકામાં જાય, ઈંગ્લેન્ડમાં જાય છે.હું આંકડા આપવા માગું છું કે ઇંગ્લેન્ડમાં હમણાં સ્કીલ્ડ માણસોને વિઝા આપવાનું શરૂ કર્યું છે, એમાં સૌથી વધારે સ્કીલ્ડ યુવાન અને યુવતિઓ ગુજરાતમાંથી એ પણ આઈ.ટી.ક્ષેત્રમાં ગયા છે. હું આઈ.ટી.શિક્ષણ સાથે જોડાયેલો હતો. સૌરાષ્ટ્રમાં સૌથી પહેલા આઈ.ટી.ક્ષેત્રે શિક્ષણ લાવનાર હતો, ૧૯૮૮માં એટલે મને ખબર છે ખૂબ પોટેન્શિયલ હતું. આજે આઈ.ટી.ક્ષેત્રનો એકડો નીકળી ગયો છે. ગુજરાતમાંથી વાત એવી કહેવાશે એશિયાનું સૌથી મોટું બેક બોર્ન નેટવર્ક આઈ.ટી.નું ગુજરાતમાં છે, પણ સરકારમાં છે. આ માટે તો સરકાર ઉપર આઈ.ટી.ના ઉદ્યોગકારો છે, નિષ્ણાતો છે એને શ્રદ્ધા હોય તો જ આવે. મારે દુ:ખ સાથે કહેવું છે કે અત્યારની સરકારને કારણે ઉદ્યોગકારોએ શ્રદ્ધા ગુમાવી છે. કોઈ આંકડો સરકાર આપી શકતી નથી કે આઈ.ટી.ક્ષેત્રમાં આટલું મૂડીરોકાણ થયું છે. ઈન્ફોસીટી બન્યું છે પણ ઈન્ફોસીટીમાં કઈ પ્રવૃત્તિની સ્પેસ વધારે વપરાઈ છે, વેચાઈ છે એ તપાસ કરવાની જરૂર છે. આઈ.ટી.ના નિષ્ણાતો ભૂતકાળમાં સરકારમાં પણ હતા. એક તો મારા ગુરૂ હતા. મારે કહેવું છે અત્યારે બધાને વહેમ એવો આવ્યો છે કે હું આ ક્ષેત્રનો નિષ્ણાત છું એટલે નિષ્ણાતોને રોકી શકાતા નથી. તેલનું સંશોધન તેલના નિષ્ણાતો કરે, મુખ્યમંત્રીશ્રીએ કરાવ્યું છે એવું કહેવાની જરૂર નથી. ક્રેડિટ નિષ્ણાતોને આપવી જોઈતી હતી. એ ક્ષેત્રના લોકોને કીધું હશે કે અહીં તેલ નીકળે તેમ છે. એવા નિષ્ણાત હોય તો હું આમંત્રણ આપું છું. મારા વિસ્તારમાં પાણી મળતું નથી. પાણીનું સંશોધન આવીને કરી જાવ. આવી પ્રશસ્તિની જરૂર નથી. પ્રશસ્તિ એ કરવી જોઈએ આટલા આઈ.ટી.ના નિષ્ણાતોને રોક્યા, એમની પાસે નીતિ બનાવડાવી એના કારણે ગુજરાતની અંદર આટલા કરોડનું મૂડીરોકાણ આવ્યું.

પતંગ મહોત્સવ, નવરાત્રિ મહોત્સવ, થાય, વાઈબ્રન્ટ ગુજરાતનો મહોત્સવ થાય. મુખ્યમંત્રીશ્રીની ખૂબ પ્રશસ્તિ થાય. કરવાવાળા કરે અને સાંભળવાવાળા સાંભળે, એનો વાંધો નહિ, પરંતુ એ વખતે કોઈ એકાદ વ્યકિત એવું બોલી હોત કે ગુજરાતની અંદર અમો આટલા સારા લોકોને વિદેશમાંથી, દેશમાંથી, દુનિયામાંથી લઈ આવ્યા, ગુજરાત બહારના લઈ આવ્યા, એની પાસે નીતિ બનાવડાવી, એના કારણે ગુજરાતનો આટલો વિકાસ થયો, તો હું સ્વીકારત કે વિકાસ આ રાજયની અંદર થયો છે.

સિંચાઈના ક્ષેત્રની વાત થઈ. સંસદની ચૂંટણી આવતી હતી અને ૬,૦૦૦ કરોડ રૂપિયાની સુજલામ્ સુફલામ્ યોજનાની જાહેરાત થઈ અને નાણા મંત્રીશ્રીએ કહ્યું ૨૩૦૦ કરોડ રૂપિયા અમે આ યોજના પાછળ એક વર્ષની અંદર વાપરવાના છીએ અને મારે દુ:ખ સાથે કહેવું છે કે ૨૩૦૦ કરોડમાંથી માત્ર ૩૦૦ કરોડ ગઈ વખતે વપરાયા. સિંચાઈ ક્ષેત્રનું બજેટ ગઈ વખતે હતું ૩૫૭ કરોડ આ વખતે એટલું જ.

નર્મદા યોજનાની વાત આવે છે. નર્મદામાં કોઈ ટીકાટિપ્પણ કરવી નથી. નર્મદાની યોજના વિષે હું તમારી સાથે છું. ગઈ વખતે અને વારંવાર માગણી થઈ છે એ માગણીમાં હું સૂર પૂરાવું છું. આ રાષ્ટ્રીય યોજના તરીકે જાહેર થવી જોઈએ, મારે કહેવું છે કે ૯૦૦ કરોડ રૂપિયાનું આયોજન હતું અને એની અંદરથી જે ત્વરિત સિંચાઈ યોજનાના લાભની જે સરકારની સહાય આવે છે, એ ૯૦૦ કરોડ અને ૩૦૦ કરોડ બહારના એમ ૧૨૦૦ કરોડ આવ્યા, એમાંથી રાજય સરકારે કેટલો ફાળો આપ્યો ? એનો જવાબ આપે તો હું રાજી થઈશ. આખી યોજના બહારના સ્ત્રોતથી ચલાવવાની ? તો મારે કહેવું છે કે આટલો ખર્ચ કરી આપણે શું કરવા ધાર્યુ છે ?

કાયદો વ્યવસ્થાની સ્થિતિની વાત થઈ. એના આધુનિકીકરણ પાછળ આટલા પૈસા વાપરવાના છે. જેલના આધુનિકીકરણ માટે આટલા પૈસા વાપરવાના છે. બધી વાતો થઈ, છતાં ગુજરાતના કાયદો અને વ્યવસ્થાની ટીકા ચોરેને ચૌટે બધી જ જગ્યાએ થાય છે. એની જવાબદારી રાજય સરકાર એના મુખ્યમંત્રી અને ગૃહમંત્રીએ લેવી પડશે. સામાન્ય પ્રજાની વાત ભૂલી જઈએ, પરંતુ આમ માણસ પણ એમ કહે કે હું દરરોજ વિક્ટિમાઈઝેશનનો ભોગ બન્યો છું. ધારાસભ્યશ્રી સુધીના લોકો એમ કહે છે કે અમે વિક્ટિમાઈઝેશનનો ભોગ બનીએ છીએ. ફરિયાદ કરીએ તો તો એમ કહેવાય કે રાજનીતિ છે. મારા સાથી પક્ષના ધારાસભ્યો એમ કહે કે વિક્ટિમાઈઝેશનની કોઈ સીમા નક્કી કરવી પડશે. એમ કહે કે અમારા જાનનું જોખમ છે, તો તમે કાયદો અને વ્યવસ્થાની પાછળ આટલા પૈસા વાપર્યા છે. ધૂળ પડે એ પૈસાની અંદર તમે બધા ભૂતકાળમાં અમારી સામે મર્દાનગીથી લડ્યા છો, લડતા રહેજો, ના નથી. હું ખાતરી આપવા માગું છું કે, અમારું શાસન હશે ત્યાં સુધી કોઈ ભય નહિ અનુભવાય. અહીંયાં કાયમ ફરિયાદ અનુભવાય, ભય અનુભવાય છે, પણ જે પરિસ્થિતિ ઊભી કરી છે. મારે આપની મારફત કહેવું છે કે વારંવાર આવા પ્રયોગો થશે, આવા પ્રયોગો ચાલવાના નથી. કોઈ જગ્યાએ રમખાણો ઊભાં થઈ જાય અને લાગણીના પ્રવાહમાં આવી ચૂંટણીઓ જીતી જાય. હવે લોકોને ખબર પડી ગઈ છે. ચૂંટણીનો વખત આવે સુજલામ્ સુફલામ્ યોજના જાહેર થાય, પછી ભૂલી જવાય એ પણ લોકોને ખબર પડી ગઈ છે. ગૌરવયાત્રા કાઢો, રથયાત્રા કાઢો બધી યાત્રાઓ કાઢો પણ એક વખત એવું તો લઈ આવો કે આ ખેડૂતોની યાત્રા કાઢી છે અને તમારે ત્યાં આવીને આટલું આપવાના છીએ તેવી વાત કરો. તેવી કશી વાત કરવી નથી. જેલ સુધારણાની વાત થઈ પણ જે પરિસ્થિતિ નિર્માણ થઈ છે. હું માનનીય ગૃહમંત્રીશ્રીને વિનંતી કરીશ કે જેલ સુધારણા ખૂબ કરજો પણ એક વી.આઈ.પી. જેલ તૈયાર રાખજો, જે કુકૃત્યો સરકારે આજે કર્યા છે, તેમાં નક્કી આ કુકૃત્યો, કુકર્મો કરવાવાળાને જેલમાં જવાનું છે, તેને કોઈ રોકી શકવાનું નથી. અત્યારે સાનમાં સમજી જાઓ, અમારી સાનમાં ન સમજો તો તમારા સાથી મિત્રોની સાનમાં સમજી જાઓ કે કિન્નાખોરી, અત્યાચારની કોઈક સીમા હોય છે. ગામમાં આજે જઈએ તે ગામમાં લોકો એમ કહે કે ૩૦૭માં ફીટ કરી દીધો છે, ૩૦૨માં, લૂંટની અંદર, અપહરણની અંદર. આજે કોઈ જગ્યા ખાલી નથી.

માનનીય સહકાર મંત્રીશ્રી જવાબ આપતા હતા. તેમણે પાંચ બૅન્કોના નામ આપ્યા છે અને એમ કહ્યું કે અમારા લોકો કોઈ સંડોવાયેલા નથી. સારું, પાંચ બૅન્કોમાં સંડોવાયેલા ન હોય, બીજાને પકડ્યા છે તે માટે તેમને ધન્યવાદ આપું છું. ૨૯ સહકારી બૅન્કોમાં જે કૌભાંડ કર્યા છે તે પંચમહાલ બૅન્ક હોય તેના વાઈસ ચેરમેન કોણ હતા? કોઈ પ્રભાતસિંહ ચૌહાણ નામની વ્યકિત હતી. તેના ચેરમેન કોણ હતા? ડાયમંડ કો.ઓપ.બૅન્ક સુરત તેના ચેરમેન કોણ હતા? આણંદની સહકારી બૅન્ક તેના ચેરમેન કોણ હતા? માધવપુરા બૅન્ક તેના ચેરમેન કોણ હતા? આ બધી જ બૅન્કો હતી અને આ બધા લોકો હતા તે કોની સંસ્કૃતિ હતી? અમારી પાસે તો મહાત્મા ગાંધીએ આપેલો સહકારનો વારસો એવો છે તેમાં સરદાર વલ્લભભાઈ પટેલથી માંડીને જયરામભાઈ પટેલ સુધીના, ડો.કુરિયન સુધીના છે તેની સામે કોઈ આંગળી ચીંધી શકે તેમ નથી, બહુ થયું છે. હવે જે હોય તે વારસો જૂનો છે. તમારી પાસે તો ગોપાલસિંહ સોલંકીથી માંડી સી.આર.પાટીલ જેવી સંસ્કૃતિ તમે લઈને બેઠા છો. અમારી પાસે તો એવો વારસો છે કે આદરણીય ત્રિભોવનભાઈ પટેલ, ડો.કુરિયન, શ્રી મોતીલાલ ચૌધરી હોય, ભોળાભાઈ તો તમારી સંસ્કૃતિ છે. અમારી સાથે કંઈ લેવા દેવા નથી. તમારા ભેગા બેસતા હતા, કોઈ અફસોસ નથી.

**અધ્યક્ષશ્રી** : નામ ન બોલાય તો વધુ સારું રહેશે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, સમાજ કલ્યાણની વાત આવી. સમાજ કલ્યાણની વાત આવી છે ત્યારે મારા સાથી મિત્રો બેઠા છે. માનનીય રમણભાઈ તો નથી. પરંતુ આદિવાસી વિકાસ ખાતાના મંત્રીશ્રી બેઠા છે. છેલ્લા વર્ષોની અંદર સામાજિક ક્ષેત્રે ઘટાડો થયો છે અને યોજનાઓ બંધ થઈ છે. આદિવાસી યુવાન હોય, દલિત યુવાન હોય, ઓ.બી.સી.નો યુવાન હોય, લઘુમતી સમાજ હોય કે ગરીબ માણસ હોય તેના માટે અનેક યોજનાઓ એવી હતી કે જેમાં આ ત્રણ ચાર વર્ષમાં વધારો કરવાનો હતો. ત્રણ-ચાર વર્ષ પહેલાં જે ભાવો હતા તેમાં અનેકગણો ભાવ વધારો થયો છે. આશ્રમશાળા હોય, નિશાળ હોય કે છાત્રાલયો હોય આ બધા ક્ષેત્રમાં કોઈ જગ્યાએ વધારો થયો નથી. મારે કહેવું છે કે આ બધી જે યોજનાઓ છે તે બધી યોજનાઓની અંદર આ સરકારે આવ્યા પછી ઘટાડો કર્યો છે. યોજનાઓના માત્ર થોડાક આંકડા આપીશ. આંતરજ્ઞાતિ લગ્નને પ્રોત્સાહન આપવા માટે ૨૦૦૪-૦૫ માં ૧૫૦ લાખની જોગવાઈ હતી તે ઘટાડીને ૭૫ લાખ થયા. દીકરી રૂડી

સાચી મૂડી આ યોજના જ બંધ કરી દીધી. સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે કૉમ્પ્યુટરની તાલીમ માટે ૧૩ લાખમાંથી ઘટાડીને પાંચ લાખ કર્યા છે. સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે સાતફેરા સમૂહ લગ્નમાં ૨૦ લાખની જોગવાઈ હતી,તેઘટાડીને ૧૦ લાખ કરી છે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. ગૃહ ફરીથી ૧૧.૦૦ કલાકે મળશે. આપનું પ્રવચન પૂરું થાય છે.

**વિરામ સવારના ૧૦.૩૦ થી ૧૧.૦૦**

**સભાપતિશ્રી, મહેન્દ્રભાઈ મશરૂ અધ્યક્ષસ્થાને**

**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ)):** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાં મંત્રીશ્રી વજુભાઈ વાળાએ જે બજૅટ રજૂ કર્યુ છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

આપણા ત્યાં શાસ્ત્રોકત અગિયારનો આંકડો શુકનિયાળ ગણાય છે, હું અભિનંદન આપું છું કે, માનનીય વજુભાઈએ ફક્ત આ ગૃહમાં જ નહીં પણ સમગ્ર શાસનકાળમાં ગુજરાતની સ્થાપના થઈ ત્યારથી લઈને અત્યાર સુધીમાં સૌથી વધારે વખત અગિયાર વખત બજૅટ રજૂ કરવા માટેનો વિક્રમ તોડ્યો છે. આ અગિયારમું બજૅટ છે એ અગિયારનો આંકડો મેં કહ્યું એમ શુકનિયાળ છે, ગુજરાતની પ્રજા માટે શુકનિયાળ છે. સમગ્ર હિન્દુસ્તાનની અંદર પહેલી વખત એવું થયું કોઈ પણ રાજયે પોતાનું બજૅટ પુરાંત વાળું રજૂ કર્યુ હોય. આ પહેલો દાખલો છે, એટલે એ પણ રેકર્ડ છે અને એના પરિપ્રેક્ષ્યમાં અહીંયાં એ વિક્રમ છે.

હજી એક નવો વિક્રમ આ રાજય સરકારે માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જે કર્યો છે એ વાર્ષિક યોજનાનું કદ નક્કી થાય, માનનીય અધ્યક્ષશ્રી, તમામ સરકારોનું દરેક બજૅટ વખતે કદ નક્કી થતું હોય છે, આપણા ત્યાં પણ કદ નક્કી થયું, ૨૦૦૩-૨૦૦૪માં ૬૭૬૦ કરોડની વાર્ષિક યોજના થઈ, એની ૧૧૨ ટકા સિદ્ધિ મળી છે. ૨૦૦૪-૨૦૦૫માં એનું કદ નક્કી થયું એ ૮૫૧૪ કરોડ રૂપિયા, તો એની સિદ્ધિ મળી એ સો ટકા. માનનીય વિપક્ષના નેતાશ્રી વાત કરતા હતા ત્યારે એવું કહેવાનું મન થાય કે આપ જેનાં વખાણ કરતા થાકતા નથી એવી કેન્દ્ર સરકાર અને સાચા અર્થમાં જેને ઈકોનોમીસ્ટ કહી શકીએ, રિઝર્વ બેંકના તેઓ ગવર્નર રહી ચૂક્યા છે, જે આ દેશમાં સુધારાઓ પણ લાવ્યા છે. આદરણીય માનનીય મનમોહનસિંહના નેતૃત્વમાં જે કેન્દ્રની સરકાર છે એ સરકારે પહેલી વખતે આખાય હિન્દુસ્થાનમાં ગુજરાત રાજયને પસંદ કર્યુ કે તમે તમારી યોજના વધારો, તમે કહો એ આપીએ આયોજનપંચે ૧૧૦૦૦ કરોડ રૂપિયાની મોટી અને મહત્ત્વાકાંક્ષી યોજના મંજૂર કરી, ઈકોનોમીસ્ટ કહેવાય પણ કદાચ વિપક્ષના નેતાશ્રી જેટલા અર્થશાસ્ત્રના નિષ્ણાત એ નહીં હોય એટલે કદાચ એવો નિર્ણય એમનાથી લેવાઈ ગયો હશે, ત્યારે હું એમને વિનંતી કરું છું કે તેઓશ્રી ત્યાં પણ રિપ્રેઝન્ટેશન કરે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૩-૨૦૦૪માં ૪૦૬ કરોડ રૂપિયાની ખાધ હતી એ ખાતું સરભર થઈ ગયું, બીજો વિક્રમ થયો છે, ૨૦૦૪-૨૦૦૫માં અંદાજાયેલી ખાધ ૨૨૬ કરોડની હતી એ ખાધ વટાવી ૨૯ કરોડનું પુરાંત, સરપ્લસ ગયા વર્ષનું થયું છે, આ વર્ષે તો ૮૪.૧૭ કરોડનું પહેલેથી પુરાંતવાળુ બજૅટ જ માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકારનું અને માનનીય વજુભાઈ વાળાનું મૂકવામાં આવ્યું છે. સતત ત્રીજી વખત રજૂ કરેલુ બજૅટ, એમની આ હેટ્રિક છે. આ એવું બજેટ પુરાંતવાળું જઈ રહ્યું છે એ હેટ્રિક છે. આ ૧૧ હજાર કરોડ આયોજન પંચે જે નકકી કરી આપ્યા ૨૦૦૨-૨૦૦૭ની પંચવર્ષીય યોજનામાં જે ઉદેશ નકકી કર્યો છે, જે કામ નકકી કર્યું છે, માનવ વિકાસના સૂચકાંકો માટે જે કામ કરવાની જરૂરત છે. સમગ્ર વર્ષમાં આટલું કામ થવું જોઈએ, આ લક્ષ્યાંક-અપેક્ષા વ્યકત થઈ. દશમી પંચવર્ષીય યોજનાનું આ ચોથું વર્ષ છે. પંચવર્ષીય યોજનાનું ૨૦૦૫-૨૦૦૬ અને ત્યારે એમણે નકકી કરેલ ૮ ટકાનો સરેરાશ દર એનાથી ડબલ ૧૫.૪ ટકા થાય પણ બાકીનામાં પણ એમણે જે એક વાત કરી છે એ ઉપરછલ્લી અને સપાટી ઉપર જોવાનો પ્રયત્ન કરીશું. દશમી પંચવર્ષીય યોજનાની જે રુપરેખા હતી, જે વ્યુહરચના હતી એમાં વિકાસદર હાંસલ કરવાની વાત હતી એમાં ૨૦૦૭ સુધીમાં તમામ બાળકોને શાળામાં પ્રવેશ આપી દેવાની વાત હતી સો ટકા પ્રવેશની વાત હતી. આમાં ૨૦૦૭ સુધીમાં મહિલાઓમાં નિરક્ષરતાના દરમાં ૫૦ ટકા ઘટાડો કરવાની વાત હતી, આમાં સાક્ષરતાના દરમાં ૭૫ ટકા સભ્યોનો વધારો કરવાની વાત હતી,

ગામડાઓને પીવાનું શુધ્ધ પાણી પૂરું પાડવાની વાત હતી, મુખ્ય નદીઓનું શુધ્ધિકરણ અને ૨૦૧૨ સુધીમાં અન્ય નદીઓના પટોનું શુધ્ધિકરણ એની પણ વાત હતી. આ તમામમાં માનનીય વિપક્ષના નેતાએ ઉર્જાની પણ વાત કરી. અહીંયા ફકત એક જ દાખલો જોઈએ તો હિન્દુસ્તાનનું એક પણ ગામડું એવું નથી ગુજરાતનું છોડીને કે જયાં ૨૪ કલાક વીજળી મળતી હોય. આ ગુજરાતમાં આજની તારીખે ૭ હજાર ગામડાં એવાં છે કે, જયાં ૨૪ કલાક વીજળી મળે છે અને ૧૧ હજાર ડિસેમ્બર સુધીમાં થઈ જવાના છે એટલે ૧૮ હજાર ગામડાં થવાનાં છે, આ બધું જોઈને ૨૯ ટકા જેટલો મોટો વધારો કેન્દ્રના આયોજન પંચે મંજૂર રાખ્યો છે. હું એવી વિનંતી કરીશ કે, વિપક્ષના નેતાએ પણ થોડુંક ત્યાંથી માર્ગદર્શન લઈ અને પછી અહીંયા વાત કરી હોત તો સારું હતું.

આપણી મહેસૂલી આવકના જે આંકડા આપતા હતા, છેલ્લા ચાર વર્ષના સતત આંકડા જોઈએ તો ૨૦૦૨-૨૦૦૩માં ૧૭૮૭૫ કરોડ, ૨૦૦૩-૨૦૦૪માં ૧૮૨૪૭ કરોડ, ૨૦૦૪-૨૦૦૫માં ૨૦૨૦૫ કરોડ અને ૨૦૦૫-૨૦૦૬માં ૨૩૨૧૭ કરોડનો અંદાજ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ૩૩ ટકા જેટલી આવક વધી છે, મહેસૂલી ખર્ચ ૨૩૧૬૦ કરોડથી લઈને ૨૫૦૦૦ કરોડ થયો છે એટલે આ છેલ્લા વર્ષમાં મહેસૂલી ખર્ચ ૮ ટકા વધ્યો છે અને એની સામે કરવેરાની જે આવક છે એ ૯૨૪૧ કરોડ હતી એનાથી વધીને ૧૩૯૭૭ કરોડ થઈ છે, એટલે દોઢી થઈ છે, ૫૦ ટકા વધી છે. ખર્ચમાં ૮ ટકાનો અને આવકમાં ૫૦ ટકાનો વધારો થયો છે. આ શેના કારણે થઈ શકયું? પુરાંતવાળું બજેટ શું કામ? વિકાસ દર ૧૫.૪ ટકા થયો આ શેનાથી થઈ શકયું? શા માટે આવક વધી? સતત ચોથું વર્ષ એવું છે કે, જેમાં એક પણ પૈસાનો નવો વેરો નાખ્યો નથી, આ વર્ષે પણ નથી. એક રેકર્ડ એવો હશે આ રાજયની સરકારનો આ વર્ષે કે ૨૦૦૫-૨૦૦૬ના પ્રવચનનો (ખ) ભાગ છે એની બુક આટલી પાતળી આઠ જ પાનાની બુક હોય આ કદાચ આ ૪૫ વર્ષમાં પહેલો દાખલો છે ગુજરાતનો અને એટલે જ્યારે વિપક્ષના નેતા વાત કરતા હતા એ એશિયાની શ્રેષ્ઠ કોઈક વસ્તુની વાત કરતા હતા એ કોઈ બેકબોનની એમણે વાત કરી, આ બુકમાં મેં શોધવાનો પ્રયત્ન કર્યો કે આ બેકબોન આમાં ક્યાં આપ્યું છે, એ સિંચાઈની, શિક્ષણની વાત કરતા હતા, બીજી બધી વાત કરતા હતા, બધે ફરી વળ્યો હું આમાં, બેકબોનનું નામ ક્યાંય આવતું નથી અને એમણે શું કામ કહ્યું હશે, એમાં શું સારું હશે, શું ખરાબ હશે, આ શોધવાનો પ્રયત્ન કર્યો, પણ આમાંથી કંઈ જડ્યું નહિ,

છેલ્લા ચાર વર્ષમાં નવો ટેક્સ તો ન નાંખ્યો ઉલ્ટાની ૧૦૦૦ કરોડ જેટલી રાહતો આપવામાં આવી છે. આ વખતના બજેટના ટેક્સની દરખાસ્તો આપણે જોઈએ ત્યારે પર્યાવરણને ફાયદો થાય એવી સી.એન.જી. કિટ્સ એના પરનો આઠ ટકાનો ટેક્સ હતો એને સંપૂર્ણ મૂકત કરી દીધો, વીજળીની ડ્યૂટીની જે દરખાસ્ત મૂકી જેમાં બાર લાખ લોકો અને કેટુંબોને રાહત થાય નાનામાં નાના કુટુંબથી માંડીને ગુજરાતના સર્વાંગી ક્ષેત્ર આમાં આવી જાય, પ્રત્યેક વપરાશકાર, લાભાર્થી સુધી આ દરખાસ્ત જાય એવા પ્રયત્નો આમાં કરવામાં આવ્યા છે, એ થઈ કેવી રીતે શકે? દર વરસે બજેટ આવે ત્યારે લોકો તો રાહ જોતા હોય છે અને પહેલાં તો ફોટા આવતા બેગ સાથે ઉતરે અને અંદરથી બહાર કાઢે અને આપણને સૂચના મળતી કે બજેટની બુક લઈને બહાર ન જવું, બજેટની દરખાસ્તોમાં એવા ટેકસના વધારા આવતા. રાજ્યની અંદર પ્રજા ફફડતી હોય, વેપારી ફફડતો હોય, ઉદ્યોગપતિ ફફડતો હોય કે અમારી કોઈ આઈટેમ ઉપર કોઈ એવો ટેક્સ તો નહિ આવી જાયને કે અમારો આવતીકાલે ધંધો ભાંગી જાય, પ્રજા બીતી હોય, ક્યાંક અમારી જીવન જરૂરિયાતની ચીજવસ્તુમાં મોંઘવારી એટલી વધશે કે અમારી જીવન જરૂરિયાતની ચીજવસ્તુ નહિ લઈ શકીએ. એમાંથી બહાર નીકળી શકાય આ કક્ષાએ બહાર નીકળી શકાય એવી કદાચ કોઈએ કલ્પના પણ કરી નહિ હોય, એ ક્યારે થઈ શકે? એ ફક્ત આંકડાઓની માયાજાળથી થઈ શકે નહિ, ત્યારે થઈ શકે કે જ્યારે વહીવટની અંદર પ્રમાણિકતા હોય, વહીવટની અંદર દુરંદેશીતા અને પારદર્શકતા હોય, આપણે બધાએ જોયું કે ઘણું બધુ બંધ થયું છે, આ રાજ્યમાં. આ રાજ્યમાં નાણામાં, વેચાણવેરાની અંદર એકસાથે બોગસ બિલિંગ થતાં, ખોટાં ફોર્મની આખી પ્રોસિજર ચાલતી હતી, ફોર્મ જ કાઢી નાંખ્યા, આ રાજ્યમાં ભૂતિયા વેપારીઓ હતા, તો પ્લાનિંગ કરીને ભૂતિયા વેપારી ખતમ કરી નાંખ્યા, જે ખાલી બિલો બનાવતા હતા, રાજ્યમાં ટેક્સની ચોરી થતી, એ અટકાવી, અમારે ત્યાં ભાવનગરની અંદર કુંભારવાડાની અંદર પ્લાસ્ટિકના કારખાના છે એ દાણા બનાવતા, એ દાણા બનાવતા ત્યારે એમને જે વીજળીનું કન્ઝમ્પ્શન થતું એનું બિલ ભરવું પડતું, આ રાજ્યમાં કોઈક જગ્યાએ એમના શાસનમાં દાણા બનાવે એને વીજળીનું બિલ નહોતું ભરવું પડતું, ધીમે ધીમે પ્લાસ્ટિકનો સૌથી શ્રેષ્ઠ ઉદ્યોગ આખાય ગુજરાતમાં ભાવનગરની અંદર એ દાણા બનાવવાનું કામ ભાવનગરની અંદર બંધ થઈ ગયું, સ્પર્ધામાં ઉભા રહી શકે. આ એમને એમ ના થઈ શકે આ પુરાંતવાળુ બજૅટ એમને એમ ના આવી શકે ટેક્સ ના નાખવો છતાં આવકમાં વધારો થાય એમને એમ ના થઈ શકે તેને માટે રાજયની પ્રજા સાથે સંવેદનશીલતા હોવી જોઈએ. ન્યાય આપવાની નીતિ હોવી જોઈએ અને તે આ સરકારે કર્યુ છે. એક વેપારી જે ટેક્સ ભરે છે, જે માલ લાવે છે, વેચે છે તે વેપારીને જે નફો થઈ રહ્યો છે તે જ નફો બીજા વેપારીને થવો જોઈએ. બાકી એક વેપારી , એક ઉદ્યોગપતિ મોટો તગડો થઈ જાય અને બાકીનાને તેના ધંધામાં ખોટ જાય, તે વીજળીમાં કે ટેકસમાં અને તેને કારણે આ રાજયમાં જે વિકાસ થઈ રહ્યો છે. ઘણી બધી બાબતોમાં દેશમાં આ પ્રથમ રહ્યું છે અને આ બધું જ પરિણામ સાથો સાથ મારે એવું કહેવું પડશે કે રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બરાબર હોય, ટેકસની પ્રપોઝલ, ટેકસની સ્થિતિ, વેપારીના ઉદ્યોગ ધંધાને ઉત્તેજન મળતું હોય. હું વ્યકિતગત એવો દાખલો દઈ શકું કે અમારા ખૂબ લોકો આજે ડાયમંડ ઉદ્યોગમાં ભાવનગર છોડીને સુરત અને સુરત છોડીને મુંબઈ વસ્યા ધંધાના વિસ્તરણ માટે અને તે લોકો આજે મુંબઈ છોડીને ફરીથી સુરત આવવાનો વિચાર કરે છે. આગળ જતા હતા જે લોકો આ રાજયના અને તેનું કારણ એટલું જ ફકત કે આ રાજયની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તે એ કક્ષાએ તેમને ફાયદો કરી આપે.

અહીંયાંથી સહકારી બેન્કોની વાત કરતા હતા માનનીય વિરોધપક્ષના નેતા ત્યારે મને બે-ત્રણ પ્રસંગો યાદ આવતા હતા. તેમને કહેવું પડે તે જુદી વાત છે. આખાય ગુજરાતને આવરી લે એવું ગુજકો માસોલનું તંત્ર અને તેના પ્રમુખને તેના જામીન માટે સુપ્રીમ કોર્ટ સુધી જવું પડે તે ભારતીય જનતા પાર્ટીનો હતા?

અમદાવાદ અર્બન બેન્કના પ્રમુખ અને એક વખત આ ગૃહમાં પણ બિરાજી ચૂક્યા છે તેમના આગેવાન આખી બેન્કને ખાડામાં નાંખી દીધી તેમનું શાસન હતું, તો કોઈ કંઈ તપાસ પણ ના કરે. વિસનગર કો.ઓપ.બેન્કની વાત તો હમણાં તાજી છે તેમના પ્રમુખ ભારતીય જનતા પાર્ટીના હતા? તેઓ અહીંયા કંઈક ગુરુની વાત કરતા હતા. વિપક્ષના નેતા મને અત્યારના તો તેના ગુરુ ખબર છે પણ પહેલાંના ગુરુ કોણ હતા તે મને ખબર નથી. કાલે તેમને માથાકૂટ થઈ અને તેમણે સરખું કરવા અહીંયા પ્રયત્ન કર્યો. તેમણે માધવસિંહભાઈનું પણ નામ દીધું સરખું કરવા (અંતરાય) તેમના ગુરુ જે છે તેમના એક ચેલા અમારે ત્યાં છે. (અંતરાય) પરેશભાઈ, રાજીનામું તો એ આપે જે જીતે. આ તો તમારે ત્યાં જીતવાપણું જ કયાં છે. સહકારી બેંકોની વાત થઈ એટલે વાત કરતો હતો. મને ખબર છે જે લોકો અહીંયા ધારાસભ્ય અને મંત્રીઓ હતા તે દિવસે ખાલી અમારે ત્યાં ભાવનગર જિલ્લામાં(અંતરાય) તે આમના ગુરુભાઈ છે તે ત્યાં લડે ૨૯ બુથમાં રિપોલીંગ થયું હતું. ખાલી ભાવનગર સંસદીય સીટમાં અને તેમાં મારી સીટમાં ભાવનગર દક્ષિણમાં ૧૦ બુથમાં રિપોલીંગ થયુ હતું, જીતવા જ ના દે એવી તેમની દાદાગીરી. ભાવનગર વેલ્ફેર કો.ઓપરેટીવ બેન્કમાંથી ૯૦ ટકા લોન એક પાર્ટીએ લીધી હતી. માનનીય સહકાર મંત્રીશ્રી અને માનનીય ગૃહમંત્રીશ્રીને વિનંતી કરું છું કે આમાં પણ તપાસ કરાવે. આમ તો રાજય સરકારે એકિટવ થઈને નાણાં ચૂકવી દીધાં છે, પરંતુ ૯૦ ટકા લોન એક પાર્ટીએ લીધી અને બેંક ફડચામાં ગઈ. બેંકના વહીવટકર્તાઓ કોણ હતા અને એ આ લોન લેનાર હતા એ આ ગુરુભાઈના ભાણેજ થાય, બીજા કાંઈ થતા નથી. અમે એટલે કે આ ભારતીય જનતા પાર્ટીના જેના જેના નામ લીધા, કોઈની પણ જવાબદારી જરા પણ લાગી ત્યારે એમને જેલના સળીયા પાછળ ધકેલવામાં અમને કોઈની શરમ નડતી નથી, આ નરેન્દ્ર મોદીની સરકાર છે કે જે કોઈની પણ શરમ ભરતી નથી, કોઈ સગાંવહાલાં એને લાગુ પડતાં નથી, કોઈ પાર્ટી લાગુ પડતી નથી, ગુજરાતનું સર્વગ્રાહી હિત શું છે અને એ સર્વગ્રાહી હિતના નામે જયાં જયાં પગલાં લેવાની જરૂર લાગી ત્યારે એ પોતાનો હોય તો પણ પગલાં લીધાં છે. એટલી તાકાત અને પારદર્શકતા અત્યારસુધી કોઈએ બતાવી નથી એ અમે બતાવી છે, તમે બતાવી તો જુઓ.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં જે ગુજરાતનો નંબર છે એ કેટલીય બાબતમાં પ્રથમ છે. એમાં વિકાસ દરમાં ૧૦ મા નાણા પંચે ૧૦ મી પંચવર્ષીય યોજનામાં ૮ ટકા વિકાસ દર આપ્યો હતો એ ૧૫.૪ ટકા વિકાસ દર રહયો છે, ડ્રિપ ઈરિગેશનમાં એટલે કે ટપક સિંચાઈમાં પણ આખા દેશમાં પ્રથમ છે, પુરાંતવાળા બજેટમાં પણ પહેલો નંબર, તમામ ગામોને ૨૪ કલાક વીજળી આપવામાં પણ પહેલું છે, ચેકડેમોના નિર્માણમાં પણ પહેલો નંબર અને અહીંયાં કયાંક કયાંક શું થાય છે એ મને ખબર પડતી નથી, પરંતુ વિપક્ષના નેતાશ્રી અને સભ્યો કયારેક બોલે અને કોઈક વસ્તુ પકડાઈ જાય એટલે કે બાળકની જેમ વેને ચઢી જાય. એના બે દાખલા આપું અને એમાં એક વાત કરું કે ડ્રોપ આઉટ રેશિયાની વાત કરવા માટે ઉભા થયા અને પછી ખબર પડી કે આ તો ફસાયા કારણ કે આ ડ્રોપ આઉટ રેશિયો તો એમણે ઘટાડયો છે. ખરેખર તો આ ડ્રોપ આઉટ રેશિયો શું છે એ તેમને ખબર નથી અને હું પણ પ્રામાણિકપણે કહું છું કે ત્રણ વર્ષ પહેલાં મને પણ ખબર નહોતી કે આ ડ્રોપ આઉટ રેશિયો શું છે? એમને ખબર ના હોય એ બરાબર છે કારણકે ઘટ ભરી છે, પરંતુ ડ્રોપ આઉટ રેશિયો ૩૫ ટકાથી ઘટીને અરધા ટકાથી પણ નીચે આવી એ અમને ખબર પડતી નથી કે ગામડામાં પ્રત્યેક કુંટુંબના ઘેર ઘેર જઈને શિક્ષક કહે કે તમારે ત્યાં ૬ થી ૧૪ વર્ષનું કોઈ બાળક કયું છે કે જે ભણતાં ભણતાં ઉઠી ગયું હોય તો એને શાળામાં લઈ આવો એ રીતે એના માટેનો પ્રવેશોત્સવ થાય અને એ રીતે સો ટકા સાક્ષરતા થાય, એમને એમ એ મંજૂર ના થાય, પરંતુ એ વેને ચઢી જાય.

માનનીય અધ્યક્ષશ્રી, રોકાણની વાત કરું તો રોકાણની વાત આવી ત્યારે મારા મિત્રોએ ગયા વખતે પૂછયું હતું કે ગયા વર્ષે ઉદ્યોગોમાં નિકાસલક્ષી રોકાણ કેટલું હતું આ ૬૬ હજાર કરોડ પૈકી? અહીંથી જવાબ આપ્યો હતો અને મંત્રીશ્રીએ કહયું હતું કે(અંતરાય) તમે વેને ચઢી જાઓ છો એ ખબર નથી, પરંતુ ઉદ્યોગ મંત્રીશ્રીએ તે વખતે જવાબ આપ્યો હતો અને તમને તો એ પણ ખબર નથી આ એમને એમ ચાલતું રહે છે. ૬૬ હજાર કરોડના રોકાણમાંથી ૫૪૪૦૦ કરોડનું રોકાણ ગયા વર્ષે આવ્યું નિકાસલક્ષી રોકાણ આવ્યું તેમાંથી ૧૧ હજાર કરોડ બહારથી આવ્યું અને કોઈકે પકડી લીધું કે ૧૧ હજાર કરોડ કે તમે ૬૬ હજાર કરોડ કહેતા હતા ને આટલું જ કેમ? બાકીના રોકાણ ગુજરાતમાં આવે, દેશના લોકોને રોકાણ કરવાની ના પાડી છે? આ તો એમને વેન પકડાઈ જાય એટલે પકડી રાખવાનું.એવું પૂછે કે છેલ્લા બે વર્ષમાં ચેકડેમો કેટલા થયા? અને કોઈક આંકડો આપે કે ૨૪ હજાર, તો કહે કે તમે તો લાખ કહેતા હતા ને? પણ તમે ૨૪૦૦ પણ કર્યા હતા આટલા વર્ષમાં? મીંડા કાઢી નાખે એવું કામ પણ તમે કર્યુ હતું? (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, લોકભાગીદારી સાથે રાખીએ (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, નહીં, સાંભળી શકે, જેમને સાંભળવાનું હતું તેઓ એમના રૂમમાં સાંભળતા હોય તો સારું.

*"આ સંકલ્પ અને સિદ્ધિ સરકારની જયારે સાકાર થતી લાગે,*
*વાત વિરોધીઓને કરવી ત્યારે કયાંથી હાથ લાગે,*
*બોલવું પડે જાણતા હોય બધું છતાં પરંપરા નિભાવવા,*
*બોલો તમતમારે, પણ રહેજો તૈયાર રાજયનું હિત નિભાવવા".*

માનનીય અધ્યક્ષશ્રી, અહીં જયારે જયારે આ રાજયમાં પાણીની વાત કરી હોય દસમી પંચવર્ષીય યોજનાની અને નર્મદા આધારિત, જયારે વિપક્ષના કોઈ સભ્ય બોલવા ઉભા થાય ત્યારે નર્મદા કયાંથી શરૂ થઈ અને એમાં જે શાસનમાં હતા તેમના નામ લેવાય, તેની દુહાઈ આપે, તેમને યશ આપે તેમાં કોઈ વાંધો નથી. અમે એ પ્રશંસાના પુષ્પોમાં તમારી સાથે જોડાઈશું. નર્મદાનું પાણી લાવવાનું કામ થયું છે તે અમારા શાસનમાં થયું છે તે પણ છોડો. નર્મદાનું પાણી છેક સૌરાષ્ટ્રના અંતરિયાળ ગામડાં, કે જયાં ગઈકાલ સુધી ખારાશ હતી, ફલોરાઈડ હતો, જયાં ગઈકાલ સુધી લોકો ત્રણ ત્રણ વર્ષનું તળાવનું પાણી પીતા હતાં ત્યાં સુધી જાય છે, કચ્છ સુધી જાય છે, આ નર્મદાનું પીવાનું પાણી ત્યાં લઈ જવાનો નિર્ણય અને વિચાર આ રાજયના સ્વપ્નદૃષ્ટાઓને આવ્યો છે અને તે અમારા છે. સૌરાષ્ટ્રની ૧૭ નદીઓ અને નર્મદા સાથે ૧૦ નદીઓ એમ કુલ ૨૭ નદીઓની રીવરગ્રીડ કરી છે, ૧૫૦૦ તળાવો ભર્યા છે. જે કામ થયું છે તે કહું છું, ૧,૩૭,૦૦૦ જેટલી ખેત તલાવડીઓનો ઉલ્લેખ અહીં થયો છે. કોઈ રાજયમાં આનો કન્સેપ્ટ નથી આવ્યો, વીજળીના સુધારા આખા હિન્દુસ્તાનમાં પહેલીવાર ગુજરાતે કર્યા છે. વીજ ચોરી અટકાવવાનું બિલ પાસ થયું. વીજ ક્ષેત્રે સુધારા કરવામાં હિન્દુસ્તાનમાં ગુજરાત પહેલું રાજય છે. મારે ફરી કહેવું પડે છે કે અમારે ત્યાં પેરેલલ જી.ઈ.બી. ચલાવવા વાળા પડયા છે. આ જી.ઈ.બી. લાઈન આપીને પૈસા લે તે જુદી, પણ આ જી.ઈ.બી.માંથી પોતે લાઈન આપી અને પૈસા લે તેવા લોકો એમના રાજમાં નભતા હતા તે અત્યારે ભાગતા ફરે છે. એટલે ગુડ ગવર્નન્સ જેને કહી શકીએ, ગ્રીન રિવોલ્યુએશન કંપની આવી રહી છે. એટલે ગુડ ગવર્નન્સ કહી શકાય તેવું કામ થયું છે, તેના કારણે આ રાજયને વિશ્વ કક્ષાના ૩ એવોર્ડ મળ્યા છે. યુ.એન.નો સાસાકાવા એવોર્ડ મળ્યો છે, વર્લ્ડ બેંકનો ગ્રીન એવોર્ડ મળ્યો છે, કોમન વેલ્થનો ગોલ્ડ એવોર્ડ ફોર પબ્લિક એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટનો એવોર્ડ મળ્યો છે. આપણે શહેરી વિકાસ વર્ષ ઉજવીએ છીએ ત્યારે મારે કહેવું છે કે આ દેશમાં પહેલી વખત ગ્રીન રિવોલ્યુએશન કંપની ૧૫૦૦ કરોડની વાત લઈને આવી છે. બીજી હરિયાળી ક્રાંતિ લાવી છે એ આ ગુજરાતથી શરૂ થઈ. એક વખત નદી અને પાણીનું સુખ હતું, પાણીની છૂટ હતી, પાણીની રેલમછેલ હતી, પહેલી હરિયાળી ક્રાંતિ ત્યાં થઈ અને હવે બીજી હરિયાળી ક્રાંતિ પશ્ચિમના છેડે દરિયાકાંઠાના ગામડાં જ્યાં ખારાશ હતી ત્યાં મીઠું પાણી પહોંચાડીને હરિયાળી ક્રાંતિ કરવામાં આવી છે. એટલે ૧૫૦૦ કરોડની વાત ગ્રીન રિવોલ્યુએશન કંપની લઈને આવી છે, તે ડ્રિપ ઈરિગેશનનું કામ લઈને આવશે.

શહેરી વિકાસ વષર્મા જે રસ્તાઓ છે એ રસ્તાઓમાં પણ પ્રગતિપથ, વિકાસપથથી માંડીને એ ગામડાંનો કિસાનપથ સુધી અટલ બિહારી બાજપાઈની એન.ડી.એ.ની સરકારની સુવર્ણ ચતુષ્કોણ યોજનાને યાદ કરીએ. આખાયે ગુજરાતને આઠથી દસ કલાકમાં ફરી વળીએ એના માટે શહેરોને જોડવાની સાંકળ કરી, હાઈવે ધોરીમાર્ગોની સાંકળ કરી. તેવી જ રીતે શહેરમાંથી પસાર થતા હોય તેવા રસ્તાઓ શહેરો અને ગામડાંને જોડતા રસ્તાઓ જેને આંતર માળખાકીય સુવિધા કહી શકાય એ રીતે આખુંય ગુજરાત એક બનીને એક ઈન્ટરનેટથી કૉમ્પ્યુટર, જી.સ્વાન, વિડિયો કૉન્ફરન્સથી જોડાણ કરીએ તો પણ આખાયે દેશમાં પહેલું છે. બીજું આંતર માળખાકીય સુવિધા રોડથી જોડાઈ શકે, આ રાજયની કોઈ સીમા નહિ રહે તેવડું મોટું કામ થઈ રહ્યું છે.ગુજરાતમાં ફરી ઉદ્યોગો ૧ લાખ ૧૩ હજાર કરોડ જેટલા આવ્યા છે. સાત એસ.ઈ.ઝેડ તથા નાના માણસોને કામ લાગે તેવી રોમીંગ કાર્ડની સુવિધા તો થઈ જ છે.

છેલ્લે શિક્ષણની એક વાત કરવા માગુ છું. જે રીતે ૧૧ હજાર કરોડનું બજૅટ, વાર્ષિક યોજનાનું કદ મંજૂર થયું એવી રીતે શિક્ષણની એક વાત આ ગૃહના ધ્યાન ઉપર મૂકવી ખાસ જરૂરી છે. અમારે ત્યાં ભાવનગર યુનિવર્સિટીએ એક અભ્યાસ કર્યો. ગુજરાતના પ્રાથમિક શિક્ષણનો અભ્યાસ કર્યો. શિક્ષણની વાત આવશે ત્યારે ઘ ાણી બધી વાત થઈ શકશે, પરંતુ સમયનો અભાવ છે એટલે કરતો નથી. આ અભ્યાસ કર્યા પછી દિલ્હી દરબારની અંદર ત્રણ મહિના પહેલા એ પેપર રજૂ થયું. ગુજરાતના પ્રાથમિક શિક્ષણ અંગેનું વોલ્યુમ જો માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને જોઈતું હશે તો હું આપવા તૈયાર છું, હું એ માટે ચોક્કસ આનંદ અનુભવીશ. ગુજરાત એ સમગ્ર દેશમાં જે સાક્ષર રાજયો કહેવાય છે. કેરલ અને બીજા દક્ષિણના રાજયો એના કરતાં પણ પ્રાથમિક શિક્ષણની દૃષ્ટિએ આજે જે પ્રવેશ અને નવું શિક્ષણ આપી રહ્યા છે, એમાં સમગ્ર હિંદુસ્તાનમાં ગુજરાત પહેલા નંબરે છે, એનું અમને ગૌરવ છે. આ આંકડાની વાત છે, આ સરવે થયો છે, પેપર રજૂ થયું. આ ભાવનગર યુનિવર્સિટીએ રજૂ કરેલ છે, કોઈ ખાનગી કંપનીએ રજૂ નથી કર્યુ. ત્રણ વિશ્વ કક્ષાના એવોર્ડ મળ્યા છે. માનનીય વિરોપક્ષના નેતાશ્રી કહે છે, જે રીતે હરિયાળી ક્રાંતિની વાત થઈ, જે રીતે શિક્ષણ આગળ વધી રહ્યું છે, જે રીતે રોડની કનેકટીવિટીમાં આખુંય ગુજરાત આગળ વધી રહ્યું છે, જે રીતે શહેરી વિકાસ, આ વરસે એના માટે રકમ ફાળવી છે અને વિકાસ થવાનો છે ત્યારે મને એમ લાગે છે કે આવતા દિવસોમાં એમણે વધારે સાવચેત રહેવું પડશે. કારણ કે આવતા દિવસોમાં વધારેને વધારે વિશ્વકક્ષાના એવોર્ડો ગુજરાતને મળશે એ દિશામાં કામ થવા જઈ રહ્યું છે. માનનીય નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ અભિનંદન પાઠવું છું.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ આ સન્માનનીય સભાગૃહમાં ૧૧મી વખત બજૅટ રજૂ કર્યું છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય નાણામંત્રીશ્રીએ બજૅટ રજૂ કરી અને રાજયનો સર્વાંગી વિકાસ થાય તેના માટે જુદા જુદા શબ્દપ્રયોગો દ્વારા આ બજૅટમાં લખવામાં આવ્યું છે. મોટા ભાગની યોજનાઓ અગાઉ જે કોંગ્રેસની સરકારો વખતની યોજનાઓ ચાલુ હતી એ યોજનાઓને એક યા બીજા નામે રજૂ કરીને આ ગૃહ સમક્ષ મૂકવામાં આવી છે. રાજય સરકારને નવી યોજનાઓ દાખલ કરવાનો અધિકાર છે. નવી યોજનાઓ દાખલ થાય, તેનું અમલીકરણ થાય, તેના અમલીકરણ દ્વારા ગામડાના છેવાડાના માણસને પ્રાથમિક સુવિધાઓ પ્રાપ્ત થાય તેને હૃદયપૂર્વક આવકારીએ, પણ દુઃખ સાથે કહેવું પડે કે જે યોજનાઓ દાખલ કરવામાં આવી છે, જેની મોટી જાહેરાતો કરવામાં આવી છે, આ યોજનાનું અમલીકરણ થાય તે પહેલાં અકાળે મૃત્યુ પામે છે.

આ બજૅટમાં જે વિભાગવાર નાણાંકીય ફાળવણી કરી છે, તેમાં જુદી જુદી યોજનાઓના ખર્ચમાં જે ફાળવણી થઈ છે તેમાં માનનીય નાણામંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. ટપક સિંચાઈ યોજના દ્વારા સંકલિત ખેતીની જોગવાઈ કરવામાં આવી છે. ૨૦૦૪-૨૦૦૫ના વર્ષમાં ૪૯૨૦ હતી એ ૨૦૦૫-૨૦૦૬માં ૨૫૦૦ લાખમાં રજૂ કરવામાં આવી છે. ગયા વખતે ટપક સિંચાઈ યોજનામાં તમે વધારે જોગવાઈ કરી હતી તે આ વખતે ઘટાડવાની પરિસ્થિતિ નિર્માણ શા માટે કરી? ગયા વખતે પરિસ્થિતિ એવી થઈ કે ટપક સિંચાઈ યોજનામાં બજૅટમાં જોગવાઈ કરી, અહીં બજૅટમાં રકમ મંજૂર નહોતી થઈ તે પહેલાં આ યોજનાનું અમલીકરણ જિલ્લા કક્ષાએ જુદી જુદી રીતે થવા માંડ્યું હતું, આ ગૃહના તમામ સન્માનનીય સભ્યો જાણે છે કે ટપક સિંચાઈમાં જે પ્રકારે ગંભીર પ્રકારની ગેરરીતિઓ અને સબસીડીઓ ખાવામાં આવી તેના કારણે આ યોજના સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ, તેના માટે કહેવું જોઈએ કે આ વખતે રકમ ઘટાડવાની સરકારને ફરજ પડી છે. ખેડૂતોની ચિંતા કરે છે તો ટપક સિંચાઈ પદ્ધતિ દ્વારા ટીંપેટીંપા પાણીનો સદુપયોગ ખેડૂત કરી શકે તેમ છે તેમાં જે રકમ ઘટાડવામાં આવી છે તે વાજબી નથી.

કૃષિ ક્ષેત્રે જોખમોનું વ્યવસ્થાપન. તેમાં ૧૭,૫૫૭.૨૨ની જે જોગવાઈ હતી તેની સામે ૮૭૨૫.૯૫ની આ વર્ષમાં જોગવાઈ કરવામાં આવી છે. ગામતળાવ ઉંડા કરવાની યોજનાની કામગીરી જમીન વિકાસ નિગમ દ્વારા ગયા વખતે કરવામાં આવતી હતી. ધારાસભ્યો ભલામણ કરે, સંસદસભ્યો ભલામણ પત્ર લખે અને જમીન વિકાસ નિગમ તરફથી જે તે ગામના તળાવો જમીન વિકાસ નિગમના બુલડોઝરો મારફત કરવામાં આવતા હતા. આ વખતે રાજય સરકારે બંધ કર્યું છે. એમાં ૨૦ ટકા લોકફાળો ભરે અને ત્યારપછી જ ગ્રામ તળાવો ઊંડા થઈ શકશે. ઘણી ગ્રામ પંચાયતો એવી છે કે, એમના પાસે પોતાના ભંડોળ હોતા નથી. ત્યારે ગ્રામ તળાવો ઊંડા કરવા ૨૦૦૪-૨૦૦૫માં અગાઉ જે ૧૭૯૦ હતા, એ ૧૩૧૯ લાખ કર્યા છે. જેમાં ૪૭૧ લાખનો ઘટાડો કરવામાં આવ્યો છે. સંકલિત વન વિદ્યા વિકાસ પરિયોજનામાં ૧૦૬૧.૪૦ લાખ હતા, આ વર્ષે ૬૪૦ લાખ કરવામાં આવ્યા છે.ગ્રીન કાર્ડ સ્કીમ નીચે ૧૧૦ હતા એની અંદર આ વખતે ૭૦ કરવામાં આવ્યા છે. ખેડૂતો માટેની ડાયરૅક્ટ માર્કેટ સિસ્ટમ ઊભી કરવા માટે ગયા વર્ષે ૧૦ લાખ હતા, આ વખતે ફક્ત ૫ લાખ કરવામાં આવ્યા છે. એ.એફ.એમ.જી. ધ્વારા અદ્યતન માર્કેટની સ્થાપના માટે ગઈ વખતે ઝીરો હતા આ વખતે એમાં ફાળવણી કરી છે જેને હું હ્દયપૂર્વક આવકારું છું. કાળુભારથી ધાતરવડી સુધી મચ્છુ-૨થી ફુલઝર બંધ સુધીની જે જોગવાઈ ૭૧૧૦ હતી એ આ વખતે ૬૦૧૩ કરવામાં આવી છે એમાં ૧૦૯૭ લાખનો ઘટાડો કરવામાં આવ્યો છે.

સુજલામ્-સુફલામ્ યોજના, સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજનામાં ગયા વર્ષે ૫૫૦૦ લાખ રૂપિયા હતા. આ વર્ષે ૫૦૦ લાખ રૂપિયાનો ઘટાડો કરીને ફક્ત ૫૦૦૦ લાખની જ વ્યવસ્થા કરવામાં આવી છે. ચેકડેમોની અહીં વાત કરવામાં આવે છે. એમાં ૬૦:૪૦નો રેશિયો હતો એમાં ઘટાડીને ૮૦:૨૦નો કરવામાં આવ્યો છે. રાજય સરકારના આ નિર્ણયને આવકારું છું, રાજય સરકારને અભિનંદન આપું છું. ચેકડેમોના નામે આટલા વર્ષોની અંદર ચેકડેમો થયા ન હતા અને અમે ૧ લાખ ચેકડમો કર્યા. આ ચેકડેમોની અંદર જાહેરાત કરીને ગુજરાતની પ્રજાને ગેરમાર્ગે દોરવાનું કામ આ સરકાર કરી રહી છે એ બંધ કરવું જોઈએ. મારે રાજય સરકાર પાસેથી જાણવું છે કે ૧ લાખ ચેકડેમો છે એમાંથી ક્રોંક્રિટના થયેલા ચેકડેમો કેટલા? ગઈકાલના પ્રશ્નમાં જવાબ આપવામાં આવ્યો છે કે ૨૪૦૦૦ ચેકડેમો કર્યા છે અને એમાં એવી જાહેરાત કરી છે કે, એમાં બોરી બંધ પણ આવી જાય છે. માનનીય જળસંપત્તિ મંત્રીશ્રીને પૂછવું છે કે, બોરી બંધ ચેકડેમની વ્યાખ્યામાં આવે ખરા? ખેત તલાવડીઓ કરી છે એનો પણ આ ચેકડેમોમાં સમાવેશ કરવામાં આવ્યો છે, એ કોઈપણ સંજોગોમાં વાજબી નથી. ચેકડેમો છે એ બરાબર છે. પરંતુ ખેત તલાવડી અને બોરી બંધને ચેકડેમમાં ખપાવવાની કોશિશ કરી છે અને ૧ લાખ ચેકડેમની જાહેરાત કરી છે એ પોકળ વાતો છે. હકીકતમાં કેટલા ચેકડેમ કર્યા છે એ માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું. સુજલામ્-સુફલામ્ યોજના નીચે ૨ દિવસ પહેલાં પ્રશ્નોત્તરી આવી એમાં સૌરાષ્ટ્રને લાગે વળગે છે ત્યાં સુધી સિંચાઇની અંદર, માનનીય મંત્રીશ્રીએ ચાલુ વર્ષના બજૅટની અંદર જે જોગવાઈ કરી છે. નાની, મધ્યમ અને મોટી સિંચાઇ યોજનાઓ, પીવાના પાણી માટે વર્ષ ૨૦૦૪-૨૦૦૫ના વર્ષથી ૨૩૪૪ કરોડની જોગવાઈ સામે આગામી બજૅટમાં ૨૯૮૩ કરોડની જોગવાઈ સૂચવી છે. માનનીય નાણામંત્રીશ્રી પાસેથી એ

જાણવું છે  કે તમે જે વધારો કર્યો છે એ સારી વાત છે પણ આ રકમમાંથી સૌરાષ્ટ્રને માટે કેટલી રકમ ખર્ચાવાની છે?  એમ તો ૧૯૯૫ થી ભાજપની સરકાર સત્તા ઉપર આવી છે, રાજયની ધુરા સંભાળી છે ત્યારથી પ્રતિ વર્ષ સૌરાષ્ટ્રને દર વર્ષે અન્યાય થતો આવે છે. મારે કહેવું જોઈએ કે, સૌરાષ્ટ્રના નાણામંત્રી હોય ત્યારે સૌરાષ્ટ્રને નાણાકીય જોગવાઈઓમાં અન્યાય થાય એ કોઈપણ રીતે વાજબી નથી. જે નાણાકીય જોગવાઈ કરી છે, સૂચવી છે એની અંદર અત્યારે ચિંતાનો ગંભીર પ્રશ્ન ક્ષારનો છે, એ ક્ષાર નિવારવા માટે ૧૯૭૬, ૧૯૭૮માં મુખ્ય સચિવોના અધ્યક્ષપણા નીચે સચિવોની સમિતિઓની રચના થઈ હતી, આ  સમિતિએ ક્ષારઆગળ વધતો રોકવા માટે ભલામણો કરી છે અને એ ભલામણો કર્યા પછી રાજય સરકારે ૧૯૯૫થી આજ સુધીમાં ક્ષાર નિવારણ ક્ષેત્રે આ પ્રકારની કોઈ નક્કર કામગીરી આ રાજય સરકારે કરી નથી. ભૂતકાળમાં ૧૯૦૦ કરોડ રૂપિયાનો પ્રોજેકટ ભાવનગરથી દ્વારકા સુધીનો જે દરિયાઇ પટ્ટીનો વિસ્તાર છે એ વિસ્તારમાં ક્ષાર રોકવા માટે તૈયાર કરવામાં આવ્યો હતો. રાજય સરકારે આગળ વધીને ભારત સરકારની મંજૂરી માટે મોકલવામાં આવ્યો હતો એ કયા સ્ટેજે છે, એનું વહેલામાં વહેલી તકે અમલીકરણ થાય તેના માટે હું નાણા મંત્રીશ્રીને વિનંતી કરું છું.     ભૂતકાળમાં ૧૯૯૫માં ગોકૂળ ગ્રામ યોજના દાખલ કરી.  આ સન્માનનીય ગૃહની અંદર જે તે વખતે આ  ગૃહની અંદર નવી યોજના દાખલ કરવામાં આવી ત્યારે જાહેરાત કરવામાં આવી હતી કે આ યોજના નીચે આગામી ૫ વર્ષની અંદર ગુજરાતના ૧૮ હજાર ગામોને ગોકૂળ ગામ કરી  આપવામાં આવશે.  મારે આજે દુઃખ સાથે કહેવું પડે કે ગોકૂળ ગ્રામ યોજના નીચે જે ગામો હજી બાકી છે એને દર વર્ષે મળવાપાત્ર ગ્રાન્ટ પણ નથી થતી.  રાજય સરકાર આ કામગીરી કરી શકી નથી એટલે રિલાયન્સ કંપનીને કામ સોંપવામાં આવ્યું.  મારે માનનીય નાણામંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે રિલાયન્સ કંપની દ્વારા તમે જે ગામડામાં ગોકૂળ ગામ અંર્તગત કામ કરવામાં આવ્યા છે એ સારાં થયાં છે,  એની કવોલીટી માટે કંઈ મારે કહેવાનું નથી, મારે એ જાણવું છે કે માનનીય મંત્રીશ્રી પાસેથી કે આ રિલાયન્સ કંપની પોતાના નાણામાંથી આ કરે છે કે રાજય સરકારનામાંથી  એ હું સ્પષ્ટપણે જાણવા માગું છું.  હું સ્પષ્ટપણે કહેવા માગુ છું કે રિલાયન્સ કંપની પોતાના ભંડોળમાંથી આ કામો કરતી નથી, પરંતુ રાજય સરકારે એ કંપનીને જે રાહતો આપી છે એ રાહતો પેટે એ રિલાયન્સ કંપની આ કામો કરે છે. ગામડાની અંદર એવી જાહેરાત કરે છે કે આ તો કંપની કરે છે. આ ગેરસમજ દૂર કરાવી જોઈએ અને ગ્રામ્ય વિસ્તારને જણાવવું જોઈએ કે આ કામ છે એ રિલાયન્સ કંપની  નહીં પણ ગુજરાત સરકાર દ્વારા થાય છે. કંપની પોતે ઈચ્છે કે આ અમે કરીએ છીએ એવી જાહેરાત થાય.

કુટિર ઉદ્યોગોને લાગે વળગે છે ત્યાં સુધી મોટા ઉદ્યોગોને  તો આપણે પ્રોત્સાહન લાખો અને કરોડો રૂપિયાનું આપીએ છીએ પણ જે નાના ઉદ્યોગો  અને લધુ ઉદ્યોગો છે કે જે ગ્રામ્ય વિસ્તારની અંદર જે ઉદ્યોગો છે એ ઉદ્યોગોને પણ પ્રોત્સાહન આપવું જોઈએ અને એમાં ખાસ કરીને જે ખાદીની સંસ્થાઓ અથવા તો ખાદી જગતની સાથે જે સંકળાયેલા છે અને એમાં જે સર્વોદય યોજના જે ચાલે છે એ સર્વોદય યોજનાને અત્યારે હાલ જે ૧૦ લાખ રૂપિયા આપવામાં આવે છે એને બદલે એને વધારીને ૨૦ લાખ રૂપિયા સુધીની કરવી જોઈએ એટલા માટે કે આ સંસ્થા દ્વારા  સર્વોદયનું કામ થાય છે. ગામડાના છેવાડાના માણસ સુધી આ યોજનાનો સારી રીતે લાભ મળી શકે છે એટલે માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરું છું કે આમાં બજેટની અંદર વધારે જોગવાઈ કરવામાં આવે.

નાગરિક પુરવઠાની એક જ વાત કરવા માગું છું કે નાગરિક પુરવઠામાં તમે બજેટમાં જે રકમ ફાળવી છે એમાં ગરીબી રેખા નીચે જીવતા જે કુટુંબો છે એને આપણે સહાય મદદ કરીએ છીએ, ૨ કિલો અનાજ વગેરે. માનનીય નાણામંત્રીશ્રીને મારી વિનંતી છે કે ગરીબીની રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા હજી ઘણી બધી છે એટલે ગરીબીની રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા રેકર્ડ ઉપર નથી આવી એ ગંભીર સવાલ છે અને એ નાણા મંત્રીશ્રી રાજય સરકાર દ્વારા જે કોઈ કાર્યવાહી કરવાની થતી હોય એ પ્રમાણે કરે.  છેલ્લે વિચરતી જાતિને લાગે વળગે છે  ત્યાં સુધી રાજયની કુલ વસ્તી જેની ૫૨ ટકા વસ્તી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની છે અને એમના માટે જે બજેટની અંદર જોગવાઈ કરવામાં આવે છે.

છેલ્લે જે સારી જોગવાઈઓ અને કામગીરી થઈ છે તેને હું આવકારું છું. બજેટની અંદર  જે જોગવાઈ કરવામાં આવે છે એ આ વર્ગના લોકો માટે પૂરતી જોગવાઈઓ નથી એમાં વિશેષ સપ્રમાણ વધારે જોગવાઈ કરવામાં આવે અને એટલા માટે કે કુલ વસ્તીના ૫૨ ટકા વસ્તી છે, ત્યારે આ લોકોનું જીવન ધોરણ ઉચું લાવવું જોઈએ.

**શ્રી ઇશ્વરભાઇ ધ. મકવાણા (જોટાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજયના આદરણીય નાણામંત્રીશ્રી વજુભાઈ જે શુકનવંતુ બજૅટ લઈને આવ્યા છે એને હું આવકારું છું અને ૧૧ હજાર કરોડની વાર્ષિક યોજના સાથે રાષ્ટ્રીય આયોજન પંચે પણ મંજૂરી આપી એ રાજય સરકારની સંકલ્પબદ્ધતાનો પરિચય કરાવે છે.  આથી રાષ્ટ્રીય આયોજન પંચનો પણ હું આભાર માનું છું.

અમારા વજુભાઈનું પ્રવચન હું વાંચતો હતો, મારી તો એ ખાસિયત છે કે હું જે સમાજમાંથી આવું છું એ સમાજ માટે શું થાય છે એ જોવું મારી આવશ્યકતા બને છે, મારી જરૂરિયાત બને છે.  આ બજૅટ માનવ

કલ્યાણને લગતું ગરીબીના નિવારણ માટે કેટલું ઉમદા અને યોગ્ય છે તેની સમીક્ષા કરવાનું પણ મારે મન અનિવાર્ય બને છે. એટલે મારે આપના માધ્યમથી આ ગૃહનું ધ્યાન દોરવું છે કે આ રાજયમાં ૧૯૯૫થી ભારતીય જનતા પક્ષની સરકાર કામ કરી રહી છે. સરકારના માધ્યમથી અમારો એક સંકલ્પ રહ્યો છે કે અમે એક વિચારધારાના આધારને વરેલા માણસો છીએ. અમારા પરમ પૂજ્ય દિનદયાળજીએ વિકાસનો માપદંડ, રસ્તો બતાવ્યો છે કે, આપણા વિકાસનો માપદંડ છેવાડાનો માનવી છે. આ માનવીની સુખાકારી અને સમૃદ્ધિમાં કેટલા ઉપયોગી બન્યા અને એ કેટલો ઉપર ઊઠ્યો એ આપણી મૂલ્યાંકનની સિસ્ટમ રહી છે. એટલે એનો અભ્યાસ કરતા કરતા જોતો રહ્યો છું કે આ રાજયમાં ગરીબી નિવારણની બાબતમાં ૧૯૯૨-૯૩ સુધીમાં આ રાજયમાં ૬૨.૧૦ લાખ ગરીબીની રેખા નીચે જીવનારા લોકો હતા અને આ રાજય સરકારનો જે માનવલક્ષી અભિયાન, કલ્યાણ યોજનાઓ અને એ કલ્યાણ યોજનાઓના આધારે છેલ્લે ૧૯૯૯-૨૦૦૦ના સરવે મુજબ આ રાજયમાં આજે ૩૯.૮૦ લાખ ગરીબીની રેખા નીચે જીવનારા લોકો છે. એના આધારે આ રાજયમાં આજે ૧૪ ટકા લોકો ગરીબીની રેખા નીચે જીવે છે. એક પણ માણસ ગરીબી રેખા નીચે જીવતો હોય એ આપણને શોભે નહિ અને આપણો સંકલ્પ રહ્યો છે કે આ દેશમાંથી વહેલામાં વહેલી તકે ગરીબી નાબૂદ થાય. એટલા માટે ગરીબી હટાવોની જે સાચી હકીકત હતી તે આ ગૃહના ધ્યાન ઉપર રજૂ કરતાં મને ગૌરવ થાય છે. આ રાજય સરકારને ખૂબ અભિનંદન આપું છું કે ગરીબી હટાવવામાં આપણે ખૂબ જ અગ્રેસર રહ્યા છીએ, એમાં ઉત્તરોત્તર પ્રગતિ થાય એવી હું અભિલાષા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વીસ મુદ્દાના કાર્યક્રમના અમલીકરણમાં ગુજરાત રાજય પ્રથમ ક્રમે છે. આ વીસ મુદ્દાના કાર્યક્રમની બાબત પણ કોંગ્રેસનો જ એક વિષય છે, પરંતુ વીસ મુદ્દામાંથી એક બગડો નીકળી ગયો અને શૂન્ય રહી. આ રાજયની સરકારે આ કાર્યક્રમ કયા પક્ષે બનાવ્યો હતો એનું ધ્યાન નથી રાખ્યું. આ વીસ મુદ્દા કાર્યક્રમમાં ગરીબી નિવારણની અભિલાષા સમાયેલી છે, એનું ધ્યાન રાખીને નક્કર યોજનાઓ બનાવીને એચીવમેન્ટ પ્રાપ્ત કર્યું છે કે, આ દેશમાં આ રાજય પ્રથમ ક્રમે રહે એવી આ વીસ મુદ્દા કાર્યક્રમ અમલીકરણમાં સફળતા પ્રાપ્ત કરી છે. વર્તમાન વાર્ષિક યોજનામાં ૧૧ હજાર કરોડની જોગવાઈ છે, એમાં ૩૬.૬૦ ટકા સામાજિક સેવાઓ બાબતે વાપરવાની જોગવાઈ છે. આદિવાસી કલ્યાણ માટે ૪૧૪ કરોડની જોગવાઈ છે. અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટે વાર્ષિક યોજના સદરે ૧૧૭.૧૭ કરોડની જોગવાઈ કરીને ખાસ અંગભૂતમાં ૩૧૫ કરોડ અને ૨૦૦૫-૦૬માં ૪૦૩.૧૭ કરોડની જોગવાઈ સાથે રાજયની સરકારે અનુસૂચિત જાતિ અને આદિવાસીઓના, પછાતવર્ગોના કલ્યાણ માટેની પોતાની સંકલ્પબદ્ધતા છે એ બતાવી છે અને એનું હું અનુમોદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણાં વપરાતાં ના હોય તો ગરીબી ઘટે નહિ, આયોજનના આધારે ગરીબી ઓછી થાય છે અનિલભાઈ જોષીયારા સાહેબ, વાતો કરવાથી વડા થતા નથી અને વાતો કરવાથી વડા બનતા નથી, વડા કરવાની પ્રક્રિયા ચંદ્રિકાબેનને ખબર છે કે કેટલા મુશ્કેલ છે. હું ઉત્તર ગુજરાતમાંથી આવું છું. મહેસાણા જિલ્લાનો છું. અમારા જિલ્લાની અંદર પીવાના પાણી, પિયતના પાણીની ખૂબ ભારે સમસ્યા છે. આ ગૃહનું ધ્યાન એ તરફ દોરતાં મને ગૌરવ થાય છે કે, આ રાજ્યની અંદર આઝાદી આવ્યા પછી ઉત્તર ગુજરાતના જિલ્લાઓને ધ્યાનમાં રાખીને પીવાના અને પિયતના પાણીની જે માતબર યોજનાઓ, વિરાટકાય યોજનાનું અમલીકરણ થઈ રહ્યું છે એ પૈકીની એક સુજલામ્ સુફલામ્ યોજના અમારા પાણીદાર મંત્રીશ્રી નરોત્તમભાઈ, કૃષિમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં જે રીતે પીવાનાં પાણીની પીડા દૂર કરવા માટેની યોજના અમલમાં આવી છે. એ સુજલામ્ સુફલામ્ યોજના અમારા સભ્યશ્રીઓ અને ખાસ કરીને વિપક્ષના મિત્રોને પૂછવું છે કે આ સુજલામ્ સુફલામ્ શું છે? એ બોલવામાં એવું બધું આડું અવળું બોલે, સુજલામ્ સુજળ એટલે સારાં જળ, સુફલામ્ સુફળ -એટલે સારાં ફળ.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ-ઋષિ આધારિત આપણી સંસ્કૃત્તિને વધારે મજબૂત બનાવી આ ભારતીય સાંસ્કૃત્તિક રાષ્ટ્રને આપણે મજબૂત બનવા માગીએ છીએ. હવે એટલા માટે મારે કહેવું છે કે, ઉત્તર ગુજરાતની અંદર પીવાના પાણી માટે અમે ઝેર પીએ છીએ એમ કાયમ આ ગૃહમાં કહેતો આવ્યો હતો. આજે ઝેરમાંથી મૂકત થઈને અમે પીવાલાયક પાણી પીવા લાગ્યા છીએ.

વીજળી એ ખેડૂતોની સમસ્યા નથી. પાણી એ ખેડૂતની સમસ્યા છે અને આ રાજ્યના આદરણીય મુખ્યમંત્રીશ્રી અમને કાયમ જાહેર સભામાં ભાષણ કરતા કહે છે કે ખેડૂતને વીજળીના વાયર પકડાવી દેવાથી કે બોદા વચનો આપવાથી ખેડૂતોની વેળા વળવાની નથી, નક્કર અને કૂશળતાપૂર્વકનું આયોજન કરીને ખેડૂતોના ખેતરના શેઢે અને ગામના ગોંદરા સુધી પાણી પહોંચે એ જોવાનું માતબર આયોજન અને અમલીકરણ એજ એક માત્ર આખરી નિર્ણય છે. એટલા માટે આ રાજ્યના મુખ્યમંત્રી વાયદા બજારમાંથી બહાર નીકળીને સાચી હકીકત પૂર્ણ કરવા સમયબદ્ધ કાર્યક્રમ આપ્યો છે. સુજલામ્ સુફલામ્ યોજના ડિસેમ્બર ૨૦૦૫ માં પૂર્ણ થાય, આ સંકલ્પબદ્ધતા રાજ્ય સરકારની રહી છે. આ આખી યોજનાની વાત મારે કરવી નથી પણ બે-ચાર પંકિત મેં લખી છે સાધારણ મારી ઈચ્છા છે કે આ ગૃહને વાંચી સંભળાવું. કવિની ભાષામાં નથી કહેતો, ધારાસભ્યની ભાષામાં, સામાન્ય માનવીની ભાષામાં કહું છું. કવિ કહે છે -

*વીજળી વીના ચાલશે વીરા, પાણી વીના નહિ,*
*ભૂખ ભૂંડી વેઠાશે વીરા, પાણી વીના નહિ,*
*વરસો સૂકી આંતરડીને, તરસ્યા પ્રાણી જન*
*પીવા કે પિયત માટે ભાઈ જળ એ જ જીવન*
*ઊંડા પાણી વખડા જેવા, સરિતા સૂકી ભઠ,*
*સુજલામ્ સુફલામ્ જળ,ક્રિડાથી પ્રગટશે પાણી*
*બોરવેલ ને ખેતરે ખેતરે પાણી, પાણી, પાણી,*
*હારેલામાં હિંમત વધશે, વીજળી, તણાં વલખાં ટળશે,,*
*હામ વધશે, હાસ થશે, લીલાછમ ખેતરમાં*
*ગરવી ગુજરાતનું ગૌરવ ગીત સુજલામ્ સુફલામ્*
*વંદે માતરમ્ વંદે માતરમ્, વંદે માતરમ્*

માનનીય અધ્યક્ષશ્રી, ધોરીમાર્ગો, રાજ્યના ધોરી માર્ગો બોલવા આપો તો હું પણ સાંજ સુધી અમારા મિત્રોને બેસાડી રાખું એટલી વાત પડી છે. એકસપ્રેસ-વે અટલજીના નેતૃત્વમાં કેન્દ્રની જે સરકાર હતી અને જે કામ કર્યુ, અમારા વિપક્ષના મિત્રો કહે છે કે, અમે જે દિવસે બેઠા એ દિવસે જ અટલજીના ફોટા ઉતારી દીધા. તમે સારું કર્યુ કે ખોટું કર્યુ એ તો ભગવાન જાણે. મારે એ કહેવું છે કે, આ એક્સપ્રૅસ-વે ઉપર અટલજીના જે પગલાં પડયાં છે તે આ દેશ કે રાજયનો કોઈ ચમરબંધી પણ ભૂંસી શકે એમ નથી, એ પગલાં આ રાજયની પ્રજા ભૂલી શકે એમ નથી. એટલા માટે આ રાજયના માર્ગ અને મકાન મંત્રીશ્રીની પણ પ્રશંસા કરવાની આ તક મેં લીધી છે.

એક નાનકડું સૂચન છે, નશાબંધીનું. હમણાં મારા રાજય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ એક સુધારા વિધેયક લઈ આવ્યા હતા, અહીંયા ચર્ચાઓ કરી, અમારા વિપક્ષના નેતાએ ભાષણ પણ સારું કર્યુ, એમણે પણ ગરીબોની ચિંતા કરી, આ લોકો પીતા હતા અને પીતા રહેશે એવું એમણે કહ્યું, પરોક્ષ રીતે આ નશાબંધી ઉઠાવી લેવામાં આવશે એવું પણ એમણે કહ્યું. મારે એમને કહેવું છે કે, ગૃહમાં બીલ તો સર્વાનુમતે પસાર કર્યુ. ગૃહમાં સર્વાનુમતે જે કામ થાય છે અને બહાર મિડિયામાં જઈને નિવેદન, વાર્તા માંડી, જે પ્રજાને ગેરમાર્ગે દોરવાના પ્રયત્નો કર્યા છે. મને એવું લાગે છે કે, ગૃહમાં વિપક્ષના નેતા પોતાની નિર્ણયની પરિપકવતામાં કયાંય કચાશ બતાવી રહ્યા છે? મારે એ પણ કહેવું છે કે, વાત કરે છે, નિર્ણય કરવાનો આવે છે ત્યારે નિર્ણય પણ કરે અને નિર્ણય કર્યા પછી બહાર જઈને બદલાઈ જાય છે, આ ના થાય એટલા માટે હું વિપક્ષના નેતાને વિનંતી કરું છું. ગરીબી હટાવવાની વાતો કરી, મારે રાજયના મુખ્યમંત્રીશ્રીને અને નાણામંત્રીશ્રીને એક સૂચન કરી મારી વાત પૂરી કરવા માગું છું. ઘર વિહોણા લોકો માટે ઘર બનાવવાની ડૉ.બાબા સાહેબ આંબેડકર યોજના કે સરદાર પટેલ આવાસ યોજના, ઘણી બધી યોજનાઓ છે, એમાં ૪૦,૦૦૦ની જોગવાઈ છે. મારું એક નમ્ર સૂચન છે કે, આ ૪૦,૦૦૦ની રકમમાં ઘટાડો ન કરીએ અને લાભાર્થીઓના શ્રમની રકમ વધારીને ૪૫,૦૦૦ થી ૫૦,૦૦૦ સુધી વધારીને પણ આ યોજનામાં કોઈ ઘટાડો ના થાય અને થયો હોય તો હું નાણામંત્રીશ્રી અને મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આ બાબતે ઘટતી કાર્યવાહી કરી ગરીબોની જે યોજનાઓ છે, એમાં કયાંય કોઈ કચાશ ન રહી જાય એનું ધ્યાન રાખશો. ભારત માતા કી જય.

**શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગઈ કાલે હું અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં ગયો હતો અને ત્યાં મેં એક બોર્ડ વાંચ્યું. બોર્ડ એવું હતું કે, "આ સરકારમાં ઋષિ અને કૃષિ જ, Soil to Satellite અને back to land તેમજ બીજી હરિયાળી ક્રાંતિનું નેતૃત્વ ગુજરાત લેશે અને રૂપિયા ૧,૮૦૦ કરોડના ખર્ચે ખેડૂતોને પાણી પહોંચાડવામાં આવશે અને પાંચ વર્ષમાં ખેડૂતોની આવક બમણી થશે" એવું બોર્ડ હતું. બોર્ડ કદાચ હમણાં જ લાગ્યું હશે, બે-ચાર દિવસ કે અઠવાડિયું થયું હશે, સારી વાત છે. ખેડૂતો આ દેશમાં અને ગુજરાતમાં, ૭૦ટકા દેશની જે આબાદી અને ગુજરાતની આબાદી છે એ દેશનું અને ગુજરાતનું આર્થિક પાસું છે, એમાં પણ ખેડૂતો જ છે. કારણ કે, ખેડૂતોના આર્થિક વિકાસ સાથે સાથે એને રોજીરોટી પણ આ ૭૦ ટકા ખેડૂતો દ્વારા મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે આર્થિક વિકાસની વાતો આગળ અમારા વિરોધ પક્ષના નેતાશ્રીએ કરી કે, ૨૦૦૨-૨૦૦૩માં ૧૦.૫ટકા ગુજરાતનો આર્થિક વિકાસનો દર હતો, ૨૦૦૩-૨૦૦૪માં ૧૫.૫ ટકા જેવો આર્થિક વિકાસ દર થયો છે પણ મારે કહવું છે કે, એમાં ખેડૂતોનો જે ભાગ છે, ખેડૂતોનો જે હિસ્સો છે. ખેડૂતોનું ઉત્પાદન જે વધ્યું છે એને આભારી છે. ગયા વર્ષે ૨૦૦૩-૨૦૦૪ માં જે ઉત્પાદન થયું છે, ખેડૂતોનો જે પાક થયો છે એ પાકના હિસાબે ડબલ ઉત્પાદન થયું એના હિસાબે આર્થિક વિકાસ દર વધ્યો છે, ગુજરાતનો આર્થિક વિકાસ દર વધ્યો છે એ ખેડૂતોને આભારી છે. ૧૮૦૦કરોડની સિંચાઈની અને બોરની વાત કરી કે ગુજરાતમાં, સૌરાષ્ટ્રમાં ૧૬ ટકા

પાણી છે એ આંકડા નાણામંત્રીશ્રીની બજેટ સ્પીચમાં પણ છે. ઉત્તર ગુજરાતમાં ૧૧ ટકા, કચ્છમાં બે ટકા, દક્ષિણ ગુજરાતમાં ૬૫ ટકા મારે આપને એ વાત કહેવી છે કે આ ટકાવારી પ્રમાણે સિંચાઈનું, પાણી પુરવઠાનું બજેટ ફાળવવામાં આવે છે એ બજેટનો ખર્ચ પણ જે વિસ્તારમાં પાણીનો સ્ત્રોત કે નર્મદા નદીનું પાણી આવવાનું નથી ત્યાં ચોકકસપણે આવતા વર્ષમાં આવરી લઈને ન્યાય મળે એવી કામગીરી કરવી જોઈએ. ગઈકાલે બે દિવસ પહેલાં વાત કરી ત્યારે મારી વાત પૂરી થઈ શકી નહોતી, નરોત્તમભાઈ નહોતા પણ ખેતતલાવડી, સિંચાઈ, પીવાનું પાણી અને જે કાંઈ કરવામાં આવે છે એ ખેડૂતના લાભાર્થે અને ખેડૂતોને આર્થિક પગભર કરવા માટે કરવામાં આવે છે. જુનાગઢ જિલ્લાના માળિયા તાલુકામાં ૧૯૮૬-૮૭માં મેઘલ નદી ઉપર ડેમ બન્યો છે. ગયા વર્ષે પરામર્શ સમિતિમાં નરોત્તમભાઈના અધ્યક્ષસ્થાને એક મિટિંગ કરેલ. નરોત્તમભાઈએ સારી વાત કરેલ. મેં કહ્યું ૧૯૮૬-૮૭નો આ ડૅમ છે. આ ડૅમને કારણે દસ ગામોને પીવાનું પાણી અને પાંચ ગામોને સિંચાઇનું પાણી મળે છે. માધાભાઈ બોરીચાનું ચોરવાડ ગામ છે, નગર પંચાયત છે. આ ગામમાં મેઘલ નદી ઉપર ડેમ છે. આ ડેમમાં દરવાજા દર વર્ષે રિપેર થાય છે. ૩૦-૪૦લાખ દર વર્ષે રિપેરીંગ ખર્ચ થાય છે. પાણી રહેતું નથી. નરોત્તમભાઈએ તરત જ કહ્યું બધા દરવાજા કાઢી નાખીએ. ટેકનિકલ રિપોર્ટ એવો આવ્યો કે ૪૪દરવાજા કાઢવા. ૬૨માંથી ૪૪ દરવાજા કાઢવાની વાત હતી. ગયા વર્ષે ટોટલ પાણી વહી ગયું હતું.ડેમ ખાલી થઈ ગયો છે.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી** : આપનું ધ્યાન દોરું છું કે વ્યકિતગત કેસની ચર્ચા ન થાય, પછી માગણી આવશે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : આ ખેડૂતોની, ખેડૂતોના સમર્થનની વાત કરું છું. ૧૦ ગામોની વાત છે. સમગ્ર વિસ્તારમાં પાણી મળે એ માટે કરોડો રૂપિયાની યોજના બને છે. ૧૦૦૦કરોડ રૂપિયા ત્વરિત સિંચાઈ યોજનામાં ભારત સરકારના મળ્યા છે, એ રકમ છૂટી થઈ ગઈ છે. સૌરાષ્ટ વિસ્તારનો કેટલો ભાગ? આ ૧૦૦ ટકા પાણીનો સ્ત્રોત છે. નાની સિંચાઈમાં ૩૭૫૦૦૦૦ મળશે. એને ન્યાય મળશે. કલ્પસર યોજનામાં આ વખતે એવી જાહેરાત હતી કે આ બજેટમાં ૫૦-૬૦ કરોડની જોગવાઈ થશે. હજી તો અહીં અંદાજ ચાલે છે. આપના દ્વારા સમગ્ર ગુજરાતના અને સૌરાષ્ટ્રના ખેડૂતો વતી વિનંતી કરું છું કે ૫૫૦૦૦કરોડની યોજના, નર્મદાથી પણ મોટી યોજના છે. આ યોજના ૨૦૧૮માં થાય તો એક પેઢી જતી રહેશે. આપના દ્વારા ગુજરાતના ખેડૂત અને જ્યાં ખાસ કરીને નર્મદાનું પાણી મળવાનું નથી એ સૌરાષ્ટ્રના ખેડૂતો વતી વિનંતી કરુંછું કે કલ્પસર યોજનામાં બજેટમાં જોગવાઈ કરી, વહેલાસર કામગીરી થાય. બાળગંગા યોજનાની જાહેરાત. જાહેરાતમાં પહેલો નંબર આવે છે. બાળગંગાનું નામ બજેટમાં નથી.

સહકારી મંડળીની વાત કરે છે.૧૯૯૭માં આત્મારામભાઈ પટેલના નેજા નીચે વાત થયેલી અત્યારે સહકારી મંડળીના ગળે ટૂંપો લાગ્યો છે. રાજય સહકારી બેંકમાં અમિત શાહ ડાયરેકટર હતા, હું પણ છું.ચૂંટણી હતી, તેની સામે નાનાં એવાં કારણોસર સ્ટે લાવ્યા, સી.બી. ભટ્ટ સાહેબ. જૂનાગઢ ડિસ્ટ્રિક બૅન્કનું સહકારીકરણના બદલે જે રાજકારણ પ્રવેશ કરે છે, સભ્યપદ માટેની લડાઈ કરે અને જિલ્લાની બૅન્કના પ્રમુખનું સભ્યપદ રદ કર્યુ છે. આ તો લાંછનરૂપ છે, સહકારી કાયદામાં અને આજની તારીખે ૨૦૦૧ માં સમિતિ બની હતી, જે અભરાઈએ ચડી ગઈ છે. સહકારી કાયદામાં હસ્તક્ષેપ ન થાય તેવી વાત કરવા માગું છું.

કાયદો અને વ્યવસ્થાની વાતની અંદર હું નાની એવી વાત કરું તો જૂનાગઢ જિલ્લાની અંદર વેરાવળ તાલુકાની અંદર ૨૬-૭-૨૦૦૪ ના રોજ તાલુકા પંચાયતની એક સભામાં મીટિંગમાં હતો. નાની એવી છેડતીના પ્રસંગમાંથી કોમી હુલ્લડ ફાટી નીકળ્યું અને એનું પરિણામ એ આવ્યું કે ત્રણનાં મૃત્યુ થયાં. ૧૦૦-૧૫૦ ખોટા-સાચા માણસોને ૩૦૨ માં ફીટ કરી દીધા. પોલીસનો ગોળીબાર થયો છે, મેં જાતે જઈને જોયું છે. કોઈના ઘરમાં જઈને ગોળીબાર કર્યો છે, તેની તપાસ માટે અમે ઉપવાસ આંદોલન કર્યુ છે. ગવર્નરશ્રીને કહ્યું છે, આપને કહેવા માગું છું કે ન્યાયિક તપાસનો રિપોર્ટ ડેપ્યુટી કલકેટરને સોંપ્યો છે. ન્યાયિક તપાસ થાય.

**શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૨૦૦૫-૨૦૦૬ નું જે બજેટ લઈને આવ્યા છે, એને સમર્થન આપવા માટે ઊભો થયો છું. સમર્થનની સાથે સાથે માનનીય મંત્રીશ્રીને અને સરકારને અભિનંદન આપવા માગું છું. અભિનંદન એટલા માટે નહિ કે ૧૧ મી વખત બજેટ રજૂ કર્યુ છે, પણ એમણે જે રીતે સતત ૧૯૯૫ પછી જે ગુજરાતનું અર્થતંત્ર છે એનું સુવ્યવસ્થિત રીતે આયોજન કરીને ગુજરાતમાં આર્થિક, સામાજિક અને ઔધોગિક વિકાસ કેવી રીતે થાય એ દિશામાં સતત ૧૧મી વખત બજેટ રજૂ કરીને આયોજન સુવ્યવસ્થિત રીતે કર્યુ છે, એટલા માટે અભિનંદન આપું છું.

મુરબ્બીશ્રી વિરોધ પક્ષના નેતા ગૃહમાં નથી, પણ આ સરકાર ૧૯૯૫ માં આવ્યા પછી, ૧૯૯૫-૯૬ થી હું સાક્ષી છું. આજ સુધીનું બજેટ અને કોંગ્રેસનું બજેટ જોઈશું તો, ૧૯૯૫-૯૬ પછીનું ભારતીય જનતા પાર્ટીનું બજેટ જોઈશું તો મૂળભૂત તફાવત સ્પષ્ટ રીતે દેખાશે કે એમના શાસનમાં એક પણ એવું બજેટ નહોતું કે પ્રજા ઉપર ટેક્સેશન ન આવ્યું હોય. આ શાસનમાં એક પણ બજેટ એવું નથી કે ગુજરાતની પ્રજા ઉપર ટેક્સ નાખ્યો હોય. આ મૂળભૂત તફાવતની ગુજરાતની પ્રજા અને સભ્યોએ નોંધ લેવા જેવી છે. એક પણ ટેક્સેસનનું ભારણ આપ્યા સિવાય ગુજરાતનો આટલો બધો વિકાસ. હિન્દુસ્તાનના કોઈપણ રાજયમાં જોઈએ તો ગુજરાતની અંદર

જ આયોજન પંચે ૨૫૦૦ કરોડ, ૨૯ ટકા જેટલો વધારો આપ્યો. એમને એમ આયોજન પંચ વધારો નથી આપી દેતું. ૧૯૯૫-૯૬ થી આજ સુધી દર વર્ષે ૬૫૦૦ કરોડ યોજના, પછી દર વર્ષે ૬૫૦૦, ૭૦૦૦, ૭૨૦૦, ૭૫૦૦, ૭૮૦૦ કરોડ આજે ૧૧૦૦૦ કરોડ ઉપર આ યોજના લાવીને મૂકી દીધી છે. આયોજન પંચે જે કામગીરી બિરદાવી છે, એ કામગીરીને બિરદાવવાના બદલે સામે પક્ષે વિરોધ પક્ષના નેતાનું એકેએક મુદા ઉપરનું હું એમનું પ્રવચન બહુ શાંતિથી સાંભળતો હતો. એક પણ મુદામાં ગુજરાતના વિકાસની વાત નથી કરી. ગુજરાતમાં જે કામગીરી થઈ છે. ગુજરાતની નર્મદા યોજના આમાં મને કહેવા દો જે અશક્ય, ઈમ્પોસીબલ હતું કે નેવાનાં પાણી મોભે ચડાવ્યાં છે. ડો. જોષિયારાને કહું છું કદાચ ભીલોડાને આજે પાણી નહિ મળ્યું હોય, નર્મદાના ઓરિજિનલ પ્લાનમાં નહોતું, છતાં ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જે પાઈપલાઈન દ્વારા પાણી આપવાનું. ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં આજે વધારેમાં વધારે મુશ્કેલી પડતી હોય તો તે પીવાના પાણીની હોય, ખેતીની હોય કે ઉર્જાની હોય તે ખેડૂતોએ સહન કરવી પડે છે. તેનો કાયમી ઉકેલ કોઈએ પણ શોધ્યો હોય તો તે ભારતીય જનતા પાર્ટીની સરકારે શોધ્યો છે. નેવાના પાણી મોભે ચડાવ્યા છે.નર્મદા ડેમથી ઉત્તર ગુજરાતની સપાટી કેટલી છે? આપ સાહેબ તો મારા કરતાં વધારે અભ્યાસુ છો. ૪૫૦ ફૂટની ઊંચાઈએ આવેલા વિસ્તારને નર્મદાનું પાણી કેનાલ દ્વારા, પાઈપ લાઈન દ્વારા પાણી આપવાની વાત કરી છે. તે અદ્વિતીય કામગીરી છે અને તે કામગીરીના કારણે ઉત્તર ગુજરાતના ખેડૂતોની ભલે થોડીક મુસીબત વધે પણ સંપૂર્ણ પૂર્ણ થાય ત્યાં સુધી અને આનું પહેલાં ફેઝનું કામ પૂર્ણ થયું છે. આ કોઈ લોલીપોપ આપવાની વાત નથી, હથેળીમાં ચાંદ બતાવવાની વાત નથી. ઉત્તર ગુજરાતને પાણી આપના વિસ્તાર માણસા લોદરા થઈ ધરોઈમાં પ્રથમ ફેઝનું પડી ગયું છે. તેના કારણે ખેડૂતોમાં વિશ્વાસ બેઠો છે. બીજા ફેઝની કામગીરી ગુહાઈ હાથમતી અમારા વિસ્તારમાં પાઈપ લાઈન દ્વારા નાંખવાની વાત છે. બનાસકાંઠા સુધી નાંખવાની વાત છે. બનાસકાંઠાને પાણી આપવાની વાત છે. તેના ટેન્ડરો નીકળી ગયાં છે. આ ૨૫૦૬ કરોડ રૂપિયાની યોજના ભારતીય જનતા પાર્ટીની સરકારની છે. તેના કામ શરૂ થઈ ગયાં છે, માત્ર પાણી વાત. આપવાની વાત નથી. એક ફેઝનું કામ પૂર્ણ થયું છે અને પાણી મળતું થઈ ગયું છે. બીજા ફેઝનું હાથમતી ગુહાઈ તેના ટેન્ડરોની વાત નથી પણ કામ ચાલુ થઈ ગયાં છે. આ કામ સીધું તેમને દેખાતું નથી.

ઉર્જાની વાત કરી. મને ખબર છે ૧૯૯૫-૯૬ માં શું પરિસ્થિતિ હતી. આજે સાહેબ ૭૨૦૦ કરતાં વધારે ગામડાઓને જયોતિગ્રામ હેઠળ ચોવીસ કલાક વીજળી આપી શક્યા છીએ, બાકીના ગામોમાં આ વર્ષના અંત સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્યાંક છે. આ વાત સાહેબ તેમને નજરમાં આવતી નથી, સારી કામગીરી છે. ગુજરાતમાં કામ થયાં છે, જયારે આયોજન પંચે પણ ગુજરાત સરકારને અનેક કાર્યો માટે અભિનંદન આપ્યાં છે. સુજલામ્ સુફલામ્‌ની વાત હોય ૬૨૩૭ કરોડ રૂપિયાની યોજના હોય ત્યારે એક જ પ્રશ્ન કહેવાનું મન થાય કે એમણે ગયા વખતે બજેટ વખતે બે દિવસ પહેલાં કેન્દ્રના એક મંત્રીશ્રીને અભિનંદન આપ્યા કપાસના ભાવો બાબતે. આજે ગુજરાતની સુજલામ્ સુફલામ્ યોજના કે જેનાથી આખા ગુજરાતના દસ જિલ્લાઓના ખેડૂતોને લાભ થવાનો છે તે યોજના અગાઉ રમણભાઈ, માનનીય સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રીએ વાત કરી હતી. જાહેર સભામાં એમ બોલે કે એન.ડી.એ. સરકારે બાજપાઈની સરકારે ૬૨૩૭ કરોડ જે સુજલામ્ સુફલામ્‌ના મંજૂર કરેલા તે યોજનાને યુ.પી.એ. સરકારમાંથી એક નયો પૈસો ગુજરાતને નહીં આપવા દઉ. આમ વિરોધપક્ષના નેતાશ્રી ગુજરાતનું મોટામાં મોટું અહિત કરી રહ્યા છે. આ અંગે શું કહેવાનું? ગુજરાતના ખેડૂતો માટે આ એક જાહેર સભામાં બોલાયેલા શબ્દો છે. આ વાસ્તવિક હકીકત છે. આટલી કામગીરી થતી હોવા છતાં અમારા વિસ્તારમાંથી ચૂંટાયેલા સંસદ સભ્યશ્રી આવીને જાહેર સભામાં લોકોને એમ કહે કે આ ભાજપવાળા બધા ગપ્પાં મારે છે. એક ફૂટની પાઈપ લાઈન નાંખવાના નથી. એનાથી બીજી કમનસીબી આપણી બીજી શું હોઈ શકે? આજે સાહેબ પાણી ધરોઈમાં પડી રહ્યાં છે. તેમ છતાં એમ કહે કે આ બધુ બોગસ છે આ ભાજપવાળા કશું કરતા નથી, માત્ર વાતો કરવાના છે. આ ગુજરાતને કયાં લઈ જવા માગીએ છીએ? ગુજરાતનું હિત અને પ્રગતિ જોઈએ તો સારાં સૂચનો કરો. એમણે એમ કહેવું જોઈએ કે વધારેમાં વધારે પાણી સિંચાઈ વગરના વિસ્તારોને કઈ રીતે સિંચાઈમાં આવરી લઈ શકાય. વધારેમાં વધારે ઊર્જા કેવી રીતે આપી શકાય એ અંગેના સૂચનો કરવાં જોઈએ, પણ માત્ર નકારાત્મક વાતો કરે છે.

માનનીય ગોવાભાઈ, મારે એક વાત કરવી છે કે, કુછ કરનેકા અહેસાસ દિખાઓ, અપના ખોયા હુઆ વિશ્વાસ જગાઓ, કલિયા ભી ખીલ ઉઠેગી તમન્નાઓકી, કલિયા ભી ખીલ ઉઠેગી તમન્નાઓકી, દિલકો કુશ કરનેકા અહેસાસ દિખાઓ. મિત્રો, કંઈક કરવું છે આપણા ગુજરાત માટે. આપણે બધા ભેગા થયા છીએ ત્યારે માત્ર આવી નકારાત્મક વાતો કરવી એ બરાબર નથી, કશું જ નથી થયું? ગુજરાતમાં માત્ર ગરીબોના નામે વાતો થઈ, વીસ મુદ્દાના નામે વાતો થઈ, વીસ મુદ્દામાં ગુજરાત ભારત સરકારના નોમ્સ મુજબ ત્રણ ત્રણ વખત પ્રથમ સ્થાને આવે અને તમે કહો કે ગરીબીના નામે કશું થયું નથી, આ કેટલા અંશે વાજબી છે? મિત્રો, આનાથી આપ શું સિદ્ધ કરવા માગો છો? સાચું હોય એ તો સાચું જ રહે છે. માનનીય ગોવાભાઈ, મને કહેવા દો કે, આ દુનિયા એવી છેને તમે બહુ સારું બોલશો એટલે ભાઈ, તમને પ્રમોશન નથી મળી જવાનું, મારી વાત તો સાંભળો, માનનીય પુંજાભાઈ, પ્લીઝ, મારી વાત સાંભળો, આ તો વાસ્તવિક હકીકત છે મને કહેવા દો, અને

સાચુ તો અમે સ્વીકારીએ છીએ અને ગઈ કાલે જ મેં કહ્યું હતું કે, આટલા મોટા વિશાળ તંત્રના વહીવટમાં ક્યાંક ભૂલ થઈ હશે, ક્યાંક ક્ષતિ થઈ હશે પણ આ સરકાર વિશે, માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી મારે આ સન્માનનીય ગૃહને વાત કરવી છે કે, આપણે એક કર્મયોગી અભિયાન શરૂ કર્યુ (સમયસૂચક ઘંટડી), માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વાત હૈદરાબાદની પણ કરવી છે, મને બે મિનિટ બોલવા દો.

**અધ્યક્ષશ્રી** : નો, નો. માનનીય ગોવાભાઈ, આપ બોલો.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રીએ જે બજૅટ રજૂ કર્યુ છે, જેમાં આ ગુજરાતના બક્ષીપંચ, પછાત વર્ગો, એસ.સી., એસ. ટી. કે ખેડૂત લક્ષી કોઈપણ યોજના એમને સીધો ફાયદો થાય તેવી મને દેખાતી નથી માટે હું આ બજૅટ સાથે સહમત થઈ શકતો નથી, પણ મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગત બજૅટની અંદર પણ ખૂબ પાટલીઓ થપથપાવી હતી, એમણે સુજલામ્ સુફલામ્ યોજનાની વાત કરી હતી, એમાં અમે સહમત થયા હતા કે આ સુજલામ્ સુફલામ્ યોજના સારી છે પણ એક વર્ષમાં લગભગ ૨૩૦૦ કરોડ રૂપિયા ખર્ચવાની વાત કરી હતી, પણ એમણે કેટલા ખર્ચ્યા? આ હાઉસમાં પાટલીઓ થપથપાવીને વાત કરી હતી એટલે વાત કરું છું, ઉત્તર ગુજરાતના લોકોને ખુશ કરવા માટે નહીં, પણ આ યોજનામાં અમે સમર્થન આપ્યું હતું કે સુજલામ્ સુફલામ્ યોજના ઉત્તર ગુજરાતના લોકો માટેની જીવાદોરી સમી છે, એને જલદી પૂરી કરો, આપે કમિટમૅન્ટ કર્યુ હતું કે ૨૩૦૦ કરોડ જેટલી રકમ ખર્ચવામાં આવશે, બે વર્ષમાં પરિપૂર્ણ કરવામાં આવશે, પચાસ ટકા જેટલી રકમ પણખર્ચી નથી, માત્રને માત્ર આંકડાંની માયાજાળ અને બજૅટમાં આંકડા બતાવીને ગુજરાતની જનતાને ખુશ કરવાનું મૂકીને વાસ્તવિકતા ઉપર આવો.

માનનીય અધ્યક્ષશ્રી, જે કંઈ કર રાજયમાં આવે છે અને એટલું બધું દેવું ચડયે જાય છે, ચડયે જાય છે કે કરના જે પૈસા આવે છે એમાંના મોટાભાગના તો વ્યાજમાં જતા રહે છે, ખાલી આમથી તેમ આંકડા બેસતા કરો છો, બાકી મોટાભાગની રકમ, આ જે કરની રકમ છે એ તો વ્યાજમાં જતી રહે છે. લોન આધારિત જે યોજનાઓ મૂકી છે, એના અંદાજો મૂકો છો, એની અંદર એ લોનની આધીપાછી થવાથી એના અંદાજો વધી જાય છે અને એને લીધે કામો પણ ખોરંભે પડે છે. આકરા સ્વભાવને કારણે બહાર જઈએ છીએ ત્યારે કૂકવા કરે છે લોકોને જોઈને અહીં મોટેથી બોલી જવાય છે, બાકી તો બોલવું નહોતું.

માનનીય અધ્યક્ષશ્રી, ગત વર્ષના બજૅટની અંદર મારા ડીસાની વાત કરું તો બટાટાનો મોટો પ્રોજૅકટ મૂકવાની અહીં જાહેરાત કરી હતી પણ પરમ દિવસે હું ડીસા ગયો એટલે બટાટાવાળા ભેગા થયા અને મને કહેવા લાગ્યા કે, ગોવાભાઈ, આ સરકારનું એક વર્ષ તો પૂરું થયું અને બીજું પણ બજૅટ આવ્યું, અમારા બટાટાવાળો પ્રોજૅકટ કયાં ગયો? અમે તો કોલ્ડસ્ટોરેજમાં બટાટા ભરી ભરીને દેવાદાર થઈ ગયા છીએ.

ડીસામાં-બનાસકાંઠામાં બટાકા કોઈ વેચતા નહીં મોટો ઈન્ટરનૈશનલ પ્રોજેકટ આવશે, કરોડોના ખર્ચે પ્રોજેકટ આવશે, ખેડૂતો હજુ રડે છે. એમણે બટાકા ન વેચ્યા અને ભાવો ઘટી ગયા અને ખેડૂતો આજે કંગાળ થઈ ગયા એની જવાબદારી કોની? આજે એનું નામ-નિશાન નથી. માત્રને માત્ર કાગળની માયાજાળમાં અને જાહેરાતની મોટી લ્હાણી કરવામાં ખેડૂતોને શા માટે મારી નાંખો છો? આપણે જે અહીંયા હાઉસમાં બોલીએ છીએ એના ઉપર ખેડૂતો વિશ્વાસ મૂકે છે કે આ સરકારે જાહેરાત કરી છે એટલે એનું પરિણામ આવશે અને એમાંથી કંઈક કમાઈશું, આ બધી જ જાહેરાતો ઠગારી નીકળી છે એટલે ખેડૂતો કૂકિયા રાડ પાડે છે. મારે શું જવાબ આપવો એ મુસીબત છે.

રાહતોની જાહેરાત કરી ત્યારે મને એમ હતું કે, માનનીય નાણામંત્રીશ્રી અગિયાર-અગિયાર વખતથી બજૅટ રજૂ કરે છે અને ખેડૂત પુત્ર છે, રૂરલ એરિયામાં રહે છે એ બધી પરિસ્થિતિથી વાકેફ હશે, પરંતુ ખેડૂતો ઉપર ટ્રેકટરનો ટેકસ એમણે જ નાંખેલો છે એ કમી કર્યો હોત તો ખુશી થાત. એટલું જ નહીં પણ જે ખાતર બને છે ખેડૂતો માટે એની ફેકટરી ગુજરાતમાં છે. એનું ઉત્પાદન ગુજરાતમાં થાય છે અને રાજસ્થાનમાં એક બેગે ૧૫ થી ૨૦ રૂપિયા આપણા કરતાં ઓછા ભાવે ત્યાંના ખેડૂતોને ખાતર મળે છે. ડિઝલની વાત કરું તો ડિઝલની વાત આવે એટલે ભારત સરકારને વચ્ચે લાવીને મૂકી દે છે. આ બાજુ રાજસ્થાન છે ત્યાં પર લિટરે ૧.૫૦ પૈસા ઓછા છે. આ તમારો જ કરેલ વધારો છે. ૧૯૯૫માં ૭ રૂપિયા હતા, તમારી એન.ડી.એ.નો સમય પૂરો થયો એ વખતે ૩૨ રૂપિયા હતા. વધારાની કોઈ હદ હોય, વધારો અમને વાંધો નથી પણ એની સાથે ખેડૂતો જીવતા રહે એ માટે ખેડૂતોની ખેત પેદાશોના ભાવ પણ વધારો. ગયા વર્ષમાં ૯ હજાર કરોડના ૨૧ હજાર કરોડ ખેડૂતોની આવક થઈ હતી અને પાટલીઓ થપથપાવી હતી. કુદરતની દેન હતી કે ૯ હજાર કરોડનું ૨૧ હજાર કરોડ જેટલું ઉત્પાદન થયું હતું. આજે ખેડૂતો માટે કુદરતની દેન છે કે ખેડૂતોનું બધું બળીને ખાખ થઈ ગયું છે હીમ પડયું એટલે. ખેડૂતો માથે હાથ દઈને રડે છે, આ સરકારને યાદ કરે છે કે અમારા માટે કંઈ પણ તમને રહેમ-દયા હોય, અહીંયા બેઠેલા કોઈના લોહીમાં જરા પણ ખેડૂતોની વાત હોય તો આજે ખેડૂત મરી રહ્યો છે, ત્યારે એના માટે જાહેરાત કરો કે અમે સરકાર તરફથી ખેડૂતો માટે આટલું આપીશું. ખેતરોમાં રાખ ઉડી રહી છે, ખેતરો કાળાભઠ્ઠ થઈ ગયા છે. નરોતમભાઈ, આપ તો જાણો છો. દિલ્હીની વાત દિલ્હીમાં રહી. દિલ્હીવાળાને

આપવું હોય એ આપે. ન આપે તો કંઈ નહીં. માત્રને માત્ર ગુજરાત સરકાર શું કરવા માગે છે? ગુજરાત સરકાર શું આપવા માગે છે? જે ખેડૂતોના મત લઈને બેઠેલી સરકાર છે, ખેડૂતોનો તમામનો સાથ લઈને બેઠેલી સરકાર છે ત્યારે તમે શું કરવા માગો છો એ ખુલ્લું કરો. આ કુદરતી આફત છે તમે બીજા ઉપર નહીં નાખો, વાસ્તવિકતા છે એ નરોતમભાઈ, સ્વીકારો.

વીજળીનો કર તમે અત્યારે ઓછો કર્યો છે, પણ આગળની સરકારે ૨૦૦ યુનિટ સુધીનું ફ્રી કર્યું હતું, ૬ ૨ વપરાશની લાઈટમાં અને એમ કહ્યું હતું કે, આ બિલની બચતમાં તમારી દિકરીઓને ભણાવજો કારણ કે એને ગણવેશ જોઈએ, પ્રાઈવેટ શાળાઓમાં ફી આપવી પડે માટે આ બચતમાંથી ભણાવજો. એટલે આ ગરીબ માણસના દિકરા-દિકરી ભણી શકે એ માટે આ કર્યું હતું. આવી કોઈ સ્કીમ લઈને આવો. મોટી ફાઈવસ્ટારના ભાવ ઘટાડવાથી, મોટા ઉદ્યોગપતિઓ માટે ભાવો ઘટાડવાથી આમજનતાને ફાયદો નથી થતો.

૨૪ કલાક વીજળી કરી, જયોતિગ્રામ યોજના બનાવી પણ આપ સૌ જાણો છો કે, અત્યારે ગામડામાં સુથાર, લુહાર અને પ્રજાપતિ આ ત્રણ કારીગર વર્ગ હતો એમાંથી કોઈ બાકી રહ્યા છે? ટ્રેકટરો આવ્યા એટલે લુહાર અને સુથારનો ધંધો બંધ થઈ ગયો. સ્ટીલ અને અન્ય ધાતુના વાસણો અને પ્લાસ્ટીક આવી ગયું એટલે પ્રજાપતિનો ધંધો પણ બંધ થઈ ગયો. હવે કયો કારીગર ગામમાં કામ કરવાનો છે કે જેથી એને રોજી મળે? કોઈને રોજી નથી મળવાની. એના માટે નકકર કોઈ યોજના લાવો અને ગરીબ માણસને રોજી મળે એવું કંઈક કરો. આજે ખેડૂતો ૮૦ ટકા ખેતરોમાં રહે છે એને કમસેકમ ૩ કલાક સીંગલ ફૈઝ લાઈટ આપો તો એના છોકરા ભણી શકે અને તમારા છોકરાની જોડે નહીં તો બાજુમાં, સાઈડમાં બેસી શકે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી ૨૦૦૪-૦૫ ની સાલનું કરવેરા વિનાનું બજેટ લઈને આવ્યા છે, એમાં હું મારો સુર પૂરાવવા ઉભો થયો છું.

માગણીઓ પરની ચર્ચામાં બજેટમાં ઘણા બધા મિત્રો બોલતા હતા કે ગુજરાત રાજ્યની પ્રગતિ કોને કહેવાય? ૧૯૯૫થી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી, આ સરકારે એકજ વિચાર કર્યો છે. ગુજરાતની પ્રગતિ કરવી હોય, ગુજરાતના માનવીની પ્રગતિ કરવી હોય તો પહેલાં શિક્ષણક્ષેત્રે પ્રગતિ કરવી જોઈએ. આ શિક્ષણ ક્ષેત્ર એવું છે કે લોકોની પ્રગતિ કરવા માટેનો પહેલો પાયો છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતની અંદર ગામડાના બાળકોને શિક્ષણ આપવા માટેની સુવિધા નહોતી એ પૂર્ણ કરવા માટેનો પહેલો પાયો નાંખ્યો, શાળાના ઓરડા બનાવ્યા, લાખ્ખો શિક્ષકોની ભરતી કરી અને આ બાળકોને શિક્ષણ આપવાનો અને ગુજરાત સરકારને સમૃદ્ધ બનાવવા માટેનો પ્રયત્ન કરી પ્રગતિ કરી, રાજ્ય સરકારે વિચાર કર્યો કે પૈસા બચાવવા માટે શું કરવું જોઈએ, આ મિત્રો બોલતા હતા પણ ૧૯૯૫ પહેલાં જો કોઈપણ યોજના હોય, સિંચાઈની યોજના હોય, પાણી પુરવઠાની યોજના હોય કે માર્ગ અને મકાનની યોજના હોય એના જે એસ.ઓ.આર. મુજબ ટેન્ડર બહાર પાડવામાં આવતા હતા ૧૯૯૫ પહેલાં જે યોજનાના એસ. ઓ. આર. ૧૦૦ રૂપિયા હોય એના ટેન્ડર ૧૭૫ અને ૨૦૦ રૂપિયા સુધી ભરવામાં આવતાં હતાં, આ રાજ્ય સરકાર આવ્યા પછી ૧૯૯૫ પછી આમાં એણે પહેલા મહેનત કરી કે જે ભાવો રાજ્ય સરકાર એસ. ઓ. આર. ના નક્કી કરે છે, એનાથી અંદર ટેન્ડર આવવા જોઈએ જે ઉપરના પૈસા હતા એને બચાવવા માટેના પ્રયત્નો કર્યા, બીજા પ્રયત્નો કર્યા ગ્રામ વિકાસના ગામડાઓની અંદર રસ્તા નહોતા, પાણીની યોજનાઓ નહોતી, શાળાના ઓરડા નહોતા, કોમ્યુનિટી હોલ નહોતા, આંગણવાડીના મકાનો નહોતા, પંચાયત ઘર નહોતા, આ તમામ યોજનાઓ પૂર્ણ કરવા માટે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે પ્રયત્નો કર્યા, ગામડાઓની અંદર કેવી પરિસ્થિતિ હતી, આ મિત્રો પણ જાણે છે. એક કહેવત છે જ્યારે આપણે દીકરાને પરણાવવા માટે જઈએ ત્યારે માંડવાવાળા જે કન્યાપક્ષવાળા હોય એ વરરાજા માટેના ફટાણા દેતા હોય છે, વરરાજાને ગમતું હોય કારણકે દીકરીનો જમાઈ ઘરવાળો હોય છે, પણ છતાંય એક રીતરિવાજ મુજબ ફટાણા દેવાની ગામડામાં એક પરંપરા ચાલી આવે છે એટલે આ મિત્રો અમે લોન્જમાં બેસી જ્યારે નાસ્તો કરતા હોઈએ ત્યારે કહે છે કે અમારા વખતમાં રસ્તા નહોતા, વીજળી નહોતી, પાણીની યોજનાઓ નહોતી, ખરેખર આ ભારતીય જનતા પાર્ટીની સરકારે સારી કામગીરી કરી છે. હમણાં ગોવાભાઈ બોલતા હતા, ઉત્તર ગુજરાતની અંદર ક્ષારવાળું પાણી પીવાના કારણે ઉત્તર ગુજરાતના યુવાનોની શું દશા હતી? ઉત્તર ગુજરાતના લોકોને ખબર છે એ યુવાનોને સવારે ઉઠવું હોય તો રાંઢવું પકડવું પડતું હતું, હાડકાં ગળી જતાં હતાં ત્યારે આ મિત્રોને યાદ નહોતું કે આ યુવાનો આપણા પાંગળા થઈ રહ્યા છે. આ ૧૯૯૫માં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી એને યાદ આવ્યું કે ઉત્તર ગુજરાતના યુવાનો પાંગળા થઈ જાય છે, પીવાનું પાણી ફલોરાઈડવાળું બંધ કરાવવું જોઈએ. નર્મદાનું પાણી ઉત્તર ગુજરાતને આ સરકારે આપ્યું, એના પછીના ખેતી માટે પ્રયત્નો કર્યા, અગાઉ વર્ષો પહેલાંઆપણા ગામડાના પાદરમાંથી બારમાસી નદીઓ નીકળતી હતી. ઉનાળામાં પણ નદીઓમાં પાણી વહેતાં હતાં, ૫૦ વર્ષ પછી નદીઓમાં પાણી જોવા મળતાં નહોતાં આ નદીઓને બારમાસી કરવાના પ્રયત્નો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યા છે. ગામડાની અંદર નદીઓ પર ચેકડેમ બાંધ્યા, નર્મદાના પાણી નદીઓમાં વહેવડાવી અને આ નદીઓને બારમાસી કરવાના પ્રયત્નો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યા, ગામડાની ખેતીને આબાદ કરવા માટે કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરી, કિસાન ક્રેડિટ કાર્ડ

આપ્યાં, કિસાનોની જમીનની ચકાસણી કરવા માટેના સોઈલ કાર્ડ આપ્યાં, ભારતીય જનતા પાર્ટીની સરકારે આ વિચાર્યુ. ગામડું અને ખેતી જો આબાદ હશે તો આ રાજય પણ આબાદ થઈ શકે.

પાણી પુરવઠા યોજના હમણાં મિત્રો બજેટની વાત કરતા હતા એક ટૂંકો દાખલો દેવા માગું છું ૧૯૮૦ થી ૧૯૯૪ સુધી ગોવાભાઈ સાંભળજો, ૧૪ વર્ષ પાણી પુરવઠાની અંદર ૨૩૭૮ કરોડનું કોંગ્રેસની સરકારે બજેટ ફાળવ્યું હતું, તેની સામે ૯ વર્ષની અંદર ૧૯૯૫ થી ૨૦૦૪ સુધીમાં ૮૨૮૮ કરોડ રુપિયા પાણી પુરવઠા માટે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ફાળવ્યા છે. આ કોંગ્રેસની સરકારે બજેટ ફાળવ્યું હતું. આ ૧૪ વર્ષમાં ૧૯૮૮ થી ૧૯૯૪ સુધી ગટર યોજનામાં ૩૩૭૪ કરોડ, તેને પીવાના પાણીમાં રસ નહોતો. ગટરની યોજનામાં રસ હતો અને પાણી પુરવઠા કરતાં ડબલ રુપિયા ગટર યોજનામાં ફાળવ્યા હતા.

હમણાં કાયદો અને વ્યવસ્થાની વાત કરવામાં આવી હતી જે આપણા વિરોધ પક્ષના નેતા છે તે એવા વિસ્તારમાંથી આવે છે કે જ્યાં ગુંડાગીરીનું રાજય હતું. ત્યાંના ભૂતપૂર્વ ધારાસભ્ય અને માજી મંત્રી શ્રી વિજયદાસ મહંત એક વખતના આ સરકારની અંદર મંત્રી હતા, પાછા તેને આશ્રમમાં બેસી જવું પડયું હતું એવી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પોરબંદરમાં હતી. આ ગુજરાતમાં પોરબંદર એક એવો જિલ્લો હતો કે જ્યાં ગુંડાઓનું રાજ હતું, નહીં કે ગુજરાત સરકારનું. આ ગુંડાઓને નાબૂદ કરવા માટે ભારતીય જનતા પાર્ટીએ, પછી અમદાવાદના લતીફ હોય કે ગુજરાત કે સૌરાષ્ટ્રમાં આ જે ગુંડાઓ હતાં તેનો સફાયો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો.

વીજળીના પ્રશ્નો જ્યોતિ ગ્રામ યોજના આજે આપણં ઊર્જા મંત્રીશ્રીએ જાહેરાત કરી કે ગામડાંના ખેડૂતોના પૈસા ના હોવાને કારણે ખેતીવાડીના કનેકશન કપાઈ ગયાં હતાં, ઘણાં નાના ઉદ્યોગોના બિલો ના ભરવાને કારણે કનેકશનો કપાઈ ગયાં હતાં. આ પી.ડી.સી. યોજના આજે લાવ્યા કે જે ખેડૂતોના પૈસા ન ભરવાને કારણે કનેકશનો કપાઈ ગયાં હોય એવા ખેડૂતોને રાહત આપી અને કનેકશનો ચાલુ કરવા માટેની આજે જ યોજના જાહેર કરી. નાના ઉદ્યોગકારો જે ઉદ્યોગો નબળા હોવાને કારણે પૈસા ન ભરી શકવાના કારણે કનેકશનો કપાઈ ગયાં આનું રિકનેકશન કરવા માટે યોજનાની આજે જાહેરાત કરી.

કોંગ્રેસવાળા ઉદ્યોગોને ભાંગવા માટેનું કામ સો ટકા કરે છે. એક જ દાખલો દેવા માંગુ છું આમાં કોંગ્રેસના મિત્રો મારી સાથે હતા, ખબર છે. કોંગ્રેસની સરકાર કેન્દ્રમાં આવતાં જ પહેલું કામ તેણે શું કર્યુ? ગુજરાતના સિરામિક ઉદ્યોગોને ભાંગવાનું પહેલું કામ કર્યુ હતું. ઈટાલી અને ચાઈનામાંથી સિરામિકનું તૈયાર મટિરિયલ લાવવા ઉપર ડ્યૂટી હતી, આ કોંગ્રેસની સરકારે પહેલાં ચરણમાં એક જ વ્યકિતને વગર ડ્યૂટીએ માલ આયાત કરવાની છૂટ આપી, કરોડો રુપિયા લઈને અને આ સિરામિક ઉદ્યોગને ભાંગવાના પ્રયત્નો કર્યા. આ ગુજરાતની સરકારે આ સિરામિક ઉદ્યોગોને ધમધમતો કરવા તેમજ ચાઈના અને ઈટાલીના સિરામિક ઉદ્યોગ સાથે ટકી રહે તે માટે ગેસની પાઈપ લાઈન આપવા માટેના પ્રયત્ન શરુ કર્યા. ગામડાંના ખેડૂતોની વાત કરે છે, મને યાદ છે ગઈ ધારાસભાની ચૂંટણીમાં કોંગ્રેસના મિત્રોએ બેનર બનાવ્યા હતાં અને તેમાં લખ્યુ હતું કે ખેડ, ખાતર, પાણી જોઈતું હોય તો કોંગ્રેસને મત આપો. તેને ખેડૂતને કઈ રીતે બચાવ્યા, તેને પાણી કઈ રીતે આપ્યું? મને યાદ છે જ્યારે હું રાજકારણમાં હતો પણ ધારાસભામાં નહોતો. કોંગ્રેસની સરકારમાં એક વખત એવુ બન્યું.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)**: માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં ૧૧ મી વખત બજેટ રજૂ કરવામાં સફળ રહેલા માનનીય નાણામંત્રીશ્રી સન ૨૦૦૫-૨૦૦૬ નું અંદાજપત્ર લઈને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહને ફરી વખત એ શબ્દો યાદ અપાવવા માગું છું કે કોઈપણ રાજયના સુશાસન માટે એના નાણાંની સુયોગ્ય વ્યવસ્થા એ પાયાનો સિધ્ધાંત છે. આ ચાણકયની સુયોગ્ય અર્થવ્યવસ્થાનો એક સ્લોગન છે. હું રાજયના નાણામંત્રીશ્રીને અભિનંદન આપવા માગું છું એટલા માટે કે આ સફળ નાણામંત્રીશ્રી સુયોગ્ય વ્યવસ્થા અમલમાં ઉતારનાર અને આંકડાની *(માયાજાળ) રચવા માટે ચોકકસ સફળ થયા છે.

**અધ્યક્ષશ્રી** : આ *'(માયાજાળ) એ શબ્દ અસંસદીય છે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આકંડાકીય સિધ્ધિ સાબિત કરવામાં માનનીય નાણામંત્રીશ્રી ચોકકસ સફળ થયા છે, પરંતુ મને દુ:ખ એ વાતનું છે કે નાણાંના વપરાશમાં એક *** લોભી વૃત્તિનાં કંજૂસાઈ નીતિનાં દર્શન થાય છે. હું આંકડા સાથે વાત કરવા માગું છું. (અંતરાય) હું એના માટે આંકડા સાથે માહિતી આપવા માગું છું

**શ્રી હરજીવન હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ **' (લોભી) શબ્દ પણ બરાબર નથી, એ પાછો ખેંચવો જોઈએ.

* **આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીએ અસંસદીય ઠરાવેલ છે.**

*** આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર પાછો ખેંચી લેવામાં આવ્યો છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય પરેશભાઈ, આપ જયારે બોલો ત્યારે શબ્દો ધ્યાન રાખીને બોલો. હું આ **'લોભી' શબ્દ જોઈને એ અંગે નિકાલ કરીશ.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ શબ્દ પાછા ખેંચી લઉં છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બચત શકિત, વિકાસ અને યોગ્ય ફાળવણીમાંથી પૂરતાં નાણાં નહીં ખર્ચવાનો પ્રયાસ આ વચ્ચે કોઈ તફાવત છે ખરો? માનનીય નાણાંમંત્રીશ્રી પુરાંતવાળું અંદાજપત્ર હોવાનો દાવો ચોકકસ કરે છે, પરંતુ આ પુરાંતવાળું બજેટ હોવાનો દાવો લોકશાહી રાજ વ્યવસ્થાને એક મૃતઃપ્રાય ફટકો મારવાનું સાબિત થવાનું છે. એટલા માટે કે બોર્ડ, કોરપોરશેન, સરકારી હોદ્દાઓ મંજૂર થયેલ મહેકમ અને યોજનાકીય ફાળવણીમાં જે ખર્ચ કરવાની વૃત્તિ છે, એનાથી લોકશાહીને ફટકો પડે છે. આપશ્રી મારફત હું માનનીય નાણાંમંત્રીશ્રીને પૂછવા માગું છું કે એક જ સો રૂપિયાની નોટ દરરોજ બતાવીએ, પરંતુ એને વાપરીએ નહીં તો શું થાય? બસ, એ જ પરિસ્થિતિનું પ્રતિબિંબ આજના બજેટમાં પડી રહયું છે એની થોડીક આંકડાકીય માહિતી આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટ ઉપર નજર કરતાં એક વાત ધ્યાન ઉપર આવી છે કે ગત વર્ષમાં સામાજીક સેવાઓ માટેનો અંદાજીત ખર્ચ હતો એની સરખામણીમાં આ ૨૦૦૫-૨૦૦૬ ના વર્ષમાં ૫૮૭.૯૧ કરોડ રૂપિયાનો ઘટાડો થવાનો અંદાજ છે, એટલેથી અટકતું નથી, પરંતુ છેલ્લા ૫ વર્ષના બિન વિકાસશીલ ખર્ચમાં ૪૯.૩૭ ટકા જેટલો વધારો થયો છે. આ રાજય ઉપર ૫૬ હજાર કરોડ કરતાં વધુ રકમનું દેવું છે. દરેક વ્યકિત ઉપર ૧૦ હજાર રૂપિયા કરતાં વધારે માથાદીઠ દેવું છે. આ દેવાના વ્યાજ પેટે જ ૩૫.૪૩ ટકા જેટલી આવક માત્ર વ્યાજ ચૂકવણી માટે ખર્ચાવાની સંભાવનાઓ આ બજેટમાં છે. આટલેથી અટકવાનું નથી. જુદી જુદી યોજનાઓના યોજનાકીય ખર્ચમાં પણ કાપ મૂકવામાં આવ્યો છે. આપની મારફત માનનીય નાણામંત્રીશ્રીનું ધ્યાન દોરું છું કે અમૃતધારા યોજનાની ગયા વર્ષના બજેટમાં જાહેરાત કરવામાં આવી હતી, બુદ્ધિસાગર યોજનાની જાહેરાત કરી હતી, પંચામૃત યોજના, ઈ-ગ્રામ યોજના, જયોતિગ્રામ યોજના, સુજલામ્ સુફલામ્ યોજના, વગેરેની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ એ યોજનાઓમાં જે નાણાંની ફાળવણી કરવામાં આવી હતી એની સામે ખરેખર નાણાકીય સિધ્ધિ કેટલી થઈ છે? આ સરકારી તંત્રમાંથી બિન અધિકૃત રીતે જાણેલા આંકડાઓ મુજબ અમૃત ધારા યોજનામાં એક રૂપિયાનો પણ આ રાજય સરકારે ખર્ચ કરેલ નથી. બુદ્ધિસાગર યોજનાની શું પરિસ્થિતિ છે? પંચવટી યોજનામાં શું સ્થિતિ છે? કયા ગામડાંમાં બગીચાઓ બની ગયા છે? ઈ-ગ્રામ યોજનામાં પણ લોકોએ ફાળો આપ્યો છે તેનાથી કમ્પ્યુટર વસાવવામાં આવ્યા છે. હું પૂછું છું આ રાજય સરકારના નાણા મંત્રીશ્રીને કે રાજય સરકારનો એક પણ રૂપિયાનો હિસ્સો એમાં છે ખરો? સુઝલામ્ સુફલામ્ યોજના બહુ સારી યોજના છે, અમારા મુરબ્બી ભાઈ શ્રી ગોવાભાઈએ કહ્યું કે ઉત્તર ગુજરાતની જનતાની જીવાદોરી સમાન આ યોજના છે. પણ એ યોજનામાં સરકારે જે નાણાંકીય જોગવાઈ કરી હતી તે ફાળવણીની સામે સમય મર્યાદામાં ચોક્કસ ખર્ચ થયો હોત તો જળસંપત્તિ મંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રીને જરૂર અભિનંદન આપત. સરકારી તંત્ર દ્વારા બિન અધિકૃત રીતે મળેલ આંકડા મુજબ મારું એવું માનવું છે કે માત્ર ૯૦ કરોડ રૂપિયાનો નાણાંકીય ખર્ચ આ યોજનામાં થયો છે. યોજનાઓની જાહેરાતો ચોક્કસ થાય, તેને સારા સારા નામો અપાય, અમને તેનો વાંધો નથી. યોજનામાં જે ફાળવણી કરીએ તેનો સો ટકા ખર્ચ પણ થાય તેની તકેદારી માનનીય નાણા મંત્રીશ્રીએ રાખી હોત તો વધુ સારું હતું.

છેલ્લે એ વાત પણ હું આપના મારફત સરકારશ્રીના ધ્યાન ઉપર મૂકવા માગતો હતો કે આજે જરૂરિયાત છે સસ્તા અને સરળ શિક્ષણની, આ બજેટમાં એવી કોઈ જોગવાઈ કરવામાં આવી નથી કે જેનાથી મારા નવ યુવાન વિદ્યાર્થી ભાઈ બહેનોને સસ્તુ શિક્ષણ મળી શકે, સરળ પદ્ધતિ અપનાવી શકે. હું આપના મારફત શિક્ષણ મંત્રીશ્રીને એટલું પૂછવા માગું છું કે ધોરણ ૮ અને ૧૧ના ચોપડાઓ ચાર ચાર મહિના મોડા માર્કેટમાં મૂકાયાં અને બ્લેક માર્કેટીંગની પદ્ધતિને પ્રોત્સાહન શા માટે આપવામાં આવ્યું?

સરળ વાહન વ્યવહાર એ પ્રજાની જરૂરિયાત છે. ભૂતકાળમાં જે ચાલતા હતા તેના કરતાં ૫૦ ટકા કરતાં વધુ રૂટ કાપી નાખવામાં આવ્યા છે. આજે ગામડાંને સરળ વાહન વ્યહારથી શહેર સાથે સાંકળવામાં આવી રહયા છે તેનાથી સુવિધા પણ પ્રાપ્ત થઈ રહી છે, ત્યારે આપણા સરકારી વાહન વ્યવહાર નિગમની શું પરિસ્થિતિ છે? આપણે બસમાં બોર્ડ લગાવ્યા છે કે "હાલોને આપણી બસમાં", પરંતુ હાથ ઉંચો કરીએ છીએ તો બસ એકાદ ગાઉએ ચોક્કસ ઉભી રહી જાય છે, પછી બસ કહે છે કે મારો ધક્કા ત્યારે જ હું ચાલુ થઈશ અને ચાલુ થઈશ તો પણ હું રસ્તામાં ગમે ત્યાં ખોટવાઈ જઈશ. સુદ્રઢ આરોગ્યની જાળવણી એ સમાજની જરૂરિયાત છે. પરંતુ આ સરકારે આગલા વર્ષે રોગી કલ્યાણ સમિતિની જાહેરાત કરી છે.

**અધ્યક્ષશ્રી** : ટાઈમ થઈ ગયો છે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે જગતનો તાત એવો ખેડૂત અને ખેતી માટેની વાત કરી દઉં, ખેતી અને ખેડૂત માટે પૂરતી અને સસ્તી વીજળી, સુયોજિત સિંચાઈની વ્યવસ્થા અને પોષણક્ષમ ભાવ એ આપણા કિસાનોની જરૂરિયાત છે. એટલા માટે કે આ રાજયના વિકાસ દરમાં ઉદ્યોગોનો ફાળો માત્ર પાંચ ટકા છે ૯૫ ટકા ફાળો તો ખેતી અને ખેડૂતનો છે. આજના બજેટમાં માનનીય નાણા મંત્રીશ્રી અને મુખ્ય

મંત્રીશ્રીના વિચારોના પ્રતિબિંબ સ્વરૂપે આહ્‌વાન કરે છે કે ચાલો આપણે સાથે મળી હરિયાળી ક્રાંતિનું નેતૃત્વ કરીએ. આ બહુ સારા શબ્દો છે. આ આહ્‌વાહ આજે પ્રજાની વચ્ચે આ સ્વરૂપે છે કે "તમે હરિયાળી ક્રાંતિનું નેતૃત્વ કરો, અમે ઉજ્જડ વન બનાવવાના છીએ, તમે આધુનિક ખેતી અપનાવો, અમે ગાડા ઉપર પ્રતિબંધ લાદવાના છીએ, તમે કરકસરથી પાણી વાપરો, અમે સિંચાઈના ભાવ પણ વધારવાના છીએ, તમે વીજળી બચાવો અમે વગર વપરાશે બિલ પણ ફટકારવાના છીએ.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહમાં માનનીય નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે, એના સમર્થનમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભી થઈ છું.

અત્યાર સુધી બંને પક્ષના ઘણા બધા ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે, આ બધા વિચારો મેં શાંતિથી સાંભળ્યા છે, એટલે હું જે કંઈ વિચારો વ્યક્ત કરુ એમાં ડિસ્ટર્બ કરતા નહિ એટલી વિનંતી કરુ છું.

કોઈપણ રાજયનો વિકાસ એ બીજા રાજયો પરથી જોઈએ, એની સાથે સરખામણી કરીએ તો આપણા રાજયની પરિસ્થિતિનો અહેસાસ થાય. એ જ રીતે આપણા દેશની પરિસ્થિતિની બીજા દેશો સાથે સરખામણી કરીએ ત્યારે ખ્યાલ પડે કે આપણા દેશની સાચી પરિસ્થિતિ શું છે. બીજાની સરખામણીમાં આપણે કેટલા પ્રગતિશીલ બન્યા, જુદા જુદા ક્ષેત્રે કેવી કામગીરી કરી છે, એની સરખામણી જોઈએ તો આપણે આપણા ગુજરાત માટે ગૌરવ થાય એનો આપણે સ્વીકાર કરવો જોઈએ.

માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ બજૅટ લઈને આવ્યા છે ત્યારે હું એમને અભિનંદન આપું છું. તેઓ દેશની અંદર પહેલા નાણામંત્રીશ્રી છે કે જેઓ ૧૧મી વાર આ વિધાનસભાની અંદર બજૅટ લઈને આવ્યા છે અને એ પણ આખાય દેશમાં પુરાંતવાળુ બજૅટ રજૂ કર્યુ છે જે શ્રેષ્ઠતમ બજૅટ છે.

કેટલીક બાબતો આ તકે હું ગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું. આ રાજય સરકારે જુદા જુદા ક્ષેત્રોની અંદર કઈ રીતે કામગીરી કરી છે જેથી આ દેશની અંદર પ્રથમક્રમ આ રાજય ધરાવે છે, એ માહિતી હું આપવા માગું છું. ગુજરાતની અંદર પ્રાથમિક વિભાગની અંદર આંગણવાડી સાથે એક કરોડ બાળકો અભ્યાસ કરી કરી રહ્યા છે. દેશમાં સૌ પ્રથમ ૩૭ હજાર જેટલા બાળકોનું ચૅકઅપ વિના મૂલ્યે કરેલ છે. ૪૦૦ થી ૪૫૦ બાળકોના હૃદયના વાલ્વના ઑપરેશન વિના મૂલ્યે કરવામાં દેશમાં આ રાજય પ્રથમ છે. આ રીતે બાળકોના સ્વાસ્થ્યની ચિંતા કરવાવાળું આ પ્રથમ રાજય બન્યું છે. કે.જી.થી માંડીને ઉચ્ચ સ્નાતક સુધીના સવા કરોડ બાળકોનો વીમા ઉતરાવવાનું કામ આ રાજય સરકારે કર્યુ છે. અત્યાર સુધીમાં જે બાળકો અકસ્માતમાં મૃત્યુ પામ્યાં એમાં પ્રાથમિક શાળાના બાળકને ૨૫ હજાર રૂપિયા, માધ્યમિક અને હાયર સેકન્ડરીમાં બાળક હોય એને ૫૦ હજાર અને ઉચ્ચ શિક્ષણમાં બાળક હોય અને અકસ્માતમાં મૃત્યુ પામે તો એને એક લાખ રૂપિયા આપવાની યોજના રાજય સરકારે આ દેશમાં પહેલામાં પહેલી અમલમાં મૂકી છે, એમાં રાજય પ્રથમ ક્રમ ધરાવે છે. આ રાજય સરકારે આંગણવાડી કાર્યકર્તા બહેનોનો વીમો ઉતારવવા માટે જસ્મા ઓડણ વીમા યોજના પ્રથમ દાખલ કરી છે. એને જોઈને કેન્દ્ર સરકારે બીજા રાજયોમાં વીમા યોજના દાખલ કરી છે.

અહીંયા વિરોધપક્ષના નેતા શ્રી અર્જુનભાઈ બોલતા હતા ત્યારે યુ.પી.એ.ની સરકારનો આખોય અહેવાલ મંત્રીશ્રીઓ સમક્ષ મૂકવામાં આવ્યો હતો. જેના આંકડા મારી પાસે છે એ ગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું. બાળકોના પ્રવેશની અંદર આખાય દેશની અંદર માત્ર એક લાખ બાળકો આજે પ્રાથમિક શાળાથી વંચિત રહ્યા છે. બાકી બિહાર, પશ્ચિમ બંગાળ રાજયોની અંદર ક્યાંક ૫ લાખ ક્યાંક ૮ લાખ તો ક્યાંક ૧૨ લાખ આજે પણ પ્રાથમિક શિક્ષણથી વંચિત રહ્યા છે. બાળકોના પ્રવેશની અંદર આ રાજય સરકાર ૯૮ ટકા કરતાં પણ વધારે સિદ્ધિ હાંસલ કરીને પ્રાથમિક શાળામાં બાળકો ટકે એના માટે વિવિધ પ્રકારની યોજનાઓ કરી છે. આ રાજયની અંદર ૧૦૦ ટકા શિક્ષકોની ભરતી કરીને પ્રાથમિક શિક્ષણને સુદૃઢ બનાવવાનો પ્રયત્ન જો દેશમાં કોઈએ કર્યો હોય તો એ આ રાજય સરકારે કર્યો છે. જ્યારે મારા વિભાગની ચર્ચા કરીશું ત્યારે કયા રાજયમાં કેટલા શિક્ષકોની જગ્યાઓ ખાલી છે, એની માહિતી હું ચોક્કસ આપીશ. આજે શિક્ષકોની ભરતીની અંદર વિદ્યાસહાયક રૂપે ૮૦ હજાર વિદ્યાસહાયકોની ભરતી કરીને આ રાજય પ્રથમ ક્રમ ધરાવે છે.

ગ્રામ્ય રોડ કનેકટીવિટીની અંદર ૯૮ ટકા અને આ કનેકટીવિટીની અંદર આખાય દેશમાં ગુજરાત પ્રથમ ક્રમ ધરાવે છે. જુદા જુદા રાજયોમાંથી પ્રવાસ કરીને પાછા આવીએ છીએ ત્યારે જરૂર અહેસાસ થાય છે કે ગુજરાત રાજય બીજા રાજયો કરતાં સર્વશ્રેષ્ઠ છે. એને વધારે સુદૃઢ બનાવવાનું કામ આ રાજય સરકારે કર્યુ છે.

વિકાસદરની વાત કરુ ત્યારે વિકાસ આમ તેમ હોઈ શકે, પરંતુ એશિયા ખંડના જુદા જુદા રાજયોમાં ગુજરાતે ૧૫.૪ ટકા હાંસલ કરીને એમાં પોતાનું સ્થાન પ્રસ્થાપિત કર્યુ છે, એનાથી આપણને આનંદ થવો જોઈએ.

ગરીબોની વાત કરીએ છીએ ત્યારે ૨૦ મુદ્દાના કાર્યક્રમમાં, ગરીબોને મદદરૂપ થવાના કાર્યક્રમમાં છેલ્લા ત્રણ વર્ષથી સૌથી પહેલો ક્રમ આ રાજય સરકાર ધરાવે છે લક્ષ્યાંકોના જે કંઈ આંકડા આપવામાં આવે છે, જે લક્ષ્યાંકો નક્કી કરવામાં આવે છે એ તમામ લક્ષ્યાંકો પાર કરીને રાજય સરકાર પ્રથમ ક્રમે આવી છે.

સોઈલ હેલ્થ કાર્ડ. ગરીબોની ઘણી ચિંતા કરીએ છીએ. ખેડૂતોની ચિંતા કરીએ છીએ પરંતુ ખેડૂતે કયા પ્રકારનો પાક વાવવો જોઈએ, કયું બિયારણ નાખવું જોઈએ, કેટલું પાણી આપવું જોઈએ એ પ્રકારનું માર્ગદર્શન જ્યાં સુધી ન મળે ત્યાં સુધી ખેડૂતોને મુશ્કેલી ઉભી થાય છે. એટલા માટે આખાય દેશમાં સોઈલ હેલ્થકાર્ડ બનાવીને ખેડૂતોને જો કોઈએ માર્ગદર્શન ર્ક્યું હોય તો એ આ સરકારે કર્યું છે, તમારા ખેતરમાં આ પ્રકારનું તત્ત્વ ખૂટે છે અને એ પ્રકારનું તત્ત્વ તમે ઉમેરશો તો તમારો પાક વધશે. જ્યારે ખેડૂતોએ એ પ્રમાણે કામ કર્યું ત્યારે તેમને ખૂબ મોટો ફાયદો થયો છે.

કેન્દ્રીય શ્રમ સંસ્થાનની વાત ગઈકાલે અમારા મંત્રીશ્રીએ કરી હતી. આખાય દેશમાં રોજગારી આપવાની અંદર ગુજરાત નં.૧ ઉપર છે એ પણ આપણે સ્વીકારવું જોઈએ. એટલું જ નહીં હમણાં જળસંચયની વાત કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આખાય દેશમાં ૧,૩૭,૦૦૦ ખેત તલાવડીઓ બનાવીને માત્ર ૧૦૦ દિવસમાં જો કોઈએ સિદ્ધિ હાંસલ કરી હોય તો રાજય સરકારે કરી છે. જ્યારે કેન્દ્રમાં આખાય દેશમાં ૧,૦૦,૦૦૦ ખેત તલાવડી આપવાની કેન્દ્રમાં જોગવાઈ કરવામાં આવી છે,આ પણ આપણે જોવું જોઈએ. જળસંચયમાં આ રાજય સરકારે જે કોઈ કામો કર્યા છે, એ બધાના ધ્યાન ઉપર છે. સૌથી વધુમાં વધુ ચેકડેમ બનાવનાર આ સરકાર છે. વધારેને વધારે તળ ઊંડા કરવાનું કામ આ રાજય સરકારે કર્યું છે. એટલું જ નહીં, બોરીબંધો બાંધીને જ્યાં પાણી જતું હોય એ પાણીને રોકવાનું કામ જો કોઈએ કર્યું હોય તો આ રાજય સરકારે કર્યું છે. એટલું જ નહીં, જન ભાગીદારી તેની અંદર લેવા માટેનું કામ જ્યારે બોલે છે કે સરકારે કેટલું કર્યું? પરંતુ સરકારનું કામ તો છે પરંતુ જનતામાં જાગૃતિ લાવવાનું કામ કે આ કામ આપણું છે અને આપણા માટે કરવું જોઈએ, એવી જાગૃતિ લાવવાનું કામ અને એમને પણ આ કામની અંદર જોડવાનું ભગીરથ કાર્ય આ રાજય સરકારે કર્યું છે.

ડ્રોપઆઉટ રેટની જ્યારે વાત કરીએ છીએ અને ૧૫મા ક્રમે આ રાજય ધકેલાઈ ગયું છે એવી જ્યારે વિરોધપક્ષના નેતાશ્રીએ વાત કરી છે, ત્યારે મારે એટલો જ પ્રશ્ન પૂછવો છે કે ૧૯૪૭માં આઝાદી મળી ત્યાર પછી ૨૦૦૦ની સાલ સુધીમાં જે લોકો અભણ હતા તેને કારણે ૧૫મા ક્રમે આપણે ધકેલાઈ ગયા છીએ. નહીં કે ભણેલાઓને અભણ બનાવ્યા જેને કારણે આપણે ૧૫મા ક્રમે ધકેલાઈ ગયા હોઈએ. આ રાજય સરકારે સાક્ષરતા દર વધારવા માટે પણ 'સાક્ષરદીપ'નો કાર્યક્રમ અમલમાં મૂકયો છે અને વિના બજેટે લોકોનો અને બાળકોનો સહયોગ લઈને રાજયમાં ૮,૦૦,૦૦૦ બહેનોને ભણાવવાનું ભગીરથ કાર્ય આ રાજય સરકારે પૂરું કર્યું છે. આવતા દિવસોમાં જે કોઈ નિરક્ષરો છે તેમને ભણાવીને સાક્ષરતાનો દર વધારવા માટેનો પ્રયાસ કરીશું. એ ઉપરાંત જ્યાં ૩૦ ટકા કરતાં મહિલા સાક્ષરતા દર ઓછો છે, એવી યોજના વિદ્યાલક્ષ્મી બૉન્ડ આપી. આ પરિવારોની દીકરીઓ શાળામાં દાખલ થાય અને સાક્ષરતા વધે અને દીકરી ભણે તેના માટે આ પ્રકારની યોજના અને એમાંય ૧૫ કરોડ રૂપિયા રાજય સરકારે અને સાથે સાથે અન્ય લોકોએ વિદ્યાલક્ષ્મી બોન્ડમાં યોગદાન કરીને રાજયની હજારો દીકરીઓને આની અંદર આવરી લેવામાં આવી છે, તેને કારણે સાક્ષરતાનો દર ચોક્કસ વધશે.

આ રાજય સરકારે માત્ર કચ્છ અને સૌરાષ્ટ્રમાં માત્ર ત્રણ-ચાર વર્ષમાં ૨૨,૦૦૦ કિલોમીટર લંબાઈની પાઈપલાઈન નાંખીને ખેડૂતોને માટે અને પીવાનું પાણી પૂરું પાડવામાં આવ્યું છે. ટેંકર રાજય કોના સમયમાં હતું? તેમના સમયમાં ૪૦૪૫ ગામોમાં ટેંકર રાજય ચાલતું હતું. આજે રાજય સરકારે કાયમી યોજનાઓ બનાવીને હવે માત્ર ૬૭ ગામોમાં આ ટેંકર ચાલે છે. બાકીના ગામોની અંદરથી ટેંકર રાજય અમે સમાપ્ત કર્યું છે. કોના હિતાર્થે અને લાભાર્થે આ ટેંકર રાજય આપ ચલાવતા હતા એ જરા હૃદય ઉપર હાથ મૂકીને પૂછી લેજો.

સુજલામ્-સુફલામ્ યોજના. ૬૦૦૦ કરોડની આ યોજના અમલમાં મૂકનાર આ રાજય છે. ઉત્તર ગુજરાતના ૧૦ જિલ્લાઓ છેલ્લા ૧૦ વર્ષથી પાણી પાણી કરીને થાકી ગયા. પરંતુ કોઈએ ઉત્તર ગુજરાત તરફ ધ્યાન ન આપ્યું.

## સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય, શિક્ષણ મંત્રીશ્રી પોતાની વિગતો રજૂ કરી શકે તે માટે સભાગૃહનો સમય લંબાવવા માટે વિનંતી છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એક જ સભ્યની વાત બાકી છે. એ પૂરી કરે. પાંચ-દસ મિનિટનો સવાલ છે.

**શ્રી વજુભાઈ વાળા** : પ્રવચન ચાલુ રાખો, સોમવારે પ્રવચન ચાલુ રહેશે. તમે જે કહો તે, પસંદગી તમારી.

**અધ્યક્ષશ્રી** : તેના કરતાં પૂરું કરી દો, પ્રવચન ચાલુ રાખવું ઠીક નહીં. સભાગૃહ સંમત છે?(થોડીવાર બાદ) સભાગૃહનો સમય દસ મિનિટ લંબાવવામાં આવે છે. દસેક મિનિટમાં પૂરું કરો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એક મહિલા જ્યારે બોલે ત્યારે સમય આપવાની થોડીક તો ઉદારતા રાખો.

સુજલામ્-સુફલામ્ યોજનાની વાત કરી હતી. ઉત્તર ગુજરાતના ૧૦ જિલ્લાઓ છેલ્લા કેટલાય વર્ષોથી પાણીનો પોકાર અને બૂમો પાડતા હતા, પરંતુ એના માટે વિશેષ યોજનાઓ બનાવીને ઉત્તર ગુજરાતના ખેડૂતોને સિંચાઈ માટે, પીવા માટે પાણી આપવું જોઈએ. તેઓ ફ્લૉરાઇડવાળું પાણી પીતા હતા એનાથી મૂકત કરવા જોઈએ. એના માટે સફળતાપૂર્વક કોઈએ પ્રયત્ન કર્યો નહિં. આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૬૦૦૦ કરોડ રૂપિયાની સુજલામ્-સુફલામ્ યોજના લાવીને ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓને ઉત્તમ ગુજરાત બનાવવા માટેનું એક અભિયાન શરૂ કર્યું છે. માનનીય ગોવાભાઈ રબારી મારી સાથે આવે, ઉત્તર ગુજરાતમાં કયાં-કયાં કામ ચાલે છે એ બતાવવા માટે હું તૈયાર છું કે કેટલા ગામોની અંદર આ કામ ચાલુ છે?

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અનેક નગરપાલિકાઓ છે, આ નગરપાલિકાઓનો વિકાસ કરવા માટે એમની પાસે ફંડ હોતું નથી, એ ઉપરાંત એમની પાસે કોઈ યોજના હોતી નથી. જેના કારણે પાણી અને રોડ વગરેની વ્યવસ્થા કરી શકે. આ રાજય સરકાર પહેલી રાજય સરકાર છે કે જેણે બાજપાઈ નગર વિકાસ યોજના બનાવી અને કરોડો રૂપિયા આ નગરપાલિકાઓને આપ્યા, એમને બજેટ આપ્યું અને એની અંદર નગરપાલિકાઓ પોતાના વિશેષ કામો હાથ ધરી રહી છે. આ પણ આખા દેશની અંદર પહેલી રાજય સરકાર છે.

રોમિંગ કાર્ડની શરૂઆત આ સરકારે કરી છે. આપણને ખબર છે કે, એક પરિવાર એક ગામથી બીજે ગામ કામ માટે, રોજગારી માટે જાય ત્યારે એને ત્યાં રૅશન મળતું નહોતું. આ સરકારે રોમિંગ કાર્ડની યોજના દ્વારા આ પરિવાર કોઈપણ ગામમાં જાય તેને રૅશન મળે તેવી વ્યવસ્થા કરી છે. પંચમહાલ જિલ્લાની અંદર રોમિંગ કાર્ડની શરૂઆત કરનાર આ રાજય સરકાર છે. જે કોઈ પરિવાર પોતાના કામ-ધંધા માટે ઘર છોડીને જાય ત્યારે અન્ય જગ્યાએ એને રૅશન મેળવવામાં કોઈપણ પ્રકારની તકલીફ નહીં પડે. આખા એશિયા ખંડની અંદર વાઈડ એરિયા નૅટવર્ક ધરાવતું ગુજરાત રાજય પ્રથમ ક્રમ ધરાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગોકુળ ગ્રામ યોજનાની વાત ચાલતી હતી. રાજયના ૧૨૦૦૦ કરતાં વધારે ગામ સંપૂર્ણ ગોકુળિયા ગામ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે અને સંપૂર્ણ સુવિધા સાથે પોતપોતાનું કામ કરી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ સમરસ ગ્રામ પંચાયતની યોજના અમલમાં મૂકી ત્યારે આજે વિરોધ કરવાવાળાઓ એ વખતે કોઈને ઉઠાવી જઈને, કોઈનું ફોર્મ ભરીને, કોઈ ગ્રામ પંચાયત સમરસ ન બને એના માટેના જરજસ્ત પ્રયાસ કર્યા હતા. પરંતુ દેશની અંદર સમરસ ગ્રામ પંચાયત બનાવવા માટે જે ગામની વસ્તી ૫૦૦૦ કરતાં વધુ હોય એવા અને સમરસ ગામ હોય તેમને ૧ લાખ રૂપિયા અને એનાથી ઓછી વસ્તી હોય એમને ૬૦૦૦૦ રૂપિયા પ્રોત્સાહનરૂપે આપવાની યોજના કરવામાં આવી ત્યારે ગામોમાં શાંતિપૂર્વક ચૂંટણીઓ થઈ, કોઈપણ હલ્લા ન થયા, કયાંય અશાંતિ ઊભી ન થઈ અને ૩૭૯૪ ગામોની સમરસ ગ્રામ પંચાયતો બની.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજળી આપવાની યોજના આવી. આપણે બધા બૂમો પાડતા હતા કે, વીજળી આપો, જમતી વખતે વીજળી જાય છે, જમતી વખતે વીજળી જાય છે, કાંઈક કરો સૌરભભાઈ, અને હવે જ્યારે ૭૧૦૦ ગામોની અંદર ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજળી આપી દેવામાં આવી છે અને આર્થિક ક્રાંતિ ગામડાઓમાં થવાની છે ત્યારે હવે જ્યોતિ ગ્રામ યોજના હેઠળ બાકીના ગામો ક્યારે કરવાના છો? એવી બૂમો પાડે છે. આ રાજય સરકારે નક્કી કર્યું છે કે, આવતા ૧ વર્ષની અંદર રાજયના બાકીના ગામોની અંદર પણ ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજળી આપી દેવામાં આવશે. જે ગામોમાં લોકો ખેતરોમાં રહે છે એની યોજના પણ અમલમાં મૂકી દેવામાં આવી છે. ગામોની અંદર સુલેહ-શાંતિ રહે અને કોઈપણ કેસ ડી.એસ.પી.ની કચેરીમાં કે પોલીસ સ્ટેશનમાં ન થાય એના માટેના પ્રયત્ન કરવા આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ તીર્થ ગ્રામ યોજના બનાવી. તીર્થ સ્વરૂપ ગામ હોય, જ્યાં ગામના તમામ માણસો, કોઈપણ ધર્મના કે જાતિના ભેદભાવ રાખ્યા વગર શાંતિથી જીવી શકે. એટલા માટે આ યોજના અમલમાં મૂકી અને છેલ્લા ૫ વર્ષની અંદર જે ગામમાં એકપણ કેસ પોલીસ સ્ટેશનમાં ગયો ન હોય એવા ગામને બિરદાવવા માટે, અભિનંદન આપવા માટે અને ત્યાં ભવિષ્યમાં પણ શાંતિ જળવાય, એટલા માટે ૧ લાખ રૂપિયા આ ગામને આપવાની યોજના બનાવી અને આ વર્ષે ૧૨૬ ગામોને આ તીર્થ ગ્રામ યોજના દ્વારા એક એક લાખ રૂપિયા આપી દેવામાં આવ્યા છે. શહેરોની અંદર તો મોટા મોટા બાગ બગીચા હોય છે. લોકો એની અંદર જઈ શકે છે. બાળકો એની અંદર જઈને રમતગમત કરે છે, પરંતુ ગામડાઓમાં શું? અને એટલા માટે આ વર્ષે પંચવટી યોજના અમલમાં આવી રહી છે અને ગામની અંદર ગ્રામજનો હરીફરી શકે, મનોરંજન અને આનંદપ્રમોદ કરી શકે એટલા માટે પંચવટી યોજનાએ ગામડાઓની અંદર કરવા માટેનો નિર્ણય રાજય સરકારે કર્યો છે. મારા વિસ્તારની અંદર ચાલુ પણ કરાવી દીધા. આપનામાં તાકાત હોવી જોઈએ ચાલુ કરાવવા માટે. આ રાજય ૫ કરોડની વસ્તી ધરાવે છે. આ રાજય સરકારે જુદી જુદી વીમા યોજના હેઠળ રાજયની ૫૦ ટકા વસ્તીને વીમા યોજના નીચે આવરી લઈ અને આખા દેશની અંદર પ્રથમ રાજય બન્યું છે. ગુજરાતની અંદર ૧૮ હજાર જેટલા ગામડાંઓ છે, એ ૧૮ હજાર જેટલાં ગામડાંઓનું લેન્ડ રેકર્ડ કોમ્પ્યુટરાઈઝેશન કરવાનું કામ આ રાજય સરકારે પૂરું કર્યુ છે, આખા દેશની અંદર પ્રથમ રાજય બન્યું

છે કે છે જેમાં તમામ લેન્ડ રેકર્ડનું કોમ્પ્યુટરાઈઝેશન થઈ ગયું હોય. રેશનીંગ કાર્ડનું પણ કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં ગુજરાત પ્રથમ ક્રમ ધરાવે છે.

આદિવાસી કન્યાઓની શિક્ષણની ચિંતા કરીએ છીએ, પરંતુ આજ સુધીમાં આદિવાસી કન્યા એક કિલોમિટર દૂર શાળામાં જવાનું હોય, ર કિલોમિટર દૂર શાળામાં જવાનું હોય ત્યારે એની ચિંતા નહોતી નથી આપણને, પરંતુ આ રાજય સરકારે સરસ્વતી સાધના યોજના દ્વારા આખા દેશની અંદર આદિવાસી કન્યાઓને સાઈકલ આપી ભણાવવા માટેનો પ્રયાસ કર્યો હોય તો એ આ પહેલી રાજય સરકાર છે.

શહેરોને વધારે સુદૃઢ બનાવવા માટે માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થાય એના માટે રાજય સરકારે આ વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે જાહેર કર્યુ છે અને એના માટે વિશેષ કામો અને કાર્યક્રમો કરવા માટે વિશેષ બજૅટ આ બજૅટની અંદર ફાળવવામાં આવ્યું છે જેને કારણે શહેરો પણ અદ્યતન બને એના રસ્તાઓ સારા બને, ગટર યોજનાઓ બને અને નગરો પણ સમૃદ્ધ અને શ્રેષ્ઠ બને એના માટેનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આખાએ દેશની અંદર જેલ અને કોર્ટોની વચ્ચે વિડિયો કૉન્ફરન્સ કરીને કોર્ટની કાર્યવાહી કરનાર પણ આપણું પ્રથમ રાજય છે. હવે ધીરે ધીરે બીજા રાજયો અહીં જોવા માટે આવે છે કે આ કામગીરી કેવી રીતે કરવામાં આવે છે.

સ્વાગત ઓન લાઈન કાર્યક્રમ એ વિશિષ્ટ પ્રકારનો કાર્યક્રમ છે જેમાં ગાંધીનગરની અંદર મુખ્યમંત્રીશ્રી પોતાની ઑફિસમાં બેસીને હજારો લોકોના પોતાના પ્રશ્નો સાંભળે અને સ્થળ ઉપર જ એનો નિકાલ થાય એ પ્રકારની વ્યવસ્થા જો કોઈએ કરી હોય તો તે ગુજરાત રાજયે કરી છે. નાગરિકો સાથે સીધો સંવાદ, સીધું જોડાણ આ ઓન લાઈન કાર્યક્રમ દ્વારા કરી શકે એના માટેની યોજના બની છે, એમાં ખેડૂતોને માટે ડ્રિપ ઈરિગેશન યોજના આ વર્ષે નવી નાણામંત્રીશ્રી લાવી રહ્યા છે જેના કારણે વીજળીના બિલો ઘટે, પાણી બચે અને વધારે ઉત્પાદન થાય. આના માટે ૧૫૦૦કરોડની ડ્રિપ ઈરિગેશન યોજના પણ અમલમાં ખેડૂતોના માટે જ આ રાજય સરકાર મૂકી રહી છે. છેલ્લા ર વર્ષની અંદર પોલિયોનો એક પણ કેસ ગુજરાતની અંદર નોંધાયો નથી એ આપણી શ્રેષ્ઠ કામગીરી બતાવે છે. અંધાપો દૂર કરવાના દૃષ્ટિના કાર્યક્રમમાં દેશમાં ગુજરાત પ્રથમ રાજય છે. ભારત સરકારે ૨૦૦૭માં પૂર્ણ કરવોનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો પણ ગુજરાતે એટલી સુંદર કામગીરી કરી કે ૨૦૦૪માં લક્ષ્યાંક પૂર્ણ કરી દીધો છે. રક્તપિત્તના નિર્મૂલન કાર્યક્રમની અંદર પણ આ રાજય સરકાર પ્રથમ છે, એટલું જ નહીં પણ રાષ્ટ્રપતિએ બીજા રાજયોને પણ ગુજરાતનું આ મોડેલ અપનાવવવા માટેનો અનુરોધ કર્યો છે કે બીજા રાજયોએ પણ આમ જ કરવું જોઈએ. માતૃવંદના યોજના દ્વારા આ રાજયની અંદર બાલ મૃત્યુદર અને માતા મૃત્યુદર ઘટાડવા માટેનો આ વિશેષ કાર્યક્રમ પણ એક વર્ષથી રાજય સરકારમાં અમલમાં છે અને ૬ લાખ કન્યાઓને આ કાર્યક્રમની અંદર અમલવારી કરીને આપણી દીકરી પણ સ્વસ્થ માતા બની શકે અને સ્વસ્થ બાળકને જન્મ આપી શકે એટલા માટે આ કાર્યક્રમ પણ હાથ ઉપર લેવામાં આવ્યો છે. આખા દેશની અંદર દીકરીની જો કોઈએ ચિંતા કરી હોય તો એ આ રાજય સરકારે કરી છે.

ગાંધીનગરમાં આપણે બેઠા છીએ, આપને બધાને ખબર છે કે નહીં એ મને ખબર નથી, પરંતુ ગાંધીનગરની અંદર નક્ષત્ર પ્રમાણે ડિઝાઇન બનાવી અને એની અંદર રાશી પ્રમાણે વૃક્ષો રોપીને એક સુંદર બાગ જે આખું વિશ્વનું આકર્ષણ બને એના માટે ગાંધીનગરની અંદર કાર્યવાહી શરૂ થઈ ગઈ છે, એટલું જ નહીં પણ શિવલિંગ સ્વરૂપે બીલીના વૃક્ષો વાવીને એક સુંદર મજાનો ઔષધીય બાગ બનાવવાનો રાજય સરકારે નિર્ણય કર્યો. આપણે એને અમલમાં મૂકી દીધું છે.આ રાજયમાં શ્રેષ્ઠ સાયન્સ સિટી બનાવવાનો રાજય સરકારે નિર્ણય કર્યો જે અમલવારીમાં છે. આખા એરિયામાં મ્યુઝિકલ ફુવારા બનાવીને આ રાજય સરકારે આ કામગીરી કરી છે.

**અધ્યક્ષશ્રી** : પૂરું થયું.

**સભાગૃહનું કામકાજ બપોરના ૧-૧૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૫ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૫**
**ફાલ્ગુન ૯, ૧૯૨૬ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

## ટૂંકી મુદતનો પ્રશ્ન

### જામનગર જિલ્લાના ઓખાપોર્ટ શહેરમાં સરકારી પ્રાથમિક શાળા નં.૨ બંધ કરવા અંગે

***ટૂં.મુ. ૧૭૭ શ્રી શીવજીભાઈ ક. આહીર (ભુજ)**: માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧).જામનગર જિલ્લાના ઓખાપોર્ટ શહેરમાં આવેલી સરકારી પ્રાથમિક શાળા નં-૨, ફેબ્રુઆરી ૨૦૦૫ના બીજા સપ્તાહમાં કોઈપણ કારણ આપ્યા વિના બંધ કરી દેવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨).જો હા, તો અચાનક શાળા બંધ કરી દેવાનાં શાં કારણો છે,

(૩).શાળામાં અભ્યાસ કરતા ખૂબ જ નાની વયના બાળકો રઝળી પડ્યા છે તથા તેમને ૨ કિ.મી. દૂર આવેલી શાળામાં જવું પડે છે તે હકીકત પણ સાચી છે,

(૪).જો હા, તો આ શાળા બંધ કરી દેવા બદલ કોણ જવાબદાર છે તથા તેની સામે શાં પગલાં લેવામાં આવ્યા છે, અને

(૫).આ શાળા તાત્કાલિક ક્યારે ચાલુ કરી દેવામાં આવશે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧).ના, જી. આ શાળા બંધ કરવામાં આવી નથી, પરંતુ સલામતી અને વહીવટી કારણોસર તાલુકા પે સેન્ટર શાળામાં સમાવવામાં આવી છે.

(૨).શાળાનું મકાન ખૂબ જૂનું, જર્જરિત, જોખમરૂપ તથા ભૂકંપમાં નુકસાન પામેલ હોવાથી બાળકો અને શિક્ષકોની સલામતીના કારણોસર.

(૩).ના, જી.

(૪).પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫).અડધા કિલો મીટરના અંતરે શાળાની વ્યવસ્થા હોઈ, હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લાના ઓખા પોર્ટ શહેરમાં સરકારી પ્રાથમિક શાળા નં.૨ બંધ કરવા અંગેનો મારો પ્રશ્ન છે. ખરેખર હકીકત એ છે કે શાળા બંધ થયેલ હતી. આજે શાળા સારી હાલતમાં છે. ટી.વી.માં પણ જિલ્લા શિક્ષણાધિકારીએ ઈન્ટર્વ્યૂ આપેલ અને શાળા જર્જરિત છે કે ભૂકંપમાં નુકસાન પામેલ છે, એવું જણાવેલ નથી. જ્યારે જિલ્લા શિક્ષણાધિકારી એમ જણાવતા હોય કે મારી પાસે પ્રજામાંથી કોઈ દરખાસ્ત આવી નથી અને દરખાસ્ત આવશે તો હું ઉપર મોકલીશ. બંધ થયેલ શાળાને શરૂ કરવાની જિલ્લા શિક્ષણાધિકારીની પ્રાથમિક ફરજ છે. એ શરૂ નહિ કરવાના કારણો શું અને એક શિક્ષક જે શાળા છોડીને ચાલી ગયા છે એ વાત સાચી છે? શિક્ષક શાળા છોડીને ચાલ્યા ગયા એના કારણે શાળા બંધ થઈ ગઈ છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઓખા પોર્ટ ટ્રસ્ટ સંચાલિત આ શાળા હતી, એમાં ૯૩ બાળકો અભ્યાસ કરતાં હતાં. જિલ્લા શિક્ષણાધિકારીનો રિપોર્ટ પણ મારી પાસે છે. પે સેન્ટર શાળાના આચાર્યશ્રીનો રિપોર્ટ તેમજ ત્યાંના સર્વોદય મહિલા ઉદ્યોગ મંડળે પણ વિનંતી કરી છે,ત્યાંના ધારાસભ્યશ્રીએ લેખિતમાં આપેલ છે કે આ શાળા જર્જરિત હોવાથી તાલુકાની પે સેન્ટર શાળામાં તબદીલ કરવામાં આવે અને નવું મકાન બનાવવામાં આવે. ૨૦મી જાન્યુઆરીના રોજ ૯૩ બાળકોને પે સેન્ટરની શાળામાં મૂકવામાં આવ્યા છે અને ત્યાં શિક્ષકો અભ્યાસ કરાવી રહ્યા છે. આ શાળા ત્યાં ગયા પછી ગયા મે મહિનામાં બે શિક્ષકોની ટ્રાન્સફર થઈ હતી. આ શાળા તબદીલ થયા પછી એ પોતાની જ્યાં બદલી થઈ હતી ત્યાં ગયા છે. એક શિક્ષક અત્યારે પે સેન્ટર શાળામાં કામ કરે છે.

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : હું કચ્છમાંથી આવું છું. ભૂકંપ ૨૦૦૧માં થયા પછી બીજા જ દિવસે શાળાઓ બંધ થવા માંડી હતી. પાંચ વર્ષ પછી અસર થતી હોય તો આ જવાબ ગૃહને ગેરમાર્ગે દોરનારો છે. આ શાળા બંધ કરવામાં આવેલ છે તો બંધ કરનાર અધિકારી સામે કોઈ પગલાં લેવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : શાળા બંધ કરવામાં આવી છે એ વાત તદ્દન ખોટી છે. માત્ર મેં કહ્યું એ મુજબ ડી.પી.પી. દ્વારા શાળાનું રિપેરીંગ થયું હતું. ૮, ૯ અને ૧૩મી જાન્યુઆરીના દિવસે બધાએ માગણી કરી કે આ શાળા બંધ કરીને તાલુકાની પે સેન્ટર શાળામાં શીફટ કરો અને નવું મકાન થાય, આ જોઈને શાળાને તબદીલ કરવામાં આવી છે, બંધ કરવામાં આવી નથી.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : ભૂકંપના કારણે બંધ કરી છે, પરંતુ ભૂકંપને આજે ચાર-પાંચ વર્ષ થઈ ગયાં છે. આ પછી નવી શાળાઓ બની હશે, રૂમો બન્યા હશે, ત્યાં તંત્ર છે, જિલ્લો છે ત્યારે આ માની શકાય નહિ કે ભૂકંપના કારણે બંધ થઈ છે. બાળકોના અભ્યાસનો સવાલ છે. મંત્રીશ્રીએ તપાસ કરવી પડશે. ઈ.ટી.વી.માં જિલ્લા શિક્ષણાધિકારી બોલ્યા છે કે મને દરખાસ્ત આપશો, તો હું ઉપર મોકલી આપીશ. જિલ્લા શિક્ષણાધિકારી આમ કહેતા હોય તો તપાસનો સવાલ છે. મંત્રીશ્રી તપાસ કરાવે આ શાળાને રૂમો નહિ આપવાના કારણો શું? ચાર વર્ષ થઈ ગયાં, હજારો રૂમો ફાળવ્યા છતાં રૂમો આપ્યા નથી. આ તંત્રમાં કેટલું અંધેર છે એ જોઈ કંઈ પગલાં લેવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એક શાળામાં ત્રણે ત્રણ રૂમોનું રિપેરીંગ કામ D.P.E.P. દ્વારા તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવ્યું છે. ત્યાં છેલ્લા ત્રણ વર્ષ સુધી જ્યારે કોઈ મુશ્કેલી નહોતી. પરંતુ જ્યારે ત્રણ ત્રણ વ્યકિતઓ જ્યારે એમ કહે કે આ શાળા તમે બાંધી આપો, ત્યાં આગળ નવું મકાન બાંધી આપો. આ ઓખા પોર્ટનું મકાન છે, રાજ્ય સરકારનું આ મકાન નથી તેમ છતાં મેં કહ્યું છે કે જ્યારે ત્યાંની મહિલાઓની રજૂઆત છે, મેં આ પત્ર બહુ ધ્યાનપૂર્વક વાંચ્યો છે. મહિલાઓની માગણી છે કે તમે આ શાળા બંધ કરી અને જે પે સેન્ટરની શાળા છે એની અંદર લઈ જાવ જેથી અમારાં બાળકો બીજા બાળકો કરતાં અલગ ના પડે, એટલા માટે એમની માગણી છે. આમ છતાં મેં મારા વિભાગને કહ્યું છે કે એક મહિનાની અંદર સંપૂર્ણ અહેવાલ રાજ્ય સરકાર સામે મૂકો અને શાળા નવી બાંધવાની જરૂર હશે તો રાજ્ય સરકાર D.P.E.P. દ્વારા નવી શાળા બાંધી આપશે.

**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, આ શાળાના ભવનના બાબતમાં, શાળાનું પુનઃનિર્માણ થાય એ માટેની કોઈ દરખાસ્ત આવી છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારની કોઈ દરખાસ્ત નથી આવી, પરંતુ મેં જ્યારે આખીય શાળાનો રિપોર્ટ વાંચ્યો છે ત્યારે મને લાગે છે કે એમને જો જરૂરિયાત હોય તો નવી શાળા બાંધી આપવી જોઈએ અને સમગ્ર ગામલોકો કહે છે કે અહીં અમારી શાળા ફરીથી બાંધી આપો, તો સ્વાભાવિક છે કે ગામલોકોને એકત્રિત કરીને એ માગશે ત્યાં શાળાનું મકાન બાંધી આપવામાં આવશે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું છે કે D.P.E.P. નીચે આ રૂમોની મરામત કરવામાં આવી છે. મરામત કરી નાખ્યા પછી એ શાળા તબદીલ કરવામાં આવી. જો તબદીલ કરવાની હતી તો પછી મરામત શા માટે કરવામાં આવી છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ વખતે એન્જિનિયરોના રિપોર્ટ આવ્યા એ પ્રમાણે મરામત કરવાની આવશ્યકતા હતી, એટલે મરામત થઈ છે. છેલ્લા ત્રણ વર્ષની અંદર આ એવા સ્થાન ઉપર મકાન છે કે વાવાઝોડું અને પવનો જે સમુદ્ર પરથી આવે છે એના કારણે એને વધારે નુકસાન થાય છે અને એટલા માટે જરૂરિયાત ઊભી થઈ છે.

## તારાંકિત પ્રશ્નો

## જુનાગઢ જિલ્લામાં રૂા. ૧ કરોડ કરતાં વધુ વેચાણવેરાના બાકી એકમો

***૮૪૬૨ શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)**: માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

(૧) જુનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ રૂા.૧ કરોડ કરતાં વધુ વેચાણવેરો બાકી હોય તેવા કેટલાં એકમો છે, અને

(૨) આ એકમો પાસેથી નાણાં વસૂલ લેવા સરકારે શું પગલાં લીધાં?

**માનનીય નાણા મંત્રીશ્રી :**

(૧) ૧૩.

(૨) શક્ય વસૂલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા હેઠળના અને જમીન મહેસૂલ કાયદા હેઠળના પગલાં લેવામાં આવેલ છે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, ૧૩ એકમો છે તો તે કયા કયા એકમો છે. દરેક એકમ પાસે ક્યારથી કેટલી રકમ બાકી છે અને એ માટે કયા કયા કારણો જવાબદાર છે. રાજ્ય સરકાર દ્વારા ક્યા ક્યા એકમો સામે આ અંગે શું શું પગલાં લીધાં છે?

**શ્રી વજુભાઈ વાળા :** ૧૩ એકમો પાસે બાકી છે, એ ૧૩ ની વાત કરીશ. (૧) સિદ્ધિ સિમેન્ટ જેની પાસે ૯૯.૬૧ કરોડ બાકી છે અને જે સીક યુનિટ હોય એ સીક યુનિટ માટે થઈને B.I.F.R. પાસે જાય, B.I.F.R. જે હપ્તા કરી દીધા છે, એ હપ્તા પ્રમાણે એ નિયમિત રીતે હપ્તા ભરે છે. ૧-૪-૨૦૦૪ થી ૭ વર્ષની અંદર ભરવાના, એ પ્રમાણે B.I.F.R. પછીએ પ્રમાણે અપીલનું કહ્યું છે એ રીતે એના પૈસા ભરાશે. (૨) ગુજરાત હેવી કેમિકલ્સ પાસે ૨.૧૩ કરોડ છે તેની અંદર અત્યારે ટ્રિબ્યુનલે, પંચે એને વચગાળાનો મનાઈ હુકમ આપ્યો

છે. કોર્ટની અંદર લિટીગેશન ચાલે છે. (૩) હલધર પેપર મીલ પાસે ૧.૨૯ કરોડ બાકી છે, એનો પતો નથી (૪) કામદાર સિમેન્ટ પાસે ૧.૨૦ કરોડ બાકી છે એના માટે થઈને B.L.R.C. મુંબઈ કલેકટરને મોકલી છે વસૂલાત કરવાની હતી એ બૉમ્બેની પાર્ટી છે. (૫) રાજુકો ટેકસટાઈલ્સ પાસે ૨.૩૧ કરોડ બાકી છે. એ સીક યુનિટ તરીકે B.I.F.R.ને અત્યારે અરજી કરી છે એ પેન્ડિગ છે અને આ ચાલુ છે. (૬) મયૂર ઈન્ડસ્ટ્રીઝ પાસે ૧૫.૨૯ કરોડ બાકી છે અને કોર્ટ તરફથી નાદાર જાહેર થયો છે અને નાદારી માટે કાર્યવાહી ચાલુ છે. (૭) કિરણ સિમેન્ટ પાસે ૩.૪૯ કરોડ બાકી છે એની મિલકત ઉપર ટાંચ મૂકી છે Debt Recovery Tribunal સમક્ષ દાવો ચાલુ છે. ૧૯-૯-૯૧ ના રોજ આ દાવો નોંધાયેલ છે. (૮) પ્રશાંત ઈન્ડસ્ટ્રીઝ વેપારી છે એ લાપતા છે. (૯) નવયુગ પ્રોટીન્સ એ વેપારી લાપતા છે. (૧૦) ત્રિવેણી ઈન્ડસ્ટ્રીઝનો વેપારી કોર્ટકેસ માટે કોર્ટમાં ગયો છે અને દાવાથી અમરેલી મુકામે એનો કેસ પેન્ડિગ છે અને ચાલે છે. (૧૧) બાલમુકુંદ ઈન્ડસ્ટ્રીઝ પાસે ૫.૭૯ કરોડ બાકી છે, એની સામે વસૂલાતની કાર્યવાહી ચાલુ છે. (૧૨) જ્યોતિ એન્ડ કંપની પાસે ૧.૮૨ કરોડ લેવાના છે, એ વેપારી લાપતા છે એટલે પોલીસ મારફત એની સર્ચ ચાલે છે અને (૧૩) ગુજરાત હાઈટેક ઈન્ડસ્ટ્રીઝ પાસે ૫.૫ કરોડ બાકી છે આ કંપની ફડચામાં ગઈ છે અને ફડચા અધિકારી એની કાર્યવાહી કરે છે. આ પ્રમાણે ૧૩ ઈન્ડસ્ટ્રીઝ પાસે ૧૮૨.૭૪ કરોડ બાકી છે. એમાં ગુજરાત સિદ્ધિ સિમેન્ટના ૯૯.૬૧ કરોડ બાકી છે. એના હપ્તા B.I.F.R.એ જે પ્રમાણે નક્કી કર્યા છે એ પ્રમાણે ભરાય છે. આ વર્ષે શરૂઆત થઈ છે અને પાર્ટ પેમેન્ટ પણ એનું આવી ગયું છે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : મારે એ વાત કરવી છે કે, સિદ્ધિ સિમેન્ટ આ Sick Unitની વ્યાખ્યામાં કઈ રીતે આવે? સિદ્ધિ સિમેન્ટને પોતાનું જ રો-મટિરિયલ્સ ત્યાં જ છે, ખાણ ખનીજથી લઈને બધું ત્યાં જ છે. બીજી કંપનીઓ કરતાં એને રો મટિરિયલ્સ ત્યાં જ છે અને બીજા નંબરે અત્યારે આખા ગુજરાતમાં સિમેન્ટ કંપનીઓ યુનિટી કરી ૧૫૦ થી ૧૫૫ રૂપિયાનો ભાવ કરી નાખ્યો છે, ૧૧૦ હતો એના. એક અબજ જેવી રકમ બાકી રહેતી હોય તો એની સામે કોઈ કાયદેસર બીજી કાર્યવાહી થઈ છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : આની સામે કાયદેસરની જ કાર્યવાહી ચાલે છે, કેન્દ્ર સરકારનો Sick unit માટેનો જે કાયદો છે એ B.I.F.R.માં ગયા પછી એના ઉપર અપીલમાં ગયા, અપીલે એને માન્યતા આપી કે તમારે આવી રીતે હપ્તા આપવાના છે. હપ્તા એને જ કરી દે કે જે યુનિટ ચાલુ હોય અને બાકીના ઉપર વસૂલાત થાય, ઈન્ડસ્ટ્રીઝ ચાલુ છે, એણે પાર્ટ પેમેન્ટ આ વર્ષે હપ્તામાં કરી દીધું છે.

**શ્રી છત્રસિંહ પૂં. મોરી** : આ વેચાણ વેરા મારફતે જ રાજય સરકારની આવકનો સ્ત્રોત બનતો હોય છે, ત્યારે માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે, બે થી ત્રણ કંપનીઓ લાપત્તા છે, એકનો તો પત્તો નથી ત્યારે માનનીય મંત્રીશ્રીને મારે એ પૂછવું છે કે, જ્યારે આ ઉદ્યોગો કાર્યરત થયા હશે ત્યારે એના પેપર્સના આધારે માલિકી, એનું કયાં હેડ કવાટર કે આ બધું જે હશે તો એની સામે કોઈ F.I.R. કે પોલીસ કાર્યવાહી કરી છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આજે એક ઈન્ડસ્ટ્રીઝ કંપની હોય અને એક વેપારી કંપની પણ હોય, વેપારી કંપની લાપત્તા થઈ જાય તો એની દુકાન ન હોય, સેલ્સ ટેક્સ નંબર ધરાવતો હોય, એ વપાર કરતા હોય. જે ઈન્ડસ્ટ્રીઝ બાકી છે એની જમીન હોય કે બીજું કાંઈ હોય એના માટેની કાર્યવાહી ચાલુ હોય પણ ઘણી વાર એકસ-પાર્ટી કાર્યવાહી ચાલતી હોય, પેઢી ના મળે ત્યારે જાહેર નોટિસથી એની મિલકતોની હરાજી કરવા માટે કાર્યવાહી ચાલુ હોય છે.

**ડૉ. અનિલ જોષીયારા** : આજે વેચાણ વેરો બાકી હોય એવા એકમો માટે સરકારે કાંઈ સેટલમેન્ટનું વિચાર્યુ છે કે કેમ અને આવી કંપનીઓને કોઈ રાહતો આપી છે કે કેમ ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આપણો જે નિયમ છે એ પ્રમાણે વસૂલાત કરવાની હોય પણ જે Sick Units છે, એને કેન્દ્ર સરકારનો Seek Units માટેનો કાયદો છે. કાયદા માટેનો B.I.F.R. એનો નિર્ણય લે છે એમાં રાજય સરકારને અસંતોષ હોય કે પેઢીને અસંતોષ હોય તો એ અપીલમાં જાય એની જે અપીલ સામે એ જસ્ટ લાઈક એ જયુડિસ્યિલ પ્રોસિડિંગ્સ પ્રમાણે એ વધુ માનતા હોય છે. રાજય સરકાર તરફથી યોજના હોય તો એને મળે છે, નહીંતો વસૂલાતની કાયદેસરની કાર્યવાહી થાય છે.

**શ્રી ટપુભાઈ લીંબાસિયા** : સિદ્ધિ સિમેન્ટ છે એ ચાલુ યુનિટ છે, ગયા વર્ષે કરતાં આ વર્ષે ડબલ એમનો વેચાણવેરો બાકી છે તો એના કારણો શાં છે?

**શ્રી વજુભાઈ વાળા** : ચાલુ છે એનો વેચાણવેરો એ ભરે જ છે, પરંતુ એ ઉપરાંત ભૂતકાળનો બાકી છે અને એમાં B.I.F.R.એ જે નિર્ણય આપ્યો છે એ નિર્ણય પ્રમાણે પાર્ટ પેમેન્ટ આજની તારીખે પણ ચાલુ છે.

## રાંધણ ગેસના સિલિન્ડર ઉપર વેચાણવેરા પેટે થયેલ આવક.

***૮૨૬૨ શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના)** : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજયમાં સને ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાંધણ ગેસના સિલિન્ડર ઉપર વેચાણવેરા પેટે કુલ કેટલી આવક રાજય સરકારને થઈ, અને

(૨) ગેસ સિલિન્ડરના ભાવ વધે છે તે પ્રમાણે વેચાણવેરાની રકમ પણ વધે છે તે અન્વયે સરકાર રાંધણ ગેસના સિલિન્ડર ઉપર વેચાણવેરાની રકમ ઓછી કરવા માગે છે કે કેમ?

**નાણાં મંત્રીશ્રી :**

(૧) ૨૦૦૩-૦૪માં કુલ રૂા. ૯૪.૫૧ કરોડ અને ૨૦૦૪-૦૫માં તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કુલ રૂા. ૭૭.૨૧ કરોડ .

(૨) સૂચન છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, આપણે રાંધણ ગેસના વેચાણવેરામાં કોઈ રાહતો અત્યાર સુધીમાં કોઈને આપી છે કે કેમ અને જિલ્લાવાર કેટલી આવકો થઈ.

**શ્રી વજુભાઈ વાળા** : આવક તો મેં કહ્યું છે કે, ૨૦૦૩-૦૪માં ૯૪.૫૧ કરોડ હતી અને ૨૦૦૪-૦૫માં ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ૭૭.૨૧ કરોડ છે, પરંતુ જે આનો વેરો છે એમાં આપણે કોઈ વૃદ્ધિ કરી નથી. આમાં સવાલ એ છે કે, કેન્દ્ર સરકાર અથવા આ કંપનીઓ છે એ ગેસનો ભાવ વધારે છે, આપણે કોઈ ભાવ વધારો ટકાવારીમાં નથી કર્યો.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : જિલ્લાવાર આવકમાં ?

**શ્રી વજુભાઈ વાળા** : જિલ્લાવાર આવક, દરેક જિલ્લાની જુદી જુદી હોય, અલગથી પ્રશ્ન આપે તો આપું અને છતાંય.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : ટેબલ ઉપર મૂકજો.

**શ્રી વજુભાઈ વાળા** : ટેબલ ઉપર શું, તમને ઘરે પહોંચાડી દઉં જિલ્લાવાર.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વજુભાઈને વિનંતી એટલી કરીએ કે, ગુજરાતની તમામ બહેનોને ઘરે ગેસના સિલિન્ડરો પહોંચાડી દે,

**અધ્યક્ષશ્રી** : આપના પ્રશ્નની એમને માહિતી છે, ખબર છે કે કયો પ્રશ્ન હશે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, તો પેપર લીક કરી દીધું હોય વજુભાઈએ. ઘેર પહોંચાડવાની વાત છે ત્યારે ૫૦ ટકા બહેનોને આજે જે ગેસની પરિસ્થિતિ છે, એમાં કેન્દ્ર સરકાર ઉપર વાત ન કરતાં ગુજરાત સરકાર ગેસના સિલિન્ડર ઉપર સ્પેશ્યલ સબસીડી આપીને બહેનોને રાહત આપવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં આમાં ટેકસ વધુ હતો. મને ખ્યાલ છે મેં ગેસ કનેકશન નોંધાવ્યું સિલિન્ડર ૧૫ રૂપિયાનો મળતો હતો, અત્યારે ૩૧૫ રૂપિયાનો મળે છે. આપણે ભેગા થઈને કંપનીને વિનંતી કરીએ હું મારો ટેકસ ઓછો કરવા પૂરો પ્રયત્ન કરીશ.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : ગુજરાત સરકાર સબસિડી આપવા માગે છે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : ગુજરાત સરકાર ફકત ટેકસ લે છે. વેચાણવેરા સિવાય કાંઈ લેતા નથી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લા ૯ મહિનામાં કેટલો ભાવવધારો થયો અને તેનાથી સંભવિત કુલ કેટલી વેચાણવેરાની આવક થશે?

**શ્રી વજુભાઈ વાળા** : ૯ મહિનામાં ૭૭.૨૧ થયા એટલે ૩૩ ટકા સંભવિત આવક વધે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર આમાં કાંઈ રાહત આપવા માગે છે કે કેમ? કંપની ભાવ વધારે, ભારત સરકાર આપે, પણ ગુજરાત સરકાર તરફથી? ઘર ઘરની આ સમસ્યા છે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી**: માનનીય અધ્યક્ષશ્રી, આ એક મહત્વનો મુદ્દા ઉપર પ્રશ્ન આવ્યો છે. ગૃહને માહિતી આપવાનું ઉપયોગી થશે. ગેસ સિલિન્ડર કેન્દ્ર સરકાર સાથે સબંધિત વિષય છે. આપણા સદનસીબે ગુજરાતમાં વ્યાપક પ્રમાણમાં ગેસ નીકળવાને કારણે આપણે પાઈપલાઈન દ્વારા ગુજરાત સરકારે વ્યવસ્થા કરી છે. સમગ્રતયા રાજયની અંદર ગેસ ગ્રીડ પ્રોજેકટ ચાલી રહયો છે. આને કારણે રાજયમાં ઘેર ઘેર પાણીની જેમ ટેપમાં ગેસ આવે એ દિવસ હવે દૂર નથી. ત્યારે કેન્દ્રનું ભારણ આપણે બધાને ભોગવવું પડે છે એમાંથી લગભગ મુકિત મળવાની શકયતા છે.

## રાજ્યમાં બી.એડ. અને પી.ટી.સી. કોલેજોની મંજૂરી

***૯૮૫૨ શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ડિસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વર્ષવાર નવી બી.એડ. તેમજ પી.ટી.સી. કોલેજો શરૂ કરવા રાજ્ય સરકારે જિલ્લાવાર કેટલા એન.ઓ.સી. આપ્યા,

(૨) તે પૈકી કેટલી કોલેજો શરૂ કરવામાં આવી ?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) બી.એડ. અંગે આ સાથેનાં પત્રક-અ મુજબ અને પી.ટી.સી.ની શૂન્ય માહિતી છે.

(૨) બી.એડ.૩૧ અને પી.ટી.સી.માટે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-અ**

વર્ષ-૨૦૦૩ અને વર્ષ-૨૦૦૪ માટે બી.એડ. કોલેજો શરૂ કરવા માટે વર્ષવાર અને જિલ્લાવાર આપેલ એન.ઓ.સી.ની સંખ્યા દર્શાવતું પત્રક

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ-૨૦૦૩ | વર્ષ-૨૦૦૪ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૬ | - |
| ૨ | વડોદરા | ૧ | - |
| ૩ | રાજકોટ | ૫ | - |
| ૪ | સુરત | ૨ | - |
| ૫ | ખેડા | - | - |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૬ | આણંદ | ૨ | - |
| ૭ | પંચમહાલ | - | - |
| ૮ | દાહોદ | - | - |
| ૯ | સાબરકાંઠા | - | - |
| ૧૦ | જૂનાગઢ | ૫ | ૧ |
| ૧૧ | પોરબંદર | - | - |
| ૧૨ | મહેસાણા | ૫ | - |
| ૧૩ | પાટણ | ૨ | ૧ |
| ૧૪ | ભાવનગર | ૩ | - |
| ૧૫ | જામનગર | ૧ | - |
| ૧૬ | અમરેલી | - | - |
| ૧૭ | કચ્છ | ૨ | - |
| ૧૮ | ભરૂચ | - | - |
| ૧૯ | નર્મદા | - | - |
| ૨૦ | વલસાડ | - | - |
| ૨૧ | નવસારી | - | - |
| ૨૨ | બનાસકાંઠા | ૧ | - |
| ૨૩ | સુરેન્દ્રનગર | - | - |
| ૨૪ | ગાંધીનગર | ૨ | - |
| ૨૫ | ડાંગ | - | - |
| | **કુલ** | **૩૭** | **૨** |

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : વર્ષ ૨૦૦૩-૨૦૦૪માં બી.એડ કોલેજની એન.ઓ.સી. આપવા બાબતનો પ્રશ્ન છે ત્યારે સામાન્ય રીતે જે તે યુનિવર્સિટી જે તે ટ્રસ્ટને ભલામણ કરી રાજય સરકારમાં મોકલે પછી રાજય સરકારે એન.ઓ.સી. આપવાની થાય છે તો એક સવાલ મારો એ છે કે વર્ષ ૨૦૦૪માં કુલ જિલ્લાવાર એન.ઓ.સી. માટે કેટલી અરજી આવી? એમાંથી કેટલી અરજીને મંજૂરી આપવામાં આવી અને કેટલી

અરજી નામંજૂર કરવામાં આવી. સામાન્ય રીતે હું છેલ્લા બે વર્ષથી જોતો આવ્યો છું કે જે શિક્ષણ સાથે જેને કાંઈ લેવાદેવા નથી, ખાસ કરીને • (xxxx)એ હકીકત સાચી છે?

**અધ્યક્ષશ્રી .** : •( મળતિયા) શબ્દ છે એને.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા આક્ષેપ પાછા ખેંચે એમણે પ્રિયંબલની અંદર જે આક્ષેપ મૂકયા છે એ પાછા ખેંચે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : હું **(મળતિયા) શબ્દ પાછો ખેચું છું.

**અધ્યક્ષશ્રી .** : તમામ આક્ષેપો રદ કરવામાં આવે છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું** (મળતિયા) શબ્દ પાછો ખેંચું છું. મળતિળા શબ્દ પાછો ખેંચી લઉં છું. * (XXXX) સેલ્ફ ફાઈનાન્સમાં ૨ લાખથી ૩ લાખ રૂપિયા એક વિદ્ધાર્થીને બી.એડ પ્રવેશ માટે લેવાય છે, એટલા માટે મારે આપના ધ્યાન ઉપર મૂકવાનું છે કે (XXXX) એથી ૨૦૦૪ ની અંદર જે બે લોકોને એન.ઓ.સી. અપાઈ છે, તે કઈ કઈ સંસ્થા છે ? બાકીની નામંજૂર થયેલી અરજીઓ કઈ કઈ છે ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : કોને એન.ઓ.સી. આપી છે, એની માહિતી આજે વિધાનસભા ગૃહમાં મૂકવા માગું છું, એટલે આ સાડત્રીસે સાડત્રીસનાં નામ કઈ જગ્યાએ અને કોણે માગ્યા હતા એ મૂકવા દેજો, એટલે ખબર પડે કે સાંઠગાંઠ કોની સાથે છે ? માત્ર બે કૉલેજોને એન.ઓ.સી. નહિ આપી. ગત્ વર્ષે એક પણ કૉલેજોને આપણે એન.ઓ.સી. નહોતી આપી. ૨૦૦૪-૨૦૦૫માં કારણ એ હતું કે ગુજરાતની અંદર પી.ટી.સી. કૉલેજોની સીટો ૧૨૦૦૦ થી વધારે છે. બી.એડ કૉલેજોની સીટો પણ ૧૨,૦૦૦ થી વધારે છે. ટોટલ ૨૫,૦૦૦ સીટો પી.ટી.સી. અને બી.એડની છે, એની સામે રોજગારીની તક હવે માત્ર ૫ થી ૭ હજાર વિધાર્થીઓને મળવાની છે, એટલા માટે રાજય સરકારે નિર્ણય કર્યો કે, જેમણે પણ કૉલેજો ચલાવવી હોય તેમણે ટેકનિકલ ચલાવવી અને જેમની ઈચ્છા ટેકનિકલ કૉલેજો ચલાવવાની હોય તેઓ રાજય સરકાર પાસે એન.ઓ.સી. માગે, એટલા માટે ગત વર્ષે ૩૯,૦૦૦ જેટલી ટેકનિકલ કૉલેજોની માગણી કરી કે અમારે બી.એડ નથી ચલાવવી, ટેકનિકલ સંસ્થા ચલાવવી છે, કારણ કે ગુજરાતની અંદર કરોડો રૂપિયાના એમ.ઓ.યુ. સાઈન થયેલ છે અને નવા નવા ઉધ્યોગો જ્યારે આવી રહ્યા છે ત્યારે આને અનુરૂપ કરવું જોઈએ, એટલા માટે ગત વર્ષે બેને નહિ આપી, કોઈને પણ એન.ઓ.સી.નહોતી આપી. જૂનાગઢ કેળવણી મંડળ એ હાઈકોર્ટમાં ગયા. એ જ રીતે અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ આ પણ હાઈકોર્ટમાં ગયા. હાઈકોર્ટની સૂચના અનુસાર આદેશ કર્યો કે આ બંનેય કૉલેજોને એન.ઓ.સી. આપવી, એટલા માટે બે કૉલેજોને એન.ઓ.સી. આપવામાં આવી છે. બાકી ગત વર્ષે કોઈ કૉલેજોને એન.ઓ.સી. આપવામાં આવી નથી. ૨૦૦૪માં ૧૪૮ અરજીઓ આવી. મે કહ્યું તેમ હાઈકોર્ટની સૂચનાથી બે કૉલેજોને એન.ઓ.સી. આપી છે. ૨૦૦૩ માં કુલ ૧૮૦ અરજીઓ પ્રાપ્ત થઈ હતી, જેમાંથી ૩૭ ને એન.ઓ.સી. આપી. એન.સી.ટી. ઈ.,ભોપાલે ૩૧ કૉલેજોને મંજૂરી આપી અને ૩૧ કૉલેજો ૨૦૦૩ માં શરૂ થઈ. આ ૩૭ કૉલેજોને એન.ઓ.સી. આપવામાં આવી છે. મારી પાસે બધાનાં નામ છે. શ્રી કડવા પાટીદાર કેળવણી મંડળ, કડી મહેસાણાની આ કૉલેજ એનું કેમ્પસ કુંવરજીભાઈ જોઈ આવે. ૧૦ હજાર કરતાં વધારે વિદ્ધાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી આપ પણ ગયા છો. અમને એમ કહેવામાં આવતું હોય કે મળતીયા છે, ફલાણા છે તો એ વ્યાજબી નથી. બી.એમ. પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, મહેસાણા....

**અધ્યક્ષશ્રી .** : એમાં પ્રમુખ કોણ છે? કડીના પ્રમુખ કોણ છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : મણીભાઈ પટેલ.

**અધ્યક્ષશ્રી .** : કોંગ્રેસના ઉમેદવાર છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : આ જ પ્રકારની મોટી સંસ્થા છે. અંબિકાકૃપા એજ્યુકેશન ટ્રસ્ટ બોપલ. આ સંસ્થાઓને એન.ઓ.સી. આપતી વખતે કોણ છે, કઈ પાર્ટીના છે એ જોવામાં નથી આવ્યું. •(XXXX)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : આ ૩૭ નું લિસ્ટ આપ્યું, માનનીય મંત્રીશ્રીને મારી વાત એટલી છે કે એમાંથી એકાદ લિસ્ટમાં એકાદ નામ બોલ્યા. હું તો એમ કહું છું કે અમુક સંસ્થા સારી પણ હશે. છેલ્લા વર્ષની અંદર પી.ટી.સી., બી.એડ કૉલેજો માત્ર ચોક્કસ શહેરી વિસ્તાર અને આજુબાજુના વિસ્તારની અંદર કોન્સેન્ટ્રેટ થયેલ છે. સેલ્ફ ફાઈનાન્સ પી.ટી.સી. અને બી.એડ કોલેજો વધારાની આપી, તે પણ મોટાભાગની એવા સ્થાપિત હિતોવાળા લોકોને વધારે અપાઈ. માનનીય સભ્યશ્રીનું કહેવું એ જ હતું. મારે રેકર્ડ ઉપર કહેવું છે કે મોટાભાગની સંસ્થાઓ છે તેની જે ફી સરકારે નકકી કરી છે તેના કરતાં ત્રણ-ચાર ગણી ફી પી.ટી.સી. બી.એડ

---

• (xxxx) આ વાકયો માનનીય અધ્યક્ષશ્રી આદેશાનુસાર કાર્યવાહીમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

• (***) આ શબ્દ માનનીય સભ્યશ્રીએ પાછો ખેંચી લીધો.

•(XXXX) માનનીય અધ્યક્ષશ્રીએ, તા.૧૦મી માર્ચ, ૨૦૦૫ (બીજી બેઠક)માં પોઈન્ટ ઓફ ઓર્ડરના આપેલ નિર્ણય મુજબ આ વાકયો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કૉલેજોમાં લવાય છે. ત્રણ ચાર લાખ રૂપિયા જેટલી રકમ લેવાયાની ફરિયાદ આપવા છતાં તેની સામે કોઈ પગલાં લેવાયા નથી. ફરીથી હું કહેવા માગું છું કે છેલ્લા વર્ષની અંદર (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : પ્રશ્ન પૂછયો છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી મારી વિનંતી એટલી છે કે જે સંસ્થાઓને મંજૂરી અપાઈ છે તે સંસ્થાઓ અને જેની એપ્લિકેશનો નામંજૂર થઈ છે તેની વચ્ચે કોઈ ચેક લિસ્ટ બનાવેલ હતું કે કેમ? આ ચેક લિસ્ટ પ્રમાણે હોય તેને આપવાની અને આને નહીં આપવાની. માનનીય સભ્યશ્રીએ સાચી વાત કરી છે. રાજકીય કારણોસર અને વહિવટી કારણોસર થયું છે કે નહીં તે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ચેકલિસ્ટ છે. તે ચેક લિસ્ટ પ્રમાણે જ એન.ઓ.સી. આપવામાં આવે છે. કેન્દ્રીયકૃત ભરતી હોય છે, કોઈ જગ્યાએ થઈ ગયું અને બીજી જગ્યાએ ન મળ્યું અને વિદ્યાર્થીઓ રહી ગયા તેવો પ્રશ્ન આવતો નથી. આમાં હું બીજાં નામો વાંચું છું, તેમાં વિઝન એજયુકેશન ટ્રસ્ટ અમદાવાદ, મહાવીર ભગવાન એજયુકેશન ટ્રસ્ટ સુરત,

**અધ્યક્ષશ્રી** : આ નામ આપ ટેબલ ઉપર મૂકી દેજો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ ડિસ્ટ્રીકટ કન્યા મંડળ ગાંધીધામ, ગાંધીધામ મિત્રમંડળ આદીપુર, સ્વામિનારાયણ વિશ્વ મંડળ કલોલ, લોદરા કેળવણી મંડળ લોદરા,

**અધ્યક્ષશ્રી** : માગણી કરેલ છે, એટલે વાંચે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : આકાશ એજયુકેશન ટ્રસ્ટ ઘાટલોડીયા, કેળવણી મંડળ ઢસા સંચાલિત બી.એડ કોલેજ ઢસા, સહજાનંદ બી.એડ કોલેજ ભાવનગર, શ્રીમતી એલ.એલ.કાકડીયા બી.એડ કોલેજ કારીયાબીડ ભાવનગર, પી.એમ.પટેલ કોલેજ આણંદ, સી.વી.એમ. કોલેજ ઓફ એજયુકેશન આણંદ, કન્યા કેળવણી મંડળ ઉંઝા, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત.

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ દિનેશભાઈ, આપ વચ્ચે બોલી નહીં શકો. બેસો પ્લીઝ,

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી,

**અધ્યક્ષશ્રી** : તમારા સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો હતો તેની વાત કરે છે. પ્રશ્ન ચાલુ હતો. સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે કે ૩૭નું લિસ્ટ વાંચો. માગણી કરી છે, માગણી પૂરી કરો.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દિનેશભાઈએ જે રીતે આપણી સાથે વ્યવહાર કર્યો છે તે વ્યવહાર ઔચિત્યપૂર્ણ વ્યવહાર નથી. બેસી જાઓ ભવાનભાઈ, હમણાં ઘરે જવાનો વારો આવ્યો હતો.

**અધ્યક્ષશ્રી** : અશોકભાઈની વાત સાચી છે. આપના વ્યવહાર વિશે મારે પગલાં લેવા પડે પણ આ વખત તમને હું માફ કરું છું હવે પછી માફ કરવામાં આવશે નહીં, દિનેશભાઈની વાત છે.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય વિરોધપક્ષના નેતાએ પ્રશ્ન રજૂ કર્યો છે તેનો જવાબ મળવો જોઈએ. જયારે વિરોધપક્ષના નેતાએ પ્રશ્ન પૂછયો છે ત્યારે કઈ રીતે સજા કરી શકો?

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય કુંવરજીભાઈના પ્રશ્નનો જવાબ પૂરો થઈ ગયો છે. પ્રશ્ન મેં પૂછ્યો છે. એના પછી મેં પ્રશ્ન પૂછ્યો છે.

**અધ્યક્ષશ્રી** : પણ પ્રશ્ન ચાલુ જ છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી,

**ડૉ. દિનેશ પરમાર** : * (XXXX)

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ ખોટો જવાબ આ ગૃહની અંદર નથી આપતા. હંમેશાં સાચો જવાબ મળે છે. ધારાસભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે તેનો જવાબ આપી રહી છું. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ડોનેશનની વાત કરી છે, ત્યારે હવે સાંભળવાની તૈયારી રાખજો.

**અધ્યક્ષશ્રી** : બહાર જવું પડશે દિનેશભાઈ, મર્યાદામાં રહો. પ્લીઝ બહાર જવું પડશે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બે વર્ષ પહેલાં બી.એડ.ના પ્રવેશમાં કોઈ રિઝર્વેશન ન હતું પણ આ બધા જ હાઈકોર્ટમાં જવાના કારણે પંદર ટકા રિઝર્વેશન સીટોની છૂટ આપવી પડી અને પંદર ટકા મેનેજમેન્ટ કવોટાની અંદર જે સીટો આવી એની અંદર લગભગ વીસ ટકાને બાદ કરતાં કેટલીક સારી કૉલેજોએ પંદર ટકા રિઝર્વેશનની સીટની માગણી ન કરી, રાજયસરકાર અને યુનિવર્સિટીને કહેવામાં આવ્યું કે, તમે જ એની ભરતી કરો, સેઈમ પી.ટી.સી.માં પણ આ પ્રમાણે થયું હતું, પંદર ટકા મેનેજમેન્ટ કવોટાની જે સીટો ભરવાની આવી એમાં પરીક્ષા લેવામાં આવી, શાહ કમિટી જેનો નિર્ણય કરે છે, કેવી રીતે પરીક્ષા લેવી, રાજય સરકારે પણ એમાં...

**અધ્યક્ષશ્રી :** પૂરું કરો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબ તો આપવા દો.

**અધ્યક્ષશ્રી**: ના, પૂરું કરો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : રાજય સરકાર નિર્ણય નથી કરતી.

**અધ્યક્ષશ્રી**: પ્રશ્ન ક્રમાંક : પાંચ.

## પગાર ધોરણ માટેની એનોમલી સમિતિનો અહેવાલ

***૯૯૭૪ શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સરકારે પગાર ધોરણ માટે નીમેલી એનોમલી કમિટીનો અહેવાલ સરકારને મળેલ છે, અને

(૨) જો હા, તો તેનો અમલ કરવા માગે છે કે કેમ?

**નાણાં મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) પગાર વિસંગતતા તપાસ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા રચાયેલ મંત્રીમંડળની પેટા સમિતિનો અહેવાલ મળ્યેથી નિર્ણય થઈ શકશે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હર હંમેશ કર્મચારીઓ માટે સરકાર કમિટીઓ નીમતી હોય છે, કર્મચારીઓના પગાર ધોરણના પ્રશ્નો માટે એનોમલી કમિટી નીમી એનો રિપોર્ટ ક્યારે આવ્યો, પગારધોરણની શું વિસંગતતા હતી, એ દૂર કરવા માટે કમિટીએ શું સૂચનો કર્યા, મારા પ્રશ્નના પેટા પ્રશ્ન બેના જવાબમાં જણાવ્યું છે કે, મંત્રી મંડળની પેટા સમિતિનો અહેવાલ મળ્યેથી નિર્ણય થઈ શકશે. મંત્રી મંડળની પેટા સમિતિ ક્યારે મળી છે અને નિર્ણય ક્યારે આપવા માગે છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, પાંચમું પગાર પંચ જાહેર કર્યુ ત્યાર પછી કર્મચારીઓને જે કંઈ વિસંગગતા રહી હતી, એ માટે થઈને એક નિવૃત્ત હાઈકોર્ટના જજ મિ. એમ.બી.પટેલના અધ્યક્ષપણા નીચે એક વિસંગતતા સમિતિની નિમણૂંક થઈ. છેલ્લે જે રચના થઈ એ ૧૦-૨-૦૩ મંત્રીમંડળની પેટા સમિતિની રચના થઈ, આમાં સવાલ એ હતો કે પાંચમા પગાર પંચ સિવાય કર્મચારી ભાઈઓની માગણી એવી આવી કે ચોથા પગારપંચનો પણ વિસંગતતા સમિતિમાં સમાવેશ કરવો, એટલે એની કન્ડીશન સ્વીકારી ચોથા પગારપંચની વિસંગતતા માટે થઈને એ રીતે કરી અને એ વિસંગતતા સમિતિનો જે કોઈ રિપૉર્ટ આવ્યો એ કૅબિનૅટ પાસે આવ્યો અને કૅબિનૅટ પાસે આવ્યો. છેલ્લી જે રચના તા.૧૦-૨-૦૩ના રોજ થઈ ત્યાર પછી અંદાજે સોળ-સત્તર જેટલી વાર વિસંગતતા સમિતિની બેઠકો મળી છે અને હવે લગભગ આ કામ પૂર્ણ થવામાં છે, વહેલામાં વહેલીતકે એનો રિપૉર્ટ મળી જાય એ રીતે રાજય સરકાર પ્રયત્નશીલ છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, જે પગાર ધોરણનો વધારો છે એ જે તારીખથી ભારત સરકારે જાહેર કર્યો છે, એ તારીખથી ચૂકવવા માગો છો કે કેમ, અને કેટલા સમયમાં એ ચૂકવવા માગો છો?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, પાંચમા પગારપંચનો રિપૉર્ટ તો પાછળથી આવ્યો છે, પણ એની ઈફૅક્ટ આપી હતી તા. ૧-૧-૧૯૯૬થી. છતાં પણ આપણે જે રિટ્રોસ્પેકિટવ ઈફૅક્ટ બધાને પાંચમા પગાર પંચની આપેલ છે એ પગાર પંચ થયા પછી પણ ઘણાના ડેઝીગ્નેશનમાં, બીજી સરખી કામગીરીની અંદર વિસંગતતા રહેલી હતી. એટલે હાઈકોર્ટના નિવૃત્ત જજના અધ્યક્ષપણા નીચે આપણે કમિટી નીમી છે. એની અંદર જે સંવર્ગના લોકોને ઈફૅક્ટ આપી હતી એટલે એ લોકોએ જે માગણી કરી છે અને એમની જે માગણી હશે એની ઈફૅક્ટ તો પાંચમા પગારપંચની જે તારીખ છે એ તારીખથી આપવાની પગાર સમિતિની ભલામણ છે.

## આદિવાસી વિસ્તારમાં શિક્ષકોની ભરતી

***૧૦૦૩૫ ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) પ્રાથમિક વિભાગનું શિક્ષણ સુધારવા આદિવાસી વિસ્તારની પ્રાથમિકશાળાઓ અને આશ્રમશાળાઓમાં ૫ થી ૭ ધોરણ માટે છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કેટલા બી.એસ.સી., બી.એડ. શિક્ષકોની ભરતી કરવામાં આવી,

(૨) હજી કેટલી ટ્રાયબલની સ્કૂલોમાં બી.એસ.સી.,બી.એડ. શિક્ષકોની જગ્યાઓ ભરવાની બાકી છે,અને

(૩) સરકાર આ જગ્યાઓ ક્યારે ભરવા માગે છે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) ૧૦૫.

(૨) ધોરણ પાંચ અને સાતમાં માત્ર બી.એસ.સી., બી.એડ. શિક્ષકોની ભરતી અંગેની કોઈ જોગવાઈ થયેલી ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાયબલ વિસ્તારમાં શિક્ષણ સ્તર નીચુ ગયું છે, છેલ્લા બે ત્રણ વર્ષના દશમા અને બારમા ધોરણની પરીક્ષાના પરિણામથી એનો ખ્યાલ આવે છે. માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ ગઈ વખતે એવી વાત કરેલી કે, ૫-૬-૭ ધોરણના શિક્ષકો અંગે વિષયવાર એટલે કે અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન માટે સ્પેશિયલ વિષયવાર શિક્ષકો ભરવાની વાત થઈ હતી. અત્યારે જવાબ આપ્યો છે કે ૧૦૫ શિક્ષકોની

ભરતી કરી છે. એ જનરલ કરી છે પણ તપાસ કરીને ૫-૬-૭ ધોરણ માટે જયાં શિક્ષકો બી.એસ.સી., બી.એડ નથી ત્યાં ભરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે પ્રશ્ન પૂછયો છે કે, પ્રાથમિક વિભાગનું શિક્ષણ સુધારવા આદિવાસી વિસ્તારની પ્રાથમિક શાળાઓ અને આશ્રમશાળાઓમાં ૫ થી ૭ ધોરણ માટે છેલ્લા ૧ વર્ષમાં ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કેટલા બી.એસ.સી., બી.એડ. શિક્ષકોની ભરતી કરવામાં આવી? આમાં આશ્રમશાળાઓ મારા વિભાગમાં આવતી નહીં હોવાના કારણે આ પ્રશ્નનો ઉત્તર મેં આપ્યો નથી. મારી ધારાસભ્યશ્રીઓને વિનંતી છે કે બે ડિપાર્ટમેન્ટના પ્રશ્નો સાથે ન પૂછે. ૧૦૫ બી.એસ.સી., બી.એડ. અને બી.એ., બી.એડ. આ પ્રકારના શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. ૮૦૪૭૭ વિદ્યાસહાયકોની ભરતી કરી છે, જેમાં અનુસૂચિત જાતિના ૧૦૪૧૩ શિક્ષકોની ભરતી કરવામાં આવી છે, અનુસૂચિત જનજાતિના ૧૧૪૩૪ શિક્ષકોની ભરતી કરી છે અને બક્ષીપંચના ૨૯૩૭૭ શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. ત્રણેયના ભેગા મળીને ૫૧૨૨૪ શિક્ષકોની ભરતી થઈ છે અને આ જે ભરતી થઈ છે એમાં ટ્રાઈબલ વિસ્તારની એક પણ શાળા બાકી રહેતી નથી, કે જેમાં શિક્ષકોની ભરતી થઈ ન હોય. બીજું ધોરણ ૫-૬-૭ માં માત્ર બી.એસ.સી., બી.એડ.ની જ ભરતી કરવી એટલા માટે શકય નથી બનતી કારણ કે મેરિટના આધારે કેન્દ્રિયકૃત ભરતી કરીએ છીએ અને એટલા માટે મેરિટમાં જે શિક્ષકો આવતા હોય અને એ જે શાળા પસંદ કરે એ શાળામાં આપણે એ શિક્ષકને મૂકીએ છીએ. આજે તમામ શાળાઓમાં વિદ્યાસહાયકો છે અને ધોરણ ૧૨માં જેમણે પણ વિજ્ઞાન જેવા વિષયો રાખ્યા હોય એવા વિદ્યાર્થીઓ શિક્ષક તરીકે ત્યાં કામકાજ કરે છે, એટલે હવે ૫ થી ૭ ધોરણમાં ગણિત અને વિજ્ઞાન શિખવનાર શિક્ષક નથી એવો કોઈ પ્રશ્ન રહેતો નથી.

## પાંજરાપોળને સહાય તથા ગીર ઓલાદની ગાયોના જતન બાબત

***૯૯૭૮ શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ)** : **માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:'

(૧) ગૌસંવર્ધન માટે પાંજરાપોળને રાજય સરકાર કયા પ્રકારે મદદ કરે છે,

(૨) તેમાં શહેરી વિસ્તારના પાંજરાપોળ તથા ગીર ઓલાદની ગાયોના જતન, સંવર્ધન માટેની કોઈ યોજના છે કે કેમ, અને

(૩) જો હા, તો તેની શી વિગતો છે.

**ગૌસંવર્ધન મંત્રીશ્રી:-**

(૧) આ માટે રાજય સરકારની વિવિધ યોજનાઓ અમલમાં છે.

(૨) શહેરી વિસ્તારમાં આવેલ પાંજરાપોળોને તથા ગીર ઓલાદની ગાયોનું જતન તેમજ સંવર્ધન કરતી ગૌશાળાઓ/પાંજરાપોળોને પણ તે યોજનાઓનો લાભ આપવામાં આવે છે.

(૩) ગીર ઓલાદની ગાયોના જતન અને સંવર્ધન માટે સર્વાંગી ગૌશાળા વિકાસ યોજના હેઠળ કેટલશેડ, ઘાસ ગોડાઉન , પાણીની વ્યવસ્થા તેમજ શુધ્ધ ઓલાદના સાંઢ તથા નંદીઘર તથા તેના નિભાવ માટે સહાયની યોજનાઓ અમલમાં છે. તદ્ઉપરાંત, ગીર ઓલાદ સહિતના ૧૦૦ થી વધુ પશુઓ ધરાવતી સંસ્થાઓને આંતરમાળખાકીય યોજના હેઠળ લાભ આપવામાં આવે છે.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, મારા પ્રશ્નના પેટા પ્રશ્નમાં જવાબ આપ્યો છે કે, આ માટે રાજય સરકારની વિવિધ યોજનાઓ અમલમાં છે. તો આ જે વિવિધ યોજનાઓ અમલમાં છે એ કયા પ્રકારની યોજનાઓ છે? અને તેમાં જમીન આપવા માટેની જોગવાઈ છે કે કેમ? ન હોય તો આ અંગે રાજય સરકાર વિચારે છે કે કેમ?

**શ્રી પ્રભાતસિંહ પ્ર. ચૌહાણ** : માનનીય અધયક્ષશ્રી, જે વિવિધ યોજનાઓ અમલમાં છે એનું લિસ્ટ બહુ લાંબુ છે. આપ કહો તો લિસ્ટ ટેબલ ઉપર મૂકું નહીં તો વાંચી સંભળાવું.

**અધ્યક્ષશ્રી** : લિસ્ટ ટેબલ ઉપર મૂકજો.

**શ્રી રતિલાલ ગો. સુરેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ઘણી સંસ્થાઓ ગૌશાળા-પાંજરાપોળ કરવા માગે છે તો તેમને વાજબી ભાવે જમીન મળે અને જલદીથી મળે એવી કોઈ યોજના કરવા માગો છો કે કેમ?

**શ્રી પ્રભાતસિંહ પ્ર. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, જે ગામે સરકારી પડતર જમીન હોય અને કોઈ સંસ્થા માગે તો એની ધોરણસરની માગણી વિચારવામાં આવશે અને પછી એમને સહાય આપશું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, પાંજરાપોળની સહાયની વાત કરી છે એ બરાબર છે. પાંજરાપોળ એટલે પાંજરાપોળમાં કોઈ પણ પશુ મૂકે પછી એ પશુ પાછું આપવાનું હોય છે કે કાયમ એને નિભાવવાનું હોય છે? ઘણી જગ્યાએ પાંજરાપોળ રાખે પછી એની સહાય લે અને પછી પાછું આપી દે છે. તો આવાને સહાય આપીએ છીએ કે કાયમ રાખે છે એને આપીએ છીએ? આ રીતે બે પ્રકારની પાંજરાપોળ ચાલે છે તો એમાંથી કોને સહાય આપવામાં આવે છે?

**શ્રી પ્રભાતસિંહ પ્ર. ચૌહાણ** : પાંજરાપોળ અને ગૌશાળા બન્ને અલગ છે. પાંજરાપોળ છે એમાં રખડતા અને જેનાથી પાલન-પોષણ નથી થઈ શકતું એવા ઢોરોને રાખવામાં આવે છે. એને સહાય ૫૦૦ રૂપિયા એક વખત આપવામાં આવે છે. માલીક પાછું માગે તો પાછું આપવામાં આવે છે, પાછું લેવા નથી આવતા તો તે પશુ ત્યાં જ રહે છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, પાંજરાપોળમાં પાછું લેવા આવે તો પણ પાછું આપવાની જોગવાઈ નથી એમ કહેવામાં આવે છે. તો આવું છે?

**શ્રી પ્રભાતસિંહ પ્ર. ચૌહાણ** : માગણી કરે તો જ એ પશુ પાછું આપવામાં આવે છે બાકી નહીં.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : મૂક્યા પછી પરત નથી આપતા એનું શું?

**શ્રી પ્રભાતસિંહ પ્ર. ચૌહાણ** : આવો કોઈ કિસ્સો ધ્યાન પર લાવશે તો ચોક્કસ વિચારીશું.

**શ્રી સુનીલ બા. ઓઝા** : ભાવનગર ખાતે ભાવનગર પાંજરાપોળ આવેલ છે, ખૂબ સારું ટ્રસ્ટ છે, ખૂબ સારી સેવા લોકોની કરે છે. આ પાંજરાપોળને પચાસ એકર જમીન આપેલી છે. એમની જમીનનું ઘાસ સળગી ગયું છે. એમણે વીડીમાંથી ઘાસ મેળવવા માટેની માગણી આમ તો વન વિભાગ પાસે કરી છે, પણ ગૌસંવર્ધન મંત્રીશ્રી એમાં ખાસ રસ લઈને જે ઘાસ સળગી ગયું છે એના બદલામાં બીજું ઘાસ આપવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : આ એમનો જુદો પ્રશ્ન છે. એમનો પ્રશ્ન એ પાંજરાપોળનો છે, આમાંથી ઉપસ્થિત થતો નથી, પરંતુ એની અરજી મોકલી આપશે તો ગૌસંવર્ધન વિભાગ એ ગાયો માટે અને ગાયોના સંવર્ધન માટેનો રચાયેલો વિભાગ છે, તેથી એમની અરજી આવ્યેથી એમની પૂરી વિગતો પણ ધ્યાનમાં લેવામાં આવશે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : સન ૨૦૦૪-૦૫ માં ડિસેમ્બરના નવમા મહિના સુધી કેટલા રૂપિયાનો ખર્ચ કરેલ છે એ હું જાણવા માગું છું.

**શ્રી પ્રભાતસિંહ પ્ર. ચૌહાણ** : ૨૦૦૩-૦૪ માં કુલ આઠ સંસ્થાઓ માટે ૬.૮૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે અને ૨૦૦૪-૦૫ માં ૩૭ સંસ્થાઓને ૧.૦૮ લાખ અને ૧૩ સંસ્થાઓને ૬.૭૭ લાખની સહાય આપવામાં આવેલ.

## જેતપુર પાવી તાલુકાને કોર્ટ આપવાની માગણી

***૧૦૦૦૦ શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર)** : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) જેતપુર પાવી તાલુકાને કાયમી કોર્ટ આપવા માટેનું આયોજન સરકારે હાથ કર્યુ છે કે કેમ?
(૨) જો હા, તો કોર્ટ ક્યારથી શરૂ કરવામાં આવનાર છે, અને
(૩) જો ના, તો આ અંગેનું આયોજન સરકાર ઝડપથી કરવા માગે છે કે કેમ?

**ન્યાયતંત્ર મંત્રીશ્રી**

(૧) હા, જી.
(૨) વડી અદાલત, અમદાવાદ તરફથી તારીખ નક્કી થયેથી
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી વેચાતભાઈ હ. બારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, પાવી જેતપુર તાલુકાને કાયમી કોર્ટ આપવા અંગેનો મારો પ્રશ્ન છે, એમાં મંત્રીશ્રીએ જવાબમાં હાજી કહ્યું છે અને બીજો પ્રશ્ન છે ક્યારે તો એમાં જવાબ આપેલ છે કે, વડી અદાલત, અમદાવાદ તરફથી તારીખ નક્કી થયેથી, આ તારીખ ક્યારે નક્કી થશે અને તારીખ નક્કી કરવા માટે કોઈ કાર્યવાહી સરકારશ્રીએ છેલ્લા એક વર્ષમાં કરી છે કે કેમ અને પાવી જેતપુરને ક્યારે કોર્ટ આપવામાં આવશે?

**શ્રી અશોક ભટ્ટ** : છોટાઉદેપુર પાંચ દિવસ ફોજદારી કેસો ચલાવવા માટે પાવી જેતપુરની અંદર કોર્ટ જતી હતી. આદરણીય વેચાતભાઈએ અનેક વખત મૌખિક રજૂઆત મારી સમક્ષ કરી છે અને રાજ્ય સરકારના ન્યાયતંત્ર વિભાગે નક્કી કરેલ છે કે ૨૯ દિવસ ચાલતી લિન્ક કોર્ટો છે, આ કોર્ટોને પૂર્ણતાની કોર્ટ આપવી.આ માટેનું ડ્રાફટ નોટિફિકેશન તૈયાર કરી રાજ્ય સરકારના કાયદા વિભાગે ગુજરાત હાઈકોર્ટને મોકલી આપેલ છે,એની મંજૂરી આવશે એટલે તરત જ થશે, રાજ્યની વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિશ્રી આ પ્રકારના છેવાડાના વિસ્તારની અંદર રાજ્ય સરકારની ભાવના છે એને ન્યાય એમના ઘર આગળ મળે એ માટે ખૂબ કાર્યાન્વિત છે. એટલા માટે ટૂંક સમયની અંદર એમની માગણીને પૂર્ણ કરી શકાશે.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત હાઈકોર્ટે જે મંજૂરી આપી હોય એવી ઘણી બધી કોર્ટો હાલમાં ચાલુ નથી તો માનનીય અશોકભાઈ એ ચાલુ કરવા માગે છે કે કેમ? હું મારા લીંબડી વિસ્તારની ત્રણ કોર્ટો છે એના સંદર્ભમાં વાત કરું છું.

**શ્રી અશોક ભટ્ટ** : આ પ્રશ્નમાં એમને સમજણ પડવી જોઈએ આ લીન્ક કોર્ટ માટેનો પ્રશ્ન છે. લીંબડીને તો ઓલરેડી કોર્ટ આપેલી છે. થોડુંક સમજીને આવે તો હું જવાબ આપવા માટે તૈયાર છું. પહેલાં એમણે

સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. લીંબડીને કોર્ટ આપવાની અમારી તૈયારી છે. હાઈકોર્ટ એનું નોટિફિકેશન તૈયાર કરે અને એ પછી આ થતું હોય છે. એટલે આ જે પ્રકારની કોર્ટની માગણી છે અને આ કોર્ટનો જે વેચાતભાઈનો પ્રશ્ન છે  એ જેતપુર પાવી માટેનો છે. લીંબડી માટે એમણે જો પ્રશ્ન પુછ્યો હોત તો હું એનો ચોક્કસ જવાબ આપત.

## મેઘાણીનગર વિસ્તારની શાળામાં શિક્ષકોની નિમણૂકોમાં કૌભાંડ

***૧૦૦૩૬ શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) મેઘાણીનગરમાં આવેલ જનતા હીંદી હાઈસ્કૂલમાં ભૂતિયા વિદ્યાર્થીઓના આધારે શિક્ષકોની નિમણૂંક કરવાનું કૌભાંડ ઝડપાયું છે, તે વાત સાચી છે,

(૨) તો આ તપાસ દરમ્યાન કઈ ક્ષતિઓ જણાઈ, અને

(૩) જવાબદારો સામે શું પગલાં લેવામાં આવ્યા ?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨)

(૧) ભૂતિયા વિદ્યાર્થીઓ માલુમ પડેલ છે.

(૨) શાળાના માધ્યમની માન્યતાના આધાર નથી.

(૩) શાળામાં વગર મંજૂરીએ વર્ગો ચલાવવામાં આવે છે.

(૪) શાળાની મંજૂરી મળેલ સ્થળને બદલે અન્ય સ્થળે શાળા ચલાવવામાં આવે છે.

(૫) લઘુમતી શાળા તરીકેની માન્યતાના આધારો જોવા મળેલ નથી.

(૬) શાળામાં આરોગ્ય તેમજ ભૌતિક સુવિધાઓનો અભાવ છે.

(૭) વગર આધારે વ્યવસાયલક્ષી પ્રવાહના વર્ગો ચલાવવામાં આવે છે.

(૮) શાળાના પગાર બીલમાં નોંધાયેલ બધા જ કર્મચારી શાળામાં ફરજ બજાવતા નથી.

(૩) (૧) શાળાની નોંધણી રદ કરવામાં આવેલ છે.

(૨) શાળાની ગ્રાન્ટ બંધ કરવામાં આવી છે.

(૩) પોલીસ કેસ દાખલ કરવામાં  આવેલ છે.

(૪) ગ્રાન્ટની વસૂલાત કરવાના આદેશ કરવામાં આવેલ છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મેઘાણી નગરમાં આવેલ જનતા હિંદી હાઈસ્કૂલમાં ભૂતિયા વિદ્યાર્થીઓને આધારે શિક્ષકોની નિમણૂકનું જે કૌભાંડ પકડાયું, છતાં પણ આજની તારીખમાં આ શાળા ચાલુ છે. આ ચાલુ શાળામાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારકિર્દી અંગેનું કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ? શિક્ષકો જે નિયમિત છે તે શૈક્ષણિક કાર્યક્રમ ચાલુ રાખે છે તો એ શિક્ષકોની પગારની ચૂકવણી થતી નથી તો એ બાબતમાં સરકાર શું કરવા માગે છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેઘાણીનગરની આ શાળા ૧૯૬૩થી શરુ થઈ અને સમયે સમય તેમાં જે કોઈ શિક્ષકોની ભરતી, વિદ્યાર્થી, ભૂતિયા વર્ગો, ભૂતિયા શિક્ષકો આ બધું જ ૧૯૯૪-૯૫માં પકડાયેલું,ત્યાર પછી તેમણે લઘુમતી સંસ્થા હોવાને કારણે આજે પણ લઘુમતીનું સર્ટીફિકેટ નથી, તેમ છતાં તે સમયમાં સીધી ડાયરેક્ટ ભરતીઓ  કરી લીધી, તે શિક્ષકોને ફાજલ કરવામાં આવ્યા જેમની કોઈ એન.ઓ.સી. રાજય સરકાર પાસેથી  કે જિલ્લા કચેરીઓ પાસેથી પણ લીધી નથી. એવા શિક્ષકોની ભરતી આ જનતા હિંદી હાઈસ્કૂલે કરી છે. અત્યારે હાલ આ શાળાને બંધ કરવા માટેની નોટિસ આપવામાં આવી છે. ધોરણ: ૮,૯,૧૦,૧૧, અને ૧૨ના જે વિદ્યાર્થીઓ છે તેઓ અત્યારે અભ્યાસ કરે છે. એપ્રિલ મહિનામાં તેમની પરીક્ષા પૂર્ણ થતાં જે બાળકો છે તેમને નજીકની શાળાઓની અંદર ખસેડી દેવામાં આવશે અને શાળાને બંધ કરી દેવામાં આવશે.  શિક્ષકો જે નિયમિત હશે અને જે શિક્ષકોની એન.ઓ.સી. ભરતીની પ્રક્રિયા આ બધું જ પૂર્ણ થયેલ હશે તેમને પગારની અંદર દાખલ કરવામાં આવશે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જનતા હિંદી માધ્યમિક શાળા કયા વર્ષમાં શરુ થઈ અને છેલ્લે વધુમાં વધુ કેટલાં વર્ગો હતા? આ વર્ગો કેટલા અને કોના વખતમાં અપાયા?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જનતા હિંદી માધ્યમિક શાળાની શરૂઆત ૧૯૬૩માં થઈ, ઉચ્ચતર માધ્યમિક વિભાગ ૧૯૮૧માં શરુ થયો અને ૧૯૮૧-૮૨ સુધીમાં ૨૧ વર્ગો હતા, પરંતુ ૧૯૯૧-૯૨ સુધીમાં ૧૨૪ વર્ગો થઈ ગયા છે. જ્યારે ૨૦૦૪-૦૫માં તપાસ થઈ ત્યારે ભૂતિયા વર્ગો પકડવામાં આવ્યા. તે વખતના અમારા નલિનભાઈ ભટ્ટે આ બધાઓને દૂર કર્યા, બધા શિક્ષકોને ફાજલ કર્યા અને તેમની ઉપર કાર્યવાહી શરુ થઈ. તેમની સામે કોર્ટ મેટર પણ બનાવવામાં આવી અને ૨૨ લાખ કરતાં વધારે રકમની રિકવરી પણ કરવામાં આવી. અત્યારે હાલ તેમની ઉપર ગેરરીતિઓ માટેનો કેસ કરવામાં આવ્યો છે, એટલું જ નહીં સંચાલક મંડળની સામે પણ પોલીસ ફરિયાદ કરવામાં આવી છે, કારણકે તેમણે પોતાની જન્મ તારીખ ખોટી બતાવી અને દશ વર્ષ સુધી ખોટી રીતે પગારો મેળવ્યા એટલા માટે તેમની ઉપર પણ કાર્યવાહી ચાલુ છે.

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, કુલ કેટલી ગ્રાન્ટ વસૂલ કરવાની છે અને કેટલી ગ્રાન્ટ હાલમાં જમા થઈ અને જો ગ્રાન્ટ ના અપાઈ હોય તો તેની સંપત્તિ ટાંચમાં લેવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ કોર્ટ મેટર બની છે અને રિકવરી કરવા માટેની નોટિસ પણ અપાઈ ગઈ છે. નવા સત્રથી શાળાને બંધ પણ કરી દેવામાં આવશે.

**શ્રી પ્રબોધકાંત દા. પંડયા** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૩માં શરુ થયેલી આ શાળામાં ૨૧ વર્ગો હતા અને ૧૯૯૧-૯૨માં ૧૨૪ થયા તો ૧૯૯૧-૯૨માં કેટલા વર્ગોનો વધારો થયો હતો?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૩૨ વર્ગ નામંજૂર કરવામાં આવ્યા હતા અને ૫૭૬ ભૂતિયા વિદ્યાર્થીઓ પકડવામાં આવ્યા હતા.

## સાવલી તાલુકામાં આંગણવાડીઓના મકાન અંગે

*૯૧૩૧ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ** : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સાવલી તાલુકામાં કેટલા આંગણવાડી કેન્દ્રો ચાલે છે,

(૨) કેટલા આંગણવાડી કેન્દ્રોના મકાનો છે,

(૩) કયા કયા ગામે આંગણવાડીના મકાનો નથી, અને

(૪) આંગણવાડીના મકાનો બનાવવા સરકારનું શું આયોજન છે

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) ૨૦૫

(૨) ૧૨૩

(૩) ૮૨ (પત્રક-૧ યાદી સામેલ છે)

(૪) સાવલી તાલુકામાં ભારત સરકારની મોડલ આંગણવાડીની યોજના હેઠળ ૧૪ આંગણવાડીઓના મકાન બાંધવાનું આયોજન કરેલ છે.

સાવલી તાલુકાના કયા ગામે આંગણવાડીના મકાન નથી તેની યાદી

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | સીસોદીયાપુરા | ૨૯ | ભાટપુરા | ૫૭ | ચારણપુરા |
| ૨ | ગોઠડા-૧ | ૩૦ | જુના કેસરાનામુવાડા | ૫૮ | દિપાપુરા |
| ૩ | ગોઠડા-૨ | ૩૧ | વચ્છેસર-(ઈન્દીરાનગરી) | ૫૯ | દેવનગર |
| ૪ | ગોઠડા-૩ | ૩૨ | વાઘવા | ૬૦ | ઘેલાપુરા |
| ૫ | રાધનપુરા | ૩૩ | દાજીપુરા | ૬૧ | છાલીયેર-૧ |
| ૬ | સાવલી-૨ | ૩૪ | જાંબુગોરલ | ૬૨ | છાલીયેર-૨ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | ટુંડાવ-૨ | ૩૫ | કેવડામાતાનામુવાડા | ૬૩ | રાજનગર |
| ૮ | નવાપુરા | ૩૬ | પરમારપુરા | ૬૪ | સાવલી-૧ |
| ૯ | જીતનગર | ૩૭ | આંતુનામુવાડા | ૬૫ | અંજેસર-૧ |
| ૧૦ | ગુલાબપુરા | ૩૮ | હીમતપુરા | ૬૬ | અંજેસર-૨ |
| ૧૧ | રાતડીયા | ૩૯ | ગણેસપુરા | ૬૭ | ડેસર-૧ |
| ૧૨ | જુનાશિહોરા | ૪૦ | સાવલી-૪ | ૬૮ | ડેસર-૩ |
| ૧૩ | પીપડીયા | ૪૧ | ટુંડાવ-૧ | ૬૯ | ભાદરવા ૩ |
| ૧૪ | પ્રથમપુરા-૧(શિ) | ૪૨ | ટુંડાવ-૩ | ૭૦ | મોક્ષી-૨ |
| ૧૫ | મણીપુરા | ૪૩ | ભવાની પુરા | ૭૧ | વાંકાનેર-૧ |
| ૧૬ | સોખડાના મુવાડા | ૪૪ | નમીસરા-૨ | ૭૨ | સમલાયા-૧ |
| ૧૭ | ગુતરડી-૨ | ૪૫ | મુવાલ ઈન્દીરાનગરી | ૭૩ | વડદલા |
| ૧૮ | બાડાનામુવાડા | ૪૬ | સતનગર | ૭૪ | મોટાપુરા |
| ૧૯ | ડુંગરાપુરા (મે) | ૪૭ | રાહતનગર | ૭૫ | ગાંગડીયા |
| ૨૦ | લટીયાપુરા | ૪૮ | ભાદરવા-૧ | ૭૬ | અમરાપુરા |
| ૨૧ | સદાપુરા | ૪૯ | પાધરો | ૭૭ | મેવલી-૨ |
| ૨૨ | સેંગવો | ૫૦ | કલ્યાણપુરા | ૭૮ | રાણીયા ૨ |
| ૨૩ | ગરધીયા | ૫૧ | સમલાયા-૨ | ૭૯ | પાન્ડુ |
| ૨૪ | વેમાર | ૫૨ | દરકુંડી | ૮૦ | સાવલી-૩ |
| ૨૫ | પસવા | ૫૩ | વાઘાનામુવાડા | ૮૧ | મોટીવરણોલી |
| ૨૬ | ભગાનામુવાડા | ૫૪ | ત્રાસીયા | ૮૨ | ઈટવાડ |
| ૨૭ | મુંઢેલા | ૫૫ | સામંતપુરા | | |
| ૨૮ | મણીનગર | ૫૬ | જાવલા | | |

**શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતમાં સાક્ષરતા માટેનું અભિયાન સરકાર, મુરબ્બી ધારાસભ્યો અને સ્વૈચ્છિક સંસ્થાઓ ચલાવે છે. આપના મારફતે મારો પ્રશ્ન પૂછવા માગું છું કે સાવલી તાલુકામાં ૨૦૫ આંગણવાડી ચાલે છે. પાયાનું કામ છે તે એમને બેસવાનું છે. એમાં ૧૨૩ મકાનો નથી. મને જવાબ આપ્યો છે કે ૮૨ ગામોમાં આંગણવાડીના મકાનો નથી અને ચાલુ વર્ષે ૧૪ મકાનો ભારત સરકારની મોડેલ આંગણવાડી મારફતે બનાવવામાં આવશે, હું પૂછવા માગું છું કે બાકીના ૬૮ આંગણવાડીના મકાનો સરકારશ્રી સ્પેશ્યલ કેસમાં બનાવવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : પૂરા રાજયની અંદર જે રીતે આંગણવાડીના મકાનો બનાવવાની આવશ્યકતા હતી એ મુજબ ન બન્યા અને એકીસાથે રાજય સરકાર ઉપર આટલું મોટું બર્ડન આવી પડયું. એટલા માટે સમયે સમયે છેલ્લા ૩, ૪ વર્ષથી આ આંગણવાડીના મકાનો બનાવવા માટેનું અભિયાન શરૂ કર્યુ. ગયા વર્ષે કેન્દ્ર સરકારમાંથી ૮૦૦ આંગણવાડીના મકાન બનાવવા માટે આપણને ફંડ આપ્યું અને એ ૮૦૦ જેટલી આંગણવાડી રાજય સરકાર દ્વારા જુદા જુદા જિલ્લામાં બની રહી છે. હજુ પણ ઘણી બધી આંગણવાડી બનાવવાની બાકી છે. મારી તો ધારાસભ્યશ્રીઓને વિનંતી છે કે એમ.પી.શ્રીઓ અને ધારાસભ્યશ્રીઓ માત્ર આંગણવાડીમાં જ જો પોતાની ગ્રાન્ટ ફાળવશે તો ઝડપથી બની શકશે. રાજય સરકારે એ પણ વ્યવસ્થા કરી છે કે જે ગામમાં આંગણવાડીનું પાકું મકાન ન હોય ત્યાં પ્રાથમિક શાળામાં આંગણવાડી ચાલે, એ પણ આપણે ચલાવી રહ્યા છીએ. એ ઉપરાંત કોમ્યુનિટી હોલ બનાવીએ ત્યાં પણ આંગણવાડી ચાલે, એ વ્યવસ્થા પણ આપણે કરી દીધી છે. કેટલીક આંગણવાડી બનાવવાની શરૂઆત પણ થઈ છે. કેટલીક એન.જી.ઓ. પણ બનાવી રહી છે અને એમ કરીને એક અભિયાનના સ્વરૂપમાં તમામ આંગણવાડીઓ લઈ અત્યારે લગભગ ૩૭ હજારમાંથી ૧૦ થી ૧૨ હજાર આંગણવાડીઓ આપણે બનાવી શકયા છીએ.

## ટેકનિકલ શિક્ષણમાં ગુણવત્તા સુધારવા અંગે

*૧૦૦૨૭ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય **શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-
ટેકનિકલ શિક્ષણમાં ગુણવત્તા સુધારણા માટે રાજય સરકાર શું પ્રયત્નો કરી રહી છે?

**શિક્ષણ મંત્રી:**

ટેકનિકલ શિક્ષણ માટે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે થતાં ફેરફારો અને ઉદ્યોગોમાં ઉભી થતી માંગને ધ્યાને લઈને ટેકનિકલ શિક્ષણના અભ્યાસક્રમોના માળખામાં સુધારા કરવામાં આવી રહ્યા છે.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ ક્ષેત્રે સરકાર જે પ્રગતિ કરી રહી છે એ બદલ સરકારને અને ખાસ શિક્ષણમંત્રીશ્રીને અભિનંદન આપું છું. આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ટેકનિકલ શિક્ષણમાં ગુણવત્તા સુધારવા માટે મુખ્ય મુખ્ય શું કાર્યવાહી થઈ રહી છે? આ માટે ખાસ કોઈ પ્રોજેકટ ચાલી રહ્યો છે કે આ અંગે કોઈ વિચારણા કરવા માગે છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ટેકનિકલ શિક્ષણમાં ગુણવત્તા સુધારવા માટે રાજય સરકારના ટેકનિકલ વિભાગ દ્વારા અનેકવિધ પગલાં લેવામાં આવી રહ્યાં છે. એમાં સૌથી પહેલાં અધ્યાપકોને તાલીમ આપવી જોઈએ. એટલા માટે એમ.ઈ., એમ.ટેક. અને પી.એચ.ડી.માટે અધ્યાપકોને મોકલવામાં આવે છે અને એમને ટ્રેનિંગ આપવામાં આવે છે. પોલિટેકનિકના અધ્યાપકોને પણ એ.આઈ.સી.ટી. દ્વારા ભોપાલ અને ચંદીગઢમાં એમને તાલીમ આપવામાં આવે છે. નવી પદ્ધતિઓ, ટેકનોલોજીનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને ભણાવવા માટેની પણ એમને તાલીમ આપી છે. ટૂંકા ગાળાની તાલીમ પણ આપવામાં આવે છે. એ ઉપરાંત ડીઝીટલ લાયબ્રેરીની પણ સ્થાપના કરવા માટે આ વર્ષે રાજય સરકારે નિર્ણય કર્યો છે. ડિગ્રી એન્જીનીયરીંગ કોલેજો છે એને એમાં પહેલા પ્રાયોરિટી આપવામાં આવે છે. ઈસરો દ્વારા અવકાશમાં જે તરતા મૂકાયેલા એજયુસેટ્સ છે, એના દ્વારા ઈજનેરી કોલેજોને જોડીને બાયસેક દ્વારા ગુણવત્તાવાળું શિક્ષણ આપવા માટેની યોજના બની છે. અત્યારે એનો ઉપયોગ થઈ રહ્યો છે. એ જ રીતે ટેકસેપ ૨૦૦૧ થી ગુજરાત રાજયની અંદર ઈન્સેટ ૩ બી સેટેલાઈટના માધ્યમ દ્વારા એમને સાંકળી લેવામાં આવ્યા છે. અભ્યાસક્રમોમાં પણ સમયે સમયે સુધારા કરવામાં આવી રહ્યા છે. કારણ કે જે રીતે ઉદ્યોગો વિકસીત થઈ રહ્યા છે, નવા ઉદ્યોગો આવી રહ્યા છે, એ ઉદ્યોગોને અનુરૂપ વિદ્યાર્થીઓ તૈયાર થાય, એને અનુરૂપ અભ્યાસક્રમો તૈયાર થાય અને વિદ્યાર્થીઓને રોજગારીની તકો ઉપલબ્ધ થાય એના માટે છેલ્લા ૩, ૪ વર્ષથી કેટલાક નવા અભ્યાસક્રમો યુનિવર્સિટીમાં દાખલ કરવામાં આવ્યા છે અને વધુને વધુ સીટો પ્રાપ્ત થાય એના માટે પણ રાજય સરકારે પ્રયાસ કર્યા છે.

તજજ્ઞોના વાર્તાલાપ, ઉદ્યોગ ગૃહોની મુલાકાત, સેમિનાર, વર્કશોપ અને સ્પર્ધાઓ. આ બધાનું આયોજન વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે કરવામાં આવે છે. મને કહેતાં આનંદ થાય છે કે વિશ્વ બેંક પુરસ્કૃત પ્રોજેકટને જે કવોલિટી એજયુકેશન માટે પસંદ કરવામાં આવ્યા છે અને બીજા ફેઈઝમાં કેન્દ્ર સરકારે રાજયની ૬ કોલેજોને એમાં પસંદ કરી છે અને એના માટે ૮૭ કરોડ રૂપિયા એમાં ફાળવવામાં આવ્યા છે. આ વર્ષે ૭.૬૫ કરોડ મંજૂર થયા છે અને આવી ૭ કોલેજોને આ પૈસા ફાળવી આપવામાં આવ્યા છે. એમાં એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજને ૩૦ કરોડ, સરકારી ઈજનેરી કોલેજ,ગાંધીનગરને ૨૦ કરોડ રૂપિયા, સરકારી ઈજનેરી કોલેજ, મોડાસાને ૧૫ કરોડ રૂપિયા, ધરમશી દેસાઈ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી, નડિયાદ. એને ૧૮.૫૬ કરોડ અને સરકારી પોલિટેકનિક, અમદાવાદને ૧ કરોડ, ડો.એફ.એન્ડ એસ.એસ.ગાંધી કોલેજ, સુરત. એને ૧ કરોડ, સ્ટેટ પ્રોજેકટ ફેલિસિટેશન યુનિટ ગાંધીનગરમાં ઉભું કરવા માટે ૧.૪૪ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે, જેમાંથી અત્યારે ૭.૬૫ કરોડ રૂપિયા મંજૂર કરીને એ છ એ છ કોલેજોમાં હાલની નવી આધુનિક ટેકનોલોજી વિકસીત થઈ છે, એવાં સાધનો ખરીદવા માટે આ કોલેજોને સૂચના આપવામાં આવી છે. એ ઉપરાંત ઈન્ડિયા કેનેડા ઈન્સ્ટીટયુટ લીંકેજ પ્રોગ્રામ દ્વારા પણ અધ્યાપકોને તાલીમ અપાઈ રહી છે. અધ્યાપકો વિના કવોલિટી ન આવી શકે એટલા માટે સરકારે અત્યારે કોલેજોમાં ૧૫૪ અધ્યાપકોની નિમણૂક કરી છે અને પોલિટેકનીક કોલેજોમાં ૨૫૧ અધ્યાપકોની નિમણૂક કરીને સમગ્ર ટેકનિકલ શિક્ષણને આગળ વધારવા માટે અને કવોલિટી લાવવા માટે પ્રયાસ રાજય સરકારે કર્યો છે.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં તો માનનીય શિક્ષણ મંત્રીશ્રીને હું અભિનંદન આપવા માગું છું કે, પંચમહાલ જિલ્લામાં છેલ્લા ૫૦ વર્ષથી પોલિટેકનીક કોલેજ હતી નહીં એ પોલિટેકનીક કોલેજ ચાલુ સત્રથી ચાલુ કરવા માટે તેમણે મંજૂરી આપી છે અને લગભગ ૯ કરોડ રૂપિયા જેવી રકમ એના માટે મંજૂર કરી છે, એના માટે સૌથી પહેલાં તો આભાર માનું છું. હવે મારા પ્રશ્ન ઉપર આવું તો મારો પ્રશ્ન એ છે કે આ પોલિટેકનીક કોલેજ શરૂ કરવામાં આવનાર છે તો એમાં ટેકનિકલ શિક્ષણ આપવાની વાત છે તો એમાં મિકેનિકલ સાઈડનો અભ્યાસક્રમ ચાલુ કરવા માગે છે કે કેમ, આ પોલિટેકનીકની સાથે એન્જિનિયરિંગ કોલેજ પણ અહીં વિશાળ સંકુલ છે તો એ પણ શરૂ કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : આવતા વર્ષે ગોધરામાં પોલિટેકનિક કોલેજ શરૂ કરવામાં આવશે અને એમાં ૧૮૦ જેટલી સીટો ચાલુ થશે એમાં આ ત્રણે ત્રણ વિભાગ આપણે આવરી લીધા છે.

## આદિજાતિ વિસ્તારમાં શિક્ષણનો વ્યાપ વધારવા પગલાં

***૯૯૬૪ શ્રી કાંતિભાઈ ભા. તડવી(સંખેડા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) આદિજાતિ વિસ્તારોમાં ટેકનિકલ શિક્ષણનો વ્યાપ વધારવા સરકાર દ્વારા શું પ્રયત્નો કરવામાં આવી રહયા છે, અને

(૨) તેનાથી આદિજાતિ વિસ્તારને શું લાભ થયો?

**શિક્ષણ મંત્રીશ્રી:**

(૧) દાહોદ જેવા આદિવાસી વિસ્તારમાં ૨૦૦૪-૨૦૦૫ ના વર્ષથી ઈજનેરી કોલેજ શરૂ કરવામાં આવી છે અને તેમાં (૧) સિવિલ (૨) મિકેનિકલ(૩) ઈલેકટ્રીકલ એન્ડ કોમ્યુનિકેશન અને (૪) ઈલેકટ્રીકલ ઈજનેરીની દરેક શાખામાં ૬૦ બેઠકોની ક્ષમતા સાથે કુલ ૨૪૦ બેઠકોની કોલેજ ઉપલબ્ધ કરવામાં આવી છે. આગામી વર્ષમાં ગોધરા ખાતે ૧ સરકારી પોલિટેકનીક શરૂ કરવા માટેની કાર્યવાહી પણ ગતીમાં છે.

(૨) આદિવાસી વિસ્તારમાં જ ઈજનેરી કોલેજો શરૂ થવાથી આ વિસ્તારમાં જે ઔદ્યોગિક ગૃહો છે તેમને સ્થાનિક કક્ષાએથી ઉચ્ચ ટેકનીકલ અભ્યાસક્રમ ધરાવતા વિદ્યાર્થીઓ મળશે અને તેને લીધે આદિવાસી વિસ્તારનો વિકાસ થશે અને રોજગારીની નવી તકો ઉપલબ્ધ થશે.

**શ્રી કાંતિભાઈ ભા. તડવી** :માનનીય અધ્યક્ષશ્રી, આગામી ૨૦૦૫ ની સાલમાં આ પોલિટેકનીક ચાલુ કરવામાં આવશે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનનીય અધ્યક્ષશ્રી, આપણે ૨૦૦૫-૦૬ માં જ ચાલુ કરવા માગીએ છીએ.

**શ્રી સી. ડી. પટેલ** : મારે પૂછવું છે કે રાજય સરકારે ગયા વર્ષે ૮ સરકારી ઈજનેરી કાલેજો શરૂ કરી છે તે વાત સાચી છે અને આ કોલેજો કયાં કયાં શરૂ થઈ છે, તેનાથી કેટલી બેઠકો વધશે અને વડોદરા જિલ્લામાં ટેકનીકલ શિક્ષણ ક્ષેત્રે કયા કયા અભ્યાસક્રમો ઉપલબ્ધ છે?

**અધ્યક્ષશ્રી** : એ બધું છાપેલું સાહિત્ય છે એટલે એ મળી રહેશે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ માહિતી ટેબલ ઉપર મૂકી દઈશ.

## અનામતની નીતિ અન્વયે ફાસ્ટ ટ્રેક કોર્ટોમાં જજોની નિમણૂક અંગે

***૮૫૩૩ શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી)** : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧).ફાસ્ટ ટ્રેક કોર્ટોના જજોની તથા સરકારી વકીલોની નિમણૂકમાં અનુસૂચિત જાતિ/જનજાતિના કેટલા ઉમેદવારોની નીમવામાં આવેલ છે, અને

(૨).અનામતની નીતિથી ઓછા ઉમેદવારોની નિમણૂક થવાનાં શાં કારણો છે?

**કાયદા મંત્રીશ્રી:**

(૧) (૧) ફાસ્ટ ટ્રેક કોર્ટના જજ-
    ૪- અનુસૂચિત જાતિ
  (૨) સરકારી વકીલો-
    ૩ અનુસૂચિત જાતિ
    ૨ અનુસૂચિત જનજાતિ

(૨) ફાસ્ટ ટ્રેક કોર્ટના જજોની પસંદગી ગુજરાત હાઈકોર્ટ દ્વારા થાય છે, ત્યારબાદ નિમણૂક સરકાર દ્વારા થાય છે. આ નિમણૂક કેન્દ્રિય પુરસ્કૃત યોજના હેઠળ છે.
સરકારી વકીલોની નિમણૂક સી.આર.પી.સી.ની જોગવાઈ પ્રમાણે યાદી બને છે.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : મારા પ્રશ્નના જવાબમાં ફાસ્ટ ટ્રેક કોર્ટમાં જજો તથા સરકારી વકીલોની નિમણૂક અનુસૂચિત જાતિના કેટલા ઉમેદવારોની કરવામાં આવેલ છે અને અનામત નીતિથી ઓછા ઉમેદવારોની નિમણૂક થવાનાં કારણો શું છે? બીજું ૨૦૦૪ ની સ્થિતિએ વકીલો. અને જજોની કેટલી જગ્યાઓની ઘટ હતી અને કયારે સંપૂર્ણ કરવામાં આવશે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ફાસ્ટ ટ્રેક કોર્ટમાં અથવા તો હાઈકોર્ટ દ્વારા નિમણૂક થાય છે, એમાં અનામતની નીતિ લાગુ પડતી નથી.

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે ફાસ્ટ ટ્રેક કોર્ટમાં અનુસૂચિત જાતિના જજોની પસંદગી ગુજરાત હાઈકોર્ટે કરી હોય અને સરકાર દ્વારા નિમણૂક બાકી હોય એવી કોઈ નિમણૂક બાકી છે કે નહીં અને જો બાકી હોય તો એ કયારે પૂર્ણ કરવામાં આવશે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હાઈકોર્ટ યાદી મોકલી આપે છે, એનો પોલીસ રિપોર્ટ અને તબીબી રિપોર્ટ આવતાં એ યાદી હાઈકોર્ટને મોકલી આપીએ છીએ અને હાઈકોર્ટે અત્યાર સુધીમાં ૧૬૫ જજોની નિમણૂકનો ઓર્ડર કાઢયો છે.

## પ્રાચીન સ્મારકોની જાળવણી

***૯૮૬૪ શ્રી નરેશકુમાર મી. કનોડિયા (કરજણ) : માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ગુજરાતમાં આવેલ પ્રાચીન સ્મારકોની જાળવણી માટે સરકાર દ્વારા કોઈ પગલાં લેવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

**સાંસ્કૃત્તિક પ્રવૃત્તિ મંત્રીશ્રી:**

(૧) હા,જી.

(૨) (૨)રાજયમાં આવેલ ઐતિહાસિક અને પુરાતત્વીય મહત્વ ધરાવતા પ્રાચીન સ્મારકોને કાયદા હેઠળ રક્ષિત જાહેર કરીને જરૂરિયાત મુજબ નિભાવ, સંભાળ, દેખભાળ અને મરામત કરી જાળવણી કરવામાં આવે છે.

**શ્રી નરેશકુમાર મી. કનોડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછવા માગું છું કે ગુજરાત...

**અધ્યક્ષશ્રી .** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો
## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### ગાંધીધામ સ્પોર્ટ સંકુલના વિકાસ માટે ફાળવેલ રકમ

**૮૨૭૮ ડૉ. નીમાબેન બ. આચાર્ય : (અંજાર) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીધામ સ્પોર્ટ સંકુલ માટે સરકારે કેટલા ખર્ચનું આયોજન કરેલ છે, અને | (૧) રૂા. ૧૯૦ લાખ. |
| (૨) ખર્ચ ક્યારે કરવામાં આવશે ? | (૨) બાંધકામની પ્રગતિ અનુસાર તબક્કાવાર ખર્ચ કરવામાં આવશે. |

----------

### પાલીતાણા અને તળાજાની આસપાસ માઘ્યમિક શાળા શરૂ કરવા અંગે

**૮૭૫૯ શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલીતાણા અને તળાજા વચ્ચેના ૪૦ કિ.મી.ના અંતરમાં કોઈ ઉચ્ચતર માધ્યમિક શાળા આવેલી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) આ વિસ્તારમાં ઉચ્ચતર માધ્યમિક શાળા રાજ્ય સરકાર આપવા માંગે છે કે કેમ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

### ઈજનેરી કોલેજોની બેઠકમાં વધારા અંગે

**૧૦૦૨૧ શ્રી કાંતિભાઇ ત્રિ. ભીલ** : (નસવાડી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૫-૦૬માં ઈજનેરી કોલેજોની બેઠકમાં કેટલો વધારો કરવામાં આવ્યો, અને | (૧) ૨૦૦૫-૦૬નું વર્ષ હજુ શરુ થયેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા નવા અભ્યાસક્રમો ચાલુ કરવામાં આવ્યા ? | (૨) ૧. ઓટોમોબાઈલ ઈજનેરી<br>૨. બાયોમેડીકલ ઈજનેરી<br>૩. બાયો ટેકનોલોજી<br>૪. મેકાટ્રોનીકસ ઈજનેરી<br>૫. બાયો મેડીકલ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન |

ઈજનેરી
૬. એરોનોટીકલ ઈજનેરી
૭. ઈલેકટ્રીકલ્સ એન્ડ ઈલેકટ્રોનીક્સ ઈજનેરી

---------

## નવસારી જિલ્લામાં શિક્ષકોની ઘટ

**૯૯૭૩ શ્રીમતી ભારતીબેન ન. પટેલ(ચીખલી)** : : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| નવસારી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં કુલ ૨૦૦ થી પણ વધારે શિક્ષકોની ઘટ છે, સરકાર એ ઘટ ક્યારે પુરવા માંગે છે? | નવસારી જિલ્લામાં ૯૪ ઘટ છે જે નવી જગ્યાઓ મંજૂર થયે ઘટ દૂર કરવામાં આવશે. |

----------------

## વિજ્ઞાન મેળાની વિશેષતા

**૧૦૦૦૩ શ્રી અંબાલાલ આ. રોહિત(સોજીત્રા)** : : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં સાયન્સ સીટીમાં રાજ્ય કક્ષાનો વિજ્ઞાન મેળો ભરાયો, તેમાં રાજ્યની કેટલી શાળાઓએ ભાગ લીધો, | (૧) ૩૮૮- શાળાઓ |
| (૨) કુલ કેટલી કૃતિઓ આવી, તેમાં રાજ્ય બહારની કેટલી કૃતિઓ હતી, અને | (૨) કુલ કૃતિઓ :- ૪૭૫<br>રાજ્ય બહારની કૃતિઓ :- ૫૧ |
| (૩) આ વિજ્ઞાન મેળાની વિશેષતા શું હતી? | (૩) મહામહિમ રાષ્ટ્રપતિ સહિતના અનેક મહાનુભાવો તથા રાજ્યની ૧૮૦ શાળાઓના આશરે ૧ લાખ જેટલા બાળકોએ આ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. |

----------

## રાજ્યમાં સાક્ષરતા અભિયાન હેઠળ કરેલ કાર્યક્રમો અને ખર્ચ

૮૩૨૭ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સાક્ષરતા અભિયાન હેઠળ કેટલા કાર્યક્રમો જીલ્લાદીઠ તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં છેલ્લા એક વર્ષમાં યોજવામાં આવ્યા, અને | (૧) જિલ્લા દીઠ એક કાર્યક્રમ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) રૂા. ૧૯,૫૧,૮૬૬/- |

-------------

## રાજ્ય સરકારના આંતરિક અને બાહ્ય દેવા અંગે

૮૩૦૨ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ રાજ્યનું કુલ જાહેર દેવું કેટલું થયું છે, | (૧) અંદાજીત રૂા. ૫૬,૪૩૮ કરોડ. |
| (૨) આમાંથી આંતરિક દેવું તેમજ બાહ્ય દેવું કેટલું છે, અને | (૨) આંતરિક દેવું રૂા. ૩૫૮૩૮.૮૮ કરોડ અને બાહ્ય દેવું ક્ષ્શૂન્યખ. |
| (૩) આ દેવું ચૂકવવા માટે રાજ્ય સરકારે ક્યારે કોને કેટલું વ્યાજ છેલ્લા બે વર્ષમાં ચુકવવું પડેલ છે ? | (૩) નાણાકીય વર્ષ ૨૦૦૨-૨૦૦૩માં રૂા. ૨૦૫૫.૭૯ કરોડ અને નાણાંકીય વર્ષ ૨૦૦૩-૦૪માં રૂા. ૩૦૦૪.૯૧ કરોડ. |

----------

## રાજકોટ જિલ્લામાં લોક અદાલતો

૯૮૩૮ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા)** : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી લોક અદાલતો યોજાઇ ગઇ, અને | (૧) ૧,૨૫૨. |
| (૨) આ લોક અદાલતોમાં તાલુકાવાર કેટલા કેસોનું નિરાકરણ થયું છે ? | (૨) પત્રક અ-મુજબ. |

### તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં લોકઅદાલતોમાં તાલુકાવાર નિરાકરણ થયેલ કેસોનું પત્રક-અ

| ક્રમ નં. | તાલુકાનું નામ | ૨૦૦૩ | ૨૦૦૪ |
|---|---|---|---|
| ૧. | રાજકોટ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ | ૩૯૧ | ૬૩૩ |
| ૨. | રાજકોટ તાલુકા કાનૂની સેવા સત્તા કમિટી | ૧૩૩૮૩ | ૩૦૩૩ |
| ૩. | ગોંડલ તાલુકા કાનૂની સેવા સત્તા કમિટી | ૧૨૯૭ | ૧૦૮૩ |
| ૪. | જેતપુર તાલુકા કાનૂની સેવા સત્તા કમિટી | ૧૧૫૮ | ૧૩૬૪ |
| ૫. | ધોરાજી તાલુકા કાનૂની સેવા સત્તા કમિટી | ૪૧૧ | ૫૮૯ |
| ૬. | ઉપલેટા તાલુકા કાનૂની સેવા સત્તા કમિટી | ૫૮૯ | ૩૪૨ |
| ૭. | જસદણ તાલુકા કાનૂની સેવા સત્તા કમિટી | ૧૪૩ | ૬૮૬ |
| ૮. | વાંકાનેર તાલુકા કાનૂની સેવા સત્તા કમિટી | ૭૪૮ | ૩૧૬ |
| ૯. | મોરબી તાલુકા કાનૂની સેવા સત્તા કમિટી | ૩૯૭ | ૩૯૪ |
| ૧૦. | માળીયા-મીયાણા તાલુકા કાનૂની સેવા સત્તા કમિટી | ૧૬ | ૬૦ |

--------

## નિગમો પાસેથી વેચાણવેરાની બાકી રકમ

૮૧૭૫ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** :**માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજ્યના નિગમો પાસેથી વેચાણવેરાની કેટલી રકમ લેણી નિકળે છે ? | (૧) રૂા. ૧૦૯.૪૫ કરોડ. |

(૨) કેટલા સમયથી કેટલી અને કયા કયા નિગમોની રકમ લેણી નીકળે છે, અને

(૨)

| ક્રમ | નિગમનું નામ | કઇ તારીખથી બાકી | રકમ રૂા. કરોડમાં |
|---|---|---|---|
| ૧ | ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન | ૧૭-૧૧-૯૮<br>૧૪-૧૧-૨૦૦૦<br>૩૧-૫-૨૦૦૧ | ૦.૨૨<br>૦.૯૯<br>૦.૦૨ |
| ૨ | ગુજરાત સ્મોલ ઇન્ડ. કોર્પોરેશન | ૮-૧૨-૯૯<br>૩૧-૩-૦૪ | ૫૯.૮૫<br>૦.૬૧ |
| ૩ | ગુજરાત સ્ટેટ સીડઝ કોર્પોરેશન | ૧૬-૯-૦૪ | ૦.૦૭ |
| ૪ | ગુજરાત સ્ટેટ સીવીલ સપ્લાય કોર્પોરેશન | ૧૫-૬-૦૪ | ૦.૩૮ |
| ૫ | ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ | ૧૭-૧૧-૯૮<br>૧૭-૪-૯૯<br>૩૧-૫-૨૦૦૦<br>૨૧-૬-૨૦૦૦ | ૩.૩૭<br>૨૨.૭૮<br>૧૨.૪૦<br>૦.૨૧ |
| ૬ | ગુજરાત કોમ્યુનિકેશન એન્ડ ઇલેક્ટ્રોનીકસ લી. | ૨૮-૨-૦૩<br>૨૭-૨-૦૩ | ૨.૪૬<br>૬.૦૯ |

(૩) વસૂલાત માટે શી કાર્યવાહી કરી છે ?

(૩) શક્ય વસૂલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા અને જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લીધા છે.

----------

## સિવિલ કોર્ટ કડીના મકાન ભાડા પાછળ થયેલ ખર્ચ

૯૧૩૬ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી)** : **માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) કડી સિવિલ કોર્ટ ક્યારથી ભાડાના મકાનમાં ચાલે છે, અને

(૨) મકાન ભાડા પાછળ કેટલો ખર્ચ છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં થયો ?

**જવાબ**

(૧) કડી સિવિલ કોર્ટ તા. ૨૯-૭-૧૯૯૯થી ભાડાના મકાનમાં ચાલે છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં મકાન ભાડા પાછળ રૂા. ૧૩,૫૦,૦૦૦/-નો ખર્ચ થયેલ છે.

## વિધવા સહાય બંધ કરવા અંગે

૯૯૮૩ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ)** : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે ૧૮ થી ૪૦ વર્ષની નિરાધાર વિધવા તેમજ ૬૦ વર્ષ ઉપરની નિરાધાર વિધવાઓને નિરાધાર સહાય ઓગષ્ટ, ૨૦૦૩થી સંપૂર્ણ બંધ કરી છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો રાજ્યમાં આવક વિનાની નિરાધાર વિધવાઓ ભારે આર્થિક તકલીફમાં આવી ગઇ છે તે હકીકત પણ સાચી છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) લાંબા સમયથી ચાલતી આ સહાય અચાનક બંધ કરી દેવાના શા કારણો છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) દરેક નિરાધાર વિધવાના હીતમાં સરકારે શી વિચારણા હાથ ધરી છે ? | (૪) નિરાધાર વિધવા સહાય યોજનાના નિયમો હેઠળ ૧૮ થી ૬૦ વર્ષની ઉંમરની વિધવા બહેનો પ્રાંત કચેરીમાં નિયત નમૂનામાં અરજી કરવાને પાત્ર છે. ચકાસણીને અંતે સહાયને પાત્ર હોય તેવી વિધવા બહેનોની સહાય મંજૂર કરવામાં આવે છે. |

## સિમેન્ટ કંપનીઓ પાસેથી વેચાણવેરાની બાકી રકમ

૯૯૯૪ **શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા)** :**માનનીય નાણા મંત્રીશ્રી** : જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજ્યમાં કઈ કઈ સીમેન્ટ કંપનીઓ પાસેથી વેચાણવેરાની વસૂલાતો છેલ્લા બે વર્ષથી કરવાની બાકી છે, | (૧) પત્રક મુજબ. |
| (૨) આ કંપનીઓ પાસેથી કુલ કેટલી રકમોની વસૂલાત બાકી રહે છે, | (૨) રૂા. ૪૦૨.૪૦ કરોડ. |
| (૩) આ અંગે રાજ્ય સરકારે છેલ્લાં બે વર્ષમાં કયા કયા પગલાં લીધાં, અને | (૩) શકય વસૂલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા અને જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લીધેલ છે. |
| (૪) કુલ કેટલી રકમોની કયારે વસૂલાત કરવામાં આવી ? | (૪) રૂા. ૮૪.૧૮ કરોડની વસૂલાત તારીખ ૧-૪-૨૦૦૨થી તા. ૩૧-૧૨-૨૦૦૪ દરમ્યાન કરવામાં આવી. |

**પત્રક**

| એકમનું નામ |
|---|
| એસોસીએટેડ સિમેન્ટ કું. |
| એલ.એન્ડ ટી. |
| કાશી વિશ્વનાથ સિમેન્ટ |
| બાલાચામ સિમેન્ટ |
| રાધાકિશન સિમેન્ટ |

| |
|---|
| સોમાની સિમેન્ટ કંપની |
| મહાકાળી સિમેન્ટ |
| પંચમહાલ સિમેન્ટ કંપની લી. |
| સેવાલીયા સિમેન્ટ વર્કસ. |
| વી. કી. સિમેન્ટ પ્રા.લી. |
| સંદીપ સિમેન્ટ પ્રા.લી. |
| અલ્ટ્રાટેક સિમેન્ટ લી. |
| ગુજરાત અંબુજા સિમેન્ટ લી. |
| ગજ અંબુજા સિમેન્ટ કંપની |
| ગુજરાત હાઈટેક ઈન્ડ. |
| ગુજરાત સિધ્ધિ સિમેન્ટ કંપની |
| કામદાર સિમેન્ટ કંપની |
| સૌરાષ્ટ્ર સિમેન્ટ લી. |
| એચ.એમ.પી. સિમેન્ટ કંપની |
| ગુજરાત હિંમાલીયા સિમેન્ટ કંપની |
| દિગ્વીજય સિમેન્ટ કંપની |
| અજમેરા સિમેન્ટ પ્રા. લી. |
| સરદાર સિમેન્ટ પ્રા. લી. |
| કાંગારૂ સિમેન્ટ પ્રા. લી. |
| પટેલ એન્ડ લાલકા સિમેન્ટ લી. |
| સુવિન સિમેન્ટ પ્રા. લી. |
| ગાયત્રી સિમેન્ટ એન્ડ કેમીકલ |
| શકિત સિમેન્ટ |
| જયુપીટર સિમેન્ટ કંપની |
| દ્વારકા સિમેન્ટ |

-----------

## ડાંગ, વલસાડ અને ભરૂચ જિલ્લાની શાળાઓનું ખાનગીકરણ

૯૧૩૯ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

**પ્રશ્ન**

(૧) ડાંગ, વલસાડ અને ભરૂચ જિલ્લામાં કઈ કઈ કેટલી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું ૩૧-૧૨-૦૪ સુધીમાં છેલ્લા બે વર્ષમાં ખાનગીકરણ કરવામાં આવ્યું,

**જવાબ**

(૧)

| ક્રમ | વર્ષ | જિલ્લો | મા. શાળા | માધ્ય. અને ઉ.મા. શાળા | શાળાનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૩ | ડાંગ | ૦૨ | ૦૧ | ૧. સ.મા. શાળા, મહાલ, તા. આહવા (માધ્યમિક)<br>૨. સ.મા. શાળા, લીંગા, તા. આહવા (માધ્યમિક)<br>૩. સ.મા. શાળા, પીપરી, તા. આહવા (માધ્યમિક અને ઉ. મા. શાળા) |
| | | વલસાડ | -- | -- | |
| | | ભરુચ | -- | ૦૧ | વિજય વિદ્યામંદિર, અવિધા, તા. ઝગડીયા (માધ્યમિક અને ઉ. મા. શાળા) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | ડાંગ | - | -- | -- |
| | | વલસાડ | -- | -- | -- |
| | | કુલ | ૦૨ | ૦૨ | -- |

(૨) કઈ કઈ સંસ્થાઓને આ શાળાઓ આપવામાં આવી, અને

(૨)

| **શાળાનું નામ** | **ખાનગી ટ્રસ્ટનું નામ** |
|---|---|
| **જિલ્લો ડાંગ** | |
| ૧. સરકારી મા. શાળા, મહાલ, તા. આહવા | માધવ સ્મૃતિ ટ્રસ્ટ, કિલ્લા પારડી, જી. વલસાડ |
| ૨. સ. મા. શાળા, પીપરી, તા. આહવા | ઉપર મુજબ. |
| ૩. સરકારી મા. શાળા, લીંગા, તા. આહવા | પ્રયોશા પ્રતિષ્ઠાન, આહવા, જિ. ડાંગ. |
| **જિલ્લો વલસાડ :-** | |
| **જિલ્લો ભરુચ :-** | |
| વિજય વિદ્યામંદિર, અવિધા, તા. ઝઘડીયા | યોગી ડિવાઈન સોસાયટી, ભકિતધામ, નેત્રંગ, જિ. ભરુચ |

(૩) તે સંસ્થાના વહીવટ પ્રત્યે કેટલી ફરિયાદો છેલ્લા બે વર્ષમાં મળી ?

(૩) કોઈ ફરિયાદ મળેલ નથી.

-----------

## ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા

૯૯૯૨ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** **જવાબ**

(૧) શૈક્ષણિક વર્ષ ૨૦૦૨-૨૦૦૩ અને વર્ષ ૨૦૦૩-૨૦૦૪માં ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં કેટલા વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા, કેટલા ઉત્તિર્ણ થયા,

(૧)

| શૈક્ષણિક વર્ષ | બેઠેલ વિદ્યાર્થી | ઉત્તિર્ણ વિદ્યાર્થી |
|---|---|---|
| ૨૦૦૨-૨૦૦૩ | ૭૨૮૭૫ | ૩૧૧૯૬ |
| ૨૦૦૩-૨૦૦૪ | ૭૦૦૩૬ | ૩૫૮૩૧ |

(૨) ચાલુ વર્ષે એટલે કે ૨૦૦૫ની પરીક્ષામાં રાજ્યમાં કેટલા વિદ્યાર્થી વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપશે, અને

(૨) ૬૦,૭૦૦

(૩) વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતી જતી હોય તો તેના શાં કારણો છે ?

(૩) વિજ્ઞાન પ્રવાહમાં રસ ઓછો.

--------------

## રાજકોટ જિલ્લામાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ઓછું પરિણામ લાવતી શાળાઓ

૮૧૦૪ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં માર્ચ-એપ્રિલ-૨૦૦૪માં લેવાયેલ પરીક્ષામાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં કઇ કઇ શાળાઓમાં ઓછું પરિણામ આવેલ છે. | (૧) પત્રક-૦૧ મુજબ. |
| (૨) આ શાળાઓમાં ઓછું પરિણામ આવવાના કારણો કયા છે, તે અંગે કોઇ સમીક્ષા કરવામાં આવી છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો તેની મુખ્ય વિગતો શું છે ? | (૩) વિજ્ઞાન પ્રવાહમાં ઓછો રસ. |

**પત્રક-૦૧**

**શાળાઓમાં બોર્ડના પરિણામ કરતા ઓછું પરિણામ**

| ક્રમ | શાળાનું નામ | ઉપસ્થિત વિદ્યાર્થી સંખ્યા | ઉત્તિર્ણ વિદ્યાર્થી સંખ્યા | પરિણામની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | શ્રીમતી આર. એચ. એન્ડ વી. ટી. કોટક કન્યા વિનય મંદિર, રાજકોટ. | ૫૫ | ૨૩ | ૪૧.૮૨ |
| ૨. | બાઇ સાહેબા ગર્લ્સ હાઇસ્કુલ, રાજકોટ | ૯૯ | ૨૭ | ૨૭.૨૭ |
| ૩. | મોહનદાસ ગાંધી વિદ્યાલય, રાજકોટ | ૧૬૫ | ૩૬ | ૨૧.૮૨ |
| ૪. | ધી. વી. સી. ટેકનીકલ હાઇસ્કુલ, મોરબી | ૪૧૯ | ૧૭૪ | ૪૧,૫૩ |
| ૫. | શ્રી કમરીબાઇ હઇસ્કુલ, જેતપુર | ૫૧ | ૯ | ૧૭.૬૫ |
| ૬. | મુની વિવિધલક્ષી વિનય મંદિર, ઉપલેટા | ૨૩ | ૯ | ૩૯.૧૩ |
| ૭. | શ્રી કરણસિંહજી ઉ. મા. શાળા, રાજકોટ | ૨૦૫ | ૩૭ | ૧૮.૦૫ |
| ૮. | શ્રી પી. એન્ડ ટી. વીરજી શેઠ હાઇસ્કુલ, ૨ ાજકોટ | ૧૧૯ | ૩૯ | ૩૨.૭૭ |
| ૯. | શ્રી એચ. એલ. ગાંધી વિદ્યા વિહાર, રાજકોટ | ૧૫૯ | ૬૭ | ૪૨.૧૪ |
| ૧૦. | શ્રી પંચશીલ કન્યા વિદ્યા, રાજકોટ | ૭૨ | ૩૪ | ૪૭.૨૨ |
| ૧૧. | સરસ્વતી હાયર સેકન્ડરી વિદ્યા મંદિર, રાજકોટ | ૩૭ | ૧૨ | ૩૨.૪૩ |
| ૧૨. | શ્રી કન્યા વિદ્યાલય, જામકંડોરણા | ૧૬૪ | ૬૯ | ૪૨.૦૭ |
| ૧૩. | કલ્યાણ હાઇસ્કુલ, રાજકોટ | ૪૦ | ૧૫ | ૩૭.૫૦ |
| ૧૪. | શ્રી સરવેશ્વર વિદ્યા મંદિર, | ૩૫ | ૧૦ | ૨૮.૫૭ |

| ક્રમ | શાળાનું નામ | ઉપસ્થિત વિદ્યાર્થી સંખ્યા | ઉત્તિર્ણ વિદ્યાર્થી સંખ્યા | પરિણામની ટકાવારી |
|---|---|---|---|---|
| | રાજકોટ | | | |
| ૧૫. | શ્રી વિરાણી વિવિધલક્ષી વિદ્યા મંદિર, રાજકોટ | ૨૧ | ૦૫ | ૨૩.૮૧ |
| ૧૬. | શ્રી મહાત્મા ગાંધી ઉ.મા. વિદ્યાલય, મોરબી | ૩૨ | ૮ | ૨૫.૦૦ |
| ૧૭. | અર્જન વિદ્યાલય, ધોરાજી | ૫૮ | ૨૪ | ૪૧.૩૮ |
| ૧૮. | સાંતવન્ત સ્કુલ, રાજકોટ | ૬૩ | ૨૧ | ૩૩.૩૩ |
| ૧૯. | શ્રી સરસ્વતી વિદ્યા મંદિર, ધોરાજી | ૬૮ | ૨૩ | ૩૩.૮૨ |

--------------

## સિમેન્ટ કંપનીઓ પાસે વેચાણવેરાની બાકી રકમ

૯૯૯૭ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી)** : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કઇ કઇ સિમેન્ટ કંપનીઓ પાસેથી વેચાણવેરાની વસૂલાતો છેલ્લા બે વર્ષથી ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ કરવાની બાકી છે,

(૨) આ કંપનીઓ પાસેથી કુલ કેટલી રકમોની તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ વસૂલાત બાકી રહે છે,

(૩) આ અંગે રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં કયા કયા પગલાં લીધાં, અને

(૪) કુલ કેટલી રકમોની વસૂલાત ક્યારે કરવામાં આવી?

**જવાબ**

(૧) પત્રક મુજબ

(૨) રૂા. ૪૦૨.૪૦ કરોડ.

(૩) શક્ય વસૂલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા અને જમીન મહેસૂલ કાયદા હેઠળના પગલાં લીધેલ છે.

(૪) રૂ. ૮૪.૧૮ કરોડની વસૂલાત તા. ૧-૪-૨૦૦૨ થી તા. ૩૧-૧૨-૨૦૦૪ દરમ્યાન કરવામાં આવી.

**પત્રક**

| **એકમનું નામ** |
|---|
| એસોસીએટેડ સિમેન્ટ કું. |
| એલ.એન્ડ ટી. |
| કાશી વિશ્વનાથ સિમેન્ટ |
| બાલારામ સિમેન્ટ |
| રાધાકિશન સિમેન્ટ |
| સોમાની સિમેન્ટ કંપની |

| |
|---|
| મહાકાળી સિમેન્ટ |
| પંચમહાલ સિમેન્ટ કંપની લી. |
| સેવાલીયા સિમેન્ટ વર્કસ. |
| વી. કી. સિમેન્ટ પ્રા.લી. |
| સંદીપ સિમેન્ટ પ્રા.લી. |
| અલ્ટ્રાટેક સિમેન્ટ લી. |
| ગુજરાત અંબુજા સિમેન્ટ લી. |
| ગજ અંબુજા સિમેન્ટ કંપની |
| ગુજરાત હાઈટેક ઈન્ડ. |
| ગુજરાત સિધ્ધિ સિમેન્ટ કંપની |
| કામદાર સિમેન્ટ કંપની |
| સૌરાષ્ટ્ર સિમેન્ટ લી. |
| એચ.એમ.પી. સિમેન્ટ કંપની |
| ગુજરાત હિંમાલીયા સિમેન્ટ કંપની |
| દિગ્વીજય સિમેન્ટ કંપની |
| અજમેરા સિમેન્ટ પ્રા. લી. |
| સરદાર સિમેન્ટ પ્રા. લી. |
| કાંગારૂ સિમેન્ટ પ્રા. લી. |
| પટેલ એન્ડ લાલકા સિમેન્ટ લી. |
| સુવિન સિમેન્ટ પ્રા. લી. |
| ગાયત્રી સિમેન્ટ એન્ડ કેમીકલ |
| શકિત સિમેન્ટ |
| જયુપીટર સિમેન્ટ કંપની |
| દ્વારકા સિમેન્ટ |

## રાજ્યમાં નવી માધ્યમિક શાળાઓની મંજૂરી

૮૨૦૨ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નવી માધ્યમિક શાળાઓને મંજૂરી આપવા માટેની રાજય સરકારે ૬૦-૪૦ની નવી નીતિ જાહેર કર્યા પછી રાજ્ય સરકારે આ નીતિ મુજબ કેટલી શાળાઓને મંજૂરી આપી ? | એકપણ નહી. |

----------

### સાબુ બનાવતા એકમોના વેચાણવેરા અંગે

૯૧૩૦ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં સાબુ બનાવતા ઉદ્યોગોને નહાવાનો સાબુ આંતર રાજ્ય વેચાણ માટે ૪ ટકાના બદલે ૧.૨૫ ટકાનો દર રાખવાની મુદત ૩૧-૧૨-૨૦૦૩માં પૂરી થયા પછી 'સી' ફોર્મ સામે ૪ ટકાનો વેરો વસુલ કરી રાજ્ય સરકારમાં કયા કયા એકમોએ ભરેલ નથી ? | આવી ૫ડતર વસૂલાતવાળું એકપણ એકમ નથી. |

----------

### ગ્રાન્ટેબલ કોલેજોને ગ્રાન્ટની રકમ ચૂકવવા અંગે

૯૧૨૭ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર)** : **માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વનિર્ભર કોલેજો પૈકી તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં છેલ્લા એક વર્ષમાં કેટલી અને કઈ કઈ કોલેજોને ગ્રાન્ટેબલ ગણવા સરકારે હુકમ કરેલ છે, | (૧) નીચે મુજબની બે કોલેજો ૧. ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ફોર ગર્લ્સ, સોલા, અમદાવાદ ૨. વી. આર. ભક્ત મહિલા બી.એડ. કોલેજ, કામરેજ, (જી. સુરત) |
| (૨) આ પૈકી કેટલી કોલેજોને ગ્રાન્ટની ચુકવણી કરવામાં આવી નથી, | (૨) (૩) અને (૪) બન્ને કોલેજને સીધા પગાર યોજના હેઠળ સમાવી ગ્રાન્ટના હેતુ માટે મંજૂરી આપવામાં આવી છે. |
| (૩) તે માટેના શાં કારણો છે, અને | |
| (૪) ગ્રાન્ટની ચુકવણી ક્યારે કરવામાં આવશે ? | |

----------

### લોક અદાલતોના કેસોના નિકાલ અંગે

૧૦૦૧૫ **શ્રી સી. ડી. પટેલ (પેટલાદ)** : **માનનીય ન્યાયતંત્રમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી લોક અદાલતો દ્વારા કુલ કેટલા કેસોનો નિકાલ થયો છે ? | ૯,૪૪૦ લોક અદાલતો દ્વારા ૨,૬૫,૬૯૨ કેસો. |

----------

### એન્જિનિયરીંગ કોલેજોમાં બેઠકોનો થયેલ વધારા અંગે

૮૭૭૭ **શ્રી યોગેશભાઈ ના. પટેલ (રાવપુરા)** : **માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસે. ૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર એન્જિનીયરીંગ કોલેજોની બેઠકોમાં કેટલો વધારો કરવામાં આવ્યો, અને | (૧) ડીસે. ૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર એન્જિનીયરીંગ કોલેજોની બેઠકોમાં નીચે પ્રમાણે વધારો કરવામાં આવ્યો છે. |

| વર્ષ | ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦૪ | કુલ |
|---|---|---|---|---|
| બેઠકો | ૨૯૫ | ૭૩૩ | ૨૬૦૫ | ૩૬૩૩ |

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં નવા કયા કયા કોર્સ ચાલુ કરવામાં આવ્યા ?

(૨) ૧. ઓટોમોબાઈલ ઈજનેરી
૨. બાયોમેડીકલ ઈજનેરી
૩. બાયો ટેકનોલોજી
૪. મેકાટ્રોનીક્સ ઈજનેરી
૫. બાયોમેડીકલ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન ઈજનેરી
૬. એરોનોટીકલ ઈજનેરી
૭. ઈલેકટ્રીકલ્સ એન્ડ ઈલેકટ્રોનીક્સ ઈજનેરી

---------

## વિજ્ઞાન મેળાની વિશેષતા

૧૦૦૧૬ **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર )** : **માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં સાયન્સ સીટીમાં રાજ્ય કક્ષાનો વિજ્ઞાન મેળો ભરાયો, તેમાં રાજ્યની કેટલી શાળાએ ભાગ લીધો, | (૧) ૩૮૮ શાળાઓ |
| (૨) કુલ કેટલી કૃતિઓ આવી, તેમાં રાજ્ય બહારની કેટલી કૃતિઓ હતી, અને | (૨) કુલ કૃતિઓ :- ૪૭૫<br>રાજ્ય બહારની કૃતિઓ :- ૫૧ |
| (૩) આ વિજ્ઞાન મેળાની વિશેષતા શું હતી ? | (૩) મહામહિમ રાષ્ટ્રપતિ સહિતના અનેક મહાનુભાવો તથા રાજ્યની ૧૮૦ શાળાઓના આશરે ૧ લાખ જેટલા બાળકોએ આ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. |

----------

## ભાવનગર ફાતિમા કોન્વેન્ટ શાળામાં ડોનેશન

૯૯૮૦ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ)** : **માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગરની ફાતિમા કોન્વેન્ટ શાળામાં કે.જી.થી પ્રવેશ આપવા માટે મોટું ડોનેશન લેવામાં આવે છે, અને જાન્યુ-૨૦૦૫ના માસમાં જ તે માટે ચેકીંગ કરવામાં આવ્યું, આ સમયમાં સંસ્થાના કાર્યવાહકો હાજર ન રહ્યા તે હકીકત ખરી છે, અને | (૧) ભાવનગર ફાતિમા કોન્વેન્ટ શાળામાં કે.જી.થી પ્રવેશ આપવા માટે ડોનેશન લેવા અંગેની કોઈ ફરીયાદ મળેલ નથી. અને આકસ્મિક ચેકીંગ દરમ્યાન સંસ્થાના કાર્યવાહકો હાજર ન હતા, તે હકીકત ખરી છે. |
| (૨) જો હા, તો તે અંગે રાજ્ય સરકારે લીધેલાં પગલાંની વિગતો શી છે ? | (૨) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભાવનગર દ્વારા શાળા મંડળને નોટીસ આપવામાં આવેલ છે, અને પ્રવેશની કાર્યવાહી અટકાવવામાં આવેલ છે. |

----------

## ડાકોરના વિકાસ અંગે કરેલ ખર્ચ

૯૯૫૮ **શ્રી પ્રબોધકાંત દા. પંડ્યા (સંતરામપુર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| પવિત્ર યાત્રાધામ ડાકોરના વિકાસમાં સરકારે ૨૦૦૪-૨૦૦૫ના વર્ષમા ડીસે.-૦૪ની સ્થિતિએ કેટલી રકમના કેટલા કામો મંજૂર કર્યા અને કયા નવા કામોનું આયોજન છે ? | મંજૂર કરેલ છ કામો પાછળ રૂા. ૯૦.૨૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. જ્યારે નવા કામોનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. |

----------

## બનાસકાંઠા જિલ્લામાં રમતગમતના સાધનોની ખરીદીમાં ગેરરીતિ

૯૮૬૧ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૩ના વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં નિરંતર શિક્ષણના કામે રમતગમત અને મનોરંજનના સાધનોની ખરીદીમાં ગેરરીતિઓ થયાની વાત સાચી છે, અને | (૧) ના જી. |
| (૨) જો હા, તો તે બાબતે સરકારે જો કંઈ પગલાં લીધાં હોય તો તે પગલાંની વિગતો શી છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## ધોરણ-૮ના સામાજિક વિજ્ઞાનના પુસ્તકમાં રહી ગયેલ ક્ષતિ અંગે

૮૫૦૧ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધોરણ-૮ના સામાજિક વિજ્ઞાનના છપાયેલા પુસ્તકના છેલ્લા પાના પર છપાયેલ ભૌગોલિક નક્શામાં કાશ્મીરને પાકિસ્તાનમાં દર્શાવેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) આ નક્શો ભૌગોલીક નથી. પરંતુ ભારતનો ભૂપૃષ્ઠ દર્શાવતો નક્શો છે. તેમજ રાજકિય સરહદો દર્શાવતો નક્શો નથી. |
| (૨) આવી ગંભીર ભૂલો અંગે સરકારે ક્ષતિઓ ન રહે તે માટે પગલાંઓ લીધા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## વિજ્ઞાન મેળાની વિશેષતા અંગે

૯૯૮૯ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) :માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં સાયન્સ સીટીમાં રાજ્ય કક્ષાનો વિજ્ઞાન મેળો ભરાયો, તેમાં રાજ્યની કેટલી શાળાએ ભાગ લીધો, | (૧) જીસીઈઆરટી દ્વારા આયોજીત રાજ્ય ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં ૩૮૮ પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓએ ભાગ લીધો હતો |
| (૨) કુલ કેટલી કૃતિઓ આવી, તેમાં રાજ્ય [illegible] | (૨) કુલ કૃતિઓ :- ૪૭૫ |

બહારની કેટલી કૃતિઓ હતી, અને — રાજ્ય બહારની કૃતિઓ :- ૫૧

(૩) આ વિજ્ઞાન મેળાની વિશેષતા શું હતી ? — (૩) મહામહિમ રાષ્ટ્રપતિ સહિતના અનેક મહાનુભવો તથા રાજ્યની ૧૮૦ શાળાઓના આશરે ૧ લાખ જેટલા બાળકોએ આ પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

----------

## માંડલ દેત્રોજ અને વિરમગામ તાલુકામાં વિધવા સહાયના કેસો

૮૬૦૧ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ માંડલ, દેત્રોજ અને વિરમગામ તાલુકામાં વિધવા સહાય મેળવતાં લાભાર્થીઓની સંખ્યા કેટલી, અને

(૨) સહાય મંજૂર થયેલ હોય પરંતુ રકમ ચુકવણી થતી ન હોય તેવા લાભાર્થીની સંખ્યા કેટલી?

**જવાબ**

(૧) અને (૨)

| તાલુકો | સહાય મેળવતા લાભાર્થી | સહાયની ચૂકવણી ન થતી હોય તેવા લાભાર્થી |
|---|---|---|
| માંડલ | ૮૩ | ૭૮ |
| દેત્રોજ | ૨૪૬ | ૧૨ |
| વિરમગામ | ૩૨૨ | ૧૪ |
| કુલ | ૬૫૧ | ૧૦૪ |

----------------

## ખેડા જિલ્લામાં વિધવા સહાય અંગે

૮૪૨૯ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તાલુકાવાર ડિસે-૦૪ની સ્થિતિએ કેટલી વિધવાઓને સહાય મળે છે.

**જવાબ**

(૧) તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | લાભાર્થી |
|---|---|
| નડિયાદ | - ૧૦૯૧ |
| મહુધા | - ૨૩૭ |
| મહેમદાવાદ | - ૪૬૩ |
| માતર | - ૧૩૨ |
| ખેડા | - ૭૮ |
| કઠલાલ | - ૨૮૭ |
| કપડવંજ | - ૩૬૮ |
| બાલાસિનોર | - ૫૦૨ |
| ઠાસરા | - ૫૭૯ |
| વીરપુર | - ૧૧૮ |
| **કુલ** | - **૩૮૫૫** |

(૨) તાલુકાવાર કેટલી રકમ વિધવા સહાય પેટે પ્રતિમાસ ચૂકવવામાં આવે છે, અને — (૨) તાલુકાવાર પ્રતિમાસ ચૂકવવામાં આવતી રકમની વિગતોનું પત્રક-૧ સામેલ છે.

(૩) હાલમાં કેટલી રકમ કયા મહીને થી બાકી છે?

(૩) ડીસેમ્બર-૦૪ સુધીની સહાય ચૂકવાઈ ગયેલ છે. જેથી ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ કોઈ રકમ ચૂકવવાની બાકી નથી.

**પત્રક-૧**

| ક્રમ | તાલુકો | એપ્રિલ-૦૪ | મે-૦૪ | જુન-૦૪ | જુલાઈ-૦૪ | ઓગષ્ટ-૦૪ | સપ્ટે.-૦૪ | ઓક.-૦૪ | નવે.-૦૪ | ડિસે.-૦૪ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | નડીયાદ | ૪૮,૪૦,૮૨૦ | ૪૮,૬૨,૫૮૫ | ૮,૭૯,૩૪૫ | ૧૭,૦૯,૦૪૫ | ૩૬,૯૫,૮૮૫ | ૯,૭૧,૯૦૦ | ૧,૦૮,૩૮૦ | ૫,૯૬,૧૨૦ | ૯,૭૪,૩૬૦ | ૧,૮૬,૩૮,૪૪૦ |
| ૨ | મહુધા | ૧,૧૫,૯૨૦ | ૧,૨૭,૨૮૫ | ૧,૨૭,૨૮૫ | ૧,૨૭,૨૮૫ | ૧,૨૭,૨૮૫ | ૧,૨૯,૬૨૦ | ૧,૩૧,૬૮૦ | ૧,૨૬,૬૪૦ | ૧,૨૧,૨૪૦ | ૧૧,૩૪,૨૪૦ |
| ૩ | મહેમદાવાદ | ૨,૪૧,૬૦૦ | ૨,૫૯,૧૧૦ | ૨,૫૯,૧૧૦ | ૨,૫૯,૧૧૦ | ૨,૫૯,૧૧૦ | ૨,૮૧,૫૮૦ | ૩,૧૨,૭૬૦ | ૨,૯૪,૭૮૦ | ૨,૭૧,૩૦૦ | ૨૪,૩૮,૪૬૦ |
| ૪ | માતર | ૬૩,૮૨૦ | ૬૩,૨૨૫ | ૬૩,૨૨૫ | ૬૩,૨૨૫ | ૬૩,૨૨૫ | ૭૫,૮૦૦ | ૬૮,૬૨૦ | ૮૦,૯૬૦ | ૬૯,૭૮૦ | ૬,૧૧,૮૮૦ |
| ૫ | ખેડા | ૩૨,૧૮૦ | ૩૦,૨૦૦ | ૩૦,૨૦૦ | ૩૦,૨૦૦ | ૩૦,૨૦૦ | ૩૩,૬૬૦ | ૩૭,૩૨૦ | ૩૮,૯૬૦ | ૩૮,૯૬૦ | ૩,૦૧,૮૮૦ |
| ૬ | કઠલાલ | ૨,૧૧,૨૮૦ | ૨,૧૨,૬૨૦ | ૨,૧૨,૬૨૦ | ૨,૧૨,૬૨૦ | ૨,૧૨,૬૨૦ | ૨,૫૬,૧૬૦ | ૨,૫૮,૪૮૦ | ૨,૫૮,૪૦૦ | ૨,૫૫,૨૬૦ | ૨૦,૯૦,૦૬૦ |
| ૭ | કપડવંજ | ૧૫,૯૯,૩૬૦ | ૨,૨૭,૩૪૦ | ૨,૨૭,૩૪૦ | ૨,૨૭,૩૪૦ | ૮૭,૨૮૦ | ૮૭,૨૮૦ | ૧,૭૪,૫૬૦ | ૧,૭૭,૬૦૦ | ૧,૮૮,૧૦૦ | ૨૯,૯૭,૦૦૦ |
| ૮ | બાલાસિનોર | ૮,૨૫,૪૧૦ | ૧૦,૮૨,૩૨૦ | ૧૩,૩૯,૨૩૦ | ૧૫,૯૬,૧૪૦ | ૧૮,૫૩,૦૫૦ | ૨૧,૦૯,૯૬૦ | ૧૭,૫૯,૧૭૦ | ૨૫,૭૪,૭૨૦ | ૨૮,૦૭,૧૦૦ | ૧,૫૯,૪૭,૧૦૦ |
| ૯ | ઠાસરા | ૧૧,૧૪,૬૧૦ | ૧૪,૨૯,૭૨૦ | ૧૭,૪૪,૮૩૦ | ૨૦,૫૯,૯૪૦ | ૨૩,૭૫,૦૫૦ | ૨૬,૯૦,૧૬૦ | ૩૦,૦૪,૧૬૦ | ૩૩,૧૮,૧૬૦ | ૩૬,૩૨,૧૬૦ | ૨,૧૩,૬૮,૭૯૦ |
| ૧૦ | વિરપુર | ૨,૦૯,૦૭૦ | ૨,૬૨,૧૪૦ | ૩,૧૫,૨૧૦ | ૩,૬૮,૨૮૦ | ૪,૨૧,૩૫૦ | ૪,૭૪,૪૨૦ | ૫,૩૭,૨૨૦ | ૬,૦૦,૦૨૦ | ૬,૬૨,૮૨૦ | ૩૮,૫૦,૫૩૦ |
| | કુલ | ૯૨,૫૪,૦૭૦ | ૮૫,૫૬,૫૪૫ | ૫૧,૯૮,૩૯૫ | ૬૬,૫૩,૧૮૫ | ૯૧,૨૫,૦૫૫ | ૭૧,૧૦,૫૪૦ | ૬૩,૯૨,૩૫૦ | ૮૦,૬૬,૩૬૦ | ૯૦,૨૧,૦૮૦ | ૬,૯૩,૭૮,૩૮૦ |

----------------

## જામનગર જિલ્લામાં યાત્રાધામના સ્થળો

૯૮૪૦ **ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ)** : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં યાત્રાધામ વિકાસ માટેના કુલ કેટલા સ્થળો છે,

(૧) એક, દ્વારકા

(૨) આ સ્થળો માટે સરકાર પાસે વિકાસ અર્થે કયા પ્રકારનું આયોજન છે, અને

(૨) ભાવિ વિકાસને અનુલક્ષીને માસ્ટર પ્લાન તૈયાર કરેલ છે.

(૩) આ આયોજન કયાં સુધીમાં અમલમાં આવશે?

(૩) હાલ અમલમાં છે.

----------------

## ફાસ્ટટ્રેક કોર્ટોના નવા ભવનો બનાવવા અંગે

૯૯૫૨ **શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી (ભરૂચ)** : **માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં તા. ૧-૧-૨૦૦૫ સુધીમાં બે વર્ષમાં કુલ કેટલી ફાસ્ટ ટ્રેક કોર્ટો શરુ કરવામાં આવી,

(૧) ૧૬૫

(૨) આ ફાસ્ટ ટ્રેક કોર્ટો માટે કયા કયા તાલુકામાં નવા ભવનો બાંધવાનું નક્કી થયું છે, અને

(૨) વિરમગામ, ડીસા, રાજપીપળા, મહુવા, જામખંભાળીયા, પોરબંદર, વેરાવળ, ઉના, ગાંધીધામ, અંજાર, આણંદ, આહવા, મોરબી, ધોરાજી, ઉપલેટા, સબલપુર, વ્યારા, છોટાઉદેપુર

| | |
|---|---|
| (૩) તે પૈકી કેટલા ભવનોના કામ પૂરા થયા છે? | (૩) વ્યારા, જિ. સુરત ખાતે ફાસ્ટટ્રેક કોર્ટનું બાંધકામ પૂર્ણ થયેલ છે. |

----------

## કચ્છ યુનિવર્સિટીની કામગીરી

૯૮૫૭ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાની અલગ યુનિવર્સિટી સ્થાપ્યા બાદ તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ શી શી કાર્યવાહી બાકી છે, અને | (૧) આવશ્યક કાર્યવાહી કરી યુનિવર્સિટી કાર્યાન્વિત થઈ ગયેલ છે. જમીન મળી ગયેલ છે. પ્લાન મંજૂર થઈ ગયા છે. બાંધકામ શરૂ થયું છે. |
| (૨) કેટલા સમયમાં તમામ કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------------

## ચોટીલા અને સાયલા કોર્ટોમાં પડતર કેસ

૮૮૨૫ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા)** : **માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ચોટીલા અને સાયલા કોર્ટમાં કેટલા કેસો પડતર છે? | ચોટીલા-૩૫૭૭<br>સાયલા-૨૮૯૧ |

-------------

## પગાર વિસંગતતા સમિતિનો અહેવાલ અને મળેલ બેઠકો અંગે

૯૮૪૩ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પગાર વિસંગતતા સમિતિની ભલામણો કેટલી હતી,<br>(૨) આમાંથી કેટલી ભલામણો રાજ્ય સરકારે સ્વીકારી, | (૧) અને (૨) પગાર વિસંગતતા સમિતિનો અહેવાલ જાહેર કરાયેલ નથી, મંત્રી મંડળની પેટા સમિતિનો અહેવાલ મળ્યેથી નિર્ણય થઈ શકશે. |
| (૩) જાન્યુઆરી-૨૦૦૫ સુધીમાં આ બાબતે છેલ્લા ૧ વર્ષમાં મંત્રીમંડળની કુલ કેટલી બેઠકો મળી, અને | (૩) ૪ (ચાર) |
| (૪) પગારપંચની વિસંગતાનો આખરી નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે? | (૪) પગાર વિસંગતતા સમિતિના અહેવાલ ઉપર મંત્રી મંડળની પેટા સમિતિનો અહેવાલ મળ્યા બાદ નિર્ણય થઈ શકશે. |

--------------

## અમદાવાદ શહેરની શાળાઓમાં ગેરરીતી અંગે

૯૯૭૧ **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેર અને જીલ્લામાં છેલ્લા નવ માસમાં ૩૧-૧-૦૫ ની સ્થિતિએ કઈ કઈ શાળાઓમાં ભૂતિયા વર્ગો અને ભૂતિયા વિદ્યાર્થીઓના કૌભાંડ પકડવામાં આવ્યા, અને | (૧) એક પણ નહિ |

(૨) તેમની સામે સરકારે શાં પગલા લીધાં, અને કેટલી રકમની વસૂલાત કરવામાં આવી ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

## કચ્છ જિલ્લામાં અકસ્માત વળતરના પડતર કેસ

૯૮૫૯ **શ્રી ગોપાલભાઈ ગા. ઘુઆ (મુંદ્રા)** : **માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ડીસ્ટ્રીકટ કોર્ટમાં અકસ્માત કલેઈમ તથા રેગ્યુલર સિવીલ દાવાઓના આખરી નિકાલ વગરના કેટલા કેસો પડતર છે, અને

(૨) નિકાલ થયા વગરના પડતર કેસો પૈકી એક વર્ષ કરતાં વધારે જૂના કેટલા છે?

**જવાબ**

(૧) ૧. અકસ્માત કલેઈમ : ૯,૪૫૫

૨. રેગ્યુલર સિવિલ દાવાઓ : ૪,૭૬૧

(૨) ૧. અકસ્માત કલેઈમ : ૮,૩૩૪

૨. રેગ્યુલર સિવિલ દાવાઓ : ૩,૭૪૫

--------------

## સુરત જિલ્લામાં ગ્રાન્ટેડ અને બિન ગ્રાન્ટેડ શાળાઓ

૯૯૬૭ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સુરત જિલ્લા અને શહેરમાં ગ્રાન્ટ વાળી અને વગર ગ્રાન્ટની કેટલી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલ છે, અને

(૨) ગ્રાન્ટેડ શાળાઓમાં આ સ્થિતિએ કેટલા શિક્ષકોની જગ્યાઓ ખાલી છે?

**જવાબ**

(૧)

| | માધ્યમિક | | | ઉચ્ચતર માધ્યમિક | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ગ્રાન્ટેડ | નોન ગ્રાન્ટેડ | કુલ | ગ્રાન્ટેડ | નોન ગ્રાન્ટેડ | કુલ | ગ્રાન્ટેડ | નોન ગ્રાન્ટેડ | કુલ |
| શહેર | ૦૩૧ | ૧૬૭ | ૧૯૮ | ૦૫૧ | ૦૬૦ | ૧૧૧ | ૦૮૨ | ૨૨૭ | ૩૦૯ |
| ગ્રામ્ય | ૧૧૪ | ૧૧૫ | ૨૨૯ | ૦૬૫ | ૦૨૬ | ૦૯૧ | ૧૭૯ | ૧૪૧ | ૩૨૦ |
| કુલ | ૧૪૫ | ૨૮૨ | ૪૨૭ | ૧૧૬ | ૦૮૬ | ૨૦૨ | ૨૬૧ | ૩૬૮ | ૬૨૯ |

(૨) માધ્યમિક શિક્ષકો - ૧૬૫

ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો - ૦૩૫

કુલ - ૨૦૦

--------------

## વેરાવળ, સુત્રાપાડા અને માળીયાહાટીના તાલુકામાં શાળાના ઓરડાની ઘટ

૮૪૬૩ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લાના વેરાવળ, સુત્રાપાડા અને માળીયાહાટીના તાલુકામાં ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ કેટલા ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓની ઘટ છે, અને

**જવાબ**

(૧)

| | તાલુકો | ઓરડાની ઘટવાળા ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧. | વેરાવળ | ૬૦ |
| ૨. | સુત્રાપાડા | ૪૭ |
| ૩. | માળીયાહાટીના | ૩૮ |

(૨)

| તાલુકો | ઓરડાની સંખ્યા |
|---|---|

| | |
|---|---|
| (૨) વિદ્યાર્થીઓની સંખ્યાની સામે કેટલા ઓરડાની જરૂરીયાત છે, ઘટ મુજબના ઓરડા ક્યારે બનાવવામાં આવશે ? | (૨) |

| તાલુકો | ઓરડાની સંખ્યા |
|---|---|
| ૧. વેરાવળ | ૨૬૭ |
| ૨. સુત્રાપાડા | ૨૪૮ |
| ૩. માળીયાહાટીના | ૨૪૮ |

જેમ બને તેમ જલ્દી

-------------

**ગિરનાર પર્વત પર દત્તાત્રેયના ધર્મસ્થાન અંગે હિન્દુ અને જૈન કોમો વચ્ચેના વિવાદનો ઉકેલ**

૮૨૬૪ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢની ગિરનાર પર્વતની પાંચમી ટૂંક પર આવેલ દત્તાત્રેયના પગલાંને નામે ઓળખાતી ધર્મસ્થાન અંગે હિન્દુ અને જૈન કોમો વચ્ચેનો વિવાદ ખૂબ જ ઘેરો બનતો જાય છે. તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો હિન્દુ અને જૈન સમાજનો વિવાદ ઘેરો ન બને અને પરસ્પર સંપ જળવાય તે માટે રાજ્ય સરકારે કાયમી ધોરણે શાં પગલા લીધા ? | (૨) આ બાબત નામદાર હાઈકોર્ટમાં સબ-જ્યુડીશ છે. ચુકાદાને આધીન કાર્યવાહી કરવામાં આવશે. હાલ વિવાદિત સ્થળે સંપૂર્ણ પોલીસ બંદોબસ્ત ગોઠવેલ છે. |

----------

**સિમેન્ટ કંપની પાસેથી વેચાણવેરાની બાકી વસૂલાત**

૯૮૫૩ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ રાજ્યમાં સીમેન્ટ કંપની પાસે વેચાણવેરાની કુલ કેટલી રકમ કોની કોની પાસેથી વસૂલાત કરવાની બાકી છે, અને | (૧) કુલ રૂા. ૪૦૨.૪૦ કરોડ.<br>પત્રકમાં દર્શાવેલ કંપનીઓ પાસેથી. |
| (૨) આ રકમ વસુલ કરવા સરકારે શું કાર્યવાહી કરી ? | (૨) શક્ય વસૂલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલા લીધેલ છે. |

**પત્રક**

| એકમનું નામ | એકમનું નામ |
|---|---|
| એસોસીએટેડ સીમેન્ટ કું. | ગુજરાત સિધ્ધિ સિમેન્ટ કંપની |
| એલ. એન્ડ. ટી. | કામદાર સિમેન્ટ કંપની |
| કાશી વિશ્વનાથ સિમેન્ટ | સૌરાષ્ટ્ર સિમેન્ટ લી. |
| બાલારામ સિમેન્ટ | એચ. એમ. પી. સિમેન્ટ કંપની |
| રાધાકિશન સિમેન્ટ | ગુજરાત હિમાલીયા સિમેન્ટ કંપની |
| સોમાની સિમેન્ટ કંપની | દિગ્વીજય સિમેન્ટ કંપની |
| મહાકાળી સિમેન્ટ | અજમેરા સિમેન્ટ પ્રા. લી. |
| પંચમહાલ સિમેન્ટ કંપની લી. | સરદાર સિમેન્ટ પ્રા. લી. |
| સેવાલીયા સિમેન્ટ વર્કસ. | કાંગારૂ સિમેન્ટ પ્રા. લી. |
| વી. કી. સિમેન્ટ પ્રા. લી. | પટેલ એન્ડ લાલકા સિમેન્ટ લી. |
| સંદીપ સિમેન્ટ પ્રા. લી. | સુવિન સિમેન્ટ પ્રા. લી. |

| એકમનું નામ | એકમનું નામ |
|---|---|
| અલ્ટ્રાટેક સિમેન્ટ લી. | ગાયત્રી સિમેન્ટ એન્ડ કેમીકલ |
| ગુજરાત અંબુજા સિમેન્ટ લી. | શકિત સિમેન્ટ |
| ગજ અંબુજા સિમેન્ટ કંપની | જ્યુપીટર સિમેન્ટ કંપની |
| ગુજરાત હાઈટેક ઈન્ડ. | દ્વારકા સિમેન્ટ |

----------

## રાજય સરકારના કર્મચારીઓના મૂળ પગારમાં મોઘવારી ભથ્થું ભેળવવા અંગે

૯૯૭૫ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : **માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ સરકારી કર્મચારીઓના મૂળ પગારમાં ૫૦ ટકા મોંઘવારી ભથ્થું ભેરવવા અંગે છેલ્લા ૧ વર્ષમાં સરકારને કેટલી રજુઆતો મળી, અને | (૧) ૨૫ |
| (૨) આ અંગે સરકારે શું નિર્ણય લીધેલ છે, કેટલા સમયમાં ? | (૨) યથા સમયે ઘટીત નિર્ણય કરાશે. |

----------

## ભાવનગર જિલ્લામાં વિદ્યાસહાયકોની નિમણૂક

૮૭૬૦ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા વિદ્યાસહાયકોની નિમણૂક કરવામાં આવી, અને | (૧) ૧૭૮૫ |
| (૨) ભરતી પ્રક્રિયા કયારે પુર્ણ થયેલ છે? | (૨) ડિસેમ્બર-૨૦૦૪ માં |

-------------

## ટેકનીકલ શિક્ષણનો વ્યાપ વધારવા અંગે

૧૦૦૨૩ **શ્રી કાંતિભાઇ ત્રિ. ભીલ(નસવાડી) :** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કન્યાઓમાં ટેકનીકલ શિક્ષણનો વ્યાપ વધારવા સરકાર શું કરવા માંગે છે ? | (૧) કન્યાઓમાં ટેકનીકલ શિક્ષણનો વ્યાપ સરકારના પ્રયત્નોથી વધેલ છે. |

----------

## મેઘાણીનગર વિસ્તારની કોર્ટ કચેરીઓ ખસેડવા અંગે

૧૦૦૩૭ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા)** : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભૂકંપના કારણે મેઘાણીનગર ઓફિસોમાં કોર્ટો ખસેડવામાં આવી છે તે તેની નવનિર્મીત કોર્ટ-બીલ્ડીંગમાં કયારે ખસેડવામાં આવશે, અને | (૧) ભૂકંપના કારણે મેઘાણીનગર ઓફિસોમાં કોર્ટો ખસેડવામાં આવી છે તે મેટ્રોપોલીટન કોર્ટના નવા મકાનનું બાંધકામ તા. ૩૦-૪-૨૦૦૫ સુધીમાં પુર્ણ કરવામાં આવનાર છે, ત્યારબાદ આ કોર્ટોને મેઘાણીનગર ખાતેથી નવનિર્મીત કોર્ટ બીલ્ડીંગમાં |

| | |
|---|---|
| | ખસેડવામાં આવશે. |
| (૨) આ નવનિર્મીત કોર્ટ બીલ્ડીંગમાં વધારાની શું સગવડો ઉભી કરવામાં આવી છે ? | (૨) આ નવનિર્મીત કોર્ટ બીલ્ડીંગમાં ન્યાયાધીશશ્રીઓની ચેમ્બર, પુરૂષો તથા સ્ત્રીઓ માટે અલગ લોકઅપ રૂમ, ઝેરોક્ષ, પીસીઓ, મીટીંગ રૂમ, લેડીઝ એડવોકેટ માટેનો અલગ રૂમ, કોમ્પ્યુટર રૂમ, બાર એસોસીએશન માટેનો હોલ, વીડીઓ કોન્ફરન્સ રૂમ, વીટનેસ રૂમ, મુદ્દામાલ રૂમ, ઓફીસ રૂમનું નવું ફર્નીચર તેમજ દરેક ફલોર ઉપર વોટરકુલર, આઠ લીફટ જેવી નવી વધારાની સગવડો પુરી પાડવામાં આવી છે. |

-------------

## સાવલી તાલુકામાં શાળાના જર્જરિત ઓરડા

૯૧૩૨ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ (સાવલી)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવલી તાલુકામાં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાના ઓરડાઓ જર્જરિત થયેલ છે, અને | (૧) ૧૬ (સોળ) પ્રાથમિક શાળાના ઓરડા જર્જરિત થયેલ છે. |
| (૨) તેને રીપેરીંગ કરવા માટે સરકારે શી કાર્યવાહી કરવા માંગે છે ? | (૨) ૧૬ શાળાના ૩૩ ઓરડાઓ જર્જરિત છે. તે પૈકી ૧૩ ઓરડાઓનો નાશ કરવા અંગે માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) વડોદરાને જણાવવામાં આવેલ છે. ૧૭ ઓરડાઓના રીપેરીંગ કામ માટે પ્લાન એસ્ટીમેટસ બનાવવાની કાર્યવાહી ચાલુ છે અને બાકીના ૩ ઓરડાનું રીપેરીંગ કામ હાલમાં ચાલુ છે. |

----------

## ખાનગી શાળામાં એસ. સી. અને એસ. ટી. ના વિદ્યાર્થીઓની ફી માફીની યોજના

૮૫૩૫ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ખાનગી શાળાઓમાં ભણતાં અનુસૂચિત જાતિ, જનજાતિ, અન્ય પછાત વર્ગોને અપાતી ફી માફીની યોજના સરકારે રદ કરી છે કે કેમ, અને | (૧) ના જી, |
| (૨) જો હા, તો તેનાં શું કારણો છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## ઉદ્યોગોની જરૂરીયાત પ્રમાણે શિક્ષણ ક્ષેત્રે અધ્યતન ફેરફાર કરવા અંગે

૧૦૦૦૪ **શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉદ્યોગોને જરૂરિયાત પ્રમાણે નવી અને અદ્યતન ટેકનોલોજીને અનુરુપ ટેકનીકલ શિક્ષણમાં શું ફેરફાર કરવાની જરૂરિયાત છે, અને | (૧) (૧) ઔદ્યોગિક ગૃહોની જરૂરિયાત અને અદ્યતન ટેકનોલોજીને અનુરુપ ટેકનીકલ શિક્ષણના અભ્યાસક્રમમાં જરૂરિયાત ને અનુલક્ષીને ફેરફારો કરવા. |

(૨) બદલાતી જતી ટેકનોલોજીને અનુરુપ પ્રયોગશાળાઓમાં અદ્યતન સાધન સામગ્રી તથા ઉપકરણો ઉપલબ્ધ કરાવવા. વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો માટે ઔદ્યોગિક ગૃહોમાં મુલાકાત અને તાલીમનું આયોજન.ગ્રંથાલયોનો વિકાસ તથા ઈન્ફરમેશન ટેકનોલોજીના ઉપયોગ દ્વારા કોમ્પ્યુટર, નેટવર્કીંગ, સી. ડી. લર્નીંગ મટીરીયલનો વ્યાપક ઉપયોગ.

(૨) આ અંગે ટેકનીકલ શિક્ષણ વિભાગ દ્વારા શું પ્રયત્નો કરવામાં આવેલ છે ?

(૨) નીચે મુજબના પ્રયત્નો હાથ ધર્યા છે.

૧. અભ્યાસક્રમ/કરીક્યુલમ સુધારણા કાર્યક્રમ હેઠળ આ ક્ષેત્રમાં નવા કરીકયુલમ તૈયાર કરવામાં આવ્યા.

૨. કેનેડા ઈન્ડીયા ઈન્સ્ટીસ્ટ્રી લીન્કેજ પ્રોગ્રામ દ્વારા તાલીમ કાર્યક્રમોનું આયોજન.

૩. રાજ્યમાં વિવિધ પ્રસંગોએ વિજ્ઞાન મેળાઓ દ્વારા/પ્રસાર.

----------

## ભરૂચ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ

૮૩૨૮ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ સને ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શિક્ષકોની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૧)

| નં. | તાલુકાનું નામ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ |
|---|---|---|---|
| ૧. | ભરૂચ | ૯૨ | ૦૫ |
| ૨. | વાગરા | ૬૧ | ૨૨ |
| ૩. | જંબુસર | ૧૨૫ | ૩૪ |
| ૪. | અંકલેશ્વર | ૪૯ | ૧૦ |
| ૫. | હાંસોટ | ૩૮ | ૧૩ |
| ૬. | આમોદ | ૬૨ | ૨૨ |
| ૭. | ઝગડીયા | ૧૬૧ | ૪૨ |
| ૮. | વાલીયા | ૧૧૨ | ૫૨ |
| | કુલઃ | ૭૦૦ | ૨૦૦ |

૨૦૦૩-૦૪ના વર્ષથી ખાલી જગ્યા

| ૬ માસ | એક વર્ષ | ૨ વર્ષ કરતાં વધુ |
|---|---|---|
| ૧૨૪ | ૨૪૪ | ૩૩૨ |

૨૦૦૪-૦૫ના વર્ષથી ખાલી જગ્યા

| ૬ માસ સુધી | ૬ માસથી વધુ |
|---|---|
| ૧૦૧ | ૮૯ |

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા રાજ્ય સરકારે વિદ્યાસહાય દ્વારા વર્ષવાર કેટલી જગ્યાઓ ભરી ?

(૨)

| વર્ષ | ભરેલ જગ્યાઓ |
|---|---|
| ૨૦૦૩-૦૪ | ૭૧ |

ભરી ? ૨૦૦૩-૦૫ ૫૩૪

----------

**ગૌસેવા આયોગ અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડને ફાળવેલ રકમ અને ખર્ચ**

૮૩૦૩ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૪-૦૫ માટે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ માટે કુલ કેટલી રકમોની ફાળવણી કરવામાં આવી છે, અને | (૧) રૂપિયા ૪૫૪.૫૦ લાખ. |
| (૨) ૧લી જાન્યુઆરી ૨૦૦૫ની સ્થિતિએ કઈ કઈ યોજનાઓ હેઠળ ચાલુ નાણાંકીય વર્ષમાં કેટલી રકમો ખર્ચી છે ? | (૨) રૂપિયા ૩૧૬.૮૭ લાખ. |

----------

**રાજકોટ ચેરીટી કમિશ્નર કચેરીમાં ખાલી જગ્યા**

૯૮૩૯ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા)** : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ ચેરીટી કમિશ્નર કચેરીમાં ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ મુખ્ય અધિકારી સહિત અન્ય કેટલી મંજૂર થયેલ જગ્યાઓ ઘણા સમયથી ખાલી છે, તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો જગ્યાઓ કયા કારણોસર ખાલી છે, અને | (૨) વહીવટી કારણોસર. |
| (૩) વહેલામાં વહેલી તમામ ખાલી જગ્યાઓ કયારે ભરાઈ જશે ? | (૩) નાણા વિભાગના પરામર્શમાં નિર્ણય લેવામાં આવશે. |

----------

**સુસંગત ન હોય તેવા જુના કાયદા**

૮૧૭૬ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** :**માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હાલ રાજ્યમાં આઝાદી પહેલાંના કેટલા કાયદાઓ પ્રવર્તમાન છે, | (૧) ૩૨. |
| (૨) આમાંથી ઘણા કાયદા પ્રવર્તમાન પરિસ્થિતિ સાથે સુસંગત નથી એવું સરકાર માને છે, અને | (૨) હા. |
| (૩) જો હા, તો સરકાર શું વિચારે છે? | (૩) જે કાયદાઓ પ્રવર્તમાન પરિસ્થિતિ સાથે સુસંગત નથી એવા કાયદાઓનો અભ્યાસ કરી તેને રદ કરવા અંગેની કામગીરી ગુજરાત કાયદાપંચના પરામર્શમાં સરકારે હાથ ધરેલ છે. |

----------

## મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં ખાનગી પી.ટી.સી. કોલેજોની માન્યતા અને ફી

૯૧૩૭ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા તેમજ ગાંધીનગર જિલ્લામાં કેટલી ખાનગી પી.ટી.સી. કોલેજોને માન્યતા આપવામાં આવી, અને | (૧) મહેસાણા-૧૧<br>ગાંધીનગર-૧૨. |
| (૨) પી.ટી.સી. કોલેજોની કેટલી બેઠકોનો વધારો કરવામાં આવ્યો ? | (૨) ૪૫૦. |

----------

## કચ્છ જિલ્લામાં માધ્યમિક શાળામાં શિક્ષકોની ખાલી જગ્યાઓ

૯૯૮૪ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ કેટલી સરકારી માધ્યમિક શાળાઓમાં કેટલી શિક્ષકોની જગ્યાઓ ખાલી છે, | (૧) ૩૫ માધ્યમિક શાળા<br>૯૬ શિક્ષકો. |
| (૨) કઈ કઈ માધ્યમિક શાળાઓમાં કેટલા સમયથી આ જગ્યાઓ ખાલી છે, | (૨) પત્રક -૧ મુજબ. |
| (૩) જગ્યાઓ ખાલી રહેવાથી વિદ્યાર્થીઓના શિક્ષણને અસર થઈ રહી છે તે સરકાર જાણે છે, | (૩) વિદ્યાર્થીઓના શિક્ષણને અસર ન થાય તે માટે વ્યવસ્થા કરેલ છે. |
| (૪) જો હા, તો ખાલી જગ્યાઓ ભરવા માટે કોની જવાબદારી હતી, તેની સામે શાં પગલાં લેવાયા છે, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) આ તમામ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ? | (૫) સમયસર ભરવામાં આવશે. |

**પત્રક-૧**

કચ્છ જિલ્લાની સરકારી હાઈસ્કુલોમાં ઘટના શિક્ષકોની માહિતી

| ક્રમ | શાળાનું નામ | ઘટની સંખ્યા માધ્યમિક | જગ્યા કયારથી ખાલી છે. |
|---|---|---|---|
| ૧ | ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ, ભૂજ | ૫ | ૩ જગ્યા-૧૯૯૮ થી ૨ જગ્યાઓ - ૨૦૦૧ થી |
| ૨ | શ્રી ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈ. ભૂજ | ૩ | ૨ જગ્યા-૧૯૯૭ થી ૧ જગ્યાઓ-૨૦૦૩થી |
| ૩ | શ્રી સરકારી માધ્ય. શાળા, દેશલપર (વાઢાંય), તા. ભૂજ | ૦ | -- |
| ૪ | શ્રી સરકારી માધ્ય. શાળા, દહીસરા-તા. ભૂજ | ૧ | ૧ જગ્યા-૨૦૦૧થી |
| ૫ | શ્રી સરકારી માધ્ય. શાળા, ઢોરી, તા. ભૂજ | ૨ | ૧ જગ્યા-૧૯૯૭થી ૧ જગ્યાઓ-૨૦૦૩થી |
| ૬ | શેઠ ડી.વી. સ. ઉ. માધ્ય. શાળા, અંજાર | ૧ | ૧ જગ્યા-૨૦૦૧થી |
| ૭ | શ્રી કે. કે. એમ. એસ. ગર્લ્સ હાઈ., અંજાર | ૨ | ૧ જગ્યા-૧૯૯૯થી ૧જગ્યાઓ-૨૦૦૩થી |

| ક્રમ | શાળાનું નામ | ઘટની સંખ્યા માધ્યમિક | જગ્યા કયારથી ખાલી છે. |
|---|---|---|---|
| ૮ | શ્રી સરકારી માધ્ય. શાળા, દુધઈ, તા. ભૂજ | ૩ | ૧ જગ્યા-૧૯૯૯થી ૨ જગ્યાઓ-૨૦૦૪થી |
| ૯ | શ્રી સ. મા. શાળા, ચંદીયા | ૧ | ૧ જગ્યા-૨૦૦૩થી |
| ૧૦ | શ્રી સ. મા. શાળા, ભીમાસર (ચ) | ૩ | ૧ જગ્યા-૨૦૦૨થી ૨જગ્યાઓ-૨૦૦૪થી |
| ૧૧ | શ્રી સ. મા. શાળા, ભચાઉ | ૨ | ૧ જગ્યા-૧૯૯૯થી ૧ જગ્યાઓ-૨૦૦૩થી |
| ૧૨ | શ્રી સ. મા. શાળા, મનફરા | ૪ | ૨ જગ્યા-૨૦૦૧થી ૨ જગ્યાઓ-૨૦૦૪થી |
| ૧૩ | શ્રી સ. મા. શાળા, આધોઈ | ૧ | ૧ જગ્યા-૨૦૦૦થી |
| ૧૪ | શ્રી સ. મા. શાળા, વોંધ | ૦ | -- |
| ૧૫ | શ્રી સ. મા. ઉચ્ચ. માધ્ય. શાળા, રાપર | ૮ | ૩ જગ્યા-૧૯૯૯થી ૨ જગ્યાઓ-૨૦૦૩ થી ૩ જગ્યાઓ-૨૦૦૪થી |
| ૧૬ | શ્રી સ. મા. શાળા, બેલા | ૪ | ૨ જગ્યા-૧૯૯૯થી ૨ જગ્યાઓ-૨૦૦૨થી |
| ૧૭ | શ્રી સ. મા. શાળા, મોટીરવ | ૨ | ૧ જગ્યા-૨૦૦૧થી ૧ જગ્યાઓ-૨૦૦૪થી |
| ૧૮ | શ્રી સ. મા. શાળા, ફતેહગઢ | ૨ | ૧ જગ્યા-૧૯૯૮થી ૧ જગ્યાઓ-૨૦૦૩થી |
| ૧૯ | શ્રી સ. મા. શાળા, પલાસવા | ૨ | ૧ જગ્યા-૨૦૦૦થી ૧ જગ્યાઓ-૨૦૦૨થી |
| ૨૦ | શ્રી સ. મા. શાળા, ચિત્રોડ | ૦ | -- |
| ૨૧ | શ્રી સ. મા. શાળા, ગાગોદર | ૧ | ૧ જગ્યા-૨૦૦૩થી |
| ૨૨ | શ્રી સ. મા. શાળા, ભીમાસર(ભૂ) | ૨ | ૧ જગ્યા-૧૯૯૯થી ૧ જગ્યાઓ-૨૦૦૪થી |
| ૨૩ | શેઠ કે. વી. સ. ઉ. માધ્ય. શાળા, નખત્રાણા | ૩ | ૧ જગ્યા-૧૯૯૭થી ૨ જગ્યાઓ-૨૦૦૨થી |
| ૨૪ | શ્રી સ. મા. શાળા, દેવીસર | ૪ | ૨ જગ્યા-૧૯૯૯થી ૨ જગ્યાઓ-૨૦૦૩થી |
| ૨૫ | શ્રી સ. મા. શાળા, મંગવાણા | ૧ | ૧ જગ્યા-૨૦૦૧થી |
| ૨૬ | શ્રી સ. મા. શાળા, ઘડુલી | ૪ | ૨ જગ્યા-૧૯૯૭ થી ૨ જગ્યાઓ-૨૦૦૪થી |
| ૨૭ | શ્રી સ. મા. શાળા, પાન્ધ્રો | ૪ | ૨ જગ્યા-૧૯૯૯થી ૨ જગ્યાઓ-૨૦૦૪થી |
| ૨૮ | શ્રી સ. મા. શાળા, દેશલપુર (ગુ.) | ૩ | ૧ જગ્યા-૧૯૯૯થી ૨ જગ્યાઓ-૨૦૦૪થી |
| ૨૯ | શ્રી સ. મા. શાળા, ભુજપુર | ૩ | ૧ જગ્યા-૧૯૯૯થી ૨ જગ્યાઓ-૨૦૦૩થી |
| ૩૦ | શ્રી સ. મા. શાળા, પત્રી | ૨ | ૨ જગ્યાઓ-૨૦૦૩થી |
| ૩૧ | શ્રી સ. ઉ. મા. શાળા, બિદડા | ૬ | ૨ જગ્યા-૨૦૦૦ થી ૪ જગ્યાઓ-૨૦૦૩થી |
| ૩૨ | શ્રી સ. મા. શાળા, હાજાપર | ૩ | ૧ જગ્યા-૧૯૯૯થી ૨ જગ્યાઓ-૨૦૦૪થી |
| ૩૩ | શ્રી સ.ઉ.મા. શાળા, ડુમરા | ૨ | ૧ જગ્યા-૧૯૯૭થી ૧ જગ્યાઓ-૨૦૦૪થી |
| ૩૪ | શ્રી સ. મા. શાળા, નરેડી | ૪ | ૨ જગ્યા-૧૯૯૯થી ૨ જગ્યાઓ-૨૦૦૪થી |
| ૩૫ | શ્રી સ. મા. શાળા, જખૌ | ૩ | ૧ જગ્યા-૧૯૯૯થી ૨ જગ્યાઓ-૨૦૦૪થી |
| ૩૬ | શ્રી સ. મા. શાળા, ગોધરા | ૨ | ૧ જગ્યા-૧૯૯૯થી ૧ જગ્યાઓ-૨૦૦૩થી |
| ૩૭ | શ્રી સ. મા. શાળા, મોટાકાંડાગરા | ૧ | ૧ જગ્યા-૧૯૯૮થી |

| ક્રમ | શાળાનું નામ | ઘટની સંખ્યા માધ્યમિક | જગ્યા કયારથી ખાલી છે. |
|---|---|---|---|
| ૩૮ | શ્રી સ. મા. શાળા, ગણેશનગર ગાંધી | ૨ | ૧ જગ્યા-૧૯૯૯થી ૧ જગ્યાઓ-૨૦૦૪થી |
| | કુલ. | ૯૬ | |

**રાજયની કુલ વેચાણવેરાની બાકી વસૂલાત**

૯૯૯૫ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત (વ્યારા)** :**માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુ. ૨૦૦૫ના અંતે વેચાણવેરાની કુલ કેટલી રકમોની બાકી વસૂલાત રહે છે, | (૧) રૂ. ૮૯૫૮.૨૭ કરોડ |
| (૨) આમાંથી રૂ. ૧ કરોડ કરતાં પણ વધારે વસૂલાત બાકી હોય તેવા નિગમો અને કંપનીઓ કઇ કઇ છે, અને | (૨) * સામેલ પત્રક મુજબ. |
| (૩) આ વસૂલાતો કરવા માટે રાજ્ય સરકારે અત્યાર સુધીમાં કયા કયા પગલા લીધા ? | (૩) શકય વસૂલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા અને જમીન મહેસૂલ કાયદા હેઠળના પગલાં લીધેલ છે. |

**(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)**

**ડાંગ જીલ્લાની પી.ટી.સી. કોલેજમાં વિદ્યાર્થીઓના પ્રવેશમાં સમાન તક આપવા અંગે**

૯૧૪૦ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ, જીલ્લાની પી.ટી.સી. કોલેજમા કુલ તાલીમાર્થીઓની સંખ્યા સામે ૫૦ ટકા સ્થાનિક આદિવાસીઓને પ્રવેશ ૧૦ અને ધો.૧૨ પાસ કર્યુ હોય તેઓને અગ્રતા અપાઇ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ અંગે ડાંગ જીલ્લા બહાર ભણતા બાળકોને અન્યાય થઇ રહ્યો છે તે અન્વયે ડાંગની અંદર ભણેલ અને ડાંગ બહાર ભણેલ ડાંગી આદિવાસી વિદ્યાર્થીઓને સમાન તક આપવામાં આવશે કે કેમ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**વિજ્ઞાન કોલેજના પ્રવેશમાં વિદ્યાર્થીઓની ઘટની સંખ્યા**

૯૯૯૩ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની વિજ્ઞાન કોલેજમાં વિદ્યાર્થીની સંખ્યા ઉત્તરોત્તર ઘટતી જાય છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના શું કારણો છે, અને | (૨) માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓ મૂળભૂત રીતે ઓછા હોઇ વિજ્ઞાન કોલેજો માટે ઓછા વિદ્યાર્થીઓ ઉપલબ્ધ થાય છે. |
| (૩) વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીની રુચી વધે તે માટે રાજ્ય સરકાર શું પગલાં લઇ રહી છે ? | (૩) વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહ પાછળ વળે તે માટે રાજ્ય સરકાર તરફથી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વિજ્ઞાન પ્રવાહના નવીન અભ્યાસક્રમોની જાણકારી માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવે છે. |

---------------

## પડધરી, ટંકારા અને મોરબી તાલુકામાં શિક્ષકોનું સેટઅપ

૮૧૦૫ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજકોટ જિલ્લાના પડધરી-ટંકારા અને મોરબી તાલુકામાં કેટલી સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ આવેલી છે,

(૨)

| તાલુકાનું નામ | સરકારી પ્રાથમિક શાળાઓ | સરકારી માધ્યમિક શાળાઓ |
|---|---|---|
| પડધરી | ૮૧ | ૦૧ |
| ટંકારા | ૬૪ | ૦૦ |
| મોરબી | ૧૫૬ | ૦૧ |
| કુલ | ૩૦૧ | ૦૨ |

(૨) તે પૈકી તા. ૩૧/૧૨/૨૦૦૪ની સ્થિતિએ કેટલી સરકારી માધ્યમિક શાળાઓ, પ્રાથમિક શાળાઓ અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ચાલુ છે,

(૨) તમામ સરકારી પ્રાથમિક શાળાઓ/માધ્યમિક શાળાઓ ચાલુ છે.

(૩) આ શાળાઓ માટે શિક્ષકોનું કેટલું સેટઅપ મંજૂર થયેલ છે,

(૩)

| | |
|---|---|
| પ્રાથમિક વિભાગ | ૧૬૨૮ |
| માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક | ૧૦૮ |

(૪) આ સેટઅપ મુજબ હાલ જિલ્લામાં કેટલી જગ્યાઓ ખાલી છે, અને

| | |
|---|---|
| (૪) પ્રાથમિક વિભાગ | ૩૫૭ |
| માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક | ૧૦ |

(૫) આ ખાલી જગ્યાઓ સરકાર કેટલા સમય સુધીમાં ભરવા માંગે છે ?

(૫) જેમ બને તેમ જલ્દી

--------------

## રાજ્યની કુલ વેચાણવેરાની બાકી વસૂલાત

૯૯૯૮ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી)** : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જાન્યુ. ૨૦૦૫ના અંતે વેચાણવેરાની રૂ. ૧ કરોડ કરતાં પણ વધારે વસૂલાત બાકી હોય તેવા નિગમો અને કંપનીઓ કઇ છે, અને,

(૧) * સામેલ પત્રક મુજબ

(૨) આ વસૂલાતો કરવા માટે રાજ્ય સરકારે અત્યાર સુધીમાં કયા કયા પગલા લીધા ?

(૩) શક્ય વસૂલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા અને જમીન મહેસૂલ કાયદા હેઠળના પગલાં લીધેલ છે.

* (પત્રક સચિવશ્રીઓની કચેરીમાં રાખેલ છે.)

-----------

## રાજ્યમાં વીમા સુરક્ષા હેઠળના બાળકો

૮૨૦૪ **શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા (હળવદ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં બાળકોની વીમા સુરક્ષા માટે રાજ્ય સરકારે કોઇ આયોજન કરેલ છે, કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧/૧૨/૦૪ સુધીમાં છેલ્લા એક વર્ષમાં આ વીમા હેઠળ કેટલા બાળકોને આવરી લેવાયા છે ? | (૨) પ્રાથમિક/આશ્રમશાળાના ૮૫ લાખ<br>માધ્યમિક/ઉચ્ચત્તર<br>માધ્યમિક શાળાના ૨૯ લાખ<br>-------------<br>કુલ ૧૧૪ લાખ |

----------

## કચ્છ જિલ્લામાં સ્પોર્ટ્સ સેન્ટરના મહેકમ તેમજ ખર્ચ અંગે

૯૮૬૭ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : **માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં સ્પોર્ટ્સ સેન્ટરો માટે નક્કી કરાયેલ મહેકમ ભરવામાં આવતુ નથી તેમજ ખર્ચ કરવામાં આવતું નથી, તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કારણો શાં છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો ભૂજ, ગાંધીધામનાં આવા રમતગમત મથકો માટે ૨૦૦૨-૦૩/૨૦૦૩-૦૪ અને ૨૦૦૪/૦૫માં ૩૧ ડીસેમ્બર, ૨૦૦૪ સુધીમાં મંજૂરી સામે કેટ કેટલું ખર્ચ દરેક સેન્ટર દીઠ કરવામાં આવ્યું ? | (૩) ભૂજ-રમતગમત મથક માટે તા. ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૪ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર નીચે પ્રમાણે મંજૂરી સામે ખર્ચ થયેલ છે. |

| વર્ષ | મંજૂરી (જોગવાઇ) | ખર્ચ |
|---|---|---|
| ૨૦૦૨-૦૩ | રૂ. ૧૨,૪૧,૨૯૨ | રૂ. ૧૨,૨૧,૨૯૨ |
| ૨૦૦૩-૦૪ | રૂ. ૧૦,૨૧,૮૨૨ | રૂ. ૯,૨૧,૮૨૨ |
| ૨૦૦૪-૦૫ | રૂ. ૧૩,૮૧,૭૧૬ | રૂ. ૧૦,૫૯,૪૦૫ |
| કુલ :- | રૂ. ૩૬,૪૪,૮૩૦ | રૂ. ૩૨,૦૨,૫૧૯ |

ગાંધીધામ ખાતે સ્પોર્ટ્સ સેન્ટર નથી.

------------

## એન્જિનિયરીંગ કોલેજોની મંજૂરી અને ગ્રાન્ટ

૯૧૨૯ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૪માં રાજ્યમાં કેટલી અને કઈ કઈ નવી એન્જીનીયરીંગ કોલેજો શરુ કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) સને ૨૦૦૪ માં ૮ સરકારી અને ૩ સ્વનિર્ભર સંસ્થાઓ દ્વારા એમ કુલ ૧૧ ઈજનેરી કોલેજો શરુ કરવામાં આવી છે જેની વિગતો નીચે મુજબ છે.

સરકારી એન્જીનીયરીંગ કોલેજો (૧) પાટણ (૨) રાજકોટ (૩) ભાવનગર (૪) વલસાડ (૫) ભરુચ (૬) સુરત (૭) દાહોદ અને (૮) ગાંધીનગર ખાતે જ્યારે સ્વનિર્ભર એન્જીનીયરીંગ કોલેજોમાં (૧) સુઝલોન ઈન્સ્ટી. ઓફ ટેકનોલોજી, વરણામા, વડોદરા (૨) અશોક એજ્યુકેશન લેન્ડ માર્ક ટ્રસ્ટ વસંતનગર, સરખેજ હાઈવે અમદાવાદ અને (૩) મહાત્મા ગાંધી ઈન્સ્ટી. ઓફ ટેક. એજ્યુ. એન્ડ રીસર્ચ સેન્ટર નવસારી ખાતે શરુ થયેલ છે.

**પ્રશ્ન**

(૨) આ કોલેજોમાં કયા કયા વિષયની કેટલી કેટલી સીટો ઓલ ઈન્ડીયા કાઉન્સીલ ઓફ ટેકનીકલ એજ્યુકેશન તરફથી મંજૂર કરવામાં આવેલ છે તે પૈકી કેટલી સીટો ભરાયેલ છે,

**જવાબ**

(૨) આ કોલેજોમાં ઓલ ઈન્ડીયા કાઉન્સીલ ઓફ ટેકનીકલ એજ્યુકેશન તરફથી મંજૂર કરાયેલ અને ભરાયેલ બેઠકોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | મંજૂર થયેલ બેઠકો | ભરાયેલ બેઠકો |
|---|---|---|---|
| | **સરકારી ઈજનેરી કોલજો** | | |
| ૧ | મીકેનીકલ એન્જી. | ૩૦૦ | ૩૦૦ |
| ૨ | ઈલેકટ્રોનીકસ એન્ડ કેમ્યુનીકેશન એન્જી. | ૪૨૦ | ૪૨૦ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૩ | કોમ્પ્યુટર એન્જી. | ૧૮૦ | ૧૮૦ |
| ૪ | ઈંસ્ટ્રુમેન્ટેશન એન્ડ કંટ્રોલ એન્જી. | ૧૨૦ | ૧૨૦ |
| ૫ | પ્રોડકશન એન્જી. | ૦૬૦ | ૦૬૦ |
| ૬ | કેમીકલ એન્જી. | ૦૬૦ | ૦૬૦ |
| ૭ | સીવીલ એન્જી. | ૧૨૦ | ૧૨૦ |
| ૮ | ઈલેકટ્રીકલ એન્જી. | ૧૮૦ | ૧૮૦ |
| ૯ | બાયોમેડીકલ એન્જી. | ૦૬૦ | ૦૬૦ |
| | કુલ :- | ૧૫૦૦ | ૧૫૦૦ |

**સ્વનિર્ભર ઈજનેરી કોલજો**

| | | | |
|---|---|---|---|
| ૧ | મીકેનીકલ એન્જી. | ૧૮૦ | ૧૮૦ |
| ૨ | ઈલેકટ્રીકલ એન્જી. | ૧૮૦ | ૧૭૫ |
| ૩ | ઈલેકટ્રોનીકસ એન્ડ કોમ્યુનીકેશન એન્જી. | ૧૮૦ | ૧૮૦ |
| ૪. | કોમ્પ્યુટર એન્જી. | ૧૮૦ | ૧૭૪ |
| | કુલ :- | ૭૨૦ | ૭૦૯ |

(૩) કોલેજ માટે રાજ્ય સરકાર તરફથી કેટલી રકમ મંજૂર કરવામાં આવી અને તે પૈકી તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ થયો, અને

(૪) બચત કે વધારના ખર્ચના શું કારણો છે ?

(૩) અને (૪) સરકારી ઈજનેરી કોલેજો માટે ૨૦૦૪-૨૦૦૫ ના વર્ષ માટે રુ. ૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે અને આ નાણા માર્ચ-૨૦૦૫ સુધીમાં ખર્ચાઈ જાય તે માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

--------------

**રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે કોમ્પ્યુટર શિક્ષણ અંગે**

૮૭૭૯ **શ્રી યોગેશભાઈ ના. પટેલ (રાવપુરા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દરેક જિલ્લામાં શિક્ષણ માટે કોમ્પ્યુટર સેન્ટર રાજ્ય સરકારે શરુ કરવા માગે છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો દરેક કોમ્પ્યુટર સેન્ટરમાં કેટલા કોમ્પ્યુટર અપાશે ? | (૨) ૫૦. |

---------------

**ટેકનીકલ શિક્ષણમાં ગુણવત્તા સુધારવા બાબત**

૧૦૦૧૭ **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર )** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ટેકનીકલ શિક્ષણની ગુણવત્તા માટે રાજ્ય સરકાર શું શું પ્રયત્નો કરી રહી છે? | ટેકનીકલ શિક્ષણ માટે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે થતાં ફેરફારો અને ઉદ્યોગોમાં ઉભી થતી માંગને ધ્યાને લઇને ટેકનીકલ શિક્ષણના અભ્યાસક્રમોના માળખામાં સુધારા કરવામાં આવી રહ્યાં છે. |

----------

**યાત્રાધામ પાલીતાણા ખાતે ઈંડા, મચ્છી અને માંસનું વેચાણ બંધ કરવા અંગે**

૯૯૮૨ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ)** : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પવિત્ર યાત્રાધામ પાલીતાણા ખાતે માંસ, મચ્છી, ઈંડા વગેરેનું વેચાણ અને સ્ટોરેજ બંધ કરવા રાજ્ય સરકારની કોઇ વિચારણા છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અંગે રાજ્ય સરકારે શો નિર્ણય લીધો છે? | (૨) તા.૪.૧૧.૯૯ થી કલેકટરશ્રી, ભાવનગર દ્વારા જાહેરનામું બહાર પાડેલ જેનાથી નારાજ થઇ આ [illegible] |

પ્રકારનો વ્યવસાય કરતા ઇસમોએ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં સ્પે. સી.એ.૯૦૩૧/૯૯ દાખલ કરી, મનાઇ હુકમ મેળવેલ છે. આ પીટીશન નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ પડતર છે.

----------

## અમીરગઢ ખાતે ન્યાય સંકુલની કામગીરી

૯૮૬૨ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા)** : **માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના અમીરગઢ ખાતે, સરકાર ન્યાય સંકુલનું બાંધકામ કરવા વિચારી રહેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો બાંધકામ કામગીરી કયાં સુધીમાં શરૂં થવાની સંભાવના છે? | (૨) વહીવટી પ્રક્રિયાઓ પૂર્ણ થયેથી. |

----------

## મહુધા તાલુકામાં શાળાના ઓરડાની ઘટ

૮૪૩૪ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના મહુધા તાલુકામાં પ્રાથમિક શાળાના કયા ગામોમાં કેટલી ઓરડાઓની ઘટ તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ છે, અને

**જવાબ**

(૧) કુલ ૬૦ ઓરડાની ઘટ છે. પત્રક 'ક' સામેલ છે.

**પત્રક-ક**

**મહુધા તાલુકામાં ખુટતા ઓરડાની ગામવાર વિગત (તા.૩૧.૧૨.૦૪)**

| ક્રમ | ગામનું નામ | શાળાનું નામ | ઓરડાની |
|---|---|---|---:|
| ૧ | ફીણાવ | પ્રા.શાળા | ૧ |
| ૨ | ફીણાવ | ફીણાવની મુ. | ૧ |
| ૩ | ફીણાવ | ડાભીની મુ. | ૧ |
| ૪ | ભુમસ | ભુમસ | ૩ |
| ૫ | ભુમસ | ભુમસની મુ. | ૧ |
| ૬ | વડથલ | વડથલ | ૨ |
| ૭ | વડથલ | રઈજીપુરા | ૧ |
| ૮ | ખાડીવાવ | રણછોડજીના | ૨ |
| ૯ | ફલોલી | ફલોલી | ૧ |
| ૧૦ | ફલોલી | ફલોલી લાટ | ૨ |
| ૧૧ | મીનાવાડા | મીનાવાડા | ૧ |
| ૧૨ | ખુટજ | ખુટજ | ૩ |
| ૧૩ | બગડુ | બગડુ | ૧ |
| ૧૪ | મંગળપુરા | મંગળપુરા | ૧ |
| ૧૫ | ઉદરા | ઉદરા | ૧ |
| ૧૬ | ઉદરા | ઈટાવા | ૧ |
| ૧૭ | ઉદરા | સાગવાડા | ૧ |

| | | | |
|---|---|---|---|
| ૧૭ | ઉદરા | સાગવાડા | ૧ |
| ૧૮ | ઉદરા | છલા અમરની મુ. | ૧ |
| ૧૯ | ઉદરા | ગોપીતલાવ | ૧ |
| ૨૦ | નંદગામ | વીણાની મુ. | ૧ |
| ૨૧ | સણાલી | બોરનગર | ૨ |
| ૨૨ | અલીણા | અલીણા | ૧ |
| ૨૩ | અલીણા | રામનગર | ૧ |
| ૨૪ | અલીણા | સાંકળીયા | ૧ |
| ૨૫ | કપરૂપુર | જગા બારૈયાની મુ. | ૧ |
| ૨૬ | કપરૂપુર | કપરૂભપુર | ૧ |
| ૨૭ | મહીસા | કાકલીયા | ૧ |
| ૨૮ | મહીસા | ઓધાર મુ. | ૨ |
| ૨૯ | નિઝામપુરા | નિઝામપુરા | ૩ |
| ૩૦ | વાસણા | વાસણા | ૧ |
| ૩૧ | મહીસા | ખાખરાના મુ. | ૨ |
| ૩૨ | ચુણેલ | ભાનાપંચા | ૧ |
| ૩૩ | ચુણેલ | લક્ષ્મીપુરા | ૧ |
| ૩૪ | હેરંજ | હેરંજ | ૩ |
| ૩૫ | હેરંજ | વડવાળી મુ. | ૧ |
| ૩૬ | શેરી | ચૌહાણપુરા | ૧ |
| ૩૭ | ખલાડી | ખલાડી | ૧ |
| ૩૮ | કૈયજ | ઝાલાપુરા | ૧ |
| ૩૯ | મિરઝાપુર | મિરઝાપર્ | ૨ |
| ૪૦ | નાની ખડોલ | નાની ખડોલ | ૧ |
| ૪૧ | રૂપપુરા | રૂપપુરા | ૧ |
| ૪૨ | રૂપપુરા | સાવરિયા | ૨ |
| ૪૩ | રૂપપુરા | કૈલાસપુરા | ૧ |
| ૪૪ | બલોલ | બલોલ લાટ | ૧ |
| | | **કુલ :** | **૬૦** |

(૨) આ ઘટ કયારે પૂર્ણ કરવામાં આવશે?

(૨) જેમ બને તેમ જલ્દી.

----------

## રાજ્યમાં વિદ્યાસહાયકોની નિમણૂંક અંગે

૯૮૫૮ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧.૧.૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં જિલ્લા વાઇઝ કેટલા વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવી છે,

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

**પત્રક-૧**

**વિદ્યાસહાયકોની ભરતીની વિગતો ૨૦૦૪**

| ક્રમ | જિલ્લાનું નામ | નિમણૂંક આપેલ સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૫૮ |
| ૨ | વડોદરા | ૦ |
| ૩ | રાજકોટ | ૪૦૩ |
| ૪ | સુરત | ૧૨૬ |
| ૫ | ખેડા | ૫૬૫ |
| ૬ | આણંદ | ૦ |

| | | |
|---|---|---|
| ૬ | આણંદ | ૦ |
| ૭ | પંચમહાલ | ૧૮૬ |
| ૮ | દાહોદ | ૧૦૩૨ |
| ૯ | સાબરકાંઠા | ૪૬૦ |
| ૧૦ | જુનાગઢ | ૬૧૭ |
| ૧૧ | પોરબંદર | ૩૨૧ |
| ૧૨ | મહેસાણા | ૧૯૬ |
| ૧૩ | પાટણ | ૮૧ |
| ૧૪ | ભાવનગર | ૧૭૮૫ |
| ૧૫ | જામનગર | ૧૩૦૦ |
| ૧૬ | અમરેલી | ૫૦૧ |
| ૧૭ | કચ્છ | ૧૬૨૮ |
| ૧૮ | ભરૂચ | ૫૩૪ |
| ૧૯ | નર્મદા | ૪૬૨ |
| ૨૦ | વલસાડ | ૨૪૨ |
| ૨૧ | નવસારી | ૫૫ |
| ૨૨ | બનાસકાંઠા | ૧૩૨૫ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૮૯૨ |
| ૨૪ | ગાંધીનગર | ૨૩૧ |
| ૨૫ | ડાંગ | ૬૯ |
| | **કુલ :** | **૧૩૧૬૯** |
| | **નગરપાલિકા કુલ :** | ૬૨૮ |
| | **એકંદર કુલઃ** | **૧૩૭૯૭** |

(૨) ઘટ પુરવા જિલ્લા વાઇઝ કેટલા વિધાસહાયકોની ભરતી કરવાની બાકી છે, અને

(૨) પત્રક-૨ મુજબ.

**પત્રક-૨**

**જિલ્લાવાર શિક્ષક ઘટની વિગતો**
**(તા.૩૧.૮.૦૪ની સ્થિતિએ)**

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **ઘટ** |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૩ |
| ૨ | વડોદરા | ૧૨૯ |
| ૩ | રાજકોટ | ૩૪ |
| ૪ | સુરત | ૯૧ |
| ૫ | ખેડા | ૧૦ |
| ૬ | આણંદ | ૧૫ |
| ૭ | પંચમહાલ | ૬૧ |
| ૮ | દાહોદ | ૫૯૪ |
| ૯ | સાબરકાંઠા | ૧૨૨ |
| ૧૦ | જુનાગઢ | ૫૭ |
| ૧૧ | પોરબંદર | ૦ |
| ૧૨ | મહેસાણા | ૨૨ |
| ૧૩ | પાટણ | ૩૬ |
| ૧૪ | ભાવનગર | ૦ |
| ૧૫ | જામનગર | ૨૪ |
| ૧૬ | અમરેલી | ૦ |
| ૧૭ | કચ્છ | ૪૭ |
| ૧૮ | ભરૂચ | ૦ |
| ૧૯ | નર્મદા | ૭૭ |
| ૨૦ | વલસાડ | ૦ |
| ૨૧ | નવસારી | ૯૪ |

| | | |
|---|---|---|
| ૨૧ | નવસારી | ૯૪ |
| ૨૨ | બનાસકાંઠા | ૨૦૩ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૫૩ |
| ૨૪ | ગાંધીનગર | ૧૮ |
| ૨૫ | ડાંગ | ૨૨૨ |
| ૨૬ | ગાંધીનગર શહેર | ૦ |
| | **કુલ :** | **૧૯૪૨** |
| | **નગરપાલિકા કુલ :** | **૦** |
| | **એકંદર કુલઃ** | **૧૯૪૨** |

(૩) તે કેટલા સમયમાં પૂરવામાં આવશે?

(૩) જેમ બને તેમ જલ્દી.

----------

**ચોટીલા અને સાયલા તાલુકાની કોર્ટોમાં સંવર્ગવાર ખાલી જગાઓ**

૮૮૨૬ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા)** : **માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ ચોટીલા અને સાયલા તાલુકાની કોર્ટમાં કયા કયા સંવર્ગની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) વર્ગ-૩ આસીસ્ટન્ટ કલાર્કની ૧ જગા

(૨) શક્ય તેટલી ત્વરાએ.

----------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં નવી માધ્યમિક શાળાઓની મંજૂરી**

૯૯૭૨ **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી નવી માધ્યમિક શાળાઓને મંજૂરી અપાઇ, અને

(૨) તેમાં લઘુમતી વર્ગની કેટલી શાળાઓની માંગણી અન્વયે કેટલી માન્યતા અપાઇ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **અમદાવાદ શહેર** | **અમદાવાદ ગ્રામ્ય** |
|---|---|---|
| ૨૦૦૩ | ૧૧ | ૧૧ |
| ૨૦૦૪ | ૧૫ | ૧૮ |

(૨) માધ્યમિક શાળાઓની મંજૂરી કોઇ વર્ગને કે વર્ગના ટ્રસ્ટને ધ્યાનમાં રાખી આપવામાં આવતી નથી, પરંતુ ગુણવત્તાના અને જરુરીયાતના આધારે આપવામાં આવે છે.

----------

**કચ્છ જિલ્લામાં ચાલતા મધ્યાહન ભોજન કેન્દ્રો**

૯૮૫૫**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧.૧૨.૨૦૦૪ની સ્થિતિએ કચ્છ જિલ્લાના તાલુકાવાર કેટલા મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો ચાલુ છે,

**જવાબ**

(૧) તા.૩૧.૧૨.૨૦૦૪ની સ્થિતિએ કચ્છ જિલ્લાના તાલુકાવાર નીચે મુજબ મ.ભો.કેન્દ્રો ચાલુ છે.

| | | |
|---|---|---|
| ૧. | ભૂજ | ૨૬૩ |
| ૨. | માંડવી | ૧૭૦ |
| ૩. | મુંન્દ્રા | ૧૦૦ |
| ૪. | અંજાર | ૧૫૦ |
| ૫. | ભચાઉ | ૧૩૯ |
| ૬. | રાપર | ૨૩૮ |
| ૭. | નખત્રાણા | ૧૪૩ |
| ૮. | અબડાસા | ૧૬૧ |
| ૯. | લખપત | ૮૩ |
| | **કુલ :** | **૧૪૪૭** |

(૨) સને ૨૦૦૩-૨૦૦૪ના વર્ષમાં આ કેન્દ્રો પાછળ કેટલું ખર્ચ તાલુકાવાર કરવામાં આવે છે, અને

(૨) સને ૨૦૦૩-૨૦૦૪ના વર્ષમાં આ કેન્દ્રો પાછળ તાલુકાવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ૧. | ભૂજ | ૩૨૯૫૫૫૯ |
| ૨. | મુંન્દ્રા | ૨૨૨૪૦૮૩ |
| ૩. | માંડવી | ૨૭૧૫૦૦૦ |
| ૪. | અંજાર | ૪૧૮૬૪૬૯ |
| ૫. | ભચાઉ | ૨૮૧૯૮૧૪ |
| ૬. | રાપર | ૪૦૪૦૩૭૧ |
| ૭. | અબડાસા | ૨૦૫૨૫૭૫ |
| ૮. | લખપત | ૧૧૩૦૦૦૦ |
| ૯. | નખત્રાણા | ૩૩૨૪૯૧૪ |
| ૧૦. | ડી.સી.ભુજ | ૧૧૦૨૪૯૭૧ |
| | **કુલ :** | **૩૬૮૧૩૭૫૬** |

(૩) આ કેન્દ્રો મારફત તાલુકાવાર કેટલા બાળકોને મધ્યાહન ભોજન યોજનાનો લાભ આપવામાં આવે છે?

(૩) આ કેન્દ્રો મારફતે તાલુકવાર નીચે મુજબ બાળકોને મધ્યાહન ભોજનનો લાભ આપવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | ભૂજ | ૧૯૧૪૦ |
| ૨. | માંડવી | ૧૩૭૦૬ |
| ૩. | મુંન્દ્રા | ૭૫૭૯ |
| ૪. | અંજાર | ૨૪૨૨૨ |
| ૫. | ભચાઉ | ૧૨૭૧૦ |
| ૬. | રાપર | ૨૦૮૯૧ |
| ૭. | નખત્રાણા | ૧૩૦૩૨ |
| ૮. | અબડાસા | ૭૦૭૨ |
| ૯. | લખપત | ૩૭૩૧ |
| | **કુલ :** | **૧૨૨૦૮૩** |

----------

## સુરત શહેર અને જિલ્લામાં ખાનગી પ્રાથમિક શાળાઓની અરજીઓ

૯૯૬૮ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સુરત શહેર અને જિલ્લામાં સન ૨૦૦૩ અને ૨૦૦૪ના વર્ષમાં ખાનગી પ્રાથમિક શાળા શરુ કરવા કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| વિસ્તાર | ૨૦૦૩ | ૨૦૦૪ |
|---|---|---|
| સુરત શહેર | ૬૦ | ૩૦ |
| સુરત જિલ્લો (ગ્રામ્ય વિસ્તાર) | ૫૩ | ૮૧ |

| કુલ : | ૧૧૩ | ૧૧૧ |
|---|---|---|

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ, અને

(૨)

| વિસ્તાર | મંજૂર કરેલ અરજીઓ ૨૦૦૩ | મંજૂર કરેલ અરજીઓ ૨૦૦૪ |
|---|---|---|
| સુરત શહેર | ૩૪ | ૧૦ |
| સુરત જિલ્લો | ૩૩ | ૨૩ |
| **કુલ :** | ૬૭ | ૩૩ |

(૩) તે પૈકી ઓલપાડ તથા ચોર્યાસી તાલુકામાં કેટલી ખાનગી શાળાઓને પરવાનગી આપેલ છે?

(૩)

| તાલુકો | ૨૦૦૩ | ૨૦૦૪ |
|---|---|---|
| ઓલપાડ | ૦૧ | ૦૨ |
| ચોર્યાસી | ૧૭ | ૧૨ |
| **કુલ :** | **૧૮** | **૧૪** |

----------

## રાજ્યમાં નોટરીઓની નિમણૂંક

૮૪૬૪ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)** : **માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧.૧૨.૦૪ ની સ્થિતિએ કેટલી નોટરીઓની નિમણૂંક કરવામાં આવી, | (૧) રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ૩૧.૧૨.૨૦૦૪ ની સ્થિતિએ નોટરીની કોઇ નિમણૂંક કરવામાં આવી નથી. |
| (૨) આ નિમણૂંકોમાં ગેરરીતીઓ થયા અંગેની ફરીયાદો સરકારને કેટલી મળી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે અંગે સરકારે શું કાર્યવાહી હાથ ધરી? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## મહેસાણા જિલ્લામાં ખાનગી ટયુશન કરતા પકડાયેલ શિક્ષકો

૯૯૭૬ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧.૧૨.૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા વર્ષમાં મહેસાણા જિલ્લામાં ખાનગી ટયુશન કરતા કેટલા શિક્ષકો પકડાયા, અને | (૧) એકપણ નહીં. |
| (૨) સરકારે શાં પગલાં ભર્યા? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## નેશનલ લો યુનિવર્સિટીના અભ્યાસક્રમો તેમજ વિદ્યાર્થીઓની સંખ્યા અંગે

૧૦૦૩૮ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નેશનલ લો યુનિવર્સિટીની શરૂઆત કયારથી કરવામાં આવી, | (૧) નેશનલ લો યુનિવર્સિટીનું શૈક્ષણિક સત્ર ૧૭ જુલાઇ-૨૦૦૪ થી શરૂ કરવામાં આવેલ છે. |
| (૨) આમાં તા.૩૧.૧.૦૫ની સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓ કયા અભ્યાસક્રમમાં અભ્યાસ કરી રહ્યા છે, | (૨) તા.૩૧.૧.૨૦૦૫ની સ્થિતિએ ૧૫૭ વિદ્યાર્થીઓ પૈકી ૫૧ વિદ્યાર્થીઓ બી.એ., એલ.એલ.બી. (ઓનર્સ), ૩૮ વિદ્યાર્થીઓ બી.એસ.સી., એલ.એલ.બી. (ઓનર્સ) તેમજ ૬૮ વિદ્યાર્થીઓ બી.કોમ., એલ.એલ.બી. (ઓનર્સ) ના અભ્યાસક્રમમાં અભ્યાસ કરી રહ્યા છે. |
| (૩) જેમાં ગુજરાતના વિદ્યાર્થીઓ કેટલા, અને | (૩) ગુજરાતના વિદ્યાર્થીઓ - ૩૯ |
| (૪) ગુજરાત બહારના વિદ્યાર્થીઓ કેટલા? | (૪) ગુજરાત બહારના વિદ્યાર્થીઓ - ૧૧૮ |

## સાવલી તાલુકાની કોર્ટમાં કેડરવાર ખાલી જગ્યાઓ

૯૧૩૪ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ (સાવલી)** : : **માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવલી તાલુકામાં આવેલી કોર્ટમાં દરેક કેડરમાં કેટલો સ્ટાફ તા.૩૧.૧.૦૫ની સ્થિતિએ ઓછો છે, | (૧) ૧ જુનીયર કારકુનની જગ્યા. |
| (૨) જગ્યાઓ ખાલી રહેવાનાં કારણો શાં છે, અને | (૨) ૧. જુનીયર કારકુનની બદલીને કારણે,<br>૨. પ્રતિક્ષાયાદી પૂરી થવાના કારણે. |
| (૩) આ ખાલી જગ્યાઓ કયારે ભરવામાં આવશે? | (૩) શક્ય તેટલી વહેલી ત્વરાએ. |

----------

## ગ્રંથાલય નીધિની રચના

૮૧૭૭ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** : **માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં જાહેર ગ્રંથાલયોના વિકાસ માટે ગ્રંથાલય નીધિની રચના થઇ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કયારે? | (૨) તા.૯.૧૨.૨૦૦૩ના રોજ |

----------

## કાલાવડ તાલુકામાં આંગણવાડી વર્કરની નિમણૂંકમાં ગેરરીતિ

૯૯૮૫ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ)** : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના કાલાવડ તાલુકા સતિયા ગામમાં આંગણવાડી વર્કરની જગા માટે જૂન, ૨૦૦૪ માં ભરતી કરવામાં આવી હતી, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ જગ્યામાં સ્થાનિક રહીશ ન હોવા છતાં ગેરકાનૂની ભરતી કરવા અંગે રાજ્ય સરકારને સન ૨૦૦૪માં કેટલી ફરીયાદો મળી, | (૨) સાત |
| (૩) સરકારી ભરતીમાં થયેલ ગેરરીતીમાં કોણ સંડોવાયેલા છે, તેની સામે શાં પગલાં લેવાયા છે, અને | (૩) તપાસની કાર્યવાહીમાં પ્રથમ તબક્કે સીડીપીઓ જવાબદાર જણાયેલ છે. વિશેષ તપાસ/શિક્ષાત્મક કાર્યવાહી ચાલુ છે. |
| (૪) રાજ્ય સરકાર ગેરરીતીથી થયેલ ભરતી અંગે શાં પગલાં લેવા માગે છે? | (૪) કાલાવડ તાલુકાના સતીયા ગામ તથા ધુમ-ધોરાજી ગામે પાત્રતા ન ધરાવતા ઉમેદવારોની બહાલી રદ કરવામાં આવેલ છે. અને નવેસરથી ભરતીની પ્રક્રિયા શરુ કરવા |

આદેશ બહાર પાડવામાં આવેલ છે.

----------

## રાજકોટ જિલ્લામાં વિધાદીપ યોજનાના લાભાર્થીઓ

૮૧૦૬ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૧૨-૯૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં વિદ્યાર્થીઓને વિદ્યાદીપ યોજના હેઠળ કેટલી સહાય આપવામાં આવેલ છે.

(૧) રૂ.૧૫,૨૫,૦૦૦/-

(૨) આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ શહેરમાં શાળાઓ/કોલેજોના કેટલાં વિદ્યાર્થીઓ અકસ્માતે કે કુદરતી આપત્તિઓમાં મૃત્યુ પામ્યા,

(૨) ૪૦ (ચાલીસ)

(૩) આ વિદ્યાર્થીઓ કઈ કઈ શાળા કે કોલેજના હતા, અને

(૩) પત્રક - અ મુજબ

(૪) વિદ્યાદીપ યોજના અંતર્ગત કોને કોને અને કયારે સહાય ચુકવવામાં આવી ?

(૪) પત્રક - બ મુજબ

**પત્રક - અ**
**અકસ્માતે મૃત્યુ પામેલ વિદ્યાર્થીઓની વિગત**

| ક્રમ | શાળા / કોલેજનું નામ |
|---|---|
| ૧ | શાળા નંબર - ૭૮ દૂધની ડેરી સામે |
| ૨ | શાળા નંબર - ૮૮ ધરમનગર |
| ૩ | શાળા નંબર ૬ ૯૬ |
| ૪ | શ્રી ગીતા પ્રાથમિક શાળા |
| ૫ | શાળા નંબર ૬ ૬૩ |
| ૬ | પરિમલ પ્રાથમિક શાળા |
| ૭ | શાળા નંબર ૬ ૮૬ |
| ૮ | શાળા નંબર ૬ ૮૬ |
| ૯ | શ્રધ્ધા પ્રાથમિક શાળા |
| ૧૦ | શુભમ્ વિદ્યાલય |
| ૧૧ | શાળા નંબર ૬ ૬૭ |
| ૧૨ | શાળા નંબર ૬ ૭૮ |
| ૧૩ | શાળા નંબર ૬ ૬૩ |
| ૧૪ | શાળા નંબર ૬ ૭૮ |
| ૧૫ | શાળા નંબર ૬ ૧ |
| ૧૬ | કડવીબાઈ વિરાણી કન્યા વિદ્યાલય |
| ૧૭ | શ્રી કૃષ્ણ વિદ્યાલય |
| ૧૮ | એ. એસ. ચૌધરી હાઈસ્કુલ |
| ૧૯ | મોહનદાસ ગાંધી વિદ્યાલય |
| ૨૦ | માસેમ વિદ્યલાય |
| ૨૧ | ઓમ વિદ્યાલય |
| ૨૨ | સહજાનંદ હાઈસ્કુલ |
| ૨૩ | રણછોડ વિદ્યાલય |
| ૨૪ | કવિજલ હાઈસ્કુલ |
| ૨૫ | જવાહર વિદ્યાલય |

| | |
|---|---|
| ૨૬ | મારુતિ ઉચ્ચત્તર માધ્યમિક શાળા |
| ૨૭ | જી. ટી. હાઈસ્કુલ ફોર ગર્લ્સ |
| ૨૮ | એ. એસ. ચૌધરી હાઈસ્કુલ |
| ૨૯ | જવાહર શિશુ વિહાર માધ્યમિક શાળા |
| ૩૦ | કાન્તાસ્તી વિકાસ ગૃહ |
| ૩૧ | વી.વી.પી. ઈજનેરી કોલેજ, રાજકોટ |
| ૩૨ | શ્રીમતિ એમ.ટી.ડી. કોમર્સ કોલેજ, રાજકોટ |
| ૩૩ | શ્રી ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજ, રાજકોટ |
| ૩૪ | એલ. ઈ. કોલેજ, મોરબી |
| ૩૫ | શ્રીમતિ જે. જે. શેઠ કોર્મસ કોલેજ, મોરબી |
| ૩૬ | મહારાજા શ્રી મહેન્દ્રસિંહજી સાયન્સ કોલેજ, મોરબી |
| ૩૭ | આત્મીય ઈન્સ્ટીટયુટ કોલેજ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સ, રાજકોટ |

**પત્રક - બ**

**વિમાયોજના હેઠળ રાજકોટ જિલ્લાના મંજુર થયેલ કેસોની યાદી**

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | વિમા કંપનીએ મંજુર કર્યા તારીખ |
|---|---|---|
| ૧ | દાફડા જલ્પાબેન ભીમજીભાઈ | ૫-૫-૦૩ |
| ૨ | મોરી હંસા ચનાભાઈ | ૨૬-૧૦-૦૪ |
| ૩ | સોજીત્રા પ્રિયંકા અરજનભાઈ | ૨૬-૩-૦૪ |
| ૪ | આજડા અરવિંજ જીવાભાઈ | ૨૬-૧૦-૦૪ |
| ૫ | વીડજા વિશાલ ઘનશ્યામભાઈ | ૧૩-૨-૦૪ |
| ૬ | મકવાણા અરજણ ગોવિંદભાઈ | ૨૬-૩-૦૪ |
| ૭ | ગાબુ વિલાશ ધનજીભાઈ | ૩૧-૫-૦૪ |
| ૮ | ગોસાઈ પિયુષગીરી પ્રકાશગીરી | ૩૧-૧૨-૦૩ |
| ૯ | બાબરીયા રાહુલ હમીરભાઈ | ૨૨-૪-૦૩ |
| ૧૦ | ચુવાળ મહેશ વિઠ્ઠલભાઈ | ૩૧-૫-૦૪ |
| ૧૧ | બગડા અલ્પેશ રમેશભાઈ | ૨૨-૪-૦૪ |
| ૧૨ | જગોદરા પિયુષ હિતેષભાઈ | ૩૧-૫-૦૪ |
| ૧૩ | ડાભી ધમેન્દ્ર હકુભાઈ | ૭-૫-૦૪ |
| ૧૪ | પણોતરા સંજય વાલજીભાઈ | ૭-૫-૦૪ |
| ૧૫ | દર્શન ભરતભાઈ કે | ૭-૫-૦૪ |
| ૧૬ | જાપડા મૈસુર ભનાભાઈ | ૭-૫-૦૪ |
| ૧૭ | બગડા અસ્મીતા કેશવભાઈ | ૧૬-૨-૦૫ |
| ૧૮ | રાઠોડ રવી ભગવાજી | ૨૪-૪-૦૩ |
| ૧૯ | પરમાર ભગવતી લક્ષ્મણભાઈ | ૨૫-૩-૦૩ |
| ૨૦ | વાલાણી કાજલ પરેશભાઈ | ૨૧-૩-૦૩ |
| ૨૧ | કટકીયા પુંજાબેન કરશનભાઈ | ૨૧-૩-૦૩ |
| ૨૨ | પરમાર સુનિતા રમેશભાઈ | ૨૬-૧૦-૦૪ |
| ૨૩ | સરપદડીયા વિપુલ નિરંજનભાઈ | ૨૧-૬-૦૪ |
| ૨૪ | ચાવડા વિજય રમેશભાઈ | ૧૩-૨-૦૫ |
| ૨૫ | પૂર્ણ વૈરાગી ધમેન્દ્ર નારાયણદાસ | ૭-૫-૦૪ |
| ૨૬ | ભૂવા દિનેશ રમેશભાઈ | ૨૨-૪-૦૩ |
| ૨૭ | રુપા રેલીયા દયા ધીરુભાઈ | ૨૬-૩-૦૪ |
| ૨૮ | નારીગરા શ્વેતા કાન્તીલાલ | ૨૧-૩-૦૩ |
| ૨૯ | પરાલીયા અશોક રમેશભાઈ | ૧૧-૬-૦૩ |
| ૩૦ | પાનેલીયા ઘનશ્યામ બાબુલાલ | ૫-૫-૦૩ |
| ૩૧ | મારવણીયા નિતીન ગોપાલભાઈ | ૧૧-૭-૦૩ |

| | | |
|---|---|---|
| ૩૨ | પડળીયા કાજલબેન વિનોદરાય | ૨૬-૧૦-૦૩ |
| ૩૩ | સેરસીયા રોશન મામદ અહમદભાઈ | ૭-૫-૦૪ |
| ૩૪ | ચાગેલા આશીષ કિશોરભાઈ | ૭-૫-૦૪ |
| ૩૫ | ધોળકીયા મુકેશ અરવિંદભાઈ | ૭-૫-૦૪ |
| ૩૬ | મકવાણા ચનાભાઈ મશાભાઈ | ૭-૫-૦૪ |
| ૩૭ | સરવૈયા કલ્પેશ પરશોત્તમભાઈ | ૭-૫-૦૫ |
| ૩૮ | ચંદારાણા નિલેષ વિનોદરાય | ૧૬-૨-૦૫ |
| ૩૯ | પટેલ રુશી મેઘજીભાઈ | ૧૭-૧-૦૫ |
| ૪૦ | છાંટબાર નટવરલાલ ટી. | જાન્યુ. ૨૦૦૪ |
| ૪૧ | બી. એસ. હરસોલા | ડિસે. ૨૦૦૪ |

-----------

**ટેકનીકલ શિક્ષણના વિકાસ અંગે**

૧૦૦૧૮ **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર)** : માનનીય **શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ટેકનીકલ શિક્ષણની ગુણવત્તા સુધારવા વિશ્વબેંક સહાય યોજનાનું કદ કેટલું છે, અને

(૧) ટેકનીકલ શિક્ષણની ગુણવત્તા સુધારવા વિશ્વબેંક સહાય યોજનાનું કદ રૂા.૮૭ કરોડનું છે.

(૨) તે દ્વારા ટેકનીકલ શિક્ષણમાં શું વિકાસ થશે ?

(૨) વિશ્વ બેંકની સહાયથી શૈક્ષણિક સંસ્થાઓની ગુણવત્તામાં, અભ્યાસક્રમોમાં આમુલ પરિવર્તન લાવી શકાશે અને ટેકનીકલ શિક્ષણના ક્ષેત્રે ઉત્કૃષ્ટ કેન્દ્રો તરીકે વિકસતી રાષ્ટ્રીય તેમજ આતંરરાષ્ટ્રીય સંસ્થાઓ સામે સ્પર્ધાત્મક રીતે ઉભી રહી શકાશે. આ બાબતને લીધે ટેકનીકલ શિક્ષણની સંસ્થાને વિશિષ્ટ સંસ્થા તરીકેનો દરજજો પ્રાપ્ત થશે.

--------------

**પાલનપુર, અમીરગઢ અને દાંતા તાલુકાઓમાં પ્રાથમિક શિક્ષકોની ઘટ**

૯૮૬૩ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા)** : માનનીય **શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ડીસેમ્બર-૨૦૦૪ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાનાં પાલનપુર, અમીરગઢ તથા દાંતા તાલુકામાં પ્રાથમિક શિક્ષકોની કેટલી જગ્યાઓ પુરાયા વગરની બાકી છે, અને

(૧)

| **તાલુકો** | **ખાલી જગ્યા** |
|---|---|
| પાલનપુર | ૬૭ |
| અમીરગઢ | ૫૮ |
| દાંતા | ૫૪ |

(૨) આ જગ્યાઓ પુરવા સરકારે કોઈ આયોજન કર્યુ હોય તો આયોજનની વિગતો શું છે ?

(૨) જેમ બને તેમ જલ્દી આ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

--------------

**ખેડા જિલ્લામાં પ્રૌઢ શિક્ષણના વર્ગો**

૯૮૬૩ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : માનનીય **શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧.૧૨.૨૦૦૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કયા તાલુકામાં કેટલા પ્રૌઢ શિક્ષણના વર્ગો છેલ્લા બે વર્ષમાં શરૂ કર્યા,

(૧) શૂન્ય

(૨) તે દ્વારા ટેકનીકલ શિક્ષણમાં શું વિકાસ થશે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તે પાછળ કેટલો ખર્ચ તાલુકા પ્રમાણે કરવામાં આવ્યો ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સુરેન્દ્રનગર જિલ્લામાં નોટરીઓની ખાલી જગ્યાઓ**

## સુરેન્દ્રનગર જિલ્લામાં નોટરીઓની ખાલી જગ્યાઓ

૮૮૨૭ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા)** : માનનીય **ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| | |
|---|---|
| (૧) તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં નોટરીઓની કેટલી જગ્યાઓ ખાલી છે. | (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧.૧૨.૨૦૦૪ની સ્થિતિએ નોટરીની કોઈ જગ્યા ખાલી નથી. |
| (૨) તે પૈકી ચોટીલા-સાયલા તાલુકામાં કેટલી જગ્યાઓ ખાલી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------------

## સુરત શહેર અને જિલ્લામાં વેચાણવેરાની બાકી રકમ અંગે

૮૮૨૭ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ)** : માનનીય **નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| | |
|---|---|
| (૧) સને ૨૦૦૩-૨૦૦૪ના નાણાકીય વર્ષમાં રાજયમાં વેચાણવેરાની કુલ કેટલી આવક રાજય સરકારને થઈ, | (૧) રૂા.૭૨૩૫.૩૨ કરોડ |
| (૨) તે પૈકી સુરત શહેર અને જિલ્લામાં કેટલી થઈ, અને | (૨) સુરત શહેરમાં રૂા.૪૯૬.૩૧ કરોડ અને સુરત જિલ્લામાં રૂા.૨૦૧.૩૪ કરોડ |
| (૩) આ જિલ્લામાં બાકી વસુલાતની રકમ કેટલી છે અને તેના શાં કારણો છે ? | (૩) રૂા.૩૮૭૩.૯૧ કરોડ. આ પૈકી ૩૭૦૫.૬૨ કરોડ સુપ્રીમ કોર્ટ, હાઈકોર્ટ, વેચાણવેરા પંચ તથા સક્ષમ અધિકારીએ વસુલાત સામે આપેલ મનાઈહુકમને કારણે બાકી છે. બાકીના રૂા.૧૬૮.૨૯ કરોડ ધંધો બંધ થવાથી, નાદારી/ફડચા, બી.આઈ.એફ.આર.સીક યુનીટ્સ વગેરે કારણોસર બાકી છે. |

--------------

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### આદિવાસી સગીર બાળાને લગ્નનું વચન આપી ભગાડી જવા બાબત

**શ્રી માધુભાઈ જે. ભોયે(ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ અન્વયે નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય રાજય કક્ષાના ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તેમને તે અંગે નિવેદન કરવાની વિનંતી કરું છું.

"તાજેતરમાં નિઝર તાલુકાના ગંગથા ગામે ૧૪ વર્ષની સગીર આદિવાસી બાળાને લગ્નનું વચન આપી ઉઠાવી જવામાં આવી છે. અંતરિયાળ વિસ્તારમાં સગીર બાળાઓને લાલચ આપી ભગાડી જવાના બનાવો વધ્યા છે. ગરીબ મા-બાપ આ અંગે નિ:સહાય થઈ પોલીસ સ્ટેશનોના ધક્કા ખાય છે, છતાં કોઈ જ પરિણામ ન મળતાં સમગ્ર આદિવાસી વિસ્તારની જનતામાં વ્યાપેલ રોષની લાગણી દૂર કરવા તથા સગીર બાળાને શોધી કાઢવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અહમદસીંગ ભરતસિંગ વસાવે મૂળ રહેવાસી ગંગથા તા. નિઝર કે જેઓ મહારાષ્ટ્ર રાજયના અકકલકુવા તાલુકાના નાલા ગામે આશ્રમશાળામાં વોચમેન તરીકે સેવા બજાવે છે. તેઓની પુત્રી તસલીમબાનુ ઉમર વર્ષ ૧૪, ધોરણ ૬ સુધી ભણી

તેણીના દાદા સાથે વતનમાં ગંગથા ગામે ઘરકામ તથા સિવણવર્ગમાં જતી હતી. તે તા. ૧૨-૨-૨૦૦૫ના ૧૬-૦૦ કલાકે હાલોલના રહીશ સરફરાજહુસેન મહમદભાઈ જેઓ ગંગથા ગામે રહેતા હમીરસિંહ ચંદ્રસિંહ તળવીના ઘરે મહેમાન તરીકે આવેલ હતા તેમણે તસલીમબાનુને લગ્ન કરવાની લાલચ આપી ફોસલાવી, પટાવી, ભગાડી જવાનું જણાવતા તે અંગે નિઝર પોલીસ સ્ટેશનના ગુ.ર.નં. ૩/૦૫ ઈપીકો કલમ ૩૬૩, ૩૬૬ મુજબનો ગુન્હો નોંધેલ હતો. તા ૨૪-૨-૨૦૦૫ના રોજ ફરિયાદીએ તેણીનું શાળા છોડયાનું પ્રમાણપત્ર તથા જાતિનો દાખલો રજૂ કરતાં તેણીની જ્ઞાતિ હિન્દુ વસાવા લખાયેલ હોય તે અન્વયે આ ગુન્હામાં એટ્રોસીટી એકટની કલમ ૩(૨)૫ નો ઉમેરો કરવા મે.જયુ.ફ.ક.મેજીસ્ટ્રેટશ્રી નિઝરને રિપોર્ટ કરવામાં આવેલ છે. અનુસૂચિત જનજાતિ વ્યકિત ઉપર અત્યાચાર અન્વયે આ ગુનાની તપાસ ના.પો.અધિ.શ્રી વ્યારા દ્વારા કરવામાં આવી રહી છે.

અંગત બાતમીદારો રોકી આરોપીની સઘન તપાસ કરી તા. ૨૫-૨-૨૦૦૫ના રોજ આરોપી સરફરાજહુસેનની ધરપકડ કરવામાં આવેલી તથા ભોગ બનનાર બાળાનો કબજો તેમના માતા-પિતાને કરવામાં આવી રહેલ છે, જેથી આ બનાવના કારણે સમગ્ર આદિવાસી વિસ્તારની પ્રજામાં રોષ-ભયની લાગણી પ્રવર્તમાન નથી.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, મારા આદિવાસી વિસ્તારમાં એટલે કે ઉચ્છલ, નિઝર અને ડાંગ જેવા વિસ્તારમાં આદિવાસી ૧૪ વર્ષની સગીર બાળાને લગ્નનું વચન આપી અને ઉઠાવી જવામાં આવી હતી, અંતરિયાળ વિસ્તારમાં સગીર બાળાઓને લાલચ આપી અને ભગાડી જવાના બનાવો વધ્યા છે. ગરીબ મા-બાપ આ અંગે પોલીસ સ્ટેશનમાં અવાર નવાર રજૂઆતો કરે છે છતાં આ બાબતમાં તપાસ થતી નથી. આ અત્યારે મેં નોટિસ આપ્યા પછી તેમને પકડી લાવવામાં આવેલ છે તેવું મને જાણવા મળેલ છે. પણ આવા બનાવો હવે પછી ન બને તે માટે તાકીદનાં પગલાં લેવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ નોટિસનો દિવસ અને ધરપકડનો દિવસ બન્ને એક જ છે, એટલે આ નોટિસ આવે અને તાત્કાલિક ત્યાં સમાચાર પહોંચે અને ધરપકડ થાય એવું શકય ન બને. હવે સગીર બાળાને ભગાડી જવાનો સવાલ છે ત્યાં સુધી માનનીય માધુભાઈની વાત સાથે હું સંમત થતો નથી કે બનાવો વધ્યા છે. હકીકતમાં બનાવોમાં ઘટાડો થયો છે. હું આ રેકોર્ડ ઉપર બોલું છું. બીજી વાત તાકીદના પગલાં લેવાની છે, એક વાત નકકી છે કે સુરત જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં સગીર બાળાને ફોસલાવી, લલચાવી જે લોકો ભગાડી ગયા હતા એમાંથી એક પણ દીકરીને પાછી લાવવાનું બાકી નથી, કે એક પણ આરોપીને પકડવાના બાકી નથી.

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી મારે એ પૂછવું છે કે જે બાળાને ભગાડી જવામાં આવી હતી તે ૧૨મી તારીખે ભગાડી જવામાં આવી હતી. ૧૩મી તારીખે એમના પિતાશ્રીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. અને ફરિયાદ લેખિતમાં આપી છે. અને ૨૪મી તારીખે એફ.આઈ.આર. ફાડવામાં આવી છે. તો આટલા દિવસો સુધી પોલીસ નિષ્ક્રીય રહી છે તેનાં કારણો શું છે?

**શ્રી અમિત અ. શાહ** : પોલીસ નિષ્ક્રીય રહેવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. ૧૨મી તારીખે ઘટના બની છે. એમની સામે કોઈ ફળિયામાં રહેવા આવેલા વ્યકિત એ બાળાને ફોસલાવીને લઈ ગયા હતા, બાળાના પિતાશ્રીએ ફરિયાદ ૧૫મી તારીખે આપેલ છે અને ત્રણ જ મિનિટમાં કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. વાયરલેસ મેસેજ જે વ્યકિતનું નામ હતું તેના વતનમાં શોધવા માટે ચાલુ કરી દીધા હતા, આઈ.બી.ને સાથે રાખીને ગુપ્ત રીતે પણ તપાસ કરી હતી. કોઈ તબક્કે મોડું કરવાનો અથવા લીપાપોથી કરવાનો પ્રશ્ન જ નથી. આ કેસમાં જે કલમ લગાડવાનો સવાલ છે ત્યાંસુધી ૩૬૩ જે અપહરણની કલમ છે, ૩૬૬ લગ્ન કરવાના ઈરાદે ભગાડી જવાની કલમ અને ૩૭૬ બળાત્કારની કલમ પણ લગાડેલ છે. બાળાનું નામ મુસ્લિમ છે પણ જન્મનો દાખલો હિન્દુ-વસાવા તરીકે આપ્યો છે એટલે એટ્રોસિટીની કલમ લગાડીને ડી.વાય.એસ.પી.ની પાસે ઉચ્ચ કક્ષાની તપાસ ચાલુ કરી દીધી છે.

**શ્રી કાંતિભાઈ ભા. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ પૂછવા માગું છું કે આવા આદિવાસી છોકરીઓને ઉપાડી જવાના બીજા કોઈ કિસ્સાઓ બન્યા છે? આવા કિસ્સાઓ બન્યા હોય અને ફરિયાદ ન લીધી હોય તેવું ધ્યાનમાં આવેલ છે કે કેમ? આવા દરેક કિસ્સામાં કોણ કોણ જવાબદાર છે અને તેમની સામે શું પગલાં લીધાં છે?

**શ્રી અમિત અ. શાહ** : સુરત જિલ્લામાં આવા પાંચ બનાવો બન્યા હતા, પાંચેય બનાવોમાં આરોપીઓને પકડી લેવામાં આવ્યા છે. આવા બનાવોમાં છ દીકરીઓને ઉઠાવી જવાના બનાવો બન્યા હતા તે બધી જ દીકરીઓને પોતાના મા-બાપને પાછી સોંપવામાં આવી છે. એક પણ આરોપીને પકડવાનો બાકી નથી. અગાઉ મેં જે કહ્યું તે પ્રમાણેની કલમો લગાડવામાં આવેલી છે અને બધા ઉપર કોર્ટમાં કાર્યવાહી ચાલુ છે.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે એ આરોપીઓને જે જે લોકોએ મદદગારી કરી છે એની સામે કોઈ પગલાં ભરવા માગે છે કે કેમ? બીજું કે આ આરોપીઓ સામે ભૂતકાળમાં કોઈ ફરિયાદ નોંધાયેલ છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : નિવેદનમાં મદદગારીના ઓછાં તત્ત્વો દેખાઈ આવે છે. તેમ છતાં ઊંડી તપાસને અંતે મદદગારીમાં કોઈ દેખાશે તો ચોક્કસ પગલાં ભરીશું. બીજું કે અગાઉ આ ગુનેગારો બીજા કોઈ ગુનામાં સંડોવાયેલા નથી.

**શ્રી શંકરભાઈ વી. રાઠવા** : સુરત જિલ્લામાં અને ખાસ કરીને નિઝર તાલુકામાં તા. ૨૫-૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સગીર આદિવાસી બાળાઓને ઉઠાવી જવાના કેટલા બનાવો બનેલ છે? એમાં કેટલી છોકરીઓ ઉઠાવી ગયેલ છે, આ પૈકી કેટલા કિસ્સાઓમાં કેટલી છોકરીઓને પરત મેળવેલ છે? જે છોકરીઓ પરત મેળવી શક્યા નથી તેનાં કારણો શું?

**શ્રી અમિત અ. શાહ** : પાંચ કિસ્સાઓમાં છ છોકરીઓ લઈ ગયા હતા. બધી છોકરીઓ પાછી આવી ગઈ છે. એટલે બાળા નહિ મળવાનો કોઈ સવાલ નથી. બીજું કે બધા જ આરોપીઓની ધરપકડ થઈ ગઈ છે.

**શ્રી બિમલ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતને બદનામ કરવાનું..

**અધ્યક્ષશ્રી .** : માનનીય બિમલભાઈ, તમારે કોઈપણ પ્રશ્ન ઉઠાવવો હોય તો એ પહેલા મને લેખિત આપવું પડે. ત્યારપછી જ આપ પ્રશ્ન રજૂ કરી શકો છો. નેકસ્ટ.

## નાણા મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)
## વેચાણવેરા સમાધાન યોજના ૨૦૦૫

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની બાકી રહેતી વેચાણવેરાની વસૂલાત ઝડપી બને તથા નબળી આર્થિક પરિસ્થિતિવાળા તેમજ માંદા એકમોને રાહત મળે તે માટે વેચાણવેરાની વ્યાજ અને દંડમાં રાહત આપવા માટેની સમાધાન યોજના નીચે મુજબ છે.

(૧) આ યોજના વેચાણવેરા સમાધાન યોજના-૨૦૦૫ તરીકે ઓળખાશે.
(૨) આ યોજના ગુજરાત વેચાણવેરા કાયદા, ૧૯૬૯, કેન્દ્રીય વેચાણવેરા કાયદા, ૧૯૫૬ તથા બૉમ્બે ઑફ મોટર સ્પિરિટ ટેકસેસન એકટ, ૧૯૫૮ હેઠળના બાકી વેરાને લાગુ પડશે.
(૩) આ યોજના તા. ૧-૩-૨૦૦૫ થી તા. ૩૧-૩-૨૦૦૫ દરમિયાન અમલમાં રહેશે.
(૪) આ યોજનાની મુખ્ય જોગવાઈ મુજબ, યોજનાના સમયગાળા દરમિયાન, બાકી વેરાની પૂરેપૂરી રકમ ભરપાઈ કરેથી, વ્યાજ તથા દંડમાં પૂરેપૂરી માફી આપવામાં આવશે.
(૫) આ યોજના નીચે દર્શાવ્યા મુજબ વેપારીઓના બાકી લહેંણાને લાગુ પડશે.

| વેપારીનો વર્ગ | આપવાપાત્ર રાહત |
|---|---|
| (૧) તા. ૨૮-૨-૨૦૦૫ સુધીમાં આદેશો પસાર કરી આપવામાં આવ્યા હોય તેવા આકારણીના, ફેરઆકારણીના અને રીવીઝન આદેશોની પડતર વસૂલાત અંગેના કેસો. | (૧) યોજનાના સમયગાળા દરમિયાન વેરાની પૂરેપૂરી રકમ ભરપાઈ કરી આપે તેવા વેપારીઓને, વ્યાજ અને દંડની રકમ પૂરેપૂરી માફ કરવામાં આવશે. |
| (૨) તા. ૨૮-૨-૨૦૦૫ સુધીમાં પસાર કરવામાં આવેલા આદેશો ઉપરની (તમામ કક્ષાએ પડતર હોય તેવી) અપીલોને લગતા કેસો. | (૨) યોજનાના સમયગાળા દરમિયાન વેરાની પૂરેપૂરી રકમ ભરપાઈ કરી આપે અને યોજનાનો લાભ લીધા પહેલાં અપીલ પાછી ખેંચી લેવામાં આવે તેવા વેપારીઓને વ્યાજ અને દંડની રકમ પૂરેપૂરી માફ કરવામાં આવશે. |
| (૩) બી.આઈ.એફ.આર./જી.બી.આઈ.એફ.આર. હેઠળના એકમોના કેસો, ગુજરાત વિદ્યુતબોર્ડ, સુરત ઈલેકટ્રીસિટી કંપની દ્વારા તા. ૩૧-૧-૨૦૦૫ના રોજ કે તે અગાઉ વિદ્યુત પુરવઠો કાયમી ધોરણે બંધ કરાયેલ હોય તેવા એકમોના કેસો અને રાજય અને કેન્દ્ર સરકારના વિભાગો અને જાહેર સાહસોના પડતર વસૂલાતના કેસો. | (૩) તા. ૩૧-૩-૨૦૦૪ સુધીના સમયગાળાની પત્રકો મુજબની વેરાની સ્વીકારેલી જવાબદારી મુજબની વેરાની રકમ યોજનાના સમય-ગાળામાં પૂરેપૂરી કરી આપે, તો વ્યાજ અને દંડની પૂરેપૂરી રકમ માફ કરવામાં આવશે.<br>આવા વેપારીઓની આકારણીના હેતુ માટે તેઓને અલગ કેટેગરીમાં મૂકવામાં આવશે. અને તેમની આકારણી એક વર્ષમાં પૂરી કરવામાં આવશે. આવી આકારણી મુજબની વેરાની વધારાની જવાબદારી, આકારણી બાદ નિયત સમયગાળામાં |

| | |
|---|---|
| | ભરપાઈ કરી આપશે તો તેટલાં પૂરતી વ્યાજ અને દંડની પૂરેપૂરી રકમ માફ કરવામાં આવશે.<br>વધુમાં આવા એકમોએ તા. ૧-૪-૨૦૦૪ થી સન. ૨૮-૨-૨૦૦૫ના સમયગાળા માટેની વેરાની પત્રકોમાં સ્વીકારેલી જવાબદારી વ્યાજ સહિત યોજનાના સમયગાળામાં ભરપાઈ કરી આપવી જોઈએ. |

(૬) આ રાહત યોજનાનો લાભ લેવા માગતા હોય તેવા પાત્ર વેપારીઓએ લાભ લેવા માટે નિયત નમૂનામાં અરજી કરવી જોઈશે. યોજના અન્વયેની અરજી સ્વીકારવી કે નહીં તે અંગેનો વેચાણવેરા આયુકતશ્રીનો નિર્ણય આખરી ગણાશે.
(૭) આ યોજના હેઠળની વ્યાજ અને દંડની માફ કરવા પાત્ર રકમ, ગુજરાત વેચાણવેરા કાયદાની કલમ-૫૫ હેઠળ માફ કરવામાં આવશે.
(૮) આ યોજનાના પરિણામે કોઈ રીફંડ અંગેની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.
(૯) આ યોજના હેઠળ રાહત લેનાર વેપારી રાજય સરકારની વેચાણવેરાને લગતી અન્ય કોઈ રાહત યોજના હેઠળ રાહતને પાત્ર ગણાશે નહીં.

## અધ્યક્ષશ્રીની જાહેરાત
## જનરલ મૅડિકલ ચૅકઅપ કૅમ્પ અંગે

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે કે માનનીય ધારાસભ્યશ્રીઓના આરોગ્યની ચકાસણી માટે એક જનરલ મૅડિકલ ચૅકઅપ કૅમ્પનું આયોજન વિધાનસભા-સચિવાલયના પહેલાં માળે રૂમ નં. ૧૧૨માં કરવામાં આવ્યું છે. આ અંગેની માહિતી આપને પત્રક ભાગ-૨માં ક્રમાંક-૩૦૮ દ્વારા આપવામાં આવી છે. આ કાર્યક્રમ તા. ૨૮-૨-૨૦૦૫થી તા. ૯-૩-૨૦૦૫ સુધી રાખવામાં આવ્યો છે. આ કૅમ્પની સુવિધાનો લાભ લેવા મારી આપ સૌને વિનંતી છે.

## પૉઈન્ટ ઑફ ઑર્ડર
## શબ્દો રૅકૉર્ડ પરથી રદ કરવા અંગે

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વાત કરવી છે.

**અધ્યક્ષશ્રી .** : નો,નો, પ્લીઝ..

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : મારે પૉઈન્ટ ઑફ ઑર્ડર કરીને વાત કરવી છે. રૅકૉર્ડ ઉપર જે વાત છે. પ્રશ્નોત્તરી ચાલતી હતી એટલે એ વાત કરી નથી. તમામ ધારાસભ્યો આ સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓ છે. કોઈ પણ ધારાસભ્ય પ્રશ્ન પૂછે ત્યારે સ્વાભાવિકપણે જાહેર હિતની બાબતનો પ્રશ્ન હોય, સંસ્થા, વેપાર, ધંધો પોતપોતાની રીતે દરેક વ્યકિત કરતા હોય, પરંતુ મારે માનનીય મંત્રીશ્રી બહેને જે જવાબ આપ્યો અને તેમણે તેમાં કહ્યું માનનીય ધારાસભ્યશ્રીએ એન.ઓ.સી. માગ્યું અને એમને ન આપ્યું એટલે અહીં આ પરિસ્થિતિ અને પ્રશ્ન આવ્યો છે. આ શબ્દો રેકર્ડ ઉપર ન રહે એટલી મારી વિનંતી છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જ્યારે વાત કરી છે, ત્યારે મારે પણ વ્યવસ્થાનો પ્રશ્ન ઉઠાવવો છે. શુક્રવારે જ્યારે મારી પ્રશ્નોત્તરી ચાલતી હતી ત્યારે પણ એકવાર થયું.(અંતરાય) ઉભા તો રહો, બે બાજુ સાંભળીને નિર્ણય થાય ને, શુક્રવારે મારી પ્રશ્નોત્તરી ચાલતી હતી ત્યારે પણ એવું થયું. આજે પણ એવું થયું. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી એક પશ્નનો જવાબ હજુ પૂરો ન થયો હોય તે પહેલાં જ ઉભા થઈને પ્રશ્ન પૂછી લે છે. મને એવું લાગે છે કે એક પ્રશ્નનો જવાબ પૂરો થયા પછી જ એ પ્રશ્ન પૂછી શકે એવા આ ગૃહના નિયમો પણ છે અને પ્રસ્થાપિત પ્રણાલિકા પણ છે. આપ સાહેબ મર્યાદા રાખીને તેમને માર્ગદર્શન આપતા નથી પણ તેના લીધે વારે ઘડીએ જો ગૃહની વ્યવસ્થા તૂટે એ પણ મને ઠીક નથી લાગતું. આજે પણ એવું થયું. કુંવરજીભાઈ બાવળિયાના પ્રશ્નનો જવાબ માનનીય મંત્રીશ્રી આપતા હતા અને જવાબ પૂરો થાય તે પહેલાં તેમણે પ્રશ્ન કર્યો. માનનીય સભ્યશ્રીના પ્રશ્નની વિગતો આપે તે પહેલાં દિનેશભાઈ કહે કે પહેલાં વિરોધપક્ષના નેતાશ્રીનો પ્રશ્ન. પેલો પ્રશ્ન હજી અધૂરો છે. તેનો જવાબ રૅકૉર્ડ ઉપર મૂકાયો નથી. એટલામાં પછી વિરોધપક્ષના

નેતા ઉભા થઈ ગયા એટલે આમાં આપે સ્પષ્ટ માર્ગદર્શન આપવું જોઈએ અને હું એવું માનું છું કે વારેઘડીએ આવી ઘટનાઓ ગૃહમાં થાય એ બરાબર નથી.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અમિતભાઈની વાત સાથે અંશતઃ સંમત થાઉં છું. મારે આપના દ્વારા આ બૅન્ચનું ધ્યાન દોરવાનું છે કે જે પ્રશ્ન ઉભો થાય તેમાંથી માનનીય મુખ્યમંત્રીશ્રી પૂરક માહિતી આપવા ઉભા થાય એ બરાબર છે, પરંતુ એ પ્રશ્નની સાથે કંઈ લેવાદેવા ન હોય, •**(XXX) અને આવા પ્રશ્નોની સાથે લેવાદેવા ન હોય તેમાં ચર્ચા ઉભી કરી દે જે પ્રણાલિકા નથી. અગાઉ બીજો બંદરનો પ્રશ્ન હતો. તેમાં ફીશરીઝની વાત લઈ આવ્યા. આજે ગેસના વેચાણવેરાનો પ્રશ્ન હતો તો ગેસની પાઈપલાઈનનો પ્રશ્ન લઈ આવ્યા. આવા જે વ્યવસ્થાના પ્રશ્નો ઉભા વારંવાર થાય છે. આગલી ટ્રેઝરી બૅન્ચના માનનીય બીજા સભ્યશ્રીઓ વાત ઉભી કરે તેનો વાંધો નહીં, પરંતુ આવા પ્રશ્નો ટ્રેઝરી બૅન્ચમાંથી, આગળની બૅન્ચમાંથી ઉભા થાય તે વ્યાજબી નથી. ** (XXX)

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, આદરણીય ચંદ્રિકાબેને ઉપસ્થિત કરેલ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર બોલતા હોત તો એ બરાબર છે. એમણે જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કર્યો એમાં શિક્ષણમંત્રીશ્રીએ પ્રશ્નનો જવાબ આપ્યો હતો એના ઉપરથી પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કર્યો હતો. એ પૉઈન્ટ ઑફ ઑર્ડરમાં શિક્ષણામંત્રીએ ૩૭ માગણીદારોની જે અરજીઓ હતી એમાંથી એક નામ આપ્યું. એ નામ આપ્યું ત્યારે માનનીય સભ્યશ્રી દિનેશભાઈએ જે વ્યવહાર આપની સામે બેઠાં બેઠાં કર્યો એ ખરેખર અક્ષમ્ય છે. આજે પણ અક્ષમ્ય ગણાય અને આપે એટલા માટે કહેવું પડ્યું. આ અંગે ખરેખર આટલા સિનિયર સભ્યશ્રીએ કહેવું જોઈએ કે, હું માફી માગું છું. આખી વાતને લઈને માનનીય મંત્રીશ્રી અમિતભાઈએ પ્રશ્ન ઊભો કર્યો એ એ હતો કે, આ જે અવ્યવસ્થા થાય છે એ વ્યવસ્થા માટે આપનું માર્ગદર્શન માગ્યું છે. આટલા સિનિયર સભ્યશ્રી આ સભાગૃહની અંદર એ જે પ્રશ્ન પેદા કરે, એમ આપની સામે રહીને હાથ કરીને જે વ્યવહાર કર્યો એના માટે તો એમણે સભાગૃહમાં માફી માગવી જોઈતી હતી, એ ન માગી તો આપે એમને ચેતવણી પણ આપી. વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું છે કે, માનનીય મુખ્યમંત્રીશ્રીનો જવાબ પ્રશ્નમાં નહોતો. ચંદ્રિકાબેનનો સ્પષ્ટ પ્રશ્ન હતો કે, તમે ગેસ સિલિન્ડર ઉપરનો

વેચાણવેરો જે છે એ અંગે ન થાય અને ગૃહિણીને ઘેર બેઠાં ગેસ કેવી રીતે મળે એનો જવાબ માનનીય મુખ્યમંત્રીશ્રીએ આપ્યો છે, એ રિલેવન્ટ જ જવાબ આપ્યો છે. આ જવાબ પ્રસ્તુત હતો કે ન હતો? એ વાત એટલી જ છે કે, વિરોધપક્ષના નેતાશ્રીને ખબર હોવી જોઈએ કે, જે પ્રશ્ન એમના પક્ષના સભ્યશ્રીએ પૂછ્યો છે એનો વિગતવાર જવાબ ગૃહના નેતાશ્રીએ આપ્યો છે ત્યારે આ પ્રશ્ન રિલેવન્ટ હતો કે નહોતો એ મને લાગે છે કે, વિરોધપક્ષના નેતાશ્રીએ પોતે નક્કી કરવું જોઈએ કે પોતે કેવી રીતે બિહેવિયર કરે છે? આજે પ્રશ્ન આ છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર એમને ઉપદેશ દેવાની ટેવ પડી છે. ઉપદેશ દેવો હોય તો એમના સભ્યશ્રીઓને આપે, અમારે નથી જોઈતો.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર જ બોલી રહ્યો છું. મારો એ અધિકાર છે. ઉપદેશ તો એને અપાય, જેને અસર થવાની હોય. એમને હું શું કરવા ઉપદેશ આપું? તમારામાં કાંઈ અસર થાય એવું તત્ત્વ હોય તો ઉપદેશ આપું. મારો પ્રશ્ન એટલો જ છે કે, સ્પષ્ટ માર્ગદર્શન મળે અને દિનેશભાઈએ જે રીતે વ્યવહાર કર્યો એ પ્રકારનો વ્યવહાર ન થાય, પ્રશ્નોત્તરી દરમિયાન પણ એને અંગે આપે ચેતવણી આપી છે અને ફરીથી માર્ગદર્શન આપો કે જેથી કરીને પ્રશ્નોત્તરી સમય દરમિયાન કાર્ય કરી શકાય.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે કુંવરજીભાઈનો પ્રશ્ન પતી ગયો હતો અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી ઊભા થયા હતા અને જ્યારે વાત કરી રહ્યા હતા અને એમણે જે વાત અહીં કરી અને જે વાત પૂરી થઈ એ વિરોધપક્ષના નેતાનો જવાબ આપવાને બદલે કુંવરજીભાઈનો જવાબ આપવાની વાત થઈ. એના કારણે માત્ર દિનેશભાઈએ આપનું ધ્યાન દોર્યું હતું કે, વિપક્ષના નેતાશ્રી અહીંયાં જે બોલ્યા છે એનો જવાબ મળે. એ બાબતની માનનીય દિનેશભાઈએ વાત કરી હતી.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ અત્યારે આક્ષેપ કર્યો કે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઈરિલેવન્ટ જવાબ આપ્યો છે. મારે આપને જણાવવું છે કે, માનનીય સભ્યશ્રીએ વારંવાર એક સવાલ પૂછ્યો કે, રાજય સરકારે બહેનોને સસ્તો ગેસ આપવા માટે શું આયોજન કર્યું છે? આ પ્રશ્ન વારંવાર પૂછ્યો એટલે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ જવાબ આપ્યો કે, ગેસ ગ્રીડ નાખી અને ડાયરૅક્ટ ઘેર ઘેર ગેસ અપાશે અને બહેનોને ફાયદો થશે, એના માટે આયોજન કર્યું છે. એટલે જે પ્રશ્ન પૂછ્યો એનો જ જવાબ આપ્યો છે.એટલે માનનીય વિરોધ પક્ષના નેતાને મારે એટલું જણાવવું છે કે આપના સભ્યશ્રીએ બહનોની ચિંતા કરી અને એ બહેનોની ચિંતા જે સસ્તો ગેસ જોઈતો હતો એ આવતા દિવસોમાં રાજય સરકાર કેવી રીતે આપવા માગે છે એનો માનનીય મુખ્યમંત્રીશ્રીએ બહુ સાચો જવાબ આપ્યો છે. કોઈ ઈરિલેવન્ટ વાત કરી નથી, એટલી જ મારે વિરોધ પક્ષના નેતાશ્રીને જાણ કરવી છે.

---

• ** (XXX) આ વાકયો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે મને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે આ ૩૭ બી.એડ કોલેજો કઈ કઈ છે એના નામની યાદી અમને આપો અને એના નામ બોલો અને એ વખતે હું આ ૩૭ નામની યાદી એક પછી એક બોલવા માંડી અને દસેક બી.એડ કોલેજના નામ જ્યારે બોલી ત્યારે વિરોધ પક્ષના નેતાશ્રી વચ્ચેથી ઉભા થયા અને મને રોકીને બીજો પ્રશ્ન ઉપસ્થિત કર્યો એના કારણે આ બધા પ્રશ્ન ઉપસ્થિત થયા. જો વિરોધ પક્ષના નેતાશ્રીએ મને પૂરેપૂરો જવાબ આપવા દીધો હોત તો કદાચ આ પ્રશ્ન ઉભો ન થયો હોત. એટલા માટે મારી વિનંતી છે કે મંત્રીશ્રી જ્યારે જવાબ આપે ત્યારે એમનો જવાબ પૂરેપૂરો અપાઈ જાય અને એમાં કંઈ ખામી રહી જાય તો જ વિરોધ પક્ષના નેતાશ્રી અમારું ધ્યાન દોરી શકે છે. બાકી વચ્ચેથી ઉભા થઈ જવું અને મંત્રીશ્રીને જવાબ આપતા રોકવા એ બરાબર નથી.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય ડાૅ. ચંદ્રિકાબેન ચુડાસમાએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે એ બાબત એવી છે કે જ્યારે ભાઈશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ પ્રશ્ન પૂછયો એનો જવાબ માનનીય મંત્રીશ્રી આપતા હતા. આ સન્માનનીય ગૃહમાં માનનીય અધ્યક્ષશ્રી જ્યારે બીજા સભ્યને બોલવા દેવા માટે એલાઉ કરે છે ત્યારે જૂના સભ્યની વિગત ત્યારે સમાપ્ત થઈ જાય છે, નવા સભ્યને જેને મંજૂરી આપે છે એની ઉપર જ કાર્યવાહી ચાલતી હોય છે. એટલે ચંદ્રિકાબેનનો મુદ્દો સાચો છે. રિલેવન્ટ જવાબ આપો અને મારો ઉદ્દેશ ત્યારે એવો હતો. મારો ઈરાદો કોઈ આપનું અવમાન કરવાનો, ગૃહનું અવમાન કરવાનો કે બેઠા બેઠા કોમેન્ટ કરવાનો નહોતો, પરંતુ માનનીય મંત્રીશ્રી આ ગૃહનો કિંમતી સમય બરબાદ કરે છે અને જે પ્રશ્ન વિરોધ પક્ષના નેતાએ પૂછયો છે એટલા પૂરતું જ જવાબ આપવો જોઈએ, આ જાતની મારી લાગણી મેં વ્યકત કરી હતી. આ ઉપરાંત જ્યારે મુખ્યમંત્રીશ્રી બોલવા ઉભા થયા એ બાબતની વાત ઉપસ્થિત થઈ, માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે પુષ્કળ નૉલેજ છે, હોંશિયાર છે, કાબેલ છે પણ એનો પ્રસંગ આવે ત્યારે આવી વાતની રજૂઆત કરે એ યોગ્ય ગણાય. પ્રશ્ન જ્યારે ચાલતો હોય ત્યારે પોતાની વિદ્વત્તા પ્રદર્શિત કરવા માટે વાતચીત કરે એ પણ યોગ્ય નથી.

**શ્રી અશોક ભટ્ટ** : (અંતરાય) વિદ્વત્તા (અંતરાય) આ સભાગૃહની અંદર જવાબ આપે એ પણ (અંતરાય)

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપની પાસેથી એટલી સ્પષ્ટતા માગુ છું કે કોઈપણ મંત્રી જ્યારે જવાબ આપતા હોય ત્યારે માનનીયી મુખ્યમંત્રીશ્રી ઈન્ટરવિન કરી શકે છે. જયારે ચંદ્રિકાબેન ચુડાસમાએ પ્રશ્ન પૂછયો કે આ સેલ્સટેકસમાં કોઈ રાહત કરવા માગે છે કે કેમ? ત્યારે જવાબ આપ્યો કે ગેસ સીધો આપીએ કે જેથી સિલિન્ડર ઉપર સેલ્સટેકસ લાગે છે એ સિલિન્ડર હવે પછી આપવો ન પડે અને ભવિષ્યમાં ગેસ પાઈપલાઈન દ્વારા આપવામાં આવશે. ત્યારે એને ઈરિલેવન્ટ કેવી રીતે ગણવો એ મારે પૂછવું છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, પૅટ્રોલિયમ વિભાગને લગતો નહોતો, નાણા વિભાગને લગતો હતો એટલી જ મારે જાણ કરવી છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** :માનનીય અધ્યક્ષશ્રી, ચંદ્રિકાબેને કુંવરજીભાઈ બાવળિયાનો બી.એડ કોલેજોને જે એન.ઓ.સી. આપવાનો સવાલ હતા, એમાંથી ચંદ્રિકાબેને પૉઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે. કુંવરજીભાઈ બાવળીયાએ જે પ્રશ્ન પૂછયો અને માનનીય મંત્રીશ્રી જ્યારે જવાબ આપતા હતા,ત્યારે માનનીય નાણા મંત્રીશ્રીએ એમના જવાબની અંદર એમ જણાવ્યું કે કુંવરજીભાઈ બાવળીયાએ પોતાની બી.એડ કોલેજ માટે એન.ઓ.સી. માગ્યું એ રાજય સરકારે નથી આપ્યું એટલા માટે આ મુદ્દો કુંવરજીભાઈએ ઉપસ્થિત કર્યો છે. ધારાસભ્યશ્રીઓનો વિશેષ અધિકાર છે કે ગૃહની અંદર જાહેર હિતની કોઈપણ બાબત ઉપસ્થિત કરી શકે ત્યારે સરકાર પક્ષે એમ કહેવામાં આવે કે આ તો ધારાસભ્યનો પ્રશ્ન હતો અને એને સરકારે ના કરી આપ્યું અથવા સરકારે ના પાડી એટલે વિધાનસભામાં પ્રશ્ન ઉપસ્થિત કર્યો એ કોઈપણ સંજોગોમાં વાજબી નથી. આ વાત ચલાવી ન લેવાય. એ રેકર્ડ તપાસી રેકર્ડ ઉપર માનનીય મંત્રીશ્રી આ બોલ્યા છે. એટલે ધારાસભ્યનો અબાધિત અધિકાર છે. રાજયની કોઈ પણ જાહેર હિતની બાબત આ સભા ગૃહમાં ઉપસ્થિત કરવી એ ધારાસભ્યનો અધિકાર છે. માનનીય મંત્રીશ્રીએ જે આ શબ્દો વાપર્યા છે એ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે. એ રેકર્ડ ઉપર રહે એ વાજબી નથી.

**શ્રી છત્રસિંહ પૂં. મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપનું ધ્યાન દોરવું છે કે હમણાં વિરોધ પક્ષના નેતાશ્રી કહેતા હતા કે વેચાણવેરા, નાણા વિભાગનો પ્રશ્ન ચાલતો હતો અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ જવાબ આપ્યો છે.

**અધ્યક્ષશ્રી .** : પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર બોલો તો સારું.

**શ્રી છત્રસિંહ પૂં. મોરી** : હું પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર જ બોલું છું. માનનીય સભ્યશ્રી ચંદ્રિકાબેને જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવ્યો એ ગેસની વાત ચાલતી હતી અને એના અનુસંધાનમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ વધારાની માહિતી મૂકી છે. આ મંત્રીઓના જવાબના આધાર ઉપર જ વધારે માહિતી આપવાનો અધિકાર મુખ્યમંત્રીશ્રીને છે. બીજું ધ્યાન દોરવું છે કે જ્યારે કુંવરજીભાઈના પ્રશ્નનો જવાબ ચાલતો હતો અને માનનીય

વિરોધપક્ષના નેતા જ્યારે વચ્ચે બોલતા હતા, આનંદીબેને પણ આગળ ખુલાસો કર્યો છે કે એક પ્રશ્નનો જવાબ પૂરો ન થાય ત્યાં સુધી વચ્ચે ઊભા થઈને પ્રશ્ન કરવામાં આવે તો પહેલો મુદ્દો ઉપસ્થિત રહતો નથી. આપ રૂલિંગ આપો કે એક જવાબ પૂરો ન થાય અને વચ્ચેથી ઊભા થઈને બીજા પ્રશ્નો કરવા એ વાજબી નથી. આ બાબતે આપનું માર્ગદર્શન મળી રહે એટલે ધ્યાન દોર્યું છે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય ચંદ્રિકાબેને જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે, એમાં એટલા માટે ધ્યાન દોરવા માગું છું કે બક્ષીપંચના મત વિસ્તારમાંથી આવતા કોઈ બક્ષીપંચના ધારાસભ્ય જ્યારે.

**અધ્યક્ષશ્રી .** : અહીંયા તો બધા માનનીય ધારાસભ્ય છે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય ધારાસભ્યશ્રીએ જ્યારે આ મુદ્દા ઉપસ્થિત કર્યો છે, ત્યારે માનનીય મંત્રીશ્રી અને સરકારનું દિલ તો ખૂબ વિશાળ હોવું જોઈએ. આપણી પ્રણાલિકાઓથી આ ગૃહ ચાલે છે. આ વિરોધ પક્ષની બેંચ ઉપર બેસવાવાળા લોકોનું રક્ષણ કરવાની કાયમ માટેની જવાબદારી આપની રહી છે, નિયમો આધારિત રક્ષણની વાત છે અને નિયમો આધારિત રક્ષણ આપ કરી રહ્યા હોય ત્યારે એનાથી અમને આનંદ છે. સરકારે વિશાળ દિલ રાખવું જોઈએ અને વિશાળ હિતમાં વાત કરવી જોઈએ. કોઈપણ સભ્યને આ રોજીરોટી રળી ખાવા માટે આવ્યા છે અને સંસ્થા મળી છે એને ડેમેજ કરવા માટેની વાત થાય છે એ વાત વાજબી નથી.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓએ ઘણી વિસ્તૃત ચર્ચાઓ કરી. પરંતુ હું આપને એટલી વિનંતી કરું છું કે કોઈપણ પ્રશ્ન પૂછાય એ રિલેવન્ટ છે કે નહિ, એને એલાવ કરવો કે નહિ એ કામ અધ્યક્ષશ્રીનું છે. ઈરિલેવન્ટ પ્રશ્ન હોય ત્યારે આપ તરત જ કહો છો કે આ પ્રશ્ન રિલેવન્ટ નથી. જેમ પ્રશ્ન રિલેવન્ટ નથી એમ જવાબ પણ રિલેવન્ટ છે કે નહિ એનો નિર્ણય પણ માનનીય અધ્યક્ષશ્રીએ કરવાનો હોય છે. પ્રશ્ન પૂછ્યો હોય એનો જવાબ બરાબર ટ્રેઝરી બેંચ ઉપરથી અપાય છે કે નહિ, પ્રશ્ન બીજા રસ્તે જતો હોય અને યોગ્ય જવાબ ન અપાતો હોય તો ધ્યાન દોરો છો. આ સત્તા અધ્યક્ષશ્રીની છે. પ્રશ્નનો ઈરિલેવન્ટ જવાબ દેવાતો હોય તો અધ્યક્ષશ્રી કહી શકે. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછેલો, સભ્યશ્રી ચોક્કસ ઊભા થઈને કહી શકે કે આમ પ્રશ્ન મેં નથી પૂછયો. જેને અધ્યક્ષશ્રી બોલવા માટે એલાઉ કરે એ ઈરિલેવન્ટ છે એમ કહી શકે નહિ. આમાં કોઈ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો થતો નથી. કોઈ પ્રશ્નનો ખોટો જવાબ આપ્યો હોય તો તેની કાર્યવાહી માટે થઈને બીજી વાત છે. પ્રશ્ન રિલેવન્ટ છે કે ઈરિલેવન્ટ એ તમામ સત્તા માનનીય અધ્યક્ષશ્રીની છે. માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરીશ કે માનનીય અધ્યક્ષશ્રીને એમની સત્તા ભોગવવા દો. એમાં આપણે ઈન્ટરવીન થવાની જરૂર નથી.

**અધ્યક્ષશ્રી .** : મેં બન્ને શાસક પક્ષ અને વિરોધ પક્ષના મિત્રોની દલીલો સાંભળી છે. હું રેકર્ડ જોઈ લઈશ અને પૉઈન્ટ ઑફ ઑર્ડર બની શકે કે કેમ એ અંગે વિચારણા કરીને પાછળથી નિર્ણય જાહેર કરીશ.

## સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો

## સન ૨૦૦૩-૨૦૦૪નો ગુજરાત રાજય ગ્રામવિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (ગ્રામ વિકાસ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## સન ૨૦૦૩-૨૦૦૪ નો ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ(મહિલા અને બાળ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## સન ૨૦૦૩-૨૦૦૪નો ગુજરાત વીજળી નિયંત્રક આયોગનો વાર્ષિક અહેવાલ

**શ્રી સૌરભ પટેલ (રાજ્ય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વીજળી નિયંત્રક આયોગનો સન ૨૦૦૩-૨૦૦૪ નો વાર્ષિક અહેવાલ અને હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## સન ૨૦૦૨-૨૦૦૩ ના ગુજરાત હાઉસિંગ બોર્ડના વાર્ષિક હિસાબો

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસિંગ બોર્ડના સન ૨૦૦૨-૨૦૦૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

**અધ્યક્ષશ્રી :** તા.૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૫ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલશે. માનનીય સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જ્યારે બજેટ લઈને આવ્યા છે, તેના ઉપર મારાં મંતવ્ય રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે કોઈપણ પક્ષ સત્તા ઉપર આવવાનો હોય ત્યારે ચોક્કસપણે ચૂંટણી ઢંઢેરો બહાર પાડતી હોય છે. આ પાંચ કરોડની જનતા માટે એના ચૂંટણી ઢંઢેરાની વાત થતી હોય છે. ચૂંટણી ઢંઢેરામાં, પછી ભારતીય જનતા પક્ષ હોય કે કોંગ્રેસ હોય માનનીય નાણામંત્રીશ્રીનું એ વાતે ધ્યાન દોરવું છે કે ૨૦૦૨ ની અંદર જ્યારે ભારતીય જનતા પક્ષે જે ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો એની અંદર ૩૭૭ વચનો આપ્યાં છે. મારે આજે એમને પૂછવું છે કે જે ૩૭૭ વચનો આપ્યાં હતાં એ આજે અમુક યોજના તો ૫૦ ટકાથી નીચે થઈ નથી. અમુક યોજના માત્ર કાગળ ઉપર રહી છે. મહત્ત્વની જે યોજનાઓ હતી જે ગરીબ માણસોની અને પછાતવર્ગના કલ્યાણ માટેની હોય, આદિવાસી સમાજને જમીન આપવાની બાબત હોય, મહિલા વિકાસ માટેની હોય કે દરેક ગામમાં આંગણવાડી બનાવવા માટેની હોય, ગ્રામીણ સ્વરોજગાર માટેની યોજના હોય એ આજે ૫૦ ટકાથી વધારે સિદ્ધ થઈ નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાતે ધ્યાન દોરવું છે કે જે યોજના આજદિન સુધી કાગળ ઉપર શરૂ થઈ નથી, જેમાં બજરંગ દળ યુવા ઉત્સવ હોય, રામરાજ્યના જુદા જુદા ગૃહની અંદર રમત દત્તક લેવાની હોય, શકિતદૂત યોજના હોય કે મીરાંબાઈ ભજન મંડળી હોય, ભૂતિયા કમિશનની હોય, રિદ્ધિ-સિદ્ધિ યોજના જે દરેક ગામની અંદર ૨૦ થી ૨૫ બહેનોની વાત હોય, સાત શહેરમાં ગોપી મંડળીની યોજના હોય, ગામ ત્યાં રોજી જે મોટા પ્રમાણમાં જે જાહેરાત કરવામાં આવી હતી તે હોય કે પછી નવી સહકારની નીતિ હોય આવી અનેક પ્રકારની યોજનાઓ આજસુધી શરૂ જ થઈ નથી.

મારે એ ધ્યાન દોરવું છે કે, પાંચ કરોડની જનતાને આપણે જે વાયદાઓ ૩૭૭ જે વચનો આપીને આવ્યા હતા, એ યોજનાઓ આજે પણ બજૅટમાં નાણા મંત્રીશ્રીએ લીધી નથી. બીજી વાત એ થાય કે, એક બાજુ આ યોજનાઓ પૂરી ના થાય અને બીજી બાજુ રાજયના વિકાસ દરની વાતો થાય કે, આજે રાજયમાં ૧૫.૪ આટલો મોટો અમે વિકાસ કર્યો છે, મારે કોઈ મૌખિક વાત નહીં પણ એકાઉન્ટન્ટ જનરલની ૨૦૦૩-૦૪ના હિસાબોની જે પુસ્તિકા આવી છે એ પુસ્તિકાની અંદર પાના-૧૮ ઉપર એમણે જે વાત કરી હતી એમાં આપણું જે ઘરગથ્થું ઉત્પાદન છે, ૨૦૦૧-૦૨માં ૧,૦૧,૨૭,૧૯૧ કરોડ જે હતું એ ૨૦૦૦માં વધીને ૧૩૮૨.૮૫ કરોડ થયું હતું. મારો કહેવાનો અર્થ એ છે કે, ગૃહમાં જે રીતે ગેરમાર્ગે દોરવામાં આવે છે. એ વખતે ૧૦.૫નો જે વિકાસ દર બતાવવામાં આવ્યો હતો, મારે દુ:ખ સાથે કહેવું પડશે કે એકાઉન્ટન્ટ જનરલે એનો ૮.૭૨ થયો છે. આ વર્ષે પણ જે પરિસ્થિતિ છે એ રીતની જ છે કે, ૨૦૦૩-૦૪-માં ૧,૪૬,૩૫૦ કરોડ રૂપિયાનો જે બતાવ્યો છે, એ માત્ર ૫.૯૬ જ થાય છે. મારે તો એ વાત કરવી છે કે, હંમેશા જે સારો વિકાસ થયો હોય એની વાત કરવામાં આવે તો મને લાગે છે કે,સાચી છે. આંકડાઓ માત્ર લોભામણા આપણે લોકોને બતાવીએ અને એમાં એમ કહીએ કે અમે રાજયનો વિકાસ કર્યો છે એ મને લાગે છે કે, આ નીતિ આજની તારીખમાં બરાબર નથી. એક બાજુ આપણે વૃદ્ધિની વાત કરતા હોઈએ અને આપણે એની વ્યાજની ચૂકવણી દિન-પ્રતિદિન કેટલી થઈ રહી છે એ જાણવુ બહુ જરૂરી છે? જ્યાં વ્યાજ વધે, કોઈ હિસાબી પેઢી લઈને આપણે બેઠા હોઈએ ત્યારે આપણને ચોક્કસ થતું હોય છે કે, હિસાબમાં જેનું વ્યાજ વધે દિન-પ્રતિદિન એ પેઢી નફો કરતી હોય કે નુકસાન કરતી હોય? આને ૨૦૦૧-૨૦૦૨માં આપણે જે વ્યાજ ચૂકવતા હતા એ માત્ર ૪૨૦૬ કરોડ રૂપિયા આપણે ચૂકવતા હતા. આજે ૨૦૦૪-૦૫માં ૬૦,૦૮૩ વ્યાજ ચૂકવીએ છીએ એટલે ૪૬ ટકા વધારો થયો છે. ૨૦૦૪-૦૫-૦૬માં

૬૧૪૫ કરોડ જે વાત કરી છે, એમાં અંદાજે દર વખતે ૧૭ ટકા વ્યાજનો વધારો દિન-પ્રતિદિન આજે થઈ રહ્યો છે. આપણને એમ થાય કે, એક બાજુ આપણે લોકોને એમ કહેતા હોઈએ કે પાંચ વર્ષ સુધી તમે આરામ કરો, એક દિવસ અમને આપો અને આજે પાંચ કરોડની જનતા એ પૂછી રહી છે કે, છેલ્લા પાંચ વર્ષની અંદર જ્યારે ૧૭-૧૭ટકા વ્યાજનો વધારો થતો હોય ત્યારે એ ગુજરાત આજે કયાં પહોંચશે? એ મોટો પ્રશ્ન ઉપસ્થિતિ થાય છે. એજ રીતે દેવાની વાત થાય છે, આજે દેવાની વાત એટલા માટે થાય કે, ગુજરાતમાં આજે દિન-પ્રતિદિન એટલું બધું દેવું વધી રહ્યું છે, એના કારણે આવનારી પેઢી ઉપર શું અસર થશે? જ્યારે ૧૯૯૯-૨૦૦૦માં માત્ર ૨૧૦.૭૫ કરોડ કે જે દેવું હતું, ૨૦૦૪-૦૫માં ૬૫,૦૦૦ કરોડથી વધવાનું છે. મારે એ પૂછવું છે કે, પાંચ કરોડની જનતાની અંદર જ્યારે આપણે વાત કરી હોય અને ગઈ વખતે મેં કહ્યું હતું કે, અહીંયા, ગુજરાતમાં એક બાળક આપણે ત્યાં ૧૨૦૦૦ના દેવા સાથે જન્મે છે. સરકારમાં દર વર્ષે વધે છે. મારે દુ:ખ સાથે કહેવું પડે કે ગુજરાતમાં જે બાળક જન્મે છે એ ૧૩૦૦૦ રૂપિયાના દેવા સાથે જન્મે એવી આ ગુજરાતની કમનસીબી છે.

બીજી એક વાત છે કે દેવું વધે એની સાથેસાથે માણસની આવક વધવી જોઈએ. જ્યારે ૨૦૦૩-૨૦૦૪ની માણસની માથાદીઠ આવક ૨૨૦૪૭ હતી આજે ત્રણ મહિનાનો હિસાબ જોઈએ એમાં ૨૨૩૭૨ થયો છે. હું વજુભાઈને કહેવા માગું છું કે એકબાજુ દેવું ૧૦૦૦ રૂપિયા વર્ષે વધતું હોય અને માથાદીઠ આવક માત્ર ૩૨૫ રૂપિયા જ આપણી આવક છે, એ ચોપડાનો હિસાબ છે. ગુજરાતમાં જો આની આ સ્થિતિ રહી તો ગુજરાત પ્રગતિના બદલે અધોગતિ તરફ જશે. સરકાર આ બાબત ચેતે અને કોઈપણ સંજોગોમાં માથાદીઠ આવક વધારે અને દેવું ઘટે એવી મારી વિનંતી છે. કર્મચારી બાબતમાં મારે એ કહેવું છે કે સરકાર એકબાજુ આટલા પૈસા ખર્ચતી હોય નરોત્તમકાકા, છતાં તમે બીજા રાજયની હરોળમાં જુઓ આખા ભારતમાં ૯૭૦૦૦ કર્મચારી છે, એનો જે ખર્ચ આવે છે ૩૪૭૧૯૯કરોડ થાય છે એટલે એક વ્યકિતદીઠ ૩૫૭૯૩૭ થાય છે.

**અધ્યક્ષશ્રી .** : આમાં નરોત્તમભાઈ કયાં આવ્યા?

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : મને નરોત્તમકાકા વારંવાર ટોકે છે. એમને કાકા કહું છું વડીલ છે. મારે નાણામંત્રીશ્રીને કહેવું છે કે બીજા રાજયોની હરોળમાં જે ખર્ચ છે, આપણા રાજયમાં ૪૬૦૦૦૦ કર્મચારી છે, એમનો ૨૭૧૭૫ કરોડ ખર્ચ થાય છે. એટલે જે માથાદીઠ ખર્ચ છે એ ૫૯૦૦૦૦ થાય છે. એટલે બીજા રાજયોની હરોળમાં અઢી લાખ ખર્ચ થાય ત્યારે મારે નાણામંત્રીશ્રીને એ વાત કરવી છે આપણા પુસ્તકમાં લખ્યું છે કે મારા ગામડાંના ૩૦૦૦૦ પ્રશ્નો છે. બીજા રાજયોની હરોળમાં અઢી લાખ વધારે થાય તો ગામડાંના નાના નાના પ્રશ્નો હોય એ પ્રશ્નો ૩૦૦૦૦ છે એનો આજની તારીખમાં ઉકેલ આવતો નથી. સરકાર તાલીમ આપે એ સારી વાત છે. સરકાર દેખરેખ રાખીને પ્રશ્નો ઉકેલે તો મને લાગે છે કે અઢી લાખ વધારે આપ્યા છે એ યોગ્ય ગણાય. મને લાગે છે કે રાજય સરકારના બજેટની આવી પરિસ્થિતિ હોય એકબાજુ આપણે મુખ્યત્વે વાત કરીએ અને બીજી બાજુ વિકાસલક્ષી પ્રગતિ માટે ૨૧ મી સદીમાં જવાની વાત કરીએ. મોટામોટા બંધ બાંધવાની, ગરીબ માણસની યોજનાની વાત કરતા હોઈએ ત્યારે મને દુ:ખ થાય છે કે ૨૦૦૪-૨૦૦૫માં ૨૯૮૩૧કરોડ ફાળવ્યા હતા વિકાસલક્ષી યોજનામાં. આ વર્ષે ૨૦૦૫-૨૦૦૬માં ૧૯૪૬૬કરોડ ફાળવ્યા છે, એનું મને દુ:ખ છે. વિકાસ સાથે સંમત પણ એમાં ૩૫૫ કરોડની વિકાસ યોજનામાં આ વર્ષે ઘટાડો કર્યો છે. વિકાસની યોજનામાં તમે વધારો કરો તમને લાગે કે બરાબર છે, ૩૫૫ કરોડ ઘટાડો કર્યો છે.

શિક્ષણની નાનામાં નાની વાત હોય સભાગૃહમાં બેઠેલા તમામ સભ્યો શિક્ષણ સાથે સંમત થઈ જાય. આ દેશની અંદર ગુજરાતની અંદર જો કોઈ પાયાની વસ્તુ હોય તો તે શિક્ષણ છે. શિક્ષણની અંદર જે ગઈ વખતે ૪૦.૬૦ ફાળવ્યા હતા, એની અંદર પણ આ વખતે જે ઘટાડો કરવામાં આવ્યો. ૨૦૦૫-૨૦૦૬ માં ૩૮.૮૯ એટલે ૧૭૧ કરોડ રૂપિયા આજે શિક્ષણમાં ઘટાડો કરવામાં આવ્યો છે. એકબાજુ આપણે કન્યા કેળવણીની વાતો કરતા હોઈએ, શિક્ષણ ક્ષેત્રે મોટો પ્રચાર કરતા હોઈએ અને એકબાજુ ૧૭૧ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવે. મારે એ પૂછવું છે કે શિક્ષણમંત્રીશ્રીએ દિનપ્રતિદિન શિક્ષણની અંદર ઘટાડો, ગયા વર્ષે પણ કર્યુ હતું. આ વખતે ઘટાડો થતો હોય ત્યારે શિક્ષણ મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આપણો જે શિક્ષણનો ભાવ, મહત્વતા છે દિનપ્રતિદિન ઘટાડા તરફ લઈ જવા માગીએ છીએ. શિક્ષણમાં આજે જે ૯મો નંબર છે, પછી ૧૬મો છે, અત્યારે પાછો પાડવા માગીએ છીએ.

દલિત, આદિવાસી અને પછાત વર્ગના ભાઈઓ માટેની બહુ મોટી મોટી વાતો થતી હોય છે. મારે એ પૂછવું છે કે ૬૩૫ કરોડ રૂપિયાની જે જોગવાઈ કરવામાં આવી હતી એ ૨૦૦૪-૦૫ માં ૫૬૨ કરોડ રૂપિયાની એટલે કે ૭૩ કરોડ રૂપિયાનો આની અંદર જબરજસ્ત ઘટાડો કરવામાં આવ્યો છે. મારે સરકારને પૂછવું છે કે દલિત સમાજના, આદિવાસી સમાજના અને બક્ષીપંચના ભાઈઓની વાતો કરી અને સરકાર એમ કહેતી હોય કે ઉત્તમ પ્રકારનું કામ કરવાનું છે, આ ઘટાડો કરી આ સરકાર શું સિદ્ધ કરવા માગે છે એ આજે પણ મને સમજાતું નથી.

સમાજ સુરક્ષા કલ્યાણની મારે વાત કરવી છે. આ સમાજને લગતો વર્ગ છે, એ વર્ગને આપણે કઈ રીતે ઉપાડી શકાય. એમને ઉત્તમ પ્રકારની યોજના આપી વધુને વધુ કેવી રીતે આગળ લઈ જઈ શકાય. એ માટે ૨૦૦૪-૦૫ માં ૨૯૩ કરોડ કર્યા હતા. આજે માત્ર ૨૧૬ કરોડ રૂપિયા એટલે ૭૭ કરોડ રૂપિયાનો આની અંદર

ઘટાડો કરવામાં આવ્યો છે. મારે એ પૂછવું છે કે સમાજ સુરક્ષા, કલ્યાણની યોજના હોય, સરકારે દિનપ્રતિદિન ગઈ વખતે ૪૦૦ કરોડ રૂપિયા સમાજ કલ્યાણમાં ઘટાડ્યા છે. આજે પણ દુ:ખ સાથે કહેવાય કે ૨૧૬ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે, હમણાં અમારા મુરબ્બીશ્રી નરોત્તમ કાકા જે વાત કરતા હતા તે નાણા મંત્રીશ્રીને કહેવું છે કે, આ નાની સિંચાઈ યોજના એટલે નાના નાના ખેડૂતોને કેવી રીતે ફાયદો થાય. ઉત્તર ગુજરાતની અંદર હજારો ફૂટ પાણી પહોંચ્યા છે અને ૫-૫ મીટર અંદર જતા હોય, એવા સંજોગોમાં સરકાર તરફ અમે લક્ષ રાખીને બેઠા હોઈએ આ વિસ્તારમાં કેવી રીતે ફાયદો થાય એની અંદર ૨૯૩ કરોડ રૂપિયા ૨૦૦૪-૦૫ માં હતા. એમાં બિલકુલ ઘટાડો કરી દીધો. ૫૮ કરોડ રૂપિયાના લક્ષ્યો આવ્યા છે. ૨૩૪ કરોડ રૂપિયાનો નાની સિંચાઈની અંદર ઘટાડો કરવામાં આવ્યો છે, આપણને એમ થાય કે સિંચાઈ યોજનાની અને ખેડૂતલક્ષી મોટી મોટી જાહેરાતો કરતા હોઈએ છીએ. ખેડૂતોની આ દેશની અંદર જે પરિસ્થિતિ આંધ્રની હતી એ ગુજરાતની અંદર જ્યારે પરિસ્થિતિ થવા માંડી છે. હિત-રક્ષક મેગેઝિનની અંદર ૪ ખેડૂતોએ ગુજરાતની અંદર જે આત્મહત્યા કરી એ પરંપરા ગુજરાતની અંદર પડેલી. આ પરંપરાથી બહાર આવીને કોઈપણ સંજોગોમાં આપણો ખેડૂત આબાદ થાય તેવી યોજનાઓ કરવી જોઈએ, એની જગ્યાએ આની અંદર ઘટાડો કરવામાં આવ્યો છે. આજે વાઈબ્રન્ટ ગુજરાતની અંદર ઘણી બધી ઉદ્યોગલક્ષી વાતો થાય...

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે અભિનંદન આપવા જોઈએ કે મે ગૃહમાં પહેલી વખત આ ચેરને આટલું બધું માન આપતા જોઉં છું. બોલવામાં સેન્ચ્યુરી બતાવી દીધી છે.

**શ્રી સી. ડી. પટેલ (પેટલાદ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા ૨૦૦૫-૦૬નું વિકાસલક્ષી બજૅટ લઈને આવ્યા છે, તેને હું મારું હાર્દિક અનુમોદન આપું છું, અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ અગિયારમી વિધાનસભા છે અને માનનીય નાણામંત્રીશ્રી અગિયારમી વાર બજૅટ લઈને આવ્યા છે અને આ સરકારે આયોજન પંચ સમક્ષ ગુજરાતના વિવિધ ક્ષેત્રોની સિદ્ધિઓ, વિકાસ મેળવવા માટે કંડારેલા ફળ રજૂ કર્યા અને અગિયાર હજાર કરોડનું માતબર વિકાસલક્ષી બજૅટ જે પહેલીવાર ગુજરાતને મળ્યું છે માટે ગુજરાત સરકારને, માનનીય નાણામંત્રીશ્રીને અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન આપું છુ. પ્રત્યેક રાજય અને રાજયનો શાસક જે લક્ષ લઈને રાજયના વિકાસની કેડી કંડારવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. ગુજરાત સૌ પ્રથમ રાજયલક્ષી લક્ષ કે રાજયને કયા દરજજા ઉપર મૂકવું છે, રાજયના અંતિમ છેવાડાના ગરીબ દલિત વ્યકિતથી માંડીને આ ગુજરાતના ઉદ્યોગકારોને આ ગુજરાતમાં રોકાણ કરવા ઇચ્છતા અને ગુજરાતમાં પોતાનું યોગદાન આપવા ઇચ્છતા લોકોને શું આપવા માગે છે, તે આ રાજયલક્ષી લક્ષમાં રાજયના પ્રજાજનોનું જીવન ધોરણ સમૃદ્ધ બને, પ્રજાજન ઉન્નત મસ્તકે સમાજમાં સ્વાભિમાનભેર પોતાની રોજીરોટી મેળવી શકે તે પ્રથમ લક્ષ છે. જ્યારે દ્વિતીય લક્ષ છે કે ગુજરાત રાજય તે દેશના નકશામાં વિશેષ રાજય તરીકે ઉભરી આવે અને શ્રેષ્ઠ રાજયોની ગણનામાં આ દેશમાં નામના મેળવે એ બીજુ લક્ષ છે. આ ગ્લોબલ ગોલ લઈને આ ગુજરાત આગળ વધી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત એ એવું રાજય છે કે જેને આંતરરાષ્ટ્રીય કક્ષામાં ત્રણ-ત્રણ એવોર્ડ ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી દ્વારા ગુજરાતની સરકાર દ્વારા ત્રણ-ત્રણ આંતરરાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત થયા છે. આ કામગીરી આ રાજય સરકારની છે. તેના માટે જ આયોજન પંચ સમક્ષ ગુજરાતના નકશાને જ્યારે મૂકવામાં આવ્યો છે ત્યારે અગિયાર હજાર કરોડ ૨૦૦૪-૦૫ ના વર્ષમાં ૮૫૦૦ કરોડના બજૅટ સાથે જ્યારે ગુજરાત વિકાસ પામી રહ્યું છે, આજે ૨૫૦૦ કરોડ જેટલી વધુ રકમ એટલે કે ૨૯ ટકા જેટલી વધુ રકમ એકેએક ક્ષેત્રમાં આપણને સફળતાપૂર્વક જ્યારે કામગીરી માટે મળી રહી છે ત્યારે ૨૧મી સદી આધુનિક માળખાકીય સુવિધાઓના સંકલિત વિકાસનો વ્યૂહ ગુજરાતે અપનાવ્યો છે, ત્યારે માત્ર વાત નથી કરી. મારા મિત્ર બળવંતભાઈ ઉપદંડક વાત કરી રહ્યા હતા. ઉપદંડક કહ્યું છે. દંડક બનાવો તો મને વાંધો ન હોઈ શકે. તેઓ વાંચ્યા કરતા હતા, વાંચી શકે તેવી સ્થિતિ તો આજે અતિ સામાન્ય અભણ માણસની છે. આ રાજય જે યોજનાઓ લઈને આગળ ચાલે છે, છેવાડાની કે જે વ્યકિતને આજદિન સુધી વર્ષોથી વંચિત રાખવામાં આવી હતી, કયાંક એને ભણવું હતું. પોતાના બાળકને ભણાવવું હતું અને તે દ્વારા સમાજ જીવનના ઉત્થાનમાં તેને ભાગીદારી કરવી હતી પણ અગાઉની સરકારોએ ઑપરેશન બ્લૅક બોર્ડના નામે બ્લૅક બોર્ડ ખાઈ ગયા, મળતા જ નહોતા સાહેબ, આ પરિસ્થિતિનું નિર્માણ કર્યુ છે. જ્યારે આ સરકાર લોકો પાસે પહોંચી, શિક્ષણ ક્ષેત્રની વિવિધ યોજનાઓમાં પ્રથમ દીકરી ભણે અને તે ભણે એટલું જ નહીં પણ તે ભણીને સમાજના બે કુળને તારે, દીકરી પવિત્ર કીયે કુલ દો. આ વાતને લઈને આગળ ચાલ્યા છે તેની ચિંતા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ કરી છે, માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ કરી છે. વિકાસની વાતની શરૂઆત અહીંથી થઈ છે કુંવરજીભાઈ. મને બરાબર કહે છે. તેઓ ગામડામાંથી આવે છે અને હું પણ ગામડામાંથી આવું છું. મને પણ વાંચવાનું ગમતું હતું, હું પણ વાંચતો હતો, ઉજાગરા કરતો હતો, આ સાહેબ વાંચનની વાત કરે છે .હું ફાનસ લઈને વાંચતો હતો અને માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કુંવરજીભાઈને ખબર ન હતી કે શેનાથી વાંચતા હતા એટલે હું એમને કહું છું કે તમે કહો, કઈ વાંધો નહીં, તમને અભિનંદન આપું છું, મને એમણે મારી વાત યાદ કરાવવાની તક આપી.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરતો હતો કે વિચાર અને પ્રચાર કરતાં જેની કામગીરી આચારમાં જેની સ્થિરતા એવી આ ગુજરાતની સરકાર છે, આજે જે વિકાસ વિવિધ ક્ષેત્રે થઈ રહ્યો છે, એમાં આફતને અવસરમાં બદલવાની વાત, એના માટે આ સરકાર સક્ષમ છે.ક્યાંક વાવાઝોડું હોય, ક્યાંક કચ્છનો ભૂકંપ હોય, ક્યાંક અછતની અને ક્યાંક ઓછા વરસાદની વાત હોય, એમાં પણ ગુજરાતમાં વિકાસની જે વણથંભી વણઝાર છે એ એટલી વધી છે,ગુજરાતના વિકાસના દરની વાત કરીએ તો ૨૦૦૨-૦૩માં ૧૦.૫ ટકા હતો અને ૨૦૦૩-૦૪માં ૧૫ ટકા જેટલો, જીડીપી રેશિયા સાથે ગુજરાત પ્રથમ નંબરનું રાજય બન્યું છે, એટલું જ નહીં પણ દેશના વિકાસમાં ગુજરાતનો વિકાસ દર મહત્ત્વનો બન્યો છે, વિકાસની માત્રામાં ગુજરાત મોખરે છે. આ વિકાસ ક્યારે શકય બને? છેવાડાના માનવીનો વિકાસ થાય ત્યારે, છેવાડાના માનવીને સુવિધાઓ મળે ત્યારે અને જ્યાં બાળક ત્યાં શાળા, જ્યાં બાળક ત્યાં શિક્ષક, માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ શાળા હોય પણ શિક્ષક ન હતો, આજે માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ ૮૦ હજાર જેટલા શિક્ષકોની ભરતી કરીને એકેએક બાળક ઉપર ધ્યાન આપ્યું છે. આજે મારા એક મિત્ર કહેતા હતા કે શિક્ષણની વાતો થાય છે, હું એમને કહેવા માગું છું કે, શિક્ષણની વાતો થવી જોઈએ, શિક્ષણ ઉપર ગુજરાત સરકારે ધ્યાન આપ્યું છે અને એને ભણાવવા માટેની ચિંતા કરી છે અને એના દ્વારા વિવિધ યોજનાઓ, બાળકની વીમા રક્ષણ કવચ પૂરું પાડવાનું કામ, કે.જી ટુ પી.જી સુધીની વાત, તો ત્યાં પ્રાથમિક શાળાનું બાળક હોય, માધ્યમિક શાળાનું બાળક હોય કે કૉલેજમાં ભણતો વિદ્યાર્થી હોય, પચીસ હજાર, પચાસ હજાર, એક લાખ સુધીની રકમ, બાળક ભણે અને નિશ્ચિંતપણે ભણે, એ બાળકની પાછળ ક્યાંક અજાણપણે, ન બનવાનું બને, નથી બનતું, અગાઉ તો એવું થતું હતું કે કેટલીક જગ્યાએ કેટલીક શાળાઓના શિક્ષકો અને બાળકો ઉપર અત્યાચારો થયા છે. ભૂતકાળની સરકારોની એવી કથની અને કરણી છે, એ આપણે જોઈ છે, ક્યાંક ગોધરાના વિસ્તારમાં, આજે મને ગોધરાની વાત એટલા માટે યાદ આવી કે પરમ દિવસે હું એક શિક્ષણનો લેખ વાંચતો હતો અને ત્યાં આગળ એક સ્કૂલમાં ગોધરાના બાળકો ઉપર અત્યાચારો થયા હતા, આ શરમજનક ઘટના ભૂતકાળના શાસનમાં બની હતી. ગોધરા એટલા માટે યાદ આવ્યું કે, આજે અઠયાવીસમી તારીખ છે, આ ગુજરાતમાં ગોધરાના નામે વગોવતા લોકોને હું કહેવા માગું છું કે, અઠયાવીસમી તારીખે આ ગુજરાતને ખરાબ રીતે ચીતરવા માટેના જે લોકોએ પ્રયત્નો કર્યા છે, એવા લોકોને હું કહેવા માગું છું કે, સત્યાવીસમી તારીખ અને આજે અઠયાવીસમી તારીખ, ત્રણ વર્ષ પૂર્વે જે ઘટના બની હતી એ અતિ દુઃખદ ઘટના બની હતી, એનો કાગારોળ એમણે આખા ગુજરાતને બદનામ કરવા માટે કર્યો છે, ક્યાંક રાષ્ટ્રિય સ્તરે, રાષ્ટ્રિયસ્તરે જ્યાં નાની મોટી ચૂટણીઓ આવી તો આ વાત લઈને એ લોકો મૂકી દે, પરિણામ જોઈ લીધું, લોકો સમજે છે અને હું ભણ્યો છું. મને ખ્યાલ છે, અંગ્રેજીમાં એક પાઠ હતો, Owl is God, ઘુવડ કે જે દેવ છે, આ પાઠ ભણતો હતો, એનો થીમ હતો, You can befool some people for some time, but you cannot befool all the people for all the time.

માનનીય અધ્યક્ષશ્રી, પાંચ સીટો એમની હતી, ગોધરાકાંડની વાત કરીને લોકોને બહેકાવવા માગતા હતા પણ ભાજપે એમની જે પાંચ સીટો હતો, બે સીટો કરી નાખી, પાંચમાંથી બે સીટો થઈ ગઈ અને એમાં પણ ભૂતપૂર્વ વિરોધપક્ષના નેતા સ્વ. અમરસિંહભાઈ ચૌધરીવાળી સીટ ઉપરથી પણ અમારા રમીલાબેન બારા જીતીને આવ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આ વાત એટલા માટે કહેવા માગું છું કે, તમે વારંવાર એક ની એક વાત કરીને લોકોને મૂર્ખ નહીં બનાવી શકો, ઝારખંડ અને બિહારમાં જુઓ, કે જેના ટેકાથી તમે કેન્દ્રમાં નેતૃત્વ કરો છો, એ વાત હું એટલા માટે યાદ કરાવું છું કે, આવી વારેઘડીએ વાત કરી અને ગુજરાતને બદનામ એ લોકો કરવા માગે છે, ગુજરાત વિકાસની કેડી કંડારવા માગે છે, ગુજરાતમાં જે રીતે વિકાસનો દર હાંસલ કરીએ છીએ અને જે રીતે જોઈ રહ્યા છીએ, વિવિધ ક્ષેત્રમાં વિકાસ કરી રહ્યા છીએ, કૃષિ ક્ષેત્રની વાત કરીએ તો Soil to Satelite and land to lab. ગુજરાતમાં કિસાન પગભર બને, ગુજરાતના કિસાનોની આવક બમણી થાય, મારો એ ભાઈ, એના બાળકને સારી રીતે ભણાવી શકે અને મારી માતા એના બાળકને કૉલેજમાં મોકલી શકે, કિસાન મજબૂત થાય એના માટેની ચિંતા soil to satelite and land to lab,

માનનીય અધ્યક્ષશ્રી, વ્યકિત બિમાર પડે તો એના આરોગ્યની ચિંતા આપણે કરીએ પણ જમીન, જમીન વાંઝણી બને તો શું? આજે વાત થઈ ખારાશો દૂર કરવાની, વાતો થઈ ખારાશો દૂર ન થઈ પણ એમના મોઢા ઉપર લાલાશો આવતી ગઈ. ખારાશોના નામે જે જમીન નવસાધ્ય કરવા માટેના પૈસા હતા એ અગાઉની સરકરોએ એમના જ લોકોએ એમના ખિસ્સામાં મૂકયા છે. પરિણામે જમીનની ખારાશ દૂર ન થઈ અને કિસાનો ગરીબ બન્યા. ગરીબી દૂર કરવાની વાતો કરનારાઓને મારે કહેવું છે કે એના નામે ઈલેકશનો કયાંક જીત્યા હશો, એકાદ-બે વાર પછી નહીં. માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્ર પરેશભાઈએ સાચી વાત કરી કે સાચું બોલો આપ. સાહેબ, હું તો પૂજય મહાત્મા ગાંધીજીના ચરણોમાં વંદન કરીને કહું છું કે, મહાત્મા ગાંધીજીએ કહેવું પડયું, સાંભળવા જેવી વાત છે, સાત અસત્યો, અહીંયા આગળ સાત યુવાન નેતાઓ એવા છે, મહાત્મા ગાંધીજી કહેતા હતા સાત અસત્યો છે એ જો સમાજ સ્વીકારે અને એ જો સત્યતા તરફ જાય, હું એના માટે નૈતિકતાથી પ્રયત્નો કરી રહ્યો છું.

મારી સરકાર રાજકારણના અપરાધીકરણને દૂર કરી રહી છે. મહાત્મા ગાંધીજીના આદર્શોને લઈને સમરસ સમાજની સ્થાપના તરફ આગળ વધી રહી છે અને માટે જ હું ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. વાડા કરવાની વાત નહી, ' વાડા નહીં કરવાની વાત કરનારાઓના વાડા જોયા.' આ લોકો એ છે કે, જે અગાઉ કહેતા હતા કે અમે વાડા કરવા નથી માગતા. પણ ' વાડાના બંધ બારણે થાતા કંઈક ભવાડા જોયા.' હું અહીંયાં જોઉં છું ,ગૃહમાં હમણાં પેલું બિલ પસાર થતું હતું ત્યારે બિલ વખતે જાહેરમાં જુદી વાત કરી અને એ સાચું બોલવાની વાત કરે છે. અહીંયા આગળ જુદી વાત કરે છે. આ ગૃહની જ વાત છે કે, નશાબંધી વિભાગનું બિલ પસાર થતું હતું ત્યારે મને દુ:ખ થયું મહાત્મા ગાંધીજીની સાક્ષીએ અહીંયા આગળ વિરોધની વાત કરતા હતા જયારે બિલ પાસ થયું ત્યારે સર્વાનુમતે કોઈએ પણ વિરોધ ન કર્યો અને બહાર પ્રેસ આગળ જઈને બીજી જુદા જુદા પ્રકારની વાત કરનારા માણસોને મારે એ કહેવું છે કે, 'વાડા ન કરવાની વાત કરનારાઓના વાડા જોયા' પછી બહાર જઈને લડયા એ લોકો કે આટલું પણ ભાન ન રહ્યું કે આપણે એનો વિરોધ કરવાનો હતો. આને મારે કહેવું શું? માનનીય પરેશભાઈને મારે કેમ સમજાવવા? માનનીય અધ્યક્ષશ્રી, આ જયારે વાત થાય છે ત્યારે હું તો એટલું જ કહીશ કે આ સાચી વાત સાંભળવાની પણ ક્ષમતા જોઈએ અને એ ક્ષમતાના આધારે જ હું આગળ વધીશ. મારે કંઈ અયોગ્ય નથી બોલવું કારણ કે, મેં નક્કી કર્યું છે કે, આ ગૃહમાં કયારેય પાછો ખેંચવો પડે એવો શબ્દ હું નહીં બોલું. જે દિવસે મારે શબ્દો પાછા ખેંચવાનો પ્રશ્ન ઉભો થશે એ લોકોની જેમ ત્યારે હું બોલવાનું બંધ કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, સાચી વાત એથી આગળ એમણે સાંભળવી પડશે. 'એ વાડાના બંધ બારણે થાતા કંઈક ભવાડા જોયા અને પછી કયાંક ન વાળ્યું ત્યારે પકડી બેઠા નાડા જોયા' આ નાડા પકડીને સમાજને છેતરવાની વાતો કરે છે એમને હું કહેવા માગુ છું કે, આ સરકારે કૃષિના વિકાસ માટેની ચિંતા કરી અને ચિંતા કરી એમાં આજ દિન સુધીમાં ચાર કૃષિ યુનિવર્સિટીઓ, એટલા માટે કૃષિ યુનિવર્સિટીની વાત કરુ છું. (અંતરાય)

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રીએ એવું કહ્યું કે 'ભવાડા કર્યા' આ શબ્દો અસંસદીય છે. આ વાત ત્યાં એની પાર્ટીમાં કરે અને ભવાડા કરે તો વાંધો નહીં પરંતુ આ ગૃહમાં ભવાડા કરવાનું બંધ કરે.

**શ્રી સી. ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે બોલ્યો છું એ મારું નિવેદન અહીંયા જ છે આમાં કાંઈ પણ એવું લાગે તો આપ જોઈ લેશો.

**અધ્યક્ષશ્રી** : હું જોઈ લઉં છું. તમે શું બોલ્યા છો માનનીય સી. ડી.?

**શ્રી સી. ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ કવિની પંકિત છે. 'વાડા નહીં કરવાની વાતો કરનારાના વાડા જોયા એ વાડાના બંધ બારણે થાતા કંઈક ભવાડા જોયા.' હું કહેતો નથી. એમને હું કંઈ કહું જ નહીં કે એ આવું કરે છે. પણ જે કરતા હોય એમને મનમાં વિચાર આવે તો એમાં હું શું કરી શકું?

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આમાં કોઈ પોઈન્ટ ઓર્ડર બનતો નથી કેમ કે, એમણે કોઈને ઉદેશીને વાત કરી નથી.

**શ્રી સી.ડી.પટેલ** : એમને હું કેમ સમજાવું, એમને હું આમ સમજાવું કે, આ સરકારે નર્મદા યોજનામાં સુજલામ્-સુફલામ્ની યોજના અને એના દ્વારા ચેકડેમ, બોરીબંધ, ખેતતલાવડી, વોટરશેડની યોજના, સ્પ્રીન્કલીંગ વોટર મેથડ અને ડ્રિપ ઈરિગેશનની પદ્ધતિ દ્વારા પાણીનો કરકસરભર્યો ઉપયોગ, સાહેબ પાણી અને વાણી બેઉનો કરકસરપૂર્વક અને સંભાળીને જ ઉપયોગ કરવો જોઈએ. ન વાપરે અને એમને ખેંચવું પડે એટલે મારે ખેંચવાનું? હું કરકસરપૂર્વક અને સમજપૂર્વક વાત કરું છું. ચાર કૃષિ યુનિવર્સિટીની વાત કરતાં કરતાં ઉત્કૃષ્ઠતા કેન્દ્ર, સોઈલ હેલ્થ કાર્ડ યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ રાખતા ૧૦ લાખ ખેડૂતોને એક લાખ સુધીનું વીમા કવચ પૂરું પાડવામાં આવે છે.

અમારા ભણતા બાળકો, દીકરા-દીકરીઓ, મારા યુવાન મિત્રો, મારા સાથીદારો કે જેઓ અભ્યાસ કરે છે એમને વીમા કવચ, મારા ભાઈઓ જે રાત્રે ઉજાગરા કરીને ખેતરમાં પાણી વારવા જાય, મારો દીકરો એ ખેતરમાં જઈને એ પાળીઓ બાંધતો હોય ત્યાં આગળ એને કંઈ તકલીફ પડે, એને સાપ કરડે, એનું આકસ્મિક મૃત્યુ થાય તો આ સરકાર એક લાખ રૂપિયા જેવી વીમાની રકમ પૂરી પાડે છે, એમને વીમા રક્ષણ આપવામાં આવે છે. આ યોજનાનો વિચાર અને એનો અમલ થાય છે. કિસાન કેમ વધુ મજબૂત બને એની ચિંતા આ સરકાર કરે છે, એના આરોગ્યની ચિંતા થઈ છે, સ્કૂલમાં ભણતું બાળક, એનું હેલ્થ ચેકઅપ થાય, એની સંપૂર્ણ શારીરિક તપાસ થાય, એમાંથી ચોરાણું હજાર વિદ્યાર્થીઓ જે ખામીયુક્ત આપણને માલૂમ પડ્યાં એને સ્વખર્ચે મફત સારવાર, એટલે પૂરેપૂરી મફત સારવાર સરકાર સ્વખર્ચે કરે છે તો ૫૦૦ એવા વિદ્યાર્થીઓ હતા જેમને મોટા કોઈ ઓપરેશન કરવાં પડે તેમ હતાં તો તેમના ઓપરેશન કર્યા, એમને પણ પૂરી રીતે એ સશક્ત બાળક બને અને બાળક સરસ રીતે ભણી શકે એનું હેલ્થ, બાળકનું આરોગ્ય, જેનું તન ભી સુંદર મન ભી સુંદર. સાહેબ એ તો હોય તો હોય, એ રાખ્યું છે બાળકની પાસે તન સુંદર છે મન સુંદર છે એ સુંદર રાખવાની વાત ભારતીય જનતા પાર્ટીની સરકારે આરોગ્ય ચિકિત્સા એના પરિક્ષણ દ્વારા કરી છે

રાજ્યમાં ડેરી ઉદ્યોગ, કિસાનોની સાથે જોડાયેલો ઉદ્યોગ છે, સૌરાષ્ટ્રમાં મારા આ કિસાન મિત્રો છે, હું પણ ડેરીએ દૂધ આપવા જતો હતો, મેં અમૂલમાં ડિરેક્ટર તરીકે કામ કર્યુ છે. મને ખ્યાલ છે કે ડેરીના દૂધના પૈસા એ ડેરીએ દૂધ આપીને આવે એના પૈસા આવે એમાંથી એ ઘરની નાનામાં નાની સાબુ, સોડા, ચા, ગોળથી માંડીને વસ્તુ આવે, તેલ પણ આવે એ સૌરાષ્ટ્ર અને કચ્છની ડેરીઓ આપણી બંધ પડેલી હતી. અગાઉની સરકારે ખેડૂતોની વાત કરી અને ખેડૂતના હિતને ધ્યાનમાં ન રાખ્યું, ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ દ્વારા સૌરાષ્ટ્ર અને કચ્છની ડેરીઓને પુનઃજિવિત કરવાની વાત કરી છે એ ખેડૂતો એ કિસાન.. આપના દ્વારા હું સાચી વાત આ ગૃહ સમક્ષ મૂકવા માગું છું કારણકે જે પરિસ્થિતિમાંથી આજે આ રાજ્ય સરકાર પસાર થઈ રહી છે, અત્યાર સુધી તો માત્ર એના હોઠ લબડાવે એવું, આગળ આવડતું નથી એવું કંઈ જે આપવામાં આવતું હતું. આ સરકારે એને સાચું આપવા માગે છે, ડેરીઓના વિકાસની વાત સાથે સાથે ૨૦૦૪-૦૫ ની પશુ અને સહકારી ક્ષેત્રની જોગવાઈ ૩૦૫.૫૬ લાખ જેટલી માતબર જોગવાઈ કરી, આ સરકારે ખેડૂતોના હામી તરીકે, ખેડૂતોના હમદર્દ તરીકે હમણાં જ બહુ સ્પષ્ટતાપૂર્વકની કેટલીક વાતો કરી, લોકો ખેડૂતોના નામે, બીજા નામે, ત્રીજા નામે, એ કરીને ખેડૂતોને સામે લાવવા માગતા હતા મારો એ કિસાન તમાકુ પકવે એમ કહેવાય છે કે તમાકુ એ એક એવું સંરક્ષણ છે કે એને કોઈ ખાય નહિ, મનુષ્ય એક જ તમાકુ આધારિત એની ઉત્પાદિત વસ્તુઓને ક્યાંક ખાતો હોય છે, તમાકુંનું ઉત્પાદન કરતાં અમારા મધ્યગુજરાતમાં, મહેસાણામાં તમાકુનો પાક ખૂબ થાય છે તો એના પર કોઈક ટેક્સની વાત હતી સરકારે સ્પષ્ટતા કરી કે જે પ્રોસેસ આઈટેમ છે એના પર જ ટેક્સ લેવાય પ્રોસેસ ન હોય તો એના પર ટૈક્સ ન લેવાય, ગુજરાતના ખેડૂતોને ન્યાય આપવાનું પહેલું પગલું ભર્યુ છે.

વીજ ક્ષેત્રની વાત, ઉર્જા ક્ષેત્રની હું વાત કરું તો અઢાર હજાર ગામડાઓમાં જ્યારે ચોવીસ કલાક વીજળી આપવાની વાત અને જ્યોતિગ્રામ યોજનાની વાત થતી હતી. આજની તારીખે સાત હજાર ગામડાઓ ચોવીસ કલાક થ્રી ફેઈઝથી ધમધમે છે. આ ગુજરાત રાજ્યની મોટી સિદ્ધિ છે. આ લોકો કહેતા હતા કે લાઈટ ક્યાંથી લાવશો, તમે લોકોએ તો થાંભલા ઉભાં કર્યા હતા, એમ તમે કહો છો, તમે કહો છો દોરડાં નાંખ્યા હતા, મત લેવા માટે થાંભલા ઉભાં કર્યા, દોરડાં નાંખ્યા પણ એમાં વીજળીનો પ્રવાહ નહોતો આપ્યો. ભારતીય જનતા પાર્ટીની ઉર્જા શક્તિ ભરેલી આ સરકારે વીજળીનો પ્રવાહ આપ્યો છે.

ચૂંટણી વખતે આ લોકો થોડાંક ઢેખાળા નાંખી આવે, કાંકરા નાંખી આવે અને રોડની વાત કરે અને ચૂંટણી પતી જાય પછી કૉંક્રિટ ઉઠાવી લે, રોડાં ઉઠાવી લે આ પ્રક્રિયા કરતા હતા. સામાન્ય માણસને તેના ઘર સુધી આર.સી.સી.ના રોડ આ સરકારે આપ્યા. તે લોકોને ધ્યાનમાં પણ ના હતું કે આર.સી.સી.શું છે? પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના દ્વારા છેવાડાના વ્યકિત તે જ્યાં રહે ત્યાંથી તેને આવવાની સુવિધા મળે અને પોતાનું જીવન-ધોરણ ઉચ્ચ બની શકે. સૌના આભાર સાથે મારી વાત પૂરી કરી વિરમું છું.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી બજેટ લઈને આવ્યા છે, તમામ ધારાસભ્યશ્રીઓએ માનનનીય નાણામંત્રીશ્રીને અગિયારમી વખત બજેટ મૂકવા બદલ અભિનંદન આપ્યા છે, તેમાં હું પણ મારો સૂર પુરાવું છું. બજેટની જે શરૂઆત છે અને માનનીય નાણામંત્રીશ્રીએ શરૂઆત કરી સ્વામિ વિવેકાનંદના શબ્દો છે અને એમ કહ્યું કે "ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી વળગ્યા રહો" આનંદ થયો. હમણાં સી.ડી.પટેલ બોલતા હતા કે ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી કેટલું સુંદર વાકય સ્વામી વિવેકાનંદજીનું. તે વાકય શબ્દનો મંત્ર બહુ જ મોટી વાત કરી, મને પણ આનંદ થયો કે આટલા સુંદર શબ્દોથી શરૂઆત થયેલ આ બજેટ ધ્યેય પ્રાપ્તિ સુધી ગરીબ માણસના ઝૂંપડા સુધી પહોંચી જશે, પરંતુ મારે દુઃખ સાથે કહેવું છે પડે છે કે આ આખા શબ્દ, આખો મંત્ર અને આખું બજેટ તેમાં આપેલું સંક્ષિપ્ત અંદાજપત્રનું બજેટ તે પણ જોયું પણ ગરીબના ઝૂંપડા સુધી ધ્યેય પહોંચે એવું મને લાગતું નથી. મારે થોડીક વાત કરવી છે કે, સંક્ષિપ્ત અંદાજપત્રની અંદર આખા હિસાબો રુપિયો કયાંથી આવશે અને કયાં જશે તેનાં અંદાજપત્રો આપ્યાં છે. મારે એમ કહેવું છે કે ૨૦૦૪-૦૫નો સુધારેલો અંદાજ છે ૨૦૦૫-૦૬નો બજેટનો સુધારેલો અંદાજ ૦૨-૦૪ અને ૦૫માં ૨૦ હજાર કરોડ ૫૬૮ની અંદાજિત આવક હતી અને તેની સામે આ વખતે ૨૩૨ હજાર કરોડ ૧૭૪૧ની આવક છે. પુરાંત ખાધ બતાવી છે ૮૭.૧૪, મહેસૂલી ખર્ચ બતાવ્યો છે બહુ જ સારું વર્ષ ૦૪-૦૫નું વરસાદની દ્રષ્ટિએ સારુ હતું. ખેડૂતોને માટે પણ સારું હતું અને તે છતાં જે ખર્ચ, આવક બતાવી અને આ વખતે ૦૫-૦૬માં જે આવક બતાવી છે તેમાં નોંધપાત્ર વધારો બતાવ્યો છે. ખર્ચ બતાવ્યો છે તેમાં ૬૦૦ કરોડનો વધુ ખર્ચ બતાવ્યો છે. નીચે ખાધ બતાવી છે ૮૭.૧૪ ની તો મારે પૂછવું છે કે ૬૦૦ કરોડનો વધુ ખર્ચ અહીંયા બતાવે છે. આવક જાવક અને હમણાં જે બતાવ્યો તેમાં વેચાણવેરાનું જે કાંઈ માનનીય નાણામંત્રીશ્રીએ નિવેદન કર્યુ તેમાં પણ ખર્ચનો ઘટાડો થવાનો છે, ત્યારે મારે એમ કહેવું છે કે અત્યારે જે ખાધ બતાવી છે તેની સામે આઠ માસિકમાં ફરી પાછી પૂરક માગણી,પૂરક માગણી પછીનો ખર્ચ થશે અને અતિ ખર્ચ થયા પછી તે ખર્ચને રેગ્યુલરાઈઝ કરવાની પ્રક્રિયા બનશે. ત્યારે મારે કહેવું છે કે જે આંકડાઓ બતાવીએ છીએ તે આંકડાઓ માત્ર નફા-નુકસાન, સચોટ કરતાં સ્પષ્ટ આંકડાઓ બતાવ્યા હોત તો વધુ આનંદ થાત.

માનનીય નાણામંત્રીશ્રીએ પોતાની વાત કહી કે જળ અને ઊર્જા ગુજરાત રાજયના બે રથના પૈડાં છે બહુ સારી વાત છે જળ અને ઊર્જા તે બે આ રાજયના વિકાસના પૈડાં છે અત્યારે તો પરિસ્થિતિ એવી છે કે આ બન્ને વિકાસના જે પૈડાં છે તેમાં પંચર છે અને તે પંચરના ટાયરોમાં ટાયર બદલાય તેમ નથી તેમાં સરકારનો રથ પણ ચાલે નહીં એવી સ્થિતિ નિર્માણ કરી છે. સુજલામ્ સુફલામની વાત કરી અમારા મુરબ્બી શ્રી નરોત્તમભાઈએ, પહેલાં અભિનંદન આપીશ કે તેમણે સમસ્ત ગુજરાતમાં જે ઉત્તર ગુજરાત પૂરતું હતું તેને બદલે સમસ્ત ગુજરાતમાં આ યોજનાને ૮૦/૨૦ની નીચે લઈ આવ્યા. મારે કહેવું છે કે, સમસ્ત જગ્યાએ પાણી પાણી કરી દીધું. ખેત તલાવડી, બોરી બંધ, ચેક ડેમો, તળાવો કયાંય એકેય જગ્યા કોઈ બાકી નથી રહી અને તે બાકી ના રહી હોય તો વરસાદનું પાણી આવ્યું તે ગયુ કયાં? આ તમામ બોરી બંધોમાં, ચેક ડૅમોમાં, ગામ તલાવડીઓમાં જો આ પાણી ભરાય રહ્યું હોય તો મને એમ નથી લાગતું કે આ ઉનાળો આવે છે અને કયાંય અછત ઉભી થાય, પરંતુ અત્યારથી જ પાણીની જે પરિસ્થિતિ નિર્માણ થઈ છે એ વાત શું સૂચવે છે? મારે આપના માધ્યમથી કહેવું છે કે આ જ વિધાનસભામાં કહેવામાં આવ્યું છે કે ગુજરાતમાં જયાં નર્મદા જવાની નથી ત્યાં નાની અને મધ્યમ સિંચાઈ યોજનાઓ માટે ૧૦૦ કરોડ રૂપિયાની રકમ ગ્રાન્ટમાં વપરાવાની છે. જૂનાગઢ જિલ્લામાં નર્મદાનું એક ટીપું ખેતી માટે આપવાનું નથી, તો આ ૧૦૦ કરોડ ફાળવવાની જે વાત હતી એ બજેટમાં નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મારે મુરબ્બી સીડી.પટેલ, અમારા પણ એક સી.ડી.પટેલ હતા, એ યાદ આવે છે એમને જોઈને. મારે એમને કહેવું છે કે એમણે જયોતિગ્રામ યોજનાની વાત કરી. એમણે અને નાણામંત્રીશ્રીએ કહ્યું કે, 'વીતી ગઈ છે રાત અને દીપે અરુણ પ્રભાત'. આપના અને નાણામંત્રીશ્રીના શબ્દોમાં સમગ્ર ગુજરાતમાં અજવાળું થઈ ગયું છે. કયાંય અંધારું રહ્યું નથી. મારે આપના માધ્યમ દ્વારા પૂછવું છે કે તો પછી આજનો ખેડૂત રડે છે શું કામ? આજનો ખેડૂત ચોરી કરતા પકડાય છે શું કામ? જે સ્થિતિ નિર્માણ થઈ છે તેમાં એ વલખાં મારે છે શું કામ? ૭ હજાર ગામડાને આવરી લીધાની વાત કરી. ૧૧ હજાર ગામડાં બાકી છે અને તેના માટે નાણામંત્રીશ્રીએ ૩૦૦ કરોડ ફાળવ્યા છે. ૧૧ હજાર ગામડા માટે ૩૦૦ કરોડ થાય? (અંતરાય)

**શ્રી સી. ડી. પટેલ** : લોકભાગીદારીથી...

**અધ્યક્ષશ્રી .** : માનનીય સી.ડી.પટેલ, (અંતરાય) ના, જરૂર નથી.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે ઉર્જા નીતિની વાત કરવી છે. માનનીય નાણામંત્રીશ્રીએ બજેટમાં વાત કરી છે કે માથા દીઠ વીજ વપરાશ ૧ હજાર યુનિટનો થાય તેવો લક્ષ્યાંક નકકી કર્યો છે, મારે સ્પષ્ટ કહેવું છે કે તેને પહોંચી વળવા માટે અને સરદાર આવાસ યોજનામાંથી જે પાવર આપવાની વાત કરી છે, સ્થાપિત શકિતમાં આજે પાવર ઓછો મળવાનો છે. મારે બીજી વાત કહેવી છે કે આપણે અત્યારે સૌથી મોંઘી વીજળી એસ્સાર, ટોરેન્ટ એ બધા પાસેથી લઈએ છીએ. એના ભાવ ૪ ગણા આપીએ છીએ. આપના માધ્યમથી મારે એ પણ કહેવું છે કે એસ્સારે કમીટમેન્ટ કર્યુ છે કે ૩૦૦ કરોડ રૂપિયાની વીજળી, એટલા મેગાવોટ પાવર એ જી.ઈ.બી.ને આપશે. આજે એ ફરી ગયા અને ૪૦૦ કરોડ જેવી ખોટ ગુજરાત સરકારે સહન કરવી પડી છે.

વાયબ્રન્ટ ગુજરાતની વાત થઈ. (સમયસૂચક ઘંટડી) બે મિનિટમાં પૂરું કરું છું. આ વાત એટલા માટે કહું છું કે ૧૫૦૦ મેગાવોટ પવનચકકીથી કરવાની વાત કરી છે, પણ ૧૫૦૦ મેગાવોટ કઈ રીતે કરવી એ મને સમજ પડતી નથી. પ્રવાસન નીતિની વાત કરી, પણ બજેટમાં કયાંય ઉલ્લેખ નથી. મારે એક વાત એ કરવી છે કે પારદર્શક વહીવટ. નવરાત્રિ મહોત્સવથી માંડીને તમામ મહોત્સવોની વણઝાર કરી છે. એમાં મહોત્સવોમાં બજેટની રકમની ફાળવણી કરીએ છીએ. એ ઉપરાંત લોક ભાગીદારી પણ એમાં કરીએ છીએ. લોક ભાગીદારીમાંથી જે પૈસા લઈએ છીએ ત્યારે આ ઉત્સવોમાં કોણે કેટલા પૈસા લોક ભાગીદારીમાં આપ્યા છે એનો હિસાબ રજૂ કરવો જોઈએ. એ આવેલા પૈસાની વાત પણ ગૃહ સમક્ષ થવી જોઈએ, પરંતુ આવી કોઈ પ્રક્રિયા થતી નથી.

માત્ર એક વાત કહીને પૂરું કરીશ કે આવડા મોટા બક્ષી પંચ સમાજ માટે શું? આદિવાસી, દલિત સમાજ માટે ઘણી બધી વાત કરી છે, પણ આટલા મોટા બક્ષી પંચ સમાજ માટે આખા બજેટમાં જે રકમ મૂકવામાં આવી છે તે મશ્કરી સમાન છે. બક્ષી પંચ, દલિત અને એના વિકાસ માટે એની યોજના, આઈડેન્ટીફાઈ કરેલા બક્ષી પંચના તાલુકાઓના વિકાસ માટે શું કરવા માગે છે? એ વાતની સ્પષ્ટતા પણ મારે જોઈએ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કરોડો રૂપિયાના એમ.ઓ.યુ.કર્યા, વાયબ્રન્ટમાં. માનનીય અધ્યક્ષશ્રી, કરોડો રૂપિયાના એમ.ઓ.યુ.સરકારે કર્યા ત્યારે મને આનંદ થયો. એક વખત હું ઘણા બધા લોકો બેઠા હતા ત્યાં ગઈ અને કહ્યું કે અમારી સરકારે તો કેટલા બધા એમ.ઓ.યુ.કર્યા છે.

**અધ્યક્ષશ્રી .** : માનનીય કાંતિભાઈ.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ સતત ૧૧મી વખત આ ગૃહમાં બજેટ રજૂ કરીને એક વિક્રમ સર્જયો છે, અત્યાર સુધીમાં કોઈપણ રાજયમાં એવો વિક્રમ

સર્જાયો હોય એવું બનેલ નથી અને તે બદલ હું તેમને અભિનંદન આપું છું. બજેટને આવકારવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટના અનુસંધાને ઘણીબધી વાતો કરવામાં આવી છે. હું તો એટલું જ કહેવા માગું છું કે એમના મોંઢે એકપણ એવી વાત નથી આવી કે આ રાજયના વિકાસ માટે આ રાજયના નાણામંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે કાંઈ વાતો. રજૂ કરી છે, જે કાંઈ વિકાસની વાતો રજૂ કરી છે એમાં એક પણ પોઝિટીવ વાત તેમને દેખાઈ નહીં. આ રાજયનો સમતોલ વિકાસ અને એમાં પણ આહવા-ડાંગથી લઈને બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ સુધીનો ૬૦૦ કિલોમિટર લાંબો પથ છે એનો સર્વાંગી વિકાસ હું આ બજેટમાં જોઈ રહયો છું. આજે પહેલી વખત આ બજેટ જોઉં છું એવું નથી, મેં પણ ૭ થી ૮ વખત આ બજેટ રજૂ થતાં જોયું છે.

રાજયનો વિકાસ કરવા માટે આ રાજયના વિકાસમાં હાથ અને પગ એ આ રાજયના કર્મચારીઓ પણ છે. સચિવથી માંડીને એક નાના કારકુન સુધી એનામાં જીવ આવે અને આ ગુજરાત મારું છે, એ મારાપણાનો ભાવ એનામાં ઉભો થાય એના માટે કર્મયોગી(અંતરાય) એ શબ્દની સમજણ તમને ના પડે કારણ કે અત્યારસુધી કોંગ્રેસે રાજ કર્યુ છે એ ભાગબટાઈથી કર્યુ છે, એમાં ગુજરાતના માનવીની માનવતા જોઈ નથી. કર્મચારીઓમાં કામ કરવાની શકિત છે એ શકિતને બહાર લાવવાના કામનો કોઈ વિચાર પણ નહોતો આવ્યો. બેઠાં બેઠાં તો ઘ ણી કોમેન્ટ થાય, પરંતુ એના ઉપર હું ધ્યાન નહીં આપું.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હોય, આયોજન પંચના અધ્યક્ષ પણ કોંગ્રેસના હોય અને તેમ છતાંય આ રાજયનું જેટલું આયોજન હોય એટલી આયોજનની રકમ આ આયોજન પંચના અધ્યક્ષ અને એમની સમિતિ વિના વિરોધે મંજૂર કરે એ આ રાજયનો જે રીતે વિકાસ થઈ રહયો છે અને જે રીતે રાજયના વિકાસનું આયોજન મૂકયું છે એને એકમતે મંજૂર કરવામાં આવે અને દરેક ક્ષેત્રના વિકાસને આવકારીને ૧૧ હજાર કરોડ રૂપિયાનું આયોજન આ કેન્દ્ર સરકારનું આયોજન પંચ મંજૂર કરે એ આ રાજયના વિકાસ માટેની અને આ રાજયના મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી અને મંત્રીમંડળમાં તેમનો વિશ્વાસ છે અને એ વિશ્વાસ જોયા પછી એમણે આને સ્વીકૃતિ આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના હોય, માર્ગ અને મકાન વિભાગની વાત હોય, શહેરી વિકાસની વાત હોય, શિક્ષણની વાત હોય કે ગ્રામ વિકાસની વાત હોય, પરંતુ એમાં માર્ગ અને મકાન વિભાગની વાત કરું તો ૪૭૫ કરોડ રૂપિયાની જોગવાઈ ૨૦૦૫-૨૦૦૬ ના બજેટમાં કરી છે, એ દ્વારા આ રાજયના શહેરોનો વિકાસ હોય, ગામડાંનો વિકાસ હોય એના માટે પ્રગતિ પથની યોજના મૂકી છે. લાંબા અંતરના હાઈસ્પીડ કોરીડોર માર્ગ કરવામાં આવી રહયા છે અને એના માટે પ્રગતિ પથ અને વિકાસ પથ યોજનાઓ છે. વિકાસપથ યોજના, કોઈપણ નગર હોય કે મહાનગર હોય તેના ધોરી માર્ગોને આધુનિક ધોરણે વિકસાવવાનો નિર્ણય પણ આ રાજય સરકારે લીધો છે. તેનો સમાવેશ બજેટમાં કરવામાં આવેલ છે. શહેરમાંથી જે માર્ગો પસાર થતા હોય, સ્ટેટ હાઈવે પસાર થતા હોય તો તે સ્ટેટ હાઈવેનો આધૂનિક ધોરણે વિકાસ કરવાની વાત આ બજેટમાં લાવી અને નાણાં મંત્રીશ્રીએ તેનો વિચાર કર્યો છે. સુવિધાપથ યોજના, પ્રત્યેક નગરને એક સુંદર માર્ગ મળે તેની પણ આ બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. ગામડાંમાં રહેનારા ખેડૂતો હોય, કે મજૂરો હોય તે બધાને માટે વિકાસ પથ યોજના ગામડાના વિકાસની સાથે જોડી છે. નર્મદા યોજનાની વાત હોય તો ૨૦૦૪-૨૦૦૫માં સરદાર સરોવર યોજનામાં તમામ વર્ષની સરખામણીમાં આ વખતે ૧૦.૬૪ મિટરની વિક્રમજનક હાઈટ સુધી લાવવાની સિદ્ધિ પણ નાની સુની નથી. ૧,૬૪,૬૦૯ ઘન મિટરનું કોંક્રિટ કામ પણ આ સરકારની મોટી સિદ્ધિ કહેવાય તેમ છે. એવી જ રીતે પહેલી જ વાર ચાલુ વર્ષમાં નર્મદાના પાવર હાઉસમાંથી વીજળી મળતી થઈ છે અને આગામી ચોમાસામાં બન્ને પાવર હાઉસ ચાલુ કરી અને વીજળીની જે કટોકટી ઉભી થાય છે તે દૂર કરવાની પણ આમાં જોગવાઈ કરવામાં આવી છે. એ જ રીતે સરદાર સરોવરને પીકનીક પોઈન્ટ તરીકે, પર્યટન સ્થળ તરીકે વિકસાવવાનો વિચાર પણ આ રાજય સરકારે કર્યો છે.

કૃષિની વાત કરું તો કિસાન એ જગતનો તાત છે, એ ખેડૂતને ધ્યાનમાં રાખી અને સોઈલ હેલ્થ કાર્ડની પણ આમાં વાત કરવામાં આવી છે. આ રાજયનો અને દેશનો પણ આર્થિક વિકાસ ગામડાં આધારિત છે. તેને ધ્યાનમાં રાખીને એકબાજુ પૂરક એવા ચોકકસ પગલાં લઈને ખેડૂતોનું આર્થિક પાસું મજબૂત કરવા માટે સોઈલ ટુ સેટેલાઈટ ક્ષેત્રે અને લેન્ડ ટુ લેબ દ્વારા જમીનમાં તેની જે તાકાત છે, તેનું પૃથ્થકરણ કરીને તેની અંદર એવા જ પાકો વાવવામાં આવે અને તેના દ્વારા ખેડૂતોની આવક વધે, તેનો વિકાસ થાય અને એ રીતે ગામડાંનો પણ વિકાસ થાય અને તેના દ્વારા રાજયનો પણ વિકાસ થાય તેના માટે રાજય સરકારે ચિંતા કરી છે. આ જ રીતે આરોગ્યની અને શિક્ષણની વાત કરીએ તો આ રાજય સરકારે સમતોલ વિકાસ માટે દરેક બાજુનો વિચાર કરીને જે રીતે આયોજન કર્યુ છે તેના માટે રાજયના મુખ્ય મંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રીનો પણ જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. આટલી વાત કરીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી મહેશભાઈ છો. વસાવા (દેડિયાપાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

આપના દ્વારા હું કહેવા માગું છું કે નાણા મંત્રીશ્રીએ દર્શાવ્યા મુજબ ગુજરાતનો ૨૦૦૩ના વર્ષમાં ૧૦.૦૫ ટકાનો વિકાસ દર હતો તેમાંથી હરણફાળ ભરીને ૨૦૦૪માં ૧૫.૦૪ ટકાનો વિકાસ દર નોંધાવીને એક વિક્રમસર્જક કામગીરી કરી છે. આટલા ઉચા વિકાસદરે માત્ર ભારતમાં જ નહીં પણ એશિયાના દેશોમાં પણ ગુજરાતને મોખરાનું સ્થાન અપાવ્યું છે, પરંતુ હું સરકારશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે આ વધેલા વિકાસ દરની અસર રાજયના કયા વર્ગોના વિકાસને ઉપયોગી નીવડી છે? ગુજરાતની પાંચ કરોડની આબાદીમાં ૫૪ ટકા એટલે કે બે કરોડ સીત્તેર લાખ લોકોની આબાદી બક્ષી પંચની, માંડલ જ્ઞાતિની અને ઓ.બી.સી. જાતિઓની છે, ૧૬ટકા એટલે કે ૮૦ લાખ ની આબાદી આદિવાસીઓની છે, ૪૦ લાખની આબાદી દલિતોની છે. એટલે કુલ મળીને ૭૮ ટકા એટલે કે ૩ કરોડ ૯૦ લાખની આબાદી પછાત વર્ગોની છે અને ગુજરાતમાં ૧૫.૫૪ ટકાનો વિકાસદર છે, તેમાં આ ૭૮ ટકા વર્ગનો વિકાસ દર પ્રશ્નાર્થ ઉભો કરે છે. માનનીય નાણા મંત્રીશ્રીના જણાવ્યા પ્રમાણે વર્ષ ૨૦૦૪-૨૦૦૫ની સરખામણીમાં ૨૦૦૫-૨૦૦૬માં ૨૫ ટકાનો વધારો થશે,

## વિરામ બપોરના ૦૨-૩૦ થી ૦૩-૧૫

## સભાપતિશ્રી મહેન્દ્ર લી. મશરુ અધ્યક્ષસ્થાને

**શ્રી મહેશભાઈ છો. વસાવા** : (ક્રમશ:) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ જણાવ્યા પ્રમાણે ૨૦૦૪-૨૦૦૫ની સરખામણીમાં વર્ષ ૨૦૦૫-૨૦૦૬માં ૨૫૦૦ કરોડનો વધારો એટલે કે ૨૯ ટકા જેટલો બજૅટમાં વધારો કરીને કુલ ૧૧ હજાર કરોડની વાર્ષિક યોજનાનું કદ નક્કી કરેલ પરંતુ ગુજરાતમાં ૭૮ ટકા પછાત વર્ગોની વસતિ આવેલી છે. જેમાં એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. આ જાતિઓ માટે કેટલો વધારો કરવામાં આવ્યો છે એના માટે કેટલી જોગવાઈ કરવામાં આવી છે એ હું આ તકે જાણવા માગું છું

૧૯૯૨-૯૩માં રાજયમાં ગરીબી રેખા નીચે ૬૨.૧૦ લાખ લોકો જીવતા હતા. પરંતુ આજે ખોટા ફિગરો બતાવીને અત્યારે ફક્ત ૩૯.૮૦ લાખ લોકો જ રહ્યા છે એવું બતાવવામાં આવે છે. તેથી ન્યાયપૂર્વક અને તટસ્થતાથી આ સરવે ફરીથી કરાવવામાં આવે તો ગુજરાતમાં ગરીબી રેખા નીચે જીવનારની સંખ્યા એક કરોડ કરતાં પણ વધી જાય છે. આમાં સૌથી વધારે સંખ્યા આદિવાસીભાઈઓની છે.

ગુજરાત સરકાર લિગ્નાઈટની અંદર ઉદારીકરણની નીતિ અપનાવી રહી છે. જેમાં વીજ મથક સ્થાપવા માટે લિગ્નાઈટનું ખોદકામ ખાનગી ક્ષેત્રે આપવા માગે છે. ખાનગી ક્ષેત્રની અંદર આદિવાસીઓ, દલિતો અને ઓ.બી.સી. જાતિના લોકો માટે કોઈ જોગવાઈ કરવામાં આવી છે કે કેમ એ હું જાણવા માગું છું.

શિક્ષણની વાત કરું તો સરકારશ્રી શિક્ષણ ભાવી પેઢીના ઘડતર માટે સૌથી મહત્ત્વનું પરિબળ માને છે, ત્યારે ગુજરાતની સરકારી શાળાઓમાં પૂરતા શિક્ષકોની નિમણૂક કરવા માટેની ખાતરી આપી છે કે કેમ? ગુજરાતમાં છેલ્લા કેટલાય વરસોથી પછાત વર્ગોના વિસ્તારમાં તથા આદિવાસીઓની આબાદીવાળી જગ્યાએ સરકારી શાળાઓમાં શિક્ષકોની ઘટ છે એ જાળવી રાખવામાં આવે છે તો એ ભરાય તેવી વિનંતી કરુ છું. ડિસૅમ્બર, ૨૦૦૩ સુધીમાં જેમાં મુખ્ય જોગવાઈઓ આપણા દ્વારા જાણવા માગું છું. માનનીય નાણામંત્રીશ્રી શિક્ષણનું બજૅટ લઈને આવ્યા છે ત્યારે ગુજરાતની અંદર ડ્રોપ આઉટ રેશિયો ૩૮ ટકામાંથી ૧૭ ટકા ઉપર લાવી દીધેલ છે. આ તો સરેરાશ ટકાવારી બતાવેલ છે. પરંતુ ખરેખર આદિવાસી વિસ્તારની અંદર ડ્રોપ આઉટ રેશિયો ઘણો જ ઊંચો છે. એજ્યુકેશન રિપૉર્ટ ૨૦૦૨ મુજબના આંકડા જોઈએ તો મધ્યપ્રદેશમાં આદિવાસીઓની અંદર ડ્રોપ આઉટ રેશિયો છે એ પણ ઊંચો છે. મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં ૪૧.૬૩ ટકા છે જ્યારે ગુજરાતમાં ૪૯.૩૯ ટકા જેટલો ઊંચો છે. ૧૯૯૬ની અંદર આદિવાસીભાઈઓનો ડ્રોપ આઉટ રેશિયો ૪૯.૩૯ ટકા છે એ આજે ૧૭ ટકા ઉપર ખરેખર લાવ્યા છે ખરા? ગુજરાતમાં આદિવાસીભાઈઓ શિક્ષણ ક્ષેત્રે સૌથી પાછળ છે ત્યારે આદિવાસી વિસ્તારમાં ડ્રોપ આઉટ રેશિયો ઘટે એના માટે બજૅટમાં કોઈ વધારે જોગવાઈ કરી હોય તેવું સ્પષ્ટ દેખાતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા અભિનંદન આપવા માગું છું. રાજયનો સર્વગ્રાહી વિકાસ થાય એ માટે નવી ટૅક્નૉલૉજીનો વિશાળ પાયા ઉપર ઉપયોગ થાય તે માટે સરકારે સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી વિભાગની અલગ રચના કરી છે. એના માટે ૨૦૦૪ના વર્ષમાં ૬૭ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હતી. એની સામે ૨૦૦૫-૨૦૦૬ના વર્ષની અંદર ૧૩૪ કરોડની જોગવાઈ સૂચવી છે. સરકાર જો વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીને મહત્ત્વ આપવા માગતી હોય તો આ રકમ અપૂરતી છે. ૧૧ સાયન્સમાં ગરીબ આદિવાસી વિદ્યાર્થીઓની સંખ્યા ઘ ટી રહી છે. ૨૦૦૪માં ધોરણ-૧૧માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી છે. જેમાં સૌથી વધારે ઘટાડો આદિવાસી વિસ્તારોમાં છે. ઓ.બી.સી.ના અને એસ.સી.ના વિદ્યાર્થીઓમાં છે. ગુજરાતમાં પછાત વર્ગોની કુલ ટકાવારીમાં સાયન્સમાં પીછેહઠ થઈ રહી છે. આપના દ્વારા જાણવા માગું છું કે ડિગ્રી એન્જિનિયર ૨૭ સરકારી

અને ખાનગી કૉલેજોની ૧૫૮ બ્રાન્ચમાં આદિવાસી વિદ્યાર્થીઓની જગ્યા ભરાતી જ નથી. ૨૦૦૨માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની વિગતો જોઈએ તો ઓ.બી.સી. જાતિના લોકો માટે કોઈ જોગવાઈ કરી નથી. આપના દ્વારા જાણવા માગું છું કે શિક્ષણ ક્ષેત્રે ભાવિ પેઢીના ઘડતર માટે ૧૫૮ બ્રાન્ચોમાંથી આદિવાસીઓએ ૪૫ બ્રાન્ચોમાં પ્રવેશ મેળવ્યો છે. જ્યારે ૧૧૩ બ્રાન્ચોમાં જગ્યાઓ ખાલી રહી છે. ઓ.બી.સી. જાતિના વિદ્યાર્થીઓએ ૧૪૭ બ્રાન્ચમાં પ્રવેશ મેળવ્યો. જ્યારે ૧૧ બ્રાન્ચો ખાલી રહી. ૧૧-૧૨ સાયન્સના વર્ષમાં વિદ્યાર્થીઓના વાલીઓએ બે વર્ષમાં સાયન્સના ટ્યુશન પાછળ ૫૦ હજાર રૂપિયા ખર્ચ કરવા પડે છે. તો આ ખર્ચ વાલીઓ કરી શકે તેમ ન હોવાથી તે નાપાસ થાય છે. આથી આદિવાસીઓને, પછાતવર્ગોને સૌથી વધુ અસર થાય છે. ૨૦૦૪નું એસ.ટી., એસ.સી.નું એસ.એસ.સી.નું પરિણામ જોઈએ તો ૯૪ માધ્યમિક શાળાઓનું પરિણામ શૂન્ય આવ્યું. ૯૪માંથી ૨૭ પ્રાથમિક શાળાઓ પંચમહાલ જિલ્લાની છે. જે રાજયની શૂન્ય પરિણામવાળી શાળાઓ છે. ૨૮.૭૨ ટકા છે. જે પંચમહાલ જિલ્લાના ૯૦ ટકાથી વધુ આબાદી આદિવાસી તથા ઓ.બી.સી. જાતિઓની છે, ત્યાં શિક્ષણ ક્ષેત્રે કેવી અંધાધૂંધી ચાલે છે તેનું ચિત્ર જોવા મળે છે. પરિણામે માધ્યમિક શિક્ષણ, હાયર સેકન્ડરીના પછાત વર્ગોના વિદ્યાર્થીઓ પાછળ વિશેષ કાળજી રાખીને તેઓના શૈક્ષણિક વિકાસ માટેની જોગવાઈ બજૅટમાં કરવામાં આવી નથી તે જોગવાઈ જરૂરી છે. આદિવાસીઓના વિકાસ માટે આપની જોગવાઈઓમાં સરકારશ્રીએ વધારો કર્યો છે તે ધન્યવાદને પાત્ર છે પણ એવી જોગવાઈઓ કાગળ ઉપર જ રહે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી આ પ્રમાણે કરવામાં આવેલી જોગવાઈ પ્રમાણે ખર્ચ કરવામાં આવતો ન હોવાથી મોટા ભાગની રકમ વણવપરાયેલી રહે છે. આદિવાસી વિસ્તારોની શાળાઓમાં એક પણ શાળામાં શિક્ષકોની ઘટ ન રહે તે માટે સરકારશ્રીએ કાળજી રાખવી જોઈએ.

**શ્રીમતી રમીલાબેન બે. બારા (ખેડબ્રહ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહ સમક્ષ માનનીય નાણાંમંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે અને ખાસ કરીને અમારો સમગ્ર પછાત આદિજાતિ વિસ્તાર ૧૧ જિલ્લાઓમાં અને ૪૩ તાલુકાઓમાં વિસ્તરેલો છે તે સમગ્ર વિસ્તાર અને વસતિને ધ્યાને લઈને જે બજૅટ લઈને આવ્યા છે તે માટે સૌ પ્રથમ હું માનનીય નાણાંમંત્રીશ્રી, મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ અને આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી મંગુભાઈને હાર્દિક અભિનંદન આપું છું.

આ વખતનું બજૅટ આદિજાતિ કલ્યાણ માટે ૧૩૮૭ કરોડ અને ગુજરાત પેટર્ન ૪૧૪ કરોડનું જંગી બજૅટ છે તે ખરેખર આનંદની વાત છે. આપણે જાણીએ છીએ કે પહેલાં આદિજાતિ વિભાગ હતો તે આદિજાતિ વિભાગ સમાજકલ્યાણ સાથે જોડાયેલ હતો. અહીં હમણાં જ માનનીય ચંદ્રિકાબહેન કહેતા હતા કે આ બજૅટ ઝૂંપડા સુધી પહોંચશે કે કેમ? મારે કહેવું છે, આજ સુધી આદિજાતિ, દલિતો અને બક્ષી સમાજ ઉપર જો પકડ જમાવી હોય તો કોંગ્રેસે જમાવી રાખી. એમણે માત્રને માત્ર આ સમાજ પાસે મત લીધા છે અને એમના મન જીત્યા નથી, મન સુધી પહોંચ્યા નથી. ભાજપની સરકાર આવી ત્યારે એમણે વંચિતોના વિકાસ માટેની વાત કરી. ૧૯૯૫ની અંદર ભાજપ સરકાર સત્તા ઉપર આવી એણે ખૂણે બેઠેલા અદના માનવીની ચિંતા કરી અને પહેલીવાર બજૅટમાં સમાજ કલ્યાણ અને આદિજાતિ કલ્યાણ માટેના બજૅટની અલગ ફાળવણી કરી અને એ રીતે સાચી રીતે આદિજાતિઓના વિકાસ માટેની ચિંતા કરી. મારે ખાસ કહેવું છે કે કેન્દ્રની અંદર આજ સુધીમાં આદિવાસીઓને કૅબિનૅટનો દરજ્જો કોણે આપ્યો? ૧૯૯૯ની અંદર આદરણીય અટલજીની સરકાર આવી અને એમણે પહેલીવાર કૅબિનૅટમાં આદિજાતિ કલ્યાણ મંત્રીને કૅબિનૅટ દરજ્જો આપ્યો અને એ રીતે ૨ કૅબિનૅટ દરજ્જા રાજય સરકારે પણ આપ્યા. ૨ રાજય સરકારના મંત્રીઓ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યા અને આદિવાસીઓનો વિકાસ કેવી રીતે થાય એ બતાવ્યું. ૧૯૯૫ પહેલાં પણ આદિવાસીઓના વિકાસની વાતો થતી હતી. ૧૯૯૫માં ભારતીય જનતા પક્ષની સરકાર આવી અને એમણે આદિવાસીઓના વિકાસ માટે ગુજરાત પૅટર્નની વાત આપી. ખરેખર તો આ ભાજપ પૅટર્ન છે. પરંતુ એ રાજકીય વાત નથી કહેવી. એનું નામ ગુજરાત પૅટર્ન આપ્યું. ગુજરાત પેટર્ન દ્વારા જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ સમિતિઓની રચના કરીને, સમાંતર આયોજન અને વહીવટ આદિવાસીઓના હાથમાં મૂક્યો અને ૧૯૯૯થી આજ સુધીમાં લગભગ ૮૪૮.૬૩ કરોડ એટલે કે, ૩૮,૮૩૮ કામો આ યોજના થકી થયાં. આદિવાસી પેટા યોજના છે. એમાં ૫૨ જેટલાં ખાતાં અને વિભાગ સમાયેલા છે, એ વિભાગની અંદર ૮૦ જેટલી કલ્યાણકારી યોજનાઓ થઈ છે. ૧૯૯૫ પછી ભારતીય જનતા પક્ષની સરકારે જોયું કે, આદિવાસીઓનો કેવી રીતે વિકાસ કરવો? એની ચિંતા કરી. એમના દીકરા-દીકરીઓ દૂરથી, ૫ કિલોમીટર દૂરથી ઊંડાણવાળા વિસ્તારોમાં મજૂરી એ જાય, ખેતરમાં જાય, મા-બાપને હાથ-બટાઈ કરે અને પછી દોડતા નિશાળે કેવી રીતે પહોંચે? ત્યારે એ સમયસર નિશાળે પહોંચે એની ચિંતા ભારતીય જનતા પક્ષની સરકારે કરી. ધોરણ ૮માં ભણતી આદિવાસીઓની દીકરીઓને સાઈકલ આપી અને આગળ જતાં જોયું કે, દીકરાઓને પણ તકલીફ પડે છે અને દીકરાઓને પણ સાઈકલ આપી. મને ખબર છે ત્યાં સુધી દીકરીઓને લગભગ ૬૩૩૦૭ એટલે કે, ૭ કરોડ જેટલી માતબર રકમ ખર્ચીને દીકરીઓને સાઈકલ આપી. ૧,૧૭૪૫૫ કુમારોને લગભગ ૧૩ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ ખર્ચીને ભારતીય જનતા પક્ષની સરકારે સાઈકલો આપી. દીકરાઓના શિક્ષણની પણ ચિંતા કરી. ભણતી દીકરીઓને કેવી રીતે મદદરૂપ થવાય? તે માટે ૧૦ નવી

આશ્રમશાળાઓની માન્યતા આપી અને આદિવાસીઓની દીકરીઓને ભણતી કરવા માટે જંગી જહેમત ઉઠાવી. આ પહેલાં **(સ્વ.અમરસિંહભાઈ આદિવાસી નેતા હતા. એક એવી કોમમાંથી આવતા હતા અને તેઓ મુખ્યમંત્રી જેવા પદે રહ્યા હતા પણ એમણે કયારેય આદિવાસીઓની ચિંતા નહોતી કરી.) આદરણીય નરેન્દ્રભાઈ મોદી પ્રથમવાર મુખ્યમંત્રી બન્યા. આદિજાતિ સલાહકાર પરિષદનું સૌથી પહેલાં પ્રમુખસ્થાન સ્વીકાર્યું. નરેન્દ્રભાઈની આદિવાસીઓ પ્રત્યે કેટલી લાગણી છે, એમને વંચિતોના વિકાસની કેટલી ચિંતા છે એ દેખાઈ આવે છે, એમના ઉદારતમ વલણમાં એ દેખાઈ આવે છે. (અંતરાય) એ શબ્દો પાછા ખેંચું છું.

**સભાપતિશ્રી .** : શબ્દો પાછા ખેંચ્યા છે, શબ્દો પાછા ખેંચી લીધા છે.

**શ્રીમતી રમીલાબેન બે. બારા** : માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ ૧૧ અને ૧૨માં સાયન્સમાં ભણતા હોય, જેની વાર્ષિક આવક રૂ.૬૦,૦૦૦/-થી ઓછી હતી એવા આદિવાસી દીકરા-દીકરીઓ સાયન્સમાં જાય. મા-બાપની ગરીબ પરિસ્થિતિને લીધે ભણી ન શકે, ભારતીય જનતા પાર્ટીની સરકારે એની પણ ચિંતા કરી અને એવા કુટુંબો જેના દીકરા દીકરીઓ સાયન્સમાં જાય તો ખાનગી ટ્યુશન માટે ૧૫ હજારની એમને સહાય કરી અને જે વાલીઓના દીકરાઓ સાયન્સ સિવાય જે ૧૧-૧૨માં દાખલ થતા હતા એમને ૮હજાર અને ૪હજાર જેવી માતબર સહાય કરવાની જોગવાઈ પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી,એટલું જ નહીં પણ ખ્યાતનામ ખાનગી શાળાઓમાં અને જ્યાં અતિ પછાત આદીમજૂથ, આદીમજૂથ એટલે કોલડા, કોટવાલીયા, પઢારા, સીદી જે અતિ પછાત કોમો છે એવી કોમો અને ગરીબી રેખાનું જે ધોરણ આપે નક્કી કર્યુ છે એ ગરીબી રેખાથી દસ ગણી નીચી આવક ધરાવતા કુટુંબોના દીકરા દીકરીઓ જે ખ્યાતનામ ટ્યુશનમાં દાખલ થાય અને ધો.૮માં અને ધોરણ-૧૧માં હોય તો એના માટે પણ ટ્યુશનની જંગી રકમની સહાય પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે દાખલ કરી. એટલે મારો કહેવાનો અર્થ એ છે કે ભારતીય જનતા પાર્ટીએ આદિવાસીઓના વિકાસ માટે કેટલી જહેમત ઉઠાવી, એમને આગળ લાવવા માટે જે એક બીડું ઝડપ્યું છે એ આ ગૃહ સમક્ષ આપના થકી હું રજૂ કરવા માગુ છું. એટલું જ નહીં પણ ત્યાર પછી મૅડિકલ, એન્જિનિયરીંગમાં અભ્યાસ કરતા આદિવાસી દીકરા દીકરીઓ મૅડિકલમાં જાય પણ એની ગરીબાઈને લીધે એને એ સાધનસામગ્રી ખરીદવી હોય તો એ ખરીદી ન શકે એટલે ભારતીય જનતા પાર્ટીની સરકાર ૧૯૯૫માં આવી ત્યાર પછી માસિક રૂ. ૧હજાર સહાય આપવાનું આયોજન પણ ભા.જ.પ.ની સરકારના વખતમાં મૂકાયું. ત્યાર પછી કોલેજમાં ભણતા દીકરા-દીકરોઓ હોસ્ટેલમાં રહે અને વધતા જતા શિક્ષણના વ્યાપને કારણે એડમિશનમાં તકલીફ પડે એટલે ૩૪ જેટલી ડ્રાય હોસ્ટેલ પણ ભારતીય જનતા પાર્ટી સરકારમાં આવી ત્યાર પછી થયું. સૌનિક શાળાઓની વાત કરું, સાબરકાંઠા જિલ્લો, સમગ્ર આદિવાસી વિસ્તાર છે અને આજે ખેરંજા મૂકામે જે સૌનિક શાળાઓ આકાર લઈ રહી છે એનું પણ ફળ ભા.જ.પ.ની સરકારને જાય છે. અમારા આદિવાસી સમાજ માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે જે યોજનાઓ કરી છે એ ગૃહ સમક્ષ રજૂ કરવી છે.

**સભાપતિશ્રી .** : એકાદ મિનિટમાં પૂરું કરો.

**શ્રીમતી રમીલાબેન બે. બારા** : માનનીય અધ્યક્ષશ્રી, એટલું જ નહીં પણ નસવાડી, નેત્રજ, સોનગઢ, મહુવા ખાતે સરકારી કૉલેજોની સ્થાપના કરીને ભારતીય જનતા પાર્ટીની સરકારે આદિવાસીઓમાં શિક્ષણનો વ્યાપ કર્યો છે. એટલું જ નહીં પણ ગાંધીનગર ખાતે જે બીરસામુંડા ભવન જે ૪.૯૦ કરોડના ખર્ચે અત્યારે કાર્યરત છે એ કચેરી પણ ભારતીય જનતા પાર્ટીની દેન છે. આદિવાસીઓ એકલા મજૂરી ન કરે, હમણાં સી.ડી. પટેલ કહેતા હતા કે આદિવાસી એકલા મજૂરી ન કરે, આદિવાસીઓ મજૂરીએ જાય તો માથે પોટલું અને કાખમાં છોકરું જો પોટલું અને કેડે જો છોકરું નીચે ઉતાર્યુ હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે ઉતાર્યુ છે.

હરિયાળી ક્રાંતિની સાથે સાથે શ્વેતક્રાંતિ એટલે કે ડેરીનો ઉદ્યોગ પણ આદિવાસી સુધી પહોંચ્યો છે. એટલું જ નહીં પણ વાડીની યોજના, ટીશ્યુ કલ્ચર યોજના, વનમી કલ્ચર યોજના, મધ ઉત્પાદનો જેવી અનેક યોજનાઓ પણ આદિવાસી વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર લઈ ગઈ છે, કુંવરબાઈનું મામેરૂ અન્ય સમાજની દીકરીઓ પરણતી હોય, હોંશે હોંશે સારી ચુંદડી ઓઢતી હોય એટલે ભારતીય જનતા પાર્ટીની સરકારે પણ આદિવાસી દીકરીઓની ચિંતા કરી કુંવરબાઈનું મામેરૂ યોજના અમલમાં મૂકી એ દીકરીઓને સહાય કરી સાથે સાથે સાત ફેરા યોજનામાં જે જોડાય એને ૫ હજારનું નર્મદા શ્રીનીધિ યોજના અને આર્યસમૂહ યોજના જે આયોજકો અમલમાં મૂકે છે એને પણ યુગલ દીઠ ૧હજાર રૂપિયાની રકમની સહાય કરવાની યોજના ભારતીય જનતા પાર્ટીએ અમલમાં મૂકી છે. સાથેસાથે આપશ્રીના ધ્યાનમાં મૂકવું છે કે કુટીર ઉદ્યોગ ભા.જ.પે. આપ્યો છે. જેની આવક ૧૧હજારથી નીચે હતી તેવા લોકો જો કુટીર ઉદ્યોગ કરવા માગતા હોય તો ૫ હજારની સહાય અને જે બાપીકો ધંધો હોય, વંશપરંપરાગત ધંધો હોય તેમાં ૨૫૦૦ રૂપિયાની સહાય કોઈ માણસ સો વાંસ ખરીદવા માગતો હોય તો ૧હજાર રૂપિયાની સહાય એવી અનેક યોજનાઓ ભારતીય જનતા પાર્ટીની સરકારે અમલમાં મૂકી.

માનનીય નરેન્દ્રભાઈ મોદીએ સ્વાંત સુખાય કાર્યક્રમ અમલમાં મૂક્યો. બેરોજગાર યુવાનોને રોજગારી માટે, બેરોજગાર યુવાન ભૂખ્યો ન રહે એના માટે તાલીમ આપી. એ માટે નાના નાના તાલીમ વર્ગો કડિયા

કામ છે, વાંસકામ છે અને અનેક જે નાના મોટા ગામડા સુધી પહોંચેલા જે ધંધા છે એ સ્વાંત સુખાય કાર્યક્રમ અમલમાં મૂક્યો છે.

મારે માનનીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈને ધન્યવાદ આપવા છે.અમારા વિસ્તારમાં ખેડબ્રહ્મામાં ભલે અમરસિંહભાઈ ચૂંટણી લડતા હતા. ત્યાં એક કુરિવાજ છે ચડોતરાનો. જ્યારે અંદરોઅંદર અદાવત થાય છે, ત્યારે એની લાશ દોઢ મહિના સુધી રઝળે છે. એની ચિંતા કોઈએ કરી ન હતી. પણ જ્યારથી નરેન્દ્રભાઈની સરકાર આવી, માનનીય ગૃહમંત્રીશ્રીએ એક પરિપત્ર કરીને ડી.એસ.પી.-કલેકટરના અધ્યક્ષપણા નીચે આવા આદિવાસી વિસ્તારમાં ચડોતરા ના થાય, ખૂનામરકી ના થાય એના માટે પણ આયોજન કર્યું છે. આપના થકી માનનીય ગૃહમંત્રીને પણ હું ધન્યવાદ આપું છું

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી જે ૩૫૭૮૯.૩૩ કરોડનું બજૅટ લાવ્યા છે, એમાં મોટાભાગનું બજૅટ છે એ બિન વિકાસલક્ષી બજૅટ દેખાઈ રહ્યું છે. આમાં જાહેર દેવાં ૪૮૫૨.૩૦ કરોડના અને બિન વિકાસલક્ષી ખર્ચ લોન, પેશગી માટે ૧૦૭૧૦.૩૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આનાથી જે વિકાસ થવો જોઈએ એના બદલે ગુજરાતની જનતા ઉપર દેવાનું ભારણ વધવાનું છે. બજૅટથી જે વિકાસ થવો જોઈએ એ જાહેર જનતાનો, એ શહેરોમાં વધારે થતો દેખાય એવું બજૅટ છે. ગામડાંના પ્રશ્નો અને જરૂરિયાત છે એ રસ્તા, વીજળી, પાણી એમના વિકાસ માટેનું બજૅટ ન હોય એવું દેખાય છે. આ સર્વાંગી વિકાસ તરફ લઈ જતું બજૅટ દેખાતું નથી. આ સરકારે ગ્રામ વાટિકા અને ઈ-ગ્રામ યોજનાની જાહેરાતો કરી પણ મારે જાણવું છે કે ઈ-ગ્રામની ગામડાના લોકોને ખબર છે ખરી? એમના પ્રશ્નો રજૂ કરવા માટે કોઈ વ્યવસ્થા છે ખરી? શહેરોમાં આવે છે એના રસ્તાઓ બનશે. આનાથી ગ્રામ્ય પ્રજાના પ્રશ્નો હલ થવાના નથી.

સરકારે ગ્રામસભાનો આઠમો તબક્કો પૂર્ણ કર્યો અને એમ કહે કે લગભગ ૫૪ ટકા કામો સ્થળ ઉપર નિકાલ થઈ ગયા. મારે જાણવું છે કે એવાં કયાં કામો છે કે સ્થળ ઉપર વાત કરવાથી બજૅટ વગર મંજૂર થઈ જાય? આ ભ્રામક વાતો છે. સરકાર કહે છે કે જયોતિગ્રામથી સાત હજારથી વધારે ગામડાંને વીજળી પૂરી પાડવામાં આવી છે અને બીજા ગામડાંઓ માટે ૩૦૦ કરોડની જોગવાઈ કરી છે અને ૨૪ કલાક વીજળી પૂરી પાડવાની વાત કરી છે. મારે કહેવું છે કે અત્યારે સરકારે જાહેરાત કરેલ છે એ બાંધ્યા ગામોની જ્યાં ઓલરેડી વીજળી છે, તેની વાત કરી છે. મોટાભાગના ટ્રાયબલ વિસ્તારના મારે કહેવું છે કે આદિવાસી વિસ્તારના એક પણ ગામને આ યોજનામાં લેવામાં આવ્યા નથી. સરકારે સુજલામ્-સુફલામ્ યોજનાની વાત કરી, સિંચાઈની વાત કરી, નર્મદાની વાત કરી. નર્મદાથી મોટાભાગના ઉત્તર ગુજરાતના વિસ્તારને સિંચાઈનું પાણી મળશે એ વાત હતી. સુજલામ્-સુફલામ્ યોજનામાં પણ ૬૨૦૦ કરોડની વાત કરી પણ એમાં પણ ગઈ વખતે વર્ષ ૨૦૦૪-૦૫માં ૨૩૬૫ કરોડ વાપરવાના હતા, એમાં સરકારે જે પૈસા વાપર્યા એમાં ટ્રાયબલ વિસ્તારમાં કોઈ જોગવાઈ દેખાતી નથી. સરકારે એવું કહ્યું હતું કે જ્યાં આ સુજલામ્-સુફલામ્ યોજનાનું પાણી નથી જવાનું, કડાણા ડેમનું પાણી નથી જવાનું ત્યાં સ્પેશિયલ કેસમાં ચેકડેમો કરવાના છીએ અને ૧૦૦ જેટલા મોટા ચેકડેમો અને તળાવો ખોદકામ કરીને ઊંડા કરવાના છે, એવી વાત કરી હતી. મારે દુ:ખ સાથે કહેવું છે કે આજ સુધી આ વિસ્તારમાં આવી કોઈ સુવિધા મળતી હોય એવું દેખાતું નથી. સરકારે નાની અને મધ્યમ સિંચાઈ યોજના માટે ગઈ વખતે ૨૩૪૪ કરોડની ફાળવણી કરી હતી. આનાથી વધારે ૨૯૮૩ કરોડની ફાળવણી કરી છે. સારી વાત છે, મોટી જોગવાઈ કરી છે. એની સામે સરકાર આ પૈસા કયાં વાપરવા માગે છે? જ્યાં ગામડાં છે, ખેડૂતો છે એ વિસ્તાર માટે કોઈ યોજના સરકાર પાસે છે? સરકાર કહે છે કે ૫૦ હજાર ચેકડેમો આપણે બનાવ્યા છે તો મારે કહેવું છે કે ૫૦ હજાર ચેકડેમો બનાવ્યા હોય તો ચોક્કસ પાણી રોકાયું હોય અને પાણીના તળ ઊંચા આવ્યા હોય અને એના લીધે ડાર્ક ઝોન ઉઠાવી લેવો જોઈએ એવું થયું નથી. પાણીના તળ ઊંડા ગયાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પેટર્નની વાતો ગાઈ વગાડીને થાય છે. છેલ્લા પાંચ વર્ષના બજૅટો જોઈએ તો ગુજરાત પેટર્નમાં ઉત્તરોત્તર ઘટાડો જોવા મળે છે, એમાં આર્થિક સેવાઓ, સામાજિક સેવાઓ માટે જે બજૅટ મૂકવામાં આવ્યું છે એ બજૅટમાં પહેલાના વર્ષો કરતાં પછીના વર્ષોમાં ઘટાડો થયો છે. ગઈ વખતે બજૅટમાં માનનીય નાણા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ૧૫૬ કરોડનું બજૅટ ફાળવવામાં આવ્યું છે પણ જ્યારે અહીં બજૅટમાં વાત કરી ત્યારે ૨૦૮ કરોડની વાત કરી છે. વાસ્તવમાં એમણે જે બજૅટ ફાળવ્યું છે એ ૯૬ કરોડ જ નાણા વિભાગ તરફથી ફાળવવામાં આવ્યા છે. કમ સે કમ નાણા વિભાગના ચોપડામાં એના બજૅટના આંકડા સાચા આપો. આદિવાસીઓ માટે ખરેખર કેટલું બજૅટ ફાળવવામાં આવ્યું છે? કારણ કે, એમણે જ્યારે ગઈ વખતે વાત કરી હતી કે ૧૩૧.૯૩ કરોડની જોગવાઈ છે, વાસ્તવમાં આટલી જોગવાઈ નથી અને જે ૯૩ કરોડ જે ફાળવવામાં આવ્યા હતા, એમાંથી ૭૪ કરોડ જ વપરાયા છે. એટલે જે વિકાસની ગતિ જોઈએ છે એ વિકાસની ગતિ આ વિસ્તારમાં ખૂબ ધીમી છે. આને લીધે મોટા ભાગના કામો શરૂ થયાં નથી. અત્યારે મારા વિસ્તારની વાત

કરું તો ચેકડેમોના વર્કઓર્ડર નથી મળ્યાં તો આ કામો ક્યારે શરૂ કરવામાં આવશે? આવી પરિસ્થિતિ સરકારની છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે બીજું પણ કહું કે, નૉન-પ્લાનમાં ગઈ વખતે ૨૩૦.૫૮ કરોડની ફાળવણી કરી હતી, આ વખતે બજૅટ વધવું જોઈએ એના બદલે એમાં ૧૯૬ કરોડ ફાળવવામાં આવ્યાં છે એટલે ૩૪ કરોડ ઓછા ફાળવવામાં આવ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે ગુજરાત પેટર્નની જે જુદી જુદી સેવાઓમાં પૈસા ફાળવ્યા હતા, ૧૯૫કરોડ ૫૯ રૂપિયા તો વણવપરાયેલા પડ્યા છે, એટલે આવી જે સેવા છે સરકાર થોડાક રિલેકટન્ટ હોય એવું દેખાઈ રહ્યું છે, એને લીધે ગામડાઓમાં જે બહેનો છે ૫ થી ૭ ભણતી હોય એવી છોકરીઓને હજુ સુધી બે વર્ષથી સ્કૉલરશિપ મળી નથી. સરકારે સાઈકલની જાહેરાત કરી હતી કે સાઈકલો આપીશું, સરકારે તરત ને તરત એવી રજૂઆત કરી કે ભાઈ, જે ગામમાં સ્કૂલ હોય તે ગામને સાઈકલ આપવાની નથી. આદિવાસી ગામડામાં ૫ થી ૭ કિલો મિટર લાંબા વિસ્તારમાં પથરાયેલા છે અને આ ૫ થી ૭ કિલો મીટર લાંબા વિસ્તારમાં એ બહેનોને ૩ થી ૪ કિલો મિટર ઓછામાં ઓછું ચાલવું પડે છે ત્યારે આવા સંજોગોમાં સરકાર સ્થળ પર નિરીક્ષણ કરીને કંઈક વિચારે કે, આ સાઈકલ યોજના કયા હેતુ માટે મંજૂર કરી હતી અને કયા હેતુથી બંધ કરવામાં આવી છે?

માનનીય અધ્યક્ષશ્રી, કાયદા સ્નાતક ટ્રાયબલ વિસ્તારમાં છે, એમાં જે નવા સ્નાતકોને પ્રેકટીસ કરવા માટે સહાય મળવાપાત્ર હોય છે, છેલ્લા ૩-૪ વર્ષથી આ સહાય સરકાર તરફથી આપવામાં આવી નથી. સરકારે કહ્યું છે કે ગામડાના વિસ્તારમાં આપણે ચેકડેમો ૮૦:૨૦ યોજના બનાવી, પણ કોઈપણ આદિવાસી ગામ એવા નથી કે ૨૦ ટકા પૈસા ભરી શકે? એને લીધે એ વિસ્તારના વિકાસના કામો થઈ શકતાં નથી, ત્યારે માનનીય નાણામંત્રીશ્રીને પણ વિનંતી છે કે, આ વિસ્તારમાં થોડુંક વિચારો કે આ વિસ્તાર જે ગરીબ વિસ્તાર છે જેમને પોતાની રોજીરોટીનો સવાલ છે ત્યારે આવા વિસ્તારમાં ૮૦:૨૦ યોજનામાં જે આ ૨૦ ટકા રદ કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, વાહનવ્યવહારની વાત કરું તો અત્યારે જે બસો ચાલે છે મોટાભાગે કયાંક ને કયાંક રોડ પર ખોટકાયેલ જોવા મળે છે. ૯૦૦૦ ટોટલ રૂટો હતા એમાંથી ૧૦૦૦ રૂટો બંધ હાલતમાં છે. અત્યારે આપણી પાસે ૭૬ લાખ ૧૮ હજાર વાહનો બીજા ચાલી રહ્યાં છે, એમાંથી આપણને ઘણો બધો ટેકસ મળે છે. લગભગ ૧૨૦૦૦ કરોડ જેટલો ટેકસ મળે છે. વાહન વ્યવહાર વિભાગ જે ચલાવી રહ્યા છે, એમાં આર.ટી.ઓ., આર.ટી.ઓ. ઈન્સ્પેકટર, આસિસ્ટંટ ઈન્સ્પેકટર એમની જગ્યા ઘણા સમયથી ખાલી છે. કોર્ટે પણ નિર્દેશ કર્યો હતો કે આ જગ્યા ભરો છતાં આ સરકારે જગ્યા ભરી નથી એને લીધે આપણને જે રેવન્યૂ મળવી જોઈએ એ મળી શકતી નથી. મારા વિસ્તાર શામળાજીની વાત કરું તો આર.ટી.ઓ. ઑફિસમાં ફોલ્ડર નામના માણસો કામ કરતા હોય છે એમને કોણ જાણે કોણ પગાર ચૂકવે છે એ ખબર પડતી નથી? મેં આ બાબતે ગૃહમંત્રીનું પણ ધ્યાન દોર્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય સેવામાં સરકારે સેવાની ગુણવત્તા માટે રોગી કલ્યાણની વાત કરી હતી, પણ એનાથી આ સેવા, જે સેવા સુધરવી જોઈએ એ સુધરતી નથી. હોસ્પિટલોમાં અત્યારે ઘણા સમયથી મોંઘી દવા મળતી રહે છે. ઘણા બધા ગૃહના સભ્યોએ પણ રજૂઆત કરી હતી કે ૨૫ થી ૩૦ ટકા મોંઘી દવા સરકારે કયા કારણોસર લેવાની જરૂર પડી એ ખબર નથી. આ વિભાગમાં પણ ઘણા બધા અધિકારીઓની જગ્યાઓ ખાલી છે. એડિશનલ ડાયરૅક્ટર લેવલની જગ્યા ખાલી છે. આ જગ્યાઓના પણ ડબલ ડબલ ચાર્જ આપવામાં આવે છે અને આ જગ્યાઓ આ રીતે ભરવામાં આવતી નથી. સિવિલ સર્જનની પોસ્ટ પર જે ઘણા વર્ષોથી હાજર થયા હોય એમને ૨૫ - ૩૦ વર્ષ થયા છતાં એમને કોઈ જાતના પ્રમોશન આપવામાં આવતાં નથી. હલકી ક્ષાની દવાઓ અને એક્સરેની જે હલકી ક્ષાના આવે છે એ પણ સરકાર કેમ ખરીદે છે, એ ખબર પડતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, નવી બે નર્સિંગ સ્કૂલો આ વર્ષે સરકારે ચાલુ કરી છે એના માટે ધન્યવાદ આપું છું. સરકારના ત્રણ વિભાગો કામદાર રાજય વીમા યોજના, આરોગ્ય વિભાગ અને તબીબી વિભાગ, અત્યારે કામદાર વિભાગમાંથી ૪૦ જેટલી બહેનોને છૂટી કરવામાં આવી છે, તો દરેક વિભાગ માટે સરખા નિયમો હોવા જોઈએ પણ એક જ વિભાગ પૂરતા આવા નિર્ણયો કેમ સરકારે લેવા પડ્યા છે એ ખ્યાલ નથી આવતો?

માનનીય અધ્યક્ષશ્રી, રસ્તાઓમાં અત્યારે સરકારે બહુ સારી મોટા મોટા રસ્તાઓની વાતો કરી છે,,ત્યારે ગામડાના રસ્તાઓ જે જરૂરિયાત છે જે ૭૦ટકા વસ્તીની જરૂરિયાત છે એ થતા નથી અને જે રસ્તાઓ જે હાલ થોડા થઈ રહ્યા છે એની પહોળાઈ છે એ ત્રણ મીટર છે. આ કાયદો ક્યારનો નીકળી ગયો છે છતાં પણ આ ગામડાઓના રસ્તાઓ ત્રણ મીટરના થાય છે. ખરેખર ૩.૭૫ થવા જોઈએ એના બદલે ઓછી બ્રેથવાળા થાય છે, એની થીકનેસ પણ ઓછી હોય છે અને સરફેસ પણ અનઈવન વાળા આવા રસ્તાઓ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં સૈનિક શાળાની વાત કરી, ત્રણ વર્ષની એના બે-બે કરોડ રૂપિયા ટ્રાયબલ વિભાગ તરફથી મંજૂર કરવામાં આવે છે અને પૈસા લેપ્સ જાય છે, કોઈ કાર્યવાહી થતી નથી એટલે વિનંતી છે કે, સૈનિક શાળાનું કામ આગળ વધારવામાં આવે. જમીનનું દફતરી કરણ ખૂબ સારું છે પણ ટ્રાયબલ વિસ્તારના જે ખેડૂતો છે એ પાંચ ભાઈઓ હોય તો એક જ ભાઈનું જમીનનું કોમ્પ્યુટરાઈઝ થાય છે, ત્યારે બીજા

બધાને મુશ્કેલી થાય છે એવા સંજોગોમાં સરકાર એના દફતર અપ-ટુ-ડેટ કરે અને પછી જ કમ્પ્યુટરાઈઝ કરે તો વધુ સારું એવી વિનંતી છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં માનનીય નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે, એમાં મારો સૂર પૂરાવીને હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક મનુષ્યને જીવનમાં બાળપણમાં લીધેલ શિક્ષણ અને સંસ્કારોનું સૌથી વધારે મહત્ત્વ હોય છે. આધુનિક વિજ્ઞાને પણ એવું સંશોધન કર્યુ છે કે, બાળપણની શરૂઆતમાં જે બાળક શિક્ષણનો અભ્યાસ કરે એની અસર એના સમગ્ર જીવનકાળ દરમિયાન રહેતી હોય છે. આથી દુનિયાના તમામ દેશોએ પ્રાથમિક શિક્ષણને વધારે મહત્ત્વ આપ્યું છે. વર્તમાન સરકારે પણ ગુજરાતની અંદર પ્રાથમિક શિક્ષણને અગ્રિમતા આપી છે ત્યારે હું જોઉં છું કે, વધુમાં વધુ ટીકાઓ શિક્ષણની અંદર ચાલી રહી છે. કેન્દ્રના આયોજન પંચે જેની સરાહના કરી છે, શિક્ષણ વિભાગની કામગીરીની એની ટીકાઓ થાય છે. વિરોક્ષપક્ષના નેતા બોલી રહ્યા હતા એમના પ્રવચનમાં શિક્ષકો અને ઓરડાઓની ટીકા કરી છે. હું તો ગામડામાંથી આવેલો ધારાસભ્ય છું, ધોરણ-૧ થી ૭નું શિક્ષણ મેં ગામડામાં લીધું, એમના શાસનમાં લીધું છે, લીમડા નીચે બેસીને લીધેલું છે.(અંતરાય) ઓરાડાઓ નહોતા, સાંભળવું પડશે ( અંતરાય) જે દિવસે ઓરડામાં બેસવાનો વારો આવતો હતો, વારા કાઢવા પડતા હતા અને જે દિવસે ઓરડામાં બેઠા હોઈએ ત્યારે ઓરડામાં બેઠા બેઠા ઊડતા કાગડાઓ મેં એમના શાસનમાં પણ જોયા છે, શિક્ષકોની વાત કરું તો, ૧ થી ૭ ધોરણમાં માત્ર બે શિક્ષકો? કેવી શિક્ષણની વ્યવસ્થા હતી (અંતરાય) એ સાંભળવું પડશે. એક શિક્ષક એવું ભણાવે કે દરવાજે ચોકી કરે, નિશાળના દરવાજે. શાના માટે ? બહારથી લોકો આવે એના માટે નહીં પણ કોઈ છોકરો ઘરે દફતર લઈને ભાગી ન જાય એના માટે ચોકી કરે અને બીજો શિક્ષક ભણાવવાની કેવી વ્યવસ્થા? એક બીજા છોકરા માથા ના ફોડે એનું ધ્યાન રાખે, આ શિક્ષણની વ્યવસ્થા એમના સમયમાં હતી. વર્ગ ખંડોની વાત કરું તો, એમના વખતની વાત કરું ૧૯૯૨-૯૩થી ૧૯૯૬-૯૭ સુધીની વાત કરું તો ગુજરાતમાં વર્ગ ખંડો બનાવવાની ગતિ ધીમી હતી, એમણે જે વર્ગ ખંડો બનાવ્યા એ ૧૯૯૨-૯૩થી ૧૯૯૬-૯૭ સુધી ૬૫૯૭ વર્ગ ખંડો બન્યા હતા. ૧૯૯૭-૯૮થી ૨૦૦૪માં બધી યોજનાઓના વર્ગ ખંડો મળીને ૫૪,૬૪૩ ઓરડાઓનું બાંધકામ રાજય સરકારે કર્યુ, આ વર્તમાન સરકારના ઓરડાઓની નીતિની વાત છે. આ સરકારે તો, એક શિક્ષક દીઠ એક ઓરડો ફરજિયાત એવો સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો છે. મેં શિક્ષકની વાત કરી,

કન્યા કેળવણીની ટીકા કરી, શિક્ષકો મોકલો ગામડે ત્યારે મારે કહેવું છે વર્તમાન સરકારે ૮૦૪૭૭ શિક્ષકોની ભરતી કરી, એમાં ૪૬૬૭૬ મહિલા, ૧૦૪૧૩ અનુસૂચિત જાતિના લોકો, ૧૧૪૬૪ અનુસૂચિત જનજાતિના અને ૨૦૩૭૭ બક્ષીપંચના લોકોને નોકરી મળી છે. જેનો કોઈ આધાર નથી એવા અપંગ ૨૩૬૦ લોકોને નોકરી મળી છે. વિદ્યા સહાયકોની અંદર. ૨૫૦૦૦ કરતાં વધારે વિદ્યા સહાયકોને પૂર્ણ પગારમાં આ સરકાર લાવી છે. આ જ્યારે વાત કરતા હોઈએ ત્યારે મારે કહેવું છે કે શિક્ષણ વિભાગમાં જે ટીકા થઈ રહી છે એની વાસ્તવિકતા આ છે. વિરોધ પક્ષના નેતાએ બીજી પણ એક વાત કરી વર્તમાન સરકાર સરદાર પટેલને ભૂલી ગઈ છે અને હિટલરને યાદ કરે છે. ખૂબ જ ગંભીર આક્ષેપ છે સરકાર ઉપર. મારે કહેવું છે હિટલર જેણે ૬૦લાખ જેટલા યહુદીઓની ગેસ ચેમ્બરમાં ગુંગળાવીને હત્યા કરી હતી અને હિટલર જેની ઈચ્છા એ જ કાયદો અને ન્યાય. આવા હિટલરને કોણે યાદ કર્યો? ધોરણ-૧૦ના સમાજવિદ્યામાં પ્રકરણ-૬માં પાઠ છે. આ પાઠ તા.૨૬-૨-૯૩ના રોજ મંજૂર કરીને છાપવામાં આવ્યો છે એમના શાસનમાં. હિટલરને એમણે યાદ કર્યા છે. ધોરણ-૧૦માં ચોપડીમાં જે છપાયું છે એ એમના સમયમાં છપાયું છે એને એમણે યાદ કર્યા છે. સરદાર પટેલને ભૂલી ગયા એવા ગંભીર આક્ષેપ કર્યા છે ત્યારે મારે એ કહેવું છે કે સરદાર પટેલની સાથેસાથે જે વીર અને વીરાંગનાએ શહીદી વહોરી છે એમના ફોટા છાપ્યા છે? વીર સાવરકર, ભગતસિંહ, ઝાંસીની રાણી, સરદારસિંહ રાણા, ખુદીરામ બોઝ, બિરસા મુંડા, ચંદ્રશેખર આઝાદ, મેડમ કામા, શ્યામજીકૃષ્ણ વર્મા આવા વીર શહીદોના ફોટા છાપ્યા છે?

ગુજરાતના વર્તમાન શાસનમાં કાયદો અને વ્યવસ્થાની ટીકા કરી, જુનાગઢના નવાબ ઉપર એક શેર લખાયેલો છે "બાબર તારી બકરીનો ભલે કોઈ ન ઝાલે કાન પણ ખરીયો ટોપી ખાઈ ગયો પેલો ભડલીવાળો ભાણ" . ભડલીવાળા ભાણનું શાસન છે આ રાજયમાં. આતંકવાદી, નકસલવાદી ભલે ગમે તે કરતા હોય, ગુજરાતમાં કબ્રસ્તાન ભેગા થાય છે. ૨૬ મી જાન્યુઆરીએ ભૂકંપ આવ્યો ૨૦૦૧માં. ગુજરાતમાં ખૂબ મોટી જાનહાનિ થઈ જેમાં બાળકો અને શિક્ષકોના પણ મૃત્યુ થયાં. આ દુઃખદ ઘટના અને બાળકોના મૃત્યુની સ્મૃતિમાં ગુજરાત સરકારે વિદ્યાદિપ યોજના દાખલ કરી. એમના માતા પિતા, વડીલોને સરકારે પ્રજા ધર્મ બજાવવા માટે વીમા કવચ લેવા વિદ્યાદિપ યોજના દાખલ કરી. પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાના તમામ ગુજરાતના વિદ્યાર્થીઓને ૨૫૦૦૦-૫૦૦૦૦નું વીમા કવચ લીધું. વર્તમાન સરકારે પ્રાથમિક શાળામાં ૮૫ લાખ બાળકોને અને માધ્યમિક શાળામાં ૨૯ લાખ બાળકોને ૫૦૦૦૦નું વીમા કવચ પૂરું પાડયું છે. ૬૫૫ બાળકોના વાલીઓને ૨૧૫ લાખ અને ૭૫ લાખની રકમ ચૂકવાઈ ગઈ છે. ચાલુ વર્ષમાં પણ રાજયની તમામ શાળામાં ફર્સ્ટ એઈડ બોકસ,

આગ પ્રતિરોધક વ્યવસ્થા પણ આ સરકાર કરી રહી છે. આ સરકારે બીન આયોજનક્ષેત્રે ૩૮૦૦.૫૮કરોડ અને આયોજન ક્ષેત્રે ૪૭૭.૮કરોડની ફાળવણી સૂચવી છે. આટલી પ્રગતિ હોવા છતાં વિરોધપક્ષને ટીકા કરવાનું કોઠે પડી ગયું છે,પરંતુ પ્રગતિના પ્રકાશથી અકળામણ અનુભવતા હોય ત્યારે મારે કહેવું છે કે ઘણા જીવ એવા છે કે સૂર્યોદય જતાં એમની આંખો બંધ કરી દે.એમનો એક જ મંત્ર, જાપ હોય અંધેરા કાયમ રહો પણ એ નિશાચરોની નારાજગીથી સૂર્ય નારાયણ કયારેય એની સભા સમાપન નથી કરતો. ૪૫-૪૫ વર્ષથી ગુજરાતના ઘડતરના નામે માત્રને માત્ર ગુજરાતનું શોષણ કર્યુ છે. હું કોંગ્રેસની વાત નથી કરતો. ગાંડા બાવળની વાત કરું છું. ગાંડા બાવળ જે ૪૫ વર્ષમાં ગટરોમાં, રોડમાં જે શાસન જમાવીને બેઠા હતા, તેમને કાઢવાનું વર્તમાન સરકારે અભિયાન હાથ ધર્યુ છે, તેમાં સિંચાઈ મંત્રીશ્રીનો મારે આભાર માનવો છે.

કૃષિક્ષેત્રની છેલ્લે વાત કરું છુ. માનનીય સિંચાઈ વિભાગના મંત્રીશ્રીએ ૩૦-૩૦ કિલોમિટર મારા મત વિસ્તારની અંદર ગટરમાંથી બાવળ દૂર કરી રિપેરિંગ કરી ખેડૂતોને કરોડો રૂપિયાની ખેતીવાડીને નુકસાન થતું અટકાવ્યું છે.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના નાણા મંત્રીશ્રી આદરણીય વજુભાઈ જે અગિયારમી વખત બજેટ લઈને આવ્યા છે, એમાં હું મારો સૂર પૂરાવું છું અને સૂચન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મિત્રો મને એવું લાગે છે કે ૧૨-૧૫ વર્ષના હશે, કારણ કે એમનું જ્ઞાન માત્ર ૧૨-૧૫ વર્ષ પૂરતું જ છે, એટલા માટે કે આ બધા લોકો ભણ્યા છે અમે અને તમે બધા. એ વખતે કોનું શાસન હતું? કેટલાક વડીલો આઝાદી પહેલા જન્મ્યા હશે. એમને આઝાદી પહેલાની વાતની ખબર હશે, આપણે બધા લગભગ ૬૦ થી ૭૦ ટકા લોકો આઝાદી પછી જન્મ્યા છીએ. કેટલાક મિત્રોએ અંગ્રેજી શાસન વખતે જન્મ લીધો હશે, મહત્ત્વની વાત એ છે કે આજે જે વિકાસ થયો છે એ વિકાસની બાબતમાં ટીકાટિપ્પણ હોઈ શકે, એમાં સુધારો વધારો હોઈ શકે, પણ તમારી સરકારે કશું જ કર્યુ નથી. અમે હથેળીમાં ચાંદ બતાવ્યો છે, તે વ્યાજબી નથી. હું આપને કહું આંબલીના પત્તામાં દાળ ખાવી એ કેટલું વાસ્તવિક છે, એવું આ બજેટ છે. આંબલીના પત્તામાં દાળ ખાઈએ અને બજેટ વાંચીએ બરાબર દેખાય છે, કારણ કે દર વખતે બજેટની અંદર જે કંઈ જોગવાઈ કે યોજના કરવામાં આવે છે, ગમે તે કારણોસર દબાણને વશ થઈ અથવા તો કોઈ રાત્રે સ્વપ્નું આવ્યું હોય અને સ્વપ્નની અંદર સુંદરતા દેખાઈ હોય, આભાસી સુંદરતા એ ધ્યાન મૂકે એ આમાં મૂકી હોય તેવું મને દેખાય છે. એમાં કારણ કે હું એક જ દાખલો કહું અગિયારમી વખત બજેટ આવ્યું હોય, નાણા મંત્રીશ્રી આપતા હોય તો પહેલા વર્ષે, બીજા વર્ષે, ત્રીજા વર્ષે, ચોથા વર્ષે જે કઈ યોજના આવી હોય એ યોજના ક્યાંક ને ક્યાંક પાછી ફરીથી પ્રદર્શિત થતી હોય. આજે ગોકુળ ગ્રામ યોજના ભૂલાઈ ગઈ. એનાથી વિશેષ આગળ કહું નર્મદાના પાણી હું રોડ ઉપર જોઉં છું. રસ્તા ઉપર જતા હોય જ્યારે કેશુભાઈનું રાજ હતું. સરકારનું એક સૂત્ર હતું નર્મદાના પાણી કેશુભાઈ લાવ્યા તાણી. સરકાર બદલાઈ, નવા મુખ્યમંત્રીશ્રીએ ધૂરા સંભાળી અને એ જ નર્મદાના પાણી નરેન્દ્રભાઈ લાવ્યા તાણી. આ શું કહેવાય ? એ નર્મદાના પાણીનું વર્ષમાં કેટલી વખત વસ્ત્રાહરણ કરશો.

આજે લોકભાગીદારીની વાત છે. ખૂબ સુંદર પ્રયોગ છે, આની અંદર વિસંગતતા ક્યાંક છે. કેટલાંક ઉજળિયાત ગામો, પૈસાપાત્ર ગામો, જ્યાં પૈસાપાત્ર લોકોનો વસવાટ છે તેવા લોકોના લોકભાગીદારીથી પૈસાપાત્ર લોકો પૈસા ભરી દે છે. જ્યારે ગરીબ ગામડા, આદિવાસી અને બક્ષીપંચના ગામડા, અંતરિયાળ વિસ્તારના વિસ્તારોમાં જયાં આ પરિસ્થિતિ છે અને કોઈના પૈસા ભરાતા નથી. પૈસા ન ભરવાના કારણોસર ત્યાં કામગીરી થતી નથી. સરકારમાં વારંવાર રજૂઆત કરીએ કે ૮૦:૨૦, ૬૦:૪૦ અને ૯૦:૧૦ ની યોજનાઓ છે ત્યાં આવી ૧૦ ટકા, ૨૦ ટકા કે ૪૦ ટકા પૈસાની વ્યવસ્થા ન થાય ત્યારે આવા ગામોને સર્વાંગી વિકાસમાંથી બાકાત રાખવાના? ધારાસભ્યની ગ્રાન્ટ ચોક્કસ ભરી શકશે પણ ધારાસભ્યશ્રીનું બજૅટ વધારવાનું માનનીય નાણામંત્રીશ્રીને કહો કનુભાઈ. આજે ૫૦ લાખની જગ્યાએ પાંચ કરોડ રૂપિયાનું બજૅટ આપો તો કોઈ ફરિયાદ નહીં રહે.

બીજી વાત કહું કે આજે સવારે પ્રશ્નમાં ચર્ચા કરતા હતા કે એક જ તાલુકાની અંદર આંગણવાડીઓના ૮૨ મકાન બાકી છે. આ પરિસ્થિતિ ક્યારે સર્જાય કે જ્યારે ૬૬ હજાર કરોડ રૂપિયાનું દેવું કરી ચૂક્યા હોઈએ અને સાહેબ આઠ હજાર કરોડમાંથી ૬૬ હજાર કરોડ રૂપિયાના દેવા સુધી ગુજરાત સરકાર પહોંચી હોય ત્યારે એક એક તાલુકાની અંદર ૮૨-૮૫ આંગણવાડીઓના મકાનો બાકી હોય. શેના માટે તમે દેવુ કર્યુ? શું કામગીરી કરી? માનનીય શંકરસિંહ વાઘેલાની સરકાર હતી અને તેઓએ સરકાર છોડી ત્યારે આઠ હજાર કરોડ દેવું હતું. તેના પછી ૬૬ હજાર કરોડ દેવું થયું છે, આ માનનીય મંત્રીશ્રીનો જવાબ છે. હું બીજી વાત નથી કરતો. પણ જે દેવું થયું તે દેવા પાછળની કામગીરી તો હોવી જોઈએ ને? કયાંક તો તે મૂડીમાં પરિવર્તીત થવી જોઈએ, તે મૂડીમાં પરિવર્તીત ન થયું. કારણ કે વાઈબ્રન્ટ ગુજરાત, ધબકતું ગુજરાત કે શી ખબર ધ્રૂજતું ગુજરાત તેની ખબર પડતી નથી. ધ્રૂજતા ગુજરાત અંદર એમ.ઓ.યુ. થયા તે ચોક્કસ આનંદની વાત છે. આટલા ઈન્ડસ્ટ્રીઝવાળા ગુજરાતમાં આવશે. અત્યારે ગુજરાતની અંદર જે ઉદ્યોગકારો છે તે ઉદ્યોગો સ્થાપિત થયા છે તેની અંદર આજે જી.એસ.એફ.સી.માં પૂછો. ૮૫૦ એકમો માંદા થઈ મૃતપાય થઈ ગયાં છે. બધા જ જી.એસ.એફ.સી.એ. લઈ લીધાં

છે. જી.આઈ.ડી.સી.માં પૂછો તો આજે કોઈ જી.આઈ.ડી.સી. વાયેબલ નથી, પરિસ્થિતિ એવી પેદા થઈ છે કે ઈન્ફ્રાસ્ટ્રકચર છે તેને રીપેરીંગ કરવાના પૈસા નથી. પીવાના પાણીના બોરના લાઈટ બીલના પૈસા નથી. સરકારમાં તેની રજૂઆત કરવી પડે કે જી.આઈ.ડી.સી.ને રૂપિયા ફાળવો જેથી કરીને સરકારનું દેવું ભરી શકે. આ જ પરિસ્થિતિ જી.આઈ.આઈ.સી.ની છે. આપણે વન ટાઈમ સેટલમેન્ટ કરીએ, પીનલમાંથી ઈન્ટરેસ્ટ માફ કરીએ, પૅનલથી માફ કરીએ, આ બધું માફ કરીએ તેમ છતાં ઉદ્યોગપતિઓ પૈસા ભરી શકે તેવું નથી. કારણકે અત્યારની પરિસ્થિતિમાં બજાર મૃત થઈ ગયાં છે, તેમાં તેની પરિસ્થિતિ બહુ ગંભીર બનતી જાય છે. સરકારે આની ચિંતા કરી નથી. ગ્રામમાર્ગ યોજનાની જગ્યાએ માનનીય આદરણીય શ્રી આઈ.કે.જાડેજાએ બહુ સુંદર શબ્દો વાપરી કિસાનપથ કર્યુ. બહુ સારી બાબત છે, અભિનંદન આપવાને પાત્ર છે. ગ્રામમાર્ગ યોજના જે હતી જે વર્લ્ડ બેંક આધારિત યોજના હતી તે ગમે તે કારણોસર બંધ થઈ ગઈ પણ જો તે ચાલુ રહી હોત તો ચોક્કસ આપણે કંઈકને કઈક ગામડાઓના રસ્તાઓમાં મજબૂતીકરણ સફળતાપૂર્વક હાંસલ કરી શક્યા હોત. આવી જ પરિસ્થિતિ ૭-૧૨ના ઉતારાની છે. સારી બાબત છે ગ્રામ પંચાયતના રેકર્ડને અપડેટ કરવા માટે કોમ્પ્યુટરાઈઝ કરવા માટે જે ઈ-ગ્રામ યોજના લઈને આવ્યા છે. તેમાં તલાટી મંડળે વિરોધ કર્યો એટલે આ કામગીરી કોઈ પ્રાઈવેટ એજન્સીને સોંપવામાં આવી છે. પ્રાઈવેટ એજન્સીને કામગીરી સોંપાય તેની સામે કોઈ વાંધો નથી. આ કામગીરીમાં મામલતદારોની શી મુશ્કેલી છે તેની કોઈને કલ્પના નથી. કારણકે મારો પોતાનો અનુભવ કહું. મારા પોતાના કૂવાને પિયતની જમીન હોવા છતાં બિનપિયત લખી દીધું. હવે સુધારો કરવા માટે તારીખ પૂરી થઈ ગઈ હતી એટલે આવી મુશ્કેલીઓની શરૂઆત છે અને હવે બહુ માગણીઓ આવી એટલે તલાટી ૭-૧૨ના ઉતારા આપે તે વ્યવસ્થા કરી. પણ એ વ્યવસ્થાના ભાગરૂપે ગામમાં કાં તો કૉમ્પ્યુટર હોય તો એ કૉમ્પ્યુટર ચલાવનાર કર્મચારી ના હોય અને જો કર્મચારી હોય તો કૉમ્પ્યુટર ના હોય, એવી સ્થિતિ સર્જાઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, પાંચ રૂપિયા ભરે તો પંચાયતમાંથી ૭(૧૨) અને ૮(અ)ના ઉતારા મળે, પાંચ કે પંદર રૂપિયા ભરે તો મળે, આ બધી મુશ્કેલી છે એના કરતાં હાથથી એ રેકર્ડ થતું હતું એમાં ધીરે ધીરે બંને વિકલ્પો ખુલ્લા રાખીને આ અંગેની જો વ્યવસ્થા ગોઠવી હોત તો ખેડૂતોને વધારે લાભ આપી શક્યા હોત.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે વોટરશેડની એક વાત કરીને મારું વક્તવ્ય પૂરું કરીશ. વોટરશેડની વાત કરું તો વોટરશેડમાં આજે સ્થિતિ એ સર્જાઈ છે કે આખો વોટરશેડના પ્રોજૅકટ માટે એનજીઓ દ્વારા ગુજરાત સરકાર ભલામણ કરીને ભારત સરકારને મોકલી આપે, જિલ્લા કક્ષાએથી ભલામણ થઈને આવે એ પ્રમાણે, ભારત સરકાર એ પૈસા અહીંયાં પ્રોજૅકટ મંજૂર કરીને મોકલી આપે, પણ પરિસ્થિતિ એ ઊભી થઈ કે, મારા મત વિસ્તારની વાત કરું તો વન વિભાગ અને પ્રાઇવેટ એનજીઓ, એ બંનેએ સંયુક્ત રીતે કામ કર્યુ, પણ આજે પરિસ્થિતિ એવી થઈ છે કે, બંનેમાં હિસાબ નથી મળતો, પેલો કહે છે કે, આ ચેકડેમ મેં બનાવ્યો અને પેલો કહે કે આ ચેકડેમ મેં બનાવ્યો, એક કહે કે આ પાળો મેં બનાવ્યો અને પેલો કહે કે આ પાળો મેં બનાવ્યો, આજે પરિસ્થિતિ એ થઈ છે કે, એના કારણે ચૂકવણુ કોઈને થતું નથી. આજે ઘણી મોટી મુશ્કેલી ઊભી થઈ ગઈ છે. આખો પ્રોજૅકટ થંભી ગયો છે. એટલે માનનીય કૃષિ મંત્રીશ્રી, ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને હું વિનંતી કરું છું કે આ પ્રોજૅકટની અંદર ના હોય તો બધાને સંકલિત કરી અને એક મીટિંગ રાખો અને મીટિંગ રાખીને આ પ્રશ્ન હલ કરો, કારણ કે ગરીબ અને આદિવાસી લોકોના ખેતરના સમતળની વાત છે. એના ખેતરોમાં પાળાબંધીની વાત છે એની વાડી પ્રોજૅકટની વાત છે એટલે આ બાબતમાં કંઈક રસ્તો નીકળે એવું કરવા સૂચન કરીને હું વિરમુ છું, જય ભારત.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાં મંત્રીશ્રી વજુભાઈ વાળા બજૅટ લઈને આવ્યા છે એને આવકારવા અને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં ઘણી વાતો થઈ, વાદવિવાદ થાય અને ચર્ચાઓ થઈ કે વિકાસ અમે નથી કર્યો, ૧૯૬૦થી લઈને ૧૯૯૫ સુધી કોંગ્રેસે રાજય કર્યુ એટલે કેટલોક વિકાસ કર્યો, ડૅમ બાંધ્યા, બધું બાંધ્યું, અમે એને આવકારીએ છીએ અમે ખોટું નથી કહેતા પણ ઉપર વિચારવાની તાકાત એમનામાં ન હતી. કારણ ડૅમ બાંધ્યા આ ડૅમનું પાણી જોઈ પર્યટકો પાછા જતા હતા, એ સાચી દિશામાં જાય એ વિચારવાની કલ્પના કોંગ્રેસમાં ન હતી.માનનીય અધ્યક્ષશ્રી, ખેતીવાડી માટે નર્મદા બંધ બંધાયો એના પછી માનનીય કેશુભાઈ અને માનનીય નરેન્દ્રભાઈ મોદી, આ બંનેની દીર્ઘદૃષ્ટિથી આજે એની નહેરો ઠેઠ રાજસ્થાન સુધી પહોંચી છે. દરેક નદીઓમાં પાણી આપવાનું, દરેક નદીઓમાં પાણી આપણે જોઈ રહ્યા છીએ, એ સિવાય કોંગ્રેસે ધરોઈ ડૅમ બાંધ્યો, એ હું સ્વીકારું છું પણ આપણે ફલોરાઈડવાળું પાણી પીતા હતા, આ પાણી પીવાથી જુવાનીમાં ઘડપણ આવી જતું હતું, અસહ્ય બિમારીઓ થઈ જતી હતી, ફલોરાઈડવગરનું પાણી આપવાની દીર્ઘ દૃષ્ટિ કોંગ્રેસમાં ન હતી, ભાજપની સરકાર આવી અને એને ફ્લૉરાઇડ વગરનું પાણી આપ્યું. ભાજપે કેટલીક નહેરો ખોદી અને પાણી આપ્યું અને કેટલોક પાક પણ બચાવ્યો એનાથી આપણને કરોડો રૂપિયાનો ફાયદો થયો, એવી દીર્ઘ દૃષ્ટિ કોંગ્રેસમાં ન હતી.

માનનીય અધ્યક્ષશ્રી, અરે, માનનીય વજુભાઈ વાળાએ એકલા સેલ્સટેક્સમાં એક વર્ષમાં એક હજાર કરોડનો આવકમાં વધારો કર્યો, જે સાત હજાર કરોડની આવક હતી એની જગ્યાએ આઠ હજાર કરોડની આવક કરી, એમણે કરકસરયુકત વહીવટ કરીને આવકમાં વધારો કર્યો છે, ચોરી થતી અટકાવીને આવકમાં વધારો કર્યો છે. અરે, વીજળીની વાત કરીએ તો માનનીય મંત્રીશ્રી સૌરભભાઈએ જ્યારથી ઊર્જાનો કાર્યભાર સંભાળ્યો, એમાં ૪૫૦ કરોડમાંથી ૯૫૦ કરોડની આવક કરી, માનનીય સભ્યશ્રી ચંદ્રિકાબહેન હમણાં કહેતાં હતાં કે જયોતિગ્રામ યોજના કરી, સાત હજાર ગામોમાં વીજળી આપી, ૩૫૦ કરોડની એમાં તમે બજૅટમાં સમાવેશ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, ૩૫૦ કરોડ રૂપિયા વપરાશે.

**અધ્યક્ષશ્રી મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

આ કોઈ નાની-સુની વાત નથી. આ ૪૦ વર્ષોમાં તમે કાંઈ વાપરી શકયા નહીં એ વાપરવાનું કામ તો અમે કર્યું જ છેને? આજે ૭ હજાર ગામોમાં એમને એમ જયોતિગ્રામ યોજના થઈ નથી પણ એના માટે એક લાખ કિલોમિટરની વીજળીની લાઈન નાંખવાનું ભગીરથ કામ જો કોઈએ કર્યું હોય તો આ વિદ્યુત બોર્ડે કર્યું છે. આ કામગીરી માનનીય મંત્રીશ્રીએ દીર્ઘદષ્ટિથી કરી છે. અરે, કોંગ્રેસના રાજમાં ટ્રાન્સફોર્મર બળી જતાં હતાં ત્યારે ૧૫-૧૫ દિવસ સુધી લાઈનમાં ઉભા રહેવું પડતું હતું. 'જે મારે એની તલવાર' અને ગરીબ ખેડૂતોને લૂટતા હતા, ત્યારે આજે અત્યારે ટ્રાન્સફોર્મર ગયું હોય તો ૨૪ કલાકમાં ટ્રાન્સફોર્મર મળી જાય છે. મોટર બળવાની ફરિયાદ વારંવાર આવતી હતી એ ફરિયાદ સાંભળવાવાળું કોઈ ન હતું ત્યારે આજે આ પ્રશ્ન હલ કરવાનું કામ અમારી સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેતી ક્ષેત્રની વાત કરું તો ખેતી ક્ષેત્રે ખેડૂતો કેમ સુખી થાય એના માટે ટપક સિંચાઈ પધ્ધતિની યોજના દાખલ કરી અને એના માટે ૧૫૦૦ કરોડ રૂપિયાનું આયોજન કર્યું છે. એમાં પણ આપણે ફર્ટિલાઈઝર્સ કંપનીનો સહારો લઈ સબસીડી સાથે ફકત ખેડૂતોનું ૧૦ ટકા રોકાણ અને એ ટપક પધ્ધતિથી પાક લઈ શકાય અને એમાં પાકનો બમણો ઉતારો લઈ શકાય એ પ્રકારનું કામ આ ભારતીય જનતા પક્ષની સરકારે કર્યું છે. મિત્રો આજે આપણે ઓરડાની વાત કરી તો હમણાં કહેવામાં આવ્યું કે સીન્થેટીક ઓરડા બનાવ્યા છે, એમાં કોઈ બેસતું નથી. કોઈ બાળકો આજે બહાર બેસતા નથી. હું પ્રવાસમાં જાઉં છું ત્યારે જોઉં છું. મને ખબર છે પહેલાં સાત ધોરણ હોય તો પણ ત્યાં બે જ શિક્ષકો હતા, આજે ધોરણ-દીઠ શિક્ષકો કરવાનું કામ કોઈએ કર્યું હોય તો આ ભારતીય જનતા પક્ષની સરકારે કર્યું છે, આ નાની-સુની વાત નથી. વાઈબ્રંટ ગુજરાતમાં એટલા બધા એમ.ઓ.યુ. થયા છે. વીજળી બાબતના અને એમાં તમારા છબીલદાસ પણ આવ્યા હતા. આ એમ.ઓ.યુ. થયા છે એટલે પાંચ વર્ષ પછી આપણા ગુજરાતમાં વીજળી ક્ષેત્રે કયાંય ખાદ્ય રહેશે નહીં પણ એટલી બધી વીજળી ઉત્પન્ન થશે કે જેથી ગુજરાત સિવાયના બીજા રાજયોમાં પણ આપણે વીજળી આપી શકીશું એવી રીતે એમ.ઓ.યુ. થયા છે. પહેલા કેટલાય સબસ્ટેશનો ખોટકાતાં હતાં એના કારણે લો-વોલ્ટેજ આવતો અને મોટરો બળી જતી હતી, એ મોટરો બળવાના ત્રાસમાંથી મુકિત મેળવી શકયા છીએ. હું પણ ખેડૂત છું અને મારે પણ બે ટયુબવેલ છે એટલે મને ખબર છે.

બીજુ પાંચ ડિવિઝનમાં આખા વિદ્યુત બોર્ડનું વિભાજન કર્યુ કારણ કે, એક બનાસકાંઠાનો ખેડૂત હોય અને એક વલસાડ બાજુનો ખેડૂત હોય એની નાની મોટી ફરિયાદ હોય તો વડોદરા જવું પડતું હતું એને હવે વડોદરા સુધી નહીં જવું પડે અને એ નજીકના ડિવિઝમાં જઈને એની ફરિયાદનું નિરાકરણ કરી શકશે. આ કામ પણ આ ભારતીય જનતા પક્ષની સરકારે અને ઉર્જામંત્રીશ્રી સૌરભભાઈ પટેલે કર્યું છે. નર્મદામાંથી ધરોઈમાં પાણી નાંખીને ફલોરાઈડવાળા ૫૦૦ થી વધુ ગામોને પાણી આપવાનું કામ પણ આ સરકારે કર્યું છે. નર્મદાની નહેરોમાંથી મહેસાણા-પાલનપુર સુધીની નગરપાલિકાઓને પાણી આપવાનું કામ પણ કર્યું છે. અંતે જેટલો પણ વિસ્તાર ખેતી માટે વધશે અને પાણીનો ઉપયોગ થશે અને વધુ ખેડૂતો પાણી વાપરશે અને ખેતી કરશે તો ઓછા ખર્ચે ડબલ પાક થશે, આ રીતે ખેડૂતોને સમૃધ્ધ બનાવવાનું કામ આ ભાજપની સરકારે કર્યું છે. તમે જે કર્યું છે એ અમે સ્વીકારીએ છીએ પણ તમારામાં આ વિચારવાની તાકાત ન હતી અમે એ વિચારવાની તાકાત લઈને એનું અમલીકરણ કર્યું છે. આ માટે હું માનનીય વજુભાઈને કે જેઓ આ બજેટ લઈને આવ્યા છે એને ધન્યવાદ આપું છું. 'જય હિન્દ'

**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું. સામાન્ય રીતે અંદાજપત્રની બાબતમાં પ્રજા એવી અપેક્ષા રાખે કે એનું જીવનધોરણ ઉંચું આવે, એની જરૂરિયાતો છે એના સુધી સરકાર પહોંચે, અવિકસીત તાલુકાઓ કે અવિકસીત સમાજ છે એનો હાથ સરકાર પકડે, એની કંઈક દશા બેઠી હોય એની દશાને દિશામાં બદલીને પ્રગતિ તરફ લઈ જાય એવી વાત સરકારના અંદાજપત્રમાં હોય એવું મને લાગતું નથી.

સમગ્ર ગુજરાતમાં પાણીની તંગી છે ત્યારે સમગ્ર ગૃહના ધારાસભ્યોની લાગણી એવી હતી કે સરકારે ૬૦:૪૦ ની યોજના કરી છે એની જગ્યાએ ૮૦:૨૦ ની યોજના થાય તો વરસાદી પાણીના સિંચન માટે ગુજરાતને જરૂરી છે, એ વાત સરકારે સ્વીકારી છે ત્યારે આ વાતને હું આવકારું છું. સુજલામ્-સુફલામ્ની વાત કરું તો, સરકારે જાહેરાત કરીને આ વખતે જે બજેટ ફાળવવાની વાત કરી છે અને અંદાજપત્રમાં બજેટ ફળવાય છે, ત્યારે આ યોજના જેટલા સમયમાં પ્રાયોરિટિ આપીને પૂરી કરવાની હતી એ બાબતમાં ક્યાંક એવું લાગે છે કે આ યોજના લંબાતી જશે અને પાણીનો જે વિકટ પ્રશ્ન છે, પીવાના પાણી અને સિંચાઈ માટેનો જે વિકટ પ્રશ્ન છે એ પાછો ઠેલાતો જશે. જો શુદ્ધ આશયથી સુજલામ્-સુફલામ્નું કામ હાથમાં લીધું હોત તો એમાં જે જોગવાઈ થવી જોઈતી હતી બજેટની એ જો આમાં કરી હોત તો વધારે સારી રીતે કામ થઈ શક્યું હોત. અમારા વિદ્વાન ધારાસભ્યશ્રીઓએ વાત કરી કે ગામડાઓમાં પીવાનું પાણી મળે, આંગણવાડીઓ થાય, શિક્ષણમાં ઓરડાઓની ઘ ટ પૂરી થાય, શિક્ષકો પૂરતા પ્રમાણમાં મળે, સારી દવાઓ અને દવાખાનાઓ મળે એના માટે ગત વરસે જે બજેટ ફાળવ્યું એમાંથી કેટલા ટકા વપરાયા છે,એનું પણ ક્યાંક સંશોધન કરવું પડશે., કેટલાક સમાજો એવા હતા કે શિક્ષિત નહોતા થયા, કુરિવાજોના હિસાબે કે વિસ્તારના હિસાબે એને શિક્ષણ લેવામાં કયાંક મોડું થયું, ક્યાંક સારા રાજકીય આગેવાનો મળ્યા, ક્યાંક સારા સમાજના આગેવાનો મળ્યા, ક્યાંક સારા સંતો મળ્યા, સ્વ. પાંડુરંગ આઠવાલેજી કે મોરારીબાપુ કે સમગ્ર ધર્મની વાતમાંથી ધાર્મિકતામાંથી અને અંધશ્રદ્ધામાંથી દૂર થવા માટે સચ્ચિદાનંદજી જેવા સંતો મળ્યા, એના હિસાબે સમગ્ર ગુજરાતનો પછાત વર્ગ શિક્ષણ તરફ, શિક્ષણની ભૂખ સંતોષવા તરફ આગળ વધી રહ્યો હતો, એનો વારો આવ્યો ત્યારે સ્વનિર્ભર શાળાઓ બની, એનો વારો આવ્યો તો લોકફાળો ૧૦ ટકા ભરો તો ગામડાઓનો વિકાસ થાય, એનો વારો આવ્યો ત્યારે આંગણવાડીના ૧૦ ટકા આપો તો આંગણવાડીઓ બને, એનો વારો આવ્યો વિઘા બે વિઘા જમીનમાં બોર કરવાનો વારો આવ્યો ત્યારે ડાર્કઝોન આવ્યો અને ડાર્કઝોન આવ્યો એટલે પેટાળમાંથી પાણી ખતમ થઈ રહ્યું છે, એટલે તમને પાણી આપવાનો અધિકાર નથી, વીજળીનું કનેકશન આપવાનો અધિકાર નથી જે બોરનું પાણી ખેંચાઈ રહ્યું છે એ કોઈક ચોક્કસ નક્કી કરેલા લોકો માટેનું છે કે જેનો વારો આવે છે તેનું બંધ કરવા માટેનો છે એ કંઈ ખબર પડતી નથી. જિલ્લાઓના વિભાજન થયાં, તાલુકાઓના વિભાજન થયાં, ભેદભાવવાળી નીતિ તો જૂઓ, એક તાલુકો વિકસીત હોય તો એને એક કરોડ, સવા કરોડ રૂપિયા વાપરવા માટે મળે અને તાલુકામાં વીસ કે પચીસ હજાર બી.પી.એલ. કુટુંબો રહેતા હોય તો પણ તાલુકાના આયોજનનું બજેટ માત્ર ૨૮ લાખ રૂપિયાનું આપવામાં આવે અને એવા તાલુકાઓ જે આઈન્ડેન્ટીફાય, પછાત તાલુકાઓ નક્કી કર્યા, બક્ષીપંચના તાલુકાઓ નક્કી કર્યા એ તાલુકા તરફ માનનીય નાણાંમંત્રીશ્રીની દૃષ્ટિ જવી જોઈતી હતી એ નથી ગઈ એવું હં ચોક્કસપણે માનું છું. એટલા માટે આ વાત કરું છું કે, જ્યારે સત્તા ઉપર આપણે બેઠા હોઈએ, ત્યારે પહેલાનો સમય જુદો હતો કે ક્યાંક એક વ્યકિતની વિચારધારા અને પક્ષની વિચારધારા ઉપર ચૂંટણીઓ લડાતી હતી. છેલ્લાં ટૂંકાગાળાના દશ કે બાર વર્ષના પરિણામો જોઈશું ત્યારે પ્રજાને તમે લોભામણી વાત કરો છો અને પ્રજા ભરમાય છે અને પ્રજા મત આપે છે અને કહેલું નથી કરતાં તો ટૂંકા જ ગાળામાં તેની તે જ ગરીબ પ્રજા તેનો મત બદલે છે અને સરકારની શાન ઠેકાણે લાવે છે તે છેલ્લાં દશ બાર વર્ષના ચૂંટણીઓના પરિણામો સાબિત કરી શકે છે.

ખૂબ સાચા પરિણામો આવ્યા છે લોકસભા પછી ૯૨માં માઈનસ છો. માનનીય રમણભાઈ વોરા સાહેબ બેઠા છે. ચાલુ વર્ષે પછાત વર્ગના તમામ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ જિલ્લા મથકે આપવાની જે વાત કરી છે તેને આવકારું છું. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો એસ.સી. અને બી.સી. તેમાં ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ના જે લક્ષ્યાંકો નક્કી કર્યા છે તે જોવા જેવા છે. માનનીય રમણભાઈ કહેતા હતા કે જગદીશ ભાઈ બક્ષીપંચમાં ડોકટરો કેટલા, વકીલો કેટલા, બક્ષીપંચમાં સરકારી અધિકારીઓ આઈ.એ.એસ., આઈ.પી.એસ. કેડર કેટલા? આપના દ્વારા ગૃહ સમક્ષ વાત મૂકવા માગું છું કે પરીક્ષા ફી એસ.એસ.સી. અભ્યાસક્રમની જે શિષ્યવૃત્તિ હતી તે ૨૦૦૩-૦૪માં ૧૩,૯૬,૩૮૬ હતી ૨૦૦૫-૦૬માં ૧૧,૯૪,૦૦૦ છે. ૨ લાખ ૨ હજાર ૮૬ લાભાર્થીઓ ઓછા કરવામાં આવ્યા. ધંધાકીય અભ્યાસ શિષ્યવૃત્તિ તેમાં ૮૫૮૪ લાભાર્થીઓ ઓછા કરવામાં આવ્યા છે. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં શિષ્યવૃત્તિ ૩૫૧૧૩ ઓછી કરવામાં આવી છે. વ્યકિતગત મકાન સહાય ૬૬૪, મફત તબીબી સહાય ૫૫૭૧ મામેરા માટે જે સહાય કુંવરબાઈના મામેરાની વાતો કરે છે, તે ૨૦૦૩-૦૪, ૨૦૦૫-૦૬નો તફાવત જોઈએ તો ૨૧૦૨ કુટુંબોને ઓછી સહાય થઈ છે, તેનાથી આગળ પછાત વર્ગોના કલ્યાણ અંગેના ભૌતિક લક્ષ્યાંકો જ્યારે આ સરકારે નક્કી કર્યા છે ત્યારે પોસ્ટ એસ.એસ.સી. અભ્યાસક્રમોમાં શિષ્યવૃત્તિનો લાભ મેળવનાર જે લક્ષ્યાંકો ૨૦૦૩-૦૪માં ૮૨૨૮૧ હતા ૨૦૦૪-૦૫માં ૬૦ હજાર છે. એટલે તેમાં પણ ૨૨,૨૮૧ લક્ષ્યાંકો લાભાર્થીઓના ઓછા કરવામાં આવ્યા છે. આ વિવિધ યોજનાઓ એટલા માટે કહું છું કે આખા અંદાજપત્રની અંદર જે પછાતોની વાત છે તે જ્યારે જોવા બેસીએ છીએ તેની ગત વર્ષમાં બજેટની ફાળવણી થઈ અને વાપરવામાં કચાશના કારણે આ વખતે પણ તેની બજેટની જોગવાઈઓ ઓછી કરી છે. માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ એંસી હજાર વિદ્યા સહાયકોને નોકરીમાં લીધા તે આવકાર પાત્ર છે. ૫૧ હજાર પછાતોને નોકરી આપી આવકાર પાત્ર છે પણ ક્યાંક સરકારમાં હજારોની સંખ્યામાં એડ્હોક ભરતીઓ થઈ રહી છે. એડ્હોક ભરતીઓને કયાંય અનામતનો લાભ મળે છે? રજૂઆતો કરવા છતાં સરકાર સાંભળતી ના હોય તો નામદાર હાઈકોર્ટમાં જવું

પડે અને નામદાર હાઈકોર્ટ પણ પૂછાવે કે આ એડ્હોક અનામતનો અમલ નથી કરતા તો વર્ષો સુધી પણ તેમાં જવાબ નથી આપી શકતા. આ પણ એક કમનસીબ બિના છે. સહકારી બેન્કો કેટલી બેફામ બની છે, તેના વહીવટકર્તાઓ કેટલા માથાભારે બન્યા છે તે જોવા જેવું છે કે સુપ્રીમ કોર્ટની અંદર સહકારી થાપણદારનો વહીવટકર્તા તેની સામે કેસ ચાલે, નીચલી કોર્ટે ચાલે, હાઈકોર્ટે ચાલે અને નામદાર સુપ્રીમ કોર્ટમાં જાય અને સુપ્રીમ કોર્ટના નામદાર ન્યાયાધીશને પણ ટકોર કરવી પડે કે તમારો ક્લાઈન્ટ મને મેનેજ કરવા માટે આવે છે. કેટલું માથાભારે તંત્ર સહકારી સાધનોનું બન્યું છે તેના તરફ ક્યાંક આપણે અંગુલીનિર્દેશ કરીને જોવું પડશે. સરકારમાં મારા વિદ્વાન ધારાસભ્યો વાત કરે છે ત્યારે મને કેટલીક વખત એવું થાય છે કે એવું જ કહે છે કે બધું બરાબર ચાલે છે, બધું સાચું ચાલે છે, ક્યાંક સરકાર ખોટું નથી કરતી, સરકાર બધાને સાચવીને ચાલી રહી છે અને ત્યારે સ્વપ્નમાં રાચતા હોય એવું મને લાગે છે. એટલા માટે તેમને એવું થતું હશે કે પેલો પીપળના ઝાડ નીચે માણસ બેઠો હોય, ભૂખ્યો હોય અને કલ્પના કરતો હોય કે હું ખાઈશ કઈ રીતે? મારું ભોજન કઈ રીતે લઈશ? ત્યારે તેને જે કલ્પનાઓ આવે છે એવી કલ્પનાઓમાં રાચે છે.

*'પીપલકે પત્તે રોટી બન જાયે, તાલાબકા પાની ઘી બન જાય,*
*ઔર બંદા જબોળ જબોળકે ખાયે."*

આ દશા થઈ છે, આ કલ્પનાઓ છે. તો કાંઈક આપણે એવી કલ્પના કરીએ છીએ કે...

**અધ્યક્ષશ્રી .** : માનનીય જગદીશભાઈ, કલ્પના બહુ સારી છે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, સરસ્વતી વંદનાની વાત માનનીય શિક્ષણ મંત્રીશ્રી લઈને આવ્યાં છે ત્યારે મારી વિનંતી છે કે....

**અધ્યક્ષશ્રી .** : માનનીય જગદીશભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય છત્રસિંહભાઈ.

**શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર)** : માનનીય અધ્યક્ષશ્રી,.

**અધ્યક્ષશ્રી .** : બધાને ૮ મિનિટ મળશે.

**શ્રી છત્રસિંહ પૂં. મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૦ મિનિટ તો આપો છો.

**અધ્યક્ષશ્રી .** : ૧૦ મિનિટ હતી, પરંતુ બોલનાર સભ્યશ્રીઓ ઘણા છે અને પહોંચાય તેમ નથી.

**શ્રી છત્રસિંહ પૂં. મોરી** : તો પછી બે ત્રણ મુદ્દા આવી શકશે. માનનીય અધ્યક્ષશ્રી, અગિયારમા સત્રમાં અમારા નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા ૧૧મી વખત ૧૧ હજાર કરોડ રૂપિયાનું ત્રિવેણી સિદ્ધિ સાથેનું બજેટ લઈને આવ્યા છે એના માટે તેમને અભિનંદન આપવાની સાથે આ બજેટને આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ઈતિહાસમાં પહેલી વખત રૂા. ૮૭.૧૪ કરોડની પુરાંતવાળું બજેટ મળ્યું હોય તો માનનીય વજુભાઈના વખતમાં મળ્યું છે. આમાં કોઈ સ્વપ્નાંનો મહેલ બાંધ્યો નથી અને એના માટે આ બજેટના આંકડા હું આપસૌની સમક્ષ મૂકવા માગું છું.

હમણાં જ માનનીય સભ્યશ્રીએ વાત કરી કે ગ્રામ્ય વિકાસની કોઈ વાત કરી નથી અને માત્ર શહેરીકરણ તરફ જ ધ્યાન આપવામાં આવ્યું છે. આ કૃષિ ક્ષેત્રમાં ૫૮૯ કરોડ રૂપિયાનું આયોજન, ગ્રામ વિકાસ માટે ૪૯૯ કરોડ રૂપિયાનું આયોજન અને સિંચાઈ માટે ૨૯૮૩ કરોડ રૂપિયાનું આયોજન છે એ શહેરો માટે છે, એનાથી શહેરોનો વિકાસ થવાનો છે? મારે તેમને પૂછવું છે કે માનનીય સભ્યશ્રી પહેલીવાર ચૂંટાયા ત્યારે પૂછે અને આજે ગામડામાં જાય અને ત્યાંના હાલ જુએ તો જે રીતે વિકાસ થયો છે, ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકારનું જે વાર્ષિક આયોજન છે એ ૨૦૦૩-૨૦૦૪ માં ૬૭૪૦ કરોડ રૂપિયાનું હતું, એની સિદ્ધિ ૭૫૮૪ કરોડ, ૨૦૦૪-૨૦૦૫ નું ૮૫૧૮ કરોડ રૂપિયાનું બજેટ અને ૨૦૦૫-૨૦૦૬ માં ૧૧ હજાર કરોડ રૂપિયાનું એટલે કે ૨૫૦૦ કરોડ રૂપિયાના વધારા સાથેનું બજેટ લઈને મંત્રીશ્રી આવ્યા છે ત્યારે એમ કહેવામાં આવે છે કે કોઈ વિકાસલક્ષી બજેટ નથી. મારે પૂછવું છે કે આ ૧૧ હજાર કરોડ રૂપિયા રૂપિયા અમે કયાં લઈ જવાના છીએ, એ ખાલી પેપર ઉપર જ અમે કરવા માગીએ છીએ? અમારા ઈતિહાસમાં જોશો કે અમારાં જેટલાં બજેટ આવ્યાં છે એટલામાં અમે સિદ્ધિ પ્રાપ્ત કરી છે, અમારી સિદ્ધિના આંકડા પણ અમારી પાસે છે. આ બજેટની સૌથી વધારે પૂર્તતા થઈ હોય તો એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થઈ છે. મારે એટલા માટે અભિનંદન આપવાં છે કે અહીંયાં ગુજરાત પેટર્નની વાતો થઈ છે કે આદિવાસી વિસ્તાર માટે ગુજરાત પેટર્નની વાત એ એક વાહિયાત વાત પેપર ઉપર રહી છે. તો મારું કહેવું છે કે કોઈપણ આદિવાસી ભાઈઓને આદિવાસી વિસ્તારમાં જઈને પૂછો કે પહેલાં તમારા વિસ્તારમાં કેટલા રસ્તાઓ હતા, કેટલી સ્કૂલો હતી કેટલી આંગણવાડીઓ હતી, વીજળીકરણની શું સ્થિતિ હતી, રસ્તાઓની શું સ્થિતિ હતી? તો આજે એમાં પરિવર્તન આવ્યું છે. બજેટમાં ૨૨ ટકા પ્રોવિઝન કરવામાં આવ્યું હોય તો ઈતિહાસમાં પહેલીવાર આદિવાસીઓને ધ્યાનમાં લઈને આ જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં માનનીય શિક્ષણ મંત્રીશ્રીની વાત થતી હતી. હું તેમને અભિનંદન આપું છું, પરંતુ મારે એક સૂચન કરવું છે કે બહેનશ્રી, ગ્રામ્ય વિસ્તારમાં હાઈસ્કૂલો ચાલે છે અને બધે જ એકસરખી નીતિ છે. ૬૦:૪૦ ની નવી નીતિ છે, એમાં ગ્રામ વિસ્તારના ઘણા વાલીઓ વિદ્યાર્થીઓની ભણવા માટેની ફી ભરી શકતા નથી. એવી સ્થિતિમાં જે પછાત તાલુકાઓ છે અને જયાં એકદમ ગરીબી છે એવા વિસ્તારોને ધ્યાનમાં

લઈને ત્યાં સો ટકા ગ્રાન્ટ વાળી સ્કુલો શરૂ કરવામાં આવે તેવું મારું સૂચન છે.ઘણા સભ્યશ્રીઓએ વાત કરતી વખતે પછાતની ટકાવારીના અમલીકરણની બાબતમાં સુપ્રીમ કોર્ટે જજમેન્ટ આપ્યું છે એવી વાત કરી. મારે એ સભ્યશ્રીઓને વિનંતી કરવી છે કે પછાત વર્ગની ટકાવારીના અમલીકરણ માટે ભારતીય જનતાપાર્ટીની સરકારમાં રેકોર્ડેબલ કામગીરી થઈ છે અને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષી પંચના લોકોની ભરતીથી લઈને દરેક બાબતમાં ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જે પ્રમાણે કામ થયાં છે અને અમલ થયો છે તે ભૂતકાળમાં કોઈ સરકારે કર્યો નથી. એટલી ટકાવારીનો અમલ આ સરકારે કર્યો છે. ત્યારે આવા આક્ષેપ કરવા તે મારી દૃષ્ટિએ ખૂબ વાહિયાત છે. અહીં ઈ-ગ્રામની પણ વાત કરવામાં આવી છે. હું પણ ઈ-ગ્રામની વાત કરવા માગું છું કે આજે કદાચ એમને કોમ્પ્યુટર આપ્યા છે તે ત્યાં ખાલી મૂકી દીધા છે અને કોઈ ચલાવનાર નથી, અહીંથી કોઈ માહિતી મળતી નથી એવું કદાચ એમને લાગતું હશે. બે ત્રણ વર્ષ પછી જયારે આખી સિસ્ટમ એડપ્ટ થશે ત્યારપછી ગામડાંના વિકાસમાં તેનું મહત્વ સમજાશે. આપણે ત્યાં ૫૩૦૦ ગામડાંને આવરી લઈ અને કમ્પ્યુટર આપવાના છે, ત્યારે આવતા દિવસોમાં ગરીબ માણસો માટે તે આશીર્વાદરૂપ પૂરવાર થશે. આદિવાસીઓને અને ગરીબ માણસોને હવે દસ કે વીસ રૂપિયા ખર્ચીને તાલુકા મથકે અને ગાંધીનગર ધક્કા ખાવાની જરૂર નહીં પડે. એટલા માટે આ જે આયોજન કર્યું છે તેને પણ હું બિરદાવું છું.

બંદર નીતિ અંગેની છેલ્લી વાત કરીને હું મારી વાત પૂરી કરીશ. આ સરકાર આવ્યા પછી જે બંદર નીતિ નકકી થઈ છે તે આજ સુધીની બંદર નીતિ જે એમને એમ જ પડી રહી હતી. ગુજરાત માટે સૌથી વધુ આવકનો સ્ત્રોત છે, ગુજરાતના વિકાસને વિદેશમાં લઈ જવા માટેનું પ્લેટફોર્મ હોય તો તે બંદરો છે. જયારે ગુજરાતને આટલો બધો મોટો દરિયા કિનારો હોય તો પણ આપણી પાસે જે સાવ સુસુપ્ત બંદરો હતાં, જેનો ભૂતકાળમાં વિકાસ નહોતો થયો, તેવા મુંદ્રા અને પીપાવાવ બંદરો માટે મારે અભિનંદન આપવાં છે કે ઘણા વર્ષોની માગણી હતી પીપાવાવ અને મુદ્રા બંદરને વિકસાવવાની, તેના વિકાસને કારણે આવતા દિવસોમાં ગુજરાતના વિકાસની હરણફાળ ભરવામાં એક મહત્વની ભૂમિકા ઉભી થવાની છે. તેને હું આવકારું છું. ભરૂચ જિલ્લામાં દહેજને એલ.એન.જી. ટર્મિનલ તરીકે વિકસાવવા માટે ફેબ્રુઆરી ૨૦૦૪માં પહેલી વખત ત્યાં જહાજ લાંગરવામાં આવ્યું. આ કામ ભરૂચ જિલ્લામાં થયું છે ત્યારે હું તેને પણ આવકારું છું. અમારા ખેડૂતો માટે તે આશીર્વાદરૂપ પૂરવાર થવાનું છે. આભાર, ભારત માતાકી જય.

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રીએ વર્ષ ૨૦૦૫-૨૦૦૬નું જે અંદાજપત્ર લઈને સભાગૃહ સમક્ષ રજૂ કર્યુ છે તેમાં હું મારો સૂર પૂરાવી શકતો નથી. સૌપ્રથમ દૃષ્ટિએ આ અંદાજપત્ર, ૬૬ હજાર કરોડ રૂપિયાના દેવા હેઠળ દબાયેલા ગુજરાતને દેવાદાર બનાવનારું અંદાજપત્ર છે. રાજયની કુલ જે આવક છે તે કુલ આવકની ૩૫-૩૬ ટકા જેટલી રકમ તો ફકત વ્યાજની ચૂકવણીમાં જ વપરાઈ જાય છે. ૧૧ હજાર કરોડનું જે અંદાજપત્ર છે એમાં મોટાભાગની રકમ વ્યાજની ચૂકવણીમાં વપરાઈ જાય તો ગુજરાતની પ્રજાના વિકાસની જે વાતો કરવામાં આવે છે તે મને લાગે છે કે અણછાજતી છે. હું આંકડાઓ ઉપરથી કહેવા માગું છું કે ૧૧ હજાર કરોડનું અંદાજપત્ર મૂકયું હોય, ૬૬ હજાર કરોડ રૂપિયાનું દેવું હોય અને ૩૩-૩૪ ટકા જેટલી કુલ આવકમાંથી વ્યાજની ચૂકવણી થતી હોય ત્યારે માનનીય નાણા મંત્રીશ્રી ચોકકસ જવાબ આપશે કે આ ૩૬ની છાતી જોઈએ, વિકાસના કામો માટે દેવું કર્યુ છે. વિકાસની ગાથાની સાથે સાથે જનતાના કુલ ૧૪ થી ૧૫ ટકા આદિવાસી લોકો જે ગુજરાતમાં વસી રહયા છે તેમના વિકાસની વાતને, એમનાં માટે કરવામાં આવતા વિકાસના કામોને આપણે અભેરાઈએ ચડાવી દીધા છે. ૨૦૦૧-૨૦૦૨ની સાલમાં ગુજરાતનું કુલ બજેટ હતું તેના ફકત ૧.૨૩ ટકા ખર્ચ આદિજાતિ કલ્યાણ માટે થયેલો છે. ૨૦૦૨ની સાલમાં ૧.૭૭ ટકા આદિજાતિ વિકાસ માટે ખર્ચ થયેલ છે. એમ કરતાં ૨૦૦૫-૨૦૦૬માં ફક્ત ૪.૪૫ ટકા જેટલો ખર્ચ વાર્ષિક અંદાજપત્રમાંથી થવાનો છે ત્યારે જે રાજયમાં ૧૪ ટકા થી ૧૫ ટકા લોકો વસતા હોય અને જેના વિકાસ માટે રાજય સરકાર કામ કરવાની છે એવી જાતિઓના વિકાસને આપણે બાજુએ મૂકીએ છીએ અને પાછા આપણે એના વિકાસની ગાથાની વાત કરીએ તો આપણે ગુજરાતને અન્યાય કરી રહ્યા છીએ, એવું મને લાગે છે.

ગુજરાતમાં વસતા આદિજાતિભાઈઓ અને એ પૈકી આદિવાસીઓ, ગરીબો માટે, બક્ષીપંચના લોકો માટે હમણાં માનનીય સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોરે વાત કરી છે. ૬૬ હજાર કરોડનું દેવું અને આવડું મોટું અંદાજપત્ર તો એ પૈસા જાય છે કયાં એનો જવાબ માનનીય નાણામંત્રીશ્રી એમના પ્રવચનમાં આપે તેવી વિનંતી કરુ છું.

અંદાજપત્ર ભાગ-ક ના પાના નંબર ૧૨ ઉપર નાણામંત્રીશ્રીએ બહુ સારી પંકિત મૂકીને વાત કરી છે. એમાં જણાવ્યું છે કે 'વીતી ગઈ છે રાત, પછી ડેસ ડેસ કરેલ છે. એ પછી લખ્યું છે કે ઊગ્યું છે અરુણ પ્રભાત.' એમને ગમે કે ન ગમે પરંતુ હું એ ખાલી જગ્યા પૂરીને વાત કરુ છું. 'વીતી ગઈ છે રાત, પૂરી થઈ ગઈ છે વાત. ખેડૂતને મારી છે લાત, ખેડૂત જાગે છે દિન રાત, ઉગ્યુ છે દારુણ પ્રભાત.' તમારા અંદાજપત્રની જોગવાઈ છે, જે ખેડૂતો માટે છે, આદિજાતિઓ માટે છે, બક્ષીપંચના લોકો માટે છે, વિધવા અને ત્યક્તા બહેનો માટે

છે, મધ્યાહ્ન ભોજન યોજના માટે જે આયોજન કર્યુ છે એ જોતા મેં આગળ જે પંકિત કહી એ સાર્થક થતી હોય તેમ જણાય છે.

ખેડૂતોને પોષણક્ષમ ભાવો આપવામાં આવતા નથી. હું અત્યારે કપાસના ભાવની વાત કરવા માગતો નથી. પહેલા અમારી સરકાર વખતે ખેડૂતોને ૧૬ કલાક વીજળી મળતી હતી એ આજે મળતી નથી. હોર્સ પાવરના ભાવમાં પણ ઘણો મોટો વધારો કરવામાં આવ્યો છે, જેના લીધે ખેડૂતોની દૂદર્શા થઈ છે. પૂરતી વીજળી આપવામાં આવતી નથી. તત્કાળ વીજ જોડાણની વાત કરવામાં આવી હતી એની પણ લાખો અરજીઓ આજે પેન્ડિંગ પડેલી છે. ત્યારે સરકાર ખેડૂતોની વાત કરે છે એનું મને દુ:ખ થાય છે.

અહીંયા એક માનનીય સભ્યશ્રી સુજલામ્ સુફલામ્‌ની વાત કરી રહ્યા હતા. એમાં જણાવ્યું કે ઉત્તર ગુજરાતમાં ૨૦ થી ૨૫ મીટર પાણી ઊંચા આવ્યા છે. આ રેકૉર્ડ ઉપરની વાત છે. સુજલામ્ સુફલામ્ યોજનાને લીધે જો આટલા પાણી ઉપર આવ્યા હોય ત્યારે સરકારના પાણી પુરવઠા વિભાગના સચિવશ્રીનો પરિપત્ર છે કે ઉત્તર ગુજરાતમાં પાણીના તળ ઊંડા ગયાં છે. પાણીનાં તળ ખૂટી રહ્યાં છે એટલે ડાર્ક ઝોનની વાત કરીએ છીએ. તો અમારે કઈ વાત સાચી માનવી? આ વિસંગતતા છે એ અંગે માનનીય મંત્રીશ્રી એમના પ્રવચનમાં જણાવે તેવી વિનંતી કરુ છું.

ગુજરાતમાં ૬૦ લાખ ખેડૂત કુટુંબો છે, એની સાથે વસતા ૧૦ લાખ કુટુંબો કર્મચારીઓ અને અધિકારીઓ પણ છે. આપણે એની જરા પણ ચિંતા કરવાની નહિ? એની વાત સાંભળવાની નહિ ફક્ત ભ્રષ્ટાચારી સમાજ છે એવી વાત કરીને ઉડાવે રાખવાની. ગુજરાત સરકારના અધિકારીઓ અને કર્મચારીઓ તો હાથપગ છે. સરકાર અને પ્રજાને જોડતી કડીરૂપ ભાગ છે ત્યારે એ બગડી ગયા છે, નકામા થઈ ગયા છે એને સુધારવા પડશે. એના માટે કર્મયોગીની તાલીમ દાખલ કરી. ગુજરાતની રચના થઈ ગુજરાતની ગાથા છે, ગુજરાતને દુનિયામાં નામના અપાવવામાં આ વહીવટી તંત્ર પણ જવાબદાર હતું અને એણે પણ કાર્ય કર્યુ છે. એને ઉવેખવાને બદલે એના જે હક્ક છે એ પણ આપવા પડશે. વેતન પંચના અમલ પછી એનોમલી કમિટીની રચના થઈ એ વિસંગતતા સમિતિનો અહેવાલ ટેબલ ઉપર મૂકાયો, આ અહેવાલ માટે છ-સાત વર્ષનો સમય ગયો છે, કૅબિનૅટમાં મૂકાયો એ પછી કૅબિનૅટની પેટા સમિતિને એના અંગેની કામગીરી સોંપી, એની પણ બેઠકો મળી એનો રિપોર્ટ આવી ગયો હોવા છતાં એનો અમલ થયો નથી. પગાર પંચ કેન્દ્ર સરકાર બેસાડે એનો અમલ થતાં ૫-૭ વર્ષ થાય. અહીંયા વિસંગતતા સમિતિને પણ ૬-૭ વર્ષ થયા છતાં હજી એનો અમલ થતો નથી. કેન્દ્ર સરકારના ધોરણે ગુજરાતના કર્મચારીઓને પણ ૫૦ ટકા મોંઘવારી ભથ્થું પગારમાં મર્જ કરવાની વાત ઘણા સમયથી બાકી છે. કર્મચારીઓનો હક્ક છે તેમ છતાં એ આપવામાં આવતું નથી. તમે ખેડૂતોની ચિંતા કરતા નથી, તમે કર્મચારીઓની ચિંતા કરતા નથી, આદિવાસીઓની ચિંતા કરતા નથી, તમે બક્ષીપંચના લોકોની ચિંતા કરતા નથી, તો તમે ચિંતા કોની કરો છો આ પ્રશ્ન મારે આપની સમક્ષ મૂકવો છે.

ત્રીજી બેકારો અંગેની અગત્યની વાત કરવી છે. આ રાજયમાં દસ લાખ લોકો રોજગાર વિનિમય કચેરીઓમાં નોંધાયેલા છે. એ સિવાય પણ નહિ નોંધાયેલા હજારો બેકાર લોકો રખડે છે, એવા લોકો માટે કોઈ યોજના આ સરકારે અમલમાં મૂકી નથી. ફક્ત ચૂંટણી સમયે વાત કરવામાં આવે છે એટલી વાત મારે સરકારશ્રીને યાદ અપાવવી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે પૂછવું છે કે તમે ગુજરાત રાજયમાં બેકારોને બેકારી ભથ્થું આપવાની વાત કરી હતી કે નહોતી કરી? મારે પૂછવું છે કે તમે બે લાખ લોકોને ગ્રામમિત્રની યોજના દાખલ કરીને ગ્રામમિત્ર દ્વારા અને શહેરી મિત્રો દ્વારા બે લાખ લોકોની બેરોજગારી દૂર કરવાની વાત કરી હતી કે નહોતી કરી? કરી હતી, ગ્રામમિત્ર કયાં ગયા? શહેરી મિત્રો કયાં ગયા? આ બધી યોજનાઓ કયાં ગઈ? તેની કોઈ અમલવારી છે કે કેમ એ મારે આપની મારફત પૂછવું છે. વાતો થાય છે, ગ્રામસભાઓ રજૂ થઈ, લોકદરબારો રજૂ થયા. મારે પૂછવું છે કે પાંચ લાખ પ્રશ્નોનું તમે નિરાકરણ કર્યું, તમારા આંકડા પ્રમાણે કર્યું. સારું કર્યું પણ બીજો અર્થ એ પણ થાય કે પાંચ લાખ પ્રશ્નો ઉભા છે તેનું તમે નિરાકરણ કર્યું. પ્રશ્નો ઉભા કર્યે જાવ છો. એક પણ પ્રશ્નનું નિરાકરણ, એક પણ યોજનાની સમન્વયિતતા, ગુજરાતની પ્રજાનો સામાન્ય વિકાસ , બધાનો એક સામૂહિક વિકાસ તેમાં આ સરકારે પાછી પાની કરી છે. જુદાજુદા નામો દ્વારા તેને પોતાના નામો આપ્યે રાખ્યા છે. સુજલામ્-સુફલામ્ કડાણા ડૅમનું નામ આપ્યું. બાળગુરુને વિદ્યાસહાયક નામ આપી દીધું. આદર્શ ગ્રામને ગોકુળગ્રામ આપી દીધું. ૨૪ કલાક વીજળી આપવાની યોજનાને જયોતિગ્રામ આપી દીધું. પોલીસને લોકરક્ષક આપી દીધું. તમને તો પ્રજાએ ચૂંટીને મોકલ્યા છે કામ કરવા માટે. તમને •**(XXX) જેમ નામ પાડવા માટે નથી મૂક્યા. એ વાત તમારી સમક્ષ મૂકું છું અને ગુજરાતની પ્રજાનો સાચા અર્થમાં વિકાસ કરશો એવી વિનંતી સાથે વિરમું છું.

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** : (બેઠાં બેઠાં) **(XXX) શબ્દ ન વાપરવો જોઈએ.

• ** (XXX) આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી .** : **(XXX) શબ્દ નહીં વાપરવો જોઈએ. એ રેકર્ડ ઉપરથી દૂર કરજો. આપણે અમુક લેવલથી નીચે નહીં જવું. અમુક સભ્યશ્રીઓએ ખાસ ધ્યાન રાખવું. મારી પણ અપેક્ષા છે, અમુક સભ્યો માટે કે અમુક લેવલથી નીચે ન જાય.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં માનનીય નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે તે બદલ માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન આપી મારું સમર્થન આપું છું. વધારાના કરભારણ વગરનું આટલું સરસ અંદાજપત્ર લઈને માનનીય નાણાંમંત્રીશ્રી આ સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે જે લોકો આ અંદાજપત્રની ટીકા કરે છે તેમને કહેવા માગું છું કે તમે જેમની સામે આંગળી ચીંધો છો પણ બાકીની આંગળી તમારી સામે છે. હમણાં કહેતા હતા કે કોંગ્રેસે વિકાસ નથી કર્યો, અમે એમને કહેવા માગીએ છીએ કે કોંગ્રેસે વિકાસ કર્યો પણ કેવો વિકાસ તેનો દાખલો આપું. બાળક જન્મે પછી ૧૮થી ૨૦ વર્ષે પાંચ ફૂટની હાઈટ થાય. બાળક જન્મે પછી ૪૫ વર્ષ સુધી સાડાત્રણ-ચાર ફૂટની હાઈટ થાય તો એ બાળક સરકસમાં સારું કામ કરે, એવો વિકાસ જે ધીમી ગતિએ કોંગ્રેસે કર્યો છે. તેણે ગુજરાતના વિકાસની કયારેય ચિંતા કરી નથી. જે વિકાસના કામો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યા છે એ પ્રમાણે વિકાસના કામો માટે શરૂઆતથી ચિંતા રાખી હોત તો અત્યારે ગુજરાતમાં ખૂબ પ્રગતિ થઈ ચૂકી હોત.

શિક્ષણની વાત કરીએ તો અમે એ દિવસો પણ જોયા છે કે જ્યારે જે ઉંમરે પ્રાગજીભાઈએ કહ્યું કે અમે લીમડાંના ઝાડ નીચે બેસીને અભ્યાસ કર્યો છે. પ્રાથમિક શાળાના ઓરડા પણ નહોતા. રાજયે શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ કરી. ગામેગામ શિક્ષકોની ઘટ હતી. એ શિક્ષકો મૂક્યા. પ્રાથમિક શાળાના ઓરડાઓ આપ્યા. અમારા પંચમહાલ જિલ્લામાં પણ જે પ્રશ્નો હતા એ હલ કર્યા છે. શિક્ષણક્ષેત્રે આપણાં શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબેને જે રીતે કામગીરી કરી છે તેમને ખૂબ અભિનંદન આપું છું. શિક્ષણ ક્ષેત્રે ભૂતકાળમાં પણ જોયું છે કે શિક્ષકોની બદલી કરવાની હોય તો ગમે તે રીતે બદલી થતી હતી. ભરતી કરવાની હોય તો ભરતી પણ ગમે તે રીતે થાય. અત્યારે તો પારદર્શક વહીવટ. બદલીના કૅમ્પ હોય, ભરતી માટે વિદ્યાસહાયકના નીતિ-નિયમો સરકારે નક્કી કર્યા. આ કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે.

કન્યા કેળવણીની વાત કરીએ તો અહીં સામેની પાટલીમાંથી એમ કહ્યું કે કન્યા કેળવણીના કામ ભૂતકાળમાં કોંગ્રેસે કર્યા અને પાછલા બારણે આ લોકોએ એન્ટ્રી મારી. તેમને કહેવા માગું છું કે તમારો એક વિરલો તો બતાવો કે જેને ભેટ-સોગાદો આવી હોય તે જમા કરાવીને એ રકમમાંથી કન્યા કેળવણીની ચિંતા કરી હોય. આ ગુજરાતના મુખ્યમંત્રી, આદરણીય નરેન્દ્રભાઈ સિવાય કોઈ વિરલો એ કામ કરી શકે નહીં. કૉન્ગ્રેસના મિત્રોને યાદ અપાવવા માગું છું. અમારા પંચમહાલ જિલ્લામાં પીવાના પાણીનો પ્રશ્ન હતો, છેવાડના ગામડાઓના ફળિયામાં જઈએ તો ત્યાં આગળ હેન્ડપંપ બગડી ગયા હોય, કૉન્ગ્રેસના મિત્રોએ હેન્ડપંપ કરેલા છે. એની અંદર ફ્લોરાઇડવાળું પાણી હોય અને એનાથી અનેક રોગચાળા થાય. ભારતીય જનતા પક્ષના આદરણીય નરેન્દ્રભાઈના નેતૃત્વમાં અને કેન્દ્રમાં એન.ડી.એની સરકાર હતી ત્યારે ૬૦૦૦ કરોડ રૂપિયા સુજલામ્-સુફલામ્ કેન્દ્રમાંથી લાવ્યા. અમારા વિસ્તારમાં હાલોલની અંદર અને આજુબાજુના વિસ્તારોની અંદર નર્મદાની મુખ્ય કેનાલમાંથી પાણી આપવાનું આયોજન કર્યું એના ટેન્ડર પણ બહાર પડી ગયા છે. નર્મદાનું શુદ્ધ પાણી જે લોકો પીવે એને વિચારો પણ શુદ્ધ આવે. એ કામ ભારતીય જનતા પક્ષની સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિદ્યુત બોર્ડનો પ્રશ્ન હોય. અમારા પંચમહાલ વિસ્તારમાં સરકારે જે રીતે જ્યોતિ ગ્રામ યોજના અમલમાં મૂકી અને અમારા વિસ્તારમાં આખા જિલ્લાની અંદર ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજળી મળે છે, ગ્રામ્ય વિસ્તારોની અંદર થ્રી ફેઈઝ વીજળી મળે છે. એનાથી ગરીબ વર્ગના લોકો, નાના ધંધાવાળા લોકો કમાણી કરીને રોજી-રોટી મેળવી શકશે. ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ લાઈટ નહોતી મળતી તેથી ભણી શકતા નહોતા, અભ્યાસમાં નિષ્કાળજી રહેતી હતી. હવે તેઓ લાઈટ મળતાં સારો અભ્યાસ કરીને પગભર થઈ શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિસ્તારમાં ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે કોઈએ ચિંતા નહોતી કરી. આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ અને માનનીય ભુપેન્દ્રસિંહ ચુડાસમા કે જેઓ ગ્રામ વિકાસ મંત્રીશ્રી છે, એમના અથાગ પ્રયત્નોથી અમારા પંચમહાલ જિલ્લાની અંદર પંચામૃત દાણ ફૅક્ટરી માટે ગ્રામ વિકાસ વિભાગમાંથી અમને કરોડો રૂપિયાની સહાય મળી છે. ગુજરાત સરકારના અથાગ પ્રયત્નોથી પંચમહાલ જિલ્લામાં પંચામૃત દાણ ફૅક્ટરી શરૂ કરી શકાઈ છે. એનો સારોય શ્રેય કોઈને જતો હોય તો એ આદરણીય નરેન્દ્રભાઈના નેતૃત્વવાળી આ સરકાર અને ભૂપેન્દ્રસિંહને જાય છે. આપને વાત યાદ અપાવું છે કે જે દિવસે કાર્યક્રમ હતો એ દિવસે રેકૉર્ડ બ્રેક ખેડૂતભાઈઓ ભેગા થયા હતા, ૧ લાખ ખેડૂતો ભેગા થયા હતા. ખેડૂતોને દૂધની આવક વધારે મળે એ માટે પશુ સુધારણા માટેનો એનિમલ હસબન્ડરીનો આખો પ્રોજૅક્ટ ગવર્નીંગ બોડી પંચમહાલમાંથી મંજૂર કરીને સરકારમાં મોકલ્યો છે. એમાં માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજીને વિનંતી છે કે તેઓ અંગત રસ લઈને આ પ્રોજૅકટ મંજૂર થાય એ માટે એમાં અથાગ પ્રયત્નો કરે એવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રસ્તાઓ અને બાંધકામ ક્ષેત્રે અમે એ દિવસો પણ જોયા છે કે જ્યારે ગામડાઓની અંદર જઈએ ત્યારે કાચા રસ્તાઓ હતા અને આપણા માર્ગ અને મકાન મંત્રીશ્રી જાડેજા સાહેબ અને આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના અથાગ પ્રયત્નોથી અમારા પંચમહાલ જિલ્લામાં રસ્તાઓ પણ સારા પ્રમાણમાં મંજૂર થયા અત્યારે પ્રધાનમંત્રી સડક યોજનામાં સૌથી વધારે રકમ અમારા વિસ્તાર, પંચમહાલ જિલ્લાને મળી છે, માનનીય મંત્રીશ્રીને સૂચન કરું છું કે, જે રસ્તાઓ મંજૂર થયા છે અને વર્ક ઑર્ડર આપ્યા છે એ રસ્તાઓની કામગીરી સત્વરે પૂરી થાય, મને ખબર છે કે, હાઉસની અંદર વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું હતું કે, આ બજૅટને આ સરકારે પીળા ચશ્મા પહેરાવવાનું કામ કર્યું છે. હું વિનંતી કરું છે કે, અમારી સરકારે પીળાં ચશ્માં પહેરાવવાનું કામ નથી કર્યું. જ •**(XXX) પહેરીને આ બજૅટ વાંચે છે એને કહેવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : મહેરબાની કરીને તમે આ શબ્દપ્રયોગ ન કરો. એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરૂં છું.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ કોઈની ઉપર આક્ષેપ નથી કર્યો. હું તો બજૅટ ઉપર જ વાત કરું છું. આ ચશ્મા ઉતારીને જુએ. આદરણીય નાણામંત્રીશ્રી બજેટ લઈને આવ્યા છે અને જે રીતે ઈન્ફરમેશન ટૅક્નૉલૉજીની વાત કરું...

## સભાગૃહનો સમય લંબાવવા અંગે

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ૧૦-૧૫ મિનિટ હાઉસ લંબાવીએ.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : હા, લંબાવીએ, બહુ સભ્યો બાકી રહી જાય છે.

**અધ્યક્ષશ્રી .** : સભાગૃહ સંમત છે? (થોડી વાર બાદ ) સભાગૃહને ૧૦ મિનિટ લંબાવવામાં આવે છે.

**શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી બજૅટ લઈને આવ્યા છે તો એની અંદર કચ્છ માટે જે કચ્છ વિકાસ બોર્ડ જ્યારે ભારત આઝાદ થયું એ વખતે જ્યારે જોઈન્ટ થયું ત્યારે કચ્છ પણ ગુજરાત સાથે ભળ્યું ત્યારે કેન્દ્ર સરકાર પાસે માગણી કરી હતી કે કચ્છ વિકાસ બોર્ડ સ્થાપવામાં આવે. આજ સુધીમાં કચ્છ વિકાસ બોર્ડ સ્થાપવામાં આવ્યું નથી, તો નાણામંત્રીશ્રીએ કચ્છ વિકાસ બોર્ડ દ્વારા અલગ કચ્છને ભૂકંપગ્રસ્ત કચ્છને ઊભું કરવા માટે પ્રયત્નો કરી અને બજેટમાં એની સાથે જોગવાઈ કરી હોત તો મને ખુશી થાત.

બીજું મારે ખાસ એ કહેવાનું છે કે કચ્છની કેસર કેરી જ્યારે ગુજરાતમાં અને ભારતમાં, વિશ્વમાં ડંકો વગાડી રહી છે , જ્યારે નામના મેળવી હોય ત્યારે ખેડૂતો પોતાના ખેતરની અંદર કેસર કેરીના આંબા વાવે છે, એમાં એક તકલીફ છે કે એ પોતે પોતાની રીતે ગ્રેડીંગ કરવાનું મશીન નથી નાખી શકતા. સરકારશ્રીને, માનનીય ચુડાસમા સાહેબને પ્રાર્થના કરીએ કે જો ગ્રેડીંગ કરવાનું મશીન નાખવામાં આવે તો કચ્છની કેસર કેરી એક નાનામાં નાનો ખેડૂત પણ એકસપોર્ટ કરી શકે એમ છે. વેપારીઓ આવે છે પણ વેપારીઓને ગ્રેડીંગ કરવાના મશીન ન હોવાના કારણે આ કેરી આપણી જઈ નથી શકતી. જો આ બજેટમાં એની જોગવાઈ કરવામાં આવી હોત તો મને વધુ આનંદ થાત. આપણી પાસે એરપોર્ટમાં, કચ્છનું એરપોર્ટ છે એમાં આંતર રાષ્ટ્રીય કક્ષાએ ૨૫ દિવસ માટે કાર્ગો અથવા ફૉરેન લંડન માટેની વ્યવસ્થા ત્યાંથી કરાવી હોત તો કચ્છની કેસર કેરી ત્યાં પહોંચાડી શક્યા હોત. બીજું અઢળક જમીન પડી છે કચ્છમાં ખેતી લાયક . આ જમીન એમને એમ પડી રહી છે તો એવા ઘણા ખેડૂતો છે કે જે પોતે એ જમીનમાં જે ખાનગી પાર્ટીઓ કામ કરવા માગતી હોય એમને આપવી જોઈએ. બીજું કચ્છની અંદર ૨૭ હજાર કરોડના ઉદ્યોગો નવા આવી રહ્યા છે એ બહુ સારી વાત છે. એમાં એક જ વાત છે કે ઉદ્યોગ એક આવ્યો તો એમાં ૨૫૦ થી ૩૦૦ લોકોને રોજગારી આપે છે. એક ઉદ્યોગ ૨૫૦ માણસને રોજગારી આપે પણ એ ઉદ્યોગ પોતાનો બોરવેલ કરીને પાણી પણ ખેંચે છે. અત્યારે મોટી સમસ્યા એવી છે અત્યારે ફકત પચાસ જ લોકલ માણસોને નોકરીમાં રાખે છે. બાકીના બહારથી લાવે છે. ભૂકંપ કચ્છમાં આવ્યો હતો એ લોકોને ન્યાય મળ્યો હોત તો વધુ સારું હતું.

**શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ બજૅટ લઈને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા છે એને હું આવકારું છું અને મારા વિચારો રજૂ કરું છું.

વન વિકાસની વાત કરી તો વન વિકાસમાં આ વખત ૧૪૯.૬૦ કરોડનું આયોજન કરવામાં આવેલું છે. એમાં ૪૮ કરોડ રૂપિયા ફક્ત આદિવાસી વિસ્તારમાં વન વિકાસ માટે ફાળવવામાં આવ્યા છે. આ એક ખૂબ જ મહત્ત્વની બાબત છે કારણ કે આદિવાસી વિસ્તારમાં ફળાઉ વૃક્ષો અને વન ઔષધિઓનો વિકાસ વધુમાં વધુ કરવામાં આવે તો આ આદિવાસીઓને ત્યાં સ્થાનિક રોજગારીની તકો ઊભી થાય. આ એક સારામાં સારું પગલું છે. ગરીબ લોકો માટે આવાસની યોજનાની સાથે પક્ષના મિત્રો વાત કરતા હતા કે પ્રોવિઝનની અંદર રકમનો ઘટાડો કરવામાં આવ્યો છે, તે કહેતા હતા કે આ અમે કર્યુ, અમે કર્યુ એ વાત કરો છો અને કોંગ્રેસે કશું કર્યુ

• ** (XXX) આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

નથી એવો એક છેદ ઉડાવવામાં આવે છે. હું એ વાત નથી કરતો પણ અમે પણ સ્વીકારીએ છીએ કે કોંગ્રેસે પણ ઘણું બધું કર્યુ છે. હું આવાસ યોજનાની અંદર કોંગ્રેસે એ કામ કરેલું છે ઉનાળામાં આવાસ બને અને પહેલા જ ચોમાસાના ઝાપટાની અંદર આવાસ પડી જતો હતો એવા આવાસનું નિર્માણ એમણે છેલ્લા ૫૦ વર્ષમાં કર્યુ હતું. આ ભારતીય જનતા પક્ષની સરકાર આવ્યા પછી પ્રથમ વખત આદિવાસી અને ગરીબ માણસ પોતાના પરિવાર સાથે સુખરૂપ મકાનમાં રહી શકે એટલા માટે પાકા ધાબાવાળા અને કૉંક્રિટના મકાનોના આવાસની યોજના કરી છે. આ વખતના બજૅટમાં એક લાખ આવાસો ગુજરાત રાજયના ગરીબ પરિવારોને પૂરા પાડવાનું આયોજન છે, એ આવકારપાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સહભાગી જળ સંચય યોજનાની વાત કરીએ તો અત્યાર સુધી અમારી એક લાગણી હતી, મોટા ચેકડેમ બનાવવા માટે ૬૦-૪૦ની યોજના હતી. અમારા આદિવાસી વિસ્તારમાં કોઈપણ ઉદ્યોગપતિઓ આવી શકતા નથી. મોટી સંસ્થાઓ કે વેપાર ધંધાના મોટા કેન્દ્રો ન હોવાના કારણે ૬૦-૪૦ની જોગવાઈ પ્રમાણે અમારા વિસ્તારમાં મોટા ચેકડેમો બની શક્યા ન હતા. સરકારશ્રીમાં અમારી સતત રજૂઆત હતી. ૮૦-૨૦માં આ યોજના સ્વીકારવામાં આવી છે, એ ખૂબ જ સારી અને આવકારદાયક બાબત છે. હમણાં વિરોધ પક્ષના માનનીય સભ્યશ્રીઓ કહેતા હતા કે ૮૦-૨૦ની યોજના ચેકડેમમાં સ્વીકારવામાં આવી છે. ૨૦ ટકા ફાળો ગામડાંઓ ભરી ન શકે અને યોજના સફળ નહિ થાય. મારે એમનું ધ્યાન દોરવું છે કે બાંધકામમાં બજેટેડ જોગવાઈ ૧૦૦ ટકા કામો ટેન્ડર પ્રક્રિયાથી થતાં હોય છે અને એ પ્રક્રિયામાં ૧૫-૨૦ કે ૩૦ ટકા ડાઉન લઈને કોન્ટ્રાકટરો આ કામો કરતા હોય અને કવોલિટી જળવાતી હોતી નથી. જેના બદલે ૮૦-૨૦ની જોગવાઈ કરી છે એના લીધે કોઈપણ પ્રકારની ટેન્ડરની હરિફાઈ પ્રક્રિયા આવે નહિ. મોટી બિલ્ડર લોબી અમારા ક્ષેત્રમાં પ્રવેશ નહિ કરે અને ત્યાંની સ્થાનિક સંસ્થા સારી કવોલિટીના સારા કામો કરી શકે. આ અવરોધ દૂર કરવા માટે આ સરકારે જોગવાઈ કરી છે એ આવકારદાયક અને ધન્યવાદને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ્-સુફલામ્ યોજનાની વાત કરીએ તો તેની જબરજસ્ત ટીકાઓ કરવામાં આવે છે.આ યોજના થકી આદિવાસી ફળિયા સુધી પીવાનું પાણી પૂરું પાડેલ છે અને અન્ય ૨૪૦૮ ફળિયા પણ છે. (સમયસૂચક ઘંટડી) મારે ઘણી વાતો કરવાની હતી. શિક્ષણની વાત કરીએ તો શિક્ષણ ક્ષેત્રે પ્રાથમિક શાળાઓમાં ૪૦ હજાર ચશ્મા મફત વિતરણ કર્યા છે અને આરોગ્યની કાળજી કરીને સમગ્ર ગુજરાતના બાળકોની આરોગ્ય વિષયક ચકાસણી કરવામાં આવી છે અને ગંભીર પ્રકારના રોગોના ૫૦૦ ઓપરેશનો કરવામાં આવ્યા છે. આ પ્રાથમિક શાળાકીય બાબતમાં સારામાં સારું પગલું છે જે ધન્યવાદને પાત્ર છે. ફરીથી માનનીય નાણામંત્રીશ્રી અને સરકારને અભિનંદન આપું છું. ભારત માતા કી જય.

## અધ્યક્ષશ્રીની જાહેરાત
## એનરજેટીક લાઈફ સ્ટાઈલ અને હેલ્થ મેનેજમેન્ટ અંગે વાર્તાલાપ

**અધ્યક્ષશ્રી .** : મારે એક જાહેરાત કરવાની છે. માનનીય ધારાસભ્યો માટે **એનરજેટીક લાઈફ સ્ટાઈલ અને હેલ્થ મેનેજમેન્ટ** વિષય અંગે એક વાર્તાલાપ વિધાનસભા સચિવાલયના ચોથા માળે શાસક પક્ષના સભાખંડમાં સભાગૃહની બેઠક પૂરી થયા બાદ રાખવામાં આવ્યો છે. આ અંગેની માહિતી પત્રક ભાગ-૨ ના ક્રમાંકઃ ૩૦૪ દ્વારા આપવામાં આવી છે. આ કાર્યક્રમમાં હાજરી આપવા આપ સૌને વિનંતી છે.

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) (ક્રમશઃ)

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ અને સહકારમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, મારા સિનિયર સાથી અને નાણામંત્રીશ્રીને અભિનંદન આપવા માટે ઊભો થયો છું. સતત ૧૧મું બજૅટ એમણે રજૂ કર્યું છે અને દેશમાં એક માત્ર રાજય, કે પુરાંતવાળું બજૅટ માનનીય વજુભાઈ વાળાએ રજૂ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતે સાચી દિશાનું નિદાન કર્યું છે. સાચી દિશાનો ઉકેલ કર્યો છે, જેના પરિણામે આજે જે કાંઈ માળખાકીય સુવિધાઓના કામો થઈ રહ્યાં છે અને એ કામોની સરાહના હું કરું કે મારા ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા કરે, આ સન્માનનીય ગૃહની જાણ માટે કે છેલ્લા ત્રણ વર્ષમાં જે માળખાકીય સુવિધાના કામો થયાં છે એ રસ્તા હોય, પાણીના હોય, એગ્રીકલ્ચર પ્રોડક્ટના હોય, એ જ્યોતિ ગ્રામ યોજના હોય આ બધા માળખાગત કામોને કારણે કેન્દ્રીય કૃષિમંત્રીએ સોઈલ હેલ્થકાર્ડની સરાહના કરી છે. માનનીય પ્રધાન મંત્રીએ સોઈલ હેલ્થકાર્ડ અને જ્યોતિ ગ્રામ યોજનાની સરાહના કરી છે. આ બાબતે આગળ વધીને વાત કરું તો આ દેશના રાષ્ટ્રપતિએ ગુજરાતમાં આવીને જ્યોતિ ગ્રામ યોજના અને સોઈલ હેલ્થકાર્ડનો ઉલ્લેખ્ એમના ભાષણમાં કર્યો છે. માનનીય સામે બેઠેલા મિત્રોને આ કદાચ ના દેખાય એ સ્વાભાવિક છે. પરંતુ આ પ્રમાણપત્રો અમને મળ્યાં છે અને મેં કહ્યું તેમ સાચી દિશાનું વિઝન અને એનો ઉકેલ રાજ્યના વિકાસ માટે રસ્તા જોઈએ,

શાળાના ઓરડા જોઈએ, પાણીની ટાંકી જોઈએ, પંચાયત ઘર જોઈએ, બસ જોઈએ આ બધી જ જરૂરિયાતો પૂરી પાડવા માટે પૈસા જોઈએ. રાજ્યમાં અને દેશમાં પૈસો ખેતર, ખાણ અને વનમાંથી આવે છે. આ સમૃદ્ધિ આજે ૫૦ વર્ષ પહેલાં આ રાજ્યમાં અને દેશમાં હતી. કાળક્રમે આજે સાડાચાર દાયકાના સળંગ કોંગ્રેસના શાસનમાં આ સમૃદ્ધિમાં ક્રમશઃ ઘટાડો થતો ગયો અને પરિણામે આજે છેલ્લા ૪-૫ વર્ષથી જે આ સમૃદ્ધિમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે જે પગલાં લીધાં છે એ મારે કહેવાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આર્થિક સમૃદ્ધિ માટે કૃષિ સમૃદ્ધિ જોઈએ અને કૃષિ સમૃદ્ધિ માટે જળ સમૃદ્ધિ જોઈએ. મેં હમણાં જ કહ્યું તેમ ૫૦ વર્ષ પહેલાં આ રાજ્યના ૧૦૦ ટકા ખેડૂતો દક્ષિણ ગુજરાત હોય કે કચ્છ હોય કે સૌરાષ્ટ્ર કે ઉત્તર ગુજરાતના ખેડૂત કોસથી ખેતી કરતો હતો, એક પણ હોર્સ પાવર મોટરનો ઉપયોગ કર્યા સિવાય બળદ જોડીને કોસથી ખેતી કરતો હતો. ક્રમશઃ કાળક્રમે ધીમે ધીમે એ કોસમાંથી એક હોર્સ પાવરની મોટર પર આવ્યો, છે, પાંચ હોર્સ પાવર ઉપર આવ્યો. વરસાદ પણ અપ્રમાણ બન્યો. તળના પાણી ધીમે ધીમે નીચા જતા ગયા. ગામના પાદરે વહેતી નદી આપણા સૌની નજર સમક્ષ વહેતી હતી એ ધીમે ધીમે અદૃશ્ય થઈ ગઈ, જે તે સમયે સાડાચાર દાયકાની અંદર એ કોસથી ખેતી કરતો ખેડૂત એ સાડાચાર દાયકાને અંતે એ ૫૦ હોર્સ પાવર, ૬૦ હોર્સ પાવરથી ૪૦૦-૫૦૦, ૧૦૦૦, ૧૨૦૦, ૧૫૦૦ ફૂટ, અમે ક્યાં હતા એ વખતે? એ વખતે તમે રાજ કર્યું, મિત્રો તમે રાજ કર્યું. મિત્રો તમે આયોજન વગર રાજ કર્યું. અમે છેલ્લાં પાંચ વર્ષની અંદર આયોજન સાથે રાજ કરી રહ્યા છીએ. મિત્રો, આ દેશના રાષ્ટ્રપતિને કહેવું પડે છે, તમારા જ પ્રધાનમંત્રીને કહેવું પડે છે કે ગુજરાત એ સાચી દિશા તરફ ચાલી રહ્યું છે. (અંતરાય) માનનીય સભ્યશ્રીઓને કહું કે શાંતિથી સાંભળે.

વીજળીની વાત પર સીધો આવું, તમારા મુદ્દાનો ઉલ્લેખ્ કરું છું. કોસથી ખેતી કરતો ખેડૂત જ્યારે વીજળી નહોતો વાપરતો ત્યારે આ રાજ્યમાં સપ્રમાણ પાણી હતું અને સપ્રમાણ પાણી સાથે સપ્રમાણ વીજળી પણ હતી. પરંતુ જ્યારથી પાણી નીચાં ગયાં ત્યારથી વીજળી વપરાશ વધતો ગયો. વીજળી વપરાશ વધતો ગયો એ અપ્રમાણ પાણીની સાથે સાથે આ રાજ્યમાં વીજળી પણ અપ્રમાણ થઈ એનું કારણ આ છે, અપ્રમાણ વીજળી સપ્રમાણ કરવી હશે તો કોઈ આંદોલન કામમાં નહિ આવે માત્ર આયોજન કામમાં આવશે,એ આયોજન રાજય સરકારે છેલ્લા પાંચ વર્ષની અંદર કર્યુ છે જળસંચયની પ્રવૃત્તિ દ્વારા. આ માળખાગત સુવિધા અને જળ સંચયની કામગીરી એ ભા.જ.પ.ની સરકારની ઉપલબ્ધિ છે, સિદ્ધિ છે. આ ગુજરાત રાજયની પ્રજા ઉપરની આ દેન છે અમારી અને અમે એ અપ્રમાણ વીજળી અને અપ્રમાણ પાણીને અમે સપ્રમાણ કરી રહ્યા છીએ એનું ઉદાહરણ, સાબરમતીમાં અમે નર્મદાનું પાણી નાખ્યું એ પહેલાં, ૧૫ વર્ષ પહેલાં ઉજ્જડ નદી હતી કદાચ ૧૦-૧૫ વર્ષના બાળકને કોઈ કહે કે નદી વિષે નિબંધ લખ, તો એ નિબંધમાં લખે કે, ઉજ્જડ રેતીનો પટ કે જ્યાં વર્ષમાં એકાદ વખત સરકસ આવે, એવો નિબંધ લખે કે કદાચ કોઈ ક્રિકેટ રમે અને જેના કારણે કોરપોરેશનના બોરના પાણી નીચાં ગયાં, ક્ષારવાળા પાણી આવ્યાં, વીજળી બીલો વધતા ગયા અને એક સમય એવો આવ્યો કે એમણે બોરને ડેડ જાહેર કરવા પડ્યા, એ બોર બિનઉપયોગી છે એમ જાહેર કરવું પડ્યું. હું આ જે ગણિત બતાવું છું એ ગણિતના કારણે માત્ર એક વર્ષની અંદર, ૨૦૦૨માં નર્મદાનું પાણી, એ માત્ર પાંચ કિલોમીટરની લંબાઈમાં સાબરમતી નદીમાં એક વર્ષ પૂરતું રાખવામાં આવ્યું, એક વર્ષના અંતે પરિણામ શું આવ્યું? એ ડેડ, મૃતપ્રાય અને નકામા એ બધા જ બોર સજીવ થઈ ગયા, એના કારણે એક વર્ષ પછીનું કોરપોરેશનનું બીલ પણ અડધા કરતાં ઓછું થઈ ગયું. હવે કાયમી રીતે નર્મદાનું પાણી સાબરમતીમાં છે, એનો લાભ કેટલો થાય છે ? દિવસે ને દિવસે કોરપોરેશનને વીજળી બીલમાં ઘટાડો થાય છે, પાણી ઉપર આવતું જાય છે. માત્ર કોરપોરેશન જ નહીં પરંતુ રહેણાંકની આજુબાજુની દસ હજાર જેટલી સોસાયટીઓને, જેના બીલો આવતા હતા દસ કે પંદર હજાર એ બધાના બીલો, રેકર્ડ ઉપર માનનીય ધારાસભ્યશ્રીઓ, દસ હજાર આવતા હતા એના આજે ૨,૫૦૦/- બીલો આવે છે. આ કામગીરી છેલ્લા પાંચ વર્ષમાં થઈ છે. આ ગણિત અમે ગણીએ તો જ સાચું પડે, તમે પચાસ વર્ષ પહેલાં ગણ્યું હોત તો પણ સાચું જ પડવાનું હતું પણ મેં કહ્યું તેમ એ પુષ્કળ પાણી કયાં ગયું ? એ પુષ્કળ પાણી તમારા આયોજનના અભાવે નીચાં ગયાં, તમે પાણી પકડવા માટે હોર્સ પાવરનો ઉપયોગ કર્યો, પરંતુ જળ સંચયનો જો ઉપયોગ કર્યો હોત, વરસાદના પાણીને જો તમે રોક્યું હોત તો, આજે આ પરિસ્થિતિ નિર્માણ ન થઈ હોત. (અંતરાય) આમાં ખેડૂતોનો ભોગ કયાં આવ્યો મૂકેશભાઈ? ખેડૂતોને લાભકારક નિર્ણય છે. તમે ન કરી એની ભૂલ તમે ( અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આનો સીધો દાખલો આપું છું, સીધું ઉદાહરણ આપું છું. છેલ્લા બે-ત્રણ વર્ષમાં આ રાજયની પ્રજાની ભાગીદારી, ધાર્મિક સંસ્થાઓની ભાગીદારી, જળધારા ટ્રસ્ટ અને અન્ય એવી સ્વૈચ્છિક સંસ્થાઓની ભાગીદારી, અહીંયા બેઠેલા સૌએ, જે કંઈ આ ૮૦:૨૦ અને ૬૦:૪૦માં કામગીરી કરી અને જે જળસંચયની કામગીરીથી જે ચેક ડૅમો બંધાયા, બધા જ વિભાગો તરફથી, આજે પચાસ હજારથી વધારે ચેકડેમો બંધાયા. સાહેબ ઝુંબેશ શેની થઈ? ઝુંબેશ લોકોને પાણીની ભૂખ લાગી છે આજે, સરકારનું આહ્વાન ૧ લાખ ૩૭ હજાર માત્ર સો દિવસમાં, આનો ઉલ્લેખ શરદ પવાર સાથે મિટિંગ થઈ એમણે વ્યકિતગત રીતે ગુજરાતને અભિનંદન આપ્યાં છે. મને નહીં, ગુજરાતને અભિનંદન આપ્યાં છે એટલે તમે પણ એમાં આવી જાઓ, પાંચ કરોડની જનતાને અભિનંદન આપ્યાં છે કે સો દિવસની અંદર ૧ લાખ ૩૭ હજાર ખેત તલાવડીઓ

બનાવવી એ કોઈ નાની વાત નથી ( અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એનો તમને હું પુરાવો આપું છું. ૧૯૯૪માં જેટલો વરસાદ પડ્યો હતો એટલો જ વરસાદ આ વખતે પડ્યો છે ૨૦૦૪ના ચોમાસામાં.

માનનીય અધ્યક્ષશ્રી, ઉપરાંત ૪૧૩ મિ.મી. ઓછો પડયો છે. જળસંચયના કારણે વાવેતર અને હેકટરદીઠ ઉત્પાદનના આંકડા આપવા માગું છું. ૧૯૯૪-૯૫માં ઘઉંનું હેકટરદીઠ ઉત્પાદન ૨૫૭૫કે.જી. હતું. આ વખતે અંદાજ મળ્યો છે ૩૦૦૦ કે.જી.નો. આ શું બતાવે છે? જળસંચયના કારણે જે પાણી સંગ્રહાયેલું રહ્યું. જ્યારે જરૂર પડી ત્યારે ખેડૂતોએ એનો ઉપયોગ કર્યો, એના કારણે કૃષિ ઉત્પાદનમાં વધારો થયો. ચણા, જીરુ, રાયડો, મારે કપાસના ઉત્પાદનની વાત કરવી છે. ૨૦૦૦-૨૦૦૧માં હેકટરદીઠ કપાસનું ઉત્પાદન પાંચ ક્વિન્ટલ હતું. માત્ર એ વખતે ૧૭લાખ ગાંસડીનું ઉત્પાદન થયું હતું. આ વખતે ૪૧૩ મિલિલિટર વરસાદ ઓછો હોવાછતાં માત્ર જળસંચયને કારણે ૨૦૦૪-૨૦૦૫માં પાંચ થી ૧૪ ક્વિન્ટલ હેકટરદીઠ ઉતારો થયો છે. આ વખતે ૧૭ લાખ સામે ૫૪કરોડ ઉતારાનો અંદાજ છે. હું ફતેવાડીનો દાખલો આપું. ધરોઈથી પાણી મળતું હતું, વચ્ચે ૪-૫ વર્ષ બંધ થઈ ગયું. અમદાવાદની ફતેવાડી આધારિત યોજના ખોરંભે પડી ગઈ એના આધારિત રાઈસ મિલ બંધ પડી ગઈ. છેલ્લા બે વર્ષથી પાણી આપવાની શરૂઆત કરી. બધી જ રાઈસ મિલ ફરીથી ધમધમતી થઈ ગઈ. ૭૦૦૦ થી ૨૩૦૦૦ હેકટરને પાણી આપ્યું. પાણીના આંકડા આપીતાં આનંદ થાય છે કે અમે ૨૦૦કરોડનું ટર્ન ઓવર કરતા હતા ધરોઈનું પાણી મળતું હતું. આજે ૬૦૦કરોડનું અમે ટર્ન ઓવર કરીએ છીએ. આ વાત નાની નથી. જળસંચય માટે પાણીને કારણે માનનીય ચંદ્રિકાબહેન કહેતા હતા કે જળસંચય અને ચેકડેમને કારણે પાણી હોય તો ન દેખાય, પરંતુ મારે નામ સાથે કહેવું છે અત્યારે પણ સૌરાષ્ટ્રમાં હું અનેક નામ બોલી શકું તેમ છું.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ**: માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીની વાત પૂરી થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવીએ.

**અધ્યક્ષશ્રી .** : વાત પૂરી થાય ત્યાં સુધીનો નહીં, ૧૦ મિનિટ માટે સભાગૃહનો સમય લંબાવેલો છે. માત્ર ૧૦ મિનિટ વધેલી રહેશે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** :સૌરાષ્ટ્રની સૂકી નદીમાં તેના કારણે ભાદર, સીંગોડા, સાંગાવાડી અને બેટાનદી આ બધી નદીઓમાં સ્વૈચ્છિક સંસ્થા અને સરકાર બંનેના સહયોગથી બેબે અને પાંચપાંચ કિલોમીટરના અંતરે જે ચેકડેમ બનાવવામાં આવ્યા છે, એના કારણે આજે પણ પાણી ત્યાં છે. સવાલ એ છે કે આખી વાતને અભિયાન તરીકે લેવામાં આવે. રાજયના તમામ સામાજિક, રાજકીય બધા લોકો આપણા રાજયનું આ કામ છે એમ સમજીને હાથ પર લઈએ. હું માનું છું કે માત્ર પાંચ વર્ષની અંદર આમ પણ રાજય સરકારનું આયોજન છે. આ બધી જ કામગીરીને કારણે ઘણી વાર કહું છું કે રાજયનો પ્રશ્ન છે એનો ઉકેલ એક જ ઉપાય નથી એટલા માટે દૂરંદેશી, દીર્ધદ્રષ્ટા મુખ્યમંત્રીએ એક કરતાં વધારે ઉપાયો આગોતરા જામીનની જેમ કર્યા છે. અત્યાર સુધીમાં કહેવાતું હતું કે નર્મદા યોજના જીવાદોરી છે. માત્ર ગુજરાતની જ નહીં ચાર રાજયોની જીવાદોરી છે. નર્મદા યોજનાથી આખા ગુજરાતના લોકોને સિંચાઈનું પાણી મળવાનું નથી તો બાકીના જિલ્લાને નથી મળવાનું એના માટે શું વ્યવસ્થા છે એના માટે મુખ્યમંત્રીશ્રીએ આયોજન કરીને એક ચેકડેમ જયાં નર્મદાનું પાણી જવાનું નથી ત્યાં પાણી જાય એ માટે સુજલામ્ સુફલામ્ યોજના, વધારાના ગામ તળાવ, ખેતતલાવડીની યોજના, લાંબાગાળાના અભિયાન તરીકે કલ્પસર યોજના આ બધા ઉપાયો ભેગા કરીને એક ઉકેલ કરવાનો છે. મારે કહેવું છે સામેવાળા મિત્રોને આ બધા ઉકેલો કેમ તમને ધ્યાનમાં ન આવ્યા? આ બધા ઉકેલ પહેલેથી કર્યા હોત તો આજે આ સ્થિતિ પેદા થઈ ન હોત. બધા ઉકેલ અને આ ઉપાય શરૂ કર્યા છે, એના કારણે ૨૦૦૭ ડિસેમ્બર સુધીમાં આ રાજયનાં ૧૮,૦૦૦ ગામડાઓને પીવાનું શુદ્ધ પાણી, પાણી પુરવઠા વિભાગ આપી શકવાનો છે. આ દેશનું પહેલું રાજય હશે. આ નાની સિદ્ધિ નથી. આ બધાં જ કામ કરવા માટે પૈસા જોઈએ અને પૈસા કયાં વપરાય કે જ્યાંથી ઉપાર્જન થાય ત્યાંથી.

ભૂતકાળમાં દુષ્કાળ પડે, પૂર આવે, એના ઉપાયો શું? દુષ્કાળ પડે તો ઢોરવાડા ખોલવાના, ટૅન્કરો મોકલવાના, દુષ્કાળ પૂરો થઈ જાય એટલે ભૂલી જવાનું. પૂર આવે ત્યારે હેલિકોપ્ટર ફેરવવાના અને ફૂડપેકેટસ્ આપવાના. કાયમી ઉકેલ કોઈ દિવસ ભૂતકાળમાં થયા નહિ. ભારતીય જનતા પાર્ટીની સરકારે તેનો કાયમી ઉકેલ કર્યો છે. ટૅન્કર મૂકત ગુજરાત રાજય કેમ થાય, એના માટેના પ્રયત્નો થયા છે. મને કહેતાં દુ:ખ થાય છે કે આ બધી યોજનાથી, ઉકેલના કારણે આજે ભાવનગર જિલ્લો ટૅન્કર મૂક્ત થઈ ગયો છે. એવા અનેક જિલ્લાને અમે ટૅન્કર મૂકત કરવાના છીએ. ભૂતકાળમાં ટૅન્કરમાં પૈસા જતા હતા, એ પૈસા હવે વિકાસના કામમાં વાપરીએ છીએ. ૧૯૯૪માં શિક્ષકોની ૮૦,૦૦૦ ઘટ હતી અને જેની ભરતી બંધ કરી હતી, આજે એ ૮૦,૦૦૦ શિક્ષકોનો પગાર આપી શકતા હોઈએ તો એ બધા ખોટા ખર્ચ ટૅન્કરોના ખર્ચ બંધ થયા એ પૈસા બચ્યા એના કારણે શિક્ષકોનો પગાર હોય, તલાટીની ભરતી કરી શકતા હોય તો એના કારણે જ છે.

બીજી મારે વાત કરવાની છે. દંડકશ્રી બલવંતસિંહને. રાજ્યપાલના આભાર પ્રસ્તાવ ઉપર બોલતા હતા, ત્યારે એમનું પ્રવચન મેં મંગાવી લીધેલ છે અને કેવા પ્રકારનું, ન માની શકાય તેવી ટીકા. પ્રત્યેક ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાની વાત કરવામાં આવતી હતી. આજે શું સ્થિતિ છે. માત્ર કાગળ ઉપરની વાત. એ

પણ કદાપિ કંઈ થઈ શકતું નથી. આ એમની વાત. આ વિધાનસભા ગૃહમાં પ્રવચન. સિદ્ધપુર એમના વિસ્તારમાં અત્યાર સુધીમાં ૫૬૦ જમીન ચકાસણીના નમૂના લેવામાં આવ્યા. સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા. મારે આપના દ્વારા કહેવું છે કે ઝડપથી આંકડા વાંચતા હોઈએ તો પછી તેને ચેક કરવાવાળા અમે બેઠા હોઈએ છીએ. આ તમારું પ્રવચન છે. આ આંકડા છે. માત્ર નર્મદાના પાણી અને જળસંચયની કામગીરી નહિ, પણ ખેડૂતો માટે ગયા વર્ષે દેશમાં સૌથી વધારે પાક વીમો આપ્યો હોય તો ગુજરાતે આપ્યો છે, ૮૭૪ કરોડનો. ૪ કૃષિ યુનિવર્સિટી કરી. આજે શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની કામગીરી, તાલુકા દીઠ ૩ સાયંટિસ્ટ, તલાટી, ગ્રામસેવક, કૃષિ બાગાયાત, પશુપાલન અધિકારીની ટીમ બનાવીને ભૂતકાળમાં કયારેય નહોતો, એટલા વાવેતર વિસ્તારનો વધારો. પહેલીવાર દેશમાં ડ્રિપ ઈરિગેશન માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી છે, તેને આવકારવા ઊભો થયો છું. આખા દેશમાં થઈને બધાં રાજ્યોમાં ૧૫૦૦ કરોડ રૂપિયા ખેતી માટે, ખેડૂતોને ઉત્તેજન આપવા માટે કરકસર યુકત પાણીના ઉપયોગ માટે ડ્રિપ ઈરિગેશન માટે બધાં રાજ્યોને ભેગા કરીએ તો પણ રકમનો સરવાળો ન મળે, એટલી ૧૫૦૦ કરોડ રૂપિયાની જાહેરાત આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ કરી છે, મને કહેવામાં આવ્યું છે કે કેન્દ્રે બજેટ રજૂ કર્યુ તેમાં ૪૦૦ કરોડ રૂપિયા આપ્યા છે. ૪૦૦ કરોડ આખા દેશમાં બધા રાજયો વચ્ચે અને માત્ર એકલા ગુજરાતે ૧૫૦૦ કરોડ રૂપિયા, જુઓ.સી.જે.ચાવડા. સારી બાબતો અમને ગમે. સોઈલ હેલ્થ કાર્ડ, માનનીય વડાપ્રધાનશ્રી, કૃષિમંત્રીશ્રી અને આદરણીય રાષ્ટ્રપતિશ્રીએ સોઈલ હેલ્થ કાર્ડને ખેડૂત માટેનું સાચી દિશાનું પગલું કહ્યું છે, ત્યારે મિત્રોને કહું કે તેમાં ખામી રહેતી હોય તો મને કહેજો પણ તેની ખોટી ટીકા ન કરશો. આ એક એવું પગલું છે જેમ માણસ માટે નિદાન થાય અને તેનો ઉકેલ થાય, સાચી દવા થાય તેમ જમીનને કયો પાક અનુકૂળ છે, ફૉસ્ફરસ, નાઇટ્રોજન, પોટાશ વગેરેમાંથી શું જોઈએ છે અને શું નથી જોઈતું. જે નથી આપવું તેની ખેડૂતને ખબર નથી અને જે આપવું છે તેની પણ ખબર નથી. આજે સોઈલ હેલ્થ કાર્ડને આધારે આ બધુ આપવું છે અને ખાતરની અંદર સાહેબ એક જ વર્ષમાં સપ્રમાણ થયું છે. ખૂબ વાપરતા હતા ત્યાં કંટ્રોલ આવ્યો છે. ન્હોતા વાપરતા તે વાપરતા થયા છે. આ નાડ પકડી છે, તેના કારણે કોસ્ટ ઑફ પ્રોડક્શન જે લાંબા ગાળાની યોજના છે, તેમાં પહેલા જ વર્ષે અમને તેના પરિણામ મળ્યાં છે. કોસ્ટ ઑફ પ્રોડક્શનમાં પણ ફેરફાર થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માત્ર માળખાકીય સુવિદ્યાની વાત નથી. મેં શિક્ષણની વાત કરી, હવે મારે રસ્તાની વાત કરવી છે. એક ઉદાહરણ આપવું છે. વાસદ અને ખેડાના પુલની વાત કરવી છે. ૫૦ વર્ષ તમારું શાસન રહ્યું છે, ૫૦ વર્ષ રહ્યું છે. અમદાવાદથી વડોદરા જવા કોઈ નીકળે ત્યારે તેને અહીંથી જ ભીત્તિ લાગે કે ખેડા સિંગલ બ્રિજમાં ટ્રાફિક જામ થઈ ગયો હશે તો. મુકેશભાઈ ખાત મુર્હૂત તો જવાહરલાલ નહેરુએ નર્મદાનું પાંચમી એપ્રિલ ૧૯૬૦ માં કર્યુ હતું પણ પૂરી અમે કરી. સવાલ છે વાસદ અને ખેડાનો પુલ ૫૦ વર્ષ સુધી સિંગલ રહ્યો. ૫૦ વર્ષોમા જરૂરિયાત વધી, વાહનો વધ્યા, વસ્તી વધી પણ ૫૦ વર્ષોમાં સિંગલનો સિંગલ જ રહ્યો. છેલ્લા ત્રણ ચાર વર્ષમાં તે ડબલ બ્રિજ થયો છે, ફોરલેન થયો છે. આને વિકાસ કહેવામાં આવે છે.

હું છેલ્લી વાત કરું છું. આ બધી બાબતોના આધારે વિશ્વનું ધ્યાન ગુજરાત તરફ ખેંચાયું છે. વિશ્વને ખબર છે, યુરોપ અને અમૅરિકા જેવા દેશોને ખબર છે કે જ્યાં માળખાકીય સુવિદ્યાઓ હશે ત્યાં જ મૂડી રોકાણ થશે, જ્યાં માળખાકીય સુવિદ્યા હશે ત્યાં ઉદ્યોગો થશે, જ્યાં માળખાકીય સુવિદ્યા હશે ત્યાં જ પ્રગતિ થશે. તેને ધ્યાનમાં લઈને મુખ્યમંત્રીશ્રીએ કરેલી અપીલ ૨૦૦૩ નવરાત્રીમાં વિશ્વના અને ગુજરાત સિવાયના લોકોએ વધાવી લીધી અને ૬૬ હજાર કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. થયા. તમે કહેશો કે તેમાં શું થયું? પણ તેમાં કંઈ ન થયું હોત તો આ વખતે જો ૨૦૦૫ ઉત્તરાયણમાં ૧ લાખ ૫ હજાર કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. થયા ન હોત. ૬૬ હજાર કરોડમાંથી ૫૬ હજાર કરોડનું અમલીકરણ થયું છે. સવાલ છે વાવેતર કર્યા પછી તુરત જ ઉત્પાદન મળતું નથી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ વાવેતર કર્યુ છે, ગુજરાતના વિકાસનું વાવેતર મોટા પાયા પર કર્યુ છે. આપણી ફરજ છે કે કુમળા છોડને ખેંચી નાંખવો છે?તેને રક્ષણ આપવું છે? તેને પાણી આપવું છે? તેનું પોષણ કરવું છે? ત્યારે આ સભાગૃહમાં બેઠેલા તમામ લોકોને અને આખા સમાજને મારે કહેવું છે કે આના પરિણામ તબકકાવાર એક વર્ષ, બે વર્ષ, પાંચ વર્ષ, દસ વર્ષ અને વીસ વર્ષ પછી આવશે પરંતુ હેતુ સમજીને કે જયારે ગુજરાત ઉપર બધાની નજર બેઠી છે. નજર નથી લાગી. બિહારમાં લોકોની નજર લાગી એટલે ઘરભેગા થઈ ગયા. ગુજરાતનો મુદ્દો ઇલૅક્શનનો મુદ્દો બનાવ્યો, ઇલૅક્શનનો મુદ્દો બનાવ્યો. બધા લોકોએ, તમે અને બાકીના લોકોએ પણ કોઈ ફાવ્યા નહીં. કારણકે સત્ય ગુજરાતની પડખે છે. સત્ય નરેન્દ્રભાઈ મોદીની પડખે છે. એટલા માટે જ...

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, પ્લીઝ.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આભાર.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫.૨૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા.૧લી માર્ચ ૨૦૦૫ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| ¸ÛÍ©Û¨ï: 110) | ÛÈÛÌÛýÛ ÍÛÛ˜Û<br>ÛÈÛÌÛýÛ | ªÛàœ· ÊÛ¨Ûà)<br>¸ÛÛ¶ÛÛÛ ¶Û¼ÛÁ |
|---|---|---|
| …©ÛÅÛ ï. ¸Û¤ÅÛ | ïÅÛÛÅÛ ©ÛÛÅÛïÛ¶ÛÛ ÝÍÛ˜ÛÛˆ ©ÛÇÛÈÛÛ ½ÛÁÈÛÛ …•Û | 24 |
| | ¶Û¾ÛþÛ ï¶ÛÛÅÛ ¶Ûœï¶ÛÛ ÛÈÛÍ©ÛÛÁÛ¶Û ”Û©Ûà ¾ÛÛ¤ ¸ÛÛ¨Ûà¶ÛÛ ÅÛÛ½Û …Û¸ÛÈÛÛ …•Û | 297 |
| | ¾ÛÐÍÛÛ¨ÛÛ Ü›ÅÅÛÛ¾ÛÛ ¶ÛÈÛà ÉÛÁ©Û¾ÛÛ¬Ûà ›¶Ûà ÉÛÁ©Û¾ÛÛ ºÁÈÛÈÛÛ¶ÛÛ ïÍÛÛ | 62 |
| …–ýÛ“ÛËÛà¶Ûà ›ÛÐÁÛ©Û | …þÛ›¸ÛªÛ ¸ÛÁ ÍÛÛ¾ÛÛ¶ýÛ ˜Û˜ÛÛ¶Ûà ¾ÛýÛÛþÛ …•Û | 364 |
| | Ü•ÛÅÛÛ¤à¶Û …•Û | 239 |
| | ›¶ÛÁÅÛ ¾ÛÛ¦ïÅÛ ˜Ûï…¸Û ï¾¸Û …•Û | 444 |
| …Ü¶ÛÅÛ ›ÛÌÛàýÛÛÁÛ | …þÛ›¸ÛªÛ ¸ÛÁ ÍÛÛ¾ÛÛ¶ýÛ ˜Û˜ÛÛ (¼Ûà›Û ÜþÈÛÍÛ) | 459 |
| | …ÛÜþÈÛÛÍÛà ÛÈÛÍ©ÛÛÁ¾ÛÛ ÛÈÛ“ÛïÛ¶Ûà ½ÛÁ©Ûà | 394 |
| | ¸ÛÁï ¾ÛÛ•Û¨Ûà…Û ¸ÛÁ ˜Û˜ÛÛ …¶Û ¾Û©ÛþÛ¶Û (¸ÛÐÅÛÛ ÜþÈÛÍÛ) | 143 |
| | ½ÛàÅÛÛ¦Û …¶Û ÛÈÛ›ýÛ¶Û•ÛÁ ©ÛÛÅÛïÛ¶ÛÛ ”Û¦©ÛÛ¶Û ¶Û¾ÛþÛ …¬ÛÈÛÛ ï¦Û¨ÛÛ ¦¾Û¾ÛÛ¬Ûà ÝÍÛ˜ÛÛ† ¾ÛÛ¤ ¸ÛÛ¨Ûà | 15 |
| | ½ÛàÅÛÛ¦Û ©ÛÛÅÛïÛ¶ÛÛ ”Û¦©ÛÛ¶Û ÐÛ¬Û¾Û©Ûà ¦¾Û …¬ÛÈÛÛ ¾ÛÊÈÛÛ ¦¾Û¾ÛÛ¬Ûà ÝÍÛ˜ÛÛˆ ¾ÛÛ¤ ¸ÛÛ¨Ûà …Û¸ÛÈÛÛ …•Û | 57 |
| | ½ÛàÅÛÛ¦Û ©ÛÛÅÛïÛ¶ÛÛ Ä®ÛÅÛ •ÛÛ¾Û ¾Û©Û …ÛÜþÈÛÛÍÛà ¼ÛÛÇïÛ¶ÛÛ ¸ÛÛÁÈÛÛÁÛ¶Û ÍÛÐÛýÛ ¶Û ˜ÛïÈÛÈÛÛ …•Û | 80 |
| | ÁÛ›ýÛ¶ÛÛ …ÛÜþÈÛÛÍÛà…Û¶Û ¾Û˜™à Š™Á¶Û ïÛ¾Û …Û¸ÛÈÛÛ …•Û | 159 |
| | ÁÛšýÛ¶ÛÛ …ÛÜþ›ÛÛ©Û ÛÈÛÍ©ÛÛÁ¾ÛÛ ÈÛßÛÛÛ¶Ûï ¸ÛµµÛÛ©Û¬Ûà ïÛÌÛ Š©¸ÛÛþ¶Û | 202 |
| | ÁÛšýÛ¾ÛÛ …ÛÁ¤à…..Û. ¸ÛÛÍ¤Û ïÛ¾¸ýÛ¤ÁÛˆ ¡¦ ¬Û©ÛÛ …ÛÈÛï¾ÛÛ ¬ÛýÛÅÛ ÈÛµÛÛÁÛ | 355 |
| | ÁÛšýÛ¾ÛÛ ¬ÛýÛÅÛ …¾Û. …Û. ýÛ. …¶ÈÛýÛ Í¬Û¸ÛÛýÛÅÛÛ Š²Û•ÛÛ | 306 |
| | ÍÛÛ¼ÛÁïÛ¥Û Ü›ÅÅÛÛ¾ÛÛ …ïÍ¾ÛÛ©ÛÛ¶ÛÛ ¼Û¶ÛÛÈÛÛ | 336 |
| …Ü¶ÛÅÛï¾ÛÛÁ ¾ÛÛ.¸Û¤ÅÛ | ¼ÛÛÁ¦ÛÅÛà …¶Û ¾ÛÛ¦ÈÛà ©ÛÛÅÛïÛ ¸Û˜ÛÛýÛ©Û ï˜ÛÁà¾ÛÛ ÍÛÈÛ•ÛÈÛÛÁ ¾ÛÐï¾Û | 179 |
| | ¼ÛÛÁ¦ÛÅÛà …¶Û ¾ÛÛ¦ÈÛà ©ÛÛÅÛïÛ¶ÛÛ •ÛÛ˜ÛÁ¶Ûà ›¾Ûà¶Û …¶ýÛ Ð©Û ¾ÛÛ¤ ºÛÇÈÛÈÛÛ …•Û | 69 |
| | ¼ÛÛÁ¦ÛÅÛà …¶Û ¾ÛÛ¦ÈÛà ©ÛÛÅÛïÛ¶Ûà •ÛÛ˜ÛÁ¶Ûà ›¾Ûà¶Û Š¸ÛÁ þ¼ÛÛ¨Û | 231 |
| | ¼ÛÛÁ¦ÛÅÛà …¶Û ¾ÛÛ¦ÈÛà ©ÛÛÅÛï¾ÛÛ ©ÛÅÛÛ¤à–ï¾Û–¾ÛªÛà/•ÛÛ¾Û ÍÛÈÛïÛ¶Ûà ”ÛÛÅÛà ›•ÛÛ | 216 |
| | ¼ÛÛÁ¦ÛÅÛà ©ÛÛÅÛï¾ÛÛ …ÛÈÛÅÛà ÍÛÁïÛÁà ¸Û¦©ÛÁ ›¾Ûà¶Û¾ÛÛ ”Û¦Û¨Û | 36 |
| | ¾ÛÅïà ÍÛÛ˜ÛÈÛÛÅÛýÛ¾ÛÛ ïÛÁï¶ÛÛ¶Ûà ”ÛÛÅÛà ›•ýÛÛ ½ÛÁÈÛÛ …•Û | 347 |
| | ¾ÛÅïà ÍÛÛ˜ÛÈÛÛÅÛýÛ¾ÛÛ ¶ÛÛýÛ¼Û ÉÛÛ”ÛÛ…ÜµÛïÛÁà…Û¶Ûà ”ÛÛÅÛà ›•ýÛÛ …¶Û ½ÛÁ©Ûà ïÁÈÛÛ …•Û | 326 |

| ¸ÛÍ©Ûï: 110) | ÜÈÛÌÛýÛ ÍÛÛ˜Û<br>ÜÈÛÌÛýÛ | ªÛàœ÷ ÊÛ¨¨Ûà)<br>¸ÛÛ¶ÛÛÛ ¶Û¼ÛÁ |
|---|---|---|
| …Û¶ÛÅÛï¾ÛÛÁ ¾ÛÛ.¸Û¤ÅÛ | ÁÛšýÛ¶Ûà ïÅÛ ÈÛ˜ÛÛ¨ÜÈÛÁÛ¶Ûà ¼ÛÛïà ÈÛÍÛÅÛÛ©Û | 427 |
| | ÜÍÛ¾Û¶¤ ï¸Û¶Ûà…Û ¸ÛÛÍÛ ÈÛ˜ÛÛ¨ÜÈÛÁÛ¶Ûà ¼ÛÛïà Áïï¾Û | 410 |
| | ÍÛÁ©Û Ü›ÅÅÛÛ¾ÛÛ ”Û¶Û, ˜ÛÛÁà, ÅÛ¤ …¶Û …¸ÛÐÁ¨Û¶ÛÛ ¼Û¶ÛÛÈÛÛ | 292 |
| …Û¾Û©Û …. ÉÛÛÐ | …ÛÛþÈÛÛÍÛà ÍÛ•ÛàÁ ¼ÛÛÇÛ¶Û ÅÛ•¶Û¶Û ÈÛ˜Û¶Û …Û¸Ûà ½Û•ÛÛ¦à ›ÈÛÛ ¼ÛÛ¼Û©Û | 441 |
| …›¶Û½ÛÛ† þ. ¾ÛÛ§ÈÛÛ¦àýÛÛ | …þÛ›¸ÛªÛ ¸ÛÁ ÍÛÛ¾ÛÛ¶ýÛ ˜Û˜ÛÛ (¸ÛÐÅÛÛ ÜþÈÛÍÛ) | 364 |
| | ¸ÛÁïï ¾ÛÛ•Û¨¨Ûà…Û ¸ÛÁ ˜Û˜ÛÛ …¶Û ¾Û©ÛþÛ¶Û (¼Ûà›Û …¶Û ™ÅÅÛÛ ÜþÈÛÍÛ) | 244 |
| | ÉÛ¼þ þÁ ïÁÈÛÛ …•Û | 128 |
| | ÉÛ¼þ Áïï¦¾ÛÛ¬Ûà þÁ ïÁÈÛÛ …•Û | 124 |
| …ÉÛÛïï ½Û¤ | Š˜˜ÛÛÁ¨Û ¼ÛþÅÛ ¾ÛÛºà ¾ÛÛ•ÛÈÛÛ …•Û | 120 |
| …¼ÛÛÅÛÛÅÛ …Û. ÁÛÛÐ©Û | Š²Û•ÛÛ¶Ûà ›ÄÁàýÛÛ©Û ¸Û¾ÛÛ¨Û ÜÉÛ“Û¨Û “ªÛ …µýÛ©Û¶Û ºÁºÛÁ ïÁÈÛÛ …•Û | 421 |
| | ÁÛ›ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …Û½ÛÛÁ ¸ÛÍ©ÛÛÈÛ ¸ÛÁ ˜Û˜ÛÛ (ªÛà›Û<br>…¶Û ™ÅÅÛÛ ÜþÈÛÍÛ) | 113 |
| | ÜÈÛßÛÛ¶Û ¾ÛÇÛ¶Ûà ÜÈÛÉÛÌÛ©ÛÛ | 403 |
| | ÍÛïÜÅÛ©Û ¸Û¦©ÛÁ ½ÛÛ¾ÛÛ ÜÈÛïÛÍÛ ïÛýÛ’¾ÛÛ Ð¥Ç ¸ÛÛ›ï¤ ¾Û›Á ïÁÈÛÛ …•Û | 187 |
| | ÍÛÁïïÛÁà ›¾Ûà¶Û •ÛÛ¶¤ ïÁ©Ûà ÈÛ”Û©Û Ýï¾Û©Û ÅÛÈÛÛ¶ÛÛ µÛÛÁ¨Û¾ÛÛ ©ÛºÛÈÛ©Û | 90 |
| | ÍÛÁïÛÁà ›¾Ûà¶ÛÛ •ÛÛ¶¤ ïÁÈÛÛ¾ÛÛ ¶Û¦©Ûà ¼ÛÛ¶Û¾ÛÛï©Û¶ÛÛ ¸ÛÊ¶Û | 70 |
| | ÍÛ›ÅÛÛ¾ÛÛ ÍÛºÅÛÛ¾ÛÛ ýÛÛ›¶ÛÛ Ð¥Ç ÜÈÛÍ©ÛÛÁÈÛÛÁ ¸ÛÛ¨Ûà ¸ÛÁÈÛ¥Û ýÛÛ›¶ÛÛ…Û | 37 |
| …Û¶ÛþÛà¼Û¶Û ¾Û.¸Û¤ÅÛ | …þÛ›¸ÛªÛ ¸ÛÁ ÍÛÛ¾ÛÛ¶ýÛ ˜Û˜ÛÛ (¸ÛÐÅÛÛ ÜþÈÛÍÛ) | 383 |
| | …Û² ÉÛïÁÛ˜ÛÛýÛ ÍÛÍï©Û ýÛÛ¶ÛÈÛÛÍÛ¤à ÜÈÛµÛýÛï ÁOO4 | 270 |
| †ÊÈÛÁ½ÛÛ† µÛ. ¾ÛïÈÛÛ¨ÛÛ | …©ýÛÛþýÛ ýÛÛ›¶ÛÛ Ð¥Ç •ÛÁà¼ÛÛ¶Û …¸ÛÛ©ÛÛ …¶ÛÛ› …•Û | 90 |
| | …þÛ›¸ÛªÛ ¸ÛÁ ÍÛÛ¾ÛÛ¶ýÛ ˜Û˜ÛÛ (¸ÛÐÅÛÛ ÜþÈÛÍÛ) | 374 |
| | ¼Û¶ÛÛÍÛïÛ¥Û Ü›ÅÅÛÛ¾ÛÛ Ðïï¸ÛªÛï ÈÛÛÁÍÛÛˆ ¶ÛÛµÛ ïÁÛÈÛÈÛÛ …•Û | 36 |
| | ÍÛÁïÛÁà ›¾Ûà¶ÛÛ •ÛÛ¶¤ ïÁÈÛÛ¾ÛÛ ¶Û¦©Ûà ¼ÛÛ¶Û¾ÛÛï©Û¶ÛÛ ¸ÛÊ¶Û | 68 |
| Š¸Û¶®ÝÍÛÐœ÷ ¸Û.•ÛÛÛÐÅÛ | ”ÛÛ¶Û•Ûà ÈÛÛÐ¶ÛÛ¾ÛÛ †µÛ¨Û ©Ûàï ïÁÛÍÛà¶Û¶ÛÛ Š¸ÛýÛÛ•Û | 351 |
| | ”Û©Ûà ÜÈÛÌÛýÛï ©ÛïÛÇ ÈÛà› ›Û¦Û¨Û ÍÛ¾ÛýÛ ¾ÛýÛÛþÛ¾ÛÛ …Û¸ÛÈÛÛ ¼ÛÛ¼Û©Û | 298 |
| | ÈÛ¦ÛþÁÛ Ü›ÅÅÛ ¸Û˜ÛÛýÛ©Û ÜÈÛ½ÛÛ•Û¾ÛÛ ÁÐ¾ÛÁÛÐ ¶ÛÛïÁà ¾ÛÇÈÛÈÛÛ<br>…Áœ÷…Û | 229 |
| | ÈÛ¦ÛþÁÛ Ü›ÅÅÛ ¸Û˜ÛÛýÛ©Û¾ÛÛ ÅÛÛïÅÛ º¦ ÉÛÌÛ ¾ÛÛ¤¶Ûà þÁ”ÛÛÍ©Û | 174 |

| ¸ÛÍ©ÛïÎ: 110) | ÛÈÛÎÛýÛ ÍÛÛ˜Û<br>ÛÈÛÎÛýÛ | ªÛàœ ÊÛ¨¨Ûà)<br>¸ÛÛ¶ÛÛÛ ¶Û¼ÛÁ |
| --- | --- | --- |
| Š¸Û¶®ÝÍÛÐœ ¸Û.•ÛÛÛÐÅÛ | ÈÛ¦ÛþÁÛ Û›ÅÅÛÛ¾ÛÛ ©ÛÇÛÈÛÛ ¼Û¶ÛÛÈÛÈÛÛ ¾Û›Áà | 85 |
| | ÈÛ¦ÛþÁÛ Û›ÅÅÛÛ¾ÛÛ ÈÛÛ¤Á ÉÛ¦ ¸ÛÛ›ï¤ Ð¥Ç ¬ÛýÛÅÛ ”Û˜Û | 211 |
| | ÈÛ¦ÛþÁÛ ÉÛÐÁ …¶Û Û›ÅÅÛÛ¾ÛÛ ”ÛÛ¨Û– ”ÛÛ¶Û›¶Ûà ÅÛà¡ | 332 |
| | ÍÛÛÈÛÅÛà ©ÛÛÅÛï Û¶Ûà ïÛ¤¾ÛÛ ï¦ÁÈÛÛÁ ”ÛÛÅÛà ›•ýÛÛ…Û | 437 |
| | ÍÛÛÈÛÅÛà ©ÛÛÅÛïÛ¾ÛÛ …Û•Û¨ÛÈÛÛ¦à…Û¶ÛÛ ¾ÛïÛ¶Û …•Û | 398 |
| | ÍÛÛÈÛÅÛà ©ÛÛÅÛïÛ¾ÛÛ ›¾Ûà¶Û ¾ÛïÛ¶Û Û¶ÛýÛ¾Û¼ÛµµÛ ïÁÈÛÛ¶ÛÛ ïÍÛÛ | 25 |
| | ÍÛÛÈÛÅÛà ©ÛÛÅÛïÛ¾ÛÛ ¸ÛÛ¨Ûà¶Ûà ¤ïà…Û¾ÛÛ ¸ÛÛ¨Ûà ¶ÛÐá ˜Û¦ÈÛÛ …•Û | 63 |
| | ÍÛÛÈÛÅÛà ©ÛÛÅÛïÛ¾ÛÛ ÉÛÛÇÛ¶ÛÛ ››ÛÁ©Û …ÛÁ¦Û | 421 |
| ïÛÛ©Û½ÛÛ† Ûª Û. ½ÛàÅÛ | ˆ›¶ÛÁà ïÛÅÛ›Û¶Ûà ¼Û¥ï¾ÛÛ ÈÛµÛÛÁÛ …•Û | 402 |
| | ¤ï¶Ûàï ÅÛ ÛÉÛ“Û¨Û¶ÛÛ ÈýÛÛ¸Û ÈÛµÛÛÁÈÛÛ …•Û | 420 |
| | ©Ûà¬Û•ÛÛ¾Û ýÛÛ›¶ÛÛ ©ÛÁàï ›ÛÐÁ ¬ÛýÛÅÛ •ÛÛ¾ÛÛ | 174 |
| | ÁÛšýÛ¶ÛÛ …ÛÛþÈÛÛÍÛà ÛÈÛÍ©ÛÛÁÛ¾ÛÛ ¸ÛàÈÛÛ¶ÛÛ ¸ÛÛ¨Ûà ¾ÛÛ¤ Áà˜ÛÛœ•Û<br>ïÛ¾Û•ÛàÁà | 51 |
| | ÍÛÁïÛÁà ›¾Ûà¶ÛÛ •ÛÛ¶¤ ïÁÈÛÛ¾ÛÛ ¶Û¦©ÛÛ ¼ÛÛ¶Û¾ÛÛï©Û¶ÛÛ ¸ÛÊ¶Û | 6 |
| ïÛÛ©Û½ÛÛˆ ½ÛÛ. ©Û¦ÈÛà | …¾ÛþÛÈÛÛþ ¸ÛÛÅÛàÍÛ Á¶›¾ÛÛ ýÛÛ›ÛýÛÅÛ ÅÛÛï þÁ¼ÛÛÁ | 358 |
| | …ÛÛþ›ÛÛ©Û ÛÈÛÍ©ÛÛÁ¾ÛÛ ÛÉÛ“Û¨Û¶ÛÛ ÈýÛÛ¸Û ÈÛµÛÛÁÈÛÛ ¸Û•ÛÅÛÛ | 400 |
| | ¸Û›Û …¶Û ¸ÛÛÅÛàÍÛ ÈÛ˜˜Û ÍÛÐïÛÁ …¶Û ¾ÛÛÛÐ©Ûà¶ÛÛ …ÛþÛ¶Û ¸ÛþÛ¶Û …•Û<br>ÁÛ›ïÛ¤ Û›ÅÅÛÛ¾ÛÛ ýÛÛ›ÛýÛÅÛ ÅÛÛïþÁ¼ÛÛÁ | 319 |
| | ÁÛšýÛ¾ÛÛ Ð ‘ ¡¸ÛªÛï ¶ÛÛµÛÛ¶ÛÛ Û¶ÛïÛÅÛ¶Ûà ¡¼ÛÉÛ | 43 |
| | ÈÛ¦ÛþÁÛ Û›ÅÅÛÛ¾ÛÛ ÍÛ›ÅÛÛ¾Û ÍÛºÁÛÛ¾Û ýÛÛ›¶ÛÛ Ð¥Ç ¾ÛÇÅÛ …Áœ…Û | 190 |
| | ÈÛ¦ÛþÁÛ ÉÛÐÁ¾ÛÛ ¸ÛÛÅÛàÍÛ ïÛ¾ÛÊ¶ÛÁ ³ÛÁÛ ýÛÛ›ÛýÛÅÛ ÅÛÛï þÁ¼ÛÛÁ | 341 |
| ïÛÛ©ÛÅÛÛÅÛ µÛ. ï˜ÛÛÛÁýÛÛ | …þÛ›¸ÛªÛ ¸ÛÁ ÍÛÛ¾ÛÛ¶ýÛ ˜Û˜ÛÛ (¼Ûà›Û ÛþÈÛÍÛ) | 454 |
| | þÉÛ¶ÛÛ ÍÛ¶ÛÛ¾Ûà•ÛÍ©Û ÁÛšýÛÛ¶Û ÁÛšýÛ ÍÛÁïÛÁ ³ÛÁÛ ÍÛÐÛýÛ | 56 |
| | ¸ÛÛÅÛ¶Û¸ÛÁ, þÛ©ÛàÈÛÛ¦Û, …¾ÛàÁ•Û§ …¶Û ÈÛ¦•ÛÛ¾Û ©ÛÛÅÛï Û¶Û ÍÛ›ÅÛÛ¾Û<br>ÍÛºÁÛÛ¾Û ýÛÛ›¶ÛÛ¶ÛÛ ÅÛÛ½Û | 14 |
| | ¼Û¶ÛÛÍÛïÛ¥Û Û›ÅÅÛÛ¾ÛÛ …ÛþÉÛ Û¶ÛÈÛÛÍÛà ¸ÛÛ¬ÛÛ¾Ûï ©Û¾Û› ¾ÛÛµýÛÛ¾Ûï<br>ÉÛÛÇÛ¶Û ˜ÛïÈÛÅÛ •ÛÛ¶¤ | 216 |
| | ¼Û¶ÛÛÍÛïÛ¥Û Û›ÅÅÛÛ¾ÛÛ •ÛÛïÇ •ÛÛ¾Û ýÛÛ›¶ÛÛ¬Ûà ÈÛÛ˜Û©Û •ÛÛ¾ÛÛ | 183 |
| | ¼Û¶ÛÛÍÛïÛ¥Û Û›ÅÅÛÛ¾ÛÛ ¸Ûà….Ûˆ., ¸Ûà….ÍÛ….Ûˆ. …¶Û ïÛ¶Í¤¼ÛÅÛ¶Ûà<br>”ÛÛÅÛà ›•ýÛÛ…Û | 313 |
| ïÛÛ©ÛÅÛÛÅÛ ÁÛ. ÅÛï¾Û | …ÛÁ. ¤à. …Û. ½ÛàÅÛÛ¦ ˜Ûï¸ÛÛÍ¤¶Ûà …ÛÈÛï | 346 |
| | ïÁÛˆ ”ÛÛ©Û ¸ÛÛÅÛàÍÛ …ÛµÛïÛÁà…Û¶Û ©ÛÛÅÛà¾Û ¾ÛÛ¤¶Ûà …ïÛþ¾Ûà¶Ûà<br>Í¬ÛÛ¸Û¶ÛÛ | 324 |

| | | |
|---|---|---|
| [illegible] | [illegible] | 289 |
| | [illegible] | 208 |
| | [illegible] | 23 |
| | [illegible] | 84 |
| | [illegible] | 170 |
| | [illegible] | 62 |
| [illegible] | [illegible] | 354 |
| | [illegible] | 304 |
| | [illegible] | 335 |
| | [illegible] | 19 |
| | [illegible] | 83 |
| | [illegible] | 196 |
| | [illegible] | 60 |
| [illegible] | [illegible] | 138 |
| | [illegible] | 178 |
| | [illegible] | 335 |
| | [illegible] | 19 |
| | [illegible] | 305 |
| | [illegible] | 215 |
| | [illegible] | 60 |
| | [illegible] | 391 |
| | [illegible] | 419 |
| | [illegible] | 354 |
| [illegible] | [illegible] | 181 |
| | [illegible] | 4 |
| | [illegible] | 49 |
| [illegible] | [illegible] | 204 |

| ¸ÛÍ®ÛïÛ: 110) | ÛËÛÌÛýÛ ÍÛÛ˜Û ÛËÛÌÛýÛ | ªÛàœ ÊÛ¨Ûà) ¸ÛÛ¶ÛÛÛ ¶Û¼ÛÁ |
|---|---|---|
| •ÛÛ¸ÛÛÅÛ½ÛÛ^ •ÛÛ. –Û…Û | ïÛ˜™ Û›ÅÅÛÛ¾ÛÛ …ïÍ¾ÛÛ©Û ÈÛÇ©ÛÁ¶ÛÛ ¸Û¦©ÛÁ ïÍÛ | 418 |
| | ïÛ˜™ Û›ÅÅÛÛ¾ÛÛ ”Û©Û¾Û›ÁÛ¶Û ÈÛà¾ÛÛ Á“Û¨Û | 227 |
| | ïÛ˜™ Û›ÅÅÛÛ¾ÛÛ ˜ÛÛÅÛ©ÛÛ ¾ÛµýÛÛÐ¶Û ½ÛÛ›¶Û ï¶®Û | 434 |
| | ïÛ˜™ Û›ÅÅÛÛ¾ÛÛ ©ÛÅÛÛ¤à–ï¾Û–¾ÛªÛà¶Ûà ”ÛÛÅÛà ›•ýÛÛ…Û | 166 |
| | •ÅÛÛ¼ÛÅÛ ^¶ÈÛÍ¤Á ÍÛ¾Ûà¤-2005 …¶ÈÛýÛ Š›Û “ÛªÛ –ÛýÛÅÛ …¾Û….Û.ýÛ. | 354 |
| | ¼ÛÛÇ Š›Û ÍÛÁ“ÛïÛ þÇ¶Ûà Á˜Û¶ÛÛ …¶Û Š°ÉýÛ | 305 |
| | ½Û›, ¾Û®Û, …›ÛÁ …¶Û •ÛÛµÛàµÛÛ¾Û ©ÛÛÅÛïÛ¶ÛÛ •ÛÛ¾Û©ÛÇ ¶Ûà¾Û ïÁÈÛÛ …•Û | 67 |
| | ÁÛšýÛ¶Ûà ÈÛà› Š©¸ÛÛþ¶Û “Û¾Û©ÛÛ …¶Û ÈÛà›¾ÛÛ•Û | 336 |
| | ÍÛÁïÛÁà ›¾Ûà¶ÛÛ •ÛÛ¶¤ ïÁÈÛÛ¾ÛÛ ¶Û¦©ÛÛ ¼ÛÛ¶Û¾ÛÛï©Û¶ÛÛ ¸ÛÊ¶Û | 34 |
| | ÍÛ›ÅÛÛ¾Û ÍÛºÅÛÛ¾Û ýÛÛ›¶ÛÛ Ð¥Ç ïÛ˜™ Û›ÅÅÛÛ¾ÛÛ ¼ÛµÛÛÁÛ …¶Û ¤Û^¦ÅÛ Á•ýÛÅÛ¤Á ¼ÛÛµÛÈÛÛ …•Û | 88 |
| •ÛÛÁ–Û¶Û½ÛÛ^ ¸ÛÛ. ¡¦ÛºýÛÛ | ¶Û¾ÛþÛ ¾Û”ýÛ ï¶ÛÛÅÛ¶Û ¼ÛÛïà ïÛ¾Û | 290 |
| | ¶Û¾ÛþÛ ýÛÛ›¶ÛÛ …ÛµÛÛÁà©Û ¾ÛÐà ¸ÛÛÁýÛ› ýÛÛ›¶ÛÛ ³ÛÁÛ ¸ÛàÈÛÛ¶Û ¸ÛÛ¨Ûà ¸ÛÂú ¸ÛÛ¦ÈÛÛ …•Û | 52 |
| | ¶ÛÈÛÛ ÈÛà› Š©¸ÛÛþ¶Û ¸ÛÛ›ï¤¶ÛÛ ïÛ¾Û ¼ÛÛ¼Û©Û | 325 |
| | ÁÛ›ýÛ¾ÛÛ ¾Û©ýÛ ¸ÛÛ¾ÛÅÛÛ ”Û¦©ÛÛ¶Û ÈÛà¾ÛÛ ¾ÛÛ¤ ¾ÛÇÅÛ …Áœ…Û | 177 |
| | ÁÛ›ýÛ¾ÛÛ ÅÛÛïÛ ½ÛÛ•ÛàþÛÁà ³ÛÁÛ ¼Û¶Û¶ÛÛÁÛ ˜ÛïÛ¦¾Û | 8 |
| | ÁÛšýÛ¾ÛÛ ÍÛ›ÅÛÛ¾Û ÍÛºÅÛÛ¾Û ýÛÛ›¶ÛÛ Ð¥Ç Í¸Û¦á•Û ï¶ÛÛÅÛ ¼Û¶ÛÛÈÛÈÛÛ …•Û | 79 |
| | ÍÛ›ÅÛÛ¾Û ÍÛºÅÛÛ¾Û ýÛÛ›¶ÛÛ Ð¥Ç ¼Û¶ÛÛÍÛïÛ¥Û Û›ÅÅÛ¶ÛÛ ¦¾ÛÛ¾ÛÛ ¸ÛÛ¨Ûà ¶ÛÛ”ÛÈÛÛ …•Û | 79 |
| | ÍÛÁ¶®¶Û•ÛÁ¶Ûà ”ÛÛ¶Û•Ûà ÍÛÈÛ ¶Û¼ÛÁ¶Ûà ›¾Ûà¶Û ¼ÛÛ¼Û©Û | 80 |
| •ÛÛÈÛÛ½ÛÛ^ Ð. Á¼ÛÛÁà | …þÛ›¸ÛªÛ ¸ÛÁ ÍÛÛ¾ÛÛ¶ýÛ ˜Û˜ÛÛ (¸ÛÐÅÛÛ ÛþÈÛÍÛ) | 379 |
| | Š«ÛÁ •Û›ÁÛ©Û¶Ûà ¶Ûþà…Û¶ÛÛ ½Û•Û½Û ›Ç¶ÛÛ Í©ÛÁ ÈÛµÛÛÁÈÛÛ …•Û | 23 |
| | •Û›ÁÛ©Û ¾ÛÛ©ÛÛÛ¸Û©ÛÛ …¶Û …ÛÛËÛ©ÛÛ¶ÛÛ ½ÛÁ¨Û¸ÛÛÌÛ¨Û ¼ÛÛ¼Û©Û ÛËÛµÛýÛïÛ, Á003 | 255 |
| | ¸Û•ÛÛÁ ÛËÛÍÛ•Û©Û©ÛÛ ÍÛÛ¾ÛÛ©Û¶ÛÛ …ÐÈÛÛÅÛ …¶Û ¾ÛÇÅÛ ¼Û¥ïÛ …•Û | 417 |
| | ¸ÛÁïÛ ¾ÛÛ•Û¨Ûà…Û ¸ÛÁ ˜Û˜ÛÛ …¶Û ¾Û©ÛþÛ¶Û (¼Ûà›Û …¶Û ™ÅÅÛÛ ÛþÈÛÍÛ) | 241 |
| | ¼Û¶ÛÛÍÛïÛ¥Û Û›ÅÅÛÛ¾ÛÛ Ð ‘ ¡¸ÛªÛïÛ …¶Û ÈÛÛÁÍÛÛ^ ¶ÛÛµÛÛ ïÁÈÛÛ …•Û | 85 |
| | ÁÛšýÛ¶ÛÛ ¸ÛªÛïÛÁÛ ¾ÛÛ¤ ¾Ûà¦äýÛÛ ¸ÛÛÅÛàÍÛà ©ÛýÛÛÁ ïÁÈÛÛ …•Û | 319 |

| | | |
|---|---|---|
| •ÛÛÈÛÛ½ÛÛˆ Ð. Á¼ÛÛÁà | ÁÛšýÛ¾ÛÛ …¶ÛÛ›ï ”Û©Û ¸ÛþÛÉÛÛ¾ÛÛ ›©Û¶ÛÛÉÛ¨Û¶ÛÛ …ÈÛÉÛÌÛÛ ¼ÛÛ¼Û©Û | 171 |
| | ÁÛšýÛ¾ÛÛ …¶ÛÛÈÛÛÌ¤¶ÛÛ ïÛÁ¨Û ïÛ¶®ýÛ ÍÛÐÛýÛ ¼ÛÛ¼Û©Û | 62 |
| | ÁÛšýÛ¾ÛÛ …¶ÛÛÈÛÛÌ¤¾ÛÛ ¾Û©ýÛ ¸ÛÛ¾Û¶ÛÛÁ¶ÛÛ ¸ÛÛÁÈÛÛÁ¶Û ÍÛÐÛýÛ ¼ÛÛ¼Û©Û | 85 |
| | ÁÛšýÛ¾ÛÛ ïÛÌÛ Š©¸ÛÛþ¶Û ÈÛµÛÛÁÈÛÛ Í¸ÛÉýÛÅÛ ˆïÛ¶ÛÛ¾ÛàïÍÛ ¡Û¶Û¶Ûà Í¬ÛÛ¸ÛÈÛÛ ¼ÛÛ¼Û©Û. | 215 |
| | ÁÛšýÛ¾ÛÛ Û›ÅÅÛÛÈÛÛÁ –ÛÛÍÛ ¼Û¶ïÛ ¾ÛÛ¤ ºÛÇÈÛÅÛ Áï¾Û | 208 |
| •ÛÛÝÈÛþ½ÛÛˆ ÈÛ. ¸ÛÁ¾ÛÛÛÁ | •Û›ÁÛ©Û ¾ÛÛ©ÛÛÛ¸Û©ÛÛ …¶Û …ÛÛËÛ©ÛÛ¶ÛÛ ½ÛÁ¨Û¸ÛÛÌÛ¨Û ¼ÛÛ¼Û©Û ÜÈÛµÛýÛï, ÁOO3 | 250 |
| | ›¶ÛÛ•Û§ Û›ÅÅÛÛ¾ÛÛ ©ÛÇÛÈÛÛ ÿ¦Û ïÁÈÛÛ ¸ÛÛ™Ç ”Û˜Û | 200 |
| | ©ÛÂÛÛÂÛÛ …¶Û ÍÛªÛÛ¸ÛÛ¦Û ©ÛÛÂÛïÛ¾ÛÛ ©ÛÅÛÛ¤à-ï¾Û–¾ÛªÛà¶Ûà ”ÛÛÅÛà ›•ýÛÛ…Û | 226 |
| | ©ÛÂÛÛÂÛÛ ©ÛÛÂÛïÛ¾ÛÛ ÜÐÁ¨Û-2 ¦¾Û¶Ûà ÍÛ¼Û ï¶ÛÛÅÛ¶Û Áà¸ÛÁà•Û | 19 |
| | ÁÛšýÛ¾ÛÛ •ÛÛïÅÛ •ÛÛ¾Û ÜÈÛïÛÍÛ ½Û¦ÛÇ Ð¥Ç ›¾ÛÛ ïÁÅÛ Áï¾Û | 164 |
| ˜ÛÛ®ïÛ¼Û¶Û ïÛ.˜Û¦ÛÍÛ¾ÛÛ | …þÛ›¸ÛªÛ ¸ÛÁ ÍÛÛ¾ÛÛ¶ýÛ ˜Û˜ÛÛ (¼Ûà›Û ÜþÈÛÍÛ) | 453 |
| | ›¶ÛÛ•Û§ Û›ÅÅÛ¾ÛÛ ”Û©Û ©ÛÅÛÛÈ¦à ¼Û¶ÛÛÈÛÈÛÛ …¶Û ©ÛÇÛÈÛÛ ÿ¦Û ïÁÈÛÛ¶ÛÛ ïÛ¾ÛÛ | 209 |
| | ›¶ÛÛ•Û§ Û›ÅÅÛ¾ÛÛ ¸ÛÛïÈÛà¾ÛÛ¶ÛÛ Áï¾Û¶ÛÛ þÈÛÛ¶Ûà ˜ÛïÈÛ¨Ûà | 171 |
| | µÛÛÁÛÍÛ½ýÛÛ¶Ûà ¸ÛÁÛ¼ÛÉÛ ÍÛÛ¾ÛÛ©Û | 49 |
| | ¸ÛÁï ¾ÛÛ•Û¨Ûà…Û ¸ÛÁ ˜Û˜ÛÛ …¶Û ¾Û©Ûþ¶Û (¸ÛÐÅÛÛ ÜþÈÛÍÛ) | 141 |
| | ¾ÛÛ•ÛÁÛÇ ©ÛÛÅÛïÛ¾ÛÛ ¶Ûþà…Û ‹¦à …¶Û ¸ÛÐÛÇà ïÁÈÛÛ …•Û | 2 |
| | ÁÛ›ýÛ ¾ÛÛ¶ÛÈÛ …ÜµÛïÛÁ ¸Û˜Û¶Ûà Á˜Û¶ÛÛ | 280 |
| | ÁÛšýÛ¾ÛÛ ï¸ÛÛÍÛ¶Ûà ”ÛÁàþà ¸Û¤ ”Û¦©ÛÛ¶Û ˜ÛïÈÛÅÛ Áï¾Û | 228 |
| | ÈÛÛýÛ¼Û¶¤ •Û›ÁÛ©Û Ð¥Ç ¬ÛýÛÅÛÛ …¾Û….Û.ýÛ. | 321 |
| | ÉÛ¼þÛ Áï Û¦ ¸ÛÁ¬Ûà Áþ ïÁÈÛÛ …•Û | 444 |
| ™ªÛÝÍÛÐ ¸Û. ¾ÛÛÁà | …þÛ›¸ÛªÛ ¸ÛÁ ÍÛÛ¾ÛÛ¶ýÛ ˜Û˜ÛÛ (¼Ûà›Û ÜþÈÛÍÛ) | 466 |
| | •Û›ÁÛ©Û …Û™à …ÜÈÛïÈÛÛÇÛ ÈÛ•Û¶ÛÛ þÁï ï¤¼Û¾ÛÛ¬Ûà …ï¶Û ÁÛ›•ÛÛÁ …Û¸ÛÈÛÛ ¼ÛÛ¼Û©Û¶Û ÜÈÛµÛýÛï, ÁOO4. | 262 |
| | ÁÛ›ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …Û½ÛÛÁ ¸ÛÍ©ÛÛÈÛ ¸ÛÁ ˜Û˜ÛÛ (ªÛà›Û …¶Û ™ÅÅÛÛ ÜþÈÛÍÛ) | 103 |
| ™¶ÛÛ½ÛÛˆ ïÛ.˜ÛÛµÛÁà | ÈÛÛÍÛþÛ …¶Û µÛÁ¾Û¸ÛÁ ©ÛÛÅÛïÛ¾ÛÛ ”Û©Ûà¶ÛÛ Ð©Û ¾ÛÛ¤ ›¾Ûà¶Û ¶ÛÈÛà ÉÛÁ©Û¾ÛÛ¬Ûà ›¶Ûà ÉÛÁ©Û¾ÛÛ ºÁÈÛÈÛÛ …•Û | 73 |
| | ÈÛÛÍÛþÛ ©ÛÛÅÛïÛ¶Ûà ››ÝÍ˜ÛÛ† ýÛÛ›¶ÛÛ Ð¦ Á•ýÛÅÛ¤Á¾ÛÛ Åàï› | 41 |
| ™¼ÛàÅÛþÛÍÛ ¶ÛÛ. ¸Û¤ÅÛ | …þÛ›¸ÛªÛ ¸ÛÁ ÍÛÛ¾ÛÛ¶ýÛ ˜Û˜ÛÛ (¼Ûà›Û ÜþÈÛÍÛ) | 470 |

™¼ÛàÅÛþÛÍÛ ¶ÛÛ. ¸Û¤ÅÛ
ï˜™ Û›ÅÅÛÛ¶ÛÛ Š²Û•ÛÛ¾ÛÛ Í¬ÛÛÛ¶Ûï ÈýÛÛˆ©Û…Û¶Ûà ½ÛÁ©Ûà 183
ï˜™ Û›ÅÅÛÛ¾ÛÛ ”Û©Ûà ÍÛÐÛýÛ–ÍÛÛ¾Û•Ûà …Û¸ÛÈÛÛ¶Ûà ¼ÛÛ¼Û©Û •ÛÁÁàÛ©Û 217
ï˜™ Û›ÅÅÛÛ¾ÛÛ ÍÛÁïÛÁà ›¾Ûà¶Û ¾ÛÛ¤ ÍÛÍ¬ÛÛ…Û¶Ûà ¾ÛÛ•Û¨Ûà…Û 17
ï˜™ ýÛÛ¶ÛÈÛÛÍÛ¤à¶Ûà ïÛ¾Û•ÛàÁà 417
¶Û¾ÛþÛ ¼ÛµÛ¶Ûà ÿ˜ÛÛˆ¶Û ¼ÛÛµÛïÛ¾Û 296
¶Û¾ÛþÛ ýÛÛ›¶ÛÛ ³ÛÁÛ ÝÍÛ˜ÛÛ†¶Û ¸ÛÛ¨Ûà …Û¸ÛÈÛÛ …•Û 350
¸ÛÁïï ¾ÛÛ•Û¨Ûà…Û ¸ÛÁ ˜Û˜ÛÛ …¶Û ¾Û©ÛþÛ¶Û (¼Ûà›Û …¶Û ™ÅÅÛÛ ÛþÈÛÍÛ) 242
¾ÛµýÛ¸ÛþÉÛ …¶Û ÁÛ›Í¬ÛÛ¶Û ¸ÛÛÍÛ¬Ûà¶Û¾ÛþÛ ýÛÛ›¶ÛÛ ¸Û¤ ÈÛÍÛÅÛ ÅÛÈÛÛ¶Ûà ¼ÛÛïà Áï¾Û 331
ÁÛšýÛ¾ÛÛ ÛÈÛ²ÛÍÛÐÛýÛïÛ¶Ûà Û¶Û¾Û¨Ûï …•Û 432
™Û¤½ÛÛˆ .... ÈÛÍÛÛÈÛÛ µÛÁ¾Û¸ÛÁ ©ÛÛÅÛïÛ¶Ûà •ÛÁà¼Ûà Á”ÛÛ ¶Ûà˜Û œÈÛ©ÛÛ ï¤¼ÛÛ¶Ûà ÍÛ”ýÛÛ 176
½ÛÂú˜Û Û›ÅÅÛÛ¾ÛÛ ÅÛÛ½ÛÛ¬Ûà…Û¶Û ýÛÛÛªÛï ¼ÛÛ¤Û¶ÛÛ ÅÛÛ½Û 176
ÈÛÛÅÛàýÛÛ ©ÛÛÅÛïÛ¶Ûà •ÛÛ˜ÛÁ¶Ûà ”ÛÁÛ¼ÛÛ¶Ûà ›¾Ûà¶Û Š¸ÛÁ þ¼ÛÛ¨Û 214
›•ÛþàÉÛ ¥ÛïÛÁ …þÛ›¸ÛªÛ ¸ÛÁ ÍÛÛ¾ÛÛ¶ýÛ ˜Û˜ÛÛ (¼Ûà›Û ÛþÈÛÍÛ) 464
•ÛÛµÛà¶Û•ÛÁ …¶Û þÐ•ÛÛ¾Û ©ÛÛÅÛïÛ¶Ûà ¸ÛÛ¨Ûà ¸ÛÁÈÛ¥Û ýÛÛ›¶ÛÛ…Û …•Û 57
•ÛÛµÛà¶Û•ÛÁ Û›ÅÅÛÛ¶Ûà ¶ÛÈÛà ¸ÛÛ¨Ûà ¸ÛÁÈÛ¥Û ýÛÛ›¶ÛÛ…Û 81
•ÛÛµÛà¶Û•ÛÁ Û›ÅÅÛÛ¾ÛÛ ›¾Ûà¶Û ¶ÛÈÛà ÉÛÁ©Û¾ÛÛ¬Ûà ›¶Ûà ÉÛÁ©Û¾ÛÛ ºÁÈÛÈÛÛ …•Û 15
•ÛÛµÛà¶Û•ÛÁ Û›ÅÅÛÛ¾ÛÛ ©ÛïÛÅÛ Èà› ›Û¦Û¨Û ¾ÛÛ¤¶Ûà …Áœ…Û 294
•ÛÛµÛà¶Û•ÛÁ Û›ÅÅÛÛ¾ÛÛ ©ÛÛÅÛïÛ ¸Û˜ÛÛýÛ©Û¶Ûà ”ÛÛÅÛà ›•ýÛÛ…Û 152
•ÛÛµÛà¶Û•ÛÁ Û›ÅÅÛÛ¾ÛÛ ¾Û›Á …¶Û ½ÛÁÛýÛÅÛ ¸ÛÛÅÛàÍÛ ¾ÛÐï¾Û 349
•ÛÛµÛà¶Û•ÛÁ Û›ÅÅÛÛ¾ÛÛ ÈÛÛ›¸ÛÛˆ ÍÈÛÁÛ›•ÛÛÁ ýÛÛ›¶ÛÛ Ð¥Ç …ÛÈÛÅÛà …Áœ…Û 330
›ýÛÛ©ÛÅÛÛÅÛ ÁÛ.ïÈÛÛÛ¦ýÛÛ ¾ÛÐÍÛÅÛ ÛÈÛ½ÛÛ•Û¶Ûà 32-ï ¾ÛÛ¤¶Ûà Íïà¾Û 14
ÁÛ›ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …Û½ÛÛÁ ¸ÛÍ©ÛÛÈÛ ¸ÛÁ ˜Û˜ÛÛ (ªÛà›Û …¶Û ™ÅÅÛÛ ÛþÈÛÍÛ) 101
ÁÛšýÛ¾ÛÛ ¶ÛÈÛà ¾ÛÛµýÛ¾Ûï ÉÛÛÇÛ…Û¶Ûà ¾Û›Áïà 411
ÁÛšýÛ¾ÛÛ ÈÛà¾ÛÛ ÍÛÁ“ÛÛ Ð¥Ç¶ÛÛ ¼ÛÛÇïÛ 428
ÍÛÁ¶®¶Û•ÛÁ Û›ÅÅÛÛ¾ÛÛ ˆ¡ÁÛýÛÅÛ ¸ÛµµÛ©Û¬Ûà ”Û©Ûà ¾ÛÛ¤ ¾ÛÛ•ÛþÉÛ¶Û 216
ÍÛÁ¶®¶Û•ÛÁ Û›ÅÅÛÛ¾ÛÛ ”Û¦©ÛÛ¶ÛÛ ÈÛÛÁÍÛþÛÁÛ¶Û ÈÛà¾ÛÛ Á“Û¨Û 178
ÍÛÁ¶®¶Û•ÛÁ Û›ÅÅÛÛ¾ÛÛ ¶Û¾ÛþÛ …ÛµÛÛÛÁ©Û ¸ÛàÈÛÛ¶ÛÛ ¸ÛÛ¨Ûà¶Ûà ýÛÛ›¶ÛÛ 56

| ¸ÛÍ©Û¨ï: 110) | ÛËÛÌÛýÛ ÍÛÛ˜Û<br>ÛËÛÌÛýÛ | ªÛàœ ÊÛ¨¨Ûà)<br>¸ÛÛ¶ÛÛÛ ¶Û¼ÛÁ |
|---|---|---|
| ›ýÛÛ©ÛÅÛÛÅÛ ÁÛ.ïÈÛÛÛ¦ýÛÛ | ÍÛÁ¶®¶Û•ÛÁ Ü›ÅÅÛÛ¾ÛÛ ÈÛÛ¤ÁÉÛ¦ ýÛÛ›¶ÛÛ¶ÛÛ ïÛ¾ÛÛ | 230 |
| | ÍÛÛÁÛÌ¤ ÛËÛÍ©ÛÛÁ¾ÛÛ ¼ÛþÁÛ¶Û ”ÛÛ¶Û•ÛàïÁ¨¨Û | 302 |
| ›ýÛ®¬ÛÝÍÛÐœ ˜Û. ¸ÛÁ¾ÛÛÁ | …þÛ›¸ÛªÛ ¸ÛÁ ÍÛÛ¾ÛÛ¶ýÛ ˜Û˜ÛÛ (¼Ûà›Û ÜþÈÛÍÛ) | 469 |
| | ŠþÛÁàïÁ¨¨Û …¶Û ”ÛÛ¶Û•ÛàïÁ¨¨Û¶Ûà ¶ÛàÛ©Û …¶ÈÛýÛ ¼ÛþÁÛ¶ÛÛ ÛËÛïÛÍÛ | 303 |
| | •ÛÄ¦ÊÈÛÁ ÛËÛýÛÁ¶ÛÛ ¼ÛÛµÛï¾Û¶Ûà ïÛ¾Û•ÛàÁà | 334 |
| | ¤ïÛ¶ÛïÅÛ ÛÉÛ“Û¨¨Û¾ÛÛ •Û¨¨ÛËÛ©«ÛÛ ÍÛµÛÛÁÈÛÛ …•Û | 399 |
| | ¶Û¾ÛþÛ ï¶ÛÛÅÛ Ð¦ ¸ÛÛËÛÁ ÐÛŠÍÛ ¸ÛÛ™Ç ”Û˜Û …¶Û …ÛËÛï | 353 |
| | ¸ÛÛÈÛÛ•Û§¾ÛÛ¬Ûà ¸ÛÛËÛÛ•Û§ ¦•ÛÁ ¸ÛÁ ¸ÛàÈÛÛ¶Û ¸ÛÛ¨¨Ûà ¸ÛÐÛ˜ÛÛ¦ÈÛÛ …•Û | 66 |
| | ÐÛÅÛÛÅÛ ©ÛÛÅÛïÛ¶ÛÛ ½Ûá¦Û •ÛÛ¾Û¬Ûà¸ÛÛÁ”ÛþÛ •ÛÛ¾Û ÍÛµÛà ÍÛ”Ûà ï¶ÛÛÅÛ ¼Û¶ÛÛËÛÈÛÛ …•Û | 88 |
| | ÐÛÅÛÛÅÛ ©ÛÛÅÛï¾ÛÛ ¶ÛÈÛÛ Ð¶¦¸Û¸ÛÛ ¶ÛÛ”ÛÈÛÛ …•Û | 33 |
| ›ÍÛ½Û¶Û ÍÛ.ïÛÁÛ¤ | ›©Û¸ÛÁ …¶Û •ÛÛ¦ÅÛ ©ÛÛÅÛï¾ÛÛ ¸ÛÉÛ þÈÛÛ”ÛÛ¶ÛÛ¾ÛÛ ¦ïï¤Á …¶Û ï¾Û˜ÛÛÁà…Û¶Ûà ”ÛÛÅÛà ›•ýÛÛ…Û | 220 |
| | ›©Û¸ÛÁ …¶Û •ÛÛ¦ÅÛ ©ÛÛÅÛï¾ÛÛ ¸ÛàÈÛÛ¶ÛÛ ¸ÛÛ¨¨Ûà ¾ÛÛ¤ …ÛýÛÛ›¶Û | 36 |
| | ›©Û¸ÛÁ ©Û¬ÛÛ •ÛÛ¦ÅÛ ©ÛÛÅÛï¶ÛÛ Š²Û•ÛÛ ¾ÛÛ¤ ¸ÛÛ©ÍÛÛÐ¶Û ¸Û•ÛÅÛÛ ÅÛÈÛÛ …•Û | 352 |
| | ›©Û¸ÛÁ ©Û¬ÛÛ •ÛÛ¦ÅÛ ©ÛÛÅÛï¶Û ¶Û¾ÛþÛ ýÛÛ›¶ÛÛ¶Û ¸ÛÛ¨¨Ûà ¸ÛÐÛ˜ÛÛ¦ÈÛÛ …•Û | 334 |
| | ›©Û¸ÛÁ ÉÛÐÁ¾ÛÛ ˜ÛÛÅÛ©ÛÛ ÍÛÛ¦à Š²Û•Û¶Ûà ¾ÛÉïÅÛà…Û þÁ ïÁÈÛÛ …•Û | 303 |
| | ÁÛ›ïÛ¤ Ü›ÅÅÛÛ¾ÛÛ •ÛÛ˜ÛÁ¶Û þ¼ÛÛ¨¨Û þÁ ïÁÈÛÛ …•Û | 188 |
| | ÍÛ›ÅÛÛ¾Û ÍÛºÅÛÛ¾Û ýÛÛ›¶ÛÛ Ð¥Ç ¾ÛµýÛ •Û›ÁÛ©Û¾ÛÛ ¾ÛÛ¤Û ˜Ûï¦¾ÛÛ¶Û …ÛýÛÛ›¶Û | 70 |
| œ©Û½ÛÛˆ Ð. ˜ÛÛ–ÛÁà | ÁÛ›ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …Û½ÛÛÁ ¸ÛÍ©ÛÛËÛ ¸ÛÁ ˜Û˜ÛÛ (ªÛà›Û …¶Û ™ÅÛÛ ÜþÈÛÍÛ) | 119 |
| | ÈÛÅÛÍÛÛ¦ Ü›ÅÅÛÛ¾ÛÛ ÈÛÛ¤ÁÉÛ¦ ýÛÛ›¶ÛÛ¶ÛÛ ïÛ¾ÛÛ | 192 |
| œ©Û¶®ï¾ÛÛÁ Š.ÈÛÛµÛÅÛÛ | …¾ÛþÛÈÛÛþ ÉÛÐÁ¶Ûà ”ÛÛÁàï¤ ï¶ÛÛÅÛ¶Û Áà¸ÛÁá•Û ïÛ¾Û | 22 |
| | ÁÛ›ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …Û½ÛÛÁ ¸ÛÍ©ÛÛËÛ ¸ÛÁ ˜Û˜ÛÛ (ªÛà›Û …¶Û ™ÅÛÛ ÜþÈÛÍÛ) | 117 |
| œ©Û¶®½ÛÛˆ ¼ÛÛ. ¸Û¤ÅÛ | …¶ýÛ ÁÛšýÛÛ¾ÛÛ ¾ÛÛïÅÛÅÛÛ ¸ÛÛÅÛàÍÛ …¶ÛÛ¾Û©Û þÇÛ ¸Û¤ ÅÛ¨¨Ûà ¶ÛàïÇ©Ûà Áï¾Û | 304 |
| | …¾ÛþÛÈÛÛþ Ü›ÅÅÛÛ¾ÛÛ ¸ÛÉÛ þÈÛÛ”ÛÛ¶ÛÛ¾ÛÛ ¸ÛÉÛÛ˜ÛÛï©ÍÛïÛ¶Ûà ”ÛÛÅÛà ›•ýÛÛ…Û | 222 |

| | | |
|---|---|---|
| | ÁÛ>ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …Û½ÛÛÁ ¸ÛÍ©ÛÛÈÛ ¸ÛÁ ˜Û˜ÛÛ (ªÛà>Û | |
| œ©Û¶®½ÛÛ^ ¼ÛÛ. ¸Û¤ÅÛ | …¶Û ™ÅÅÛÛ ÜþÈÛÍÛ) | 115 |
| | ÁÛšýÛ¾ÛÛ ÈÛÛ¤ÁÉÛ¦¶ÛÛ ÏÛ¾ÛÛ ¾ÛÛ¤ ºÛÇÈÛÅÛ •ÛÛ¶¤ | 196 |
| | ÁÛšýÛ¾ÛÛ Ð ' ¡¸ÛªÛÏ ¶ÛÛµÛÛ¶ÛÛ Ü¶ÛÏÅÛ¶Ûà ¡¼ÛÉÛ | 77 |
| | ÍÛÁþÛÁ ¸Û¤ÅÛ ÍÛÐ½ÛÛ•Ûà >ÇÍÛ˜ÛýÛ ýÛÛ>¶ÛÛ¶ÛÛ 80/20 …¶Û 60/40 ¶ÛÛ µÛÛÁ¨ÛÛ¾ÛÛ ºÁºÛÁ ÏÁÈÛÛ …•Û | 46 |
| | ÍÛ>ÅÛÛ¾Û ÍÛºÅÛÛ¾Û ýÛÛ>¶ÛÛ ¸ÛÛ™Ç "Û˜Û | 95 |
| >ÍÛÛ½ÛÛ^ ½ÛÛ. ¼ÛÛÁ¦ | …þÛ>¸ÛªÛ ¸ÛÁ ÍÛÛ¾ÛÛ¶ýÛ ˜Û˜ÛÛ (¸ÛÐÅÛÛ ÜþÈÛÍÛ) | 376 |
| | …Û² ÉÛÏÁÛ˜ÛÛýÛ ÍÛÍÏ©Û ýÛÛ¶ÛÈÛÛÍÛ¤à ÜÈÛµÛýÛÏ ÁOO4 | 267 |
| | ÏÅ¸ÛÍÛÁ ýÛÛ>¶ÛÛ¶Ûà ÏÛ¾Û•ÛàÁà | 343 |
| | >¶ÛÛ•Û§ Ü>ÅÅÛÛ¾ÛÛ ¼Ûà. ¸Ûà. …ÅÛ. …¶Û …. ¸Ûà. …ÅÛ. ÏÛ¦µÛÛÁÏÛ | 78 |
| | >¶ÛÛ•Û§ Ü>ÅÅÛÛ¾ÛÛ ÄÛ. 1 ÏÁÛ¦ ÏÁ©ÛÛ ÈÛµÛ ÈÛ˜ÛÛ¨ÛÈÛÁÛ¶ÛÛ ¼ÛÛÏà …Ï¾ÛÛ | 388 |
| | >¶ÛÛ•Û§ Ü>ÅÅÛÛ¾ÛÛ •ÛÁÏÛýÛþÍÛÁ Áà©Û "Û¶Ûà> "ÛÛþÛ¨Û | 282 |
| | ÁÛšýÛ¾ÛÛ ¶ÛÛ¤Áà…Û¶Ûà Ü¶Û¾Û¨ÛÏ | 436 |
| | ÁÛšýÛ¾ÛÛ ¾ÛÛ™à¾ÛÛÁÛ¶Û ÁÛÝ>þÛ Ü¦¡ÅÛ ÈÛ¸ÛÁÛÉÛ¶Ûà ÍÛ¼ÛÍÛà¦à¶Ûà ÁÏ¾Û ˜ÛÏÈÛà …Û¸ÛÈÛÛ …•Û | 170 |
| | ÁÛšýÛ¾ÛÛ ÁÛ>•ÛÛÁà "ÛªÛ ÜÈÛÏÅÛÛ•ÛÛ ¾ÛÛ¤ …¶ÛÛ¾Û©Û¶Ûà …¾ÛÅÛÈÛÛÁà | 322 |
| | ÈÛÁÛÈÛÇ, ÍÛªÛÛ¸ÛÛ¦Û …¶Û ¾ÛÛÇàýÛÛÐÛ¤à¶ÛÛ ©ÛÛÅÛÏÛ…Û¶ÛÛ •ÛÛ¾ÛÛ ¾ÛÛ¤ ¸ÛàÈÛÛ¶Û ¸ÛÛ¨Ûà ¸ÛÁ ¸ÛÛ¦ÈÛÛ …•Û | 52 |
| | ÈÛÁÛÈÛÇ, ÍÛªÛÛ¸ÛÛ¦Û …¶Û¾ÛÛÇàýÛÛÐÛ¤à¶ÛÛ ©ÛÛÅÛÏÛ¾ÛÛ ÉÛÛÇÛ¶ÛÛ …ÛÁ¦Û¶Ûà –Û¤ | 418 |
| | ÍÛÛÁÛÌ¤¶ÛÛ ÝÍÛ˜ÛÛ^ ¸ÛÛ>Ï¤Û¶ÛÛ ¼ÛÛµÛÏÛ¾Û | 7 |
| ¤¸Û½ÛÛ† ÅÛá¼ÛÛÍÛàýÛÛ | ÏÅ¸ÛÍÛÁ ýÛÛ>¶ÛÛ¶Ûà ¸Û•ÛÛ©Û | 319 |
| | ¶Û¾ÛþÛ ¼ÛµÛ¶Ûà <˜ÛÛ† ÈÛµÛÛÁÈÛÛ ¾ÛÛ¤¶Ûà ¾Û>Áà ¼ÛÛ¼Û©Û | 340 |
| Üþ¶ÛÉÛ ¸ÛÁ¾ÛÛÁ | >Û¾Û¶Û•ÛÁ Ü>ÅÅÛÛ¾ÛÛ ¾Û©ÍýÛÛ²Û•Û ÜÈÛÏÛÍÛ ¾ÛÛ¤ ºÛÇÈÛÅÛ •ÛÛ¶¤ | 169 |
| | >Û¾Û¶Û•ÛÁ Ü>ÅÅÛÛ¾ÛÛ ýÛÛªÛÛµÛÛ¾Û¶ÛÛ Í-ÛÇÛ | 416 |
| | ¸ÛÛ^¶¤ …Ûº …Û¦Á | 97 |
| | ÁÛ>ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …Û½ÛÛÁ ¸ÛÍ©ÛÛÈÛ ¸ÛÁ ˜Û˜ÛÛ (ªÛà>Û …¶Û ™ÅÅÛÛ ÜþÈÛÍÛ) | 102 |
| Üþ¸ÛÝÍÛÐ ÉÛ. Á¥Û¦ | •Û>Á©Û ÜÈÛ²©Û ¼ÛÛ¦¶Û ÜÈÛ½ÛÛ>¶Û | 306 |
| | ÁÛšýÛ¾ÛÛ •Û¾ÛÛÈÛÅÛ ¾ÛÛ¶ÛÈÛÛþ¶Û¶Ûà ÍÛ"ýÛÛ¾ÛÛ –Û¤Û¦Û | 220 |
| | ÁÛšýÛ¾ÛÛ >ýÛÛÜ©Û•ÛÛ¾Û ýÛÛ>¶ÛÛ …¶ÈÛýÛ …ÛÈÛÁà ÅÛàµÛÅÛÛ •ÛÛ¾ÛÛ | 337 |
| | ÁÛšýÛ¾ÛÛ ¼Û"Ûà¸Û˜Û¶ÛÛ •ÛÛ¶¤ ^¶Û …^¦ ™ªÛÛÅÛýÛÛ | 193 |

| ¸Û¡Í©Û¨ï¡: 110) | ÜÈÛÌÛýÛ ÍÛÜ˜Û<br>ÜÈÛÌÛýÛ | ªÛàœ¡ ÊÛ¡¨Ûà)<br>¸ÛÜ¶ÛÛÛ ¶Û¼ÛÁ¡ |
|---|---|---|
| ÜþÅÛ½ÛÛ ¤¡. ˜Û¦ÛÍÛ¾ÛÛ | …Û©Û¨ïÈÛÜþ ÍÛÜ¾Û ÅÛ¦ÈÛÛ ¾ÛÛ¤ ˜Û©Û¨ï ï¾ÛÛ¶¦Û ºÛÍÛ¶Ûà Á˜Û¶ÛÛ | 359 |
| | •ÛÍÛ Š¸ÛÅÛ¼µÛà…Û¶Ûà ÜÍÛÜµµÛ…Û …¶Û ÈÛ¦ÛþÁÛ¶Û ¾ÛÇ¶ÛÛÁ ÅÛÛ½Û …•Û | 320 |
| | ÁÛšýÛ¶ÛÛ ©Û¾ÛÛ¾Û ¸ÛÛÅÛàÍÛ Í¤ÉÛ¶ÛÛ¶Û ïÛ¾¸ýÛ¤ÁÛ† ¡ÉÛ¶Û | 341 |
| | ÈÛ¦ÛþÁÛ ”ÛÛ©Û ïÛýÛÅÛà ÁàºÛˆ¶ÛÁà þ–Û¤¶ÛÛ ÍÛþ½Û Ü¶ÛÁà“Û¨ï ³ÛÁÛ ©Û¸ÛÛÍÛ¨Ûà | 189 |
| | ÈÛ¦ÛþÁÛ Ü›ÅÅÛÛ¾ÛÛ ¸Û¤ÛÅÛ¸Û¸ÛÛ, ÈÛÛ›¼Ûà ½ÛÛÈÛ¶Ûà þïÛ¶ÛÛ¶Ûà ©Û¸ÛÛÍÛ¨Ûà | 52 |
| | ÈÛ¦ÛþÁÛ ©ÛÛÅÛïÛ¾ÛÛ ÍÛÁïÛÁà ›¾Ûà¶Û¶Û ÅÛ•Û©ÛÛ ïÛ½ÛÛ¦Û | 10 |
| þÛÅÛ©Û½ÛÛˆ ¸ÛÁ¾ÛÛÁ | ¸Û©Û•Û ¾ÛÐÛ©ÍÛÈÛ ¸Û™Ç ¬ÛýÛÅÛ ”Û˜Û …¶Û Ð©Û …•Û ÍÛºÇ©ÛÛ | 312 |
| | ¼Û¶ÛÛÍÛïÛ¥Û Ü›ÅÅÛ¶Ûà ©ÛÛÅÛïÛ ¸Û˜ÛÛýÛ©ÛÛ¾ÛÛ ÍÛÈÛ•ÛÈÛÛÁ ”ÛÛÅÛà ›•ýÛÛ…Û | 199 |
| | ¼Û¶ÛÛÍÛïÛ¥Û, ¸ÛÛ¤¨Û, ÍÛÛ¼ÛÁïÛ¥Û …¶Û ¾ÛÐÍÛÛ¨ÛÛ Ü›ÅÅÛ¾ÛÛ •ÛÛ¾Û ©Ç ÈÛµÛÛÁÈÛÛ¶Ûà ¾Û›Áà | 156 |
| | ¾ÛÐÍÛÅÛ ÜÈÛ½ÛÛ•Û …©Û•Û©Û ¸ÛÁ¾ÛÉÛ ÍÛÛ¾ÛÜ©Û¶Ûà ¼Û¥ïÛ | 18 |
| | ÁÛšýÛ¾ÛÛ …Û™à Í¤¾¸Û ¦Àà ½ÛÁÈÛÛ¶ÛÛ ÜïÍÍÛÛ | 59 |
| | ÍÛ›ÅÛ¾Û–ÍÛºÅÛ¾Û ýÛÛ›¶ÛÛ¶Ûà ¬ÛýÛÅÛ ïÛ¾Û•ÛàÁà | 82 |
| µÛ¶ÛÁÛ›½ÛÛˆ ïÅÛÛ | …ïÍ¾ÛÛ©Û ÈÛà¾ÛÛ ýÛÛ›¶ÛÛ¾ÛÛ ”Û¦©Û ”ÛÛ©ÛþÁ¶Û ”Û©Û ¾Û›Á •Û¨ÛÈÛÛ …•Û | 202 |
| | ›¾Ûà¶Û¶ÛÛ þÍ©ÛÛÈÛ›¾ÛÛ ÅÛ¶ÛÛÁ …¶Û ÈÛ˜Û¶ÛÛÁ¶ÛÛ ºÛ¤Û ÅÛ•ÛÛÈÛÈÛÛ …•Û | 89 |
| | ½ÛÛ¾ÛþÛ¶Û¾ÛÛ …Û¸ÛÅÛ ›¾Ûà¶Û ¶ÛÈÛà ÉÛÁ©Û¾ÛÛ¬Ûà ›¶Ûà ÉÛÁ©Û¾ÛÛ ºÁÈÛÈÛÛ …•Û | 67 |
| | ÍÛÁ¶®¶Û•ÛÁ Ü›ÅÅÛ¾ÛÛ ›¾Ûà¶Û ¶ÛÈÛà ÉÛÁ©Û¾ÛÛ¬Ûà ›¶Ûà ÉÛÁ©Û¾ÛÛ ºÁÈÛÈÛÛ …•Û | 34 |
| | ÍÛÁ¶®¶Û•ÛÁ ÉÛÐÁ¶Ûà Á©Û¶Û¸ÛÁ ÍÛÈÛ ¶Û. 8 ¶Ûà ›¾Ûà¶Û¶Ûà ÁàïÈÛÁà | 165 |
| µÛ¶ÛÍÛ”Û½ÛÛˆ ¶ÛÛ. ¸Û¤ÅÛ | •Û›ÁÛ©Û ¾ÛÛ©ÛÛÛ¸Û©ÛÛ …¶Û …ÛÜÈÛ©ÛÛ¶ÛÛ ½ÛÁ¨Û¸ÛÛÌÛ¨Û ¼ÛÛ¼Û©Û ÜÈÛµÛýÛ¨ï, Á003 | 256 |
| | ¾Û¼Û† ½ÛÛ¦Û, ÐÛ¤ÅÛ …¶Û Ü¶ÛÈÛÛÍÛ•ÛÐ þÁ Ü¶ÛýÛªÛ¨Û (•Û›ÁÛ©Û ÍÛµÛÛÁÛ) ÜÈÛµÛýÛ¨ï, ÁOO¸Û | 250 |
| | ÁÛ›ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …Û½ÛÛÁ ¸ÛÍ©ÛÛÈÛ ¸ÛÁ ˜Û˜ÛÛ (ªÛà›Û …¶Û ™ÅÛÛ ÜþÈÛÍÛ) | 112 |
| | ÁÛšýÛ¾ÛÛ …Ûˆ.¸Ûà….ÍÛ. …ÜµÛïÛÁà…Û¶Û ¾Û›Á ¬ÛýÛÅÛ ¾ÛÐï¾Û …¶Û ”ÛÛÅÛà ›•ýÛÛ…Û | 296 |
| | ÍÛÁ©Û Ü›ÅÅÛ¾ÛÛ …Ü©ÛÈÛÌÛÛ–Ûà ¸ÛÛï¶Û ¶ÛïÍÛÛ¶Û | 171 |

| | | |
|---|---|---|
| µÛ¶ÛÍÛ”Û½ÛÛ^ ¶ÛÛ. ¸Û¤ÅÛ | ÍÛÁ©Û Û>ÅÅÛÛ¾ÛÛ •ÛÛ¶¤¦ …¶Û Û¼Û¶Û •ÛÛ¶¤¦ ÉÛÛÇÛ…Û | 418 |
| | ÍÛÁ©Û Û>ÅÅÛÛ¾ÛÛ ˜ÛïÏ¦¾ÛÛ …¶Û ©ÛÇÛÈÛÛ ¼Û¶ÛÛÈÛÈÛÛ …•Û | 61 |
| | ÍÛÁ©Û Û>ÅÅÛÛ¾ÛÛ ©ÛÅÛÛ¤à ïÏ¾Û ¾ÛªÛà¶Û ¾ÛÐïÏ¾Û | 228 |
| | ÍÛÁ©Û Û>ÅÅÛÛ¾ÛÛ ¸ÛàÈÛÛ¶Û ¸ÛÛ¨¨Ûà ¸ÛÂú ¸ÛÛ¦ÈÛÛ …ÛýÛÛ>¶Û | 21 |
| | ÍÛÁ©Û Û>ÅÅÛÛ¾ÛÛ ÁÛýÛÅ¤à ˜ÛÛÁà¶ÛÛ ÛïÏÍÍÛÛ…Û | 331 |
| | ÍÛÁ©Û Û>ÅÅÛÛ¾ÛÛ ÍÛÐïÏÛÁà ¾Û¦Çà…Û | 210 |
| | ÍÛÁ©Û Û>ÅÅÛÛ¾ÛÛ ÝÍÛ˜ÛÛ^ ýÛÛ>¶ÛÛ…Û | 84 |
| | ÍÛÁ©Û ÉÛÐÁ …¶Û Û>ÅÅÛÛ¾ÛÛ ”ÛÛ¶Û•Ûà ¸ÛÛ–ÛÛ¾ÛïÏ ÉÛÛÇÛ…Û¶Ûà …Áœ÷…Û | 435 |
| | ÍÛÁ©Û ÉÛÐÁ …¶Û Û>ÅÅÛÛ¾ÛÛ ÈÛ˜ÛÛ¨ÛÈÛÁÛ¶Ûà ¼ÛÛïÏà ÁïÏ¾Û …•Û | 441 |
| µÛÛÛÁÉÛà½ÛÛ^ ÅÛ. ”ÛÛ¶Û¸ÛÁÛ | ÁÛ>ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …Û½ÛÛÁ ¸ÛÍ©ÛÛÈÛ ¸ÛÁ ˜Û˜ÛÛ (ªÛà>Û …¶Û ™ÅÅÛÛ ÛþÈÛÍÛ) | 113 |
| µÛàÄ½ÛÛ^ Ð. •Û>ÁÛ | …¾ÛþÛÈÛÛþ, ÈÛÅÛÍÛÛ¦ ÁÛÌ¤àýÛ µÛÛÛÁà ¾ÛÛ•Û ¸ÛÁ …ÛÈÛÅÛ ÐÛ¤ÅÛ ÍÛÛ¾Û ºÁàýÛÛþÛ | 70 |
| | …Û¶>Û¶ÛýÛÁá•Û ïÏÛÅÛ>Û¶Ûà ¾Û>Áà …¶Û •ÛÛ¶¤ | 429 |
| | •ÛÛ¶¤¼ÛÅÛ ïÏÛÅÛ>Û¶Û •ÛÛ¶¤¶Ûà ÁïÏ¾Û ˜ÛïÏÈÛÈÛÛ …•Û | 412 |
| | ÁÛšýÛ¾ÛÛ ¸ÛÛïÏÛ¶ÛÛ ÅÛ–Û«Û¾Û ½ÛÛÈÛ ¾ÛÛ¤ ”Û¦©ÛÛ¶Û …ÛþÛÅÛ¶Û | 183 |
| | ÍÛÁ©Û ÉÛÐÁ …¶Û Û>ÅÅÛÛ¾ÛÛ ÍÛÁïÏÛÁà >¾Ûà¶Û¾ÛÛ þ¼ÛÛ¨¨ÛÛ | 37 |
| ¶Û¤ÈÛÁÝÍÛÐ º.¥ÛïÏÛÁ | ”Û¦Û Û>ÅÅÛÛ¾ÛÛ •ÛÛ¶¤¦ …Û^.¤à….Û^. | 193 |
| | ”Û¦Û Û>ÅÅÛÛ¾ÛÛ ˜ÛïÏ¦¾ÛÛ | 43 |
| | ”Û¦Û Û>ÅÅÛÛ¾ÛÛ ¶ÛÛµÛÛýÛÅÛ ¼ÛÁÛ>•ÛÛÁÛ | 233 |
| | ”Û¦Û Û>ÅÅÛÛ¾ÛÛ ¸ÛÛ§ ÛÉÛ“Û¨¨Û¶ÛÛ ÈÛ•ÛÛ | 440 |
| | ”Û¦Û Û>ÅÅÛÛ¾ÛÛ ¼ÛÇÛ©ïÏÛÁ¶ÛÛ ¼Û¶ÛÛÈÛÛ | 298 |
| | ”Û¦Û Û>ÅÅÛÛ¾ÛÛ ÛÈÛµÛÈÛÛ ÍÛÐÛýÛ …•Û | 415 |
| | ¸ÛÁïÏ ¾ÛÛ•Û¨¨Ûà…Û ¸ÛÁ ˜Û˜ÛÛ …¶Û ¾Û©ÛþÛ¶Û (¼Ûà>Û …¶Û ™ÅÅÛÛ ÛþÈÛÍÛ) | 243 |
| | ¾ÛÐµÛÛ …¶Û ¶ÛÛ¦ýÛÛþ ©ÛÛÅÛïÏÛ¾ÛÛ •ÛÛ˜ÛÁ¶Ûà >¾Ûà¶Û | 221 |
| | ¾ÛÐµÛÛ ©ÛÛÅÛïÏÛ¾ÛÛ ÉÛÛÇÛ¶ÛÛ …ÛÁ¦Û¶Ûà –Û¤ | 431 |
| ¶ÛÁ¶®ÝÍÛÐ ¾ÛÛ. >Û¦>Û | …¼Û¦ÛÍÛÛ ©ÛÛÅÛïÏÛ¶ÛÛ ïÏàÁÛÈÛàÁà ¦¾Û¶ÛÛ ïÏÛ¾Û …•Û | 80 |
| | ïÏ˜™ Û>ÅÅÛÛ¾ÛÛ ¦¾ÛÛ, ¼ÛµÛÛÁÛ …¶Û ˜ÛïÏ¦¾ÛÛ¶ÛÛ ïÏÛ¾ÛÛ | 15 |
| | ÁÛ>ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …Û½ÛÛÁ ¸ÛÍ©ÛÛÈÛ ¸ÛÁ ˜Û˜ÛÛ (ªÛà>Û …¶Û ™ÅÅÛÛ ÛþÈÛÍÛ) | 110 |
| | ÅÛ”Û¸Û©Û ©ÛÛÅÛïÏÛ¶ÛÛ ¾ÛµÛÛ¶Û ¦¾Û¶Û ïÏÛ¾Û ¸Û¶Ûƒ ÉÛÄ ïÏÁÈÛÛ …•Û | 57 |
| ¶ÛÁÉÛïÏ¾ÛÛÁ ¾Ûà.ïÏ¶ÛÛÛ¦ýÛÛ | …¾ÛþÛÈÛÛþ ÉÛÐÁ¾ÛÛ •ÛÛÐïÏÛ¶Ûà ºÛÁýÛÛþÛ¶ÛÛ ïÏÍÛÛ¶ÛÛ ½ÛÁÛÈÛÛ | 46 |
| | ¦Û. …Û¼Û¦ïÏÁ ½ÛÈÛ¶Û¶ÛÛ ¼ÛÛµÛïÏÛ¾Û | 194 |

| ¸ÛÍ©Û¨ï: 110) | ÜÉÛÌÛýÛ ÍÛÜ˜Û ÜÉÛÌÛýÛ | ªÛàœ ÊÛ¨Ûà) ¸ÛÜ¶ÛÜÛ ¶Û¼ÛÁ |
|---|---|---|
| ¶ÛÁÉÛï¾ÛÜÛÁ ¾Ûà.ï¶ÛÜÛ¦ýÛÜ | ¸ÛÜ˜Ûà¶Û Í¾ÛÜÛÁïÛ¶Ûà >ÛÇÈÛ¨Ûà | 402 |
| | ¾ÛÜ¤ÁÛ ÈÛÜÐ¶Û ”ÛÜ©ÛÜ¶Ûà …þÛœ©Û …ÛÈÛï | 338 |
| | ÁÛšýÛ¶Ûà ºÛÁ¶ÍÛàï ÅÛ¼ÛÜÁ¤Áà³ÛÁÛ …¶ýÛ ÁÛšýÛÜ¶Û ÍÛÐÛýÛ©ÛÜ ¸ÛÁà ¸ÛÜ¦ÉÛÜ …•Û | 357 |
| | ÍÛÁïÛÁà >¾Ûà¶Û •ÛÜ¶¤ ïÁ©Ûà ÈÛ”Û©Û Ýï¾Û©Û ÅÛÈÛÜ¶ÛÜ µÛÜÁ¨Û¾ÛÜ ©ÛºÛÈÛ©Û | 76 |
| | Í¸ÛÉýÛÅÛ ˆïÛ¶ÛÜÛ¾Ûï ¡Û¶Û¶Û …Û¸ÛÈÛÜ¾ÛÜ …ÛÈÛ©ÛÜ ¸ÛÜ©ÍÛÜÐ¶ÛÜ | 310 |
| ¶ÛÜÁÛýÛ¨Û½ÛÜˆ ÅÛ. ¸Û¤ÅÛ | …þÛ>¸ÛªÛ ¸ÛÁ ÍÛÜ¾ÛÜ¶ýÛ ˜Û˜ÛÜ (¼Ûà>Û ÜþÈÛÍÛ) | 463 |
| | µÛÁÛ† ýÛÜ>¶ÛÜ Í¼ÛµÛ¾ÛÜ ”Û¦©ÛÜ¶Û ÈÛÇ©ÛÁ | 59 |
| | ¸Û•ÛÜÁ µÛÜÁ¨Û ¾ÛÜ¤¶Ûà …¶ÛÜ¾ÛÅÛà ÍÛÜ¾ÛÜ©Û¶ÛÜ …ÐÈÛÜÅÛ | 394 |
| | ¾ÛÐÍÛÜ¨ÛÜ Ü>ÅÅÛÜ¾ÛÜ ”ÛÜ¶Û•Ûà ¤ýÛÉÛ¶Û ïÁ©ÛÜ ¸Ûï¦ÛýÛÅÛ ÜÉÛ“ÛïÛ | 436 |
| | ÁÛ>ýÛ ÍÛÁïÛÁ¶ÛÜ ï¾Û˜ÛÜÁà…Û¶ÛÜ ¾ÛÇ ¸Û•ÛÜÁ¾ÛÜ ¾ÛÜ–ÛÈÛÜÁà ½Û¬¬Û ½ÛÇÉÛÈÛÜ …•Û | 420 |
| | ÁÛšýÛ¾ÛÜ •ÛÜ¾Û ¶Û¾Û¶ÛÜ ¶Û.7/12 …¶Û 8-… ¶Û ïÛ¾¸ýÛ¤ÁÛ†¡ÉÛ¶Û ïÁÈÛÜ …•Û | 18 |
| | ÁÛšýÛ¾ÛÜ ¶ÛÈÛÜ ¸ÛÜÅÛàÍÛ Í¤ÉÛ¶ÛÜ ”ÛÜÅÛÈÛÜ …•Û | 299 |
| ¶Ûà¾ÛÜ¼Û¶Û ¼Û. …Û˜ÛÜýÛ | •ÛÜµÛàµÛÜ¾Û Í¸ÛÜ¤ ÍÛïÅÛ¶ÛÜ ÜÉÛïÛÍÛ ¾ÛÜ¤ ºÛÇÈÛÅÛ Áï¾Û | 402 |
| | ÁÛ>ýÛ¸ÛÜÅÛËÛà¶ÛÜ Í¼ÛÜ–Û¶Û ¾ÛÜ¤¶ÛÜ …Û½ÛÜÁ ¸ÛÍ©ÛÜÈÛ ¸ÛÁ ˜Û˜ÛÜ (ªÛà>Û …¶Û ™ÅÛÜ ÜþÈÛÍÛ) | 114 |
| ¸ÛÁÍÛÜ«Û¾Û½ÛÜˆ …Û.ÍÛÜÅÛïà | ïÛÇÛ ¼Û>ÛÁ Ü¶ÛýÛªÛ¨Û µÛÜÁÛ Ð¥Ç …¤ïÛýÛ©Û | 19 |
| | ½ÛÜÈÛ¶Û•ÛÁ Ü>ÅÅÛÜ¾ÛÜ ÜÉÛÜÈÛµÛ •Û¶ÛÜ…Û | 313 |
| | ÁÛšýÛ¶ÛÜ ¾ÛÜ™à¾ÛÜÁÛ¶Û ¸ÛÜïÍ©ÛÜ¶Û >ÅÛ¾ÛÜ¬Ûà ™Û¦ÛÈÛÈÛÜ …•Û | 167 |
| | ÁÛšýÛ¾ÛÜ ”Û©Û ©ÛÅÛÜÉÛ¦à ¼Û¶ÛÜÈÛÈÛÜ ¸ÛÜ™Ç ”Û˜Û | 205 |
| | ÉÛªÛœ ¦¾Û¶Û ¸ÛÜ¨Ûà ”Û¦©ÛÜ ¾ÛÜ¤ …¶ÛÜ¾Û©Û ÁÛ”ÛÈÛÜ …•Û | 60 |
| | ÉÛªÛœ ¶Ûþà¾ÛÜ¬Ûà •ÛÁïÛýÛþÍÛÁ Áà©Û Á©Ûà¶Û ÈÛÐ¶Û | 339 |
| ¸ÛÁÉÛ½ÛÜˆ µÛà. µÛÜ¶ÛÜ¨Ûà | …þÛ>¸ÛªÛ ¸ÛÁ ÍÛÜ¾ÛÜ¶ýÛ ˜Û˜ÛÜ (¸ÛÐÅÛÜ ÜþÈÛÍÛ) | 381 |
| | …¾ÛÁÅÛà Ü>ÅÅÛÜ¶ÛÜ ”ÛÜ¦ýÛÜÁ ¦¾Û¾ÛÜ¬Ûà ÝÍÛ˜ÛÜˆ¶ÛÜ ÅÛÜ½Û | 88 |
| | …¾ÛÁÅÛà Ü>ÅÅÛÜ¶Ûà ¥¼Ûà ÝÍÛ˜ÛÜ† ýÛÜ>¶ÛÜ¾ÛÜ ¸Û¨Û “Û¾Û©ÛÜ¬Ûà ¸ÛÜ¨Ûà ½ÛÁÉÛÜ …•Û | 32 |
| | …¾ÛÁÅÛà Ü>ÅÅÛÜ¾ÛÜ ¾Û>Á …¶Û ”ÛÜÅÛà ¸ÛÜÅÛàÍÛ ¾ÛÐï¾Û | 327 |
| | …¾ÛÁÅÛà ÉÛÐÁ ¸ÛÜ¨Ûà ¸ÛÁÉÛ¥Û ÍÛµÛÜÁ¨ÛÜ ýÛÜ>¶ÛÜ | 65 |
| | ïÅ¸ÛÍÛÁ ýÛÜ>¶ÛÜ¶Ûà ïÛ¾Û•ÛàÁà | 292 |
| | ”Û¦©Û …ïÍ¾ÛÜ©Û ÜÉÛ¾ÛÜ ýÛÜ>¶ÛÜ Ð¥Ç ˜ÛïÈÛÅÛ Áï¾Û | 213 |
| | •Û>ÁÛ©Û …Û™à …ÛÈÛïÈÛÜÇÛ ÈÛ•Û¶ÛÜ þÁï ï¤¼Û¾ÛÜ¬Ûà …ï¶Û ÁÛ>•ÛÜÁ …Û¸ÛÈÛÜ ¼ÛÜ¼Û©Û¶Û ÜÉÛµÛýÛï, Á004. | 259 |

| | | |
|---|---|---|
| ¸ÛÁÉÛ½ÛÛˆ µÛà. µÛÛ¶ÛÛ¨Ûà | µÛÛÁ¨Û-8¶ÛÛ ÍÛÛ¾ÛÛÛ›·ï ÜÈÛßÛÛ¶Û¶ÛÛ ¸ÛÍ©Û·ï¾ÛÛ ÁÐà •ÛýÛÅÛ "ÛÜ©Û …•Û | 414 |
| | ¼ÛÜµµÛÍÛÛ•ÛÁ ýÛÛ›¶ÛÛ¶Ûà ·ïÛ¾Û•ÛàÁà | 347 |
| | ÁÛ›ýÛ¾ÛÛ ·ï¸ÛÛÍÛ¶ÛÛ ¸ÛÛÌÛ¨Û"Û¾Û ½ÛÛÈÛÛ ¶Û·ï·ïà ·ïÁÈÛÛ …•Û | 175 |
| | ÁÛšýÛ¾ÛÛ ¸Û™Û©Û ÈÛ•Û¶ÛÛ ÜÈÛ²Û¬Ûâ…Û ¾ÛÛ¤ ™ÛªÛÛÅÛýÛÛ | 230 |
| ¸Û›Û½ÛÛˆ ½Ûà. ÈÛÉÛ | …þÛ›¸ÛªÛ ¸ÛÁ ÍÛÛ¾ÛÛ¶ÛýÛ ˜Û˜ÛÛ (¸ÛÐÅÛÛ ÜþÈÛÍÛ) | 373 |
| | Š²Û•ÛÛ¶Û ÈÛ˜ÛÛ¨ÜÈÛÁÛ¾ÛÛ …¸ÛÛýÛÅÛ ÁÛÐ©ÛÛ | 304 |
| | Š¶ÛÛ ©ÛÛÅÛ·ïÛ¶Ûà ¾Û™¶®à ÝÍÛ˜ÛÛˆ ýÛÛ›¶ÛÛ …©Û•Û©Û "Û¦©ÛÛ¶Û ÈÛÇ©ÛÁ | 1 |
| | Š¶ÛÛ ©ÛÛÅÛ·ïÛ¾ÛÛ 60/40 ¶Ûà ýÛÛ›¶ÛÛ …©Û•Û©Û ˜Û·ï¦¾ÛÛ | 47 |
| | …ÍÛ.¤à. Ü¶Û•Û¾Û¶Ûà Ü·ïÅÛÛ¾Ûà¤Á ¾ÛýÛÛþÛ ¸ÛÁà ¬Û† •ÛýÛÅÛ ¼ÛÍÛÛ ¦à¤ˆ¶Û ·ïÁÈÛÛ …•Û | 335 |
| | …ÍÛ.¤à.Ü¶Û•Û¾Û¶Û ˜Û·ïÈÛÈÛÛ¶Ûà ¼ÛÛ·ïà Á·ï¾Û | 353 |
| | Ü•ÛÁ¶ÛÛÁ ¸ÛÈÛ©Û ¸ÛÁ þ«ÛªÛýÛ¶ÛÛ µÛ¾ÛÍ¬ÛÛ¶Û …•Û ÜÐ¶þ …¶Û ›¶Û ·ïÛ¾ÛÛ ÈÛ˜˜Û¶ÛÛ ÜÈÛÈÛÛþ¶ÛÛ Š·ïÅÛ | 419 |
| | ¸ÛÁ·ï ¾ÛÛ•Û¨Ûà…Û ¸ÛÁ ˜Û˜ÛÛ …¶Û ¾Û©ÛþÛ¶Û (¸ÛÐÅÛÛ ÜþÈÛÍÛ) | 141 |
| | ¾Û"ýÛ¾ÛªÛàËÛà¶ÛÛ ÁÛÐ©Û º¦¾ÛÛ ÍÛ¶ÛÛ¾Ûà ¸Û½ÛÛÛÈÛ©Û ÁÛšýÛÛ¶Û ÍÛÐÛýÛ | 77 |
| | ÁÛµÛ¨Û •ÛÍÛ¶ÛÛ ÜÍÛÛÅÛ¶¦Á Š¸ÛÁ ÈÛ˜ÛÛ¨ÜÈÛÁÛ ¸Û¤ ¬ÛýÛÅÛ …ÜÈÛ·ï. | 390 |
| | ÁÛ›ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …Û½ÛÛÁ ¸ÛÍ©ÛÛÈÛ ¸ÛÁ ˜Û˜ÛÛ (ªÛà›Û …¶Û ™ÅÅÛÛ ÜþÈÛÍÛ) | 105 |
| | ÁÛ›ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …Û½ÛÛÁ ¸ÛÍ©ÛÛÈÛ ¸ÛÁ ˜Û˜ÛÛ (ªÛà›Û …¶Û ™ÅÅÛÛ ÜþÈÛÍÛ) | 104 |
| | ÁÛ›ýÛ¾ÛÛ "Û¦©ÛÛ¶Û ·ï¸ÛÛÍÛ¶ÛÛ ¸ÛÛÌÛ¨Û"Û¾Û ½ÛÛÈÛÛ ¾ÛÛ¤ ÍÛ¶¤ÁÛ | 161 |
| | ÍÛÐ·ïÛÁà ·ïÛýÛþÛ¾ÛÛ ÍÛµÛÛÁÛ ·ïÁÈÛÛ ·ïÛ¾ÛÛ¤¶Ûà Á˜Û¶ÛÛ | 203 |
| ¸Û¶ÛÛ½ÛÛˆ –Û. •ÛÛ¾Ûà©Û | þÜ"Û¨Û •Û›ÁÛ©Û¾ÛÛ …ÜþÈÛÍÛà…Û¶Û ¾Û˜™à Š™Á¶Û ·ïÛ¾Û | 200 |
| | ÁÛ›ýÛ¶Ûà ·ïÅÛ ÈÛ˜ÛÛ¨ÜÈÛÁÛ¶Ûà ¼ÛÛ·ïà ÈÛÍÛÅÛÛ©Û | 426 |
| | ÁÛšýÛ¾ÛÛ ÜÈÛþÉÛà ¾Û¦à ÁÛ·ïÛ¨Û | 341 |
| | ÈýÛÛÁÛ ©ÛÛÅÛ·ïÛ¾ÛÛ ·ïÁÛÍÛà¶Û¶ÛÛ ›¬¬ÛÛ ºÛÇÈÛÈÛÛ …•Û | 89 |
| | ÈýÛÛÁÛ ©ÛÛÅÛ·ïÛ¾ÛÛ ¼ÛµÛ ÐÛÅÛ©Û¾ÛÛ ¸ÛàËÛ¶ÛÛ ¸ÛÛ¨Ûà¶Ûà ¤Û·ïà…Û | 34 |
| | ÈýÛÛÁÛ ©ÛÛÅÛ·ïÛ¾ÛÛ ÝÍÛ˜ÛÛˆ¬Ûà ÈÛÜ˜Û©Û "Û¦©ÛÛ | 67 |
| | ÜÍÛ¾Û¶¤ ·ï¸Û¶Ûà…Û ¸ÛÛÍÛ¬Ûà ÈÛ˜ÛÛ¨ÜÈÛÁÛ¶Ûà ¼ÛÛ·ïà Á·ï¾Û | 406 |
| | ÍÛÁ©Û …¶Û …¾ÛþÛÈÛÛþ "ÛÛ©Û …¸ÛÁÅÛ ¸ÛÛ·ï Í¬ÛÛ¸ÛÈÛÛ¶Ûà ·ïÛ¾Û•ÛàÁà | 278 |
| | ÍÛÁ©Û Ü›ÅÅÛÛ¾ÛÛ ©ÛÅÛÛ¤à…Û¶Ûà –Û¤ | 157 |
| | ÍÛÁ©Û Ü›ÅÅÛÛ¾ÛÛ ¼ÛÁÛ›•ÛÛÁÛ¶Û ÁÛ›•ÛÛÁà¶Û …ÛýÛÛ›¶Û | 225 |
| | ÐàÁÛ ÜÈÛ·ïÛÍÛ ¼ÛÛ¦¶Ûà ·ïÛ¾Û•ÛàÁà | 321 |

| | | |
|---|---|---|
| ¸ÛÛ¸Û¤½ÛÛˆ ÍÛ.œ›ÛÁýÛÛ | ˜ÛÛ¤àÅÛÛ …¶Û ÍÛÛýÛÅÛÛ ¨Û¤Û¾ÛÛ ¸Û¦©ÛÁ ¨ÍÛ | 417 |
| | ˜ÛÛ¤àÅÛÛ …¶Û ÍÛÛýÛÅÛÛ ©ÛÛÅÛ¨Û¶Ûà ¨Û¤Û¾ÛÛ ÍÛÈÛ•ÛÈÛÛÁ ”ÛÛÅÛà ›•ÛÛ…Û | 434 |
| | ˜ÛÛ¤àÅÛÛ …¶Û ÍÛÛýÛÅÛÛ ©ÛÛÅÛ¨Û¾ÛÛ ¨¤àÁ šýÛÛÛ©Û ýÛÛ›¶ÛÛ Ð¥Ç …ÛÈÛÅÛ …Áœ…Û | 339 |
| | ˜ÛÛ¤àÅÛÛ …¶Û ÍÛÛýÛÅÛÛ ©ÛÛÅÛ¨Û¾ÛÛ ”Û©Û ©ÛÅÛÛÈÛ¦à…Û¶Û ¾Û›Áà | 166 |
| | ˜ÛÛ¤àÅÛÛ …¶Û ÍÛÛýÛÅÛÛ ©ÛÛÅÛ¨Û¾ÛÛ ©Û©¨ÛÇ ÈÛà› ›Û¦Û¨Û¶Ûà …Áœ…Û | 357 |
| | ˜ÛÛ¤àÅÛÛ …¶Û ÍÛÛýÛÅÛÛ ©ÛÛÅÛ¨Û¾ÛÛ ¶Û¾ÛþÛ¶Û ¸ÛÛ¨Ûà ¸ÛàÈÛÛ ¾ÛÛ¤ …Û¸ÛÈÛÛ …•Û | 20 |
| | ˜ÛÛ¤àÅÛÛ …¶Û ÍÛÛýÛÅÛÛ ©ÛÛÅÛ¨Û¾ÛÛ ÅÛÛ¨½ÛÛ•ÛàþÛÁà¬Ûà ¼ÛÛµÛÅÛÛ ˜Û¨¦¾ÛÛ | 83 |
| | ˜ÛÛ¤àÅÛÛ …¶Û ÍÛÛýÛÅÛÛ ÛÈÛÍ©ÛÛÁ¾ÛÛ þÛÄ …¶Û ›•ÛÛÁ¶Ûà Á¦ …¶Û ¸Û¨¦ÛýÛÅÛ ¾ÛºÛ¾ÛÛÅÛ | 312 |
| | ˜ÛÛ¤àÅÛÛ ©ÛÛÅÛ¨Û¶ÛÛ •ÛÛ¾ÛÛ¾ÛÛ ©ÛÅÛÛ¤à- ¨¾Û–¾ÛªÛà ÍÛÛ¾Û ºÁàýÛÛþ | 227 |
| | ÍÛÛýÛÅÛÛ ©ÛÛÅÛ¨Û¶ÛÛ •ÛÛ¾Û ¸Û˜ÛÛýÛ©Û¶ÛÛ ÈÛÐàÈÛ¤ …•Û ºÛÁýÛÛþ | 204 |
| | ÍÛ›ÅÛÛ¾Û ÍÛºÅÛÛ¾Û ýÛÛ›¶ÛÛ Ð¥Ç ˜ÛÛ¤àÅÛÛ …¶Û ÍÛÛýÛÅÛÛ ©ÛÛÅÛ¨Û¾ÛÛ ˜Û¨¦¾ÛÛ¶Ûà ¾Û›Áà | 61 |
| | ÍÛÁ¶®¶Û•ÛÁ Û›ÅÅÛÛ¾ÛÛ ¶ÛÛ¤Áà…Û¶Ûà ”ÛÛÅÛà ›•ýÛÛ…Û | 441 |
| ¸ÛÛþ¸ÛÝÍÛÐ ½Û. ›Û¦›Û | …¾ÛþÛÈÛÛþ¾ÛÛ ¸Û¤ÛÅÛ¾ÛÛ ½ÛÇÍÛÇ …¤¨ÛÈÛÈÛÛ ¸Û•ÛÅÛÛ | 41 |
| | ”Û¦©ÛÛ¶Û ÍÛÛ†ÅÛ ÐÅ¬Û ¨Û¦ …Û¸ÛÈÛÛ¶Ûà ¨Û¾Û•ÛàÁà | 186 |
| | •Û›ÁÛ©Û …Û™à …ÛÈÛ¨ÈÛÛÇÛ ÈÛ•Û¶ÛÛ þÁ¨ ¨¤¼Û¾Û¾ÛÛ¬Ûà …¨¶Û ÁÛ›•ÛÛÁ …Û¸ÛÈÛÛ ¼ÛÛ¼Û©Û¶Û ÛÈÛµÛýÛ¨, Á004. | 258 |
| | ˜ÛÛ¾ÛÛÍÛÛ þÁÛ¾ÛýÛÛ¶Û ÍÛÁþÛÁ ÍÛÁÛÈÛÁ ¼ÛµÛ¾ÛÛ¬Ûà ¸ÛÛ¨Ûà¶ÛÛ …ÛÈÛÁ ºÅÛÛ | 284 |
| | ¶Û¾ÛþÛ ¼ÛµÛ¶Ûà 121.92 ¾Ûà¤Á¶Ûà ÿ˜ÛÛˆ… ¬Û¶ÛÛÁ ÅÛÛ½Û | 322 |
| | ¶ÛÉÛ¶ÛÅÛ ÅÛÛ ýÛÛ¶ÛÈÛÛÍÛ¤à¶ÛÛ …½ýÛÛÍÛ’¾ÛÛ ©Û¾Û› ÛÈÛ²Û¬Ûâ…Û¶Ûà ÍÛ”ýÛÛ …•Û | 436 |
| | ½Û¨¸Û ¸Û¶ÛƒÈÛÍÛ¶Û …¶ÈÛýÛ ÁÛšýÛ¶Û ¾ÛÇÅÛ …ÈÛÛ¦ | 344 |
| | ¾ÛÐÍÛÛ¨ÛÛ Û›ÅÅÛÛ¾ÛÛ ºÅÛÛÁÛ†¦¾Û¨©Û ¸ÛàÈÛÛ¶Û ¸ÛÛ¨Ûà …Û¸ÛÈÛÛ …•Û | 92 |
| | ¾Û–ÛÛ¨Ûà¶Û•ÛÁ ÛÈÛÍ©ÛÛÁ¶Ûà ¨Û¤ ¨˜ÛÁà…Û ”ÛÍÛ¦ÈÛÛ …•Û | 420 |
| | ¾Û–ÛÛ¨Ûà¶Û•ÛÁ ÛÈÛÍ©ÛÛÁ¶Ûà ÉÛÛÇÛ¾ÛÛ ÛÉÛ“Û¨Û¶Ûà Û¶Û¾Û¨Û¨Û¾ÛÛ ¨Û½ÛÛ¦ | 397 |
| | ÁÛµÛ¨Û•ÛÍÛ ÍÛàÅÛá¦Á¶ÛÛ ÛÈÛ©ÛÁ¨Û¾ÛÛ ÛÈÛÅÛ¼Û | 73 |
| | ÁÛ›ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …½ÛÛÁ ¸ÛÍ©ÛÛÈÛ ¸ÛÁ ˜Û˜ÛÛ (ªÛà›Û …¶Û ™ÅÅÛÛ ÛþÈÛÍÛ) | 96 |

| ¸ÛÍ®Û¡: 110) | ÜÈÛÎÛýÛ ÍÛÜ˜Û ÜÈÛÎÛýÛ | ªÛàœ÷ ÊÛ¨¨Ûà) ¸ÛÜ¶ÛÛÛ ¶Û¼ÛÁ¡ |
|---|---|---|
| ¸ÛÜþ¡¸ÛÝÍÛÐ¡ ½Û. ›÷Û¦¡›÷Û | ÁÛ›÷ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …Û½ÛÛÁ¡ ¸ÛÍ®ÛÛÈÛ ¸ÛÁ¡ ˜Û˜ÛÛ (ªÛà›÷Û …¶Û ™ÅÅÛÛ ÜþÈÛÛÍÛ) | 97 |
| | ÁÛšýÛ¾ÛÛ …•Ûà¡Å˜ÛÁ¡ …“¸ÛÛ¤ ¡Û¶Û | 219 |
| | ÍÛÛ˜ÅÛ ¤Í¤á•Û¬Ûà ÁÛÍÛÛýÛÛ¨Û¡ ”ÛÛ©ÛÁ¾ÛÛ –Û¤Û¦Û | 232 |
| ¸Û¼ÛÛ–Û¡Û©Û þÛ.¸Û¦ýÛÛ | ¦Û¡ÛÁ¶ÛÛ ÜÈÛ¡ÛÍÛ …•Û ¡ÁÅÛ ”Û˜Û | 414 |
| ¸ÛÜÈÛ¨Û½ÛÛ˜ ¤à. ¾ÛÛÄ | •Û›÷ÁÛ©Û …Û™à …ÛÈÛ¡ÈÛÛÇÛ ÈÛ•Û¶ÛÛ þÁ¡¡ ¡¤¼Û¾Û¬Ûà …¡¶Û ÁÛ›÷•ÛÛÁ¡ …Û¸ÛÈÛÛ ¼ÛÛ¼Û©Û¶Û ÜÈÛµÛýÛ¡, ÁOO4. | 262 |
| | ¸ÛÁ¡¡ ¾ÛÛ•Û¨Ûà…Û ¸ÛÁ¡ ˜Û˜ÛÛ …¶Û ¾Û©ÛþÛ¶Û (¼Ûà›÷Û …¶Û ™ÅÅÛÛ ÜþÈÛÛÍÛ) | 242 |
| ¸ÛÜÈÛ¨Û½ÛÛ˜ ¾ÛÛ.¾ÛÛ¡Ü¦ýÛÛ | Š¸ÛÅÛ¤Û ©ÛÛÅÛ¡Û¾ÛÛ ¡ÁÛÍÛà¶Û¶ÛÛ …Û™Û ›¬¬ÛÛ ºÛÇÈÛÈÛÛ …•Û | 4 |
| | ÁÛ›÷¡Û¤ ˜ÛÁà¤à ¡Û¾ÛÊ¶ÛÁ¡ ¡˜ÛÁà¾ÛÛ ”ÛÅÛà ›÷•ýÛÛ | 423 |
| | ÁÛ›÷¡Û¤ Ü›÷ÅÅÛ¶ÛÛ •ÛÛ¾ÛÛ¾ÛÛ ¸Û˜ÛÛýÛ©Û –ÛÁ¡ | 167 |
| | ÁÛ›÷¡Û¤ Ü›÷ÅÅÛ¾ÛÛ ¸ÛÉÛ þÈÛÛ”Û¶ÛÛ | 205 |
| | ÁÛ›÷¡Û¤ Ü›÷ÅÅÛ¾ÛÛ ÅÛÛ¡ …þÛÅÛ©ÛÛ | 404 |
| | ÁÛšýÛ¶ÛÛ Ü›÷ÅÅÛ •ÛÛÐ¡ ©Û¡ÁÛÁ¡ Ü¶ÛÈÛÛÁ¨Û ºÛÁ¾ÛÛ¶Û ¾ÛÇÅÛ ºÛÁýÛÛþÛ | 50 |
| ¸ÛÛ•Ûœ÷½ÛÛ˜ ¶ÛÛ. ¸Û¤ÅÛ | …þÛ›÷¸ÛªÛ ¸ÛÁ¡ ÍÛÛ¾ÛÛ¶ýÛ ˜Û˜ÛÛ (¼Ûà›÷Û ÜþÈÛÛÍÛ) | 461 |
| | …¾ÛþÛÈÛÛþ¡ Ü›÷ÅÅÛ¶Ûà ÐÛ–ÛýÛÛÁµÛÛÁà –ÛÛ¦ÊÈÛÛÁ ¸ÛÛÅÛàÍÛ | 324 |
| | ¾ÛÛ¦ÅÛ þªÛÛ›÷ …¶Û ÜÈÛÁ¾Û•ÛÛ¾Û ©ÛÛÅÛ¡Û¾ÛÛ ÜÈÛµÛÈÛÛ ÍÛÐÛýÛ¶ÛÛ ¡ÍÛÛ | 415 |
| | ¾ÛÛ¦ÅÛ, þªÛÛ›÷ …¶Û ÜÈÛÁ¾Û•ÛÛ¾Û ©ÛÛÅÛ¡Û¾ÛÛ ˜Ü¶þÁÛ …ÛÈÛÛÍÛ ýÛÛ›÷¶ÛÛ¶ÛÛ …ÛÈÛÛÍÛÛ | 219 |
| | ¾ÛÛ¦ÅÛ, þªÛÛ›÷ …¶Û ÜÈÛÁ¾Û•ÛÛ¾Û ©ÛÛÅÛ¡Û¾ÛÛ ÈÛµµÛ ÍÛÐÛýÛ ýÛÛ›÷¶ÛÛ Ð¥Ç ˜Û¡ÈÛÅÛ ÍÛÐÛýÛ | 187 |
| | ÁÛšýÛ¶Ûà •ÛÛ¾Û ¸Û˜ÛÛýÛ©ÛÛ¾ÛÛ ˜-•ÛÛ¾Û ýÛÛ›÷¶ÛÛ¶Û …¾ÛÅÛà¡Á¨Û | 232 |
| | ÜÈÛÁ¾Û•ÛÛ¾Û, þªÛÛ›÷ …¶Û ¾ÛÛ¦ÅÛ ©ÛÛÅÛ¡Û¾ÛÛ ¶Û¾ÛþÛ¶ÛÛ ¸ÛÛ¨Ûà¬Ûà ©ÛÇÛÈÛÛ ½ÛÁÈÛÛ¶Û …ÛýÛÛ›÷¶Û | 286 |
| º©ÛÝÍÛÐ¡ ÈÛ. ˜ÛÛÐÛ¨Û | …Û² ÉÛ¡ÁÛ˜ÛÛýÛ ÍÛÍ¡®Û ýÛÛ¶ÛÈÛÛÍÛ¤à ÜÈÛµÛýÛ¡ ÁOO4 | 270 |
| ¼Û˜Û½ÛÛ˜ ”ÛÛ¼Û¦ | ÁÛ›÷ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …Û½ÛÛÁ¡ ¸ÛÍ®ÛÛÈÛ ¸ÛÁ¡ ˜Û˜ÛÛ (ªÛà›÷Û …¶Û ™ÅÅÛÛ ÜþÈÛÛÍÛ) | 120 |
| ¼ÛÅÛÈÛ©ÛÝÍÛÐ¡ ˜Û. ÁÛ›÷¸Û©Û | 11¾ÛÛ ¶ÛÛ¨ÛÛ ¸Û˜Û¾ÛÛ ¸ÛÛ¤¨Û Ü›÷ÅÅÛ¶Û ºÛÇÈÛÅÛ Á¡¾Û | 190 |
| | …þÛ›÷¸ÛªÛ ¸ÛÁ¡ ÍÛÛ¾ÛÛ¶ýÛ ˜Û˜ÛÛ (¼Ûà›÷Û ÜþÈÛÛÍÛ) | 448 |
| | …Û² ÉÛ¡ÁÛ˜ÛÛýÛ ÍÛÍ¡®Û ýÛÛ¶ÛÈÛÛÍÛ¤à ÜÈÛµÛýÛ¡ ÁOO4 | 269 |
| | ¡¶® ÍÛÁ¡ÛÁ¡ ³ÛÁÛ ÁÜaýÛ¶Û "©ÈÛÛÁ©Û •Û¾ýÛ ¸Û¨Ûà ¸ÛÁÈÛ¥Û ¡ÛýÛ'¾Û" …¶ÈÛýÛ ºÛÇÈÛÅÛ Á¡¾Û | 92 |

| | | |
|---|---|---|
| ¼ÛÅÛÈÛ©ÛÝÍÛÐ ˜Û. ÁÛ›¸Û©Û | •Û›ÁÛ©Û ¾ÛÛ©ÛÛÛ¸Û©ÛÛ …¶Û …ÛÜËÛ©ÛÛ¶ÛÛ ½ÛÁ¨Û¸ÛÛÌÛ¨Û ¼ÛÛ¼Û©Û ÜÈÛµÛýÛï, ÁOO3 | 253 |
| | •ÛÛÍÛÈÛÛ …ÛýÛÛ•Û …¶Û ¸ÛÜÈÛªÛýÛÛªÛÛµÛÛ¾Û ÜÈÛïÛÍÛ ¼ÛÛ¦¶Û ºÛÇÈÛÅÛ Áï¾Û …¶Û ”Û˜Û | 423 |
| | œ.ˆ.¼Ûà.¶Û ›þà ›þà ï¸Û¶Ûà…Û¾ÛÛ Ä¸ÛÛ©ÛÁ ïÁÈÛÛ¶Û …ÛýÛÛ›¶Û | 328 |
| | ¶Û¾ÛþÛ ýÛÛ›¶ÛÛ¶ÛÛ ½ÛÛ•ÛàþÛÁ ÁÛšýÛÛ ¸ÛÛÍÛ¬Ûà ÅÛ¨Ûà Áï¾Û | 293 |
| | ¶ÛÈÛà ÉÛÁ©Û¾ÛÛ¬Ûà ›¶Ûà ÉÛÁ©Û¾ÛÛ ºÁÈÛÈÛÛ …•Û¶Ûà Ü›ÅÅÛÛÈÛÛÁ ¸Û¦©ÛÁ …Áœ…Û | 44 |
| | ¸ÛÁï ¾ÛÛ•Û¨Ûà…Û ¸ÛÁ ˜Û˜ÛÛ …¶Û ¾Û©ÛþÛ¶Û (¸ÛÐÅÛÛ ÜþÈÛÍÛ) | 135 |
| | ÁÛšýÛ ÍÛÁïÛÁ¶ÛÛ …Û©ÛÛÁï …¶Û ¼ÛÛÔ þÈÛÛ …•Û | 403 |
| | ÍÛ›ÅÛÛ¾Û ÍÛºÅÛÛ¾Û ýÛÛ›¶ÛÛ ¾ÛÛ¤ ¶ÛÛ¨ÛÛïàýÛ …ÛýÛÛ›¶Û | 75 |
| ¼ÛÇþÈÛœ ˜Û. ¥ÛïÛÁ | ï¦à ©ÛÛÅÛïÛ¾ÛÛ ¸Û¤ÛÅÛ¸Û¸Û Š¸ÛÁ þÁÛ¦Û | 20 |
| | ï¦à ©ÛÛÅÛïÛ¾ÛÛ¬Ûà ¸ÛÍÛÛÁ¬Û©Ûà ¶Û¾ÛþÛ ï¶ÛÛÅÛ¾ÛÛ •Û¼Û¦Û …¶Û ¾ÛÁÛ¾Û©Û | 274 |
| | ›ýÛÜ©Û•ÛÛ¾Û ýÛÛ›¶ÛÛ …©Û•Û©Û ÅÛÛ½ÛÛÛ¶ÈÛ©Û •ÛÛ¾ÛÛ | 320 |
| | ¾ÛÐÍÛÛ¨ÛÛ …¶Û •ÛÛµÛà¶Û•ÛÁ Ü›ÅÅÛÛ¾ÛÛ ”ÛÛ¶Û•Ûà ¸Ûà.¤à.Íà. ïÛÅÛ›Û¶Ûà ¾ÛÛ¶ýÛ©ÛÛ …¶Û ºà | 423 |
| | ÜÍÛÜÈÛÅÛ ïÛ¤ ï¦à¶ÛÛ ¾ÛïÛ¶Û ½ÛÛ¦Û ¸Û™Ç ¬ÛýÛÅÛ ”Û˜Û | 405 |
| | ÍÛ›ÅÛÛ¾Û ÍÛºÅÛÛ¾Û ýÛÛ›¶ÛÛ …©Û•Û©Û ¾ÛÐÍÛÛ¨ÛÛ Ü›ÅÅÛÛ¾ÛÛ ”Û©Û ©ÛÅÛÛÈÛ¦à ³ÛÁÛ ÁÛ›•ÛÛÁà | 182 |
| ¼ÛÛ¼Û½ÛÛˆ ¾Û. ÉÛÛÐ | …Û² ÉÛïÁÛ˜ÛÛýÛ ÍÛÍï®Û ýÛÛ¶ÛÈÛÛÍÛ¤à ÜÈÛµÛýÛï ÁOO4 | 269 |
| | ï˜™ Ü›ÅÅÛ¶ÛÛ …Û²ÛÛ•Ûï …ï¾ÛÛ¾ÛÛ …ïÍ¾ÛÛ©Û¬Ûà ËÛÛ¾ÛïÛ¶ÛÛ ¾Û©ýÛ | 172 |
| | ï˜™ Ü›ÅÅÛÛ¾ÛÛ Í¸ÛÛ¤ÍÛ ÍÛ¶¤Á¶ÛÛ ¾ÛÐï¾Û ©Û¾Û› ”Û˜Û …•Û | 428 |
| | •Û›ÁÛ©Û …Û™à …ÛÈÛïÈÛÛÇÛ ÈÛ•Û¶ÛÛ þÁï ï®¤½Û¾ÛÛ¬Ûà …ï¶Û ÁÛ›•ÛÛÁ …Û¸ÛÈÛÛ ¼ÛÛ½Û©Û¶Û ÜÈÛµÛýÛï, ÁOO4. | 261 |
| | •Û›ÁÛ©Û Í¤¤ ¦à¡ÛÍ¤Á ¾Û¶Û›¾Û¶¤ …Û¬ÛÛÁà¤à µÈÛÛÁÛ ¬ÛýÛÅÛ ”Û˜Û | 309 |
| | ¸ÛÁï ¾ÛÛ•Û¨Ûà…Û ¸ÛÁ ˜Û˜ÛÛ …¶Û ¾Û©ÛþÛ¶Û (¸ÛÐÅÛÛ ÜþÈÛÍÛ) | 137 |
| | ÁÛ›ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ¬Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …Û½ÛÛÁ ¸ÛÍ©ÛÛÈÛ ¸ÛÁ ˜Û˜ÛÛ (ªÛà›Û …¶Û ™ÅÛÛ ÜþÈÛÍÛ) | 99 |
| | ÍÛÛ¼Û ¼Û¶ÛÛÈÛ©ÛÛ …ï¾ÛÛ¶ÛÛ ÈÛ˜ÛÛ¨ÜÈÛÁÛ …•Û | 412 |
| Ü¼Û¾ÛÅÛ ÉÛÛÐ | •Ûàà¼ÛÛ¶Û …¶ÛÛ›¶ÛÛ ›¬¬ÛÛ Ü¶ÛýÛÛ¾Û©Û …Û¸ÛÈÛÛ …•Û | 17 |
| | ½ÛÜ©ÛýÛÛ ÁÉÛ¶ÛïÛ¦ ³ÛÁÛ ÈÛ•Û ¬Û©ÛÛ …¶ÛÛ›¶ÛÛ ›¬¬ÛÛ | 58 |

| ¸ÛÍ©ÛïÛ: 110) | ÜÈÛÌÛýÛ ÍÛÜ˜Û<br>ÜÈÛÌÛýÛ | ªÛàœ: ÊÛ¨¨Ûà)<br>¸ÛÛ¶ÛÛÛ ¶Û¼ÛÁ |
| --- | --- | --- |
| ½ÛÁ©Û ¼ÛÛÁÛ¤ | 121.92 ¾Ûà¤Á¶Ûà ¦¾Û¶Ûà ÿ˜ÛÛˆ… ¸ÛÛ¨Ûà¶Ûà Š¸ÛÅÛ¼µÛà …¶Û ÈÛ¸ÛÁÛÉÛ¶Û …ÛýÛÛ›¶Û | 300 |
|  | ”Û¦¼ÛÓÛ ©ÛÛÅÛïÛ¶ÛÛ …ÛÛþÈÛÛÍÛà ÜÈÛÍ©ÛÛÁ ¾ÛÛ¤ ¸ÛàÈÛÛ¶ÛÛ ¸ÛÛ¨Ûà¶Ûà ÈýÛÈÛÍ¬ÛÛ | 40 |
|  | ¤ïÛ¶ÛàïÅÛ ÜÉÛ“Û¨Û¶ÛÛ ÜÈÛïÛÍÛ …•Û | 440 |
|  | ¤ïÛ¶ÛàïÅÛ ÜÉÛ“Û¨Û¾ÛÛ •Û¨ÜÈÛ«ÛÛ ÍÛµÛÛÁÈÛÛ ¼ÛÛ¼Û©Û | 430 |
|  | ¶Û¾ÛþÛ ¾ÛÛÍ¤Á ¸ÅÛÛ¶Û ýÛÛ›¶ÛÛ Ð¥Ç ÁÛšýÛ¶ÛÛ ÉÛÐÁÛ …¶Û •ÛÛ¾ÛÛ¶Û ¸ÛÛ¨Ûà …Û¸ÛÈÛÛ …•Û | 72 |
|  | ÜÈÛßÛÛ¶Û ¾ÛÇÛ¶Ûà ÜÈÛÉÛÌÛ©ÛÛ | 413 |
|  | ÍÛ›ÅÛÛ¾Û ÍÛºÅÛÛ¾Û ýÛÛ›¶ÛÛ Ð¥Ç ï˜™ Ü›ÅÅÛÛ¾ÛÛ ¼ÛµÛÛÁÛ …¶Û ¤Û†¦ÅÛ Á•ýÛÅÛ¤Á ¼ÛÛµÛÈÛÛ …•Û | 91 |
| ½ÛÁ©Û½ÛÛˆ ¸Û¦ýÛÛ | …Û² ÉÛïÁÛ˜ÛÛýÛ ÍÛÍï®©Û ýÛÛ¶ÛÈÛÛÍÛ¤à ÜÈÛµÛýÛï ÁOO4 | 265 |
|  | …Û² ÉÛïÁÛ˜ÛÛýÛ ÍÛÍï®©Û ýÛÛ¶ÛÈÛÛÍÛ¤à ÜÈÛµÛýÛï ÁOO4 | 271 |
|  | µÛµÛïÛ, ¼ÛÁÈÛÛÇÛ …¶Û ÁÛ¨Û¸ÛÁ ©ÛÛÅÛïÛ¾ÛÛ ¸ÛàÈÛÛ¶ÛÛ ¸ÛÛ¨Ûà¶ÛÛ ÍÛ¸Û | 34 |
| ½ÛÈÛÛ¶Û½ÛÛˆ œ. ½ÛÁÈÛÛ¦ | …¶ÛÛ¾Û©Û¶Ûà ¶ÛàÜ©Û …¶ÈÛýÛ ºÛÍ¤ ¤ïÛ ïÛ¤Û¾ÛÛ ››Û¶Ûà Ü¶Û¾Û¨ÛïÛ …•Û | 401 |
|  | ”ÛÛ¶Û•Ûà ÉÛÛÇÛ¾ÛÛ …ÍÛ. ÍÛà. …¶Û …ÍÛ. ¤à. ¶ÛÛ ÜÈÛ²Û¬Ûâ…Û¶Ûà ºà ¾ÛÛºà¶Ûà ýÛÛ›¶ÛÛ | 421 |
|  | •ÛÛµÛà¶Û•ÛÁ Ü›ÅÅÛÛ¾ÛÛÛ ¸ÛÛÅÛàÍÛ ï¾Û˜ÛÛÁà/…ÜµÛïÛÁà…Û¶Ûà …ÛÁÛ•ýÛ¶Ûà ©Û¸ÛÛÍÛ ïÛýÛ’¾Û | 358 |
|  | •Û›ÁÛ©Û ¾ÛÛ©ÛÛÛ¸Û©ÛÛ …¶Û …ÛÜËÛ©ÛÛ¶ÛÛ ½ÛÁ¨Û¸ÛÛÌÛ¨Û ¼ÛÛ¼Û©Û ÜÈÛµÛýÛï, ÁOO3 | 255 |
|  | ¶ÛÁÛ¦Û ¸ÛÛÅÛàÍÛ Í¤ÉÛ¶Û¾ÛÛ ¶ÛÛµÛÛýÛÅÛ ºÛÁýÛÛþ¾ÛÛ …¤ïÛýÛ©Û ¶Û ¬ÛÈÛÛ ¼ÛÛ¼Û©Û | 289 |
|  | ¸ÛÛ¶Û¾Û ›ÇÛÉÛýÛ ¾ÛÛ¤ ÍÛ¸ÛÛÛþ©Û ›¾Ûà¶Û¶Û ÈÛÇ©ÛÁ ˜ÛïÈÛÈÛÛ …•Û | 42 |
|  | ¸ÛàÈÛÛ¶ÛÛ ¸ÛÛ¨Ûà¶Ûà ïÛýÛ¾Ûà …™©ÜÈÛÛÇÛ ÍÛÛÁÛÌ¤¶ÛÛ ¾ÛÛ¤Û ÉÛÐÁÛ ¾ÛÛ¤ …ÛýÛÛ›¶Û | 90 |
|  | ÁÛ›ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …Û½ÛÛÁ ¸ÛÍ©ÛÛÈÛ ¸ÛÁ ˜Û˜ÛÛ (ªÛà›Û …¶Û ™ÅÅÛÛ ÜþÈÛÍÛ) | 120 |
|  | ÁÛšýÛ¾ÛÛ •ÛÁà¼Ûà Á”ÛÛ ¶Ûà˜Û œÈÛ©ÛÛ ï¤¼ÛÛ¶Ûà ÍÛ”ýÛÛ | 222 |
|  | ÁÛšýÛ¾ÛÛ ¸ÛÛï ÈÛà¾ÛÛ¶Ûà ˜ÛïÈÛÈÛÛ¶Ûà ¼ÛÛïà ÁÐ©Ûà Áï¾Û | 234 |
|  | Åàá¼Û¦à ©ÛÛÅÛïÛ¶ÛÛ ÁÛÍïÛ •ÛÛ¾Û Á©ÛÛ¶ÛÛ ïÛ¾Û¾ÛÛ •ÛÁÁàÜ©Û | 197 |
|  | Åàá¼Û¦à ÉÛÐÁ¶Û ¸ÛàÈÛÛ ¾ÛÛ¤ ¶Û¾ÛþÛ¶Û ¸ÛÛ¨Ûà …Û¸ÛÈÛÛ …•Û | 38 |
|  | ÍÛÁ¶®¶Û•ÛÁ Ü›ÅÅÛÛ¶ÛÛ ¶ÛÛ–ÍÛÛÍÛ •ÛÛ¾ÛÛ ¾ÛÛ¤ ¸ÛàÈÛÛ¶ÛÛ ¸ÛÛ¨Ûà¶Û …ÛýÛÛ›¶Û | 71 |

| ¸ÛÍ©Û¨ï: 110) | ÛÈÛÌÛýÛ ÍÛÛ˜Û ÛÈÛÌÛýÛ | ªÛàœ÷ ÊÛ¨¨Ûà) ¸ÛÛ¶ÛÛÛ ¶Û¼ÛÁ¡ |
|---|---|---|
| ½ÛÛÁ©Ûà¼Û¶Û ¶Û.¸Û¤ÅÛ | ¶ÛÈÛÍÛÛÁà Ü>÷ÅÅÛÛ¾ÛÛ ÛÉÛ"Û¨ïÛ¶Ûà –Û¤ | 403 |
| ½ÛÛÈÛ¶ÛÛ¼Û¶Û Ð.˜Û¸Û¤ÈÛÛÅÛÛ | •Û>÷ÁÛ©Û ¾ÛÛ©ÛÛÛ¸Û©ÛÛ …¶Û …ÛÛËÛ©ÛÛ¶ÛÛ ½ÛÁ¨¨Û¸ÛÛÌÛ¨¨Û ¼ÛÛ¼Û©Û ÛÈÛµÛýÛ¨ï, Á003 | 254 |
| ½ÛÛÜÈÛ¶Û½ÛÛˆ ¶Û. ÉÛ¥ | …¾ÛþÛÈÛÛþ Ü>÷ÅÅÛÛ¾ÛÛ ÁÛµÛ¨¨Û •ÛÍÛ¶ÛÛ ïÛÇÛ¼Û>ÛÁ | 16 |
| | …¾ÛþÛÈÛÛþ ÉÛÐÁ¾ÛÛ ¸ÛÛÅÛàÍÛ "ÛÛ©ÛÛ ©ÛÁºÛ¬Ûà ÁÛªÛà "ÛÛ¨¨Ûà ¸Ûà¨¨Ûà ¼Û>ÛÁ¶Û …¸ÛÛ©Û ÅÛÛýÛÍÛ¶ÍÛ | 329 |
| | …¾ÛþÛÈÛÛþ¾ÛÛ ïÁÛÍÛà¶Û¶ÛÛ ïÛÇÛ¼Û>ÛÁ | 58 |
| | …¾ÛþÛÈÛÛþ¾ÛÛ ÁÛµÛ¨¨Û •ÛÍÛ¶ÛÛ ïÛ¾ÛÉÛàýÛÅÛ Š¸ÛýÛÛ•Û | 81 |
| | …ÅÛàÍÛ¼Ûà>÷, ¶ÛÈÛÁ•Û¸ÛÁÛ, ÍÛ¤ÅÛÛˆ¤ …¶Û ÈÛ>÷ÅÛ¸ÛÁ ¸ÛÛÅÛàÍÛ Í¤ÉÛ¶Û¾ÛÛ Í¤ÛºÛ¶Ûà –Û¤ | 294 |
| | ÍªÛà…Û¶ÛÛ …¸Û¾Û©ÛýÛ¶ÛÛ Ü¨ïÍÍÛÛ…Û | 348 |
| ½Û¸Û¶®ÝÍÛÐ ¾Û. ˜Û¦ÛÍÛ¾ÛÛ | …þÛ>÷¸ÛªÛ ¸ÛÁ ÍÛÛ¾ÛÛÛ¶ýÛ ˜Û˜ÛÛ (¼Ûà>÷Û ÜþÈÛÍÛ) | 471 |
| | Š©«ÛÁ •Û>÷ÁÛ©Û¾ÛÛ Ðà¾ÛÈÛÌÛÛ¬Ûà ¸ÛÛ¨ï¶Û ¬ÛýÛÅÛ ¶Û¨ïÍÛÛ¶Û …•Û | 359 |
| ½Û¸Û¶® •Û. ÅÛÛ"ÛÛÈÛÛÅÛÛ | Ü>÷ÅÅÛÛ ¸ÛÁÈÛ¥Û ©ÛªÛÛ µÈÛÛÁÛ ÈÛÛ>÷¼Ûà½ÛÛÈÛ¶Ûà þ¨ïÛ¶ÛÛ …¶Û ¸Û¤ÛÅÛ¸Û¸ÛÛ ¸ÛÁ þÁÛ¦Û | 24 |
| | ¶Û¾ÛþÛ ýÛÛ>÷¶ÛÛ¾ÛÛ¬Ûà …Û¸ÛÈÛÛ¾ÛÛ …ÛÈÛ©Û ¸ÛÛ¨¨Ûà | 314 |
| | ¸ÛÛÅÛàÍÛ ï¾Û˜ÛÛÁà/…ÜµÛ¨ïÛÁà…Û¶ÛÛ …ÛÁÛ•ýÛ¶Ûà ©Û¸ÛÛÍÛ¶ÛÛ ïÛýÛ'¾Û | 340 |
| ½Û¾ÛÛ½ÛÛˆ ÁÛ. ¸Û¤ÅÛ | ¼Û¶ÛÛÍÛ¨ïÛ¥Û Ü>÷ÅÅÛÛ¾ÛÛ ¸ÛÉÛ ¦ÛÎ¤ÁÛ¶Ûà "ÛÛÅÛà >÷•ýÛÛ | 185 |
| ¾Û–Û½ÛÛˆ ¼ÛÛ. ËÛàÈÛÛÍ©ÛÈÛ | ¸Û˜ÛÈÛ¤à ýÛÛ>÷¶ÛÛ Ð¥Ç •ÛÛ¾ÛÛ¶Û …ÛÈÛÁà ÅÛÈÛÛ …•Û | 202 |
| | ÍÛÁ¨ïÛÁà >÷¾Ûà¶ÛÛ •ÛÛ¶¤ ïÁÈÛÛ¾ÛÛ ¶Û¦©Ûà ¼ÛÛ¶Û¾ÛÛÎ©Û¶ÛÛ ¸ÛÊ¶Û | 70 |
| | ÍÛ>÷ÅÛÛ¾Û ÍÛºÅÛÛ¾Û ýÛÛ>÷¶ÛÛ Ð¥Ç ÁÛ>÷ýÛ¾ÛÛ ¸ÛàÈÛÛ¶ÛÛ ¸ÛÛ¨¨Ûà ¾ÛÛ¤ …ÛýÛÛ>÷¶Û | 36 |
| | ÍÛÛˆÅÛ ¤Í¤á•Û¬Ûà "ÛÛ©ÛÁ¶ÛÛ ÈÛ¸ÛÁÛÉÛ¾ÛÛ –Û¤Û¦Û | 165 |
| ¾Û¶ÛÍÛ"Û½ÛÛˆ ÅÛ.¾ÛÛ¦ÛÈÛýÛÛ | ¸ÛÛÅÛà©ÛÛ¨¨ÛÛ …¶Û •ÛÛÛÁýÛÛµÛÁ©ÛÛÅÛ¨ïÛ¾ÛÛ ©ÛÅÛÛ¤à–ï¾Û–¾ÛªÛà¶Ûà "ÛÛÅÛà >÷•ýÛÛ…Û | 151 |
| | ¸ÛÛÅÛà©ÛÛ¨¨ÛÛ …¶Û •ÛÛÛÁýÛÛµÛÛÁ ©ÛÛÅÛ¨ïÛ¶Û ¾ÛÛÐ ¸ÛÛÁ…>÷¶ÛÛ ¸ÛÛ¨¨Ûà …Û¸ÛÈÛÛ …•Û | 41 |
| | ¸ÛÛÅÛà©ÛÛ¨¨ÛÛ …¶Û •ÛÛÁàýÛÛµÛÛÁ¾ÛÛ šýÛÛÜ©Û•ÛÛ¾Û ýÛÛ>÷¶ÛÛ Ð¥Ç ÅÛÛ½ÛÛÛ¶ÈÛ©Û •ÛÛ¾ÛÛ | 299 |
| | ¸ÛÛÅÛà©ÛÛ¨¨ÛÛ …¶Û ©ÛÇÛ>Û¶Ûà …ÛÍÛ¸ÛÛÍÛ ¾ÛÛµýÛÛ¾Û¨ï ÉÛÛÇÛ ÉÛÄÁ ïÁÈÛÛ …•Û | 402 |
| | ¸ÛÛÅÛà©ÛÛ¨¨ÛÛ ©ÛÛÅÛ¨ïÛ¶ÛÛ ¥Û¦˜Û •ÛÛ¾Û 66 ï.ÈÛà. ÍÛ¼ÛÍ¤ÉÛ¶Û Í¬ÛÛ¸ÛÈÛÛ¶Û ïÛ¾Û | 333 |
| | ¸ÛÛÅÛà©ÛÛ¨¨ÛÛ ©ÛÛÅÛ¨ïÛ¶Ûà ¸ÛÛ¦ÁàýÛÛ >÷¬Û ¸ÛÛ¨¨Ûà ¸ÛÁÈÛ¥Û ýÛÛ>÷¶ÛÛ ÉÛÄÁ ïÁÈÛÛ …•Û | 74 |

| ¸ÛÍ©Û¨ï: 110) | ÛÈÛÌÛýÛ ÍÛÛ˜Û<br>ÛÈÛÌÛýÛ | ªÛàœ ÊÛ¨¨Ûà)<br>¸ÛÛ¶ÛÛÛ ¶Û¼ÛÁ |
|---|---|---|
| ¾Û¶ÛÍÛ”Û½ÛÛ^ ÅÛ.¾ÛÛ¦ÛÈÛýÛÛ | ½ÛÛÈÛ¶Û•ÛÁ Û>ÅÅÛÛ¾ÛÛ ÅÛÛ^ÈÛÍ¤Ûï ^¶Í¸Ûï¤Á¶Ûà ”ÛÛÅÛà >•ýÛÛ…Û ½ÛÁÈÛÛ ¼ÛÛ¼Û©Û | 198 |
| | ½ÛÛÈÛ¶Û•ÛÁ Û>ÅÅÛÛ¾ÛÛ ÛÈÛ²ÛÍÛÐÛýÛïÛ¶Ûà Û¶Û¾Û¨Ûï | 420 |
| | ÍÛÛýÛ¶ÍÛ ÍÛà¤à¶ÛÛ ÛÈÛïÛÍÛ¶Ûà ïÛ¾Û•ÛàÁà | 351 |
| ¾Û¶ÛÐÁÅÛÛÅÛ ¾Û.¾ÛïÈÛÛ¨ÛÛ | þÍÛÛ¦Û …¶Û ÅÛ”Û©ÛÁ ©ÛÛÅÛïÛ ¾ÛÛ¤ ¼Ûà.¸Ûà.…ÅÛ. ïÛ¦¶Ûà ¶ÛÈÛà ýÛÛþà | 169 |
| | ÍÛ¾ÛÛ>ïÅýÛÛ¨Û ”ÛÛ©ÛÛ¶Ûà ýÛÛ>¶ÛÛ ¼Ûµ ïÁÈÛÛ …•Û | 206 |
| | ÍÛÁ¶®¶Û•ÛÁ Û>ÅÅÛÛ¾ÛÛ ©ÛÅÛÛ¤à-ï¾Û– ¾ÛªÛà…Û ¶ÛÛïÁà¶ÛÛ Í¬ÛÇ ÁÐÈÛÛ …•Û | 227 |
| | ÍÛÁ¶®¶Û•ÛÁ Û>ÅÅÛÛ¾ÛÛ ÍÛÁïÛÁà ”ÛÁÛ¼ÛÛ¶Ûà >¾Ûà¶Û | 42 |
| ¾Û¶ÛàÌÛ ¶Û. •ÛàÅÛà¤ÈÛÛÅÛÛ | >ÈÛÅÛÁà ¸ÛÛï¶Ûà Í¬ÛÛ¸Û¶ÛÛ¶Û …ÛýÛÛ>¶Û | 346 |
| | ¶ÛÉÛ¶ÛÅÛ ¬Û¾ÛÅÛ ¸ÛÛÈÛÁ Í¤ÉÛ¶Û …¶Û ÍÛ¶¤ÅÛ •Ûà¦¾ÛÛ¬Ûà ¾ÛÇÈÛÅÛ ÈÛà>Çà | 326 |
| | ÁÛšýÛ¾ÛÛ ¶ÛÈÛÛ Š²Û•ÛÛ¶Ûà Í¬ÛÛ¸Û¶ÛÛ …•Û ¾Û>Áà ¼ÛÛ¼Û©Û | 290 |
| | ÁÛšýÛ¾ÛÛ ¼Ûµ ¸Û¦ÅÛ ÍÛÐïÛÁà ¼ÛïÛ¶ÛÛ ¬ÛÛ¸Û¨ÛþÛÁÛ¶Û ÈÛà¾ÛÛ Á“Û¨Û | 191 |
| | ÍÛÁ©Û ÉÛÐÁ¶Û ÁÛµÛ¨Û•ÛÍÛ¶ÛÛ ¸ÛÁ©ÛÛ >¬¬ÛÛ ºÛÇÈÛÈÛÛ …•Û | 45 |
| | ÍÛÁ©Û ÉÛÐÁ¾ÛÛ ¸Û¤ÛÅÛ¾ÛÛ ½ÛÇÍÛÇ¶ÛÛ ïÍÛÛ | 75 |
| | ÍÛÁ©Û¾ÛÛ ÁÉÛ¶ÛïÛ¦ µÛÛÁïÛ¶Û ïÁÛÍÛà¶Û …Û¸ÛÈÛÛ …•Û | 94 |
| ¾ÛÐ¶® ÉÛÛ. ÛªÛÈÛþà | …Û² ÉÛïÁÛ˜ÛÛýÛ ÍÛÍï©Û ýÛÛ¶ÛÈÛÛÍÛ¤à ÛÈÛµÛýÛï Á004 | 267 |
| | •Û>ÁÛ©Û ¾ÛÛ©ÛÛÛ¸Û©ÛÛ …¶Û …ÛÛÈÛ©ÛÛ¶ÛÛ ½ÛÁ¨Û¸ÛÛÌÛ¨Û ¼ÛÛ¼Û©Û ÛÈÛµÛýÛï, Á003 | 252 |
| | µÛÛÁ¨Û-12 ÛÈÛßÛÛ¶Û ¸ÛÈÛÛÐ¾ÛÛ Š«Û¨Û ¬ÛýÛÅÛ ÛÈÛ²Û¬Ûâ…Û¶Ûà ÍÛ”ýÛÛ | 408 |
| | ½ÛÛÈÛ¶Û•ÛÁ ”Û¦ÍÛÅÛàýÛÛ ÛÅÛ•¶ÛÛ^¤ ¸ÛÛÈÛÁ ¸ÛÛ>î¤¶Ûà ïÛ¾Û•ÛàÁà | 325 |
| | ½ÛÛÈÛ¶Û•ÛÁ Û>ÅÅÛÛ¾ÛÛ ÈÛßÛÛÛ¶Ûï ¸Ûà“Û¨Û | 214 |
| | ÁÛ>ýÛ¾ÛÛ 8¸Û ¤ïÛ Í¬ÛÛÛ¶Ûï ÁÐàÉÛÛ¶Ûà ½ÛÁ©Ûà ¾ÛÛ¤ ÛÈÛ½ÛÛ•Û ³ÛÁÛ …¾ÛÅÛàïÁ¨Û | 177 |
| | ÁÛšýÛ¾ÛÛ …ÛÈÛÅÛÛ ¸ÛÛþÛÉÛï ÛÈÛßÛÛ¶Û ï¶®Û | 290 |
| | ÛÈÛßÛÛ¶Û ïÛÅÛ>¶ÛÛ ¸ÛÈÛÉÛ¾ÛÛ ÛÈÛ²Û¬Ûâ…Û¶Ûà –Û¤¶Ûà ÍÛ”ýÛÛ | 426 |
| | ÍÛÛÁÛÌ¤¶Ûà ¾ÛÛ¤à …¶Û ¾ÛµýÛ¾Û ÝÍÛ˜ÛÛ^ ýÛÛ>¶ÛÛ…Û | 23 |
| ¾ÛÐÉÛ½ÛÛ^ ™Û. ÈÛÍÛÛÈÛÛ | …þÛ>¸ÛªÛ ¸ÛÁ ÍÛÛ¾ÛÛ¶ýÛ ˜Û˜ÛÛ (¼Ûà>Û ÛþÈÛÍÛ) | 456 |
| ¾ÛÐÉÛ½ÛÛ^ ÍÛÛ.½ÛÛÁýÛÛ | ÁÛšýÛ¾ÛÛ Û¼Û¶Û”Û©Ûà¶Ûà >¾Ûà¶Û¶Ûà ÅÛ– ÈÛ˜Û ¸ÛÁ¶ÛÛ Û¶ÛýÛªÛ¨ÛÛ þÁ ïÁÈÛÛ …•Û | 13 |
| ¾ÛÛµÛÛ½ÛÛ^ ÅÛÛ. ¼ÛÛÁà˜ÛÛ | ŠþÛÁàïÁ¨Û …¶Û ”ÛÛ¶Û•ÛàïÁ¨Û ¶ÛàÛ©Û …©Û•Û©Û ÁÛšýÛ¾ÛÛ ¼ÛþÁÛ¶ÛÛ ÛÈÛïÛÍÛ | 324 |

| | | |
|---|---|---|
| ¾ÛÛµÛÛ½ÛÛˆ ÅÛÛ. ¼ÛÛÁà˜ÛÛ | •Û›÷ÁÛÛ©Û …Û™à …ÛÈÛ¡ÈÛÛÇÛ ÈÛ•Û¶ÛÛ þÁ¡¡ ¡¤¼Û¾ÛÛ¬Ûà …¡¡¶Û ÁÛ›÷•ÛÛÁ¡ …Û¸ÛÈÛÛ ¼ÛÛ¼Û©Û¶Û ÚÈÛµÛýÛ¡¡, Á004. | 260 |
| | ›÷¶ÛÛ•Û§¾ÛÛ ¸ÛÉÛ¸ÛÛÅÛ¶Û¶ÛÛ ÚÈÛ¡ÛÍÛ ¾ÛÛ¤ …ÛýÛÛ›÷¶Û | 175 |
| | ¸ÛÛ›÷ÁÛ¸ÛÛÇ¶Û ÍÛÐÛýÛ ©Û¬ÛÛ •ÛàÁ¡ …ÛÅÛÛþ¶Ûà •ÛÛýÛÛ¶ÛÛ ›÷©Û¶Û ¼ÛÛ¼Û©Û | 395 |
| | ÁÛšýÛ¶ÛÛ ¾ÛÛ™à¾ÛÛÁ¡ ¼ÛµÛ¡Û¶Û ™Û¦ÈÛÛ¶Ûà ¡ÛýÛÈÛÛÐà | 230 |
| | ÁÛšýÛ¶Ûà Í¬ÛÛÛ¸Û©Û ÈÛà›÷ "Û¾Û©ÛÛ …¶Û ©Û¾ÛÛ ÈÛµÛÛÁÛ ¡ÁÈÛÛ¶Û …ÛýÛÛ›÷¶Û | 288 |
| | ÁÛšýÛ¾ÛÛ ¾Û©ýÛÍýÛÛ²Û•Û¶ÛÛ ÚÈÛ¡ÛÍÛ¶Û …ÛýÛÛ›÷¶Û | 214 |
| | ÍÛ›÷ÅÛÛ¾Û ÍÛºÅÛÛ¾Û ýÛÛ›÷¶ÛÛ Ð¥Ç "ÛÛÁ¡ Ü¶ÛýÛ©ÛªÛ¨Û¶ÛÛ ¡Û¾ÛÛ¶ÛÛ ÍÛ¾ÛÛÈÛÉÛ | 11 |
| | ÍÛÛÁÛÌ¤ ÚÈÛÍ©ÛÛÁ¾ÛÛ ¸ÛÛˆ¸ÛÅÛÛˆ¶Û ¾ÛÛÁº©Û •ÛÍÛ ¸ÛÁÛ ¸ÛÛ¦ÈÛÛ¶Û …ÛýÛÛ›÷¶Û | 345 |
| | ÍÛÛÁÛÌ¤¶Û ¶Û¾ÛþÛ¶ÛÛ ¸ÛÁ¶ÛÛ ¸ÛÛ¨Ûà …Û¸ÛÈÛÛ …ÛýÛÛ›÷¶Û | 53 |
| ¾ÛÛµÛÛ½ÛÛˆ ›÷. ½ÛÛýÛ | …ÛÛþÈÛÛÍÛà ÍÛ•ÛàÁ¡ ¼ÛÛÇÛ¶Û ÅÛ•Û¶Û¶Û ÈÛ˜Û¶Û …Û¸Ûà ½Û•ÛÛ¦à ›÷ÈÛÛ ¼ÛÛ¼Û©Û | 441 |
| | ¦Û•Û …¶Û ¶ÛÈÛÍÛÛÁà Ü›÷ÅÅÛÛ¾ÛÛ •ÛÛ˜ÛÁ¶ÛÛ þ¼ÛÛ¨ÛÛ | 217 |
| | ¦Û•Û …¶Û ¶ÛÈÛÍÛÛÁà Ü›÷ÅÅÛÛ¾ÛÛ ¶ÛÈÛÛ ¸ÛÛ¦©Û þà¶ÛþýÛÛÅÛ •ÛÛÐ¡¡ ½Û¦ÛÁ¡ | 37 |
| | ¦Û•Û Ü›÷ÅÅÛÛ¾ÛÛ ©ÛÛÅÛ¡ÛÈÛÛÁ¡ ¾Û›÷÷Á¡ ¬ÛýÛÅÛ ¸ÛÛÅÛàÍÛ ¾ÛÐ¡¡¾Û …¶Û "ÛÛÅÛà ›÷•ýÛÛ…Û | 276 |
| | ¦Û•Û œ÷ÅÅÛ¶Ûà ¸Ûà.¤à.ÍÛà. ¡ÛÅÛ›÷¾ÛÛ ÚÈÛ²Û¬Ûâ…Û¶ÛÛ ¸ÛÈÛÉÛ¾ÛÛ ÍÛ¾ÛÛ¶Û ©Û¡¡ …Û¸ÛÈÛÛ …•Û | 426 |
| | ¦Û•Û, ÈÛÅÛÍÛÛ¦ …¶Û ¶ÛÈÛÍÛÛÁà Ü›÷ÅÅÛÛ¾ÛÛ ¸Û¤Û¸ÛÁÛ¶Û ÈÛà›÷Çà¡Á¨Û ¡ÁÈÛÛ¶Û …ÛýÛÛ›÷¶Û | 321 |
| | ¦Û•Û, ÈÛÅÛÍÛÛ¦ …¶Û ½ÛÄ˜Û Ü›÷ÅÅÛ¶Ûà ÉÛÛÇÛ…Û¶Û "ÛÛ¶Û•Ûà¡Á¨Û | 407 |
| | ¸ÛÁ¡¡ ¾ÛÛ•Û¨Ûà…Û ¸ÛÁ ˜Û˜ÛÛ …¶Û ¾Û©ÛþÛ¶Û (¸ÛÐÅÛÛ ÜþÈÛÍÛ) | 146 |
| | ÁÛ›÷ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …Û½ÛÛÁ ¸ÛÍ©ÛÛÈÛ ¸ÛÁ ˜Û˜ÛÛ (ªÛà›÷Û …¶Û ™ÅÛÛ ÜþÈÛÍÛ) | 107 |
| | ÁÛšýÛ¾ÛÛ …ÛÛþÈÛÛÍÛà ÚÈÛÍ©ÛÛÁ¾ÛÛ ÐÛ¤ ¼Û›÷ÛÁ¶Û ÍÛÛÈÛµÛÛ ¾ÛÛ¤ ÍÛÐÛýÛ | 184 |
| ¾ÛÛýÛÛ¼Û¶Û ÍÛ. ¡Û¦¶ÛÛ¶Ûà | …¾ÛþÛÈÛÛþ Ü›÷ÅÅÛ¶ÛÛ •ÛÛ¾ÛÛ¾ÛÛ ˆ-•ÛÛ¾Û ¸ÛÛ›÷¡¤¶Ûà ¡Û¾Û•ÛàÁà | 182 |
| | …¾ÛþÛÈÛÛþ ÉÛÐÁ¾ÛÛ ½ÛÛ©ÛýÛÛ ÁÉÛ¶Û¡Û¦ …•Û | 72 |
| | …¾ÛþÛÈÛÛþ ÜÍÛ¤à ©ÛÛÅÛ¡Û¶ÛÛ •ÛÛ¾ÛÛ¶Û ¸ÛàÈÛÛ¶Û ¸ÛÛ¨Ûà ¸ÛÂú ¸ÛÛ¦ÈÛÛ …•Û | 91 |

| | | |
|---|---|---|
| ¾ÛÜýÛÜ¼Û¶Û ÍÛ. ¨Ü¦¶ÛÜ¶Ûà | •Û>÷ÁÜ©Û ¾ÛÜ©ÛÛÜ¸Û©ÛÛ …¶Û …ÛÜËÛ©ÛÛ¶ÛÛ ½ÛÁ¨¨Û¸ÛÛÌÛ¨¨Û ¼ÛÛ¼Û©Û ÜÈÛµÛýÛ¨¡, ÁOO3 | 251 |
| | •Û>÷ÁÜ©Û ¾ÛÜÜÐ©Ûà¶ÛÛ …ÜµÛ¨ÛÁ ¼ÛÛ¼Û©Û ÜÈÛµÛýÛ¨¡, ÁOO¸Û | 250 |
| | •ÛÍÛ …ÛµÛÛÛÁ©Û ÈÛà>÷ ¾Û¬Û¨Û¶ÛÛ •ÛÍÛ¶ÛÛ ½ÛÛÈÛÛ ¾ÛÛ¤ ¨¶® ÍÛ¾Û"Û Á>÷…Û©ÛÛ | 352 |
| | •Û¬ÛÛÅÛýÛ ¶ÛàÛµÛ¶Ûà Á˜Û¶ÛÛ | 437 |
| | Ü¶Û•Û¾ÛÛ ¸ÛÛÍÛ¬Ûà ÈÛ˜ÛÛ¨¨ÜÈÛÁÛ¶Ûà ¼ÛÛ¨à Á¨¾Û | 404 |
| | ÁÛšýÛ¾ÛÛ ¨ÛÇÛ ¼Û>ÛÁ …¶Û ¶ÛºÛ"ÛÛÁà ¦Û¾ÛÈÛÛ …•Û | 38 |
| | ÁÛšýÛ¾ÛÛ ¼ÛþÁÛ¶ÛÛ ÜÈÛ¨ÛÍÛ ¾ÛÛ¤ "ÛÛ¶Û•Ûà"ÛªÛ ¬ÛýÛÅÛ ¾Û¦àÁÛ¨Û¨Û | 333 |
| | ÁÛšýÛ¾ÛÛ Ü¼Û¶Û¸ÛÁ¸ÛÁÛ•Û©Û ÍªÛÛ©Û ³ÛÁÛ ÈÛà>÷ Š©¸ÛÛþ¶Û | 302 |
| | ÍÛÍÛ•Û©Û ¶Û ÐÛýÛ ©ÛÈÛÛ >÷¶ÛÛ ¨ÛýÛþÛ | 423 |
| ¾ÛÛÅÛœ÷½ÛÛ^ þ. þÍÛÛ^ ¾Û¨ÉÛ ½Û. •Û§ÈÛà | ÁÛ>÷ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …Û½ÛÛÁ ¸ÛÍ©ÛÛÈÛ ¸ÛÁ ˜Û˜ÛÛ (ªÛà>÷Û …¶Û ™ÅÛÛ ÜþÈÛÍÛ) | 122 |
| | …þÛ>÷¸ÛªÛ ¸ÛÁ ÍÛÛ¾ÛÛ¶ýÛ ˜Û˜ÛÛ (¼Ûà>÷Û ÜþÈÛÍÛ) | 462 |
| | …¾ÛàÁ•Û§ "ÛÛ©Û ¶ýÛÛýÛ ÍÛ¨ÅÛ¶Ûà ¨Û¾Û•ÛàÁà | 431 |
| | …¾ÛàÁ•Û§ ©ÛÛÅÛ¨Û¶ÛÛ ¦Û½ÛÅÛÛ •ÛÛ¾Û ¨¾¸ýÛ¤ÁÛ^ ¡¦ ÁÉÛ¶Û¨Û¦ …Û¸ÛÈÛÛ …•Û | 46 |
| | Š©«ÛÁ •Û>÷ÁÛ©Û¾ÛÛ ÐÛ¾ÛÈÛÌÛÛ¬Ûà ¸ÛÛ¨¶Û ¬ÛýÛÅÛ ¶Û¨ÍÛÛ¶Û …•Û | 359 |
| | >Û¾Û¶Û•ÛÁ¶ÛÛ ¨ÅÛ¨¤Á ÍÛÛ¾Û µÛÛÁÛÍÛ½ýÛËÛà…Û¶ÛÛ ¸ÛªÛÛ¶ÛÛ >÷ÈÛÛ¼Û ¶ÛÐá …Û¸ÛÈÛÛ …•Û ºÛÁýÛÛþ | 76 |
| | þÛ©ÛÛ, …¾ÛàÁ•Û§ …¶Û ¸ÛÛÅÛ¶Û¸ÛÁ ©ÛÛÅÛ¨Û¶ÛÛ …ÜþÈÛÛÍÛà "Û¦©ÛÛ¶Û "Û©Ûà ÜÈÛÌÛýÛ¨ ÈÛà>÷ >Û¦Û¨¨Û | 345 |
| | þÛ©ÛÛ, …¾ÛàÁ•Û§ …¶Û ¸ÛÛÅÛ¶Û¸ÛÁ ©ÛÛÅÛ¨Û¾ÛÛ ©Û©¨ÛÇ ÈÛà>÷ >Û¦Û¨¨Û ýÛÛ>÷¶ÛÛ …¶ÈÛýÛ¶Ûà ¾ÛÇÅÛ …Áœ÷…Û | 287 |
| | ¸ÛÛÅÛ¶Û¸ÛÁ, …¾ÛàÁ•Û§ …¶Û þÛ©ÛÛ ©ÛÛÅÛ¨Û…Û¾ÛÛ ¸ÛÛ¬Û¾Û¨ ÜÉÛ"Û¨Û¶Ûà –Û¤ | 440 |
| | ¸ÛÁ¨ ¾ÛÛ•Û¨¨à…Û ¸ÛÁ ˜Û˜ÛÛ …¶Û ¾Û©ÛþÛ¶Û (¸ÛÐÅÛÛ ÜþÈÛÍÛ) | 145 |
| | ¼Û¶ÛÛÍÛ¨Û¥Û Ü>÷ÅÛÛ¾ÛÛ …Û^.¤à….Û^. ¶ÛÛ ¾Û¨Û¶Û ¼ÛÛµÛ¨Û¾Û¶Ûà ¨Û¾Û•ÛàÁà | 172 |
| | ¼Û¶ÛÛÍÛ¨Û¥Û Ü>÷ÅÛÛ¾ÛÛ Á¾Û©Û•Û¾Û©Û¶ÛÛ ÍÛÛµÛ¶ÛÛ¶Ûà "ÛÁàþà¾ÛÛ •ÛÁÁàÜ©Û | 414 |
| | ¼Û¶ÛÛÍÛ¨Û¥Û Ü>÷ÅÛÛ¾ÛÛ Ð¦ ¨¶Í¤¼ÛÅÛ¶Ûà ÍÛÈÛÛ …Û¸Û¶ÛÛÁ ¾ÛÐ¾Û ¨¾Û˜ÛÛÁà…Û¶ÛÛ …ÛÜËÛ©ÛÛ¶Û Ü¶Û¾Û¨¨¡ …Û¸ÛÈÛÛ …•Û | 323 |
| | ÁÛ>÷¨Û¤ Ü>÷ÅÛÛ¶ÛÛ ©ÛÛÅÛ¨Û…Û¾ÛÛ ÍÛÈÛÛ ÍÛÐ¨ÛÁà ¾Û¦Çà…Û¾ÛÛ Š˜ÛÛ¸ÛÜ©Û | 211 |

| | | |
|---|---|---|
| ¾Û¡ïÉÛ ½Û. •Û§ÈÛà | ÁÛŠýÛ¾ÛÛ ïÛ¶¤Ûï¤ ºÛ¾Ûã•Û ¸Û¬ÛÛ …¾ÛÅÛà ¼Û¶ÛÛÈÛÈÛÛ ÜÈÛ˜ÛÛÁ¨¨ÛÛ | 211 |
| | ÅÛÛÅÛ¸ÛÁ¡ ©ÛÛÅÛïÛ¶ÛÛ ¸Û¦Û¨¨ÛÛ •ÛÛ¾Û ›÷¾Ûà¶Û¶ÛÛ ÈÛÇ©ÛÁ¡ | 94 |
| ¾ÛÇ½ÛÛ˜ Ð¡. ¼ÛÁÛ | ›÷Û¾Û¶Û•ÛÁ¡ Ü›÷ÅÅÛÛ¾ÛÛ ˜Ü¶þÁÛ …ÛÈÛÛÍÛ ýÛÛ›÷¶ÛÛ¶Ûà ¾ÛÇÅÛ …Áœ÷…Û | 221 |
| | ›Û¾Û¶Û•ÛÁ¡ Ü›÷ÅÅÛÛ¾ÛÛ ”Û¦®ÛÛ¶Û …ïÍ¾ÛÛ©Û ÈÛà¾ÛÛ ýÛÛ›÷¶ÛÛ Ð¥Ç ˜ÛïÈÛÅÛ ÍÛÐÛýÛ | 195 |
| | ›Û¾Û¶Û•ÛÁ¡ Ü›÷ÅÅÛÛ¾ÛÛ ¶ÛÈÛÛ ÍÛ¼ÛÍ¤ÉÛ¶Û Í¬ÛÛ¸ÛÈÛÛ¶Û …ÛýÛÛ›÷¶Û | 334 |
| | ŠýÛÛÜ©Û•ÛÛ¾Û ýÛÛ›÷¶ÛÛ Ð¥Ç ÍÛ¾ÛÛÛÈÛÎ¤ •ÛÛ¾ÛÛ | 303 |
| | þÜ“Û¨¨Û ½ÛÛÁ©Û¶ÛÛ ÍÛ¶ÛÛ¾Ûà ¸Û½ÛÛÛÈÛ©Û ÁÛ›÷ýÛÛ¶Û •Û›÷ÁÛ©Û ÍÛÁïÛÁ¶Ûà ÍÛÐÛýÛ | 12 |
| | ½ÛÛ¨¨ÛÈÛ¦, ÅÛÛÅÛ¸ÛÁ¡ …¶Û ›÷Û¾Û”Û½ÛÛÇàýÛÛ ©ÛÛÅÛïÛ¶ÛÛ •ÛÛ¾Û©ÛÇ ¶Û ‘à ïÁÈÛÛ …•Û | 55 |
| ¾ÛÛÐ¶Û½ÛÛ˜ ï.ï¦ÛÁàýÛÛ | 66 ï.ÈÛà. ÍÛ¼ÛÍ¤ÉÛ¶ÛÛ Í¬ÛÛ¸ÛÈÛÛ¶Û …ÛýÛÛ›÷¶Û | 337 |
| | …þÛ›÷¸ÛªÛ ¸ÛÁ¡ ÍÛÛ¾ÛÛ¶ýÛ ˜Û˜ÛÛ (¸ÛÐÅÛÛ ÜþÈÛÍÛ) | 380 |
| | ¤ïÛÁÛ, ¸Û¦µÛÁà …¶Û ¾ÛÛÁ¼Ûà ©ÛÛÅÛïÛ¶ÛÛ •ÛÛ¾ÛÛ¾ÛÛ Á•Ûà¶Û ¤à.ÈÛà. •ÛÛ¥ÈÛÈÛÛ ¼ÛÛ¼Û©Û | 355 |
| | ¤ïÛÁÛ, ¸Û¦µÛÁà …¶Û ¾ÛÛÁ¼Ûà ©ÛÛÅÛïÛ¾ÛÛ ŠýÛÛÜ©Û•ÛÛ¾Û ýÛÛ›÷¶ÛÛ …¶ÈÛýÛ …ÛÈÛÁà ÅÛàµÛÅÛÛ •ÛÛ¾ÛÛ | 307 |
| | ¸Û¦µÛÁà, ¤ïÛÁÛ …¶Û ¾ÛÛÁ¼Ûà ©ÛÛÅÛïÛ¾ÛÛ ÜÉÛ“ÛïÛ¶Û ÍÛ¤…¸Û | 427 |
| | ¾ÛÛÁ¼Ûà, ¤ïÛÁÛ …¶Û ¸Û¦µÛÁà ©ÛÛÅÛïÛ¾ÛÛ 60 ƒ 40 ¶ÛÛ ˜Ûï¦¾ÛÛ | 68 |
| | ÁÛ›÷ïÛ¤ Ü›÷ÅÅÛÛ¶Ûà ÝÍÛ˜ÛÛ˜ ï¶ÛÛÅÛÛ¶Û ÜÅÛº¤ ˜ÜÁ•ÛÉÛ¶Û¾ÛÛ ºÁÈÛÈÛÛ …•Û | 35 |
| | ÁÛ›÷ïÛ¤ Ü›÷ÅÅÛÛ¾ÛÛ µÛÛÁ¨¨Û-12 ÜÈÛßÛÛ¶Û ¸ÛÈÛÛÐ¾ÛÛ …Û™ ¸ÛÛÁ¨¨ÛÛ¾Û ÅÛÛÈÛ©Ûà ÉÛÛÇÛ…Û | 409 |
| | ÁÛ›÷ïÛ¤ Ü›÷ÅÅÛÛ¾ÛÛ ÜÈÛµÛÛþà¸Û ýÛÛ›÷¶ÛÛ¶ÛÛ ÅÛÛ½ÛÛ¬Ûâ…Û | 438 |
| | ÁÛ›÷ïÛ¤ Ü›÷ÅÅÛÛ¾ÛÛ ÈÛÛ¤ÁÉÛ¦¶ÛÛ ïÛ¾ÛÛ ¸Û¨¨Û ¬ÛÈÛÛ …•Û | 173 |
| ¾ÛÛÐ¶Û½ÛÛ˜ µÛ. §ÛÛ¦ýÛÛ | •Û›÷ÁÛ©Û …Û™à …ÛÈÛïÈÛÛÇÛ ÈÛ•Û¶ÛÛ þÁï ï¤¼Û¾ÛÛ¬Ûà …ï¶Û ÁÛ›÷•ÛÛÁ …Û¸ÛÈÛÛ ¼ÛÛ¼Û©Û¶Û ÜÈÛµÛýÛï, Á004. | 263 |
| | ºÛÁ¶ÍÛàï ÅÛ¼ÛÛÁ¤Áà ³ÛÁÛ …¶ýÛ ÁÛŠýÛ¶ÛÛ …ÛµÛïÛÁà…Û¶Û ©ÛÛÅÛà¾Û | 288 |
| ¾ÛÛÐ¾ÛþºÛÁúï Ð.ÉÛ”Û | …¾ÛþÛÈÛÛþ ÉÛÐÁ …¶Û Ü›÷ÅÅÛÛ¾ÛÛ ¶ÛÈÛà ¾ÛÛµýÛÛ¾Ûï ÉÛÛÇÛ…Û¶Ûà ¾Û›÷Áà | 434 |
| | …¾ÛþÛÈÛÛþ ÉÛÐÁ¶Ûà ÉÛÛÇÛ…Û¾ÛÛ •ÛÁÁà©Ûà …•Û | 417 |
| | …¾ÛþÛÈÛÛþ ÉÛÐÁ¾ÛÛ ï¼ÛÅÛ ›Û¦Û¨¨Û …¶Û ïÁ¶Ûà …ÛÈÛï | 333 |
| | …¾ÛþÛÈÛÛþ¾ÛÛ ¸Û¤ÛÅÛ¾ÛÛ ½ÛÇÍÛÇ¶ÛÛ ïÍÛÛ | 62 |

| | | |
|---|---|---|
| ¾ÛÛÐ¾Ûþ¡ºÛÂú¨ï Ð¡.ÉÛ”Û | ”ÛÛ¦ýÛÛ ÜÈÛÍ©ÛÛÁ¾ÛÛ þÛÁ–›•ÛÛÁ¶ÛÛ …¦Û ¼ÛÛ¼Û©Û | 299 |
| | ¸ÛÁ¨ï ¾ÛÛ•Û¨Ûà…Û ¸ÛÁ¡ ˜Û˜ÛÛ …¶Û ¾Û©ÛþÛ¶Û (¼Ûà›Û …¶Û ™ÅÂÛÛ ÜþÈÛÍÛ) | 244 |
| | ¾Û”ýÛ¾ÛªÛàËÛà¶ÛÛ ÁÛÐ©ÛºÛ¦¾ÛÛ¬Ûà þþâ…Û¶Û ÍÛÐÛýÛ¾ÛÛ ÜÈÛÂÛ¼Û | 22 |
| | ÍÛýÛÎ©Û ÁÜ›Í¤ÛÁ¡ ÍÛÈÛ•Û¶ÛÛ …ÜµÛ¨ÛÁà…Û¶Û ¼Û§©Ûà | 195 |
| ýÛÛ•ÛÉÛ½ÛÛˆ ¶ÛÛ. ¸Û¤ÅÛ | …¾ÛþÛÈÛÛþ ˆ¶¤Á¶ÛÉÛ¶ÛÅÛ …Á¸ÛÛ¤ Š¸ÛÁ¬Ûà …¶ÛÜ©Û¨ï µÛµÛÛ ¾ÛÛ¤ ¾ÛÛÐÂÛÛ…Û¶Û …ÛÁ¼Û þÉÛÛ¾ÛÛ ¾ÛÛ¨ÅÛÈÛÛ¶Û ÌÛ¦ýÛªÛ | 294 |
| | …¨ï› Ü›ÅÂÛÛ¶ÛÛ ›þÛ ›þÛ ©ÛÛÅÛ¨ï¾ÛÛ ›¾Ûà¶Û µÛÁÜÈÛÈÛÛ …•Û¶Ûà ¸ÛÜ’ýÛÛ ÍÛÁÇ ¼Û¶ÛÛÈÛÈÛÛ …•Û | 32 |
| | …Ü¶›Û¶ÛýÛÁá•Û ¨ïÜÅÛ›Û¾ÛÛ ¼Û¥¨ïÛ¶ÛÛ ¬ÛýÛÅÛ ÈÛµÛÛÁÛ …•Û | 412 |
| | Ü›ÅÂÛÛ ©Û¨ïÁÛÁ¡ Ü¶ÛÈÛÛÁ¨Û ºÛÁ¾ÛÛ¾ÛÛ ¨ïÍÛÛ¶ÛÛ ½ÛÁÛÈÛÛ | 66 |
| | ¸ÛÛÅÛàÍÛ …ÜµÛ¨ÛÁà / ¨ï¾Û˜ÛÛÁà…Û ¾ÛÛ¤ ÁÛ›¨ïÛ¤ ¸ÛÛÅÛàÍÛ Á¶›¾ÛÛ ýÛÛ›ÛýÛÅÛ ÐÅ¬Û ˜Û¨ïá•Û ¨ïÛýÛ’¾Û | 329 |
| | ¸ÛÛÅÛàÍÛ …ÜµÛ¨ÛÁà/¨ï¾Û˜ÛÛÁà…Û ¾ÛÛ¤ÍÛÁ©Û ÉÛÐÁ¾ÛÛ ýÛÛ›ÛýÛÅÛ ÐÅ¬Û ˜Û¨ïá•Û ¨ïÛýÛ’¾Û | 348 |
| | ÁÛšýÛ¾ÛÛ ÜÉÛ“Û¨Û “ÛªÛ ¨ïÛ¾¸ýÛ¤Á¡ ÜÉÛ“Û¨Û …•Û | 430 |
| | ÈÛ¦ÛþÁÛ Ü›ÅÂÛ¾ÛÛ ÍÈÛ¨Û›ýÛÛ©Û •Û¾Û ÍÈÛÁÛ›•ÛÛÁ¡ ýÛÛ›¶ÛÛ Ð¥Ç ›¬ÛÛ | 174 |
| Á¨Û¨ÛÛ›©ÛÝÍÛÐ ¶Û. ˜ÛÛÈÛ¦Û | …þÛ›¸ÛªÛ ¸ÛÁ¡ ÍÛÛ¾ÛÛ¶ýÛ ˜Û˜ÛÛ (¸ÛÐÅÛÛ ÜþÈÛÍÛ) | 377 |
| | ÁÛ›ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …Û½ÛÛÁ¡ ¸ÛÍ©ÛÛÈÛ ¸ÛÁ¡ ˜Û˜ÛÛ (ªÛà›Û …¶Û ™ÅÂÛÛ ÜþÈÛÍÛ) | 105 |
| Á¨Û¨ÛÛ›©ÛÝÍÛÐ ¶Û. ˜ÛÛÈÛ¦Û | ÍÛÛ¼ÛÁ¨ïÛ¥Û Ü›ÅÂÛÛ¶ÛÛ ¾ÛÛ¦ÛÍÛÛ ”ÛÛ©Û ÅÛÛ¨ïÛ¶ÛÛ ¤ÛÇÛ ³ÛÁÛ ¸ÛÛÅÛàÍÛ …ÜµÛ¨ÛÁà Š¸ÛÁ¡ œÈÛÅÛ¨Û Ð¾ÛÅÛÛ | 273 |
| ÁÛ©ÛÅÛÛÅÛ •ÛÛ. ÍÛÁ›Û | ¨ïÛÌÛ ýÛÛ¶ÛÈÛÛÍÛ¤à¾ÛÛ ÍÛÉÛÛµÛ¶Û “ÛªÛ ÍÛ¶¤Á¡ …ÛºÛ …¨ïÍÛÅÛ¶ÛÍÛ | 217 |
| | þÛÐÛþ …ÛÁ.¤à….Û. ¨ï˜ÛÁà¶Ûà …ÛÈÛ¨ï | 298 |
| | ¶ÛÈÛÍÛÛÁà …ÛÁ. ¤à. …Û. ¨ï˜ÛÁà¶Ûà …ÛÈÛ¨ï | 333 |
| | ÁÛ›¸Ûà¸ÛÇÛ …ÛÁ.¤à….Û ¨ï˜ÛÁà¶Ûà …ÛÈÛ¨ï | 351 |
| | ÁÛšýÛ¾ÛÛ …•Ûà¨ïÅ˜ÛÁ¡ …“Û¸ÛÛ¤ ¡Û¶Û | 185 |
| | ÍÛÁþÛÁ¡ ¸Û¤ÅÛ ÍÛÐ½ÛÛ•Ûà ›ÇÍÛ˜ÛýÛ ýÛÛ›¶ÛÛ¶ÛÛ 80 ƒ20 ...¶Û 60 ƒ40 ¶ÛÛ µÛÛÁ¨ÛÛ¾ÛÛ ºÁºÛÁ¡ ¨ïÁÈÛÛ …•Û | 95 |
| | ÍÛ›ÅÛÛ¾Û ÍÛºÅÛÛ¾Û ýÛÛ›¶ÛÛ Ð¥Ç ¾ÛµýÛ •Û›Á©Û¾ÛÛ ¾ÛÛ¤Û ˜Û¨ï¦¾ÛÛ | 46 |
| | ÍÛ›ÅÛÛ¾Û ÍÛºÅÛÛ¾Û ýÛÛ›¶ÛÛ Ð¥Ç ÍÛÛÁÛÌ¤¾ÛÛ ¾ÛÛ¤Û ˜Û¨ï¦¾Û | 77 |
| Á¾Û¨ÛÅÛÛÅÛ ˆ. ÈÛÛÁÛ | •Û›Á©Û …Û™à …ÛÈÛ¨ïÈÛÇÛ ÈÛ•Û¶ÛÛ þÁ¨ï¨ï ¨ï¤¼¾Û¾ÛÛ¬Ûà …¨ï¶Û ÁÛ›•ÛÛÁ¡ …Û¸ÛÈÛÛ ¼ÛÛ¼Û©Û¶Û ÜÈÛµÛýÛ¨ï, Á004. | 263 |

| | | |
|---|---|---|
| Á¾Û¨ÛÅÛÛÅÛ ^. ÈÛÛÁÛ | •Û›ÁÛ©Û ¾ÛÛ©ÛÛÛ¸Û©ÛÛ …¶Û …ÛÜËÛ©ÛÛ¶ÛÛ ½ÛÁ¨Û¸ÛÛÌÛ¨Û ¼ÛÛ¼Û©Û ÜÈÛµÛýÛ¡, Á003 | 256 |
| | ÁÛ›ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …Û½ÛÛÁ ¸ÛÍ©ÛÛÈÛ ¸ÛÁ ˜Û˜ÛÛ (ªÛà›Û …¶Û ™ÅÂÛÛ ÜþÈÛÍÛ) | 123 |
| Á¾ÛàÅÛÛ¼Û¶Û ¼Û. ¼ÛÛÁÛ | …þÛ›¸ÛªÛ ¸ÛÁ ÍÛÛ¾ÛÛ¶ýÛ ˜Û˜ÛÛ (¼Ûà›Û ÜþÈÛÍÛ) | 457 |
| | ”Û¦¾ÛÓÛ ©ÛÛÅÛ¡Û¶ÛÛ …ÛÜþÈÛÛÍÛà ÜÈÛÍ©ÛÛÁ¾ÛÛ ¸ÛàÈÛÛ¶ÛÛ ¸ÛÛ¨Ûà¶Ûà ÈýÛÈÛÍ¬ÛÛ | 16 |
| | ¶Û¾ÛþÛ ¾ÛÛÍ¤Á ¸ÅÛÛ¶Û ýÛÛ›¶ÛÛ ³ÛÁÛ ÁÛšýÛ¶ÛÛ ÉÛÐÁÛ ©Û¬ÛÛ •ÛÛ¾ÛÛ¶Û ¸ÛÛ¨Ûà ¸ÛÐÛ˜ÛÛ¦ÈÛÛ …•Û | 81 |
| | ¸Û˜ÛÈÛ¤à ýÛÛ›¶ÛÛ Ð¥Ç •ÛÛ¾ÛÛ¶Û …ÛÈÛÁà ÅÛÈÛÛ …•Û | 204 |
| | ÁÛšýÛ¶ÛÛ …ÛÜþÈÛÛÍÛà ÜÈÛÍ©ÛÛÁÛ¾ÛÛ ¸ÛàÈÛÛ¶ÛÛ ¸ÛÛ¨Ûà ¾ÛÛ¤ Áà˜ÛÛœ•Û ¡Û¾Û•ÛàÁà | 58 |
| | ÁÛšýÛ¾ÛÛ ©ÛÅÛÛ¤à–¡¾Û–¾ÛªÛà¶Ûà ”ÛÛÅÛà ›•ýÛÛ…Û | 226 |
| Á¾ÛàÅÛÛ¼Û¶Û ÁÛ. þÍÛÛ^ | •Û›ÁÛ©Û ¾ÛÛ©ÛÛÛ¸Û©ÛÛ …¶Û …ÛÜËÛ©ÛÛ¶ÛÛ ½ÛÁ¨Û¸ÛÛÌÛ¨Û ¼ÛÛ¼Û©Û ÜÈÛµÛýÛ¡, Á003 | 253 |
| | ©Ûà¬Û•ÛÛ¾Û ýÛÛ›¶ÛÛ ©ÛÁà¡ ›ÛÐÁ ¬ÛýÛÅÛ •ÛÛ¾ÛÛ | 165 |
| | ÁÛšýÛ¾ÛÛ ”Û©Û Š©¸Û¶¶Û ¼Û›ÛÁ ÍÛÛ¾ÛÛ©Û…Û¶Ûà Á˜Û¶ÛÛ | 196 |
| Á¾ÛÉÛ½ÛÛ^ ¶ÛÛ. Ü¾ÛÍªÛà | ºÛÍ¤¤¡ ¡Û¤Û¶ÛÛ ¶ÛÈÛÛ ½ÛÈÛ¶ÛÛ ¼Û¶ÛÛÈÛÈÛÛ …•Û | 416 |
| | ½ÛÂÛ˜Û ©ÛÛÅÛ¡Û¶ÛÛ ¡Û¦ÊÈÛÁ •ÛÛ¾Û¶ÛÛ©ÛÇÛÈÛÛ¾ÛÛ ÈÛÁÍÛÛþà ¸ÛÛ¨Ûà¶ÛÛ ÍÛ•ÛÐ ¡ÁÈÛÛ …•Û | 18 |
| | ½ÛÄ˜Û Ü›ÅÂÛÛ ¸Û˜ÛÛýÛ©Û¾ÛÛ ”ÛÛÅÛà ›•ýÛÛ…Û | 195 |
| ÁÉÛàþÛ ^. ¸Û¤ÅÛ | 7/12 …¶Û 8-… ¶ÛÛ Š©ÛÛÁÛ¶Ûà ¶Û¡ÅÛ •ÛÛ¾ýÛ ¡“ÛÛ… ¾ÛÇÈÛÛ …•Û | 43 |
| | ½ÛÄ˜Û Ü›ÅÂÛÛ¶Ûà ¸ÛÛ¬ÛÛ¾Û¡ ÉÛÛÇÛ…Û¾ÛÛ ÜÉÛ“Û¡Û¶Ûà ”ÛÛÅÛà ›•ýÛÛ…Û | 422 |
| | ½ÛÄ˜Û Ü›ÅÂÛÛ¾ÛÛ ÁÉÛ¶Û¡Û¦ ¸ÛÁ ¾ÛÇ©ÛÛ …¶ÛÛ›¶ÛÛ ¸ÛÁÈÛ¥Û¾ÛÛ ¡Û¸Û | 75 |
| | ÁÛšýÛ¾ÛÛ ”Û¦©ÛÛ¶Û ¸ÛÛ¡ ÜµÛÁÛ¨Û¶ÛÛ ¸ÛÁ©ÛÛ ÅÛÛ½Û …Û¸ÛÈÛÛ ¡ÁÅÛ ÈýÛÈÛÍ¬ÛÛ | 206 |
| | ÁÛšýÛ¾ÛÛ ¼ÛµÛ ¸Û¦ÅÛÛ ¾ÛÛ¤Û Š²Û•ÛÛ | 340 |
| | ÁÛšýÛ¾ÛÛ ÁÛ›•ÛÛÁ ¡˜ÛÁà¾ÛÛ ¶ÛÛµÛÛýÛÅÛ ¼ÛÁÛ›•ÛÛÁÛ¶Ûà ÍÛ”ýÛÛ | 168 |
| | ÁÛšýÛ¾ÛÛ ÍÛÛ“ÛÁ©ÛÛ …Ü½ÛýÛÛ¶Û Ð¥Ç ¡ÁÅÛ ¡ÛýÛ’¾ÛÛ …¶Û ”Û˜Û | 403 |
| | ÈÛÛýÛ¼Û¶¤ •Û›ÁÛ©Û …¶ÈÛýÛ ¬ÛýÛÅÛ ¾Û¦à ÁÛ¡Û¨Û | 314 |
| ÁÛ¡ÉÛ ÁÛÈÛ | …¾ÛþÛÈÛÛþ–•ÛÛµÛà¶Û•ÛÁ ÈÛ˜˜Û¶Ûà ¶Û¾ÛþÛ ¡¶ÛÛÅÛ¾ÛÛ …Û©¾ÛÐ©ýÛÛ ¡ÁÈÛÛ¶ÛÛ ¼Û¶ÛÛÈÛÛ | 350 |
| ÁÛ¡ÉÛ ÁÛÈÛ | ¾ÛÛ©ÛÁ ©ÛÛÅÛ¡Û¾ÛÛ ÍÛÁþÛÁ …ÛÈÛÛÍÛ ýÛÛ›¶ÛÛ¾ÛÛ ½ÛÌ¤Û˜ÛÛÁ¶Ûà ºÛÁýÛÛþ | 164 |

| ¸ÛÍ®Ûï: 110) | ÜÈÛÌÜýÛ ÍÛÜ˜Û ÜÈÛÌÜýÛ | ªÛàœ÷ ÊÛ¨¨Ûà) ¸ÛÜ¶ÛÜÛ ¶Û¼ÛÁ |
|---|---|---|
| ÁÛïÉÛ ÁÛÈÛ | ÁÛšýÛ¾ÛÛ ºÛ›þÛÁà …¶Û ÅÛÜ˜Û ÄÉÈÛ©Û¶ÛÛ •Û¶ÛÛ¾ÛÛ ÍÛ¦ÛÈÛÛýÛÅÛÛ ¸ÛÛÅÛàÍÛ …¾ÛÅÛþÛÁÛ | 295 |
| | ÍÛ¶ÛÛ¾Ûà …ÅÛÛ¾Ûã•Û ÍÛàÍ¤¾Û Í¬ÛÛ¸ÛÈÛÛ ¼ÛÛ¼Û©Û | 330 |
| ÁÛ›¶®ÝÍÛÐ µÛà.¸ÛÁ¾ÛÛÁ | …Û¨¨Ûþ Ü›ÅÅÛÛ¶ÛÛ þÛÁýÛÛ ïÛ¥Û¶ÛÛ •ÛÛ¾ÛÛ¾ÛÛ "ÛÛÁ Ü¶ÛýÛªÛ¨¨Û¶ÛÛ ¸Û•ÛÅÛÛ | 73 |
| | …Û¨¨Ûþ Ü›ÅÅÛÛ¾ÛÛ 80ƒ20 ýÛÛ›¶ÛÛ Ð¥Ç ˜Ûï¦¾ÛÛ ¼Û¶ÛÛÈÛÈÛÛ …•Û | 40 |
| | …Û¨¨Ûþ Ü›ÅÅÛÛ¾ÛÛ ˆÜ¶þÛÁÛ …ÛÈÛÛÍÛ ýÛÛ›¶ÛÛ Ð¥Ç …ÛÈÛÛÍÛÛ ¼ÛÛµÛÈÛÛ¶ÛÛ Å"ýÛÛï | 152 |
| | …Û¨¨Ûþ Ü›ÅÅÛÛ¾ÛÛ ÍÛÁþÛÁ …ÛÈÛÛÍÛ ýÛÛ›¶ÛÛ ¸ÛÛ™Ç ïÁÅÛ "Û˜Û | 198 |
| | †-µÛÁÛÅÛ¶¦ Áï¦ ¾Û¶Û›¾Û¶¤ ÜÍÛÍ¤¾Û ¾ÛÛ¤ ï¶®àýÛ ÍÛÐÛýÛ | 91 |
| | ÅÛà•¶ÛÛ†¤ "Û¶Ûà›¶Ûà ÁÛýÛÅ¤à¶ÛÛ þÁ …¶Û …ÛÈÛï | 286 |
| ÅÛ"¾Û¨¨Û½ÛÛˆ ¼ÛÛ. ¸Û¤ÅÛ | ¸ÛÛÁ¦à ©ÛÛÅÛï¾ÛÛ þ¾Û¨¨Û•Û•ÛÛ ¶ÛÐÁ ýÛÛ›¶Û¶ÛÛ ¼ÛÛïà ïÛ¾ÛÛ | 65 |
| | ¸ÛÛÁ¦à ©ÛÛÅÛïÛ¾ÛÛ ÁÛÛÌ¤ýÛ µÛÛÁà ¾ÛÛ•Û ¾ÛÛ¤ ÍÛ¸ÛÛÛþ©Û ›¾Ûà¶Û | 32 |
| | ÈÛÅÛÍÛÛ¦ Ü›ÅÅÛÛ •ÛÛ¾Û ÜÈÛïÛÍÛ …›¶Íà ³ÛÁÛ ïÁÅÛ "Û˜Û | 223 |
| | ÈÛÅÛÍÛÛ¦ Ü›ÅÅÛÛ ©ÛÛÅÛïÛ ¸Û˜ÛÛýÛ©Û¶Ûà "ÛÛÅÛà ›•ýÛÛ…Û | 198 |
| | ÈÛÅÛÍÛÛ¦ Ü›ÅÅÛÛ¾ÛÛ ºàÉÛá•Û ¼ÛþÛÁ ¼Û¶ÛÛÈÛÈÛÛ ¼ÛÛ¼Û©Û | 154 |
| ÈÛ›½ÛÛˆ ¸Û. ¦ÛÛ¦ýÛÛ | …¾ÛþÛÈÛÛþ Ü›ÅÅÛÛ¾ÛÛ ©ÛÅÛÛ¤à–ï¾Û– ¾ÛªÛàËÛà "ÛÛÅÛà ›•ýÛÛ | 176 |
| | ˆÜ¶¦ýÛÛ Áà¡ÈÛ ¼Û¤ÛÅÛàýÛ¶Û Á˜ÛÈÛÛ¶Ûà ÁÛ›ýÛ ÍÛÁïÛÁ¶Ûà þÁ"ÛÛÍ©ÛÛ …•Û. | 285 |
| | ¸ÛÛÅÛàÍÛ …ÛÈÛÛÍÛ Ü¶Û•Û¾Û ³ÛÁÛ ¸ÛÛÅÛàÍÛ Í¤ÉÛ¶ÛÛ ¼ÛÛµÛÈÛÛ¶Ûà ¾Û›Áà | 323 |
| | ýÛÛªÛÛµÛÛ¾Û …¼ÛÛœ÷ "ÛÛ©Û Á¸Û–ÈÛ ¶ÛÛ þÁ …•Û | 345 |
| ÈÛ›½ÛÛˆ ÈÛÛÇÛ | ¸ÛÁï ¾ÛÛ•Û¨¨Ûà…Û ¸ÛÁ ˜Û˜ÛÛ …¶Û ¾Û©ÛþÛ¶Û (¸ÛÐÅÛÛ ÜþÈÛÍÛ) | 131 |
| | ¸ÛÁï ¾ÛÛ•Û¨¨Ûà…Û ¸ÛÁ ˜Û˜ÛÛ …¶Û ¾Û©ÛþÛ¶Û (¸ÛÐÅÛÛ ÜþÈÛÍÛ) | 147 |
| | ¸ÛÁï ¾ÛÛ•Û¨¨Ûà…Û ¸ÛÁ ˜Û˜ÛÛ …¶Û ¾Û©ÛþÛ¶Û (¼Ûà›Û …¶Û ™ÅÅÛÛ ÜþÈÛÍÛ) | 236 |
| | ÈÛ˜ÛÛ¨ÜÈÛÁÛ ÍÛ¾ÛÛµÛÛ¶Û ýÛÛ›¶ÛÛ ÁOO¸Û | 443 |
| ÈÛÍÛ¼Û¶Û ¶Û. ÜªÛÈÛþà | …Û² ÉÛïÁ˜ÛÛýÛ ÍÛÍï®Û ýÛÛ¶ÛÈÛÛÍÛ¤à ÜÈÛµÛýÛï ÁOO4 | 269 |
| ÈÛ˜ÛÛ©Û½ÛÛˆ Ð. ¼ÛÛÛÁýÛÛ | …þÛ›¸ÛªÛ ¸ÛÁ ÍÛÛ¾ÛÛ¶ýÛ ˜Û˜ÛÛ (¼Ûà›Û ÜþÈÛÍÛ) | 470 |
| | ›®Û¸ÛÁ ¸ÛÛÈÛà ©ÛÛÅÛïÛ¶Û ïÛ¤ …Û¸ÛÈÛÛ¶Ûà ¾ÛÛ•Û¨¨Ûà | 396 |
| | ÁÛšýÛ¶ÛÛ …ÛÜþ›ÛÛ©Û ÜÈÛÍ©ÛÛÁÛ¾ÛÛ ¸ÛàÈÛÛ¶ÛÛ ¸ÛÛ¨¨Ûà ¾ÛÛ¤ Áà˜ÛÛœ•Û¶Ûà ïÛ¾Û•ÛàÁà | 33 |
| ÉÛïÁ½ÛÛˆ þ. ÈÛÛµÛÅÛÛ | •Û›ÁÛ©Û ¾ÛÛ©ÛÛÛ¸Û©ÛÛ …¶Û …ÛËÛ©ÛÛ¶ÛÛ ½ÛÁ¨¨Û¸ÛÛÌÛ¨Û ¼ÛÛ¼Û©Û ÜÈÛµÛýÛï, ÁOO3 | 252 |

| ¸ÛÍ©ÛÏ: 110) | ÛÈÛÎÛýÛ ÍÛÛ˜Û<br>ÛÈÛÎÛýÛ | ªÛàœ ÊÛ¨Ûà)<br>¸ÛÛ¶ÛÛÛ ¶Û¼ÛÁ |
|---|---|---|
| ÉÛÏÁ½ÛÛ^ þ. ÈÛÛµÛÅÛÛ | ÁÛ›ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …Û½ÛÛÁ ¸ÛÍ©ÛÛÈÛ ¸ÛÁ ˜Û˜ÛÛ (ªÛà›Û …¶Û ™ÅÅÛÛ ÛþÈÛÍÛ) | 109 |
| ÉÛÏÁ½ÛÛ^ ¾Û.ÈÛÛÁÅÛà | ÁÛ›ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …Û½ÛÛÁ ¸ÛÍ©ÛÛÈÛ ¸ÛÁ ˜Û˜ÛÛ (ªÛà›Û …¶Û ™ÅÅÛÛ ÛþÈÛÍÛ) | 116 |
| ÉÛÏÁ½ÛÛ^ ÅÛ. ˜ÛÛ–ÛÁà | •Û›ÁÛ©Û ¾ÛÛ©ÛÛÛ¸Û©ÛÛ …¶Û …ÛÛËÛ©ÛÛ¶ÛÛ ½ÛÁ¨Û¸ÛÛÎÛ¨Û ¼ÛÛ¼Û©Û ÛÈÛµÛýÛÏ, ÁO03 | 256 |
| | ›¶ÛÛ•Û§ ¸ÛÛÅÛàÍÛ Á¶›¾ÛÛ ýÛÛ›ÛýÛÅÛ ÅÛÛÏþÁ¼ÛÛÁ | 297 |
| | ¶Û¾ÛþÛ Ï¶ÛÛÅÛ¶Û ¸ÛÛ¨Ûà ÁÛ›ÏÛ¤, ›Û¾Û¶Û•ÛÁ …¶Û Ï˜™¶Û ¾ÛÇ©Û ¼ÛµÛ ¬ÛÈÛÛ …•Û | 42 |
| | ÁÛ›ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ E½ÛÛÁ ¸ÛÍ©ÛÛÈÛ ¸ÛÁ ˜Û˜ÛÛ (ªÛà›Û …¶Û ™ÅÅÛÛ ÛþÈÛÍÛ) | 129 |
| | ÉÛ¼þÛ ÁÏ¦¾ÛÛ¬Ûà þÁ ÏÁÈÛÛ …•Û | 105 |
| ÉÛÏÁ½ÛÛ^ ÅÛ. ˜ÛÛ–ÛÁà | ÍÛ¾Ûà ©ÛÛÅÛÏÛ¶ÛÛ "ÛÛÁ•ÛÍ©Û ÛÈÛÍ©ÛÛÁÛ¶Û ¶Û¾ÛþÛ¶Û ¸ÛàÈÛÛ¶Û ¸ÛÛ¨Ûà …Û¸ÛÈÛÛ …•Û | 74 |
| | ÍÛÁ©Û ¸ÛÛÅÛàÍÛ Á¶›¾ÛÛ ýÛÛ›ÛýÛÅÛ ÅÛÛÏ þÁ¼ÛÛÁ | 332 |
| ÉÛÏÁ½ÛÛ^ ÈÛà. ÁÛ¥ÈÛÛ | …Û² ÉÛÏÁÛ˜ÛÛýÛ ÍÛÍÏ©Û ýÛÛ¶ÛÈÛÛÍÛ¤à ÛÈÛµÛýÛÏ ÁO04 | 268 |
| | ÏÈÛÛ¤ …¶Û ™Û¤Û Šþ¸ÛÁ ©ÛÛÅÛÏÛ¾ÛÛ ˜ÛÏ¦¾ÛÛ | 45 |
| | ™Û¤ÛŠþ¸ÛÁ …¶Û ÏÈÛÛ¤ ©ÛÛÅÛÏÛ¾ÛÛ ˜ÛÛÁà¶ÛÛ ¶ÛÛµÛÛýÛÅÛÛ •Û¶ÛÛ | 281 |
| | ÁÛšýÛ¾ÛÛ "Û¦©ÛÛ¶Û Ï¸ÛÛÍÛ¶ÛÛ ¤ÏÛ¶ÛÛ ½ÛÛÈÛ | 194 |
| | ÛÈÛßÛÛ¶Û ¾ÛÇÛ¶Ûà ÛÈÛÉÛÎÛ©ÛÛ …•Û | 414 |
| ÛÉÛÁàÎÛÏ¾ÛÛÁ ¾Û.ÉÛÏÅÛ | ¾ÛÐÍÛÅÛ ÛÈÛ½ÛÛ•Û¶ÛÛ ¥ÁÛÈÛÛ/¸ÛÛÁ¸ÛªÛÛ¶Û ÍÛÏÅÛ¶Û | 38 |
| ÉÛàÈÛœ½ÛÛ^ Ï. …ÛÐàÁ | Ï˜™ Û›ÅÅÛÛ¶Û ¶Û¾ÛþÛ ¸ÛÛ^¸Û ÅÛÛ^¶Û ³ÛÁÛ ¸ÛàÈÛÛ¶Û ¸ÛÛ¨Ûà …Û¸ÛÈÛÛ …•Û | 65 |
| | Ï˜™ Û›ÅÅÛÛ¾ÛÛ Š²Û•ÛÛ¾ÛÛ Í¬ÛÛÛ¶ÛÏ ÏÛ¾ÛþÛÁÛ¶Û ÁÛ›•ÛÛÁà | 197 |
| | Ï˜™ Û›ÅÅÛÛ¾ÛÛ •ÛÛ˜ÛÁ¶Ûà …Û™à ›¾Ûà¶Û ÐÛÈÛÛ …•Û | 29 |
| | Ï˜™ Û›ÅÅÛÛ¾ÛÛ ½ÛÏ¸Û¼ÛÛþ Í¬Û¸ÛÛýÛÅÛÛ Š²Û•ÛÛ | 289 |
| | Ï˜™ Û›ÅÅÛÛ¾ÛÛ ¾ÛÛµýÛÛ¾ÛÏ ÉÛÛÇÛ¾ÛÛ ÛÈÛ"ÛÏÛ¶Ûà "ÛÛÅÛà ›•ýÛÛ…Û | 424 |
| | Ï˜™ Û›ÅÅÛÛ¾ÛÛ ÍÛ›ÅÛÛ¾Û ÍÛºÅÛÛ¾Û …¶ÈÛýÛ "Û©Û ©ÛÅÛÛÈÛ¦à | 223 |
| | ÏÛÅÛÛÈÛ¦ ©ÛÛÅÛÏÛ¾ÛÛ …Û•Û¨ÛÈÛÛ¦à ÉÛÏÁ¶Ûà Û¶Û¾Û¨ÛÏ¾ÛÛ •ÛÁÁàÛ©Û | 437 |
| | ÏÛÎÛ "ÛÛ©ÛÛ¾ÛÛ ¾ÛþþÛàÈÛ "Û©Ûà Û¶ÛýÛÛ¾ÛÏ, ÈÛ•Û–Á ¶Ûà "ÛÛÅÛà ›•ýÛÛ…Û | 150 |
| | ›Û¾Û¶Û•ÛÁ Û›ÅÅÛ¶ÛÛ …Û"ÛÛ¸ÛÛ¤ ÉÛÐÁ¾ÛÛ ÍÛÁÏÛÁà ¸ÛÛ¬ÛÛ¾ÛÏ ÉÛÛÇÛ ¶Û.Á ¼ÛµÛ ÏÁÈÛÛ …•Û | 387 |
| | ¸Ûà. …ÍÛ. …Û^.¶Ûà ÉÛÛ¶Û–ÁÛÈÛ¶Ûà ›ÛÐÁ Á›Û¾ÛÛ Á›Û Ï ÈÛÇ©ÛÁ¶ÛÛ ÅÛÛ½Û …Û¸ÛÈÛÛ ¼ÛÛ¼Û©Û | 346 |

| ¸ÛÍ©Û¨ï: 110) | ÜÈÛÌÛýÛ ÍÛÛ˜Û<br>ÜÈÛÌÛýÛ | ªÛàœ÷ ÊÛ¨¨Ûà)<br>¸ÛÛ¶ÛÛÛ ¶Û¼ÛÁ¡ |
|---|---|---|
| ÉÛàÈÛœ÷½ÛÛ^ ïï. …ÛÐàÁ | ¸ÛÁïï ¾ÛÛ•Û¨¨Ûà…Û ¸ÛÁ¡ ˜Û˜ÛÛ …¶Û ¾Û©ÛþÛ¶Û (¸ÛÐÅÛÛ ÜþÈÛÍÛ) | 147 |
| | ½Û›÷ …¶Û ¶Û”ÛªÛÛ¨¨ÛÛ ©ÛÛÅÛïÛ¶ÛÛ ÍÛÁïÛÁà ›÷¾Ûà¶ÛÛ¾ÛÛ þ¼ÛÛ¨¨Û | 88 |
| | ½Û›÷ …¶Û ¶Û”ÛªÛÛ¨¨ÛÛ ©ÛÛÅÛïÛ¾ÛÛ ”Û¶Û, …¸ÛÐÁ¨¨Û …¶Û ¼ÛÇÛ©ïÛÁ¶ÛÛ<br>•Û¶ÛÛ¶ÛÛ …ÛÁÛ¸Ûà…Û¶Ûà µÛÁ¸Ûï¦ | 324 |
| | ÜÈÛµÛÈÛÛ ÍÛÐÛýÛ ¼ÛµÛ ïÁÈÛÛ …•Û | 406 |
| ÍÛÛ¼ÛàÁ½ÛÛ^ …. ”Û¦ÛÈÛÛÅÛÛ | …¾ÛþÛÈÛÛþ ÉÛÐÁ¶Û ºÛÇÈÛÛýÛÅÛ ïÁÛÍÛà¶Û¶ÛÛ ›÷¬¬ÛÛ | 2 |
| | …¾ÛþÛÈÛÛþ ÉÛÐÁ¾ÛÛ ¼Ûà.¸Ûà….ÅÛ. ÁÉÛ¶ÛïÛ¦ …Û¸ÛÈÛÛ …•Û | 49 |
| | ½ÛÛÈÛ¶Û•ÛÁ ©ÛÛÅÛïÛ¶ÛÛ ÍÛàþÍÛÁ ”ÛÛ©Û Á¾Û©Û•Û¾Û©Û¶ÛÛ ¾ÛþÛ¶Û ¾ÛÛ¤ ›÷¾Ûà¶Û¶Ûà<br>ºÛÇÈÛ¨¨Ûà | 68 |
| | ÈÛÛÐ¶ÛÛ¾ÛÛ ÍÛà….¶Û.œ÷. ÈÛ¸ÛÁÛÉÛ ºÁœ÷ýÛÛ©Û ïÁÈÛÛ …•Û | 300 |
| ÍÛà. ›÷. ˜ÛÛÈÛ¦Û | `•Û¦Û` ÜÈÛÍ©ÛÛÁ¶ÛÛ •ÛÛ¾ÛÛ¶Û ¸ÛàÈÛÛ¶Û ¸ÛÛ¨¨Ûà …Û¸ÛÈÛÛ …•Û | 65 |
| | …þÛ›÷¸ÛªÛ ¸ÛÁ ÍÛÛ¾ÛÛ¶ÛýÛ ˜Û˜ÛÛ (¼Ûà›÷Û ÜþÈÛÍÛ) | 467 |
| | •ÛÛµÛà¶Û•ÛÁ Ü›÷ÅÅÛÛ¾ÛÛ ŠýÛÛÛ©Û•ÛÛ¾Û ýÛÛ›÷¶ÛÛ¬Ûà ÈÛÛ˜Û©Û •ÛÛ¾ÛÛ | 311 |
| | •ÛÛµÛà¶Û•ÛÁ ©ÛÛÅÛïÛ¾ÛÛ ›÷¾Ûà¶Û ÍÛ¸ÛÛþ¶Û …¶ÈÛýÛ ÈÛÇ©ÛÁ¶ÛÛ ¸Û¦©ÛÁ ïÍÛÛ | 25 |
| | •ÛÛµÛà¶Û•ÛÁ ¾Û©Û ÜÈÛ½ÛÛ•Û¾ÛÛ ¶ÛÈÛÛ ¤À¼ÛÈÛÅÛ | 86 |
| | ¸ÛÁïï ¾ÛÛ•Û¨¨Ûà…Û ¸ÛÁ¡ ˜Û˜ÛÛ …¶Û ¾Û©ÛþÛ¶Û (¸ÛÐÅÛÛ ÜþÈÛÍÛ) | 143 |
| | ÛŠýÛ¾ÛÛ ¾Û¦à ÁÛïÛ¨¨Û ³ÛÁÛ ŠµÛÛ•Û ÉÛÂú ïÁÈÛÛ¶ÛÛ …¾Û….Û.ýÛ. ¼ÛÛ¼Û©Û | 339 |
| ÍÛà. ¦à. ¸Û¤ÅÛ | 7/12 …¶Û 8-… ¶Û ïÛ¾¸ýÛ¤ÁÛ^ ¡ÉÛ¶Û | 86 |
| | …þÛ›÷¸ÛªÛ ¸ÛÁ ÍÛÛ¾ÛÛ¶ÛýÛ ˜Û˜ÛÛ (¼Ûà›÷Û ÜþÈÛÍÛ) | 450 |
| | ï˜™ Ü›÷ÅÅÛÛ¾ÛÛ ÍÛ›÷ÅÛÛ¾Û ÍÛºÅÛÛ¾Û ýÛÛ›÷¶ÛÛ Ð¥Ç ¼ÛµÛÛÁÛ …¶Û ¤Û^¦ÅÛ<br>Á•ýÛÅÛ¤Á ¼ÛÛµÛÈÛÛ …•Û | 25 |
| | ”ÛÛ¦ ÍÛÐïÛÁà “ÛªÛ …¶ÛÍÛà¦àÍÛà ýÛÛ›÷¶ÛÛ Ð¥Ç ¾Ûþþ | 185 |
| | •Û›÷ÁÛ©Û ¾ÛÛ©ÛÛÛ¸Û©ÛÛ …¶Û …ÛÜËÛ©ÛÛ¶ÛÛ ½ÛÁ¨¨Û¸ÛÛÌÛ¨¨Û ¼ÛÛ¼Û©Û ÜÈÛµÛýÛï,<br>Á003 | 254 |
| | ¾ÛÐÍÛÅÛ ÜÈÛ½ÛÛ•Û¶ÛÛ ¥ÁÈÛÛ/¸ÛÁ¸ÛªÛÛ¶Û ÍÛïÁÅÛ¶Û | 63 |
| | ÁÛ›÷ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …Û½ÛÛÁ ¸ÛÍ©ÛÛÈÛ ¸ÛÁ ˜Û˜ÛÛ (ªÛà›÷Û<br>…¶Û ™ÅÅÛÛ ÜþÈÛÍÛ) | 121 |
| | ÅÛÛïï …þÛÅÛ©ÛÛ¶ÛÛ ïÍÛÛ¶ÛÛ Ü¶ÛïÛÅÛ …•Û | 412 |
| ÍÛ¶ÛàÅÛ ¼ÛÛ. …Û¡Û | …þÛ›÷¸ÛªÛ ¸ÛÁ ÍÛÛ¾ÛÛ¶ÛýÛ ˜Û˜ÛÛ (¸ÛÐÅÛÛ ÜþÈÛÍÛ) | 369 |
| | ½ÛÛÈÛ¶Û•ÛÁ •ÛÛ¾Û ÜÈÛïÛÍÛ …›÷¶ÍÛà Ð¥Ç ¦ÛýÛ¾Û¦ ÍÛÍ–ÛÛ ¼ÛµÛ ¬ÛÈÛÛ …•Û | 220 |
| | ½ÛÛÈÛ¶Û•ÛÁ Ü›÷ÅÅÛÛ ¸Û˜ÛÛýÛ©Û¶Ûà ÉÛÛÇÛ¶ÛÛ ÜÉÛ“ÛïÛ¶ÛÛ …ÛÜËÛ©ÛÛ¶Û ¶ÛÛïÁà | 233 |

| ¸ÛÍ©ÛïÏ: 110) | ÛÈÛÌÛýÛ ÍÛÛ˜Û ÛÈÛÌÛýÛ | ªÛàœ ÊÛ¨Ûà) ¸ÛÛ¶ÛÛÛ ¶Û¼ÛÁ |
|---|---|---|
| ÍÛ¶ÛàÅÛ ¼ÛÛ. …Û¡Û | ½ÛÛÈÛ¶Û•ÛÁ Ü›ÅÅÛÛ¾ÛÛ ”Û¦©Û ”ÛÛ©ÛþÛÁ¶Û ÈÛà¾ÛÛ ÍÛÐÛýÛ | 187 |
| | ½ÛÛÈÛ¶Û•ÛÁ ºÛÛ©Û¾ÛÛ ïÛ¶ÈÛ¶¤ ÉÛÛÇÛ¾ÛÛ ¦Û¶ÛÉÛ¶Û | 413 |
| | ¾Û¼Û^ Í¤¾¸Û …ÜµÛÛ¶ÛýÛ¾Û, 1958¶Ûà ïÅÛ¾Û 32-ïÏ Ð¥Ç …ÛïÛÁ¨Ûà¶Ûà ¶ÛÛÛ¤ÍÛÛ | 89 |
| | ýÛÛªÛÛµÛÛ¾Û ¸ÛÛÅÛà©ÛÛ¨ÛÛ ”ÛÛ©Û ^¦Û, ¾Û˜™à …¶Û ¾ÛÛÍÛ¶Û ÈÛ˜ÛÛ¨Û ¼ÛµÛ ïÁÈÛÛ …•Û | 430 |
| | ÍÛ›ÅÛÛ¾Û ÍÛºÅÛÛ¾Û ýÛÛ›¶ÛÛ …¶ÈÛýÛ ÍÛÛÁÛÌ¤¾ÛÛ ¾ÛÛ¤Û ˜Ûï¦¾ÛÛ | 35 |
| ÍÛÛÁ½Û ¸Û¤ÅÛ | •Û›ÁÛ©Û ÜÈÛ²©Û ¼ÛÛ¦ ³ÛÁÛ ¶ÛÈÛà ÍÛ¾ÛÛµÛÛ¶Û ýÛÛ›¶ÛÛ-ÁOO¸Û | 361 |
| | Èà› ¾Û¬Ûï Í¬ÛÛ¸ÛÈÛÛ …•Û | 234 |
| ÐÁœÈÛ¶Û Ðà. ¸Û¤ÅÛ | ”Û¦¼ÛÓÛ ©ÛÛÅÛïÛ ¾ÛÛ¤ ¸ÛàÈÛÛ¶ÛÛ ¸ÛÛ¨Ûà¶Ûà ýÛÛ›¶ÛÛ | 13 |
| | •Û›ÁÛ©Û ¾ÛÛ©ÛÛÛ¸Û©ÛÛ …¶Û …ÛÛËÛ©ÛÛ¶ÛÛ ½ÛÁ¨Û¸ÛÛÌÛ¨Û ¼ÛÛ¼Û©Û ÜÈÛµÛýÛï, Á003 | 255 |
| | •ÅÛÛ¼ÛÅÛ ^¶ÈÛÍ¤ÍÛ ÍÛ¾Ûà¤-2005 ¾ÛÛ ¬ÛýÛÅÛÛ …¾Û….Û.ýÛ. | 311 |
| | ¶Û¾ÛþÛ¶Û ¸ÛÛ¨Ûà ÁÛ›ïÛ¤, ›Û¾Û¶Û•ÛÁ …¶Û ïÏ˜™¶Û ¾ÛÇ©Û ¼ÛµÛ ¬ÛÈÛÛ …•Û | 55 |
| | ¼Û¶ÛÛÍÛïÛ¥Û Ü›ÅÅÛÛ ¸Û˜ÛÛýÛ©Û¾ÛÛ ÁÐ¾ÛÁÛÐ ¶ÛÛïÁà¶ÛÛ ¸Û¦©ÛÁ ïÍÛÛ | 220 |
| | ¼Û¶ÛÛÍÛïÛ¥Û Ü›ÅÅÛÛ¾ÛÛ …ÛËÛ¾ÛÉÛÛÇÛ ©Û¬ÛÛ ™ÛªÛÛÅÛýÛÛ¶Ûà ©Û¸ÛÛÍÛ¨Ûà | 233 |
| | ¼Û¶ÛÛÍÛïÛ¥Û Ü›ÅÅÛÛ¾ÛÛ ©Û©ïÛÇ Èà› ›Û¦Û¨Û ýÛÛ›¶ÛÛ …©Û•Û©Û …ÛÈÛÅÛ …Áœ…Û | 338 |
| | ¼Û¶ÛÛÍÛïÛ¥Û Ü›ÅÅÛÛ¾ÛÛ ¶ÛÈÛà¶Û ¸ÛÉÛ þÈÛÛ”ÛÛ¶ÛÛ ¾ÛÛ¤ ¾ÛÛ•Û¨Ûà…Û | 191 |
| | ÁÛ›ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …Û½ÛÛÁ ¸ÛÍ©ÛÛÈÛ ¸ÛÁ ˜Û˜ÛÛ (ªÛà›Û …¶Û ™ÅÅÛÛ ÜþÈÛÍÛ) | 108 |
| ÐÁÉÛï¾ÛÛÁ ^. ½Û¤ | …Û² ÉÛïÁÛ˜ÛÛýÛ ÍÛÍï©Û ýÛÛÜ¶ÛÈÛÛÍÛ¤à ÜÈÛµÛýÛï ÁO04 | 268 |
| Ð¾ÛÛœ þ. ÁÛ›¸Û©Û | ÁÛ›ýÛ¸ÛÛÅÛËÛà¶ÛÛ ÍÛ¼ÛÛ–Û¶Û ¾ÛÛ¤¶ÛÛ …Û½ÛÛÁ ¸ÛÍ©ÛÛÈÛ ¸ÛÁ ˜Û˜ÛÛ (ªÛà›Û …¶Û ™ÅÅÛÛ ÜþÈÛÍÛ) | 111 |